Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org

ॐ

परमात्मने नमः।

# સમયસાર વૈભવ

## શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત સમયસાર પરમાગમ ઉપર
## અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
## ૧૫મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન

(ભાગ-૧૯)

(શક્તિ-૧ થી ૪૭,

પ્રવચન-૫૩૫ થી ૫૬૮)

પ્રકાશક

સ્વ. શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર

(મૂળ રહેવાસી બરવાળા ઘેલાશા, હાલ સુરત)

હ : અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ

સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ


Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

| વિક્રમ સંવંત | વીર સંવંત | ઈ. સન |
|---|---|---|
| ૨૦૭૫ | ૨૫૪૫ | ૨૦૧૯ |

**પ્રકાશન**
**પોષ વદ ૧૪, તા.૩-૨-૨૦૧૯, રવિવાર**
**શ્રી આદિનાથ ભગવાન નિર્વાણ કલ્યાણક દિવસ**

**પ્રાપ્તિ સ્થાન**
**જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને પ્રસ્તુત પુસ્તકની નકલ જોઈતી હોય તેમણે શ્રી સુધીરભાઈ શાહનો સંપર્ક કરવા વિનંતી.**
**મો. ૦૯૩૭૪૭૧૯૨૦૨**

**ટાઈપ સેટિંગ :**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧



ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दुजो भावो।
एवं भणंत्ति सुद्धंणादो जो सो दु सो चेव।।६।।

# પ્રકાશકીય નિવેદન

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રીમહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરનું જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્ભુત શાસ્ત્ર છે. તેમાં પોતાનો નિજ વૈભવ બતાવ્યો છે. તેથી આ પ્રવચન ગ્રંથનું **'સમયસાર વૈભવ'** નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

આ મહાન પરમાગમ ઉપર શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ રચિત આત્મખ્યાતિ ટીકા ખરેખર અમૃતને રેલાવી ભવ્યજીવોને અજર-અમર પદની પ્રાપ્તિ કરાવે છે. આ દૈવી ટીકા છે. ૪૧૫ ગાથાની ટીકા કર્યા બાદ આચાર્ય ભગવાને પરિશિષ્ટની રચના કરીને સ્યાદ્વાદ અધિકાર લખ્યો

તથા આત્મસ્વરૂપનો વૈભવ એવી ૪૭ શક્તિઓની રચના કરી. આથી સમયસાર પરમાગમ વૈભવથી ભરપૂર એક મહાન કૃતિ છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન વૈભવયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમજ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૫મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના સુધીરભાઈ શાહ, (ડેલીવાલા) પરિવાર, સુરતને થઈ. પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર


આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૫મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૫મી વખતના કુલ ૫૯૫ પ્રવચનો છે, જે લગભગ ૨૧ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર વૈભવ ભાગ-૧૯ શ્રી આદિનાથ ભગવાન નિર્વાણ કલ્યાણક દિને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરી આપવામાં આવેલ છે. તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. દરેક સમયે માર્ગદર્શન આપવા બદલ બ્ર. હેમંતભાઈ ગાંધી, ચેતનભાઈ મહેતા-રાજકોટ તથા પંકજભાઈ કામદારનો આભાર માનીએ છીએ. અને આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનો અક્ષરશઃ છાપવાનો મૂળ ઉદ્દેશ અંગ્રેજીમાં અભ્યાસ કરનારા આજના યુવાનો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી સહેલાઈથી સમજી શકે અને સ્વયં વારંવાર અભ્યાસ કરીને ગુરુદેવશ્રીનાં વચનના મર્મને સમજી શકે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર વતિ
અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ
સુરતના જય જિનેન્દ્ર



ઉપકાર તારા શું કથું, ગુણગાન તારા શું કરું?
વંદન કરું, સ્તવના કરું, તુજ ચરણસેવાને ચહું.

# સ્મરણાંજલિ





**અમારા પૂજ્ય માતા-પિતાના નિમિત્તે અમને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતાના સમાગમનો યોગ પ્રાપ્ત થયો. નાનપણથી તેમની પ્રેરણાને કારણે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવછેદક વાણી સાંભળી અને અખંડ મોક્ષમાર્ગ પ્રત્યે પ્રયત્નશીલ થવાનું બન્યું. આપે આજીવન પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય માતાજી પ્રતિ સમર્પિત રહી અમોને પણ સતત તે જ પ્રેરણા આપી અમારા ઉપર ઉપકાર કર્યો છે. સમયસાર વૈભવ પ્રકાશન નિમિત્તે આપના ઉપકારને સ્મરણમાં લઈ આપને શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ.**

કલ્પનાબેન અશ્વિનભાઈ વૃજલાલ શાહ, સુરત
પરીન્દાબેન સુધીરભાઈ વૃજલાલ શાહ, સુરત
કજરીબેન તેજસભાઈ અશ્વિનભાઈ શાહ, સુરત
સ્નેહાબેન પ્રજ્ઞેશકુમાર જયંતિભાઈ શાહ, સુરત
વિરલબેન (પ્રિયલ) રીતેશકુમાર જીતુભાઈ શાહ, દાદર
વિદેહીબેન જીગરકુમાર કમલેશભાઈ શાહ, અમદાવાદ
નિરજાબેન જીનેશકુમાર યોગેશભાઈ દેસાઈ, ભાવનગર
કુ. રુચિ, કુ. સપના, કુ. નિયતી. કુ. સુહાની, ચિ. શુભ, કુ. શ્રેયા



વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર,
જ્ઞાતાનું તળ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૫૩૫ | ૧૨-૦૬-૧૯૬૮ | શક્તિ | ૦૦૧ |
| ૫૩૬ | ૧૩-૦૬-૧૯૬૮ | શક્તિ-૧ થી ૩ | ૦૧૫ |
| ૫૩૭ | ૧૪-૦૬-૧૯૬૮ | શક્તિ-૩-૪ | ૦૩૦ |
| ૫૩૮ | ૧૫-૦૬-૧૯૬૮ | શક્તિ-૫ | ૦૪૬ |
| ૫૩૯ | ૧૬-૦૬-૧૯૬૮ | શક્તિ-૫ | ૦૬૩ |
| ૫૪૦ | ૧૭-૦૬-૧૯૬૮ | શક્તિ-૬-૭ | ૦૭૮ |
| ૫૪૧ | ૧૮-૦૬-૧૯૬૮ | શક્તિ-૭-૮ | ૦૯૨ |
| ૫૪૨ | ૧૯-૦૬-૧૯૬૮ | શક્તિ-૯-૧૦ | ૧૦૭ |
| ૫૪૪ | ૨૧-૦૬-૧૯૬૮ | શક્તિ-૧૧-૧૨ | ૧૨૨ |
| ૫૪૫ | ૨૨-૦૬-૧૯૬૮ | શક્તિ-૧૨ થી ૧૪ | ૧૩૬ |
| ૫૪૬ | ૨૩-૦૬-૧૯૬૮ | શક્તિ-૧૪-૧૫ | ૧૫૧ |
| ૫૪૭ | ૨૪-૦૬-૧૯૬૮ | શક્તિ-૧૪ થી ૧૬ | ૧૬૬ |
| ૫૪૮ | ૨૫-૦૬-૧૯૬૮ | શક્તિ-૧૬-૧૭ | ૧૮૧ |
| ૫૪૯ | ૨૬-૦૬-૧૯૬૮ | શક્તિ-૧૭-૧૮ | ૧૯૪ |
| ૫૫૦ | ૨૭-૦૬-૧૯૬૮ | શક્તિ-૧૮-૧૯ | ૨૧૦ |
| ૫૫૧ | ૨૮-૦૬-૧૯૬૮ | શક્તિ-૨૦-૨૧ | ૨૨૬ |
| ૫૫૨ | ૨૯-૦૬-૧૯૬૮ | શક્તિ-૨૧-૨૨ | ૨૪૦ |
| ૫૫૩ | ૩૦-૦૬-૧૯૬૮ | શક્તિ-૨૨ થી ૨૪ | ૨૫૫ |
| ૫૫૪ | ૦૧-૦૭-૧૯૬૮ | શક્તિ-૨૫-૨૬ | ૨૭૧ |

| | | | |
|---|---|---|---|
| ૫૫૫ | ૦૨–૦૭–૧૯૬૮ | શક્તિ–૨૭–૨૮ | ૨૮૬ |
| ૫૫૬ | ૦૩–૦૭–૧૯૬૮ | શક્તિ–૨૮–૨૯ | ૩૦૧ |
| ૫૫૭ | ૦૪–૦૭–૧૯૬૮ | શક્તિ–૩૧ થી ૩૩ | ૩૧૭ |
| ૫૫૮ | ૦૫–૦૭–૧૯૬૮ | શક્તિ–૩૩–૩૪ | ૩૩૪ |
| ૫૫૯ | ૦૬–૦૭–૧૯૬૮ | શક્તિ–૩૪–૩૫ | ૩૫૨ |
| ૫૬૦ | ૦૭–૦૭–૧૯૬૮ | શક્તિ–૩૫ થી ૩૭ | ૩૬૮ |
| ૫૬૧ | ૦૮–૦૭–૧૯૬૮ | શક્તિ–૩૭ થી ૩૯ | ૩૮૩ |
| ૫૬૨ | ૦૮–૦૭–૧૯૬૮ | શક્તિ–૩૯–૪૦ | ૩૯૯ |
| ૫૬૩ | ૧૦–૦૭–૧૯૬૮ | શક્તિ–૪૦ થી ૪૨ | ૪૧૫ |
| ૫૬૪ | ૧૧–૦૭–૧૯૬૮ | શક્તિ–૩૮ થી ૪૧ | ૪૩૨ |
| ૫૬૫ | ૧૨–૦૭–૧૯૬૮ | શક્તિ–૪૨–૪૩ | ૪૪૮ |
| ૫૬૬ | ૧૩–૦૭–૧૯૬૮ | શક્તિ–૪૩–૪૪ | ૪૬૪ |
| ૫૬૭ | ૧૪–૦૭–૧૯૬૮ | શક્તિ–૪૫–૪૬ | ૪૮૧ |
| ૫૬૮ | ૧૫–૦૭–૧૯૬૮ | શક્તિ–૪૬–૪૭ | ૪૯૬ |

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# સમયસાર વૈભવ

**(ભાગ-૧૯)**

**(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર ૧૫મી વખતના સળંગ પ્રવચનો)**

**જેઠ વદ ૨, બુધવાર તા. ૧૨-૬-૧૯૬૮**
**શક્તિ, પ્રવચન-૫૩૫**

...તે આત્મા. એ આત્મામાં અનેકાંતપણે જ્ઞાનમાત્ર કહીને અનેકાંત સિદ્ધ કર્યું. જ્ઞાનમાત્ર કહેતાં પણ તત્-અતત્ જ્ઞાન જ્ઞાનરૂપે રહ્યું છે, જ્ઞાન જ્ઞેયરૂપે થયું નથી. એમ સિદ્ધ કરીને હવે એમાં અનંત ગુણો છે એક સમયમાં એ અહીં સિદ્ધ કરે છે. અને એ ગુણો પણ... ગુણની પર્યાય ક્રમે પ્રવર્તે છે. ક્રમે ક્રમે અવસ્થા થાય છે અનંત ગુણની. અને અક્રમે-એ ગુણો છે તે એક સમયમાં અક્રમે એકસાથે રહેલ છે.

'**ક્રમે અને અક્રમે પ્રવર્તતા...**' જુઓ! એ પ્રશ્નકારનો એવો પ્રશ્ન છે કે આત્મામાં જે અનંત ગુણો છે એ અનંત ગુણો એકસાથે રહ્યા છે. એ અક્રમે છે અને એ ગુણોની પર્યાય ક્રમે વર્તે છે એ પોતાને કારણે. સમજાય છે કાંઈ? કોઈ શરીર, ઈન્દ્રિય કે રાગને કારણે નહિ. આત્મા અહીં વસ્તુ ચૈતન્યદ્રવ્ય શુદ્ધ એ સિદ્ધ કરીને વાત છે. જેના અનુભવમાં આત્મા જ્ઞાનમાત્ર એટલે કે અનંતગુણસંપન્ન જ્ઞેયરૂપે નહિ, જ્ઞાનરૂપે છે એવો આત્મા એટલે કે પુણ્ય-પાપના જ્ઞેય, રાગરૂપે, કર્મના, શરીરના જ્ઞેયરૂપે નહિ. અને પોતાના જે અનંત ગુણો છે એ અક્રમે છે એની પર્યાયે ક્રમે પ્રવર્તતો. અનંત ધર્મો છે. આત્મામાં ક્રમે અને અક્રમે પ્રવર્તતા બધાને ધર્મ કહ્યા છે. ગુણને પણ ધર્મ કહ્યા છે અને એની પર્યાયને પણ ધર્મ કહ્યા છે. કેમ કે ધારી રાખ્યા છે આત્માએ માટે ધર્મ. સમજાય છે કાંઈ?

આત્માએ કાંઈ રાગને, વ્યવહારને અને શરીરને ધારી રાખ્યું નથી. એ એનો ધર્મ નથી. સમજાણું કાંઈ? આત્માએ પોતાના અનંત ગુણરૂપી ધર્મ અને તેની અવસ્થા જે ક્રમે ક્રમે (થાય છે) તેને ધારી રાખી (છે) એટલે એ અનંત ધર્મો એ એના છે. પંડિતજી! '**ક્રમ અને અક્રમે પ્રવર્તતા અનંત ધર્મો છે...**' ગુણો અક્રમે પ્રવર્તતા અને પર્યાયે ક્રમે પ્રવર્તતા '**એવા આત્માને...**' એમ. '**જ્ઞાનમાત્રપણું કઈ રીતે છે?**' એવા આત્માને જ્ઞાનમાત્રપણું કઈ રીતે છે? કારણ કે ક્રમે-અક્રમે પ્રવર્તતા તો અનંત ધર્મો છે. એમ કહ્યું ને? પૂછ્યું છે શું? ક્રમે અને અક્રમે પ્રવર્તતાં, થતાં, રહેતાં, બદલતાં અને ટકતાં એવા અનંત ધર્મો છે. સમજાય છે કાંઈ? છતાં એવા આત્માને, આવું હોવા છતાં આત્માને '**જ્ઞાનમાત્રપણું કઈ રીતે છે?**' પ્રશ્ન સમજ્યા? પ્રશ્નનું રૂપ સમજાણું?

શિષ્યનો પ્રશ્ન જ ગંભીર છે કે આ ભગવાન આત્મા... પર વસ્તુની વાત અહીંયાં છે નહિ. પર એમાં નથી. એનામાં છે એવા અનંતા ધર્મો અક્રમે રહેતા અને ક્રમે અનંતા, પર્યાય તો અનંતી ક્રમે પ્રવર્તતી એવા તો અનંત ધર્મ છે, અનંત ધર્મ છે. એને જ્ઞાનમાત્રપણું કઈ રીતે છે? સમજાણું કાંઈ? સમજાય છે પ્રશ્ન? '**જેમાં...**' એટલે આત્મામાં. '**ક્રમ અને અક્રમે પ્રવર્તતા અનંત ધર્મો છે એવા આત્માને જ્ઞાનમાત્રપણું કઈ રીતે છે?**' એકલો જ્ઞાન જ એને કહેવું એ કઈ રીતે છે? એમ શિષ્યનો પ્રશ્ન છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અનંત ધર્મ ક્રમે-અક્રમે પ્રવર્તતા છે છતાં એને જ્ઞાનમાત્રપણું કઈ રીતે છે? સમજાય છે કાંઈ?

'**ઉત્તર :- પરસ્પર ભિન્ન એવા અનંત ધર્મોના સમુદાયરૂપે પરિણત એક જ્ઞપ્તિમાત્ર ભાવરૂપે પોતે જ હોવાથી...**' શું કહે છે? '**પરસ્પર ભિન્ન...**' એક એક ગુણ છે એ પરસ્પર ભિન્ન છે. એક ગુણ કંઈ અન્ય ગુણરૂપે નથી. અનંત ધર્મ છે. જ્ઞાન, દર્શન, આનંદ એ એક એક ધર્મ એ કાંઈ અન્ય ધર્મરૂપે નથી. એનું લક્ષણ જુદું છે અને એનું હોવાપણું એક ગુણથી ધર્મથી બીજો ધર્મ એનો જુદો છે. '**પરસ્પર ભિન્ન...**' પર્યાયમાં પણ એમ હોં! બેયની વાત છે ને અહીં? ભગવાન આત્મા..! અલૌકિક વાત છે! એકલો જ્ઞાનમાત્ર જ્યાં દૃષ્ટિમાં આવ્યો અને અનુભવમાં આવ્યો ત્યારે ધર્મીને ક્રમે પ્રવર્તતી પર્યાયો અને અક્રમે પ્રવર્તતા ગુણો એને એ અનંત ધર્મોના સમુદાય પણ ભિન્ન ભિન્ન ધર્મ છે. એટલે કે અનંત જે અક્રમે પ્રવર્તતા છે જ્ઞાન, દર્શન આદિ એ પણ ભિન્ન ભિન્ન લક્ષણ અને ભિન્ન ભિન્ન એનો સ્વભાવ છે. અક્રમે પ્રવર્તતા જે અનંત ગુણો છે એનું પણ એક એક ગુણને બીજા ગુણ સાથે ભિન્ન લક્ષણ છે, ભિન્ન શક્તિ છે, ભિન્ન રૂપ છે. પંડિતજી! આ સૂક્ષ્મ અધિકાર છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ભગવાન આત્મા આમ જ્ઞાનલક્ષણે લક્ષિત થયેલો પ્રભુ, એમ કહે છે. સમજાય છે? પ્રસિદ્ધ લક્ષણ દ્વારા પ્રસાધ્યમાન સાધીને સિદ્ધ કરેલો એવો આત્મા, જેણે આ જ્ઞાનલક્ષણે સિદ્ધ કર્યો, આ આત્મા એમ અનુભવ કર્યો એમ કહે છે અહીં. સમજાય છે કાંઈ? જ્ઞાનલક્ષણ પ્રસિદ્ધ છે. અજ્ઞાનીને અપ્રસિદ્ધ છે એટલે એને પ્રસિદ્ધ કરાવ્યું. અને એ લક્ષણે જ્ઞાનીને પ્રસિદ્ધ કરાવ્યો આત્મા એટલે પોતે પ્રસિદ્ધ કર્યો આત્મા (કે) આ આત્મા. જ્ઞાનના લક્ષણ દ્વારા અંતર દ્રવ્યને પકડી આ આત્મા, એમ જેને અંતર લક્ષણમાં વસ્તુ આવી છે, દૃષ્ટિમાં ધ્યેયનો અનુભવ થયો છે. સમજાણું કાંઈ? એવો આત્મા, એના અનંત ગુણો છે એ પણ ભિન્ન ભિન્ન સ્વભાવવાળા છે અને એની પર્યાય જે છે એક એક સમયની અનંતી એ પણ દરેક પર્યાયનો ભિન્ન ભિન્ન સ્વભાવ છે. શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાયનો ધર્મ પણ ભિન્ન ભિન્ન છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**પરસ્પર...**' પાછું પરસ્પર જુઓ! એમ છે ને શબ્દ? એક ગુણને બીજા ગુણ સાથે અને બીજા ગુણને બીજા ગુણ સાથે. એમ. બીજો એટલે પહેલો કીધો એની સાથે. દરેક ગુણને માંહોમાંહે અને દરેક પર્યાયને અવસ્થાને માંહોમાંહે. ભિન્ન, પરસ્પર ભિન્ન-પરસ્પર જુદા '**એવા અનંત ધર્મોના...**' એવા અનંત ધર્મોના '**સમુદાયરૂપે...**' આખો એકરૂપે '**પરિણત...**' પરિણમેલો અહીં લેવો છે. સમજાય છે કાંઈ?

'**એક જ્ઞપ્તિમાત્ર...**' એવો ભગવાન આત્મા. અનંત ભિન્ન ભિન્ન ધર્મ અને અનંત પર્યાયો ભિન્ન ભિન્ન છતાં એનું એકરૂપ સમુદાયરૂપે પરિણમન એની અવસ્થા-દશામાં '**એક જ્ઞપ્તિમાત્ર ભાવરૂપે...**' એક જ્ઞપ્તિ જાણવારૂપની દશાના ભાવરૂપે, જાણવાની દશારૂપ ભાવરૂપે, જાણવાની દશાના ભાવરૂપે. જુઓ! જાણકની પરિણતિના ભાવરૂપે '**પોતે જ હોવાથી...**' એ જ્ઞપ્તિમાત્ર ભાવરૂપે પોતે જ પરિણત હોવાથી. '**(અર્થાત્ પરસ્પર ભિન્ન એવા અનંત ધર્મોના સમુદાયરૂપે પરિણમેલી જે એક જાણનક્રિયા...**' જુઓ! આ ક્રિયા એની. જ્ઞાનીની અને આત્માની આ ક્રિયા. જાણનક્રિયા એ જ્ઞાનીની. એટલે કે આત્માની. સમજાય છે કાંઈ? જાણનક્રિયા. એની પ્રધાનતાનથી છે ને? જ્ઞાનમાં અંતઃપાતિની. જ્ઞપ્તિમાં અનંતા ગુણોની પર્યાય ભેગી આવી જાય છે.

કહે છે, '**પરસ્પર ભિન્ન એવા અનંત ધર્મોના સમુદાયરૂપે પરિણમેલી જે એક જાણનક્રિયા...**' એ જ્ઞપ્તિમાત્રનો અર્થ કર્યો એક જાણનક્રિયા-જાણવાની અવસ્થા. ધર્મીને જાણવાની અવસ્થારૂપે પરિણમેલો આત્મા છે. સમજાણું કાંઈ? કોઈનો રાગના કરવારૂપે, પરના કરવારૂપે કે પરથી પોતામાં કરવારૂપે એ નથી. સમજાય છે? '**એક જાણનક્રિયા તે**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**જાણનક્રિયામાત્ર ભાવરૂપે...**' તે જાણનક્રિયા માત્ર ભાવ-અવસ્થારૂપે '**પોતે જ હોવાથી...**' એ જાણનક્રિયા પોતાનું સ્વરૂપ જ છે. સમજાય છે કાંઈ? '**પોતે જ હોવાથી આત્માને જ્ઞાનમાત્રપણું છે.**' એ જાણનક્રિયા પોતે એકરૂપે થઈ છે એ ભાવરૂપે પોતે આત્મા જ છે. એ જાણનક્રિયાનું પરિણમન એ આત્મા છે. એ આત્માનું પરિણમન છે. કોઈનું નથી. સમજાણું કાંઈ? ભાઈ! આ તો શાંતિ ને ધીરજથી પકડાય એવી વાત છે આ. આ તો અનુભવમાં આવેલો આત્મા એને જાણનક્રિયામાં શું થાય છે એની વાત ચાલે છે. ધર્મીની જાણનક્રિયામાં શું છે? જ્ઞપ્તિરૂપે હોવા છતાં ત્યાં એમાં અનંતા ધર્મની પર્યાય સાથે પરિણમી રહી છે એમ બતાવવું છે. સમજાણું કાંઈ?

'**આત્માને જ્ઞાનમાત્રપણું છે.**' કેમકે એ જાણનક્રિયા પોતે એ ભાવરૂપે પોતે થયો છે. જાણવાની પર્યાયના પરિણમનરૂપે પોતે થયો છે માટે તે આત્મા પોતે જ જ્ઞાનમાત્ર છે. સમજાણું કાંઈ? '**માટે જ તેને જ્ઞાનમાત્ર એક ભાવની...**' હવે આવે છે, જુઓ! એ પોતે જાણનક્રિયા પરિણમન જાણવારૂપે જે થયું, ધર્મીનું એટલે કે આત્માનું, ધર્મી એવો આત્મા અને ધર્મને પરિણમેલો એવો આત્મા. એમ. ધર્મી એવો આત્મા અને ધર્મીનું ભાન થયું એવો આ ધર્મી આત્મા. સમજાય છે કાંઈ?

'**માટે જ તેને...**' એટલે આત્માને '**જ્ઞાનમાત્ર...**' એ જાણનક્રિયામાત્ર, જાણવારૂપે પરિણમેલો પોતે છે માટે એ '**જ્ઞાનમાત્ર એક ભાવની...**' એકરૂપ અવસ્થા. જ્ઞાનમાત્ર એક અવસ્થા-જ્ઞાનરૂપ એક દશા. '**અંતઃપાતિની...**' એની સાથે થનારી. જાણવાની પર્યાય સાથે થનારી અંતઃપાતિની એટલે એમાં થનારી, એમાં પડેલી, એમાં આવેલી, એમાં રહેલી. સમજાય છે કાંઈ? હજી એને સાંભળવામાં શું કહે ઈ પકડાય નહિ. એય.. ચીમનભાઈ! શું કહે? ધર્મ કરનારને ધર્મ થયો છે એની શું દશા છે એનું વર્ણન છે અત્યારે. સમજાય છે કાંઈ? ધર્મી એવો આત્મા એને જ્ઞાનલક્ષણે પ્રસિદ્ધ કરીને અનુભવ થયો છે એવો આત્મા તે જ્ઞાનમાત્ર આત્મા છે. તેથી તે ધર્મીને એની પર્યાયમાં જ્ઞપ્તિમાત્ર જાણવાની ક્રિયારૂપે થયો પોતે માટે તે જ્ઞાનમાત્ર આત્મા છે એમ કીધું. હવે એ જ્ઞાનમાત્ર જે જાણનક્રિયા છે એ એક ભાવની અંતઃપાતિની. જાણવાની એક સમયની જે પર્યાય છે એમાં અંતઃ (અર્થાત્) એમાં રહેલી, એમાં સાથે ઉછળતી, એમાં સાથે પ્રગટેલી અનંતા ગુણની પર્યાય, જ્ઞપ્તિ સાથે અનંતા ગુણોની પર્યાય સાથે પરિણમી રહી છે. શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અનંત ધર્મ સાથે છે કે નહિ? એક સમયમાં અનંતી પર્યાય, અનંતા ગુણોની પર્યાય, જાણવાની પર્યાયની સાથે અનંતા ધર્મ નામ ગુણોની પર્યાય સાથે જ પરિણમે છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સમજાય છે કાંઈ?

દ્રવ્ય એવો આત્મા, ગુણો જે અક્રમે છે તે અને પર્યાય ક્રમે પ્રવર્તે છે તે-ત્રણ થઈ ગયા. સમજાય છે? દ્રવ્ય-ગુણ અને પર્યાય. બીજી રીતે કહીએ તો એ જે વસ્તુ છે આત્મા એના જે અક્રમે પ્રવર્તતા જે ગુણો-જે ધર્મ છે-એની ક્રમે પ્રવર્તતી જે પર્યાય છે એ પોતામાં પ્રવર્તીને પર્યાય વર્તે છે જ્ઞાનની. એની સાથે અનંતા ગુણની એકસાથે પ્રવર્તે છે. સમજાણું કાંઈ? એટલે? જ્ઞાન જાણવાની પરિણતિરૂપે પોતે પરિણમ્યો માટે જ્ઞાનમાત્ર આત્મા અને તે પરિણતિની પર્યાયમાં એનું દ્રવ્ય જે છે એ વસ્તુ અને અક્રમે રહેલા ગુણો-પ્રદેશત્વગુણ, જ્ઞાનગુણ, દર્શનગુણ આદિ બધા ગુણો. એ બધા ગુણોનું એક સમયે જે પરિણમન અવસ્થા છે એ જ્ઞપ્તિ-જ્ઞાનની પર્યાયમાં, બધા ગુણોની પર્યાય ક્રમે ત્યાં વર્તે છે. પરને કારણે નહિ, રાગને કારણે નહિ, નિમિત્તને કારણે નહિ. સમજાય છે કાંઈ? અને તે કાળે અંદર વ્યવહારાદિનો વિકલ્પ ઉઠતો હોય તે કારણે ક્રમે પ્રવર્તે છે એમ નહિ. એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આ તો વાત જ એવી છે કે બહુ ધ્યાન રાખે તો પકડાય એવી છે. આહાહા..! ધર્મનું રૂપ આવું છે.

ભગવાન અતીન્દ્રિય આનંદમય પ્રભુ એને જ્યાં અનુભવમાં લીધો, એને અનુભવની પર્યાયમાં જ્ઞાનની પ્રધાનતા ગણીને જ્ઞાને પરિણમ્યો એટલે જ્ઞાનમાત્ર કીધો, પણ જ્ઞાનની પરિણતિમાં અનંત ગુણની પરિણતિની સાથે પરિણતિ ભેગી હોય છે. આનંદની પરિણતિ, અસ્તિત્વની પરિણતિ, શાંતિની પરિણતિ. જુઓ! ઓલો કહે છે ને? કેટલાક કહે છે કે ચારિત્રની પરિણતિ ન હોય. દ્રવ્ય પરિણમ્યું. તો પછી આ દ્રવ્ય પરિણમ્યું છે એનું દ્રવ્ય અક્રમે અને ક્રમે પરિણમ્યું એમાં ચારિત્રગુણનું શું થયું? ચોથે. ભાઈ! એઈ.. પંડિતજી! એને ખબર નથી.

ભગવાન આમ પૂર્ણાનંદ પ્રભુ અક્રમે વર્તતો એમાં એક ચારિત્ર નામનો ગુણ છે. એવા અનંતા ગુણો છે. એ અનંતા ગુણો અક્રમે અને પર્યાયમાં ક્રમે સાથે જ પરિણમે છે-એકસાથે. જ્ઞાનનું પરિણમન, દર્શનનું પરિણમન, આનંદનું પરિણમન, સ્વરૂપાચરણનું પરિણમન, અસ્તિત્વનું પરિણમન, વસ્તુત્વનું પરિણમન, એમ કર્તા, કર્મ આદિ અનંત ગુણનું પરિણમન એક સમયે જ પરિણમન છે એને. સમજાણું કાંઈ? ઓઘે ઓઘે આત્મા છે એને જાણવો, આત્મા ધર્મ કરે એ બધું સાંભળ્યું પણ એમાં માલ વિનાની વાત છે. વસ્તુનો માલ શું છે અંદરમાં. અનંત અક્રમ ધર્મ અને ક્રમે પ્રવર્તતો. એમ કહ્યું ને ભાઈ? એવડો સઘળું લક્ષિત થાય તે આત્મા. એમ આવ્યું હતું ને પાઠમાં ઉપર-માથે?

**'જ્ઞાનમાત્રમાં અચલિતપણે સ્થાપેલી દૃષ્ટિ વડે, ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતો, તદ્-અવિનાભૂત અનંતધર્મસમૂહ જે કાંઈ જેવડો લક્ષિત થાય છે, તે સઘળોય ખરેખર**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**એક આત્મા છે.**' એ ક્રમે અને અક્રમે પ્રવર્તતી પર્યાયો અને અક્રમે ગુણ અને ક્રમે (પ્રવર્તતી પર્યાયો), એ બધો થઈને આત્મા કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? આહાહા..! નિરાલંબી ભગવાન નિરાલંબપણે પરિણમે છે એને પરનું આલંબન નથી. સમજાણું કાંઈ?

**'એક ભાવની અંદર...**' એ ભાવ શબ્દે ત્યાં પર્યાય છે, હોં! **'અંતઃપાતિની...**' એટલે કે અંદર આવનારી જ્ઞાનમાત્ર એક અવસ્થામાં પડનારી, જ્ઞાનમાત્ર એક ભાવની અંદર આવી જતી. દેખો! આમ જ્ઞાનનું પરિણમન જ્ઞાનલક્ષણે પ્રસિદ્ધ થયો જ્યાં ભગવાન, જ્ઞાનલક્ષણે લક્ષ્ય જ્યાં પ્રસિદ્ધ થયો, એવો આત્મા અક્રમે ગુણો અને ક્રમે પ્રવર્તતી પર્યાયનો સમુદાય આખો તેને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? હમણાં 'આત્મવૈભવ' તો બહાર આવી ગયું છે. જોયું છે? વાંચ્યું? એ પ્રમાણે જ આવશે બધું એવું કાંઈ નથી. પાછું કાંઈ જોવા જાય કે આ પ્રમાણે આવ્યું કે નહિ. કહો, સમજાય છે કાંઈ?

**'એક ભાવની અંદર પડનારી...**' આવનારી, થનારી, આવી જતી. એ જ્ઞાનની પર્યાયના લક્ષણે લક્ષિત દ્રવ્ય કરીને જે અનુભવ થયો એમાં એ જ્ઞાનનું પરિણમન જે રહ્યું એમાં અનંતા ગુણનું પરિણમન એકસાથે પડેલું છે. એકસાથે અનંતા ગુણનું પરિણમન છે ધર્મીને. આનંદનું પરિણમન છે, સ્વરૂપની સ્થિરતાનું પરિણમન છે, વીર્યનું પરિણમન છે, વીર્યે સ્વરૂપની રચના કરી તેનું પરિણમન છે. સર્વગુણાંશ છે. ધરમચંદજી! આ બધા લોકો એમ ને એમ વાડામાં બંધાઈને એકદમ જાણે દિંગબર છીએ, થઈ રહ્યું જાવ. ધર્મ સમજી ગયા છીએ એમ કરીને (વર્તે છે). ધૂળમાંય ધર્મ ક્યાં છે?

મુમુક્ષુ :- નાનપણથી ધર્મ કરે દિગંબર

ઉત્તર :- દિગંબર હતા કે દી? દિગંબર કહેવા કોને? જેને વિકલ્પની લાગણી વિનાનો આત્મા અનુભવમાં આવે તેને દિગંબર કહેવાય. વસ્ત્ર વિનાનો દિગંબર કહેવાય છે ને?

જે ભગવાન આત્મા અનંત અક્રમે પ્રવર્તતા ગુણો, ધર્મ અને પર્યાય એમાં જેને વિકલ્પનું-રાગનું આચ્છાદન નથી. રાગ એનામાં નથી એટલે એનું ઢાંકણ અંદર નથી એવો જે ભગવાન દિગંબર આત્મા... આ વસ્તુસ્થિતિ એવી છે. અને જુઓ તો, મિલાન કરો તો મળી જાય એવી છે વાત. સમજાય છે કાંઈ? દિગંબર એટલે જેને વસ્ત્રનો, વિકલ્પરૂપી વસ્ત્રની લાગણી જ જે વસ્તુમાં નથી. લાગણીની વૃત્તિ જેનામાં નથી. પંડિતજી! આહાહા..! એવો ભગવાન આત્મા નિર્વિકલ્પ-વિકલ્પની લાગણી વિનાનો, તો પછી એમાં વસ્ત્ર એના છે અને શેના છે એ કાંઈ રહેતું નથી. ચોથે ગુણસ્થાનથી. સમજાણું કાંઈ? ચોથા ગુણસ્થાનથી પણ વિકલ્પ જ્યાં એનો નથી, એનામાં નથી, એનાથી જ્યાં ભિન્ન પડ્યો પછી વસ્ત્ર એના છે, પાત્ર એના છે, ઢીંકણું (એનું છે) એવું એમાં રહેતું નથી. પહેલી દૃષ્ટિમાંથી તો બધો પરિગ્રહ છૂટી ગયો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. આહાહા..! સમજાય છે કાંઈ? પછી આગળ સ્વરૂપમાં સ્થિરતા આગળ વધતાં જે રાગનો ભાગ જે જ્ઞાનમાં જણાતો હતો રાગ ભાગ, એ પણ સ્વરૂપના આશ્રયે જ્યાં વિશેષ સ્થિર થયો એટલે રાગ જણાતો હતો એ ગયો. ગયો એટલે એના નિમિત્ત(રૂપે) વસ્ત્ર પણ મુનિને હોતા નથી. મૂળ એમ વાત છે. સમજાણું કાંઈ? એ પરમાત્મા પોતે આત્મા કેવડો છે અને કેવો છે એણે સાંભળ્યો નહિ અને સાંભળ્યા વિના ધર્મ સમજે કે દી અને સમજ્યા વિના ધર્મ થાય કે દી એને? સમજાણું કાંઈ? આહાહા..!

આત્માના '**જ્ઞાનમાત્ર એક ભાવની અંદર આવી જતી-અનંત શક્તિઓ ઊછળે છે.**' ભાષા જુઓને કેવી કરી છે! સમજાય છે? '**अनन्ताः शक्तयः उत्प्लवन्ते**' એમ છે ને? '**उत्प्लवन्ते**' ઊછળે છે. દરિયામાં જેમ પાણીના મોજા ઉઠે ને કાંઠે? એમ ભગવાન આત્મા જ્ઞાનના પ્રસિદ્ધ લક્ષણે જ્ઞાતા નામ વસ્તુને અનુભવીને જે પર્યાય જ્ઞાનમાત્રના પરિણમનમાં થઈ, જ્ઞાનમાત્ર શબ્દે રાગ અને પરરૂપે નહિ, એવી જ્ઞાનની-જ્ઞપ્તિક્રિયામાં અનંતા ગુણોની પર્યાય એ સમયે ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થાય છે, ઊછળે છે, ઊછળે છે. સહજ પર્યાયની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જતાં દ્રવ્યમાંથી પર્યાય સહેજે ઊછળે છે. સમજાય છે કાંઈ? ભાષા એવી છે ને. '**उत्प्लवन्ते**' '**उत्प्लवन्ते**' છે ને? '**उत्प्लवन्ते**'. આનંદની અવસ્થા, શાંતિની અવસ્થા, વીર્યની અવસ્થા, સ્વરૂપની શુદ્ધતાના પરિણમનની અવસ્થા હોં વીર્યની, એ વીર્યની અવસ્થા. સમજાણું કાંઈ? એ દર્શનની અવસ્થા, શ્રદ્ધાની અવસ્થા, એ બધી અવસ્થાઓ જ્ઞપ્તિરૂપી પર્યાયની સાથે જ એક સમયે જ સાથે ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**અનંત શક્તિઓ ઊછળે છે. (આત્માના જેટલા ધર્મો છે...**' હવે એનો ખુલાસો કરે છે જરી. '**તે બધાયને, લક્ષણભેદે ભેદ હોવા છતાં,...**' દેખો! દરેક ગુણમાં લક્ષણ ભેદે ભેદ અને દરેક એની પર્યાયમાં લક્ષણભેદે ભેદ. અહીં તો એકલો આત્મા એને અનુભવ્યો અને આત્મા આવો છે એમ પ્રસિદ્ધ થયો એની વાત છે. આત્મા સિવાય અનાત્મા રાગાદિની વાત અહીં છે નહિ. સમજાણું કાંઈ?

'**(આત્માના જેટલા ધર્મો છે...**' અક્રમે, ક્રમે '**તે બધાયને, લક્ષણભેદે...**' લક્ષણની જુદાઈથી જુદાં હોવા છતાં, લક્ષણમાં જુદે જુદાં છે દરેક. સમજાણું કાંઈ? આહાહા..! '**પ્રદેશભેદ નથી;...**' શું કીધું? જ્યાં જ્ઞાનગુણ છે ત્યાં આનંદગુણ છે એના લક્ષણભેદ છે, પણ એ જ્ઞાનગુણ છે તેના પ્રદેશ જુદાં અને આનંદગુણ છે તેનું ક્ષેત્ર જુદું, જ્ઞાનનું ક્ષેત્ર જુદું અને આનંદનું ક્ષેત્ર જુદું, એમ પર્યાયમાં અનુભવાતો આનંદનો પર્યાય અને જ્ઞાનનો પર્યાય એ પર્યાયમાં લક્ષણભેદ છે. છતાં એ આનંદ ને જ્ઞાનની પર્યાયનું ક્ષેત્ર જુદું છે એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્ષેત્ર પણ દરેકનું એક છે. તેથી એમ કહ્યું ને જુઓને! આ તમારે આવ્યું ને, કહ્યું ને છોકરાને કે ગુણની વ્યાખ્યા શું? એય..! ક્યાં ગયો? કમલેશ! ગયો? ઠીક. પૂછ્યું હતું, એલા ગુણની વ્યાખ્યા શું? તો કહે, ગુણ દ્રવ્યના સર્વ ભાગમાં અને સર્વ હાલતોમાં રહે એને ગુણ કહીએ. ચારેય બોલ આવી ગયા. દ્રવ્યના સર્વ ભાગમાં એટલે જ્ઞાનગુણ આદિ આનંદગુણ આદિ દ્રવ્ય એટલે વસ્તુ એના સર્વ ભાગમાં. એ બધા ક્ષેત્રમાં. અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર છે એ બધા ભાગમાં. પરક્ષેત્રમાં નહિ. રાગમાં ને કર્મમાં ને શરીરના ક્ષેત્રમાં એ ન વ્યાપે. સમજાય છે કાંઈ? રાગ ને વ્યવહાર ને શરીર ને કર્મનું ક્ષેત્ર પર છે. એઈ.. જ્યોતિ! હમણાં કહ્યું હતું કે નહિ અંદર? ક્યાં ગયો જીતુ? બેય ડાહ્યાના દીકરા છે. એના બાપ નાગરભાઈ અને આ છોટાભાઈ બેય. એ પાછા કહેતા હતા. અમે શીખ્યા છીએ તમારી પાસે એને કેમ ડાહ્યા ન કહો? કીધું, કાંઈ વાંધો નહિ. અહીં તો કોઈ પાસે શીખ્યો નથી આત્મા એમ કહે છે. આહાહા..! આ જુઓ તો ખરા.

ભગવાન આત્મા એનો એક કોઈપણ ગુણ લ્યો તો એ જ્ઞાનગુણ એક લ્યો, તો કહે છે કે એ જ્ઞાનગુણ પોતે અને દર્શનગુણ એના લક્ષણ ભલે જુદા, પણ એનું ક્ષેત્ર કાંઈ જુદું નથી. જ્ઞાનગુણ જેટલા ક્ષેત્રમાં વ્યાપ્યો છે એટલા ક્ષેત્રમાં દર્શનગુણ વ્યાપ્યો છે, એટલામાં આનંદ વ્યાપ્યો છે, એટલામાં શાંતિ વ્યાપી છે, એટલામાં અસ્તિત્વ અને વીર્ય વ્યાપ્યું છે. અને એક સમયની પર્યાય છે, જ્ઞાનની, આનંદની, સત્તાની, પ્રભુતાની એ પર્યાયનું દરેકનું લક્ષણ અને સ્વરૂપ જુદું હોવા છતાં તેના બધા પ્રદેશો તો એક જ બધાના છે. એ પર્યાયમાં પણ પ્રદેશ છે. ક્ષેત્ર છે ને? આહાહા..! સમજાય છે કાંઈ?

આનંદગુણ એનું ક્ષેત્ર અને જ્ઞાનગુણનું ક્ષેત્ર એક છે. અને એ આનંદગુણ પર્યાયમાં આવ્યો છે અને જ્ઞાન પણ એમાં પર્યાયમાં આવ્યું છે, બેયનું ક્ષેત્ર એક છે, છતાં બેયના લક્ષણ જુદાં છે. પણ ક્ષેત્ર એકમાં એ કહેવું છે અહીં. એની પર્યાયનું ક્ષેત્ર અને ગુણનું ક્ષેત્ર એ એનું ક્ષેત્ર છે. એના સિવાય આગળ જઈને વ્યવહારનું ને કર્મનું ને શરીરનું ક્ષેત્ર (એ એનું નથી). આ તો એના ગુણની વ્યાખ્યામાં આટલું આવી જાય છે. ઓલા કહે છે ને? નહિ, અત્યારે જુદું નહિ.. અત્યારે જુદું નહિ. કો'ક કહેતું હતું ને? સનાવદની વાત કોણ કહેતું હતું? નવલભાઈ. એ અત્યારે જુદું ન હોય. શરીર અને આત્મા અત્યારે જુદા નહિ. એકમેક છે. જુદા પડે નહિ. અરે.. ભગવાન! શું તું કહે છે આ? આહાહા..!

અહીં તો કહે છે, ભગવાન! ભગવાન આત્માને કહે છે કે તું ભગવાન થયો ને, તારું સ્વરૂપ જે જ્ઞાનલક્ષણે પ્રસિદ્ધ તેં કર્યું આ એની પર્યાયમાં જ્ઞાન વ્યાપ્યું છે એ પર્યાયમાં ક્ષેત્રમાં જેટલું એટલામાં વ્યાપ્યું છે. એના રાગમાં રાગના ક્ષેત્રમાં એ નહિ તો શરીરના ક્ષેત્રમાં

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


તો (ક્યાંથી હોય)? આહાહા..! પંડિતજી! ભગવાન આત્મા..!

અહીં કહે છે ને કે એક પરિણામમાં બધા ધર્મોનું પરિણમન રહેલું છે. તે બધાને લક્ષણભેદે ભેદ. પ્રદેશભેદ નહિ. પ્રદેશભેદ નામ ક્ષેત્રભેદ નહિ. એટલે કે દરેક આત્માના અનંત ગુણ છે, એના લક્ષણ જુદાં, એનું સ્વરૂપસત્તા જુદી, એકબીજા એક થાય નહિ. પર્યાય પણ અનંતી જે પરિણમી છે એ એકબીજી એક થાય નહિ, છતાં બધાનું ક્ષેત્ર એક છે. એ ક્ષેત્ર જે પોતાનું અસંખ્ય પ્રદેશી છે એટલામાં એના ગુણો ને એના પર્યાય એકસાથે વ્યાપ્યા છે. સમજાણું કાંઈ? એ એની પર્યાયનું ક્ષેત્ર વ્યવહાર નહિ... આહાહા..! તો એનું પર્યાયનું ક્ષેત્ર શરીર અને કર્મ વ્યાપે એમાં પર્યાય (એ તો ક્યાંથી હોય)? સમજાય છે કાંઈ?

અહીં તો કેટલામાં રહ્યો અને કેટલા ક્ષેત્રમાં છે અને કેવડા કેટલા ગુણ છે એ સિદ્ધ કર્યું છે જુઓને. આહાહા..! શ્રીમદ્ પ્રશ્ન કર્યોને? કાલે કહ્યું હતું. સવારમાં બતાવ્યું હતું. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ. સૂર્યપાઠી. સૂર્ય શું કહેવાય? સૂર્યરામ ત્રિપાઠી. એણે શ્રીમદે પત્રમાં પૂછ્યું નહિ? ૭૧ (પત્રમાં) કહ્યું હતું. ૭૧માં છે. આજે સવારે કાઢ્યું હતું છોકરાઓને (બતાવવા). ઓલો છોકરો છે ને એને બતાવવા. ૭૧માં છે. પાના ફેરવવા પડ્યા. **'આ વેળા લઘુત્વભાવે એક પ્રશ્ન કરવાની આજ્ઞા લઉં છું.'** શ્રીમદ્ લખે છે. વેદાંતી એક હતો. **'આપને લક્ષગત હશે, કે પ્રત્યેક પદાર્થની પ્રજ્ઞાપનીયતા...'** એટલે જાણવાયોગ્ય અને કથન કરવાયોગ્ય એમ એટલી ભાષા એમ વાપરી. **'ચાર પ્રકારે છે.'** પ્રત્યેક પદાર્થનું જ્ઞાન અને તેનું કથન ચાર પ્રકારે હોઈ શકે છે. પ્રત્યેક પદાર્થનું.

**'દ્રવ્ય...'** હવે ચાર ભાગ પાડે છે. **'દ્રવ્ય (તેનો વસ્તુસ્વભાવ)થી,...'** કોઈપણ પદાર્થ તેનો વસ્તુસ્વભાવ ભિન્ન પડે ત્યારે એ દ્રવ્ય જુદું હોય ને? વસ્તુસ્વભાવ. આ ચૈતન્યસ્વભાવ, ઓલો મૂર્તસ્વભાવ. ઓલો અમૂર્ત જડ સ્વભાવ એ દ્રવ્ય. **'ક્ષેત્ર (કંઈપણ તેનું વ્યાપવું-ઉપચારે કે અનુપચારે)થી,...'** એ વસ્તુ હોય એ કંઈપણ પહોળાઈમાં પ્રસરે. પોતાનું સ્વક્ષેત્રનું પહોળું અને જેમાં રહે જેટલા ક્ષેત્રમાં એ એનો અનુપચાર ક્ષેત્ર છે. આ ઉપચારિક ક્ષેત્ર છે અને આ રહેલો છે તેનું અનુપચાર ક્ષેત્ર છે, વાસ્તવિક ક્ષેત્ર છે. પોતાનો અસંખ્ય પ્રદેશ છે વસ્તુ અહીં, આત્માનું એ વાસ્તવિક અનુપચાર ક્ષેત્ર છે અને આકાશમાં રહેવું કહ્યું એ ઉપચારક્ષેત્ર છે. પણ વસ્તુને એ રીતે હોય છે. **'કાળથી...'** એ એણે નથી લખ્યું. કેમકે કાળ સૂક્ષ્મ વાત છે ને. એને શું ખ્યાલમાં આવે છે એ જરી લેવા માટે. કાળથી એટલી વ્યાખ્યા રાખી. 'કાળથી'નો અર્થ એક સમયની અવસ્થાથી. દરેક પદાર્થની એક સમયની અવસ્થા એને કાળ કહીએ. અને **'ભાવ,...'** તેના ગુણાદિક ભાવથી.

હવે આપણે આત્માની વ્યાખ્યા પણ એ વિના ન કરી શકીએ. કોઈપણ પદાર્થ કેટલા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ક્ષેત્રમાં, કેવો સ્વભાવ, કેવો એનો ક્યો કાળ અને ક્યો એવો ગુણ. એમથી જ એની સિદ્ધિ થઈ શકે છે. તો પછી આત્માને પણ... આપણે આત્માની વ્યાખ્યા પણ એ વિના ન કરી શકીએ. તેમ છે.

'**આપ જો એ પ્રજ્ઞાપનીયતાએ આત્માની વ્યાખ્યા અવકાશાનુકૂળ દર્શાવો, તો સંતોષનું કારણ થાય.**' તમને ખ્યાલમાં આવે કે શું છે આ ચીજ. '**આમાંથી એક અદ્‌ભુત વ્યાખ્યા નીકળી શકે તેમ છે;...**' જ્યારે વસ્તુના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ નક્કી થાય (તો એમાંથી) અદ્‌ભુત વ્યાખ્યા નીકળે છે. કારણ કે એના ક્ષેત્રમાં એના ગુણો, એના ક્ષેત્રમાં એની પર્યાય, એની અવસ્થા તેનો કાળ, એનો ભાવ પોતામાં. આવું જ્યારે એકરૂપ દ્રવ્યમાં અખંડપણું સિદ્ધ થાય તો અદ્‌ભુત જ્ઞાનાદિની શક્તિ એક સમયમાં સર્વજ્ઞપણે પરિણમે એવો જ એનો સ્વભાવ છે એવું એમાં સિદ્ધ થાય છે. એમાં પરદ્રવ્યના આશ્રય ને પરદ્રવ્યની ત્યાં બેની જરૂર નથી. સમજાણું કાંઈ? '**પણ આપના વિચારો આગળથી કંઈ સહાયક થઈ શકશે એમ ગણી આ પ્રયાચન કર્યું છે.**' એ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે.

અહીં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પવિત્રતાના જ વર્ણવ્યા છે એકલા. સમજાણું કાંઈ? ત્યાં તો સમ્મુચય પદાર્થની વ્યાખ્યા છે. બધા દ્રવ્યોની અથવા એક આત્માની ભલે. જુદો પાડીને કર્યું ને આત્મા? પણ એ તો એની પર્યાયનું અસ્તિત્વ વિકારાદિનું પણ એનામાં એ ત્યાં સિદ્ધ કરવું છે. અને અહીં તો એ પોતે વિકારપણે છે જ નહિ દ્રવ્ય. એવો જે આત્મા જ્ઞાનના પર્યાયના લક્ષે લક્ષ્યમાં જઈને એકલો જ્ઞાનમાત્ર અનુભવતા તેમાં અનંત ગુણોની સાથે પરિણતિ છે, એના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અહીંયા ઉતાર્યા છે. સમજાય છે કાંઈ? ટાઢી હવા અને ગરમી. કાંઈક ખાઈને આવે સરખાઈનું તો ઊંઘ બહુ આવે સરખાઈનું. આંખ્યું ભારે બહુ થાય. આહાહા..! શું જીવને પણ.. આહાહા..! જાગવાને કાળે ઊંઘ! સમજાણું કાંઈ? અરે..! એણે કાંઈ ઓછી બેદરકાર કરી છે જીવની. અનાદિથી એમ કરતો જ આવે છે. અહીં તો હવે ન કરેલાની મહત્તા કેવી હોય એનું વર્ણન છે. આહાહા..! સમજાણું કાંઈ? ખરેખર સમ્યગ્દષ્ટિનો આત્મા એની વ્યાખ્યા છે. જેવો આત્મા છે એવો લક્ષમાં આવ્યો, અનુભવમાં આવ્યો, એ આત્મા કેવો છે એનું વર્ણન છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**(આત્માના જેટલા ધર્મો છે તે બધાયને, લક્ષણભેદે ભેદ હોવા છતાં, પ્રદેશભેદ નથી;...**' ક્ષેત્રભેદ નથી કે જ્ઞાનની પર્યાય બીજે ક્ષેત્રે રહે અને આનંદની પર્યાય બીજે ક્ષેત્રે રહે એમ છે નહિ. અનંતી ગુણની અનંતી પર્યાયનું ક્ષેત્ર એક, લક્ષણભેદ-સ્વરૂપભેદ. સમજાય છે? એક પર્યાય બીજા પર્યાયરૂપે થાય નહિ. એક ગુણ બીજા ગુણરૂપે થાય નહિ. એક ક્ષેત્રે રહ્યા છતાં થાય નહિ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એના અનંત ગુણો, એનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ક્ષેત્ર એક. કહે છે કે એક ક્ષેત્રે રહ્યા છતાં આ ગુણ બીજા ગુણરૂપે ન થાય તો આ દ્રવ્ય-ક્ષેત્ર કર્મ અને રાગની ભેગો રહ્યો પરરૂપે થાતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? કારણ કે એનું ને રાગ વ્યવહારનું, નિમિત્તનું, શરીર, કર્મનું ક્ષેત્ર જ તદ્દન જુદું છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, **'આત્માના એક પરિણામમાં બધાય ધર્મોનું પરિણમન રહેલું છે.'** ભગવાન આત્મા અક્રમે-ક્રમે ધર્મનો એકરૂપ સમુદાય એ આખો લક્ષિત કરવાલાયક આત્મા. એના એક પર્યાયમાં-એક અવસ્થામાં-જ્યાં જ્ઞાનની અવસ્થા છે, ત્યાં દર્શનની છે, ત્યાં આનંદની અવસ્થામાં બધાય ધર્મો એટલે ગુણોનું પરિણમન રહેલું છે. અનંતા ગુણો એક સમયે પરિણમી રહ્યા છે. જુઓ! આ સર્વગુણાંશ તે સમકિત. સમજાણું કાંઈ? શ્રીમદ્દે ટૂકડો મૂક્યો છે. આ લોકો ભડકે અંદરથી કે આવી વ્યાખ્યા ક્યાંથી કાઢી? આહાહા..! સાંભળને!

વસ્તુ જ્યાં દ્રવ્ય છે એ જ્યાં લક્ષમાં આવ્યું એટલે ધ્યેય કર્યું એટલે જે પરિણમન થયું એ જેટલા દ્રવ્યના ગુણો છે એ સાથે જ પરિણમ્યા છે. એક સમયમાં સાથે પરિણમન એનું એક સમયમાં છે. ગુણરૂપે તો ગુણ સાથે છે, પણ એમાં પરિણમન નથી. એકરૂપ રહેવું છે. સમજાણું કાંઈ? અને પર્યાય એકસાથે અનંતા ગુણોનો પ્રગટ અંશ અનુભવમાં આવતા સર્વ ગુણો આવા છે એમ પ્રતીત થાય. વેદન વિના આ વસ્તુ છે એ ખબર શી પડે? કહે છે કે આ વસ્તુ આવી છે. એમ. સમજાણું કાંઈ?

**'જ્ઞાનમાત્ર ભાવમાં-જ્ઞાનમાત્ર ભાવસ્વરૂપ આત્મામાં-'** એમ. આખો આત્મા લીધો છે ને. પરિણતિ અને અક્રમવાળો. **'એક પરિણામમાં બધાય ધર્મોનું પરિણમન રહેલું છે. તેથી આત્માના એક જ્ઞાનમાત્ર ભાવની અંદર...'** આત્માનું આખું જ્યાં દ્રવ્યરૂપે પરિણમન થયું એટલે એની એક અવસ્થામાં બધાય ધર્મની અવસ્થા સાથે પરિણમી-થઈ રહી છે એને આત્મા કહીએ. એક અવસ્થા પ્રગટ હોય અને બીજી અવસ્થા પ્રગટ ન થાય તો એ દ્રવ્ય અને ગુણોનું પરિણમન જ એને નથી. તો એને આત્મા કહેતા નથી. એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? જ્ઞાનનું પરિણમન થયું અવસ્થામાં અને ભેગું આનંદનું પરિણમન ભેગું ન હોય, અનંતા ગુણનું પરિણમન સાથે ન હોય તો એવડો આત્મા છે એ આત્મા જ એને કહેવાતો નથી. સમજાણું કાંઈ?

**'આત્માના એક જ્ઞાનમાત્ર ભાવની અંદર અનંત શક્તિઓ રહેલી છે. માટે જ્ઞાનમાત્ર ભાવમાં-જ્ઞાનમાત્ર ભાવસ્વરૂપ આત્મામાં...'** આખો આત્મા લીધો ને બધો ભેગો? પરિણતિ અને અક્રમ બધો. **'અનંત શક્તિઓ ઊછળે છે.'** લ્યો, આ તો એનો ઉપોદઘાત કર્યો. શક્તિઓનું વર્ણન કરવું છે ને એનું મથાળું બાંધ્યું કે જુઓ! આ રીતે એકસાથે સમયમાં

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કહેશું ભિન્ન ભિન્ન કાળે. શક્તિ કહેવાની તો ભિન્ન કાળે છે ને? એકસાથે કેવી રીતે કહેવી અનંતી? પહેલી, બીજી, ત્રીજી.. એમ ૪૭ કહેશે. કહેશું ક્રમકાળે. ત્યાં નથી ક્રમ એમાં. ત્યાં એનું ક્ષેત્ર, ગુણ અને પર્યાયનો કાળ બધો એક જ છે. સમજાય છે કાંઈ?

'**જ્ઞાનમાત્ર ભાવસ્વરૂપ આત્મામાં-અનંત શક્તિઓ ઊછળે છે. તેમાંની કેટલીક શક્તિઓ નીચે પ્રમાણે છે :-**' સમજાય છે? '**एवास्य ज्ञानमात्रैकभावान्तःपातिन्योऽनन्ताः शक्तयः उत्प्लवन्ते**' એ તો પછી સમ્મુચય કહ્યું. કેટલીક શક્તિઓ તો ઉપર.. ૪૭ છે ખરીને? કેટલીક કહેશું. બાકી અનંત તો કહેવામાં આવતી નથી. છે તો અનંત. '**તેમાંની કેટલીક શક્તિઓ નીચે પ્રમાણે છે :-**' નીચે પ્રમાણે એટલે કહેવા માગીએ છીએ તેમાં. એમ. હવે જુઓ!

'**આત્મદ્રવ્યને...**' હવે એક શક્તિ લીધી પહેલી. જીવત્વશક્તિ. '**જીવો**' એમ શબ્દ આવ્યો છે ને પહેલો? બીજી ગાથામાં.

**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।**
**पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं।।२।।**

ઓહોહો..! '**આત્મદ્રવ્યને કારણભૂત...**' ભાષા જુઓ! આત્મદ્રવ્યની હયાતીના કારણભૂત, જીવની હયાતીના કારણભૂત '**એવા ચૈતન્યમાત્ર ભાવનું ધારણ...**' ચૈતન્યમાત્ર ભાવનું ધારણ. '**જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી જીવત્વશક્તિ.**' સમજાણું કાંઈ? અર્થ કર્યો ને. '**(આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્રભાવ...**' જીવનું જીવન. આ લોકો કહે છે ને? જીવો અને જીવવા દ્યો. ભગવાનનો (સંદેશ). એ એમ નથી ભાઈ! આ રીતે આત્મા જીવે છે અને જીવવા દ્યો. બીજાને જીવવાનું આ રીતે સમજાય. સમજાણું કાંઈ? જીવનું જીવન જ્ઞાન-દર્શન-આનંદ ને હોવાપણા સત્તાના પ્રાણ વડે તે જીવે છે. એનું જીવન, ધર્મીનું જીવન આ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ચૈતન્યમાત્રભાવરૂપી ભાવપ્રાણનું ધારણ કરવું જેનું લક્ષણ છે એવી જીવત્વ નામની શક્તિ...**' જુઓ! પહેલી એ મૂકી. બધા ગુણોનો આધાર જીવત્વપણું. મહા પ્રધાન શક્તિ, મુખ્ય શક્તિ. એકડાથી એની શરૂઆત કરી. સમજાણું કાંઈ? એવા '**(આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્રભાવરૂપી ભાવપ્રાણનું ધારણ કરવું...**' દેખો! ભાવપ્રાણ. જ્ઞાન, આનંદ, દર્શન, સત્તા એ ભાવપ્રાણ એવી જીવત્વશક્તિ. એ જ્ઞાનના પર્યાયકાળમાં આ જીવત્વશક્તિનું પરિણમન સાથે રહેલું છે. જીવત્વશક્તિ ત્રણમાં વ્યાપી છે. કેમકે જીવત્વશક્તિ જે કહી, જ્ઞાન, દર્શન અને આનંદને હોવાવાળા પ્રાણવાળું એવું જે દ્રવ્ય, એટલે જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર ગઈ એટલે એ ચૈતન્યના જે ભાવપ્રાણ જે છે એનું પરિણમન પર્યાયમાં (આવ્યું).

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દ્રવ્યમાં તો જીવત્વશક્તિ છે, ગુણમાં છે, આ પર્યાયમાં વ્યાપી એમ કહે છે. અક્રમે અને ક્રમે. જીવત્વશક્તિ અક્રમે સાથે છે અને એનું જ્ઞાન, દર્શન અને આનંદ ને હોવાપણાનું પરિણમન, એનું હોવાપણાનું પરિણમન એને અહીંયાં પર્યાયમાં એ શક્તિનું કાર્ય આવ્યું. સમજાણું કાંઈ?

જ્ઞાને જીવવું, દર્શને જીવવું, આનંદે જીવવું એ એના પ્રાણ છે. એ પ્રાણે પ્રાણી આત્મા જીવે છે એમ કહે છે. સમજાણું કાંઈ? આ દસ પ્રાણે જીવું જડના એ જીવવું એ જીવત્વ જ નથી. દસ પ્રાણ છે ને? પાંચ ઈન્દ્રિય, મન, વચન, કાયા, શ્વાસ અને આયુષ્ય. એ જીવનું જીવત્વ પ્રાણ જ નથી. એ જીવના પ્રાણ જ નથી. એ નથી એમ અહીં આવી ગયું. તેમ અશુદ્ધરૂપે દસ પ્રાણની યોગ્યતાથી જીવે એ પણ એના પ્રાણ નથી. દસ પ્રાણે જીવે એ તો જીવનું જીવન જ નથી. લ્યો અહીં તો કહે કે આયુષ્યે જીવો, જીવો અને જીવવા દ્યો. એમ કહે. અરે..! ભગવાન! એક ફેરી લખ્યું તો એની ટીકા કરી. સોનગઢવાળા કહે છે કે જીવો અને જીવવા દ્યો એ મહાવીરનું વચન નથી. આ ટીકા કરે. અરે..! ભગવાન! ટીકા શું કરે છે ભાઈ? એ ભગવાનનું વાક્ય છે કે જીવ તો શક્તિવાળો જીવ પોતાના જ્ઞાન પ્રસિદ્ધિથી પ્રસિદ્ધ થયો ત્યારે તેની જીવનશક્તિથી, તેની પર્યાયમાં જ્ઞાન, દર્શન અને આનંદનું જે જીવનપ્રાણ પ્રગટ્યા એનાથી જીવે છે એનું નામ જીવન કહેવામાં આવે છે. આહાહા..! એ વ્યવહાર કરીને, રાગ કરીને, પુણ્ય કરીને જીવે એ એનું જીવન નહિ એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ખેતશીભાઈ! આવું ક્યાંય સાંભળ્યું નહિ હોય ત્યાં. આહાહા..!

ભાઈ! આ તો પરમેશ્વરની કથા છે. આ તો ભગવાનની કથા છે. ભગવાનની પરિણતિ પરિણમે છે ત્યાં. આહાહા..! પર્યાયના દ્રવ્ય સાથે લગન થયા. સમજાય છે કાંઈ? કહે છે, એ જીવત્વશક્તિ... ભલે એનું જ્ઞાનલક્ષણ છે એ પછી કહેશે. પણ આ મૂળ વસ્તુ છે આ. કારણ કે જીવવું, ટકવું એની અપેક્ષાથી વાત લીધી છે પહેલી. ભગવાન આત્મા પોતાના જ્ઞાન, દર્શન, આનંદના પ્રાણથી તે જીવે છે. પર્યાયમાં એનું પ્રગટ થવું થયું-પર્યાયમાં એટલે દ્રવ્યમાં વ્યાપ્યું, ગુણમાં વ્યાપ્યું અને પર્યાયમાં વ્યાપ્યું. ત્યારે તે પોતાના પ્રાણથી જીવે છે તેને જીવત્વશક્તિ અને તેને જીવ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

દસ પ્રાણથી એટલે આયુષ્યે જીવે તો જીવ એ તો વાત જ નથી. કારણ કે આયુષ્ય તો પર છે. પણ પોતાની યોગ્યતાથી શરીરમાં રહે છે. પોતાની યોગ્યતાથી જીવન, એ એનું જીવન નહિ. આયુષ્ય તો જડ છે, પર છે. એને લઈને રહ્યો આત્મામાં કહેવું એ તો કહે છે વસ્તુ ખોટી છે. પણ આત્માની લાયકાત પ્રમાણે શરીરમાં રહે છે અહીં, એવી લાયકાત જે યોગ્યતા છે એ પણ એનું જીવન નહિ, એ એની પર્યાય નહિ. આહાહા..! એ એની અવસ્થા નહિ. શરીરમાં શરીર પ્રમાણે અને શરીર રહે તેટલો કાળ પોતાને કારણે રહે એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અવસ્થા જીવની નહિ. આહાહા..!

જીવનું જીવન જ એને કહીએ કે ભગવાન આત્મા જ્ઞાન ને આનંદનો કંદ પ્રભુ છે, શ્રદ્ધાનો સરોવર-સાગર છે શક્તિનો, એનું હોવાપણું જે છે એ આમ બહાર આવ્યું જ્યાં દ્રવ્યનું લક્ષ કર્યું, દ્રવ્યનું-વસ્તુનું લક્ષ કર્યું લક્ષણે ત્યાં એ પર્યાય દ્રવ્યરૂપે દ્રવ્ય પરિણમ્યું એટલે પરિણમનમાં એનું જીવન જીવત્વશક્તિનું પરિણમન જ્ઞાન, દર્શન અને આનંદમાં આવ્યું એનું. આત્માનું જીવન અને જ્ઞાનીનું જીવન, જ્ઞાન ને દર્શન અને આનંદની પર્યાયથી એનું જીવન છે. આહાહા..! ચીમનભાઈ! મુંબઈમાં આવી વાત ન આવે હોં! બહુ થોડી આવી જાય પણ પાછા બીજા, દાખલા, દલીલ કરે (ત્યારે) માંડ માંડ પકડાય. આહાહા..! લોકોને તત્ત્વની ખબર નથી. અરે.. ભગવાન! તારા નિજઘરમાં શું છે અને પરથી છૂટી ચીજ શું છે અને તારાથી છૂટ્યું શું છે? જુદું. આહાહા..!

અહીં તો ભગવાન કુંદકુંદાચાર્યે કહેલા તત્ત્વોમાંથી અમૃતચંદ્રાચાર્યે શક્તિઓને શોધી, ખોળીને કાઢી. જો ભાઈ! તારી મૂળ શક્તિ તો એ છે જીવનું જીવનશક્તિ નામનો ગુણ છે, એ ગુણનો આશ્રય દ્રવ્ય છે, એ દ્રવ્યનું જેને લક્ષ થયું, એને તો જીવતર શક્તિનું પરિણમન પર્યાયમાં આવ્યું. ઓલી યોગ્યતા અને પ્રાણથી જીવવું એ એનામાં રહ્યું જ નથી હવે. ચાહે તો સમકિતી નરકમાં રહ્યો હોય, સમજાય છે? નરકમાં એ છે જ નહિ એમ કહે છે અહીં તો. આહાહા..! અહીં ૩૩ સાગર ને ૮૪ હજાર વર્ષની સ્થિતિએ શ્રેણિક રાજા છે? ના. એ આયુષ્યની સ્થિતિએ ત્યાં છે? ના. તેમ પોતાની યોગ્યતા એટલી રહેવાની છે પર્યાયમાં માટે છે એ પર્યાય? ના, એ પર્યાય જ નહિ. જગુભાઈ! આહાહા..! ભગવાનના તો દરબાર ખુલ્યા છે. આહાહા..! સમજાય છે?

એ પોતાની જીવતરશક્તિ છે એનું ગુણમાં રહેવું હતું ત્યાં સુધી તો એ ખરું જીવન નહોતું. પણ એનું પરિણમન થયું. કેમકે દ્રવ્યને લક્ષે જ્યાં ધ્યેય આવ્યું એટલે જીવત્વશક્તિ પરિણમી. એ જીવત્વશક્તિ પારિણામિકભાવે છે. એટલે એ પરિણમનની જ્યાં પર્યાય થઈ, જ્ઞાન, દર્શન, આનંદની એ એનું પરિણમન અને એ એનું જીવન છે. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**જેઠ વદ ૩, ગુરુવાર તા. ૧૩-૬-૧૯૬૮**
**શક્તિ-૧ થી ૩, પ્રવચન-૫૩૬**

સમયસાર. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. પહેલી શક્તિ ચાલી. શું કહે છે આ? કે આ આત્મા જેને કહીએ એ આત્મા જાણ્યો ત્યારે કહેવાય? આત્મામાં જે અનંત શક્તિઓ છે અને એમાં અનેકાંત એનું સ્વરૂપ છે. એ રીતે જાણે ત્યારે એને શક્તિમાંથી પ્રગટ દશા શું થાય (એની વાત છે). શક્તિનું વર્ણન છે ને. જેણે આત્મસન્મુખ થઈને આત્મા જાણ્યો છે અને ધર્મી થયો છે, એણે આત્મા અક્રમ એવા ગુણો અને ક્રમ એવી પર્યાયના આખા સમુદાયને આત્મા તરીકે જોયો છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યરત્નાકર છે. એ ચેતન છે એમાં ચૈતન્યરૂપ અનંત ગુણો છે ચૈતન્યના. એવા ગુણવાળો આત્મા (છે). સ્વસન્મુખના અનુભવથી જેણે આત્માને પ્રાપ્ત કર્યો છે એને આત્મામાં રહેલા અનંત ગુણો અને એની થતી ક્રમે ક્રમે પર્યાય, એ બધાને આત્મા જાણે છે. એને આત્મા જ્ઞાની જાણે છે. કહો, સમજાય છે કાંઈ? પંડિતજી! આ તો તદ્દન ટોચ મૂક્યું છે-આ અનેકાંત.

ભગવાન આત્મા વસ્તુ (છે). હવે એ વસ્તુ જાણી ક્યારે કહેવાય? એને માની ક્યારે કહેવાય? કે એ આત્મામાં અનંત ગુણો છે અને તત્ સ્વરૂપે છે, જ્ઞેયરૂપે નથી એવું જે એનું અનેકાંત સ્વરૂપ છે એને સ્વસન્મુખ થઈને આત્માનો અનુભવ અને પ્રાપ્તિ ધર્મની કરી છે એને આત્મા કેવો ખ્યાલમાં આવે છે? કે અનંત અક્રમ રહેલા ગુણો અને તેની ક્રમે થતી પર્યાયો, એ આખો સમુદાય તેને આત્મા સમ્યગ્દૃષ્ટિને અનુભવમાં આવે છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. આ શક્તિનું વર્ણન અલૌકિક લીધું છે. સમજાણું?

એક ફેરી કહ્યું હતું ને? ત્યાં ગયા હતા તે ઓલા. શક્તિ વિના ઈશ્વરને પણ ન ચાલે કહે. મોરબી ગયા હતા. પાનાચંદભાઈનું હતું ને ત્યાં. હવે તો વેચી નાખ્યું હશે. દલીચંદભાઈના ભાઈ. સનાળા. સનાળા નહોતા ગયા? સાંજે આપણે શક્તિનું મંદિર હતું (ત્યાં) આહાર કરીને ફરવા ગયા. કાઠીનું એક શક્તિનું મંદિર છે. આ શક્તિ વિના તો ઈશ્વરને ન ચાલે. કીધું, વાત તો એમ જ છે. આત્માને શક્તિ વિના ચાલે નહિ. આત્મા ઈશ્વર છે અને એને આવી શક્તિઓ વિના, આ શક્તિ વિના ચાલે નહિ, શક્તિ વિનાનો આત્મા હોઈ શકે નહિ. આ નહિ.

ભગવાન આત્મા ઈશ્વર છે, પરમેશ્વર છે. એને અનંત ગુણરૂપ જે શક્તિ છે એના વિના

એ રહી શકે જ નહિ. સમજાય છે કાંઈ? અને એ શક્તિનું, એ શક્તિ અને શક્તિવાન એનું જ્યાં સ્વસન્મુખ થઈને ભાન કર્યું ત્યારે તેનું પરિણમન જેટલા ગુણો છે તેનું સમ્યક્ પરિણમન એક સમયમાં ક્રમવર્તી પર્યાય થઈ ગઈ. આહાહા..! અનંતા ગુણોનો એક અંશ જેની પર્યાયમાં આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા વગેરે શક્તિઓની પ્રગટતા, અંશ બધો થયો ત્યારે એ આખો આત્મા આવો છે-આવા પર્યાય સહિતવાળો-એને સમ્યગ્દૃષ્ટિ આત્મા ખરેખર આખો આત્મા જાણે છે. છગનભાઈ! આ ભારે.

હવે અહીં કહ્યું, પહેલી શક્તિ. '**આત્મદ્રવ્યને...**' જુઓ! અહીં આવ્યું છે, ભાઈ! '**કારણભૂત...**' જુઓ! એ શક્તિ વિના આત્મદ્રવ્ય હોય નહિ. એનું કારણ એ આત્મામાં શક્તિઓ છે. ચાલે જ નહિ એને. જુઓ! એ શક્તિવાન શક્તિ વિના હોય જ નહિ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એનું '**કારણભૂત એવા ચૈતન્યમાત્ર ભાવનું...**' જુઓ! છે તો જીવત્વશક્તિ લેવી છે. પણ જીવત્વશક્તિ ચૈતન્યભાવ વિના હોય નહિ અને જીવત્વશક્તિ ન હોય તો બધા ગુણો અજીવ થઈ જાય. એથી બીજો બોલ લેશે પછી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મામાં જીવન-જીવનશક્તિ. જ્ઞાન, દર્શન, આનંદ, સત્તા, જ્ઞાન જાણવું-દેખવું, આનંદ એવા સ્વભાવ ગુણવાળો એ જીવત્વશક્તિ છે. જો એ જીવત્વશક્તિ ન હોય તો એનામાં આવા જ્ઞાનાદિ ગુણો ન હોય કે જેથી તે બધા ગુણો અજીવ થઈ જાય. જીવ વિનાની શક્તિઓ અજીવ થઈ જાય. સમજાણું કાંઈ? ચીમનભાઈ! આ બધું ઝીણું છે ભઈ.

મુમુક્ષુ :- ઘણા ઊંડા પાણીમાં લઈ જાઓ છો.

ઉત્તર :- આ ઊંડા પાણીમાં ઊંડો છે ભગવાન આઘો. ક્યાંય એક પર્યાયમાં પણ આવ્યો નથી આખો, કહે છે. રાગમાં, પુણ્યમાં, શરીરમાં તો ક્યાંય નથી પણ એક સમયની ક્રમવર્તી (પર્યાયમાં) પણ આખો આવ્યો નથી. એક સમયની પર્યાય છે, અંશ છે એ તો. એટલે ક્રમવર્તી અનંત પર્યાયો અને અનંત અક્રમવર્તી ગુણો એનો સમુદાય આખો ભગવાન એને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એટલે કહે છે કે એ '**આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્ર ભાવ...**' ચૈતન્યમાત્ર ભાવ. એમાં કોઈ જડપણું છે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? આ '**ચૈતન્યમાત્ર ભાવનું ધારણ જેનું લક્ષણ...**' છે. જાણવું, દેખવું, આનંદ એવા ચૈતન્યપ્રાણ એવું જીવત્વશક્તિનું લક્ષણ એટલે સ્વરૂપ છે. આવી વાત આ સમયસાર સિવાય બીજે નથી. અને બીજામાં તો ક્યાંય છે જ નહિ. સમજાય છે કાંઈ? શ્વેતાંબરમાં એ નથી, તો પછી બીજા અન્યમતમાં તો આ હોઈ શકે નહિ. કારણ કે આ તો ઈશ્વર-પરમેશ્વર પોતે આત્મા છે. એક એક ઈશ્વર, એની ઈશ્વરની બધી શક્તિઓ આવડી છે, એવું તો જેણે સર્વજ્ઞપણે જોયું, જાણ્યું હોય,

એણે કહ્યું હોય અને એને અનુસરીને જે આત્મા સર્વજ્ઞસ્વભાવી છે એવું જેણે અંતર અનુભવ્યું હોય એને આ શક્તિઓનું ભાન થાય. સમજાણું કાંઈ? શરતો બહુ મૂકી.

ભગવાન આત્મા..! કહે છે કે જેમાં જીવત્વ નામનો ગુણ છે-શક્તિ કહો-ગુણ કહો-એ જીવત્વશક્તિ **'આત્મદ્રવ્યને કારણભૂત...'** આત્મદ્રવ્યનું જીવવાપણું, આત્મદ્રવ્યનું જીવન એ જીવત્વશક્તિ છે. જો જીવત્વશક્તિ ન હોય તો ચેતનાના પ્રાણ વિનાના બધા ગુણો અજીવ અને જડ થઈ જાય. એ બધા.. કહ્યું હતું ને. એ તો કાલે કહ્યું હતું. કહ્યું હતું કાલે? શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. પાંચ ઈન્દ્રિય, મન, વચન, કાયા, શ્વાસ અને આયુષ્ય. એ દસ પ્રાણે જીવે એ જીવન જ નહિ. એ પ્રાણ જ નથી પણ. એ એના પ્રાણ જ નથી, એ તો જડના છે. પારિણામિકભાવે પરિણમેલા પરમાણુઓ છે.

અહીંયાં એ તો નહિ, પણ એ દસ પ્રાણથી પર્યાયમાં જે જીવી રહ્યો છે એ એનું જીવન, જીવનું જીવન નથી. જીવતરની શક્તિનું એ સ્વરૂપ જ નથી. દસ જડના પ્રાણથી નહિ, પણ તેની પોતાની યોગ્યતાથી, પાંચ ઈન્દ્રિયની એક સમયની યોગ્યતા, વીર્યની એટલી યોગ્યતા, શ્વાસની રહેવાની એટલી યોગ્યતા એટલા શ્વાસપણે રહેવું યોગ્યતા છે ને ..પણું ..પણું અને આયુષ્યને પ્રમાણે ત્યાં રહેવાની યોગ્યતા. સમજાણું કાંઈ? એ દસ પ્રાણપણે એક સમયમાં યોગ્યતા પ્રમાણે રહ્યો છે એ જીવ નહિ. કારણ કે એ તો ઉદયભાવ છે, જીવ નહિ. સમજાણું કાંઈ?

જીવ તો પારિણામિકભાવે રહેલો ભગવાન અને એના ગુણો જે છે પારિણામિકભાવે રહેલા સહજ સ્વભાવ... સહજ સ્વભાવ... સહજ સ્વભાવ. ઝીણી વાત છે, ભાઈ! આ પત્તો મળ્યો એને પરમાત્મા મળ્યા. આ પત્તો મળ્યો એને મોક્ષ હથેળીમાં આવ્યો. સમજાય છે કાંઈ? ભાઈ! આ કાંઈ કોઈ બહારની ચીજ નથી.

ભગવાન આત્મા આત્મદ્રવ્ય વસ્તુ છે એને કારણભૂત જીવત્વ નામનો જે ગુણ છે-શક્તિ છે અનાદિઅનંત, જેવો આત્મા અનાદિઅનંત એવી શક્તિ પણ અનાદિ અનંત. અને એ શક્તિવાન જે છે આત્મા, એની અંતર સન્મુખ થતાં એ શક્તિનું કાર્ય પર્યાયમાં આવ્યું. એ શક્તિ દ્રવ્યમાં તો છે, ગુણમાં તો છે પણ ગુણ અને ગુણીની એકતા થતાં, આમ ગુણ અને ગુણીની એકતા નહિ પણ અનાદિથી રાગ અને પરમાં એકતા હતી, એ આમ એકતા (થઈ કે) ગુણ અને ગુણી આ વસ્તુ છે એમ અંતર દૃષ્ટિ કરતાં તેની વર્તમાન દશામાં જીવત્વશક્તિનું કાર્યરૂપ જ્ઞાન, દર્શન, આનંદ આદિનું પર્યાયનું થવું તે તેની ક્રમવર્તી તે તેનું કાર્ય છે. ઝીણી વાત છે આ એક એક શક્તિની. સમજાણું કાંઈ?

એમાં ધ્રુવ અને ક્ષણિક ઉપાદાન બે છે. લ્યો વળી આવ્યું. ભગવાન આત્મા વસ્તુ તરીકે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એનું કારણ જીવત્વશક્તિ એ જ્ઞાન, દર્શન, આનંદ એવો જે જીવત્વભાવ, જીવત્વભાવ, જીવપણું, જીવનું જીવપણું. '**જીવો**' કીધું છે ભાઈ મૂળ તો. '**જીવો**' શબ્દ છે ને બીજી ગાથામાં? બસ! ત્યાંથી આ પહેલું ઉપાડ્યું. વસ્તુની સ્થિતિ અહીંથી ઉપાડી છે. ભગવાન આત્મા પોતાના સ્વરૂપમાં વસ્તુ પોતે છે એના સ્વરૂપમાં જીવત્વ નામનો ગુણ છે-શક્તિ છે. એ ગુણ પોતે છે એ ધ્રુવ ઉપાદાન છે. અને તેનું વર્તમાનમાં ક્ષણિક એટલે અવસ્થાનું ઉપાદાન સ્વતંત્ર છે. સમજાય છે કાંઈ?

એ પર્યાયમાં વસ્તુની સન્મુખ થતાં જીવત્વશક્તિનું કાર્ય જે આવ્યું, દ્રવ્ય-ગુણમાં તો હતી, પણ હતી પણ પ્રતીતમાં અને સ્વલક્ષમાં નહોતી આવી ત્યારે એનું પરિણમન હતું જ નહિ. સમજાણું કાંઈ? આમ વસ્તુ તરીકે લ્યો તો પ્રાણ ગુણ તરીકે જીવ્યો, જીવે ને જીવશે. પણ એ ગુણ તરીકે જીવ્યો છે પણ એના ભાનમાં ન આવે ત્યાં સુધી આ જીવ્યો ગુણ તરીકે એ ન આવે પ્રતીતમાં. સમજાય છે કાંઈ? એટલે ભગવાન આત્મા આ દ્રવ્યપ્રાણ તો નહિ જ એના. આ ઈન્દ્રિયો આ તો માટી જડની છે. એ તો એના જીવનનું જીવનમાં નિમિત્ત પણ નહિ અને તેની યોગ્યતા જે છે રહેવાની એક સમયની એ પણ ખરું જીવનું જીવન નહિ. એ જીવ જ નહિ.

જીવ તો એને કહીએ કે ભગવાન આત્મા જ્ઞાન-દર્શન-આનંદના પ્રાણથી જીવન જેનું જીવે છે. એનાથી જીવ્યો છે, એનાથી જીવે છે અને એનાથી જીવશે. પંડિતજી! એમાં ધ્રુવ એ જીવત્વશક્તિનું ધ્રુવ ઉપાદાન પોતે જ ક્ષણિકપણે પરિણમે છે ક્ષણિક ઉપાદાનમાં. એને કોઈ નિમિત્ત કારણ કે બીજું કારણ છે નહિ. એમ કહે છે. સમજાય છે કાંઈ?

તેમ ભગવાન આત્મા એક જીવનશક્તિ જે પ્રાણધારણ કીધી, એ શક્તિને એ એક એક શક્તિમાં પાછી અનંત શક્તિ છે. એક શક્તિમાં અનંત શક્તિ. એટલે? બધા ગુણોની શક્તિનો આધાર એવી પોતે જીવત્વશક્તિ છો. એથી પણ એ જીવનશક્તિમાં અનંતતા બીજાના આધારરૂપે થવું એવી અનંતતા એ જીવનશક્તિમાં આવે છે. શેઠી! જયપુરમાં નહિ મળે આ. ઘરે વાંચે તો નહિ સમજાય આ. ઘરે વાંચો તો નહિ સમજાય એમ મેં કીધું. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, ભાઈ! તને તારી ખબર નથી. તું કેવડો ને ક્યાં ને કેમ છો? એ તને ખબર નથી. અને જો તને ખબર પડે તો એનું આવું સ્વરૂપ હોય. આહા..હા..! સમજાણું કાંઈ? એ જીવનશક્તિ એક એક શક્તિમાં ષટ્કારકો પોતાના સ્વતંત્ર થઈ રહ્યા છે એમ કહે છે. એ એનું જ્ઞાન-દર્શન-આનંદરૂપી જીવનનો જીવપ્રાણ, ચૈતન્યપ્રાણ છે તો જીવતરશક્તિનું લક્ષણ. સમજાય છે? પણ એ લક્ષણ આનું છે એથી એને જીવતરશક્તિ પહેલી કીધી. અને એ જીવતર જીવવાની આવી શક્તિ વિનાના બધા ગુણો અજીવ થઈ જાય માટે પહેલી જીવશક્તિ લીધી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. પંડિતજી! એક એક શક્તિ અનંત શક્તિને આધારરૂપે એટલે મદદરૂપ નિમિત્ત રહે છે. એક શક્તિમાં અનંત શક્તિનું સ્વરૂપ છે અને એક શક્તિ અનંત શક્તિને નિમિત્ત છે. અને એક શક્તિ અનંત શક્તિમાં વ્યાપી રહેલી છે. સમજાણું કાંઈ? અધ્યાત્મની વાત છે ભાઈ! આ તો અંતર પરમાત્માના પેટ કળ્યા એની વાત છે. સમજાય છે કાંઈ?

કહે છે કે એ અનંત શક્તિ, એક શક્તિમાં અનંત શક્તિનું રૂપ છે અને એક શક્તિમાં અનંત શક્તિઓને નિમિત્ત થવાની તાકાત છે. એવી એવી એક શક્તિમાં અનંતી તાકાત છે. અનંતી પર્યાય થાય એ વાત જુદી છે. સમજાણું કાંઈ? એવો ભગવાન અનંત શક્તિનો દરિયો આત્મા છે. એણે જેણે અંતરમાં દૃષ્ટિ કરીને પ્રાપ્ત કર્યો એને સમ્યગ્દૃષ્ટિ અને એને ધર્મી કહીએ. સમજાણું કાંઈ? બાકી આ બધું વ્યવહાર કરે ને વ્રત કરે ને દયા કરે ને ફલાણું કરે, ઢીંકણું એ આત્મા જ નથી અહીં તો કહે છે. એ શરીરની ક્રિયા આત્મા નથી અને દયા, દાન, વ્રત ને ભક્તિ ને પૂજાનો વિકલ્પ ઉઠે એ આત્મા પોતે આ જીવ જ નથી. એ જીવની શક્તિ નથી, એ જીવ નથી અને ખરેખર જીવનો એ પર્યાય પણ નથી. આહાહા..! ચીમનભાઈ! આકરી વાત છે. એમ કહે કે આનું લક્ષણ આવ્યું તો વિકાર ક્યાં ગયા? વિકાર જીવમાં છે જ નહિ. વિકાર તત્ત્વ જ આસ્રવતત્ત્વ છે. સમજાય છે કાંઈ? એ જીવતત્ત્વ જ નહિ.

એટલે જેણે ભગવાન આત્માને અંતર દૃષ્ટિ સ્વસન્મુખ થઈને આત્મા આ છે એમ જેણે ધર્મદૃષ્ટિ કરીને પ્રાપ્ત કર્યો છે. સમ્યગ્દર્શનમાં આ આત્મા છે એમ જ્ઞાનમાં અનુભવ કરીને પ્રતીત કરી છે એને જીવતરશક્તિનું અંદર ભાન છે કે મારી જીવત્વશક્તિ મારે કારણે ગુણ અને મારી પર્યાયમાં મારે કારણે આ પરિણમી રહી છે. કોઈ નિમિત્ત અને પરના અવલંબનની એમાં જરૂર નથી. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિમિત્ત નિમિત્તને ઘરે રહ્યું. અહીં શું છે? નિમિત્ત ક્યાં અંદર ગર્યું છે?

ભગવાન આત્મા પરિણામિક ધ્રુવ ચૈતન્યપ્રભુ એમાં અનંતી શક્તિઓ ધ્રુવરૂપે પડી છે એનું જ્યાં ધ્રુવનું ધ્યેય કરીને ધ્રુવનો સ્વીકાર કર્યો, પર્યાયમાં એટલું શુદ્ધ પરિણમન અનંત ગુણનું નિર્મળ આવી ગયું. સમજાણું કાંઈ? એ પર્યાયમાં સ્વરૂપાચરણ પણ આવી ગયું. આ લોકો કેટલાક કહે છે કે ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણ ન હોય, સ્વરૂપ આચાર ન હોય. સ્વઆચાર ન હોય. અરે.. ભાઈ! સ્વઆચાર ન હોય તો એણે અનંત ગુણનું આચારનું વર્તન કર્યું શી રીતે? ક્રમવર્તી અને અક્રમવર્તી એવા અનંત ગુણો એનો ધરનાર ભગવાન એને પામ્યો ત્યારે પર્યાયમાં અનંતા ગુણોનો જે અનુભવ છે એ બધા સ્મરણ ને આચાર ને વર્તન બધું આવી ગયું. સમજાણું કાંઈ? વાહ..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અહીં તો કહે છે કે ઓલો વ્યવહાર છે ને? દયા, દાન, ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રત એ આત્મા નહિ અને એ આત્માના જીવતરની જીવનશક્તિને પરિણમવામાં કારણ નહિ. ભાઈ! આહાહા..! ભગવાન પોતે જીવન શક્તિવાળો જીવરૂપ, પરમેશ્વર પોતે જ અનંત ગુણનો ધણી છે. એ પોતે જ પોતાને કારણે શક્તિથી, ષટ્કારકથી કર્તા પોતે, કાર્ય પોતાનું, સાધન પણ પોતે, એ જીવતરશક્તિના જ્ઞાન-દર્શન અને આનંદના પરિણમનમાં સાધન પોતે સાધન. બીજું કોઈ સાધન-ફાધન નથી. સમજાણું કાંઈ? આ સાધન અને આ સાધ્ય, વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય એ બધી કથનશૈલી છે. નિમિત્તનું જ્ઞાન કરાવવા (કહ્યું છે). ખરેખર એ સાધન છે નહિ. પંડિતજી! આવી વાત (સાંભળીને કહે છે), આ તો એકાંત થઈ જાય છે. ભાઈ! એકાંતનો અર્થ જ સમ્યક્ એકાંત તરફ ઢળેલી દશા આવું જ હોય સમકિત. સમજાણું કાંઈ? શું થાય? ભગવાન! તને તારી ખબર નથી ભાઈ! આહાહા..!

કહે છે, '**(આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્રભાવરૂપી ભાવપ્રાણનું ધારણ કરવું જેનું લક્ષણ છે એવી જીવત્વ નામની શક્તિ જ્ઞાનમાત્ર ભાવમાં-**' ભગવાન આમ જ્ઞાનમાત્ર કહ્યો. ચૈતન્યમાત્ર જ્ઞાનમાત્ર. એ જ્ઞાનમાત્રની પરિણતિ જ્યાં થઈ એમાં જીવતરશક્તિની પર્યાયનું પરિણમન એમાં ભેગું આવી જાય છે. એમાં જ્ઞાન-દર્શન અને આનંદની પર્યાયનું જીવત્વશક્તિનું જે કારણ જે આ ભાવપ્રાણ એનું પરિણમન જીવતરશક્તિનો ધરનાર ભગવાન એની દૃષ્ટિ થતાં આ અનુભવમાં પર્યાય આનંદની આવી જાય છે. ખેતશીભાઈ! બહુ ઝીણું ભાઈ! સાંભળવું પડશે. કોઈ દી સાંભળ્યું નથી વીતરાગમાર્ગ શું છે. એટલે તું કોણ છો? વીતરાગ કોઈ વીતરાગ જુદા નથી. સમજાણું કાંઈ?

તારો પરમેશ્વર વીતરાગ છે. તું પોતે પરમેશ્વર વીતરાગસ્વરૂપ છે. આ શક્તિઓ બધી વીતરાગસ્વરૂપ છે. એનો ધરનાર વીતરાગ છે અને એનું લક્ષ જતાં પરિણતિ પણ વીતરાગરૂપે થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ધીમે ધીમે સમજવું. આ તો અલૌકિક વાત છે. આ કાંઈ ઝટ દઈને સાંભળવા મળે એવી નથી. ચીમનભાઈ! ઘરે વાંચે તો સમજાય એવી નથી. અહીં વાંચે તો ઝોલા આવે તો પકડાય એવી નથી. એટલે અધ્ધર ને અધ્ધર રહેવાનું બધું. એવી વાત છે ભાઈ આ. ઘરે વાંચે તો કાંઈ સમજાય એવું નથી હોં! અને અહીં સમજવામાં લક્ષ ન રાખે તો પકડાય એવું નથી. જાધવજીભાઈ!

કહે છે કે એ જીવત્વશક્તિ એક થઈ, લ્યો. સમજાણું? આ પહેલા નંબરનું આવું જેણે જાણ્યું એનું જીવન પ્રધાન ધન્ય થઈ ગયું. એનું જીવન જીવવું ધન્ય થઈ ગયું એમ કહે છે. સમજાણું કાંઈ? બાકી બધા જીવે છે એ ગલુડિયા અને અળસિયા જેમ જીવે એમ એ જીવે છે. ચાહે તો બહારનો ત્યાગી, હજારો રાણીનો ત્યાગી થઈને બેઠો હોય પણ અંતરમાં જે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


રાગનો વિકલ્પ છે તે ઉપર જેની દૃષ્ટિ છે એના જીવન તે જીવન નથી. એ જીવનમાં મરી ગયેલા વર્તમાનમાં છે એમ કહે છે. સમજાણું કાંઈ? આ જીવન. પછી ચાહે તો ચક્રવર્તીપદમાં દેખાય કે પ્રતિકૂળ નરકમાં રવ રવ નરકે દેખાય સમકિતી, પણ એનું જીવન આ રીતે જીવનનું પરિણમન છે. એને જીવ કહેવામાં આવે છે અને એ જીવે જીવ્યો, એ જીવ જીવનથી જીવ્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ભાવપ્રાણનું ધારણ કરવું જેનું લક્ષણ છે એવી જીવત્વ નામની શક્તિ જ્ઞાનમાત્ર ભાવમાં-આત્મામાં ઊછળે છે.**)' જુઓ! ઊછળે છે એટલે આમ જ્ઞાનમાત્ર આત્મા કહ્યો હતો જાણવું-જાણવું પણ એ જ્ઞાનમાત્રની સાથે આ શક્તિ સાથે જ પરિણમે છે. જ્ઞાનસ્વરૂપે ભગવાન આત્મા છે એ જ્ઞાન ચૈતન્યમાત્ર જ છે. એમ જે કહ્યું હતું, એમ પકડતાં આત્માને જે જ્ઞાનમાત્રનું પરિણમન જ્યાં વર્તમાનમાં ક્રમે ક્રમે થયું એની સાથે જીવત્વશક્તિનું પણ જ્ઞાનની પર્યાયમાં જીવત્વશક્તિનું પરિણમન સાથે જ છે. સમજાય છે કાંઈ? ધરમચંદજી! ભારે ઝીણું પણ! આહાહા..!

ભગવાન તો ક્યાંય અંદર છે. આ શરીર એ નહિ. ઓલામાં લીધું છે ને અનુભવપ્રકાશમાં? શરીરગુફામાં નહિ, કર્મની ગુફામાં નહિ, પુણ્ય-પાપના ભાવની ગુફામાં નહિ. એ અંદર પાછળ જુદો છે. ત્રણ પડદા ગુફાની આઘો અંદર છે. સમજાય છે? એને જીવ કહે છે અહીં એમ કહે છે. શરીરની ક્રિયા અવસ્થા જે આ થાય એ કાંઈ જીવ નહિ, એમાં જીવ નહિ. કર્મની અવસ્થા થાય એમાં જીવ નહિ, એ જીવ નહિ. એમાં જીવ નહિ, એ જીવ નહિ. અને કાંઈક દયા, દાન, પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે એ જીવ નહિ, એમાં જીવ નહિ. એ જીવ નહિ, એમાં જીવ નહિ. સમજાય છે કાંઈ?

જીવ એને કહીએ કે ભગવાન આત્મા પોતામાં જે અનંત ગુણો છે એ ગુણનો ધરનાર જે આ, એમ જ્યારે દ્રવ્ય એટલે વસ્તુ ઉપર દૃષ્ટિ થઈ ત્યારે તેમાં જ્ઞાનમાત્રનું પરિણમન થયું, જ્ઞાનમાત્ર ભાવસ્વરૂપ આત્મા કહ્યો, પણ એ જ્ઞાનમાત્ર ભાવસ્વરૂપ એવો આત્મા એની સાથે આવા અનંતા ગુણો સાથે છે કે જેથી જ્ઞાનમાત્ર ભાવનો અંતર અનુભવ થતાં તેની પર્યાયમાં આ જીવત્વશક્તિનું પરિણમન કાર્યરૂપે, ક્રમે પર્યાય પરિણમે છે. એ પર્યાયના પરિણમનમાં કોઈ નિમિત્તનો સહારો નથી ને વ્યવહારનો સહારો નથી અને વ્યવહાર હોય તો આ જીવ છે આ પ્રમાણે એમ નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ તો જીવત્વશક્તિ (છે). જો આ ન હોય તો બધું અજીવ થઈ જાય. રાગાદિ ન હોય તો જીવ અજીવ થઈ જાય એમ નથી. વ્યવહાર ન હોય તો જીવ અજીવ થઈ જાય એમ નથી. વ્યવહાર ન હોય તો જ જીવનું જીવન જીવતરપણે રહે છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એય.. જગુભાઈ! ભારે!

ઘણી જ ગંભીરતાથી શક્તિનું વર્ણન છે હોં! ઓહોહો..! ભગવાન આત્મા તારા નિધાનમાં નજર કરતાં ભગવાન આત્માના નિધાનમાં તો એ અનંત શક્તિઓના ચરૂ પડ્યા છે મોટા. એ શક્તિવાનની નજર કરતાં, શક્તિનું વર્ણન એમ કર્યું કે એ શક્તિ દ્રવ્યની છે. એટલે દ્રવ્યની દૃષ્ટિ કરતાં આ શક્તિ ભેગી આવી જાય છે અને એની દૃષ્ટિ કરતાં એ શક્તિનું પરિણમન પણ પરિણમી જાય છે. શુદ્ધ પરિણમે છે તે શક્તિનું કાર્ય છે. સમજાણું કાંઈ? અરે..! એણે જૈનદર્શન શું છે, એમાં જૈન ભગવાને કહેલો આત્મા શું છે એ સાંભળ્યો નથી. અને અમે જૈન છીએ અને અમે કરીએ છીએ. માને અનાદિથી અનંત કાળ એમ ને એમ ગયો છે એનો. સમજાણું કાંઈ? એ એક શક્તિ થઈ.

એમાં ષટ્કારક લેવા. પોતાના જ્ઞાન-દર્શન-આનંદના પ્રાણ, પોતે જ કર્તા થઈને પોતાનું કાર્ય જે નિર્મળ ક્રમવર્તી પર્યાય, એનું પોતે સાધન થઈને, પોતે પોતાને રાખીને, પોતામાંથી થઈને એ બધું પરિણમન પોતાને આધારે થાય છે. કોઈ નિમિત્ત ને સંયોગને આધારે નહિ. એવો ભગવાન નિરાલંબી પ્રભુ પોતાના શુદ્ધ પરિણમનમાં આવ્યો, આ એને આત્મા કહેવામાં આવે છે. ધ્રુવ તો હતું. હતું પણ એને 'આ છે' એવી સત્તાનો ખ્યાલ ન આવે જ્યાં સુધી (ત્યાં સુધી એને માટે નહોતું). એ ખ્યાલ ક્યારે આવે? એ તો હતું જ તે. પણ હતું એના ઉપર દૃષ્ટિ જતાં ઓહો..! આ વસ્તુ આખી, ત્યારે એનું પરિણમન થયું, ત્યારે એની સત્તાનો સ્વીકાર થયો. સમજાય છે કાંઈ?

હવે એ જીવતરશક્તિનું લક્ષણ વર્ણવે છે. છે તો એનું લક્ષણ પણ એનો ભિન્ન ગુણ વર્ણવે છે. જીવતરમાં એનું લક્ષણ તો ચેતના છે ખરેખર-ચૈતન્ય પ્રકાશ. હવે એને ગુણ તરીકે, વિશેષ તરીકે વર્ણવે છે. ઓલું સામાન્ય તરીકે જે હતું જીવત્વશક્તિમાં એનું વિશેષ ખાસ (વર્ણન કરે છે), જુઓ!

'**અજડત્વસ્વરૂપ ચિતિશક્તિ.**' જુઓ ભાષા જુઓ! એ ચેતનાપ્રકાશમય ભગવાનનો પ્રકાશ. એમાં દર્શન-જ્ઞાનના બે ભેદ ન પાડવા પહેલામાં. ચિતિશક્તિ-પ્રકાશશક્તિ. ચૈતન્યપ્રકાશ શક્તિ. એ ચૈતન્યપ્રકાશ શક્તિ ન હોય... સમજાય છે? તો જીવનું જીવતર હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ચેતનાપ્રકાશ ન હોય તો જીવતર જીવનું વર્તન ક્યાં વર્તે? જીવનું જીવત્વ વર્તે ક્યાં? એમ કહે છે ભાઈ! આહાહા..! એનામાં ચેતનાપ્રકાશ, જીવત્વશક્તિમાં ચેતના પ્રકાશ (છે). એ ચેતનાપ્રકાશ ન હોય તો એ જીવત્વ વર્તે ક્યાં? સમજાય છે કાંઈ? એવા ચૈતન્યપ્રકાશની ચિતિશક્તિ ભગવાન આત્મામાં છે. એ શક્તિનો આધાર ભગવાન છે અને એ ભગવાનની સ્વસન્મુખની દૃષ્ટિ કરતાં જે પરિણમન જ્ઞાનમાત્રનું થયું એમાં ચિતિશક્તિનું પ્રકાશશક્તિનું પણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પરિણમન સાથે છે.

અનંતી પ્રકાશરૂપી પર્યાય જે શક્તિમાં પડી હતી એવો સ્વભાવ આશ્રય કરતાં પર્યાયમાં ચિતિશક્તિનું કાર્ય પ્રકાશરૂપ થઈ ગયું. પ્રકાશ-કાર્ય થયું. જે અંધારું હતું, રાગ ને દ્વેષ ઉત્પન્ન કરતો, પર્યાયબુદ્ધિએ વસ્તુની સત્તાના સ્વીકાર વિના આખી ચિદાનંદ સત્તાના સ્વીકાર વિના એ પુણ્ય-પાપના વિકલ્પ ને રાગ અને અલ્પજ્ઞનો સ્વીકાર કરતો ત્યારે અંધારું હતું. સમજાય છે કાંઈ? ત્યાં ચૈતન્યપ્રકાશ નહોતો. એ અંધારું હતું. એ અજીવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

રૂપાળા શરીર હોય અને રાજકુમાર હોય, હજારો રાણી છોડી હોય, પંચ મહાવ્રત પાળતો હોય, છતાં એની પર્યાયમાં; ગુણમાં જે ચૈતન્યપ્રકાશ છે એ પ્રકાશ જો એની પર્યાયના કાર્યમાં ન આવ્યો તો અંધારું છે ત્યાં એને. પંચ મહાવ્રત પાળવાના પરિણામ હો,.. સમજાય છે? રાગની મંદતાના વિકલ્પની ઘણી સૂક્ષ્મતા થઈ ગઈ હોય, પણ ભગવાન એના વિનાનો છે એવું ચૈતન્યના પ્રકાશનું પૂર પર્યાયમાં ન આવે એ અંધારું છે. એ અંધારામાં અટવાય છે. શું સમજાણું?

ભગવાન આત્મા ચિતિશક્તિ એટલે ચૈતન્યના પ્રકાશનું પૂર એવો એનો ગુણ છે. એ ન હોય તો જીવનું જીવપણું રહે નહિ. જીવત્વશક્તિ જ ન રહે. એટલે જીવતર ન રહે, એટલે જીવ જ ન રહે. એમ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશનું પૂર એવી સ્વસન્મુખ દૃષ્ટિ થતાં તેની પર્યાયમાં ચૈતન્યશક્તિ અક્રમ એટલે સાથે છે પણ એનું ક્રમ પરિણમન જ્યાં અંતર દૃષ્ટિ થઈ એટલે પરિણમનમાં પણ ચૈતન્ય પ્રકાશનો પર્યાય કાર્યરૂપે પરિણમ્યો. એ ચૈતન્યપ્રકાશના પ્રકાશનું કાર્ય જો ન હોય અને એકલો વિકલ્પ દયા, દાન, પંચ મહાવ્રતાદિના રાગમાં પડ્યો હોય તો એ અંધારામાં અટવાય છે. પ્રકાશ પૂર તો ભગવાન પ્રકાશનું પૂર છે એની એને પ્રતીત નથી.

મુમુક્ષુ :- જડ...

ઉત્તર :- જડ જ થઈ ગયું એ કીધું ને ઈ. રાગનું અંધારું એટલે જડ. બીજું શું? પંડિતજી! વાતું ભારે! એવી વાતું છે. મૂળની વાત હેઠલાની-સમકિતની. ઉપરની નહિ. પહેલા જીવના જીવનના સ્વીકારની. પહેલામાં પહેલો ધર્મ અને શરૂઆતના ધર્મીનું જીવન કેવું? એની વાત છે. આ તો જીવ જીવરૂપે થયો કેમ? એની વાત છે.

વસ્તુરૂપે તો જીવ હતો, ધ્રુવરૂપે, પણ સ્વીકાર નહોતો. સ્વીકાર હતો રાગ, પુણ્ય, નિમિત્ત અને અલ્પજ્ઞનો. એટલે એ જીવનો જીવસ્વભાવ અનંત ગુણનો પિંડ છે એનો સ્વીકાર નહોતો. એવો સ્વીકાર નહોતો એટલે પહેલેથી અંધારામાં અજ્ઞાનમાં અટવાતો હતો એ. અંધારે ભટકતો હતો. આ જૈનનો સાધુ થયો હોય તોપણ અજ્ઞાનમાં, રાગમાં ભટકતો હતો એ, કહે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સમજાણું કાંઈ? અને છ ખંડના રાજમાં પડ્યો દેખાય ચક્રવર્તી, છતાં એની દૃષ્ટિ સ્વસન્મુખ ભગવાનની-આત્માની થઈ છે એથી એની ચિતિશક્તિનું પરિણમન પ્રકાશરૂપે પર્યાયમાં પ્રગટ્યું છે. એ પ્રકાશે છે બસ! સ્વ અને પરને પ્રકાશે છે. એટલે એને દેખાડ્યું કે ભેગું છે ઈ. સમજાણું કાંઈ? આહાહા..! બેય ભેગા છે ને આમાં તો? એના બે ભાગ પછી પાડશે.

એ ચિતિશક્તિ અનંત શક્તિને નિમિત્ત છે. એ ચિતિશક્તિ અનંતશક્તિમાં વ્યાપક છે, એ ચિતિશક્તિ પોતે પારિણામિકભાવે છે, એ ચિતિ શક્તિ ધ્રુવ અને ક્ષણિક ઉપાદાનવાળી છે. એ ચિતિશક્તિ ષટ્કારકના કર્તા ને કર્મના કરણના સાધનસહિત છે. સમજાણું કાંઈ? એના ચિતિશક્તિના પ્રગટવાના સાધન માટે કોઈ બીજા સાધનની જરૂર નથી. એમ કહે છે અહીં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આવે બધાય. પ્રકાશમાં સ્વને જાણતા બીજું કોણ છે એને જાણવું પણ નથી, પણ એવો જાણવાની પ્રગટ પર્યાય પ્રકાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? આવો માર્ગ, આત્મા આવો છે. પંડિતજી! આમ આત્મા આત્મા તો બધા ઘણા વાતું કરે છે. પણ કેવો છે અને કેમ છે એની ખબર વિના આત્માની આસ્થા એને છે જ નહિ. પરમાત્માની એને આસ્થા નથી. પરમાત્મા એમ કહે છે કે તારો આત્મા આવો છે. એને ગુરુની આસ્થા નથી. ગુરુ એમ કહે છે કે આવો આત્મા તારો આવો છે. અને શાસ્ત્ર પણ એમ કહે છે કે તારો આત્મા આવો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં હતો? કહો, સમજાણું કાંઈ? જૈનમાં જન્મ્યા અને જૈનનો બાહ્ય વેશ ધારણ કર્યો નગ્નપણાનો, તોપણ કહે છે કે અજ્ઞાની એ ચૈતન્યશક્તિના નૂરના પૂરનો આશ્રય જ્યાં લીધો નથી તો એની પર્યાયમાં પ્રકાશ આવ્યો જ નથી. સમજાય છે કાંઈ? પ્રકાશ નથી માટે જડત્વ. અજડત્વ કીધું છે ને અહીં? ચૈતન્યપ્રકાશ એટલે અજડત્વ. એનો પ્રકાશ નથી ત્યાં જડત્વ. આહાહા..! સમજાણું કાંઈ? છગનભાઈ! આવો ધર્મ ઝીણો ભારે. અરે.. ભાઈ! એ ઝીણો નથી. તારી વસ્તુની સ્થિતિ જ આવી છે. તેં સાંભળી ન હોય અને તારા કલ્પનામાં ન આવે એથી કરીને કંઈ વસ્તુ બીજી થઈ જાય? સત્નું સ્વરૂપ જ આવું છે. આહાહા..! સમજાણું કાંઈ? કરિયાવર બતાવે છે આ. આ છોડીને લગન કરે ત્યારે શું કહે છે એ? દાહેજો. પછી બધાને બોલાવે છે કે નહિ? જુઓ! આ બે-ત્રણ ઓલા ઢોલિયા પાથરે, આટલા આ, ફલાણું આ, સો તોલા સોનું આપીએ છીએ, પચાસ સાડલા આપીએ છીએ, પચ્ચીસ આ આપીએ છીએ. ધૂળ આપીએ છીએ. એ ધૂળ છે ને બધું? એ બધું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પાથરી રાખ્યું હોય. બીજું નામ આપે. ધૂળ ન હોય તો કરિયાવર. એમ કરીને એની મા હોય એ બહુ .. આપણી શક્તિ પ્રમાણે બહેનને વળાવીએ તો આપવું જોઈએ. મૂઢ થઈને (બોલે). એય..! અને આપણે શક્તિ પ્રમાણે દેવું જોઈએને. એમ કરીને ઘણું આપીએ છીએ જુઓ તમે.

મુમુક્ષુ :- ઈ પણ શક્તિની વાત તો કરે છે.

ઉત્તર :- વાત તો કરે. એ તો એમ બોલે પાછા, જાજું ન આપીએ પણ આપણી શક્તિ પ્રમાણે તો આપવું જોઈએ. દીકરીને વળાવીએ તો આપવું પડે ને. એય.. ચીમનભાઈ! આહાહા..! સરખો કરિયાવર ન આપ્યો તો બળી જવું પડ્યું એકને. માનેલું ઓલાએ કે ફલાણા છે મોટાની દીકરી કે વગેરે વગેરે. મરી ગઈ. પણ એમ કે જે અમે ધાર્યા હતા એ પ્રમાણે કરિયાવર ન લાવી. અને અમે તો મોટાની દીકરી, મોટું ઘર વગેરે વગેરે. સમજ્યા મોટાનું આ તો છે. મોટા ઘરની અથવા મોટા સંબંધીની, મોટા.. વગેરે. એટલે આટલા પ્રમાણમાં લાવી નહિ એટલે આખો દી ઠપકો આપ્યા કરે. તું લાવી નહિ કાંઈ, કાંઈ કર્યું નહિ. અમે તો કંઈક ધારતા હતા. મરી ગઈ અંતે. આવા મૂર્ખા તે કાંઈ જુદા હશે?

આ કરિયાવર ભગવાન બતાવે છે કે તારો આ શક્તિનો કરિયાવર તારી પાસે છે. જો તું, અમે તને બતાવીએ છીએ, એમ કહે છે. સમજાય છે? ઓલાને ઘરે વળાવે છે અને આને બતાવીને મોક્ષમાં વળાવે છે. ઈ ઘર ઈ છે. નિજઘર તો મોક્ષ છે. નિગોદ ને એ કાંઈ ઘર છે તારા? આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નથી. પ્રતીતમાં નથી તો નથી. પ્રતીતમાં આવે તો શક્તિ છે એમ કહેવાય. એમ શક્તિ છે એટલે એ તો બીજો કહે છે. સમજાણું કાંઈ? એને પ્રતીતમાં તો અલ્પજ્ઞાન અને રાગાદિ છે. એટલું પ્રતીત છે એને. અને કદાચિત શાસ્ત્ર ભણીને વાત ખ્યાલમાં આવી હોય પણ આ શું છે એવું જ્ઞાન કરીને પ્રતીત આવી નથી. જોયા વિના પ્રતીત શેની પણ? જે વસ્તુ જોઈ નથી એની પ્રતીત શું? એમ કહે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અનંત શક્તિનો દરિયો ઉછળે છે અંદર. એ નજરું હોય એ કિંમત કરે. એમ કહે છે. સમજાણું કાંઈ? ઓલો મોતીનો દાખલો નહોતો આપ્યો એક ફેરી? વાણિયાનો. મોતી છે ને મોતી? બહુ ઊંચું હતું વીસ હજારનું મોટું ઊંચું. પછી આમ જોવે છે. પાણી લાવો પટેલ. ગામડામાં ગયા હશે વાણિયો. પાણી મગાવ્યું. તે દી પીતા નહોતા ને. બ્રાહ્મણનું પીવે. હવે તો બધું સરખું થઈ ગયું છે. ભાવસારનું હોય તો બધું પીવે છે હવે તો. દરજીનું પીવે, ભાવસારનું પીવે. બધાનું પીવે. તે દી નહોતા પીતા. એટલે કણબીને ત્યાં ઉઘરાણીએ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ગયા હશે. ખાટલો નાખી દીધો. આવો આવો શેઠ. પાણી લાવજો. ... એક હતું એના છેડે મોતી. ઊંચું મોતી. વાર લાગી ત્યાં જોવા લાગ્યા. પટેલ આવ્યા પાણી લઈને. પટેલ પાણી બહુ છે આમાં-મોતીમાં. ત્યારે મગાવ્યું શું કરવા? પાણી હોય તો મગાવ્યું શું કરવા? પટેલ કહે. એટલે ઓલો વાણિયો પણ કહે, પટેલ! દરિયો ઉછળે છે આમાં. પાણીમાંથી દરિયો કીધો. આ એવો જ આત્મા હોં! પાણીમાંથી દરિયો એનું પાણી એટલું તેજવાળું છે. અનંત શક્તિના તેજવાળો ભગવાન મોતી છે. આહાહા..! ત્યારે ઓલો પટેલ કહે, પણ તો પાણી મગાવ્યું શું કરવા? દરિયો છે. છેડો અડાડીને પલળે તો પાણી માનું, પટેલ કહે છે. વાણિયો કહે છે, એ છેડે પાણી પરખ્યા ન જાય. એ મોતીના પાણી છેડે પરખ્યા ન જાય. એ તો એની કળા નજરમાં હોય એ નજરે પરખ્યા જાય. એમ આ આત્મા નિગોદમાં છે પણ નજરું નથી, પરખ્યો ગયો નથી. શેઠી! આહાહા..! અહીં એ કહે છે એમ. જુઓને! પોકાર કરે છે એક એક શક્તિમાં.

એ વસ્તુ છે આ, તો એ આવ્યું એ એનું કાર્ય આવ્યા વિના એને કારણની ખબર કેમ પડી? આ શક્તિ છે અને આ શક્તિવાન છે. કારણ કે પર્યાય નક્કી કરનાર છે. દ્રવ્ય-ગુણ નક્કી કરનાર છે? શું કીધું સમજાણું કાંઈ? અનિત્ય નિત્યને નક્કી કરે છે. અનિત્ય નિત્યને નક્કી કરે. પર્યાય ગુણ અને દ્રવ્યને નક્કી કરે છે. કાંઈ દ્રવ્ય-ગુણ દ્રવ્ય-ગુણને નક્કી કરતું નથી. તો પર્યાયમાં આ ચીજ આવી છે એવું કાર્ય ન આવે અને આ કારણ આ વસ્તુ કારણરૂપ છે એ શી રીતે એણે જાણ્યું? સમજાણું કાંઈ? પંડિતજી! આહાહા..!

મુમુક્ષુ :- બીજી દુનિયા છે.

ઉત્તર :- આ બીજી દુનિયાની વાત છે. વાત સાચી હોં! દુનિયા બીજી છે. જીવ જ બીજી જાતનો છે એવી જેને ખબર નથી, એ જીવની આસ્થાવાળો જ નથી એમ કહે છે. એ તો અજીવની આસ્થાવાળો છે. આહાહા..!

એને નામ શું આપ્યું જુઓને! અજડત્વસ્વરૂપ. અજડત્વસ્વરૂપ. ચૈતન્યનો પ્રકાશ, જીવત્વશક્તિનું સ્વરૂપ વિશેષરૂપે ચૈતન્યસ્વરૂપપ્રકાશ ભગવાન એવો અજડત્વસ્વરૂપ ચિતિશક્તિ '**ચેતનત્વ જેનું સ્વરૂપ છે એવી ચિતિશક્તિ.**' જો આ ચિતિશક્તિ ન હોય... સમજાણું? તો જીવનું જીવવાનું જીવન જ્ઞાન-દર્શન ને આનંદના પ્રાણથી આવા ચૈતન્યપ્રકાશનું પૂર ન હોય પ્રકાશમાં (તો) જીવનું જીવન શું? એ જીવનું જીવન જ નહિ. અંધારા જીવન છે, કહે છે. જીવન નહિ.

મુમુક્ષુ :- ખાવું-પીવું કરે છે...

ઉત્તર :- ખાવું-પીવું કોણ કરતું હતું? ધૂળમાંય નથી. મફતનો હેરાન થઈ ગયો છે હેરાન.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુમુક્ષુ :- સુખ છે.

ઉત્તર :- ધૂળમાંય સુખો નથી. કોણ કહે છે સુખ? એય.. ચીમનભાઈ! આ પૈસાવાળા રહ્યા. ઓલા હમણાં વયા ગયા. આ બેઠા બે. દુઃખી કહો. એ.. ખેતશીભાઈ! આ આંક જ જુદી જાતનો છે. ભગવાનજીભાઈ! એ દુઃખી માન્યું છે એટલે કહે છે કે દુઃખી છે. હું પૈસાવાળો છું, આવાવાળો છું, આવાવાળો એ માન્યતા એ દુઃખરૂપ છે, સ્વરૂપમાં નથી. પણ દુઃખી નથી એમ જ્યારે માને ત્યારે તેના સ્થાનમાં એને સુખનું, આનંદનું વેદન આવવું જોઈએ. એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! અજડત્વપણું આવવું જોઈએ એમ કહે છે. અજડત્વપણું આવવું જોઈએ. જડપણું ન રહે. આહાહા..! દુઃખભાવ એ જડ છે. સમજાય છે કાંઈ? દુઃખભાવ એ જડ છે અને અજડત્વ ચિતિપ્રકાશ તે ચૈતન્યનું નૂર છે.

જીવમાં દુઃખ નથી એમ માનનારને સુખ આત્મામાં છે એમ જ્યારે પ્રતીત થાય એટલે એના કાર્યમાં આનંદનું વેદન આવે તો આમાં દુઃખ નથી એમ માન્યું કહેવાય. સમજાણું કાંઈ? દુઃખ નથી આમાં એ શી રીતે જાણ્યું? કારણ કે આ દુઃખ નથી ત્યારે સુખ છે. ત્યારે સુખ છે એવું કાર્યમાં આવ્યા વિના આ સુખરૂપ છે અને દુઃખ નથી એ શી રીતે જાણ્યું? શેઠી! આહાહા..!

એક એક શક્તિ ષટ્કારકથી ભરેલી છે. પ્રકાશનું કાર્ય શું છે? એ ક્ષણિક ઉપાદાન છે ક્રમવર્તી અને અક્રમમાં ધ્રુવ ઉપાદાન છે ચિતિશક્તિમાં. એ પોતાને કારણે આ રીતે કાર્ય થઈ રહ્યું છે. કારણ આ શક્તિ અને કાર્ય આ. ધ્રુવ કારણ, કાર્ય આ. ક્ષણિક ઉપાદાન કારણ અને કાર્ય તે સમયે લેવું હવે. ઉપાદાન આમ જે પૂર્વની પર્યાય છે એ અહીં ન લેવું. અહીં તો તે ઉત્પન્ન થયું તે તેનું કાર્ય છે અને તે સમયનું તેનું સ્વતંત્ર કાર્ય છે. એ પર્યાયનું કારણ અને કાર્ય પર્યાય પોતે છે. સમજાણું કાંઈ? પ્રવિણભાઈ! ઓલા કહે, ભગવાન ભજો, ભગવાન ભજો. ધૂળેય નથી હવે, ભગવાન ક્યો એની તને ખબર નથી. ક્યા ભગવાન?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. ના. એ તો એના ભગવાન. તારા ક્યાં આવ્યા? સમજાણું કાંઈ? અને આ ભગવાન છે એને અનંત આનંદ છે, અનંત જ્ઞાનની પર્યાય છે, આવું અસ્તિત્વ છે એવું અસ્તિત્વ તને ખ્યાલમાં આવ્યા વિના સ્વીકાર ક્યાંથી તેં કર્યો? એવા ભગવાનનો સ્વીકાર પણ ક્યારે થાય? કે તારામાં અનંત જ્ઞાન અને આનંદ પડ્યા છે તે પરિણમનમાં તને પ્રતીતમાં આવે કે આ તો સર્વજ્ઞ આત્મા જ છે. આત્મા સર્વજ્ઞ છે. સર્વજ્ઞની પ્રતીત આવી ગઈ કે હું તો સર્વજ્ઞ છું. હું સર્વદર્શી છું. ચિત્પ્રકાશની મૂર્તિ છું. એટલે હું તો સર્વજ્ઞ અને સર્વદર્શી જ છું. એવી સ્વસન્મુખની પ્રતીતિ વિના એણે સર્વજ્ઞ અને સર્વદર્શીની પણ પ્રતીતિ સાચી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે નહિ. જાણવામાં ન આવ્યું ખ્યાલમાં કે આ ચીજ આવી છે એ વિના ભગવાન આવા ક્યાંથી તને ખ્યાલમાં આવ્યા? સમજાણું કાંઈ?

'**અજડત્વ અર્થાત્ ચેતનત્વ જેનું સ્વરૂપ છે...**' લ્યો. અજડત્વનો અર્થ ઇ. '**ચેતનત્વ જેનું સ્વરૂપ છે...**' ભગવાન આત્મા ચૈતન્યનો પ્રકાશ એ એનું સ્વરૂપ છે. એવું જ્યાં ભાન થાય ત્યારે પોતે જ ભગવાન સ્વસન્મુખ થઈને જે દશામાં ચૈતન્યના પ્રકાશનું કાર્ય આવ્યું એ ક્રમવર્તી અને ચૈતન્યગુણ અક્રમ એકસાથે, એ ક્રમ અને અક્રમનો આખો સમુદાય તેને આત્મા કહેવામાં આવે છે. જોડે રાગાદિ (છે) તે આત્મા નહિ. અને એ આત્માને એને કાંઈ સંબંધ જ નથી. વ્યવહારના વિકલ્પને અને આત્માની પર્યાયને કાંઈ સંબંધ નહિ. જ્ઞેય-જ્ઞાયક સંબંધ એ કાંઈ ખરેખર સંબંધ નથી. એ તો પોતાના જ્ઞાનનું પ્રકાશ પરિણમન થયું (ત્યારે) રાગાદિ બાકી છે એને જાણે છે. એ જાણે છે એ પણ રાગ આવ્યો માટે નહિ. એ પણ પોતાના જ્ઞાનપ્રકાશના કારણે સ્વપરપ્રકાશની પર્યાય જ એવી જાતની પ્રગટી એમાં આને આ જાણે છે. એ પણ પોતાનું અસ્તિત્વ છે. પરને અને સ્વને જાણવાનું પર્યાયનું કાર્ય પોતાનું અસ્તિત્વ છે. પરના જાણવા સંબંધીનું કાર્ય પરનું અસ્તિત્વ છે એમ નથી. સમજાણું કાંઈ?

હવે એના બે ભાગ પાડ્યા. ચિતિશક્તિના બે ભાગ. પહેલી જીવત્વશક્તિ લીધી. એનું પ્રકાશ લક્ષણ છે એમ ભેદ પાડીને વાત કરી. અને હવે એ ચિતિના બે પાછા પ્રકાર. એક દર્શન અને જ્ઞાન. સમજાણું કાંઈ?

ત્રીજી શક્તિ. '**અનાકાર ઉપયોગમયી દશિશક્તિ...**' અનાકાર ઉપયોગમયી દશિશક્તિ. હવે શું આમાં સમજે માણસ? કહે છે કે આત્મામાં... એ ચિતિશક્તિની સામાન્ય વાત કરી હતી. એના પેટાભેદરૂપી ગુણ બે બીજા છે. એક દશિ-દર્શનશક્તિ. અહીં ભાષા બીજી વાપરે છે અહીં. એ '**અનાકાર ઉપયોગમયી દશિશક્તિ...**' એમ વાપરી છે ને? સમજ્યાને? ઓલામાં વાત છે, '**આકારોમાં ઉપયુક્ત થાય છે એવી જ્ઞાનોપયોગમયી જ્ઞાનશક્તિ.**' પણ અહીં તો દર્શનક્રિયારૂપ શક્તિ એમ ભાષા વાપરી છે. સમજાણું કાંઈ? જ્ઞાનમાં એમ નથી વાપરી. શું કહેવાય છે? કારણ કે ઓલી ક્રિયા વાપરી છે એ કાંઈ દર્શનશક્તિનું કારણ અને કાર્ય આ દર્શન, એ દર્શન દર્શનથી દેખી નથી શકતું. એક વસ્તુ છે એને જ્ઞાન જાણી શકે છે. સમજાય છે કાંઈ? દર્શનની શક્તિ અને દર્શનનું કાર્ય દર્શન પોતે 'આ મારી શક્તિ અને આ મારું કાર્ય' એમ દર્શન ઉપયોગમાં નથી હોતું. કેમકે નિરાકાર છે. સમજાણું કાંઈ?

ફરીને. '**અનાકાર...**' એટલે એ જે દર્શનશક્તિ છે એ અનાકાર છે. એટલે ભેદ પાડીને જાણવાનો એનો સ્વભાવ નથી. તેમ એની પર્યાયમાં જ્યારે અનાકાર શક્તિ છે, દર્શનઉપયોગમયી. અને એ ઉપયોગસ્વરૂપ તે ભગવાન આત્મા. '**उवओगलक्खणो णिच्चं**' સમજાણું કાંઈ? હવે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એ ઉપયોગમાં જે દર્શનઉપયોગ છે એમાં ભેદ નથી. આ દર્શન છે, આ જ્ઞાન છે એવું જાણવાનું દર્શનઉપયોગમાં છે નહિ. એક એવી ક્રિયા અંદર થાય છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનના જાણવામાં આવે છે. પણ આ દર્શન છે એ દર્શનઉપયોગ પોતાની જુદાઈ પાડીને જુદો નિર્ણય કરી શકે નહિ. સમજાણું કાંઈ? આ તો બધી ઝીણી (વાત) છે ભાઈ! એની હદ પ્રમાણે આવે તો આવે એવું છે. હવે તો હમણાં ટાઢો પહોર છે ને. કેમ ટાઢો પહોર એટલે ઓલી મોસમ ગઈ બધી. ૩૦૦-૩૫૦ છોકરા (આવેલા ઈ). ઈ ટાઢો પહોર હોં. સમજ્યાને? ગરમી છે એ નહિ, હોં! બહારની ગરમીની વાત નથી. ઓલા ૩૫૦ છોકરા હતા ને જુઓને કેટલું મોટું? તમારા વખતે હજાર માણસ અને પરમ દિ સાડા ચારસો માણસ. આટલો બધો ફેર? છોકરા હતા ને તે દી ૩૫૦? એક હજાર માણસ પાંચમને દી. અને પરમ દી એકમને દી સાડા ચારસો. પરમ દી એકમ થઈ ને હજી? આજે ત્રીજ થઈ. પૂછ્યું હતું હોં! એ બધો મોટો ખળભળાટનો ભાગ હતો. ઝાઝા છોકરા ને ઝાઝી.. અહીં આવતા નહોતા. કારણ કે એ સમજાય નહિ હિન્દી ભાષા. છોકરા બહુ નહોતા આવતા. કો'ક કો'ક આવતા. કારણ કે હિન્દી ભાષા સમજાય નહિ. હવે ઓલા આવ્યા બિચારા ૩૫ જણા અને આપણે હિન્દી ન થાય તો એને સમજાય નહિ. અને હવે અહીં થોડા માણસ છે હમણાં એટલે ધીમે.. ધીમે... ધીમે... આ શાંતિનું પીરસણું છે આ. છગનભાઈ!

કહે છે, '**અનાકાર ઉપયોગમયી દશિશક્તિ...**' સમજાય છે? '**જેમાં જ્ઞેયરૂપ આકાર અર્થાત્ વિશેષ નથી...**' એ અનાકાર ઉપયોગનો એવો સ્વભાવ છે કે આ આત્મા છે કે આ ગુણ છે કે આ પર છે એવો ભેદ એમાં પાડી શકાય નહિ. એવો જ કોઈ અનાકાર ઉપયોગનો સ્વભાવ છે. આ અનાકાર છે એમ પણ અનાકાર દ્વારા ન જણાય. એ જ્ઞાન દ્વારા જણાય. એક શક્તિ એવી છે. આ છે એકસાથે હોં! કથનપદ્ધતિ એક પછી એક કહે છે. પણ કાંઈ પહેલી જીવતરશક્તિ અને પછી આ થર બીજો છે ને ત્રીજો થર છે અંદર એમ છે આત્મામાં? થર-થર સમજ્યા? થર ન સમજ્યા? આ પડ લ્યોને. એક પછી એક એમ નથી. જીવતરશક્તિ પહેલી છે અને એનામાં ચિતિશક્તિ અજડત્વ બીજી છે અને ચિતિ એમાં ત્રીજી છે. થપ્પી નથી થપ્પી. થપ્પીમાં પણ ન સમજે હિન્દીવાળા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ નથી. એકસાથે બધી છે. જ્યાં જ્ઞાનસ્વરૂપ ભગવાન છે ત્યાં અનંતી શક્તિ એકસાથે એકસાથે પડી છે. સમજાય છે? એનું સ્વરૂપ જરી વિશેષ છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ વદ ૪, શુક્રવાર તા. ૧૪-૬-૧૯૬૮**
**શક્તિ-૩-૪, પ્રવચન-૫૩૭**

શું ચાલે છે આ? કે આત્મા સર્વવિશુદ્ધસંપન્ન તત્ત્વ છે. આ સર્વવિશુદ્ધ અધિકાર ચાલે છે ને. એટલે શુદ્ધ દ્રવ્યસ્વભાવસ્વરૂપ છે. શુદ્ધ દ્રવ્યસ્વભાવ એમાં અનંત શક્તિઓ વસેલી છે. એ અનંત શક્તિનું એકરૂપ તે દ્રવ્ય. એ અનંત શક્તિ પ્રત્યેક એક સમયે સાથે છે. છતાં વર્ણન તો સમજાવવામાં ક્રમ તો આવે ને? છતાં એક એક શક્તિનું સામર્થ્ય અનંત છે. સમજાય છે કાંઈ? એક એક શક્તિનું સામર્થ્ય અનંત છે. અનંતી પર્યાય ભલે હો એ બીજી વાત. પણ એની શક્તિ-વર્તમાન શક્તિનું સામર્થ્ય અનંતગણું છે. એવી શક્તિ અમાપ એક એક અનંત અચિંત્ય પ્રભાવવાળી શક્તિ એનું આ વર્ણન છે. અને એ શક્તિને જેણે જાણી એ શક્તિવાનને જાણે ત્યારે એ શક્તિને જાણી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા..! અહીંયાં પહેલું કહ્યું જીવત્વ નામની શક્તિ છે એનામાં. એનું જીવન શુદ્ધ જ્ઞાન અને આનંદ પ્રાણથી જીવે તે એનું જીવન છે. બાકી બીજો બધો એનામાં અભાવ છે. સમજાય છે કાંઈ? અશુદ્ધ પ્રાણે યોગ્યતાથી જીવવું એનામાં અભાવ છે. એનું નામ અનેકાંત છે. ભગવાન આત્મા પોતામાં જ્ઞાન, આનંદ, સત્તા, ચેતનપ્રકાશ એવા જે પ્રાણ પોતાના છે એ પ્રાણવાળું જીવન જે છે અને એ પ્રાણવાળો આત્મા છે. એની દૃષ્ટિ કરતાં એ ચૈતન્યપ્રાણ, ભાવપ્રાણ એનું પરિણમન પર્યાયમાં પ્રગટ થાય, તે તેનું જીવન અને તે તેનું જીવનશક્તિનું કાર્ય છે. પછી ચાહે તો નરકની યોનિમાં હો પણ યોગ્યતા જે છે દસ પ્રાણે જીવવાની, એ યોગ્યતાનો એનામાં અભાવ છે.

મુમુક્ષુ :- ક્યારે?

ઉત્તર :- અત્યારે. ચાલે છે ત્યારે. સમજાણું કાંઈ?

સર્વવિશુદ્ધ અધિકાર છે આ. ભગવાન આત્મા પોતાની જીવત્વશક્તિ પ્રાણથી નભે છે એમ દૃષ્ટિ જ્યાં દ્રવ્ય ઉપર જાય છે ત્યારે એ શક્તિ દ્રવ્ય-ગુણ અને પર્યાયમાં ત્રણેમાં વ્યાપે છે. વ્યાપતા બીજી દશા તેનો એમાં અભાવ છે. જે અશુદ્ધપણાની યોગ્યતા છે તેમાં એ શક્તિ વ્યાપી નથી. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં કાંઈ? શું કહ્યું ઈ? ધરમચંદજી! શબ્દ તો આવે કે નહિ શબ્દ? આહા..!

અહીં ભગવાન આત્મા વસ્તુ એનામાં જીવત્વ નામનો (ગુણ છે). જે દ્રવ્ય એટલે વસ્તુ એનું કારણરૂપ જે મૂળ ચીજ, જીવનું જીવન એવું જે જ્ઞાન-દર્શન-આનંદ આદિનું હોવાપણું,

એનું જે પરિણમન થાય તે પરિણમન સહિતની વસ્તુ તેને આત્મા કહીએ. એ વખતની યોગ્યતા દસ પ્રાણની હોય એની પોતાની પર્યાયમાં નિશ્ચયનયે. પર્યાયની દૃષ્ટિએ નિશ્ચયનયે, આમ ત્રિકાળની દૃષ્ટિએ વ્યવહાર કહીએ, અને દસ પ્રાણનું એ તો પૃથક્ છે. એ એનું પરિણમન એનામાં નથી. એને જીવત્વશક્તિનું કાર્ય અને કારણરૂપે પરિણમ્યું છે એને આત્મા કહીએ. સમજાણું કાંઈ? ઝીણી વાતું છે ભાઈ!

આ તો શક્તિનું વર્ણન ઓહોહો..! શક્તિ વિના ઈશ્વરને ન ચાલે. આ શક્તિ વિના આત્મા ન રહી શકે એમ કહે છે. આહાહા..! ભગવાન પોતે જ ઈશ્વર છે. પોતે ઈશ્વર છે. એની એક એક શક્તિ ઈશ્વરને રાખનારી છે. સમજાણું કાંઈ? આહાહા..!

એક એક શક્તિમાં જીવત્વશક્તિ પહેલી થઈ ગઈ. પછી એની શક્તિ ચિતિ એ એનું લક્ષણ છે. પણ વિશેષપણે એને સમજાવવા પ્રકાશ-અનંત ચૈતન્યપ્રકાશમય ભગવાન આત્મામાં એ શક્તિ છે જેને લઈને અનંત મહિમાથી ચિતિશક્તિથી ભગવાન આત્મા પ્રકાશી રહ્યો છે, શોભી રહ્યો છે. એમાં જેટલો પરાલંબી જ્ઞાન-દર્શનનો પર્યાય હોય એનો પણ આ ચિતિશક્તિના આશ્રયથી, દ્રવ્યના આશ્રયે જે પરિણમન થયું એમાં એ પરાશ્રયના દર્શન-જ્ઞાનના પરિણમનની પર્યાયનો પણ એમાં અભાવ છે. સમજાણું કાંઈ?

જેમાં આનંદ આવે એને ચિતિશક્તિ કહીએ, એને જીવતરશક્તિ કહીએ. અતીન્દ્રિય આનંદ આવે. કેમ કે ચિતિ, દશિની સાથમાં અતીન્દ્રિય આનંદ એવી એક શક્તિ છે કે જેથી એ શક્તિવાનને દૃષ્ટિમાં લેવાથી એ શક્તિનું એકસાથે પરિણમન થઈને જે કાર્ય આવ્યું એ કાર્યમાં આનંદ છે. કોઈ યોગ્યતા કે દુઃખનો ભાવ એ એનામાં છે જ નહિ. આહાહા..! ભગવાનજીભાઈ! ઝીણી વાત છે. આ સર્વવિશુદ્ધ અધિકાર છે.

પછી ત્રીજી. અનાકાર ઉપયોગમયી ચાલે છે આપણે. ઓહોહો..! શક્તિ સૂક્ષ્મ છે. અનાકાર ઉપયોગ શક્તિ સૂક્ષ્મ છે. છદ્મસ્થ એને આ અનાકાર ઉપયોગ એમ ન પકડી શકે. સમજાય છે? કારણ કે ત્યાં ભેદ (પડે છે), આ અનાકાર એમ ભેદ પડી ગયો. એટલે એ અનાકાર ઉપયોગનું કાર્ય છદ્મસ્થને હાથ ન આવે. પણ એક કેવું કાર્ય છે એમાં એનું જ્ઞાન કરે. અનાકાર ઉપયોગમયી એક શક્તિ છે કે જે દશિ છે, જે દશિક્રિયા કીધી. એ દૃશ્ય કરે છે. એ બધી શક્તિઓને આખા દ્રવ્યને દૃશ્ય કરે છે. એ દૃશ્યમાન વસ્તુ છે એને દૃશ્ય કરે છે. દૃશ્યવાન વસ્તુ આખી છે એને અનાકાર ઉપયોગ દૃશ્ય કરે છે. આ તો વાત એવી છે જરી, એની સૂક્ષ્મતા ઘણી છે. સમજાણું?

શક્તિઓનું વર્ણન એટલે આત્માના પરમેશ્વરના ગુણોનું વર્ણન. અને એના ગુણો એટલે શું કહેવું? સમજાણું કાંઈ? એવી કોઈ વર્ણનશૈલી અમૃતચંદ્રાચાર્યે આમાં મૂક્યું છે. આહાહા..!

અત્યારના આ ભરતક્ષેત્રમાં આ સ્થિતિનું વર્ણન અને આ વસ્તુ બીજે ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? એવી રીતે કોઈ સમયના કાળે મંગળિક કાળે એવું આ સ્વરૂપ શક્તિનું વર્ણન આવી ગયું છે. અલૌકિક છે! તારામાં દેખવાની શક્તિ છે, કહે છે. રાગ ને પુણ્યને થવાની શક્તિ તારામાં નથી. સમજાણું કાંઈ? એ અનંત દ્રવ્યની શક્તિઓ અને એની પર્યાયો એને દેખવારૂપ શક્તિ અને રાગાદિ થાય તેને દેખવા (રૂપ શક્તિ). સામાન્યપણે એમાં ભેદ પાડ્યા વિના અનાકાર ઉપયોગમયી એક શક્તિ છે, જેને અહીંયાં દશિશક્તિ અને દશિ ક્રિયારૂપ શક્તિનું વર્ણન સૂક્ષ્મ બારીક છે માટે વર્ણન કર્યું છે. સમજાણું કાંઈ?

**'અનાકાર ઉપયોગમયી દશિશક્તિ. (જેમાં જ્ઞેયરૂપ આકાર અર્થાત્ વિશેષ નથી એવા...**' એમાં ભેદ નથી કાંઈ. અનાકાર ઉપયોગમાં આ આત્માનો ઉપયોગ છે, હું અનાકારે આ કરું છું એવું એનામાં છે નહિ. કોઈપણ સત્તાનું વિશેષપણું અનાકાર ઉપયોગમાં હોઈ શકે નહિ. સમજાય છે? વસ્તુ પોતે નિર્વિકલ્પ છે એવો જ આ દર્શનઉપયોગ પણ નિર્વિકલ્પ છે. શું કહ્યું? વસ્તુ પોતે નિર્વિકલ્પ છે, અભેદ છે. એમાં આ ઉપયોગ નિર્વિકલ્પ છે એમાં ભેદ કાંઈ નથી. એવા ઉપયોગનું જેને અંતરમાં લક્ષ થયું એની અહીં વાત છે. અનાકાર ઉપયોગમયી આ વસ્તુ છે એવું જ્ઞાન દ્વારા અંદર નક્કી કર્યું છે. ત્યારે એને અનાકાર ઉપયોગનું પરિણમન જે કાંઈ પરાલંબી થોડું ચક્ષુ-અચક્ષુ આદિનું અવલંબન જે પર્યાય છે, એના અનાકાર ઉપયોગના સ્વદ્રવ્યના સાધનની પર્યાયમાં એનો અભાવ છે. સમજાણું કાંઈ? સમજાય છે?

સમ્યગ્દર્શનમાં સમ્યગ્દર્શનમાં જે દ્રવ્યનું લક્ષ થયું એમાં અનાકાર ઉપયોગરૂપ પરિણમન (થાય છે). અનાકાર શક્તિવાન, એનું પરિણમન જે દ્રવ્યને આશ્રયે દ્રવ્યનું થયું, નિર્વિકલ્પ વસ્તુ છે અને નિર્વિકલ્પ ઉપયોગ છે. એટલે જે દ્રવ્યને આશ્રયની શક્તિ હતી તેનું પરિણમન થયું અંતરથી તે દશિશક્તિ દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેમાં વ્યાપી. એમાં જેટલી પરાલંબી વાત છે એમાં એ વ્યાપતું નથી એમ અહીં સિદ્ધ કરવું છે. એ અનેકાંત છે. એક એક શક્તિમાં આ છે અને આવું એમાં નથી. એ અનેકાંત છે. ઝીણી વાત છે પણ હવે... ચીમનભાઈ! આવ્યા છે બરાબર સૂક્ષ્મમાં. પણ હવે સાંભળવું તો પડે ને એને. આ માલ છે. બાકી બધા થોથા છે. આહાહા..!

ભગવાન આત્મા..! અને તે વિશેષતા તો એવી વર્ણવી છે થોડી ઓલામાં કે અનાકાર ઉપયોગમાં કોઈપણ ભેદ નહિ. જ્ઞેયરૂપ આકાર વિશેષ નથી. એટલે અનાકાર ઉપયોગમાં આ આત્મા છે અને હું ઉપયોગ એનો કરું છું એવું એમાં નથી. તેમ આ રાગ છે અને આ જડ છે અને આ પરમેશ્વર છે એમ જે જ્ઞાન થયું એવો પણ એમાં ભેદ નથી. એ તો સામાન્ય મહાસત્તા ગ્રાહક જેટલું છે તેટલાના દેખવાની શક્તિ દશિ એ શક્તિ ન હોય તો

આખું દેખવાને યોગ્ય જે દશ્ય છે એનું અદશ્ય થઈ જાય. દશિશક્તિ છે. દેખવાયોગ્ય આખી ચીજ છે બધી. અભેદપણે દેખવું તે દશિશક્તિનું કાર્ય છે. એમાં રાગાદિ તો ન આવે પણ પરાલંબીનો ઉપયોગ જેટલો છે એ પણ એમાં ન આવે. સમજાણું કાંઈ? એ ત્રીજી શક્તિ થઈ.

**'દર્શનઉપયોગમયી-સત્તામાત્ર પદાર્થમાં ઉપયુક્ત થવામયી-'** સત્તામાત્ર પદાર્થમાં ઉપયુક્ત થવાથી એમ. છે એટલું હોં! આ છે એમ પણ નહિ પાછું. આ છે એમ પણ નહિ. આ છે એમ થાય તો એ જ્ઞાન થઈ ગયું. એક વસ્તુ છે એવો એક ઉપયોગ અનાકાર ત્યાં સૂક્ષ્મ બારીકપણે પરિણમન થાય છે એવો એનામાં ગુણ છે. સમજાણું? એ એક એક ગુણ અનંત ગુણમાં નિમિત્ત છે. અનંત ગુણમાં વ્યાપક છે એ એક ગુણમાં ધ્રુવનું ઉપાદાન (છે). એના બે ઉપાદાન. પોતાનું જે ધ્રુવપણું છે ત્રિકાળ એ ધ્રુવ ઉપાદાન છે અને પોતે ક્ષણિકપણે તે વખતે દશિશક્તિ દ્રવ્યને આશ્રયે જે ક્રમે પરિણમી છે તે એનું ક્ષણિક ઉપાદાન છે. સમજાણું કાંઈ? અને એ શક્તિ પરિણામિકભાવે છે. એ શક્તિ-ગુણ પરિણામિકભાવે છે. જેને કોઈની અપેક્ષા છે નહિ. તો એના પરિણમનની અંદરમાં પણ કોઈની અપેક્ષા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો ભગવાનનો ભંડાર ખુલ્યો છે. મૂડી કેટલી બાર મહિને તપાસે ને? આટલા પેદા થયા, આટલા પચાસ લાખ હતા અને દસ લાખ વધ્યા. સાંઈઠ લાખ થયા. બે લાખનો ખર્ચ ને આઠ લાખ વધ્યા. ધૂળેધૂળ છે બધી. ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- ધૂળ પણ કામ આવે છે.

ઉત્તર :- ધૂળ કાંઈ કામ આવતી નથી. દુઃખ માટે લક્ષ કરવામાં આવે. આહાહા..! સમજાય છે કાંઈ?

હવે એની સાથે કહે છે, **'સાકાર ઉપયોગમયી જ્ઞાનશક્તિ.'** જુઓ! ઓહોહો..! ઓલામાં વર્ણવ્યું છે, ભાઈ! ઓલા છે ને? શું કહેવાય? પરમાત્મપુરાણ. એમાં એક એક શક્તિમાં એણે બ્રહ્મપણું, ગૃહસ્થપણું, વાનપ્રસ્થપણું, સાધુપણું ચાલે છે એક એક શક્તિમાં. એક એક શક્તિમાં પાછું સાધુમાં ઋષિપણું, મુનિપણું, યતિપણું અને ભિક્ષુકપણું છે. અને એક એક શક્તિમાં પાછા નવ રસ ઉતાર્યા છે. દીપચંદજીએ. અધ્યાત્મપુરાણ છે. અધ્યાત્મ પંચસંગ્રહ પુસ્તક છે. પંડિતજી! જોયું પણ નહિ હોય, સાંભળ્યું પણ નહિ હોય. એક એક શક્તિ છે એમાં એક એક શક્તિ ઉપર... સમજાય છે? બ્રહ્મપણું ઉતાર્યું. પોતે બ્રાહ્મણ છે. બ્રહ્મચારી છે એક શક્તિ. બ્રહ્મચારી છે તો પોતાનું બ્રહ્મચર્ય છે એમાં વિકાર આવવા દેતો નથી. એ શક્તિ બ્રહ્મચારી ઉતારી છે-બ્રહ્મ. સમજાણું કાંઈ? એ ગૃહસ્થ છે. પોતાના ઘરમાં રહેલી છે. એનું પરિણમન પરમાં જાતું નથી. શેઠી! દીપચંદજી સાધર્મી એક થઈ ગયા. એણે આવું પુરાણ પરમાત્મપુરાણ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


લખ્યું છે. એમાં બહુ લીધું છે. પંચસંગ્રહ છે, અધ્યાત્મ પંચસંગ્રહ નામ છે. અધ્યાત્મ પંચસંગ્રહ છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્માની આ દર્શનશક્તિ, કહે છે કે એ પોતે બ્રહ્મરૂપ છે. કેમકે પોતાનું બ્રહ્મચર્ય આનંદના સ્વરૂપમાં પરિણમે છે ઈ. એ વિકારને આવવા દેતું નથી. પરાલંબી વસ્તુ એમાં છે જ નહિ. ગૃહસ્થ છે. એ પોતે પોતામાં રહેલી છે, પોતાના ઘરમાં રહેલી છે. શક્તિ દ્રવ્ય, ગુણ અને પર્યાય પોતાનું ઘર છે એમાં રહેલી છે. એ શક્તિ પરઘરમાં જાતી નથી. એનું નામ ગૃહસ્થ છે. વાનપ્રસ્થ. એ પોતાના વાનમાં રહેલી છે-પોતાના રૂપમાં રહેલી છે. થોડું થોડું આપણે અહીં આવ્યું છે. નહિ? થોડું થોડું આવ્યું છે ઓલામાં. થોડું આવ્યું હશે. આવ્યું હતું ને ભાઈ? એ થોડું થોડું આવ્યું હશે. યાદ આવતા આવતા એમાં આવી ગયું હશે આત્મ વૈભવમાં.

વાનપ્રસ્થ. એ પોતે જીવતરશક્તિ કે આ દશિશક્તિ એ પોતે વાનપ્રસ્થ (છે). વાન એટલે પોતાના રૂપમાં પ્રસ્થ-વિશેષપણે રહેલી છે. એ પર રૂપમાં જાતી નથી. એ પર રૂપ થવા દેતી નથી. અને પોતે સાધુ છે. પોતાનું સાધન પોતે સાધે છે. પોતાનું સ્વરૂપ પોતે સાધે છે એમાં કોઈની મદદ એને છે નહિ. સમજ્યા? પછી ભિક્ષુક, સાધુ, મુનિ. પોતે પોતાને જાણવાનું કામ કરે તે મુનિ પોતે. મુન્યતે ઈતિ મુનિ. એ શક્તિ જ મુનિ પોતે છે. સાધુ સાધન પોતે કરે. યતિ-યત્ના પોતાની પોતાના ગુણની કરે છે, પરની યત્ના એમાં છે નહિ. એટલે યતિ. ઋષિ-ઋદ્ધિ. પોતાની ઋદ્ધિ પોતામાં રાખે છે. મહા અનંતી ઋદ્ધિ છે એક એક શક્તિમાં. એક એક શક્તિમાં અનંતી ઋદ્ધિ છે માટે ઋષિ કહેવામાં આવે છે. એય.. શેઠી! કેટલા વર્ષ થયા પણ જયપુરમાં સાંભળ્યું નહિ હોય આ. ૮૧. ૮૧ને? કેટલા થયા? ૮૧. ૮૦ ચાલે છે. કહો, સમજાય છે? આહાહા..! નામ આપ્યા છે હોં બધા પછી.

અહીં તો જરી એક બીજી વાત કહેવી છે થોડી. જે આ રસ છે ને? એમાં અદ્‌ભુત રસ વર્ણવ્યો છે. ઓહો..! ભગવાન! તારામાં એક અનાકાર શક્તિ કે જેમાં એક ભેદ નહિ, એવી એક શક્તિ (છે) અને એક સાકાર શક્તિ કે નાનામાં નાના અંશના ભેદસહિત જાણે આ તે કેટલો અદ્‌ભુત છે આ ભાવ! એવું લખ્યું છે ભાઈ એમાં. અદ્‌ભુત રસમાં આ મૂક્યું. અદ્‌ભુત એ આવી ગઈ છે. આપણે તે દી વાત થોડી થઈ હતી. આત્મ વૈભવમાં આવી છે. અનાકાર ઉપયોગ. ઓહોહો..! જેમાં એક ભેદ જરીએ નહિ. એવી એક શક્તિ. તે તે શક્તિના ક્ષેત્રમાં બીજી શક્તિ પાછી આ.

મુમુક્ષુ :- એકમાં નાનામાં નાનો ભેદ...

ઉત્તર :- નાનામાં નાનો એક ગુણ એની એક પર્યાય, એક પર્યાયની અનંતા અવિભાગ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પ્રતિચ્છેદ. અને એક એકના પ્રતિચ્છેદને ગુણને, દ્રવ્યને ભિન્ન ભિન્ન કરીને એક સમયનો જ્ઞાન ઉપયોગ જાણે. આ તે અદ્ભુતતા છે કે નહિ! અને તે જ સમયની ત્યાં એક શક્તિ બિલકુલ ભેદ પાડ્યા વિના દેખે. સમય એક, ક્ષેત્ર એક, ભાવના સામર્થ્યની ભિન્નતા અપાર. સમજાણું કાંઈ?

દશિશક્તિ છે જ્યાં, ત્યાં જ જ્ઞપ્તિ-જ્ઞાનશક્તિ છે. હવે એ દશિશક્તિ અનાકાર ઉપયોગ બિલકુલ ભેદ નહિ. હું અનાકાર છું કે આમાં અનાકાર શક્તિ છે અને આ આત્મા છે એમ પણ નથી એમાં તો. અને તે જ ક્ષેત્રમાં, તે જ કાળે જ્ઞપ્તિશક્તિ એટલે જાણવાની શક્તિ-જ્ઞાન (રહેલું છે). એ દ્રવ્યને જાણે, ગુણને જાણે, એ અનાકાર ઉપયોગને જાણે અને પોતાને જાણે. પોતાની એક સમયની અનંતી પર્યાય છે ત્રિકાળી એને જાણે અથવા એક સમયની વર્તમાન પર્યાયમાં અનંતુ સામર્થ્ય (છે તેને જાણે). કેવળજ્ઞાન એક સમયનું છે. શ્રુતમાં પણ એક સમયની પર્યાય છે એમાં અનંતી તાકાત છે અને શ્રુતની પર્યાય પણ અનંતા કેવળીને જાણે છે. અનંતા દ્રવ્યને જાણે. એક સમયમાં છ દ્રવ્યને જાણે એવી એક સમયની પર્યાયની તાકાત છે. પોતાના સ્વલક્ષના જ્ઞાનમાં હોં! સમજાણું કાંઈ? અને તે ભેદ ભેદ. છએ દ્રવ્યોના જેટલા અનંતતા તેને અનંત તરીકે, ગુણની અનંતતા તેને અનંત તરીકે, પર્યાયની અનંતતા તેને અનંત તરીકે, ક્ષેત્રની વ્યાપકતા-અનંત પ્રદેશ ક્ષેત્રના તેને તે રીતે (જાણે). એક એક આ અંશ... આ અંશ... આ અંશ... એવી જ્ઞાનની શક્તિનું સામર્થ્ય જેને ભેદ પાડીને, વિશેષ કરીને કોઈપણ સામાન્યનો ભાવ ન રાખતા બધું ભેદ પાડીને જાણવું એનું નામ જ્ઞાનશક્તિ છે. સમજાણું કાંઈ? એની એને ખબર ન મળે. અને જ્યાં ત્યાં ફાંફા મારે જાણે અહીં છે.. અહીં છે.. અહીં છે. ભગવાન! તારામાં આવી શક્તિનું મોટું સામર્થ્ય છે. તિજોરી ખોલ એટલે બધું પડ્યું છે એમાં. સમજાણું કાંઈ?

રાગ અને સ્વભાવ એક છે એ માન્યું છે એ તિજોરી બંધ છે. જે સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે એને સ્વભાવ સાથે એક માન્યો એ તિજોરી બંધ છે-એનું પરિણમન બંધ છે. શક્તિનું પરિણમન પ્રગટ નથી. સમજાણું કાંઈ? આહાહા..! પણ એ રાગ અને સ્વભાવ ભિન્ન અને સ્વભાવનો આશ્રય લઈને જે દૃષ્ટિ થઈ, એમાં જે દ્રવ્યનું ભાન થયું, એ દ્રવ્યમાં અનંતી શક્તિનું એક સમયમાં ખુલી ગઈ પરિણતિ એની બધી. પર્યાય અનંતી ખીલી ગઈ. એ તિજોરી ખુલી ગઈ. આહાહા..!

અરે..! એને એની ખબર ન મળે. હું કોણ છું? કેવડો છું? ક્યાં છું? એની ખબર ન મળે. અને જ્યાં-ત્યાં પરને... ઓલા બિલ્લી લોટણનો દાખલો આપ્યો છે ને. સમયસાર નાટકમાં નહિ? બિલ્લી બિલ્લી આમ એક હોય ને? ઝાડનું આવું સુંગધીવાળું મૂળિયું. મૂળિયું

સુગંધી. એનું નામ જ બિલ્લી લોટણ. આમ આમ લોટ્યા જ કરે.

એમ અનાદિ અજ્ઞાની કોઈપણ નિમિત્તને દેખીને અંદર નજરને લોટ્યા જ કરે છે મૂઢ જીવ. ફર્યા જ કરે છે. પરિભ્રમણ કરવું છે ને એટલે પરવસ્તુમાં આ.. આ... આ... આ...આ.. એમ કર્યા જ કરે છે. સ્વ વસ્તુ શું છે? એની નજર કરવાનો એને અવસર રહેતો નથી. સમજાણું કાંઈ? ખેતશીભાઈ! આરે..! આહા..! એય.. ચીમનભાઈ! એવો દાખલો આપ્યો છે હોં! મૂળિયું ઊંચું હોય ને મૂળિયું કોઈ? બિલ્લી લોટણ. એને દેખીને બસ આમ ફર્યા જ કરે. ઓલો માખી પકડવાને બાવો નથી આવતો શું કહેવાય એ? માખીનો વાઘ. શું કહે છે? માખીને પકડતા નથી? વાઘ નાનો હોય છે. માખીનું મોઢું આમ હોય ને પછી.. ખબર છે, એને મન નથી, બેયને મન નથી. મન નથી. જેટલી માખી આમ હોય, મોઢું આમ હોય અને આમ આવ્યો હોય ને એને વાઘ કહેવાય છે માખીનો નહિ નાનો? શું કહે છે? નથી સમજાતું? આપણે તો માખીનો વાઘ (કહે છે પણ) તમારે શું કહે છે એને? એ માખી હોય એને પકડવાનું નથી આવતું આટલું નાનું? તાર કહે છે? ખબર નથી આ લોકોને. એ માખી નથી હોતી? માખી હોય છે. તો એને પકડવા માટે વાઘ નાનો નથી હોતો નાનો આટલો? માખીનો વાઘ હોય છે, નાનો જંતુ. એ પકડે ત્યારે એવી રીતે આમ મોઢું આમ હોય તો પાછો ફરીને આમ ફરી ફરીને આમ આમ (થાય). અમે જોયું છે ને બધું. આમ પકડે.

મુમુક્ષુ :- સામું આવે એ ન પકડે.

ઉત્તર :- સામું ન પકડે. આમાં ઊંધો થઈને અનાદિનું પરને પકડવાનું લક્ષ કરે છે. જ્યાં હોય ત્યાં શરીર ને...

મુમુક્ષુ :- મકડીને પકડે...

ઉત્તર :- એ તો કરોળિયો. એ નહિ. એ નહિ. આ તો અહીં નીચે થાય છે. નીચે માખી નીકળે તો પકડે છે. આટલું નાનું હોય છે.

એમ અહીંયાં કહે છે. અહીં તો દાખલો છે. આડો ફરી ફરીને મારો રાગ ને પુણ્ય ને ધૂળને પરને, પરને-પરને જોવા ફર્યાફર ચક્કર મારી રહ્યો છે રખડવા માટે. ચોર્યાસીના અવતારમાં કૂદવા માટે. ભાઈ! આમ જો ને તારામાં. જે તારા ક્ષેત્રમાં એક અનાકાર નામની શક્તિ છે કે પૂર્ણ બધાને દેખે. એને દેખ્યા વિનાનો રહે નહિ અને દેખ્યા વિનાનો રહે નહિ માટે જેટલું છે તેટલું દેખાય. અને તે સામાન્યપણે દેખાય બધું, ભેદ પાડ્યા વિના. એની સાથે જ્ઞાન ઉપયોગની શક્તિ છે કે જે ભેદ પાડીને, નાનામાં નાનો અંશ જુદો જુદો પાડીને એક જ સમયનો કાળ, એક જ સમયનો ઉપયોગ, એક ક્ષેત્રમાં રહેલો જ્યાં દર્શનના ઉપયોગનું કાર્ય,

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ત્યાં જ જ્ઞાનના ઉપયોગનું કાર્ય (થાય છે). છતાં આટલો બધો બે વચ્ચે ફેર! અદ્‌ભુત રસ છે!! સમજાણું કાંઈ? એ રસ ઉતાર્યો છે એમાં ઘણા. શ્રૃંગારરસ ને.. એક એક શક્તિમાં હોં! એ પોતાની શક્તિથી પોતે શોભા છે એ શ્રૃંગારરસ એનો. પોતાની શક્તિથી પોતાની શોભા. પરથી શોભા નહિ. એવી એવી ઘણી ઉતારી છે લાંબી.

અહીં તો આ બે વચ્ચે અદ્‌ભુતતા! શાંતરસ છે. અનાકાર ઉપયોગ અને સાકાર ઉપયોગ ધરનાર ભગવાન આત્મા. એક જ સમયના બે કાર્યમાં આટલી ભિન્નતા, આટલી અનંતતા અનંતતાનો પાર નહિ તેનું એકરૂપ જાણવું અને એક સમયમાં અનંતા અનંતા જેટલા પ્રકાર પડે તેટલા પાડીને જાણે. છતાં રાગ નહિ અને જ્ઞાનની પર્યાયનું એટલું સામર્થ્ય છે. સમજાણું કાંઈ? એવી શક્તિનો ધરનાર આત્મા એની દૃષ્ટિ થતાં એ જ્ઞાન સાકાર ઉપયોગ, સાકાર એટલે ભિન્ન ભિન્ન કરીને જાણવું તે. સાકાર એટલે આકાર થવો એમ નહિ હોં! એક વળી સાધુ એમ કહેતો હતો. જ્ઞાન ઉપયોગ તો સાકાર છે, મૂર્ત છે, દર્શન ઉપયોગ અમૂર્ત છે. (સંવત) ૧૯૯૯માં સ્થાનકવાસી સાધુ હતા. હતા ને ત્યાં ઓલા, કિશનજી ને કો’ક સાધુ હતા. વચ્ચે આવ્યો હતો. જુવાન હતો. લાવને મળીએ. સાકાર એટલે મૂર્ત છે, દર્શનઉપયોગ અનાકાર છે ને જુઓ. અનાકાર એટલે અમૂર્તિક અને જ્ઞાન એટલે સાકાર. જુઓ!

ત્રીજી. ‘**અનાકાર ઉપયોગમયી દૃશિશક્તિ. (જેમાં જ્ઞેયરૂપ આકાર અર્થાત્‌ વિશેષ નથી એવા દર્શનોપયોગમયી સત્તામાત્ર પદાર્થમાં ઉપયુક્ત થવામયી-દૃશિશક્તિ અર્થાત્‌ દર્શનક્રિયારૂપ શક્તિ.**’ કહેવાય છે. અનાકાર છે ને મૂળ પાઠ પહેલો? અનાકાર-આકાર નથી. આકાર નથી એટલે રૂપ નથી એટલે અરૂપી છે ઈ. એમ નથી. અહીં તો અનાકાર એટલે જેમાં વિશેષ જાણવાના ભેદના પ્રકારો નથી. આકાર નામ વિશેષ જાણવાના પ્રકાર નથી. એકરૂપ દેખવાનો પ્રકાર તેને અનાકાર ઉપયોગ કહેવામાં આવે છે. આહાહા..! ક્યાં પણ નવરાશ ક્યાં છે માણસને રખડવાના ભાવ આગળ. આહાહા..!

‘**સાકાર ઉપયોગમયી...**’ ચોથી. ‘**સાકાર ઉપયોગમયી જ્ઞાનશક્તિ. (જે જ્ઞેય પદાર્થોના...**’ કૌંસમાં. ‘**વિશેષોરૂપ...**’ જેટલા પ્રકાર છે જ્ઞેયના-સિદ્ધના, નિગોદના, પરમાણુના, એક પરમાણુમાં અનંતા ગુણ, અનંતા ગુણની અનંતી પર્યાય, ક્ષેત્ર આકાશ, અનંતા પ્રદેશ એવો. જેટલા પદાર્થના વિશેષો છે એ બધા વિશેષરૂપ આકાર એમ લીધું છે. આમ આકારની વ્યાખ્યા એમ નથી, આ તો વિશેષોરૂપ આકાર. એમ. એમાં ‘**ઉપયુક્ત થાય છે...**’ એમાં જે ઉપયોગ જ્ઞાનનો છે તેને સાકાર ઉપયોગ કહેવામાં આવે છે. અરૂપી. સાકાર એટલે કાંઈ રૂપી નથી એ. સમજાય છે? અરૂપી ચૈતન્ય છે. એને આકાર એટલે કાંઈ આકૃતિ આ રંગ, ગંધ, સ્પર્શની છે એવી આકૃતિ નથી. આ તો જડ માટી છે. એનો આકાર જે આ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

દેખાય છે આ બધો એ આકાર જડનો છે. એવો આકાર ત્યાં નથી. પણ જ્ઞાનના વેપારમાં-પર્યાયમાં. લ્યો એને વેપારી કહ્યો છે ભાઈ! જ્ઞાનને વેપારી કહ્યો છે. વૈશ્ય કહ્યો છે, ક્ષત્રિય કહ્યો છે, સમજાણું? બ્રાહ્મણ કહ્યો છે અને ક્ષુદ્ર કહ્યો છે. એક એક શક્તિમાં ચાર વર્ણવ્યું છે. એક જ્ઞાનશક્તિ ભગવાન આત્માની ઉપયોગમયી જેમાં ભેદ પાડીને બધું જાણે. કાંઈ બાકી ન રહે એવું એક સમયમાં વિશેષપણાના પ્રકારથી જાણવું એનું નામ સાકાર ઉપયોગ. એ પોતે જ... સમજાણું કાંઈ? ક્ષત્રિય છે. જ્ઞાનગુણ ક્ષત્રિય છે. પોતાના વીર્યથી ત્યાં અશુદ્ધતા અજ્ઞાનની આવવા દેતો નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્ષત્રિય. વૈશ્ય છે-વેપારી છે. આ વેપાર યાદ આવ્યો તમારો ઓલું છે ને પ્લાસ્ટરનું. પ્લાસ્ટરનું, પ્લાસ્ટિકનું. .. આહાહા..! ઈ કહે છે કે વેપાર અજ્ઞાનનો છે. એય..!

મુમુક્ષુ :- ધંધો હોય તો ગયા વગર રહે?

ઉત્તર :- ધંધો હોય તો ગયા વગર રહે એમ કોણે કહ્યું? જાય તો ધંધો હોય તો ગયો એમ કહેવામાં આવે. જાય તો. ધંધો તો પર વસ્તુ છે. શેઠી! આહાહા..!

કહે છે, જ્ઞાનનો ઉપયોગ કોઈપણ વિચારના ભેદને દરેકને પોતાને જાણે એ જાણવાના વેપારમાં પ્રવર્તે માટે જ્ઞાનશક્તિને વેપારી કહ્યો છે. આ વેપારી છે-વેપાર. શેઠી! એ તમારા હિરા-માણેકના વેપાર નહિ. આહાહા..! એ વખતનો રાગનો વેપાર પણ એનો નહિ. ભગવાન જાણકસ્વરૂપ છે ચૈતન્યપ્રભુ. એ જાણકસ્વભાવનો વેપાર જાણવાની, પરિણમનની ક્રિયા એ એનો વેપાર છે. એ જાણનશક્તિનો વેપાર એ વૈશ્ય, જાણનશક્તિ તે વૈશ્ય છે. સમજાણું કાંઈ? શું કહ્યું પછી ત્રીજું? ક્ષુદ્ર. ક્ષુદ્ર રહી ગયું. ક્ષુદ્ર રહી ગયું ને એક? વૈશ્ય, ગૃહસ્થ, આ તો બીજા.. ક્ષત્રિય, વૈશ્ય, બ્રાહ્મણ, ત્રણ અને ક્ષુદ્ર.

એક એક શક્તિ અનંતી શક્તિની સેવા કરે છે માટે ક્ષુદ્ર. એમ કહે છે. બધી જ શક્તિ એને રક્ષવામાં સેવા કરે છે. એક એક શક્તિ એકસાથે રહીને. તારા ભંડોળમાં આવી શક્તિઓ પડી છે અંદર, એના ધરનારને તું જો, એને જાણ અને એનું માન. ત્યાં આ બધો આત્મા બિરાજમાન છે. બાકી બીજે ક્યાંય ધૂળમાંય નથી એમ કહે છે. આહાહા..! ખબર ન મળે. આમ તો બધાય કહે છે, આત્મા.. આત્મા.. આત્માનું કરો.. આત્માનું કરો.. સમજાણું?

અહીં તો કહે છે... સવારે તો આવ્યું હતું ને એ? ત્યારે છોકરાએ પ્રશ્ન કર્યો ને. શુભભાવમાં આત્માને કાંઈ લાભ જ નહિ? લાભ નહિ તો કેમ લાભ થાય? શુદ્ધભાવથી થાય છે. શુભભાવથી નહિ. શુદ્ધ કેવી રીતે? ભગવાન આત્મા આમ પૂર્ણ શુદ્ધ ચૈતન્ય, એ જાણનાર.. જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર તે આત્મા અને આત્મા તે જાણનાર. એવી અંતરમાં દ્રઢતા

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


નિર્વિકલ્પ પ્રગટ થવી એ શુદ્ધતા અને તે જીવને લાભનું કારણ છે. સમજાણું કાંઈ? આ ભણવામાં કેટલો લાભ થાતો હશે? જ્યોતિ! આ ભણે છે. આત્માને લાભ નહિ એનો લાભ એવો છે. આત્માને લાભ નહિ એનાથી. એમ. રખડવાનો લાભ કાંઈ આત્માનો છે? આહાહા..!

ભગવાન! તારામાં ચૈતન્યસ્વરૂપ છે ને. પ્રકાશપુંજ પ્રભુ. આહાહા..! જેના જ્ઞાનમાં શું ન જણાય? આટલું તો ત્રણ કાળ અને ત્રણ લોક તો છે એથી અનંતગુણું હોય તો તે વિકલ્પ અને રાગના અવલંબન વિના જાણવાના સાકાર ઉપયોગની શક્તિ. વિશેષ શબ્દ છે ને આમાં? વિશેષપણું આટલું છે પણ એથી અનંતગણું વિશેષ હોય (તો તેને પણ જાણી લે). આહાહા..! જેનો સ્વભાવ છે એને શું કહેવું? એવો ભગવાન આત્મા જ્ઞાનોપયોગની શક્તિથી ભરેલો પદાર્થ છે. એની અંતર દૃષ્ટિ આપતાં જે જ્ઞાનશક્તિ છે તે દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં વ્યાપી જાય છે. દ્રવ્યમાં છે, ગુણમાં છે, પણ પરિણમન નથી ત્યાં સુધી પરિણતિ નહિ. આવે છે ને ભાઈ? અભવિને જ્ઞાનપરિણતિ ન હોય. છે ને ઓલામાં? આમાં-પરમાત્મપુરાણમાં આવે છે. અભવિને જ્ઞાનપરિણતિ ન હોય.

મુમુક્ષુ :- પરમાત્માપુરાણ.

ઉત્તર :- હા. એમાં પરમાત્મપુરાણમાં. પછી નાખ્યું અભવિને રત્નત્રય ન હોય એમ એમાં આવે છે. પણ આમાં તો અભવિને જ્ઞાનપરિણતિ ન હોય. પરમાત્મપ્રકાશમાં અભવિને રત્નત્રય ન હોય. વ્યવહારરત્નત્રય ન હોય. આ તો કહે છે, જ્ઞાનપરિણતિ ન હોય. જ્ઞાનની પર્યાય જ નથી એને એમ કહે છે. મિથ્યાદૃષ્ટિને જ્ઞાનની પર્યાય જ નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ અગિયાર અંગ ભણે, નવ પૂર્વ ભણે છતાં એ જ્ઞાનની પર્યાય નહિ એમ કહે છે. (બાહ્ય) જ્ઞાનની પર્યાય-પરિણતિ-અવસ્થા જ નહિ એની.

એની અવસ્થા તો ભગવાન આત્મા જ્ઞાન સાકાર શક્તિનો ભંડોળ રાખનાર પ્રભુ એની અંતર દૃષ્ટિ પડતાં જે જ્ઞાનશક્તિનું પરિણમન થાય તે જ્ઞાનની પરિણતિ. જેમાં આનંદ અને સુખ સાથે આવે. સમજાણું કાંઈ? એકલી જ્ઞાનની પરિણતિમાં ક્ષયોપશમ આદિ જ્ઞાન, નવમી ગ્રૈવેયકે ગયો અને નવ પૂર્વનું ભણતર (કર્યું), પણ જેનો સ્વભાવ આનંદમૂર્તિ પ્રભુ છે, એની અંતર રૂચિનું પરિણમન નથી, સમ્યક્ પરિણમન નથી એને એ જ્ઞાનની પરિણતિ, જ્ઞાનની દશા જ કહેવામાં આવતી નથી. સમજાણું કાંઈ? આહાહા..!

શાસ્ત્ર અગિયાર અંગ, નવ પૂર્વ. કેટલું? એક આચારાંગમાં એક અંગમાં ૧૮ હજાર પદ છે. એક આચારાંગમાં ૧૮ હજાર પદ અને એક પદમાં ૫૧ કરોડ જાજેરા શ્લોક. એવા.. સમજાય છે? ૧૮ હજાર પદ. એક પદમાં ૫૧ કરોડ જાજેરા શ્લોક. એવા ૧૮ હજાર પદનું એક આચારાંગ. એવા ૩૬ હજાર પદનું સૂયગડાંગ, ૭૨ હજાર પદનું ઠાણાંગ, એમ સમવાયાંગ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભગવતી જ્ઞાતા.. અગિયાર અંગ લઈ લેવા ઠામ બમણા. એ જે આંકડો આવે એ બધો એના ખ્યાલમાં ક્ષયોપશમમાં (હોય). એ ઉપરાંત નવ પૂર્વનું જ્ઞાન હોય, પણ એ જ્ઞાનની પરિણતિ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ સાકાર ઉપયોગ શક્તિનું કાર્ય નહિ એમ કહે છે.

ભગવાન આત્મા અનંત શક્તિનો ભંડોળ રાખનાર એમાં જે સાકાર ઉપયોગ એ તો પોતે પોતાની દૃષ્ટિમાં થઈ અને જે દ્રવ્ય-ગુણમાં હતું એનું પરિણમન જ્યારે એમાંથી વહન આવ્યું, પોતાને પકડીને, પોતાને જાણીને જે દશા પ્રગટ થઈ એ જ્ઞાનની પર્યાય સાકાર ઉપયોગવાળી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ જ્ઞાનોપયોગની શક્તિમાં પણ ધ્રુવ ઉપાદાન અને ક્ષણિક ઉપાદાન પોતાને લઈને છે. બીજી શક્તિને લઈને નહિ એમ પાછું. સમજાણું કાંઈ? બીજા ગુણના ધ્રુવ ઉપાદાન અને ક્ષણિક ઉપાદાનને કારણે આનું ધ્રુવ ઉપાદાન કામ કરે એમ નથી કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એવી સ્વતંત્ર સત્તા અન્યત્વ છે. પૃથક્ નથી એમાં. ગુણ-ગુણ વચ્ચે પૃથક્પણું નથી. અન્યત્વ છે. અનેરા અનેરાપણું છે. એમ છે ને. પ્રવચનસારમાં આવે છે. છે ને વાત એ બરાબર (છે). અન્યત્વ છે-એ અનેરા છે. પર્યાય અનેરી છે, ગુણ અનેરો છે. એનો એક એક (ક્ષણિક) ઉપાદાન, ધ્રુવ ઉપાદાન અનેરો અનેરો છે એમ કહે છે. આહાહા..!

આ દ્રવ્યનો કરિયાવર પથરાય છે. જુઓ તો ખરા! એના માહાત્મ્ય આવતાં એ માહાત્મ્ય ચૈતન્યમાં જતાં કહે છે કે એ જ્ઞાનશક્તિ જે હતી એનું ઉપયોગરૂપે પરિણમન જ્યાં થયું જાણવાનું એના ભેગો અનંત આનંદ અને શાંતિ લઈને પરિણમે એને જ્ઞાનપરિણતિ કહેવામાં આવે છે. કારણ કે એક પરિણતિની સાથે બધી શક્તિઓ એકસાથે છે. અને એકસાથે શક્તિ (છે) એટલે એકસાથે એનું પરિણમન આનંદાદિનું ન હોય તો એ શક્તિ પરિણમી જ નથી. સમજાણું કાંઈ? છગનભાઈ! બહુ ઝીણું પણ. આહાહા..! આવી વસ્તુ પણ ન હોય તો બીજી હોય શી રીતે? સમજાણું કાંઈ?

**'સાકાર ઉપયોગમયી જ્ઞાનશક્તિ. (જે જ્ઞેય પદાર્થોના વિશેષોરૂપ...**' પર્યાયના ભાગો-ભેદો, ગુણોના ભેદો, આકાશના એક એક પ્રદેશના ભેદો અને પ્રદેશમાં પણ શક્તિ રહેલી અનંતી અનંતીના પ્રકારો એ બધા વિશેષોરૂપ આકાર. એમ. આમ આકૃતિ થવી એમ નહિ. પણ એના ભેદ વિશેષોરૂપનું જે જ્ઞાન, એને ઉપયોગ થાય એવી અહીં જ્ઞાન ઉપયોગમયી જ્ઞાનશક્તિ વર્ણવવામાં આવી છે. સમજાણું કાંઈ? અદ્ભુત રસ છે. અદ્ભુતાત્ અદ્ભુતં. આવે છે ને કળશમાં? આહાહા..! એ વસ્તુ અને એનો એક શક્તિનો એક ગુણ શાશ્વત તેનું પરિણમન અણાકાર ઉપયોગમયી. અને એક દ્રવ્યનો એક જ્ઞાન નામનો ઉપયોગ એટલે શક્તિ, એનું કાર્યનું પરિણમન કોઈપણ સમયના ગુણ-દ્રવ્યના ભેદ પાડ્યા વિના ન જાણે, ભેદ પાડીને જાણે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છતાં રાગ નહિ. છતાં રાગ નહિ, વિકલ્પ નહિ, એ નિમિત્તનું અવલંબન નહિ. શું કહ્યું સમજાણું?

એ જ્ઞાન ઉપયોગ શક્તિ જે છે એ દ્રવ્યમાં છે. એથી જ્યાં દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડતા એ જ્ઞાન ઉપયોગનું જે પરિણમન એક સમયમાં બધાને જાણે. ભલે શ્રુતનો ઉપયોગ હોય, પણ બધું જાણે. ભેદ-અભેદથી બધું જાણે. એવી એની શક્તિમાં પરના.. લ્યો, આ શેઠી કહેતા કે નિમિત્ત તો છે ને. નિમિત્તની પણ અહીં વાત નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહો, ગુરુ નિમિત્ત છે કે નહિ? દેવ નિમિત્ત છે કે નહિ? પણ નથી અહીં તો કહે છે. ઓલો ભગવાન નિમિત્ત છે. નિમિત્ત એટલે કારણ. આ કારણપરમાત્મા કારણ એ નિમિત્ત છે. નિમિત્ત આ નહિ. સમજાય છે કાંઈ? અને એક ઠેકાણે તો એવું પણ વર્ણન છે અંદર કે સ્વરૂપની જે દૃષ્ટિ ને જ્ઞાન, શાંતિ આદિ મોક્ષમાર્ગ પ્રગટ્યો, નિર્મળ પોતાની અવસ્થાથી, એ મોક્ષને માટે વ્યવહાર છે, નિમિત્ત છે. નિમિત્ત છે. જે નિશ્ચય મોક્ષમાર્ગ છે, પર્યાય છે, એ પૂર્ણ પર્યાય માટે આ તો નિમિત્ત છે, ઉપાદાન ધ્રુવ છે, કારણપરમાત્મા ધ્રુવ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ નિમિત્ત નહિ. ગુરુને નિમિત્ત ક્યાંય કાઢી નાખ્યા બધાય. એય.. શેઠી! આ તો તમારો નિમિત્તનો પ્રશ્ન આવ્યો હતો ને. આહાહા..!

મોક્ષરૂપી આત્માની પૂર્ણ આનંદની પર્યાય, મોક્ષદશા, પૂર્ણ શાંતિ, નિર્વાણનાથ એવો જ્યાં પ્રગટ્યો નિર્વાણનો રક્ષક પોતે પૂર્ણ દશા (તો) કહે છે કે એનું કારણ કોણ? એનું નિમિત્ત કોણ? કે એનું નિમિત્ત પૂર્વની નિર્મળ મોક્ષમાર્ગની પર્યાય તે નિમિત્ત. રાગ નહિ, સંહનન નહિ, ગુરુ પણ નહિ અને દેવ પણ નહિ. બધાના ભેગા જ્ઞાનમાં આવી ગયું. જ્ઞાન બધાનું એકસાથે વિશેષ ઉપયોગ થયો એ જ્ઞાન છે કારણ. તે નિમિત્ત કારણ કેવળજ્ઞાનનું. કેવળજ્ઞાનના ઉપયોગનું નિમિત્ત કારણ. કેમકે શક્તિ પોતે છે એ પરિણમે છે આમ સીધી કેવળજ્ઞાનપણે. સમજાણું કાંઈ? જે જ્ઞાનશક્તિ છે એ શક્તિવાન દ્રવ્ય છે-કારણ ભગવાન-એના ઉપર દૃષ્ટિ થઈ, એ જ્ઞાનશક્તિનું સાકાર ઉપયોગનું કેવળજ્ઞાનપણે પરિણમન આ કારણે થાય છે. પૂર્વે મોક્ષમાર્ગ પ્રગટ્યો છે એ કારણે કેવળજ્ઞાનના ઉપયોગનું પરિણમન છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો હજી ક્યાંનું ક્યાંય લગાવ્યું છે. આ નિમિત્ત છે ને આ નિમિત્ત છે પૂંછડા ક્યાંકના ક્યાક. મુંબઈની હવાથી અહીંની હવા જુદી જાતની છે. આહાહા..!

મુમુક્ષુ :- આ તો અંતરની વાત આવી...

ઉત્તર :- આ તો અંતરની, જેને અંતરની સુગંધ આવી. આહાહા..!

ભગવાન આત્મા સાકાર ઉપયોગની શક્તિવાળો છે. જેની પર્યાયમાં, એની શક્તિમાં તો અનંત શક્તિઓને જાણવું અને એથી અનંતગુણું બીજું હોય તો એ (જાણી) શકે, એ તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

શક્તિનું અનંત સામર્થ્યરૂપ વર્ણવ્યું. પણ જેના ઉપયોગરૂપ પરિણમન થયું, આ તો પરિણમનની વાત છે. શક્તિ એ છે એનું કાર્ય હોય કે નહિ? ગુણ હોય એનું કાર્ય હોય કે નહિ? ગુણ તો વસ્તુ થઈ, એ કારણ થયું. જ્યારે ગુણ અને ગુણી એનો ધરનાર એવા ગુણી ઉપર દૃષ્ટિ પડતા એ કારણરૂપ જે દ્રવ્ય અને ગુણ છે એની પર્યાયમાં પરિણમન થયું એ એનું કાર્ય. સીધું એનું કાર્ય એ છે. સમજાણું કાંઈ? કહો, જગુભાઈ! આવું. આ વ્યવહારના.. અરે.. પ્રભુ સાંભળને ભગવાન! તારામાં શું કમી છે કે જેને અવલંબનની જરૂર છે? દ્રવ્યના અવલંબન લીધા ભગવાનના એ પોતે પરની અપેક્ષા (રાખતું નથી). કીધું નથી ઓલામાં ૧૬મી ગાથામાં? પ્રવચનસાર. બીજી સામગ્રી શોધવાની વ્યગ્રતામાં પડ્યો શું કરવા તું? આ ભગવાન બિરાજે છે ને અનંત શક્તિનો ધણી પ્રભુ. એના ઉપર નજર નાખતા એ અનંતી પર્યાયનું પરિણમન એક સમયે થાય એનું કર્તા, કર્મ એ પોતે આત્મા છે. વ્યવહાર-ફ્યવહારની સામગ્રી બાહ્યની કોઈ કર્તાકર્મ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

જ્ઞાનઉપયોગ કાર્યનો કર્તા દેવ-ગુરુ છે? દેવ-ગુરુ કર્તા અને એ કાર્ય એનું છે? અને આ વિકલ્પ ઉઠ્યો હતો એ કારણ અને એ કાર્ય છે? એ તો નહિ પણ નિર્મળ પર્યાય જે સમયે થઈ એ પછીના નિર્મળ પર્યાય માટે એ પર્યાય કારણ છે? શક્તિ કારણ છે. એટલે શક્તિવાન કારણ છે. સમજાય છે? આહાહા..! આવી જૈનદર્શનમાં વસ્તુ પડી છે અને તે પણ દિગંબર દર્શનમાં હોં! દિગંબર જૈનધર્મ તે જૈનધર્મ છે. જેના ઘરમાં આ વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે એના ઘરમાં આ બધું પણ હવે એને જોવે નહિ અને વિરોધ કરે એનો. એનો વિરોધ કરે છે.

ભાઈ! તારામાં શું ખામી છે? ભગવાન પ્રભુ છો ને. એક એક શક્તિમાં પ્રભુત્વ ભર્યું છે. આ શક્તિ છે ને? તો અનંત શક્તિને નિમિત્ત છે. એટલે આ શક્તિને પ્રભુત્વશક્તિ નિમિત્ત છે. જ્ઞાનઉપયોગનું પરિણમન થતાં એને પ્રભુત્વશક્તિ તે નિમિત્ત છે. ઉપાદાન પોતાનું. એ પ્રભુત્વશક્તિ એટલે પોતે પ્રભુતાપણે પોતાને કારણે તે સ્વતંત્ર અખંડ પ્રતાપથી સ્વતંત્રપણે શોભાયમાન તે જ્ઞાનની શક્તિ પોતાથી પરિણમી રહી છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો દરેક શક્તિમાં નાખવું. બધામાં કાંઈક બીજું આવે, કાંઈક ત્રીજું આવે. ધરમચંદજી! એ એક શક્તિ અખંડ પ્રતાપથી શોભી રહી છે. આહાહા..! સ્વતંત્રતાથી શોભા છે એની. સ્વતંત્રતાથી શોભિત બિરાજમાન છે. જુઓ! એ શૃંગારરસ આવ્યો.

ભગવાન આત્મા જેનામાં સામર્થ્ય જ્ઞાનસ્વભાવ શક્તિ છે એનું પરિણમન-કાર્ય દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં, દ્રવ્યનો સ્વીકાર થતાં એ શક્તિઓનો સ્વીકાર થયો. સ્વીકાર થયો ત્યાં એનું પરિણમન

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થયું. સમજાણું કાંઈ? પરિણમન પર્યાય થઈ તે શક્તિ ત્રણેમાં વ્યાપી ગઈ. એને આખાને આત્માને કહેવામાં આવે છે. એટલાને આત્મા કહેવાય છે. આહાહા..! રાગ પણ નહિ, પરાવલંબી જ્ઞાન પણ નહિ આટલાને આત્મા કહેવામાં આવે છે એમ કહે છે. ભારે વાત ભાઈ! ધીરેથી કોઈ સાંભળે નહિ અને કરો વાદ. ભાઈ! ભગવાન! આ વાદની ચીજ નથી, નાથ! આહાહા..! અરે.. તું શું કરે છો આ? આમ જાણે શું કર્યું. બધે .. ગામડામાં મૂક્યા. નાના ગામડામાં બધે ફેરવ્યા. અમે જાણે શું કરી નાખ્યું! બાપુ! ભાઈ! એના પરિણામ આવશે ભાઈ! કઠણ છે બાપા! શું કરે? આ ચીજ તે કાંઈ.. જ્યાં વિકલ્પનો અવકાશ નથી. સમજાય છે? જ્યાં વાણીના વેણ કામ કરતા નથી, એ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ છે. એની અંદરમાં ડોલતો પ્રભુ અંદર બિરાજે છે. પરિણમતો. ભગવાન! એની નજરું કર્યા વિના તારું સમાધાન નહિ થાય. સમજાય છે કાંઈ? એ વાદ ને વિવાદે ને ભણતરે પાર નહિ આવે. સમજાણું?

૩૩ સાગર સુધી સ્વાધ્યાય કરે સર્વાર્થસિદ્ધના દેવ. ૩૩ સાગરોપમ. વળી કોઈ એમ કહે નવી નવી વાત આવે, નવી નવી એમ કહે છે ને. છતાં પણ આ દ્રવ્યને અવલંબીને થાય એ અલૌકિક વાત છે. એ વખતે એમ માને ઓલો વિકલ્પથી સ્વાધ્યાય કરતા હોય ને ત્યારે એને એમ થાય કે જ્યારે વિકલ્પ તોડીને સ્વરૂપની સ્થિરતા કરશું ત્યારે આનું પરિણામ સાચું આવવાનું છે. આ વિકલ્પની સ્વાધ્યાયથી એ કેવળજ્ઞાનનું કાર્ય આવવાનું છે એમ છે નહિ. આહાહા..! જગુભાઈ! દૃષ્ટિમાં એમ છે. એ દ્રવ્ય ભગવાનમાં જે જ્ઞાનશક્તિ પડી છે એ શક્તિવાનને અંદરમાં એકાકાર થઈને જ્યારે જ્ઞાન ઉપયોગ પરિણમશે કેવળજ્ઞાન ત્યારે આ મારું ફળ (આવશે). બાકી આને લઈને કેવળજ્ઞાન થશે ૩૩ સાગર સ્વાધ્યાય કરીશ માટે કેવળજ્ઞાન થશે એમ માનતો નથી. આહાહા..! એવો વ્યવહાર વચમાં હોવા છતાં એ વ્યવહારથી મારું કાર્ય વર્તમાન થાય છે કે પછી થશે (એમ માનતા નથી). આહાહા..!

મુમુક્ષુ :- વર્તમાનમાં જ...

ઉત્તર :- વર્તમાનમાં નથી. જ્ઞાન ઉપયોગ જે છે શક્તિ, એ શક્તિનું પરિણમન જ દ્રવ્યને અવલંબે જે કાર્ય થાય છે એ પોતામાં સ્વતંત્ર પર્યાયમાં એટલામાં જ વ્યાપી રહ્યું છે. એને વ્યવહારના જ્ઞાનનો અભાવ છે એમાં. સમજાણું કાંઈ? વર્તમાન. તો વળી પછી કેવળજ્ઞાન થાશે, આ બધું સ્વાધ્યાય કરીએ માટે થાશે. આહાહા..! પંડિતજી! એવી ચીજ છે. એ અંતરની ચીજ છે ભગવાન! આહાહા..!

ભગવાન મહાલાભથી પડ્યો છે. એને કોઈ બહારના લાભની જરૂર છે એ વસ્તુ જ નથી. કેવળજ્ઞાનનો ઉપયોગ પણ કહે છે કે એ શક્તિથી પોતે પરિણમી રહ્યો છે. સમજાય છે કાંઈ? સાકાર ઉપયોગ સાધકમાં પણ પરિણમી રહ્યો છે અને પૂર્ણ જ્યારે થાય ત્યારે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એ સાકાર ઉપયોગ પોતાને જ કારણે ત્યાં પરિણમી રહ્યો છે. આહાહા..! અહીં સાકાર ઉપયોગ જ્ઞાનમાં... એમ કે આ ઈન્દ્રિયો હતી. જુઓ, આ તો સાંભળવાને મળ્યું તો એટલી તો મદદ કરી કે નહિ ઈન્દ્રિયોએ? આ ગુરુ મળ્યા, ગુરુના શબ્દો કાને પડ્યા, ભગવાન મળ્યા, ભગવાનની દિવ્યધ્વનિ સાંભળી એટલો તો કાંઈ લાભ થયો કે નહિ? ના. એઈ..! ..ભાઈ! એ જે તને લક્ષમાં આવેલી વાત હોય પરથી, એનો પણ જ્યાં જ્ઞાનશક્તિરૂપ ભગવાન આત્મા છે, એમ દૃષ્ટિ આપતાં એના વિનાનું પરિણમન થાય તે તારી દશા છે. પરના લક્ષમાં આવ્યું લક્ષ એટલે આ આમ કહે છે, છતાં એ જ્ઞાન કારણમાં મદદ કરે એમ છે નહિ. સમજાણું કાંઈ?

સર્વ પદાર્થ.. આહાહા..! ચૈતન્યના પ્રકાશમાં લોકાલોક અને એથી અનંતા ક્ષેત્ર અને અનંતો કાળ હોત, કાળ તો બીજો ક્યાંથી લાવવો? ક્ષેત્ર ક્યાંથી લાવવું? લાવે ક્યાંથી? આ તો એક સામર્થ્યની સ્વભાવની શક્તિનું વર્ણન છે. એનો સ્વભાવ જ એવો છે. માટે સ્વભાવ છે એમાં આવું નથી માટે કામ કરતો નથી એમ નથી. પોતાના સ્વભાવનું સામર્થ્ય જ એટલું છે. ત્રણ કાળ ત્રણ લોકથી અનંતગુણો કાળ અને અનંતગુણું ક્ષેત્ર હોત તોપણ પોતામાં જ્ઞાન ઉપયોગથી જાણવાના સામર્થ્યવાળું આ તત્ત્વ છે. સમજાણું કાંઈ? ઓલામાં કહ્યું નથી? જેને ઉપચારે સર્વજ્ઞ લોકાલોક અસદ્‌ભુત વ્યવહારનયે જાણે એમ કહ્યું, એના અનુપચારના સામર્થ્યની શું વાત કરવી? છે ને ભાઈ ઓલામાં? એમાં પદ્મપુરાણમાં છે, ઓલા જયસેનાચાર્યની ટીકામાં છે. પદ્મપુરાણમાં છે. અનુભવપ્રકાશ. સર્વજ્ઞ પરને જાણે એ તો ઉપચાર થયો, પણ જેને પરને જાણવું લોકાલોકનું જેને ઉપચારમાત્રથી છે એનો સર્વજ્ઞનો સ્વભાવ કેટલો અનુપચાર છે! પોતાથી પરિણમી રહ્યું છે આખું જ્ઞાન. એ તો પછી કહેવું કે આને જાણે છે, એ તો અસદ્‌ભુત વ્યવહારનય. અસદ્‌ભુત ઉપચાર વ્યવહાર છે. સમજાણું કાંઈ?

આ તો પોતે જ્ઞાનનો ભંડાર પ્રભુ, એની જ્યાં અંતર દૃષ્ટિ પડતાં જ્ઞાન જ્યાં ઉકેલીને, પરિણમીને આવ્યું, કળી ખીલીને ખીલી આવી, પોતે ખીલી આવી હોં કળી. સમજાય છે કાંઈ? અહીં તો કળી ખીલે છે ત્યાં સૂર્ય નિમિત્ત છે માટે ખીલે છે એમ નહિ. એ કળીમાં ઉપાદાન શક્તિ છે અને ક્ષણિક જ્યારે એ ખીલી એ પોતાની શક્તિથી ખીલી છે. શેઠી! વળી કળીમાં ગયું આ. એ કળી ખીલે છે ને? એના રજકણોના ઉપાદાનથી ખીલે છે. અને તે ક્ષણે એની પર્યાયની ખીલવટની ઉપાદાન કારણે ખીલી છે. નહિ કે સૂર્યને કારણે, બહારના નિમિત્તને કારણે એમ છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

એમ ભગવાન આત્મા જ્ઞાનથી ખીલે છે અંદરથી, એ પોતાના દ્રવ્યમાં એ શક્તિ સામર્થ્ય અનંતગણું પડ્યું છે એમાં એકાગ્રતાનું જ્યાં જોર આવ્યું છે એટલે પર્યાય પર્યાયને કારણે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સ્વતંત્ર પરિણમી રહી છે. એને જ્ઞાનશક્તિનું જ્ઞાન છે, એને જ્ઞાનશક્તિની પ્રતીતિ છે, એને જ્ઞાનશક્તિનું પરિણમન કાર્યમાં આવ્યું છે. એને ધર્મી ને આત્મા છે એમ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**જેઠ વદ ૫, શનિવાર તા. ૧૫-૬-૧૯૬૮**
**શક્તિ-૫, પ્રવચન-૫૩૮**

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. સમયસાર. એમાં શક્તિઓનું વર્ણન છે. એટલે શું? જે આ આત્મા છે આ આત્મા, એ તો વસ્તુ છે. અને તેના ગુણ જે છે એને અહીં શક્તિ કહે છે. અને એ શક્તિઓની સંખ્યા આત્મામાં અનંત છે. વસ્તુ એક છે અને શક્તિઓ એટલે ગુણની સંખ્યા અનાદિ રહે એમ નહિ, એ તો કાળથી, આ તો વર્તમાન સંખ્યાથી એક આત્મામાં અનંત શક્તિઓ છે. શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની અહીં વાત નથી. અનાદિઅનંત રહે એ તો કાળની વાત છે. અહીંયા ઈ વાત નથી. અહીં તો સંખ્યામાં અનંત છે. રહેવામાં અનંત એ તો કાળથી. સમજાણું કાંઈ?

આત્મા વસ્તુ છે એમાં અનંત શક્તિ એટલે ગુણ (રહેલી છે). અને એક એક ગુણની અનંત શક્તિ અને એક એક ગુણની અનંતી પર્યાય. સમજાય છે કાંઈ? એવો આત્મા જેને ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જોયો, જાણ્યો અને કહ્યો, એવો આત્મા અંતર દૃષ્ટિમાં આવતાં શુદ્ધ ચિદાનંદમૂર્તિ એવું અનુભવમાં, સમ્યગ્દર્શનમાં એનું ભાન થતાં અનંતા ગુણનું પરિણમન શુદ્ધ સમકિતના કાળમાં થાય છે એનું આ વર્ણન છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા..! શરીર, વાણી, કર્મ એ તો પર છે. એ કંઈ આત્મામાં નથી. અહીંયાં તો જેટલો એનામાં અશુદ્ધ ભાવ છે એ પણ એની દૃષ્ટિના વિષયમાં નથી, તેથી તે દ્રવ્યનું પરિણમન શુદ્ધ એને આત્મા કહેવામાં આવે છે. જેટલો એ ભાગમાં અશુદ્ધ ભાવ રહી ગયો એ ભાવ આત્મામાં નથી. એનો એમાં અભાવ છે એમ કરીને અનેકાંતનું સ્વરૂપ અહીંયાં સિદ્ધ કર્યું છે. સમજાય છે કાંઈ? કેમકે સમ્યગ્દર્શન છે એ પૂર્ણ દ્રવ્ય અખંડ અભેદને અનુભવે-જાણે છે દૃષ્ટિ કરીને, શ્રદ્ધા કરીને. એટલે એને શ્રદ્ધીને અનંત ગુણોનું એકરૂપ એવી દૃષ્ટિ થઈ છે. એથી એ દૃષ્ટિના વિષયમાં અનંત ગુણનો પિંડ એવું દ્રવ્ય શુદ્ધ છે અને તેથી તેનું પરિણમન શુદ્ધ જ છે. સમજાય છે કાંઈ?

સમ્યગ્દર્શનના સ્થાનમાં, ભાવમાં, ભૂમિકામાં એનું દ્રવ્ય તો શુદ્ધ છે. શક્તિએ શુદ્ધ છે, પણ જ્યાં અનુભવ પ્રતીત થઈ કે આ આત્મા શુદ્ધ આનંદકંદ છે એવી પ્રતીત અનુભવમાં થઈ ત્યારે તેની પર્યાયો પણ અનંતા ગુણની શુદ્ધ થઈ. એ શુદ્ધ થઈ એ પર્યાયવાળો આખો આત્મા એને અહીં આત્મા કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? બાકી બધું પરમાં જાય છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

શરીર, વાણી તો પર જ છે પણ એ કાળમાં જરી અશુદ્ધતા આદિ, રાગની અલ્પતા આદિ એ બધું આત્મામાં નહિ. આત્મા તો અહીંયાં વસ્તુ તરીકે અખંડ પ્રભુ આત્મા એને પ્રતીતમાં, જ્ઞાનના જ્ઞેયમાં લઈને પ્રતીત કરી છે, એની પરિણતિમાં તો શુદ્ધતા જ એની પરિણતિ છે. પરિણતિ એટલે અવસ્થા. શેઠી! આહાહા..! એ શુદ્ધની પરિણતિ, ગુણ અને દ્રવ્ય એ આખાને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. આહાહા..! ચીમનભાઈ! આ ઝીણું છે બધું. આ વાંચીને બધું સમજવું પડશે આ. ત્યાં ધૂળમાં કાંઈ નથી, હોં!

આ તો આત્માની લક્ષ્મી અનંતી છે. ઓહોહો..! જુઓ! આપણે જ્ઞાન સુધી આવ્યું છે ચોથી શક્તિ. જ્ઞાનશક્તિ આવી છે ને? આત્મામાં એક જીવત્વશક્તિ છે. એ શક્તિમાં જોકે જ્ઞાન-દર્શન-આનંદ અને સત્તા આવી ગયા છે. ભાઈ! ભાવપ્રાણ જેનું લક્ષણ છે ને? ભાવપ્રાણ હમણાં આવ્યું હતું ને? જીવત્વશક્તિ. સમજાણું? એવા ચૈતન્યભાવનું ધારણ. એ ભાવનું ધારણ. આમાં ભાવપ્રાણનું ધારણ આપણે લખ્યું છે ને. એ ન્યાય છે ને ભાવનું ધારણ. વસ્તુ જે આત્મા છે એની જીવત્વ શક્તિ છે, જોકે એનું લક્ષણ તો ચિતિ છે જીવત્વશક્તિનું પણ. પણ એ તો વિશેષરૂપે. જીવત્વશક્તિ છે એમાં જ્ઞાન, દર્શન, આનંદ અને હોવાપણું એવા એના ભાવપ્રાણ છે. એટલે એ જીવનું જીવન આ ચાર ભાવપ્રાણ છે. એટલે ખરેખર જીવનું જીવન શુદ્ધ દ્રવ્ય અને એમાં રહેલી જીવત્વશક્તિ અને એમાં એનું સ્વરૂપ ભાવ જ્ઞાન, આનંદ એની દૃષ્ટિ થતાં એ ચારેય ગુણનું પરિણમન સમ્યગ્જ્ઞાનરૂપે, સમ્યગ્દર્શનરૂપે એટલે સમ્યગ્દર્શન ઉપયોગરૂપે અને દર્શનઉપયોગ, આનંદરૂપે અને હોવાપણે એવું એનું પરિણમન એને અહીં જીવત્વ ગણવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? પંડિતજી! આ દસ પ્રાણનું જીવન એ પ્રાણ એના નથી. આ તો માટીના છે, જડ છે, આ તો ધૂળ છે. પાંચ ઈન્દ્રિય, મન, વચન, કાયા, શ્વાસ અને આયુષ્ય એ તો માટી, ધૂળ છે, પુદ્ગલ છે. એ કાંઈ આત્માનું જીવન નથી. પણ એની અંદર પર્યાયની યોગ્યતામાં જે રહ્યો છે યોગ્યતાથી એ પણ જીવત્વશક્તિનું જીવન નહિ. એટલે કે દ્રવ્યનું જીવન નહિ, એટલે કે આત્માનું એમાં એને લઈને ટકવું નહિ. સમજાણું કાંઈ?

એટલે કહે છે, એમાં જ્ઞાન, દર્શન, આનંદ અને સત્તા એવા ભાવપ્રાણ. પ્રાણ, પ્રાણ, એના પ્રાણ. એ પ્રાણ એના એનાથી એનું જીવન છે. એવું ભાન થતાં એની વર્તમાન દશામાં ધર્મીને જ્ઞાન-દર્શન અને આનંદના જે પ્રાણ જીવના છે એનું પણ શુદ્ધ જ પરિણમન થાય છે. સમજાય છે કાંઈ? એવા શુદ્ધ પરિણમનની પર્યાય, ગુણ ને દ્રવ્યવાળો આખો ક્રમે અને અક્રમે પ્રવર્તતો જે આત્મા એ આખો તેને આત્મા કહેવામાં આવે છે. એને આત્મા કહે છે. આ સર્વજ્ઞથી સિદ્ધ થયેલું (છે). અજ્ઞાનીઓ આત્મા આત્મા બધા કરે છે પરમેશ્વરે જાણ્યા

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


વિનાનું અન્યમાં... સમજ્યા? એ વાત ક્યાંય આમાં મેળ ખાય એવી નથી. સમજાણું કાંઈ? આ તો કેવળજ્ઞાની પરમેશ્વરે, 'કેવળી પણ્ણંતો ધમ્મો' સર્વજ્ઞ તીર્થંકરદેવ જેણે એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણ્યા, એમાં એણે આત્માને આવો જાણ્યો અને ધર્મી જીવને આવો આત્મા અનુભવાય એમ એણે જાણ્યું છે. સમજાણું કાંઈ?

ભગવાન કેવળજ્ઞાનીએ એમ જોયું કે સમ્યગ્દૃષ્ટિ જીવને આવો આત્મા હોય છે એમ એણે ભગવાને જોયું છે. સમજાય છે? જ્ઞાન, દર્શન, આનંદ અને સત્તા. હોવાપણે. એ તો હોવાપણું તો બધામાં નાખવું જોઈએ ભેગું. પણ ખરેખર તો જ્ઞાન, દર્શન અને આનંદ છે. સમજાય છે? હોવાપણું તો નાખવું જોઈએ દરેકમાં. સમજાય છે કાંઈ? આ તો ભગવાનનો દરબાર ખોલાય છે અત્યારે. આહાહા..! ભગવાન આત્મા-આ આત્મા સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાનીએ એને આત્મા કહ્યો અને એ આત્માનો જેને અનુભવ થયો-ધર્મીને, એને આવો આત્મા અનુભવમાં આવે છે એ વાત કહેવાય છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા.. એનું નિમિત્ત તો પર રહ્યાં, અશુદ્ધતા આદિ છે એ પણ પરમાં જાય છે, ફક્ત ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ, એમાં જીવતરશક્તિના પ્રાણ, એના પ્રાણ એનું જીવન જ્ઞાન, દર્શન એનાથી એ જીવે છે. તો એ જીવનું જીવન કહેવામાં આવે છે. આથી જીવે તો જીવનું જીવન છે. તો એ જીવ જીવ્યો કહેવાય. અને રાગાદિ અને અશુદ્ધ પ્રાણવાળો હું છું એમ માનનારો જીવને મારી નાખ્યો કહેવાય એમ છે.

મુમુક્ષુ :- એનું નામ હિંસા?

ઉત્તર :- એનું નામ હિંસા. આહા..! સમજાણું કાંઈ? બહુ ઝીણી વાત છે, બાપુ! આ તો આત્માની વાત એણે જગતમાં અનંત કાળમાં એણે વાસ્તવિક રીતે જાણી નથી, સાંભળી નથી. આમ તો બધા એમ ને એમ કહે છે. પણ વાસ્તવિક જે ભગવાનસ્વરૂપ આત્મા છે. અંતર એક એક આત્મા હોં અંદર. એવું એનું જીવન એને પહેલી નાખી અને એ જીવનશક્તિને જેણે જાણી અને અનુભવી, અલ્પ કાળમાં તેની મુક્તિ. સમજાય છે કાંઈ? બીજી શક્તિ ચિતિ લીધી. ખરેખર તો એનું ચેતન લક્ષણ છે. અનંત ચૈતન્યમંડિત પ્રકાશસ્વરૂપ ભગવાન, એ જીવત્વનું લક્ષણ છે. અનંત ચૈતન્યપ્રકાશનો પુંજ ભગવાન. એમાં આ દર્શન-જ્ઞાન ભેગા આવી જાય છે. જુઓ! શૈલી ત્યાંથી ઉપાડી. જીવતરથી ઉપાડીને હવે અહીંયા દર્શન-જ્ઞાન અને સુખ ને વીર્ય એમ નાખે છે. સમજાય છે કાંઈ?

ઓલામાં એમ નાખ્યું છે સિદ્ધમાં પહેલું સમકિતગુણ, પછી જ્ઞાન, દર્શન અને વીર્ય. બસ. ઓલા ચાર તો અવ્યાબાધ એનું કાંઈ નહિ. સિદ્ધને આઠ કર્મ છે એ ગયા છે. સિદ્ધ ભગવાનને આઠ કર્મ છે એનો નાશ થયો છે. સિદ્ધ પરમાત્મા. નમો લોએ સવ્વ સિદ્ધાણં.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આવે છે ને? એને આઠ કર્મનો નાશ થઈને અને આઠ ગુણ એટલે પર્યાય પ્રગટ થઈ છે. એટલે સમકિતની એક પર્યાય. ક્ષાયિક સમકિત લીધું છે. અનંતજ્ઞાનની, અનંતદર્શનની, અનંતવીર્યની બસ એ ચાર. ઓલા ચાર તો અવ્યાબાધ છે એ તો ઠીક. પ્રતિજીવી (ગુણ છે).

અહીંયાં તો જીવતરશક્તિના પ્રાણમાં જ્ઞાન-દર્શન આદિ જે ચિતિશક્તિ એનું લક્ષણ છે, એ ચિતિલક્ષણ એટલે પ્રકાશરૂપ. એ પ્રકાશનો ધરનાર ભગવાન (છે) એવી અંતર દૃષ્ટિ થતાં એ ચિતિપ્રકાશરૂપ વસ્તુ છે એ દ્રવ્ય-ગુણ અને પર્યાયમાં વ્યાપે છે અને વ્યાપીને એ પર્યાયમાં ચિતિની નિર્મળતા આવી જાય છે અને નિર્મળતા આવે તે એની પર્યાય છે. એવા પર્યાય સહિતનો આત્મા તેને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ ચિતિના બે ભાગ. દર્શન અને જ્ઞાન. જુઓ! શૈલી અહીંથી ઉપાડી. દર્શનઉપયોગ હોં અહીંયાં. દર્શન-સમકિત નહિ. દર્શન અનાકાર ઉપયોગ. જેનો દેખવાનો ભાવ એવો છે ભગવાન આત્મામાં અનાકાર કે જેમાં કોઈ વિશેષ નહિ, અણ-આકાર. આકાર એટલે કોઈ વિશેષતા નહિ. એ સામાન્યપણે એકરૂપ વસ્તુને દેખે. એ વસ્તુને દેખે એમાં આ દેખે એવું એમાં નહિ. એવી કોઈ સૂક્ષ્મ બારિકી દર્શનના ઉપયોગની ચીજ છે. એ ઉપયોગ એ જીવનો સ્વભાવ છે. ઉપયોગ લક્ષણં. '**सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं**' જુઓ! ત્યાંથી ઉપાડ્યું એ. સમજાણું કાંઈ?

એ દર્શન અનાકાર ઉપયોગ એ જીવનો ગુણ છે. જીવની શક્તિ છે, જીવનું સામર્થ્ય છે. એ એક એક ગુણ અનંતગુણને મદદ કરે છે, અનંતગુણને ધારે છે, અનંતગુણને નિમિત્તરૂપ થાય છે. ભલે ગુણ-ગુણનું લક્ષણ જુદું. એ ગુણનું લક્ષણ એમાં ન આવે. સમજાય છે કાંઈ? પણ એ બધાનું દૃષ્ટિપણું અહીંયાં દર્શનમાં આવી જાય. સમજાય છે કાંઈ? દેખવાપણું બધાનું આવી જાય. એને દર્શનઉપયોગ કહી અને એનું પરિણમન દ્રવ્ય, ગુણ, પર્યાયમાં વ્યાપી ગયું. એ જ્ઞાનનો કીધો ચોથો બોલ. જ્ઞાન. 'જ્ઞાન સમાન ન આન જગતમાં સુખ' આવે છે ને છ ઢાળામાં? છ ઢાળા આવડે છે? છ ઢાળામાં આવે છે. નવનીતભાઈને છ ઢાળા કંઠસ્થ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નથી. ત્યારે કહ્યું ને. નથી એટલે કહ્યું.

'જ્ઞાન સમાન ન આન જગતમાં સુખકો કારણ' આવડે છે? 'જ્ઞાન સમાન ન આન સુખકો કારણ...' એટલે જ્ઞાન પછી અહીં સુખ લીધું. ભગવાન આત્મા જ્ઞાન, અનંત અનંત જ્ઞાનનો સાકાર ઉપયોગમયી ચીજ છે. સાકાર એટલે? વિશેષપણે, વિશેષપણે. વિશેષ એટલે? જેટલા પ્રકારના ભેદ પડીને દ્રવ્ય-ગુણ-પર્યાયના જેટલા પ્રકાર-ભેદ છે એ બધાને વિશેષપણે એક

સમયમાં જાણવું એવો જ્ઞાનના ઉપયોગનો સ્વભાવ છે. એ જ્ઞાનના સ્વભાવના ઉપયોગવાળું દ્રવ્ય દૃષ્ટિમાં લેતાં એ જ્ઞાનનો ઉપયોગ પર્યાયમાં શુદ્ધપણે પરિણમે છે. શુદ્ધપણે પરિણમે તેને જ્ઞાનોપયોગ કહેવાય. અશુદ્ધપણે પરિણમે એ જ્ઞાનોપયોગ નહિ, એ જ્ઞાનની પરિણતિ નહિ. સમજાણું કાંઈ?

હવે આપણે તો આ સુખ લેવું છે આજે. પાંચમો બોલ છે ને? 'જ્ઞાન સમાન ન આન જગતમેં સુખકો કારણ.' પંડિતજી! આવે છે એ છ ઢાળામાં? તો જ્ઞાન જયાં થયું, જ્ઞાનની સાથે આનંદ હોય જ એમ કહે છે. સમજાય છે કાંઈ? એ જ્ઞાન આત્માનું થયું તો એ જ્ઞાન અનંતગુણમાં વ્યાપે છે. જ્ઞાન અનંતગુણમાં એટલે સાથે સુખગુણ, સમકિતગુણ... સમજાય છે? બધામાં જ્ઞાન વ્યાપે છે.

કહે છે... હવે પાંચમી શક્તિ. '**અનાકુળતા જેનું લક્ષણ...**' છે. ભાષા તો આટલી છે. '**અનાકુલત્વલક્ષણા સુખશક્તિઃ**' બાર અક્ષર છે. સંસ્કૃત પડ્યું છે. '**અનાકુલત્વ**' એ પાંચ. '**લક્ષણા**' આઠ અને '**સુખશક્તિઃ**' બાર. શું કહે છે? આત્મામાં એક અનાકુળ લક્ષણવાળો એક આનંદ પડ્યો છે અંદર. આત્મામાં. જેમ જ્ઞાનશક્તિ છે એવો આનંદ આત્મામાં છે અને એ આનંદ અનાદિઅનંત હોવા છતાં દૃષ્ટિમાં જ્યાં સુધી ન આવે ત્યારે એ આનંદનું પરિણમન ન થાય એને. સમજાય છે કાંઈ? એ દ્રવ્ય-આનંદથી ભરેલો પદાર્થ. એવું જે આત્મતત્ત્વ એને વર્તમાન પર્યાય દ્વારા પર્યાયવાનનો અનુભવ ન કરે ત્યાં સુધી એને આત્મા આત્માપણે જણાણો નથી. તેથી એને સુખનો, આનંદનો અનુભવ પણ હોય નહિ. અને જ્યાં આત્મા આત્માપણે જણાણો.. ભગવાન આત્મા સર્વજ્ઞે કહેલો એવો આત્મા, પરમેશ્વર વીતરાગદેવે કહેલો આત્મા, એને જાણતાં... કાંતિભાઈ! બધું ઝીણું છે આ. ઝીણું કહો તો એ પણ ઝીણું કહે. ઝીણું કહીને ત્યાં તમારા ઓલા લાકડામાં નથી સમજાય એવું. આ બીજી જાત છે આ.

'**અનાકુળતા જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે...**' એવો આત્મામાં એક આનંદ નામનો સુખ નામનો ગુણ અનાદિઅનંત છે. આહાહા..! એ આનંદ નથી શરીરમાં, નથી વાણીમાં, નથી કર્મમાં, નથી પુણ્ય અને પાપના રાગમાં. સમજાણું કાંઈ? વર્તમાન અલ્પજ્ઞ પર્યાયમાં પણ એ આનંદગુણ નથી. ગુણ તો ત્રિકાળમાં છે. સમજાણું કાંઈ? તો ત્રિકાળ વસ્તુ જે આત્મા એનો જે આનંદગુણ ત્રિકાળ, એની અંતર દૃષ્ટિ થતાં ધર્મીને એ દ્રવ્યમાં અને ગુણમાં રહેલો જે આનંદ, એની અંતર પ્રતીત (કરી), જ્ઞાનનું જ્ઞેય કરી આત્માને, અનુભવ થયો ત્યારે એ આનંદગુણ પર્યાયમાં વ્યાપી ગયો. પર્યાયમાં આવ્યો. જે દ્રવ્ય-ગુણમાં હતો એ પર્યાય એટલે અવસ્થામાં આનંદ આવ્યો, ત્યારે એણે આનંદગુણને માન્યો એમ કહેવામાં આવે છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ધરમચંદજી! ભારે વ્યાખ્યા આવી. આવો ધર્મ તે કઈ જાતનો! આ તે વીતરાગનો માર્ગ હશે આવો? ત્યાં તો ઓલા સાંભળે કે આ ક્રિયા કરો ને આ કરો. પણ આત્મા તું કોણ છે એને સમજ્યા વિના ક્યાં તારી ક્રિયા કામ આવતી હતી? અજ્ઞાનરૂપી પાડો તારી ક્રિયા ખાઈ ગયો અનંત વાર. સમજાણું કાંઈ?

જુઓને જ્ઞાન પછી સુખ મૂક્યું છે. જીવતર, ચિતિ, એનું લક્ષણ, દર્શન અને જ્ઞાન, સુખ. ભગવાન આત્મામાં અનાકુળ સ્વરૂપ એવું આનંદ એનો ગુણ છે. એ ગુણનું તત્ત્વ વસ્તુમાં છે, શક્તિમાં છે અને એની અંતર દૃષ્ટિ થતાં, ભાન થતાં-આ આનંદ છે આત્મા એવું ભાન થતાં-એની વર્તમાન અવસ્થામાં પણ ધર્મી જીવને આનંદનું વેદન થાય. એને ધર્મી કહીએ. એમ કહે છે અહીં. ...ભાઈ! ભારે વાતું આ. કારણ કે પોતે આત્મા છે એમાં આ આનંદગુણ છે. હવે આત્માને જ્યારે માને ત્યારે તો અનંતગુણનો પિંડ એવા આત્માને માન્યો. માન્યો ત્યારે વિપરીત માન્યતા હતી ત્યાં સમ્યક્ પ્રતીત થઈ ગઈ. સમ્યક્ પ્રતીતમાં આખો ભગવાન આનંદમૂર્તિ છે એમાં અનંત ગુણ સાથે આનંદ (છે). તો એ આનંદનું પણ પરિણમન જીવતરશક્તિની સાથે, દર્શન ચિતિની સાથે, દર્શન, જ્ઞાનની સાથે એ જ્ઞાનમાં અનંતી શક્તિનો પર્યાય ઉછળે છે. એ પહેલાં આવી ગયું છે. આ એનો તો વિસ્તાર કરે છે.

જ્ઞાનના પરિણમનમાં, જ્ઞાનમાત્ર આત્મભાવમાં અનંતી શક્તિઓની વ્યક્તતા વર્તમાન પર્યાયમાં ઊછળે નામ પરિણમે છે. સમજાણું કાંઈ? એને ધર્મ કહીએ. અને એને ભગવાન ધર્મી કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ અનાકુળ લક્ષણ એવી જે સુખશક્તિ એને અનંતગુણનું સુખ છે. જ્ઞાનનું સુખ, દર્શનનું સુખ, આનંદનું સુખ, વીર્યનું સુખ, અનંતી શક્તિઓ જે છે એ બધાનું સુખ છે એને. શક્તિઓ જે છે એનું દુઃખ છે એને?

સુખસ્વભાવવાળો ભગવાન આત્મા, સુખશક્તિ છે એ ગુણ છે એનો. એ ગુણનું, અનંતગુણનું એને સુખ છે. જેમ જ્ઞાનમાં અનંતગુણનું જ્ઞાન છે, દર્શનમાં અનંતગુણનું દશિપણું છે એમ સુખમાં અનંતગુણનું સુખ છે. શેઠી! આહાહા..! શક્તિનું વર્ણન તો કોઈ અલૌકિક કર્યું છે! આચાર્યે તો ભગવાનના કેવળજ્ઞાનના પિંડમાં શું હતું એ ઉતારી નાખ્યું છે. સમજાણું કાંઈ? લોકોને ખબર ન મળે અને માનીને બેસે કે અમે કાંઈક ધર્મ કરીએ (છીએ). બાપા! ધર્મના મોઢા મોટા છે ભાઈ! વીતરાગ પરમેશ્વર કેવળીએ કહેલો ધર્મ એ કોઈ અલૌકિક છે, ભાઈ! સમજાણું કાંઈ?

અહીં કહે છે, ભગવાન આત્મા એને આનંદ જે શક્તિ છે એ અનંત આનંદ અને દરેક ગુણનો આનંદ વેદે છે એ. તો પરિણતિ નામ એની પર્યાયમાં પણ આનંદ આવે છે તો પર્યાયમાં પણ અનંતગુણની પરિણતિનું પણ એ સુખ આનંદનું સુખ છે. અનંતી નિર્મળ પર્યાયનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સુખ છે. સુખનું સુખ તો છે પણ અનંતી નિર્મળ પર્યાય પ્રગટી એનું સુખ છે. આહાહા..! શેઠી! આ તો કોઈ દી અહીં શક્તિ વાંચી હોય ત્યારે હતા કે નહિ કોઈ વખતે? નહિ હોય. પહેલી વંચાઈ ગઈ છે આ તો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, નહિ. જ્ઞાન જાણે છે એની સાથે આનંદ આવે છે સમાધાન. એમ કહે છે. એ સમભાવનો અર્થ વીતરાગતા, વીતરાગતા સુખ. સમજાણું કાંઈ?

'**અનાકુળતા...**' આકુળતા જ જ્યાં નથી. વિકલ્પનું સ્થાન નથી, અસ્થિરતા નથી. એ તો ચારિત્રમાં સમાડી દેશે અહીંયાં. સમજાણું કાંઈ? સુખગુણમાં અહીંયા સમ્યગ્દર્શન અને ચારિત્ર બેય સમાડ્યા છે. હજી તો આવતા-આવતા જુઓ આવવા તો ઘો. આ તો શરૂ થયું છે. કહે છે કે આ આત્મા.. આ તો માટી જડ, ધૂળ-માટી છે. એ ક્યાં આત્મા હતો? અને કર્મ છે આઠ એ માટી જડ છે. સમજાય છે? અને એમાં કંઈ પુણ્ય અને પાપનો ભાવ થાય છે એ કાંઈ આત્મા નથી. એ તો આસ્રવ છે, એ તો વિકારતત્ત્વ, આસ્રવતત્ત્વ છે. એ આત્મતત્ત્વ છે? તો આત્મા તત્ત્વ જે ભગવાને કહેલો જે આત્મા, એ આ ભગવાન પોતે પોતાની મહિમામાં આવીને જ્યારે જાણ્યો (કે) આ આત્મા. આહાહા..! ત્યારે એને સાથે આનંદ આવ્યો, કહે છે. એ આનંદનું પરિણમન થયું એને. ગુણમાં હતું, શક્તિરૂપ હતું પણ પ્રતીત નહોતી. પ્રતીત હતી પર ઉપર. રાગની ને પુણ્યની ને આની ને આની અલ્પજ્ઞ પર્યાયની. એ પર્યાયમાં પણ આનંદ તો નહોતો અનાદિ. સમજાય છે કાંઈ?

અલ્પ જ્ઞાન, અલ્પ દર્શન, અલ્પ વીર્યનો વિકાસ છે અને રાગ-દ્વેષ તો વિપરીત અવસ્થા છે. આનંદની તો ઊલટી અવસ્થા છે. જ્યાં આગળ ચૈતન્યના વસ્તુની દૃષ્ટિ નથી ત્યાં આગળ તો એ રાગ ને પુણ્યને પોતાનો માને કાં અલ્પજ્ઞ દશાને પોતાનું માને ત્યાં તો દુઃખ છે, એ તો દુઃખ દશા છે. સમજાણું કાંઈ? હવે આનંદ ક્યારે આવે? એમાં ગુણ છે ઈ. આત્મા અનંત આનંદમય છે, ભગવાને કહ્યો એવો આત્મા અંદર છે. આનંદરૂપ છે, તો એ આનંદની પરિણતિ વર્તમાન પર્યાયમાં આનંદરૂપે થાય. એની સાથે જ્ઞાનની, દર્શનની, ચિતિની અને જીવત્વની સાથે છે જ બધી અનંતી શક્તિઓ. સમજાણું કાંઈ?

'**અનાકુળતા જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી સુખશક્તિ.**' ઓહોહો..! જુઓ! એ સુખમાં હવે આપણે અહીંયાં સમ્યગ્દર્શન અને ચારિત્ર સમાડી દેવું છે. કેમ? કે સિદ્ધને જ્યારે સમકિતગુણ લીધો છે પહેલો. ક્ષાયિક સમકિત લીધું છે ને? અને અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય ચાર લીધા છે. આપણે ઓલા ચાર એકકોર રાખો. અહીં હવે આચાર્ય મહારાજે એવી રીતે સમાડ્યું છે કે આ આત્મા, પોતાનો પૂર્ણાનંદ પ્રભુ આત્મા એની જ્યાં પ્રતીત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થાય ત્યારે એ પ્રતીતમાં સુખ સાથે છે. એટલે સુખ અને સમકિતની વ્યાખ્યા સુખમાં સમકિતને સમાડી દીધી છે.

મુમુક્ષુ :- સિદ્ધ ભગવાનના સુખને સમકિતમાં સમાડી દીધું?

ઉત્તર :- એને સમકિતમાં સમાડી દીધું છે. અહીં સુખમાં સમકિત સમાડી દીધું છે. આહાહા..! શું કહ્યું?

સિદ્ધ ભગવાનને જ્યારે વર્ણવ્યા શાસ્ત્રમાં કે વસુ ગુણ (છે). ભગવાનને આઠ કર્મનો નાશ થયો. આઠ કર્મ છે ને? એ છોકરો બોલ્યો હતો હોં! આ આઠ કર્મના નામ. એનો કાકો પણ બોલ્યો હતો. બેયને આવડતું હશે. જ્ઞાન, દર્શન.. .. જુઓ! આઠ કર્મ છે ત્યારે આઠ કર્મનો નાશ થાય તો થાય શું? આઠ કર્મ તો વિરોધરૂપ છે. હવે નાશ થાય તો થાય શું? તો ભગવાન એમ કહે છે કે એને ક્ષાયિકસમકિત થાય. મોહ નાશ થાય તો ક્ષાયિક સમકિત થાય. જ્ઞાનાવરણીય પહેલું છે એ જ્ઞાનનો નાશ થાય તો કેવળજ્ઞાન થાય, દર્શનાવરણીયનો નાશ તો કેવળદર્શન થાય, અંતરાયનો નાશ થાય તો વીર્ય થાય. હવે મોહનો નાશ થાય તો સમકિત થાય એવી વાત લીધી છે ત્યાં.

મુમુક્ષુ :- આમાં બેયનું આવી ગયું.

ઉત્તર :- બેય આવી ગયું.

મોહનો નાશ થાય ત્યાં.. અહીં તો પરની સાવધાની ગઈ અને સ્વસાવધાની થઈ, એ સાવધાનીમાં સમ્યગ્દર્શન-ચારિત્ર પૂર્ણ સાવધાની થઈ ગઈ એમાં સુખ પણ ભેગું નાખી દીધું. સમજાણું કાંઈ? મોહ તો પરમાં સાવધાન છે ને? આ તો સ્વમાં સાવધાન (થાય છે). એનો અભાવ થયો તો સ્વમાં સાવધાન થઈ ગયો. ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્ય એમાં સાવધાન (થયો). સમ્યગ્દર્શન એ સ્વની સાવધાની છે અને ચારિત્ર પણ સ્વની વિશેષ સાવધાની છે. સાવધાની સમજો છો? મોહ છે એ પરમાં સાવધાની છે અને મોહનો અભાવ એ સ્વમાં સાવધાની છે. શેઠી! મોહનો નાશ થયો એટલે થયું શું? ભગવાન આત્મા એ પરમાં સાવધાનપણે રાગાદિ, પુણ્યાદિ, નિમિત્તપણે અલ્પજ્ઞ આદિમાં માનતો હતો એ પરમાં સાવધાન હતો. એ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એના તરફની જ્યાં સાવધાની થઈ એટલે સમ્યગ્દર્શન થયું. એટલે સાવધાન સ્વમાં થતાં એને સમ્યગ્દર્શન થયું. અને તેની સાથે વિશેષ સાવધાન જે સ્થિરતા થઈ એમાં ચારિત્ર આવ્યું.

મુમુક્ષુ :- સાવધાનીના...

ઉત્તર :- સાવધાનીના જ બે ભાગ છે. સમજાણું કાંઈ? શેઠી!

ભગવાન અંતર અનંતસુખનો પિંડ પ્રભુ છે એની ઉપર જ્યાં દૃષ્ટિ પડતાં 'સ્વ સમયે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સાવધાન' તમારે આવે છે કે નહિ ઓલા લગન-બગન કરે ત્યારે?

મુમુક્ષુ :- સમય વર્તે સાવધાન.

ઉત્તર :- પણ અહીં સ્વસમયે સાવધાન. ઓલા સમય વર્તે સાવધાન છે ને? આ સ્વસમયે સાવધાન. સ્વસમય એટલે આત્મા. ચીમનભાઈ! ત્યાં દુઃખના ડુંગરા માટે સમયે સાવધાન એમ કહે છે. ચાલો હાજર થાવ, ટાઈમ થઈ ગયો, પરણો. એટલે પરણો એટલે પરિણતિ ઊભી કરો મિથ્યાત્વની. એમ. પરણવું એટલે પરિણતિ ઊભી કરવી. અહીં પરણવું ભગવાન સાથે. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા અનંતગુણનો પિંડ પ્રભુ છે આ આત્મા, એના ઉપર પરણ્યો એટલે પરિણતિ કરી. સમજાણું કાંઈ? ત્યારે સ્વમાં સાવધાન થયો. એથી સ્વની પ્રતીત-એને સમ્યગ્દર્શન થયું અને તે એક સમ્યગ્દર્શનમાં અનંતા ગુણો વ્યાપ્યા છે. સમ્યક્ શ્રદ્ધા અંદર પડી છે એનું પરિણમન થયું તો એમાં અનંતા ગુણો એક સમયમાં વ્યાપ્યા છે. એમાં ચારિત્ર, આનંદ, અસ્તિત્વ, બધા ગુણોનું પરિણમન સાથે છે. સમજાણું કાંઈ? જગુભાઈ! આવો આત્મા. ઓલા કહે, આ તો ભગવાને કહ્યો એ આત્મા. જય મહારાજ. ભગવાને કહ્યું એ સાચું. ... પણ ભગવાન શું કહે છે એનું તો ભાન નથી તને. શું ક્યાંથી લાવ્યો? સમજાણું કાંઈ?

ભગવાને આત્મા જે કહ્યો અને એવો આ ભગવાન આત્મા છે. એમ અંતરમાં સાવધાન થતાં સુખ થયું, જ્ઞાન થતાં સુખ થયું, જ્ઞાન થતા આનંદ આવ્યો. આનંદ આવ્યામાં બે પ્રકારની સાવધાની સાથે પ્રગટી છે. સમ્યક્શ્રદ્ધાની અને સમ્યક્ સ્વરૂપાચરણચારિત્ર આદિ ભેગું છે. પંડિતજી! આવો આત્મા છે. આહાહા..! લોકોને ખબર નથી આ શું છે.

કહે છે કે '**અનાકુળતા જેનું લક્ષણ...**' એટલે જેમાં આકુળતા નથી એવું સુખ ક્યારે પ્રગટ્યું? કે જ્ઞાન થયું એટલે. જ્ઞાન થયું ને પહેલું? એમ લીધું ને ભેગું? સાથે જ પ્રગટ્યું છે. એ સુખમાં સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર આવી જાય છે ભેગા. આનંદ પ્રગટ્યો એટલે સ્વ તરફની સાવધાની રહી, પરની સાવધાની ટળી ગઈ. આનંદ પ્રગટ્યો એ પરનું સાવધાનપણું ટળી ગયું. પરનું સાવધાન એ દુઃખરૂપ છે, સ્વનું સાવધાન તે સુખ છે. એ સુખના સાવધાનમાં બે બોલ આવી ગયા. સમજાણું કાંઈ? બેય આવી ગયા. એવી રીતે સમાડ્યું છે. આપણે જુદા પાડ્યા હતા તે દી. શક્તિઓ જુદી કહી હતી. આમાં સમાડી દીધું છે. કહો, સમજાણું આમાં?

ભગવાન આત્મા અનંત શક્તિમાં એક સુખશક્તિ પણ છે ભેગી. એ શક્તિનો અંદર ધરનારો આત્મા, એની અંતર દૃષ્ટિ થતાં એ સુખશક્તિ પોતાના તરફ સાવધાનથી પ્રગટેલી છે. એટલે તેમાં સમ્યગ્દર્શન પણ પ્રગટ્યું, એની સાથે સમ્યક્ શાંતિ પણ પ્રગટી અને આનંદ પણ પ્રગટ્યો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ભેગો. સમજાણું કાંઈ? સમ્યક્ શાંતિ એટલે ચારિત્ર. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! જુઓને એક વસ્તુ. આ ઓલા કહે છે, આમાં ચારિત્રગુણનું કાંઈ પરિણમન નથી. અરે.. ભગવાન! શું તું કરે છે આ?

આત્માને અનુભવે અને સમ્યગ્દર્શન થયું ત્યારે એને સ્વરૂપાચરણ, સ્વરૂપનું ચારિત્ર જે ગુણ છે ત્રિકાળ અંદર, એનું કાંઈપણ આચરણમાં પરિણમન ન આવ્યું. એ તો કહે (છે), મિથ્યાત્વનો નાશ થાય, સમકિત થાય એ ફક્ત આવ્યું. દર્શનમોહનો નાશ એનું નામ સમકિત. એમાં વળી અનંતાનુબંધીનો અભાવ ને... એ અનંતાનુબંધીને પણ દર્શનમોહમાં નાખી દ્યે છે ભેગા. ભાઈ! ખબર નથી તને.

બાપુ! આત્મા ભગવાન છે, એમાં સુખગુણ છે અને સુખગુણની સાવધાની સ્વભાવ તરફ છે. સ્વભાવ તરફ થઈ એટલે એને આનંદની પરિણતિ-પર્યાય પ્રગટી ધર્મીને. અને એ પરિણતિ પ્રગટી એ સહિતના આખા આત્માને ભગવાને આત્મા માન્યો છે અને સમકિતીએ એને આત્મા માન્યો છે. તો એ સ્વભાવ સન્મુખતામાં જે આનંદ આવ્યો એમાં સ્વભાવ સન્મુખમાં સમકિતદર્શન પણ આવી ગયું. સમજાણું કાંઈ? આહાહા..! જરી આમાં જ્ઞાનને કસવું પડે એવું છે. એમ ને એમ (સમજાય જાય એમ નથી). આ વાર્તા નથી. આ તો આત્માની વાર્તા છે. ભગવાનના પરમેશ્વરની વાર્તા, ભગવાનના ઘરની વાર્તા. સાંભળ્યું ન મળે કોઈ દી કે આ શું છે આ? એય.. ચંદુભાઈ! નવરાશ પણ ન મળે. આહાહા..!

અહીં તો કહે છે, ભગવાન! તારામાં આનંદ છે, સુખ છે. એ સુખને ધરનારો આત્મા. એવો આત્મા જ્યારે જેને પ્રતીત ને વિશ્વાસ ને અનુભવમાં આવ્યો, ત્યારે તે કાળે તે આનંદગુણનું પરિણમન થઈ ગયું તારી પર્યાયમાં. એ આનંદ દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણમાં વ્યાપી ગયો. સમજાય છે કાંઈ? અને એ સ્વમાં સાવધાની થતાં જે સમકિત થયું એ સમકિત ગુણ જે હતો શ્રદ્ધા, એ શ્રદ્ધાગુણ પણ દ્રવ્ય-ગુણ અને પર્યાય ત્રણમાં વ્યાપી ગયો. સમજાણું કાંઈ? અને જે ચારિત્રગુણ હતો, અંદરમાં સ્વરૂપમાં પૂર્ણ સાવધાની એવી શક્તિ હતી, એને અંતરમાં દૃષ્ટિ દેતાં એ ચારિત્રગુણ જે છે, સ્વમાં સાવધાનવાળો સ્વભાવ, એ પણ પરિણમતા એ ચારિત્રગુણ દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણમાં વ્યાપી ગયો. સમજાણું કાંઈ? આમ પણ વ્યાખ્યા છે ને આપણે? કરી હતી કે નહિ? ગુણ કોને કહેવો? કહો. એઈ.. ક્યાં ગયો? ગુણ કોને કહેવો?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બસ, આવી ગયું જુઓ. સમકિતગુણ કોને કહેવો? હવે આપણે અત્યારે લેવું છે એ. સમકિતગુણ કોને કહેવો? સમકિતગુણ અંતર ત્રિકાળ પડ્યો છે ને? એ કોને કહેવો?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કે જે સમકિતગુણ દ્રવ્ય એટલે આત્મા, એના સર્વ ભાગમાં રહે. એટલે અસંખ્ય પ્રદેશી ભગવાન છે આત્મા એમાં સમકિતગુણનું વ્યાપવું અસંખ્ય પ્રદેશમાં હોય. બરાબર છે? ગુણની વ્યાખ્યા એમાં છે ને? શું કહેવાય? (જૈન) સિદ્ધાંત પ્રવેશિકા. એમાં છે. ગુણ કોને કહે છે? ગુણ કોને કહે? કે દ્રવ્યના બધા ભાગમાં એટલે વસ્તુના બધા ક્ષેત્રમાં અને બધા કાળમાં એટલે વસ્તુની બધી અવસ્થામાં રહે તેને ગુણ કહેવામાં આવે છે. ગુણવંતભાઈ! લ્યો, આ ગુણની વ્યાખ્યા આવી. આવે છે કે નહિ આ છોકરાઓને શીખવે છે બધું ઘણીવાર. આપણે ઘણા છોકરાઓ સાડા ત્રણસો આવ્યા હતા. હમણા ક્લાસ ચાલ્યો ને વીસ દી. સાડા ત્રણસો છોકરા છે હોં. બહુ છોકરા આવ્યા. .. લોકોને તત્ત્વની ખબર ન મળે, બાળકમાંથી જો આ સંસ્કાર રહે તો એને ખબર પડે કે આ શું છે. શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બધા છોકરા જ છે. શરીરે છોકરા, ભાવે બોકડા. જેની ભાષા ચોખ્ખી નથી. બોકડાની ભાષા ચોખ્ખી હોય? બેં-બેં કરે. એમાં કાંઈ ચોખ્ખી ભાષા પણ ન મળે જેને. એમ ચોખ્ખો ભાવ શું છે એની ખબર ન મળે.

અહીં કહે છે કે ભગવાન આત્મા પોતાના પૂર્ણ અનંતગુણનો પિંડ પ્રભુ એની દૃષ્ટિ કરતાં સમ્યક્ શ્રદ્ધા નામનો જે ત્રિકાળ ગુણ છે એનું દ્રવ્ય-ગુણમાં તો વ્યાપવું છે પણ પર્યાયમાં વ્યાપી ગયો. અને એના અસંખ્ય પ્રદેશમાં વ્યાપે છે. સમકિતગુણનું પરિણમન અસંખ્ય પ્રદેશમાં હોય છે. આખા આત્મામાં એનું પરિણમન પર્યાય હોય છે. સમજાણું કાંઈ? આહાહા..!

અને હવે ચારિત્રગુણ. હવે ચારિત્ર કોને કહેવો? ચારિત્રગુણ એ દ્રવ્યમાં સર્વ ભાગમાં અને સર્વ અવસ્થામાં વ્યાપે. તો આત્મા છે વસ્તુ એમાં એ ચારિત્રગુણ છે તો બધા ક્ષેત્રમાં વ્યાપે. એના ક્ષેત્રમાં અસંખ્ય પ્રદેશમાં. અને બધી હાલત નિર્મળ અવસ્થામાં વ્યાપે તે ચારિત્રને અહીં ચારિત્ર કહેવામાં આવે છે. એ રાગ-બાગ છે એ એની વસ્તુ નથી. આ તો નિર્મળની વ્યાખ્યા છે ને અત્યારે તો? સમજાણું કાંઈ? કેમકે ચારિત્ર.. ભલે વ્યાખ્યા એમ કરી કે રાગ વખતે પણ ચારિત્ર પરિણમ્યું (છે). પણ અહીં તો દ્રવ્ય જાણ્યું ત્યારે ચારિત્રગુણનું પરિણમન (થયું) એની વ્યાખ્યા (ચાલે છે). સમજાય છે કાંઈ?

આ આત્માનો ચારિત્રગુણ એટલે સ્થિરતા સ્થિરતા. એ અનંતગુણની સ્થિરતા એમાં આવે છે. જેમ અનંતગુણની શ્રદ્ધા આવે છે, સુખમાં અનંતગુણનું સુખ આવે છે, એમ શ્રદ્ધામાં અનંતગુણની શ્રદ્ધા આવે છે. આખા આત્માનો મોટો ભરોસો સમકિત આખું આવે છે. બધાની શ્રદ્ધા. જ્ઞાનની શ્રદ્ધા, અસ્તિત્વની શ્રદ્ધા, વસ્તુત્વની શ્રદ્ધા, સુખની શ્રદ્ધા, અનંતા ગુણની શ્રદ્ધા એવી પર્યાય શ્રદ્ધારૂપે પરિણમી ત્યારે જે ગુણ હતો એ પર્યાયમાં વ્યાપ્યો અને એવા

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org

વ્યાપવા સહિતનો આત્મા તેને ખરેખર આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

અને ચારિત્ર. હવે ચારિત્રમાં લોકોના વાંધા છે બધા. ભાઈ! ચારિત્ર કોને કહેવું? એ ચારિત્ર શરીરની પર્યાયને ન વ્યાપે. આ શરીર એ ક્રિયા એ ચારિત્ર. આમ આમ ચાલે અને ફલાણું એ ચારિત્ર (નહિ), એ તો જડની પર્યાય છે. ચારિત્ર એમાં વ્યાપતું હશે? ચારિત્ર તો અહીં ચારિત્રગુણવાળો આત્મા એમ નક્કી થતાં ચારિત્ર રાગમાં ન વ્યાપે એમ ચારિત્રને કહે છે અહીં તો. આહાહા..! સમજાણું કાંઈ? કારણ કે એ તો પર્યાયદૃષ્ટિ હતી ત્યાં સુધી રાગનું પરિણમન એ ચારિત્રગુણનું હતું, પણ એ ખરેખર એનું પરિણમન નહોતું. એનું ખરું પરિણમન એ નહિ. ખરું પરિણમન તો ચારિત્રપણાની શુદ્ધતા પરિણમે, અરાગીપણે-વીતરાગીપણે પર્યાય પરિણમે તે ચારિત્રનું પરિણમન છે. સમજાણું કાંઈ?

જેમ જ્ઞાનનું પરિણમન કોને કહીએ? કે જેમ નવ પૂર્વનો ખ્યાલ અને અગિયાર અંગનું ભણતર એ જ્ઞાનનું પરિણમન નહિ. એનું પરિણમન તો વસ્તુ આમ છે અખંડ, એમાં જે જ્ઞાનગુણ વ્યાપક છે એ ગુણની પરિણતિ પર્યાયમાં આવે તે ગુણની પરિણતિને જ્ઞાન પરિણતિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એકલો જ્ઞાન જ છે. એ જ્ઞાનનો પિંડ છે. આહાહા..!

કહે છે, ચારિત્રગુણ ધરનાર ભગવાન.. ચારિત્ર એટલે શાંતિ... શાંતિ... કહો કે વીતરાગતા કહો કે અકષાયભાવ કહો આત્માનો, ચારિત્ર એટલે અકષાયભાવ. એ ત્રિકાળ ગુણ એનો છે. એ ગુણનું પરિણમન ત્યારે અકષાયરૂપે થાય? કે અકષાયગુણનો ધરનાર દ્રવ્ય છે એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં એ ગુણનું કષાયરૂપે પરિણમન હતું એ એનું પરિણમન ખરેખરું નહિ. સમજાણું કાંઈ? એમ સમકિત શ્રદ્ધાનું પણ મિથ્યાશ્રદ્ધારૂપ પરિણમન એ ખરું પરિણમન ગુણનું નહિ એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? એય.. જ્યોતિ!

અહીંયાં તો... પરિણમન સમજાય છે? પરિણમવું એટલે પરિણમવું એટલે પર્યાયમાં થવું. એ રૂપે પરિણમવું એટલે થવું. સમજાણું કાંઈ? આત્મામાં તે અવસ્થારૂપે થવું. કહે છે કે સમ્યગ્દર્શન, સમ્યક્ નામનો શ્રદ્ધા ગુણ છે એનું પરિણમન તો સમ્યક્રૂપે દર્શન થયું તે એનું પરિણમન છે. મિથ્યા પરિણમન એ સમ્યક્ગુણનું પરિણમન જ નથી. સમજાણું કાંઈ? આહાહા..! અને સમ્યક્ પરિણમન થતાં કાંઈક સમકિતમોહનો જે થોડો રહી ગયો ભાગ એ પોતાની પર્યાયમાં નથી આવતું. ભાઈ! એઈ.. શું કીધું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરમાં જાય છે.

સમ્યગ્દર્શન પ્રતીત થઈ આત્મા આખો ભગવાન પૂર્ણાનંદ (છે). એવા ગુણનો ધરનારો એને પરિણતિમાં પરણમ્યો એ તો શુદ્ધરૂપે પરિણમન (થયું) તે એની સમકિતની પર્યાય છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સમકિતમોહનો જે .. પર્યાય છે એ એનો પર્યાય છે જ નહિ. એનું નામ અનેકાંત છે. સમજાણું કાંઈ? આહાહા..! આ તો અલૌકિક વાત છે. શેઠી!

ભાઈ! ભગવાન આત્મા વસ્તુ છે કે નહિ આ? અસ્તિ છે ને અસ્તિ. એ અસ્તિમાં એક શ્રદ્ધા નામની અસ્તિ છે. અને એ અસ્તિ છે એ અસ્તિવાનને જ્યાં શ્રદ્ધામાં લીધો, તે અસ્તિવાન જે શ્રદ્ધા છે એ સમ્યક્‌પણે પરિણમે છે. એમાં જરી પણ મેલ હોય એ એની ચીજ નહિ. એનો અભાવ છે એનું નામ અનેકાંત છે અહીં. આહાહા..! એક ગુણમાં બીજા ગુણનો અભાવ, એક ગુણમાં આખા દ્રવ્યનો અભાવ, દ્રવ્યમાં એક ગુણનો અભાવ અને એ પર્યાયમાં અશુદ્ધતાનો અભાવ આવું અનેકાંત સ્વરૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એમ ચારિત્ર. ભગવાન આત્મા શાંત અકષાયભાવ એની શક્તિ છે-એનો ગુણ છે. એ ગુણનો ગુણ શું? એટલે એ ગુણનું કાર્ય શું? કે ચારિત્રગુણ આત્મામાં અનાદિઅનંત પડ્યો છે. આ બાહ્ય ક્રિયા એ ચારિત્ર નહિ. તેમ રાગાદિ પરિણામ દયા, દાન, વ્રતના, મહાવ્રતના વિકલ્પ એ કાંઈ ચારિત્ર નહિ. અહીં તો એ ત્રિકાળી ચારિત્રગુણ છે એને ગુણ કહીને એ ગુણનું અનંતા ગુણનું ચારિત્ર છે એનામાં. આહાહા..! જ્ઞાનનું ચારિત્ર, દર્શનનું ચારિત્ર, આનંદનું ચારિત્ર, અસ્તિત્વનું ચારિત્ર, વસ્તુનું ચારિત્ર, પ્રમેયનું ચારિત્ર, પ્રમાણનું ચારિત્ર. આખા બધાનું. ચારિત્રની રમણતા અનંત આવી જાય છે ચારિત્રમાં. આહાહા..!

જુઓને! જ્ઞાનની પર્યાય અનંતપણે પરિણમે છે, એમ ચારિત્ર પણ થોડામાં થોડું પરિણમન એનું પણ અનંતપણે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ચારિત્રગુણ છે ભગવાન આત્માનો. એની દ્રવ્ય ઉપર વસ્તુની દૃષ્ટિ થતાં એ ચારિત્ર દ્રવ્યમાં રહ્યું, ગુણમાં રહ્યું, હવે દૃષ્ટિ થતાં પર્યાયમાં આવ્યું ચારિત્ર. પર્યાયમાં એની વ્યક્તતા વીતરાગતાનો અંશ આવ્યો એ એનું પરિણમન ચારિત્રનું. અને વીતરાગતાનો અંશ, વીતરાગતા ગુણ અને દ્રવ્ય એ ત્રણ થઈને આખા આત્માને કહેવામાં આવે છે. વચમાં પંચ મહાવ્રતના રાગાદિ એ ચારિત્ર નહિ, ચારિત્રનો એમાં અભાવ અને ચારિત્રમાં એનો અભાવ. પંચ મહાવ્રતના પરિણામમાં ચારિત્રની પર્યાયનો અભાવ અને ચારિત્રની પર્યાયમાં પંચ મહાવ્રતાદિ રાગનો અભાવ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ છે. સમજાય છે કાંઈ? અનેકાંત.. અનેકાંત.. તે આ અનેકાંત છે. અનેકાંતમાં તો અમૃત છે. અનેકાંત એકલું જાણવું જાણવું એમ નહિ. સમજાય છે કાંઈ? એક ગુણમાં બીજો ગુણ નથી પણ એક ગુણ બધા ગુણને બરાબર જાણે અનંત રીતે. એમ ચારિત્ર પણ અનંતગુણનું ચારિત્ર સ્થિરતા પોતામાં છે અનંતગુણની. સમજાય છે કાંઈ? એ વીતરાગી પર્યાય પ્રગટી તેને ચારિત્ર કહીએ અને દ્રવ્યમાં ચારિત્રગુણ છે અને દ્રવ્યનો આશ્રય કરે અને ચારિત્ર

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વીતરાગપણે ન પરિણમે એમ બને નહિ. એક ગુણનું પરિણમન રહી જાય અને બીજા ગુણનું પરિણમન થાય તો એને દ્રવ્યની દૃષ્ટિ થઈ નથી. દ્રવ્ય તે અનંતગુણનો રાશિ-પિંડ છે. અનંતગુણના રાશિ ઉપર દૃષ્ટિ જતાં અનંતગુણ એકસાથે પ્રગટ થઈને પરિણમે છે. ચારિત્રગુણની વીતરાગતાનો અંશ પણ સમ્યગ્દર્શન સાથે જ પરિણમે છે. સાથે જ પરિણમે છે. સાથે ગુણ છે તો સાથે પરિણમે છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એને ચારિત્ર કહીએ. આ તો દેહની ક્રિયા એ ચારિત્ર ધર્મ, પંચ મહાવ્રતના વિકલ્પ એ ચારિત્ર. અરે.. ભગવાન! તને ધર્મના ગુણની ખબર નથી. શેઠી! આહાહા..!

ચારિત્ર એટલે શાંતિ-સમરસ, સમરસ. એવો જે અંતર સમતા નામનો ગુણ ત્રિકાળ છે એ એક ગુણ અનંતગુણમાં વ્યાપ્યો છે. અને એક ગુણનું, ગુણીનું ભાન થતાં એ ગુણ પર્યાયમાં, એ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપી જાય છે. એ ચારિત્રગુણ અસંખ્ય પ્રદેશમાં વ્યાપેલો છે ક્ષેત્રથી. ભગવાન આત્મા જેટલા ક્ષેત્રમાં, છે તેટલા ક્ષેત્રમાં ચારિત્રગુણ વ્યાપ્યો છે. એ ચારિત્રગુણ આઘે રાગમાં જઈને અને પરના ક્ષેત્રમાં વ્યાપે છે એવો છે નહિ. રાગનું અને પુણ્યનું ક્ષેત્ર જુદું છે. આહાહા..! પંચ મહાવ્રતના પરિણામનું ક્ષેત્ર જુદું અને ચારિત્રનું ક્ષેત્ર જુદું. પંડિતજી! આહાહા..!

વસ્તુ છે એનું જેટલું ક્ષેત્ર છે એમાં એનો ગુણ એટલામાં વ્યાપ્યો છે. અને એટલામાં વ્યાપેલાની જ્યાં અંતર દૃષ્ટિ થઈ તો એટલા ક્ષેત્રમાં એની વીતરાગતાની પરિણતિ પણ એક સમયની પર્યાયમાં ત્યાં બધા ગુણની પરિણતિ સાથે થઈ. એવી ચારિત્રની પર્યાયસહિતનો આત્મા ક્રમે પ્રવર્તતું ચારિત્ર, અક્રમે ગુણ અને દ્રવ્ય એ બધાનો સમુદાય તેને આત્મા કહેવામાં આવે છે. વચ્ચે પંચ મહાવ્રતના પરિણામ અને દેહની ક્રિયા (થાય) એને આત્મા કહેવામાં આવતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

આ તો અગમનિગમની વાતું છે એના ઘરની પણ એણે કોઈ દી દરકાર કરી નથી. ચોપડા જોવામાં દરકાર કરે જ્યારે દિવાળી આવે ત્યારે. એકે એક. આ કેટલા પેદા થયા? વીસ લાખમાં પાંચ લાખ વધ્યા કે નહિ? કેટલો ખર્ચ? ધૂળમાં કાંઈ નથી. દુઃખના ડુંગરા છે. આહાહા..! પર ઉપરની સાવધાની એ તો દુઃખ છે. ભગવાન આત્મામાં સાવધાની એ સુખ છે. તેથી મોહને ભગવાને નિષ્ફળ કહ્યું છે ને? મોહ. મોહનો અર્થ નિષ્ફળ થાય છે. નિરર્થક-નિરર્થક. પરમાં સાવધાની નિરર્થક (છે). તારા આત્માને કાંઈ લાભ થતો નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? મોહનો અર્થ નિષ્ફળ છે ને? મોહ એટલે નિષ્ફળ. મોહનો અર્થ નિષ્ફળ. બાણ આવ્યું હતું ને? અમોઘબાણ નથી આવતા? રામનું બાણ અમોઘ. અમોઘ એટલે નિરર્થક ન જાય. નાખ્યું એવું ભડાક ઊડી જાય. રામચંદ્રજીનું અમોઘબાણ. અમોઘનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અર્થ અમોહબાણ. નિરર્થક ન જાય. મોહ એટલે નિરર્થક. પરમાં સાવધાનીનો ભાવ આત્માને બિલકુલ લાભદાયક નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

કેવી રીતે સમાડ્યું છે આમાં? કે આ ચારિત્રગુણ છે આત્માની ત્રિકાળ શક્તિ છે અને ગુણનો ધરનાર ગુણી છે ભગવાન. તો આખા ગુણીમાં તો અનંતગુણ છે. એક ગુણ અનંતગુણમાં વ્યાપ્યો, ક્ષેત્રમાં વ્યાપ્યો, પર્યાયમાં વ્યાપી ગયો. એવી ક્રમવર્તી પર્યાય ગુણની પરિણતિ અને અક્રમ એવા ગુણો એનો આખો સમુદાય તેને આત્મા કહેવામાં આવે છે. જ્ઞાની એને આત્મા માને છે. આ વચ્ચે પંચ મહાવ્રતના પરિણામ આવે અને દેહની ક્રિયા (થાય) એને આત્મા માનતો નથી. એ આત્માનું ચારિત્ર માનતો નથી. સમજાણું?

મુમુક્ષુ :- આવું સમજીને શું કરવું?

ઉત્તર :- એ સમજ્યો ઈ. શું કરવું હતું બીજું?

મુમુક્ષુ :- સમજેલો આમ સમજ્યો છે.

ઉત્તર :- સમજેલો આમ સમજ્યો છે અને આમ છે એને. કરવું હતું શું બીજું? આહાહા..! કહો, સમજાણું આમાં?

એ સુખ. '**અનાકુળતા જેનું લક્ષણ...**' આકુળતા જેમાં નથી. આહા..! આકુળતા એ એનો પર્યાયધર્મ નથી. વિકલ્પાદિ જે આકુળતા છે એ તો એનો ગુણ પણ નથી, તો ખરેખર એની પરિણતિ-એની પર્યાય પણ નથી. સમજાણું કાંઈ? એવો ભગવાન અનાકુળસ્વરૂપ સુખરૂપે રહેલો, હોવાપણે રહેલો, એવા અનાકુળ સુખનો ધરનાર ભગવાન, એની પ્રતીતિ જ્ઞેય છે તેનું જ્ઞાન કરી અને પ્રતીતિ કરી. જાણ્યા વિના પ્રતીત શું? એમ. એનું જ્ઞેય કરીને જ્ઞાન થયું તેમાં પ્રતીતિ (થઈ). એનું પરિણમન સમ્યક્ શુદ્ધ પરિણમી ગયું. સમજાય છે? એમાં અનંતા ગુણની પર્યાયનું સુખ આનંદમાં આવી જાય છે. જ્ઞાનનો આનંદ, દર્શનનો આનંદ, આનો આનંદ, ચારિત્રનો આનંદ, સમકિતનો આનંદ, સમકિતનો આનંદ, ચારિત્રનો આનંદ. સમજાય છે? એવું સિદ્ધ ભગવાનને પહેલું ક્ષાયિકસમકિત ગણ્યું છે. સમજાણું? ત્યાં સુખ નથી, ચારિત્ર નથી લીધું. આઠ ગુણમાં સુખ અને ચારિત્ર નથી લીધું. સમજાય છે? પંડિતજી! સમજાય છે? ચારિત્ર અને સુખ ગુણ લીધા જ નથી.

મુમુક્ષુ :- તત્વાર્થસૂત્રમાં છે.

ઉત્તર :- તત્વાર્થસૂત્રમાં. ક્ષાયિક સમકિતમાં ચારિત્ર અને સુખ આવી ગયા. અહીં સુખમાં ક્ષાયિક સમકિત અને ચારિત્ર સમાઈ ગયા. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! તારો દરબાર તો જો તું, કહે છે. તારા દરબારપણામાં તો અનંતી અનંતી શક્તિઓનો ભંડાર પડ્યો છે એમાં. એને એક શક્તિનું જ્યાં ભાન થયું તો અનંતી શક્તિવાળા દ્રવ્યનું ભાન સાથે થાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે એમ કહે છે.

આવે છે ને ભાઈ! પ્રવચનસારમાં. અસાધારણ એવા જ્ઞાનને કારણપણે ગ્રહીને. એ તો એકથી વાત કરી છે. ત્રિકાળ જ્ઞાન. અસાધારણ જે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા આખાને ગ્રહીને. એ તો જ્ઞાનથી વાત કરી છે. સાધારણ એવા જ્ઞાન અકારણ, કારણ વિનાનું. કારણ એ ત્રિકાળી વસ્તુ છે. એને કારણપણે ગ્રહીને. દેખો! એ જ્ઞાનસ્વભાવ ભગવાન આત્મા તેને કારણપણે ગ્રહીને એની પર્યાયમાં કાર્ય કેવળજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? એ પૂર્વની પર્યાયને લઈને નહિ એમ સિદ્ધ કર્યું ત્યાં. સમજાણું કાંઈ?

અહીં એ સિદ્ધ કર્યું છે. સીધું વર્તમાન જે આનંદ અને જ્ઞાન પરિણમે તે દ્રવ્યની દૃષ્ટિ થતાં દ્રવ્યમાંથી પરિણમન બહાર આવે છે. આખું દ્રવ્ય પરિણમતા ગુણ પરિણમે છે. એ પ્રશ્ન કર્યો છે ને કે ગુણ પરિણમે કે દ્રવ્ય પરિણમે? એ પ્રશ્ન આવ્યો છે ને? જ્ઞાન પરિણમે, આનંદ પરિણમે કે નહિ એક એક? ના. એ દ્રવ્ય પરિણમતા ગુણ પરિણમે છે. ગુણ જુદો પરિણમે છે એમ નથી. અહીં શરૂઆત ત્યાંથી થાય છે એમ લીધું. પ્રવચનસારમાં લીધું છે, ચિદ્‌વિલાસમાં લીધું છે.

મુમુક્ષુ :- ચિદ્‌વિલાસમાં છે.

ઉત્તર :- હા, એ પ્રવચનસારનું જ લીધું છે. પ્રવચનસારમાં છે ને. પ્રશ્ન છે. એમ કે ગુણ જુદો પરિણમે છે તો ગુણનું પરિણમન જુદું છે અને દ્રવ્યનું પરિણમન (જુદું છે?) ના. એ દ્રવ્ય પરિણમતા ગુણ પરિણમે છે. આ ગુણ પરિણમે છે અને દ્રવ્ય પરિણમ્યું નથી એમ ક્યાં પ્રશ્ન રહ્યો? એ તો એક ભેદ પડી ગયો. સમજાણું કાંઈ?

દ્રવ્ય વસ્તુ અખંડ છે એમ અંદર દૃષ્ટિ થતાં, આખું પરિણમન થતાં અનંતા ગુણોનું પરિણમન એક સમયે આવી જાય છે. એ શુદ્ધ પરિણમનને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. પર્યાય આત્મા. સમજાણું કાંઈ? ત્રણ આત્મા નથી. દ્રવ્ય એક આત્મા, ગુણ એક આત્મા અને પર્યાય એક આત્મા એવા ત્રણ આત્મા નથી. ત્રણ જીવ નથી. જીવ તો એક છે. આત્મા તો એક છે. આ દ્રવ્ય તે આત્મા, ગુણ તે આત્મા અને પર્યાય તે આત્મા-એવા ત્રણ એમ નથી. એ તો ભેદથી વાત છે. પણ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ થઈને એક આત્મા છે એમ અહીં કીધું ને? એક આત્મા છે. એમ આવ્યું ને? ક્રમવર્તી અને અક્રમવર્તી.

મુમુક્ષુ :- .. આત્મા.

ઉત્તર :- એ ત્રણ થઈને એક જ છે આત્મા. ત્રણ આત્મા નથી. સમજાય છે કાંઈ? શું હશે આ બધું? આહાહા..!

કહે છે, **'અનાકુળતા જેનું લક્ષણ...'** એવું સુખ. બસ! એ સુખ અનંત શક્તિને નિમિત્ત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે, અનંત શક્તિમાં વ્યાપ્ત છે, એ સુખગુણમાં ધ્રુવ ઉપાદાન અને ક્ષણિક ઉપાદાન બે વસેલા છે. ત્રિકાળી સુખ છે તે ધ્રુવ ઉપાદાન છે અને દ્રવ્યનો આશ્રય થઈને ક્ષણિક આનંદની જે પર્યાય પ્રગટી તે ક્ષણિક ઉપાદાન છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ત્રિકાળી નહિ?

ઉત્તર :- ત્રિકાળી ધ્રુવ ઉપાદાન. સુખ ત્રિકાળી ધ્રુવ ઉપાદાન અને પ્રગટ અવસ્થા થઈ એ સુખની એ ક્ષણિક ઉપાદાન. એ બધું થઈને આત્મા કહેવામાં આવે છે. એણે આત્મા આ રીતે જાણ્યો હોય તો આત્મા જાણ્યો અને માન્યો કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**જેઠ વદ ૬, રવિવાર તા. ૧૬-૬-૧૯૬૮**
**શક્તિ-૫, પ્રવચન-૫૩૯**

.. જ્ઞાનના લક્ષણથી લક્ષ કરાયેલો આત્મા. સ્વરૂપમાં સ્થપાયેલી દૃષ્ટિ એના લક્ષના ... અધિકાર ચાલે છે. એમાં પહેલું એમ કહ્યું હતું કે આ આત્મા જ્ઞાનમાત્ર લક્ષણથી, જ્ઞાનના લક્ષણથી લક્ષ કરાયેલો આત્મા. જ્ઞાનના લક્ષણથી સ્વરૂપમાં સ્થપાયેલી દૃષ્ટિ, એના લક્ષમાં લેવાથી જે ક્રમરૂપ નિર્મળ અનંતગુણની પર્યાય પરિણમે અને અક્રમે ગુણ રહે એ સઘળાને ખરેખર આત્મા જાણવો. કહો, સમજાણું? આ તો ઘણીવાર આવી ગયું છે.

અહીંયાં આત્મા કોને કહેવો એની વાત છે અને આત્મા જાણ્યો હોય એને શું થાય છે? એની વાત છે. સમજાય છે કાંઈ? આત્મા એને કહીએ કે અક્રમે પ્રવર્તતી-વર્તતી એમાં અનંત શક્તિઓ અને એની પર્યાયમાં ક્રમે ક્રમે પ્રવર્તતી એની નિર્મળ દશાઓ. મલિનતા અને રાગની અહીં વાત નથી. કારણ કે એ આત્મા નથી. સમજાય છે કાંઈ? આત્મા અનંતગુણ એટલે શક્તિઓ અને દ્રવ્યનું લક્ષ થતાં, જ્ઞાનના લક્ષણે આ લક્ષ થતાં જે લક્ષ થઈને જે લક્ષિત કરવાયોગ્ય આત્મા એ ક્રમે ક્રમે પ્રવર્તતી નિર્મળ પર્યાયો અને અક્રમે વર્તતા ગુણો, એનો સઘળો સમુદાય તેને આત્મા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

એમાં જ્ઞાનમાત્ર કહેતા જ્ઞાનની અવસ્થામાં પ્રગટ થતાં વસ્તુ સ્વરૂપના લક્ષથી જ્ઞાનમાત્રની પર્યાય પ્રગટ થતાં તેની સાથે અનંત શક્તિઓ ઊછળે છે. એટલે કે એ જ્ઞાનની પર્યાયના કાળમાં અનંત શક્તિઓનું પરિણમન સાથે પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ? એ અનંત શક્તિઓ શું (છે), પ્રગટ તે વડે કેમ થાય છે એનું આ વર્ણન ચાલે છે. આ કથા એની છે. શેઠી! આ તો એક એક વાક્યમાં ગૂઢતા છે. આ તો શક્તિનું વર્ણન છે.

પહેલા જીવત્વશક્તિ પ્રધાન શક્તિ વર્ણવી. કેમકે જીવનું જીવન, જીવની જીવત્વશક્તિ તે તેનું જીવન (છે). સમજાય છે કાંઈ? તો એ જીવનશક્તિમાં મૂળ તો શક્તિનું લક્ષણ તો જ્ઞાન છે. છતાં એને સામાન્યપણે જીવત્વશક્તિનું વર્ણન કરી, એનું લક્ષણ છે એને ચિતિશક્તિમાં વર્ણવ્યું. બીજી શક્તિમાં. અનંત ચૈતન્યપ્રકાશ મંડિત, શોભિત એવો જે ચિતિગુણ. પણ પહેલો જીવત્વશક્તિ વર્ણવી એનું એ લક્ષણ પછી વર્ણવ્યું કે જીવત્વશક્તિમાં જ્ઞાન, આનંદ, દર્શન અને વીર્ય અને સત્તા એ બધું. વીર્ય ત્યાં લીધું નથી પણ બધું ભર્યું છે. જ્ઞાનનું હોવું જ્ઞાનપ્રાણ, દર્શનપ્રાણ, આનંદપ્રાણ, સત્તાપ્રાણ એની સાથે જ છે. એવું જે ભાવપ્રાણે જીવન ને જીવનું જીવવું એ શક્તિનું ભાવપ્રાણ જે કારણ એનાથી જે પર્યાયમાં નિર્મળ સમ્યગ્જ્ઞાન-દર્શન-આનંદ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અને સત્તારૂપે પરિણમન થવું એ ક્રમે પ્રવર્તતી પર્યાયો અને અક્રમે પ્રવર્તતો જીવત્વગુણ એમાં ચાર એના પ્રાણ ધારણ (છે). એની પરિણતિ અને એનો પરિણામિકભાવ એ સહિતનો આખો આત્મા તેને અહીં આત્મા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? જુઓ! કાઢો તો ખરા શું છે? કાઢતા વાર લાગશે હજી તો. હીરા-માણેકની વાત હોય તો કાઢે તરત. કહો, સમજાણું?

જુઓ! જીવનશક્તિ નિર્મળ જીવન... ભગવાન આત્મા જીવ છે. તેમ જીવથી ઉપાડ્યું છે બીજી ગાથામાં. '**जीवो चरित्तदंसणणाणठिदो**' ત્યાંથી ઉપાડ્યું એટલે પહેલી જીવત્વશક્તિ જીવ જીવત્વગુણ એમ લીધો. એ જીવત્વશક્તિના કારણનું જે કાર્ય, જીવત્વશક્તિ છે કારણ અને એનો ધરનાર આત્મા એ ખરું કારણ (છે). એનું કાર્ય જ્ઞાન, દર્શન, આનંદનું પરિણમવું જીવન એ જીવનું જીવન છે. સમ્યગ્દૃષ્ટિનું જીવન આ છે. સમજાણું કાંઈ? ચોથા ગુણસ્થાનથી જીવનું જીવન સમ્યગ્દૃષ્ટિનું આ છે. દસ પ્રાણથી જીવતો નથી. તેમ દસ પ્રાણના લક્ષવાળી યોગ્યતા એની અંદર છે એ પણ અશુદ્ધપણું છે એનું એ જીવન જીવનું નહિ. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા પોતાના જીવત્વશક્તિના, દ્રવ્યના કારણભૂત જીવત્વશક્તિ એનું કારણ જે ભાવપ્રાણ, એ પ્રાણવાન એવો જે ભગવાન, એને દૃષ્ટિમાં લેતાં એ પ્રાણનું પરિણમન પર્યાયમાં થયું, એ પરિણમન ક્રમે થયું એ પર્યાય ક્રમે છે અને એ શુદ્ધતા જ્ઞાન, દર્શન અને આનંદની હોવાની એ જીવની પર્યાયનું જીવન. એ જીવત્વશક્તિ દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપી. સમજાય છે કાંઈ? એ દ્રવ્ય-ગુણ-પર્યાય. દ્રવ્ય-ગુણમાં તો હતી પણ પર્યાયમાં લક્ષ જ્યારે કર્યું ત્યારે પર્યાયમાં વ્યાપી. સમજાણું કાંઈ? પર્યાયનું લક્ષ જ્યાં સુધી રાગના, પુણ્યના, નિમિત્તની હયાતીમાં હતું ત્યાં સુધી એની પર્યાયમાં પરિણમન નહોતું. જીવત્વશક્તિનો એને વિશ્વાસ નહોતો. સમજાય છે કાંઈ? એ વિશ્વાસ પર્યાયે જ્યારે દ્રવ્યનો (આશ્રય) લીધો ત્યારે પર્યાયમાં શુદ્ધતા જે પ્રગટી ત્યારે દ્રવ્ય-ગુણમાં તો હતી એ પર્યાયમાં પ્રગટી ત્યારે તેનું કાર્ય પૂર્ણ થયું. એને જીવત્વશક્તિ કહેવામાં આવે છે. કહો, રતિભાઈ!

પછી લીધી ચિતિશક્તિ. એનું લક્ષણ છે એ તો. દર્શન-જ્ઞાન ઉપયોગમય આખી. બે ભાગ નહિ બીજામાં. એ ચિતિશક્તિ પણ જે વસ્તુમાં છે એની દૃષ્ટિ થતાં દ્રવ્ય-ગુણમાં છે એ દૃષ્ટિ થતાં પર્યાયમાં ચિતિશક્તિનું પરિણમન થયું. એ નિર્મળ દર્શન-જ્ઞાનનું પરિણમન તે તેનું આત્માનું સ્વરૂપ. એમાં જે કાંઈ બાકી રહે, જ્ઞાન-દર્શનના ઉપયોગમાં પરસત્તાવલંબી જ્ઞાન આદિ, એ એના દર્શન ઉપયોગ અને જ્ઞાન ઉપયોગમાં એનો અભાવ છે. સમજાણું કાંઈ? આત્માનું દર્શન-જ્ઞાન પરિણમન થયું એ પરિણમન દ્રવ્યના લક્ષે થયું જે પરિણમન એ દર્શન-જ્ઞાનનો પર્યાય. એ સિવાયનો કાંઈ પરલક્ષે કાંઈક અધૂરું જ્ઞાન આદિ રહ્યું કે પરાલંબી (જ્ઞાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


રહ્યું) એનો એ જ્ઞાનમાં, પર્યાયમાં અભાવ છે. એનું નામ વ્યવહારનો અભાવ. એનું નામ અનેકાંતને એક એક શક્તિએ સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ? આમાં તો એક એક બોલ .. એમાં કાંઈ ફેર છે એ કાંઈ થાય એવું નથી હવે.

હવે એ ચિતિશક્તિના બે બોલ. દર્શન અને જ્ઞાન. દર્શન નિરાકાર (છે). દરેક અનંત દ્રવ્ય, અનંત ગુણ, પર્યાય અને સ્વ ને પર બધું. એક સમયે અદશ્યને પણ દશ્ય કરે. નથી દેખાતું તેને દેખે. મહાસત્તા તરીકે. એટલે કે એનો જે વિષય છે પૂર્ણ તેને તે શક્તિ પૂર્ણ દેખવાનું કાર્ય કરે અને તે પણ ભેદ પાડ્યા વિના, એને દશિ શક્તિ કહેવામાં આવે છે. એને દશિશક્તિ એમ લીધું છે. ઓલાને જ્ઞાનશક્તિ લીધું છે અને આને દશિ લીધું છે. ફેર પાડ્યો છે બેમાં. કારણ કે બહુ બારીકી દર્શન ઉપયોગ છે, એની ક્રિયા બહુ ઝીણી છે. એથી દશિક્રિયા કરીને વાપરી છે એને. અને જ્ઞાનમાં એમ નથી વાપર્યું. જ્ઞાનમાં જ્ઞાનશક્તિ વાપરી છે. સમજાય છે કાંઈ? એ બહુ સૂક્ષ્મ બારિકીથી એનું પરિણમન થાય છે અને છતાં છદ્મસ્થને ખ્યાલમાં ન આવે કે આ દર્શન ઉપયોગ ને દર્શનથી દર્શનનો વિષય આ છે એવો ખ્યાલ ન આવે. સમજાણું કાંઈ? માટે તેને દશિશક્તિ કરીને એ ક્રિયા પરિણમનનું વર્ણન ક્રિયા અને એમાં જે કાંઈ ચક્ષુ-અચક્ષુનો પરાલંબી ઉપયોગ જેટલો રહ્યો એનો અહીંયાં દશિશક્તિના પરિણમનની પર્યાયમાં તેનો અભાવ ગણ્યો. એને આત્મા વર્ણવ્યો છે. સમજાણું કાંઈ?

અને તે જ સત્તામાં જ્ઞાનશક્તિ સાકાર છે કે જે એક સમયની શક્તિ તદ્દન નિરાકાર અને તે જ ક્ષેત્રમાં, તે જ કાળમાં, તે જ પરિણમનમાં એક શક્તિનું પરિણમન સાકાર છે. સાકાર નામ કોઈપણ પદાર્થને ભેદ પાડીને બધાને જાણે. કોઈપણ સામાન્યપણું ન રહે. એક દ્રવ્ય, એનો ગુણ, એની પર્યાય, એક પર્યાયમાં અનંતા અંશો, એના નટ, થટ, ભેદ આદિ ઘણા છે અનંતા. એ બધાને જ્ઞાન એક ક્ષેત્રે રહેલી શક્તિ અને એક કાળે પરિણમતી શક્તિમાં એક શક્તિ નિરાકાર અને એક શક્તિ સાકાર, એને અદ્ભુત શક્તિ કહે છે. એને અદ્ભુત રસમાં નાખે છે.

જુઓ એક વસ્તુ, એક કોર એક સમયનો પર્યાય અભેદરૂપે પરિણમે, જાણે. ભેદ જરીએ નહિ. ત્યારે જ્ઞાનમાં જરીએ ભેદ ખાલી ન રહે. અભેદ કોઈ ન રહે. સામાન્યપણું કોઈ નહિ. એક એક વસ્તુને પર્યાયના અનંત ભાગને, અનંતા અંશને પણ પૃથક્ પૃથક્ કરીને જ્ઞાનનો પર્યાય જાણે. એ જ્ઞાનશક્તિ-ગુણ છે એ દ્રવ્યમાં, ગુણમાં વ્યાપી છે એનું લક્ષ થતાં તે પર્યાયમાં વ્યાપે ત્યારે એ પર્યાયમાં જે કાંઈ બીજું જ્ઞાન જે પરાવલંબી રહી ગયું એનો એમાં અભાવ છે. એવા ક્રમવર્તી પર્યાય, અક્રમવર્તી ગુણના આખા સમુદાયને લક્ષમાં લેવામાં આવ્યો તેને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પંડિતજી! એ ચાર બોલ થયા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

હવે અહીંયાં અનાકુળ સુખશક્તિ. કેમ કે જ્ઞાન અને દર્શનના ઉપયોગનું ફળ સુખ છે. સમજાય છે કાંઈ? આનંદ જેનું ફળ છે. કાલે કહ્યું હતું નહિ? છ ઢાળામાં. 'જ્ઞાન સમાન ન આન સુખ કો કારણ' છ ઢાળામાં આવે છે. 'જ્ઞાન સમાન ન આન જગતમેં સુખકો કારણ...' ભગવાન આત્મા પોતાના જ્ઞાનરૂપી શક્તિના ધરનાર શક્તિવાનને લક્ષમાં લઈ જે જ્ઞાનનું પરિણમન ક્રમે અને અક્રમે આખો જે આત્મા ખ્યાલમાં આવ્યો તે વખતે તેને આનંદ પણ અનુભવાય છે. સમજાય છે કાંઈ? શેઠી! આમાં તો એક બોલ ફરીને બોલાય એવું નથી આમાં. ઝીણું બહુ ને.

એ આનંદ જે છે એ વસ્તુ સુખરૂપ અંદર શક્તિ છે. એ શક્તિ દ્રવ્ય અને ગુણમાં તો છે, પણ જ્યારે લક્ષ કર્યું પર્યાયે પર્યાયવાનમાં ત્યારે તે આમ લક્ષ કર્યું. આમ (બહિર્મુખ) લક્ષ હતું ત્યારે પરિણમન એનું સુખ(થી) વિરૂદ્ધ દુઃખનું હતું. એને શક્તિ અને શક્તિવાનનો ભરોસો નહોતો. સમજાય છે કાંઈ? પર્યાય એટલે અવસ્થામાં લક્ષ ત્યાં હતું-રાગનું, નિમિત્તનું અને અંશબુદ્ધિનું-એ લક્ષમાં કોઈ શક્તિ અને શક્તિવાનનો ભરોસો આવ્યો નથી. ત્યાં તો ભરોસો અંશનો, રાગનો, નિમિત્તનો છે. એટલે એ ભરોસામાં તો દુઃખની દશા છે. સમજાણું કાંઈ?.

(હવે) ભરોસો ફર્યો. જ્ઞાયક ભગવાન આત્મા અનંતશક્તિસંપન્ન પ્રભુ, એમ જ્યાં દૃષ્ટિ થઈ ત્યારે તેમાં જ્ઞાનનું પરિણમન થયું, ચિતિનું થયું, દર્શનનું થયું, જ્ઞાનનું થયું, એની સાથે આનંદનું પરિણમન સાથે થયું. જ્ઞાન પરિણમે પહેલુ અને આનંદ આવે પછી એમ નથી. સમજાણું કાંઈ? એને જ્ઞાન કહીએ. જાણપણાની પરિણતિમાં આનંદ આવે તેને જ્ઞાન કહીએ. સમજાણું કાંઈ? એ આનંદ નામનો ગુણ દ્રવ્યમાં અને ગુણમાં હતો એ પર્યાયમાં વ્યાપ્યો. અથવા એ આનંદગુણ, ગુણની વ્યાખ્યા છે ને? કે દ્રવ્યના સર્વ ભાગમાં અને સર્વ હાલતમાં રહે તેને ગુણ કહીએ. એટલે એ આનંદગુણ.. સિદ્ધાંત પ્રવેશિકામાં છે ને? એ વ્યાખ્યા અહીં લાગુ પડે છે. એ આનંદગુણ સર્વ આખા દ્રવ્યમાં અને એના ક્ષેત્રમાં-અસંખ્ય પ્રદેશમાં-વ્યાપ્યો છે અને તેની હાલતમાં (વ્યાપ્યો). અત્યારે હાલત તો આનંદની છે એની. પહેલાની જે દુઃખની હતી એ પર્યાયદૃષ્ટિમાં એની હાલત હતી. સમજાણું કાંઈ?

આનંદના પરિણમનમાં જે જ્ઞાનાદિ અનંત શક્તિનો પર્યાય પ્રગટરૂપ પરિણમ્યો એ વસ્તુની શક્તિ અને શક્તિવાન ઉપરની પ્રતીતના અનુભવે પરિણમ્યો. એટલે જે દુઃખદશા પર્યાયલક્ષમાં હતી અને અત્યારે એને પણ થોડો હજી દુઃખનો ભાવ હોય, એને આનંદ ત્રણમાં વ્યાપ્યો એ આત્મા, ઓલી દુઃખની જરી દશા છે તે અણાત્મા, તે આ પર્યાયમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? કેમકે દુઃખ જે છે એ આત્મા નથી. આકુળતા છે. એ તો અણાત્મા છે.

આત્માને જાણ્યો ત્યારે જે આત્માના અંદર ગુણો છે તેનું પરિણમન શુદ્ધ થયું તેને આત્મા કહીએ. એમાં જરી દુઃખાદિ પર્યાય રહી એને અણાત્મા કહીએ. અનેકાંત કર્યું કે એ આનંદની પર્યાયમાં દુઃખનો પર્યાય નથી. એક જ પર્યાયના બે ભાગનો એક ભાગ આત્માનો, બીજો ભાગ અણાત્માનો. સમજાણું કાંઈ? આવો સુખગુણ છે.

એ સુખગુણમાં અહીંયાં ભગવાન આચાર્યે સમકિત અને ચારિત્ર સમાડી દીધું છે આમાં. સુખગુણમાં સમકિત. કેમ? કે પરની સાવધાનીમાં દુઃખ હતું. સમ્યગ્દર્શન સ્વની સાવધાની છે અને ચારિત્રની ઉત્કૃષ્ટ સાવધાની છે. સમ્યગ્દર્શન અને ચારિત્ર એટલે સ્વસાવધાની. સ્વસાવધાની એટલે સુખ. એટલે સુખમાં દર્શન અને ચારિત્ર બેય સમાડી દીધા. સમજાણું કાંઈ?

કહે છે કે આત્મામાં સુખગુણ શક્તિ છે. એ શક્તિનો ભરોસો આવ્યો હોય એને આત્મામાં સુખ છે એમ માન્યું કહેવાય. અને ભરોસો જેને આવે એની પરિણતિમાં આનંદ આવે ત્યારે એણે ભરોસો કર્યો કહેવાય. નહિતર આ આત્મામાં આનંદ છે એ ક્યા લક્ષણે અને કઈ શક્તિએ પોતે પ્રત્યક્ષ જોઈને આ કહ્યું? સમજાણું કાંઈ? વાત આ તો અગમ્યની વાત છે, અનુભવની વાત છે. અનુભવની પરિણતિને આત્મા કહ્યો છે અહીં તો. એ સિવાયને આત્મા કહ્યો નથી. સમજાણું કાંઈ?

આત્માના અસંખ્ય પ્રદેશમાં આનંદ વ્યાપ્યો છે. એટલે એના દ્રવ્યમાં, ક્ષેત્રમાં અને ભાવમાં પોતે છે. એ અંતર દૃષ્ટિ થતાં તેની પર્યાયમાં આનંદ જ્યારે આવ્યો ત્યારે આ આનંદમય આખો આત્મા છે એમ પ્રતીતમાં આવ્યું. ત્યારે દુઃખનો ભાવ આદિ છે એ એનામાં નથી, એનામાં નથી, એમ અનેકાંતપણાનું જ્ઞાન એમાં આવ્યું. એ અનેકાંતનું જ્ઞાન અમૃતને વેદે છે. સમજાણું કાંઈ? ભારે! ચીમનભાઈ! માંડ કો'ક દી આવે એમાં આવું ઝીણું (આવે). આ સમજવું પડશે હોં! ત્યાં બહારના થોથા નથી કાંઈ. ધૂળમાંય નથી, આબરૂમાં નથી, શરીરમાં નથી, માંસના હાડકામાં નથી, વાણીમાં નથી, કર્મમાં નથી કે રાગમાં નથી. આ બહારના ભણતર અને બહારની ક્રિયાના રાગની મંદતામાં પણ સુખ નથી. સમજાણું કાંઈ? કષાયની મંદતા અને પરલક્ષી નવ પૂર્વ અને અગિયાર અંગનું જ્ઞાન એ જ્ઞાન જ નહિ.

જ્ઞાન જેનામાં છે એવા દ્રવ્યનું પરિણમન થતાં જે જ્ઞાન પરિણમ્યું તે તેનું જ્ઞાન, એ જ્ઞાનની પરિણતિ. સમજાણું કાંઈ? અને તેમાં આનંદ આવ્યો સાથે. આમાં તો બધું સિદ્ધ થઈ ગયું. અનંતા ગુણોનું સ્વરૂપાચરણ આદિ પરિણમન પણ સાથે છે. હવે ન માને તો શું થાય? હજી તો બહારથી માનવું નથી. અનંત જેટલા ગુણો છે, એક સમયમાં ઉછળે છે.

મુમુક્ષુ :- બધાનું આચરણ ફરે છે.

ઉત્તર :- બધા. એક જ્ઞાનનું આચરણ, દર્શનનું આચરણ, આનંદનું આચરણ. આચરણની પર્યાયમાં અનંતી તાકાત છે. આ ચારિત્ર છે ને આમાં ભેગું? સમજાણું કાંઈ? એ સમકિત જે આમાં લઈ લીધું, સ્વરૂપની સાવધાનીની પ્રતીતિ. એ સમકિત એ ગુણ છે શક્તિરૂપ, પણ એનું પરિણમન થયું સમ્યગ્દર્શન, સમ્યક્ પરિણમન એને સમ્યક્ કહ્યું. એ પરિણમન થયું ત્યારે આત્મદ્રવ્ય એ રૂપે પરિણમ્યું ત્યારે એને સમકિતી કહ્યો. ત્યારે એણે આત્મા માન્યો એમ કહ્યો. એ સમ્યગ્દર્શનમાં જ્ઞાનની શ્રદ્ધા, દર્શનની શ્રદ્ધા, આનંદની શ્રદ્ધા, અસ્તિત્વ, વસ્તુત્વ, અનંતા ગુણની શ્રદ્ધા, અનંતા ગુણની શ્રદ્ધા (થાય છે). સમજાણું કાંઈ? અનંતી પર્યાયની શ્રદ્ધા. અને એ પર્યાયમાં સ્વ-પર બધાનું જે જ્ઞાન છે પોતાનું એની શ્રદ્ધા (થાય છે) કે આવું જ્ઞાન મારું છે. સર્વજ્ઞ પર્યાય છે મારી પર્યાયમાં હોં! એનો ભરોસો. એ સમ્યગ્દર્શન ગુણમાં તો છે, દ્રવ્યમાં છે પણ લક્ષ થતાં પર્યાયમાં પરિણમી ગયું. ત્યારે સમ્યગ્દર્શનનું કાર્ય સમ્યક્ શ્રદ્ધા શુદ્ધ થઈ. એમાં જે કાંઈ અશુદ્ધતા બાકી રહી ક્ષયોપશમ સમકિત હોય ત્યાં સમકિતમોહની આદિનો એનામાં અભાવ છે. એના પરિણમનના ક્રમ પરિણમનમાં અક્રમમાં એનો અભાવ છે, એ એનો નહિ. શંકા આદિ જે સમકિતમોહનો જે ભાગ રહી ગયો એ રહી ગયો અણાત્મામાં. આત્મામાં નહિ. સમજાણું કાંઈ?

એની સાથે ચારિત્ર છે એ ચારિત્ર પણ સ્વરૂપની રમણતા છે. એ વીતરાગ પર્યાય છે. ચારિત્ર અંદર સમતાભાવનો ગુણ છે ત્રિકાળ. એટલે સુખમાં લઈ લીધો એને. સ્વરૂપની ઉગ્ર સાવધાની એટલે કે મોહનો અભાવ. મોહ એટલે નિરર્થક. પરમાં સાવધાનીપણું છે એ નિરર્થક છે, નિષ્ફળ છે અને દુઃખરૂપ છે. એ અહીં સ્વરૂપમાં સાવધાન થતાં અનંતગુણરૂપ ભગવાન એમાં સાવધાન થતાં પહેલું સમકિત થયું એટલે એની સાથે સુખ થયું. વિશેષ સાવધાન થતાં ચારિત્ર થયું, સ્વરૂપાચરણ તો સાથે હતું થોડું, પણ વિશેષ સ્થિરતા થતાં, વિશેષ સાવધાન થતાં આનંદ ને સુખ ને ચારિત્રની પર્યાય પ્રગટી. એવા પર્યાયવાળા સહિતને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એમાં જેટલા પંચ મહાવ્રત અને અઠ્ઠાવીશ મૂળગુણના વિકલ્પ રહ્યાં એને અણાત્મા ગણીને આ ચારિત્રની પર્યાયમાં એનો અભાવ છે. એને આત્મા કહેતા નથી. સમજાણું કાંઈ?

કહો, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ અનાત્મા છે. એ આત્મામાં નથી આવતો એમ કહે છે. ચારિત્રથી વિપરીત છે ને એટલો ભાવ? સમજાણું કાંઈ? ચારિત્રગુણ છે એનું પરિણમન તો વીતરાગી પર્યાય છે અને પોતે ચારિત્રગુણ છે એ તો સમભાવી વીતરાગી ગુણ છે. સમરસભાવ છે. એને ધરનારો ભગવાન આત્મા. એનું લક્ષ (થતાં), લક્ષણથી લક્ષ કરતાં જે ચારિત્રની પર્યાય વીતરાગરૂપે પરિણમી એને આત્મા કહ્યો. એ દ્રવ્ય-ગુણ અને પર્યાય

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ત્રણ મળીને આત્મા કહ્યો. વચમાં એ પંચ મહાવ્રતાદિના વિકલ્પ આદિને અનાત્મા કહી અને આ ચારિત્રની પર્યાયમાં એનો અભાવ કહી આ અસ્તિ છે અને એમાં ઓલાની નાસ્તિ કરીને અનેકાંત કહ્યું. સમજાણું કાંઈ? પ્રવિણભાઈ! આમાં તો પ્રવિણતા બહુ જોઈએ એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- આત્મામાં ભરી છે.

ઉત્તર :- ભરી પડી છે. ત્રણ લોકનો નાથ છે. આહાહા..! તારે ખજાને ખોટ ક્યાં છે ભાઈ! એ તારી નજરે નિધાન નથી લીધું એટલે તને ખોટ લાગે છે. સમજાય છે?

જેના અવલોકનમાત્રથી આનંદ આવે એના અનુભવનું શું કહેવું! જેનું નામ સાંભળતા આનંદ આવે. એટલે? નામની વ્યાખ્યા કરી હતી. નામ એને કહીએ કે શબ્દ ઉઠ્યો કે આ આત્મા. એ શબ્દ ઉઠ્યો એને નામ ત્યારે કહીએ કે એમાં જે કહ્યું છે એ વાચ્યપણે પોતે પરિણમે ત્યારે એનું નામ લીધું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? 'ભગવાન આત્મા' એ તો શબ્દ થયો. એના નામે આનંદ આવે કે શબ્દને આનંદ આવે? પણ શબ્દ નયનું સ્વરૂપ એને કહીએ.. એ શબ્દશ્રુત છે, એની શબ્દનય છે. જે વાચક શબ્દ આવે છે એનું તે કાળે વાચ્યનું પરિણમન આનંદનું છે એથી તેને નામથી આનંદ આવ્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એથી કહે છે, સમ્યગ્દર્શન અને ચારિત્ર અને સાથે આનંદ એટલે સુખ (છે). '**અનાકુળતા જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી સુખશક્તિ.**' એ સુખશક્તિમાં પણ અદ્ભુત શક્તિ છે. સમજાણું કાંઈ? આત્મા પોતાની સુખશક્તિને સંભાળીને સુખરૂપે પરિણમે એ એની શૃંગાર શોભા છે, એ એનો શણગાર છે. સમજાણું કાંઈ? આ શરીરના શણગાર ને ધૂળના શણગાર અને શુભરાગનો શણગાર કાંઈ એનો નથી એમ કહે છે. શેઠી! આહાહા..! સમ્યગ્દૃષ્ટિ એ શણગારને શણગાર માનતો જ નથી એમ કહે છે અહીં તો. જે આનંદ છે તે આનંદની શક્તિ આનંદરૂપે પરિણમી તે એનો શણગાર છે, એ દ્રવ્યનો શણગાર અને દ્રવ્યની શોભા છે. આહાહા..! બહુ વાત ઝીણી. સમજાણું કાંઈ? ઓલા શુભ વિકલ્પ એ શોભા નહિ. કારણ કે એ દુઃખ છે. સમજાણું કાંઈ આમાં?

એવો ભગવાન આત્મા આનંદ અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, સમ્યગ્દર્શન અને ચારિત્ર એ ત્રણે ગુણનો સમાવેશ એકમાં કરી અને અનાકુળતા જેનું લક્ષણ છે એમ સિદ્ધ કર્યું છે. સમ્યગ્દર્શનનું પણ અનાકુળ લક્ષણ છે સુખની અપેક્ષાએ. ચારિત્રનું પણ અનાકુળ લક્ષણ છે સુખની અપેક્ષાએ. અને એની પોતાની અપેક્ષાએ સમ્યગ્દર્શનનું પ્રતીત લક્ષણ છે અને ચારિત્રનું સ્થિર થવું એ લક્ષણ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એક ગુણનું લક્ષણ બીજામાં ન આવે પણ એક ગુણનું સામર્થ્ય એની શ્રદ્ધા, એનું જ્ઞાન, એ સંબંધની સ્થિરતા એ બધું આવે. સમજાણું કાંઈ? સુખ જ્ઞાનનું સુખ, દર્શનનું સુખ, આનંદનું સુખ, પોતાના અનંતા ગુણનું સુખ. પણ એ અનંતા ગુણ એમાં ન આવે. પણ અનંતા ગુણનું સુખ આવે સુખમાં. સમજાણું કાંઈ? જુઓ! આ આત્માનો પર્યાય વર્ણવાય છે. આ કરિયાવર સમજો છે? દહેજ દહેજ કહે છે ને? દહેજ નહિ? દહેજ કહે છે ને? દીકરીને વળાવે ત્યારે કરે છે ને. ભગવાન! એ અનંતી શક્તિ અને એ શક્તિનું કાર્ય નિર્મળ છે. મલિન કાર્ય શક્તિનું નહિ. આનંદનું કાર્ય દુઃખ નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? જે દુઃખ ઉત્પન્ન થયું એ આનંદનું કાર્ય જ નહિ. ખરેખર એ આનંદની પર્યાય નહિ એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? સુખની પર્યાય.. સુખગુણની પર્યાય અથવા દ્રવ્ય. સુખવાળું જે દ્રવ્ય-સુખનો ધરનારો જે આત્મા એની જે પર્યાય તો આનંદની પર્યાય એ આત્માની (પર્યાય છે). આહાહા..! સમજાણું કાંઈ?

એ સુખગુણ આખા દ્રવ્યમાં, ક્ષેત્રમાં, ભાવમાં અને કાળમાં અને અવસ્થામાં વ્યાપ્યો છે. આમ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ટૂંકાવીને કહીએ તો દ્રવ્ય-ગુણ-પર્યાયમાં કહીએ. એ સુખગુણ અનંતા ગુણને નિમિત્ત છે. એ સુખગુણ અનંતા ગુણમાં વ્યાપ્યો છે. એ દર્શન-ચારિત્ર ને સુખ એક એક ગુણ બધામાં વ્યાપ્યો છે. સમકિતગુણમાં પણ ધ્રુવ ઉપાદાન અને ક્ષણિક ઉપાદાન સાથે પડ્યા છે. ચારિત્રગુણમાં પણ ધ્રુવ ઉપાદાન અને ક્ષણિક ઉપાદાન સાથે છે. સુખગુણમાં પણ ધ્રુવ ઉપાદાન અને ક્ષણિક ઉપાદાન સાથે છે. સમજાણું કાંઈ? એને પરિણમવામાં કોઈ નિમિત્તની જરૂર નથી. એમ કહે છે. માટે ઉપાદાન ધ્રુવ તો ત્રિકાળ છે, ક્ષણિક પરિણમે છે તે એનું ક્ષણિક ઉપાદાન (છે). પૂર્વને લઈને પરિણમ્યું એમ પણ નથી અહીં તો. અહીં તો શક્તિવાન શક્તિને લક્ષે સીધી શક્તિ પરિણમે છે એટલે પૂર્વની પર્યાયને લઈને અહીં સાધન થયું છે એમ નથી. સમજાણું કાંઈ? અને એ આત્મા ક્રમ અને અક્રમે પ્રવર્તતો પરિણમનની પર્યાયનો પિંડ જે ધ્રુવ શુદ્ધ, એ પર્યાય વ્યવહાર વચ્ચે જે રાગાદિ છે તેનું એ કારણ નથી અને રાગાદિ છે તેનું એ કાર્ય નથી. સમજાણું કાંઈ? કારણ કે એક ગુણમાં બધા અકાર્યકારણગુણ પણ સાથે ને સાથે ભેગા છે. આહાહા..!

આનંદરૂપી પરિણમન ધર્મીનું એટલે આત્મા થયો આત્મારૂપે. આત્મા હતો તેવો થયો પર્યાયમાં. તેવા ધર્મીનું આનંદનું જેને શ્રદ્ધાનું, ચારિત્રનું પરિણમન છે, એમાં રાગની મંદતા કે કષાયની મંદતા તેનું એ કાર્ય નથી, તેમ તેનું એ કારણ નથી. વ્યવહાર થઈ ગયો, ઊડી ગયો વ્યવહાર. વ્યવહાર કારણ અને આ કાર્ય એમ નથી. સમજાણું કાંઈ? અને આત્માની નબળાઈ કારણ છે રાગને એ અહીં નથી. આત્મામાં નબળાઈ છે જ નહિ. આહાહા..! તેથી

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આના પછી વીર્ય જ કહેશે. અનંત વીર્ય પડ્યું છે. નબળાઈ કેવી? કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા સમકિત, ચારિત્ર અને સુખ એવી ત્રણ શક્તિથી ભરેલો એની પ્રતીત ત્યારે આવી કે એનાથી ભરેલો ભગવાન આત્મા એ ભંડોળનો ધણી આત્મા, એની દૃષ્ટિ થતાં ત્રણે ગુણનું પરિણમન સમ્યગ્દર્શનનું, ચારિત્રનું, સુખનું થયું. એટલે સુખગુણમાં દર્શન અને ચારિત્ર સમાડી દીધા. આહાહા..! સમજાણું કાંઈ? અને એ ત્રણે પરિણમનમાં પોતાના કારણે પરિણમન ધ્રુવ ઉપાદાનને કારણે, ક્ષણિક ઉપાદાનને કારણે એ પરિણમન છે. એ કોઈ નિમિત્તના રાગને કારણે દેવ-ગુરુ-શાસ્ત્રના શબ્દને કારણે, કોઈ બહારને કારણે એ સમ્યગ્દર્શન-જ્ઞાનનું પરિણમન, સમ્યક્ચારિત્રનું પરિણમન, આનંદનું પરિણમન (નથી). કહો આવે છે ને શાસ્ત્રમાં બીજે ઠેકાણે, સમકિતનું કારણ આ દેવઋદ્ધિ, ફલાણું શું કહેવાય છે એ? વેદના. આવે છે કે નહિ? સાતમી (નરકની) વેદના, શ્રવણ, મૂર્તિનું દેખવું, દેવઋદ્ધિનું દેખવું એ બધા નિમિત્ત વ્યવહારનું આવે છે.

મુમુક્ષુ :- પૂર્વ ભવનું સ્મરણ આવે છે.

ઉત્તર :- આવે છે. સ્મરણ. ના પાડે છે અહીં. કેમકે વ્યવહારની વ્યાખ્યા હતી એ તો. (નિમિત્ત) શું હતું એ જ્ઞાન કરવા માટે.

અહીં કહે છે કે સમ્યગ્દર્શનની પર્યાય સ્વતંત્ર પોતાના કારણે પરિણમે તેમાં નિમિત્તનો અભાવ છે. પંડિતજી! આહાહા..! હવે એક કોર વ્યવહારના શાસ્ત્ર એટલી વાત કરે, તત્ત્વાર્થ રાજવાર્તિક ને આ. વેદનાથી સમકિત થાય નારકીને. વેદનાથી થાય તો વેદના તો અનંત વાર વેદી, કેમ ન થયું? એ તો તે કાળમાં જરી લક્ષ ત્યાં હતું અને પછી ફર્યો દ્રવ્યમાં આવ્યો છે, ત્યારે એનું શુદ્ધ પરિણમન થયું ત્યારે વેદનાથી થયું એવું એક નિમિત્તનું તે કાળે લક્ષ ક્યાં હતું એનું જ્ઞાન કરાવ્યું. સમજાણું કાંઈ? આહાહા..! આમાં તો બહુ સમજવું પડે. ચીમનભાઈ આમાં કાંઈ થોડે વળે એવું નથી. કેમ ત્રંબકભાઈ! ઉપરથી લઈ જાય, બે-ચાર દી'માં... આહાહા..!

કહે છે, એ સુખગુણ, સમ્યગ્દર્શન, જ્ઞાન એ પોતાનો... એક એક ઉતાર્યું છે ને ભાઈ ઓલામાં? ક્ષત્રિય છે એ. સમકિતગુણ ક્ષત્રિય છે. બધા ગુણની રક્ષા કરે છે એ. જ્ઞાનગુણ ક્ષત્રિય છે. બધાની રક્ષા કરે છે, આનંદગુણ ક્ષત્રિય છે એ બધાની રક્ષા કરે છે. શેઠી! આહાહા..! એ વાણિયા છે વેપારી-ગુણ. પોતાની રીતનો વેપાર કરે છે એમ કહે છે. ભાઈ! એની રીતનો વેપાર કરે છે. જ્ઞાનને જ્ઞાનની રીતનો વેપાર, દર્શનને દર્શનની રીતિનો વેપાર, આનંદને આનંદ રીતિનો વેપાર. માટે તે ગુણને વૈશ્ય કહેવામાં આવે છે. આહાહા..! એની રીતિનો વેપાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org

હોં! એની રીતિનો વેપાર રાગ અને નિમિત્ત એ એની રીતિનો વેપાર છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એ ગુણને ગૃહસ્થ કહેવામાં આવે છે. પોતાના ઘરમાં રહેલો છે, બહાર જાતું નથી એનું પરિણમન માટે એને ગૃહસ્થ કહીએ. એને બ્રહ્મચારી કહીએ એ ગુણને. કેમકે તે અબ્રહ્મભાવ-મિથ્યા આદિ ને અશુદ્ધતા એમાં આવવા દેતો નથી. કેટલું યાદ રાખવું એમાં, શેઠી! આહાહા..!

ભગવાન આત્માનો સમ્યગ્દર્શનગુણ, કહે છે કે એ બ્રહ્મચારી છે. બ્રહ્મચારી એટલે વિષયની વાસના જેમ બ્રહ્મચારી આવવા નથી દેતો, એમ સમ્યગ્દર્શન કોઈપણ અશુદ્ધતાને અંદર પેસવા દેતો નથી. સમજાણું કાંઈ? લ્યો, આ વેપાર કહે છે. વેપાર છે તમારે? હા. એક એક ગુણનો વેપાર છે. એક એક ગુણનો ભિન્ન ભિન્ન સ્વતંત્ર વેપાર છે. કોઈપણ બીજા ગુણનો સહારો નહિ. નિમિત્ત હો, નિમિત્તનો અર્થ કાંઈ સહારો નથી કહેવાતો. નિમિત્તનો અર્થ કે પૃથક્ ચીજ છે તેનું જ્ઞાન કરાવવા માટે વાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

કીધું ને ગૃહસ્થ. વાનપ્રસ્થ કીધું લ્યો. વાનપ્રસ્થ. પ્રત્યેક ગુણનું રૂપ. વાન એટલે એનું રૂપ. એમાં ઠર્યો છે એટલે એને વાનપ્રસ્થ કહીએ. ગુણ ગુણમાં ઠર્યો છે, ગુણ વિકારમાં ઠરે નહિ. કહો, સમજાય છે કાંઈ? એવા ભેદ પાડ્યા છે ઘણા. એટલું આવ્યું લ્યો! ગૃહસ્થ ને શું ઘણા પાડ્યા છે. બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને ભીક્ષુ. સાધુ થયો. પોતાના સ્વરૂપને સાધે છે માટે સાધુ. દરેક ગુણ સાધુ છે. પોતાના સ્વરૂપને સાધે છે, વિપરીતને સાધતો નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા..! રાડ પાડે લોકો. પણ એ વ્યવહારથી નિશ્ચય થાય, વ્યવહાર પહેલો આવે. પણ અહીં તો કહે છે કે વ્યવહાર એનામાં છે જ નહિ ને થાય ક્યાંથી? એની પર્યાયમાં વ્યવહાર નથી. વ્યવહાર તો અનાત્મસ્વરૂપ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાની અનંતી શક્તિની ઋદ્ધિની સમૃદ્ધિનો ધણી. એ એની ઋદ્ધિ છે, એ એની ઋદ્ધિ છે. એક એક ગુણની ઋદ્ધિ અનંત છે અને એક એક ગુણની ઋદ્ધિ અનંતને કારણે પોતાની પર્યાયથી સ્વતંત્ર પરિણમે છે, એવી ઋદ્ધિને કારણે તે તે ગુણને ઋષિ કહેવામાં આવે છે. ઋદ્ધિને કારણે ઋષિ. સમજાણું કાંઈ?

એવો ભગવાન આત્મા. એક એક ગુણને નવ રસ લાગુ પડે છે. એક એક ગુણને. શૃંગારરસ, હાસ્યરસ, અદ્‌ભુતરસ, રૌદ્રરસ, બિભત્સરસ, કરુણારસ, ભયરસ, વીરરસ. એ બધા એક એક ગુણને લાગુ પડે છે. સ્વતંત્ર, એમાં રસની શક્તિનું પરિણમન સ્વતંત્ર છે. એમાં રસ નામ એકાગ્રતાનું પરિણમન સ્વતંત્ર છે. એને પરની કોઈ આશ્રયની જરૂર નથી. એવો જેનો ગુણ અનંતગુણનો પિંડ ભગવાન પોતામાં જ્યારે આવ્યો અંદરમાં સંભાળમાં, નજરે કરીને નિધાન જ્યાં જોયું, સ્વતંત્ર પરિણમન છે એનું. એના પરિણમનને કોઈનો આધાર-આશ્રય છે નહિ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આહાહા..! હવે તકરાર કરે. ઓલા કહે, વાદ કરો. પણ શેનો વાદ કોની સાથે કરે? સમજાણું કાંઈ?

**'અનાકુળતા જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે...'** જોયું! એટલે આત્માનું સ્વરૂપ જ આનંદ છે એમ કહે છે. દુઃખ અને આકુળતા એ આત્માનું સ્વરૂપ જ નહિ. આહાહા..! એની પર્યાયમાં પણ દુઃખ ને આકુળતા એ ગુણનું સ્વરૂપ નહિ અને એને જીવ ન કહીએ. આહાહા..! સમજાણું કાંઈ? નારકીમાં સમકિતીને... શ્રેણિકરાજા છે અત્યારે ક્ષાયિકસમકિતી. કહે છે કે એનો આત્મા કોને કહીએ? કે આનંદની પરિણતિએ પરિણમેલું ક્ષેત્રમાં, કાળમાં, દ્રવ્યમાં, ભાવમાં આખું તેને આત્મા કહીએ. પણ દુઃખની દશા એની પર્યાયમાં નથી ને. એ દુઃખનું ક્ષેત્ર જ એનામાં નથી ને. દુઃખનો કાળ ને દુઃખનો ભાવ એનામાં નથી. એના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ચારેય જુદા છે-દુઃખના ચારેય જુદા છે. સમજાણું કાંઈ?

**'અનાકુળતા જેનું લક્ષણ...'** કહો, એમાં પ્રભુતા ભરી છે એક એક ગુણમાં. પોતે પ્રભુતા. એક એક ગુણ પોતાથી અખંડ પ્રતાપથી શોભાયમાન સ્વતંત્રથી બિરાજમાન છે. એનો પર્યાય પણ અખંડ પ્રતાપથી (પરિણમે છે). જ્યારે ગુણ એવો છે તો એ ગુણની સાથે વણાયેલો એ ગુણ છે. એ ગુણમાં પણ પ્રભુતા સાથે આવે છે. સમકિતગુણ પ્રભુ છે. તે પ્રભુ અખંડ પ્રતાપવાન શોભિત છે. એની સ્વતંત્રતા શોભા છે. એની કોઈ પરતંત્રતા કરી શકે એવું છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એમ ચારિત્રગુણ અખંડ પ્રતાપથી, ખંડ ન થઈ શકે તેવી તેની શોભા છે. સ્વતંત્ર જેની શોભા છે. પાછા બે બોલ લીધા છે ને. ખંડ ન થાય (અને) પ્રતાપ એવો છે કે જેનો કોઈ વિરોધ ન કરે અને એની સ્વતંત્રતાની પોતાની શોભા છે. આહાહા..!

શુદ્ધતાના પરિણમનમાં સમકિતીનું પરિણમન જ શુદ્ધ છે. અશુદ્ધ પરિણમન એનું ગણવામાં આવ્યું જ નથી. આહાહા..! થઈ ગયો ચોથે શુદ્ધ? હા. એ શુદ્ધનું પરિણમન (થયું) એને જ આત્મા કહીએ. ત્યારે એણે આત્મા માન્યો કહેવાય. એ પર્યાય સહિતનું અહીં જ્ઞાન લેવું છે ને. બેયનું લેવું છે. ધ્રુવ ભલે દૃષ્ટિનો વિષય એ કાંઈ નથી. દૃષ્ટિનો વિષય ધ્રુવ અને ધ્રુવ જ્યાં થયું ત્યારે પરિણમનમાં નિર્મળતા બધી આવી. અનંતા ગુણોની. આખું દ્રવ્ય જે છે અનંતગુણનો એક રસ, એક ટૂંપો આખો, એમ દૃષ્ટિ થતાં અનંતા ગુણોનું પરલક્ષે પરિણમન વિપરીત હતું, સ્વલક્ષે અવિપરીત જેમ છે એમ થયું. જેવી વસ્તુ છે એવું થઈ ગયું. સમજાણું કાંઈ?

'સુધા સાધુ શુદ્ધાત્મ સેવીએ.' એ આવ્યું હતું ને? સાધુ એટલે? જેવું એનું સ્વરૂપ છે સમુચ્ચય તે વસ્તુને સાધુ કહીએ. ગુણ પોતે સાધુ છે. સાધુની વ્યાખ્યા? સાધે એ, અત્યારે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એમ નથી. સાધુ એટલે ભલું સમીચિન. જેમ છે તેમ. ગુણનું રૂપ જેમ છે તેમ તેને જાણવો એને સાધુ કહેવાય છે. નહિતર બીજી રીતે જાણે તે અસાધુ છે. ભલું જાણ્યું નથી. ભૂંડુ જાણ્યું છે એણે. આહાહા..! શેઠી! આહાહા..! ભગવાન આત્મા સમ્યગ્દર્શન ગુણને સાધુ કહીએ, સમીચિન કહીએ. જે છે તેવો ગુણ કહીએ તેને સાધુ કહીએ, ભલું. એથી એનું પરિણમન પણ ભલું થઈ ગયું પર્યાયમાં. સમજાણું કાંઈ?

લ્યો! વળી ઓલું આવ્યું યાદ. ઓલું આવે છે ને પુણ્ય-પાપમાં? એઈ..! શુભ એવો મોક્ષમાર્ગ, અશુભ એવો... એ જ છે અહીં તો કહે છે. પુણ્ય-પાપના અધિકારમાં. શુભ એવો મોક્ષમાર્ગ. શુભ શબ્દે ભલો, ભલો શબ્દે સાધુ. એ શુદ્ધ તેને શુભ ને તેને સાધુ ને તેને ભલો કીધો છે. સમજાણું કાંઈ? વ્યવહાર રત્નત્રય એ શુભ-સાધુ એટલે ભલું છે જ નહિ. આહાહા..! ભારે આકરું. સમજાણું કાંઈ? કારણ કે વ્યવહારરત્નત્રય તો શુભ ઉપયોગ, રાગ વિકલ્પ છે અને એ કાંઈ પોતાનું પરિણમન નથી. એ તો પર્યાયબુદ્ધિનું પરલક્ષી પરિણમન એ સ્વલક્ષના પરિણનમાં ભેળવાતું નથી. એમાં તો અભાવરૂપ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

એવું અહીંયાં સાધુ એટલે સમ્યગ્દર્શન-ભલું. તો ભલું વ્યવહાર સમકિતને ભલું કહેવાય છે? એ જે શ્રદ્ધાગુણ છે એ સમ્યક્પણે નિર્મળ નિર્વિકાર પરિણમ્યો એને સાધુ કહીએ, એને ભલો કહીએ. આ તો ઓલા ભલો વળી લક્ષમાં આવ્યું તમારું. ભાઈએ તો સ્પષ્ટ બહુ સારું કર્યું છે પંડિતજીએ. ફૂલચંદજી બીજો અર્થ કરે છે. નહિ નહિ, એમ અર્થ છે જ નહિ. આ અર્થ સાચો છે. એ લ્યે છે વ્યવહારરત્નત્રય. બિલકુલ નહિ. પણ એને શુભ હોઈ શકે જ નહિ. શુભ તો શુદ્ધ જે વસ્તુ છે ભગવાન આત્મા શક્તિરૂપે, સમ્યગ્દર્શન શુદ્ધ છે, નિશ્ચય સમ્યક્ અંતર શ્રદ્ધા હોં! એનું પરિણમન જે નિશ્ચય પરિણમન થયું એને શુભ કહેવામાં આવે છે. ઓલો જે શુભ છે વ્યવહારનો વિકલ્પ એના અભાવરૂપે પરિણમન છે. એની સાથે રહેલું પરિણમન એનું નથી. સમજાય છે? એમ પરદ્રવ્યનો પર્યાય, પરદ્રવ્ય પર્યાય આવે છે ને ભાઈ? કર્તાકર્મમાં નહિ? એ પરદ્રવ્ય પર્યાયપણે પરિણમતો નથી આત્મા. આહાહા..! કેવી શૈલી નાખી છે! એ રાગાદિ પરદ્રવ્ય પર્યાય છે.

મુમુક્ષુ :- ગુણની વ્યાપ્ય-વ્યાપકતા છે જ નહિ.

ઉત્તર :- વ્યાપ્ય-વ્યાપકતા એની સાથે છે જ નહિ. વ્યાપક દ્રવ્ય છે અને એની નિર્મળ પર્યાય એનું વ્યાપ્ય છે. વિકાર પર્યાય વ્યાપ્ય અને આત્મા વ્યાપક એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? હજી વસ્તુની સ્થિતિ શું છે દ્રવ્ય-ગુણ-પર્યાય એની ખબરું ન મળે અને કહે અમારે ધર્મ થાય અને હવે થઈ ગયું ચારિત્ર. લ્યો! લ્યો ચારિત્ર! કેમ દીપચંદજી! આવું સાંભળ્યું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


હતું કોઈ દી? સાંભળ્યું નહોતું ત્યાં સુધી ભાન નહોતું. ભાન નહોતું ને લઈ લ્યો ચારિત્ર. નાગા થઈ જાવ લૂગડા છોડીને. પણ પહેલો આત્મા નાગો છે વિકલ્પના લૂગડા વિનાનો. વ્યવહારના લૂગડા વિનાનો આત્મા છે. વ્યવહારનો વિકલ્પ હોં! એ લાગણી વિનાનો ભગવાન નાગો દિગંબર છે એ. આહાહા..! વિકલ્પની લાગણી જે વ્યવહાર લાગણીનું વસ્ત્ર છે એ એનું નથી. એનું નથી. ભાઈ! એ તો પરદ્રવ્યની અવસ્થા છે.

ભગવાન સ્વદ્રવ્ય જ્ઞાન અને આનંદની મૂર્તિ પ્રભુ, એની પર્યાયમાં વિકલ્પ અને રાગ કેવો? એ તો નિર્મળ પરિણતિનો પર્યાયવાળો ક્રમપર્યાય અને અક્રમ ગુણવાળો સમુદાયવાળો આત્મા કહેવામાં આવે છે. ઓલાને આત્મા કહેવામાં આવતો નથી. આહાહા..! જગતને ભારે કઠણ પડે. કહો, સમજાણું?

અનાકુળતા જેનું સ્વરૂપ. દર્શન, જ્ઞાન સાધુ અને આ સુખ એ સાધુ. દુઃખ એ અસાધુ. આહાહા..! આ પૈસાવાળાને સુખી કહે છે ને? કે અસાધુ ભુંડા કહે છે એમ કહે છે. એય.. ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- બીજાને ક્યાં નડે છે? ભૂંડા તો બીજાને નડે.

ઉત્તર :- એના આત્માને નડ્યો છે ને એ. ખેતશીભાઈ! પાંચ કરોડ મળ્યા, દસ કરોડ મળ્યા, સુખી (છે). કહે છે કે એ કલ્પના જે તારી છે તે દુઃખ છે, તે અસાધુ છે, એ સાધુ-ભલું નથી. એ ભલી વસ્તુ જ નથી. આહાહા..! ભલી તો ભગવાન તારો સ્વભાવ આનંદ છે તે ભલો છે. અને તે ભલા અનંતા ગુણો ભલા છે. એ ગુણનો ધરનાર ગુણી એ તો ભલામાં ભલો એ તો વળી, પણ એનું જ્યાં લક્ષ થતાં એ ગુણ શુદ્ધરૂપે પરિણમે તેને ભલો કહીએ. એને આત્મા કહીએ, એને ભલો કહીએ, એને સાધુ કહીએ. સમજાય છે કાંઈ? એ મુનિ કહીએ. બધાને જાણવાનું જ્ઞાન રાખે છે એ. મુનિ. સમજાણું કાંઈ? એને યતિ કહીએ. યત્ના સ્વરૂપની કરે છે, પરને પોતામાં આવવા દેતો નથી. અશુદ્ધતા પોતાની જતનક્રિયામાં આવવા દેતો નથી. માટે તે તે ગુણને યતિ કહેવામાં આવે છે. આ યતિ થયા વિના પાધરો બહાર યતિ થઈ જાય.. કહો, જયંતિભાઈ! ભારે વાતું આવી આ. આ તો મોટી એલ.એલ.બી.ની (વાતો લાગે છે). એલ.એલ.બીની નહિ. આ તો સમ્યગ્દર્શનના પરિણમન કાળમાં જે પર્યાય નિર્મળ (થાય) તે સહિતનો આત્મા તેને આત્મા કહેવામાં આવે (છે). એ વાત ચાલે છે આ તો. દાસ!

શક્તિમાં આવે છે ને આગળ? ક્રમરૂપ અક્રમ. આમાં જ આવે છે ને? ક્રમરૂપ અક્રમરૂપ વર્તન જેનું લક્ષણ છે. આગળ. એટલે? એ ક્રમરૂપ અક્રમરૂપ વર્તન એ પણ અહીં ગુણમાં પણ ક્રમરૂપ અક્રમરૂપ વર્તન આવ્યું ભેગું. પાછળ છે ને ૧૮મી શક્તિ? છે ને ૧૮મી છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

'**ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે...**' માથે તો ઉપાડ્યું હતું પહેલું કે ક્રમવર્તન અને અક્રમવર્તનનો સમુદાય તેને આત્મા કહીએ. પાછું શક્તિમાં નાખ્યું એ. ૧૮મી. '**ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે એવી ઉત્પાદવ્યયધ્રુવત્વશક્તિ.**' એટલે એ શક્તિ પાછી સમકિતમાં, ચારિત્રમાં અને સુખમાં ત્રણેમાં આવે છે. સુખ, સમકિત અને ચારિત્ર ક્રમરૂપે પ્રવર્તે પર્યાય, અક્રમરૂપે ગુણ (રહે) એ જ એનું સ્વરૂપ છે. એ ક્રમરૂપે પરિણમવું સમ્યગ્દર્શનનું (અને) ગુણનું કાયમ રહેવું. ચારિત્રનું ક્રમરૂપે પરિણમવું, ગુણનું કાયમ રહેવું. સુખનું ક્રમરૂપે પરિણમવું, ગુણનું કાયમ રહેવું એ જ એનું સ્વરૂપ છે. પરને કારણે પરિણમવું ક્રમે-અક્રમે એ વસ્તુમાં છે નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! વ્યવહારને કારણે ક્રમરૂપે પરિણમવું અને અક્રમરૂપે રહેવું એ તો ના પાડે અમથી. પરક્રમરૂપે પરિણમવું એ વસ્તુનું સ્વરૂપ જ નથી. સમજાણું કાંઈ?

'**અનાકુળતા...**' જેમાં આકુળતા નથી એવું સ્વરૂપ. એવી સુખશક્તિનો ભંડાર ભગવાન છે. આહાહા..! કહે છે કે વ્યવહારનો અભાવ કરી, નિશ્ચયનો સ્વભાવનો આશ્રય કરીને જે પરિણતિ થઈ એ ભંડાર ખુલી ગયો. ભંડારમાં કાંઈ દુઃખ નહોતું, રાગ નહોતો તે ભંડારમાં ખુલીને પર્યાયમાં આવે. સમજાણું કાંઈ? રાગ ને વ્યવહાર ને સ્વભાવ એક છે એમ જ્યાં સુધી માન્યું હતું (ત્યાં સુધી) તો આત્મા અને અનાત્માને એક માન્યા. એટલે આત્મા ખીલવાની દશા ન રહેતા સંકોચમાં આવી ગયો. આત્મા અનંત ગુણનો પિંડ અનાત્માથી ભિન્ન, વ્યવહારના વિકલ્પ અને નિમિત્તથી અનાત્માથી ભિન્ન અને પોતાના સ્વભાવથી અભિન્ન. એવી દૃષ્ટિ થતાં આખા આત્માના જેટલાં ગુણો છે બધા એક સમયમાં ખીલી ગયા. એવા ખીલવટની જે પર્યાય છે તે સહિતના આત્માને આત્મા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

હજી તો આત્મા કોને કહેવો એ અહીં વાત ચાલે છે. આત્મા આવો જાણ્યો હોય ત્યારે આત્મા કહેવાય. આથી કાંઈ બીજી રીતે જાણે તેને આત્મા જાણ્યો નથી અને આત્મા જાણ્યો નથી પછી બીજું કાંઈ જાણ્યું નથી. સમજાણું કાંઈ? એ.. હિંમતભાઈ! કેટલી વાતું આમાં યાદ રહે? પ્રવિણભાઈ કેટલીક શક્તિ સાંભળી ગયા. વળી એક ખાધ પડી ગઈ કાલની. આજે રવિવાર આવ્યો વળી. રવિવાર આવ્યો ને આજે? રવિવાર આવ્યો આજે. એમ.

કહે છે.. આહાહા..! તારા ભંડારમાં એક શક્તિમાં અનંતી શક્તિ પાછી. ઓલી શક્તિઓ નહિ પણ સામર્થ્ય એનું. એક એક શક્તિનું, સમકિતનું અનંતુ સામર્થ્ય. બીજી શક્તિઓને લઈને નહિ. ચારિત્રનું અનંતુ સામર્થ્ય, બીજી શક્તિને લઈને નહિ. એક એક શક્તિમાં અનંત સામર્થ્ય અને એક એક શક્તિની અનંતી પર્યાય. સમજાણું? આ નિર્મળ પર્યાય અત્યારે લેવી છે હોં! ઓલી વિકલ્પ વિકાર એની પર્યાય નહિ. આહાહા..! એવો આત્મા દૃષ્ટિમાં આવતા, એનો

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અસ્તિત્વનો સ્વીકાર થતાં એની પર્યાયમાં જ્યાં શુદ્ધતા આવી ત્યારે એ ગુણ ત્રણેમાં વ્યાપી ગયો, દ્રવ્ય-ગુણ-પર્યાયમાં. ત્યારે તે ગુણની અને ગુણીની પ્રતીત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઘરે કોઈ પૂછે કે શું સાંભળી આવ્યા? ન આવ્યા હોય તો. કહેવું મુશ્કેલ પડે. કેટલી વાત યાદ રહે. એય.. તંબોળી! શું પણ કાંઈક કહેતા હતા પણ આમ છે ને તેમ છે બસ. શું કહે છે એ પકડાતું નથી. આહાહા..! વાર્તા હોય તો યાદ પણ રહે. દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા, જે ન થઈ શકે એવું માનવું. આહાહા..! આ તો થઈ શકવાયોગ્ય અને થઈ શકીને થયું તે યોગ્ય છે. આહાહા..! એવી વાત છે. સમજાણું કાંઈ?

લ્યો એ વળી સુખમાં ગયું આજે તો બધું. આ એક કલાક સુખશક્તિના મેળમાં ગયો. કાલે એક કલાકમાં ઘણું આવ્યું હતું. આજે બીજી રીતનું થોડું થોડું. એ કાંઈ એનું એ આવે છે બધું? કહો, એ પાંચ શક્તિથી પરમેશ્વર પાંચે ભળ્યા. ભગવાન ભળ્યા પાંચમાં. સુખવાળો આનંદ ભગવાન ભળ્યો ભેગો. પાંચમી શક્તિમાં સુખ આવ્યું છે લ્યો! કારણ કે જીવત્વ, જ્ઞાન, દર્શન, આનંદના પ્રાણવાળું, એ તો એમાં આવ્યું છે ભલે, પણ એ સામાન્ય વાત. ચિતિશક્તિ એનો ચૈતન્ય પ્રકાશમંડિત અને એનું પાછું વિશેષ. એનું વિશેષ. દર્શન અને જ્ઞાન અદ્ભુત અને એની સાથે રહેલો આનંદ. એવા જ્ઞાન-દર્શનનું પરિણમન જેને થાય એને આનંદનું પરિણમન સાથે જ હોય. ત્યારે તે જ્ઞાન અને દર્શન જાણ્યું અને માન્યું એને કહેવામાં આવે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**જેઠ વદ ૭, સોમવાર તા. ૧૭-૬-૧૯૬૮**
**શક્તિ-૬-૭, પ્રવચન-૫૪૦**

આત્મા જાણ્યો હોય ત્યારે ... એની વાત છે. આત્મા જેવો આત્મા છે એવો આત્મા એને એ રીતે જાણીને અનુભવ થયો કે આ આત્મા. એ આત્માની શક્તિઓ શું છે અને એવી શક્તિઓનો ધરનાર આત્મા, એનો અનુભવ પ્રતીત થતાં બધી શક્તિઓની વર્તમાન અવસ્થામાં પ્રગટતા પરિણમનમાં પરિણમે એવા આત્માને અહીંયાં આત્મા કહ્યો છે. સમજાય છે કાંઈ?

બીજે ઠેકાણે તો આત્મા એમ પણ વર્ણવ્યો છે. પંચાસ્તિકાયમાં છે ને? પ્રભુશક્તિ એક વર્ણવી છે. પંચાસ્તિકાયમાં. આત્મામાં. પ્રભુશક્તિ તો પુણ્ય-પાપ, રાગ-દ્વેષ, વિકાર, સંવર, નિર્જરા અને મોક્ષ એને રચવામાં સમર્થ છે એવી પ્રભુશક્તિનું ત્યાં વર્ણન છે. સમજાણું? આ જુદી રીતે છે. પંચાસ્તિકાય, ૨૭મી ગાથા. ત્યાં પ્રભુશક્તિ વર્ણવી છે. ભગવાન આત્મા પોતે સમર્થ છે. તેમાં પુણ્ય અને પાપના, આસ્રવ અને બંધના વિકારી ભાવ કરવામાં સ્વતંત્ર સમર્થ છે. એને કોઈની મદદની જરૂર નથી. અને સંવર ને નિર્જરા ને મોક્ષ એટલે કે મોક્ષનો માર્ગ અને મોક્ષ એને પણ રચવાની શક્તિ એનામાં પોતામાં છે. એનું રચવું કોઈ બીજું કરી દે નિમિત્ત, વિકારનું રચવું કે મોક્ષમાર્ગનું રચવું કે મોક્ષનું, બીજો કોઈ નિમિત્ત કે ... આદિ કરે એવું એનામાં નથી. ત્યાં એને વિકારી અને અવિકારી બધી અવસ્થામાં પ્રભુ કર્તા તરીકે સ્થાપ્યો છે. શેઠી! સમજાય છે? પંચાસ્તિકાયમાં પ્રભુ ગણ્યો છે. અહીં બીજો ગણ્યો છે.

અહીં તો આત્મા વસ્તુ છે અને એમાં અનંતી શક્તિઓ-ગુણ છે એકસાથે. સ્વભાવભેદ હોવા છતાં ક્ષેત્ર એક છે, પરિણમનનો કાળ એક છે. છતાં દરેકનો સ્વભાવ એટલે સ્વરૂપ એટલે લક્ષણ જુદું છે. છતાં એ દ્રવ્યના સ્વરૂપમાં તો એકરૂપ છે બધું. એવો દ્રવ્યસ્વભાવ અંતર્મુખ દૃષ્ટિ થતાં, અંતર્મુખ વસ્તુની દૃષ્ટિ થતાં... સર્વવિશુદ્ધ અધિકાર છે ને. એટલે અંતર શુદ્ધ ચૈતન્યદ્રવ્ય જે જ્ઞાયકભાવ છે, એની દૃષ્ટિ થતાં એમાં જે .. પરિણમન થાય તે પર્યાયવાળો આત્મા છે. સમજાય છે કાંઈ? વિકલ્પ ને રાગવાળો આત્મા એ આત્મા છે જ નહિ. પુણ્ય-પાપને રચે કે વિકલ્પને રચે એ આત્મા જ નહિ. અહીં તો એ સિદ્ધ કરવું છે.

સુખશક્તિ આવી ગઈ છે. ભગવાન આત્મામાં સુખ નામની શક્તિ છે એ પાંચમી. ગંભીર આ છે બધું આખું. ભગવાનનો તો ગંભીર દિવ્ય સ્વભાવથી ભરેલો, સૂક્ષ્મ સ્વભાવથી ભરેલો અને છે મહાપદાર્થ. અરૂપી છતાં મહાપદાર્થ. જેના જ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોક જણાઈ જાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એવી જેની એક એક શક્તિનું એવું સામર્થ્ય. જણાય, દેખાય, રચે, ઠરે ચારિત્ર આદિ. એવી એક એક શક્તિમાં અનંત શક્તિ છે. એવો આત્મા એમાં આનંદ છે, સુખ છે. એ અનાકુળ લક્ષણસ્વરૂપ. તો એ સુખ જ્યારે આત્માનું ભાન થયું ત્યારે દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં ત્રણેમાં આનંદ વ્યાપ્યો. ત્યારે તેણે આત્મા બરાબર જાણ્યો ને જોયો ને અનુભવ્યો એમ ક્હેવામાં આવે છે. છોટાભાઈ! ઝીણી વાત છે આ શક્તિની. હમણાં 'આત્મ વૈભવ' બહાર આવી ગયું છે ને. પણ આ કાંઈ એની એ રીતે કાંઈ બધા આવે છે બોલ? ભાષા. ફેરફાર આવે બધું આવે. સમજાણું કાંઈ?

હવે આજ તો છઠ્ઠી શક્તિ છે. વીર્યશક્તિ. આત્મામાં એક વીર્ય નામની શક્તિ છે. વીરતા એવી વીર્યશક્તિ. આત્મામાં હોં! આ વીર્ય-રેત પરમાણુ શરીરના છે એ નહિ. એ તો જડ છે. ભગવાન આત્મામાં એક આનંદ જેવો ગુણ છે, એવો જ એક વીર્ય નામનો ત્રિકાળી ગુણ છે. એ ગુણનું સ્વરૂપ શું? એ કહે છે. એ ગુણનું કાર્ય શું વીર્યનું? કે '**સ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ.**' ભગવાન આત્મા અનંત શક્તિ-આનંદ, જ્ઞાન, દર્શન, સ્વચ્છતા, પ્રભુતા, અકાર્યકારણ શક્તિ વગેરે. વગેરે સ્વરૂપ એનું છે. એ સ્વરૂપની રચના કરે એને વીર્ય કહીએ. સમજાણું કાંઈ? વચ્ચે વ્યવહાર રત્નત્રય રાગાદિની રચના કરે એ વીર્ય નહિ, એ આત્માનું વીર્ય નહિ, એ આત્મા નહિ. સમજાય છે કાંઈ? આ તો ધીમેથી સમજવા જેવી વાત છે.

ભગવાન આત્મા એનામાં વીર્ય આત્માનું બળ, બળ વીર્ય. એવો જે ગુણ છે એ ગુણનું શું કાર્ય છે? કે સ્વરૂપની રચના, સ્વરૂપની રચના. સ્વરૂપ શબ્દે ખુલાસો કર્યો કે આત્મસ્વરૂપ. એમ. અહીં કંઈ જડની વાત છે નહિ. એટલે સ્વરૂપ એટલે આત્માનું જે જ્ઞાન, દર્શન, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા, વિભુતા અનંત અનંત જે ગુણો છે એની પર્યાયમાં રચના કરે. રચના કરે (અર્થાત્) વીર્ય તેને રચે એને વીર્ય કહીએ. સમજાણું કાંઈ? એ વીર્ય શરીરની પર્યાયને રચે એ વીર્ય છે જ નહિ. એ તો રચી શકતો જ નથી. અશક્ય છે. પણ અંદર શુભ રત્ન દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતના વિકલ્પો કે શાસ્ત્રનું પર સંબંધીનું જ્ઞાન એને રચે એ વીર્ય નહિ, એ આત્મા નહિ. સમજાય છે કાંઈ? એ ભગવાનનું વીર્ય મંદિરને રચે, પુસ્તકને રચે, વાણીને રચે, શરીરની પર્યાયને રચે એ તો ત્રણ કાળમાં છે જ નહિ.

ભગવાન આત્મા એનું વીર્ય જે છે અને એ વીર્ય ગુણ છે અને એ ગુણનો ધરનાર આત્મા એમ જ્યાં અંતર દષ્ટિમાં આવ્યું તો એ વીર્યે પોતાના શુદ્ધ સ્વરૂપની પરિણતિની રચના કરી એ એનું સ્વરૂપ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને આનંદ આદિની પરિણતિને રચે એને વીર્ય કહીએ. સમજાણું કાંઈ? કહો, ભગવાનજીભાઈ! આ મોટા વીર્યવાળા માણસ કહેવાય છે ને આણે આ કર્યું તે કર્યું ને ફલાણું કર્યું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુમુક્ષુ :- બહારની વાત છે.

ઉત્તર :- બહારની વાત છે જ નહિ પણ ઈ. તું તો કરી શકતો જ નથી. કરી શકે છે પુણ્ય-પાપની રચના. તેથી પહેલી વાત કરી. પંચાસ્તિકાયમાં એમ કહ્યું કે એની પ્રભુતાએ પોતે પોતાના પુણ્ય-પાપ, દયા-દાન, કામ-ક્રોધના ભાવને રચે છે. એટલે પોતાની શક્તિ દ્વારા રચે છે. પણ એ તો સામાન્ય આખા આત્માની વાત છે. અહીં તો સ્વરૂપનું ભાન થયેલા આત્માની વાત છે.

આત્મા એને કહીએ... એ આસ્રવ ને બંધ ને એ કાંઈ આત્મા નથી. એ તો આસ્રવતત્ત્વ છે. પણ ત્યાં સિદ્ધ કર્યું કે એ આસ્રવની પર્યાય થાય છે જીવમાં જીવને લઈને. એટલું. જીવ અટક્યો છે પુરુષાર્થથી એથી એને આસ્રવ અને બંધ, પુણ્ય અને પાપના ભાવ થાય છે એટલું ત્યાં સિદ્ધ કરવું છે. પણ અટકેલું વીર્ય એ વીર્ય જ નહિ અહીં તો એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એક વીર્યગુણ અનંતા ગુણનું વીર્ય તે સિદ્ધ કરે છે. જ્ઞાનમાં અનંતવીર્ય, દર્શનમાં અનંતવીર્ય. વીર્ય પોતે અનંતગુણને નિમિત્ત છે અને અનંતગુણમાં એ વીર્ય નામનો ગુણ વ્યાપી ગયો છે, આમ પ્રસરેલો છે. એ વીર્યનું ક્ષેત્ર પોતાનું સ્વક્ષેત્ર અસંખ્ય પ્રદેશ. સમજાય છે કાંઈ? વીર્યનું દ્રવ્ય એ વસ્તુ, એનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી, એનો ભાવ સ્વભાવનું સામર્થ્ય, એનો કાળ એ પર્યાયની રચના કરવી એ એનો વીર્યનો કાળ. આહાહા..! છોટાભાઈ! આ તો અલૌકિક વાતું છે. જગતમાં ક્યાં પડ્યા છે જીવો અને કઈ રીતે કરે છે એની ખબર ન મળે અને માને ભગવાનનો ધર્મ અમે કરીએ છીએ. ભાઈ! ભગવાન તો આત્મા છે અને એનો ધર્મ નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને આનંદની અવસ્થાનું થવું તે ભગવાનનો ધર્મ છે. ભગવાન એટલે આત્મા અને એનો ધર્મ એ છે. આહાહા..! સમજાણું કાંઈ?

વીર્ય સ્વરૂપની રચના. એના રચનાનું સામર્થ્ય એ એનું વીર્ય કહેવાય. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા, અકાર્યકારણ એટલે કે કોઈ રાગને કારણ થાય કે રાગનું કાર્ય થાય એવું એનામાં વીર્ય છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા એનું દ્રવ્ય વીર્ય, દ્રવ્યમાં શક્તિ. ગુણ વીર્ય ગુણની શક્તિ, પર્યાય વીર્ય એ પર્યાયની પરિણતિ સ્વતંત્ર પોતે પરિણમીને વીર્યથી એવી અનંતા ગુણની રચના કરે છે. સમજાણું કાંઈ? એને આત્મા કહીએ. એવો આત્મા જેને દૃષ્ટિમાં આવ્યો એને ક્રમે ક્રમે શુદ્ધ પરિણતિ જે પરિણમે અને અક્રમે જે ગુણ, એનો સમુદાય આખો આત્મા તેને ખરેખર આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

કહે છે, એ વીર્ય. જ્ઞાનમાં વીર્ય કામ કરે છે, દર્શનમાં વીર્ય કામ કરે છે, આનંદમાં વીર્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કામ કરે છે, સ્વચ્છતા-પ્રભુતામાં પણ બળ આટલું વીર્ય કામ કરે છે. વીર્ય વિના, વીર્યની શક્તિ વિના એકેય ગુણને ચાલે નહિ. વીર્યની શક્તિ વિના દ્રવ્યને ચાલે નહિ. સમજાણું કાંઈ? વીર્યની શક્તિ વિના એના ક્ષેત્રને ચાલે નહિ. વીર્યની શક્તિ વિના એની પર્યાયને-ભાવને-પર્યાયને ચાલે નહિ. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, ભગવાન આત્મા અનંત શક્તિનું રૂપ. એમાં એક એક શક્તિનું અનંતુ સ્વરૂપ. શક્તિ હોં સામર્થ્ય. એવા સામર્થ્યનો એક એક ગુણ. એનો ધરનાર ગુણી. એનું લક્ષ અને દૃષ્ટિ થતાં તેના પરિણમનમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, આનંદ, શાંતિ, વીતરાગતા, સ્વચ્છતા એવી પરમેશ્વરની પર્યાયને રચે તે વીર્ય કહેવાય. પોતાના પરમેશ્વરની પર્યાયમાં રચના કરે તે વીર્ય કહેવાય. રાગાદિની રચના કરે તેને વીર્ય કહેવાતું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એ વીર્ય નામની શક્તિ આત્મામાં પરિણામિકભાવે છે. પરિણામિકભાવે એટલે સહજ ભાવે છે. એને કોઈની અપેક્ષા નથી. એક શક્તિ અનંત શક્તિને નિમિત્ત છે, એક શક્તિ અનંતમાં વ્યાપે છે, એક એક વીર્યશક્તિમાં ધ્રુવ ઉપાદાન અને ક્ષણિક ઉપાદાન સદાય રહેલું છે. વળી એ શું હશે? શક્તિની ધ્રુવતા, કાયમતા એ એનું ધ્રુવ ઉપાદાન અને વર્તમાન પરિણતિ થવી તે એનું ક્ષણિક ઉપાદાન. એના ઉપાદાનના કારણ-કાર્યમાં પરની જરૂર નથી. પર્યાયવીર્ય એ દ્રવ્યને સિદ્ધ કરે છે. શું કહ્યું? કારણ કે નિત્ય નિત્યને શી રીતે સિદ્ધ કરે? વર્તમાન વીર્યની શ્રદ્ધા-જ્ઞાન આદિની રચના એ દ્રવ્યને સિદ્ધ કરે છે કે આ કારણ, આ કાર્ય. કાર્યનો અર્થ કે એ રચના.. અનિત્ય વડે નિત્યની સિદ્ધિ થાય છે ને? કાંઈ નિત્ય વડે નિત્યની સિદ્ધિ નથી. સમજાણું કાંઈ?

બીજી વાત. એ પર્યાયની રચનાથી આ દ્રવ્ય છે એમ સિદ્ધ થયું તો એ પર્યાયને કારણ કહ્યું, આને કાર્ય (કહ્યું). છતાં એ કારણ અને કાર્ય એવી ચીજ છે કે કારણ આ ઉપાદાન પલટીને ઉપાદેય થાય એવી એ ચીજ નહિ કારણ કાર્ય. નહિતર કાર્યનું રૂપ એવું છે કે પૂર્વનું રૂપ છે, પરિણામ જુત્તં દવ્વં. એમ નથી. પૂર્વ પરિણામ જુત્તં દવ્વં. પૂર્વના પરિણામ સહિતનું દ્રવ્ય તે ઉપાદાન કહીએ અને પછીના પરિણામ સહિતનું દ્રવ્ય તેને ઉપાદેય-કાર્યગત કહીએ. એમ આ નહિ. સમજાણું કાંઈ? વીર્યની રચના પર્યાયમાં થાય અને તે દ્વારા આત્મા આખો જણાય. કારણ કે કાંઈ ગુણ દ્વારા, દ્રવ્ય દ્વારા જણાતો નથી એ. પર્યાયથી જાણે છે. પણ ખરેખર પર્યાય તે અનિત્ય છે, છતાં પોતાની રચનાની પર્યાય છે. એ અનિત્ય પર્યાય વડે આ નિત્ય દ્રવ્ય છે એમ એનો ખ્યાલ આવે. એટલે ખરેખર તો કારણ પર્યાય થઈને કાર્ય આખું. એ કારણ દ્રવ્ય ત્રિકાળ છે ને પર્યાય કાર્ય આવે એ વાત જુદી છે. એ તો પર્યાયની રચનામાં વીર્ય દ્રવ્યમાં હતું, ગુણમાં હતું એ પોતે પરિણમીને પર્યાયરૂપે પરિણમે છે. તો એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org

પર્યાયનું કારણ દ્રવ્ય ગુણ થયું. ધરમચંદજી! કેટલા બોલ આમાં યાદ રહેશે? આહાહા..! કેવો ભગવાન છે એમ કહે છે અહીં. ભાઈ!

એક કોર એમ કહેવું કે ભગવાન આત્મા વસ્તુ કારણ પરમાત્મા અને એની વર્તમાન કાર્ય-દશા નિર્મળ થાય તે કારણનું કાર્ય છે. છતાં એ કારણ અને કાર્ય એવી જાતના છે કે કાયમ એવા રહે ઈ જાતના છે. એ કારણ પલટીને કાર્ય થાય એવી એ ચીજ નથી. દ્રવ્ય કારણ છે એ કાર્યમાં આવે છે કોઈ દી? વીર્યની રચનામાં પર્યાય આવી એ પર્યાય દ્રવ્યમાં આવે છે કોઈ દી? ભલે કારણ એને કહો અને કાર્ય આને કહો. અને આને કારણ કહો કે એને કાર્ય કહો, પણ આ કારણવીર્ય છે એ કાર્યમાં કોઈ દી આવતું નથી. સમજાણું કાંઈ?

દ્રવ્યવીર્ય, ગુણવીર્ય અને પર્યાયવીર્ય એ સ્વતંત્ર કામ કરે. વસ્તુ એક છે ત્રણે. સમજાણું કાંઈ? પોતાના પર્યાયમાં,... જેમ આ જગતમાં બંગલા રચે છે ને? એમ પોતાની પર્યાયના બંગલા રચે વીર્ય. નિર્મળની. એક એક પર્યાયમાં અનંતુ સામર્થ્ય, એવી અનંતી પર્યાયના પરિણમનને વીર્ય રચે છે. આ મફતનો પરનું કરું છું એમ હેરાન થઈને રખડે છે એમ કહે છે. આ અક્ષરને કરું ને વાણીને કરું ને શબ્દોને કરું, કોકનું ભૂંડું કરી દઉં, પરને ભલું કરી દઉં, પરને સમજાવી દઉં એ વાતમાં માલ કાંઈ નથી કહે છે. એય.. જગુભાઈ! કેમ હશે આ? આત્મધર્મમાં આવે છે કે નહિ? શું કહેવાય એને? સંપાદક? તંત્રી. કોનો તંત્રી? કહે છે. કોઈનો ન મળે એમ કહે છે. સ્વતંત્ર. સ્વતંત્ર કામ કરે તે તંત્રી. પોતાના સ્વરૂપની રચનાનું તંત્ર કામ કરે તે તંત્રી. આહાહા..! છગનભાઈ! તમે તો બહુ કર્યા હશે ઓલા કાર્ય. ત્યાં કાર્યવાહક હતા ને? શું કહેવાય એ? કાર્યકર્તા. એમ કે ગામદીઠ કાર્યકર્તા કહેવાય. કાર્યકર્તા કહે ને? શું કહે? કાર્યકર. કાર્યકર. અહીં તો કહે છે, કાર્યકર ન મળે. એમ કહે છે.

આહાહા..! ભાઈ! તારું કાર્યકર તો શું છે? કે તારું વીર્ય તારી નિર્મળતાને રચે એ કાર્યકર છે આત્મા. એ સિવાય કાર્યકર આત્મામાં છે નહિ. સમજાણું કાંઈ? આ કહે ને, મોહનભાઈ રસોડાના કાર્યકર્તા છે, આ પ્રવિણભાઈ આના કાર્યકર્તા છે. એમ વાતું કરે છે ને માણસ. રામજીભાઈ પ્રમુખ કર્તા હતા. નહોતા? હતા કે નહિ?

મુમુક્ષુ :- ખોટા હતા.

ઉત્તર :- હવે સાચા થયા? સાચા હશે? નહિ? આહાહા..!

ભગવાન! તારી સત્તાની મર્યાદા છોડીને પરના સત્તાના અંશમાં એ વીર્ય જાતું નથી એમ કહે છે. આ તો રાગની રચનામાં વીર્ય જાતું નથી તો વળી પરના રચવામાં ક્યાં આવ્યો? આહાહા..! શરીરને આત્મા હલાવે અને શરીરથી તે આત્માને ધર્મ થાય. શરીરના સજીવ કાર્યથી.. શું કીધું ઈ? સજીવ શરીરની ક્રિયાથી આત્માને ધર્મ થાય. ભગવાન! શું કહે છે તું આ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આહાહા..! આના વીર્યને એની જરૂર જ નથી કહે છે. શરીરની વીર્યની ક્રિયા... ધર્મરચના આ વીર્ય કરે એમાં એને પૂર્વનો રાગ કે વર્તમાનનો રાગ એ જ્યાં મદદગાર નથી. એની નિર્મળ પર્યાય વર્તમાન છે, વીર્ય રચેલી એને બીજે સમયે વીર્યની રચેલી છે એ પણ એને મદદગાર નથી એમ અહીં તો કહ્યું. એ તો વીર્યગુણ સીધો ભગવાન આત્મામાં છે એ વીર્યવાન વીર ભગવાન પોતે છે. લ્યો વીર ભગવાન. એ વીરની વીરતા તે એની મહિમા છે. એવો ભગવાન સીધો પોતાની નિર્મળ પર્યાયને, વર્તમાનને રચે. પૂર્વની હતી માટે રચે એ નહિ. સમજાણું કાંઈ?

'**સ્વરૂપની રચના...**' જુઓને! ઓહોહો..! આચાર્યે કામ કર્યું છે ને, ગજબ કર્યું છે! થોડા શબ્દોમાં પણ કેટલું! સ્વરૂપરચના આહાહા..! એવું જેનું સામર્થ્ય છે તેને અમે ગુણ જીવનો કહીએ છીએ. વીર્યગુણ તેને કહીએ છીએ. આહાહા..! અહીં તો કેટલા અભિમાન! પરનું કરી દઈએ, આનું કરી દઈએ, આ કરી દઈએ. કહો, હુશિયાર માણસ કરતા હશે કે નહિ બધું? ખેતશીભાઈ! આહાહા..! કોનું ક્યાં કરે? વિકારના પરિણામને કરવા જાય તો આત્મા રહેતો નથી અહીંયાં એમ કહે છે. આહાહા..! પુણ્યના પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ કરવા જાય એ આત્મા રહેતો નથી. છોટાભાઈ! આહાહા..! એ અનાત્મા થઈ જાય છે, મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે એમ કહે છે. ભગવાનજીભાઈ! ભારે આવી વાતું! આહાહા..! પુણ્યના પરિણામને રચવા જાય ત્યાં તે આત્મા રહેતો નથી. એ અનાત્મા દૃષ્ટિ થઈ જાય છે, એની દૃષ્ટિ મિથ્યાત્વ થઈ જાય છે. જુઓ! એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અને એ વીર્ય પોતાનું કાર્ય કરવામાં કોઈ રાગને, નિમિત્તને રચે કે એનાથી આ રચાય એવું સ્વરૂપ એનું છે જ નહિ. વીર્યની રચનાથી જે અંતર નિર્મળ દશા શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિનું વેદન અથવા અનંત ગુણની પરિણતિની રચના થઈ એ રચના વીર્યગુણ દ્વારા થઈ છે. એટલે આત્મા દ્વારા થઈ છે. એ રચના કોઈ રાગ કે નિમિત્ત દ્વારા (થઈ), સંહનન આવું હતું, વજ્રનારાચસંહનન હતું તો કેવળજ્ઞાન થયું એવું વીર્ય પ્રગટ્યું એમ ના પાડે છે અહીં. એય..! મનુષ્યદેહ હતો, વજ્રનારાચસંહનન હતું તો કેવળજ્ઞાન થયું. ના.

અહીં તો વીર્યની વાત છે. કેવળજ્ઞાન પોતામાં ચૈતન્યને અનુસરીને, ત્રિકાળને અનુસરીને થાય છે. એ વીર્યગુણને અનુસરીને નહિ. કોઈ ગુણને કોઈ ગુણનું નિમિત્તપણું છે, સર્વે અસહાય છે. સમજાણું કાંઈ? આહાહા..! એક ગુણને બીજો ગુણ અસહાય છે ખરેખર. આહાહા..! નિમિત્ત કહોનો અર્થ બીજો છે. એને પરનું સહાયપણું છે જ નહિ. નિમિત્ત છે એટલે બીજી વાત થઈ એ તો. સમજાણું કાંઈ? એક સમયની નિર્મળ પર્યાયની રચનામાં બીજી પર્યાયની એને સહાય જ નથી. જ્ઞાનની વર્તમાન પર્યાયની રચનામાં વીર્યની પર્યાયની સહાય નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વીર્યની પર્યાય આમ વાત સમુચ્ચય કીધી. આખાની ગુણની રચના કરે છે. પણ ખરેખર તો વીર્ય વીર્યની પર્યાય રચે છે, પણ સાથે બધું રચાઈ જાય છે તેથી તે વીર્ય પોતાના સ્વરૂપની રચનાનું સામર્થ્ય તેને વીર્ય કહેવામાં આવે છે. અભેદથી વાત કરી છે. સમજાણું કાંઈ? આહાહા..!

કારણ કે ગુણ ગુણ અન્યત્વ છે. ગુણ ગુણમાં અન્યપણું છે. કોઈ ગુણમાં એકપણું નથી. ગુણ ગુણ વચ્ચે અતદ્‌ભાવ કહો કે અન્યત્વ કહો. સમજાણું કાંઈ? છતાં અહીંયાં અભેદથી વાત લીધી છે. ભગવાન આત્મા વ્યાપક છે ને વીર્યમાં બધા ગુણોમાં. તેથી આખો વીરપ્રભુ એ વીરપ્રભુ પોતે છે. આહાહા..! મહા વીર ભગવાન આત્મા. પોતાના વીર્યથી પોતાની શુદ્ધ પર્યાયને રચે અને રમે અને આનંદનો સ્વાદ લે. એટલે? વીર્ય નામનો ગુણ જે છે એની પરિણતિનો ભેટો થતાં, ગુણને પરિણતિ નહોતી ત્યાં સુધી એને દુઃખ હતું. આનંદ નહોતો. શેઠી! શું કીધું?

વીર્ય નામનો ગુણ છે એની પરિણતિ વીર્યની વર્તમાનમાં ન હોય તો એને સુખ નહોતું. સાથે સુખ કીધું ને? એને માટે આ વીર્ય લીધુંને, જુઓને. સમજાણું કાંઈ? એ વીર્યની રચના જ્યારે થઈ ત્યારે આનંદરૂપી દશા સુખની સાથે પ્રગટી. અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણનો આહ્‌લાદ આવ્યો. સમજાણું કાંઈ? આ તો શું કે આ વીર્ય દ્વારા દીકરો જન્મે છે એમ કહે છે ને? એય..! આ વીર્ય દ્વારા આનંદપુત્ર જન્મ્યો. સમજાણું કાંઈ? એ પોતાના ઘરમાં એટલે અસંખ્ય પ્રદેશમાં જેટલા અનંત ગુણો છે એ બધા આહ્‌લાદિત થઈ ગયા. સમજાણું કાંઈ? ઘરમાં જેમ દીકરો આવે ને કુટુંબને ખબર પડે તો ખુશી કરે છે કે નહિ? એય..! શેઠી! છે તો નાખુશી. પણ ખુશી માને છે ને એમાં? ઓહોહો..! ભાઈ! ૬૦ વર્ષે દીકરો આવ્યો. ઘરદીઠ સવા શેર સાકર ને એક એક થાળ. ધૂળમાંય નથી તારો દીકરો, સાંભળને! આહાહા..!

આ વીર્ય તો આનંદપુત્રને જન્મ્યો. સુખ હતું ને માથે? સુખ પછી વીર્ય લીધું, જુઓ! એ સુખશક્તિ પરિણમી છે તો ભેગું વીર્ય છે અને વીર્યની શક્તિ પરિણમી છે તો ભેગો આનંદ છે. ચિતિશક્તિ પણ સાથે પરિણમી છે. ચિતિશક્તિ ઉપયોગમય થઈ છે. દશિ અનાકાર ઉપયોગમય પરિણમી છે, જ્ઞાન સાકારરૂપ પરિણમ્યું છે, સુખ આનંદરૂપે પરિણમ્યું છે. સમજાણું? આહાહા..! એવી વીર્યશક્તિ કોઈ કાંઈને ન જાણે અને જ્ઞાનની પર્યાય કોઈને ભેદ બાકી રહી જાય એમ નહિ, બધાને જાણે. આહાહા..! સમજાણું કાંઈ? પણ કામ એનું થાય વીર્યનું એ ભલે પોતે ન જાણે અને એને ન જાણે, પણ કામ એનું થાય એ તો પોતાના આનંદની રચનાનું આદિ સ્વરૂપની રચના (કરવાનું) કામ કરે. એને જાણે જ્ઞાન. સમજાણું કાંઈ? રચના થાય છે એ કાંઈ, વીર્યની રચના થાય એ કાંઈ વીર્ય જાણે? સમજાણું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વીર્યની રચના થાય અનંતગુણની એને જ્ઞાન જાણે. અને એમાં પ્રમેયપણું ભર્યું છે ભગવાન આત્મામાં. પ્રમેયપણું એટલે જ્ઞાનમાં-પ્રમાણમાં પ્રમેય આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? વસ્તુ દ્રવ્ય-ગુણ અને પર્યાય ત્રણેમાં પ્રમેયગુણ વ્યાપ્યો છે. પરિણમ્યપરિણામકત્વ આવે છે ને? પરિણમ્યપરિણામકત્વ. એ પ્રમાણ અને પ્રમેય કહ્યું. અહીં પણ વીર્ય પરિણમ્યું એની સાથે પ્રમેય છે ગુણ-શક્તિ અને પ્રમાણશક્તિ પણ ભેગી છે. એ પ્રમાણે પ્રમેયને-જેવું દ્રવ્ય, જેટલો ગુણ, જેવી પર્યાય તેને તે રીતે બરાબર જ્ઞાનમાં લીધું. સમજાણું? એટલે કે કોઈ એમ કહેતું હોય કે આત્મા ન જણાય, તો એણે આત્માનો પ્રમેયગુણ અને પ્રમાણગુણ માન્યો નથી. શેઠી! આત્મા ન જણાય અરૂપી વસ્તુ (છે). બાપા! આત્મા જ જણાય. બીજું જણાય એ તો બહુ સ્થૂળ થઈ ગઈ વાત. જ્ઞાન બીજાને જાણે એ તો અસદ્ભુત ઉપચારનું કથન છે. પોતાને પોતે જાણે એ વાસ્તવિકતા છે. આહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાના વીર્ય દ્વારા જ્ઞાનની રચના, કેવળજ્ઞાનની રચના, મતિ-શ્રુતજ્ઞાનની રચના, અહીં સાધકની વ્યાખ્યા થાય છે, ક્ષાયિક સમકિતની રચના (કરે). લ્યો! કહે છે કે ભાઈ! ભગવાન સમીપે ક્ષાયિકસમકિત થાય. ભાઈ! લ્યો! અહીં કહે છે કે વીર્યથી આત્મા પોતે ક્ષાયિકસમકિતની પર્યાયને રચે. કેવળીના સમીપે. આવે છે દુગે? કેવળી દુગે. કેવળી અને તીર્થંકર સમીપમાં ક્ષાયિક સમકિત થાય. અહીં કહે છે કે વીર્ય ક્ષાયિક સમકિતને રચે. એનામાં થાય, ઓલાને લઈને નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વ્યવહારનું જ્ઞાન કરાવવા કહ્યું. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મૂળ વાત આ છે. મૂળ વાત જ એ છે. એ તો વ્યવહારનું જ્ઞાન કરાવવા માટે. જ્ઞાન કરે પણ એ પરપ્રકાશનું જ્ઞાન સાથે થાય છે ત્યાં. ઓહોહો..!

ભગવાન આત્મા પોતાનો શ્રદ્ધાગુણ છે સમકિત... માથે આવી ગયું ને સુખમાં? એ સમકિત શ્રદ્ધાગુણની રચના થઈને જે સમકિત થાય એને વીર્ય પોતે રચે છે એમ કહેવું અને શ્રદ્ધાગુણ પોતે પોતાના ક્ષાયિક સમકિતની રચના રચે છે. સમજાણું કાંઈ? એ ક્ષાયિક શ્રદ્ધાગુણ પોતાના ક્ષાયિક સમકિતની પર્યાયપણે પરિણમે છે એટલે રચે છે. આ તો માણસ કહે છે, બધું નિશ્ચય. નિશ્ચય એટલે જ સાચું. વ્યવહાર એટલે બધું આરોપિત અને ઉપચારિત કથન. અભૂતાર્થ. આ ભૂતાર્થ. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, વીર્યે તો આત્માના સ્વરૂપનો આખો બંગલો બનાવ્યો. અનંતા ગુણની રચના કરી. આનંદ... આનંદ... આનંદ... અસંખ્ય પ્રદેશે અને અનંતગુણની પરિણતિએ આનંદ. કહો,

સમજાણું કાંઈ? આત્માનું ક્ષેત્ર એ ક્ષેત્ર આનંદને પકવે એવું એનું વીર્ય અને ક્ષેત્ર છે. ઓલામાં લીધું છે ને? ચિદ્‌વિલાસમાં. નરકનું ક્ષેત્ર દુઃખરૂપ છે. પણ એ પરની અપેક્ષાએ લીધું છે. આ તો સ્વની અપેક્ષાએ વાત છે. નારકીનું ક્ષેત્ર દુઃખરૂપ છે. કોઈપણ એને લેવા જાય. સીતાજી લક્ષ્મણને લેવા ગયા. મને દુઃખ બહુ થાય છે. આહાહા..! આપણે વનમાં રહેતા અને તમે સેવા કરતા. અરે.. લક્ષ્મણ! ચાલ.. ચાલ. નરકમાં સીતાજીનો જીવ.. એ ક્ષેત્રની વેદના જ એવી છે નરકની. બાહ્ય ક્ષેત્ર. સમજાય છે? મૂળ તો વેદનનો ભાવ એનો પોતાને કારણે છે દુઃખનો.

આ તો સ્વક્ષેત્ર જ એવું છે કે જેમાં વીર્યથી અનંતા આનંદ આદિ ગુણની પરિણતિ થાય એવું આ ક્ષેત્ર છે. આ ક્ષેત્રમાં ચોખા થાય વાસાવડનું એવું ક્ષેત્ર છે. અનંત કેવળજ્ઞાન અને આનંદ એ ચોખા એના. ચોખા એટલે ચોખ્ખું નિર્મળ એમ. ઓલા ચોખાની વાત નથી અહીં. ચોખ્ખું જ્ઞાન, ચોખ્ખો આનંદ, ચોખ્ખું વીર્ય, ચોખ્ખી સ્વચ્છતા, પ્રભુતા એવા ચોખ્ખાને રચે એ આત્માનું ક્ષેત્ર છે. અને આ કળથી પાકે એ આત્માનું ક્ષેત્ર નથી. કળથી કહેવાય છે ને તમારે? કળથી નથી કહેતા? કુળથી. કુળથી થાય છે ને? અનાજ નથી થતું? કુલથા આટલા.

આત્મામાં તો કહે છે કે અસંખ્ય પ્રદેશી વીર્ય એવું જામ્યું છે કે અનંતા આનંદ આદિને રચે તે એક ક્ષેત્ર છે. એ ક્ષેત્રમાં વિકાર... આહાહા..! જુઓ! ઈ આવ્યું વળી ઉપયોગનું. સંવર અધિકાર. વિકારની પર્યાય છે એ સ્વક્ષેત્ર જ નથી, એનું જ ક્ષેત્ર જ વસ્તુનું ક્ષેત્ર જ ભિન્ન છે. પુણ્ય-પાપનો ભાવ એ ભાવ તો જુદો પણ જે આ અસંખ્ય પ્રદેશમાં એનું ક્ષેત્ર પ્રદેશ પણ જુદા. ઓહોહો..! એટલે કે સમ્યગ્જ્ઞાન થતાં ભગવાન આખો નિર્મળાનંદ આવ્યો દૃષ્ટિમાં. એટલે એનું પરિણમન નિર્મળ થયું તે તેનું ક્ષેત્ર અને તે તેનો ભાવ અને તે તેની પર્યાય. બાકી જેટલું ક્ષેત્ર પરનું રહ્યું એનો આમાં અભાવ છે એમ અનેકાંત જ્ઞાન થાય. શુભાશુભના ઉત્પત્તિના ક્ષેત્રનો પ્રદેશનો આત્મામાં અભાવ છે. કારણ કે સમ્યગ્દર્શન ઉદયભાવને સ્વીકારતું નથી. ઉદયભાવ આત્મામાં છે નહિ. દ્રવ્યમાં નથી, ગુણમાં નથી, પર્યાયમાં નવો પ્રગટ્યો માટે આત્મામાં છે જ નહિ. એટલે સમ્યગ્જ્ઞાન... આહાહા..! સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન એ પુણ્ય-પાપના વિકલ્પરૂપી ઉદયભાવ પોતાના ક્ષેત્રમાં સ્વીકાર નથી, એના ગુણમાં સ્વીકાર નથી અને એની પર્યાયમાં ઉદયભાવનો સ્વીકાર એ આત્મા નથી માટે નથી. એ આત્મા નથી માટે નથી. એમ. કેમ સ્વીકાર નથી? સમજાણું કાંઈ?

વિભુ છે વીર્ય. અનંતા ગુણમાં વ્યાપી ગયું છે ને આમ. પ્રદેશ જુદા નથી કાંઈ. વીર્યના પ્રદેશ જુદાં, જ્ઞાનના પ્રદેશ જુદાં (એમ નથી કાંઈ). એનો ભાવ જુદો, એનું લક્ષણ જુદું, એનું સ્વરૂપ જુદું, એનું ક્ષેત્ર જુદું નહિ. શેઠી! વીર્ય એવું જે બળ એનું ક્ષેત્ર કાંઈ જુદું નથી,

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એનું સ્વરૂપ જુદું છે. ગુણદીઠ દરેક ગુણનું સ્વરૂપ જુદું. સમજાય છે? પણ એનું ક્ષેત્ર જુદું નથી, પ્રદેશ જુદા નથી. પ્રદેશ તો એના એ છે. એના એ પ્રદેશમાં ભગવાન જ્ઞાન છે, એના એ પ્રદેશમાં ભગવાન આનંદ છે, એના એ પ્રદેશમાં ભગવાનની સ્વચ્છતા, પ્રભુતા, પરમેશ્વરતા છે. સ્વરૂપે લક્ષણે જુદા છતાં વસ્તુએ અને પ્રદેશે અભેદ અને એક છે. એ એનું ક્ષેત્ર છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈ ન મળે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પણ સહાય નથી. સ્વતંત્ર છે ત્યાં (સહાય કોની?). સહાય તો અભેદથી વર્ણન છે ને આખું. આખા આત્માનું વર્ણન છે ને એટલે આત્માનું જ્ઞાન અને આત્માનું વીર્ય ભેગું અભેદ છે. એથી વીર્ય સ્વરૂપને રચે છે એમ કીધું. ભાઈ! નહિતર ખરેખર તો વીર્યગુણ વીર્યની પર્યાયને જ રચે છે. આ તો અભેદથી વાત છે જરી. આહાહા..! સમજાણું કાંઈ?

એવી સ્વતંત્રતા, એવું જ સત્ છે ને. સત્ છે એને સ્વતંત્રતા હોય. સત્‌ને કોઈ અપેક્ષા હોઈ શકે નહિ. સત્ ગુણરૂપે સત્, પર્યાયરૂપે સત્. સમજાણું કાંઈ? અરે..! એની પ્રીતિ કરીને એણે એના ઘરની વાતેય સાંભળી નથી. આવે છે ને? **'तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि ही श्रुता। भाविनिर्वाणभाजनम्'. 'भवेद्भव्यो भाविनिर्वाणभाजनम्'**. આહાહા..! એનું લક્ષ કરીને, એના સ્વભાવની વાર્તા-કથન-એની વાત પ્રેમ કરીને સ્વના લક્ષમાં રહીને સાંભળે એને અલ્પ કાળમાં સિદ્ધપદ થાય. સમજાણું કાંઈ?

કહે છે... આહાહા..! આવો ગુણીનો ગુણ. એ ગુણનો ગુણ તો પોતાની પર્યાય નિર્મળ રચે એ ગુણનો ગુણ છે. એ ગુણનો એ ગુણ છે કે વ્યવહારને રચે? એક પર્યાયના બે ભાગ. નિર્મળ પર્યાયનું રચવું એ વીર્યનું કાર્ય. એ વખતે જરી બાધક પર્યાયને રચે એ વીર્યનું કાર્ય નહિ. આહાહા..! વીતરાગમાર્ગ જુઓ તો ખરા. અદ્‌ભુતાત્ અદ્‌ભુતં. એ કળશમાં આવશે. આવા ભાવને સંભારવા, સમજવા નવરો ક્યાં છે કે આ મૂકીને બીજું વિચારે? એમ કહે છે. આવા ભાવને સંભારવા આડે બીજો નવરો ક્યાં છે કે બીજાને સંભારે આમાં? એમ. પોતાની સંભાળ કરવા જાય ત્યાં.. આહાહા..! સમજાણું?

**'સ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ.'** એટલે કે એનું ક્ષેત્ર એટલું નિર્મળ થયું એટલું. ભાવ એટલો કે નિર્મળ થયો એટલો. જે પર્યાયમાં અશુદ્ધતા રહી એ એનું ક્ષેત્ર નહિ, એનો ભાવ નહિ. એક પર્યાયના બે ભાગમાં એક રચના વીર્યની અને બીજી રચના વીર્યની નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કેમકે વસ્તુમાં ઉદયભાવ છે નહિ. અને વસ્તુનો જ્યાં સ્વીકાર થયો ત્યાં દ્રવ્ય, ગુણ અને પર્યાય તદ્દન નિર્મળ (પરિણમે છે). પરિણામિકભાવે શક્તિ છે,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


વસ્તુ પરિણામિકભાવે છે અને એનું પરિણમન થયું તે નિર્મળ થયું. એટલા પરિણમનને, સ્વક્ષેત્રને સ્વભાવને સ્વપર્યાય ગણવામાં આવી છે. બાકી તે જ કાળે, એક જ પર્યાયમાં બીજો ભાગ જરી રાગાદિનો રહ્યો છે, કર્મધારા જેને કહીએ એની આમાં નાસ્તિ છે. ત્યારે તે અનેકાંતપણે પરિણમન થયું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ વીર્યની ઘણી ઘણી ઉપમા ગણી છે ભાઈએ પરમાત્મ પુરાણમાં. વીર્યની ઘણી ઉપમા લીધી. ઓલામાં પણ લીધી છે. દ્રવ્યવીર્ય, ક્ષેત્રવીર્ય, કાળવીર્ય, ભાવવીર્ય, તપવીર્ય એમ લીધું છે. તપ-તપવીર્ય. એ તપવીર્ય પણ ઓલી પોતાના આનંદની તપ-શોભા કરે એ તપવીર્ય નિશ્ચયથી. એ તપવીર્ય. ઈચ્છા નિરોધરૂપી પરિણમન આનંદનું થાય એનું નામ તપવીર્ય છે. બાહ્યનું લીધું છે જરી. પણ બાહ્ય છે આમ કરે છે એને ઋદ્ધિ પ્રગટે. એની ઋદ્ધિ આત્માની.. એ લીધું છે જરી.

ભગવાન આત્મા પોતાના સ્વરૂપની દૃષ્ટિ થઈને જે લબ્ધ નામ આત્માના પર્યાયની પ્રાપ્તિ થઈ એ લબ્ધિ. એ લબ્ધિ. સમજાણું કાંઈ? ભગવાન અનંતગુણનો પ્રભુ પિંડ એનો અંતરમાં આદર ને સ્વીકાર ને સત્કાર થતાં, અનાદર હતો ત્યારે વિકાર અને મિથ્યાત્વની ઉત્પત્તિ હતી, આદર થતાં સમકિત ને વીતરાગતાની ઉત્પત્તિ છે. આહાહા..! સમજાણું કાંઈ? એવો જે વીતરાગભાવ અને સમ્યક્ આદિ ભાવ, તેની રચનાનું કામ એનું. આ રાગાદિ વ્યવહાર છે ને? મારામાં છે જ નહિ. પણ એક પર્યાયના બે ભાગ ખરા ને? એ ભાગ જ-ઈ પર્યાય જ મારી નહિ, એ પ્રજા જ મારી નહિ. કહો, સમજાણું કાંઈ? અરે..! વ્યવહારની ઉત્પત્તિ સમકિતી કહે છે કે મારી પ્રજા નહિ, મારી પર્યાય નહિ, મારું કાર્ય નહિ, એનો હું કારણ નહિ, એનાથી મારામાં કાર્ય થાય એવો હું નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ગુણવંતભાઈ! આવી વ્યાખ્યા છે જુઓ! આ ગુણની વ્યાખ્યા ચાલે છે.

ગુણીજન એવું આવે છે ને? 'ગુણીજન સંભાળે સોહી છે શેઠ, અન્ય તો અનુચર જાણજો જી. ગુણીજન...' અનંતગુણનો જન એવો આત્મા. ગુણીજન-ગુણીનો જન, ગુણીનો સ્વામી એવો આત્મા. એવા અર્થ થાય છે અહીં. આહાહા..! 'ગુણીજન સંભાળે સોહી છે શેઠ,...' પોતાના અનંતગુણનો પિંડ ભગવાન આત્મા નિર્મળાનંદ, એનું પરિણમન નિર્મળ થાય એને ભગવાન આત્મા પૂર્ણાનંદને જોવે એને શેઠ કહેવાય છે. છોટાભાઈ! બાકી બધાને હેઠ કહેવાય છે. વેઠિયા. ભારે! એય..! અનુચર કીધું. ભાઈ દીપચંદજીએ. અનુચર શબ્દ. અનુચર એટલે? કેડાયત. આ ભિખારી માણસ હોય ને એને અનુચરને ચાલનારો. બાયડી કહે એમ ચાલે. એમ કહે ચાલે. રાજા કહે એમ ચાલે. અનુચર-એને અનુસરીને. પરને અનુસરીને ચાલનારા તે અનુચર. ભગવાન આત્માને અનુસરીને ચાલનારા તે શેઠ. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


લ્યો વીર્યમાં તો ગૃહસ્થપણું સ્થાપ્યું છે. વીર્ય પોતે ઘરમાં રહે છે એને વીર્ય કહીએ. જે રાગમાં જાય એને વીર્ય કહીએ નહિ. વીર્યનો વાનપ્રસ્થ છે. વીર્યનું રૂપ છે તે પોતામાં રહે તેને વાનપ્રસ્થ કહીએ. સમજાણું કાંઈ? વીર્યને બ્રહ્મચારી કહીએ. પોતામાં બ્રહ્મનું સ્વરૂપ છે એમાં રહે છે અને અબ્રહ્મનું સ્વરૂપ આવવા દેતું નથી. અબ્રહ્મનું સ્વરૂપ આવવા દેતું નથી. એને બ્રહ્મચારી વીર્યને કહીએ. એટલું એનું બળ છે કે અબ્રહ્મને આવવા દેતું નથી. ઓહો..! અશુદ્ધતાનો આદર જ નથી ત્યાં. અશુદ્ધતાનો એમાં અભાવ છે. એ બ્રહ્મચારી કહેવાય. સાધુ પોતાના સ્વરૂપને સાધે છે. વીર્ય પોતાના સ્વરૂપને સાધે છે. પોતાના સ્વરૂપનું કીધું ને સામર્થ્ય? સ્વરૂપને સાધે છે એ. સ્વરૂપ સાધે છે એ સાધુ પોતે સાધુ તે ભલો. તો એ આત્મા ભલો છે. પોતાના આનંદ આદિ શુદ્ધ પર્યાયને પરિણમે છે એ આત્મા ભલો. સમજાણું કાંઈ? વગેરે ઘણી ઉપમા આપી છે. લ્યો, એ છઠ્ઠી શક્તિ થઈ.

હવે સાતમી. જુઓ, આ બધામાં લાગુ પડશે હોં સાતમી હવે. '**જેનો પ્રતાપ અખંડિત છે...**' વીર્યનો પ્રતાપ પણ અખંડિત છે. એની સાથે લીધું ને આ બધા. જ્ઞાનનો પ્રતાપ અખંડ છે અને સ્વતંત્રતાથી શોભાયમાન છે. આહાહા..! એ સ્વતંત્રથી શોભાયમાન છે એવો પ્રભુગુણ પરમેશ્વર આત્મામાં છે. આત્મામાં એ પરમેશ્વર નામનો ગુણ છે. પરમેશ્વર કહો કે પ્રભુ કહો. એ પરમેશ્વર પોતાના ગુણની પરિણતિથી અખંડ પ્રતાપે જેનો ખંડ નથી, જેને કોઈ રોકી શકતું નથી. આવરણ-ફાવરણ છે નહિ આત્માને. એણે આવરણે રોક્યું. હવે હાલ.. હાલ... આવરણ કેવા? ભાવ આવરણ? ભાવ આવરણ પણ કેવા? દ્રવ્ય આવરણ તો છે જ નહિ. સમજાણું કાંઈ?

જ્ઞાનની અખંડ પ્રતાપધારા જેના પ્રતાપને કોઈ ખંડ કરી શકે નહિ, ભાગ પાડી શકે નહિ એવી સ્વતંત્રતાથી શોભાયમાન જેનું સ્વરૂપ છે. આહાહા..! એવા અનંતા ગુણો અખંડ પ્રતાપથી શોભાયમાન એનું સ્વરૂપ છે. હવે એવા અનંતા ગુણનું પરિણમન સિદ્ધને થયું એ હજી કથંચિત્ પરતંત્ર છે. ભગવાન! એ ગાળ દે છે પરમાત્માને. ગાળ દે છે. ગાલી દે છે. નિંદા કરે છે. એના ગુણો અને ગુણનું પરિણમન અને ગુણનો ધરનાર સ્વતંત્રથી શોભાયમાન એ આત્મા છે. સમજાણું કાંઈ? એની પરિણતિ અને એની પરિણતિનું જે સ્થાનમાં રહેવું, ભાઈ! એ સ્વતંત્રથી શોભાયમાન છે. આહાહા..! પોતાના સ્થાનમાં રહે છે અને જે ક્ષેત્રમાં છે એ પણ પોતાના ક્ષેત્રમાં છે. એ પોતાના ક્ષેત્રમાં સ્વતંત્રતાથી શોભાયમાન અખંડ પ્રતાપથી શોભે છે એવો એનામાં ગુણ છે, તો અનંતા ગુણના પરિણનમાં અખંડ પ્રતાપથી શોભે એવો એનો ગુણ છે. ધર્માસ્તિકાય નથી માટે પરાધીન છે એમ વસ્તુ છે નહિ. એમ ગુણ નથી, દ્રવ્ય નથી, એવી પર્યાય નથી. સમજાણું કાંઈ? ભારે આ વાણી. વાંચી વાંચીને કાઢ્યા. આ ભગવાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


વાંચ્યો નહિ.

મુમુક્ષુ :- મોહભજન.

ઉત્તર :- મોહભજન કર્યા. અનુભવ વિનાના પ્રાણીઓ ગામમાં કૂતરા-શ્વાન અને બહારમાં હરણિયા. જંગલમા વસે જોગીઓ-બાવા ભાન વિનાના, એ હરણિયા છે કહે છે. અને ગામમાં કૂતરા-શ્વાન ભસે તેમ બોલે છે. આહાહા..! શ્વાન-કૂતરા ગામમાં અને ઓલા બહાર. સમજાણું? હરણિયા. હરણ જેવા છે, રઝળે છે. રોઝ (નીલગાય) જેવા છે, રોઝ જેવા. આહાહા..!

ભગવાન આત્મા જ્યાં જ્યાં બિરાજે છે ત્યાં ત્યાં અખંડ પ્રતાપથી પોતાની સ્વતંત્ર શોભાથી બિરાજે છે. કહો, સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનથી માંડીને.. અહીં તો એની વાત છે ને. એનો ગુણ ભલે છે પણ ગુણ ભાનમાં ન આવ્યો હોય ત્યાં સુધી ગુણ છે એમ ન આવ્યું. આ ગુણ છે એનો પણ એ ગુણનું ભાન ન આવ્યું ત્યાં સુધી એ ગુણ છે એ તો આવ્યું નહિ, પર્યાયમાં ન આવ્યો પ્રગટ. પર્યાયમાં પ્રગટ વિના આ ગુણ છે એમ પ્રતીત શી રીતે થાય? સમજાણું કાંઈ? આહાહા..! આવું ઝીણું. માણસ કહે છે કે ધર્મકથા આવી કેવી? ભાઈ! આ તારી વાત ચાલે છે. આ ધર્મની, તારા આત્માની અને ધર્મ કેમ થાય? અને થાય તો શું થાય એની વાત ચાલે છે. પણ કોઈ દી સાંભળ્યું નથી. લીલોતરી ખાવી નહિ, ફલાણું કરવું નહિ, ચોવિહાર કરવા, અપવાસ કરવા. એય.. શાંતિભાઈ! શાંતિભાઈ કહેતા આ બધું ઊંધું અત્યાર સુધી હતું. શાંતિભાઈ વંચાવતા હતા સાધુ, સાધ્વીને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કરે? જે હોય એ આવે. કૂવામાં હોય એ અવેડામાં આવે.

અહીં તો ભગવાન..! ઓહોહો..! અમૃતચંદ્રાચાર્યે અમૃતની રેલછેલ કરી છે. કહે છે કે ભગવાન આત્મા એક એક ગુણમાં અખંડ પ્રતાપ જેનો, અખંડ પ્રતાપ જેનો. છે ને? **'જેનો પ્રતાપ અખંડિત છે...'** જુઓ! **'अखण्डितप्रतापस्वातन्त्र्यशालित्वलक्षणा'** **'स्वातन्त्र्यशालित्व'** એટલે શોભાયમાન એમ. આહાહા..! ભગવાન આત્મા એક એક ગુણે અખંડ પ્રતાપ અને સ્વતંત્રતાથી જેની શોભા (છે). તો ગુણમાં, દ્રવ્યમાં, પર્યાયમાં જેની સ્વતંત્રતાથી અખંડ પ્રતાપથી શોભા જેની છે એને આત્મા કહીએ. સમજાય છે કાંઈ? આહાહા..! મારી પર્યાય પરાધીન છે એ સમ્યગ્દૃષ્ટિ માનતો નથી. ભાઈ! શું કીધું? સિદ્ધને તો શું કહેવું? આહાહા..! હું પરાધીન છું એ અવસ્થા જ મારી નથી. સમજાણું કાંઈ? સ્વતંત્રતાથી જે પર્યાય પ્રગટી છે એ મારી છે અને એનાથી મારી શોભા છે. પરતંત્રપણું મારામાં છે જ નહિ. સમજાણું કાંઈ? કહો, કર્મને લઈને વિકાર થાય, દબાવું પડે, આને લઈને. એને લઈને હોં! પોતે પરવશ થાય તો પર્યાયનો ધર્મ છે. એનો ગુણધર્મ નથી. શું કીધું? કર્મના વશે થાય એ પર્યાયનો ધર્મ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કર્મ એને વશ કરાવે એવો તો પર્યાયમાં પણ ધર્મ નથી. સમજાણું કાંઈ? પરદ્રવ્ય એને તાબે કરે એવો તો એની પર્યાયમાં પણ ધર્મ નથી. આહાહા..! પર્યાયમાં પરવશ થાય એવી એક શક્તિ યોગ્યતા ધર્મ છે એનો. ગુણમાં તો એ પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

આત્માનો એકેય ગુણ એવો નથી કે જે પરાધીન એટલે પરને આધીન થાય અને વિકાર થાય એવો ગુણ જ નથી કહે છે અહીં તો. પર આધીન કરે એ તો પ્રશ્ન છે જ નહિ. એ તો પર્યાયમાં પણ નથી. પણ એના ગુણો જેટલા છે, જ્ઞાન, દર્શન, આનંદ આદિ. જીવત્વ, ચિતિ, દર્શન, જ્ઞાન, સુખ, વીર્ય અને આ પ્રભુ આવ્યો છે હવે. આહાહા..! એની પ્રભુતા પાસે પામરતા કોણ એને કરી શકે? એમ કહે છે. પ્રભુતાને કોણ અંદર ઓગાળી દે? પ્રભુતાની આગળ કોણ એને આંચ આપે કે એને હલકું કરી દે કોઈ? ત્રિકાળમાં કોઈ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

જુઓને! ભાષાની વ્યાખ્યા કેવી કરી! અખંડિત પ્રતાપ. '**अखण्डितप्रताप**' એક અને '**स्वातन्त्र्यशालित्वलक्षणा**'. બે એનું સ્વરૂપ વર્ણવ્યું છે. '**જેનો પ્રતાપ અખંડિત છે...**' વીર્યનો પ્રતાપ અખંડ છે. અને તે વીર્ય સ્વતંત્રપણે પોતાની પરિણતિને કરે એવી એની શોભા છે. સમજાણું કાંઈ? વ્યવહાર હોય તો નિશ્ચય થાય એવું સ્વરૂપમાં નથી એમ કહે છે ભાઈ! શું કીધું? વ્યવહાર હોય તો નિશ્ચય પરિણતિ શુદ્ધ થાય એવું વસ્તુમાં નથી, એના ગુણમાં નથી, એની પર્યાયમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..!

અખંડ પ્રતાપથી ભગવાન જ્ઞાનથી, દર્શનથી, આનંદથી, વીર્યથી અને આ પ્રભુત્વગુણથી (શોભે છે). એ પ્રભુત્વ ગુણ અનંતગુણમાં વ્યાપ્યો છે. પ્રભુત્વ અનંતગુણને નિમિત્ત છે, પ્રભુત્વ ગુણ પરિણામિકભાવે રહેલો છે, પ્રભુત્વ ગુણ ધ્રુવ અને ક્ષણિક ઉપાદાનપણે પરિણમે છે. વીર્ય અને પ્રભુ. પ્રભુત્વગુણ પોતાના ઉપાદાનપણે ધ્રુવપણે ગુણ રહ્યો છે અને ક્ષણિક પર્યાયપણે પરિણમે છે એ ધ્રુવ ઉપાદાન અને ક્ષણિક ઉપાદાન આ પ્રભુત્વગુણમાં પણ રહેલા છે. સમજાણું કાંઈ? અને ષટ્કારકપણે પરિણમે છે એક એક ગુણ. અહીં પ્રભુમાં આવ્યું. એય..! કર્તા આવ્યું ને કર્તા? કર્તા એ સ્વતંત્ર છે ને ભાઈ! સ્વતંત્રપણે કરે એ કર્તા એટલે આ સ્વતંત્રમાં આવ્યું. એ તો આવે ત્યારે આવ્યુંને જુઓને. સ્વતંત્રથી શોભાયમાન એટલે? દરેક ગુણની પર્યાયનો કર્તા આત્મા સ્વતંત્રપણે છે. નિર્મળ હોં! મલિનની અહીં વાત નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ સ્વતંત્રપણે કર્તા થઈ, એક એક ગુણ સ્વતંત્રતા કર્તા થઈ અને પોતાની પરિણતિને કરે છે. એની સ્વતંત્રતાને રોકનાર કોઈ છે નહિ. એવું એનું સ્વરૂપ વિશેષ આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ વદ ૮, મંગળવાર તા. ૧૮-૬-૧૯૬૮**
**શક્તિ - ૭-૮, પ્રવચન-૫૪૧**

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે અથવા શુદ્ધાત્મ દ્રવ્ય અધિકાર છે. આત્મા શુદ્ધ સ્વરૂપ (છે). જેનું દ્રવ્ય શુદ્ધ છે, એની શક્તિઓ-ગુણ શુદ્ધ છે અને એનું ભાન થતાં એ શક્તિઓની વર્તમાન પર્યાયમાં નિર્મળતા પ્રગટ થાય એ શુદ્ધ છે. એ ત્રણેને આત્મા કહીએ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા વસ્તુએ દ્રવ્ય એટલે પોતે શક્તિવાન શુદ્ધાત્મ વસ્તુ એ શુદ્ધ છે. એની અનંત શક્તિઓ અનંત અનંત. એ એક એક શક્તિમાં અનંતુ સામર્થ્ય અને એક એક શક્તિની અનંતી પર્યાય. એવો શક્તિવાન એવો આત્મા એની દૃષ્ટિ કરતાં એનું સ્વભાવનું અંતરમાં સન્મુખ થઈને પરિણમન કરતાં જે શુદ્ધ પરિણમન સમ્યગ્દર્શન-જ્ઞાન આદિનું થાય એ સંવર-નિર્જરાવાળી પર્યાયવાળો આત્મા તેને આત્મા કહે છે. સમજાય છે કાંઈ? એ આત્મામાં વીર્યશક્તિ વર્ણવી. છઠ્ઠી. વીરશક્તિ વીર. એવું વીર છે એનામાં વીરતા કે દરેક ગુણમાં વીર્યની એને શક્તિ છે. એક વીર્યગુણ આત્મામાં છે એ પોતાના બળથી જ પોતાનો કર્તા થઈને પોતાનું કાર્ય કરે છે. ક્યુ (કાર્ય)? નિર્મળ. બળ. એ બળના કારણે કર્તા થઈને આત્મા પોતાની નિર્મળ અવસ્થાને કરે અને કર્મ નામ કાર્ય એ કર્મ શક્તિ કાર્યને નિર્મળતાને કરે. સમજાણું કાંઈ? .. પોતાના બળના સાધનથી પોતાની શુદ્ધતાના પરિણમનને.. રાગ ને કષાયની મંદતાનું સાધન છે જ નહિ.

...કાર્ય કરે અને કર્મ થઈને કાર્ય કરાય. કર્મ નામનો એક ગુણ છે અંદર કે જે કાર્ય કરે અને કાર્ય થાય એ પોતાને કારણે સમ્યગ્દર્શન થાય, સમ્યગ્જ્ઞાન થાય, સમ્યક્ આનંદ અને શાંતિ થાય એ પોતે આત્મા પોતાના કર્તાગુણ વડે કરીને વીર્ય બળ આદિથી એ પોતાનું કામ કરે છે. સમજાણું કાંઈ? એને આત્મા કહીએ. કોઈ કહે કે આત્મા આ બહારની સામગ્રીથી કાંઈ મદદથી કાંઈ કામ લે. કહે છે કે એને અમે આત્મા જ કહેતા નથી. છોટાભાઈ! આહાહા..!

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવે એણે એને આત્મા કહ્યો અને એણે એને આત્મા જાણનાર કહ્યો કે જેણે આત્માને પોતાના કર્તા, કાર્ય, સાધન એવા ગુણ વડે અંતરમાં પોતાને કારણે જેણે ધર્મની પર્યાય પ્રગટ કરી છે એને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ સંપ્રદાન. એ પોતાનું કાર્ય કરી એ પોતે રાખે છે. કોઈને માટે કરતો નથી. એ પોતાને માટે પોતાથી પોતામાં રાખવા માટે જ્ઞાનાદિની નિર્મળતા કરે.

ભગવાન આત્મા અંતર સ્વરૂપના સાધન દ્વારા પોતાની શાંતિ ને વીતરાગી પર્યાયરૂપી

ધર્મ ક્રમવર્તી પર્યાય, એને પોતે પોતા વડે પોતાથી કરીને પોતામાં રાખે. કોઈને માટે કરવું નથી, કોઈથી કરવું નથી, કોઈ માટે કરવું નથી, કોઈથી કરવું નથી. અને કરીને કોઈને દેવું નથી. આહાહા..! એવો ભગવાન આત્માનો સ્વતઃ સ્વભાવ છે. એમ પરમેશ્વર કેવળીએ જોયો છે. અને જોયો છે એવો જેણે જોયો એને આ રીતે પરિણમન હોય છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દષ્ટિ એમ ન માને કે મારા ધર્મની પર્યાયમાં આ રાગની મંદતા, શરીરની અનુકૂળતા, મનુષ્યપણું હતું, સંહનન મળ્યું તો એને લઈને આ મારી પર્યાય ધર્મની થઈ એમ સમ્યગ્દષ્ટિ માનતો નથી. સમજાણું કાંઈ? એ વીર્યશક્તિમાં એવા ષટ્કારકો પડ્યા છે. હવે આપણે ખરા તો અહીં સ્વતંત્ર હતું ત્યાં યાદ આવ્યું હતું કાલે. ઓલો સ્વતંત્ર શબ્દ છે ને એટલે કર્તા યાદ આવ્યું છે. નહિતર તો રહી ગયું છે બધું. મોડા કેમ આવ્યા? ભાવનગર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બફમ થઈ ગયું. બફમ થઈ ગયું. નદી કોર ચાલ્યા શેઠી! અવસ્થા છે ને અવસ્થા, થઈ જાય. ખ્યાલ ન રહે. બસમાં એમ કેમ થયું? ખબર ન રહી. માટે ઝટ કરી લ્યો એમ કહે છે. એવું છે ભાઈ.

કહે છે કે પ્રભુત્વશક્તિ હવે સાતમી છે આજ તો. ભગવાન આત્મામાં પરમેશ્વર થવાની એક શક્તિ છે. આહાહા..! પામરતા રહેવાની એનામાં શક્તિ નથી એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? પામરપણે રહે અને વિકારને કરે એ આત્માનો સ્વભાવ જ નથી, કહે છે. આહાહા..! ભગવાન આત્મા વસ્તુ સ્વરૂપ જેમાં પ્રભુત્વ નામનો ગુણ પડ્યો છે. કહે છે કે કેવો ગુણ છે? અંદર છે. પ્રતાપ જેનો અખંડિત છે. અતૂટ પ્રતાપ અને અખંડ પ્રતાપ. સમજાણું કાંઈ? તે વિશેષણ સ્વતંત્રથી શોભાયમાન. આહાહા..! ભારે વાત કરી છે!

ભગવાન આત્મા એનામાં સ્વતંત્ર પ્રભુત્વ નામનો ગુણ છે. એ દરેક ગુણને પ્રભુતા આપે છે ઈ અને દરેક ગુણમાં પ્રભુતા વ્યાપી રહેલી છે. સમજાણું કાંઈ? ક્ષેત્ર એક છે ને? આત્મા ભગવાન અસંખ્ય પ્રદેશમાં.. આહાહા..! અસંખ્ય પ્રદેશી ક્ષેત્રમાં શક્તિઓ સંગ્રહાત્મક તરીકે ક્ષેત્રમાં ભેગી છે. ભાવ તરીકે એના લક્ષણ તરીકે ભિન્ન છે. એવો ભગવાન આત્મા જેણે દૃષ્ટિમાં લીધો, જેને ધર્મ દૃષ્ટિ થઈ એ દૃષ્ટિવંત એવો આત્માને માને છે કે મારો પ્રતાપ અખંડ છે, મારા પ્રતાપને કોઈ ખંડી શકે એવો કોઈ જગતમાં કોઈ ચીજ છે નહિ. કહો, સમજાય છે કાંઈ?

અખંડ પ્રતાપ અને સ્વતંત્રથી શોભાયમાન, સ્વતંત્રથી જેની શોભા (છે). સ્વતંત્રથી-પોતાની સ્વાધીનથી જેની શોભા, એવો એ ભગવાન આત્મામાં ગુણ છે કે જે ગુણને લઈને, જેની વર્તમાન પર્યાયમાં પણ, જેનો અખંડ પ્રતાપ અને કોઈ અતુલ પ્રતાપ અને કોઈ તે પ્રતાપ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પર્યાયને ખંડી શકે એવી કોઈ જગતમાં ચીજ છે નહિ. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! વીતરાગમાર્ગ જગતને સાંભળવા મળ્યો નથી. વીતરાગ પરમેશ્વરે કહ્યો એ. આ તો આ કરો ને આ કરો ને આ કરો. બાપુ! એ તો પરનું કોણ કરે? ભાઈ! એમાં રાગાદિ થાય છે, વિકલ્પ પુણ્ય-પાપનો એનું પણ કર્તૃત્વ સ્વીકારે તો તો આખો આત્મા એણે અશુદ્ધ સ્વીકાર્યો છે. અશુદ્ધ સ્વીકારે એ વિકારનો કર્તા થાય. સમજાણું કાંઈ? પુણ્ય-પાપ, દયા, દાન, વ્રતના પરિણામનો કર્તા પણ જે દ્રવ્યને અશુદ્ધ માને એ કર્તા થાય. શુદ્ધ માને એ એનો કર્તા થાય નહિ. કારણ કે એનું કર્તવ્ય એનામાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

ગંભીર શક્તિઓ, ગંભીર ભગવાન, ગંભીર પર્યાય અને ફળ જેનું ગંભીર. એવો ભગવાન આત્મા. કહે છે કે જેનો પ્રતાપ અખંડ છે એવી શક્તિ અંદર પ્રભુતા. પ્રભુતા. આહાહા..! આવે છે ને ઓલામાં? 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી, મુજરોગ મુજ રોગ લે હરી' એવું આવે છે ઓલામાં. દલપતરામમાં આવતું. અહીં તો આ પ્રભુતા છે. એ રોગી-ફોગી અહીં છે નહિ. પહેલા નિશાળમાં આવતું એવું. નિશાળમાં ભણતા ને જ્યારે (ત્યારે) દલપતરામ કવિનું આવતું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એમાં આવતું. 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી, મુજરોગ મુજ રોગ લે હરી' આ પ્રતાપ. પ્રભુતા તારી આ ખરી છે અહીં અંદર કે જે પ્રભુતાને કારણે આત્મા પોતાની પરિણતિ ધર્મની શુદ્ધ વીતરાગી પરિણતિને સ્વતંત્ર થઈને કરે છે. અને બધી પર્યાયો એની સ્વતંત્ર. સ્વતંત્રથી જેનું શાલિનપણું, શોભાપણું છે. એવું જેના ગુણનું કાર્ય છે અને ગુણનો એવો સ્વભાવ છે. આહાહા..! જુઓ! આ શોભાયમાન આવ્યું, ભાઈ! એ એની શોભા, એ એનો શણગાર છે કહે છે લ્યો. સ્વતંત્રથી શોભે એ એનો શણગાર છે. આહાહા..!

ભાઈ! ભગવાન તું છો ને નાથ! આહાહા..! તારા સ્વરૂપની રચના કરવી એમાં પ્રભુતા તારામાં પડી છે. એ પ્રભુતાથી તારું દ્રવ્ય પ્રભુપણે છે, તારો ગુણ પ્રભુપણે છે અને તારી પર્યાય પણ પ્રભુપણે છે. આહાહા..! દ્રવ્યમાં અતુલ અખંડ પ્રતાપ છે અને સ્વતંત્ર જેથી દ્રવ્ય શોભી રહ્યું છે. એનો ગુણ પણ અતુલ, અખંડ, અમાપ એવા પ્રતાપવાળો ગુણ છે એક એક અને એવા ગુણથી તે સ્વતંત્રપણે તે ગુણ શોભી રહ્યો છે અને તે ગુણનું કાર્ય-વસ્તુનો સ્વીકાર થઈને જે અંતર પરિણતિ નિર્મળ ધર્મની થઈ એ પરિણતિ પણ અખંડ પ્રતાપ, અતુલ પ્રતાપ, સ્વતંત્રથી શોભાયમાન, સ્વતંત્રથી શોભે એ એની પર્યાયનું સ્વરૂપ છે. કોઈની મદદથી રહે એ તો રાકાંઈ ને ગુલામી, પામરતા છે, કહે છે. આહાહા..! ભગવાનજીભાઈ! આવો આત્મા સાંભળ્યો નથી એણે. ભગવાને કહ્યો એવો હોં! આ સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એવો. આમ તો આત્મા આત્મા બધાય કરે છે ઘણા.

પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ પરમાત્માએ આવો આત્મા કહ્યો અને એણે આત્મા જાણ્યો. એને આવો આત્મા જાણવામાં આવે છે. સમજાણું કાંઈ? ત્યારે તેને ધર્મી અને સમ્યગ્દ્રષ્ટિ કહેવામાં આવે છે. નહિતર એને ધર્મી અને સમ્યગ્દ્રષ્ટિ કહેવામાં આવતો નથી. જે એમ માને કે અરેરે..! મને કર્મે હેરાન કર્યો, મને રાગના પરિણામ ખસતા નથી. સમજાય છે? અને રાગનું કર્તૃત્વ અંદર છે, મને ક્યાંય શાંતિ થતી નથી. એ ધર્મી જ નથી એમ કહે છે અહીં. પંડિતજી! આહાહા..!

ધર્મી એને કહે છે પરમેશ્વર કે જેના આત્મામાં, ગુણમાં અને પર્યાયમાં પ્રભુતા ભરેલી ભાળે, પ્રભુતા ભરેલી ભાસે અને પ્રભુતા ભરેલી તે પ્રગટ થઈને પરિણમે. સમજાણું કાંઈ? છોટાભાઈ! ભારે આવો ભાઈ ધર્મ! કોઈ કહે કે ભાઈ અમે તો આવું સાંભળ્યું નહોતું. આ દયા પાળવી, કંદમૂળ ન ખાવું, રાતે ચોવિહાર કરવો. આવું સાંભળતા. એય..! શેઠી! આ શેઠીએ ત્યાં સાંભળ્યું છે બધું જયપુરમાં. આહાહા..! બાપુ! સુખકંદ પ્રભુ એ કંદમૂળ છે મોટો. ભાઈ! એ સુખકંદ ભવનો અંત કરનાર એવો ભગવાન પોતે છે. આહાહા..! એ સુખકંદ છે. એનું મૂળમાં સુખ છે કહે છે. ઓલો કંદમૂળ ઊગે હેઠેથી. આના મૂળમાં સુખ છે, એના મૂળમાં પ્રભુતા ભરી છે, એના મૂળમાં એકલું આત્મબળ અનંતુ ભર્યું (છે), એવી એ વસ્તુ છે. સમજાય છે કાંઈ? અરે..! એની સામું તો જો, કહે છે. ભગવાન આત્મા આવો ગુણવાળો છે, આવો પ્રભુ છે અને પરમેશ્વરને ભેટવાના ભાવ તને ન થાય! આહાહા..! જગજીવનભાઈ!

અરે..! ઘરે એક સારો માણસ આવે તો ઊભો થઈને આવો.. આવો.. આવો.. કરે છે. નહિ? એમ ભગવાન તને કહે છે કે, ભાઈ! તું પોતે પ્રભુ પરમેશ્વર છો. ભગવાન! તું એને પર્યાયમાં ભેટ. ત્યારે તને સમ્યગ્દર્શન ને જ્ઞાન ને ધર્મ થાશે. એ વિના ધર્મ થાતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? પણ ક્યાંકને ક્યાંક, પોતાના સ્વભાવની મહિમા ન માનતો, ક્યાંક ક્યાંક બહારમાં અનુકૂળતામાં, કોઈ પ્રતિકૂળતામાં કાંઈક કાંઈક રાગમાં કાંઈક જાણપણા કે એનામાં એવો અટક્યો, એવો અટક્યો કે જે શલ્ય એને અંદર આગળ જવા દેતું નથી. સમજાણું કાંઈ? પંડિતજી! આહાહા..!

ભગવાન આત્મા એક ક્ષણમાં જ્યાં ભગવાન જાગતા સંસારના અંત આવે એવો એ પ્રભુ છે. સમજાણું કાંઈ? કેમ કે સંસાર એનામાં છે નહિ. સંસાર એટલે ઉદયભાવ. સંસાર એટલે ઉદયભાવના બોલ છે ને? કેટલા? ૨૧ બોલ, નહિ? તત્ત્વાર્થસૂત્ર. ઉદયભાવ આત્મામાં છે જ નહિ. આહાહા..! ભગવાન આત્મા એ ઉદયભાવનો તમાશગીર-તમાશો જોનાર છે એ. ધરનાર અને માનનાર પોતામાં નથી. એવી એનામાં પ્રભુતા છે એમ કહે છે, ભાઈ!

આહાહા..! ઉદયનો તમાશગીર (અર્થાત્) જોનાર-જાણનાર. એમ કહેવું એ વ્યવહાર હજી. આહાહા..!

પોતાની પ્રભુતા વડે ભગવાન આત્મા પ્રભુતાનો ઉકેલ કરીને શક્તિમાંથી ખેંચીને પરિણમન નિર્મળ થયું, રાગ-દ્વેષ વિનાનું, પુણ્ય-પાપ વિનાનું, ઉદયભાવ વિનાનું, જે શુદ્ધ નિર્મળ દશા, એમાં પ્રભુતા વ્યાપી છે. એ પ્રભુતા પામરતાનો સ્વીકાર કરતી નથી. એ પ્રભુતા નિમિત્તને અવલંબતી નથી. એ પ્રભુતા વ્યવહાર હોય તો પ્રભુતાની પર્યાય પ્રગટે એમ પ્રભુતાને પરનો આદર અને આશ્રય નથી. બહુ ઝીણું પણ માણસને પણ ઓલા સાંભળતા ઓલી વાત સાંભળે તો બેસી જાય ફટ દઈને. ભાઈ! સામાયિક કરી નાખો. ભાઈ! એક નહિ પાંચ કરી નાખીએ.. ચાલને.

મુમુક્ષુ :- કરીને નાખવી ક્યાં?

ઉત્તર :- નાખવી. નાખી દેવી.

અમારે ત્યાં હતા એક પોપટભાઈ. બોટાદના. સાયલાવાળા નહિ? હોંકારો આપતા પહેલાં. એક પથરણે ૩૦ સામાયિક કરતા. આ તે દીની (સંવત) ૧૯૭૯ની વાતું છે. હતા બિચારા ... હોંકારો આપે મોઢાઆગળ. ૩૦ સામાયિક. શું કર્યું? સામાયિકનું માસખમણ. ઓલું ૩૦ થયું ને ૩૦? એટલે સામાયિકનું માસખમણ. એ.. ભગવાનભાઈ! કાંઈ કર્યું છે કે નહિ તમે થોડું ઘણું? ... કર્યો હોય. ભાવનગર રહેતા ને. આહાહા..! ભાઈ! તેં પોષો કર્યો નથી, તેં સામાયિક કરી નથી. પોષો અને સામાયિક એને હોય કે જેનામાં પોષણ કરવાની શક્તિ આનંદની મારામાં છે, મારી પ્રભુતા મારામાં છે, હું પરમેશ્વર છું. દ્રવ્યે પરમેશ્વર, ગુણે પરમેશ્વર, પર્યાયે પરમેશ્વર. મારી પરમેશ્વરતાના ખંડને કરનાર કોઈ જગતની અંદર ચીજ છે નહિ.

જેની અતુલ મહિમા, જેની અનુપમ શક્તિ, જેનો અમાપ પ્રતાપ, જેનો ખંડ કરી શકે નહિ એવો અનંત પ્રતાપ. આહાહા..! અરે..! આવો ભગવાન તારો છે ને, પ્રભુ કહે છે. સમજાય છે? તારે કોઈની જરૂર નથી. એવો અખંડિત પ્રતાપથી કોઈથી ખંડીત કરી શકાતો નથી. સ્વતંત્રતાથી (શોભે છે). કહે છે કે પ્રભુતાના ગુણમાં પણ ષટ્કારક પડ્યા છે. આહાહા..! પ્રભુત્વગુણ વડે આત્મા પોતાનો કર્તા થઈ અને સમ્યગ્દર્શન, શાંતિ અને આનંદની પરિણતિનો એ કર્તા થઈને કાર્ય કરે છે. અને કાર્ય કરનાર શક્તિ એક છે અંદર પાછી. કર્તા શક્તિ છે, બીજી કાર્યશક્તિ છે-કર્મશક્તિ. એ કાર્યશક્તિ બહારમાં આવીને એનું કાર્ય પરિણમે છે અંદરમાં. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને આનંદરૂપી ધર્મની પર્યાયનું કાર્ય એ કાર્યશક્તિ વડે કાર્ય થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ પ્રભુતાની પરિણતિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની, વીતરાગી આનંદની એ અવસ્થાનું

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સાધન એ કરણ શક્તિ અંદરમાં છે. એ પ્રભુતામાં સાથે કરણશક્તિ છે. કરણ નામ સાધન. જો આ સાધન ન હોય તો કર્તા બનીને હેરાન થાય છે. સમજાણું કાંઈ? એમાં ઉતાર્યું છે ને ઓલું નહિ? લ્યો, એ યાદ આવ્યું. અનુભવપ્રકાશ. કર્તા ન હોત તો પરનું કાર્ય કરી અને પોતાનું કાર્ય રહી જાત. છે ને કાંઈક અંદર? એ છે. હવે તો તમે નવરા થયા છો હોં! હવે બધું આ વાંચવું થોડું થોડું. હવે નવરા થયા છો ને હવે? પછી પૂછીએ ત્યારે ખબર પડે ને આ વાંચ્યું છે કે નહિ? અનુભવપ્રકાશ છે. છે ને? 'કર્તા વિના પરનું કાર્ય કરીને પોતાનું રહી જાય.' કર્મ વિના પરનું જ કાર્ય થાત અને પોતે ખાલી રહેત. સાધન વિના પરનું સાધન કરીને હેરાન થાત. પોતાનું સાધન રહી જાત. એ..! શેઠી! આહાહા..! તારામાં બધો ભંડોળ પડ્યો છે સાધનનો અંદર. આ લોકો રાડ્યું પાડે છે ને? સાધન જોઈએ, સાધન જોઈએ. વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય, વ્યવહાર સાધન. લ્યો, એ પણ લખ્યું છે. પંડિતજીએ લખ્યું છે, વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય. પંચાસ્તિકાયનો અર્થ કરતાં. અંદર લખ્યું હોય તો શું કરે એ? આહાહા..! અરે.. ભગવાન! એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે, ભાઈ! કષાય સાધન વ્યવહાર અને નિશ્ચય સાધ્ય એ વસ્તુમાં નથી. આહાહા..! એઈ..!

મુમુક્ષુ :- ભિન્ન સાધન-સાધ્યનો અર્થ જ ઈ છે.

ઉત્તર :- એ તો જ્ઞાન કરાવ્યું છે કે રાગ આવો (હોય). નિમિત્ત સાધન હશે?

ભગવાન આત્મા પોતાના જ્ઞાન અને આનંદનો ઉકેલ કરતું સાધન, પોતાનું સાધન પોતે સાધીને પોતાની પર્યાયને સાધે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાનું સંપ્રદાન પ્રભુતાનો. પ્રભુતા નામની શક્તિમાં જે પરિણમન થયું એ પરિણામનુ સંપ્રદાન પોતે કર્યું અને પોતા માટે કરીને પોતામાં રાખ્યું છે. લ્યો, આ દાન દેવું બીજાને કહે છે ને? કોણ દે? કોણ દાન દે? અહીં તો રાગનું પરિણામનું દાન એ સ્વરૂપનું સાધન નથી, અથવા સ્વરૂપમાં છે નહિ એ. પુણ્ય પરિણામ થવા અને રાખવા એ સ્વરૂપમાં દ્રવ્ય-ગુણમાં છે નહિ. ગુણમાં નથી તો ખરેખર એની પર્યાયમાં પણ રાગને કરવું ને રાખવું એવો એનો પર્યાય ધર્મ પણ નથી. નિર્મળ દૃષ્ટિની અપેક્ષાએ. સમજાણું કાંઈ? આહાહા..! અહીં તો થોડા પાંચ હજાર, દસ હજાર, પચાસ હજાર આપે ત્યાં એને એમ થઈ જાય.. ઓહોહો..! કેવું દાન! પણ એ ક્યાં તારી ચીજ હતી? તેં ક્યાં દાન આપ્યું છે? કોઈ દી આપ્યું જ નથી. કદાચિત રાગની મંદતા કરી હોય તો એ પણ પુણ્ય છે, એ પણ આત્માનું સ્વરૂપ નથી. આત્માએ રાગ કર્યો છે અને આત્માએ રાખ્યો છે એ આત્મામાં છે જ નહિ, એમ કહે છે. શેઠી! આહાહા..! ખબર ન મળે ખબર.

કહે છે, જેનો પ્રતાપ ખંડિત થતો નથી, ઘવાતો નથી, હણાતો નથી. આહાહા..! જેના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં વ્યાપ્ત એ પ્રતાપ પ્રભુતા નામનો ગુણ દ્રવ્યમાં-વસ્તુમાં વ્યાપ્યો છે, ગુણમાં વ્યાપ્યો છે અને પર્યાયમાં વ્યાપ્યો છે. અને એ પ્રભુતા નામનો ગુણ અસંખ્ય પ્રદેશમાં-ક્ષેત્રમાં વ્યાપ્યો છે. કહો! આવે છે ને ગુણ કોને કહીએ? ગુણ કોને કહીએ? દ્રવ્યના સર્વ ભાગમાં અને સર્વ હાલતમાં વ્યાપે તેને ગુણ કહીએ. ગુણ. ગુણ કોને કહીએ? કે દ્રવ્યના સર્વ ભાગમાં અને સર્વ હાલતમાં વ્યાપે તેને ગુણ કહીએ. તો આ પ્રભુતા નામનો ભગવાન આત્મામાં ગુણ છે તો દ્રવ્યના સર્વ ભાગમાં એટલે ક્ષેત્રમાં અને સર્વ હાલત નિર્મળ પર્યાયમાં, અહીં નિર્મળ પર્યાય લેવી છે, એમાં વ્યાપે તેને ગુણ કહેવામાં આવે છે. છોટાભાઈ! બહુ ઝીણું. આહાહા..!

ભાઈ! આ તો છે એની વાત ચાલે છે. તારામાં આવું સામ્રાજ્ય પડ્યું છે. આવી વસ્તુની હયાતી જ છે. આહાહા..! પ્રભુતાને હયાતી સત્તાએ આપી અને સત્તાને પ્રભુતા પ્રભુતાએ આપી. સત્તા મહાવસ્તુ છે આહાહા..! આપી એટલે છે ને. નિમિત્ત સંબંધ. છે એવું રાખ્યું, છે એવું રાખ્યું એ સત્તાના કારણે છે. એક મહાસત્તા મુખ્ય લેવી છે ને એ અપેક્ષાએ. બાકી છે તો પોતે પોતાથી. છતાં એ સત્તા છે. સત્તાને પ્રભુતા આપી, જ્ઞાનને પ્રભુતા આપી, દર્શનને પ્રભુતા આપી. (આપી) એટલે કાંઈ પ્રભુગુણ વયો નથી જતો કાંઈ એનામાં. લક્ષણ કાંઈ જાતું નથી. પણ એની શક્તિમાં એ શક્તિ છે. એક એક શક્તિમાં એ જ્ઞાનમાં પ્રભુતા, કર્તા, કરણ આદિ ષટ્કારકથી પરિણમન મારું જ્ઞાન સ્વતઃ પોતાને કારણે છે. આહાહા..! હીરા-માણેકના પૈસામાં કેટલો ઊંડો ઉતરે છે વિચારવામાં? એ તો ધૂળ છે અને હેરાન થઈને મરી ગયો એમાં તો. એનું જ્ઞાન કરવું એ પાપ, એના ફળમાં પાપ અને એને સંગ્રહવામાં, લૌકિક જ્ઞાનને સંગ્રહવામાં પાપ.

મુમુક્ષુ :- પાપ, પાપ ને પાપ.. કંઈ લાભ, લાભ ને લાભ..

ઉત્તર :- લાભ આ. આત્માનું જ્ઞાન કરવું એ લાભ, આત્માનું જ્ઞાન કરીને રાખ્યું એ લાભ અને સંગ્રહ કરીને ઠરવું વિશેષ એનું નામ લાભ. કહો, સમજાણું કાંઈ?

કહે છે, ઓહોહો..! એ પ્રભુતામાં સંપ્રદાન, અપાદાન, અધિકરણ. એ પ્રભુ પોતાને કારણે આધારે રહેલો છે. એ પ્રભુતા નામનો ગુણ અને બધા ગુણો, પોતાના આધારે પોતે રહેલ છે. બીજાના આધારે નહિ. પ્રભુ નામનો ગુણ છે એ વીર્યને આધારે નહિ, પરને આધારે નહિ, પોતાને આધારે છે. આ શરીરમાં બળ વધારે પ્રગટે ત્યારે આત્મામાં બળ આવે એવી પ્રભુતા હશે ને જીવની? માણસ કહે છે ને શરીરમાં બળિયો હોય તો આ બળવંત છે માણસ એમ કહે છે લ્યો! ઓલા નથી આવ્યું? શું કહે છે ઓલું? મોટરને ઊભી રાખતો. ગામો. કો'ક કહેતું હતું વાતું. કોઈને રાખતો નથી, સાંભળને હવે. મોટરને ઊભી રાખવી એ આત્માનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


બળ છે? એ વખતે શરીરને આમ રાખવું એ આત્માનું બળ છે? મૂઢ છો. અને એમાં રાગ થયો એ રાખવો એ આત્માનું બળ છે? એ આત્માની પ્રભુતા છે એમાં? પામરતા છે. સમજાણું કાંઈ? એના વખાણ થાય છે... છે લ્યો. આમ મોટરને ઊભી રાખે. બે મોટર આમ ચાલતી હોય તો આમ થોભી રાખે. એનું એટલું જોર આમ થંભી રાખે. શું છે પણ હવે? એ તો જડની પર્યાય છે. જડની પર્યાય આત્માના બળે અટકી છે ઈ કોણે કહ્યું તને? મૂઢે જણાવ્યું. સમજાણું કાંઈ? છોટાભાઈ! આ તો બધી વાતું દુનિયાથી ઊંધી છે. આહાહા..! લૌકિક માર્ગથી લોકોત્તર માર્ગ તો જુદો જ હોય ને.

કહે છે કે ભગવાન! તારામાં એવો એક પ્રભુતા (ગુણ છે). તારે આધારે તારી પ્રભુતા છે. દ્રવ્યની પ્રભુતા, ગુણની પ્રભુતા, એક એક પર્યાયની પ્રભુતા. એ પ્રભુતાનું પરિણમન તારે કારણે તારાથી તારામાં થાય છે. પરનો આધાર કોઈ છે નહિ. એ પ્રભુતાના પરિણમનમાં કોઈ નિમિત્તના કારણે આ કાર્ય થાય છે એમ નથી અને રાગને ઉત્પન્ન કરે છે એ પ્રભુતાની પર્યાય એમ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? બહુ બળિયો છે. બળિયો સમજો છો ને?

મુમુક્ષુ :- જોરદાર.

ઉત્તર :- જોરદાર, બળવાન. બહુ બળિયો આત્મા છે તો બળિયો આત્મા રાગને ઉત્પન્ન કરે એવું એનામાં બળ છે જ નહિ, કહે છે. એનામાં પ્રભુતા એવી નથી. આહાહા..! અહીં તો વ્યવહાર રાગ કરીને પોતે વિશેષ ખુશી થાય, ખુશી થાય. કહે છે કે પ્રભુતાને હણી નાખે છે. સમજાણું કાંઈ? અને બીજાને બતાવે કે જુઓ અમે આટલી ભક્તિ કરી, આવી પૂજા કરીએ છીએ, જુઓ સ્તુતિ કરીએ છીએ અને બરાબર ભગવાનના ભક્ત. માળા ગળે આમ હાથમાં. ડોકમાં નાખે માળા એટલે લોકો જાણે કે આ ભગત છે. મૂર્ખો છે મોટો કહે છે. એય..! છોટાભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- બીજાને બતાવવા.

ઉત્તર :- બતાવવાનું પાછું એ ભગત છે નહિ, ઠગ છે. કદાચિત્ કોઈ રાગ થતો હોય તો એ રાગનું કર્તૃત્વ માનનાર મૂઢ છે એમ કહે છે અહીં તો. આહાહા..! ખેતશીભાઈ! આવો માર્ગ હશે? અડાનમાં તો નહોતું આવું કાંઈ. આહાહા..! પ્રભુ! તારે ઘરે હોય એ બીજે ક્યાંથી હોય? તારે ઘેર હોય એ બીજે ક્યાંય હોય? ચક્રવર્તીને જે હાર હોય ચોસઠ થરો એ કાંઈ કોઈ ઢેઢને ઘરેથી નીકળે? ચક્રવર્તીને ઘરે ચોસઠ થરો હાર હોય છે. ચોસઠ થરા. એક પહેરે અને ચોસઠ થરા. સમજાય છે? અબજોની કિંમત હોય. એની કિંમત ન હોય. દેવોએ.. એ કાંઈ ચમારના કંડિયામાંથી નીકળે એવો હાર? ચમારનો કંડિયો હોય ને એમાંથી નીકળે? આ ચમાર જોડા કરવા નથી બેસતા મુંબઈમાં ને બધે હોય છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- ચામડાની.. નીકળે

ઉત્તર :- ચામડાની.. નીકળે. ત્યાં શું નીકળે? સારા ચામડા ઊંચા હોય ઓલા જરી પાલિશ કરવા રોકાય છે ને માણસ? ઊભો રહે. ઠગારો છો ભાઈ!

ભગવાન આત્મા પરમાત્મસ્વરૂપ, એની અંદર સ્વીકાર કરીને પ્રભુતાની શોભા બહારની પર્યાયમાં લાવ્યો નથી એ બધી અશોભા છે એ સિવાય. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે કે તારી પ્રભુતાની પરિણતિથી તારી મોટપ છે. એવો આત્મામાં ગુણ અનાદિઅનંત છે. વસ્તુ અનાદિઅનંત છે. એવો અંતર સ્વીકાર, શ્રદ્ધા કરતાં પ્રભુતાની પર્યાયમાં એક એક સમયની અનંતી પર્યાયમાં પ્રભુતા જ પરિણમી રહી છે. પરમેશ્વરતા જ શોભી રહી છે. આહાહા..! પર્યાયે પર્યાયે સ્વંત્રતા અખંડ પ્રતાપથી જેની શોભા શોભે છે, શોભે છે. એવી પર્યાયથી એ શોભે છે. સમજાણું કાંઈ? એ અદ્‌ભુતતા એની છે. એ વાણિયો છે કહે છે. વાણિયાને હોય ને? રીતિનું વર્તન કરે. વાણિયાની રીતનું વર્તન. પ્રભુતા પોતાની રીતનું વર્તન કરે છે. પામરનું વર્તન એ કરતી નથી. આહાહા..! ભારે પણ ભગવાન! સર્વજ્ઞે જોયેલો આત્મા અને જ્ઞાનીએ અનુભવ્યો એ આત્મા જુદી જાત છે કહે છે અહીં તો. દુનિયા સાથે ક્યાંય મેળ ખાય એવો નથી. આહાહા..!

જેનો પ્રતાપ ખંડ ન થાય તેવો છે. પ્રતાપ પ્રતપવંત છે અને એ સ્વતંત્રતાથી.. '**स्वातन्त्र्य**' પોતાનું તંત્ર પોતાથી શોભે છે. સ્વતંત્રથી તે શોભાયમાન, શોભાયમાન સ્વતંત્રથી. કહો, હવે સિદ્ધને પણ પરતંત્રતા હશે કે નહિ હવે? અલોકમાં જઈ શકતા નથી. ધર્માસ્તિકાય નથી એટલે નથી જઈ શકતા. એટલી પરતંત્રતા છે કે નહિ? શું છે શેઠી? સિદ્ધ છે એ લોકમાં રહે છે. ધર્માસ્તિકાય આગળ નથી માટે નથી જઈ શકતા. એટલી પરતંત્રતા છે કે નહિ સિદ્ધને? અહીં તો ના પાડે છે.

મુમુક્ષુ :- એ અપવાદ.

ઉત્તર :- ધૂળેય અપવાદ નથી. અપવાદ કેવા? સિદ્ધાંતને અપવાદ શા? અપવાદ તો દોષ કહેવાય છે. અપવાદ એટલે નિંદા. આહાહા..!

સ્વતંત્રતાથી જેની શાલિનતા છે. આહાહા..! જુઓ! પુણ્યશાળી, ભાગ્યશાળી એમ કહે છે ને માણસ? એ પુણ્યથી જ એની શોભા છે. આ કહે છે કે એના ગુણથી એની શોભા છે. એ સ્વતંત્રતા તે જ એની શોભા છે. એમ. સ્વતંત્રપણું તે જ તેની શોભા છે. પરતંત્રપણું એ હેરાન થવાનો માર્ગ છે. પર પરતંત્ર કરતું નથી, પણ પરને આધીન છું એ પણ આત્માનો સ્વભાવ નથી એમ અહીં તો કહે છે. પર્યાયધર્મ લીધો ને? ૪૭માં. પર્યાય.. લીધો ઈશ્વર ધર્મ. પર્યાય ધર્મ છે. વસ્તુનો ગુણધર્મ નહિ. એટલે દ્રવ્ય-ગુણનો નહિ એટલે પર્યાયમાં પણ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પરાધીન નથી એમ એની સ્વતંત્રતા આવી જાય છે. પરને આધીન થઈને પણ સ્વતંત્રપણે પોતે પરિણમે છે શુદ્ધપણે એમ લેવું અહીં. રાગ પણ નહિ, રાગનું જ્ઞાન, રાગનું જ્ઞાન. એવી સ્વતંત્રતાથી આત્મા પોતાથી શોભી રહ્યો છે. એવી પ્રભુત્વશક્તિ (છે). લ્યો! એવો ભગવાન આત્મામાં પ્રભુત્વ નામનો ગુણ છે. કહો, સમજાણું આમાં? એક એક ગુણને પ્રભુતાથી અને સ્વતંત્રતાથી અને અખંડ પ્રતાપથી શોભાયમાન કરે એવો એ શ્રૃંગાર છે પ્રભુનો. કહો, આ શણગાર પહેરે છે ને? ટીલા ને ટપકા નાખીને. દાગીનો પહેરે. લટકાવે અહીંયાં. એ શોભા નથી બાપુ! એ તો મોટા ઓધા છે. ધૂળની શોભા. આમ સરખું નાક હોય અને સરખું સુંદર રૂપ હોય તો આમ જાણે ઓહોહો..! નજર ટગ ટગ ટગ થઈ જાય. એલા! પણ તારું સુંદર રૂપ અહીં અંદર છે ત્યાં ટગ ટગ કેમ થાતું નથી? સમજાણું કાંઈ? બહાર જરી રૂપવાળું દેખે ત્યાં. આહાહા..! શું છે પણ? આ તો માંસ-ચામડા છે. રાખની પર્યાય છે આ તો. ધૂળની પર્યાય છે આ. અને આકારપણે પરિણમ્યો છે એ ધૂળનો, જડનો પરિણમ્યો છે. એમાં નથી આત્મા, નથી એનો ગુણ અને નથી એની કોઈ પર્યાય. અને એની શોભા એ જડની શોભા, આત્માની શોભા નથી. આહાહા..! ઠીકરું થતાં વાર લાગે? આમ ઘડીક.. થયું તો ફૂ. બધું કર્યું, ભાઈ! લોહી સૂકાઈ ગયું આ તો. ઘડીકમાં તો લોહી પણ વયુ ગયું અને શું થઈ ગયું આ? આમ લાગે. .. નીકળી ગયું.

એક સેકન્ડમાં જુઓને આપણે અહીં, અમારે પ્રેમચંદભાઈ. રાણપુરવાળા પ્રેમચંદભાઈ. એક સેકન્ડ. અહીં બેઠા હતા. વ્યાખ્યાનમાં બેઠા હતા, ભક્તિમાં બેઠા હતા. પછી રામજીભાઈ સાથે ગયા. ઘરે ગયા, જમવા બેઠા, ખાધું, દુઃખે છે. આમ પાણી પીવે ત્યાં ફૂ. બસ, ખલાસ. ત્યાં ફીક્કું ફટ. ત્યાં શું હતું ત્યાં? ધૂળમાં હતું ક્યાં ત્યાં? નહિ? પ્રેમચંદભાઈ નહોતા? અહીં બેસતા. રાતે બેસતા હતા. એક સેકન્ડમાં દેહ છૂટી ગયો. એ દેહ હતો જ કે દી પણ એના ક્ષેત્રમાં? એ આઘો ગયો, જીવ આઘો ગયો ત્યારે એમ કીધું કે આ છોડ્યું એણે. પણ છોડ્યું શું? છૂટેલો જ છે. હતો કે દી પણ શરીરમાં. આહાહા..! એ તો એના અનંતગુણથી પકડાયેલું પરિણમન એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? જેને વાંધા શ્રદ્ધાના કેટલા કે હજી સમ્યક્ શ્રદ્ધાનું ઠેકાણું ન મળે. રાગ પરને લઈને થાય અને રાગ મંદ હોય તો ધર્મ થાય. કેટલી પરાધીનતાની દૃષ્ટિ! કેટલી વિરૂદ્ધ દૃષ્ટિ! સમજાણું કાંઈ? વ્યવહાર આવો કરીએ તો વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય. ઈ કહે છે કે તને વસ્તુના સ્વભાવની, શક્તિની અને પરિણતિની તને ખબર નથી. શ્રદ્ધા નથી તને સાચી. મિથ્યાશ્રદ્ધા છે. આહાહા..! સમજાણું કાંઈ? આ સાત શક્તિ થઈ લ્યો. એમાં પછી ઘણા ઉતાર્યા છે.

આઠમી. '**સર્વ ભાવોમાં વ્યાપક એવા એક ભાવરૂપ વિભુત્વશક્તિ.**' શું કહે છે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ભગવાન આત્મામાં જેટલા અનંતા ગુણો છે એમાં દરેક ગુણમાં અનંતગુણમાં વિભુત્વશક્તિ એટલે બધામાં વ્યાપકપણું છે. કોઈ ગુણ ભિન્ન છે નહિ. અભિન્ન વ્યાપ્ય-વ્યાપક આવે છે ને? અને ભિન્ન બાહ્ય વ્યાપ્ય-વ્યાપક. ઘડાની સાથે કુંભારને બાહ્ય વ્યાપક સંબંધ. માટી ને ઘડાને અંતર વ્યાપ્ય-વ્યાપક સંબંધ. શું કહ્યું? માટી અને (ઘડાને) અંતર વ્યાપ્ય-વ્યાપક સંબંધ (છે) અથવા ઘડાને કુંભાર સાથે અને કુંભારને ઘડા સાથે બાહ્ય વ્યાપ્ય-વ્યાપક સંબંધ છે. બાહ્ય વ્યાપ્ય-વ્યાપક સંબંધ એટલે કે બાહ્ય છે. એની સાથે (ખરેખર સંબંધ) છે નહિ.

આ આત્મામાં અંતર વ્યાપક સ્વભાવ વિભુત્વ નામનો એક ગુણ છે કે **'સર્વ ભાવોમાં...'** એટલે સર્વ શક્તિઓમાં, જેટલી અનંતી શક્તિ છે... સમજાય છે કાંઈ? સર્વ શબ્દ પડ્યોને આમાં? એક જ્ઞાનભાવની અંદર અનંત શક્તિઓ રહેલી છે એટલો સામાન્ય (અર્થ કર્યો). પહેલો શરૂઆતમાં. સર્વ શબ્દ પહેલો અહીં આવ્યો. **'સર્વ ભાવોમાં...'** એટલે શક્તિઓને અનંત કીધી હતી. એ અનંતને સર્વ ભાવ, સર્વ શક્તિઓથી એકસાથે સર્વ. જેટલી શક્તિઓ આત્મામાં છે એમાં એ વિભુત્વ બધામાં વ્યાપ્યું છે. જ્ઞાન છે ત્યાં દર્શન વ્યાપ્યું, દર્શન છે ત્યાં આનંદ વ્યાપ્યો, આનંદ (વ્યાપ્યો) ત્યાં સમકિત વ્યાપ્યું, સમકિત (વ્યાપ્યું) ત્યાં ચારિત્ર વ્યાપ્યું. ચારિત્ર (વ્યાપ્યું) ત્યાં પ્રભુતા વ્યાપી, પ્રભુતા (વ્યાપી) ત્યાં વીર્ય વ્યાપ્યું, ત્યાં અકાર્યકારણગુણ વ્યાપ્યો. સમજાણું કાંઈ? પરનું કાંઈ કરે નહિ અને પરને કાંઈ કરે નહિ અને પરથી પોતામાં થાય નહિ. એવા નામનો અકાર્યકારણ નામનો ગુણ છે એમાં આ વિભુત્વશક્તિ બધામાં વ્યાપી ગઈ છે એમ કહે છે. કોઈ ક્ષેત્રમાં ફેર (છે એમ નથી). એક શક્તિ બીજે છે અને એક શક્તિ બીજે ક્ષેત્રે છે એમ છે નહિ. સમજાણું કાંઈ? પ્રદેશની તો બહુ વ્યાખ્યા કરી છે.

**'સર્વ ભાવોમાં વ્યાપક...'** પ્રદેશત્વશક્તિ. એનું વર્ણન કર્યું છે. જુઓ! ચિદ્‌વિલાસમાં ક્યાંક છે. એ તો મૂળ. જીવની મૂળ ભૂમિ છે. એમ કીધું છે. ભૂમિ છે ક્ષેત્ર એ. એ ભૂમિ એનું ક્ષેત્ર મૂળ ભૂમિ છે. એ ભૂમિમાં પાક થાય છે આનંદનો. ભગવાન અસંખ્ય પ્રદેશી પાક, એમાં વિભુ નામ વ્યાપી છે તો એમાં એકલો ક્ષેત્રમાંથી આનંદનો પાક થાય છે. એમાંથી દુઃખ ઉત્પન્ન થાય કે રાગ ઉત્પન્ન થાય એવું એ ક્ષેત્ર જ નથી એમ કહે છે અહીં. એ ક્ષેત્રની પ્રદેશ શક્તિમાં આ વિભુત્વ શક્તિ અને બધી શક્તિઓ સાથે વ્યાપી ગઈ છે. સમજાણું કાંઈ?

**'સર્વ ભાવોમાં વ્યાપક એવા એક ભાવરૂપ વિભુત્વશક્તિ. (જેમ કે, જ્ઞાનરૂપી એક ભાવ સર્વ ભાવોમાં વ્યાપે છે.)'** લ્યો, દાખલો આપ્યો. જે જ્ઞાન છે ને અહીં જ્ઞાન-જાણવું, એ જાણવું અનંતા ગુણમાં પ્રસરી રહેલું છે, વ્યાપક છે, ફેલાયેલું છે. જ્યાં જ્ઞાન છે ત્યાં અનંતગુણ છે અને અનંતગુણ ત્યાં જ્ઞાન વ્યાપી રહેલું છે. કીધું? **'જ્ઞાનરૂપી એક ભાવ સર્વ ભાવોમાં વ્યાપે છે.'** એમ દર્શનરૂપી એક ભાવ સર્વ ભાવમાં વ્યાપે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એમ આનંદરૂપી, સુખરૂપી એક ભાવ સર્વ ભાવમાં વ્યાપે છે. એમ જીવત્વશક્તિ એક ભાવ બધા ભાવમાં વ્યાપે છે. એમ વીર્ય નામની શક્તિ બધા ભાવમાં વ્યાપે છે. આત્મબળ બધા ગુણમાં વ્યાપે છે. આહાહા..! એમ કહીને કહે છે કે એક ગુણ ગુણમાં વ્યાપક છે, પણ એ ગુણ રાગમાં વ્યાપક છે.. ભાઈ! કે નિમિત્તમાં વ્યાપક છે એમ છે નહિ. નાસ્તિનું પરિણમન છે એમ કહે છે.

ભગવાન આત્મા પોતાના અનંતગુણમાં એક ગુણ વ્યાપ્યો છે. એક ગુણ એક એક ગુણ બધામાં વ્યાપે છે. દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાયમાં વ્યાપ્યો છે. વ્યાપ્યો છે, પ્રસર્યો છે, રહ્યો છે. પણ એ ગુણ રાગમાં વ્યાપે છે, રાગમાં પ્રસરે છે અને રાગનું કામ એનામાં છે નહિ. આહાહા..! જેટલો રાગાદિ ભાવ છે એનો એમાં અભાવ છે. એના વ્યાપકપણામાં એનો અભાવ છે. સમજાણું કાંઈ? થોડો વ્યવહારમાં વ્યાપે છે અને થોડો નિશ્ચયમાં વ્યાપે છે એવા બે ભાગ પાડો (એમ લોકો) કહે છે. લ્યો! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાના અનંતગુણ છે જ્ઞાન-દર્શન-આનંદ. એ એક એક ગુણ બધામાં વ્યાપ્યો છે. ગુણ ગુણમાં વ્યાપ્યો અને ગુણની પર્યાયમાં પણ બધે વ્યાપ્યો. કારણ કે વિભુત્વ બધા ગુણમાં છે અને પર્યાયમાં પણ સાથે વ્યાપ્યો. જ્યાં સમ્યગ્દર્શન પ્રગટ્યું ત્યાં જ્ઞાન, આનંદ સાથે વ્યાપેલું જ પ્રગટ્યું છે. એના વ્યાપકમાં વિભુનો એવો ભાવ નથી (કે પરક્ષેત્રમાં વ્યાપી જાય). ઓલા કહે છે ને વિભુ છે ભગવાન એટલે બધે વ્યાપક (થઈ જાય). એક ભાઈએ પ્રશ્ન કર્યો હતો. (સંવત) ૧૯૮૩ની સાલમાં. ભાઈલાલભાઈએ. ૮૩-૮૩. આવ્યા હતા ને બરવાળે? તે દી પ્રશ્ન કર્યો હતો કે આ વિભુ છે ને? આવે છે ને ભક્તામરમાં. ભક્તામરમાં આવે છે. એણે ભક્તામર કરેલું. બાવાનો બહુ પરિચય એને. નિરોગી શરીર અલમસ્ત લાગે જાણે. વસ્તુની ખબર નહિ. પછી કહે કે વિભુ ભક્તામરમાં આવે છે. ભક્તામરમાં આવે છે. ભક્તામર છે ને ૪૮ શ્લોકો? માનતુંગ આચાર્યના. તો એ બધા કરેલા. તો કહે વિભુ આવે છે ને. કીધું, એનો અર્થ આ નહિ. વિભુ એટલે બધે વ્યાપેલો આત્મા એમ નહિ. પોતાના ક્ષેત્રમાં, ગુણમાં વ્યાપેલો છે એને અહીં વિભુ કહીએ. જુઓને. આપણે કળશમાં આવી ગયું છે. (૧૮૨) '**यदि वा धर्मा गुणा वा**' હો તો હો, વસ્તુમાં ભેદ નથી. સમજાણું કાંઈ?

અહીંયાં આ કહીને પોતાનું જે ક્ષેત્ર છે એમાં જેટલા ગુણો છે તેમાં તે ગુણ એક એક બધામાં વ્યાપ્યો છે. બહાર છે. રાગમાં વ્યાપ્યો નથી તો વળી કર્મમાં અને બહારમાં બધો વ્યાપક થઈ જાય આત્મા એવો આત્માનો સ્વભાવ છે નહિ. આહાહા..! ઓલા સંત બાળે લખ્યું હતું ને એક ફેરી દાખલો? છાપામાં લખ્યું હતું. જ્ઞાનધારા નીકળી છે આમ બધે વ્યાપી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ગઈ. એવું છાપામાં આવ્યું હતું, છાપામાં નાખ્યું હતું, અનંતમાં ભળી ગયું. એમ નથી. તને ખબર નથી. સમજાણું કાંઈ? ભગવાન તો પોતાના અસંખ્ય પ્રદેશમાં અનંતગુણમાં વ્યાપી રહેલું તત્ત્વ છે. જેના રાગના વિકલ્પમાં વ્યાપતું નથી, સાધકસ્વભાવ કાળમાં પણ. સમજાણું? જે એક પર્યાયના બે ભાગ.. આહાહા..! સમજાણું? એક પર્યાયના, આનંદના પર્યાયના બે ભાગ. જેટલો આનંદરૂપે પરિણમ્યો એમાં વ્યાપક ગુણ છે અને જેટલો દુઃખરૂપ પરિણમ્યો એનો એમાં અભાવ છે. એનું નામ અનેકાંત છે. આહાહા..! આવો માર્ગ તો જુઓ તો ખરા! સર્વજ્ઞે કહેલો અને અનુભવમાં આવે એવો આનો સ્વરૂપભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! વિચાર કરે તો આમ ધ્યાન કરે છે કે નહિ? કે આમ કરે છે? શેઠી!

મુમુક્ષુ :- આખી અનેકાંતની વ્યાખ્યા જ જુદી છે.

ઉત્તર :- અનેકાંત એમ કહે, ભગવાન આત્મા પોતાનો અસંખ્ય પ્રદેશ ક્ષેત્રમાં જેટલા ગુણો છે એમાં એક એક બધા ગુણોમાં વ્યાપેલો છે. બસ! એટલો ગુણમાં, પર્યાયમાં વ્યાપેલું અને રાગાદિમાં નહિ વ્યાપેલું એ એનું અનેકાંત.

મુમુક્ષુ :- બેયમાં વ્યાપે એનું નામ અનેકાંત.

ઉત્તર :- ઓલા કહે બેયમાં વ્યાપે એનું નામ અનેકાંત. આમાં પણ વ્યાપે અને આમાં પણ વ્યાપે. એ વાત તદ્દન એકાંત છે. ઓલા ત્રીજા વળી કહે કે આત્મા કેવળ પામે એટલે આખા બધામાં વ્યાપી જાય આખા ક્ષેત્રમાં. કહો, શેઠી! આહાહા..! ખબર ન મળે. એને ક્ષેત્રની મહિમા છે. એના ભાવના અચિંત્ય સ્વભાવના સામર્થ્યની મહિમા નથી. ભાવની મહિમા નથી એટલે ભાવવાનની પણ ખબર નથી. મોટો વ્યાપી જાય તો મોટું કહેવાય. એક પરમાણુ તો એક ક્ષેત્રમાં છે લ્યો! એક પરમાણુ તો એક પ્રદેશના આટલામાં છે. આ તો વળી અસંખ્ય પ્રદેશી છે. ઓલો તો એક (પ્રદેશમાં છે). એનો સ્વભાવ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એનો ઉકેલ કરતાં અનંતી અનંતી પર્યાયો પ્રગટે એટલામાં એ પોતે પરમાણુ છે છતાં એ સ્વભાવ અનંત છે, અચિંત્ય છે. રૂપી મૂર્ત સ્વભાવ તો અચિંત્ય છે. પરમાણુમાં..

મુમુક્ષુ :- એનામાં પણ ગુણ છે.

ઉત્તર :- એમાં પણ અનંતા ગુણો આટલા જ છે. આ સર્વ જેટલા અહીં કહે છે એટલા જ ત્યાં છે. ફક્ત ત્યાં જ્ઞાન અને આનંદ એવા નહિ પણ સંખ્યાપણે એટલા. આહાહા..! એ વિભુ છે. એક પરમાણુમાં અનંતા ગુણમાં અનંતગુણ બધા વ્યાપક છે. એક પરમાણુ બીજા પરમાણુમાં વ્યાપી જાય છે કે બીજાની પર્યાયમાં વયો જાય છે એમ છે નહિ. ઓહોહો..!

**'સર્વ ભાવોમાં વ્યાપક એવા એક ભાવરૂપ...'** બીજી રીતે શું થયું કે ભગવાન આત્મામાં પોતાનો વ્યાપકગુણ એક ગુણ બધામાં વ્યાપેલો છે અને એ રીતે પોતાનું હોવાપણું છે અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ રીતે જ પોતે છે. સર્વ શબ્દ આવ્યો છે એટલે જેટલા બહાર બીજા છે, બીજાપણે એ નથી. એટલે પોતે એક જ વસ્તુ છે આ રીતે. પોતાની અપેક્ષાએ બીજી ચીજ તો અવસ્તુ છે. સમજાણું કાંઈ? પોતાના દ્રવ્ય-ગુણ અને પર્યાયના શુદ્ધપણાનું એકરૂપે હોવાપણું, એકરૂપે હોવાપણું. એમાં ત્રણ ભેદ છે પણ કાંઈ ત્રણ જીવ નથી. આ દ્રવ્ય છે, આ ગુણ છે, આ પર્યાય છે એ કાંઈ ત્રણ જીવ નથી. જીવ તો એક છે. એ જીવનું એકપણું. અહીં વળી બીજી રીતે સિદ્ધ કર્યું છે પાછું કે '**સર્વ ભાવોમાં વ્યાપક એવા એક ભાવરૂપ...**' અંદરમાં પરિણમીને અનંત ભાવ સાથે એકરૂપપણું છે. એવો વિભુત્વ નામનો ગુણ ભગવાન આત્મામાં છે. જુઓને, આચાર્યે શું કામ કર્યું છે વિભુ નાખીને! એટલે કોઈને એમ થાય કે આ તો સમયસારનો આત્મા એવો કે આમ જગતમાં વ્યાપી જાય દેહ છૂટીને એનું નામ આત્મા કહીએ, અનંતમાં ભળી જાય ત્યારે આત્મા કહીએ. એવા અનંતમાં ભળે તો પોતાનું શું થયું પછી? પોતાના હોવાપણાનો નાશ થયો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. કીધું ને ભાઈએ કીધું હતું-પંડિતજીએ. એમ કે પોતે સત્ છે કે નહિ? સત્ છે. એની મુક્તિ થાય ત્યારે બીજા ભગવાનમાં ભળી જાય, તો આ સત્‌નો નાશ થયો, સત્યાનાશ થઈ ગયો. શેઠી! એ મુક્તિ ક્યાં હશે? સંસારમાં રહીને પોતે સ્વતંત્રપણે દુઃખને ભોગવતો પરને અડ્યા વિના અને પરની જરૂર વિના. હવે આ દુઃખથી મુક્ત થયો ત્યારે આત્માનો સત્તાનો જ અભાવ થયો પરમાં ભળીને. એવી મુક્તિ તે કોના ઘરની? એમ કહે છે. સમજાણું કાંઈ? જ્યોતમાં જ્યોત મિલાઈ. આવે છે ને? ૯૫માં કહ્યું હતું ઓલા મણિયારે. ઓલો આંધળો આવતો ને. જ્યોતમાં જ્યોત મિલાઈ. આને કાંઈ ખબર ન મળે, કીધું. જ્યોતમાં જ્યોત મિલાઈ શું? પોતે પોતામાં એકાગ્ર થઈને પૂર્ણાનંદની પ્રાપ્તિ થઈ એ જ્યોતમાં જ્યોત મિલાઈ. એમ કંઈ આત્મા બીજામાં ભળીને બીજો આત્મા સિદ્ધ થઈને વયો જાય? એ પ્રશ્ન કર્યો હતો એણે તે દી. ત્યાં સિદ્ધમાં ઓટલા જુદા હોય? ઓટલો એટલે ક્ષેત્ર. અનંતા સિદ્ધમાં ત્યાં પણ જુદા? અહીં પણ જુદા અને ત્યાં પણ જુદા? પણ સદાય જુદો છે તો જુદો જ રહે ને. એકમાં એક ને અનેકમાં એક ને અનંત આવે છે ને. એકમાં અનેક કમ, અનેકમાં એક કમ આવે છે ભજનમાં. એ જાણે એકમાં બધા ભળી જાય છે ભેગા. અહીં પણ ગુણ ભળતા નથી હોં! આ તો ગુણનું વ્યાપવાપણું એ ક્ષેત્રમાં એક છે એ અપેક્ષાએ કહ્યું છે. ગુણ અનંત છે તે અનંતપણે રહેલા છે. આહાહા..!

'**સર્વ ભાવોમાં વ્યાપક એવા એક ભાવરૂપ...**' બસ! આખું એકરૂપ જ આખું. અનંતા ગુણો એક ભાવ બધામાં, બધા ભાવમાં એક. એવા ભાવસ્વરૂપ '**વિભુત્વશક્તિ. (જેમ કે,**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**જ્ઞાનરૂપી એક ભાવ સર્વ ભાવોમાં વ્યાપે છે.**)' જ્ઞાનરૂપી એક ગુણ બધામાં વ્યાપે છે. એમ એક સમયની જ્ઞાનની પર્યાય બધી પર્યાયમાં વ્યાપક છે. એક સમયની નિર્મળ પર્યાય દર્શન-જ્ઞાન-ચારિત્રની એ એક એક પર્યાય બધામાં વ્યાપક છે. એવો જ વસ્તુનો સ્વભાવ છે. આ રીતે જાણે ને માને ત્યારે તેને સમ્યગ્દષ્ટિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બાકી લાખ ક્રિયાકાંડ કરતો હોય ને મોટો આચાર્ય નામ ધરાવે ને ફલાણું ને ઓહોહો..! હો..હા ને. બધી હો.. હા.. એને ઘરે રહેવાની છે. આત્માના ઘરમાં એ નથી, કહે છે. આહાહા..! કહો, સમજાણું?

'**સર્વ ભાવોમાં...**' અહીંથી સર્વ ઉપડ્યું હવે હોં! આઠમીથી. અહીં સર્વ આવ્યું તો હવે સર્વ આવશે દર્શન અને જ્ઞાન, ભાઈ. સર્વદર્શી એ. ભારે! ભારે કથની. એ વિભુત્વમાં પણ ષટ્કારક લેવા. વિભુત્વ પણ કર્તા સ્વતંત્ર થઈને પોતાનું કામ કરે છે. કાર્યશક્તિ પણ પોતાથી ત્યાં પરિણમી રહી છે. સાધનપણું વિભુ પોતાને કારણે થઈ રહ્યું છે. સંપ્રદાન પોતાથી પરિણમે છે, અપાદાન પોતે પોતાથી પોતા વડે થઈ રહ્યું છે અને અધિકરણ પોતાનો આધાર પોતાને ગુણનો આધાર ગુણમાં. બહારની સામગ્રી શોધીને તારે શું કામ છે? આહાહા..! સોળમી ગાથામાં કહે છે ને. વિકલ્પને અને નિમિત્તને શોધીને શું કામ? પણ એ ક્યાં એમાં તને મદદ કરે એવું છે. પ્રવચનસાર. ષટ્કારક ઉતાર્યા છે ને? ષટ્કારક ઉતાર્યા છે. એ રીતે ષટ્કારક છે. ષટ્કારક ઉતાર્યા છે સોળમાં. સોળમી ગાથા, પ્રવચનસાર. સમજાણું?

સર્વ ભાવ. સર્વ ભાવરૂપે પરિણમી ગયો પોતે. હવે તારે કારણે બધું છે. શું કીધું ત્યાં શબ્દને? સ્વયંભૂ. સ્વયંભૂ. લ્યો! સ્વયંભૂ. એટલે ઉતાર્યા છ પછી એમાં. ભગવાન આત્મામાં જેટલા અનંતા ગુણો છે એ સ્વયંભૂ છે. સ્વયંથી છે અને પરિણમ્યા છે પોતાથી પોતાને. બીજાના મદદની એમાં જરૂર નથી. આહાહા..! આટલું સ્પષ્ટ છે છતાં ઓલો કહે કે કેવળજ્ઞાન સંઘયણ વિના થાય નહિ, વજ્રનારાચ સંહનન.. હવે પણ એ ક્યાં આવ્યું અહીં થાય નહિ એ? અહીં થાય છે ત્યારે હોય છે એ તો જ્ઞાન કરવા માટે છે. આ ઉપાદાનમાં વાંધા આખા અહીંથી ઉઠ્યા છે. પોતે સ્વયંભૂ છે. પોતે પોતાના અનંતગુણનો સ્વયંભૂ પ્રગટ કરી ભૂપ થયો છે. સ્વયં પોતે થયો છે. ભગવાન આત્મા પરમેશ્વરની દશા, સાધકની દશા પ્રગટ કરીને પોતે પોતાથી સ્વયંભૂ થયો છે. પરની એમાં બિલકુલ જરૂર છે નહિ. અને જરૂરવાળો એ તત્ત્વ જ નથી કહે છે. આહાહા..! એ આઠમી શક્તિ થઈ. આઠમી થઈ કેટલામી થઈ? આહાહા..! વિશેષ આવશે લ્યો... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ વદ ૯, બુધવાર તા. ૧૯-૬-૧૯૬૮
શક્તિ - ૯, ૧૦ પ્રવચન-૫૪૨**

આઠ શક્તિ થઈ એમાં. આત્મદ્રવ્યનું વાસ્તવિક સ્વરૂપ શુદ્ધ શું છે અને શુદ્ધનું ભાન થયે એનું પરિણમન શુદ્ધ કેવું હોય? આત્મા વસ્તુ છે. અનંત શક્તિનો ભંડાર એ દ્રવ્ય શુદ્ધ છે અને બધી શક્તિઓ શુદ્ધ છે. શક્તિ એટલે ગુણ. ગુણ એટલે સ્વ-પોતાનો કાયમી ભાવ. કાયમી એટલે નિત્ય સ્વભાવ. એનું શુદ્ધપણું છે અને દ્રવ્યનું શુદ્ધપણું. એથી દૃષ્ટિ દ્રવ્યની થતાં શુદ્ધની દરેક શક્તિઓ શુદ્ધપણે પરિણમનમાં પરિણમે છે. સમજાણું? એ ધર્મની પર્યાય કે જ્ઞાન, દર્શન આદિની પર્યાય બધી નિર્મળપણે ક્રમે ક્રમે થાય અને અક્રમે ગુણ (રહેલાં છે), એ આખા સમુદાયને આત્મા કહેવામાં આવે છે. એ આત્મા કેવો છે એનું અહીં વર્ણન ચાલે છે.

વિભુત્વશક્તિ કીધી. આત્મામાં એક એવો ગુણ છે કે એક ભાવ સર્વ ભાવમાં વ્યાપે છે. સર્વ ભાવમાં વ્યાપક એવો એક ભાવ. જ્યાં જ્ઞાન છે એક ભાવ, સર્વ ભાવ એટલે પોતાની શક્તિઓ એમાં વ્યાપે છે. એ વ્યાપવું, અનંત ગુણનું એકરૂપે વ્યાપવું. લક્ષણ ભિન્ન ભિન્ન છે પણ છતાં બધા ગુણો એક ક્ષેત્રમાં અનંત વ્યાપ્યા છે. એટલે એની પરિણતિ અનંત ગુણની પણ એક સમયમાં અનંતી વ્યાપીને પોતામાં પરિણમી રહી છે એવો વિભુ ગુણ છે એનામાં.

હવે આજ તો સર્વદર્શિ આવે છે. સર્વદર્શિશક્તિ છે એક આત્મામાં. એ સર્વદર્શિત્વ પણ શું છે? આત્મદર્શનમય સર્વદર્શિત્વ શક્તિ અહીં લેવું છે વજન. આત્મામાં અનંતા ગુણ છે, આત્મા છે એની પર્યાય છે કે આખું જગત છે, એ બધું દર્શનશક્તિમાં દર્શનના પર્યાયરૂપે પરિણમતા એ મહાસત્તા દર્શન પરિણમતા દેખે છે, ભેદ પાડ્યા વિના. એવું એ આત્મદર્શનમય છે આત્માનું દર્શન ઈ. સમજાણું કાંઈ?

'**સમસ્ત વિશ્વના**..' એટલે સમસ્ત વિશ્વના. બે બોલ છે ને વિશ્વ વિશ્વ. બે બોલ છે વિશ્વ વિશ્વ. વિશ્વ એટલે સમસ્ત અને બીજો (વિશ્વ એટલે) વિશ્વના સામાન્ય એટલે બધાના સામાન્ય. એમ. આખી દુનિયા લોકાલોક અને ત્રણ કાળ આદિ જે છે, આખું સત્ એકસાથે એક સત્ ભેદ પાડ્યા વિના જે દેખે. અને એ ભેદ પાડ્યા વિના દેખે એ પોતાને દેખે પાછું. સમજાણું કાંઈ? ઓલામાં આવ્યું નહિ? ૭૫માં આવ્યું ને? કે રાગને જાણતાં પોતાને જાણે છે. ત્યાં તો હજી સાધકમાં લીધું. પોતાના આત્માને જાણે છે. પોતાને જાણે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે ને ખરેખર તો. પર છે જ ક્યાં એમાં?

'**સમસ્ત વિશ્વના...**' એટલે વિશ્વ. વિશ્વના '**સામાન્ય ભાવને...**' એટલે બધું છે એવા ભાવને '**દેખવારૂપે...**' એટલે '**લોકાલોકને સત્તામાત્ર ગ્રહવારૂપે...**' '**સર્વ પદાર્થોના સમૂહરૂપ લોકાલોકને સત્તામાત્ર ગ્રહવારૂપ પરિણમતા...**' એટલે એવી થવા લાયક દશાવાળો, '**એવા આત્મદર્શનમયી...**' આત્માને દેખવામયી, એ આત્માને દેખવામયી દર્શન. દર્શન આત્માને દેખે છે એમ કહે છે. કહો, પંડિતજી! દર્શનમાં પરને દેખવું કહેવું એ ઉપચાર છે. તેમ એ દેખવામાં પોતાના અનંત ગુણને દેખે એ સ્વજાતિનો ઉપચાર છે, ઓલો પરજાતિનો ઉપચાર છે. અનંત ગુણને દેખે છે એમ કહેવું એ પણ હજી અનંત ગુણ છે ને પોતા સિવાયના એ પણ સ્વજાત ખરા પણ પર છે ને એનાથી? એને દેખે એ કહેવું એ પણ સ્વજાતિનો ઉપચાર છે. પરને દેખવું કહેવું એ પરજાતિનો ઉપચાર છે. એ દર્શનગુણની પર્યાય પોતાને જ આખી દેખે છે એનું નામ આત્મદર્શનમયી સર્વદર્શિશક્તિ કહેવામાં આવે છે. ભારે!

મુમુક્ષુ :- પોતે જ પોતાનું કર્યા કરે. બીજું કાંઈ કરે જ નહિ.

ઉત્તર :- કરે શું? પણ કરે શું? અમથો પણ કોણ કરે છે? શેઠી!

મુમુક્ષુ :- ત્રણ લોકને દેખે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ત્રણ લોકની પર્યાય (દેખનારી) પોતાની પરિણતિ છે એને દેખે. ત્રણ લોકને શું દેખે? ત્રણ લોક સંબંધી, લોકાલોક સંબંધી, ત્રણ કાળ સંબંધી પોતાનું દર્શનગુણનું પરિણમન છે તેને દેખવાનું (કામ કરે છે), તેને દેખે છે.

મુમુક્ષુ :- લોકાલોક ક્યાં ચાલ્યા ગયા?

ઉત્તર :- લોકાલોક ક્યાં છે? લોકાલોક એમાં છે. અહીંયા ક્યાં છે લોકાલોક? લોકાલોક લોકાલોકમાં રહ્યા.

ભગવાન આત્મા દર્શનગુણના પર્યાય દ્વારા એવી એની શક્તિ સર્વદર્શિત્વ છે, સર્વદર્શિત્વ. સમજાણું? ખરેખર તો એ સર્વદર્શિશક્તિની પર્યાય થાય તે તેનું કર્મ છે-કાર્ય અને કર્તા દ્રવ્ય છે કે સર્વદર્શિશક્તિ પોતે કર્તા (છે). અરે..! ભગવાન આત્મામાં સર્વદર્શિશક્તિ છે એને સામાન્યપણે કહે તો કર્તા દ્રવ્ય છે, એના ભેદ પાડીને પોતાના ગુણથી કહે તો સર્વદર્શિશક્તિ જ પોતે કર્તા છે અને સર્વને દેખે એમાં પોતાની પર્યાયનું જે પૂર્ણ રૂપ છે એને દેખે છે, એને અહીં આત્મદર્શનમયી સર્વદર્શિશક્તિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આમાં શું સમજાય એવી વાત..

ઉત્તર :- કહો, આમાં સમજાય એવું નથી? એઈ..! ભગવાનજીભાઈ!

ભગવાન આત્મા પોતામાં એક દર્શનશક્તિ તો પહેલી કીધી. સામાન્ય અનાકાર ઉપયોગમયી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દર્શિશક્તિ. પણ એના ગર્ભમાં સર્વદર્શિશક્તિ પડી છે આખી એક. કે જે સર્વદર્શિશક્તિ સર્વ વિશ્વને અને બધાના સામાન્ય ભાવને પોતાના દેખવાના પરિણમનમાં પોતાને દેખે તેને આત્મદર્શનમયી સર્વદર્શિશક્તિ કહેવામાં આવે છે. પંડિતજી!

મુમુક્ષુ :- સમજાણું નહિ.

ઉત્તર :- સમજાયું નહિ? મોડા આવ્યા ને બે મિનિટ.

મુમુક્ષુ :- આપ કહેતા હતા ને આ શક્તિ બહુ ઝીણી છે.

ઉત્તર :- ઝીણી છે. તેથી બહુ લખ્યું. .. શબ્દ મૂક્યો છે. બારિકીથી એવો એક શબ્દ લખ્યો છે ભાઈએ. ભાઈએ લખ્યું છે ને. દિપચંદજીએ ઘણી બારિકીથી સૂક્ષ્મ નિર્વિકલ્પ સત્તાનું પરિણમન દર્શનનું અલૌકિક છે.

ભગવાન આત્મા, એનામાં પુણ્ય-પાપ ને વિકલ્પનું પરિણવું એવો તો કોઈ ગુણ નથી, એ તો સવારમાં આવ્યું હતું. આત્મામાં દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામપણે થાય એવો તો આત્માનો ગુણ નથી, પણ એનામાં એક ગુણ એવો સર્વદર્શિત્વ છે. દર્શનગુણ સામાન્યપણે દેખે એટલું લીધું હોય. પણ એમાં સર્વદર્શિ. એટલે પરવસ્તુ પણ એમાં દેખાય એમ કહેવું એ ઉપચાર છે અને પોતાના દર્શન પરિણામમાં અનંત ગુણો દેખાય એ પણ સ્વજાતિનો ઉપચાર છે. ખરેખર તો એ દર્શનના પરિણામ પોતે પૂર્ણ રૂપે પોતે પોતાને દેખે એવી આત્મદર્શનમયી સર્વદર્શિશક્તિ આત્મામાં પડેલી, ભરેલી પડી છે.

મુમુક્ષુ :- પરને ન દેખે...

ઉત્તર :- ક્યાં પરને દેખે છે? દેખે છે પોતાને.

મુમુક્ષુ :- એનું નામ નિજજ્ઞ કેમ ન રાખ્યું? સર્વજ્ઞ કેમ રાખ્યું?

ઉત્તર :- પર્યાયમાં સર્વને જાણવાની પરિણમન પોતાની શક્તિ છે કે નહિ? સર્વ એટલે પરને જાણે એમ નહિ. સર્વ સ્વપરનું દેખવારૂપે પોતાના પરિણમનની શક્તિ છે ને એ. એકરૂપ જ છે ને. દર્શન-દર્શનને દેખે એકલાને? પણ દર્શનમાં સર્વને દેખવાની પોતામાં પોતાને કારણે શક્તિ છે.

મુમુક્ષુ :- પરમાં પર આવ્યા કે પોતે એકલો આવ્યો?

ઉત્તર :- પોતે એકલો જ છે. આહાહા..!

ભગવાનઆત્મા અનંત ગુણો ભલે હો અંદર, પણ એમાં સર્વદર્શિશક્તિ એનું સામાન્ય બધું છે તેને પરિણમવું, દેખવું એ તો પોતાનો (ગુણ છે), બીજાઓ છે માટે એમ નહિ. અનંત ગુણ છે માટે સર્વદર્શિપણે પર્યાય પરિણમે છે, એમ નહિ અને લોકાલોક છે માટે સર્વદર્શિપણે (પરિણમે છે એમ નહિ). એની શક્તિનું સત્ત્વ જ એવડું છે કે સામાન્ય જેટલા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પદાર્થો સર્વ વિશ્વના અને પોતે પણ આવ્યો ને ભેગો? પોતે આવ્યો કે નહિ એમાં? સામાન્યમાં પોતે દર્શન પણ આવ્યું, જ્ઞાન પણ આવ્યું, આત્મા આવ્યો બધું આવી ગયું એમાં. સમજાય છે? સામાન્યમાં શું બાકી રહી ગયું? પોતાનો દર્શન ગુણ, જ્ઞાન ગુણ, બધું, એની પર્યાય અને દ્રવ્ય બધું. એ દર્શનગુણની એક સમયની પર્યાયમાં પોતામાં પૂર્ણ રીતે જે દેખવારૂપનું પરિણમન. સર્વ શબ્દે બધું જાણે એ ભલે એ પરની અપેક્ષા લીધી, પણ એ સર્વપણે પરિણમનની પર્યાય છે એ આત્મદર્શનમયી પોતાની પર્યાય છે એને દેખે છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ છે, સેઠી!

ભગવાનઆત્મા અનંત શક્તિનો પિંડ એમાં આ શક્તિ એક એવી છે કે સત્તામાત્ર જેટલી ચીજ છે-હોવાપણે છે જેટલું એને નિર્વિકલ્પપણે એટલે ભેદ પાડ્યા વિના પોતાના પરિણમનમાં પોતે પોતાથી પરિણમે. દર્શનશક્તિ કર્તા થઈને દર્શનનું પર્યાયરૂપી કર્મરૂપે પોતે પરિણમે, પોતે દેખે, પોતાનું સાધન પોતે, પોતાનું કારણ પોતે, પોતાનો આધાર પોતે અને પોતાને કારણે પરિણમીને સર્વદર્શિપણું પ્રગટ થાય છે. ભગવાનજીભાઈ! બહુ ઝીણું છે આ. એ સર્વ પણ પોતાનો પર્યાય છે ને એ? એમ કહે છે અહીં. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! ભગવાનઆત્મા કોઈના રૂપે થતો નથી, પણ કોઈના જે સ્વરૂપ છે તેનું તેને પોતાની પર્યાયમાં પોતાથી પોતા વડે પોતામાં પરિણમન થઈને જાણે-દેખે છે. એમ તે પરને દેખે એમ કહેવું એ તો વ્યવહાર છે.

મુમુક્ષુ :- પોતાની પર્યાયને દેખે છે?

ઉત્તર :- એક જ પોતાની પર્યાયને દેખે છે. સ્વજાતિના ગુણોને દેખે છે એમ કહેવું એ હજી ઉપચાર છે. સમજાણું કાંઈ?

એ દર્શન સર્વદર્શિશક્તિની વ્યક્તતા. શક્તિમાં એ ગુણ છે કે મહા-બધું છે તેને દેખવારૂપે પરિણમે અને પર્યાયમાં એ થયું ને? દેખવારૂપે પર્યાય પરિણમે એ બધું એક સમયમાં બધું સામાન્યનું અસ્તિત્વ જે છે એ પર્યાયરૂપે જાણી, એ પર્યાય પર્યાયને, એ પર્યાય પર્યાયને, એ પર્યાય ગુણને, એ પર્યાય દ્રવ્યને, એ પર્યાયનું જ એટલું સામર્થ્ય છે એને. સ્વદ્રવ્યની દૃષ્ટિ કરીને પોતાની શક્તિને પર્યાયને દૃશ્યમાન કરીને દૃષ્ટા સર્વદર્શી એને દેખે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પરનો તો ઉપચાર થયો.

ઉત્તર :- ઉપચાર જ છે. એ સર્વ પણ એ પર્યાય પોતાની છે એવડી એમ કહેવું છે, અહીં સિદ્ધ કરવું છે. સર્વ આખી સત્તાનું પરિણમન એ પોતાનું એકલું છે એને દેખે છે, એમ કહેવું છે પાછું. સમજાણું કાંઈ? ભગવાનનો દરબાર મોટો છે.

ભાઈએ નથી કહ્યું ઓલામાં? આત્મ.. શું કહેવાય? દ્રવ્યસંગ્રહમાં નથી લીધું? કે આ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


દર્શન જ્યારે સ્વને દેખે તો બધું પરનું તો રહી ગયું. ભાઈ! જ્ઞાને બધાને જાણ્યું છે, એવો જ્ઞાનગુણ છે એને દર્શન પોતાની પર્યાયથી દેખે છે અને પોતાના સામર્થ્યથી પોતામાં દેખે છે. સમજાય છે? એટલે કાંઈ બાકી રહેતું નથી. આહાહા..! ભાઈ! આત્મા અલૌકિક છે આ. વસ્તુ અલૌકિક છે, એની શક્તિ અલૌકિક છે અને એની પર્યાય અલૌકિક છે. એવો આત્મા શું છે એને અહીં કહે છે કે આવો આત્મા એના પરિણમનની દૃષ્ટિમાં આવે ત્યારે તેણે આત્મા જાણ્યો અને ધર્મી થયો એમ કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- કામ વધારે મુશ્કેલ થતું જાય છે.

ઉત્તર :- મુશ્કેલ થતું નથી. એની વસ્તુની માહાત્મ્યની સ્થિતિ પૂરી સરખી થતી જાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- લોકાલોકને ગ્રહવારૂપ લીધું.

ઉત્તર :- ગ્રહવું એટલે દેખવું. દેખવારૂપ પરિણમે છે તો પોતે કે નહિ?

મુમુક્ષુ :- પકડે ત્યારે ગ્રહવું થાય ને?

ઉત્તર :- પકડવું એટલે શું? ભાષા તો એમ જ આવે ને. જ્ઞાન લોકને ગ્રહે છે એટલે લોક ગરી જાય છે અંદર? સાકાર ઉપયોગ ન કીધું? સાકાર એટલે પરનો આકાર એમાં આવી જતો હશે?

ભગવાનઆત્મા ચૈતન્ય જ્યોત છે. જેમાં પુણ્ય-પાપના વિકલ્પો નથી, જેમાં શરીર, કર્મનો બિલકુલ અભાવ છે. આવશે ને અભાવઅભાવની શક્તિ, નહિ? કર્મના અભાવરૂપ જ એની પર્યાય છે, એનો ગુણ છે અને અભાવભાવપણે રહેવું એવો જ એનો ત્રિકાળ સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? આમ તો આત્મા... આત્મા તો બધા કરે છે, પણ આવો ભગવાન પરમેશ્વર કેવળીએ, તીર્થંકરે જોયેલો, કહેલો આત્મા આવો છે એવું જ્યાં સુધી એના પ્રતીતમાં, ભાનમાં ન આવે ત્યાં સુધી એને ધર્મ થાય નહિ. ધર્મી એવો અનંત ગુણને ધરનારો આત્મા, એના ધર્મો એટલે શક્તિઓ અનંત અને એની પર્યાય અનંત. અહીં સર્વદર્શિમાં મહા.. અત્યારે ફેર છે ને ઘણો? બધું ન દેખે. જાણવામાં ઓલો કહે, બધું ન જાણે. અરે..! બધું શું પોતાની પર્યાયની પૂર્ણતા થઈ તેને દેખે એમાં બધું જણાઈ ગયું. એ પોતે જ બધો છે આખો. પરને લઈને બધો નહિ. સમજાણું કાંઈ? બહુ ઝીણું, ખેતશીભાઈ! આવું તે ક્યાંય..

મુમુક્ષુ :- આવું ક્યાંય હોતું નથી.

ઉત્તર :- હોતું નથી. ઠીક કહે છે.

ભાઈ! ભગવાન આવો છે. આત્મા એવો છે, બાપુ! એમાં આ બધા રજકણો અને રાગાદિનો તો અભાવ છે, પણ આવા શક્તિનો સદ્ભાવ એમાં ભરેલો છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભગવાનઆત્મા '**સમસ્ત વિશ્વના...**' એટલે વિશ્વના-વિશ્વના. બધા વિશ્વનું વિશ્વ એટલે સમસ્ત. એનું એકરૂપપણું '**એવા ભાવને...**' એવા ભાવને '**દેખવારૂપે (અર્થાત્ સર્વ પદાર્થોના સમૂહરૂપ લોકાલોકને સત્તામાત્ર ગ્રહવારૂપે) પરિણમતા...**' પર્યાય થયેલી '**એવા આત્મદર્શનમયી...**' એવી આત્મદર્શનમયી. આત્મદર્શનમયી. એ આત્માનું દર્શન જ એવડું છે એ આત્મદર્શનમયી સર્વદર્શિત્વ શક્તિ કહેવાય છે. સમજાણું કાંઈ?

એના સર્વદર્શિશક્તિના એક કિરણમાં બધું છે એમ દેખવારૂપે પરિણમન થઈ જાય છે. એવો એક ગુણ એનો છે, અને તેથી પર્યાયમાં બધું દેખે અને પોતાનો પોતાથી પરિણમે એમ દેખીને. જ્ઞાનને જાણે, દર્શનને દેખે,... જો એ બધાને દેખે નહિ એટલે દેખવાનો પોતાનો સ્વભાવ એવડો ન હોય તો વસ્તુ અદશ્ય થઈ જાય. વસ્તુ કાંઈ છે નહિ એમ થઈ જાય. એક સમયની પર્યાયમાં જેટલી વસ્તુ છે એટલી દેખવા રૂપે પરિણમવું એટલે એને દેખવા રૂપે નહિ પણ પોતાની એટલી પર્યાયરૂપે પરિણમવું એ એનો સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શ્રદ્ધવા રૂપે.

ઉત્તર :- અહીં તો દેખવાની વાત છે અત્યારે. એટલા બધા ગુણોનો પિંડ આત્મા છે એને જ્યારે જ્ઞેય કરીને જાણ્યું અને પ્રતીત કરે ત્યારે તે શ્રદ્ધવામાં સમકિત થયું. આવડો એનો એક સમયનો પર્યાય પોતે પોતાને પૂર્ણ રીતે પરિણમ્યો એટલે પૂર્ણ પોતાનું પરિણમન એવું એને દેખે. આત્મદર્શનમયી-આત્માને દેખવારૂપી પર્યાય છે. આત્માને દેખવારૂપ પર્યાય. એવડી પર્યાય છે. એવી એવી અનંતી પર્યાયો બીજી છે અનંત ગુણની. સમજાણું કાંઈ? હજી તો આટલામાં વાંધા ઉઠાવે. સર્વજ્ઞ ને... બાપુ! એ વસ્તુ એવી છે. સહજ વસ્તુ સ્વભાવ વસ્તુ. અને સ્વભાવની અચિંત્યતાનું માપ શું હોય? સમજાણું કાંઈ?

એક પરમાણુ જેવી ચીજ, એક પરમાણુ જેવી ચીજ જ્ઞાન વિના, ભાન વિના એક સમયમાં એક પ્રદેશથી બીજે પ્રદેશે જાય એવો પણ તે-તે પર્યાયનો તે પ્રકારનો એનો પોતાનો તે પર્યાયનો તે કાળનો સ્વભાવ છે; અને એ જ પરમાણુ બીજે સમયે નીચેથી ચૌદ બ્રહ્માંડમાં જાય, જડ છે (એને) ખબર નથી, છતાં એક સમયમાં એવડો એનો સ્વભાવ, એમ. ભાઈ! આ તો પર્યાયનો એક અંશમાં આટલો સ્વભાવફેર પડી જાય છે. આહાહા..! એવો જ પરમાણુનો સ્વભાવ. આહાહા..! એક સમયમાં એક પ્રદેશથી બીજે પ્રદેશ જાય એવો પણ તે પ્રકારના, તે કાળના પર્યાયનો સ્વભાવ. બીજી પર્યાય તે પર્યાયથી ભિન્ન છે તદ્દન. એ પર્યાયને અને બીજી પર્યાયને કાંઈ સંબંધ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ધર્મચંદજી! સમજાય છે કે નહિ? જાડું-જાડું બધું સાંભળ્યું છે અત્યાર સુધી બધું જાડું. આહાહા...!

ભગવાનઆત્મા.. આહાહા..! કહે છે, અરે..! રાગને જ્ઞાન જાણે એ પોતાને જાણે છે એમ જ્યાં કહ્યું, અહીં લોકાલોકને જાણે અને લોકાલોકને દેખે એ બધાને એ પોતાને દેખે છે એમ કહેવું છે. એવો પોતાને દેખે છે. આહાહા..! એવી એની સર્વદર્શિશક્તિ છે.

ભગવાન ત્રણ લોકનો નાથ છે. જેમાં અનંતા કેવળજ્ઞાનીઓનું જ્ઞાન પણ જેને એક સમયમાં દેખવારૂપે પરિણમી ગયું છે. એ પોતાની પર્યાયનું એવડું સામર્થ્ય છે. એ અનંતા કેવળીઓ છે કે એણે અનંતા દ્રવ્ય-ગુણ જાણ્યા છે કે અનંતા દ્રવ્ય-ગુણ છે માટે દર્શન સર્વદર્શિશક્તિ પરિણમી છે અને એનામાં એવું સર્વદર્શિનું સામર્થ્ય છે, એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એવો ભગવાન છે. આહાહા..!

છે આટલું અને જેટલું હોય તેટલું, ત્રણ કાળ અને ત્રણ લોક. '**સમસ્ત વિશ્વને...**' એટલે વિશ્વના વિશ્વને એટલે બધા વિશ્વને સામાન્યપણે ભેદ પાડ્યા વિના. આ દ્રવ્ય છે કે ગુણ છે કે પર્યાય એમ નહિ. એવી રીતે જેનો પર્યાય આત્મદર્શનમયી થઈને સર્વદર્શિપણે પોતે પોતાના દર્શનપણે પરિણમે છે એવો એનો પર્યાયનો સ્વતઃ ધર્મ છે. ગુણમાં છે, દ્રવ્યમાં છે, પણ જ્યારે દૃષ્ટિ થઈ ત્યારે એને આ સર્વદર્શિ પર્યાયનું પરિણમન પૂરું નથી, પણ એમ પ્રતીતમાં એને આવી ગયું કે આ પર્યાય બધાને દેખે એવો એનો સ્વભાવ છે. બધાને દેખે એટલે? એ પર્યાય પર્યાયની પૂર્ણતાને દેખે એ એનો સ્વભાવ છે. પંડિતજી! આહાહા..!

અરે..! એના ઘરમાં તપાસ પણ કરી નથી. બાપ કાંઈ મૂકી જાય મૂડી તો તપાસ કરે. ખબર ન હોય તો કહે છે શું મૂકી ગયા, આપણને કહ્યું નહોતું. દસ-વીસ લાખ કહેતા પણ કાંઈક ઝાઝાં હશે એમ લાગે છે. જોતા પચાસ લાખ નીકળ્યા. ઓહો..! અમને ખબર નથી. છોકરા કહેતા. અમારા બાપ પાસે આટલી મૂડી હશે અમને ખબર નથી. બાપે જ્યારે બે છોકરાને વહેંચ્યું ત્યારે ખબર પડી કે ઓહોહો..! કહો, અમારી તો અહીં ઘણાં માણસો આવે ને ઘણી જાતના. ...

અહીં કહે છે કે તારી મૂડી કેટલી એને તેં કોઈ દિ' જોઈ નથી.. આહાહા..! ગુણવંતભાઈ! એવો ગુણ છે એમાં. લ્યો! બધું દેખે, ભેદ પાડ્યા વિના-આ દ્રવ્ય છે કે આ ગુણ છે કે આ કેવળી છે કે આ આત્મા છે કે આ જડ છે કે આ વર્ણ છે કે વર્ણની પર્યાય એક પરમાણુની આવી થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એક સમયમાં આવી થાય તો બીજે સમયે આવી થાય. આ શું કહે છે આ? પરમાણુને ખબર છે કે બીજે સમયે કેમ થવી? ભગવાને દીઠું માટે થાય છે એમાં? એ પરમાણુની એક સમયની પર્યાયનો તે સમયે કોઈ પર્યાયથી કોઈ પર્યાય મેળ નહિ ખાય એવો સ્વભાવ એનો છે.

એમ ભગવાનઆત્મા સર્વદર્શિપણાની જે સમયની પર્યાય છે એ પોતાપણે પોતે પરિણમીને

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આખા રૂપે પોતે પોતાને દેખે છે એવો જ એનો વર્તમાન પર્યાયનો થવાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એમાં સર્વદર્શિશક્તિએ... આત્મદ્રવ્ય, એના અનંતા ગુણો, અનંતી બીજી ચીજો અને પોતે પાછો પોતે, સર્વદર્શિપર્યાય પોતે પોતાને દેખે છે ભેગી, એનું નામ સર્વદર્શિશક્તિ કહેવામાં આવે છે. પંડિતજી! આહાહા..! એ શક્તિ બધા ગુણોમાં વ્યાપેલી છે. એ શક્તિ બધા ગુણને નિમિત્તરૂપ છે. આ શક્તિ પરિણામિકભાવે છે. સમજાય છે? આ સર્વદર્શિશક્તિ પરિણામિકભાવે છે.

મુમુક્ષુ :- પ્રકાશ રૂપે.

ઉત્તર :- ના, ના, પરિણામિકભાવ. પ્રકાશરૂપે નહિ. પાંચ ભાવ છે ને? ઉદય, ઉપશમ, ક્ષયોપશ, ક્ષાયિક, પારિણામિકભાવ. પારિણામિક જેને કોઈ અપેક્ષા નથી. સહજ એનો સ્વભાવ છે. એમ કીધું ને?

'**સમસ્ત વિશ્વના સામાન્ય ભાવને...**' જુઓ! '**પરિણમતા એવા આત્મદર્શનમયી સર્વદર્શિત્વશક્તિ.**' એ આત્માનું દર્શન. આત્માનું દર્શન એટલે પોતાની પર્યાયને દેખે છે. આત્માને દેખે, બધાના ગુણને દેખે એ હજી ઉપચાર છે એમાં. એ પર્યાય આત્મદર્શનમયી પરિણમીને થાય છે એ એની સર્વદર્શિત્વશક્તિનું સત્ત્વ છે. સમજાણું કાંઈ? આહાહા..! આવો ભગવાન! કરે નહિ કોઈને અને દેખ્યા વિના રહે નહિ કોઈને! પોતા સિવાય કાંઈ પરિણમન બીજાનું કરતો નથી. આહાહા..!

જુઓ તો ખરા. જ્ઞાનનું પરિણમન એ દર્શન પરિણમે છે એમ પણ નહિ, ભાઈ! એક ગુણ પરિણમે છે સાથેનો માટે આ સર્વદર્શિને પરિણમવું થાય છે એમ પણ નહિ. ઓહોહો..! એક-એક ગુણમાં ષટ્કારકનું પરિણમન સ્વતંત્ર છે. સમજાણું કાંઈ? સર્વે ગુણ અસહાય. એ પર્યાય પણ સ્વતંત્ર. એક પર્યાય બીજા પર્યાયની સાથે કાંઈ સંબંધ નથી. ભલે અન્યત્વ હોવા છતાં, સજાતિમાં હોવા છતાં, પ્રદેશમાં ભેગી રહેવા છતાં, એવો એનો સ્વભાવ. આહાહા..! આ તો નિર્વિકલ્પ વસ્તુ જ છે કહે છે. સમજાય છે કાંઈ? આવા આત્માની દૃષ્ટિ થતાં એને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ. એનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન. સમજાય છે કાંઈ? આહાહા..!

પોતાના ક્ષેત્રમાં વ્યાપી છે એ શક્તિ. ગુણ છે ને. તો ગુણ કોને કહીએ? કે દ્રવ્યના સર્વ ભાગમાં, સર્વ હાલતમાં રહે તેને ગુણ કહીએ. તો સર્વદર્શિશક્તિ ગુણ છે. દ્રવ્યના સર્વ ભાગમાં છે, એની સર્વ હાલતમાં છે. અહીં નિર્મળ થયા પછીની સર્વ હાલતમાં છે એમ લેવું છે. સમજાણું કાંઈ? એ સર્વદર્શિશક્તિ... જુઓ! ઓલામાં લીધું છે ને એ ગૃહસ્થ છે. પોતાના ઘરમાં રહેલી છે, કોઈના ઘરમાં નહિ. એ શક્તિનું પરિણમન અને શક્તિ પોતાના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ગૃહ. ગૃહ એટલે પોતાના ઘરમાં સ્થ છે, પરઘરમાં નહિ. એ વાનપ્રસ્થ છે. સર્વદર્શિશક્તિ એનું રૂપ પોતામાં સ્થ છે. પરને લઈને નહિ, પરમાં નહિ. એ પરનો અભાવ છે એમાં ત્યાગ છે બધો, માટે સંન્યાસી છે એ. સર્વદર્શિશક્તિ સંન્યાસી છે. પરનો અભાવ છે. કહો, સમજાણું કાંઈ? વ્યવહારનો જેટલો છે વિકાર આદિ પર એ બધો એમાં અભાવ છે. અરે..! એના એક-એક ગુણનો એની પર્યાયમાં અભાવ અને એક-એક પર્યાયનો એમાં અભાવ એવી સપ્તભંગી સ્વરૂપે એક-એક પર્યાય છે તેને સર્વદર્શી દેખે છે. સમજાણું કાંઈ? વળી લાંબુ ગયું આ. સેઠી! આહાહા..!

એક સર્વદર્શી શક્તિનું પરિણમન એક સમયનું, એમાં એક સમયની પર્યાયમાં અનંતા સપ્તભંગી ઊઠે છે. એક પર્યાયમાં આખો ગુણ નથી, એ પર્યાયમાં દ્રવ્ય નથી, એ પર્યાયમાં પૂર્વની પર્યાય નથી, એ પર્યાયમાં પછીની પર્યાય નથી. એવી એક-એક ગુણની સાથે એમ કરતા અનંત ગુણ સાથે અને અનંત પર્યાય સાથે એક પર્યાયમાં સપ્તભંગી (ઊઠે છે). સ્વથી છે, પરથી નથી એમ સપ્તભંગી ઊઠે છે. એવો સ્વભાવ સર્વદર્શિશક્તિ એક સમયમાં પોતાના પરિણમનથી પોતાને દેખે છે. સમજાણું કાંઈ? આહાહા..! એને માહાત્મ્ય શેના આવે? સમજાય છે? આવો આત્મા માહાત્મ્યવાળો જ્યાં નજરમાં પડે. શેની વાત ચાલે છે?

મુમુક્ષુ :- આત્માની.

ઉત્તર :- આત્માની?

કહે છે, ભગવાનઆત્મા.. એ સર્વદર્શિની પર્યાય અનંત સપ્તભંગના સ્વભાવવાળી ચીજ છે એ. એ પર્યાયમાં આખું દ્રવ્ય નથી, એ પર્યાયમાં એકેય ગુણ નથી. એ તો અનંત ગુણની સાથે સપ્તભંગી ઊઠે છે. એક સમયની પર્યાયમાં બીજા સમયની પર્યાયનો એનામાં અભાવ છે. એની સપ્તભંગી અનંતી ઊઠે. એ બધાને સામાન્યપણે દર્શનશક્તિ સર્વથી પરિણમવાનો પોતાનો સ્વભાવ અને પોતાને દેખે છે. જુઓને, કેટલું સમાડ્યું છે! ઓહોહો..! ગજબ કામ! અમૃતચંદ્રાચાર્યે આ શક્તિઓનું વર્ણન કરીને તો ગજબ કામ કર્યા છે! માથે કળશ ચડાવી દીધો છે, હોં! અને એમાં છે કેટલું જુઓને! ઓહોહો..! કળશ ચડાવ્યો છે, લ્યો! દેરાસર માથે જેમ કળશ ચડે ને સોનાનો, હીરાનો, રતનનો.

એ હીરાના ઓલા ચડે. ચક્રવર્તીને ઘરે મંદિર હોય ત્યાં કાંઈ મણિના ન હોય ત્યાં તો હીરાના શું કીધું? કળશ (ચડે). ચક્રવર્તીનું મંદિર (-ઘર) હોય એના પોતાના રહેવાના પાંચ એવા છે કે જેને દેવ બનાવે છે. ચક્રવર્તીના પાંચ મંદિર રહેવાના હોય છે-પોતાના ઘર. દેવ જેવા મોટા. સોળ હજાર તો દેવ સેવા કરે છે. માણસની દેવા સેવા કરે છે. એને પાંચ એવા મકાન-મંદિર છે મોટા કે એ તો અલૌકિક વાત. સમજાય છે? એવા જેને રહેવાના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સ્થાન. ભગવાન પરમાત્મા બિરાજે એનું મંદિર કરે એ તો અલૌકિક મંદિર હોય છે ચક્રવર્તીનું. પોતાના ઘર કરતાં એને બીજું સારું બનાવે છે. શેઠી!

એમ કહે છે અહીંયાં, ભગવાનઆત્મા પોતાની એક-એક પર્યાયની શોભાથી શોભિત છે. પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... ઓહોહો..! આવી જેને અંદર... આવી પર્યાયપણે પર્યાય પૂર્ણને દેખે, એ દ્રવ્ય-ગુણને દેખે કહેવું એ પણ વ્યવહારથી ઉપચાર છે, કહે છે. આહાહા..! શું કહે છે! એ પર્યાયનું સત્ત્વ જ એવડું છે કે સ્વને-સ્વને સામર્થ્યરૂપે પોતે દેખે. સપ્તભંગી થઈ ગઈને, લ્યો. એમાં અભાવ થઈ ગયો કે નહિ? એટલે વળી આવ્યું. સમજાણું કાંઈ? એક પર્યાયમાં દ્રવ્ય-ગુણનો અભાવ છે. એક-એક સમયની પર્યાય આવડી અનંતા સપ્તભંગના સ્વભાવથી ભરેલી છે.

એવો ભગવાનઆત્મા અને તેમાં એને કહ્યું છે પાછું ક્ષત્રિય ને વૈશ્ય. એ ક્ષત્રિય છે સર્વદર્શિશક્તિ. પોતાનું રક્ષણ કરે છે અને બીજાને રક્ષણમાં નિમિત્ત છે. સર્વદર્શિશક્તિ ક્ષત્રિય છે. એ સર્વદર્શિશક્તિ વેપારી છે. પોતાની રીતના વર્તનને વર્તે છે. દર્શનનું દેખવું એ રીતને વર્તે છે. દર્શનમાં દેખવું એ રીતપણે એ વર્તે છે. ભેદપણે ન વર્તે એવો એનો સ્વભાવ છે. આહાહા..! એ એનો વેપાર છે. કહો, સમજાણું કાંઈ? આ બધા તમારા દવાખાનાના વેપાર અને પાર્લામેન્ટના પાર્લામેન્ટ શું આ બધું સમજ્યાને? પગના શું કહેવાય આ? ચંપલ ને શું કહે આ? પ્લાસ્ટિક-પ્લાસ્ટિક. આ બધા શબ્દો પણ નવા આવ્યા બધા. ઓલા જોડા ચામડાના હતા. હવે પ્લાસ્ટિકના જોડા અને પ્લાસ્ટિકના ચંપલ.

મુમુક્ષુ :- માણસોના પુણ્ય વધ્યા છે.

ઉત્તર :- પુણ્ય વધ્યા છે? ઉપાધિ વધી છે. અસંતોષ કેટલો પણ! કેટલો અસંતોષ!! સખ નથી ક્યાંય, લ્યો.

અમારે ડોશી હતા એ બિચારા કહેતા. અમારા બાપની મા. ડોશી હતા ને. આપણે તો ત્રણેસોનો બાર મહિને ખરચ હતો. બે હજાર પેદા કરતા ડોસા. ..શેઠ એમ કહે ને. .. નામ જીવરાજ શેઠ ન કહે. ડોશી હતા, અમારા બાપની નવી મા. કોરા શેઠ બે હજાર રળતા. સુતરનો વેપાર કરતા. ત્રણેસોનો ખરચ હતો ઘરનો. પૂરતું ઘર, સારું ઘર, મોટું ઘર, મહેમાનવાળું ઘર. અને સંતોષ એટલો કે બે મહિના ધંધો કરે, દસ મહિના કાંઈ ન કરે. તમારે અહીંયાં કેટલું સખ છે જુઓ, આમ બધા? પચાસ લાખ થયા તોપણ સખ છે ક્યાંય? એય..! ખેતશીભાઈ!

મુમુક્ષુ :- આપ વિહાર કરશો ત્યારે ખબર પડશે.

ઉત્તર :- એ તો ભાગશે ત્યાં. તેથી પૂછતા હતા કાલે, ચાર મહિના થાશે ને. જુઓને,

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પરમ દિ' નહોતી વાત થઈ? બહાર ચાર મહિના થશે. એમાં પાછો હિસાબ પહેલેથી ખબર પડે ને. કેટલા બહાર રહેશે, કેટલા અંદર રહેવું. વિચાર તો આવે ને ભાઈ, અનેક પ્રકારના? આહાહા..!

મુમુક્ષુ :- જ્ઞાન તો બધું કામ કરે ને.

ઉત્તર :- એ જાણવું કામ નહિ કરે, ઓલો વિકલ્પનો ખદબદાટ કામ કરે છે ત્યાં. જાણવું કામ કરે? ખેતશીભાઈ! આહાહા..!

કહે છે, ભારે વાત! ગજબ વાત! અહીં તો આત્મદર્શનમયી એમ શબ્દ આવ્યો છે ને એની ઉપર વજન ગયું છે. એ આત્મદર્શનમયી શક્તિ છે. પરદર્શનમયી અને પરનું દેખવું નહિ. ભલે દેખે બધું, પણ છે એ પોતાની પર્યાયનું આખું દર્શન અને એની શક્તિ છે. આહાહા..! સમજાણું કાંઈ? યતિ છે, બ્રહ્મચારી છે. જુઓ! બ્રહ્મ પહેલા હોય ને? આશ્રમ પહેલો બ્રહ્મચર્યાશ્રમ. અબ્રહ્મને ન આવવા દે. સર્વદર્શિની પર્યાયમાં બીજો કોઈ બોલ આવવા ન દે, અપૂર્ણતા રહે નહિ, અપૂર્ણતા આવવા દે નહિ, વિકાર આવવા દે નહિ. પૂર્ણ પર્યાયપણે પરિણમન એવો આત્માનો સર્વદર્શી સ્વભાવ છે. જુઓ!

સવારમાં આવ્યું હતું ને કે પુણ્ય-પાપને કરવું એવો કોઈ જીવનો ગુણ નથી. સમજાણું કાંઈ? શુભ-અશુભભાવને કરવા, દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રતના પરિણામને કરવા એવો આત્મામાં ગુણ નથી. કેમકે એના રાગને ભોગવવું એવો પણ આત્માનો કોઈ ગુણ નથી. પણ આ ગુણ છે એનામાં. બધી ચીજો જેમ છે તેમ તેને દેખવારૂપે પર્યાયનું પરિણમન થવું, પોતે પોતાને દેખે એવો એનો ગુણ છે. સમજાણું કાંઈ? લ્યો! એ ૯મી શક્તિ થઈ. આવી છે ૯મી પાછી જુઓ! આહાહા..! અફર. સર્વ શબ્દ આઠમેથી આવ્યો.

એવી સર્વદર્શિશક્તિ, એનો ભરેલો ભંડાર ભગવાન એની શ્રદ્ધામાં જ્યાં આવ્યું કે આ તો પૂર્ણ પરિણમે એવો જ પોતાને દેખે એવો આ ગુણ છે. રાગ ને સ્વભાવની એકતા એનો સ્વભાવ નથી. તેથી આ સ્વભાવ સર્વદર્શિનું ભાન થતાં તેને રાગની, સ્વભાવની એકતા નથી, એવી એક્તા ન રહે, છૂટી જાય. સમજાણું કાંઈ? એટલું માહાત્મ્ય ભગવાનઆત્માનું આવતા આવો આ આત્મા! બધાને દેખે, ત્રણ કાળ, ત્રણ લોકને દેખવાની પર્યાયરૂપ પરિણમન એને પણ દેખે. સમાઈ ગયો પોતામાં. સમજાણું કાંઈ? એ ૯મી થઈ. ૧૦મી. લ્યો, ૪૦ મિનિટ ચાલી. લ્યો, હવે જલ્દી પૂરું થશે. કેટલું આમાં નાખવું છે હજી?

સર્વદર્શિગુણ છે તે અક્રમે છે અને એનું પરિણમન છે તે ક્રમે છે. ક્રમે પરિણમન છે, ગુણ અક્રમે છે. એ પરિણમન અને અક્રમ.. તેને આત્મા કહે છે અને એણે આત્માને જાણ્યો એમ કહેવામાં આવે છે અને ત્યારે એને આત્માને ધર્મ થયો એમ કહેવામાં આવે. બાકી ત્યાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સુધી ધર્મ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

લ્યો, વળી રસમાં આવ્યું. સર્વદર્શિમાં વીરરસ છે. સર્વદર્શિમાં એક શ્રૃંગારરસ છે. સર્વદર્શિ પોતાના પરિણમનથી પોતે પોતાને શોભાયમાન છે, પરને કારણે શોભાયમાન નહિ. જ્ઞાનની પર્યાયને લઈને નહિ, નિમિત્તને લઈને નહિ, પોતાની પર્યાયથી પોતે શોભાયમાન છે; અને તેમાં સ્વતંત્ર પ્રતાપ જેનો અખંડ છે. એ આવ્યું ને ભેગું એમાં? એ શક્તિમાં પણ પ્રતાપ જેનો અખંડ છે. પ્રતાપ કોઈ ખંડી શકે નહિ અને સ્વતંત્રપણાથી શોભાયમાન જેની પર્યાય.. જુઓ! એ શોભાયમાનમાં શ્રૃંગાર આવ્યું. આહાહા..! સમજાણું કાંઈ? શાસ્ત્રમાં જ નીકળે છે બધું હોં! એ મેળવ્યું છે.

એક-એક ગુણમાં શ્રૃંગારરસ છે, શ્રૃંગાર. એ એની શોભા છે. જેમ શ્રૃંગાર કરે ને દાગીના-બાગીનાથી. એની પોતાની પરિણતિની શોભા પોતાથી છે, એ એનો શણગાર છે, પરને લઈને નહિ. આહાહા..! એની બીજી સર્વજ્ઞ પર્યાય જોડે હોય કે અકર્તા પર્યાય એને લઈને શોભા નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એવી એની શોભા પોતાથી છે. શાંતરસ છે એમાં. એમાં અશાંતિનું પરિણમન થવા દેતી નથી. સર્વદર્શિમાં અપૂર્ણપણું રહે એવો એનો સ્વભાવ નથી. શાંતરસ છે શાંતરસ. ઉપશમરસથી પરિણમે છે. આહાહા..! સમજાણું કાંઈ? એવા એવા લીધા છે બોલ. વીરરસ ને અદ્‌ભુત રસ ને.

અદ્‌ભુત તો છે જુઓને આ. એ સમયની સર્વદર્શિ અને એ સમયની સર્વજ્ઞશક્તિ. કેટલો ફેર! એ અદ્‌ભુત વાત છે કહે છે. એક સમયમાં પોતાના પૂર્ણ સ્વરૂપને પોતે પોતાથી દેખે. એ જ સમયમાં એક શક્તિની પર્યાય ભેદ પાડી, અનંતા જેટલા ભેદ તેને ભેદ પાડી, આ સપ્તભંગી (આદિના) ભેદ પાડીને દેખે. એક સમયમાં બે પર્યાય સાથે, ક્ષેત્ર ભેગું, કાળ ભેગો, ભાવ ફેર. અદ્‌ભુતતા છે કહે છે. સમજાણું કાંઈ? આ આત્માનો કરિયાવર દેખાડાય છે. શેઠી! શું કહેવાય તમારે? દહેજ-દહેજ. દીકરીને વળાવે ત્યારે દહેજ આપે છે કે નહિ? અને ધૂળ હોય થોડી ઘણી પાંચ-પચાસ લાખ આપે, નહિતર લાખ-બે લાખ આપે. બહુ હોય તો બે લાખ-પાંચ લાખ આપે, લ્યોને. કરોડપતિ હોય તો. દીકરો ન હોય તો, નહિતર તો એટલું બધું ન આપે. કેમ? દીકરો હોય તો એટલું બધું આપી દે? આજ કો'ક કહેતું હતું અત્યારે છોડીયું હકદાર થાય છે .. લઈને. પૈસા લાવો. દીકરીએ બાપ ઉપર ફરિયાદ કરી, પૈસા લાવો. તમારી પાસે આટલા પૈસા છે ને અને અમને કેમ નહિ? સમાધાન ઘરમાં કરવું પડ્યું પછી શું કરે? ઘરથી સમાધાન કરવું પડ્યું. એમ આ નથી, કહે છે. અહીં તો પોતે પોતાથી પ્રાપ્ત થાય એવી આ ચીજ છે, બીજાની એને જરૂર નથી. એની લક્ષ્મીનો વારસો પોતે પોતાથી લે છે. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એવી એક-એક શક્તિની પર્યાય પોતાથી શોભાયમાન, પોતાથી અદ્ભુતરસવાળી, વીરરસવાળી, બિભત્સરસવાળી, રૌદ્રરસ વગેરે વર્ણવ્યા છે. ઘણા વર્ણવ્યા છે. રૌદ્રરસ. ક્રુરરસ. જેમાં અપૂર્ણતા અને રાગના અભાવરૂપે પરિણમે છે એટલી જેની ક્રૂરતા સર્વદર્શિમાં છે. સમજાણું કાંઈ? રૌદ્ર. પરથી જેને ગ્લાનિ છે. પરપણે ન થવું એવો જ એનો પરિણમન સ્વભાવ છે. બિભત્સ સ્વભાવ છે. સમજાય છે કાંઈ? આહાહા..! એવો ભગવાનઆત્મા પોતાથી, પોતાના દ્રવ્યથી, પોતાના ગુણથી અને પોતાની પર્યાય ત્રણેયથી પોતે શોભી રહ્યો છે. દ્રવ્યથી દ્રવ્ય શોભે, ગુણથી ગુણ શોભે, પર્યાયથી પર્યાય શોભે, એમ વળી આવ્યું. સમજાણું કાંઈ? આહાહા..! લ્યો, એ ૯ થઈ.

૧૦મી. '**સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને...**' બસ, એટલો ફેર છે. સર્વજ્ઞશક્તિ હવે આવશે, પણ એ આત્મજ્ઞાનમયી શક્તિ હોં! એ સર્વજ્ઞશક્તિ. રાડું પાડે છે ને? આ સર્વજ્ઞશક્તિમાં પરને જાણે, પરને જાણે એ વ્યવહાર છે. પરને જાણે એટલે આને જાણે એમ કહેવું વ્યવહાર. પણ એ સર્વજ્ઞપણું આત્મજ્ઞાનમયી શક્તિ પોતાની છે. પોતાને એક સમયની સર્વજ્ઞ પર્યાયમાં પોતે પોતાને પૂર્ણ જાણે એનું નામ સર્વજ્ઞશક્તિ છે. સમજાણું કાંઈ? એ બધા જુઓને, કેટલાક પંડિતો એવું ઊઠાવે છે. સર્વજ્ઞ એટલે પરને જાણે એ વ્યવહાર છે. વ્યવહાર છે. પરને જાણે છે એ વ્યવહાર છે, એમ નહિ. એ પરને જાણે એમ કહેવું એ તો અસદ્ભુત વ્યવહારનો ઉપચાર છે. પોતે પોતાને જાણે છે, સર્વજ્ઞપર્યાય પોતાની પોતાને જાણે છે તે યથાર્થ છે. સમજાણું કાંઈ? આવો સ્વભાવ. એને માહાત્મ્ય નથી આવતું. જે સ્વતંત્ર શક્તિ છે અને જે સ્વતંત્ર પદાર્થ છે અને એની પર્યાયનું સર્વજ્ઞપણું...

'**સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને...**' એટલે ભેદ(રૂપ) ભાવને. એક સમયની એક પર્યાય અનંતા ગુણની અનંતી પર્યાય, એમાં એક સમયની પર્યાય, એમાં અનંતા સપ્તભંગ અને એક સમયની પર્યાયમાં અનંતા અવિભાગ પ્રતિચ્છેદ. અનંતા અવિભાગ પ્રતિચ્છેદ એટલે છેદ કરતાં- કરતાં નાનામાં નાનો રહે તેને અવિભાગ કહીએ. એવા અનંતા અંશો એક સમયની એક પર્યાયમાં અનંતા અંશો. આ તો ઘરે ઢગલા છે હીરાના. સમજાણું કાંઈ? આહાહા..!

એવા '**સમસ્ત વિશ્વના વિશેષ...**' અહીં વિશેષ ઉપર વજન છે. વિશેષ નામ પૃથક્-પૃથક્. ભેદ પાડીને, જેમ ભેદ છે તેમ રહીને. વસ્તુનું દ્રવ્ય, ગુણ, પર્યાય એક-એક ગુણ ભિન્ન, પર્યાય ભિન્ન. પર્યાયમાં અનંતા અવિભાગ પ્રતિચ્છેદ. એક અવિભાગ બીજારૂપે નથી એવા ભાવ, એવો વિશેષ ભાવ. એને જ્ઞાનમાં પોતે પોતાને...

ભેદપણું વિશેષ છે એ જ્ઞાન દેખે. સામાન્યનો અંશ ઓલામાં આવે અને વિશેષનો અંશ આમાં આવે, એમ છે? એમ નથી. અહીંયાં તો દર્શનમાં સામાન્ય એટલે બધું એક સાથે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org

સામાન્ય, વિશેષ, દ્રવ્ય-ગુણ-પર્યાય બધું એને દેખે છે અને વિશેષમાં બધું ભેદ પાડીને જાણે છે-દ્રવ્યને, ગુણને, પર્યાયને, અંશને, અવિભાગ પ્રતિચ્છેદને, જડને, પરમાણુને, પરમાણુનો એક સમયનો પર્યાય ધર્મ. પહેલે સમયે આ લ્યો અને બીજે સમયે .. એવો પર્યાયધર્મ જે ભિન્ન-ભિન્ન જે છે એને ભિન્ન-ભિન્ન તરીકે જાણે એનું નામ આ વિશેષ છે. વિશેષ શબ્દે એક પડખાનો ભાગ જાણે અને એક પડખું રહી જાય એમ નહિ. સમજાણું કાંઈ? અરે..! એને આત્મા કોણ છે? (એની ખબર નથી).

આમ તો બધા ભજન બહુ ગાય છે. આત્માની બહુ વાતું કરે છે લ્યો ને. આજે આવ્યું છે. ઓલા સ્થાનકવાસીમાં આત્મા આવ્યો છે, લ્યો. આત્મા આવો છે, આત્માની પરની ઉપાધિથી રહિત છે. એણે માન્યું છે ખોટું. .. ક્યાં હતું તારામાં? જૈનપ્રકાશ આવ્યું છે ને? એમાં છે પહેલો બોલ. આત્માને પરથી નિમિત્તથી થતા ઉપાધિના ભાવ એવો માનવો ભ્રમ છે, મિથ્યાત્વ છે, અજ્ઞાન છે. એવું લખ્યું છે. ચાલ્યું ખરું હવે થોડું. ઈ છે, આવ્યું છે. જોયું હતું થોડું.. જૈનપ્રકાશ છે ને? એમાં છે. પહેલું, પહેલું. પરની આત્મીય બુદ્ધિ કરે છે મિથ્યાત્વ છે, પરંતુ એથી કરીને કાંઈ તત્ત્વનું સ્વરૂપ મટતું નથી. આત્માની બદ્ધ અવસ્થા, બદ્ધ અવસ્થા તે આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી. આત્માનું ત્રિકાળી સ્વરૂપ તો શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ અને જ્ઞાતા-દૃષ્ટાનું છે. ... કરતાં-કરતાં બધા.. આ કરે મહાવ્રતને એ તો .. તારામાં. હવે આ બધું બહાર આવ્યું ને. કોઈ જેઠાલાલ છે. જેઠાલાલ ગિરધરલાલ. ... મિથ્યાત્વભાવ છે. આત્માને શરીર, ઈન્દ્રિય, શ્વાસ, અષ્ટ કર્મ આદિ અહંબુદ્ધિ .. ભર્યું છે તે અસત્ શ્રદ્ધાન છે. આત્માનું નિર્વિકાર.. તો આત્માની બદ્ધ અવસ્થા.. બદ્ધ અવસ્થાનો પણ ક્ષય થઈ જાય. માટે એ સ્વરૂપ નથી. એવું બધું લખ્યું છે. વાંચે છે ને હવે ઘણાં લોકો. સમજ્યા છે એ ખોટું. પાછું બહાનું લઈને ત્યાં ચોંટ્યા છે કે અમારામાં છે આ. માટે આ બધું કરનારા સાચા છે. (એટલા માટે) લખે છે. અમારે તો આમ છે. ધૂળેય નથી. સાંભળને! હજી દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય, એને રાગ ટળી ગયો હોય તો એને કેવળજ્ઞાન કેવું હોય એ ખબર નથી. અને મુનિપણું રાગ ટળતાં .. દશા કેવી હોય એની ખબર નથી. રાગથી રહિત નિર્મળ છે ક્યાંથી લાવ્યો તું? સમજાણું કાંઈ? જેને અમુક રાગ એટલો ટળતા જ એને ચારિત્રદશા થાય ત્યારે એની વસ્તુ નિર્મળ છે પણ એની પર્યાયમાં આવી નિર્મળતા એની જેને ખબર નથી, એ દ્રવ્ય નિર્મળ છે એ વાત કરે છે. વસ્તુની ખબર નથી.

મુમુક્ષુ :- એને ખબર ન પડે.

ઉત્તર :- ખબર ન પડે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનીને પણ આહાર ને પાણી આ બધું ઠરાવે અને એની જાતમાં તો એને રાગથી ભિન્ન છે, એ નિર્વિકાર દ્રવ્ય છે એની એને ખબર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નથી. કો'કની વાત કરે છે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે, '**સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને...**' જેટલા જગતના પદાર્થો અનંતા દ્રવ્ય, અનંતા ગુણો, એક-એક ગુણની અનંતી પર્યાય, એક-એક પર્યાયના અનંતા અવિભાગ પ્રતિચ્છેદ એ બધા જેટલા વિશેષ છે, ભેદ છે, પ્રકાર છે, અનેકતા છે એવા ભાવોને જાણવારૂપે પરિણમેલા. એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણવારૂપ પરિણમન પોતાનું પોતાથી પરિણમે છે. એ લોકાલોક છે અને સામા ત્રણ કાળ છે માટે પરિણમે છે એમ નથી. સમજાણું કાંઈ? અહીં તો હજી સર્વજ્ઞ ભવિષ્યની પર્યાય કેવી થાય, નિમિત્ત આવે તો એ જાણે, નિમિત્ત અનિશ્ચિત છે. (**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**જેઠ વદ ૧૧, શુક્રવાર તા. ૨૧-૬-૧૯૬૮**
**શક્તિ-૧૧-૧૨, પ્રવચન-૫૪૪**

વસ્તુનું પરિણમન તેનું વેદવારૂપે થાય તે તે શક્તિઓના ગુણનું કાર્ય છે. .. આત્મા કહેવામાં આવે છે. સમજાય છે? આત્મા એક આત્મા, હોં! એક એક આત્મા. વસ્તુ, એમાં અનંત સંખ્યાએ શક્તિઓ-સ્વભાવ (છે), એ તો દ્રવ્ય-ગુણ થયા; પણ તેની દૃષ્ટિ કરતાં, તેનું જ્ઞાન કરતાં, તેમાં રમતા એ અનંત શક્તિઓની પ્રગટતા પર્યાયમાં શુદ્ધતાની પરિણતિરૂપે થાય એ ક્રમે-ક્રમે થાય પર્યાય છે એટલે. ગુણો અક્રમે છે, વસ્તુપણે એમ એકરૂપ છે. એવા સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનથી આત્માને લક્ષમાં લઈને અનુભવે, એની પર્યાયની નિર્મળતા સહિતના આત્માને આત્મા કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? ત્યારે એણે આત્મા માન્યો અને જાણ્યો એમ કહેવામાં આવે છે. એવી શક્તિવાળો ભગવાન પોતાને પોતાને પોતારૂપે માન્યો ત્યારે કહેવાય કે એની અનંત શક્તિનું સત્ત્વ છે, એની અંતર એકાગ્ર થતાં જે નિર્મળ અનંત ગુણોની પરિણતિની શુદ્ધતા એક સાથે ઊછળે, ઉદ્ભવે, પ્રગટે, થાય ત્યારે તેણે આત્મા જાણ્યો, આત્મા માન્યો, આત્માને ઓળખ્યો, આત્માનો અનુભવ થયો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એમાં દસ શક્તિ વર્ણવી. ૧૧મી ચાલી છે. દાખલો બાકી રહી ગયો છે. આમાં શું વર્ણવે છે વિશેષમાં? સર્વદર્શિ અને સર્વજ્ઞ પર્યાય તો આવી ગઈ છે. આત્માની પર્યાય પરિણત થાય, સર્વદર્શીપણે અને સર્વજ્ઞાનપણે, એવો એનો સ્વભાવ અને શક્તિ છે. હવે અહીં કહે છે કે એ વસ્તુ પોતે અમૂર્ત છે, વસ્તુ પોતે આત્મા અમૂર્ત છે, અરૂપી છે, તો એના પ્રદેશો અસંખ્ય જે ક્ષેત્ર એનું ધામ, ભૂમિ એ પણ અરૂપી અમૂર્ત છે. એમાં લોકાલોકના મૂર્ત અને અમૂર્તના પદાર્થનું જણાવું થાય એ શું? એ એની સ્વચ્છતાને કારણે (જણાય છે).

જીવદ્રવ્યના સ્વચ્છતાના શક્તિના સ્વભાવને કારણે એની પર્યાયમાં, ઉપયોગ એટલે પર્યાય, દ્રવ્ય તો ધ્રુવ દળ પડ્યું છે. સમજાય છે? ધ્રુવ દળ. દળ એવું ને એવું પડ્યું છે. ધ્રુવમાં આ પર્યાય લોકાલોકને જાણે એ કાંઈ ધ્રુવમાં નથી. સમજ્યા? શું થયું? દ્રવ્ય છે તે વસ્તુ છે અને ગુણ છે એ ધ્રુવ શક્તિ છે. પર્યાયમાં-અવસ્થામાં લોકાલોક એ પ્રદેશોની અવસ્થા એટલે દ્રવ્યની જે અવસ્થા એ અમૂર્ત પ્રદેશી હોવા છતાં એમાં મૂર્ત અને અમૂર્ત જે લોકાલોક છે તેનો અહીંયાં પ્રકાશ થવો એ પોતાની સ્વચ્છતાને કારણે પોતાની પર્યાયમાં લોકાલોક જણાય, સ્વચ્છતાને કારણે પ્રકાશમાન થાય છે. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુમુક્ષુ :- ઉપયોગ...

ઉત્તર :- પર્યાય છે. ઉપયોગ પર્યાય છે. પ્રશ્ન શું છે? ઉપયોગ કહ્યો ને. એ તો સ્વચ્છતાની શક્તિનું પરિણમન, સ્વચ્છતાની શક્તિનું પરિણમન એ પર્યાય. અહીં શુભ-અશુભ ઉપયોગની વાત છે જ નહિ અહીં તો. શુભ-અશુભ ઉપયોગની વાત અહીં છે જ નહિ. એમાં છે જ નહિ પછી પ્રશ્ન ક્યાં?

હવે અહીંયાં શુદ્ધઉપયોગરૂપે પરિણમન છે એમાં સ્વચ્છતાના પર્યાયનું જે પરિણમન છે-ઉપયોગ, સ્વચ્છતાની પર્યાયને અહીંયાં ઉપયોગ કહેવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ? એ સ્વ-સ્વચ્છતા નામનો જે ગુણ છે એને, ગુણના ધરનારને આત્માને દૃષ્ટિમાં લેતા એ સ્વચ્છતા ગુણની પર્યાયમાં પરિણમન જે થાય એને અહીંયાં ઉપયોગ કહ્યો છે. એ ઉપયોગમાં લોકાલોકના આકાર અનેક પ્રકારે હોવા છતાં તેના આકારો-પ્રકારો એક ઉપયોગમાં પ્રકાશમાન થાય છે. એક સ્વચ્છતાના વેપારના પર્યાયમાં લોકાલોકના પ્રકાર પ્રકાશમાન થાય છે. આહાહા..! ધર્મચંદજી! આહાહા..! જુઓ! કેટલાક જન્મ્યા દિગંબરમાં તો પણ ખબર નથી. એય..! મલૂકચંદજી! આ તો ઓલા દિગંબરમાં જન્મ્યા છે ને? ભાઈ, ઠપકો પણ ભેગો આવે એ તો. આહાહા..!

અહીં તો કહે છે કે ભગવાન! તારું સામર્થ્ય તો જો. આવી મૂર્ત વસ્તુ જે લોક અને અલોકમાં,.. આત્મા અરૂપી, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ અરૂપી અને પુદ્‌ગલ રૂપી. જે પાંચ દ્રવ્ય છે એનાથી અનંતગુણા તો રૂપી છે, મૂર્ત છે. શું કીધું સમજાણું? આત્મા અરૂપી એ અનંત છે. આકાશ એક, ધર્માસ્તિ એક, અધર્માસ્તિ એક, કાળ અસંખ્ય. એ છે એ તો ફક્ત અનંત છે, બહુ થોડા અનંત છે. એનાથી અનંતગુણા તો મૂર્ત રજકણો, મૂર્ત રજકણ અનંતગુણા છે. પદાર્થની સંખ્યામાં-દ્રવ્યની સંખ્યામાં. સમજાય છે કાંઈ? ત્યારે કહે છે કે અમૂર્ત આત્મપ્રદેશમાં આવા મૂર્ત જે અનંતગુણા રંગ, ગંધ, રસ, સ્પર્શવાળા પરમાણુ, એના ગુણો, એની પર્યાય બધી મૂર્ત છે. એ મૂર્તનું પ્રકાશવું અહીં કેમ થાય અમૂર્તમાં? એમ કહે છે અહીં તો. સમજાય છે કાંઈ?

પોતે અરૂપી અમૂર્ત એમાં અનંત આત્માઓ તો ભલે અમૂર્ત તરીકે પ્રકાશમાન થાય. સમજ્યા? પણ આત્મા અમૂર્ત, એના અસંખ્ય પ્રદેશ અમૂર્ત. એમાં એ સ્વચ્છતા શક્તિ છે તો એને કારણે એની પર્યાયમાં-એની અવસ્થામાં-હાલતમાં-અરૂપીથી અનંતગુણા મૂર્ત પદાર્થોની હયાતી છે તેનું પ્રકાશવું આવા અમૂર્ત પ્રદેશમાં અને અમૂર્ત પર્યાયમાં થાય છે ઈ શું? એમ કહે છે. એ સ્વચ્છતાને કારણે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા અરૂપી, એના જેવા અરૂપી અનંત આત્માઓ ભલે, કહે છે, એ તો અરૂપી પ્રકાશે અને એ અરૂપીમાં ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અરૂપી અમૂર્ત, પણ એથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અનંતગુણા દ્રવ્યની સંખ્યા જુઓ તો જગતમાં ઝાઝી સંખ્યા મૂર્ત દ્રવ્યની છે. સમજાણું કાંઈ? દ્રવ્ય ઝાઝા મૂર્ત છે, અજીવ મૂર્ત ઝાઝા છે. અજીવ તો ઓલા ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળને પણ અજીવ કહીએ, પણ એ તો અસંખ્ય જ છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એક કાળ અસંખ્ય. આત્મા અનંત. એથી અનંત અનંતગુણા રજકણોમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ છે એવા બે પરમાણુ, ત્રણ પરમાણુ, અનંત પરમાણુના મૂર્ત સ્કંધો, હવે એ અમૂર્તમાં એનું જ્ઞાન આવે શી રીતે? એમ કહે છે. સમજાણું કાંઈ?

ભાઈ! ભગવાનઆત્માનો, ચૈતન્યનો સ્વચ્છ એક સ્વભાવ છે. સ્વચ્છ સ્વભાવ છે. નિર્મળ એનો એ સ્વભાવ છે. એ સ્વભાવની પરિણતિ એટલે પર્યાયમાં, પર્યાયમાં હોં! સ્વચ્છ ગુણમાં નહિ, ત્રિકાળ ગુણ છે એ તો. એનો પર્યાયરૂપ જે ઉપયોગ જે અરૂપી સ્વચ્છતાનો ઉપયોગરૂપી પર્યાય, સ્વચ્છતાનો અરૂપી ઉપયોગરૂપી પર્યાય, એમાં રૂપી અનંતગુણા મૂર્ત આદિ અને અમૂર્ત આદિ બધાનું પ્રકાશવું થાય એ સ્વચ્છતાના ગુણને કારણે પર્યાયમાં સ્વચ્છતા છે માટે. સમજાણું કાંઈ? એની એને ખબર ન મળે, કેવડો છે એ. ક્યાં પોતાના પ્રદેશમાં બેઠો બેઠો કહે છે કે પોતાની પરિણતિમાં, સ્વચ્છતામાં લોકાલોકને પ્રકાશે છે. જેમાં મૂર્તપણું નથી એને પ્રકાશે છે અને જેમાં મૂર્તપણું છે એને પોતાની પર્યાયમાં પ્રકાશે છે. એમ કહે છે અહીં. આહાહા..! સમજાય છે? શક્તિઓનો તો ભંડાર ભરી દીધો છે. આત્મા એક એવી ભગવાન પરમેશ્વર તારામાં એ સ્વચ્છતા નામની શક્તિ છે. જુઓ!

**'અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન લોકાલોકના આકારોથી મેચક (અર્થાત્ અનેક-આકારરૂપ) એવો ઉપયોગ...'** રૂપ પર્યાય. આ પર્યાયની વાત છે ને? એક ઉપયોગરૂપ અંદર પર્યાય સ્વચ્છતાનો વેપાર, એમાં અનંતા રૂપી અને અરૂપી લોકાલોક ક્ષેત્ર-કાળ ને બધું, જેના સ્વચ્છતાના ઉપયોગમાં પ્રકાશમાન થાય છે, એવો જ એનો સ્વચ્છતાનો ગુણ છે. સમજાણું કાંઈ? આરે... આરે...!

દાખલો આપે છે. **'જેમ દર્પણની સ્વચ્છત્વ શક્તિથી તેના પર્યાયમાં...'** જુઓ! છે? શેઠી! અરીસો છે. અરીસો તો આમ દળ છે-વસ્તુ. એની વર્તમાન પર્યાયમાં, અરીસાની વર્તમાન પર્યાયમાં, હોં! આ જુઓ ખુબી! સમજાણું કાંઈ? ન્યાલભાઈએ મૂક્યો છે એક શબ્દ. પુસ્તકમાં. અરીસાનું દળ છે એ તો એમ ને એમ છે. એમ એક શબ્દ મૂક્યો છે ક્યાંક. મગજમાં આવી ગયું. અરીસાનું દળ છે તો એવું ને એવું. એની પર્યાય સ્વચ્છતા એમાં આ બધું કાર્ય થાય છે. સ્વચ્છતા જે આ પર્યાયમાં જણાય અરીસામાં એ એની પર્યાયમાં જણાય, દળમાં નહિ. દળ તો છે ઈ છે. એ દળ તો ખરેખર પર્યાયમાં આવતું નથી. આહાહા..! એક ઠેકાણે છે ખરો શબ્દ. છે, એના પુસ્તકમાં છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વાત એમ જ છે, જુઓને! આ શું કહ્યું? કે '**જેમ દર્પણની સ્વચ્છત્વશક્તિથી તેના પર્યાયમાં...**' એમ આત્માની સ્વચ્છશક્તિથી એના ઉપયોગમાં, એના પર્યાયરૂપી ઉપયોગમાં. લોકાલોક મૂર્ત અને અમૂર્ત બધું પ્રકાશમાન (થાય) એ એને લઈને નહિ, પણ એનો પોતાનો સ્વભાવ સ્વચ્છતાનો પરિણમનમાં છે, એથી પર્યાયમાં લોકાલોક પ્રકાશે એવી સ્વચ્છતાનું કાર્ય છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**જેમ દર્પણની સ્વચ્છત્વ શક્તિથી...**' છે ને? સ્વચ્છત્વ શક્તિ તો ત્રિકાળ એની છે. અરીસાનું સ્વચ્છપણું, સ્વચ્છપણું ઉજળાપણું. ઉજળાપણું છે ને? પણ એની પર્યાયમાં. અરીસાની સ્વચ્છત્વશક્તિની પર્યાયમાં. આ ઘટપટ, કેરી દેખાય કે આ જાંબુ, સામે હોય ને નાળિયેર આદિ એ એની પોતાની પર્યાય છે, એ અરીસાની સ્વચ્છતાની પર્યાય છે. સમજાણું કાંઈ? પર્યાયમાં વસ્તુ મૂર્ત-અમૂર્ત જણાય, પ્રકાશે ત્યારે એ દ્વારા આખો આત્મા સ્વચ્છશક્તિથી ભરેલો છે એમ એની પ્રતીતમાં આવે. સમજાણું કાંઈ? વાત તો આ તો ભાઈ... શક્તિ અને શક્તિવાન. આહાહા..!

મહાન પ્રભુ એની એક એક શક્તિ અનંત-અનંત સામર્થ્યવાળી અને અનંત પર્યાયવાળી (છે). સમજાણું કાંઈ? એ સ્વચ્છત્વ શક્તિ અનંતગુણમાં વ્યાપેલી રહેલી છે. પોતાના જેટલા ગુણ છે એમાં અને એની પર્યાય જે છે એ ઉપયોગ જે છે એ બધી પર્યાયમાં અનંતી પર્યાય એક સમયે પ્રગટે એમાં બધામાં વ્યાપી રહેલ છે. સમજાણું કાંઈ? અને એ સ્વચ્છત્વશક્તિનું ધ્રુવ ઉપાદાન તો દળ છે, ક્ષણિક ઉપાદાન પર્યાયમાં આ બધું થાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! આવો ધર્મ કેવો હશે આવો! ધર્મ કરવાને આ બધું સમજવું પડતું હશે? ...ભાઈ! સમજ્યા વિના ધર્મ નહિ થાતો હોય? અરે.. ભાઈ! તું પણ કેવડો છો એને જાણ્યા વિના, કરનારો કેવડો એને જાણ્યા વિના કરશે શું ઈ? શેઠી! ધર્મ કરવાવાળો કેવડો-કેટલો-કેમ છે? એની જેને ખબર નથી એ ધર્મની પર્યાય લાવશે ક્યાંથી? પ્રગટ કરશે ક્યાંથી? આહાહા..!

એનામાં પુણ્ય-પાપ, વ્યવહાર રાગ-દ્વેષનો અભાવ છે. આ સ્વચ્છતાની પર્યાયમાં લોકાલોક જણાય, વ્યવહાર જણાય ખરો, ભાઈ! પણ એનો છે અભાવ એમાં. લોકાલોક અને ઓલો વ્યવહાર રાગાદિ જણાય ખરો, સ્વચ્છતાની પર્યાયનું નિર્મળપણું છે માટે, પણ એમાં વ્યવહાર રાગ આવે એ અને આખા લોકનો એમાં છે અભાવ. એનો એમાં અભાવ છે. એના સંબંધીનું પ્રકાશવું એ પ્રકાશની શક્તિનો સદ્ભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એ સ્વચ્છતા નામનો ગુણ છે, એ ગુણનો ધરનાર ગુણી છે, એ ગુણીને અવલંબીને જે પર્યાય પ્રગટ થઈ એ પર્યાય સ્વચ્છ એવી થઈ કે જેમાં લોકાલોક પ્રકાશે એવી એ પર્યાય છે. છતાં એ એક પર્યાય બધાને વ્યાપે છે અને એ પર્યાય બધાને જાણતા એ ચીજોનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એમાં અભાવ છે. એ ચીજોનો એમાં અભાવ છે. એ ચીજો સંબંધીની પોતાની સ્વચ્છતાના ઉપયોગની પર્યાયની અસ્તિ છે. સમજાણું? કહો, પંડિતજી! એવો આત્મા સૂક્ષ્મ છે. લોકોએ ઉપરથી માની લીધું, લ્યો આત્મા ને ચાલો કરો ધર્મ. ક્યાં ધર્મ છે? ધૂળમાંય ધર્મ નથી. પુણ્ય પણ તારું સાચું નથી. સમજાય છે કાંઈ?

આત્મા ભગવાન કોણ છે અને કેટલી શક્તિવાળું સામર્થ્ય છે (એની ખબર નથી). એ વિકાર ને શરીર અને લોકાલોક જ્ઞેયથી રહિત છે, છતાં તે લોકાલોકના પ્રકારો છે તેને જાણવાની પર્યાયના અસ્તિત્વવાળું એ તત્ત્વ છે, એને આત્મા કહીએ. એ (લોકાલોક) સહિતને આત્મા નહિ, એના રહિત અને એના પ્રકારનું જે પોતાનું સ્વચ્છતાની પર્યાયના પ્રકાશવું થાય એ સહિતના આત્માને આત્મા કહીએ. સમજાય છે કાંઈ?

'**જેમ દર્પણની સ્વચ્છત્વ...**' સ્વચ્છત્વ. જોયું! સ્વચ્છત્વ છે ને? સ્વચ્છત્વ-પણું. સ્વચ્છપણું. પણું એ ભાવ છે ને એનો. એ આત્માનો સ્વચ્છત્વ એ ભાવ છે. પણું એનો ગુણ છે. એનાપણું, સ્વચ્છત્વપણું એનો ભાવ છે. એવી સ્વચ્છત્વ શક્તિ એ '**દર્પણની સ્વચ્છત્વ શક્તિથી તેના પર્યાયમાં...**' જુઓ! શક્તિથી તેની અવસ્થામાં, દર્પણની હાલતમાં, દર્પણની દશામાં '**ઘટપટાદિ પ્રકાશે છે,...**' એ ઘટપટ એમાં નથી. કેરી અને જાંબુ આમ પડ્યા છે. એ સંબંધી સ્વચ્છતાની પર્યાયમાં, અરીસાની પર્યાયમાં આમ જણાય છે. ત્યાં કેરી ને જાંબુ નથી. નાળિયેરના ત્યાં પાણી નથી. આમ નાળિયેર પડ્યા હોય અને પાણી પડ્યું હોય તો અરીસામાં જણાય કે આ પાણી છે. એ નાળિયેર અને પાણી અરીસામાં નથી. પણ અરીસાની સ્વચ્છતાની પર્યાયમાં એ જાતની સ્વચ્છતાનું પ્રકાશવું પર્યાયમાં થાય એ પોતાની પર્યાય છે. સમજાણું કાંઈ? કહો, આ કેરી દેખાય ને? આમ કેરી પડી હોય ૫૦-૧૦૦. અરીસામાં દેખાય કે નહિ? એ કેરી છે એમાં? કેરી છે એમાં? ધોળવા જાય ને ત્યાં. ત્યાં ક્યાં કેરો હતો? એ તો અરીસાની સ્વચ્છતાની પર્યાયનું પરિણમન તેને પ્રકાશે એવી પર્યાય છે. એ સંબંધીનું પ્રકાશવું એ એની પર્યાય છે. એ વસ્તુ એનામાં છે નહિ.

એમ ભગવાનઆત્મા સ્વચ્છત્વ નામની શક્તિથી એના વર્તમાન ઉપયોગમાં.. ઉપયોગ કીધો ને? ઉપયોગ એટલે પર્યાય. ઓલો દાખલો આપ્યો ને? પોતાની સ્વચ્છતા નામની શક્તિથી તેનો ધરનાર શક્તિવાન આત્મા, એનો અનુભવ અને પ્રતીત થવાથી એ શક્તિની પર્યાયરૂપી કાર્ય, એમાં લોકાલોક મૂર્ત અને અમૂર્તનો અનેક પ્રકાર જેમાં પરિણમે છે, પ્રકાશમાં પરિણમે છે, પ્રકાશનું રૂપ પરિણમે છે, એ પરનું રૂપ નહિ. સમજાણું કાંઈ? સર્વજ્ઞ, સર્વદર્શિ પર્યાય છે. સર્વજ્ઞ અને સર્વદર્શિ પણ પર્યાય છે. પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોક સામાન્ય વિશેષ (પ્રકાશે છે એમ) કહ્યું (તો) એ સામાન્ય વિશેષ વસ્તુ ત્યાં આવે છે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભગવાનઆત્મા આમ સર્વને દેખવારૂપે પરિણત થયેલી દશા, એમાં બધું લોકાલોક એક સાથે દેખે છે, આમ દેખે છે. એ દેખવાની પર્યાયમાં કાંઈ લોકાલોક આવ્યા નથી. અનંતા સિદ્ધો જણાય તો સિદ્ધ એમાં આવ્યા છે? પરમાણુ પ્રકાશે છે તો પરમાણુ એમાં આવ્યા છે? સાતમી નરક પ્રકાશે તો સાતમી નરક એમાં આવી છે? સર્વદર્શિ અને સર્વજ્ઞજ્ઞાનમાં? એવડું એનું હોવાપણાનું અસ્તિત્વ એટલું મોટું છે કે જેના સ્વચ્છતાના ઉપયોગની પર્યાયમાં લોકાલોક જણાય-એનું પ્રકાશવું થાય એવી પોતાની પર્યાયનો સ્વભાવ છે, છતાં એ લોકાલોક અને રાગાદિ વ્યવહાર આવે એનાથી અભાવરૂપ સમકિતીનું પરિણમન છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત આવી.

'**જેમ દર્પણની સ્વચ્છત્વશક્તિથી તેના પર્યાયમાં ઘટપટાદિ...**' જે હોય તે. '**તેમ આત્માની સ્વચ્છત્વશક્તિથી તેના ઉપયોગમાં...**' જોયુંને! **એની પર્યાયમાં, એના વર્તમાન વેપારમાં 'લોકાલોકના આકારો પ્રકાશે છે.**' કેટલા શબ્દો સ્પષ્ટ કર્યા છે! સમજાણું? લ્યો, એ સ્વચ્છત્વ શક્તિ થઈ. કેટલામી થઈ? ૧૧મી. ઓલાને નામ નહોતું આવડતું. ક્યાં ગયો? ૧૧મી વંચાય છે સ્વચ્છત્વ. નામ? નામ નથી આવડતું. આમ બોલ્યો. .. કઈ શક્તિ ચાલે છે? તો કહે ૧૧મી. નામ? તો કહે, નામ નથી આવડતું. બાળક છે ને એ નવ વર્ષનો. દુલીચંદનો દીકરો છે. દીકરા કોઈના નથી, આત્મા આત્માનો છે. ભારે વાત, ભાઈ! કહેવું આનું અને વળી કહેવું ના. એ વ્યવહારનયના લક્ષણ એવા છે. ૧૧ શક્તિ થઈ.

૧૨મી. બહુ ઊંચી શક્તિ છે, બહુ વાસ્તવિક તત્ત્વ છે આમાં. આત્મામાં એક એવી શક્તિ છે કે આત્મા પ્રત્યક્ષ થઈ શકે એવો એનામાં ગુણ છે. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા એમાં એક એવો સ્વસંવેદન ગુણ પ્રકાશ શક્તિ છે. જુઓ! ઓલામાં પ્રકાશ લીધું હતું ને? '**આત્મપ્રદેશોમાં પ્રકાશમાન...**' હવે અહીં લીધું કે સ્વસંવેદનમય પ્રકાશશક્તિ. અહીં પ્રત્યક્ષરૂપી પ્રકાશશક્તિ લેવી છે.

શું કહે છે? આ ભગવાનઆત્મા એમાં એક એવો પ્રકાશ નામનો ગુણ છે કે જે ગુણને કારણે આત્માના દ્રવ્ય, ગુણ અને પર્યાય પ્રત્યક્ષ થાય, પરોક્ષ રહી શકે નહિ એવો એનો સ્વભાવ છે. લ્યો! આ તો કહે છે ને પહેલા પ્રત્યક્ષ ન હોય, પહેલા તો પરોક્ષ હોય. અરે..! સાંભળ તો ખરો. તારા આત્મામાં પ્રત્યક્ષ નામનો ગુણ ત્રિકાળ છે. એ પ્રત્યક્ષ ગુણના ધરનાર આત્માને દૃષ્ટિમાં લેતા, સમ્યગ્દર્શન થતાં એ શક્તિનું તત્ત્વ આત્મા અને શક્તિ પર્યાય, બધી રાગના અપેક્ષા વિના, મનની અપેક્ષા વિના પ્રત્યક્ષ થાય એવો જ એનો સ્વભાવ છે. આહાહા..! મતિ શ્રુતજ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ થાય એવો એનો સ્વભાવ છે, એમ કહે છે. સમજ્યા? પંડિતજી! આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એની શક્તિ અથવા એનો ગુણ, એનો ગુણ એવો છે કે પ્રત્યક્ષ થવું એ જ એનો ગુણ છે. તો એ ગુણનો ગુણ એટલે કાર્ય આત્માને આમ પોતે પ્રત્યક્ષ જાણે, મતિ-શ્રુતજ્ઞાન દ્વારા, નીચે રાગની અપેક્ષા રાખ્યા વિના (પ્રત્યક્ષ જાણે). તેથી કહે છે, જુઓ! '**સ્વયં...**' શબ્દ પહેલો પડ્યો છે. છે? સ્વયં એટલે પરની અપેક્ષા રાખ્યા વિના. સમજાણું કાંઈ? મનની કે રાગની મંદતાની કે વિકલ્પની અપેક્ષા રાખ્યા વિના સ્વયં પોતાની મેળાએ પોતે પ્રકાશે એવો જ એનામાં સ્વસંવેદનમયી પ્રકાશશક્તિ-ગુણ રહેલો છે. આહાહા..! શેઠી! શ્વાસ નીકળી જાય એવું છે. શ્વાસ લીધો હમણાં થોડો. વાત એવી છે ને એટલે જરી. એવી વાત છે. આહાહા..!

કહે છે, ભગવાન! તારો આત્મા માન્યો ત્યારે કહેવાય, તેં આત્મા માન્યો છે અસ્તિ તરીકે, અસ્તિ તરીકે, આસ્તિક્ય તરીકે, એ ત્યારે માન્યો કહેવાય કે એનામાં એ પ્રત્યક્ષ થવાનો ગુણ છે અને એ પ્રત્યક્ષ ગુણનો ધરનાર આત્મા ત્યારે માન્યો કહેવાય કે તને પર્યાયમાં તે પ્રત્યક્ષ થાય. સ્વસંવેદનમાં આત્મા પ્રત્યક્ષ થાય, પરોક્ષ રહી શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**સ્વયં પ્રકાશમાન...**' એક શબ્દ પહેલો. સ્વયં પ્રકાશમાન-પોતાની મેળાએ પ્રકાશતી શક્તિ, કેવી? '**વિશદ...**' વિશદ '**(સ્પષ્ટ)...**' પ્રગટ. જેવું સ્વરૂપ છે આત્માનું એવું પ્રત્યક્ષ થઈ જાય એવો એનો ગુણ છે. એ ગુણના ધરનારને માન્યો અને પ્રત્યક્ષ ન થાય તો એને ગુણના ધરનારને માન્યો નથી. સમજાણું કાંઈ? આહાહા..! ગજબ વાત છે ને! જુઓને! દિગંબર સંતો આત્માની આસ્તિક્યતાના ફળમાં શું આવે એ બતાવે છે. આત્મા છે એમ જેણે માન્યો હોય, એને માન્યતામાં આત્મા પ્રત્યક્ષ થાય એવું એણે માન્યું ત્યારે એ પ્રત્યક્ષ થાય જ. સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા... જુઓ! અહીં તો પરોક્ષપણું એમાં રહેવું એવો એનો ગુણ પણ નથી. એ તો ગુણનું કાર્ય નહિ. એમ કહે છે. આહાહા..! એ સંતાઈને પડ્યો રહે આત્મા એવો એનામાં ગુણ નથી. કહે છે. શેઠી! આહાહા..! ભગવાન! તારામાં એવો ગુણ છે. ભગવાને જોયો છે, ભગવાને પ્રગટ કર્યો છે. એવો તારામાં એક ગુણ છે કે સ્વયં પ્રકાશમાન-પોતે પોતાથી સ્વયં પ્રકાશમાન (થાય), રાગ ને નિમિત્ત ને મનની અપેક્ષા રાખ્યા વિના. અથવા બીજી રીતે કહીએ તો પહેલું જે કાંઈ સાંભળ્યાનો ખ્યાલ હોય ને જ્ઞાનમાં... સ્વયં શબ્દ મૂક્યો છે ને? પહેલું સાંભળ્યું હોય છે ને કે આત્મા આવો છે ને તેવો છે, એવું જે પરલક્ષી જ્ઞાન છે, એની અપેક્ષા રાખ્યા વિના સ્વયં પ્રકાશમાન આત્મા છે એવો એનો સ્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઓહોહો..! શું પણ શક્તિનું વર્ણન! આહાહા..!

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આ ભરત ક્ષેત્રમાં આ વર્ણન દિગંબર સંતોએ કહ્યું. બાકી ક્યાંય હોઈ શકે નહિ. કેમ કે વસ્તુનું સ્વરૂપ જેવું છે એવું અનુભવ્યું હતું, જાણ્યું હતું અને કેવળીઓએ કહેલું એ અનુભવમાં આવ્યું હતું. એટલે આત્માનું વર્ણન કરવાને સમર્થ થયા. એ અધિકારી છે આત્માનું વર્ણન કરવાને. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા એનો એક ગુણ એવો છે... માણસ નથી કહેતા? સાકરનો ગુણ મીઠો, કાળીજીરીનો કડવો, ફલાણાનો આવો, એમ તારો એક ગુણ એવો છે કે ગુણનો ધરનાર જે આત્મા, એની આસ્થા તને થાય એ આસ્થા પ્રત્યક્ષ જ્ઞાનથી થાય એવો એનામાં ગુણ છે. સમજાણું કાંઈ? કહો, ખેતશીભાઈ! શું છે પણ આ? આહાહા..! ભગવાનઆત્મા આ રજકણોથી પાર, કર્મથી પાર અને પુણ્ય-પાપના રાગથી ભિન્ન, પણ એના પ્રત્યક્ષ થવાના ગુણથી આત્મા અભિન્ન. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- પોતાના ગુણ, દ્રવ્યથી...

ઉત્તર :- પણ આ પ્રત્યક્ષ ગુણના કાર્ય-કારણથી અભિન્ન. આહાહા..!

મુમુક્ષુ :- શ્રદ્ધાએ...

ઉત્તર :- એ અત્યારે નહિ.. એ સાથે શ્રદ્ધા એ તો જ્ઞાનનું પ્રત્યક્ષપણું થાય ત્યારે એની પ્રતીત સાથે થાય છે. પહેલી શ્રદ્ધા થઈ એ શ્રદ્ધા નથી. સ્વયં પ્રકાશમાન વેદન થાય, એમાં જે શ્રદ્ધા થાય તેને સમ્યગ્દર્શન કહે છે. પ્રત્યક્ષ થઈને શ્રદ્ધા થાય તેને સમ્યગ્દર્શન કહે છે. એમ છે આ. સમજાણું કાંઈ? આહાહા..! બરાબર આવી ગયા હોં, પંડિતજી! ભાગ્યશાળી તો ખરા. એવી વસ્તુ છે, વસ્તુ એવી છે.

જૈનદર્શન કોઈ સંપ્રદાય નથી, એ તો વસ્તુનું સ્વરૂપ છે જૈનદર્શન. વીતરાગમાર્ગ કોઈ સંપ્રદાય નથી, પક્ષ નથી, એ તો વસ્તુનું સ્વરૂપ જ એવું છે. ભાઈ! તારું સ્વરૂપ જ એવું છે કે વીતરાગ સ્વભાવથી ભરેલો તું છો. ત્યારે વીતરાગતા ભરેલી હોય તે પ્રગટે છે. તો વીતરાગતા ભરેલું જૈન સ્વરૂપ એનું છે. એની દૃષ્ટિ કરતાં પર્યાયમાં વીતરાગતા પ્રગટે અને એની પર્યાયમાં આ પ્રત્યક્ષ આત્મા થાય.. આહાહા..! '**पस्सदि जिणसासणं सव्वं**'. એ ઉપયોગ ભાવોપયોગને ગણ્યો છે ને ત્યાં? શુદ્ધોપયોગને જૈનશાસન ગણ્યું છે, લ્યો! ઓહોહો..! શું કથની એની! પૂર્વાપર જુઓ તો જ્યાં હોય ત્યાં એક પ્રકાશ ઊભો થાય છે.

ભગવાનઆત્મા પરથી અબદ્ધસ્પૃષ્ટ આદિ છે એવો જે ઉપયોગ થવો ભાવશ્રુતમાં, એને ત્યાં જૈનશાસન કહ્યું છે. જૈનશાસન કાંઈ આત્માની પર્યાયથી બહાર વર્તે એમ નથી. જૈનશાસન કાંઈ મંદિરમાં વર્તે છે અને શરીરની ક્રિયામાં વર્તે છે અને દયા-દાનના પરિણામમાં વર્તે છે, એ જૈનશાસન ત્યાં વર્તતું જ નથી એમ કહે છે. તે પણ નિર્મળ ઉપયોગરૂપી ભાવશ્રુતની પર્યાય તેને જૈનશાસન કહે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અહીં તો યાદ શું આવ્યું? આ પ્રત્યક્ષ છે ને, તો ભાવશ્રુત છે એ પ્રત્યક્ષ થાય છે. મતિ અને શ્રુતજ્ઞાન આત્માને પકડતા પ્રત્યક્ષ થાય છે. સમજાણું કાંઈ? ભાવશ્રુત ઉપયોગને કહ્યું છે ને ત્યાં જૈનશાસન! એનો અર્થ જ એ થયો કે પ્રત્યક્ષ થયેલો ઉપયોગ આખું દ્રવ્ય આ અબદ્ધસ્પૃષ્ટ અને અભેદ છે એમ જે અનુભવ થયો એ જૈનશાસન. એમાં તકરારું કરે છે. અરેરે..! એવું ન હોય. આ બધું ક્યાં ગયું? બંધ ને.. હવે સાંભળને, ભગવાન! આહાહા..! ભાઈ! એમાં એનો અભાવ છે એવું એમાં જ્ઞાન થઈ ગયું છે. ભેદ ને બદ્ધ ને ફલાણું છે ને એ એમાં અભાવ છે એવું જ્ઞાન થઈ ગયું છે. આહાહા..!

આવ્યું છે ને.. નહિ? જુગલ કિશોરનું ઘણા વખતથી લખેલું બહાર પાડ્યું છે હમણાં. (સંવત) ૨૦૧૦ની સાલમાં આવ્યું હતું. ભાઈ! તેં તને સાંભળ્યો નથી, તેં નથી જોયો તને, તેં નથી જાણ્યો તને, તારું અસ્તિપણું કર્તામાં કેવડું અસ્તિપણું આવે એવી તને ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે, ભગવાનઆત્મામાં પ્રકાશ નામનો ગુણ છે કે જે પ્રકાશ સ્વયં પ્રકાશે, વિશદ પ્રકાશે, સ્પષ્ટ પ્રકાશે. સમજાણું?

'**સ્વયં પ્રકાશમાન વિશદ (-સ્પષ્ટ)...**' સ્પષ્ટ એટલે પ્રત્યક્ષ '**એવા સ્વસંવેદનમયી...**' એવા સ્વસંવેદનમયી. સ્વ ભગવાનઆત્મા જ્ઞાનાનંદ, એનું સ્વનું સંવેદન પ્રત્યક્ષ થઈને વેદન થવું એવો એનામાં એક પ્રકાશ નામનો ગુણ છે. ભારે વાતું લાગે. માણસને આમ તો મોટી મોટી વાતું લાગે. ભાઈ! મોટી નથી, પ્રભુ! એ તારા ઘરની નાનામાં નાની શરૂઆત અહીંથી થાય છે. સમજાણું કાંઈ? પણ જેને એ વાતની ખબર પણ ન મળે એ પ્રયોગ કરે શી રીતે? ક્યાં જોડવું છે અને ક્યાંથી તોડવું છે એની ખબર ન મળે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, જેટલી શક્તિઓ આત્મામાં છે અને એ શક્તિનો પિંડ જે દ્રવ્ય છે, એનામાં એક શક્તિ એવી છે અને બધી શક્તિમાં એ શક્તિ વ્યાપી છે આ પ્રકાશશક્તિ. તેથી તે પ્રકાશ શક્તિનો ધરનાર ભગવાનઆત્મા એને લક્ષમાં લેતાં, દૃષ્ટિમાં લેતાં, એમાં સ્થિર થતાં એ પ્રત્યક્ષ થાય છે. રાગના અવલંબન વિના સીધો મતિ-શ્રુતજ્ઞાન દ્વારા આત્માને પ્રત્યક્ષ થાય એવો જ એનામાં ગુણ છે. પંડિતજી! ભારે વાતું, ભાઈ! પણ આમાં ઓલું ઉડી જાય છે. આ જાત્રા ને મહાવ્રત ને ભક્તિ. બાપુ! એ સંબંધીનું જ્ઞાન, એ વસ્તુ એમાં નથી આવતી, પણ એ સંબંધીનું જ્ઞાન અને જ્ઞાન દ્વારા પ્રત્યક્ષ થવું તે તેનું કાર્ય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

'**સ્વયં...**' શું પણ આચાર્યોએ કામ કર્યા છે તે કોઈ ગજબ કર્યા છે! કેવળજ્ઞાનને ઉતાર્યા છે હેઠે! કેવળજ્ઞાનને બોલાવે છે. આવે છે ને? મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે, એવું આવે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે શાસ્ત્રમાં. ચાલ્યું આવ... ચાલ્યું આવ. મતિ-શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ થયેલું કેવળજ્ઞાનને બોલાવે છે એમ પાઠ છે. ચાલ્યું આવ... ચાલ્યું આવ, હવે ચાલ્યું આવ્યું. .. હવે. ખાનગી હવે રહી શકાશે નહિ. એ કેવળજ્ઞાન અપ્રત્યક્ષ નહિ રહી શકે, પ્રત્યક્ષ થઈ જશે. આહાહા..! એવો પાઠ છે ધવલમાં, મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. બોલાવે છે. કેમ? કે સમ્યક્ પ્રત્યક્ષ જ્ઞાન થયું એ પ્રત્યક્ષ કેવળજ્ઞાન થયા વિના રહેશે જ નહિ. અલ્પ કાળમાં કેવળજ્ઞાન (થશે). એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક ઝળહળ જ્યોતિ. સમજાણું કાંઈ?

આ ૧૨મી શક્તિ. '**સ્વયં પ્રકાશમાન...**' સ્વયં પ્રકાશમાન '**વિશદ (સ્પષ્ટ)...**' અસ્પષ્ટ રહે એવો એનો સ્વભાવ જ નથી, કહે છે. આહાહા..! ભગવાનઆત્મા અને એની અનંતી શક્તિઓ અને એની અનંતી પર્યાય વિશદ્ પ્રત્યક્ષ થાય એવો જ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનની વર્તમાન દશા, રાગનું લક્ષ ને પૂર્વના ધારણાના પક્ષ વિના અંતરમાં એકાકાર થતાં આત્મા પ્રત્યક્ષ થઈ જાય છે. ચોથે ગુણસ્થાને મતિ-શ્રુતજ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ થાય એવો એનો સ્વભાવ છે, એમ કહે છે. એય..! જગુભાઈ! આહાહા..! અને પ્રત્યક્ષ થાય તે પૂર્ણ પ્રત્યક્ષનું સાધન કરીને પ્રત્યક્ષરૂપે પરિણમી જાય. સમજાણું કાંઈ? પરોક્ષ સાધન નહિ રહે ત્યાં, એમ કહે છે.

એકલો ભગવાન સર્વજ્ઞે જોયો, એવો કહ્યો, એવો છે. આવડો આત્મા છે કે જે આત્મા પોતે પ્રત્યક્ષ થાય એવો એનો ગુણ છે. એવા ગુણવાળાને આત્મા માને ત્યારે એણે આત્મા માન્યો કહેવાય. આહાહા..! પણ અનાદિથી પરોક્ષ છે. એ પરોક્ષ છે એ આત્મા કહેવાય? કહે છે અહીં. આહાહા..! સમજાણું કાંઈ? શેઠી! પ્રત્યક્ષ થાય તો જ આત્માની આસ્થા થઈ, એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાને તો દરિયો ઉલેચી નાખ્યો છે આખો. 'સહેજે સમુદ્ર ઉલસ્યો જેમાં રતન તણાણા જાય, ભાગ્યવાન કર વાવરે એની મોતીયે મુઠ્ઠીયું ભરાય.' ભાગ્યવાન જ મુઠ્ઠી મારી શકે અંદર. અહીં ઓલાની તો વાત જ નથી.

કહું તે પ્રમાણ કરજે, હોં! આહાહા..! હું પરથી ભિન્ન પાડું ને ભગવાન! તને સંભળાવું ને તો પ્રમાણ કરજે, હોં! આહાહા..! આચાર્યનું પાંચમી ગાથામાં આવે છે ને, '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**' એટલું તો કહ્યું સામાન્ય. '**जदि दाएज्ज**' દેખાડવાનું આવે તો પ્રમાણ કરજે. અનુભવથી પ્રમાણ કરજે એમ કીધું છે ને ભાઈ ત્યાં? આહાહા..! શૈલી તો જુઓ, એ શૈલી તો જુઓ! તારા જ્ઞાનમાં પ્રત્યક્ષપણું આવે, આ આત્મા અમે કહ્યો હતો એવો અમે જાણ્યો. એમ અનુભવમાં આવે એમ પ્રમાણ કરજે. કેમકે અનુભવમાં આવે એવી એનામાં તાકાત છે. સમજાણું કાંઈ? એવો આત્મા તને અમે કહ્યો છે અને કહ્યો છે એ તું તારા પ્રમાણ વડે કરીને જો અંદર. પ્રત્યક્ષ તને ખ્યાલ આવશે કે આત્મા અનુભવમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આવો જ છે. શુદ્ધ પ્રત્યક્ષ થઈ શકે એવું એનું સ્વરૂપ છે અને પ્રત્યક્ષ જ સ્વરૂપ છે. અપ્રગટ રહે અને અવિશદ રહે અથવા સ્પષ્ટ ન થાય એવો એનો કોઈ ગુણ નથી. આહાહા..! અને એ ગુણના ધરનાર ભગવાનઆત્માને જ્યાં શ્રદ્ધામાં, જ્ઞાનમાં લીધો, હવે એ કહે છે કે પરોક્ષ કેમ રહી શકે? એનો ગુણ જ નથી એવો. આહાહા..! બેસતું નથી. હવે આત્મા-આત્મા કહે, અમે આત્મા માનીએ. આત્મા આમ ન થાય, આત્માને શુભભાવથી ધર્મ થાય. અરે..! ભગવાન! તને આત્માની ખબર નથી. દયા, દાન, વ્રત, ભક્તિ પરિણામ શુભ કરે ને પછી એને ધર્મનું કારણ થાય. ભાઈ! એનામાં નથી એ એનું કારણ ન થાય. તને આત્માની ખબર નથી આત્મા કેવડો છે ઈ. આહાહા..! સમજાણું કાંઈ?

એ આત્મા એવડો છે, પ્રભુ! કે એ તો પ્રત્યક્ષ થઈ શકે સ્વયં પ્રકાશમાન થઈને, વિશદ થઈને. સ્વસંવેદનમયી સ્વસંવેદનમયી એવા '**(-સ્વાનુભવમયી) પ્રકાશશક્તિ.**' છે. આહાહા...! સમજાણું કાંઈ? આ ઘેર બેઠા સમજાય એવું નથી, નહિ? ગુણવંતભાઈ! ઘરે બેઠા તો બહુ વાંચે. આત્મવૈભવ છે, હવે આપણે વાંચશું ઘરે. આત્મવૈભવ પુસ્તક થઈ ગયું છે ને હમણાં? બાપુ! એ લખેલું એમાં કહેલું સાંભળવું અને સીધું સાંભળવામાં મોટો ફેર છે. સમજાણું કાંઈ?

ભાઈ! તું આત્મા છો અને અનંત શક્તિઓનો ભંડાર છે આત્મા. એમાં એક શક્તિ એવી છે, એ શક્તિ એક એવી છે કે સ્વયં પ્રકાશમાન પ્રત્યક્ષ થઈને સ્વસંવેદન થાય એવો તેનો એક ગુણ છે. એ ગુણનું કાર્ય પ્રત્યક્ષ થવું પર્યાયમાં. પર્યાયથી પ્રત્યક્ષ થાય છે ને. ગુણ તો છે એ છે. ગુણ તો સ્વયં પ્રકાશમાન પ્રત્યક્ષ થવું એ ગુણ છે એ તો, પણ ગુણનું કાર્ય તો પર્યાયમાં આવે છે. કારણ કે ગુણનો સ્વીકાર્યો જ્યારે ત્યારે એનો સ્વીકાર થયો એટલે પર્યાયમાં કાર્ય થયું. એટલે ત્યાં મતિ અને શ્રુતજ્ઞાનના પ્રત્યક્ષ દ્વારા આત્મા જાણે છે એને આત્મા કહેવાય અને એવા ગુણવાળાને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બહુ જબર શક્તિ! ઓહોહો..! સર્વદર્શિ સ્થાપી, સર્વજ્ઞ સ્થાપી, સ્વચ્છતા સ્થાપી. એના પછી પ્રકાશપણું લીધું. આહાહા..! એ સ્વચ્છતાનું તને વેદન થાય છે. સમજાણું કાંઈ? નીકળતા નીકળે એટલું આવે. એ વસ્તુ કહે છે, પ્રભુ આત્મા, એની આસ્થા. 'આ છે' એવી પ્રતીત ક્યારે કહેવાય? કે એ આત્મામાં આવા અનંત ગુણમાં એક પ્રકાશ નામનો જે ગુણ છે, એનાથી આત્મા પ્રત્યક્ષ થઈ શકે એવી એનામાં પર્યાય થાય છે. ગુણની પર્યાય. ગુણ અને ગુણના ધરનારનો સ્વીકાર થયો તો ગુણ છે એ ધ્રુવ ઉપાદાન છે. સમજાણું કાંઈ? પણ એનું પર્યાયનું પરિણમન જે પ્રકાશ પ્રત્યક્ષ થવું એ પર્યાયમાં ક્ષણિક ઉપાદાન પોતાથી પોતાને લઈને થાય છે. સમજાણું કાંઈ?

એવો આત્મા એ સ્વચ્છત્વ શક્તિ, પ્રકાશશક્તિથી એનું કર્તાપણું પોતાને લઈને છે. સ્વયં

કીધું ને? એ પોતાને લઈને સ્વસંવેદન પ્રત્યક્ષ થાય. કર્તા પોતે થઈને શક્તિ (પરિણમે છે). પ્રકાશમાં કર્તા નામનો ભાવ છે, એ ભાવ વડે પોતે જ પ્રત્યક્ષપણે પરિણમે એવો એનો ભાવ છે. સ્વયં કીધું ને? એટલે પછી પરની અપેક્ષા રહી નહિ. કર્તાપણે થઈને. એનું કાર્ય, કર્મ એટલે કાર્ય જ એવું છે. કર્મ શક્તિ એવી છે કે એનું કાર્ય પ્રત્યક્ષ થવું એવું જ એનું કાર્ય છે અને એ કાર્ય પ્રત્યક્ષ થાય એનું સાધન પણ પોતે પ્રત્યક્ષ થવાનું સાધન પણ પોતામાં ને પોતામાં છે. એ પ્રત્યક્ષ થવાના સાધનમાં કોઈ રાગને, પરને સાંભળ્યું છે માટે પ્રત્યક્ષ થાય છે એવો એ પ્રકાશગુણ છે નહિ. સમજાણું કાંઈ?

એ પ્રકાશને પ્રકાશવામાં પ્રત્યક્ષ થવામાં કોઈનો આધાર છે?-ના. એ તો પોતે પોતાને આધારે પ્રકાશે છે. પ્રકાશીને પોતે પોતામાં પોતાને કારણે પ્રકાશીને પોતામાં પરિણમી રહી છે. દાન પોતે પોતાને આપે છે. કાંઈક આવું થયું તો બીજાને કાંઈ દયો ને, દયો ને કાંઈક, કહે છે. બીજાને શું દે? ક્યાં એમાં હતું તે દે બીજાને! એમ કહે છે અહીં. પોતાનો સ્વસંવેદન અનુભવ પ્રત્યક્ષ થયો એ પોતે રાખ્યો અને પોતે દીધો. લેનાર પણ પોતે, પાત્ર પણ પોતે અને દાતાર પણ પોતે. સમજાણું કાંઈ?

**'સ્વયં પ્રકાશમાન વિશદ (-સ્પષ્ટ) એવા સ્વસંવેદનમયી (-સ્વાનુભવમયી) પ્રકાશશક્તિ.'** આ શું વાત કરતા હશે? આ વાંચીને આમાંથી શું કાઢતા હશે? દ્રવ્ય જ આવું છે ત્યાં પછી પ્રશ્ન શું થયો? આહાહા..! અરે..! ખબર ન મળે. રાગ એમાં હતો જ ક્યાં? મહાવ્રતના પરિણામ પણ આત્મામાં ક્યાં છે? એ તો આસ્રવતત્ત્વ, રાગતત્ત્વ છે. આ તત્ત્વ એનામાં છે. એ તત્ત્વ તો એનામાં નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? શું કરે? એ એની ચીજની મહત્તા અને એમાં શું-શું મહિમા છે એની એને ખબર નથી. અમહિમાવાળી ચીજને આધાર બનાવી અને એને કર્તા બનાવીને કાંઈ કાર્ય આત્મામાં થાય, એમ માને છે. માને છે હોં! થાતો નથી. સમજાણું કાંઈ? એ દીપચંદજી! એવી વાત છે. આહાહા..! સમજ્યા વિના થઈ જાવ દિગંબર. કપડા છોડી દો. શું મૂઢ છે? હજી વસ્તુ શું છે? જેને સાધવો છે અને જેને સાધ્ય કરવો છે એ કેવડો અને ક્યાં ને કેમ છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ? થઈ જાવ દિગંબર અને લૂગડા ફેરવો. લૂગડા ક્યાં ગરી ગયા છે અંદર? રાગ છોડ. રાગ પણ ક્યાં ગર્યો હતો તો રાગ છોડે? છોડવો છે કે દિ'? એય..!

અહીં તો વસ્તુ જે છે એમાં અનંત ગુણ છે તેને ગ્રહવો એટલે આશ્રય કરવો. બસ, આ વાત છે. રાગાદિ એનામાં નથી એટલે નથીનું પરિણમન ઊભું રહે છે. અસ્તિનું પરિણમન આમ થતાં, જ્ઞાનનું પરિણમન આમ થતાં, રાગાદિના વૈરાગ્યનું એટલે અભાવનું પરિણમન સાથે વર્તે છે. નિર્જરામાં કીધું ને? જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ. જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ

એટલે એ સાથે જ હોય છે. આવો આત્મા પરિપૂર્ણ પ્રત્યક્ષ થઈ શકે એવો જે શક્તિવાળો, એનું જે અસ્તિપણાનું પ્રત્યક્ષમાં ભાન થયું, એમાં પછી રાગાદિ એમાં નથી એવું જ્ઞાન એનામાં આવી જાય છે. વ્યવહાર એમાં નથી, પરોક્ષપણું રહેવું એનામાં નથી, એમ કહે છે. આહાહા..! પરોક્ષપણે રહે એવો જે ભાવ એ પ્રત્યક્ષપણામાં અભાવ છે. આહાહા..! વાહ રે ભગવાન.. વાહ! પણ એને કહ્યું છે ને. જુઓ! એ કઈ શૈલીએ... વસ્તુને મૂકવાની પદ્ધતિ કેવી છે! અનુભવ થાય, વસ્તુ થાય પણ એક એની રીતની પદ્ધતિમાં આત્મા કેવો છે એના ખ્યાલમાં આવી જાય એવી શૈલી છે. દિગંબર સંતો સિવાય આ વાત બીજે ક્યાંય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આવો આત્મા. આત્મા-આત્મા કરે અને આત્મા કેવો છે એની ખબર ન મળે. માનો આને. લ્યો!

એક ઓરડામાં પાનાચંદ બેઠો હોય અને પછી કહે કે એલા લક્ષ્મીચંદ ત્યાં બેઠો છે, જુઓ. જ્યાં જુએ ત્યાં તો પાનાચંદને લક્ષ્મીચંદ ઠરાવ્યો. કારણ કે ત્યાં બેઠો છે એમ કીધું ને. પણ લક્ષ્મીચંદ ઓરડીમાં બેઠો છે અંદર. શું કહેવાય આ? કપાટ. ઝીણા કાણા હતા ને એમાં બેઠો હતો. જોયો એને અને માન્યો. પણ ઓલો છે એ લક્ષ્મીચંદ ક્યાં છે એની તો ખબર ન મળે એને. એમ લક્ષ્મીનો ધરનાર ભગવાન ક્યાં છે અંદરમાં એની તો ખબર ન મળે. જોયો રાગ ને શરીર ને વાણી એને જોયું અને એને માન્યો કે આ આત્મા. આ રાગનો કરનાર તે આત્મા. પુણ્યનો કરનાર તે આત્મા. ફલાણો કરનાર આત્મા. અરે..! એ આત્મા નહિ, સાંભળને! એ તો વળી સ્થૂળ થઈ ગયું. હાલે-ચાલે તે આત્મા. અહીં તો કહે, પુણ્ય કરે તે આત્મા, કહે ના. એ આત્મા નહિ. આત્મા પ્રત્યક્ષ ન થાય, પરોક્ષ રહે તે આત્મા. તો કહે છે, એ આત્મા નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

જે રીતે જેને ઓળખવો જોઈએ એ ઓળખાણ ન કરે એટલે પછી ક્યાંકનું ક્યાંક એને માની લે. ગોતવા ગયા લક્ષ્મીચંદ અને મળી ગયો પાનાચંદ. માન્યું કે ત્યાં ઓરડામાં છે. તો ઓરડામાં જાણ્યું કે આ છે, પણ એ ઓલો લક્ષ્મીચંદ ઓરડામાં છે એ ગરી ગયો છે અંદર કબાટમાં. અને આ એક બેઠો છે બહાર. એને તું માને લક્ષ્મીચંદ તો છેતરાઈ જઈશ. સમજાણું કાંઈ? આત્મા, આમ ભગવાને કહ્યો પરમેશ્વરે, આત્મા, આત્મા છે એવો તો જણાણો નહિ. રાગ કરે છે, દ્વેષ કરે છે, પુણ્ય કરે છે એ આત્મા. અને આ આત્મા ખ્યાલમાં આવે છે કે નહિ? આ આત્મા છે. એ પરોક્ષ જે ખ્યાલમાં આવ્યો એ આત્મા. એ આત્મા નહિ. પંડિતજી! આહાહા..! જુઓને! ઓહોહો..! આપણે તો આ હળવે હળવે ચાલે છે, હોં! આ કાંઈ તમારે પ્રોફેસર જેવું નથી ચાલતું. હળવે-હળવે ચાલે છે. જરી વિચારવાનો મોકો પણ રહે સાંભળનારને. વિચાર કરે અંદર.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહે છે, ભગવાન! અહીં વર્ણન છે શક્તિનું ક્રમે. વસ્તુમાં ક્રમ નથી. વસ્તુમાં અક્રમે બધી શક્તિઓ પડી છે, એક સાથે. અને એનું પરિણમન પણ અક્રમે છે. અક્રમે એટલે જ્ઞાનનું પરિણમન પહેલું અને શ્રદ્ધાનું પછી ને સ્વચ્છતાનું પછી, એમ નથી. પરિણમન બધા ગુણોનું અક્રમે એકસાથે છે. સમજાણું કાંઈ? આહાહા..! ઈ એનો વાન છે. વાનપ્રસ્થ છે લ્યો એ. વાન આવ્યું. પ્રત્યક્ષ થવાનો એનો વાન, એનું રૂપ એમાં એ રહેલો છે. વાનપ્રસ્થ કહે છે ને, એ વાનપ્રસ્થ. વાન એટલે પ્રત્યક્ષ થવાનું એનું વાન-રૂપ, એમાં સ્થ-રહેલો છે એને આત્મા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઘણાં પછી ઉતાર્યા છે એમાં ક્ષત્રિય. પ્રત્યક્ષ જ્ઞાન થાય એ પોતે પોતાનું રક્ષણ કરે છે. પોતાનું રક્ષણ કરે છે. બીજાને આવવા દેતું નથી. પરોક્ષ થાય એવો એને અંદર પ્રવેશ થવા દેતો નથી. એવો એનો સ્વભાવ. ભગવાન. .. બહારમાં તો આવે છે કહે છે કાર્યમાં. એને કોણ રોકે? આહાહા..! કહો, એવી પ્રકાશશક્તિ. લ્યો, આ ૧૨મી શક્તિ થઈ. ધર્મચંદજી! આહાહા..! લ્યો! ૩૫ મિનિટ ચાલ્યું. ઓલું ૨૫ મિનિટ ચાલ્યું હતું. જબ્બર છે વાત.

કહે છે કે ગુણ અને ગુણનો ધરનાર જ્ઞાનમાં પ્રત્યક્ષ થાય, પરની સહાય વિના થાય ત્યારે પ્રત્યક્ષ કહેવાયને? રાગની અપેક્ષા સહિત જાણે એ પ્રત્યક્ષ નથી, મનના સંગથી જાણે એ પ્રત્યક્ષ નથી. મન અને રાગની અપેક્ષા વિના સીધો આત્મા જ્ઞાનથી જ્ઞાનને સ્વસંવેદન કરીને જાણે એવો જ એના પ્રકાશ નામના ગુણનું કાર્ય આવું છે. એટલે પ્રકાશ નામની શક્તિ જે ગુણમાં હતી, દ્રવ્યમાં હતી એની દૃષ્ટિ થતાં અહીં પ્રકાશશક્તિ પર્યાયમાં આવી ગઈ-પરિણમી ગઈ. સમજાણું કાંઈ? અને એ પ્રકાશશક્તિ આત્માના અસંખ્ય પ્રદેશમાં વ્યાપેલી છે. અસંખ્ય પ્રદેશમાં વ્યાપેલી અને અસંખ્ય પ્રદેશનું પરિણમન જ્યાં થયું, ત્યાં સાથે પર્યાયમાં પણ પ્રત્યક્ષની પર્યાય સાથે પરિણમી છે. સમજાણું કાંઈ? લ્યો, એને આત્મા કહેવામાં આવે છે. એવો આત્મા પ્રતીતમાં ભાનસહિત આવે તેને સાચું સમ્યગ્દર્શન કહેવાય છે અને સમ્યગ્દર્શન પછી જ્ઞાન વધારવું અને ચારિત્ર પછી હોય છે. આ વિના કાંઈ હોતું નથી.

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**જેઠ વદ ૧૨, શનિવાર તા. ૨૨-૬-૧૯૬૮**
**શક્તિ-૧૨-૧૩-૧૪, પ્રવચન-૫૪૫**

એવો ભગવાન આત્મા પહેલો એણે જ્ઞાનમાં બરાબર નક્કી કરી અને પછી આત્મા સન્મુખ થઈને એની દૃષ્ટિ અને એનું જ્ઞાન અને સ્થિરતાનો અનુભવ કરવો એનું નામ ધર્મ છે. લોકો તો રાડ્યું ઘણા પાડે બિચારા. અરે..! આ બધું આમ થઈ જાય, તેમ થઈ જાય. તારા ઘરે થાશે, સાંભળને હવે. એય..! આહાહા..! અરે..! તેં સાંભળ્યું નથી પ્રભુ! આત્મા શું છે ભાઈ! તારામાં તો નિર્વિકારી નિર્દોષ અનંત શક્તિઓ પડી છે. અનંતાઅનંત શક્તિઓ. ઓહોહો..! કેટલી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગુણ પડ્યા છે આટલા એક ક્ષેત્રમાં દેહથી ભિન્ન ભગવાન આત્મા જુદો (છે), એમાં અનંતા અનંત શક્તિઓ (રહેલી છે). આકાશના પ્રદેશનો અંત નથી, એટલા પ્રદેશની સંખ્યાની જે અનંતતા એનાથી પણ અનંતગુણી શક્તિઓ એ ભંડાર આત્મામાં પડી છે. સમજાણું કાંઈ? એ તો શક્તિની સંખ્યા એટલી છે. પાછી એ શક્તિમાંથી કેવળજ્ઞાન, જ્ઞાનગુણની શક્તિ જે કીધી એમાંથી કેવળજ્ઞાન નીકળે તે સદાય નીકળ્યા જ કરે સાદિઅનંત. એવી તો એની પર્યાયનો ધર્મ છે એમાં રહેલો. અને એ એક એક ગુણમાં અનંતું સામર્થ્ય, અનંતું સામાર્થ્ય. અપરિમિત સામર્થ્ય (રહેલું છે). એવા આત્માને પહેલો સમજી અને અંતર્મુખ દૃષ્ટિ કરી અને એને અનુભવ કરવો એનું નામ ભગવાન સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિ, એને ધર્મ કહે છે. કહો, ધરમચંદજી! આ ધર્મ. લોકો તો ક્યાંય બિચારા... અરે..! આ વિચ્છેદી નાખ્યું, ફલાણું કર્યું, ઢીંકણું કર્યું. એની પાસે એક વાણિયો આવ્યો હતો દુકાનમાં. અમદાવાદ. ચોપાનિયા ફેરવ્યા છે ને ઓલાએ? ચારેકોર ફેરવ્યા છે. અરે.. ભગવાન! બાપુ! તેં સાંભળ્યા નથી ભાઈ! તત્ત્વને, વીતરાગે કહેલું અને છે તેવું. સર્વજ્ઞ પરમેશ્વરે જોયેલું, જાણેલું અને તે છે તેવું. એવી ચીજને તેં ભગવાન સાંભળી નથી, ભાઈ! અને એ સાંભળ્યા વિના તને એ ચીજ કેવી છે એ સમજણ શી રીતે થાય? અને સમજણ થયા વિના આવી આ ચીજ છે એવા (એના જ્ઞાન) વિના એના સ્વરૂપમાં સન્મુખનો સત્‌નો સ્વીકાર ક્યાંથી થાય? સમજાણું કાંઈ? અનાદિના આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા (કર્યા) એ બિલકુલ આત્મામાં સ્વભાવને સાધન નથી. બંધભાવ તે કાંઈ અબંધ પરિણામને સાધન થાય? જાતે જાત સાધન થાય. બંધભાવ એ જાત જુદી અને ભગવાન અબંધ સ્વભાવી પોતે એના પરિણામ તો અબંધસ્વભાવી થાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એને આ બંધના કારણના પરિણામ કારણ થાય, બને નહિ કોઈ દી. સમજાણું કાંઈ?

કહે છે.. આપણે ૧૨મી શક્તિ થઈ. પણ હવે શેઠીને પૂછ્યું હતું ૧૨મી શક્તિનું. બોલ્યા નહિ બહુ. ૧૨મી શક્તિ શું થઈ? બોલ્યા નહિ શેઠી એટલે .. થઈ ગયું છે ઘણું. ઘણું એટલે કાંઈક એના પ્રમાણમાં. ઘણું તો સાર આવે એ તો શ્રુતજ્ઞાની કેવળી કહે તો પાર ન આવે. એક એક શક્તિના વર્ણનનું સામર્થ્ય કેવળીથી કથનમાં (પૂરું ન આવે). કારણ કે શબ્દો થોડા, ભાવ અનંત એમાં ભર્યા છે. આહાહા..! કહો, પંડિતજી!

કહે છે કે ભગવાન આત્મામાં એવો એક ગુણ છે, ગુણ છે... જેમ અફીણનો કડવો ગુણ છે, સાકરનો મીઠો ગુણ છે વગેરે વગેરેના જે ગુણ કહ્યા છે, એમ આત્મામાં એવો એક ગુણ છે, અનંતગુણ માયલો એવો એક ગુણ છે કે સ્વયં પ્રકાશમાન વિશદ્. પોતાને સ્વયં પ્રકાશે. રાગ ને નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના ભગવાન પોતાને પોતાથી પ્રત્યક્ષ અનુભવે એવો એ પ્રકાશ નામનો ભગવાન આત્મામાં ગુણ છે. એ આત્મા ઢાંક્યો રહે નહિ, જણાયા વિના રહે નહિ, પરોક્ષ થાય નહિ એવો એનો સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**સ્વયં પ્રકાશમાન...**' આત્મામાં એવો એક ગુણ છે સ્વયં પ્રકાશે છે અને તે પાછો '**વિશદ (-સ્પષ્ટ)...**' છે. સ્પષ્ટ છે. પ્રત્યક્ષ છે. જ્ઞાન-મતિ અને શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ થયા, આત્માને પ્રત્યક્ષ વેદે-જાણે એવી જ એની શક્તિ ને ગુણ છે. એ ગુણ ત્રિકાળ છે. એના ગુણનો આદર કરતા, ગુણનો ધરનાર દ્રવ્ય છે, એની દૃષ્ટિ કરતાં, એની પર્યાયમાં નિર્મળ જ્ઞાન એવું થાય કે એ જ્ઞાન વડે આખો આત્મા પ્રત્યક્ષ થાય. સમજાણું કાંઈ?

'**સ્વયં પ્રકાશમાન વિશદ (-સ્પષ્ટ) એવા સ્વસંવેદનમયી...**' એવા સ્વસંવેદન. એમ. '**સ્વયં પ્રકાશમાન વિશદ (-સ્પષ્ટ) એવા...**' પ્રત્યક્ષ થાય એવા. સ્પષ્ટ. કાંઈપણ અસ્પષ્ટ ન રહે એવા. '**એવા સ્વસંવેદનમયી...**' પોતાના વેદન સમ્. સ્વ-પોતાનું, સમ્યક્ પ્રકારે પ્રત્યક્ષ વેદન-અનુભવ એવી સ્વાનુભવમય એક પ્રકાશશક્તિ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! એણે આત્મા કેવડો અને કેમ છે એ વાત સાંભળી નથી એણે. શ્રુત પરિચિત અનુભૂતા. બીજી વાત સાંભળી છે. પરથી પૃથક્ અને સ્વભાવમાં એકત્વ અને એની અનંતતાની મહિમા સાંભળી નથી. સાંભળે અને એને રુચિ થાય ત્યારે તેને સાંભળી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

કહે છે, આત્મામાં-આ આત્મા છે એમાં, આ પરમાણુ આ તો માટી જડ છે. એમાં '**સ્વયં પ્રકાશમાન વિશદ સ્વસંવેદનમયી...**' પોતાનું પોતે પ્રત્યક્ષ વેદન આનંદથી કરે એવી એની પ્રકાશશક્તિ છે. જ્ઞાનનો એવો એનો સ્વભાવ છે, પ્રત્યક્ષ થઈ જાય એવો. સમજાણું કાંઈ? આમ તો એમ લીધું છે જરી. નીચે અનુભવમાં આનંદનું વેદન પ્રત્યક્ષ થાય. ઓલામાં.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પણ આ આટલા પ્રદેશ છે અને આ (ગુણ છે એમ પ્રત્યક્ષ નથી). એ તો શું છે કે એને આમ પ્રત્યક્ષ (નથી જણાતા). પણ વેદન અપેક્ષાએ તો પ્રત્યક્ષ જ છે. એ જ્ઞાન પણ પ્રત્યક્ષ છે ત્યાં. એ તો અસંખ્ય પ્રદેશ છે એ ભલે ન હો, પણ જ્ઞાન પ્રત્યક્ષ એટલે એને રાગ ને નિમિત્તની અપેક્ષા વિનાનું જ્ઞાન પ્રત્યક્ષથી કામ આત્માનું કરે એવો જ એ પ્રત્યક્ષ જ્ઞાનસ્વભાવ છે. સમજાણું કાંઈ? ભલે અસંખ્ય પ્રદેશ છે અને અનંતગુણ છે આમ ન ભાળે. પણ રાગ ને નિમિત્તની અપેક્ષા વિના સ્વસંવેદન સીધું કરે એવો એનો ગુણ છે એમ છે અત્યારે. પંડિતજી! આહાહા..!

સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગદેવે જેના એક સમયના જ્ઞાનમાં આવા અનંતા આત્મા જોયા. અને એક એક આત્મામાં એવી અનંતી શક્તિ ભગવાને જોઈ. એવો આત્મા જેને જોતા આવડે, કહે છે કે ભગવાને જેમ પ્રત્યક્ષ કેવળજ્ઞાનથી જોયો... આહાહા..! એમ અહીંયાં મતિ અને શ્રુતજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ જોવે એવો જ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? નવરાશ ન મળે ને પર જોવા આડે. જ્ઞાનની પર્યાય પોતાની અને જોવે પરને. એમાં સ્વ આવ્યો નહિ, એ એનો સ્વભાવ નથી. પરને એકલું જોવું એનો સ્વભાવ નથી એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના સ્વસંવેદનથી પ્રકાશમાન થાય એવો એનો સ્વભાવ છે. એ ૧૨ થઈ.

હવે ૧૩મી. ૧૩મો ગુણ. અહીં તો સંખ્યાએ ક્રમે કહેવાય છે. ન્યાં ક્રમ નથી. ન્યાં તો એકસાથે છે. આત્મા વસ્તુ અને અસંખ્ય પ્રદેશ આત્માના એટલે પોતાના. એની ભૂમિ, એનું ક્ષેત્ર, એનું એ ક્ષેત્ર છે. આ શરીર એનું ક્ષેત્ર નહિ, મકાન એનું ક્ષેત્ર નહિ, ખેતર, પાદર એના ક્ષેત્ર નહિ. કહો, સમજાણું કાંઈ? આ કહે છે ને ભાઈ, અમારે આટલા ખેતર છે, આટલા પાદર છે, આટલા અમારે આંબા છે. કહે છે ને માણસ? આંબાના ઝાડ એના હશે? એ તો પર છે. તારામાં ક્યાંથી આવી ગયું? તારા ક્ષેત્રમાં તો અનંતા ગુણ આનંદના પાક થાય એવું તારું ક્ષેત્ર છે. સમજાણું કાંઈ?

કહે છે કે કેવો છે આત્મા? હવે ૧૩મી શક્તિ. અસંકુચિતવિકાસત્વશક્તિ એનું નામ છે. અસંકુચિતવિકાસ. સંકોચ ન થાય અને વિકાસ થાય એવો એનો એક ગુણ છે. સમજાણું કાંઈ? '**ક્ષેત્ર અને કાળથી અમર્યાદિત...**' જેને ક્ષેત્ર, કાળની મર્યાદા જ નથી. આટલા ક્ષેત્રને અને આટલા કાળને જાણે એવી કોઈ મર્યાદા જ નથી. અને કોઈપણ પ્રકારે ક્ષેત્ર અને કાળથી, કોઈ ક્ષેત્રથી અને કોઈ કાળથી જ્યાં હોય ત્યાં એ અસંકુચિત, એના ચૈતન્યના વિલાસની સંકુચિતતા ન થાય એવો જ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? હવે નારકીના ક્ષેત્રમાં હોય મહા, તો ત્યાં હીણી દશા થઈ જાય કે નહિ ક્ષેત્રને લઈને? નિગોદના ક્ષેત્રમાં રહે તો હીણી

થાય? ના. એ વસ્તુનો સ્વભાવ જ નથી. સમજાય છે કાંઈ? આ તો દૃષ્ટિમાં આવ્યાની વાત છે ને.

ભગવાન આત્મા એના અસંખ્ય પ્રદેશમાં અનંત શક્તિ માયલી એક શક્તિ એવી છે કે એ કોઈપણ ક્ષેત્રમાં અને કોઈપણ કાળે એના ચૈતન્ય વિલાસની હાનિ-સંકોચ ન થાય અને વિકાસ રહે એવો જ એનો ગુણ છે. સમજાણું કાંઈ? પ્રહાર, સાતમી નરકમાં એટલા પ્રહારો ૨૫ ૨૫ નરકની વેદના. કહે છે કે વેદનાના કાળમાં અને ક્ષેત્રે એ કાળમાં પણ એની શક્તિ સમ્યગ્દૃષ્ટિ અંતરમાં આત્માને જોતાં એ અસંકોચ એની હાનિ પરને લઈને થાય એવો એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? આહાહા..! સાતમી નરકે પણ અસંખ્ય સમકિતી બિરાજે છે. સાતમી નરકમાં. આહાહા..! જુઓ! એ વેદન પછી આ લીધું છે. સ્વસંવેદન કરનારા પ્રત્યક્ષ અને એવા ક્ષેત્ર અને એવા ગમે તે કાળમાં હો, પણ એનો અસંકોચ-સંકોચ ન થાય. એમાં ઓલામાં લીધું હતું હોં, અનુભવપ્રકાશ. સંકોચ ન થાય. એ શબ્દ, ન શબ્દ ખોટો આવી ગયો છે એમાં. શું કહેવાય? અનુભવપ્રકાશ ને? અનુભવપ્રકાશ છે ને? એ 'ન' શબ્દ ખોટો આવી ગયો છે. 'અસંકુચિત્વ વિના અવિનાશી ચેતનાનો વિલાસ સંકોચમાં આવી જાય.' ઓલો ન કરી નાખ્યો છે એ ખોટી વાત છે. અર્થ તો આમ છે. અસંકુચિત્વ વિના, અસંકોચ નામનો આત્મામાં ગુણ છે, એના વિના 'અવિનાશી ચેતનાનો વિલાસ સંકોચમાં આવી જાય.' આમાં લખ્યું છે સંકોચમાં ન આવે. 'ન' ન જોઈએ. 'ન' ન જોઈએ. શું કીધું?

ભગવાન આત્મા અંદર પ્રત્યેક દેહમાં બિરાજમાન આત્મા છે. એ એવો છે, કહે છે કે અસંકોચ શક્તિ જો ન હોત, અસંકોચવિકાસશક્તિ જો ન હોત... સમજાણું? તો અવિનાશી ચેતનાનો વિલાસ સંકોચમાં (આવી જાત), પરિણમનનો સંકોચ થઈ જાત. સમજાય છે કાંઈ? માણસ નથી કહેતા ઘરે કાંઈક? હમણા સંકોચમાં છીએ. એય..! એમ કહે છે કે નહિ? કાંઈક અમારે કાઠિયાવાડી ભાષા એવી હોય છે. તમારે કહે છે સંકોચાવું? હમણા અમે બહુ સંકોચમાં છીએ. કાલે આવ્યા હતા એક બિચારા દરબાર. બહુ આપત્તિમાં છીએ, મહારાજ! બહુ સંકોચમાં. હમણાં ક્યાંય.. હવે આત્માને બહારના સંયોગ આવે છે? મૂકોને આ પડ. અહીં તો આત્માની વાત છે, ભાઈ! અત્યારે કેટલાક એવા અસંયોગમાં હોય છે ને, ખાવા-પીવાના સાધન કે અનુકૂળતા પગાર સો રૂપિયાનો ન આવે. હમણા એવા સંકોચમાં છીએ કે પાંચ રૂપિયાના ચોખા લાવવા હોય તો લાવી શકવાની તાકાત નથી. એમ કરે છે ને? એમ કહે છે. એમ આત્મામાં નથી, કહે છે. એ તો (તેં) તારી બહારની ચીજ માંડી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એવા અનંત અનંત શક્તિનો ભંડાર આત્મા છે કે એમાં સંકોચ થાય, કોઈ શક્તિનો વિકાસ ન થાય અને સંકોચપણું રહે એવો એનો ગુણ જ નથી. આહાહા..!

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કહો, શેઠી! વાત કરે ને? હમણાં અમે સંકોચમાં છીએ. એ ભાઈ પહેલા જ્યારે પૈસા હતા અને વાપરતા... હમણાં સંકોચમાં છીએ. એમ કે બહુ બહુ લાંબુ ન કહે. તમારે તો પૈસા હોવા છતાં સંકોચ થાય છે. એ કહે કે તમને તો બધું હખ છે. એક મુંઝવણ છે. આ મુંઝવણ છે. મંદિરના પૈસા જોવે છે. છોકરા આપતા નથી. શું કરે? અહીં તો કહે છે કે સંકોચ ન થાય એવો જ તારો ગુણ છે.

મુમુક્ષુ :- છોકરાઓને પૂછવું ન પડે.

ઉત્તર :- છોકરાઓને શું કોઈને પૂછવું પડે નહિ. આહાહા..! ભાઈ! અમે સંકોચમાં છીએ. આ ઓલા લોટ લેવા આવે ને બ્રાહ્મણ? ત્યારે લોટ નથી એમ ન કહે. ખબર છે ને? આજ ઘણો લોટ છે. ત્યારે ઓલા સમજે કે લોટ નથી. આ બ્રાહ્મણ લેવા આવે ને. આ તો ઘણી નાની ઉંમરમાં બધું સાભળેલું. પછી તો કોણ જોવા ગયું હતું? ઘરે આવે ને લોટ લેવા. લોટ નથી તો કહે લોટ વિનાના. થઈ રહ્યું, ભિખારી થઈ ગયા. લોટ નથી? ઘણો લોટ છે એમ કહે. ખોટા પણ કેટલા!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ઘણો શબ્દ .. ઘી ખૂટી ગયું છે માટે ઘી લાવજો એમ નહિ. ઘી થઈ રહ્યું માટે ઘી લાવજો એમ નહિ. ઘી ઘણું છે માટે લાવજો. ઊંધાઈ તે પણ કેટલી! સંસારની અવળાઈ તે. કેમ ખેતશીભાઈ! .. છોકરાઓને. એલા રોટલી કેટલી છે? ગણાય નહિ. કેટલીની ગણતરી ન કરાય. અપમાન થાય. એવું કાંઈક કહેવાતું હશે. આપણને ખબર નહિ. ઓલા છોકરાને પૂછયું હતું. એ આજે મેં સાંભળ્યું છોકરા પાસે. કો'ક કહેતું હતું ખરું છોકરામાંથી કો'ક હતું ને. કો'કને પૂછ્યું ત્યારે કહે. ગણતરી ન લેવાય એક, બે, ત્રણ, ચાર, પાંચ એમ નહિ. ગણતરી ન થાય. બીજું લાડવાની ગણતરી થાય. વળી કેટલાક કહે, રોટલીની ન થાય. એ ગાંડપણ તે કાંઈ.. અહીં તો કીધું ગણતરી.. એક, બે, ત્રણ, ચાર. .. તો ત્રણ આવી ગઈ .. ચાર આવી. મૂકી દ્યો.

કહે છે કે અહીં તો સંકોચ જ ન મળે ગણતરીનો. એમ કહે છે અહીં. એવો ભગવાન આત્મા અનંત આનંદથી બિરાજમાન છે, એની અંતર દૃષ્ટિ કરતાં સંકોચ જ જેના સ્વભાવમાં નથી. વિકાસ થઈને પ્રગટ જ થઈ જાય એવો એનો ગુણ અને સ્વભાવ છે. આહાહા..! એ મુંઝવણ ન મળે એમ કહે છે. આહાહા..! પ્રતિકૂળતા આવે તો એવો મુંઝાય ને. આમાં ક્યાંય.. ક્યાં છે પણ સાંભળને! તારા શક્તિમાં સંકોચ ક્યાં છે કે તું કંજુસ થઈને પડ્યો છો? પંડિતજી! આહાહા..!

કહે છે, ક્ષેત્ર અને કાળની જેને મર્યાદા નથી. એટલે કે ક્ષેત્ર-કાળથી મર્યાદિત ક્ષેત્ર-કાળને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જાણે (એવું નથી). એ તો અનંત ક્ષેત્ર અને અનંત કાળ છે. એથી પણ અનંતગુણો હોત તોપણ જાણે એવો એ મર્યાદાતીત છે. અથવા એ ક્ષેત્ર અને કાળમાં, કોઈપણ ક્ષેત્ર અને કાળમાં.. સમજાણું કાંઈ? જુઓને! સમુદ્‌ઘાત કરે ત્યારે સાતમી નરકમાં પણ હોય છે એના પ્રદેશ. કેવળજ્ઞાની પરમાત્મા સમુદ્‌ઘાત થાય તો એના પ્રદેશ સાતમી નરકમાં પણ છે. ઓલા જીવને ભાન નથી તેને સંકોચ છે અને ભાન છે ત્યાં સંકોચ નથી, અસંકોચિતવિકાસ (થઈ ગયો). સંકોચ વિનાનો વિકાસ જેને પરિણમી રહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

એવો કોઈ આરો કાળ હોય અહીં છઠ્ઠો આરો (હોય). કોઈ મુનિને કંઈ હેરાન કરીને મૂકી દે આવા કાળમાં. તો અહીં કોઈને સમકિત પણ ન હોય. સમજાણું? પણ કહે છે કે એના સ્વભાવનું ભાન થયું છે જેને એ અહીં પડ્યો હોય તો અસંકોચવિકાસશક્તિથી પડ્યો છે. એવા કાળમાં પણ જેને જ્ઞાન અને આનંદની સંકુચિતતા થઈ જાય કે આ કાળમાં આને કેવળ થયું માટે દ્રવ્યનો એવો સ્વભાવ જોયો એને સંકોચ થાય છે એમ છે નહિ. સમજાણું કાંઈ? દરીયામાં મુનિઓને .. કરીને મારે. અહીં ટાંગા ઝાલે ને માથે... દૃષ્ટિ પડી છે અનુભવ આત્મામાં અસંકુચિતતા છે. શરીરના.. બધું બંધ થઈ ગયું. અંદર ભગવાન આત્મા પોતાની શક્તિથી સંકોચ ન કરતો અનંતગુણની પર્યાયનો વિકાસ થાય છે એવો જેનો એ કાળમાં, એ ક્ષેત્રમાં પણ સ્વભાવ છે. સમજાણું કાંઈ?

'**ક્ષેત્ર અને કાળથી...**' જેની મર્યાદા નથી કે આટલું ક્ષેત્ર અને આટલા કાળને જાણે એવી જેમાં હદ નથી. અથવા આ ક્ષેત્ર ને આ કાળમાં એને સંકોચ થઈ જાય, હીણી દશા આવા ક્ષેત્ર, કાળ ફેરે થાય એવો એનો સ્વભાવ નથી.

મુમુક્ષુ :- પંચમકાળમાં...

ઉત્તર :- પંચમકાળમાં છે ક્યાં? અહીં પણ સમ્યક્‌માં અસંકોચવિકાસ જ છે. ભાન નથી એને. ભાનમાં તો અસંકોચવિકાસ જ છે. વિકાસ કેટલો જાજો કે ઓછો એનો પ્રશ્ન નથી. સમજાણું કાંઈ? કહો, ધરમચંદજી! કેવળ તો થતું નથી અત્યારે. એટલો સંકોચ છે કે નહિ? નહિ... નહિ... નહિ. એ ન થાય એનો પ્રશ્ન જ નથી. નથી થતું શું? સંપૂર્ણ કેવળજ્ઞાન પિંડ જ છું ને. સમજાય છે કાંઈ? આહાહા..! અનંત આનંદ.. આનંદ... આનંદ... નીકળ્યા જ કરે, નીકળ્યા જ કરે લ્યો. સમજાણું? આ મોટા વરામાં હોય ને. લાડવા અમુક કર્યા હોય ને માણસો ઝાઝા આવી જાય. પછી શેઠિયાઓ બે લાડવા લઈને નીકળે. પછી ઓલા સમજી જાય. લ્યો.. લ્યો.. લ્યો... કોઈ લે નહિ. સમજાય છે? મોટો વરો હોય ને? જમણ. બે હજાર માણસ ધાર્યા હોય એમાં પાંચ હજાર આવી જાય. હવે એકદમ... સમજ્યાને શું કહેવાય? આખું શું કહેવાય? આખાને જમાડે એને? પરગણું-પરગણું. પરગણું કર્યું. અમારે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


શેઠે કર્યું હતું ને. પરગણું. માણસનો મેળ નહિ. ઘર કાંઈ ગણવા ન ગયા હોય. કેટલા માણસ આવે? લાડવા તો અમુક જ હદના કર્યા હોય. સંકોચ આવે પછી વિચાર કરે એય.. ધ્યાન રાખજો હોં! આબરૂ ન જાય એમની શેઠની. આ રબારીમાં એવો રિવાજ, હોં! .. પાંચ પાંચ શેર સુખડી ખાય. મેળ નહિ. એટલે એના મોટા શેઠિયા હોય .. બે લાડવા લઈને નીકળે. ઓલા સમજી જાય કે ખૂટ્યા લાગે છે. એવું અહીં નથી, કહે છે. અહીં ખૂટે એવું નથી. આખી નાત જમે અનંતા ગુણની પર્યાય તો કાંઈ ખૂટે એવું નથી. આહાહા..! કહો, મલૂકચંદભાઈ!

**'એવા ચિદ્‌વિલાસસ્વરૂપ...'** જ્ઞાનના વિલાસસ્વરૂપ. ઓહોહો..! આ વિલાસ જુઓ આ. ઓલા દુનિયા મોજુ માણે છે ને બહારની? આ હવાફેરે જઈએ છીએ અને વિલાસ કરવા જઈએ છીએ. ધૂળેય નથી વિલાસ, સાંભળને! દુઃખી થવા જાવ છો. દુઃખી થવાના. દુઃખીના દાળિયા. કાશ્મીર-કાશ્મીર (જાય) વિલાસ (કરવા). ધૂળમાંય નથી ત્યાં વિલાસ. દુઃખ છે ત્યાં. પરના લક્ષ કરીને તો આકુળતા ઉત્પન્ન થાય. આ તો અસંકોચવિકાસ શક્તિ. અનાકુળ આનંદ ભગવાન ભરેલો છે. જ્ઞાન ચિદ્‌નો વિલાસ, જ્ઞાનનો વિલાસ, ચિદ્‌વિલાસ. આહાહા..! પોતાના ઘરના જ્ઞાનનો વિલાસ. સમજાય છે કાંઈ? આહાહા..! એ રામની રમતું છે એવી. આતમરામ, ભગવાન પોતે જ્યાં પોતાના સ્વરૂપથી જાગ્યો, કહે છે કે ચેતનાવિલાસ જેનો છે. લ્યો, ઓલો ચેતનાવિલાસ આવે છે ને? વ્યવહાર નથી આવતો ઓલામાં? પ્રવચનસાર. ત્યાં મગજમાં ત્યાં આવ્યું. ક્યાંનું ક્યાં જાય. ઓલો વિલાસ શબ્દ આવ્યોને યાદ? એટલે આવી ગયું મગજમાં. ત્યાં વિલાસ (શબ્દ આવે છે).

ભગવાન આત્મા અનંત શાંતિ અને આનંદરૂપ છે અને એની જ્યાં દૃષ્ટિ થઈ ત્યારે પર્યાયમાં ચેતનાવિલાસની નિર્મળતા જાગી એને ત્યાં ભગવાન વ્યવહાર કહે છે. એ આત્માનો એ વ્યવહાર છે. ચેતનાવિલાસનો અનુભવ એ આત્માનો વ્યવહાર છે. રાગ કરવો અને પુણ્ય કરવું એ એનો વ્યવહાર છે નહિ એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! આપણે વ્યવહાર તો કરવો પડે ને. એમ માણસ કહે છે ને આમાં? ... એક છોકરાના લગન હોય ને આપણને એણે સવા રૂપિયો કે પાંચ રૂપિયા આપ્યા હોય લગનના ટાણે તો એના છોકરા ટાણે આપણે પાંચ આપવા પડે. શું કહેવાય ઓલા ઘોડે ચડે ત્યારે? વરઘોડે. ઘોડે ચડે છે, રખડવા ચડે છે ઘોડે, બીજું શું. એણે આપણને ટાણે આપ્યા. ઓલા ભાગીદાર સારા હોય ને સવા સો રૂપિયા આપે. પાંચસો આપે. પાછો એનો છોકરો પરણે તો આને એટલું દેવું પડે. .. એવો વ્યવહાર. એવો વ્યવહાર ધર્મીને હશે કે નહિ ધર્મમાં?

ભાઈ! વિકલ્પ પણ લેવો-દેવો નથી, જ્યાં રાગને લેવો-દેવો નથી. પુણ્યના પરિણામ કરવા છે ને છોડવા છે એ જેના સ્વભાવમાં નથી. આહાહા..! એવો ભગવાન આત્મા પોતાના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અનંતગુણનો ચેતનાનો વિલાસ કરે અને એમાં સંકોચ ન થાય અને વિકાસ જ વર્તે એવો તો એનો ગુણ છે. સમજાણું કાંઈ? એવો આત્મામાં અનાદિઅનંત ગુણ છે. અરે..! એની એને ખબર ન મળે. ભિખારીની જેમ ભટક્યા કરે ચાર ગતિમાં. રાંકો થઈને રોવે. હાય.. હાય...! એ.. આમ થઈ ગયું, અરે..! મને આમ થઈ ગયું. શું તને શું થયું? કાંઈ થયું નથી. મોટો ભગવાન બિરાજે છે, સાંભળને! એણે મને આમ કર્યું, મને આમ કર્યું, મને આમ કર્યું. લ્યો!

આ છોકરાએ આજે પ્રશ્ન કર્યો હતો. ભાઈએ .. જંગલ ગયા ને. એવું બોલે, એવું બોલે પણ .. મહારાજ! એક પ્રશ્ન કરું? નવ વર્ષનો છે. પ્રશ્ન કરું? જંગલ જતાં. પ્રશ્ન કરું? હા, કરને. શું છે? કે આપ જ્ઞાતા-દૃષ્ટા રહેવાનું કહો છો. એય..! ...! આ છોકરો ભારે. બહુ નરમ ને ઓલો છે. રસ (છે). જ્ઞાતા-દૃષ્ટા. કીધું, જ્ઞાતા-દૃષ્ટા એમ ક્યાં તને કીધું? સાંભળતા આવીએ છીએ ને. તમે કહો છો એ અમે સાંભળીએ છીએ. તમે જ્ઞાતા-દૃષ્ટા રહેવાનું કહો છો. જ્ઞાતા-દૃષ્ટા રહો. પણ અમને કોઈ આ શરીરને મારે, પૈસા લઈ જાય, શીશપેન લઈ જાય અને દુઃખ દે, લૂંટે તો અમારે શું કરવું? જ્ઞાતા-દૃષ્ટા રહેવું? મજાનો છોકરો હતો. જંગલ ગયાને ત્યારે. ગયો છોકરો. અત્યારથી આવો રસ છે ને એટલું આપણે લેવું. એને રસ છે ને. આત્મા છે ને. જ્ઞાતા-દૃષ્ટા રહો તમે. જ્ઞાતા-દૃષ્ટા ક્યાંથી કીધું કે જ્ઞાતા-દૃષ્ટા રહેવાનું કીધું? અમે સાંભળીએ છીએ ને. સાંભળતા આવીએ છીએ કે આપ આમ કહો છો. ઠીક! એય.. શેઠી! આહાહા..! આઠ વર્ષે તો કેવળ થાય. ભગવાન આત્મામાં એટલી શક્તિ છે. આહાહા..! ત્યારે કહે, આઠ વર્ષ પહેલા કેવળ ન થાય ઈ એટલો સંકોચ નથી? ના. ના. એ વાતને અહીં અવસર જ નથી. ભગવાન આત્મા ડબ્બો આખો ચૈતન્યનો હાથ આવ્યો અનંત ગુણનો. સંકોચ વિનાની શક્તિ ખીલે જ જાય છે. પછી પૂરી ખીલે કે નહિ એનો પ્રશ્ન અહીં છે નહિ. પૂર્ણ છે.

મુક્ત એવ. આહાહા..! મુક્ત એવનો પાઠ છે. સર્વવિશુદ્ધમાં. મુક્તનો અર્થ જ કે સિદ્ધ સમાન જ છું. જેવી નિર્વિકારી દશા સિદ્ધની છે એવી જ મારી નિર્વિકારી દશા તે હું છું. વિકાર-ફિકાર મારામાં છે નહિ. સમજાણું કાંઈ? એ શ્લોક છે સર્વવિશુદ્ધમાં. મુક્ત એવ. સિદ્ધ સમાન છે. મિથ્યાત્વથી મુક્ત થયો, સમ્યગ્દર્શન થયું તો સિદ્ધ સદૃશ્ય છે. કેમકે એની પર્યાયમાં નિર્વિકાર થવું એ એની પર્યાય છે. દ્રવ્ય-ગુણ તો છે. પણ પર્યાય-અવસ્થામાં નિર્વિકાર જે શ્રદ્ધા-જ્ઞાન, શાંતિ થઈ એ એની પર્યાય છે. એટલે એ નિર્વિકારી પર્યાય જેવી સિદ્ધની છે એવી આ છે. ઓછી-વત્તીનો અહીં પ્રશ્ન છે નહિ. અહીં તો એ માટે યાદ આવી ગયું. અસંકોચવિકાસ. આઠ વર્ષ પહેલાં કેવળ (ન થાય). ઈ પ્રશ્ન જ નથી અહીંયાં. સમજાણું કાંઈ?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આહાહા..! ક્યાંનું ક્યાં આવી ગયું. સમજાણું?

ચેતનાવિલાસ. ભગવાન આત્મા જેની ધ્રુવ ભૂમિકામાં આવી શક્તિ અનંત છે એને અવલંબ્યો એટલે જેની પર્યાયમાં સંકોચ ન થાય એવો જેનો વિલાસ છે, એવી દશા પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આ દાન દેવામાં વિચાર તો કરે કે નહિ? ભાઈ, આપણે બે લાખની મૂડી છે. એકદમ પચાસ હજાર આપી દેશો નહિ. જરી વાત વિચારીને કરજે. મોટા પહેલા કેટલું લખાવે છે એ પ્રમાણે જાળવીને બોલજે. એમ બોલે. મોટા મલૂકચંદભાઈ જેવા કેટલો આંકડો લખાવે છે? એ પછી આપણે બોલવું. એમ વળી. ત્યાં દેખાદેખી કરે. કહે છે કે અહીં એ દેખાદેખીનો સવાલ જ નથી આત્મામાં. પોતે અસંકોચવિકાસ. આહાહા..! જેના કોઈપણ ક્ષેત્રમાં, કોઈપણ કાળે જ્યાં રહ્યો હોય ત્યાં સ્વરૂપની દૃષ્ટિ થઈ એથી એની પર્યાયમાં અસંકોચવિકાસનો ચેતનાવિલાસ વર્તે છે. આહાહા..! એને શાંતિ વર્તે છે. ચેતનાનો વિલાસ એટલે અકષાય શાંતિ વર્તે છે. એ આત્મા છે. વચ્ચે કષાય વિકલ્પ (આવે) એ કાંઈ આત્મા નથી. અને એનાથી મુક્ત છે જ્ઞાની. વ્યવહારથી મુક્ત છે એનો અર્થ એ. પરથી મુક્ત જ છે. પોતામાં એ નથી. સમજ્યા?

'**ક્ષેત્ર અને કાળથી અમર્યાદિત એવા ચિદ્‌વિલાસસ્વરૂપ...**' સ્ત્રીના શરીરમાં પણ ભગવાન તો આવો જ છે, હોં! કોઈ એમ નહિ કે સ્ત્રીનું શરીર કે બાળકનું શરીર. બાળક-સ્ત્રી તો જડને છે, આને છે. ભગવાન આત્મા ચૈતન્યના આનંદથી બિરાજમાન અનંતગુણનો પિંડ પ્રભુ (છે). સ્ત્રીને સમકિત થાય ત્યારે સ્ત્રી આમ જ જાણે છે. સમજાય છે કાંઈ?

આઠ વર્ષની કન્યા હોય ચક્રવર્તીની દીકરી. હજી લગન પછી કરવા હોય છતાં એને ભાન જ્યાં આત્માનું વર્તે છે. અસંકોચવિકાસ. મારે અહીં સંકોચ છે જ નહિ. એવી મારી ખાણ અનંત આનંદ અને જ્ઞાનની શક્તિથી ભરેલી છે. મારે ઘરે સંકોચ નથી. આહાહા..! એઈ..! છગનભાઈ! આવો (છે) પણ એને બેસતું નથી. વિશ્વાસ આવતો નથી. વિશ્વાસ આવતો નથી. આવું ક્યાં છે? આમ જોવે બહાર. પણ અંદરમાં છે આવડો. ઈ તું છો એવડો. તારામાં છે આવડું. અસંકોચવિકાસ નામનો ગુણ તારામાં ભરેલો છે. એની દૃષ્ટિ કરતાં એ પર્યાયમાં અસંકોચવિકાસનું પરિણમન થાય છે. દ્રવ્યમાં અને ગુણમાં છે. અવસ્થાએ એની દૃષ્ટિ કરતાં અવસ્થામાં અસંકોચવિકાસનું પરિણમન થઈ જાય છે. સમજાણું કાંઈ? એ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપે છે, અસંખ્ય પ્રદેશમાં વ્યાપે છે. એ એક શક્તિ અનંત શક્તિને નિમિત્ત થાય છે અને એક શક્તિ અનંત શક્તિમાં પ્રસરેલી, વિભુરૂપે પ્રસરેલી છે અને એક શક્તિ પરિણામિક, એક એક શક્તિ પરિણામિકભાવે છે. સહજ સ્વભાવ છે. એમ. સહજ સ્વભાવ છે. સમજાણું કાંઈ?

એક શક્તિને ક્ષત્રિયપણું, વૈશ્યપણું, બ્રહ્મપણું એવું લાગુ પડે. સમજાણું? બ્રાહ્મણની કન્યાને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મરવું હોય તો ત્રણ હત્યા લાગે. એક બ્રહ્મ હત્યા, સ્ત્રી હત્યા અને બાળક હોય તો બાળહત્યા. એકસાથે ત્રણ. એવી વાતું કરતા હતા કોઈ. એ છોકરો એક વાત કરતો હતો. છોકરો ભાઈ આપણે ભરત. તમારો ભરત. કીધું, વાત સાચી તારી હોં! કોઈ બ્રાહ્મણને મારે, બ્રાહ્મણને મારતા અને એમાં કન્યા હોય અને એમાં બાળક હોય પેટમાં. તો ત્રણ થાય ને? એક દાખલો આપે છે. કોઈ વ્યક્તિ માટે અત્યારે વાત નથી. આ તો બ્રહ્મહત્યા, બાળહત્યા અને સ્ત્રીહત્યા.

અહીં ભગવાન આત્મામાં તો બ્રહ્મ જાગે-આત્મા જાગે. પોતાની પરિણતિ શુદ્ધ થઈ જાય. સમજાય છે કાંઈ? બાળપણું એમાં રહે નહિ. આહાહા..! એવો ભગવાન આત્મા ક્ષત્રિયની શક્તિથી બિરાજમાન છે. જેમ ક્ષત્રિય બીજાનું રક્ષણ કરે, એમ આ અસંકોચવિકાસ નામની શક્તિ પોતાના અનંતગુણની પર્યાયનું રક્ષણ કરે છે. આ રક્ષણ કરનાર પણ આત્મા અને રક્ષણ થવાયોગ્ય શક્તિ પણ પોતામાં ને પોતામાં છે. સમજાણું કાંઈ? આ પ્રમાણ-પ્રેમય જરી વધારે પાછું વિચારજો હોં થોડું. રાતે આવજો નહિતર નવરા થઈને. અમારે પર અને સ્વનું જરી સ્પષ્ટ વધારે થાય ને. સ્વ ઉપર લક્ષ વધારે છે. સમજાણું કાંઈ? એમાં શું વાંધો છે, વધારે સ્પષ્ટ થાય ને. એ હોય તો ઠીક ભલે. પણ આમ વસ્તુ પોતામાં જ એકલી વાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

એવી શક્તિ એટલે તારામાં ગુણ છે. તારો ગુણ એવો છે કે જે ગુણના કાર્યમાં, જે ગુણના ગુણમાં, જે ગુણના ગુણમાં... એ ગુણનો ગુણ એટલે એનું કાર્ય. એમ. આ અકાર્યકારણ ચાલે છે ને? હવે આવશે. હવે આવશે. એમાં એક ફેરી ભાઈએ કહ્યું હતું. ફૂલચંદજી સાથે વાત થઈ ને. કીધું, આમાં તો એક દ્રવ્ય .. એમ લોકો કહે છે. આમ એક દ્રવ્ય આવે છે ને? પર્યાય નહિ... દ્રવ્ય અકારણકાર્ય છે. પણ જે ગુણ છે એનું કાર્ય આવવું જોઈએ કે નહિ? કાર્ય વિના આ ગુણ નક્કી કોણે કર્યો? સમજાણું કાંઈ? બોલ્યા હતા હોં! એક ફેરી આ વાત થઈ હતી. લાલબહાદુર આમ કહે છે. આવે છે ને છાપામાં. દ્રવ્ય અકારણકાર્ય છે, પર્યાય નહિ. અરે.. સાંભળને! ગુણ છે એ અકાર્યકારણ, દ્રવ્ય અકાર્યકારણ અને એની પર્યાયમાં એનું પરિણમન (આવ્યું) એ પર્યાય અકાર્યકારણ છે. અકાર્યકારણ ગુણ છે એનું અકાર્યકારણ પરિણમન આવ્યા વિના, એનું કાર્ય આવ્યા વિના આ અકાર્યકારણ છે એની પ્રતીત કોણે કરી? સમજાણું કાંઈ? લ્યો! એ ૧૩ થઈ. હવે ૧૪મી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઘણા ... થયા. કેટલા થયા? ૪૦-૪૨ મિનીટ થઈ. એઇ.. ચીમનભાઈ! લ્યો આવી વાત છે આ. ત્યાં મુંબઈમાં ક્યાંય મળે એવું નથી હોં! ધૂળમાંય તે. ધૂળ મળે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મળે છે ક્યાં? એ તો માને છે કે મને આ મળ્યું એવી મમતા મળે છે એને. કે આ લાખ રૂપિયા થયા, પાંચ લાખ થયા, દસ લાખ થયા, ધૂળ લાખ થયા. આંકડો તારે ગણવો છે ને. તારી પાસે ક્યાં આવ્યો છે ઈ? ઈ તો જડમાં રહ્યો છે. જડના અસ્તિત્વમાં એ ચીજ રહી છે. તારા અસ્તિત્વમાં આવી છે? તને મળી છે? તને મળી તો ત્યારે કહેવાય કે તારી પર્યાયમાં-અવસ્થાના અસ્તિત્વમાં આવે તો. શરીર પણ શરીરને કારણે અજીવપણે રહ્યું છે, કર્મ પણ અજીવપણે રહ્યા છે. એ જીવની કોઈ પર્યાયપણે થઈને રહે ત્રણ કાળમાં? ત્રણ કાળમાં? મમતા કરે છે કે આ મને મળ્યું. એ મમતા તારા અસ્તિત્વમાં મળી તને. કે જે સ્વરૂપથી વિરુદ્ધ ભાવ છે, દુઃખરૂપ ભાવ છે. એ મમતા સ્વરૂપમાં નથી અહીં તો કહેવું છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓલી ચીજ તો નથી, પણ એના પ્રત્યેની મમતાનો વિકલ્પ ઉઠે છે એ પણ વસ્તુમાં નથી. વસ્તુમાં નથી તેથી તેની પર્યાયમાં પણ ખરેખર મમતા એનું સ્વરૂપ જ નથી. સમજાણું કાંઈ? મમતા રહિત નિર્મમ ભગવાન આત્મા દ્રવ્ય-ગુણ અને પર્યાયપણે નિર્મમપણે પરિણમન તે એનું સ્વરૂપ છે. જાધવજીભાઈ! ભારે વાતું આ.

મમતા, એ (ચીજ) તો મળી નથી પણ મમતા પણ મળી નથી કહે છે પર્યાયમાં. એ તો અનુમાન કરીને કર્યું તેં કે મને આ (મળ્યું). વસ્તુમાં એક થઈ નથી. મમતા વસ્તુમાં એક થઈ નથી. વસ્તુના નિર્મમ સ્વભાવ સાથે વસ્તુ એક છે. નિર્મમ સ્વભાવ સાથે વસ્તુનું એકત્વપણું સંબંધ છે. મમતા સાથે સંબંધ છે નહિ. આહાહા..! એ અનેકાંત. મમતા કહો કે વ્યવહારાદિ વિકલ્પ કહો, એનો પર્યાયમાં પણ અભાવ છે. સમજાણું કાંઈ?

હવે ૧૪મી શક્તિ. '**જે અન્યથી કરાતું નથી...**' કહે છે કે એવો ભગવાન આત્મા છે એમ દ્રવ્ય-ગુણ અને પર્યાય એ રાગથી થતી નથી, નિમિત્તથી થતી નથી.

મુમુક્ષુ :- કર્મથી?

ઉત્તર :- નિમિત્ત આવ્યું ને કર્મ ઇ. કર્મથી આત્માની પર્યાય થતી જ નથી. અથવા કોઈ રાગનો મંદ ભાવ કષાયનો (થયો) માટે અહીં કાર્ય થયું આત્મામાં? ના. અકાર્યકારણ સ્થાપ્યું છે. રાગથી કાર્ય થાય એવો એનો સ્વભાવ જ નથી. અને રાગને-વ્યવહારને કારણ થાય એવો એનો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ? આત્મા ભગવાન બિરાજમાન પ્રભુ, સચ્ચિદાનંદ સ્વરૂપ. શબ્દ સચ્ચિદાનંદ આવે એટલે કહે ઓલા એ જ કહે છે. સચ્ચિદાનંદ વસ્તુ છે. સહજાનંદ આવે ને. સહજાનંદ આવે છે. આપણા સહજાનંદ મહારાજને ત્યાં સંભારે છે. કાગળ આવ્યો હતો તો એમાં લખ્યું હતું, હોં! એ લોકો સહજાનંદ આત્માને કહે છે. આપણે વ્યક્તિને સહજાનંદ કહીએ છીએ. એમ લખ્યું છે. આપણે વ્યક્તિને સહજાનંદ કહીએ (છીએ). મહારાજ વાત ભારે કરે છે. સ્વામીનારાયણવાળાએ પત્ર લખ્યો. અહીંયાં સાંભળ્યું

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


હશે. પછી લખ્યું હશે દેરાસરમાં. એના મંદિરમાં-ગઢડા. એક મહારાજ વાત કરે છે વસ્તુની અને પછી સાધુની. આ બધા સાધુ-બાધુ કહો છો પણ એ તો સાધુ બીજાને કહે છે. એ સાધુ તો જંગલમાં રહે, આનંદમાં મસ્ત રહે અને વસ્ત્ર-પાત્રની વૃત્તિ પણ ન ઉઠે એવા જંગલમાં રહેનારને સાધુ કહે છે. એઈ..! અને પોતે પણ સાધુ નથી એમ કહીને સાધુની ભાવના ભાવે છે. એમ કહે છે. એમ લખ્યું છે ભાઈ એણે હોં! આહાહા..! અને એના ભક્તો પણ એમ માને છે કે અહો..! સાધુપણું આવું હોય. એ સાધુપણું બીજી ચીજ છે. એમ કરીને લખ્યું છે. કો'ક સાંભળનાર હશે, સ્વામીનારાયણ હશે. સત્ય વસ્તુ છે એમાં સંપ્રદાય ક્યાં છે? આમાં વાડો ક્યાં છે? આ તો આત્માની ચીજ છે. જેવી છે તેવી છે. એવી પ્રકાશમાન થાય છે.

કહે છે, ભગવાન આત્મા એનામાં એવો એક ગુણ છે કે એનું કાર્ય કોઈપણ નિમિત્ત હોય અને કાર્ય થાય એવી અકાર્યશક્તિ છે એનામાં. સમજાણું કાંઈ? લ્યો! સંહનન હોય વજ્રનારાચ તો કેવળજ્ઞાન થાય, મનુષ્યપણું હોય તો કેવળજ્ઞાન થાય એવો એનામાં ગુણ જ નથી.

મુમુક્ષુ :- ગુરુનો ઉપદેશ હોય તો.

ઉત્તર :- ગુરુનો ઉપદેશ હોય તો જ્ઞાન થાય એવો એનામાં ગુણ નથી. પંડિતજી! શું કહે છે? આહાહા..!

મુમુક્ષુ :- એમ આવે છે.

ઉત્તર :- આવે એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા. ઉપદેશ એનો એવો હોય. પણ પ્રગટ કરે છે ત્યારે એને પરની સહાય છે નહિ. સાંભળ્યું માટે અહીં સમ્યગ્જ્ઞાન થાય છે એવું એનામાં છે જ નહિ. ભારે વાત, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આજે છોકરો કહેતો હતો, અમારે આમાં શું કરવું? એ પૂછયું હતું. શું કહે? બાપુ! નિર્ણય કર તો ખરો કીધું. કોણ લઈ જાય? આહાહા..!

નિર્ણય તો કરે કે હું આત્મા એક જ્ઞાનાનંદ સ્વરૂપ છું, રાગાદિ મારામાં નથી. રાગ કરવો એ મારા સ્વરૂપમાં નથી. આહાહા..! માટે કોઈ ચીજ જાય ને રાખું અને જાય અને કહું એલા ... એવો વિકલ્પ અને એવી ભાષા એ આત્મામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? એણે પૂછ્યું એવું. નવ વર્ષનો છોકરો, નવ વર્ષ હશે નાની ઉંમરનો. એવું પૂછ્યું હતું. હું સાંભળું છું કે તમે જ્ઞાતા-દ્દષ્ટા કહેવા માગો છો. મેં કીધું, ક્યાંથી સાંભળ્યું? તારી બાએ કહ્યું? ના. મૈં સુનતા હું વ્યાખ્યાનમેં કિ જ્ઞાતા-દ્દષ્ટા રહો ઐસી બાત કરતે હૈં. ઠીક વાત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે, ભાઈ! એ પ્રશ્ન પણ ક્યાં છે એવો? આત્મા જ્ઞાતા-દૃષ્ટા રહેવું એમ કહો ત્યારે અમારે કોઈ મારી જાય, પોથી લઈ જાય, ચોપડી પડેલી લઈ જાય તો શું કરવું અમારે? શું કહેવાય આ તમારી? ઈન્ડીપેન. હવે ઈન્ડીપેન અહીંયાં હોય ને ગુંજામાં હાથ નાખીને લઈ જાય તો એ વખતે અમારે શું કરવું? જ્ઞાતા-દૃષ્ટા રહેવું કે શું કરવું? એય..! જીતુ! શું કરવું એમ કહે છે. ભાઈ! પહેલો નિર્ણય તો કર કે હું આ છું. પછી કેમ ત્યાં વિકલ્પ ઉઠે અને કેમ થાય એ વળી બીજી વાત છે પછી. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે માર્ગ પણ ભાઈ!

ભગવાન આત્મા કહે છે કે '**જે અન્યથી કરાતું નથી...**' એની વર્તમાન નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, સમ્યગ્દર્શનની પર્યાય અન્યથી અન્યનું કાર્ય નથી. સમજાણું કાંઈ? લ્યો! આવે છે ને? નિસર્ગાત અધિગમાત. અભિગમાતથી સમ્યગ્દર્શનનું કાર્ય થાય છે? ના. સમજાણું કાંઈ? એમ સમ્યક્ચારિત્ર આત્મામાં થાય એને કોઈ કારણ હતું માટે સમ્યક્ચારિત્ર થયું એમ છે નહિ. અકાર્યકારણ શક્તિ આત્મામાં ભરી પડી છે એક. આહાહા..! એટલે? '**અન્યથી કરાતું નથી અને અન્યને કરતું નથી...**' અન્યને એટલે જડાદિની પર્યાયને કરતું નથી પણ રાગાદિ ભાવને પણ કરતો નથી. એનો એવો જ અકાર્યકારણ સ્વભાવ ભગવાન આત્માનો છે કે એની દૃષ્ટિ થતાં, એની દૃષ્ટિ થતાં એ અકાર્યકારણ નામની શક્તિનું પરિણમન પર્યાયમાં આવતા એ રાગને કરે અને રાગથી કાર્ય થાય એવો એનો પર્યાયમાં ધર્મ નથી. સમજાણું? એમાં ... એ લખ્યું છે. લખ્યું છે ને?

'**એવા એક દ્રવ્યસ્વરૂપ...**' પણ એ દ્રવ્યસ્વરૂપનો અર્થ જ એ કે દ્રવ્ય-ગુણ-પર્યાય એનું એ સ્વરૂપ છે. એક દ્રવ્ય એટલે પરનું કોઈ એમાં કાર્ય, પરને લઈને કાર્ય થાય અને પરનું કારણ કરે એવું દ્રવ્યમાં છે નહિ. અર્થ પણ ઊંધા કરે. એમ કે એ તો એક દ્રવ્યસ્વરૂપની વાત કરી છે. દ્રવ્ય એવું હોય. કોઈનું કારણ ન થાય અને કોઈનું (કાર્ય ન કરે). પર્યાય તો થાય. અરે..! પણ દ્રવ્ય એવું હોય તો એની પર્યાય પણ એવી જ હોય. આહાહા..! એનું કાર્ય ન આવે તો દ્રવ્ય જાણ્યું ક્યાંથી એણે? આ દ્રવ્ય કાર્યકારણ વિનાનું છે. કોઈથી કાર્ય નથી થયું અને ન કોઈનું કારણ એવું દ્રવ્ય છે. પણ એ દ્રવ્યમાં આ જાણ્યું કઈ પર્યાયે જાણ્યું? પર્યાય પોતે અકાર્યકારણવાળી છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! આ તો બાદશાહ, શીલ બાદશાહની વાત છે. શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભિખારી છે જ નહિ, ભગવાન તો ત્રણ લોકનો નાથ છે ને. આહાહા..!

સાતમી નરકમાં, વાતું થાય કે દુઃખ બહુ વેદાણું એટલે સમકિત થયું. કહે છે કે ના. ના. એવો એનામાં ગુણ નથી. એમ કહે છે અહીં તો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુમુક્ષુ :- વેદના સમ્યક્ત્વ થાય.

ઉત્તર :- શાસ્ત્રમાં આવે. વેદનાથી, બહુ વેદના દેખીને સમકિત થાય, ભગવાનની મૂર્તિ દેખીને સમકિત થાય. સમજાણું? મોટા દેવની ઋદ્ધિ, સમકિતી મોટા દેવમાં ગયા હોય અને એની ઋદ્ધિ દેખે ઓહોહો..! આ તે શું આરાધન! એના પુણ્ય કેટલા! પુણ્ય કેટલા! આરાધન તો ઠીક પણ એનું પુણ્ય કઈ જાતનું! આહાહા..! આ વૈભવ! છતાં એ દેવ દેખાય ઉદાસ પરથી. એ વૈભવથી ઉદાસ દેખાય. આહાહા..! આ શું? આ તે કેમ પ્રાપ્ત થયું? કઈ ભૂમિકામાં? પણ અહીં તો કહે છે એ કારણ જ નથી. કહો, પંડિતજી! પર કારણ નથી. દેશનાલબ્ધિ કારણ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- કરણલબ્ધિ કારણ છે.

ઉત્તર :- એ તો એના પરિણામ છે પોતાના. એ પણ ખરેખર પર્યાય થઈ એમ આવ્યું એ પણ કારણ નહિ. સીધો અકાર્યકારણનું પરિણમન દ્રવ્યમાં થાય છે એમ કહે છે. પૂર્વના પરિણામ પણ એને લઈને કાર્યનું સ્વરૂપ નથી એમ કહે છે. આહાહા..! શું કીધું?

ફરીને હવે. વસ્તુ જે છે ભગવાન આત્મા એનામાં અકાર્યકારણ નામનો ગુણ છે. એવી જ્યાં દૃષ્ટિ થઈ એટલે પર્યાયમાં પણ વર્તમાનમાં પૂર્વના કારણે કાર્ય થયું એવું નહિ અને રાગને કારણે કાર્ય (થયું) એ વસ્તુ છે જ નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

'**જે અન્યથી કરાતું નથી...**' જેનો ગુણ અને એની પર્યાય. '**અને અન્યને કરતું નથી...**' જેનો ગુણ અને એની પર્યાય. રાગને કરે નહિ. એ સંસારને કરે નહિ એવો એનો ગુણ છે એમ કહે છે. આહાહા..! સંસાર એટલે ઉદયભાવ વિકાર. વિકારભાવને કરે નહિ એવો એનો ગુણ છે. આહાહા..! ધરમચંદજી! ભગવાન પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ તીર્થંકરે આત્મા કહ્યો એવો આત્મા લોકોએ સાંભળ્યો નથી. આમ આત્મા આત્મા વાતું કરે કે આ આત્મા. કરો પૂજા, કરો ભક્તિ, કરો જાત્રા, કરો નવ્વાણુ માથે. શેત્રુંજય હેઠે અને ઉપર. શું કહેવાય? ડોળીમાં. થઈ ગયો ધર્મ. ધૂળમાંય નથી. સાંભળને! એય..! શેઠી! ભગવાન..

મુમુક્ષુ :- મુનિપણાની વાત છે.

ઉત્તર :- મુનિપણું ક્યાં હતું ત્યાં? અહીં તો મુનિ પોતે જ મુનિ છે. મુનિ આત્મા પોતે છે. મુણવું એટલે જાણવું. પ્રત્યક્ષ થવું એનું નામ મુનિ. એ પ્રત્યક્ષ આવી ગયું. મુણવું એટલે જાણવું. એ પોતે સમ્યગ્દૃષ્ટિ પોતે એ અપેક્ષાએ આત્મા મુનિ છે. ચારિત્રની સ્થિરતાની...

'સિદ્ધ સમાન સદા પદ મેરો.' ભગવાન આત્મા... આહાહા..! કહે છે.. ઓલા ઉતાર્યા છે ને? ચારેયમાં મુનિ નાખ્યા છે. એક એક શક્તિ મુનિ છે. એક એક શક્તિ મુનિ છે. મુનિ એટલે મુણવું-જાણવું. પ્રત્યક્ષ થઈને જાણવું એનું નામ મુનિ. તો એ શક્તિ પણ પ્રત્યક્ષ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થઈને બધાને જાણે છે. સમજાણું કાંઈ? એ અપેક્ષાએ. ઓલી ચારિત્રની સ્થિરતા ઈ નહિ. પણ ઈ તો પછી ઓછી-વત્તી દશાની વાત છે. એ કાંઈ (નહિ), એ તો વ્યવહારનો વિષય થઈ ગયો. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા! એવો એનામાં એક ગુણ છે અકાર્યકારણ કે કોઈપણ નિમિત્તના પરને કારણે એની પર્યાયમાં કાર્ય થાય, ગુણ દ્રવ્ય તો ધ્રુવ છે, પણ એની સમ્યગ્દર્શનની પર્યાય કોઈ કારણે થાય એવો એનો સ્વભાવ નથી. અને એ સમ્યગ્દર્શનપર્યાય તીર્થંકરગોત્રના પરિણામને ઉત્પન્ન કરે એવો એના પર્યાયના કારણરૂપે થાવું (એવો) ધર્મ નથી એનો. તીર્થંકરગોત્ર બાંધે એ તો મોટો ... સમકિતી જ બાંધે. બીજો હોય નહિ લ્યો. અહીં કહે છે, ના. ના. (ઈ) બાંધે જ નહિ. આહાહા..! એય..! ભગવાન અબંધસ્વરૂપી આત્મા, એની શક્તિઓ અબંધસ્વરૂપી, એનું પરિણમન અબંધપરિણામી. સમજાણું કાંઈ?

'**અન્યથી કરાતું નથી અને અન્યને કરતું નથી એવા એક દ્રવ્યસ્વરૂપ અકાર્યકારણત્વશક્તિ.**' એની વિશેષ સ્પષ્ટતા આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**જેઠ વદ ૧૩, રવિવાર તા. ૨૩-૬-૧૯૬૮**
**શક્તિ-૧૪-૧૫, પ્રવચન-૫૪૬**

શું કહે છે? આ આત્મા છે ને દેહથી આત્મા જુદો. એ આત્મા વસ્તુ છે અને તેથી એમાં અનંત શક્તિઓ વસેલી છે. એ શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી. આ આત્મા ચૈતન્યમૂર્તિ આનંદસ્વરૂપ એનું છે. દેહ, વાણી, મન તો કાંઈ એના નથી, એનામાં નથી. એ એના રૂપે થઈને રહ્યા નથી. આત્માના રૂપે થઈને આ દેહ રહ્યા નથી. એ તો જડરૂપે જડ થઈને, જડરૂપે થઈને રહ્યા છે. અને એમાં પુણ્ય-પાપના વિકલ્પો છે એ કાંઈ આત્મા નથી. એ તો આસ્રવતત્ત્વ છે, અનાત્મા છે. એથી એના સ્વરૂપમાં એનો અભાવ છે. આત્મામાં અનાત્માનો અભાવ છે. શરીર, વાણી, મન, કર્મનો અભાવ છે, એમ પુણ્ય-પાપના ભાવનો પણ આત્મા જેને કહીએ એમાં એનો અભાવ છે. ત્યારે એનામાં શું છે ભાવ? એનો અભાવ છે તો ભાવ શું છે?

આ અનંત શક્તિઓ એના ભાવમાં પડી છે. એ સત્ છે તેનું સત્ત્વ અનંતગુણરૂપ, અનંતશક્તિરૂપ છે. એ શક્તિનું કાર્ય, જે શક્તિ છે એ શક્તિવાન એવો આત્મા એનું છે. તો એ આત્મા ઉપર દૃષ્ટિ દેતાં, આત્માનો સ્વીકાર થતાં એ અનંત શક્તિઓ જે છે તે દ્રવ્ય છે અને તે આખા દ્રવ્યની અંતર દૃષ્ટિમાં આત્મા છે એમ આસ્થા આવતા, એની આસ્થા આવતા કે આવો આ આત્મા અનંત ગુણવાળો છે. એમ આસ્થા આવતા, એની શ્રદ્ધા થતાં એની વર્તમાન અવસ્થામાં જેટલી શક્તિઓ છે તે બધી નિર્મળપણે પરિણમે છે. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? ચીમનભાઈ! ઓલી મુંબઈની વાતથી બધી વાત જુદી છે એક એક અહીં.

ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા કેવળજ્ઞાની, એણે આત્માને કહ્યો, આત્માને કહ્યો એવો એ છે. એવો જેણે જોયો એટલે કે ભગવાને જેવો કહ્યો એવો એ છે. એવો જેણે જોયો કે આ આત્મા એવો જ છે. ભગવાને જોયો એવો મેં જોયો. વર્તમાન જ્ઞાનની દશા દ્વારા કે શ્રદ્ધા દ્વારા આ આત્મા એવો જ પરિપૂર્ણ દ્રવ્ય અભેદ અખંડાનંદ અનંત ગુણનો પિંડ છે. એમ જેણે જોયું ને માન્યું એને ધર્મ થાય છે. એ સુખી થાય છે. આમ નહોતું ત્યાં સુધી એ દુઃખી હતો. સમજાય છે કાંઈ? એ સુખી થવાના કાર્યમાં કોઈની મદદ છે? કહે છે. એ શક્તિનું વર્ણન છે. સમજાય છે? જુઓ! ૧૪મી.

‘**જે અન્યથી કરાતું નથી...**’ શબ્દ છે અંદર? એટલે શું કહે છે? જે અન્યથી કરાતું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


નથી. ભગવાન આત્મા એનામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને આનંદ એવી શક્તિઓ છે અંદર અને એ શક્તિનો આશ્રય કરનાર આધાર દ્રવ્ય છે. એ દ્રવ્યનો આશ્રય કર્યો એને એની પર્યાયમાં-અવસ્થામાં સુખરૂપ થાય છે, શ્રદ્ધારૂપ થાય છે, શાંતિરૂપ થાય છે, વીર્યની રચના સ્વરૂપને કરે એ રૂપે થાય છે. તો કહે છે કે એ કાર્ય જે થાય છે એ કાર્ય કોઈનું કાર્ય છે? સમજાણું કાંઈ? ના. એ વસ્તુ પોતે એવી છે એ દ્રવ્ય પણ કોઈનું કાર્ય નથી. એની શક્તિ જે ગુણરૂપ છે એ પણ કોઈનું કાર્ય નથી, પણ એની વર્તમાન અવસ્થા પણ કોઈનું કાર્ય નથી. દ્રવ્ય-ગુણને તો સ્વીકારે માણસ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એ વસ્તુનો સ્વીકાર થતાં કહે છે કે એ પોતે કારણ થઈને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને આનંદની અવસ્થા થાય એ પોતે દ્રવ્ય કારણ થઈને થાય, પણ એ ધર્મની પર્યાયને કોઈ રાગની મંદતા હતી, શ્રવણ કર્યું હતું, દિવ્યધ્વનિ ભગવાનના ભેટા થયા, સમવસરણમાં મળ્યો, વાણી સાંભળી એ કારણે એ કાર્ય થાય એવો એનામાં ગુણ નથી. પંડિતજી! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દિવ્યધ્વનિની દિવ્યધ્વનિમાં મહત્તા. દિવ્યધ્વનિના કારણે આત્માને દર્શન-જ્ઞાન થાય એવો આત્મામાં સ્વભાવ જ નથી એમ કહે છે અહીં. અકાર્ય છે. પરના કારણે થાય એવો આત્માનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ?

અકાર્ય. સમ્યગ્દર્શનરૂપી પર્યાય પ્રગટ થાય તો એમાં કહે છે કે દર્શનમોહ કર્મ છે એ કાંઈક ખસે છે, એવું કોઈ કારણ લાગુ પડે તો અહીં કાર્ય થાય છે એવું એ સ્વરૂપ જ નથી. અકાર્ય. પરના કારણે કાર્ય થાય એવી ચીજ જ નથી. સમજાણું કાંઈ? વ્યવહાર શાસ્ત્રમાં તો આવે હોં! કાર્યના બે કારણ. ઉભયીક કારણ આવે છે ને? અભ્યંતરકારણ, બાહ્યકારણ બે આવે છે કે નહિ? જુઓ! સંમતભદ્રમાં આવે છે. અભ્યંતર અને બાહ્ય બે કારણ. અહીં ના પાડે છે. એ તો ત્યાં નિમિત્ત કેવું છે એને સાબિત કરવા એ વાત કરી. નિશ્ચયમાં પર કારણ કોઈ આત્મામાં છે જ નહિ. એક જ કારણ છે. પોતાનો આત્મધર્મ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, શાંતિ અને આનંદ એવી આત્માની અવસ્થાના કાર્યમાં દ્રવ્ય પોતે જ કારણ છે. એના કાર્યમાં બીજું કોઈ કારણ છે એ છે જ નહિ. એવો એનામાં ગુણ છે. સમજાણું કાંઈ? આવો કહે છે આ.

'કારણે કાર્ય નિપજે' એમ નથી આવતું ભાઈ? જુઓ! આનંદઘનજીમાં આવે છે. 'કારણે કાર્ય નિપજે, કારણ વિના કાર્ય માને ...' લ્યો એવું આવે છે. આહાહા..! અહીં તો કહે છે કે ભગવાન આત્મા એમાં જેવો એક જ્ઞાનગુણ છે એવો એક આનંદગુણ છે, એવો એક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અકાર્યકારણ નામનો ગુણ છે. એ ગુણનો ગુણ, એ ગુણનો ગુણ એટલે એ ગુણનું કાર્ય એને કાર્ય થવામાં પરના કારણે કાર્ય થાય એવો એનામાં ગુણ નથી. સમજાણું કાંઈ? બે કારણે કાર્ય થાય. ના. બીજું કારણ જ નથી ને અહીં તો કહે છે. એનો અકાર્યકારણ સ્વભાવ જીવનો છે. આ વાત ભારે કઠણ જગતને. રાગની મંદતા, પંચ મહાવ્રતાદિની છે તો ત્યાં ચારિત્રનું કાર્ય વર્તે છે એમ નથી, કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આત્મામાં સાંભળવાથી માલૂમ પડે છે? આત્મામાં દિવ્યધ્વનિ છે ને પ્રકાશ-પ્રકાશ સ્વભાવ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા ઈ. વાણીથી નહિ.

ભગવાન આત્મા આનંદની મૂર્તિ પ્રભુ છે. એને ક્યાં ખબર નથી ને. સમજાય છે? એટલે રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ કરે અને દુઃખી થાય છે. બરાબર હશે મલૂકચંદભાઈ? દુઃખી થાય છે? એય..! નવરંગભાઈ! પાંચ-પચાસ લાખ, કરોડ, બે કરોડ હોય તો? એને કારણે દુઃખી નથી. પોતાના આનંદને ભૂલે છે તેટલા પ્રમાણમાં તે દુઃખને ઉત્પન્ન કરે છે. એ દુઃખને ઉત્પન્ન કરે છે તે આત્માનો સ્વભાવ નથી એમ કહે છે અહીં તો. આહાહા..! સમજાણું કાંઈ?

આત્મામાં આનંદસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે, એની સાથે વણાયેલો અકાર્યકારણ નામનો એક ગુણ વણાયેલો ભેગો છે કે જેના આનંદની પર્યાય પ્રગટ કરવા માટે કોઈ રાગની મંદતા કે વાણીની નિમિત્તતા હોય તો આ કાર્ય થાય એવો આત્માનો ગુણ નથી. એવી આત્માની પર્યાય પણ નથી એમ કહે છે. અહીં તો પર્યાયને સિદ્ધ કરવી છે ને વધારે. સમજાણું કાંઈ? .. પોતાની ગુણની પર્યાય પરિણમતા દ્રવ્ય એટલે વસ્તુ ભગવાન આત્મા એનું અંતર લક્ષ જતાં દ્રવ્ય પોતે શુદ્ધપણે પરિણમવાનો અને પરથી ન પરિણમે એવો એનો સ્વભાવ છે. કહો, સમજાણું કાંઈ? અંદર સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાન થાય તો કહે છે કે એ કાર્યને માટે કોઈ બીજું કારણ હતું, ઈન્દ્રિયો હતી, સાંભળ્યું, નિમિત્ત હતું તો એ મતિ-શ્રુતજ્ઞાનની પ્રત્યક્ષતા થાય... સમજાણું કાંઈ? એમ નથી. પ્રત્યક્ષતા આવી ગયું છે ને પહેલું આપણે? એના પછી આ અસંકોચવિકાસ આવ્યું. એમાં તરત જ છે. વાત કરી કે આત્મામાં પરોક્ષ રહેવું એવો ગુણ જ નથી. એ તો વાત થઈ ગઈ. ૭૩ ગાથામાં. ૭૩ કર્તાકર્મની. સમજાણું કાંઈ? આત્મામાં આત્મા પોતાને પ્રત્યક્ષ થાય એવો એનો ગુણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આત્મા છે એમ કરીને જેણે આત્માને માન્યો એને આત્મા પ્રત્યક્ષ થયા વિના રહે નહિ એવો એનામાં ગુણ છે એમ કહે છે. ચંદુભાઈ! આહાહા..! એના પછી આ અસંકોચવિકાસ (ગુણ) લીધો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે અને એના પછી આ લીધો છે. અસંકોચવિકાસ એટલે જેની પર્યાયનો સંકોચ જ ન થાય. વિકાસ જ હોય. કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળમાં રહેતો જીવ પોતાના જ્ઞાનાદિ અનંત ગુણનો સંકોચ થાય એવું એનું સ્વરૂપ જ નથી. કોઈપણ પ્રકારે કોઈપણ ક્ષેત્ર-દ્રવ્યમાં એને સંકોચ ન થાય અને વિકાસ થાય એવો જ એનો સ્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એના પછી આ વાત મૂકી છે. ૧૪મી શક્તિ.

ભગવાન આત્મામાં, આત્માના સત્ત્વમાં, એના સામર્થ્યમાં એવી એક સામર્થ્યતા છે કે જે આત્માના પરિણમનના કાર્યમાં પરનું કારણ નિમિત્ત હોય તો આ કાર્ય થાય એવો એનામાં ગુણ નથી. સમજાણું કે નહિ આમાં? ચીમનભાઈ! આ લોજિક બધું ઝીણું છે હોં! ત્યાં તો તમારે ઓલા રળવામાં જાય એમાં મગજ કાંઈ કામ ન કરે. જાડું કામ કરે. ત્યાં પુણ્ય હોય તો રળી જાય બે, પાંચ, દસ લાખ. એમાં ધૂળમાં કાંઈ છે નહિ. એય.. જયંતિભાઈ! ત્યાં પછી ગણાય બુદ્ધિવાળા. બે, પાંચ, દસ લાખ કમાય એ. લ્યો! હવે લાખ રૂપિયા એને આપ્યા. શું કહેવાય એને? થેલી. ચીમનભાઈને આપ્યા કે નહિ ત્યાં? આના છોકરાને બેસાડ્યો ત્યાં મોઢા આગળ ઓલા એક પચાસ હજાર લેવા માટે. લ્યો. કેમ ચીમનભાઈ ખબર છે કે નહિ? શું કહેવાય તમારા પૂનમચંદ. બે-અઢી કરોડ રૂપિયા. ઓલા કાંઈક હશે દવાખાનું કાંઈક. મોઢા આગળ બેઠા તો પચાસ હજાર. લાવો બેસાડ્યા મોઢા આગળ ખુરશી લઈને. જુઓને, પણ મજા કેટલી છે! એ મજા છે? અરે..! હોળી રાગના કલેષમાં પડ્યો છે, સાંભળને હવે. એય.. શેઠીજી! ભારે ભાઈ! ઓલા કહે, આ મારા અગ્રેસર પ્રમુખ તરીકે અમે એને સ્થાપીએ છીએ. સભાના... શું કહેવાય તમારા? એય..! ચીમનભાઈએ કર્યું હોય ને એવું બધું? શું કહેવાય એના? સભાના અધ્યક્ષ. અધ્યક્ષ ને? પ્રમુખ પ્રમુખ. સભાના પ્રમુખ છે. એટલે એના આશ્રયતળે આટલી સભા કલાક સુધી ચાલશે. ગપેગપ છે.

મુમુક્ષુ :- બન્યું છે એને ગપ કેમ કહેવાય?

ઉત્તર :- શું બન્યું છે પણ? દુઃખ બન્યું છે ત્યાં. એની અવસ્થામાં તો રાગ અને રાગનું વેદન હતું દુઃખનું. એના કાળમાં ત્યાં બીજું કાંઈ હતું નહિ. સમજાણું કાંઈ? અને એને લઈને આત્મા સુખી છે એમ નથી એમ કહે છે. એ રાગ પોતે દુઃખ છે.

હવે સુખી થવા માટે તો ભગવાન આત્મા આનંદનો ભંડાર છે એમાં સચ્ચિદાનંદ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદ પડ્યો છે. એની નજરું કરતાં એની અવસ્થામાં આનંદરૂપી દશા થાય એવા કાર્યને કોઈના કારણની જરૂર નથી. સમજાણું કાંઈ? પૈસાની જરૂર નહિ, શરીર સુંદરની જરૂર નહિ, નિરોગતાની જરૂર નહિ, આ કર્મનો કાંઈ ક્ષયોપશમ થાય એની જરૂર નહિ અને રાગની કોઈ મંદતા શુભ વિકલ્પ ઉઠે એની એને સુખના આનંદની પરિણતિમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જરૂર નહિ. સમજાણું કાંઈ? આહાહા..! આ ક્યાં.. ખબર જ ન મળે. એમ ને એમ આંધળે આંધળા હાલ્યે જાય છે અનાદિથી. જયંતિભાઈ! આહાહા..! આ બધા પૈસાવાળા પણ આંધળા હશે?

કહે છે કે દેખતો ભગવાન આત્મા ચૈતન્યની જ્યોત છે. સર્વજ્ઞ તીર્થંકર કેવળજ્ઞાનીએ જોયેલો છે. એવો જેણે અંતર નજર નાખીને જોયો એને જે અંતરમાં સમ્યગ્દર્શન દશાનું કાર્ય પ્રગટ્યું, આખો આત્માનો સ્વીકાર થયો, એ કાર્યને માટે કોઈ પર કારણ હતું ને પ્રગટ્યું છે કાર્ય એમ છે નહિ. ક્ષાયિક સમકિત પ્રગટ્યું તો ત્યાં ભગવાનના શાસ્ત્રમાં એવો લેખ છે કે કેવળીઓ અને તીર્થંકરની સમીપમાં ક્ષાયિક સમકિત પ્રગટે. કેવળી દુગે. અહીં ના પાડે છે. એને કારણે ક્ષાયિક સમકિત નથી. એ તો નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવ્યું છે. આ અકાર્યનું આવે છે કે નહિ? આત્મામાં ક્ષાયિક સમકિતના કાર્યકાળમાં બીજા કોઈ કારણે એ કાર્ય થયું છે એમ છે જ નહિ. સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્યના ગંજમાં અંદરમાં વસ્તુમાં ક્યાં કમી છે? એટલી અનંત શક્તિઓનો એ ભંડાર છે કે જેમાં પરના કારણની જરૂર નહિ એવો છે. એવો સ્વકાર્ય કરનારો પોતે ભગવાન આત્મા સ્વતંત્ર છે, એમ કહે છે. સમજાણું કાંઈ? અહીંયા તો કહે છે કે ગુરુની વાણીની જરૂર નથી. એમ કહે છે અહીં. એય..!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- આવે કોણ? જાય કોણ? એય..! ચીમનભાઈ! બહુ ભારે આવી વાતું.

ભગવાન આત્મા પોતાની વસ્તુની જ્યાં સંભાળમાં ગયો, પરની સંભાળ કરવામાં જતો ત્યાં કાંઈ સંભાળ થતી નહિ, પણ મિથ્યા પરિણામે સંભાળ કરું છું એવું માનતો. સમજાય છે? પણ પોતાની દૃષ્ટિએ જ્યાં પોતાની ચીજને સંભાળ કરવા ગયો ત્યાં એને વર્તમાન દશામાં જે સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ અને આનંદની દશા થાય, કહે છે કે એના કાર્યને માટે બીજું કોઈ કારણ છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

કેવળજ્ઞાનરૂપી કાર્ય થાય ત્યારે એને આ મનુષ્યપણું અને વજ્રનારાચ સંહનન હતું તો કાર્ય થયું એવું એનામાં છે જ નહિ. એ તો ઠીક, પણ પૂર્વે એને ચાર જ્ઞાનની દશા હતી તે કારણ થાય અને કેવળજ્ઞાન કાર્ય થાય એવું એનામાં છે જ નહિ. છે જ નહિ. એય..! મોક્ષના માર્ગની પર્યાય કારણ થાય અને મોક્ષ કાર્ય થાય એવું એનામાં છે જ નહિ એમ કહે છે.

પર્યાયથી પર્યાય થાય એ પણ એક વ્યવહાર છે. ઉપાદાનથી ઉપાદેય થાય એ પણ એક વ્યવહાર છે. નિમિત્તથી થાય એ તો વાત છે જ નહિ, પણ ઉપાદાન કારણ અને પછી થાય કાર્ય એ વ્યવહાર છે, એ વસ્તુસ્વરૂપ નથી. સમજાણું કાંઈ? સીધો ભગવાન પોતે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જ્ઞાનાનંદનો નાથ એવા આત્માની જ્યાં દૃષ્ટિ થઈ એટલે પોતે દ્રવ્ય જ કારણ થઈને સમ્યગ્દર્શન આદિની પર્યાયની નિર્મળતાનું કાર્ય (થાય છે). પરના કાર્યની, પૂર્વના કારણની એને જરૂર નથી એવી એ વસ્તુ છે. સમજાણું કાંઈ? જુઓ! એટલું એમાં ભર્યું છે હોં! આ એક શબ્દ એટલામાં આ બધુ છે. આટલામાં ક્યાંથી કોઈએ કાઢ્યું?

'**જે અન્યથી**...' જે. એટલે એના દ્રવ્ય, ગુણ અને પર્યાય '**અન્યથી**...' એટલે અનેરા નિમિત્તથી, પૂર્વના કારણથી, સંયોગથી કરાતું નથી. જે આત્માના દ્રવ્ય એટલે વસ્તુ અને ગુણ એટલે શક્તિ અને એની વર્તમાન કાર્ય દશા જે '**જે અન્યથી કરાતું નથી**...' સમજાય છે કાંઈ? સ્વસંવેદન પ્રત્યક્ષ જ્ઞાન થયું એ અન્યથી થયું નથી. પરોક્ષ જ્ઞાન પહેલું ખ્યાલમાં આવ્યું હતું. આમ આ કહે છે, આમ આ કહે છે એમ ખ્યાલમાં આવ્યું હતું માટે આ પ્રત્યક્ષ જ્ઞાન થયું એમ નથી એમાં. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પરના કારણ વિનાનો એવું એનું કાર્ય છે. એનો એક ગુણ છે, એની એ શક્તિ છે, એનું એ સત્‌નું સત્ત્વ છે. સત્ વસ્તુ, એનું પણું. એમ કીધું છે ને? '**અકાર્યકારણત્વ**...' એમ લીધું છે ને? અકાર્યકારણત્વ, અકાર્યકારણપણું એનો ગુણ એ છે. સમજાણું કાંઈ? આ તો અધ્યાત્મ છે. એ કાંઈ શબ્દોમાં કાંઈ એટલો બધો ભરેલો છે ભાવ, એની પર્યાયનો એનો. ચૈતન્યનો નહિ હોં! આ શરીરની પરમાણુની પર્યાયનો. સમજાણું કાંઈ?

કહે છે, '**જે અન્યથી**...' જે એટલે શું? કે જે આત્મા વસ્તુ, એની શક્તિ અને એની અવસ્થા નિર્મળ. એને અહીં આત્મા (કહે છે). ઓલા રાગ અને પુણ્ય એ તો કાંઈ આત્મા છે જ નહિ. એટલે પ્રશ્ન અહીં છે નહિ. દયા, દાન, વ્રતના પરિણામ એ આત્મા નથી એટલે એ આત્મા એટલે '**જે**...' એ આત્મામાં આવતું નથી. સમજાણું કાંઈ? '**જે**...' એટલે આત્મા એને '**અન્યથી**...' પોતાની વર્તમાન. દ્રવ્યને તો અન્ય.. આમાં એ લોકો લે છે ઓલા લાલબહાદુરનું કહ્યું હતું ને? લાલબહાદુર કહે, આ તો દ્રવ્યની વ્યાખ્યા છે. દ્રવ્ય કોઈનું કાર્ય નથી અને દ્રવ્ય કોઈનું કારણ નથી. એમ એ કહે છે. પાઠ છે ખરો ને એવો. '**જે અન્યથી કરાતું નથી અને અન્યને કરતું નથી એવા એક દ્રવ્યસ્વરૂપ**.' એમ નથી. એક દ્રવ્યસ્વરૂપનો અર્થ જ ઈ છે. એ પોતે પોતાનું દ્રવ્ય, એ દ્રવ્ય એટલે પરદ્રવ્ય નહિ, એનો ગુણ અને એની વર્તમાન અવસ્થા એવો જે એક દ્રવ્યસ્વરૂપ આત્મા, એ અન્યના કારણે કાર્ય થાય એવો એનામાં ગુણ નથી. અકાર્ય સ્વભાવ છે. સમજાણું કાંઈ? આટલા અપવાસ કરે તો એને શુક્લધ્યાન થાય એમ ના પાડે છે અહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શુક્લધ્યાન થાય તો કેવળજ્ઞાન થાય એની પણ ના પાડે છે અહીં. એ કેવળજ્ઞાનનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કાર્ય એ અકાર્ય એટલે કે બીજાથી કાર્ય થતું જ નથી. સ્વતંત્ર જ્ઞાનની પર્યાય પોતાથી થાય છે. કારણ લ્યો દ્રવ્યથી, એ પણ ભેદથી લ્યો તો. સમજાણું કાંઈ? નહિતર એ પર્યાયનો કાળ એવો જ એનો સ્વતંત્ર છે કોઈના કારણે થાય નહિ એવી પર્યાય છે, લ્યો. પર્યાયનું કારણ પર્યાય અને પર્યાયનું કાર્ય પર્યાય. ઠીક! આહાહા..!

મુમુક્ષુ :- અહીં તો શક્તિ લીધી છે.

ઉત્તર :- એ શક્તિ ભલે લીધી. પણ એ શક્તિની પર્યાય થઈ છે એ પોતે પર્યાયને કારણે પર્યાય (થઈ છે) અને પર્યાયના કારણમાં કોઈ કારણ નથી એમ કહે છે. ગુણને જેમ કોઈ કારણ નથી એમ પર્યાયને પણ કોઈ કારણ નથી. એમ પરિણમે છે એટલે છે નહિ. સમજાણું કાંઈ? ત્રણેમાં વ્યાપી છે ને શક્તિ? દ્રવ્યના કાર્યને કોઈ કારણ નથી, ગુણના કાર્યને કારણ નથી, પર્યાયના કાર્યને કોઈ કારણ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**અન્યથી કરાતું નથી...**' જુઓ! જેટલા નિમિત્તના કથનો શાસ્ત્રોમાં આવે કે ભગવાનના દર્શનથી આમ થાય. ઓલો કહે, ભગવાનના દર્શનથી નિદ્ધત કર્મ ખપે, બહુ વેદના દેખાય અને સમકિત થાય, જાતિસ્મરણ થાય અને સમકિત થાય. સમજાય છે? સાધુના દર્શન થાય અને સમકિત થાય. અત્યારે તો બહુ આવે છે કે અરે..! આ તો બધી પંચ કલ્યાણકની જે ક્રિયાઓ છે દેરાસર, મંદિરની એ તો સમકિતનું કારણ છે. બહુ આવ્યું છે હમણા છાપામાં. એક જણાએ (કહ્યું), હવે આટલા મંદિર થયા જ્યાં જરૂર નથી ત્યાં શું કરવા કરો છો? તો એક જણો કહે નહિ. નહિ. એનો નિષેધ ન થાય. જે કોઈ ભાવ આવ્યો છે એને પૈસા ખર્ચવાનો એમાં, એ બધા સમકિતના કારણો છે. પંચ કલ્યાણક ને ગજરથ ને. ધૂળેય નથી, સાંભળને! આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! જગતને અને તત્ત્વને બહુ વાંધા. કહે છે કે એ પંચ કલ્યાણક આમ થયા અને એમાંથી એને હરખ આવે ને... આહાહા..! સમકિતનું કારણ. ના. કોણે કહ્યું? ભગવાન આત્મામાં પરના નિમિત્તથી અહીં કાર્ય થાય એવો ગુણ નથી પછી થાશે ક્યાંથી? એય..! પંડિતજી! સમજાણું કાંઈ?

એ ભગવાન સ્વતંત્ર છે, એની શક્તિઓ સ્વતંત્ર છે અને એની પર્યાય સ્વતંત્ર છે. સમજાણું કાંઈ? '**જે અન્યથી કરાતું નથી...**' જેનું કાર્ય. જે અન્યથી, જે આત્માને અન્યથી તેનું કાર્ય (અર્થાત્) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આનંદનું કાર્ય અન્યથી કરાતું નથી. '**અન્યને કરતું નથી...**' હવે કહે છે કે આત્મામાં એવો અકારણ નામનો એક સ્વભાવ છે કે વાણીને કારણ થાય એવો એનામાં ગુણ નથી. દિવ્યધ્વનિ નીકળે છે એમાં આત્માની પર્યાય કારણ છે એવું કારણ છે જ નહિ એનામાં. સમજાણું કાંઈ? લ્યો!

આ વાણી નીકળે છે એમાં આત્માની પર્યાય કારણ છે, નિર્મળ પર્યાયની વાત છે હોં!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અત્યારે અહીં, આત્મા રાગવાળો એ તો આત્મા છે જ નહિ. પણ જ્ઞાનનો ઘણો વિકાસ છે અને ઉઘાડ ઘણો છે માટે તે વાણીને કારણ થાય એવો સ્વભાવ જ નથી. બહુ જ્ઞાનનો ક્ષયોપશમ હોય તો વાણી કેવી નીકળે! કહો, સાધારણ જ્ઞાન હોય એને એવી વાણી હોય?

મુમુક્ષુ :- સર્વજ્ઞને અનુસારિણી વાણી આવે છે...

ઉત્તર :- વાણી આવે છે. બીજા શ્લોકમાં. માટે તે પૂજ્ય છે. એ અપેક્ષાએ છે ને. બહુ ભાઈ ખેંચીશ નહિ નહિતર ભગવાનનું.. ભગવાનને તો .. એટલે વ્યવહાર છે, આવે છે. પણ બહુ કરીશ તો વ્યવહારનું પૂજ્યપણું છે એ ઊડી જશે. એમ કરીને ભાઈએ લખ્યું છે. આમાં. પરમ અધ્યાત્મ તરંગિણીમાં એક બોલ નાખ્યો છે. છે ખરો. ક્યાં હશે? આપણને કાંઈ બધું યાદ રહે છે? આમાં છે ને? પરમ અધ્યાત્મ તરંગિણીમાં નહિ? ઓલો વ્યવહારનો બોલ નથી? નિશ્ચય હોનાર થાય છે. એ જ્ઞાનદર્પણમાં છે ને? જ્ઞાનદર્પણ. છેલ્લું છે. જ્ઞાનદર્પણ હોં! એને નીકળવું હોય ત્યારે નીકળે. એવો શબ્દ છે હોં ક્યાંક. હોનહાર હોનહાર ક્યાં આવ્યું? હોનહાર થવાનું આવે છે ને ક્યાંક? ક્યાંક હશે. લાંબી વાતું... ભાઈ! એવો શબ્દ છે. હવે કાઢજો આમાંથી ક્યાંક છે. નીચે આમ છે.

ભાઈ! હોનહાર તો બરાબર છે, પણ એમાં વ્યવહાર પુરુષાર્થ આવે છે અને તેમાં વ્યવહાર હેય છે, હેય છે. પણ સર્વજ્ઞદેવ પણ જેમાં હેય છે. એની વાણી પણ હેય છે. એનાથી ખ્યાલ આવ્યો જ્ઞાન પણ હેય છે એવી વાતમાં જરી ધ્યાન રાખજે. વાત તો છે એમ છે. વાત તો છે પણ એને એમ કરીને... એક શબ્દ છે એવો. ભાઈ! નિષેધ કરે છે અહીં તો. સમજાણું કાંઈ? જુઓને ક્યાંક છે, પણ એ શબ્દ આવે તો વધારે મજા આવે. એ ક્યાં હશે એટલામાં ક્યાંક. સમજાણું કાંઈ? ટાણે આવે તો કામ આવે ભાઈ અહીં તો. છે એવો શબ્દ. દરિયો શાસ્ત્ર છે હજારો એમાં લક્ષ હોય કે આમાં હોય પણ પાનું હાથ આવે ત્યારે થાય ને.

શું કહે છે? ભાઈ! ભગવાન આત્મા એની જે ધર્મની પર્યાય પ્રગટ કાર્યમાં કોઈ નિમિત્તના કારણની જરૂર નથી, એવો એનો અકારણકાર્ય સ્વભાવ છે, અકાર્યકારણ સ્વભાવ છે. સમજાણું કાંઈ? અને સંત અને મહંત મહામુનિ છે કુંદકુંદાચાર્ય જેવા, એનો ક્ષયોપશમ ઘણો હતો માટે વાણીના નીકળવામાં એનું કાંઈ કારણ આવ્યું એમ છે જ નહિ. ઓલા તારણસ્વામીવાળા કેટલાક બહુ ખેંચે ને. મૂર્તિને ન માને પણ વાણીને બહુ માને. વાણીમાં જૈનના ભાવ ભર્યા છે, ભગવાનના ભાવ. ન્યાં ક્યાં ભાવ ભગવાનના હતા? એ તો જડના ભાવ છે. એ પણ પુદ્‌ગલના ભાવ. ત્યાં ક્યાં ભગવાનના ભાવ હતા એમાં? જ્યારે તું નિમિત્તપણે એમ કહે તો ત્યાં ભગવાન મૂર્તિ છે, ત્યાં પણ એ નિમિત્તપણે છે. પણ માણસને વિવેક રહેતો નથી,

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જ્યાં પક્ષમાં બંધાઈ જાય છે ને. મૂર્તિને ન માને પણ વાણીમાં એમ માને બોલે. એના પંડિતો લખે છે. વાણીમાં જિન વીતરાગના ભાવ ભર્યા એનાથી જ્ઞાન થાય છે. વાણીમાં ભાવ આવતા હશે આત્માના? આત્માની પર્યાય વાણીમાં આવતી હશે? વાણીને કારણ નથી આત્માની પર્યાય પછી પ્રશ્ન શું? વાણી સ્વતંત્ર થાય છે એને કારણે. આહાહા..! સમજાણું કાંઈ?

વળી તમે કહો કે ઉપદેશ સમકિતીને જ હોય. દેશના સમકિતીને હોય. વળી ત્યાં એમ કહો. વળી એનાથી થાય નહિ એમ કહો. ભાઈ સાંભળને! બેય વાત છે. હોય છે ત્યારે જ્ઞાનીનો જ ઉપદેશ એને નિમિત્તરૂપે હોય. છતાં તે કારણે સમકિત થાય છે એમ નથી. આહાહા..! પંડિતજી! બહુ વાત એવી ભગવાનના ઘરની વાતું બાપા! તારા ઘરમાં કેટલી મોટપ છે અને કેટલી મૂડી અને પુંજી છે એને ખબર નથી. ભિખારી થઈને ફરે છે જ્યાં ત્યાં. પણ અંદર પરમાત્મા પોતે પરમેશ્વર જેના કાર્યને માટે કોઈ કારણની જરૂર નથી એવો ત્રિલોકનાથ આત્મા છે. અને જગતમાં કોઈપણ પદાર્થના કાર્યકાળમાં આત્મા કારણ થાય એવો એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? આ દેહ ચાલે ને તો આમ તો આત્માને એને ખ્યાલમાં આવ્યો કે દેહ આમ થાય, આમ જાય, માટે જ્ઞાનનો ખ્યાલ ચાલવાની ક્રિયાને કારણ થાય એવું છે જ નહિ એનામાં. ખ્યાલમાં એમ આવ્યું કે આમ જાવું છે. આમ જાવું છે બારણે. તો આ શરીરની ક્રિયા એવી થઈ, ઓલો ખ્યાલમાં આવ્યું કે આમ (જવું છે), એ ખ્યાલ કારણ, એ કારણ આવ્યું માટે આને કાર્ય અને કારણ છે એવું છે જ નહિ. આહાહા..! શેઠી!

મુમુક્ષુ :- મારો જવાબ આવી ગયો.

ઉત્તર :- આવી ગયો?

ભાઈ! વસ્તુની સ્થિતિ છે એની તને ખબર ન હોય અને તું કલ્પી લે. એથી કાંઈ વસ્તુ કાંઈ બીજી થઈ જાય? સમજાણું કાંઈ? ખ્યાલમાં આવ્યું કે આ હાથ લાડવા ઉપર જવો જોઈએ ખાતા વખતે. પહેલો કટકો એ ઉપાડે છે. પહેલો દાળ હોય? વળી કોઈ લાડવો પહેલા ન ખાય ને ચોખા ખાય છે. પણ ત્યાં વિકલ્પ ચોખા ઉપર જાય. ખ્યાલમાં આવ્યું માટે આ ક્રિયા આમ થઈ, એના કાર્યને માટે આત્માનું જ્ઞાન કારણ બિલકુલ નથી. લ્યો! ભાઈ! ઓલા કહે છે ને? શરીરની ક્રિયાથી આ થાય. શરીર ચાલે, ઈષ્ટ કાર્ય જાય. છે ને એ તો આમાં જ છે. ચર્ચામાં. શરીર ઈષ્ટ કાર્ય બધું શરીર સચેતન આત્માથી થાય છે. જુઓ છે કે નહિ? શું છે? બીજો ભાગ. જુઓ! પ્રશ્ન બીજામાં છે ને એ? બીજો પ્રશ્ન નથી આપણે કાઢ્યો? બીજો પ્રશ્ન ને? બીજી શંકા? બીજી શંકા છે. નહિ? દ્વિતીય શંકા જુઓ આવ્યું લ્યો.

'જીવીત શરીર ઈષ્ટ સ્થાન પર જાતા હૈ, પર મૃતક શરીર ઈષ્ટ સ્થાન પર નહીં જા સકતા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

હૈ.' અરે..! સાંભળને ભગવાન! શું તું કરે છે? અરેરે..! 'જીવીત શરીરકી ક્રિયા સે આત્મામેં ધર્મ-અધર્મ હોતા હૈ યા નહી?' આ પ્રશ્ન. બીજો પ્રશ્ન. પાનું ૭૭ છે. 'જીવીત શરીરકી ક્રિયાસે આત્મામેં ધર્મ-અધર્મ હોતા હૈ યા નહી? હમારે પ્રશ્ન કે ઉત્તર મેં આપને જો લિખા હૈ કિ જીવીત શરીરકી ક્રિયા પુદ્ગલ દ્રવ્યકી પર્યાય હોને સે કારણ ઉસકા અજીવ તત્ત્વ અંતરભાવ હોતા હૈ, તો આપકા યહ લિખના આગમ અનુભવ પ્રત્યક્ષસે વિરુદ્ધ હૈ.' અરે.. ભગવાન! આવા પ્રશ્ન કર્યા પ્રભુ... આવા વીતરાગમાર્ગમાં. 'જીવીત શરીર ઈષ્ટ સ્થાન પર જાતા હૈ, પર મૃતક શરીર નહીં જાતા. દાંતો સે કાટના.' એ બરાબર કટકો કરવાનો ભાવ થાય છે તો એ અંદરમાં એ આત્મા પોતાનો.. તો એ જીવીત શરીર કરે છે. 'મારના, પીટના, તલવાર, બંદુક, લાઠી ચલાકર દૂસરે કા ઘાત કરના, પૂજા, પ્રક્ષાલન કરના...' જુઓ ભાઈ! સ્વાહા. ચોખા ઉપાડ્યા. ઈ શરીર સચેત છે, એમાં જીવ છે માટે કામ કરે છે. છે? 'સત્પાત્રકો દાન દેના...' આમ ભગવાન કુંદકુંદાચાર્ય જેવા આવે ને આમ આહાર દેવાની ક્રિયા સચેત છે એ ક્રિયા શરીર કરે છે, આત્મા છે તો શરીર કરે છે. લ્યો! આ '**લિખના...**' આવ્યું હિંમતભાઈનું. લખવું આવ્યું છે એમાં જુઓ! લખવું એ આત્મા એકલો કરી શકે? શરીરની મદદ છે માટે કરે છે. સચેત શરીર કરે છે. 'કેશ લોચ કરના, દેખના, સુનના, સુંઘના, બોલના, પ્રશ્નોત્તર કરના...' જુઓ ભાઈ! જે કાંઈ પૂછવું હોય તો ફટ ઉત્તર નીકળે વાણીમાં એમાં અંદરમાં જ્ઞાનની મદદ છે. 'શરાબ પીના, માંસ ખાના, આદિ ક્રિયા યદિ અજીવતત્ત્વકી હૈ તો ઉન ક્રિયાઓ દ્વારા આત્મા કો સન્માન, અપમાન, દંડ, જેલ આદિ ક્યોં ભોગના પડતા હૈ? સ્વર્ગ-નરક આદિ ક્યોં જાના પડતા હૈ? અણુવ્રત, મહાવ્રત, બહિરંગ તપ, સમિતિ આદિ જીવીત શરીર સે હોતા હૈ.' આહાહા..! ગજબ કરે છે ને પણ! મહાવ્રત પાળવા, અપવાસ કરવા એ શરીર હોય તો થાય કે નહિ? આહાહા..!

અહીં તો કહે છે, ભગવાન! સાંભળને ભાઈ! બતાવ્યું હતું એક ફેરી. એક ફેરી કહ્યું હતું વ્યાખ્યાનમાં, પહેલાં. સમજાણું કાંઈ? વ્યવહારનો નિષેધ છે. એમાંથી બહુ જોર કરીશ તો પછી ભગવાનનો પણ નિષેધ થઈ જશે એટલે જરી ધીમો .. છે તો ખરું. ભગવાનને વંદન કરે, પૂજા કરે... છે તો ખરું પણ એને વ્યવહાર છે એમ જાણજે. સમજાણું કાંઈ? શેઠી! છતાં એ વ્યવહાર આત્માના દર્શન, જ્ઞાન, શાંતિને કારણ થાય એવું આત્મામાં નથી. અથવા એ પૂજા, ભક્તિની પર્યાય આમ આમ થાય શરીરની એને આત્માની પર્યાય કારણ છે એમ નથી. ઈષ્ટ સ્થાને આમ શરીર જાય, ધાર્યું હોય ત્યાં શરીર જાય. અરે.. બાપા! તને ખબર નથી. એની શરીરની તો જે સમયની જે પર્યાય સ્વને કારણે સ્વતંત્ર થાય એમાં આત્માનું લક્ષ છે કે આ ઠેકાણે જાય માટે થાય છે એમ છે નહિ. ઝીણી વાત જગતને

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ભારે. તત્ત્વ ભગવાને કહેલા તત્ત્વની ખબર ન મળે અને કહે અમને ભગવાનની શ્રદ્ધા છે. ભગવાનની શ્રદ્ધા છે. ભગવાન શું કહે છે એની ખબરું ન મળે. સમજાણું કાંઈ? અમે ભગવાનને માનીએ છીએ, તીર્થંકરને માનીએ છીએ. બાપુ! તીર્થંકર શું કહે છે એને સમજ્યા વિના તીર્થંકરને માનવું સાચું આવતું નથી.

અહીં તો કહે છે, **'અન્યને કરતું નથી...'** 'જે' એમ લેવું. ઓલો શબ્દ. જે અન્યને કરતું નથી. હવે કારણની વાત છે. જે એટલે આત્મા, એની ગુણ શક્તિ અને એનો પર્યાય નિર્મળ જે અન્યને કરતો નથી. એટલે કે વ્યવહાર રાગ અને દયા, દાનના પરિણામ છે એનું એ કારણ થતું નથી. દયા, દાનના વ્યવહાર પરિણામનું એ કાર્ય નથી નિર્મળ પર્યાય, તેમ નિર્મળ પર્યાય વ્યવહારના વિકલ્પને ઉત્પન્ન થવામાં કારણ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, જે **'અન્યને કરતું નથી...'** દેહની ક્રિયાને કરતું નથી એટલે કારણ થતું નથી, વાણીને કરતું નથી એટલે વાણીને કારણ થતું નથી. વ્યવહારના અંદર રાગ, દયા, દાનના, પૂજાના, ભક્તિના ઉઠે એને આત્માની પર્યાય કારણ થતી નથી. એવો જેનો અકાર્યકારણ નામનો અનાદિ ગુણ છે. એ ગુણ દ્રવ્ય-ગુણમાં છે પણ એના સ્વભાવનો સત્કાર શ્રદ્ધા-જ્ઞાન થતાં એ અકાર્યકારણ નામની પર્યાયમાં પણ એનું પરિણમન એવું થાય છે. સમજાણું કાંઈ?

અને એ અકાર્યકારણ નામનો ગુણ અનંતા ગુણમાં વ્યાપ્યો છે. બધા ગુણોને અકાર્યકારણરૂપે કરી નાખ્યા. સમજાણું કાંઈ? અને અનંતા ગુણને એ નિમિત્ત તરીકે વ્યવહાર કહેવાય છે. લ્યો, એ નિમિત્ત છે, એ વ્યવહાર છે. અને એ અકાર્યકારણ ગુણ અસંખ્ય પ્રદેશમાં વ્યાપ્યો છે. ગુણ છે ને. ગુણનું સ્વરૂપ શું કીધું? તમારે તો આ છોકરાને શીખવે. ગુણ કોને કહીએ? કે દ્રવ્યના સર્વ ભાગમાં અને સર્વ હાલતમાં રહે તેને ગુણ કહીએ. તો આ ભગવાન આત્માનો... આ છોકરાઓને શીખવે છે. આવે છે ને? સુરેન્દ્રજી! આ તો હીરાલાલજીનો. આવે ને પ્રશ્નોત્તરમાં નથી આવતું? ગુણ કોને કહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ. એનો અર્થ અહીંયાં કરવો. આત્મામાં અકાર્યકારણ નામનો એક ગુણ છે. તો એ ગુણ કોને કહેવો? એ ગુણ દ્રવ્ય એટલે આત્મા, એના સર્વ ક્ષેત્રમાં, સર્વ ક્ષેત્ર કીધું ને? સર્વ ભાગમાં. સર્વ ભાગ કહો કે સર્વ ક્ષેત્ર કહો. અસંખ્ય પ્રદેશમાં તેનું ક્ષેત્ર ત્યાં વ્યાપે છે અને સર્વ હાલતમાં. એટલે સર્વ હાલત એટલે એની નિર્મળ દશામાં પણ એ અકાર્યકારણગુણ વ્યાપે છે. એ અકાર્યકારણગુણ નિર્મળ અવસ્થામાં વ્યાપે છે. એને પરિણમવા માટે બીજાની જરૂર નથી અને એ પરિણમનારો બીજાને કારણ થતો નથી. સમજાણું કાંઈ? આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ભારે વાતું! કાળ વિના પરિણમન થાય નહિ. ભાઈ! આવે છે કે નહિ? એઈ..! કાળ વિના પરિણમે નહિ જીવ.

મુમુક્ષુ :- ધર્માસ્તિ વિના ચાલે નહિ.

ઉત્તર :- ચાલે નહિ. ધર્માસ્તિ વિના ગતિ (થાય નહિ). ભાઈએ પૂછ્યું હતું ને શેઠે? લ્યો, ધર્માસ્તિ વિના ગતિ કરે નહિ, અધર્માસ્તિ વિના સ્થિરતા થાય નહિ, કાળ વિના પરિણમે નહિ, આકાશ વિના રહે નહિ. આહાહા..! બહુ પરાધીન. એમ છે જ નહિ. સમજાણું કાંઈ? એ ગતિ કરવાના કાર્યમાં ધર્માસ્તિનું કારણ છે એવું આત્મામાં છે જ નહિ. આહાહા..! ગતિમાં પરિણમનની ગતિ હોં! પરિણમન સહિત આમ ચાલે છે ને? સિદ્ધ પોતે લ્યો! સિદ્ધ ત્યાં થયા. સિદ્ધ તો અહીં થાય છે. શુદ્ધ પરિણતિ નિર્મળ થઈ ગઈ, મોક્ષ થઈ ગયો અહીં. મોક્ષ તો અહીં થાય છે. કહે છે કે એની શુદ્ધ પરિણતિના અહીં ગતિના કાર્યમાં કોઈ નિમિત્ત કારણ છે માટે ગતિનું પરિણમન છે નિર્મળનું, (એમ) છે જ નહિ. આહાહા..! ઊર્ધ્વ સ્વભાવ ગુણના કાર્યમાં કોઈ બીજા કારણની જરૂર નથી. કહો, સમજાણું કાંઈ? એવો આત્મા છે.

આવો આત્મા છે. આવા સામર્થ્યવાળો છે. એવા આત્માની પર્યાયમાં એનો સ્વીકાર થાય ત્યારે તેને સમ્યગ્દર્શન અને જ્ઞાન થાય. આમ અજ્ઞાનીઓ આત્મા આત્મા કરે, સર્વજ્ઞ સિવાયના લોકો આત્મા આત્મા કરે એ આત્મા નહિ. સમજાણું કાંઈ? સર્વજ્ઞે કહેલો આવો આત્મા કે જેને એક સમયમાં ત્રણ કાળનું જ્ઞાન પ્રગટ્યું અને તે જ્ઞાન કોઈને કારણે પ્રગટ્યું એમ નહિ અને તે જ્ઞાન વાણીને કારણ થાય એવું એ જ્ઞાન નહિ. અને તે જ્ઞાન જગતના ધર્મ પામનારાને કારણ થાય એનું જ્ઞાન.. લ્યો, વળી ત્યાં આવ્યું. ભાઈ! તીર્થ આવે છે કે નહિ? એય. તીર્થ. પ્રવચનસારમાં આવે છે. ધર્મતીર્થના કરનાર. પોતાનો ધર્મ હોં. ત્યાં તો એમ છે. પોતાના ધર્મતીર્થને કરનાર. ત્યાં તો ધર્મ કર્તા પોતાનો. સમજાણું કાંઈ? આહાહા..! તિન્નાણં તારયાણં આવે છે કે નહિ? નમોત્થુણંમાં આવે કે નહિ? તારે છે, તર્યા અને તારે છે. તર્યા અને તારે છે. તારવાને કારણ થાય છે? ના. એ તો ઉપચારના કથન છે. આહાહા..! આવે છે ને એ નમોત્થુણ? નમોત્થુણમાં છે. સામાયિકમાં આવે છે. નમોત્થુણં અરિહંતાણ ભગવંતાણં...તિન્નાણં તારયાણં બુદ્ધાણં બોહિયાણં મુત્તાણં મોઅગાણં... એવું આવે છે. પોતે મુક્ત થયા અને બીજાને મુક્ત કરે છે. એ બધા નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવે છે. બાકી કહે છે કે બીજાને મોક્ષ થવામાં મુક્તજીવ કારણ થાય એવો એનામાં ગુણ જ નથી. એય.. ધર્મચંદજી! આ કઈ જાતની દિશાઓ છે આ? આ ભારે. એય.. ભગવાનભાઈ! કેટલું શીખ્યા અત્યાર સુધી ઓલું નમોત્થુણં એમ આવે છે કે નહિ? તિન્નાણં તારયાણં બુદ્ધાણં બોહિયાણં.. આ જયંતિભાઈ શીખ્યા હશે. ભગવાન! આપ તર્યા અને જગતને તારો છો નાથ! આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અહીં કહે છે કે તારવામાં કારણ થાય એવો આત્માનો સ્વભાવ જ નથી. આરે..! આહાહા..! ઓલો તરે ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..!

ભાઈ! તીર્થંકર પ્રકૃતિ બાંધે તો ઘણાને તારે. માટે એનાથી લાભ છે એમ કહે છે. અહીં તો કહે છે કે જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવમાં આત્મા કારણ નથી ને. એ જીવનો ભાવ નથી એટલે આત્મામાં એ કારણ નથી ને. એનું કારણ આત્મામાં છે જ નહિ. આહાહા..! એ આત્મા જ નથી. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ આત્મા જ નથી, એ તો આસ્રવ છે. એટલે એની અહીં વાત લીધી નથી. આહાહા..! સમજાણું કાંઈ? જાધવજીભાઈ! એવી વાતું છે ભાઈ આ.

'**જે અન્યથી કરાતું નથી...**' એટલે કે અન્યનું કાર્ય નથી. એટલે કે આત્માના શુદ્ધ ગુણની જે પરિણતિ-પર્યાય દ્રવ્યના લક્ષે આશ્રયે થઈ તેના પર્યાયમાં અન્યનું કોઈ કાર્ય નથી. એ પર્યાય અન્યનું કાર્ય નથી અને અન્યનું કારણ નથી. એ નિર્મળ પર્યાય.. સમજાણું? '**અન્યને કરતું નથી...**' વ્યવહારને કરતું નથી. એના વિકલ્પ જે પંચ મહાવ્રતના પરિણામ મુનિને આવે એને પણ એ નિર્મળ પર્યાય કરતું નથી, એનું એ કારણ જ નથી. આહાહા..! આવો માર્ગ જુઓ તો ખરા! આહાહા..! વીતરાગ.. વીતરાગ.. વીતરાગ.. એકલી ધ્વનિ છે. વીતરાગ પર્યાય એ રાગનું કારણ કેમ થાય? અને રાગના કારણે એ વીતરાગ પર્યાય થાય એવો એનો ધર્મ કેમ હોય? રાડે રાડ નાખે. વ્યવહાર કારણ અને નિશ્ચય કાર્ય. એનાથી થાય. પહેલો વ્યવહાર આવે પછી એનું કાર્ય થાય. વ્યવહાર બદલીને શુદ્ધોપયોગ થાય. આહાહા..! ભાઈ! શુભોપયોગ છે એ તો આત્મા જ નથી. શુદ્ધોપયોગ છે એ આત્મા છે. સમજાણું કાંઈ?

આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ, ભગવાન પરમાનંદનો નાથ અનંત શક્તિ સંપન્ન (છે). એવી જ્યાં અંતર દૃષ્ટિ થઈ ત્યારે શુદ્ધ ઉપયોગ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના શુદ્ધ ઉપયોગરૂપી પરિણામ થયા. એ પરિણામનું કારણ શુભરાગ હોઈ શકે જ નહિ. એનામાં એવો ગુણ જ નથી. શુદ્ધોપયોગમાં રાગના કારણે શુદ્ધોપયોગ થાય એવો એ પર્યાયમાં પર્યાય નથી, ગુણમાં ગુણ નથી, દ્રવ્યમાં એ નથી તો પર્યાયમાં પણ એ ગુણ નથી. સમજાણું કાંઈ? આહાહા..! સાધારણ માણસને તો આમ કંપારી ઉઠી જાય કે આ તો વ્યવહારનો લોપ થાય છે. એઈ..! મલૂકચંદભાઈ! તમારા કાનજીસ્વામી કહે છે. સોનગઢ તો આ કરે છે. ભગવાન! સાંભળને પ્રભુ! કોણ કાનજી ને કોણ સ્વામી ને કોણ બોલે? સાંભળ તો ખરો. ભાઈ! તને ખબર નથી, પ્રભુ! એ આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ જ ચૈતન્ય છે. એના જ્ઞાન અને શ્રદ્ધાના આનંદ ને શાંતિના કારણમાં બીજું કારણ હોય કોણ? ભગવાન કારણ પરમાત્મા પોતે જ જેના કારણ થઈને કાર્ય આવે છે, ભગવાન મોટો ત્રણ લોકનો નાથ પરમાત્મા કારણ થઈને

અહીં કાર્ય થાય છે, એવાને રાંકાના કારણથી કાર્ય થાય એવું એનામાં છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અને એવા રાગની અવસ્થા, જેનાથી તીર્થંકરગોત્ર બંધાય એવા ભાવને આત્માની પર્યાય કારણ થાય? ના.

મુમુક્ષુ :- એ આત્માની પર્યાય જ નથી.

ઉત્તર :- એને કારણ થાય એમ નથી. એમ. પર્યાય તો પર. પણ એને કારણ થાય એટલું તો કારણ થાય કે અંદર જ્ઞાનની પર્યાય નિર્મળ થઈ? ના. એને કારણ થાતી જ નથી. અને અહીં તો ષોડશકારણ ભાવના ભાય, દર્શનવિશુદ્ધિ ભાવના ભાય... ભાવો. બાંધો તીર્થંકરગોત્ર. પણ બાંધવાનો ભાવ જ જીવમાં નથી અહીં તો કહે છે. બાંધવાનો ભાવ જ જીવ નથી. જે જીવ ભાવ બાંધવાનો છે એ જીવ જ નથી. પછી પ્રશ્ન શું છે? આહાહા..! સમજાણું કાંઈ? જડ કર્મમાં જે પરિણામ નિમિત્ત થાય એ પરિણામ આત્મા જ નથી. આહાહા..! પ્રવિણભાઈ!

ભગવાન આત્મા તો વીતરાગી દ્રવ્ય, વીતરાગી ગુણ અને વીતરાગી પર્યાય. એટલે કે અકષાય દ્રવ્ય, અકષાય ગુણ અને અકષાય પર્યાય એ આત્મા છે. એવી અકષાય પર્યાયને કોઈ કષાયની મંદતાના કારણે થાય એવું સ્વરૂપ એના ગુણમાં નથી, અને મંદ રાગને કારણ થાય નિર્મળ પર્યાય, ધર્મ પર્યાય, ધર્મ દશા પુણ્યને કારણ થાય એવી ધર્મ દશામાં કારણપણાનો ગુણ નથી. અકારણપણાનો ગુણ છે. એને કારણ ન થવું એવો ગુણ છે. સમજાણું કાંઈ?

જુઓ! '**(જે અન્યનું કાર્ય નથી...**' એ કૌંસમાં લખ્યું છે. '**(જે અન્યનું કાર્ય નથી...**' એટલે પર્યાય. દ્રવ્ય-ગુણ તો નથી જ. '**અને અન્યનું કારણ નથી એવું જે એક દ્રવ્ય...**' એવું એક સ્વરૂપ પોતાનું દ્રવ્ય-ગુણ-પર્યાય એટલું. '**તે-સ્વરૂપ અકાર્યકારણત્વશક્તિ.**)' છે. લ્યો, એ ૧૪મું થયું.

હવે આ ૧૫મી રાતે એક કલાક ચાલી હતી. એ ૧૫મી. છે ને પાઠ જુઓને ૧૫મો. '**परात्मनिमित्तकज्ञेयज्ञानाकार**' એટલે જ્ઞેય આકાર અને જ્ઞાન આકાર ભેગું. '**ग्रहणग्राहणस्वभावरूपा परिणम्यपरिणामकत्वशक्तिः**' એ ૧૫મી. '**પર અને પોતે જેમનાં...**' કારણ છે. એટલે કે નિમિત્ત. '**એવા જ્ઞેયાકારો...**' એટલે જ્ઞાનની પર્યાયમાં જે દ્રવ્ય-ગુણ-પર્યાયો જગતના છે એનો જે જ્ઞેયાકાર પર્યાયમાં થાય એ પર ગણ્યા છે અહીંયાં. એને પ્રમાણ ગણ્યા છે. એને પર ગણ્યું છે, એને અહીંયાં પ્રમાણ ગણ્યું છે. '**પર અને પોતે...**' પોતે જ્ઞાનાકારને પોતે ગણ્યો છે. પોતે એટલે જ્ઞાનાકાર જે છે એને પોતે ગણ્યો છે. પરને ગ્રહવા યોગ્ય જે છે જ્ઞાન એને અહીં પોતે ગણ્યો છે, એને અહીં પ્રમેય ગણ્યો છે. અને જ્ઞેયાકાર એને પર ગણીને તેને-પ્રમાણ એને ગ્રહનાર છે એમ લીધું છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જ્ઞેયાકારોને ગ્રહણ કરવાનો. એટલે ગ્રહણ કરવાનો. કોનો? ઓલા જ્ઞેયાકારને ગ્રહણ કરવાનો '**અને ગ્રહણ કરાવવાના...**' જ્ઞાનાકારથી બીજાને જણાવાનો. એવો '**સ્વભાવરૂપ પરિણમ્યપરિણામકત્વશક્તિ.**' છે. એવો એક પંદરમો એનામાં ગુણ છે. એટલો અર્થ કર્યો. વિસ્તાર પછી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**જેઠ વદ ૧૪, સોમવાર તા. ૨૪-૬-૧૯૬૮**
**શક્તિ-૧૪-૧૫-૧૬, પ્રવચન-૫૪૭**

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર ચાલે છે. આત્મા શુદ્ધાત્મા જ્ઞાનમય શુદ્ધાત્મ સ્વરૂપ છે. શુદ્ધાત્મ દ્રવ્ય એટલે આત્મા પોતે. જેને દૃષ્ટિ આત્માની કરવી છે એને કેવો આત્મા છે અને દૃષ્ટિમાં આવતાં એનું પરિણમન કેવું થાય એની વ્યાખ્યા છે આ. ધર્મ થતાં ધર્મીને કેવા પરિણામ હોય? અને એ પરિણામની શક્તિરૂપ ગુણ કેટલા અને કેવા હોય? અને એ સહિતનું દ્રવ્ય .. તરીકે જ્ઞાનીએ સ્વીકાર્યો હોય છે. શું આમાં સમજવું? સમજાણું?

આત્મા વસ્તુ છે એમાં અનંત શક્તિ છે. શક્તિ એટલે ગુણ. સંખ્યાએ અનંત (છે). અને એ આત્માની અંતર દૃષ્ટિ-ધર્મદૃષ્ટિ થતાં એ અનંત શક્તિઓ જે ગુણરૂપ (છે તેમનું) અવસ્થામાં પરિણમન થવું એવી ક્રમે ક્રમે થતી અનંતગુણની અવસ્થા નિર્મળ અને અક્રમે રહેતી આ શક્તિઓ એનો આખો સમુદાય તેને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ આત્મા જાણે, ધર્મ જાણે એને આવો આત્મા દૃષ્ટિમાં અને જ્ઞાનમાં આવ્યો હોય છે. ઝીણી વાત બહુ. સવારથી પણ ઝીણું છે આજ તો.

વીતરાગ માર્ગ સર્વજ્ઞ ભગવાને કહેલો, પરમેશ્વરે જોયેલો આત્મા એ આત્મામાં અનંત શક્તિ છે, અનંત ગુણો છે શક્તિ એટલે. અને એ ગુણવંત ભગવાન આત્મા ગુણવંત, ગુણવાળો આત્મા એને ધર્મીએ પોતાના જ્ઞાનમાં અને શ્રદ્ધામાં એવો આત્મા શ્રદ્ધામાં-જ્ઞાનમાં લીધો છે, તેથી તેને અનંત ગુણનું શુદ્ધ પરિણમન, પર્યાયનું ક્રમે ક્રમે દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદનું ક્રમે ક્રમે પરિણમન વર્તે છે અને અક્રમે એકસાથે અનંતા ગુણ વર્તે છે. એ આખાને અહીં આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એમાં ૧૪મી શક્તિ થઈ ગઈ. ૧૪મી. શું કીધું ૧૪માં?

ભગવાન આત્મામાં એવો એક ગુણ છે-શક્તિ છે-સામર્થ્ય-છે કે એ શુભરાગ જે દયા, દાન, ભક્તિ, પૂજાનો ભાવ છે ને રાગ મંદ? એને કારણે આત્મામાં ધર્મદશા થાય એવો એનામાં ગુણ નથી. તેમ જે વ્યવહાર, દયા, દાન, વ્રતના પરિણામને ઉત્પન્ન કરે, એને કારણરૂપ આત્મા થાય એવો ગુણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? શાંતિભાઈ! શાંતિભાઈ નહોતાને કાલે. અકાર્યકારણત્વ ગુણ છે આત્મામાં. જુઓ ૧૪મો. જો અકાર્યકારણ ન હોય તો એમ તો ભાઈએ લખ્યું છે દીપચંદજીએ કે પરનું કાર્ય થતાં પોતાનું કાર્ય રહી જાય. એમ શબ્દ મૂક્યો છે ને અનુભવપ્રકાશમાં?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આત્મામાં એવો કોઈ ગુણ નથી કે આ શરીર, વાણી, મન અને પરનું કરી શકે એવો ગુણ નથી. એથી એની પર્યાયમાં પણ-અવસ્થામાં પણ-પરનું કરે એવી એની અવસ્થા નથી. સમજાણું કાંઈ? તેમ પર નિમિત્ત થઈને અને રાગની મંદતા નિમિત્ત કારણ થઈને આત્મામાં ધર્મની દશા પ્રગટ થાય એવો એનામાં ગુણ નથી. સમજાણું કાંઈ? એને અહીં કહ્યું, જુઓ. **'જે અન્યથી કરાતું નથી...'** ૧૪મીનું. ભગવાન આત્મામાં ધર્મની દશા સમ્યગ્દર્શન-જ્ઞાન ધર્મ જે ચારિત્ર વીતરાગી પર્યાયરૂપી કાર્ય એ અન્યથી કરાતું નથી. આ શરીર, વાણી, મન અને રાગની મંદતાના ભાવથી તે કાર્ય કરાતું નથી. સમજાણું કાંઈ? એવો એનામાં અનાદિઅનંત એક આત્મામાં ગુણ છે. ભગવાને કેવળજ્ઞાની પરમેશ્વરે તીર્થંકરદેવે જોયો છે. 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં' કહે છે ને? એ કેવળી પણ્ણંતો આ આત્મા ભગવાને એવો પ્રરૂપ્યો અને કહ્યો કે જે આત્મામાં એવો એક ગુણ છે-સામર્થ્ય છે-શક્તિ છે-સત્‌નું સત્ત્વ છે. એ સત્ત્વ એવું છે આત્મામાં કે પરનું કાર્ય કરે એવી એની દશામાં પર્યાય નથી અને પરના રાગની મંદતાથી કે પરના નિમિત્તથી કે આત્મામાં ધર્મની દશા થાય એવો એનામાં ગુણ નથી. સમજાણું કાંઈ? ભારે!

ભગવાન આત્મા અકાર્યકારણગુણથી ભરેલો છે. એટલે એને આત્માની જ્યાં દૃષ્ટિ થઈ, એ દૃષ્ટિની પર્યાયમાં કોઈ નિમિત્ત હતું માટે થઈ અને એ પર્યાયે-અવસ્થાએ રાગને ઉત્પન્ન કર્યો એવું એ પર્યાયના ધર્મમાં નથી. ગુણમાં તો નથી, દ્રવ્યમાં તો નથી. સમજાણું કાંઈ? આ વાણી બોલાય છે કે અક્ષર આ લખાય કે હાથ હલે. કહે છે કે એ જડના કાર્યમાં જીવનું કાંઈપણ કારણ છે એવો ગુણ છે જ નહિ. ઈચ્છા તો અહીં છે જ નહિ. ઈચ્છા તો અહીં આત્મામાં છે જ નહિ એટલે એની તો અહીં વાત જ નથી. ઈચ્છા એ કાંઈ આત્મા નથી. ઈચ્છા તો રાગ-વિકાર છે. અહીં તો આત્માની વાત ચાલે છે. સમજાય છે કાંઈ?

પરમેશ્વરે જોયેલો, કહેલો આત્મા કેવો છે એ લોકોને સમજવો પણ મહા પ્રયત્ન માગે છે. એમ તો બધા કહે છે કે ભગવાને આ કહ્યું. કેવળી પણ્ણંતો ધમ્મો શરણં, ત્વમેવ સત્યં, ત્વમેવ સત્યં. શું પણ સત્યં? સમજ્યા વિના? સાચું છે એણે કહ્યું ઈ, પણ શું કહ્યું છે એની ખબર ન મળે. ભગવાને એમ કહ્યું છે, કેવળી પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવે એમ કહ્યું છે કે તારા આત્મામાં એવો એક ગુણ છે, અકાર્યકારણ નામનો, કે જે ગુણના કાર્યમાં એ ગુણ તો ત્રિકાળ છે, એની વર્તમાન દશામાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર આનંદની અવસ્થામાં કોઈ રાગ નિમિત્ત થાય એવો તારામાં સ્વભાવ નથી. અને કોઈ રાગને, દયા, દાનને ઉત્પન્ન કરે આ વિકલ્પને એ નિર્વિકલ્પ દ્રવ્ય-ગુણ-પર્યાયનો સ્વભાવ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઉત્તર :- એવી વાત કરી હતી. અત્યારે વળી આ. એ તો વળી એક કોર ગઈ હવે. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાનની ખાણમાં એક અકાર્યકારણ નામનો ગુણ અનાદિઅનંત ગુણનો ગુણી, ગુણીનો ગુણ અને ગુણનો ગુણી આત્મા, એવા આત્માની દૃષ્ટિ થતાં એ આત્મામાં એવો સ્વભાવ છે એક કે કોઈપણ જડની કે રાગની ક્રિયામાં આત્માની દશા કારણ થાય એવું સ્વરૂપ નથી. તેમ કોઈ જડ અને રાગની મંદતા જીવની ધર્મદશામાં પ્રગટવામાં કારણ થાય એવો એનામાં ગુણ નથી. સમજાણું કાંઈ? જો આ ન હોય તો પરનું કાર્ય રાગનું અને પરનું કરે અને પોતાનું નિર્મળ કાર્ય પડ્યું રહે. કાર્ય તો ખરું તો દ્રવ્યનું નિર્મળ શુદ્ધનું એ એનું કાર્ય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે વીતરાગી પર્યાય છે એ જીવનું કાર્ય છે. સમજાણું કાંઈ? એ કાર્ય પોતાના પરના કારણે ન થાય અને એ કાર્ય પરને કારણ ન થાય એવી એની શક્તિ-ગુણ, એ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપી છે. કહો, સમજાણું આમાં? એ વાત થઈ ગઈ કાલે એક કલાક.

હવે આજે ૧૫મી. ૧૫મી આવે છે ને આજે? '**પર અને પોતે જેમનાં નિમિત્ત છે...**' આ તો ઝીણી વાત છે, ભાઈ! આ તો મૂળ વાત. પરમાત્માનું પેટ છે આ તો. આત્માનો ગર્ભ અને આત્મામાં શું રહ્યું છે? સમજાણું કાંઈ? કહે છે કે '**(પર જેમનાં કારણ છે એવા જ્ઞેયાકારો...**' એમ પહેલું લેવું. બે ભાગ છે. '**પર જેમનાં કારણ છે એવા જ્ઞેયાકારો...**' એટલે આત્માની જ્ઞાનપર્યાયમાં જે પર દ્રવ્ય-ગુણ-પર્યાય જણાય અનંતા દ્રવ્યો, અનંતા ગુણો, અનંતી પર્યાય પર, જે જ્ઞાનાકારમાં થાય તેને જાણવાનો આત્મામાં ગુણ, પ્રમાણ નામનો ગુણ છે એક. સમજાણું કાંઈ?

પર જેમને નિમિત્ત નામ કારણ છે એવા જ્ઞેયાકારો. એને '**ગ્રહણ કરવાના...**' એક એક શબ્દ મૂકી દ્યો તો આમ. '**પર જેમનાં કારણ છે એવા જ્ઞેયાકારોને ગ્રહણ કરવાના...**' એમ છે. વચ્ચે ઓલા શબ્દો મૂકી દ્યો પછી. સમજાણું? જ્ઞાનાકાર થવાની જે અવસ્થા એ જ્ઞાનાકાર દશામાં જેટલા જગતના દ્રવ્યો, ક્ષેત્ર, કાળ, ભાવ જગતના છે એના રૂપે જ્ઞાનાકાર થાય અને તેને ગ્રહે એટલે જ્ઞાનાકારને જાણે. સમજાણું કાંઈ? પ્રમાણપણે જ્ઞાન થઈને એને જાણે. શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આકાર-ફાકારનો ક્યાં પ્રશ્ન છે? જ્ઞેયાકાર નામ જે દ્રવ્ય છે એના જ્ઞાનની પર્યાયમાં પરિણમન થાય એ જ્ઞેયાકાર. જ્ઞેયાકાર એટલે કાંઈ આકાર..

મુમુક્ષુ :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઉત્તર :- એ પછી. હજી ક્યાં આવ્યું છે? હજી તો એ આવ્યું જ નથી ને. ઉતાવળા કેમ થઈ ગયા? પછી. આ તો એક બોલનો પ્રશ્ન ચાલે છે અહીં તો. સૂક્ષ્મ છે. એવી વાત નથી કે તમારી મેળે વાંચી જાય અને ભણી જાય. હીરા-માણેકના ધંધા કર્યા છે એટલે જાણે અમે હુશિયાર. એમા નથી આમાં કામ આવે એવું. એમ કહે છે અહીંયાં. સમજાણું કાંઈ? એક ટૂકડાની વાત હજી ચાલે છે. પછી બીજો ટૂકડો પછી. શક્તિ બે થઈને એક છે. પણ એક પ્રમાણરૂપ થવાની અને એક પ્રમેયરૂપ થવાની. એ જ્ઞાનમાં પ્રમાણરૂપ થવાની અને પરના જ્ઞાનમાં પ્રમેય થવાની. એ બે થઈને એક શક્તિ (છે). પણ એક શક્તિના બે ભાગ પાડ્યા પહેલાં. સમજાણું કાંઈ?

'**પર જેમનાં કારણ છે...**' નિમિત્ત એટલે કારણ. '**એવા જ્ઞેયાકારોને ગ્રહણ કરવાના...**' એવા સ્વભાવરૂપ, ગ્રહણ કરવાના સ્વભાવરૂપ પરિણમ્યા એટલે પ્રમાણરૂપ થવાનો. પરિણમન એટલે પ્રમાણરૂપ થવાનો. ભાઈ આ તો બહુ ટૂંકો શબ્દ છે. '**અને પોતે જેમનું કારણ છે...**' નિમિત્ત એટલે કારણ. '**પોતે જેમનું કારણ છે એવા જ્ઞાનાકારો...**' જ્ઞાનની અવસ્થા એટલે આખો આત્મા. '**જ્ઞાનાકારોને ગ્રહણ કરાવવાના...**' બીજાના જ્ઞાનમાં પ્રમેય થવાયોગ્ય. પ્રમેય એટલે કે પરને જણાવાલાયક પોતાની એક યોગ્યતા શક્તિની છે. પરના જ્ઞેયાકારને જાણવાનો સ્વભાવ પોતાનો છે. કરવાનું કાંઈ નહિ પરનું. ફક્ત પરદ્રવ્ય-ગુણ-પર્યાય જેટલા પરમેશ્વર, અરિહંતો, નિગોદના જીવો, પરમાણુ, સ્કંધ, એ જે જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયાકાર થાય એને એ જાણવાનો, પ્રમાણ થવાનો, પ્રમાણરૂપ થવાનો એનો સ્વભાવ છે.

બીજું, પોતે જેને કારણ છે એવા જ્ઞાનાકાર. પોતાનું જ્ઞાનસ્વરૂપ, પોતાનું આત્મસ્વરૂપ. એને '**ગ્રહણ કરાવવાના...**' ઓલું ગ્રહણ કરવાના હતા, આ ગ્રહણ કરાવવામાં. બીજાના જ્ઞાનમાં ગ્રહણ કરાવવાના એટલે જ્ઞેયરૂપ થવાના, પ્રમેયરૂપ થવાનો એવો એનો સ્વભાવ છે. એ પરને કારણે અહીં નથી. પોતાનો સ્વભાવ આવો છે. સમજાણું કાંઈ? પરને પોતારૂપ થવાનો સ્વભાવ નથી. પણ પરમાં પરના જ્ઞાનમાં પોતે પ્રમેયરૂપ થાય એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? પર અનંત આત્માઓ છે એવા જ્ઞાનીને જ્ઞાનમાં આનું પ્રમેયપણું એ જણાવાયોગ્ય છે એવો સ્વભાવ છે એનો. પણ પરનો થાય એવો એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? તેમ પર સંબંધીનો જ્ઞેયાકાર જે ભાવ છે એને જાણવાનો સ્વભાવ છે, પણ પરરૂપે થવાનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત ભાઈ!

આ તો ભગવાન પરમેશ્વરે કહ્યો એ આત્મા. કેવળીએ કહ્યો. એ કહ્યો છે એવો આવો છે એવું જ્યાં સુધી એના જ્ઞાનમાં ન આવે, ત્યાં સુધી એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય નહિ. એને ધર્મ જ ન થાય. સમજાણું કાંઈ? દયા, દાન ને વ્રત ને ભક્તિ ને પૂજા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org

કરીને મરી જાય. રાગની ક્રિયા છે એ બધી પુણ્યની. એમાં ધર્મ નથી. સમજાણું? પોતાનો ધર્મ કાં બીજાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જ્ઞેયાકાર થઈને જાણવાનો છે અને કાં પોતાનો ધર્મ પરના જ્ઞાનમાં જણાવવાનો છે. બસ! એટલો એનો ધર્મ છે. સમજાણું કાંઈ? આવું અટપટું ઝીણું બહુ. વકિલો હજી પકડે. વાણિયા વેપારી નથી તર્ક કરતા એમાં? પણ દરકાર જ કરી નથી. મળ્યું નથી સાંભળવાને વીતરાગનું વાસ્તવિક તત્ત્વ અને પોતે દરકાર પણ કરી નથી. સમજાણું કાંઈ?

પરમેશ્વર અનંત કેવળીઓ, અનંત તીર્થંકરો થઈ ગયા અને ભગવાન બિરાજે છે અત્યારે કેવળીઓ લાખો અને સીમંધર ભગવાન આદિ મહાવિદેહમાં. એ ભગવાનના જ્ઞાનમાં એમ આવ્યું અને વાણીએ એમ કહ્યું કે આ આત્મામાં એવો એક ગુણ છે કે જે ગુણ પરને પ્રમેયરૂપ થાય, પરને જણાવાયોગ્ય થાય અને પરના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવાયોગ્ય થાય એવો એનો સ્વભાવ છે. બાકી પરરૂપ થવાનો અને પરને પોતાના કરવાનો કે પોતે પરરૂપ થવાનો એવો એમાં કોઈ ગુણ કે એની પર્યાય નથી. આહાહા..! સમજાણું કાંઈ? શેઠી! આ શક્તિમાં તો કો'ક દી હશો અહીં તો. આ શક્તિ વંચાતી હોય તે દી ન હો અહીંયાં. આ સોળમીવાર વંચાય છે. આમ આખું શાસ્ત્ર પંદરમી વાર વંચાય છે. પણ શક્તિઓ પંદરમી વારનું છપાઈ ગયું છે. 'આત્મ વૈભવ' આપ્યો છે ને હમણાં?

કહે છે, '**પર અને પોતે...**' પર અને આત્મા. આતમ સંસ્કૃત શબ્દ છે. '**પર અને પોતે જેમનાં નિમિત્ત છે...**' પર કારણ છે જ્ઞેયાકારમાં અને પોતે કારણ છે જ્ઞાનાકારમાં. એટલે પરને જણાવામાં. સમજાણું? પર કારણ છે જે જ્ઞેયાકાર તેને જાણવામાં પોતે કારણ છે અને પરને જણાવાયોગ્ય એવો એમાં પોતે ભાવ છે. આહાહા..! રાગાદિને જાણવાયોગ્ય પ્રમાણધર્મ છે જીવનો. અને જ્ઞાનીના જ્ઞાનમાં જણાવાયોગ્ય જ્ઞાન છે આ. રાગને તો ક્યાં જાણવું હતું? એમ કહે છે. સમજાણું કાંઈ?

જેટલા રાગાદિ પરિણામ પુણ્ય-પાપના પરદ્રવ્ય-ગુણ-પર્યાય, ભગવાન તીર્થંકરદેવ એનું દ્રવ્ય એના ગુણ અને એની પર્યાય. અનંતા સિદ્ધ છે. સિદ્ધ કેટલા છે? અનંતા સિદ્ધ છે. છ મહિને આઠ સમયે છસ્સો આઠ સિદ્ધ થતાં આવે છે અનંત કાળના પ્રવાહમાં. એ અનંતા સિદ્ધને આત્માની પર્યાયમાં જાણવાનો સ્વભાવ છે. અને અનંતા સિદ્ધને પોતામાં પ્રમેયપણું એટલે પરને જણાવવાનો સ્વભાવ છે. આપણે સિદ્ધ સાથે લઈએ આજ. સમજાણું કાંઈ? પણ સિદ્ધને પોતાપણે માનવાનો કોઈ સવાલ નથી અને સિદ્ધપણે આ આત્મા થાય, આમ એ સિદ્ધનો આત્મા થાય એવો કોઈ સ્વભાવ નથી. સમજાણું કાંઈ? જુઓ! એ એક ટૂકડામાં એટલું ભર્યું છે. વાંચે નહિ, જાણવા મળે નહિ શું કહ્યું છે ભગવાને? ભગવાનના જ્ઞાનમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


શું આવ્યું છે? કેવો આત્મા છે એની કાંઈ ખબર ન મળે અને કહે અમે ધર્મ કરીએ છીએ. થોથાં છે. ધર્મ કે દી હતો? અધર્મ છે. સમજાણું કાંઈ?

વાસ્તવિક ચૈતન્યના પદાર્થનું સ્વરૂપ શું છે? એનું દ્રવ્ય શું છે? એની શક્તિઓ શું છે? અને શક્તિના કાર્યો શું છે? એવું જેને હજી જ્ઞાન પણ નથી, એ કોકના કાર્ય કરીને, રાગના કાર્ય કરીને હું કરું છું કાંઈક ધર્મ એમ માની લે છે. જે રાગનું કાર્ય કરવાનો આત્મામાં સ્વભાવ નથી, ફક્ત રાગને પ્રમાણજ્ઞાનમાં જાણવાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? પર છે ને? અને સર્વજ્ઞ આદિ પરમેશ્વરો અનંત છે, એના જ્ઞાનમાં જણાવાયોગ્ય પ્રમેય છે પણ એનો શિષ્ય થઈને રહેવું એવો સ્વભાવ નથી એમ કહે છે. કહો, શાંતિભાઈ! આહાહા..!

પર જીવો છે, શિષ્ય આદિ જીવો એ સંબંધીનું જ્ઞાન કરવાને પ્રમાણજ્ઞાન પોતામાં જ્ઞાન કરવાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? પણ એનો ગુરુ થવાનો સ્વભાવ જીવમાં નથી એમ કહે છે. આ પંડિત રહ્યા અમારે એક કલાક માંડી હતી પરમ દી. સ્વમાં.. આવે છે કે નહિ? કીધું, સ્વમાં તો આવી ગયું. આ જુઓને સર્વદર્શિ અને સર્વજ્ઞાન આવે છે ને પહેલાં? પોતાને જાણવામાં, પોતાને પ્રમેય થવામાં તો દર્શન-જ્ઞાન આવી ગયું છે પહેલાં. સમજાણું કાંઈ? આહાહા..!

શું કહે છે? ભગવાન આત્મા એમાં એવો એક ગુણ છે, એક ગુણ હોં! એક ગુણના બે પ્રકાર. બેય એક જ ગુણ. આત્મા સિવાયના જેટલા પદાર્થો છે-પરમાણુઓ, ચૈતન્ય, નિગોદના કે ભગવાન પરમાત્માના કે અરિહંતના કે સાધુના, સાધ્વીના કે અર્જિકાના કે સાધર્મી જીવોના, એ બધા જીવો છે એને જ્ઞાનમાં જ્ઞેયાકાર થઈને જાણવાનો સ્વભાવ છે જીવનો. પણ એને માનવાનો-આ મારા છે-એમ માનવાનો સ્વભાવ નથી એનો. આ મારા સાધર્મી છે અને આ મારા (છે) એમ માનવાનો સ્વભાવ નથી. છગનભાઈ! આહાહા..! સમજાણું? આ દેશ, લ્યો દેશ આવ્યો છગનભાઈને લઈને. આ કાર્યકર હતા ને? કાર્યકર. દેશ. દેશાદિ જે છે પર એને પોતાના જ્ઞાનમાં જ્ઞેયાકાર થઈને જાણવાનો સ્વભાવ છે પણ દેશરૂપ થવાનો અને દેશના કાર્ય કરવાનો એનામાં સ્વભાવ નથી. સમજાણું? અને આત્મામાં એ જ્ઞાનીઓના જ્ઞાનમાં પ્રમેય થવાનો ગુણ છે. એટલે એના જ્ઞાનમાં જ્ઞેય થવાનો ગુણ છે. પણ આનામાં એનો શિષ્ય થઈ રહે, એને તાબે થઈને રહે એવો એનામાં ગુણ નથી.

મુમુક્ષુ :- વિનય ઊડી જાય ને.

ઉત્તર :- એઈ..! શું કહે છે? એમાં જ વિનય આત્માનો છે. ભગવાને કહ્યો એવો જાણ્યો અને આવો છે એમાં જ વિનય છે. સમજાણું કાંઈ? આહાહા..! જુઓને! શું કહે છે પણ વાતને.

આચાર્ય અમૃતચંદ્રાચાર્યે જાણે એક ગ્રંથ જ બનાવ્યો હોય આખો ૪૭ શક્તિનો ટોચ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કરીને. જેમ આમ મંદિર ઉપર કળશ કરે ને હીરાનો. ચક્રવર્તીના જે મંદિર હોય, ભરત ચક્રવર્તીના જિનમંદિરો હીરાના એકલા હોય હીરાના. આખું હીરાનું મંદિર હોં! આખું હીરાનું. અબજો અબજોના હીરા. એને ક્યાં તૂટા હતા? એના બંગલા જ જુદા હોય રહેવાના. તો ભગવાનના પ્રતિમાના મંદિરો એના બહુ ઊંચા હોય. અને છ ખંડનો ધણી જ્યારે આમ જાતો હોય ભગવાનની ભક્તિમાં.. કહે છે, એ બધા જેમ હીરાના મંદિર ઉપર હીરાના મોટા ઊંચા કળશો હોય, એમ આ સમયસારમાં આ ૪૭ શક્તિઓ મોટો કળશ મૂક્યો છે માથે. આહાહા..! તારી શક્તિના પાર ન આવે નાથ! એવી શક્તિ છે. આ તો વર્ણવીને ૪૭ વર્ણવી. કેટલી વર્ણવવી? આહાહા..!

વસ્તુ છે ને? અને વસ્તુસ્વભાવ છે ને? વસ્તુ છે એ સ્વભાવવાન છે. અને એનો સ્વભાવ.. તે વસ્તુ જ જ્યાં અકૃત્રિમ અકરાયેલી વસ્તુ સ્વતઃ છે. એવો જેનો સ્વભાવ, એના અનંતા સ્વભાવ એવા છે કે જે પોતાની શક્તિરૂપે પડ્યા છે. અને એનું પરિણમન એ શક્તિવાનની દૃષ્ટિ થતાં, આત્મા છે એવી આસ્થા કરતાં, આ આત્મા છે એવો વિશ્વાસ કરતાં એ આત્માના અનંતા ગુણોનું વિશ્વાસની સાથે નિર્મળ પરિણમન થાય એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? રાગરૂપે ને પુણ્યરૂપે ને આ રૂપે માન્યો હતો પર્યાયરૂપે પરના અંશરૂપે, તો અંશમાં શક્તિ નથી બીજી કાંઈ નવી. એટલે અંશમાં રાગને પોતાનો માન્યો હતો, સમજાણું? એમાં શક્તિ નથી કે જેમાં નિર્મળપણે થાય, એનો વિશ્વાસ રાખે એને આત્મા નિર્મળપણે થાય (એવી કોઈ શક્તિ નથી). શું કીધું?

ભગવાન આત્મા દ્રવ્ય છે, એની શક્તિઓ છે. એની શક્તિઓના વિશ્વાસ વિના આ વર્તમાન અંશનો વિકાસ, રાગાદિ કે નિમિત્ત એનો વિશ્વાસ કરે અને આત્માનો વાસ્તવિક વિશ્વાસ છે, એમ છે નહિ. એ તો મિથ્યાત્વ વિશ્વાસ છે. આહાહા..! સમજાણું કાંઈ? વિકાસનો અંશ જે ક્ષયોપશમ આદિનો વીર્ય થવું અને રાગાદિ, આ છે એમ માને છે એના વિશ્વાસમાં શું રહ્યું? એ વિશ્વાસ તો મિથ્યા છે. એમાંથી નીકળે શું? મિથ્યાત્વનું મિથ્યાત્વ... મિથ્યાત્વનું મિથ્યાત્વ... નવું નવું કર્યા કરે. આહાહા..! સમજાણું? પણ જેને વિશ્વાસ છૂટ્યો પરનો અને ભગવાન આત્મા અનંતગુણસંપન્ન આવું તત્ત્વ છે એનું અંતર વિશ્વાસની રુચિનું પરિણમન દૃષ્ટિનું થયું, તો કહે છે કે એનામાં એવા અનંતા ગુણો છે એ બધાનું પરિણમન થયું. તો આ પર જેને જાણવામાં આવે અને પરને જણાય એવી પર્યાયનું પરિણમન ત્યાં થયું. સમજાણું કાંઈ? રાગરૂપે થયું કે પરનો થઈને રહેવું કે પર પોતાના થાય એવું એનામાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

અનંત અરિહંતો ઈષ્ટ જેને કહે છે. ઈષ્ટ કહે છે ને? પરમેષ્ઠી. પરમ-ઈષ્ટ. અહીં તો કહે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે ભગવાન કે ભાઈ! તારામાં એવો ગુણ છે કે અનંત ઈષ્ટ અરિહંતોને તારી પર્યાયમાં જાણવાનો તારો ધર્મ છે. અને એ અનંતા અરિહંતોને તારો એવો સ્વભાવ છે કે તેમાં તું જણા. એવો તારો પ્રમેય ધર્મ છે. એનો થઈને જણા એમ નહિ, તેમ એ મારા થઈને જણાય એવું તારામાં પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એક સાધુ હતો. કેટલીય વાર ભગવતી વાંચ્યું હતું એણે. એવું વાંચ્યું હતું, કાંઈક સાંભળ્યું હતું. કેટલી ૨૧ વાર. મેં તો ૧૭ વાર વાંચ્યું હતું. પણ કો'ક એવો સાધુ હતો એમે ૨૧ વાર (વાંચેલું). છેવટ કહે, હે માતા! તારો પાર નહિ આવે. ભગવતી જેવું સૂત્ર જેમાં બહુ આવું કાંઈ છે જ નહિ. બધું સમજવા જેવું છે એમાં. પણ મોટું સૂત્ર છે ને. સોળ હજાર શ્લોક છે. સોળ હજાર શ્લોક અને સવા લાખની સંસ્કૃત ટીકા. મેં તો સત્તર વાર વાંચ્યું હતું. વસ્તુમાં કાંઈ ન મળે. તોપણ એ એમ બોલ્યો હતો એક ફેરી સાધુ મહારાજ કે ઓહો..! ભગવતી માતા! ૨૧ વાર વાચ્યું પણ તારો પાર નથી. આ તો કહે છે કે આ વાંચે ગમે તેટલી વાર પણ આ વસ્તુનો પાર નથી. આ ભગવતી આ આત્મા છે. આ ભગવતી શક્તિ છે. સમજાણું કાંઈ?

બહારથી થઈ જા આંધળો અને અંદરથી થઈ જા દેખતો એમ કહે છે. એઈ..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા એનામાં અનંત ગુણ માયલો એક ગુણ એવો છે કે '**પર જેના કારણ છે એવા જ્ઞેયાકારો...**' એનું પ્રમાણ કરવું, પરિણમ્ય એટલે પ્રમાણ '**અને પોતે જેમનું કારણ છે...**' એટલે પોતે આત્મા જેનું કારણ છે. એ ગ્રહણ કરાવવાનું. પરને ગ્રહણ કરાવવાનું. એટલે પરિણામકાત્મક એટલે પ્રમેયરૂપ થવાનું જેની શક્તિ છે. કહો, સમજાણું કાંઈ? આમાં કાંઈ હાથ આવે એવું નથી. આહાહા..! અરે..! તારી લીલા એવી છે કહે છે, તને ખબર નથી. આહાહા..! ભગવાન અનંતગુણની લીલાથી ભરેલો છે પ્રભુ. આહાહા..! એ પ્રભુ છે. એક એક શક્તિએ પ્રભુ છે. એવી અનંતી શક્તિનો એ પ્રભુ છે, અનંત શક્તિનો એ નાથ છે. એક આત્મા એક એક હોં! એક એક આત્મા. આહાહા..!

કહે છે, ઓહોહો..! અમૃતચંદ્રાચાર્યે સીધું કાઢ્યું હશે. એનો ક્ષયોપશમ કેટલો! ગજબ વાત!! ૯૦૦ વર્ષ પહેલા આ સંત દિગંબર મુનિ તરીકે વિચરતા હતા. અનાદિનું સનાતન સત્ય જેને આવ્યું હતું અનુભવમાં. ભગવાનનું કહેલું. નગ્ન દિગંબર. એક મોરપીંછી અને કમંડળ. બહારના ઉપકરણ તરીકે શરીર. ઉપકરણ તરીકે, હોં! એ ઉપકરણ છે. વસ્તુમાં નથી. આહા..! અરે..! ઓલો વિનય કરવાનો વિકલ્પ આદિ પણ ઉપકરણ છે. ભાઈ! એમ કીધું હતું ને? એનામાં નથી. આવે છે ને, વિકલ્પ છે ને રાગ. લ્યો! એ એનું નથી સ્વરૂપ. એ તો બાહ્ય નિમિત્ત તરીકેનું ઉપકરણ છે. ભગવાન આત્મામાં એ નથી. એ રાગ સંબંધીનો જ્ઞાનાકાર,

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જ્ઞેયાકાર થઈને જાણવું એવો જ્ઞાનનો સ્વભાવ છે. એ પ્રમાણ કરવાનો સ્વભાવ છે. પ્ર-વિશેષે, માણ-પ્રમાણ-માપ. એનું માપ લઈ લેવું વસ્તુનું જેવું સ્વરૂપ છે તેનું જ્ઞાન કરવું એ એનો સ્વભાવ છે. ક્યારે? ત્રણે કાળે. ભાન થતાં. ભાન થયું ત્યારે એને ખબર પડી. છે તો ત્રણે કાળે એનો એવો સ્વભાવ. સમજાણું કાંઈ? ઓલા બેંકવાળા તો ગયા હશે નહિ નોકરી હશે આજે? રવિવારે. સોમવાર છે. બુદ્ધિવાળો છે હોં બહુ. પકડે છે બહુ. સમજાણું કાંઈ? આ વસ્તુ છે ભગવાન આત્મા. એ આ બોલે ઈ આત્મા નહિ. બોલે ઈ બીજો. એ બોલવાની ક્રિયા જડની (થાય છે) એને જ્ઞાનમાં જાણવાનો સ્વભાવ છે, કહે છે. પણ બોલવાની ક્રિયા કરે આત્મા એવો એનો સ્વભાવ નથી ને ત્રણ કાળ ત્રણ લોકમાં.

મુમુક્ષુ :- એનું માપ કાઢી લેવાનો સ્વભાવ છે.

ઉત્તર :- હા, માપ કાઢી લે કે આ જાતની ભાષા છે અને આ જાતની શક્તિ સ્વપરકથક. ભાષામાં સ્વપરકથક એનો સ્વભાવ છે એમ જ્ઞાન જાણે, પ્રમાણ કરી લે પરને. સમજાય છે? પરનું માપ કરી લે, પણ પરનો થાય નહિ અને પરને કરે નહિ. પરનો થાય નહિ અને પરને કરે નહિ. વાણીનો થાય નહિ અને વાણીને કરે નહિ એવો એનો ગુણ છે. ઓહોહો..! શું હશે આ? ચીમનભાઈ! આ શું બધું કહે છે? ઝવેરાતનું કર્યું તો શું કર્યું? કહે છે કે ઝવેરાતના હીરા-ફીરા કર્યાને. એ ક્રિયાનો આત્મા કર્તા નથી, પણ એ ક્રિયાનું પ્રમાણ કરીને જ્ઞાન માપ લઈ લે એવો છે એનો સ્વભાવ. શેઠી! હીરા-માણેકના કર્યા ને આમથી આમ ને આમથી આમ. આ લ્યોને હમણા ગયા હતા ને ભાવનગર જૂની ઓળખાણ આપી. જૂની ઓળખાણ હતી ૫૦-૬૦ વર્ષની. આ ભાવનગર ગયા નહોતા મિલન કરવા. ૫૦-૬૦ વર્ષ પહેલાની ઓળખાણ માટે. શું કરવા ગયા હતા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ. ઈ વાત ચાલે છે. એ કહી ગયા હતા તે દી. જૂના છે ને એને મળવા જાઉં છું.

મુમુક્ષુ :- મળ્યા તો નહિ.

ઉત્તર :- મળ્યા શું ત્યાં?

અહીં તો કહે છે કે પૂર્વની પર્યાય જે થઈ જડની અને વાચા ભાષાની, હીરા-માણેકની એને આત્માએ કર્યું નથી અને એ આત્માએ દીધું-લીધું નથી. ફક્ત એનો જાણવાનો એનો સ્વભાવ છે. દેવા-લેવાનો સ્વભાવ નથી, વેચવાનો સ્વભાવ નથી, વિકલ્પ થાય લેવાનો એ પણ એનો સ્વભાવ નથી. એમ કહે છે. આહાહા..! એ વિકલ્પ કાળે અને આવી દેહની ક્રિયાના કાળે તેના જ્ઞાનમાં જ્ઞેયાકાર થઈને જ્ઞાન જાણે એવો એનો સ્વભાવ છે. કહો, છગનભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આ લૂગડા-બૂગડા બધા દેશી પહેરવા, ઓલા ન પહેરવા, ફલાણું કરવું, ઢીંકણું કરવું. લ્યો! આ તો બહુ ચાલતા હતા પહેલાં. બહુ ચાલતું ને ત્યાં? એ વળી હુશિયાર બહુ કહેવાય. ..ના કપડા, આમ કરે, ઓહો..! ભારે! આ તો. અમારે ત્યાં રાણપુરમાં આવતો. (સંવત) ૧૯૮૪નું ચોમાસું હતું ને. ભાષણ કરવા કો'ક આવે.

અહીં તો કહે છે, ભાઈ! તારા આત્માના શુદ્ધ નિર્મળ સ્વભાવ સિવાય જે કાંઈ રાગ છે, પુણ્યના પરિણામ છે અને દેહાદિ, વાણી અને પરદેશ છે, દેશાદિ, દેશના માણસો. કહે છે ને? માતૃભૂમિ માટે મરવું. એઈ..! જેમાં જન્મ્યા જે ભૂમિએ. અહીં તો કહે છે, જન્મ્યો જ નથી ભૂમિમાં. સાંભળને! ભૂમિમાં ક્યાં જન્મ્યો છે? ભૂમિ તો પર છે. એય..! આ રાગેય જન્મ્યો નથી એમ કહે છે. તારામાં તો જ્ઞાનનું પ્રસવું કેમકે તારા ગર્ભમાં જ્ઞાન ભર્યું છે. એ ગર્ભનો પ્રસવ થાય એને જાણે. જાણે. અને એના ગર્ભમાં પ્રમેયપણું છે કે જગતના જ્ઞાનીઓના જ્ઞાનમાં તે જણાય. બસ! થઈ રહ્યું. સમજાણું કાંઈ?

'**પર અને પોતે જેમના નિમિત્ત છે...**' નામ કારણ છે. '**निमित्तक**' શબ્દ પડ્યો છે ને એમાં? '**निमित्तक**'. '**એવા જ્ઞેયાકારો...**' એને ગ્રહણ કરવાનો સ્વભાવ જીવનો છે '**તથા જ્ઞાનાકારો...**' જે પોતે જ્ઞાનસ્વરૂપ છે એને ગ્રહણ કરાવવાનો સ્વભાવ છે. પરને. એવી પરિણમ્ય એટલે પ્રમાણરૂપ અને પરિણામક એટલે પ્રમેયરૂપ થવાની શક્તિ જીવમાં છે. લ્યો એ શબ્દના એટલા અર્થ છે. શેઠી! નીચે સુધાર્યું છે. તમારામાં સુધાર્યું નહિ હોય. સુધાર્યું? નવું છપાણું એમાં સુધાર્યું? નહિ. જુઓ! કૌંસમાં છે ને? એ ફેરવી નાખવાનું. સ્વપરના જ્ઞાતા થવાનો તેમજ સ્વપરનું જ્ઞેય થવાનો આત્માનો જે સ્વભાવ તે પરિણમ્યપરિણામકત્વ શક્તિ. એ ફેરવી નાખવાનું છે. એમ નથી.

'**(પર જેમનાં કારણ છે...**' ઓલામાં નિમિત્ત હતું એટલો જ ફેર. '**એવા જ્ઞેયાકારોને ગ્રહણ કરવાના અને પોતે જેમનું કારણ છે...**' ઓલામાં નિમિત્ત હતું એટલું કારણ કરીને સ્પષ્ટ કર્યું. એના એ શબ્દમાં. આત્માના જ્ઞેયાકારમાં પર નિમિત્ત છે ફક્ત. પરના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણવામાં આવે એ અને જ્ઞેયાકારોને ગ્રહણ કરવું, એને જાણવું. '**અને પોતે જેમનું કારણ છે...**' બીજાના જ્ઞાનમાં પોતાના જ્ઞાનાકાર પોતાનો સ્વભાવ જ્ઞેય થાય છે. '**એવા જ્ઞાનાકારોને...**' એટલું. હવે જ્ઞેયાકારોને ગ્રહણ કરવાનો અને જ્ઞાનાકારોને ગ્રહણ કરાવવાના '**સ્વભાવરૂપ પરિણમ્ય પરિણામકત્વશક્તિ.**' છે. પરિણમ્ય એટલે પ્રમાણરૂપ થવાની, પરિણામક એટલે પ્રમેયરૂપ થવાની. બે થઈને એક શક્તિ છે. સમજાણું કાંઈ? આવું ઝીણું એટલે લોકોને બિચારાને મગજ ન મળે. ચાલી નીકળ્યા આંધળી દોડે. અમે કાંઈક ધર્મ કરીએ છીએ. મરી જશે ચોર્યાસીના અવતારમાં. આહાહા..! નિગોદના ભવ જેને પડ્યા

છે મિથ્યાત્વભાવમાં. સવારે નહોતું આવ્યું? કે મિથ્યાત્વ એ સંસાર છે. વિપરીત માન્યતા એ સંસાર, સમ્યગ્દર્શન એ શુદ્ધ સ્વભાવ. વિકારી પરિણમન જ્યાં નથી એનામાં. નિર્વિકારી પરિણમન છે. ભલે થોડું હોય એનું કાંઈ નહિ. પણ નિર્વિકારી પરિણમન છે. સિદ્ધને નિર્વિકારી પરિણમન છે.

મુમુક્ષુ :- પ્રમાણરૂપ...

ઉત્તર :- પ્રમાણ કીધું ને જ્ઞાન. પરને-બીજાને જાણવા એવો જીવનો સ્વભાવ છે. અને બીજાના જ્ઞાનમાં જણાવું એવો જીવનો સ્વભાવ છે. જીવને માન્યો ક્યારે કહેવાય? કે જીવના ગુણ આવા છે એવું માન્યું હોય તો. આત્માને માન્યો ક્યારે કહેવાય? કે આત્માના ગુણ છે આવા એને માન્યો હોય તો. તો એના ગુણમાં આવો એક ભાવ છે કે પરને કારણે જીવમાં કાંઈ લાભ થાય એવો નથી અને પરને કારણ થાય એવું નથી. હવે પરને જણાવાયોગ્ય થાય એવો આત્માનો સ્વભાવ છે અને પરને જાણે એવો સ્વભાવ છે. અકાર્યકારણ પછી આ મૂકી વાત. સમજાણું કાંઈ? એ પોતાનો સ્વભાવ છે. પર જાણે કે ન જાણે એની સાથે સંબંધ નથી. પ્રમેય થવાનો સ્વભાવ છે અને પ્રમાણ થવાનો સ્વભાવ છે. બસ! આ વાત, લ્યો. આહાહા..!

આવા ગુણવાળો આત્મા છે એનાથી બીજી રીતે માને તો એણે આત્માને માન્યો નથી, આત્માના ગુણને માન્યો નથી અને એની પર્યાયને પણ માની નથી. કારણ કે એની પર્યાયનું પણ આવું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? જ્ઞેયાકારોને જાણવું અને જ્ઞાનમાં જ્ઞેયપણે થવું એ પર્યાયનો પોતાનો અવસ્થાનો સ્વભાવ છે. ધરમચંદજી! આ દિલ્લીના બે થયા. ઠીક પણ આવી ગયા બરાબર. શક્તિમાં આવી ગયા. આહાહા..!

ભાઈ! તારી ચીજ કેવી છે? આ દુનિયામાં એમ હશે કે ભાઈ! આ ચીજ છે એ કેટલો કાળ ટકશે? નથી લેતા કાંઈ? આ જુવાર લઈએ છીએ પણ કેટલો કાળ ટકશે? આ સડેલી તો નથી ને. જૂની નથી ને? કપડું-બપડું લે છે ને? લાગે સારું અને હોય જૂનું થઈ ગયેલું. ફાડે ત્યાં ફટ. તાણે ત્યાં (ફાટે). અમારે એક કપડા એવા આવી ગયા આમાં. હોય સારા, આમ લાગે. પણ આમ જ્યાં કરે તો ફાટે. અમારે જીવરાજજી કહે, આ તો જૂનું લાગે છે. કારણ કે કો'ક ઠેકાણે પડ્યું હોય ઘણા વખતનું. આમ ટકાઉ છે કે નહિ? આ છે ને? એમ આત્મામાં ટકાઉ ચીજ શું છે? એ ટકતો આત્મા છે તો ટકાઉ ગુણ કેવો છે? અને એ ગુણની પર્યાયના ટકાઉ ગુણનું કાર્ય શું છે? સમજાણું કાંઈ?

કહે છે કે એનો એવો સ્વભાવ છે ભગવાન તારો. તારો ગુણ એવો છે અને એ ગુણનો ગુણ કાર્યમાં પણ એવો ગુણ છે. પરને જાણવું અને પરને જણાવવું. બસ. લ્યો આ ચોખ્ખું.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પરને જાણવું અને પર એવા (જ્ઞાનમાં જણાવું). પછી પરને જાણવામાં બધું આવ્યું. પરને જાણવામાં બધું આવ્યું. હવે પરને જણાવું એમાં જ્ઞાનીના જ્ઞાનમાં જણાવું એટલું આવે. કારણ કે જડને જણાવું તો નથી. એનું (જ્ઞાનીનું) જ્ઞાન પરને અને સ્વને પહોંચી વળે છે એમાં પ્રમેય થાય એટલી વાત અહીં છે. જડને તો પ્રમેય થાવું નથી. જડને કે આને પ્રમેય થાય એવું છે નહિ. જુઓ! એ પણ શું કહ્યું સમજાણું?

બીજા અનંતા જડ-ચૈતન્ય આદિને જાણવું એનો સ્વભાવ છે અને એનો પ્રમેય સ્વભાવ જ્ઞાનીના જ્ઞાનમાં જણાય. સમજાણું? એ જ્ઞાન જેનો સ્વભાવ એવા ભગવાન આત્માઓ કે સંતો કે જ્ઞાની એના જ્ઞાનમાં જણાય એવો એનો પ્રમેયનો ધર્મ છે. જડને તો ક્યાં છે જાણવું? જડ જણાય આમાં એવો સ્વભાવ છે. જડને જણાવે કે હું આત્મા છું એવો કાંઈ આત્માનો સ્વભાવ નથી. ઓલામાં નથી એટલે અહીં નથી. એમ. સમજાણું કાંઈ? લ્યો એ ૧૫મી થઈ.

૧૬મી. પોણી કલાક તો ચાલી. આ તો સાધારણ છે, કીધું શું ચાલશે આમાં? ચાલતા-ચાલતા આવ્યું ઘણું. હવે ૧૬મી. આવી અનંતી શક્તિઓ ગુણરૂપે એક આત્મામાં છે. એને આત્મા કહીએ. એ પુણ્ય-પાપના પરિણામ અને દેહ એ કાંઈ આત્મા-બાત્મા નથી. આહાહા..! જે આત્મા નથી એને આત્મા કરીને લાભ લેવો છે. એ આત્માના દુશ્મનો છે એટલે તિરસ્કાર કરનારા છે. એમ આવે છે ને? પુણ્ય-પાપના ભાવ જીવને તિરસ્કાર કરનારા છે. અને તિરસ્કારીણી છે. આહાહા..! બે વાત લીધી છે ને. જડાદિ બધા હોં! એ તિરસ્કારનો અર્થ એના સ્વભાવમાં એનો અભાવ છે. ભગવાન આત્માના સ્વભાવમાં એ દયા, દાન, વ્રત, કામ, ક્રોધના શુભાશુભ પરિણામ એનામાં છે જ નહિ. એનો અનાદર છે. એનો એમાં આદર જ નથી, એના સ્વભાવમાં નથી. એનો આદર કરનારા આત્માનો તિરસ્કાર કરે છે. સમજાણું કાંઈ? પુણ્યના પરિણામનો આદર કરનાર આત્માનો તિરસ્કાર કરે છે. બરાબર છે? આવી ગયું છે પહેલા. ૧૯ ગાથા. સમજાણું કાંઈ? ઓહોહો..! સમયસાર તો ઢગલો છે. એકલા કેવળજ્ઞાનથી ભરેલો.. આત્મા હોં સમયસાર એટલે. આ તો ઓલું નિમિત્ત શાસ્ત્ર. સ્વ-પર કથન વાણીમાં.

હવે ૧૬મી શક્તિ. '**જે ઘટતું-વધતું નથી એવા સ્વરૂપમાં નિયતત્વરૂપ...**' નિયતત્વરૂપ. નિયત્વ એટલે નિશ્ચિતપણે. નિયતત્વનો અર્થ કર્યો છે. નિયતત્વ એટલે નિશ્ચિતપણે, ખરેખર, જેમનું તેમ રહેવારૂપ, '**જેમનું તેમ રહેવારૂપ-) ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ.**' શું કહે છે? આત્મામાં એવો એક ગુણ છે કે રાગને ગ્રહે અને રાગને છોડે એવો એનામાં ગુણ નથી. એ દયા, દાનના પરિણામને આત્મા ગ્રહે અને છોડે એવો ગુણ નથી. જો એમ ગુણ હોય તો તો ગ્રહે ને મૂકે... ગ્રહે ને મૂકે.. સદાય સંસારમાં રખડ્યા કરે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુમુક્ષુ :- એવું લખ્યું છે.

ઉત્તર :- હા, છે ને. ત્યાગ ઉપાદાન ન હોત તો પરગ્રહણત્યાગ લાગ્યા જ કરે. એમ છે. પરનું ગ્રહણ-ત્યાગ લાગ્યા જ કરે. એવો શબ્દ છે. જો આ ગ્રહણ-ત્યાગરહિત જીવસ્વભાવ ન હોય તો એમાં ગ્રહણ-ત્યાગ એટલે? રાગને કરવું, રાગને છોડવું, રાગને ગ્રહવું, રાગને છોડવું, શરીરને ગ્રહવું-છોડવું એ તો અનાદિ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? એવો એનો ગુણ છે ભગવાન આત્માનો, ચિદાનંદ પ્રભુ એમાં એક ત્યાગોપાદાનશૂન્યત્વ. એટલે રાગને છોડવું કે રાગને ગ્રહવું, વ્યવહારને ગ્રહવો, વ્યવહાર દયા, દાન આદિ ભાવ એને ગ્રહવો, એને છોડવો એ રહિત સ્વભાવ છે. એના ત્યાગગ્રહણરહિત સ્વભાવ છે.

મુમુક્ષુ :- કપડા અને ઘર ક્યારે છોડે?

ઉત્તર :- કોણ છોડે કપડાને? રાગને છોડવો નથી, ગ્રહવું નથી જેના સ્વરૂપમાં. આહાહા..! ઓલો કહે કે કપડું છોડે, મુનિ થાય તો છોડે. હો. જુઓને! આવ્યું ને એમાં? મુનિ થાય એની નગ્ન દશા થઈ જાય. કપડા વિનાની હોય. પણ એ કારણ છે અને અહીંયાં ચારિત્ર કાર્ય છે એમ નથી. તેમ તે નગ્ન દશાનું જીવ કારણ થયો છે, એની જ્ઞાન અવસ્થા કારણ થઈ છે એમ નથી. આહાહા..! ચાંદમલજીએ કહ્યું હતું ને એક ફેરી? જુઓ! કથાનુયોગમાં એમ આવે છે કે ભગવાને મુનિપણું લીધું, કપડા છોડી દીધા. કપડા છોડી દીધા. તો શું છે? અહીં કહે છે કે કપડાને છોડવો એવો જ્ઞાનની પર્યાયનું કાર્ય નથી. સમજાણું કાંઈ? કપડાને છોડવું અને કપડાને ગ્રહવું એવો આત્માની પર્યાયમાં ધર્મ નથી. દ્રવ્ય-ગુણમાં નથી એટલે પર્યાયમાં પણ નથી. અને એ જ્ઞાનની પર્યાય મુનિની છે એમાં કપડાને છોડવાનું જ્ઞાન અંદર આવ્યું, જ્ઞાનમાં ખ્યાલ આવ્યો. એ ખ્યાલ આવ્યો માટે છૂટે છે એમ નથી. અને છૂટ્યું છે માટે પોતે ગ્રહ્યું હતું, જ્ઞાનમાં પહેલું પકડ્યું હતું કપડાને એમ છે જ નહિ, કહે છે. ગ્રહણ કર્યું હતું કે દી કે એને છોડે? આહાહા..! ભારે! કહો, કાંતિભાઈ! આહાહા..! નગ્ન દશા ગ્રહણ કરો, કપડા છોડી દ્યો. પીંછી-કમંડળ લઈ લ્યો અને બાયડી-છોકરા છોડી દ્યો. એઈ.. દીપચંદજી! ભગવાન કહે છે કે તારામાં પરનું ગ્રહવું અને છોડવું એ તારા ગુણમાં નથી, તારા કાર્યમાં નથી, તારી દશામાં નથી. એને આત્મા અમે કહીએ છીએ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો પહેલી વાત કરી. શુભરાગ કરું, ગ્રહુ. ગ્રહવું છે હોં અહીં. અને શુભ છોડવું સ્વરૂપમાં નથી. એનો સ્વભાવ નથી, એનું દ્રવ્ય નથી, એવો એનો ગુણ નથી, એવી એની પર્યાય નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... ગ્રહવું થાય ને?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- ... શું થાય? માને અજ્ઞાની. ગ્રહવું શું થાય? અજ્ઞાનમાં રાગરૂપે થાઉં છું એમ માને. અને રાગને છોડું છું એમ માને. એના સ્વભાવમાં નથી. એ તો માન્યતા મિથ્યાત્વ છે. મિથ્યાત્વ માન્યતા છે. મેં આ કપડા છોડ્યા, મેં બાયડી-છોકરા છોડ્યાં. તો એનો અર્થ કે મેં ગ્રહ્યા હતા. ગ્રહ્યા હતા અને છોડવા એ બે છે જ નહિ આત્મામાં.

મુમુક્ષુ :- તો કોઈ બાયડી છોડીને સાધુ નહિ થાય.

ઉત્તર :- કોણ છોડે છે? આહાહા..! એ તો સ્વરૂપમાં સ્થિર થાય છે એટલે અસ્થિરતા ટળી જાય છે. ટળી જાય છે. ટાળતો નથી.

મુમુક્ષુ :- ઉત્પન્ન જ થાતી નથી.

ઉત્તર :- ઉત્પન્ન થાય નહિ એને ટાળતો નથી એમ કહે. છોડે છે એમ કહેવામાં આવે છે. છે નહિ. આહાહા..! લ્યો એ તો ૩૪ ગાથામાં આવી ગયું. સમજાણું કાંઈ? એ બધો સરવાળો કરીને શક્તિઓ કાઢી છે ને અંદર.

આત્મામાં દયા, દાન, વ્રતના પરિણામને ગ્રહવું અને છોડવું એવું સ્વરૂપ નથી કહે છે. આહાહા..! ભારે! એને આત્મા કહીએ. અને એ રાગ પરિણામને ગ્રહે અને પરિણામને છોડે એ અનાત્મા છે. આત્મા નથી. શેઠી! આહાહા..! સાંભળવા આવ્યા, અહીં રહ્યા છે કે નહિ? આ વસ્તુ એવી છે ને. ભગવાન ત્રિલોકનાથ પરમાત્માના જ્ઞાનમાં આવ્યું, વાણી દ્વારા કથન થઈ ગયું. ભાઈ! તારા આત્માનો સ્વભાવ એટલે શક્તિ એટલે ગુણ એવો છે કે કોઈપણ રજકણાદિને તેં ગ્રહ્યું છે કે છોડ્યું છે એવું તારા સ્વરૂપમાં નથી. કોઈ દી ગ્રહ્યું નથી તો એને છોડવાનું છે નહિ. એમ પુણ્યના પરિણામ પણ તેં ગ્રહ્યા નથી. એ તો આસ્રવતત્ત્વ વિકાર છે. આત્મતત્ત્વ એને શી રીતે ગ્રહે? અને એ રાગ દયા, દાનના શુભ પરિણામ એણે ગ્રહ્યા નથી તો છોડે શી રીતે? એના ત્યાગઉપાદાનથી રહિત છે. ત્યાગ એટલે છોડવું અને ઉપાદાન એટલે ગ્રહવું. વધતું-ઘટતું નથી. એ તો સ્વરૂપ છે તેમ છે. એમ કે રાગનો ત્યાગ થયો તો વિશેષ વધી ગયું અને રાગ ગ્રહ્યો એટલે ઘટી ગયું. પણ એમાં ગ્રહણ-ત્યાગ છે જ નહિ. આહાહા..! ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? આવો આત્મા છે એવો જાણે એને આમ દૃષ્ટિમાં આવે છે. ત્યારે તેણે આત્મા જાણ્યો ને માન્યો અને વિશ્વાસ કર્યો આત્માનો તેમ કહેવાય છે. ત્યારે તે ધર્મી થયો. આવા આત્માને માને દૃષ્ટિમાં, અનુભવમાં ત્યારે એને આત્મા કહેવાય. ત્યારે આત્મા આત્મા હતો એવો થયો. હતો એવો થયો. નહોતો એવો માન્યો હતો એ હતો એવો થયો. આહાહા..! સમજાણું કાંઈ?

**'જે ઘટતું-વધતું નથી એવા સ્વરૂપમાં નિયતત્વરૂપ (-નિશ્ચિતપણે જેમનું તેમ રહેવારૂપ-)...'** વસ્તુ જ્ઞાયકપણે ચિદાનંદ છે બસ. એમાં પરનું ગ્રહવું અને છોડવું જેની

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ગુણદશામાં નથી. ગુણમાં નથી એટલે એના કાર્યમાં પણ નથી, પર્યાયમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ત્યાગ ધર્મ છે.

ઉત્તર :- શેનો ત્યાગ? કેવો ત્યાગ ધર્મ છે? એ ત્યાગનો અર્થ રાગ સાથે અધ્યાસે થયો છે એ અધ્યાસનો ત્યાગ થઈને સ્વરૂપમાં ઠરે એને ખરેખર રાગનો ત્યાગ થયો એમ વ્યવહારે કહેવામાં આવે છે. એ વ્યવહારે કહેવામાં આવે છે. ખરેખર રાગનો ત્યાગ અને ગ્રહણ આત્મામાં છે જ નહિ. આહાહા..! જયપુરમાં તો આવું સાંભળ્યું નહિ હોય કોઈ દી.

મુમુક્ષુ :- આજે બરાબર પકડવામાં નથી આવતું. કાલે ફરીને કહેજો.

ઉત્તર :- લ્યો ઠીક! લોભી માણસ છે. પાછું માગવું છે.

'**ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ.**' એવી આત્મામાં એક શક્તિ છે કે પરને ગ્રહું-છોડવું એ રહિત શક્તિ છે. વિશેષ આવશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**જેઠ વદ ૦)), મંગળવાર તા. ૨૫-૬-૧૯૬૮**
**શક્તિ-૧૬-૧૭, પ્રવચન-૫૪૮**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. આત્મામાં અનંત શક્તિઓ એટલે ગુણ છે. એ ગુણનું પરિણમન વર્તમાન અવસ્થામાં થાય એવા આખા આત્માને અહીંયાં આત્મા તરીકે કહ્યો છે. એના સિવાય એનામાં છે એનાથી બીજી રીતે માને, એનામાં નથી એવું માને એ કહે છે કે મેં આ શરીરને છોડ્યું, મેં આ બાયડી-કુટુંબ છોડ્યા, મેં ધન-ધાન્ય છોડ્યા એ બધી માન્યતા છે એ મિથ્યાત્વ છે એમ કહે છે. કેમ કે એનામાં એ ગુણ નથી કે પરને ગ્રહવું અને છોડવું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં છોડ્યું છે? કોણ છોડે છે? સંસાર બહાર હતો કે દી? એ તો જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય છે. પોતાના સ્વરૂપમાં તો જ્ઞાન, આનંદ છે અને એમાં આ એક ગુણ છે આ ૧૬મો. આ રાગ.. આ વર્તમાન ઘણા એમ કહે છે ને? આ ત્યાગી થાય ને, સાધુ થાય છે ને બાયડી-છોકરા છોડે છે તો ત્યાગ છે ને? એઈ..! ક્યાં ગયા દીપચંદજી? અને એમાં આ એક ગુણ છે આ ૧૬મો. આ વર્તમાન ઘણા એમ કહે છે ને ભાઈ આ ત્યાગી થાય ને, સાધુ થાય છે તો બાયડી-છોકરા છોડે છે તો ત્યાગ છે ને? એઈ..! ક્યાં ગયા દીપચંદજી? અને આ શાંતિભાઈ. બાયડી-છોકરા છોડે, મકાન છોડે, પાંચ પચાસ લાખની પુંજી હોય ઈ છોડે તો એ ત્યાગી કહેવાય કે નહિ?

કહે છે કે એ આત્મામાં એણે ગ્રહ્યા જ નથી. આત્માએ એને લીધા જ નથી. છતાં કહે કે હું છોડું એ તો મિથ્યાત્વભાવ અને મિથ્યાત્વ પાપની પુષ્ટિ કરે છે. ..ભાઈ કાલે કહેતા હતા આ બધા ત્યાગી થાય ને, સાધુ થાય ને. મિથ્યાત્વી છે એ. એય.. ..ભાઈ! મિથ્યાત્વી મહાપાપ સેવે છે. કેમ કે જે વસ્તુ એનામાં હતી નહિ (એને છોડી એમ માન્યું). શેઠી! વાત એવી છે કે .. આદિ સ્વભાવ પૂર્ણ છે. એવો હજી એને અનુભવમાં, શ્રદ્ધામાં, જ્ઞાનમાં આવ્યો નથી એ ધર્મ કરે છે .. એ બધા મિથ્યાત્વના પોષણ છે. ઊંધી શ્રદ્ધાના, જૈનદર્શનથી વિરુદ્ધ માન્યતાના વીતરાગે કહેલા તત્ત્વોથી વિરુદ્ધ તત્ત્વની માન્યતાનું પોષણ છે. શેઠી!

અહીંયાં છે જુઓ. ૧૬મો બોલ આવ્યો છે. આત્મા કેવો છે પોતે વર્તમાન? કે એ જે રાગાદિનો વિકલ્પ છે ને? દયા, દાનના પુણ્યનો રાગ, એ રૂપે આત્મા થયો જ નથી. પર્યાય થઈ નથી. વસ્તુ ભિન્ન છે તદ્દન. એ તો જ્ઞાનસ્વરૂપ ચિદાનંદરૂપે રહ્યો છે અનાદિથી. એવો ન માનતા હું રાગને છોડું, એનો અર્થ કે મેં રાગ ગ્રહ્યો હતો, એનો અર્થ કે હું રાગવાળો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


હતો, એનો અર્થ કે હું જ્ઞાયકસ્વભાવે નહોતો. એવી માન્યતા તે મિથ્યાદષ્ટિ પાપીની છે. જાધવજીભાઈ! ભારે!

૧૬મો બોલ છે. ભગવાન આત્મા, એનામાં એક ગુણ એવો છે કે ત્યાગઉપાદાનશૂન્યત્વ. ઘટતું-વધતું નથી એવું. એ જ્ઞાયક ચૈતન્ય ભગવાન અનંતગુણસંપન્ન તો જેવો છે તેવો છે. સમજાણું કાંઈ? ૨૦૦ ગાથામાં કહ્યું પ્રવચનસાર. નહિ? એ તો અનાદિથી જ્ઞાયક જ રહ્યો છે, પણ માન્યું છે કે હું રાગવાળો છું, .. આ મને સંબંધ હતો પરનો એ જીવની મિથ્યાત્વની માન્યતા છે. સમજાણું કાંઈ? લોકોને ... એની ખબર નથી. એ વાતના અભાવમાં સમ્યગ્દર્શનનો મહાધર્મ છે ઈ એને ખબર નથી. સમજાણું? એ બાહ્ય ત્યાગી હજારો રાણીને છોડીને બેઠો છે, એની દયા પાળું, બરાબર કોઈ રીતે જીવને ન મારે એવી ક્રિયામાં પડ્યો છે, છતાં તેને મેં આ છોડ્યું છે એમ જે માને છે કે આ રાગને શુભભાવને ગ્રહ્યો છે એમ માને છે તે મિથ્યાદષ્ટિ મિથ્યાત્વી છે, જૈન નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મિથ્યાત્વ છે ... મિથ્યાત્વ છે. લોકોને વસ્તુની ખબર નથી. .. બાયડી-છોકરા છોડી શકે નહિ ને એટલે બાયડી-છોકરા છોડ્યા.. આહા..! બાયડી-છોકરા છોડ્યા છે ને. એઈ..! શાંતિભાઈ! જુઓ! શાંતિભાઈને પૈસા છે, મકાન છે, બાયડી છે, છોકરો છે બધું છે. બધું છોડીને દિગંબર સાધુ થવાના હતા. લ્યો! મિથ્યાત્વને સેવતા હતા. સાધુ ક્યાં હતો? એ તો મિથ્યાદષ્ટિ છે. એય..! દીપચંદજી!

એ અહીં કહે છે કે તને તારું સ્વરૂપ શું છે, એનામાં શક્તિનું સામર્થ્ય શું છે એની તો તને ખબર નથી, એનું તને જ્ઞાન નથી, એની તને પ્રતીત નથી, એનો તને અનુભવ નથી, એનો તને .. નથી અને મેં આ ત્યાગ્યું. ઈ શું ત્યાગ્યું? એણે સમ્યગ્દર્શન-ધર્મ ત્યાગ્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બસ, થઈ રહ્યું. અનાદિનો ત્યાગ્યો છે અને મિથ્યાત્વને ગ્રહણ કર્યું છે.

પર્યાયમાં પર્યાયબુદ્ધિ છે, વસ્તુમાં નથી. માન્યતામાં છે ને? વસ્તુ નથી. પણ માને છે કે મેં આ રાગને ગ્રહ્યો, મેં આ રાગને છોડ્યો, મેં બાયડીને છોડી, મેં બાયડીને ગ્રહણ કરી, પરદ્રવ્યને ગ્રહણ કર્યા, પરદ્રવ્યને છોડ્યા. રાગ પણ પરદ્રવ્ય છે. એને મેં ગ્રહણ કર્યો એવી માન્યતા એની છે. વસ્તુ નથી એવી. ઝીણી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... મિથ્યાત્વને સેવે છે. કપડા પોતાના છે જ નહિ. ગ્રહણ કર્યું જ નથી પછી છોડવું શું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુમુક્ષુ :-

ઉત્તર :- બિલકુલ નથી દિગંબર ધર્મની વાત. દિગંબર ધર્મની મૂળ વાત ભગવાન જ્ઞાયકસ્વરૂપ છે એ રાગપણે થયો નથી, રાગ છોડતો નથી. રાગનો ત્યાગ અને રાગનું ગ્રહણ બેયથી રહિત આત્માનું સ્વરૂપ છે. એવી જેને દૃષ્ટિ થાય એ દિગંબરમાં છે અને એ દિગંબર છે. એને મિથ્યાત્વના લૂગડા છૂટી જાય. શેઠી! આ ગપ જ ચલાવ્યા છે તમે અત્યાર સુધી.

મુમુક્ષુ :- કપડા ક્યાં નડે છે? ....

ઉત્તર :- એ મિથ્યાત્વરૂપી લાગણી જે છે કે મેં આ છોડ્યું. પોતે જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાન છે તે છૂટે અને જાય એને જાણનાર રહે છે. એને જાણનાર ન માનતા, એને જાણનાર ન માનતા, મેં આને છોડ્યું એટલે કે એને મેં ગ્રહ્યું હતું. ગ્રહ્યું હતું નહિ, પણ મેં ગ્રહ્યું હતું એવી મિથ્યાત્વ માન્યતામાં ગ્રહણ બુદ્ધિ થાય છે એ વસ્તુમાં નથી. ઝીણી વાત છે, ભાઈ! વીતરાગ માર્ગને સમજવો. સમજાણું કાંઈ?

ગૃહસ્થાશ્રમમાં છ ખંડના રાજમાં ભરત ચક્રવર્તી પડ્યો હોય, ૯૬૦૦૦ રાણીના વૃંદમાં પડ્યો હોય, વિપરીત માન્યતા છે તેનો એણે અભાવ કર્યો છે, થયો છે. સ્વરૂપ ચૈતન્ય છે, ત્યાગ ઉપાદાન શૂન્યત્વ જાણી એના સીધા અનુભવમાં છે. આ આત્મા રાગને કરે કે રાગને ગ્રહે એવો હું છું જ નહિ. એવો જ્ઞાનીને અનુભવ છે તો એ સમ્યગ્દૃષ્ટિ છે. છ ખંડના રાજમાં પડ્યો ધર્મી છે. રાજ છોડીને રાણી છોડી, કુટુંબને છોડીને બેસે છે પણ વસ્તુની દૃષ્ટિની ખબર નથી. મેં આ છોડ્યું. કે દી ગ્રહ્યું હતું? જ્ઞાનસ્વરૂપ ગ્રહે શું? જ્ઞાન છોડે કોને? સમજાણું કાંઈ? વસ્તુ ચૈતન્યપ્રકાશનું નૂર છે. સમજાણું કાંઈ? સૂર્યનું કોઈ કિરણ મેલું થયું છે કોલસાથી? સૂર્યનું કોઈ કિરણ મેલું કોલસાથી થયું છે તો એને ધોઈ નાખું? જાદવજીભાઈ! આ તો અલૌકિક વાતું છે, બાપા! વીતરાગનો માર્ગ છે આ. લોકો માને એ માર્ગ વીતરાગનો નથી.

એમ ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય છે. એનું કિરણ તો નિર્મળ જ્ઞાનાદિ પ્રગટ થાય શક્તિમાંથી એ એનો પર્યાય ધર્મ છે. એ રાગ પ્રગટે ને રાગ ઉત્પન્ન કરે અને રાગને છોડે એ ચૈતન્યમાં નથી. જ્ઞાનથી પોતે છૂટ્યો નથી. આવ્યું હતું ને ભાઈ આમાં? ... જ્ઞાનથી છૂટ્યો છે કે દી તે એણે રાગને છોડે છે? સમજાણું કાંઈ? ... ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ, જ્ઞાયકસ્વરૂપ છે. એ પોતે જ્ઞાનથી છૂટ્યો છે કે દી? કે જેને રાગ છોડે ને ત્યારે એને પચ્ચખાણ થાય? આહાહા..! ૩૪મી ગાથામાં આવી ગયું છે. ઝીણું બહુ. હવે એ સમજે કે દી? શ્રદ્ધે કે દી? એનું કલ્યાણ થાય કે દી? આહાહા..! બહારથી માને કે આ કર્યું. ભાઈ! એની દૃષ્ટિમાં જ્ઞાનસ્વરૂપ આત્મા છે એ તો આવ્યો નથી. બહારનું છોડ્યું-ગ્રહ્યું એવી માન્યતા છે એ તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ચૈતન્યના જ્ઞાનસ્વભાવથી વિરુદ્ધ છે. વિરુદ્ધ છે એટલે મિથ્યાત્વ છે. મિથ્યાત્વને પોષણ અનંત સંસારને ક્ષણે ક્ષણે વૃદ્ધિ કરે છે એમ કહે છે.

હું ત્યાગઉપાદાનશૂન્યત્વ છું. પરને ગ્રહું-છોડું એ મારામાં છે તો નહિ, પણ રાગને ગ્રહું ને રાગરૂપે થવું કે રાગનો વ્યય કરવો એ મારામાં નથી. એવા દૃષ્ટિવંત સમકિતી ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં જે સમ્યગ્દૃષ્ટિ છે એ ધર્મી છે અને એ મિથ્યાત્વના પાપનો ત્યાગી છે. સમજાણું કાંઈ? પંડિતજી! બહુ ઝીણી વાત છે. પડવી મુશ્કેલ પડે. હા તો પાડે પણ અંદર બેસવું ભારે કઠણ. પ્રવિણભાઈ!

અજ્ઞાની... આત્માનો સ્વભાવ રાગને પકડવો, રાગરૂપે થવું કે રાગનો અભાવ કરવો એ વસ્તુમાં નથી. એવી શક્તિ ગુણ જ નથી. છતાં એને એ માને કે મેં આને છોડ્યું, મેં અશુભરાગ છોડીને શુભરાગ કર્યો, તે ભાવ મિથ્યાત્વનું મોટું પાપ મહા. મીંદડું કાઢતા ઊંટડું પેઠું છે. સાંભળ્યું છે કે નહિ? ... વાત સાંભળી છે? ઝવેરભાઈએ નહિ સાંભળી હોય એ.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ... છે ત્યાં સ્થાનકવાસી. જુઓ હવે. સાંભળો તો ખરા તમારું શું છે બધું સમજવા જેવું છે. .. છે હોં ફૂલચંદભાઈ. ... હતો. ભાઈ હતાને. .. એ પહેલેથી આમ ૭૦માં. ૭૦માં પહેલા ગયા હતા ને ત્યાં. ... ઊંધા લાકડા ઘણા. જ્યાં મગજમાં પેસે આ શું કહે છે પણ આ? અને ઓલું તો સૂઝે. આ લીલોતરી ખાવી નહિ, કંદમૂળ છોડો, આહાર છોડો, પાણી છોડો આઠમનો દી છે, ચોવિહાર કરો, અને શુભભાવ ગ્રહણ કરો.

અહીં કહે છે કે એ મેં છોડ્યું એવું પરનું અભિમાન છે તે મિથ્યાત્વ છે. અને મેં શુભભાવ ગ્રહણ કર્યો એ વસ્તુમાં શુભભાવ નથી એણે ગ્રહણ કર્યો એમ માન્યો એ મહામિથ્યાત્વનું પાપ છે. સમજાણું કાંઈ? સાંભળ્યું છે કે નહિ શેઠી? એ દૃષ્ટાંત નથી સાંભળ્યું ડોશીનું? પહેલા કહ્યું હતું. ભૂલી ગયા. એક ડોશી હતા ડોશી. એ જરી કંજૂસ હતી કંજૂસ. એના ઘરની પાછળ વાડો હતો. મકાનની પાછળ વાડો હોય છે ને? એટલે વાડામાં એક મીંદડું મરી ગયેલું. મીંદડું. ઉઘાડે ઝાપો જ્યાં ત્યાં જોવે તો મીંદડું મરી ગયું. હવે કરવું શું? જો હરિજનને બોલાવે તો બશેર-પાંચશેર જુવાર આપવી પડશે કે કાંઈક આપવું પડશે. એટલે ખાનગી લઈને ચુલામાંથી રાખ કાઢી, ટોપલામાં લઈ ગઈ અંદર ઝાપો ઉઘાડીને. .. નાખી. બહાર નાખી દઉં એટલે શું હરિજનને પૈસા દેવા મટે. એ જ્યાં નાખવા ગઈ તો એક ઊંટ ઊભું હતું બહાર. મરવાની તૈયારીવાળું. ઝવેરચંદભાઈ! બરાબર ઝાંપો ઉઘાડો રાખેલો. બંધ ન કર્યો. એ સામું ઊભું હતું એને કાંઈ ખબર નહિ ઓલું વેગમાં ઓલા લોભના વેગમાં

કે આટલું બચશે. તો ઊંટડુ ગર્યું અંદર અને મર્યું ત્યાં. અહીંયાં આવી ત્યાં.. મીંદડું નાખવા ગઈ ત્યાં ઊંટડું પેઠુ. મલૂકચંદભાઈ!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- શેઠિયાને શું? શેઠિયાના બાપ કરે છે એના ગુરુ. એય..! સમજાય છે કાંઈ? હવે શું કરવું? ચાર મણ ઘઉં દેવા પડશે, ચાર મણ જુવાર.

એમ ભગવાન કહે છે કે વસ્તુના સ્વરૂપમાં ચૈતન્યમૂર્તિ આનંદકંદ છે. એમાં રાગ પણ નથી અને રાગનું છોડવું (પણ નથી). રાગ હોય તો છોડે ને? વસ્તુમાં ક્યાં છે રાગ? અને વસ્તુમાં ક્યાં છે? શરીર, વાણી, દાળ, ભાત, રોટલા એમાં છે કે છોડે? એટલે કહે છે કે જ્યાં એ રાગ છોડું, આ છોડું એમ બુદ્ધિ કરવા જાય છે ત્યાં એમ લાગે છે કે અમે કાંઈક શુભ ગ્રહ્યું, અને કાંઈક હું ઠર્યો. બાયડી, છોકરા અને ઘરમાંથી કાંઈક મકાનમાં આવ્યો ને જરી બહારમાં આવ્યો ને ઠર્યો. એમ માને છે. પણ એને ઓલો રાગ છૂટ્યો જ નથી, પણ રાગની એકપણાની માન્યતા કરી છે. મેં આને છોડ્યું એવું અભિમાન મિથ્યાત્વનું કર્યું છે. મિથ્યાત્વનું ઊટડું પેઠું મોટું. સમજાણું કાંઈ? ભારે વાતું, બાપા! આ તો વીતરાગના ઘરની વાતું છે. એ કેવી! એમાં શક્તિનું વર્ણન તો આત્મા આવો છે. એથી વિપરીત માને એ ત્યાગી હો, ગૃહસ્થ હો, વ્રતધારી હો, બ્રહ્મચારી (હો,એ) મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાદૃષ્ટિ એટલે કે મહા અધર્મને સેવે છે. કહો, સમજાણું કાંઈ? એઈ.. શેઠી!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- સમજણમાં મોટો ફેર છે. મોટી મહાભૂલ એમ કહે છે. આહાહા..!

એવી એક શક્તિ જુઓ કે ઘટતું-વધતું જે નથી. ભગવાન આત્મા .. સ્થિર ચૈતન્ય જ્ઞાયક જ્ઞાયક સ્વભાવ છે. એ આત્મા. એમાં આવી અનંત શક્તિઓ છે એવી આ એક શક્તિ છે, ગુણ છે કે જે ગુણનું કાર્ય જેની પર્યાયમાં પણ, દ્રવ્યમાં અને ગુણમાં તો છે એ, પણ એની અવસ્થામાં પણ રાગને ગ્રહું, રાગને છોડું એવી પર્યાયનો ધર્મ નથી. આહાહા..! રાગ છે એને જ્ઞાનમાં રહીને જાણે છે કે એ ચીજ છે બીજી. મારામાં નહિ. અને રાગ જાય ત્યારે જાણે છે કે આ રાગ ગયો. મારામાંથી નહિ. ઝીણી વાત છે ભાઈ! જૈન તત્ત્વની એવી વાત છે.

એ ચૈતન્યમૂર્તિ છું. જ્ઞાનમૂર્તિ છે. એ જ્ઞાનવસ્તુ છે એ જાણવાના કામ સિવાય રાગને ગ્રહે મૂકે એ કેમ બને? જ્ઞાનમાં એ બને કેમ? સમજાણું કાંઈ? એટલે જેને આત્મામાં ત્યાગઉપાદાનથી શૂન્ય છે એવા ગુણનું ભાન નથી એ મિથ્યાદૃષ્ટિ છે. અને એમ માને કે આત્માએ આને છોડ્યું, ધન-ધાન્ય છોડ્યા, છતી ઋદ્ધિના ત્યાગી, લખે છે કે નહિ? એય..!

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જાધવજીભાઈ! એવું લખતા હશે નહિ બધું સંવત્સરીમાં. કાગળમાં લખે ને? ક્ષમાવણીના પત્રમાં છતી ઋદ્ધિના ત્યાગી. કોણ ઋદ્ધો હતો એમાં? ઋદ્ધિ તો અહીં આત્મામાં અંદર પડી છે એ છે. સમજાણું કાંઈ? આ તો વાતું આકરી છે ભાઈ!

ભગવાન પરમેશ્વર એમ કહે છે અને એવું છે એમ કહે છે. ભાઈ! તારો આત્મા છે એ આત્માનો સ્વભાવ શક્તિ અને સામર્થ્ય એવું છે કે જેનામાં આત્મા સિવાય પરદ્રવ્ય કોઈપણ અને આત્મા સિવાય રાગાદિ આસ્રવતત્ત્વ વિકલ્પ, વિકલ્પ એને આત્મા ગ્રહે કે છોડે એનાથી આત્મા શૂન્ય છે. જેમ છે તેમ જ્ઞાયકભાવે છે. એમ જ્યાં સુધી ન માને ત્યાં સુધી એની માન્યતામાં પરનું ગ્રહણ-ત્યાગ લાગ્યા કરે. એ કહ્યું હતું ને અનુભવપ્રકાશમાં? કે આ ગુણ ન હોય તો પરનું ગ્રહણ-ત્યાગ લાગ્યા કરે. ગ્રહવું ને છોડવું... ગ્રહવું ને છોડવું... ગ્રહવું ને છોડવું... એ તો મિથ્યાત્વભાવ છે. સંસારમાં અનાદિ રહેલો છે. સમજાય છે કાંઈ? ભારે ઝીણું!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- છોડવા-બોડવાનું નથી. કાંઈ છે જ નહિ. કોણ છોડે છે? છે જ નહિ છોડે કોણ?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ના. ના. કાંઈ છે જ નહિ ને. જ્ઞાયકપણે જ્ઞાયકપણે રહે છે. એ અપ્રત્યાખ્યાનીને છોડે છે અને પ્રત્યાખ્યાનને ગ્રહણ કરે છે એમ છે જ નહિ. વસ્તુ જ્ઞાયકમૂર્તિ છે એવી અંતર દૃષ્ટિ થતાં રાગની ઉત્પત્તિ થતી નથી એને વ્યવહારથી કહેવામાં આવે છે કે એણે ત્યાગ્યું. વસ્તુમાં નથી. અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય જડ તો ક્યાંય ગયું પણ એનામાં જે ભાવ હતો અપ્રત્યાખ્યાનનો રાગનો અભાવભાવ છે રાગનો ભાવભાવ એ ભાવનો ત્યાગ કર્યો આત્મામાં એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? નિરીક્ષણ નહિ, એ તો આત્મામાં જ્ઞાયકમૂર્તિ છે એમ પોતે જોવે ને જાણે ને અનુભવે. બસ. એનું નામ નિરીક્ષણ. ચીમનભાઈ! આ તો બીજી જાત છે. આ દુનિયા સાથે મેળ ખાય એવો નથી ભાઈ! આહાહા..!

ભગવાન આત્મા બ્રહ્મસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે. એમાં દુઃખની પર્યાયને ગ્રહી છે કે દુઃખની પર્યાયને છોડે છે એવું એના પર્યાયધર્મમાં નથી. દ્રવ્ય-ગુણમાં તો નથી પણ પર્યાયમાં નથી. આહાહા..! ભારે વાત ભાઈ! આવો વીતરાગ માર્ગનો આત્મા છે. આવો આત્મા છે. અને એવો જ હોય બીજો હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ? એનો જો રાગ હોય તો રાગ છૂટે કેમ? અને આ બાયડી-છોકરા એના હોય તો છૂટે કેમ? એના નહોતાં. માન્યા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હતા કે મારા છે. એ માન્યતા મિથ્યાત્વ હતી.

શ્રોતા :- રાખે તો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ધૂળેય રાખે તો રહે એમ નથી. ધૂળ રાખે શું? એને કારણે આવે ને એને કારણે જાય. રાગ પણ ખરેખર તો એને કારણે એના કાળે આવે અને એને કાળે જાય. આત્મા તો જ્ઞાયકસ્વરૂપ જ છે. એને ગ્રહણ-ત્યાગ સ્વરૂપમાં છે નહિ. આહાહા..! ભારે વાત. સમજાણું કાંઈ? બધા મંડી પડ્યા છે. એય.. શાંતિભાઈ! બહુ .. કલકત્તામાં પણ. એકલા.. ભાઈ કહેતા હતા કાલે કે એકલા બેસે. એ બધા જુદા. એનો ચોકો જુદો નહિ. ઝવેરચંદભાઈ! બે-ચાર જણા હતા હો કોક. નહિ? પછી કહે એય.. આ બધું મોક્ષમાર્ગપ્રકાશકમાં આમ છે. ભાઈ! એ વાંચવા દ્યોને. હવે કહે કે માર્યા ગયા. ક્યાંકના ક્યાંક ચડી ગયા હતા. કહો, સમજાણું આમાં?

અહીં કહે છે કે બીજા પ્રાણીના પણ બાહ્યપદાર્થના ત્યાગથી એની મહિમા જો દેખાય તો એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે જાણનારો. આહાહા..! સમજાણું કાંઈ? અને સંયોગો ઘણા દેખાય નહિ એનો આત્મા સમ્યગ્દૃષ્ટિ છે અને સંયોગો ઘણા છે, આ પાપી છે અને આ હલકો છે એમ જોનારને આત્માના શ્રદ્ધા અને જ્ઞાન છે નહિ. આહાહા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? લોકો કહે ને જેટલો ત્યાગ કર્યો એટલું .. ગયું. ગોળ ખાધો એટલું ગળ્યું. એમ કહે છે ને માણસ. પણ ગોળ જોઈએ ને? અહીં તો ગોળ નથી ઝેર છે, કહે છે.

ભગવાન પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ પરમાત્મા એણે ઈન્દ્રોની સમક્ષમાં, ભગવાનની વાણીમાં અને જ્ઞાનમાં આવ્યું છે કે આ આત્મા આવો છે. હવે એની એને ખબર નથી. આ આત્મા એવો છે કે જેમાં પરવસ્તુને ગ્રહવું, એકમેક થવું અને પરને છોડવું, ... કરવું એ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? એનો એ ગુણ નથી. પરના ગ્રહણ અને ત્યાગથી તો ભગવાન આત્મા ખાલી છે, શૂન્ય છે. શાંતિભાઈ! આહાહા..! ભારે વાત ભાઈ! આવો આત્મા છે.

ભગવાન આત્મા જ્ઞાન અને ચૈતન્યના સ્વભાવથી શુદ્ધથી સેવે અને પરને પકડવું, પરને છોડવું એનાથી જ્ઞાયકભાવ તો ખાલી છે-શૂન્ય છે ભગવાન. એને એમ કહેવું કે આ છોડે છે ને ગ્રહે છે, કહેવું એટલે માનવું, એ મિથ્યાત્વભાવના મહાપાપને, અધર્મ પાપને નિગોદની ગતિની સન્મુખ થવાના પાપને સેવે છે. સમજાણું કાંઈ? મોટો ભગવાન આત્માનો જે ગુણ છે એનો તેં અનાદર કર્યો. એ ગુણવાળો અનંત ગુણ એવા પાછા છે. એક એક જ્ઞાનગુણ, દર્શનગુણ પણ પરના ત્યાગ-ગ્રહણરહિત છે. સમજાણું કાંઈ? આત્મામાં એક ચારિત્રગુણ છે એ પણ રાગને ગ્રહે અને છોડે એનાથી રહિત ચારિત્રગુણ છે. ..ભાઈ! બાપુ! ઝીણી વાત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે. ગજબ વાત છે! આહાહા..! ભગવાન આત્મામાં એક ચારિત્ર એટલે વીતરાગભાવ ભરેલો છે-સ્વભાવ. એનો એવો સ્વભાવ છે કે રાગને પકડવું કે રાગને છોડવું એવો ચારિત્રગુણનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? કહો, શાંતિભાઈ! હવે ચારિત્રની વાત આવી. ચારિત્ર લઈ લીધું. ધૂળેય નથી ચારિત્ર. એય..! કામદાર! તમે તો બહુ સાંભળ્યું ન હોય. રળવામાં કાળ ગયો હોય બધોય. એમ ને એમ ધૂળમાં કાળ ગયા બધા. આહાહા..!

શું કહે છે? આ મહાશક્તિ આના ઉપર આધાર છે હોં! ઓલામાં આવે છે ને ભાઈ! ઓલા .. નિવૃત્ત... સ્વરૂપ, પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. .. આત્મા.. અભાવસ્વરૂપ છે એમ. ત્રિકાળ એના અભાવસ્વરૂપ છે. આહાહા..! જ્ઞાનમૂર્તિ ચૈતન્ય એના અનંતા ગુણો (છે). એ દરેક ગુણ એવો તાકાતવાળો છે કે રાગને ગ્રહવું, ... પરતત્ત્વ એને એકરૂપ થાય શી રીતે? અને પરતત્ત્વને આવ્યું હતું ગ્રહ્યું છે કે દી તો છોડે? દૃષ્ટિ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? ...ભાઈ! સમજાય છે કે નહિ આ? આફ્રિકામાં કાંઈક રખડવામાં... પૈસા મળે બે લાખ, પાંચ લાખ, દસ લાખ. ધૂળમાંય નથી ત્યાં મળે શેના? પછી આપણે દાન કરશું. ... દાન? મેળવશું એ માન્યતા મિથ્યાત્વ છે. કારણ કે આત્મા મેળવી શકતો નથી. અને દાન કરશું એ પૈસા દઈશું એ માન્યતા મિથ્યાત્વ છે. પૈસા જડ છે. એય..! જાધવજીભાઈ! આ તો અલૌકિક વાતું છે ભાઈ! એય..! પંડિતજી! ... અહીં એવી સૂઝ પડે નહિ એટલે શું કરવું? હા તો પાડવી પડે. ..ભાઈ!

ભાઈ! તારે સમજવું પડશે પ્રભુ! તું આત્મા છો. આત્મા એ શક્તિ અને સ્વભાવથી ખાલી ન હોય. આત્મા છે તો એની શક્તિઓ અને એનો ગુણ કહો, સ્વભાવ કહો કે એનું સત્ત્વ કહો. સત્ સત્ત્વથી ખાલી ન હોય. એ ભગવાન આત્મા એની શક્તિઓ અને ગુણથી ખાલી ન હોય. તો એ ગુણ કેવો છે એનો? એક ગુણ એવા અનંતા ગુણો. સમજાય છે? કે પરને છોડવું-ગ્રહવું એનાથી શૂન્ય છે એવો એનો ગુણ છે. એને એમ માનવો કે પરને ગ્રહુ-મૂકું એ શૂન્ય છે એને ગ્રહુ-મૂકું માન્યું એટલે એનાથી સહિત છે. વિકારને ગ્રહુ-મૂકું એવો આત્મા માન્યો (તો) એવો આત્મા નથી. સમજાણું કાંઈ? .. ભારે વાત! એય..! ..ભાઈ! હવે જેટલું છોડ્યું એટલું ગોળ. ... માણસ વાતું કરે લ્યો! ગોળ ક્યાં હતો? ઝેર છે, સાંભળને.

ભગવાન ચૈતન્યની જ્યોત છે. લેપ વિનાની ચીજ છે, પરના સંબંધ વિનાની ચીજ છે. આહાહા..! એને આત્મા કહીએ. એવો ભગવાન આત્મા, એનો એક એક જ્ઞાનગુણ, જ્ઞાનગુણ એ રાગને ગ્રહે કે છોડે એ જ્ઞાનગુણમાં શક્તિ નથી. અને શ્રદ્ધાગુણમાં મિથ્યાત્વને છોડે અને સમકિતને ગ્રહણ કરું, આમ પર્યાયને ગ્રહણ કરું એ ગુણ જ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો અંદરથી દૃષ્ટિ કરતાં ઉત્પન્ન થાય છે. ઓલામાં આવે છે ને ... આવે છે ને? સર્વવિશુદ્ધ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ગ્રહ્યું-છોડ્યું... પણ એ રીતે સમજાવે છે. આવે છે. ... છે. .. ભાઈ! એ તો ત્યાં સમજાવ્યું છે કે વસ્તુસ્થિતિ ચૈતન્ય ભગવાન પૂર્ણ શક્તિએ એક એક શક્તિથી પૂર્ણ પડ્યો છે. એવું અંતરમાં ભાન થયું એટલે કહે છે, છૂટવા યોગ્ય છૂટી ગયું અને ગ્રહવા યોગ્ય ગ્રહાઈ ગયો આત્મા એમ. ગ્રહવું એટલે જેમાં ઠરવું હતું એ આવી ગયું. અને છૂટવાનું છૂટી ગયું એટલે વ્યય થવાનો હોય તો એ વ્યય થઈ ગયો. એમ. શાસ્ત્રમાં લખાણ પણ ઘણાને. માણસ સમજે નહિ. 'જિન પ્રવચન દુર્ગમ્યતા થાકે અતિ મતિમાન.' શ્રીમદ્ કહે છે ને? 'જિનપ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન, અવલંબન શ્રી સદ્ગુરુ સુગમ અને સુખખાણ.' શ્રીમદ્ જેવાને એમ લાગ્યું કે આ તો ભારે થયું. જિનપ્રવચન વીતરાગના વચનો ભારે અટપટા, ઝીણા, સૂક્ષ્મ. નહિતર તો એ બુદ્ધિમાં જબરા હતા. સમજાય છે કાંઈ? એટલે આ એક કહ્યું. એ વખતે એના જેવો ક્ષયોપશમવાળો બીજો કોઈ ધર્મમાં તો લાગતો નહોતો. બહારમાં હશે કોઈક બીજા. બહારનું અહીં શું કામ છે? એવો ક્ષયોપશમ હતો. સમજાણું કાંઈ?

સમયસાર.. આહાહા..! આ સમયસાર પુસ્તક હાથમાં આવ્યું. હાથમાં ફક્ત હોં! ત્યારે માણસને કહ્યું.. તે દી તો સમયસારની કિંમત કેટલી? અઢી રૂપિયા.. હોં! .. શ્લોક. મળ્યું એટલે.. થાળી રૂપિયાની મગાવી બે. શેઠી! આમ જ્યાં જોયું. જેમ ઝવેરીને હીરો હાથમાં આવી જાય. આહા..! આ! સમજાણું? હીરો હાથ આવ્યો હતો ને .. લાઠીમાં. આ કઠિયારાને. કઠિયારો હોય ને એને લઈને આવ્યો. .. જો આપણે દીવા કામમાં આવશે. તેલ આવશે. તેલનો ખર્ચ (બચશે). જ્યોતિ પ્રકાશમાં થાશે. એમાં શેઠિયો આવી ગયો ઘરે. આમ ભાઈ જોયું. અરે.. આ! આ શું છે અને તમે શેમાં કામ લ્યો છો? શું છે આ? તેલ બચશે એવી પ્રકાશવાળી ચીજ છે. બાપુ! અમે કરોડ સોનામહોર દઈએ તો તું આ દઈશ અમને? હેં! એવી કિંમતવાળી આ ચીજ! એવી કિંમત છે. એ પ્રકાશે છે. રોટલા ન થાય. પ્રકાશે એની કિંમત થાય. સમજાય છે કાંઈ? કિંમત નથી એને. એમ ચૈતન્ય હીરો અજ્ઞાનીના લક્ષમાં આવ્યો કે આત્મા કેવો? હાલે-ચાલે એવો, દયા પાળે એવો. એય..! દયા પાળે તે આત્મા, હાલે-ચાલે તે આત્મા, કો'કના પરોપકાર કરે તે આત્મા. આહાહા..! બોલે તે આત્મા અને રાગ કરે એ આત્મા, રાગ છોડે તે આત્મા. અરે..! મૂઢ તને આત્માના હીરાની ખબર નથી. એવો એ છે નહિ હીરો. ગુરુએ બતાવ્યું કે આવો હીરો છે આ તો. ઓહોહો..! આમ તો કીધું કે આત્મા છે.. આત્મા છે. ...

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- જવાબદારી તો એ ઓલો સમજે ત્યારે કહે છે એમ કીધું. કહો, સમજાણું કાંઈ? કોણ કહે ને કોણ સમજાવે? આહા..હા..! ભારે વાત! લીલા તે લીલા!

એક એક ગુણે કેટલો આત્માને પ્રસિદ્ધ (કર્યો છે)! આત્મખ્યાતિ છે ને આ.

ભગવાન આત્મા રાગની વિકલ્પ દશા જે છે એનારૂપે જીવ થયો જ નથી. તો એને છોડવારૂપે થવું એ એનામાં છે નહિ. એવો એનામાં ગુણ એક નહિ પણ એવા અનંતા ગુણ છે. એવા અનંતા ગુણવાળો આત્મા .. ... .. સમકિત થાય. ચારિત્ર તો પછી. આ ભાન વિનાના ચારિત્ર અને વ્રત લઈને બેસે છે એ તો મિથ્યાત્વને પોષે છે. મહાપાપના પાખંડ પાપને સેવે છે. સમજાણું કાંઈ? સાત વ્યસનના પાપ કરતાં પણ મિથ્યાત્વનું પાપ અનંતગુણું છે. એ પાપની એને ખબર નથી.

ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ એનો અનાદર થઈ જાય છે, અનાદર કહો કે નિષેધ કહો કે એની હિંસા થાય છે. આત્માને એવો માનવો કે રાગના ગ્રહણ-ત્યાગવાળો આત્મા છે એ આત્માની હિંસા થાય છે. આહાહા..! એટલે? કે એનું જે જીવન જેવું છે એવું ન માનતા એનો વિરોધ કરે છે એ જીવનની હિંસા કરે છે. ચૈતન્યનું નાસ્તિપણું માને છે. સમજાણું કાંઈ? રાડ નાખી જાય ઓલા સાધુ-બાધુ સાંભળે તો. અરર..! હાય.. હાય.. હતા કે દી? સાધુ હતા કે દી? .. એની દૃષ્ટિમાં પહેલું સાધકપણું અંદર,.. એ વિકલ્પ છે એ મારામાં નથી અને છે તો એનાથી શૂન્યપણું મારામાં છે. સમજાણું કાંઈ? એવો આત્મા દૃષ્ટિમાં આવ્યા વિના, અનુભવમાં આવ્યા વિના.. ચારિત્ર.. છે નહિ. .. શકે નહિ. સવારે .. ચાર ચાર વાર.. આ દસ વાગે રોટલા જોઈએ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- શ્વેતાંબરને. દિગંબરને તો એવું ન થાય. શ્વેતાંબર સાધુને ચાર ચાર વાર... નગ્ન દશામાં એક જ વાર આવ્યું. છતાં વસ્તુની ખબર નથી. દૃષ્ટિમાં મિથ્યાત્વ છે. આહાહા..! જે ગ્રહણ-ત્યાગ વિનાનો આત્મા છે એને ગ્રહણ-ત્યાગવાળો માનવો છે એ મિથ્યાત્વ છે. મહાસંસારની વૃદ્ધિ કરે છે મિથ્યાત્વમાં. ઝીણું છે આ. સમજાણું કાંઈ?

'**જે ઘટતું-વધતું નથી...**' એવું તત્ત્વ આત્મા. '**એવા સ્વરૂપમાં નિયત્વરૂપ (નિશ્ચિતપણે જેમનું તેમ રહેવારૂપ-) ત્યાગોપાદનશૂન્યત્વશક્તિ.**' છે. ભગવાન આત્મા એ તો પરનું ગ્રહવું... ગ્રહ્યું ક્યાં પણ? ગ્રહ્યું હોય તો છૂટે નહિ. અને છૂટવું અને ગ્રહવું એ બેય એની પર્યાયમાં નથી. અહીં એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? ગ્રહવા-ત્યાગવાનો તો અભાવ છે એનામાં. આહાહા..! વિકાર છે એ તો મિથ્યાત્વનો તને. મેં આ છોડ્યું. ... ... શરીરથી.. નહિ. એટલે? રાગ અમારે એવો હોય નહિ. રાગ હતો તારામાં-વસ્તુમાં? આહાહા..! ભારે વાતું આકરી. ભાઈ! એ રાગ તારામાં હતો જ નહિ ને. તું તો આનંદશીલ સ્વરૂપ છો. આહાહા..! એવા આત્માના સ્વભાવમાં એ રાગનું છૂટવું અને રાગનું ગ્રહવું એવું

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સ્વરૂપ.. એક એક ગુણમાં નહિ, દ્રવ્યમાં નહિ, એની પર્યાયમાં ક્યાંય નથી. એવો આત્માને માનવો કે મેં આ છોડ્યું, આટલું મેં પકડ્યું હતું એ આત્માને માનતો જ નથી. એ તો મિથ્યાત્વને માને છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાતું આકરી! એય..! શાંતિભાઈ! આ શું છે આ? બધાને રાખવા છે ઊભા. આને રાખો. પંચ મહાવ્રતધારી. ધૂળધારી નથી હવે સાંભળને. આત્મા રાગ અને પરથી રહિત એવી શક્તિવાનનું ભાન નથી. સમજાય છે કાંઈ? અને બીજું ભાન આવી ગયું એને... સમજાણું કાંઈ?

'**ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ.**' લ્યો! શેઠી! સવારે કહ્યું હતું જરી થોડી લેવી. આવ્યા છે. ... એ ત્યાગ ઉપાદાન નામનો આત્મામાં જે ગુણ છે. પરને છોડ્યા-ગ્રહ્યા વિનાનો ગુણ. એ ગુણમાં રૂપમાં આત્મા સ્થિત છે. માટે આત્માને વાનપ્રસ્થત્યાગી કહ્યો આ હિસાબે. વાન એટલે આત્માનું.. રાગને ગ્રહું અને છોડું એ રહિત આત્મા છે એવો આત્મા દૃષ્ટિમાં, જ્ઞાનમાં આવ્યો એ ત્યાગોપાદાન ગુણ નામ ગુણ છે એ પોતાના રૂપમાં સ્થિત છે. ગ્રહવા-ત્યાગવા વિનાનો છે. એ ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ છે એ પોતે ક્ષત્રિય છે. એ પોતાના ગુણને રાખે છે અને અનંતા ગુણને એ રીતે રાખે છે કે ત્યાગ-ગ્રહણરહિત જ આત્મા છે. સમજાણું કાંઈ? આ ભારે વ્યાખ્યા! આવી વ્યાખ્યા કેવી કરી! વસ્તુ આ છે. વસ્તુનું સ્વરૂપ આવું છે. ભગવાનનું કહેલું છે અને એણે જોયેલું છે અને એવું એ છે. આહાહા..! સમજાણું કાંઈ?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- વૈશ્ય. એ ત્યાગોપાદનશૂન્ય એ વાણિયો છે. કેમ? એ ગુણ વાણિયો છે. કેમ? કે ગ્રહણ-ત્યાગની રીતિ વિનાનું છે તો ગ્રહણ-ત્યાગની રીતનો એને ત્યાગ છે. સમજાય છે? ગ્રહણ-ત્યાગના રહિત એવી રીતેનો વેપાર કરે છે એ. જાણવું-દેખવું... જાણવું-દેખવું... બસ. એવી વાણિયાની રીત એટલે વાણિયા વેપારની રીતિએ આ આત્મા પોતાના ગુણથી આવો વેપાર કરે છે. એય..! મલૂકચંદભાઈ!

શ્રોતા :- બહારનો વેપાર કે દી કરે?

પૂજ્ય ગુરુદેવશ્રી :- કે દી કરતો હતો. ધૂળ? મફતનો માને છે. થડે ઉપર બેઠા અને અમે બરાબર રળીએ. મૂઢ છો, મિથ્યાદૃષ્ટિ છો. જૈનની તને ખબર નથી. વીતરાગ માર્ગની અને આત્મા કેવો એની તને ખબર નથી. દુકાને બેઠા અમે બરાબર ધ્યાન રાખીને જુઓ રળીએ છીએ. છોકરાઓને ન બેસાડાય. કારણ કે એ કોને દઈ દે ને કોની પાસે જાય ને ક્યારે નાખે વળી જાવું. અમે ધ્યાન રાખીએ છીએ.

શ્રોતા :- એ ધ્યાન રાખે તો વધારે કામ થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ધૂળ નથી. કોણ ધ્યાન રાખે પરનું? પરની અવસ્થા કરી શકે છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કે દી કે એને પોતે રાખે અને બીજો રાખી શકે નહિ છોકરો? ભારે કામ છે બાપુ! ત્યારે મારે થવા દેવું ને? ભાઈ અમારે પૂછતો હતો ને છોકરો નહિ? કમલેશ. જ્ઞાતા-દૃષ્ટા રહેવું એટલે અમને કોઈ મારે તો અમારે શું કરવું? કોને મારે? મારે કોણ? એ ક્રિયા થાય એ તો જડની થાય છે. સમજાય છે? શરીરમાં કંઈક થઈ પડે એ શરીરની ક્રિયા છે. અને અંદર કાંઈ રાગાદિ થાય, દ્વેષાદિ થાય એ વિકાર છે. આત્મા ક્યાં છે એમાં? આહાહા..!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એણે એ જ કીધું હતું. પેન લઈ જાય, ... એવો નિર્ણય ... અને ન જ્ઞાતા-દૃષ્ટાપણે રહે તેથી કાંઈ વસ્તુ જવાની હોય એ ન જાય એમ છે? સમજાણું એ તો એને કાળે જવાની અને એને કાળે રહેવાની. એ તો એને કારણે છે, કાંઈ તારે કારણે રહી છે? આહાહા..! શું આત્મામાં એને રાખવાનો ગુણ છે? શરીરની અવસ્થાને, પૈસાની અવસ્થાને, મકાનની અવસ્થાને, આબરૂની અવસ્થાને.. આત્મામાં એવી કોઈ શક્તિ છે? કે એને રાખું એવી શક્તિ છે?

શ્રોતા :- રાખે જ છે ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :- કોણ રાખે છે? માને છે. એય..! શેઠી! પરની દયા પાળવાનો ગુણ આત્મામાં છે? પરની પર્યાય જડની છે. એ આત્મા પાળી શકે પરની દયા? મેં પરની (દયા) પાળી. મૂઢ છે કહે છે. મિથ્યાત્વને સેવ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? અગમ-નિગમની વાતું છે આ. જાદવજીભાઈ! બાપુ! સત્ય તો એવું છે. એવું છે કે જેવું છે તેવું છે. લોકોને ખ્યાલમાં ન આવે અને સમજણમાં ન આવે એથી કાંઈ વસ્તુ ફરી જાય? સમજાણું કાંઈ?

ત્યાગોપાદાનશૂન્યત્વ. લ્યો ૧૬ શક્તિ થઈ. પોણો કલાક તો ચાલ્યું આ. હવે ૧૭મી. આ બધું છે ગુણો એક સાથે હોં આત્મામાં. પણ વર્ણનમાં, કથનમાં ક્રમ આવે છે. અંદર અક્રમે ગુણ પડ્યા આત્મામાં. થોકબંધ પડ્યા છે. શું કહેવાય? થપ્પી. આ ચોખાની થપ્પી નથી હોતી મુંબઈમાં મોટી મોટી આમ. ૨૫-૨૫-૩૦ હોય ને માથે? ... એમ નહિ. પહેલો ગુણ આ અને બીજો ગુણ આ એમ નહિ. પણ સાથે ને સાથે એક જ આત્મામાં અનંતા ગુણની થપ્પી એકસાથે પડી છે. મોટી વખાર છે આત્મા. એક ગુણ છે ત્યાં બીજો ગુણ. એનો ઓલો ગુણી છે ને ગુણી? એમ આ ગુણી આત્મા... થપ્પીયું છે ને થપ્પીયું. મોટા મોટા માલ લેવા જ્યારે જાતા ને મોટી મોટી વખારું હોં! કેટલી તે. મજૂરને પાછા બે ને .. હોય ચોખાની ગુણ. બે હોય કે ત્રણ હોય કે ચાર કરી કરીને ઠેઠ લઈ જાય. .. એ એમાં ત્યાં ક્યાં? મોટી વખારું ક્યાં ને ક્યાંય. એમાં તો એક પછી એક હોય. આ એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નથી.

આત્મા ભગવાન આત્મા છે વસ્તુ એના અસંખ્ય પ્રદેશ છે. એમાં એક એક ગુણ જ્યાં છે ત્યાં અનંતા ગુણો સાથે રહ્યા છે. આહાહા..! એ ભગવાન આત્મા અનંત ગુણની રાશિનો પિંડ છે એકસાથે. પણ વર્ણન તો ક્રમે થાય ને, કાંઈ વર્ણન એકસાથે થાય? સમજાણું?

૧૭મી શક્તિ. '**ષટ્સ્થાનપતિત વૃદ્ધિહાનિરૂપ પરિણમતો, સ્વરૂપ-પ્રતિષ્ઠત્વના કારણરૂપ...**' એટલે શું કહે છે? આત્મામાં એક સમયની પર્યાયમાં છ પ્રકારની હાનિવૃદ્ધિનું પરિણમન થાય છે. છ પ્રકારનું. ષટ્સ્થાનપતિત વૃદ્ધિ અને હાનિ. છ પ્રકારના સ્થાનના આશ્રયે વૃદ્ધિ-હાનિ. એ ઝીણી વાત છે થોડી. અનંતગુણી વૃદ્ધિ, અસંખ્યગુણી વૃદ્ધિ, સંખ્યગુણી વૃદ્ધિ. એમ અનંતગુણી હાનિ, અસંખ્ય ગુણી હાનિ. એના વૃદ્ધિ હાનિના ષટ્... છે. સમજાણું કાંઈ? એવા બાર બોલ છે .. ખરો ગુણ તો એવો છે કે ભગવાન આત્મામાં જેટલા ગુણ અને પર્યાય છે એ વિખાતા નથી, જુદા પડતા નથી. સમજાણું કાંઈ? જો આ ગુણ ન હોય તો હલકા કાર્ય થાય. હલકો થઈ જાય તો ઊડી જાય અને ભારે થઈ જાય તો નીચે પડી જાય.

ભગવાન પોતાના સ્વરૂપમાં અગુરુલઘુ છે. જેટલા ગુણો છે તેટલા અને જેટલી પર્યાયની તાકાત છે તેટલી એ પોતે વિખાઈ નહિ, ક્યાંયથી ખસે નહિ, એ પર્યાયની અનંતી સંખ્યામાં એક ઓછી થાય નહિ અને એ ક્યાંયથી આવે નહિ. ઓછી થાય તો હાનિ થાય, આવે તો વૃદ્ધિ થાય. એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા વસ્તુ આ એક આત્મા એની શક્તિઓની અનંત જે શક્તિઓ છે એ જેટલી છે તેટલી એમાંથી કોઈ વિખાઈ જાય, પાતળી પડે, મોળી પડે એમ નથી. સમજાય છે? અને એની પર્યાયની અવસ્થામાં પણ એ અવસ્થા પાતળી થાય ને જાડી થાય ને ... થાય એવું નથી. વૃદ્ધિ-હાનિ રહિત એકરૂપ જેની દશા છે એવો દ્રવ્ય-ગુણ અને પર્યાય ત્રણેમાં અગુરુલઘુગુણ વ્યાપે છે. સમજાણું કાંઈ? સિદ્ધાંત પ્રવેશિકામાં આવે છે કે નહિ? અગુરુલઘુ કોને કહીએ? આવે છે?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- અને પર્યાય. એક પર્યાય..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**અષાઢ સુદ ૧, બુધવાર તા. ૨૬-૬-૧૯૬૮**
**શક્તિ-૧૭-૧૮, પ્રવચન-૫૪૯**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. આત્મા પોતે દ્રવ્ય છે વસ્તુ અને એનામાં અનંત શક્તિઓ છે શુદ્ધ. એનું પરિણમન થઈને જે ક્રમે નિર્મળ અવસ્થા થાય એનું નામ ધર્મ. સમજાણું કાંઈ? લ્યો, આ ધર્મ શું? આત્મા વસ્તુ છે-પદાર્થ. વસ્તુ છે ને? તો એમાં વસેલી, વસ્તુમાં વસેલી અનંત શુદ્ધ શક્તિઓ છે. જ્ઞાન, આનંદ આદિ. જીવતર શક્તિ આદિ આવી જાય. એ શક્તિઓનો પિંડ તે આત્મા છે. એવી આત્માની અંતર દૃષ્ટિ કરતાં જે અનંત ગુણો શુદ્ધ છે તેનું વર્તમાન અવસ્થામાં શુદ્ધ પરિણમન થવું એનું નામ ધર્મ અને એનું નામ મોક્ષનો માર્ગ છે. સમજાય છે? ધર્મ કાંઈ બહારથી થાતો નથી, ધર્મ બહારમાં થાતો નથી, ધર્મ કાંઈ બહારથી આવતો નથી. અંતરમાં સ્વભાવ છે શુદ્ધ ને આનંદ, એની દશા શક્તિરૂપે છે એનો અનુભવ કરતાં પર્યાયમાં શુદ્ધતા આવે એનું નામ ધર્મ કહેવાય છે.

કોઈ કહે કે આ દિગંબર ધર્મ શું હશે આ? દિગંબર ધર્મ એટલે? આત્માનો ધર્મ એ દિગંબર ધર્મ. સમજાણું કાંઈ? આત્મા વીતરાગસ્વરૂપ છે. એનો સ્વભાવ વીતરાગી અકષાયસ્વરૂપ છે. એનું અંતર્મુખ થઈને શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા સ્વભાવની અંતરમાં કરવી એનું નામ વીતરાગ ધર્મ છે અને એનું નામ દિગંબર ધર્મ છે. સમજાય છે કાંઈ? બીજામાં તો કાં પોતે પરનો કર્તા માને, કાં પોતામાં પુણ્યના પરિણામ થાય એને ધર્મ માને, કાં પુણ્યભાવ થાય છે એથી ક્રમે ક્રમે ધર્મ થશે એમ માને. એ બધો જૈનધર્મ નહિ. દિગંબર ધર્મ નહિ. શેઠી! સમજાણું કાંઈ?

અહીંયાં એ વાત ચાલે છે. આવો ભગવાન આત્મા સર્વજ્ઞે કહ્યો એ દિગંબરમાં જ હોય છે. બીજે ક્યાંય આવો આત્મા હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એ તો દિગંબર તો પછી નામ પડ્યું છે. મુનિ જે થાય છે સાચા સંત અંતર ભાવલિંગી એને વસ્ત્ર ન હોય અને વસ્ત્ર હોય તો એ મુનિ જ ન હોઈ શકે, એ અપેક્ષાએ એનું નામ પડ્યું છે.

મુમુક્ષુ :- ભગવાનના વખતથી નામ નથી?

ઉત્તર :- અનાદિનું છે. ભગવાનના વખતથી કાંઈ નથી, અનાદિનું છે. આહાહા..!

મુનિ. અહીં તો સમ્યગ્દર્શનની વાત ચાલે છે હજી. ધર્મનું પહેલું મૂળિયું. પછી ચારિત્ર જે છે એ તો એવી દશા છે કે સ્વરૂપમાં એટલી લીનતા એને હોય છે સાધુને. સાધુ જેને કહીએ સાચા કે એને નિદ્રા એક (પોણી) સેકન્ડ સિવાય વધારે નિદ્રા ન આવે. એટલી તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એની ઉગ્રતા ધર્મની હોય છે. સમજાણું કાંઈ? અહીં કલાક, બબ્બે કલાક, છ-છ કલાક ઊંઘે અને (માને કે) અમે સાધુ છીએ. એ સાધુ નથી. એય..! શેઠી! કેમકે એટલી બધી આત્મામાં ઉગ્રતા વસ્તુ સ્વરૂપ છે તેનું ભાન થઈને એટલી શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ (વેદાય છે) કે જેને કાંઈક મનુષ્યનો પગરવ હોય ત્યાં પણ રહેવું જેને નથી. જંગલમાં (રહે). એટલી આત્મામાં આનંદની ધૂન લાગી હોય છે, અતીન્દ્રિય આનંદની કે જેને વસ્ત્ર કે પાત્ર લેવાની વૃત્તિ, વિકલ્પ હોઈ શકે નહિ. એને એ ભૂમિકામાં, મુનિદશામાં રાગ જ એ જાતનો ન હોય. સમજાણું કાંઈ? જાધવજીભાઈ! ત્યાં કો'ક અજાણ્યા પૂછે કે દિગંબર ધર્મ શું હશે આ? એ આ વીતરાગનો સર્વજ્ઞનો પંથ આવો અનાદિનો છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો હજી સમ્યગ્દર્શનમાં આત્મા કેવો અનુભવાય એની વાત ચાલે છે. સમજાણું? ધર્મની પહેલી સીઢી, પહેલો ભાગ, એમાં આત્મા કેવો એના અનુભવમાં હોય છે? આથી વિરુદ્ધ અનુભવમાં હોય એ ધર્મી નહિ અને એ સમ્યગ્દષ્ટિ નહિ. સમજાણું કાંઈ? ૧૬ શક્તિ થઈ ગઈ. ૧૭મી ચાલે છે ને થોડી થઈ ગઈ.

મુમુક્ષુ :- ૧૭મી બિલકુલ નથી ચાલી.

ઉત્તર :- બિલકુલ નહિ, થોડી ચાલી છે.

જુઓ! આ આત્મા છે. આ શરીર, વાણી આ તો બધા જડ માટી છે. એ આત્મા નહિ. કર્મ અંદર છે આઠ કર્મ એ આત્મા નહિ. અને આત્મામાં દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય પુણ્ય એ આત્મા નહિ. એમ હિંસા, જૂઠું, ચોરી, વિષયના ભાવ થાય એ આત્મા નહિ. આત્મા એ વિકાર રહિત અને અનંતગુણ સહિત (છે). સમજાણું કાંઈ? એને પોતાની જાત કેવી છે એની એને ખબર ન મળે અને ધર્મ થઈ જાય. કહે છે કે તું અનંત અનંત શાંત આનંદ, વીતરાગી મૂર્તિના રસથી ભરેલો છો. વીતરાગપણું જે પ્રગટ કરવું છે અથવા ધર્મની શાંતિ પ્રગટ કરવી છે એ કાંઈ બહારથી આવતી નથી. અંદરમાં છે. એ અંદરમાં આવું બધું ભરી છે અંદર શક્તિ. સમજાણું કાંઈ? ૧૬ થઈ ગઈ.

૧૭મી. એટલે શું કહે છે? મૂળ સ્વરૂપ તો એવું છે એનું કે આત્મામાં એ ગુણ છે એવો અગુરુલઘુ નામનો કે પોતે દ્રવ્ય પલટીને બીજા દ્રવ્યે ન થાય. જુઓ! '**ષટ્સ્થાનપતિત...**' છે ૧૭મી? છ પ્રકારની હાનિ-વૃદ્ધિ. પર્યાયમાં છ પ્રકારની હાનિ.. બહુ સૂક્ષ્મ વાત છે આ જરી. એ '**ષટ્સ્થાનપતિત વૃદ્ધિહાનિરૂપે પરિણમતો, સ્વરૂપ-પ્રતિષ્ઠત્વના કારણરૂપ...**' પોતાનું જે સ્વરૂપ છે તેના રહેવાના કારણરૂપ. વસ્તુનું સ્વરૂપ છે જ્ઞાન, આનંદ, શાંતિ આદિ ગુણ. એ ગુણ અન્ય ગુણરૂપે ન થાય. એક ગુણ બીજાના ગુણરૂપે ન થાય. એક ગુણ બીજા ગુણરૂપે ન થાય. એક દ્રવ્ય પોતે વસ્તુ છે, સ્વરૂપ-પ્રતિષ્ઠત્વ આધાર પોતાનો. એ દ્રવ્ય પોતે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે એ અન્ય દ્રવ્ય એટલે રજકણરૂપે ન થાય, શરીરરૂપે ન થાય, કર્મરૂપે ન થાય એવો એનો સ્વભાવ અગુરુલઘુ છે. સમજાણું કાંઈ?

વસ્તુ ભગવાન આત્મા જે છે વસ્તુ, એ પરવસ્તુપણે કોઈ દી ન થાય એવો એનો અગુરુલઘુ ધર્મ છે. એના જેટલા આનંદ, જ્ઞાન, શાંતિ-ચારિત્ર આદિ ગુણો છે એ ગુણો એક ગુણ બીજા ગુણરૂપે ન થાય. અંદર વીતરાગતા ગુણ છે ચારિત્ર એ સમ્યગ્દર્શનરૂપે ન થાય, સમ્યગ્દર્શન ચારિત્રગુણપણે ન થાય એવી સ્વતંત્ર અનંત શક્તિઓનો પિંડ ભગવાન આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**(-વસ્તુને સ્વરૂપમાં રહેવાના કારણરૂપ) એવો જે વિશિષ્ટ (-ખાસ) ગુણ...**' ખાસ ગુણ અગુરુલઘુ. '**તે-સ્વરૂપ અગુરુલઘુત્વશક્તિ.**' લ્યો, એ રૂપે આત્મામાં અગુરુલઘુશક્તિ છે કે પોતાની વસ્તુ પરરૂપે ન થાય, પોતાના ગુણ જેટલા છે તે અનેક પરગુણ રૂપે તો ન થાય પણ પોતામાં જેટલા ગુણ છે એમાં પરગુણ રૂપે ન થાય. આહાહા..! અને એની જેટલી પર્યાય છે, એ એક પર્યાય પરની પર્યાય (એટલે કે) પોતાની પર્યાય છે એ પોતાની બીજી પર્યાય છે એ રૂપે ન થાય. પોતાની પર્યાય પર રૂપે તો ન થાય. આ શરીરની પર્યાયરૂપે ન થાય, કર્મની પર્યાયરૂપે ન થાય એ તો સ્થુળ (વાત છે). પણ એની જે અવસ્થા ગુણની છે એ અનંતી એક સમયની અવસ્થા એક અવસ્થા બીજી અવસ્થારૂપે ન થાય. એવું એના સ્વરૂપના આધારરૂપ, સ્વરૂપને રહેવારૂપ અગુરુલઘુત્વ નામ અગુરુ એટલે ભારે નહિ, લઘુ એટલે હળવું નહિ. જેવું સ્વરૂપ છે તેવું એમ ને એમ રહે એવો એનો અગુરુલઘુ નામનો એક ગુણ છે. પછી તો એનો ખુલાસો જરી કર્યો છે કૌંસમાં.

'**(આ ષટ્-સ્થાનપતિત વૃદ્ધિહાનિનું સ્વરૂપ ગોમ્મટસાર શાસ્ત્રમાંથી જાણવું.**' જેને જરૂર હોય (એણે ત્યાંથી જાણવું). કૌંસમાં લખ્યું છે ને? '**અવિભાગપરિચ્છેદોની સંખ્યારૂપ ષટ્સ્થાનોમાં પડતી-સમાવેશ પામતી-**' બહુ આ શબ્દો તદ્દન શાસ્ત્રીય છે જરી ગૂઢ. એટલે શું? કે આત્મા છે એમાં અનંત ગુણ છે. એની એક એક ગુણની અવસ્થા છે. એ અવસ્થામાં આગમ ગમ્ય એવા કોઈ ષટ્ગુણહાનિવૃદ્ધિ અવિભાગ-જેના બે ભાગ ન થાય. અ-નહિ, વિભાગ એવા અંશો. એવા અનંતા અંશો એક સમયની પર્યાયમાં વૃદ્ધિરૂપે થાય છે, હાનિરૂપે થાય છે. એવો કોઈ પર્યાયમાં એનો અગુરુલઘુનો સ્વભાવ છે. ઝીણી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. નહિ. નહિ. પર્યાયની અહીં વાત ચાલે છે. કોઈ દી સાંભળ્યું નથી. સાંભળ્યું નથી દરકાર કરી નથી અત્યાર સુધી.

એક એક પર્યાય અવસ્થા છે ને પર્યાય? એક ગુણની એક અવસ્થા પ્રગટ. એમાં એક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એક પર્યાયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ (થાય છે). અનંતગુણ વૃદ્ધિ, અસંખ્યગુણ વૃદ્ધિ, સંખ્યગુણ વૃદ્ધિ, અનંતભાગે વૃદ્ધિ, અસંખ્યભાગે વૃદ્ધિ, સંખ્યભાગે વૃદ્ધિ. આ છ થયા. અનંતગુણ હાનિ, અસંખ્યગુણ હાનિ, સંખ્યગુણ હાનિ, અનંતભાગ હાનિ, અસંખ્યભાગ હાનિ, સંખ્યભાગ હાનિ આ છ થયા. એવો એક એક પર્યાયમાં ષટ્ગુણપણે એક સમયમાં (પરિણમે છે). હાનિ પહેલે સમયે અને વૃદ્ધિ બીજે સમયે એમ નહિ. એક જ સમયમાં, જેમ સમુદ્રના પાણીના તરંગોમાં વિવિધતા અંદર હોય છે સૂક્ષ્મ, એવી એક એક સમયની પર્યાયમાં વિવિધતા જે આગમગમ્ય (છે), ભગવાને જોઈ છે. સમજાણું કાંઈ?

પ્રતિચ્છેદો અવિભાગ-વિભાગ જેનો ન પડે. અ એટલે નહિ. એવા અંશો ઝીણા. પ્રતિચ્છેદ. છેદ કરતાં.. કરતાં... કરતાં... છેલ્લો અંશ ઝીણો રહે એવા '**સંખ્યારૂપ ષટ્સ્થાનોમાં...**' છ પ્રકારમાં '**સમાવેશ પામતી-વસ્તુસ્વભાવની વૃદ્ધિહાનિ જેનાથી થાય છે...**' લ્યો! એ વૃદ્ધિહાનિ સિદ્ધની પર્યાયમાં પણ છે. છતાં અહીં કેવળજ્ઞાન તો એવું ને એવું રહે છે. ઝીણી વાત છે. કેવળજ્ઞાનની એક સમયની પર્યાયમાં સમયે સમયે ષટ્ગુણહાનિવૃદ્ધિ સમય સમયમાં છે. છતાં કેવળજ્ઞાન એવું ને એવું રહે છે. જગતને જ્ઞાન ન મળે તત્ત્વનું અને એમ ને એમ જગતમાં આંધળે આંધળા, જગતમાં દુનિયાના ડહાપણ કરે. ઊંડા ઉતરીને પાપમાં. ઝીણી શોધખોળ કરે પાપની. આ શું ચીજ છે ભગવાન કહે છે એની કાંઈ ખબર ન મળે અને કહે અમારે ધર્મ થાય.

મુમુક્ષુ :- ધર્મ કાંઈક સહેલો બતાવોને.

ઉત્તર :- આ જ સહેલો ધર્મ છે. જે થઈ શકે અને પોતાથી થાય, જેમાં પરની જરૂર ન પડે એને ધર્મ કહીએ. સમજાણું કાંઈ? કેટલાકને તો કાંઈ નહિ. આ રળવું અને કાંઈક આપણે જેમાં વસીએ એનાથી કાંઈક અધિકપણે ઠીક થાય. પૈસા, આબરૂ, છોકરા બસ, થઈ રહ્યું. ધૂળેય નથી. સાંભળને. એ તો ચાર ગતિમાં રખડવાનું છે ત્યાં. એય.. મલૂકચંદભાઈ! ઢોરમાં જાવાના લક્ષણ છે એ બધા. એઈ..!

હું તો કહેતો, હોં! અમારે કુંવરજીભાઈની દુકાને. ઘણા વર્ષની વાત છે. (સંવત) ૧૯૬૬ની સાલની વાત છે. દુકાન ઉપર હોં! બે દુકાન હતી. પણ આખો દી આ તમે શું (કરો છો)? સાધુ ગામમાં આવે, સામું જોવું નહિ. અને રાતે રાતડીયા નવરા થાય, દુકાન-ધંધો પૂરો કરે, નામા લખીને રાતે જાય. આ શું તમે કરો છો? તે દી હું કહેતો હોં! તે દી ઉંમર નાની હતી. ૨૦ વર્ષની. આખો દી અમે તો દુકાને બેસીએ પણ આપણે પાછું વાંચન કરીએ, શાસ્ત્ર વાંચીએ. કોઈ સાધુ આવે તો નિવૃત્તિ લઈને દુકાન છોડી દઈએ. કામ કરીએ નહિ ત્યારે. પણ કાંઈક શું કરવું છે આત્માને પરલોકનું એનો કાંઈ વિચાર નહિ? આ રળ્યા ને

આ ખાધા ને આ પીધા આ ગ્રાહક સાચવ્યા, ગ્રાહક પેદા થયા અને પાંચ લાખ થયા, દસ લાખ થયા ને ધૂળ લાખ થઈ. એમાં તને શું છે પણ? રખડી મરવાના રસ્તા છે. એમ હશે? મોહનભાઈ!

ભાઈ! તું કોણ છો? વીતરાગ શું કહે છે? અને વીતરાગ સર્વજ્ઞનો ધર્મ સમ્યગ્દર્શન શું છે? 'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી.' શ્રીમદ્ ૧૬ વર્ષે કહે છે. ૧૬ વર્ષે શ્રીમદ્ રાજચંદ્ર. 'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી. અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.' ૧૬ વર્ષે. જાતિસ્મરણ થયું હતું ૭ વર્ષે. શ્રીમદ્ રાજચંદ્ર હોં! ગૃહસ્થાશ્રમ હતા, બાયડી-છોકરા, લાખોના વેપાર મોતીના. પણ અંદરમાં નિરાળું ભાન થયું છે. આહાહા..!

કહે છે કે તું સર્વજ્ઞે કહેલો ભગવાન આત્મા, જેના અનંત ગુણો અને એક ગુણની એક એક પર્યાય. એક એક પર્યાયમાં અનંતી ષટ્ગુણ હાનિવૃદ્ધિ. આ તે શું છે! મગજમાં કામ ન કરે સાધારણને. ભાઈ! પહેલું જાણ તો ખરો. અને તે આત્મા પોતે પલટીને રજકણરૂપે ન થાય, રજકણમાં એવો ગુણ છે કે એ આત્મારૂપે ન થાય અને એના અનંતા ગુણોની સંખ્યા ભગવાન આત્મામાં છે. એક ગુણ બીજા રૂપે પલટીને ન થાય એવું એનું સ્વરૂપ છે.

મુમુક્ષુ :- અનંત ગુણ આટલા બધા સમાય ક્યાં પણ?

ઉત્તર :- સમાણા-સમાણા. સમાવું ક્યાં સંખ્યા, વસ્તુ છે સ્વભાવ ત્યાં. જ્ઞાન, આનંદ, શાંતિ, અસ્તિત્વ, વસ્તુત્વ. શક્તિઓનો સમૂહ અરૂપી. રૂપી રજકણ છે પરમાણુમાં એમાં પણ જ્યાં સ્વભાવવાનમાં સ્વભાવરૂપી મૂર્ત અનંત છે. શક્તિઓને ત્યાં ક્ષેત્રની ક્યાં જરૂર છે કે મોટું ક્ષેત્ર હોય તો સમાય. આ તો રૂપી રજકણ છે, મૂર્ત છે, રંગ-ગંધ-રસ-સ્પર્શવાળો પરમાણુ છે. એમાં પણ અનંતા અસ્તિત્વ, વસ્તુત્વ આદિ ગુણો-શક્તિ છે. તો આ તો અસંખ્ય પ્રદેશી મોટો ભગવાન છો. ભાઈ! તારામાં અનંતા ગુણો સ્વભાવ છે ને? શક્તિ છે ને? એનું સ્વરૂપ છે ને? એને ક્ષેત્રની મોટપની જરૂર નથી, એના ભાવના અપરિમિતતાની શક્તિની જરૂર છે. બસ. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, '**જેનાથી થાય છે અને જે વસ્તુને સ્વરૂપમાં ટકવાનું કારણ છે એવો કોઈ ગુણ આત્મામાં છે; તેને અગુરુલઘુત્વગુણ કહેવામાં આવે છે. આવી અગુરુલઘુત્વશક્તિ પણ આત્મામાં છે.**' ૧૭ થઈ ૧૭.

હવે ૧૮મી. ઓલી (૧૭મી) જરા ઝીણી છે. હવે આ સમજાય એવી છે. થોડું ધ્યાન રાખજો. જીવો બોલમાં પહેલા આ બોલ લીધો હતો ને? આ જીવોમાં ભાઈ! પહેલું જીવો છે ને? પહેલો આ બોલ લીધા છે. મૂળ વસ્તુ છે ને. એમાં આવો એક ગુણ છે. શું કહે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે? આ ભગવાન આત્મા જીવ જે જીવ છે એમાં અનંત ગુણ માયલો એક એવો ગુણ છે એ અહીં ૧૮મામાં વર્ણવે છે.

'**ક્રમવૃત્તિરૂપ...**' આ ભાષા પણ કોઈ દી ચોપડામાં આવે નહિ. અપાસરે જાય તો સાંભળે નહિ. ક્રમવૃત્તિરૂપ અને પર્યાય. એય..! ...ભાઈ! ચીમનભાઈ! આટલા વર્ષમાં પર્યાય શું સાંભળ્યું નહિ હોય ત્યાં. પર્યાય શું હશે આમાં?

મુમુક્ષુ :- આ હતું જ ક્યાં?

ઉત્તર :- હતુ નહિ? આહાહા..! મૂળ મૂળ તત્ત્વની આખી વાત જ આખી ગુમ થઈ ગઈ. વસ્તુ ભગવાન પરમેશ્વર કેવળજ્ઞાનીએ કહેલું તત્ત્વ.

કહે છે કે તું કેવો છો? અને તારામાં એક ગુણ એવો છે કે '**ક્રમવૃત્તિરૂપ...**' પર્યાય. '**ક્રમવૃત્તિરૂપ...**' છેને પહેલો શબ્દ? તારામાં એવો એક ગુણ છે કે અનંત ગુણને સમય સમયમાં ક્રમે ક્રમે પર્યાય પરિણમે '**અને અક્રમવૃત્તિરૂપ...**' અને અક્રમ એટલે જેટલા ગુણો છે એક સમયે સાથે છે. એવું '**વર્તન જેનું લક્ષણ છે...**' એવું વર્તવું જેનું લક્ષણ છે. બહુ સરસ શક્તિ મૂકી છે. શું કહે છે? આત્મા વસ્તુ છે એમાં અનંત ગુણ છે સંખ્યાએ હોં! અનંત કાળ રહે એ તો જુદી વાત છે. એમાં એક ગુણ એવો છે એનો ગુણ, કે અનંતા ગુણને સમય સમયમાં.. નિર્મળની વાત છે ભાઈ આ. રાગાદિની વાત નથી, પર કરવાની વાત નથી.

અહીં તો ભગવાન આત્મા વસ્તુ છે અને એમાં અનંત ગુણ છે શક્તિઓ-સ્વભાવ, એનો એક સ્વભાવ એવો છે એક ગુણ કે અનંત ગુણની સમય સમયે ક્રમવૃત્તિ, ક્રમે ક્રમે વર્તે, ક્રમે ક્રમે વર્તન, ક્રમે ક્રમે થવું, ક્રમે ક્રમે વર્તવું એવો અને અક્રમે ગુણરૂપે રહેવું એવો આત્મામાં એક ગુણ છે. સમજાણું કાંઈ? પરને કારણે નહિ. અહીં તો કહે છે, ભગવાન આત્મા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતશ્રદ્ધા, અનંતસ્વચ્છતા, પ્રભુતા એવી અનંત શક્તિઓ જે છે એનું જેને જ્ઞાન થયું, ભાન થયું એને એ અનંતા ગુણોની પર્યાય ક્રમવર્તી એટલે અવસ્થા જે સમયે જે થવાની તે થઈને પ્રવર્તી-વર્તવું કરી-રહી છે. એવો ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામનો એક ગુણ છે, જેને લઈને અનંતી પર્યાયો ક્રમે ક્રમે વર્તે. જુઓ! આ ક્રમબદ્ધ. સમજાણું કાંઈ? કોઈ નિમિત્ત અનુકૂળ હોય તો પર્યાયનો ક્રમ ફરી જાય, કે પ્રતિકૂળ મળે તો ક્રમ ફરી જાય એવો વસ્તુનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા જ્ઞાન, દર્શન, શ્રદ્ધા અથવા ઉપયોગ, શાંતિ, ચારિત્ર, આનંદ એ બધા ગુણો એનામાં શક્તિ, સ્વભાવરૂપ એકસાથે અનંતા ગુણો અક્રમે રહ્યા છે. ગુણો અક્રમે રહ્યા છે. જેમ સોનામાં પીળાશ, ચીકાશ, વજન એકસાથે રહ્યા છે. પણ સોનામાં કુંડળ, કડા,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વીંટી એ ક્રમે ક્રમે થાય છે. એ કુંડળ, કડા, વીંટીને પર્યાય કહેવામાં આવે છે. ક્રમવર્તી પર્યાય. અને સોનામાં પીળાશ, વજન, તોલ આદિ વજન ને સુંવાળપ એ શક્તિ એકસાથે અક્રમે એકસાથે છે. સમજાણું કાંઈ?

'**ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે...**' એમ છે શબ્દ લ્યો. જુઓ સમજાણું? સંસ્કૃતમાં છે ને એ? '**क्रमाक्रमवृत्तवृत्तित्वलक्षणा**' '**क्रमाक्रमवृत्तवृत्तित्वलक्षणा**' ઓહોહો..! ભારે! કહે છે, તારામાં એવી શક્તિ છે, એક ગુણ એવો છે કે જે આત્મા વસ્તુ છે એનું તેં જ્ઞાન કર્યું, તો એ વસ્તુની પર્યાય, જે સમયે એનો પર્યાય પ્રગટ થવાનો તે ક્રમે ક્રમે વર્તે એ પર્યાય, શ્રદ્ધાનો પર્યાય, આનંદનો પર્યાય, શાંતિનો, ચારિત્રનો પર્યાય, સ્વચ્છતાનો, પ્રભુતાનો, અનંતા ગુણોનો એક સમયમાં ક્રમવર્તી ક્રમે ક્રમે વર્તવું એવું વર્તન, ક્રમે ક્રમે થવું એવું વર્તન એ પર્યાયનું લક્ષણ. અને અક્રમે આત્માનો ગુણ રહેવો એ ગુણનું લક્ષણ. એ બે થઈને ઉત્પાદવ્યયધ્રુવત્વ નામની શક્તિ આત્મામાં અનાદિઅનંત છે. પણ ભાન થયું ત્યારે આ શક્તિવાન, શક્તિની પર્યાય નિર્મળપણે પરિણમે છે. આહાહા..! ભારે આમાં. કહો, સમજાણું આમાં?

એનો સમ્યગ્દર્શન પર્યાય કે સમ્યગ્જ્ઞાન અવસ્થા કે ચારિત્રની પર્યાય (કે) અનંત ગુણની (થાય) એ કોઈ સંયોગને લઈને નહિ, નિમિત્તને લઈને નહિ. સમજાણું? એનો પોતાના અનંત ગુણનો પર્યાય એટલે અવસ્થા ક્રમે ક્રમે અવસ્થા થાય એવું એનું સ્વરૂપ જ છે.

મુમુક્ષુ :- કયુ થાય એ તો નક્કી નહિ હોય ને?

ઉત્તર :- ક્રમે વર્તવું એ આ જ થાય એવું એનું સ્વરૂપ છે. જે સમયે જે પર્યાય જે કાળે તેનું સત્ છે તે પ્રકાર ને તે વર્તન વર્તે છે. આડીઅવળી પર્યાય થાય એવો એમાં ગુણ નથી એમ કહે છે. સમજાણું આમાં? ગુણવંતભાઈ! ભારે વાતું!

જુઓ! આ પરમાણુ છે કે નહિ? એની આ પર્યાય છે ને અત્યારે જુઓ આ. પહેલી હતી આની દાળ અને રોટલીની, અત્યારે આ (શરીરની છે). વળી રાખ થાશે. પણ એ કહે છે કે એમાં જે પર્યાય છે થવાની તે સમયે જે વર્તે તેવું વર્તૃત્વ-વર્તન અને એ પરમાણુમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે તે અક્રમે વર્તન, એવો પરમાણુનો પોતાનો ઉત્પાદ-વ્યય-ધ્રુવનો ગુણ છે. અહીં તો આત્માની વાત છે, પણ પરમાણુનો એવો જ ગુણ છે. સમજાણું કાંઈ?

આ આત્માને જુઓ! ઈચ્છા થઈ કે આ બારણે જાવું છે નીકળવા માટે. સમજાણું? માટે પરમાણુની પર્યાય એની કોર વળી એમ નથી, કહે છે. એ પરમાણુની પર્યાય તે પ્રકારે ક્રમમાં આવવાની એમ જ ગતિ થવાની હતી એની. એના ઉત્પાદમાં એ હતું. આત્માને કારણે નહિ.

મુમુક્ષુ :- ઈચ્છા થઈ માટે નહિ?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઉત્તર :- બિલકુલ નહિ. ઈચ્છા થઈ અને જ્ઞાનમાં પણ આવ્યું, ખ્યાલ આવ્યો કે અહીં નીકળાય, અહીં ન નીકળાય. અથવા આમથી આવ્યો છે જોડા ત્યાં પડ્યા છે તો અહીં ન નીકળાય. જોડા પહેરીને જાવું છે. મોઢા આગળ જોડા પડ્યા હોય ને ત્યાં? અહીં તો પડ્યા ન હોય. એ જ્ઞાનમાં આવ્યું જ્ઞાનમાં. એ જ્ઞાન આવ્યું પર્યાયમાં એ પણ એના ગુણમાં ક્રમસર આવી છે. અને તે કાળે શરીર આમ જાય આમ એની પર્યાય પણ ક્રમસર પરમાણુને કારણે આવી છે. આત્માના જ્ઞાનને કારણે નહિ.

મુમુક્ષુ :- પરમાણુ આત્માનું ન માને?

ઉત્તર :- કોઈ કોઈનું માનતું નથી. કોણ માને છે? કોઈ કોઈની પર્યાય કોઈને તાબે છે? એનો ગુણ જ એવો છે પરમાણુનો અને આનો ગુણ. અત્યારે તો આત્માની વાત ચાલે છે. આહાહા..! ભારે. સમજાણું કાંઈ?

આત્મામાં એવી એક શક્તિ છે અનાદિની, ભગવાન કેવળી તીર્થંકરદેવે જોયેલી. અને એ છે. એ આત્મામાં અનંતા ગુણો છે, એની સમય સમયની એક સેકન્ડના અસંખ્યમા ભાગમાં જે અનંતગુણની એક સમયની અનંતી પર્યાય તે સમયે ક્રમે વર્તવું એવું એનું વર્તન છે. જુઓ! ક્રમવૃત્તિરૂપ એનું વર્તન છે. એનું વર્તન જ એવું છે. ક્રમે વર્તવું, ક્રમે થવું એવું એનું વર્તન છે. માણસ નથી કહેતા કે આનું વર્તન કેવું છે? કે આખો દી આ સવારે ઉઠે પછી આમ કરે એવું એનું ક્રમસર આવું જ વર્તન છે. એમ આત્માનું વર્તન જ આવું છે, કહે છે. સમજાણું કાંઈ?

ભગવાનની વાણી સાંભળે છે જ્ઞાની. તેથી જ્ઞાનની પર્યાયનો ક્રમ જે આવ્યો એ વખતે, એ વાણીને લઈને આવ્યો છે એમ નહિ. એના ગુણના ક્રમવર્તી વર્તવાનો ગુણ છે એને લઈને એ પર્યાય આવ્યો છે. સમજાણું કાંઈ? આહાહા..! વસ્તુની શક્તિઓ અને એનું કાર્ય શું? અને વસ્તુ શું? એટલે દ્રવ્ય, ગુણ અને પર્યાય. હજી દ્રવ્ય, ગુણ અને પર્યાયની ખબર ન મળે પોતાના ઘરની. આમ કહે કે તારી પાસે પુંજી કેટલી છે? તો કહે, મારી પાસે દસ લાખની મૂડી છે. અને બે લાખ પેદા થાય છે. દોઢ લાખ વધે છે, પચાસ હજારનો ખર્ચ થાય. બધી એને ખબર. પાપની. તમારે દસ લાખની ન હોય. તમારા છોકરાને મોટી મોટી વાતું હોય. ધૂળની વાતું મોટી છે, સાંભળને! એ તો જડ એના છે. એ તારા થઈને રહ્યા છે જડ? અને જડની પર્યાય આવી આમ એ તારે કારણે આવી છે? પુણ્યને કારણે આવી છે એમ પણ નથી અહીં તો કહે છે. પુણ્યના રજકણો રજકણમાં રહ્યા. એ પૈસાના રજકણની પર્યાય ક્રમે આમ આવીને આ ક્ષેત્રે આવવાની હતી એમ આવી છે એને કારણે. કારણ કે એવો જ એ પરમાણુનો ઉત્પાદવ્યયધ્રુવ ક્રમ અને અક્રમ વર્તવું એવો એનો ગુણ છે. એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ગુણને બીજો ગુણ કાંઈ કરી દે, એ ગુણનો ફેરફાર કોઈ કરી દે (એમ) ત્રણ કાળમાં નથી. ઈન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર પણ એ ક્રમવૃત્તિના વર્તનને કોઈ ફેરવી શકે એવી તાકાત કોઈની છે નહિ.

મુમુક્ષુ :- જિનેન્દ્રની પણ તાકાત નથી?

ઉત્તર :- આ એના દ્રવ્યની પણ તાકાત નથી એમ કહે છે અહીં તો. એય..! ક્રમે વર્તવું એ દ્રવ્યનું લક્ષણ છે. આડુઅવળું થાવું એ દ્રવ્યનો સ્વભાવ નથી. બીજાની વાત પણ ક્યાં રહી? સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ આવી.

'**ક્રમવૃત્તિરૂપ...**' ક્રમે વર્તવામાં, ક્રમે થવારૂપ વર્તન જેનું લક્ષણ એમ લેવું. ક્રમે થવારૂપ વર્તન જેનું લક્ષણ છે એ ઉત્પાદ અને વ્યય. અક્રમે રહેવારૂપ વર્તન જેનું લક્ષણ છે એ ધ્રુવત્વ. આહાહા..! સમજાણું કાંઈ? કેટલાકે તો સાંભળ્યું પણ ન હોય લ્યો. જૈનમાં જન્મ્યા નામ ધરાવીને. જૈન પરમેશ્વરે આત્મા કેવો કહ્યો એની ખબર ન મળે. નામ કાને પડે નહિ. હવે એને ધર્મ થાય. વાડાના છે, બોકડા જેવા છે. એય..! ઓલા વાડાના ઘેટા હોય ને? રબારીઓ નથી? કાંટાવાળા નાખીને નાખે છે ને? બહુ ઘેટા રાખે છે ને કાંટા રાખીને. શું કહેવાય એને? વાડ. વાડ કરીને વાડામાં પડ્યા છે કહે છે. સમજાણું કાંઈ? એની ખબર ન મળે એની જાતની. હું કોણ છું? મારામાં શું છે? શું થઈ રહ્યું છે? કેમ થઈ રહ્યું છે? શા માટે થઈ રહ્યું છે? સમજાણું કાંઈ? છગનભાઈ! ભારે વાત પણ. હવે આવા પૈસાવાળા કરોડપતિ હોય અને એને પાછા એમ કહેવા બોકડા જેવા. આકરુ પડે હોં. એય.. શેઠી! પશુ કીધા નથી? આમ જુઓને આપણે ચૌદ બોલમાં નથી આવ્યું? ચૌદ બોલમાં આવ્યું નહિ પશુ? ચૌદ બોલમાં આવ્યું છે. આમાં આવી ગયું પહેલું.

વસ્તુના સ્વરૂપથી વિપરીત એકાંત માનનાર ભગવાન કહે છે કે હે પશુ! પશુ છો તું. નહોતો દાખલો આપ્યો? ભગુ-ભગુ. જેતપુર. જેતપુર હતો. એ.. કામદાર! આ તો ઘણા વર્ષ થઈ ગયા હોં! (સંવત) ૧૯૭૦ ની વાત છે. તમને નથી ખબર. એક કંદોઈ હતો સ્થાનકવાસી. એ તમારો અપાસરો છે ને એ? કામદારનો અપાસરો છે ને? ત્યાં છે ને મોઢા આગળ નહિ ઓલી? જુવાર નાખવાની શું કહેવાય? છત્રી. એ. એનું છે ત્યાં. પહેલા વહેલા ત્યાં ઉતર્યા હતા. દીક્ષા ૭૦માં થઈ. ૭૦ના માગશર સુદ નોમ. થયા ૫૫ વર્ષ. ત્યાં આવ્યા હતા. અમે ત્યાં ઉતર્યા હતા. ત્યારે શામજીભાઈ હતા. શામજીભાઈને? શામળજીભાઈ કામદાર હતા ત્યારે. ઘરે બહાર નીકળવાની બંધી હતી અને ખાવા-પીવાની એટલી બધી ચીજો આમ. અને મારી નવદીક્ષિતતા એટલે કહે, મહારાજ! એ નવદીક્ષિત સાધુ થયા છે ને મારે દર્શન કરવા છે હોં. કારણ કે એ બહાર નીકળે નહિ. હું કાંઈ વહોરવા જાઉં નહિ. નવદીક્ષિત ખરાને.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હજી ૭૦માં દીક્ષા અને ૧૫ દીએ જેતપુર. પોષ મહિનો હતો. ત્યાં એક કંદોઈ હતો ગામમાં. એ સ્થાનકવાસી. એનો એક છોકરો હતો ભગવાન કરીને-ભગુ ભોળો. ભોળો. પછી પગે લાગવા આવે. અને ઘરે એના મા બાપ વાતું કરે ઓલા બૈરાને, ભાઈઓના છોકરાને કે જો ભાઈ આ ભગુ-પશુ છે. ભોળો બહુ ભોળો. ગાંડો નહિ. ભોળો તે કાંઈ. રૂપાળો, હુશિયાર. આમ રૂપાળો દેખાવમાં. પણ બોલે તો આમ બોકડા જેવું. એટલે ઓલા ઘરે વાતું કરે ને. એની ભોજાઈને ભગુ પશુ છે માટે આપણે ધ્યાન રાખવું. એ પગે લાગવા આવે ત્યારે એમ કહે, મહારાજ! ભગુ પશુ છે. ત્યાં ઘરે કહે ખરા ને. કીધું, આ આમ કેમ કહે છે? પછી એનો બાપ આવે એને કીધું, આમ (કેમ બોલે છે)? કે અમે ઘરે વાત કરીએ ને આમ, એ શીખી લીધું છે. એમ કે આ ભગુ-પશુ છે બિચારો. મોટી ઉંમર હતી. ૩૦-૩૫ વર્ષનો. તે દી ૭૦ની સાલમાં. એટલામાં રહેતો હતો અપાસરામાં. ભગુ પશુ છે મહારાજ! એમ કરીને પગે લાગે હોં! વંદના કરું છું મહારાજ. ભગુ પશુ છે. મેં કીધું, આ શું બોલે છે?

મુમુક્ષુ :- મહારાજ ધ્યાન રાખજો મારું.

ઉત્તર :- ના એ નહિ. એનું કાંઈ નહિ. આ તો બોલ્યાને એટલે બોલે એટલું. બસ બીજું કાંઈ નહિ.

એમ આચાર્ય મહારાજ વીતરાગ કહે છે કે આત્માને ભાન નથી કે હું કોણ છું, ક્યાં છું, કેમ થાય છે? એ પશુ છે બિચારા. એમ કહે છે અહીંયાં. પહેલા બોલ આવી ગયા છે. સોળ શ્લોકમાં સોળ વાર પશુ કહ્યા છે. એકવારમાં ૧૭ વાર કહ્યા છે. પશુ થઈને સ્વચ્છંદે પશુવૃત્તિ કરે છે. એમ આવે છે ને? એક શ્લોકમાં બે વાર પશુ આવે છે. આહાહા..! અરે.. ભાઈ! તું કોણ છો? ક્યાં છો? શું થાય છે? એની તને ખબરું ન મળે, એની તને શ્રદ્ધા ન મળે, એની તને ઓળખાણ ન મળે. પશુને ઓળખાણ નથી અને તને (નથી), બેમાં ફેર શું? મૂળચંદભાઈ! આચાર્ય કહે છે. કરૂણાથી કહે છે હોં. કરુણા કરીને. અરે.. ભાઈ! આવું તને શોભે છે? ભાઈ! એકાંત-વસ્તુનું જેવું સ્વરૂપ (છે) તેનાથી ઊલટી બીજી રીતે તું માને છો એ તો તારી પશુતાવૃત્તિ છે, પશુવૃત્તિ છે અને એના ફળ તરીકે પશુ એટલે નિગોદમાં જવાના રસ્તા છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

‘**ક્રમવૃત્તિરૂપ...**’ ક્રમે થવારૂપ, ક્રમે થવારૂપ ‘**વર્તન જેનું લક્ષણ છે...**’ ગજબ કરી છે વાત! ઓહોહો..! આત્મામાં જેટલા ગુણો છે શક્તિ એકસાથે, એનું સમય સમયમાં ક્રમે-ક્રમે, ક્રમે-ક્રમે એક પછી એક જે થવાની જે ક્રમે રહેવાની, થવાની પર્યાય ઉત્પાદ-વ્યય. નવી ઊપજે, જૂની અવસ્થા જાય. એક સમયમાં. એ જે વ્યય થવાની તે વ્યય થવાની, ઉત્પન્ન થવાની તે ઉત્પન્ન થવાની. એવો ક્રમવર્તી-ક્રમે થવું એવું જેનું વર્તન, વર્તન એનું છે,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એવો એનો પર્યાયનો ધર્મ છે. ધર્મ નામ સ્વભાવ. સમજાણું કાંઈ?

ધર્મીજીવ પોતાના આત્માને આવો માને છે, ભાઈ! એય..! શેઠી! ધર્મી એને કહીએ કે પોતાના આત્માને રાગ ને પુણ્ય-પાપના પરિણામ વિનાનો, પરના કર્તાપણા વિનાનો, પરથી મારામાં થાય એ વિનાનો અને ધર્મીની દૃષ્ટિ આત્મા અનંત ગુણનો પિંડ ઉપર છે તેથી ધર્મી એમ માને છે, મારા અનંતા ગુણોનું પર્યાયમાં ક્રમે થવું એવું વર્તન મારો પર્યાય ધર્મ છે. આડુઅવળું થાય એવો મારો ધર્મ નથી. કહો, સમજાણું કાંઈ? અને ખરેખર એ ક્રમબદ્ધનું જ્ઞાન પણ જ્યારે સમ્યગ્દર્શન થયું, આત્મા જ્ઞાન તરફ ઢળ્યો ત્યારે તેને ક્રમબદ્ધનું સાચું જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

આત્માના જેટલા ગુણો અનંત છે એની સમયે સમયે એટલે નાનામાં નાનો કાળ, હોં! એક સૂક્ષ્મ. એક આંખી વીંચીને ઉઘાડે એમાં અસંખ્ય સમય થાય. આમ કરે ત્યાં અસંખ્ય સમય (જાય). સમજાણું? એ માયલો એક સમય. એ એક સમયમાં અનંતા ગુણોનું ક્રમે થવું એવું એનું વર્તન-આચરણ એનો એવો સ્વભાવ છે. આહાહા..! એકલી વીતરાગતા વર્ણવી છે. જ્ઞાતા-દૃષ્ટાપણું. સમજાય છે? પર્યાયને ક્રમે વર્તે એના ક્રમમાં ફેરફાર કરવો એ એમાં નથી ભાઈ! એમ છે અહીં તો. પર્યાયમાં જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય ક્રમે વર્તે છે એમાં એને આઘી-પાછી કરવી એવો ગુણ નથી કે એવી વૃત્તિ પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

વસ્તુ ભગવાન આત્મા એમાં અનંતા ગુણો એક સમયે (રહેલા છે) એ અક્રમે છે. જુઓ! બીજો બોલ એ. એ અક્રમવૃત્તિ. અક્રમે રહેવારૂપ વર્તન જેનું લક્ષણ છે. ઓલામાં ક્રમે થવારૂપ, અને આને અક્રમે રહેવારૂપ એવું જેનું વર્તન છે. આત્મામાં જ્ઞાન-દર્શન-આનંદ અક્રમે એટલે એકસાથે રહેલા છે. એવું જેનું વર્તન નામ વર્તવું એવો ગુણનો સ્વભાવ છે. ગુણ એ રીતે વર્તે-એકસાથે રહે, વર્તે એવો એનો સ્વભાવ છે. ભારે ધર્મકથા! આવી ધર્મકથા? ઓલી તો એકેન્દ્રિય દયા પાળવી, ચોવિહાર કરવો, કંદમૂળ ન ખાવા, અપવાસ કરવો, આઠમનો કરવો એમાં સમજાય પણ ખરું. અજ્ઞાન છે ઈ બધું. કોણ કરે? કોણ મૂકે? તને ખબર નથી. સમજાણું કાંઈ? પરમાણુની પર્યાય એને કારણે થાય, એને ઠેકાણે હું મૂકું અને હું લઉં. અને તે પણ એ કાળે એ પરમાણુની પર્યાય ત્યાં આવવાની નહોતી. જે અપવાસનો વિકલ્પ ઉઠ્યો છે ને જેને? એને એ પર્યાય આવવાની નહોતી. એને ઠેકાણે (માને કે) મેં આહાર છોડ્યો. એવો જે મિથ્યાત્વભાવ એને પોષે છે.

ધર્મી શુદ્ધોપયોગ માટેનો વિકલ્પ આવ્યો એ પણ એનો માનતો નથી. સ્વરૂપ તરફ ઢળે છે એકાગ્રતા (થાય છે) તે ક્રમે વર્તતી તે પર્યાય શુદ્ધપણે આવે છે એને જાણે છે કે આ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


થઈ. ફેરફાર કરવો છે, આવતી પર્યાયને ફેરફાર કરવો છે એવો વિકલ્પ નથી અને એવો એનામાં ગુણ નથી. ભારે!

વળી ત્યારે પ્રશ્ન કરે. એવું હોય તો પછી બીજાને પણ ક્રમે ક્રમે વર્તે એવો પર્યાય થાશે. તમે શું કરવા એને સમજાવો છો? એય.. શેઠી! આહાહા..! અરે.. ભગવાન! તારી પણ બલિહારી છે ને ઊંધાઈની? ઊંધાઈની બલિહારી. ભાઈ! એવું જિનવાણીમાં પણ એવું આવે કે આ સમજે. અરે..! સમજો. અરે.. આત્મા! તમે સર્વજ્ઞસ્વભાવી છો. વિકારભાવ નહિ. ત્યારે કહે એ તો થવાને કાળે એને થાશે. પણ અહીં પણ થવા કાળે એવી વાણી આવ્યા વિના રહે નહિ. સાંભળને. સમજાણું કાંઈ?

આ જુઓને માણસને હવે વાડાવાળાને એવું લાગે કે આ શું કહે છે કાંઈ પકડાતું નથી. તમારા મોહનભાઈને બેસાડો જોઈએ આમાં. ગજુ નહિ? મોટા ૯૨ વર્ષના થયા છે ને. એમના મોટા ભાઈ છે મકનભાઈના. ૯૨ વર્ષ ૯૨. ૯૦ ને ૨. ગામમાં આવ્યા હતા એમને મળવા. ગામમાં ગયા હતા તો. અહીં નહિ. આપણો ધર્મ સ્થાનકવાસીનો (છોડાવી દેશે). ભાઈ! ધર્મનું રૂપ એવું માને છે, અજ્ઞાની માને છે એવું નથી. પરને દેવા-લેવાની ક્રિયા તો આત્માની છે જ નહિ, પણ આત્મામાં થયો વિકલ્પ એ પણ આત્માની ચીજ નથી. આ મંદિર બન્યું એ કોઈએ બનાવ્યું છે એમ નથી. કહો, ઝવેરભાઈ! તમારા ઘરની લઈએ હવે. એ મંદિરના પરમાણુઓ એને કાળે એ રીતે ક્રમરૂપે વર્તવાના હતા ને વર્ત્યા છે. એ ઝવેરભાઈના ભાવથી અને ..ના ભાવથી થયું નથી. ભારે! તમે તો નહોતા તે દી. ગુણવંતભાઈ! તમને યાદ કર્યા હતા હોં! પણ કોઈ નહોતું. એકાદ છોકરો કો'ક હતો. નહિ? બીજું કોઈ નહોતું. આહાહા..!

અહીંયાં એનો ભાવ થાય શુભ. એ શુભ પુણ્યનો. એથી ત્યાં એ થાય એમ નહિ અને શુભભાવ થયો એ કાળે પણ જેની દૃષ્ટિ શુભ ઉપર જ છે, તો એ વાસ્તવિક તત્ત્વને જાણતો નથી. શુભનું જ્ઞાન કરવાનો જે આત્માનો સ્વભાવ છે એ જ્ઞાયક ઉપર દૃષ્ટિ કરીને રાગ આવ્યો તેને પોતાના ક્રમમાં આવેલી જ્ઞાનની પર્યાયથી પોતાને એને જાણે છે. આહાહા..! આ એનું વર્તવું પર્યાયનું છે.

મુમુક્ષુ :- એ ક્રમરૂપ વર્તન કહેવાય?

ઉત્તર :- એ ક્રમરૂપ વર્તન છે. ધરમચંદજી! આહાહા..!

સર્વજ્ઞનો માર્ગ 'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી.' ૧૬ વર્ષે પોકાર્યું છે શ્રીમદ્દે. તમે તમારી કલ્પનાથી માનો એ ધર્મ નહિ. સમજાણું કાંઈ? આ પણ આટલા આટલા બાયડી-છોકરા છોડ્યા, આવું કાંઈક (કર્યું), એને કાંઈ નહિ? પણ એ છોડ્યા એ માન્યું કાંઈ નહિ. એને મિથ્યાત્વ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુમુક્ષુ :- બીજાથી વિશેષતા થઈ.

ઉત્તર :- બીજાથી વિશેષતા થઈ એને મિથ્યાત્વની. વિશેષતા થઈ. એઈ..! અરે.. અરે..!- ભારે!

અહીં કહે છે કે જે સમયે તે પર્યાય તે ત્યાંથી ખસી જવાની હતી એ એને કારણે ખસી. અને તને જે વિકલ્પ આવ્યો હતો તે વિકલ્પમાં પણ તું નહોતો. તું તો વિકલ્પ રહિત જ્ઞાનમૂર્તિ એમાં તું છો. અને એમાં જે છે નહિ, જે પર્યાય રાગની આવી એનું જ્ઞાન થાય, એ જ્ઞાનની પર્યાય રાગને કારણે નહિ, એને કારણે નહિ, એ ગુણમાં તે સમયની તે જ પર્યાય ક્રમે થવાની હતી તેનું વર્તન ક્રમે થયું છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! આવો વીતરાગનો જૈનધર્મ હશે? આવો જૈનધર્મ હશે? આ જૈનધર્મ જ આવો છે. જૈનધર્મ એટલે કોઈ સંપ્રદાય નથી. વસ્તુનું સ્વરૂપ છે, આત્માનું સ્વરૂપ છે. વીતરાગમૂર્તિ ભગવાન આત્મા અકષાયસ્વભાવ. પુણ્ય-પાપનો ભાવ એમાં નથી એવો જે આત્માનો ધર્મ એને જાણતા, એને દૃષ્ટિ કરતાં જે પર્યાયમાં શાંતિ ને શ્રદ્ધા ને સ્થિરતા થાય એને ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? લ્યો ૧૮મી આવી એ.

'**ક્રમવૃત્તિરૂપ...**' કૌંસમાં એમ છે ને ભાઈ જુઓ! '**(ક્રમવૃત્તિરૂપ પર્યાય ઉત્પાદવ્યયરૂપ છે...**' એટલે શું? આત્મામાં જે અનંતા ગુણો છે-શક્તિ, એની એક સમયમાં જે અવસ્થા થાય, ઉત્પાદ એટલે ઊપજવું અને પૂર્વની અવસ્થાનો વ્યય થાય એ ક્રમે ક્રમે વ્યય અને ક્રમે ક્રમે ઉત્પાદ થાય એવો જેનો પર્યાયનો ધર્મ છે. સમજાણું કાંઈ?

આ કેરીને પાકે છે ને જુઓને. આંબે રાખી હોય તો વાર લાગે પાકતા, પછી હેઠે ઉતારીને નાખે ને ઘાસમાં? ઝટ પાકી જાય છે કે નહિ? એ અહીં ભગવાન ના પાડે છે. કે ક્રમે થઈ છે. એ વખતની જે પાકવાની પર્યાય પરમાણુની તે કાળે તેને ઘાસમાં રહી માટે થઈ છે એમ નહિ. એ કાળે જ એને પાકવાનો પર્યાય, ક્રમવૃત્તિ, ક્રમે થવું તે તેનું વર્તન એવું એનું સ્વરૂપ છે. કોઈ કહે કે મેં પકવી ને આમ કર્યું, મેં આમ ઘાસ નાખ્યું ને પકવી. કોણ નાખતો હતો ઘાસ? ધૂળ? ઘાસ જડ છે. જડને નાખવું એ માન્યતા જ મિથ્યાત્વ છે. એ તો પરવસ્તુ છે. પરવસ્તુને દેવી-લેવી એ આત્માનો અધિકાર છે? જવું-આવવું એ પરવસ્તુનું એને કારણે છે. એને ઠેકાણે કહે, મારે કારણે આ ગયું ને લીધું. મૂઢ છે. અધર્મ છે. સમજાણું કાંઈ? મલૂકચંદભાઈ આપતા ખોબે ખોબે મમરા ત્યાં. એ ખાતા ઘરે લાડવા અને ઓલાને આપે મમરા.

મુમુક્ષુ :- બેય આપ્યા ને?

ઉત્તર :- કહેતા હતા લોકો. વાતું કરતા હતા. હું ત્યાં જાવ ને ઓલા સમ્મેદશિખર.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છેટો મારો ઉતારો હતો. થોડો. બહુ અનુકૂળ પડી ગયો. ત્યાંથી આમ જઈએ .. ગરીબ માણસો બહુ આવે. દુકાળ હતો ને બહુ. બહુ દુકાળ હતો. બિચારા ગરીબ લૂગડા સાધારણ એક ખોબો મમરા આપે તો ખુશ થઈ જાય. આહાહા..! પાછા મનમાં તો એમ થાય કે આ ઘરે જઈને લાડવા ખાય છે, આને આપે મમરા. એ વળી એક ખોબો હોં. નહિ? વધારે નહિ. પણ એ વખતે એ પરમાણુની એ રીતે તેની સમીપમાં તે પ્રકારના તેટલા જવાના હોય તે જાય. આહાહા..! આમ નથી આપણે બોલાતું? કે ખાનારનું દાણે દાણે નામ છે. ઝવેરચંદભાઈ! આવે છે કે નહિ વાત? તો એ શું છે એનો અર્થ કરો. એય.. ગુણવંતભાઈ! એનો અર્થ એમ ભગવાન કરે છે કે જે દાણામાં નામ ક્યાં લખ્યું હતું ત્યાં? પણ જે દાણામાં રજકણો અહીં આવવાના તે આવવાના એને કારણે. અહીં સુધી આવ્યા પણ અંદર નહિ જવાના તો નહિ જવાના. અને અંદર ગયા પછી પચવાના નહિ હોય તો નહિ પચવાના અને પચવાના તે પચવાના. એવો પરમાણુનો પોતાનો સ્વભાવ છે. આત્માને કારણે પરમાણુ આવે ને લાડવો આવે, રોટલા આવે એવું ત્રણકાળમાં છે નહિ. એમ કહે છે. જે દાળ, ભાત, રોટલા અને પરમાણુ જે આવવાના તે જ આવે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ખાધા વિના ચાલે નહિ.

ઉત્તર :- ખાય કોણ? એને વૃત્તિ થાય અને જે આવવાના હોય ઈ આવે. આવવાના હોય એ આવે એને પોતે જાણે કે આ તો આવ્યા. આ મારે કારણે આવ્યા અને મારે માટે આવ્યા એમ નહિ. રાગ થયો લેવાનો એ હું નહિ. રાગ વિકાર છે. મારા સ્વરૂપમાં એ નથી. એનાથી ભિન્ન એવું જે જ્ઞાન એને જાણવાના જ્ઞાનની પર્યાયનું વર્તન જે ક્રમે થયું તે હું છું. કહો, સમજાણું આમાં? ખાવા-પીવાની વાતું...

આ મોસંબીને ચડાવે ને પાણી? બહુ તૃષા લાગી હોય તો. તેં એમ નથી કર્યું અને તારાથી ઊંચું થયું નથી એમ કહે છે. ઘટક ઘટક કરે છે કે નહિ? બાપા! તને ખબર નથી, પ્રભુ! એ પરમાણુ પણ જડ ઈશ્વર છે. જડેશ્વર છે એ. એની ઈશ્વરતા કોઈને લઈને હીણી થાય કે ફેરફાર થાય એમ છે નહિ. આહાહા..! ભારે વાતું ભાઈ! અહીં તો આત્માની વાત છે, પણ પરમાણુમાં પણ એવો ઉત્પાદ-વ્યય-ધ્રુવનો ક્રમવર્તીનો અને અક્રવર્તીનો એવો સ્વભાવ છે હોં! છએ દ્રવ્યનો સ્વભાવ છે.

છ દ્રવ્ય ભગવાને જોયા છે. અનંત આત્મા, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ અને એક આકાશ. બધાનો તે સમયનો પર્યાય ઉત્પાદ-વ્યયનો ક્રમે થવું અને વર્તન તેનું, એ એનું આચરણ, તે તેનું વર્તન, તે તેનો વેપાર એવો એનો સ્વભાવ છે. એને કોઈ પોતે દ્રવ્ય પણ ફેરવી શકે નહિ. એનો ગુણ છે એને શી રીતે ફેરવે? આહાહા..!

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુમુક્ષુ :- ત્રણે કાળ?

ઉત્તર :- ત્રણે કાળ. વળી કાળ ત્રણે કાળ શું? વસ્તુ ત્રણે કાળ છે ને. આહાહા..! સમજાણું કાંઈ? ત્યારે કહે, આ અમારે પણ આ સમ્યગ્દર્શન થાય અને દૃષ્ટિ... પણ એ જ્યારે જાણ્યું ત્યારે એનો વસ્તુનો સ્વભાવ જ એવો માન્યો કે એને કારણે આ વર્તમાન પર્યાયરૂપે પરિણમન થયું છે. મારા ગુણને કારણે સમ્યગ્દર્શનની પર્યાયપણે વર્તન થયું નથી. એ સમયે ક્રમે વર્તવાની પર્યાય એ જ હતી માટે થઈ છે. આહાહા..! ભારે!

આવો વીતરાગનો માર્ગ એટલે કે સાચો માર્ગ લોકોને મળતો નથી બિચારાને. અને માની બેઠા કે અમે કાંઈક જૈન છીએ અને ધર્મ કરીએ છીએ. લાકડાના ઘોડા ઓલા છોકરા લઈને બેસે છે ને? ઘોડો મારો છે. ધૂળેય નથી. પગ ભાંગે તો ત્યાં ઘોડો બેસવામાં નહિ કામ આવે. એમ માનેલો ધર્મ રાગનો અને ક્રિયા મેં કરી, એ માનેલો ઘોડો છે. ધર્મ નથી એ. ધર્મ તો ભગવાન આત્મા અનંત ગુણની શક્તિનો પિંડ એમાં એવી એક શક્તિ છે, એમ સમકિતી, ધર્મી માને છે કે એ અનંતા ગુણો તો એક સમયે, અક્રમે એકસાથે વર્તે છે યુગપદ અને પર્યાય આમ યુગપદ ક્રમે ક્રમે વર્તે પણ આમ યુગપદ. જે સમયે જે પર્યાય તેની થવાની તે સમયે ક્રમે વર્તતી, બીજે સમયે તે ક્રમે, ત્રીજે સમયે તે (વર્તે). (એમ) ક્રમે ક્રમે થવું અને રહેવું અને વર્તવું એ એનો ગુણનો પર્યાયધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ જુઓ એમાં એટલું બધું છે. એ શબ્દ એટલા છે એમાં એ બધું છે. 'આત્મ વૈભવ' હમણાં આવી ગયું છે એક પુસ્તક. કપુરભાઈ તો લઈ ગયા છે ને? લઈ ગયા જ હોય ને.

'**ક્રમવૃત્તિરૂપ...**' આહાહા..! પણ અનંતા ગુણો! કેટલા? આકાશના પ્રદેશથી અનંતગુણા. એ બધા ગુણોનું ક્રમ વર્તન? બધા ગુણોનું ક્રમ વર્તન. ઓલા કહેતા હતા ને એક જણા. ઓલા દેસાઈ કહેતા હતા. આ મહારાજ બધું કહે છે એમાં શ્રદ્ધાગુણને ફેરવવો એ રહ્યું નહિ. છોટાભાઈ! તમારા દેસાઈ. શાંતિલાલ નહિ આ? મૂળશંકરભાઈ એનાથી નાના ચુનિલાલ. એ પહેલા એમ કહેતા પહેલાં. પછી તો અહીં સાંભળતા સાંભળતા એમ થયું વાત આ (સાચી છે). પણ આ એવી ગંભીર વાત છે. લોકોને પકડવી ભારે. પ્રયત્ન અને ભારે જાગૃતિ માગે છે. સમજાણું કાંઈ?

ક્રમે ક્રમે થાય પછી અમારે કરવાનું શું રહ્યું? પણ એ ક્રમે થાય એ જ કરવું છે. કરવું છે શું? આહાહા..! સમજાણું? આ તો એનો ધર્મ છે. ઘણા રાડ્યું પાડે છે આની સામે. ઓલો કહે કે આમ થયું, ઓલો કહે કે આમ થાય. હવે સાંભળને! વસ્તુ જ એવી છે. અને એની શક્તિઓ એવી છે કે એકસાથે વર્તે અને એની પર્યાયો-અવસ્થા પણ એકસાથે આમ વર્તે આમ કાળે. કાળક્રમે સાથે વર્તે, આ ક્ષેત્રમાં એકસાથે વર્તે તે ગુણનો ધર્મ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સમજાણું કાંઈ? આહાહા..! કહો, ભગવાનભાઈ! ત્યાં હતું ભાવનગરમાં? આટલા પોષા કરીને સૂકાઈ ગયા તોપણ? એ અમારા જૂના માણસ છે. જગજીવન પારેખ બધા જૂના માણસ છે. કહો એ તો બધા જૂના માણસ પાકા. ભોળા ખબર ન મળે, ખબર ન મળે બિચારાને. ખાનદાન માણસ હોય પણ આ વસ્તુની ખબર વિના.

ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ જેને એક ક્ષણમાં ત્રણ કાળ ત્રણ લોક પોતાની પર્યાયની પ્રગટતામાં પર્યાય જણાય. એ ભગવાનના જ્ઞાનમાં આવ્યું અને વાણીમાં આવ્યું, ભાઈ! દરેક દ્રવ્યનો એવો કોઈ ગુણ અને પર્યાય છે, ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળો અને તે ઉત્પાદ-વ્યય-ધ્રુવ તે સત્ છે અને તે સત્ તે દ્રવ્યનું લક્ષણ છે. એને દ્રવ્ય કહીએ. આ દ્રવ્ય જ એવો એનો ગુણ છે કે અનંતી પર્યાયો જે સમયે તેની વર્તે તે થાય ક્રમે... ક્રમે... ક્રમે. અક્રમે ગુણ વર્તે. બસ! આવું અંતરમાં ભાન થવું, એવી દૃષ્ટિ થવી અને એમાં રમણતા થવી આ એનું નામ ભગવાન ધર્મ કહે છે. ધર્મ કોઈ ઉપરથી આવે છે અને બહારથી થાય છે એમ છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૨, ગુરુવાર તા. ૨૭-૬-૧૯૬૮**
**શક્તિ-૧૮, ૧૯, પ્રવચન-૫૫૦**

... એટલે શું? જન્મ-મરણ ચોર્યાસીના અવતારનું કારણ મિથ્યાત્વભાવ, એને ટાળવો હોય એણે ઉત્પન્ન શું કરવું? અને ઉત્પન્ન કરેલા જીવન .. એની વ્યાખ્યા છે. શું કીધું સમજાણું? આ આત્મા વસ્તુ છે અને એમાં અનંત શક્તિ એટલે ગુણરૂપ સ્વભાવ છે. એની જેણે અંતર્મુખ દૃષ્ટિ કરીને આત્માને જાણ્યો છે, પ્રતીતમાં લીધો છે, અનુભવ્યો છે, એને હવે જન્મ-મરણ ન હોય. કેમકે જન્મ-મરણ અને જન્મ-મરણના ભાવ આત્મામાં દ્રવ્ય-ગુણમાં નથી. સમજાણું કાંઈ? એને જન્મ-મરણ ન હોય ત્યારે હોય શું? એને જે આત્મા શક્તિરૂપે જે અસ્તિત્વ છે શુદ્ધ આનંદ આદિ એનું અંતર્મુખ થઈને પ્રગટરૂપ અસ્તિત્વ કર્યું છે. શુદ્ધતાની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ એવું અસ્તિત્વ જે અંદર છે એને પ્રગટરૂપે અંતરનો આશ્રય કરીને કર્યું છે, એને શાંતિ ને સુખ ને સમ્યગ્દર્શન આદિ ધર્મદશા હોય છે. એને હવે જન્મ-મરણ હોતા નથી. એવો આત્મા કેવો છે એનું આ વર્ણન ચાલે છે. સમજાણું કાંઈ? ધર્મ-ધર્મ તો બધા ઘણા કરે છે કે આમ ધર્મ, આમ ધર્મ. ધર્મી એવો જે આત્મા ધર્મ કરનાર, ધર્મ એ અવસ્થા છે એક આત્માની, હવે એ અવસ્થાનો કરનાર આત્મા કેવડો, કેવી શક્તિવાળો છે એવું જેણે અંતરંગ દૃષ્ટિમાં લીધું નથી, એને અવસ્થામાં વર્તમાનમાં ધર્મ થતો નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ન થાય તો રખડે. ન થાય તો રખડે ચાર ગતિમાં. ન થાય તો કાંઈ નહિ., ન થાય તો કાંઈ નહિ. રખડે છે આ. પોતાનો શુદ્ધ આનંદ જ્ઞાયક, ભવ અને ભવના ભાવ વિનાની ચીજ છે અને જે ચીજમાં અનંત અનંત શાંતિ, આનંદ અને સ્વચ્છતા આદિ અનેક શક્તિઓ અનંત પડી છે એના ખજાને. એ શક્તિ પ્રગટ ભલે ન હો. સમજાય છે? પણ શક્તિપણે છે અને એ શક્તિવાન એવો છે એવી જેણે અંતર દૃષ્ટિ કરી તેને શક્તિઓની વર્તમાન દશાની પ્રગટતા પરિણમનની દશા થયા વિના રહે નહિ. એથી એને ભવનો ભાવ રહે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

ધર્મી આત્મા પોતાના અંદર ધર્મ જે સ્વભાવ છે એ ધર્મ કાંઈ બહારથી આવતો નથી. કોઈ જડની ક્રિયા તો પરની છે, એમાં કાંઈ ધર્મ છે નહિ. કોઈ અંદર શુભ-અશુભભાવ થાય એ વિકાર છે. એ કાંઈ ધર્મ નથી. દયા, દાન, વ્રત, ભક્તિના કોઈ પરિણામ શુભ થાય એ તો પુણ્ય-વિકાર છે. એ કાંઈ ધર્મ નથી. તેમ દેહની ક્રિયામાં કાંઈ બહાર થાય તો એ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કાંઈ ધર્મ નથી. ધર્મ તો ધર્મી એવો આત્મા, એનામાં જે સ્વભાવ અને શક્તિરૂપ અનંત આનંદ આદિ પડ્યો છે, એની અંદર દૃષ્ટિ કરીને જે ધર્મની દશા સ્વભાવમાં છે તે પર્યાયમાં પ્રગટ કરી છે એને ધર્મ અને મોક્ષના માર્ગી જીવ કહેવામાં આવે છે. એની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ?

૧૮મી શક્તિ. એક એવો આત્મામાં ગુણ છે અનાદિનો, ભગવાને કહેલો, જોયેલો અને સમ્યગ્દર્શનમાં, અનુભવમાં આવે એવો. સમજાણું કાંઈ? ભારે બધી વાતું એવી ને. એવું લાગે જાણે ગ્રીક-લેટિન જેવું લાગે. વસ્તુ તત્ત્વ શું છે એનો એને પરિચય અને એનો અભ્યાસ જ નહિ. ભગવાન મહા અનંતગુણનો પિંડ છે. પરમાત્મા પોતે પરમ પરમાત્મસ્વરૂપ છે. એવા સ્વરૂપમાં અનંત અનંત આનંદ, અનંત સ્વચ્છતા, અનંત શાંતિ આદિ પડી છે. એવા તત્ત્વની સંભાળ કરતાં એટલે એને જોતા, જાણતા, માનતા, અનુભવતા જે શક્તિમાં જે સ્વભાવ જે અનંત વીતરાગતા અને આનંદ છે એને વર્તમાન દશામાં એને જોતા, જાણતા, માનતા, અનુભવતા દશામાં શાંતિ આદિ પ્રગટે એ પર્યાય અને આ અક્રમ રહેલા ગુણો એ બધા થઈને એને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એમાં એક આ ગુણ છે.

'**ક્રમવૃત્તિરૂપ...**' જેટલા આત્મામાં અનંતા ગુણ છે એ દ્રવ્ય પોતે સમય સમયની પર્યાયમાં ક્રમે... ક્રમે... ક્રમે... ક્રમે... થવું એવો એક એનો પર્યાયનો ગુણ છે-પર્યાયની શક્તિ છે. એમ સમ્યગ્દર્શન થતાં એટલે આત્મા જેવો છે એવો ભાન અને અનુભવમાં આવતા, ધર્મી થતાં, ધર્મીને પ્રતીતમાં એમ આવે છે કે આત્મામાં એક ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ નામનો ગુણ છે એથી પર્યાયમાં ક્રમસર નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ અવસ્થા થયા કરે છે એ મારો પર્યાયધર્મ છે.

અક્રમવૃત્તિ. એકસાથે અનંતા ગુણોનું યુગપદ્ રહેવું એ પણ મારો અક્રમ રહેવું એ મારો ધર્મ છે. એ મારામાં મારો ધર્મ છે. મારે પરની સામું જોવાનું નથી. મારે પરના સહારાની, મદદની જરૂર નથી. કેમકે હું પોતે જ ઉત્પાદ-વ્યય-ધ્રુવપણે પરિણમું એવો મારો સ્વભાવ મારામાં મારી શક્તિમાં છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાડ વાડ છે. એ વાડ જ છે ને મોટો ભગવાન પોતે. શેઠી!

ભગવાન આત્મા આત્માની શક્તિઓને અંતર દૃષ્ટિએ સમજીને અંતર ભાવના કરતાં એ ઉપયોગ જે જ્ઞાનનો છે એ પરમાં વળેલો છે, રાગ-દ્વેષ અને પરમાં એ અધર્મ છે. એ ઉપયોગને અંતરમાં વાળવો એનું નામ ધર્મ છે.

મુમુક્ષુ :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઉત્તર :- એનું નામ ધર્મ છે કીધું પછી શું અનુભવ થઈ ગયો છે આ ધર્મ છે. એમ. અલ્પ કાળમાં મારા પર્યાયમાં ક્રમવર્તી થતાં કેવળજ્ઞાન થઈ જશે એવી પ્રતીત થઈ જાય છે. આહાહા..! એને ધર્મ કર્યો ને માન્યો ને અનુભવ્યો કહેવાય. શેઠી! એવી વાત છે.

ભગવાન આત્મા એમાં અનંત શક્તિવાળું એક ઉત્પાદ-વ્યય-ધ્રુવ ગુણનું સ્વરૂપ છે. એવા તો અનંત ગુણો છે. આ તો અત્યારે ૧૮મું ચાલે છે. ક્રમે ક્રમે આ ગુણનું એટલે દ્રવ્યનું પરિણમન થાય, અવસ્થા થાય એ ક્રમે ક્રમે રૂપે વર્તે અને થાય એ મારો ધર્મ છે. આઘું-પાછું કરવું, પરનું આઘું-પાછું તો નહિ પણ મારામાં જે વર્તે છે સમભાવની પરિણતિ, શ્રદ્ધા, જ્ઞાન, શાંતિની ક્રમે પ્રવર્તતી એને આઘી-પાછી કરવી એ વસ્તુના સ્વભાવમાં નથી. એટલે ધર્મીની દૃષ્ટિ દ્રવ્ય વસ્તુ ઉપર હોવાથી ક્રમે ક્રમે શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ જે પ્રગટ્યા છે એ એમ ને એમ ક્રમે ક્રમે થયા કરે છે. થયા કરે છે, કરવા પડતા નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એને ધર્મ કહીએ. આ ધર્મ કાંઈ કો'કથી થાય છે અને કો'ક માટે થાય છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

'**ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન...**' થવું અને વર્તવું '**જેનું લક્ષણ છે...**' જેનું સ્વરૂપ જ એ છે. '**એવી ઉત્પાદવ્યયધ્રુવત્વશક્તિ.**' એટલે જેને આ ક્રમે પર્યાય થાય અને અક્રમે ગુણ રહે એવી જેને અંતર દૃષ્ટિમાં આત્માની અનુભવ પ્રતીત થઈ છે એને આ સમજાય છે. બીજો તો એને આઘો-પાછો કરવા માગે છે, મારી પર્યાય અને પરની પર્યાય, એને હજી વસ્તુસ્થિતિની સમજણ નથી. અજ્ઞાન છે. સમજાણું કાંઈ? બહુ ઝીણું પણ આવું. સંપ્રદાયમાં ૬૦-૬૦ વર્ષ કાઢ્યા, ૭૦ કાઢ્યા હોય તો સંભળાણું ન હોય. અને આ બધું નવું નીકળે. નવો માર્ગ હશે આ? અનાદિનો આ જ માર્ગ છે. એણે સાંભળ્યો નહોતો એટલે કાંઈ નવો થઈ જાય? જાધવજીભાઈ! ભઈ અમે તો ૬૦ વર્ષથી આ સાંભળ્યો નહોતો. કલકત્તામાં તો આ સાંભળતા હતા કે પોષા કરો, પડિક્કમણા કરો, સામાયિક કરો, દાન કરો. લ્યો. સંવત્સરીને દિવસે પડિક્કમણા થઈ રહે પછી નોંધાવો કાંઈક જુવાર ખાતે. શું કહેવાય એ? પારેવા ખાતે. લ્યો, એ થઈ ગયો ધર્મ એને. સાંજે પડિક્કમણા કર્યા. મિચ્છામી દુક્કડમ. પછી દાન આપે લ્યો. ધૂળમાંય ધર્મ નથી. સાંભળને! એ તો બધી રાગની વિકલ્પની ક્રિયા છે અને રાગ તો આત્માના સ્વભાવમાં છે જ નહિ. એ રાગ વિનાનો આત્મા કોણ છે એને જાણ્યા અને માન્યા વિના ધર્મ તને થાશે ક્યાંથી? સમજાણું કાંઈ?

કહે છે કે '**ક્રમવૃત્તિરૂપ પર્યાય ઉત્પાદવ્યયરૂપ છે...**' ક્રમે ક્રમે અવસ્થા થાય એ ઉત્પાદ-વ્યય. જૂની અવસ્થાનો નાશ થાય, નવી અવસ્થા થાય એવું એનું પર્યાયનું સ્વરૂપ છે. '**અને અક્રમવૃત્તિરૂપ ગુણ ધ્રુવત્વરૂપ છે.**' અને અનંતા ગુણો જે આત્મામાં (છે), જેમ આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અનાદિઅનંત છે, ધ્રુવ છે એમ એની શક્તિઓ જ્ઞાન, દર્શન, આનંદ પણ ધ્રુવ છે અનાદિઅનંત. સમજાણું? ધ્રુવત્વરૂપ છે. લ્યો! ધ્રુવત્વશક્તિ કીધી ને? ઉત્પાદવ્યયધ્રુવત્વ. ધ્રુવપણું. ઉત્પાદવ્યયધ્રુવપણું. એવો એક ૧૮મો આત્મામાં ગુણ છે. સમજાણું કાંઈ? પહેલું જ્ઞાન તો કરે, સમજે તો ખરો કે આ વસ્તુ શું છે અને એ ખજાનો ખોલવો એ મારા અધિકારની વાત છે, કોઈની વાત નથી. ધર્મ એ અંતરમાંથી આવે છે એ ધર્મ કંઈ બહારથી આવતો નથી.

અંતર સન્મુખ ભગવાન આત્મા છે એવું અંતર સન્મુખ થતાં પર્યાયમાં ક્રમે વર્તવું અને અક્રમે ગુણનું રહેવું એવો એનો ગુણ છે. એવો ધર્મીએ પોતાના આત્માને માન્યો છે. કહો, સમજાણું કાંઈ? વચ્ચે ઓલા દયા, દાનના વિકલ્પ આવે એનું પણ અહીં જ્ઞાન ક્રમે વર્તે છે. એ સમયે તે જ જ્ઞાન એનું થાય એવું ક્રમે વર્તે છે એવું જ્ઞાન એમાં પ્રગટે. એવી શ્રદ્ધા પ્રગટે, એવી શાંતિ પ્રગટે, એ રાગાદિ નહિ. સમજાણું કાંઈ? ભારે! એ શક્તિ અનંત શક્તિમાં વ્યાપી છે. દરેક ગુણમાં. જ્ઞાનગુણમાં પણ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ થાય છે. લ્યો!

જ્ઞાન નામનો ગુણ છે અનાદિ. એનું ક્રમવર્તી એના જ્ઞાનની પર્યાયમાં ક્રમે ક્રમે જે પર્યાય થવાની છે તે થાય છે. અને ગુણરૂપે અક્રમ રહે છે. એવો જ્ઞાનમાં પણ આવું ઉત્પાદ-વ્યય-ધ્રુવનું થવું એવો સ્વતઃ સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? એમ શ્રદ્ધા. શ્રદ્ધા નામનો ગુણ છે આત્મામાં એક. એ પણ ગુણનું પરિણમન ક્રમે ક્રમે પર્યાયમાં સમ્યગ્દર્શન આદિ થાય, ક્ષયોપશમ કાળે ક્ષયોપશમ, ક્ષાયિક કાળે ક્ષાયિક એના ક્રમવર્તીમાં એ આવે છે. આહાહા..! આત્મામાં એ સમ્યગ્દર્શનની ક્ષાયિકપર્યાય થાય એ પણ એના ઉત્પાદના ક્રમમાં આવે ત્યારે થાય છે. ભગવાનના સમીપે બેઠો માટે થાય છે એમ નથી. સમજાણું કાંઈ? શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આત્માની સમીપમાં થાય છે ત્યારે બહારમાં સમીપમાં કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

ચારિત્ર એટલે ગુણ છે એક ચારિત્ર આત્મામાં. એ ચારિત્રગુણનો પણ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ સ્વભાવ છે. અંતર વીતરાગતા આત્મામાં પડી છે. એવી દૃષ્ટિ થઈ, એનું ભાન થયું એટલે એ વીતરાગી ગુણ જે છે એ ક્રમે ક્રમે વીતરાગી પર્યાયપણે પરિણમે છે. પૂર્વની અવસ્થાનો વ્યય, નવી અવસ્થાનો ઉત્પાદ અને ધ્રુવપણે વીતરાગતા રહે છે. એનો સમુદાય તે આત્મા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એમ આનંદ. આત્મામાં આનંદ છે-સહજાનંદ. આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. આહાહા..! એ આનંદના ગુણવાળો આત્મા એને દૃષ્ટિમાં,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અનુભવમાં, પ્રતીતમાં લેતાં એ આનંદ પણ ક્રમપણે ક્રમે ક્રમે આનંદની પર્યાય ઉત્પાદ-વ્યય થાય છે. પૂર્વની અવસ્થાનો વ્યય (થાય છે). આનંદ-આનંદ હોં! આનંદ અવસ્થા પહેલે સમયે છે તેનો વ્યય-અભાવ, બીજે સમયે ઉત્પાદ નવો (થાય અને) આનંદરૂપે ગુણ અક્રમે ધ્રુવ રહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે રાગને વિકલ્પને વ્યવહારને ઉત્પન્ન કરવો નથી. કારણ કે વસ્તુમાં એ નથી. આહાહા..! વ્યવહારનું નહિ ઉત્પન્ન થવું અને વસ્તુના નિશ્ચય ધર્મની ઉત્પત્તિ થવી એવો અનેકાંત ધર્મ સમ્યગ્દર્શનમાં આવે છે. આહાહા..! એ અનેકાંત છે. વ્યવહારનો અભાવ અને પોતાની પર્યાય જે ગુણ છે એનું ક્રમે ક્રમે થવું, ગુણનું અક્રમે રહેવું એનું નામ અનેકાંત છે. સમજાણું કાંઈ? વાતું આ તે ધર્મકથા કેવી! એય.. શાંતિભાઈ! ઓલું તો સાધુ થઈ જાઓ, જાવ લૂગડા છોડી દ્યો. નાગા થઈ જાવ. નાગા તો પશુ પણ થાય છે. રાતે નહોતું સાંભળ્યું? સાંભળ્યું હતું કે નહિ? ઓલી ચોપડીમાંથી. 'નગન તો ઉરણા...' ઉરણા લખ્યું છે. ઉરણા કહે છે એને? ઘેટા?

આત્મામાં રાગ દયા, દાનના, પુણ્ય-પાપના વિકલ્પ વિનાનો આત્મા છે અને અનંત જ્ઞાન-દર્શન-ચારિત્રની ક્રમે ક્રમે પ્રવૃત્તિ થાય અને અક્રમે ગુણ રહે એવો આત્મા છે. એને જે જાણ્યો અને માન્યો એ ખરો નગ્ન થયો (અર્થાત્) રાગ વિનાનો થયો. દૃષ્ટિમાં હજી નગ્ન થતો નથી એને ચારિત્રમાં નગ્નપણું ક્યાંથી આવે? સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે ભાઈ! ચારિત્રદશા પણ આત્મામાં પડી છે શક્તિ ધ્રુવપણે. અને એ ધ્રુવનો ધરનાર આત્મા, ધ્રુવ એટલે નિત્ય કાયમ, એની દૃષ્ટિ કરતાં, આત્માની અંતર દૃષ્ટિ કરતાં, ચારિત્રની વીતરાગી પર્યાય ક્રમે ક્રમે ઉત્પન્ન થાય, છઠ્ઠે ગુણસ્થાને મુનિને પણ ક્રમે વીતરાગ પર્યાય ઉત્પન્ન થાય. બહારની અનુકૂળતા છે અને રાગની મંદતા છે માટે ચારિત્રની પર્યાય થાય છે એમ નથી. સમજાણું કાંઈ? લ્યો!

મુનિને નિદ્રા આવે છે પોણી સેકન્ડ. એ કહે છે, નિદ્રાનો પર્યાયમાં અભાવ છે. ભાઈ! અહીં તો એમ કહે છે. એઈ..! ઉદયભાવ છે ને એટલો? એ ભાવ આત્મામાં નથી. એવો આત્મા સમ્યગ્દૃષ્ટિએ જોયો છે અને જાણ્યો છે. આહાહા..! એક નિદ્રાનો પ્રમાદભાવ આત્માના દ્રવ્યમાં નથી, ગુણમાં નથી અને પર્યાયમાં નથી. આહાહા..! નિદ્રાકાળમાં પણ એક પોણી સેકન્ડ નિદ્રા આવે મુનિને. પોણી સેકન્ડ. મિનિટ નહિ.

મુમુક્ષુ :- ચોથા કાળના.

ઉત્તર :- અરે..! ત્રણે કાળે. સાધુ હોય તો. સાધુ હોય તો ને? પાછલી પહોરે. આવે છે ને છ ઢાળામાં? રયણી, પિછલી રયણી. ઓ.. પંડિતજી! આવે છે છ ઢાળામાં. 'પિછલી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



રયણી એક કરવટમેં' એક કરવટ એટલે બસ. આમ સૂવે તો આમ અને આમ સૂવે તો આમ. ફેરવે નહિ, શરીરને ન ફેરવે. આહાહા..! એ દશા. વીતરાગી પિંડ થઈ ગયો છે ને એ તો. જેના ખજાના ખુલી ગયા છે શાંતિના. આહાહા..! કહે છે, એને નિદ્રાનો કાળ જરી પોણી સેકન્ડ છે. પણ એ નિદ્રાની પર્યાયનો પર્યાયમાં અભાવ છે. આહાહા..! ગજબ વાત છે ને! નિદ્રા એને છે જ નહિ એમ કહે છે. વાહ! એમ થયું કે નહિ? નિદ્રાકાળમાં પણ નિદ્રા એને નથી. એને નિદ્રા સંબંધીનું જ્ઞાનાદિ વર્તે છે એ વખતે પણ. જ્ઞાનની પર્યાયનો ઉત્પાદ એનો પોતાનો છે. આહાહા..! સમજાણું કાંઈ?

અરે..! સમ્યગ્દષ્ટિ આત્મા જ્ઞાયક ચૈતન્ય છે. પુણ્ય-પાપના વિકલ્પ વિનાનો છે, પરના કર્તા વિનાનો છે, પોતાના અનંતા ગુણોને કર્તા પર્યાયપણે કરે એવું એનું સ્વરૂપ છે. એવું જેણે જાણ્યું છે. આહાહા..! કહે છે, એ જ્યારે એક ભવ પલટીને બીજા ભવમાં માતાના પેટમાં જાય છે ને.. આહાહા..! ભારે ભગવાન તારી વાત! આહાહા..! એઈ..! એ જ્યારે આમ સ્વર્ગમાંથી આવે સમકિતી મનુષ્યમાં કે મનુષ્ય મરીને દેવમાં જાય તો કહે છે કે સમયે સમયે ત્યાં તો શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિની પર્યાય અને જ્ઞાનની પર્યાય જ એમાં ઉત્પન્ન થાય છે. એ માતાના પેટમાં રહે છે ને સવા નવ મહિના. અથવા પહેલો આવે ત્યારે એને આહાર ને શરીર ને ઇન્દ્રિયને ગ્રહે અને ઉત્પન્ન કરે એવું એનામાં છે નહિ એમ કહે છે. આહાહા..!

આત્માનું સમ્યક્ ચૈતન્ય ભાન થયું, ધર્મ થયો. હું શુદ્ધ ચૈતન્ય આનંદ છું એમ ભાન થયું, કહે છે કે એ આત્માને માતાના પેટમાં એના વીર્યને ઋતુને લઈ શરીર કર્યું કે બાંધ્યું, કે ઇન્દ્રિયો બાંધી આકાર કર્યો, આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસ, ભાષા, મન એણે કર્યું. ના. એના ઉત્પાદમાં એ છે જ નહિ. આહાહા..! ભારે વાત ભાઈ ભગવાનની. સમજાય છે? એ ટાણે પણ જાગતો જ છે, કહે છે. પોતાની ચૈતન્યશક્તિને સંભાળતો ભગવાન આત્મા અનંત અનંત શાંતિ, શાંત જ્ઞાન, આનંદ એના એ સમયે પણ એનો ઉત્પાદ ક્રમે થતાં તેનો ઉત્પાદ ત્યાં આવે છે. ઓલો ઉત્પાદ એનામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? એમ છે કે નહિ આ? એઈ..! પંડિતજી! આમાં છે કે નહિ આ? ક્રમવૃત્તિરૂપ શું આવ્યું? ગુણનું જે છે એનું ક્રમવૃત્તિરૂપ કે એમાં નથી એનું ક્રમવૃત્તિરૂપ? સમજાણું કાંઈ? આહાહા..!

એ ધર્મ એને કહીએ ભાઈ! એ ધર્મ કોઈ અલૌકિક ચીજ છે. લોકોને ખ્યાલમાં આવે કે આ ભગવાન આત્મા શરીરના રજકણો, કર્મના રજકણોથી તો જુદો, પણ એ દયા, દાન અને નિદ્રાની પર્યાયથી જુદો (છે). આહાહા..! નિદ્રાની પર્યાય મારી છે એમ સમકિતીને નથી. આહાહા..! આ મારી માના પેટમાં આવે છે એવું સમકિતીને નથી. મા નથી, પેટ નથી, ઊપજવું રાગ નથી. આહાહા..! એ માના પેટમાં પણ આત્મા રાગથી ભિન્ન જ વર્ત્યા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કરે છે. આહાહા..! એય..! આહાહા..! જ્ઞાયક ચિદાનંદ પ્રભુ, અનંતગુણનો પિંડ પ્રભુ, જેમ નાળિયેરમાં કાચલીથી ટોપરું જેમ જુદું પડી જાય અને એકલો રહે એમ ધર્મી ધર્મ થતાં કાળમાં એ રાગ ને શરીર ને મનથી ભિન્ન વર્તી રહ્યો છે એમ કહે છે. ક્રમ વર્તે છે પણ એના ગુણની પર્યાય ક્રમે વર્તે છે. ઓલી વિકારી પર્યાય વર્તે છે એ એનામાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કહો, ભગવાનભાઈ! આ તો બધું સાંભળ્યું નહોતું આવું.

ભગવાન આત્મા તદ્દન પોતે રાગના અને શરીરના અને એના અવલંબન વિનાની ચીજ છે. એવી નિરાલંબી ભગવાન આત્માની ચીજ વસ્તુ પોતે એને જેણે આદર્યો અને સ્વભાવનું શરણ લીધું એને ધર્મ થયો. એને સમયે સમયે ધર્મની જ્ઞાન, દર્શન, ચારિત્રની પર્યાયની શાંતિ, આનંદની પર્યાય ક્રમે ક્રમે એ જ ઉત્પન્ન થાય છે. ચાહે તો માતાના પેટમાં હોય, ચાહે તો રસ્તામાં હોય ને ચાહે તો સ્વર્ગના દેવમાં હોય, ચાહે તો સાતમી નરકમાં હોય. સમજાણું કાંઈ? આવો વસ્તુનો સ્વભાવ ભગવાને જોયો અને એવો છે.

'**ઉત્પાદવ્યય...**' ક્યાં ગયું? આ તો ક્યાંનું ક્યાં ગયું. આઘું ગયું. આઘું ગયું વાત સાચી. પણ આત્મા આવો જ છે. આત્મા જેણે જાણ્યો ને માન્યો અને ધર્મ થયો-સમ્યગ્દર્શન થયું એટલે આત્મા આ પ્રમાણે પોતાના ગુણની પર્યાય જે શક્તિ છે તેની ક્રમવર્તી પ્રવર્તે છે. એવું જ એનું સ્વરૂપ છે. અજ્ઞાની એમ માને મિથ્યાશ્રદ્ધામાં કે હું રાગને ઉત્પન્ન કરું છું મારા ક્રમવૃત્તિમાં, કે શરીરમાં હું ઊપજું છું, કે મેં આને ઊપજાવ્યા, આ દીકરાને મેં ઊપજાવ્યો. મૂઢ છો, કહે છે. આહાહા..! એઈ..! તું તો આત્મા છો અને આત્મામાં તો અનંત શક્તિ અને ગુણ ભર્યા છે. એવા ગુણ ધરનાર ગુણધર... ઓલા ગુણધર. એમાં પણ આવે છે ને ગુણધર-ગણધર નથી આવતા? ગુણધર આવે છે. એવો ગુણધર.. આહાહા..! ગુણોનો ગુણધર. મહા અનંતા ગુણનો પિંડ પ્રભુ, પોતાની અંતર દૃષ્ટિમાં, ધર્મમાં આવ્યો, કહે છે કે ગમે તે સમયે અને ગમે તે ક્ષેત્ર અને કાળમાં એ હોય અને ગમે તે અનુકૂળ-પ્રતિકૂળ સંયોગમાં હોય, એ સંયોગમાં છે જ નહિ. એ તો પોતાના અનંતા ગુણની ક્રમવૃત્તિ પર્યાય પ્રવર્તે અને અક્રમે ગુણ (રહેલા છે) એમાં એ છે. આહાહા..! શું સમાડ્યું છે પણ! શક્તિઓમાં કેટલું નાખ્યું છે આમાં! એય.. મલૂકચંદભાઈ! આહાહા..! ગજબ કર્યું છે! અમૃતચંદ્રાચાર્યે ૪૭ શક્તિ કરીને આત્મા કેવો અને વીતરાગતા કેવી (છે) આત્મામાં, આખું આબેહૂબ સ્વરૂપ બતાવી દીધું. આહાહા..! સમજાણું કાંઈ? એ ક્યાંનું ક્યાં ગયું?

'**ક્રમવૃત્તિરૂપ...**' આહાહા..! એ ક્રમ કોનો પણ ક્રમ? એના ગુણની શુદ્ધતાનો ક્રમ પ્રગટે તે. અને તે પણ તે સમયે તે આવવાનો ક્રમ તેને જ એ જાણે છે. આડુઅવળું કરવું એવો ગુણમાં સ્વભાવ નથી એમ કહે છે અહીંયાં. શું કીધું? આત્માનો ગુણ એટલે શક્તિ એવી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નથી કે પર્યાયમાં આડીઅવળી થાય એવો ગુણ નથી. આહાહા..! સમજાણું આમાં? ઓલા રાડ્યું પાડે છે ને. પણ બાપુ એનામાં એ ગુણ જ નથી. એનામાં ગુણ ક્રમે ક્રમે ગુણની પરિણતિ ક્રમે થાય છે એવો એનો ગુણ છે. શું થાય? સમજાણું કાંઈ આમાં? એટલે? ભગવાન આત્મા આ રજકણથી, રાગથી પાર અને અનંત સ્વભાવથી અભિન્ન વસ્તુ (છે) એવી જ્યાં ધર્મીને અંતર તત્ત્વની દૃષ્ટિ થઈ એથી તેને એ ગુણ એવો છે એનો કે ગુણની પર્યાય ક્રમે જ થાય, ક્રમે જ થાય. એક પછી એક, એક પછી એક. પણ એક પછી એક તો કહે છે જીવો. પણ આ જ થાય એવું નહિ. અહીં તો કહે છે, આ જ થાય, આ જ થાય એવો એનો ધર્મ છે. વર્ણીજી સાથે વાત થતી હતી ત્યારે કહે ક્રમબદ્ધ? નહિ. એક પછી એક. ઠીક. આ જ થાય આના પછી એવો કોઈ નિયમ નહિ. એય.. શાંતિભાઈ!

અહીં તો કહે છે કે અનંતા ગુણોનો એવો સ્વભાવ છે. એમ. એટલે કે દ્રવ્યનો એવો સ્વભાવ છે વસ્તુનો, દ્રવ્યનું ભાન થયું. ભાન ન થાય તો તો એને ક્રમબદ્ધની ખબર નથી. ખબર નથી એટલે એનો અહીં પ્રશ્ન લીધો નથી. કારણ કે એને ખબર નથી. કર્તાપણું ટળ્યું નથી અને અકર્તાપણું થયું નથી, દ્રવ્યનો સ્વભાવ છે એવો જાણ્યો નથી એટલે એને માટે ક્રમસર એ એને ખ્યાલમાં નથી એટલે એને માટે ક્રમબદ્ધનું જ્ઞાન જ નથી એને. સમજાણું કાંઈ? આહાહા..! વિરજીભાઈ કહેતા એક ફેરી, નહિ? એક ફેરી અહીં બેઠા અને કહેતા વિરજીભાઈ. વિરજીભાઈ ૯૩ વર્ષે ગુજરી ગયા ને? ઘણો અભ્યાસ. ૧૬ વર્ષની ઉંમરથી લગભગ અભ્યાસ. આ દિગંબર શાસ્ત્રનો ૨૦ વર્ષથી અભ્યાસ. ૨૦ વર્ષની ઉંમર. ૯૩ વર્ષે ગુજરી ગયા હમણા. આમ સ્થાનકવાસી જામનગરના. બધી લાઈન ફરી ગઈ બધી ઘણી. કહેતા કે ક્રમબદ્ધ-ક્રમબદ્ધ કરે છે પણ ક્રમબદ્ધ કોને હોય? એમ કહેતા. એક ફેરી અહીં કહ્યું હતું, બેઠા હતા. જેને આત્મામાં શુદ્ધતા અને આનંદ પડ્યો છે એવી આત્માની દૃષ્ટિ થઈ છે એને ક્રમબદ્ધ જાણવાલાયક થઈ ગયો છે. એને ભાન છે કે આ થાય છે તે ક્રમે થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કહ્યું ને પણ એનો અર્થ થયો ને અહીં જુઓને. આત્મામાં એ ગુણ છે. એવો એક ગુણ છે-એવી શક્તિ છે. એ આત્માનો ગુણ ને સ્વભાવ ને શક્તિનું સામર્થ્ય જ એવું છે કે જ્ઞાન આનંદ અનંત પડ્યો છે અંદર, પણ એની પર્યાયમાં ક્રમે ક્રમે અવસ્થા જે સમયે જે થવાની તે, બીજે સમયે જે થવાની તે, ત્રીજે સમયે જે થવાની તે. અહીં તો એક એક સમયની ક્રમવૃત્તિ લેવું છે ને? ક્રમવૃત્તિરૂપ વર્તવું-થવું જેનું લક્ષણ સ્વરૂપ છે. એવું એનું સ્વરૂપ છે કહે છે અહીં તો. ઓલા કહે, ક્રમબદ્ધ ક્યાંથી કાઢ્યું? ક્રમબદ્ધ ક્યાં શાસ્ત્રમાં છે? અરે.. સાંભળને! એક એક ગુણનું ક્રમે વર્તવું એવો એનો ગુણનો સ્વભાવ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આહાહા..! શેઠી!

એક જ્ઞાનગુણ છે અંદર જાણવાનો સ્વભાવ અનંત મહિમાવાળો પદાર્થ મહાજ્ઞાયક. એ ગુણમાં પણ એ ગુણની પર્યાય ક્રમે ક્રમે થાય, ઉત્પાદ-વ્યય અને ધ્રુવ રહે અક્રમે એવો જ એ ગુણનો ધર્મ છે. સમજાય છે કાંઈ? એમ આત્મામાં આનંદગુણનો એવો એનો સ્વભાવ છે કે ક્રમે ક્રમે પર્યાય એક પછી એક જે થવાની તે જ થાય તે ક્રમવૃત્તિ ત્યારે કહેવાય. ક્રમે વર્ત્યું, ક્રમે થયું, ક્રમે હોયું, ક્રમે થવાનું હતું તે જ થાય અને અક્રમે રહેવાનો ગુણ તો કાયમ છે. એટલે અનંતા ગુણમાં ગુણીનું ભાન થતાં એને ક્રમે ક્રમે પ્રવર્તે છે પર્યાય અને અક્રમે ગુણ રહે છે એવું ભાન જ્ઞાનીને (થયું છે તેથી) દરેક ગુણમાં આવો સ્વભાવ છે એમ માને છે. દરેક ગુણનો સ્વભાવ છે એટલે આત્માનો પણ એવો સ્વભાવ છે. ગુણનો સ્વભાવ એટલે ગુણનો ધરનાર એવો દ્રવ્યનો એવો સ્વભાવ છે. સમજાણું કાંઈ? પ્રેમચંદજી! ત્યાં દિલ્લીમાં બહુ વિપરીત ચાલે છે.

મુમુક્ષુ :- સ્પષ્ટ થઈ ગયું.

ઉત્તર :- સ્પષ્ટ થઈ ગયું? ઘણા કહે છે, અરે.. એય.. ક્રમબદ્ધ કહે છે, આમ થઈ ગયું. અરે.. ભગવાન! સાંભળને ભાઈ!

અહીં તો પરમેશ્વર એમ કહે છે કે ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એવો તારો એક ગુણ છે. ત્રણ થઈને એક ગુણ છે. એમ. પછી ગુણનો પર્યાય ઉત્પાદ-વ્યય અને ઓલો ગુણ. ત્રણ થઈને ગુણ છે એમ કીધું છે અહીં. સમજાણું કાંઈ? આહાહા..! એને આમ સ્વયં પ્રભુ આત્મા જ્ઞાનાનંદનો દરિયો ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મા. બસ! એની સામું એને જોવાનું રહ્યું. એની સામું જોતાં પર્યાયમાં જે થાય તે થવાનો ગુણનો (સ્વભાવ છે). અક્રમે ગુણ તો પડ્યા છે. એ આડો અવળો માને તો કહે છે કે એ આત્મા એણે જાણ્યો નથી. કારણ કે આત્માનો એવો સ્વભાવ નથી. એમ. સમજાય છે કાંઈ? આઘી-પાછી અવસ્થા થાય એમ જેણે જાણ્યું એણે આત્માનો ગુણ અને અનંતા ગુણો આવા છે અક્રમે વર્તનારા એવું જાણ્યું નથી. એટલે એણે આત્મા જ જાણ્યો નથી. આત્મા જાણ્યો નથી, એના ગુણ જાણ્યા નથી, એની પર્યાય જાણી નથી. આંધળો છે એમ કહે છે. આહાહા..! શું વીતરાગતા પણ! સમજાણું કાંઈ? લ્યો, એટલું આવ્યું ૧૮. એમાં બીજા બધા ગુણો છે ને. એક એક ગુણમાં બધું લઈ લેવું. તેમ દરેક ગુણ. આ ગુણ છે એવો કે પોતાના રૂપમાં જ રહે છે. એ ગુણ એવો છે કે પોતાનું રક્ષણ કરે છે. ક્રમે ક્રમે વર્તવું અને અક્રમે રહેવું એવો એનામાં પોતાનું રક્ષણ કરે છે. એ પોતાનું રૂપ પોતામાં રાખે છે. સમજાણું કાંઈ?

જેમાં અદ્‌ભુત રસ છે. આહાહા..! પર્યાયમાં ક્રમે ક્રમે પ્રવર્તવું એ પણ એનો અદ્‌ભુત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


રસ છે. આઘુંપાછું ન થાવું અને એ રીતે વર્ત્યા કરે ધારાપ્રવાહી એવી જેની અદ્ભુતતા છે. આહાહા..! એને આશ્ચર્ય થાય આ આવું! એવું જ એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આ શું કહે છે પણ? આ ધર્મ તે આવી વાત હોય? મૂળચંદભાઈ! આવો ધર્મ હોય? આ લીલોતરી ન ખાય, આ અપવાસ કરે આઠમ, ચૌદશના, કંદમૂળ ન ખાવું, પોષા કરીને બેસવા, બાર મહિનામાં આઠ-દસ અપવાસ કરવા (એ ધર્મ માને).

ભગવાન આત્મા મહા આત્મા મૂળ વિનાનો કંદ ભગવાન આત્મા. અનંત સુખકંદ. સુખકંદ. આહાહા..! ભગવાન તો સુખનો કંદ છે. નિરાલંબી જેના મૂળિયા છે. એવો ભગવાન આત્મા એના અનંતા ગુણો જે સંખ્યાની પાર છે (એ) બધા ગુણોનું સમયે સમયે ક્રમે ક્રમે થવું અને અક્રમે ગુણનું રહેવું એવો દરેક ગુણનો સ્વભાવ છે. એમાં શાંતિ છે, કહે છે. સમજાય છે? એમાં શાંતિરસ છે. કહો, શાંતિભાઈ! શાંતિભાઈ પુસ્તકો ફેરવતા ને, બહુ ફેરવ્યા છે. કલકત્તામાં પણ વાંચતા, બધે વાંચતા. બીજા સાંભળતા ખરા હોં પહેલા. કોઈ શાંતિભાઈ છે એ સાધ્વીને વંચાવે છે. એવું સાંભળતા રાજકોટમાં, એવું સાંભળતા. કો'ક શાંતિલાલ રેવાશંકર છે. કોણ રેવાશંકર હશે? નહિતર તો હીરાચંદભાઈ ને ઓળખે. એ સાધ્વીને વંચાવે છે. સાંભળતા એવું હોં! રાજકોટમાં.

ભગવાન! આહાહા..! તારી ચીજ કેવી છે એને જેણે જાણી નથી એને ધર્મ શી રીતે થાય? ધર્મ કરનારો... ધર્મ એટલે પર્યાય છે. ધર્મ એક આત્માની પર્યાય છે. પર્યાયની હજી ખબર ન હોય લ્યો. પર્યાય શું? પ્રવિણભાઈ! જેમ પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ વિકારી પર્યાય છે. પર્યાય એટલે અવસ્થા. એમ ધર્મ એ નિર્વિકારી પર્યાય છે. પર્યાય એટલે અવસ્થા આત્માની છે. હવે દ્રવ્ય, ગુણ, પર્યાયના નામ પણ આવડતા ન હોય. અરે..! આહાહા..! જાધવજીભાઈ! કહે છે કે, ભાઈ! તારી દશામાં જે વિકાર પુણ્ય-પાપ અને અધર્મ દશા છે એ પણ એક પર્યાય છે. એ પર્યાયથી પરિભ્રમણ તારું થાય છે. ગુણ ને દ્રવ્યને લઈને નહિ.

મુમુક્ષુ :- કર્મને લઈને નહિ?

ઉત્તર :- કર્મને લઈને તો પ્રશ્ન જ ક્યાં છે અહીં? અંદરના પર્યાય એટલે અવસ્થામાં રાગનો કર્તા, પુણ્યનો કર્તા, પાપનો કર્તા, પરનો કર્તા, પરથી મારામાં કાંઈક થાય, એવી તારી જે મિથ્યાત્વ માન્યતા (છે), એ મિથ્યાત્વ માન્યતા એ અવસ્થા તારી દશા (છે) એ ચાર ગતિમાં રખડવાનું કારણ છે. એ અધર્મદશા છે. હવે ધર્મદશા. એ એનો (-મિથ્યાત્વ દશાનો) વ્યય થઈ, શુદ્ધ ચૈતન્યદ્રવ્યની અંદર દૃષ્ટિ થતાં, સમ્યગ્દર્શન-જ્ઞાન-ધર્મની અવસ્થા-પર્યાય ઉત્પન્ન થઈ ત્યારે ઓલો મિથ્યાત્વના પર્યાયનો વ્યય થઈ ગયો. જુઓ! આ ઉત્પાદ. સમ્યક્‌નો ઉત્પાદ, મિથ્યાત્વનો વ્યય અને શ્રદ્ધા-ગુણપણે કાયમ રહેવું એવો એનો સ્વભાવ છે. કહો, સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કાંઈ? આહાહા..! ઘણા ઉતાર્યા છે ઓલામાં તો, હોં! ક્ષત્રિયમાં, બ્રાહ્મણમાં, વાણિયામાં. કહે છે કે એ ક્રમવર્તી, અક્રમવર્તી ગુણ વાણિયો છે. પોતાની રીતિને છોડતો નથી એમ કહે છે. વાણિયો પોતાની રીતને છોડે નહિ. આ ગુણ વાણિયો છે. પોતાનું ક્રમે વર્તવું અને અક્રમે રહેવું એ છોડતો નથી. કહે છે કે નહિ? જાધવજીભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એને આવે છે ને બધે. ઓલામાં આવે છે ને. નામીચો ચોર માર્યો જાય, નામીચો વાણિયો રળી ખાય. એમ આવે છે ને? કમાય ખાય. વાણિયો નામીચો હોય તો કમાય છે, એ તો પુણ્ય હોય તોની વાત છે ને પણ. એમ કહે છે કે વાણિયો એનું નામ ખરો વેપારી. વાણિયો એટલે દસા-વિસા કાંઈ નહિ. વેપારી. એમ. વેપાર કરે તે વાણિયો. એમ ભગવાન આત્માનો વેપાર, કહે છે કે અનંતા ગુણનું ક્રમે વર્તવું એ એનો વેપાર એ રીતિ આત્મા છોડતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? એમ બીજા અનંતા ગુણો દરેકમાં (ઊતારવું). અસ્તિત્વગુણ (આદિ) બધા ગુણોમાં. જીવત્વશક્તિ, ચિતિશક્તિ, દશિશક્તિ, વીર્ય-પુરુષાર્થ. પુરુષાર્થ નામનો જે ગુણ છે આત્મામાં એનું પણ ક્રમે ક્રમે વીર્યનું પ્રવર્તવું પુરુષાર્થનું થાય એ પર્યાયનો ધર્મ છે. ગુણનો ધર્મ કાયમ રહેવું. પુરુષાર્થની પર્યાય પણ આડીઅવળી થાય એવો એનો ગુણ નથી વીર્યનો. સમજાણું કાંઈ? જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુતા એમ અનંતા ગુણ. લ્યો એ ૧૮ થઈ. એટલી ચાલી.

હવે ૧૯. ૧૯મી શક્તિ. આત્મામાં એક ૧૯મો એવો ગુણ છે... ઓલાથી બીજી જાત છે આ. અહીં અસ્તિત્વમય પરિણામશક્તિનું વર્ણન છે. ઉત્પાદવ્યયધ્રુવ નહિ. અહીં તો ખૂબી તો એવી કરી ને ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્ અને સત્ દ્રવ્ય લક્ષણં આવે છે ને ભાઈ! એટલે પછી દ્રવ્ય લીધું. દ્રવ્યનો સ્વભાવ આવો છે. એમ. આહાહા..! અમૃતચંદ્રાચાર્યે પણ રચના તે કાંઈ રચના. ગજબ રચના!! આવું આચાર્યે ભરતક્ષેત્રમાં... આવું આ શક્તિનું વર્ણન છે એવું દિગંબરમાં પણ બીજે ઠેકાણે નથી. એ સિવાય બીજે તો ક્યાંય છે જ નહિ. હોય જ નહિ. પણ દિગંબરમાં આ ઠેકાણે છે એવું વર્ણન બીજે ઠેકાણે નથી આવું. એવું અલૌકિક વર્ણન છે.

૧૯. '**દ્રવ્યના સ્વભાવભૂત...**' ભગવાન આત્મા દ્રવ્ય છે-વસ્તુ. આ પૈસો એ દ્રવ્ય નહિ હોં અહીં. આ દ્રવ્ય છે. દ્રવ્યદષ્ટિ તે સમ્યગ્દષ્ટિ. જુઓ છે ને સામે? સામે લખ્યું મોટા અક્ષરે. 'દ્રવ્યદષ્ટિ તે સમ્યગ્દષ્ટિ.' દ્રવ્ય એટલે આત્મા. વસ્તુ આખી અખંડ અભેદ. એની અંતર દષ્ટિ થવી તેને સમ્યગ્દર્શન કહે છે. એવો જે આ દ્રવ્ય ભગવાન આત્મા '**દ્રવ્યના સ્વભાવભૂત...**' વસ્તુ ભગવાન આત્મા એનો સ્વભાવભૂત '**ધ્રૌવ્ય...**' અહીંથી લીધું જોયું! ધ્રુવથી લીધું. દ્રવ્ય.

ધ્રુવપણું, કાયમ રહેવું એવો સ્વભાવ અને વ્યય અને ઉત્પાદ થવો. સમયે સમયે પૂર્વની અવસ્થાનો વ્યય (થવો). જુઓ! આખી લાઈન ફેરવી નાખી. ઓલામાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. અહીં **'ધ્રૌવ્ય-વ્યય-ઉત્પાદ...'** ત્રણે શબ્દ ફેરવ્યા. ત્રણે ફેરવ્યા આખા, ગુલાંટ ખાઈ ગયા. ઓલું ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. અહીં ધ્રૌવ્ય, વ્યય અને ઉત્પાદ. સમજાણું કાંઈ? એ દરેક શબ્દમાં મર્મ છે. અહીં ઓલો દ્રવ્યનો સ્વભાવ ધ્રુવ એમ લઈને પછી વ્યય અને ઉત્પાદ એ પણ એનો સ્વભાવ છે દ્રવ્યનો. પૂર્વની અવસ્થાનો અભાવ થાય અને ઉત્પાદ થાય એમ. પૂર્વની અવસ્થાનો અભાવ થાય અને નવી અવસ્થા ઊપજે એ એનો દ્રવ્યનો સ્વભાવ છે.

**'ધ્રૌવ્ય-વ્યય-ઉત્પાદથી આલિંગિત,...'** આલિંગિત નામ સ્પર્શિત. એનાથી આલિંગિત છે-સ્પર્શિત છે. ભગવાન આત્મા ધ્રુવપણું કાયમ અને પૂર્વની અવસ્થાનું બદલવું આ ધર્મની અવસ્થાનું હોં! પુણ્ય-પાપની વાત અત્યારે છે નહિ. આત્મામાં ધર્મ પ્રગટ્યો જ્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પ્રગટ્યું સ્વભાવની દૃષ્ટિ થતાં, ત્યારે કહે છે કે એ દ્રવ્યના સ્વભાવમાં એવી એક શક્તિ જોઈ અને માની કે પોતાનું ધ્રુવપણું અને વ્યયપણું અને ઉત્પાદ એનાથી **'આલિંગિત (-સ્પર્શિત),...'** સ્પર્શિત, સ્પર્શાયેલી. **'સદશ અને વિસદશ જેનું રૂપ છે...'** સદશ એટલે ધ્રુવ. આત્મામાં જેટલા ગુણો છે તે સદશપણે છે. સદશ્ય એટલે એ.. એ... એ... એ... સદશ... સદશ... સદશ-એક જાત. અને પર્યાય જે છે ધર્મની-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અવસ્થા થઈ એ વિસદશ છે. વિસદશ છે. કારણ કે વ્યય અને ઉત્પાદ.. વ્યય અને ઉત્પાદ.. વ્યય અને ઉત્પાદ.. બેય વિસદશ છે ને? ઓલું ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... આત્મામાં જે જ્ઞાન, દર્શન આદિ અનંત ગુણ છે એ સદશ છે. સદશ છે. સરખા... સરખા... સરખા... સરખા... સરખા... સરખા... અને આમાં વિસદશ-અસરખા. પૂર્વનો વ્યય અને નવો ઉત્પાદ. જુઓ. અભાવભાવ... અભાવભાવ... અભાવભાવ... દ્રવ્ય-વસ્તુમાં ધ્રુવપણું એ સદશ છે કાયમ રહેવું એકરૂપ. એકરૂપે રહેવું એ. જુઓ! ધ્રુવની વ્યાખ્યા જોઈ! સદશપણું. એવું જ ઓલામાં કહ્યું. લબ્ધિત્રય.. અકલંકદેવ. લબ્ધિત્રયમાં એમ લીધું. સદશ ગુણનું સ્વરૂપ છે.

ભગવાન આત્મા એક સરખો તો રહે છે પણ એના ગુણો પણ એક સરખા ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... જ્ઞાન... જ્ઞાન.. જ્ઞાન... જ્ઞાન... દર્શન... દર્શન... દર્શન... દર્શન... આનંદ.. આનંદ... આનંદ... એમાં ઊપજવું કે વ્યય થવું, અભાવ થવો કે ભાવ થવો એવું નથી. એકલો ભાવ... ભાવ... ભાવ... ભાવ... ભાવ... એવો સદશ એટલે ગુણ. અને વિસદશ. જુઓ! દરેક ગુણનું સદશપણે રહેવું અને દરેક પર્યાયનું વિસદશપણે થવું, એવું જેનું રૂપ છે, એવું જેનું સ્વરૂપ છે. એવો આ. **'એવા એક અસ્તિત્વમાત્રમયી...'** એ ત્રણનું થઈને અસ્તિત્વ એક છે એમ કહે છે. એક અસ્તિત્વ હોવાપણામાત્રમયી એકપણે હોવાપણા

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


માત્રમયી, એકપણે હોવાપણા, રહેવાપણામાત્રમયી પરિણામશક્તિ. એવો એક ગુણ છે આત્મામાં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઉત્પાદ, વ્યય, ધ્રુવ અને આ અલગ અલગ ગુણ છે?

ઉત્તર :- બેય અલગ અલગ ગુણ છે. દરેક ગુણમાં એમ છે. આ પણ દરેક ગુણમાં એમ છે. આ એક ગુણ છે, પણ દરેક ગુણ એવા છે પાછા. આ એક ગુણ ભિન્ન છે. આહાહા..! આ ગુણ પણ ભિન્ન છે. પણ એ ભિન્ન ગુણ સર્વ ગુણમાં વ્યાપ્યો છે. એક ગુણનું રૂપ બધા ગુણમાં રૂપ છે એવું. એનું લક્ષણ જતું નથી એમાં. વસ્તુ એમાં ન જાય. આહાહા..! સમજાય છે? જેમ જ્ઞાન. હવે જ્ઞાન છે એમાં કાંઈ સત્તાગુણ આવતો નથી. પણ જ્ઞાન છે એવું એમાં આવ્યું ને પોતામાં? એવું સત્તાપણું આવે કે નહિ એનામાં પોતાને લઈને? સમજાણું કાંઈ?

જ્ઞાનગુણ સત્તાગુણ ભિન્ન. સત્તા જેમ છે હોવાપણે, એમ જ્ઞાન હોવાપણે પોતાને લઈને છે કે સત્તાગુણને લઈને છે? સમજાણું કાંઈ? એનું પોતાનું જ એવું હોવાપણે સ્વરૂપ છે એનું. આ તો કરિયાવર ખોલ્યો છે ભગવાન આત્માનો. એણે કોઈ દી સાંભળ્યો નથી કે કેવો આત્મા હોય. અને આવો આત્મા હોય એને શ્રદ્ધવો, અનુભવવો એનું નામ ધર્મ છે. સમજાય છે કાંઈ? કહો, નાગનેશ અને ક્યાં હતું આ મલૂકચંદભાઈ? વખાણ તો બહુ આબરુ થાય છે તમારી. એક જણો ભાવસાર કહેતો હતો. પૈસા તો ૩૫-૪૦ હજાર હતા નારણશેઠ પાસે. ઝાઝા નહોતા એના બાપ પાસે. અને એની પાસે એટલા હતા. બાપુ! નારણશેઠ તો કરોડપતિ. ઓલા ભાવસાર નહિ ભાવસાર? ભુદર ભાવસાર. ઓલા ખૂણામાં રહેતો ઈ. ભુદર ભાવસાર કહેતો એકવાર. આવતો ને અહીં આવતો બહુ. નારણશેઠ ઓહો..! કરોડપતિ. કારણ કે ઓલા ૩૫-૪૦ હજાર રૂપિયા નાગનેશમાં રહેનારા. ૭૫ વર્ષ, ૮૦ વર્ષ પહેલા રૂપિયા. હવે ક્યાંક ૫૦ જોઈએ-૧૦૦ જોઈએ. એવા ઘણા ગામમાં હોય. એટલે આ ગરીબ માણસ એટલે (એને એમ થાય) આહાહા..! કરોડ કેટલા થાતા હશે એની ખબર ન હોય એને. કહે, નારણશેઠ તો કરોડપતિ. કેટલા ગામમાં એની ધારધીર. ભલે ૨૫ આપતા હોય, ૫૦ આપતા હોય. કરોડપતિ થયા ખરા હવે. છોકરા થયા હવે. કરોડના ધણી થયા. જડના ધણી જડ હોય એમ કહે છે અહીં તો. એય..! ભેંસનો ધણી પાડો હોય. એમ આ જડનો ધણી થાય. આ મારા છે, જડ છો, કહે છે. આહાહા..!

અહીં તો આત્મામાં એક અનંત ગુણ માયલો એક ગુણ અને એવા અનંત ગુણનું એવું સ્વરૂપ. એ વિસદશ નામ પર્યાયમાં ઉત્પન્ન વ્યય... ઉત્પન્ન વ્યય.. ઉત્પન્ન વ્યય... વ્યય ઉત્પન્ન... વ્યય ઉત્પન્ન (થયા કરે) અને ગુણમાં સદશપણું ધ્રુવ (રહે). એ ત્રણને સ્પર્શિત આલંગિત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એકરૂપ એવો અસ્તિત્વમાત્રમયી. ત્રણ થઈને એક હોવાપણામાત્ર એમ. એવા ત્રણ ગુણ નહિ કાંઈ. '**એવા એક અસ્તિત્વમાત્રમયી પરિણામશક્તિ.**' બદલવું, પરિણમવું એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? વિસદશપણે થવું અને સદશપણે રહેવું એવો હોવાપણા નામની એક પરિણામશક્તિ છે. જરીક ઝીણી છે. સમજાણું કાંઈ? આત્મામાં છે એ. અનાદિ છે. ભાન આવ્યું ત્યારે એને ખ્યાલમાં આવ્યું કે આ છે. ત્યારે એનું પરિણમન થયું અને પરિણમન દ્વારા ખ્યાલમાં આવ્યું કે ઓહો..! આનું ક્રમે પ્રવર્તન, આનંદાદિની દશા, એવો આત્મા આનંદ, જ્ઞાનની દશા એવું આત્મા જ્ઞાન, હોવાપણે પર્યાયનું હોવાપણું છે એવું આખું હોવાપણું. સમજાણું કાંઈ? એવો એક એનો ૧૯મો ગુણ છે. ૧૯મી શક્તિ છે.

એટલે શું કહ્યું? પહેલેથી આવ્યું આમાં કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે ચૈતન્યમૂર્તિ, એવું જ્યાં અંતરમાં ભાન થયું ધર્મનું ત્યારે તે કાળે ધર્મની પર્યાય ઉછળી એટલે પ્રગટી એટલે થઈ, તે કાળે આ બધી શક્તિનું પરિણમન એકસાથે ઉછળે અને પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? શક્તિરૂપે છે, તેની વ્યક્તતા થઈ. બેયનું અસ્તિત્વ થઈ ગયું. અહીં અસ્તિત્વ અંદર હતું એનું ભાન થતાં પર્યાયમાં એ ઉત્પાદ-વ્યયની વિસદશતા ત્યાં થઈ, ત્યારે અહીં અસ્તિત્વ થયું અને ત્યાં પણ અસ્તિત્વ થયું. કહો, સમજાણું કાંઈ?

ઓલો દાખલો આપ્યો છે ને? એક શેઠિયો બહાર ગયો. ઘરે છોકરો હતો. બજારમાં ગયો. સાથે છોકરો નહોતો. પણ એને પૂછ્યું તમારે છોકરો છે? હા. એમ કહે કે ના પાડે? ભેગો નહોતો. પણ છે ઘરે ને છે ને? ત્યાં નથી છોકરો. વાંઝિયો છો કાંઈ? છે છોકરો. પણ સાથે નથી ને? એમ તારામાં અસ્તિત્વ છે. એ છતાને અછતું કોણ કરે? તારામાં અનંત જ્ઞાન, દર્શન, આનંદ મહા પ્રજા શક્તિ પડી છે. એ બધી નિર્મળ પર્યાયને પ્રસવનાર શક્તિ પડી છે. એ છતીને બહારમાં આવ્યો છતાં એ છતીને અછતી ન થાય. આહાહા..! પર્યાયમાં આવ્યો એ સમયનું પરિણમન માટે આખું પરિણમન અંદર શક્તિરૂપ નથી એમ ન થાય. સદશ ગુણો અનંતા પડેલા છે અંદર. આહા..! સમજાય છે કાંઈ? આવી ધર્મની વાત જ જુદી જાતની. આવું સ્વરૂપ વીતરાગમાર્ગમાં છે. એવું સ્વરૂપ જ એવું છે. એવું બીજે હોઈ શકે નહિ. અને તે પણ દિગંબર ધર્મની અંદર જ આવી વાત છે. બીજે હોઈ શકે નહિ. બીજે છે નહિ. એય... શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કે દી દિગંબર હતા? શું કહેવું એ મુંઝાય છે બિચારા. શું કહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ફરક કીધો ને. ઉત્પાદવ્યયધ્રુવ છે એ તો. આ તો સદશ અને વિસદશરૂપ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ધ્રુવપણાને સિદ્ધ કરીને સદશ છે, ઉત્પાદવ્યય વિસદશ છે. ત્રણેને સ્પર્શિત એવો અસ્તિત્વમાત્રમયી પરિણામ ગુણ છે. ઓલામાં ક્રમે થવું અને અક્રમે રહેવું એ ગુણ છે. બસ એટલું. સમજાણું કાંઈ? આ ઠીક કહે છે. હળવે બોલે ત્યારે... ઓલામાં તો ક્રમે થવું અને અક્રમે રહેવું બસ એટલી વાત. આમાં તો ધ્રુવપણે દ્રવ્યનો સ્વભાવ, એ દ્રવ્યનો સ્વભાવ વ્યય નામ અભાવ પર્યાયનો થવો અને નવી (પર્યાય) થવી એવું વિસદશપણું. ધ્રુવ તે સદશપણું છે એટલે નવું નાખ્યું. ધ્રુવ તે સદશપણે છે એનો એ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... આનંદ.. આનંદ... આનંદ... આનંદ, છે... છે... છે... છે... અને પર્યાયમાં પૂર્વની અવસ્થાનું જવું, નવી અવસ્થાનું થવું એ વિસદશ છે. એવું આલિંગિત, ત્રણથી સ્પર્શિત, ત્રણને આલિંગન કરનારું. ત્રણનું જોડાણ થવું. એવું સદશ અને વિસદશ જેનું રૂપ છે '**એવા એક અસ્તિત્વમાત્રમયી...**' ત્રણે થઈને અસ્તિત્વ એક છે. ત્રણ સત્તા છે એમ નહિ. સમજાણું કાંઈ? એવો એક અંદર ગુણ છે. લ્યો! એ ગુણ પણ અનંતમાં વ્યાપ્યો છે. આ ગુણમાં વ્યવહારનો અભાવ છે. દયા, દાન, ભક્તિના પરિણામ એ વિકલ્પ છે એનો આમાં અભાવ છે. ધર્મની પર્યાયમાં એ અધર્મની પર્યાયનો અભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? અને એ પર્યાયમાં પ્રગટેલી દશામાં આખું સત્, આખું પૂર્ણ છે એમ એના અસ્તિત્વની પ્રતીત છે. આનો અભાવ છે અને આટલો બધો મોટો ભાવ છે અંદર. સમજાણું કાંઈ? આહાહા..!

અમૃતચંદ્રાચાર્યે અલૌકિક વાત કરી એક એક શક્તિ! આપણને એનું કાંઈ બધું સ્પષ્ટીકરણ કરતા આવડે નહિ એટલું બધું, હોં! એમાં ગંભીરતા એટલી ભરી છે અંદર. બહુ ભરી છે. ઓહોહો..! સંતો સાધુ જ્યારે એની વ્યાખ્યા કરતા હશે... સમજાય છે? એક એકને ફોડ પાડી પાડીને. અલૌકિક વાત.. અલૌકિક વાત..!! કહો, સમજાણું કાંઈ? ભાવલિંગી સાધુ. અમૃતચંદ્રાચાર્ય સંત ભાવલિંગી. આહાહા..! કુંદકુંદાચાર્ય ભાવલિંગી સંત સાધુ પરમેશ્વરપદમાં ભળેલા. એમણે આ વસ્તુનું સ્વરૂપ જાણ્યું હતું, જોયું હતું અને બતાવ્યું હતું.

ભગવાન આત્મા એક હોવાપણે વસ્તુપણે એવું એનું પરિણમન થતાં ધ્રુવ કાયમ છે એ ત્રણેનું એકરૂપ છે દ્રવ્ય, ગુણ અને પર્યાય. એને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. વિસદશ થાય, સદશ રહે. અનંતા ગુણો હોં અનંતા ગુણો. અનંતા ગુણોનું વિસદશપણું રહે, થાય, સદશપણું રહે એવી હોવાપણા નામની એક પરિણામશક્તિ છે. એ એક એક શક્તિમાં ષટ્કારક પડ્યા છે. લ્યો, વળી ઈ આવ્યું. ષટ્કારક પછી આવશે. એક એક શક્તિમાં કર્તાપણે પોતે પોતાને લઈને ક્રમે પ્રવર્તે છે. આહાહા..! એક એક ગુણ ક્રમે પ્રવર્તે છે એનો કર્તા પોતે છે, કર્તા શક્તિ છે એનામાં એ. એને લઈને ક્રમે પ્રવર્તવું એવો એનો ગુણ છે. કર્મ નામ એ કાર્ય પણ એવું, એનો ક્રમે વર્તે એવું એનું કાર્ય છે. આહાહા..! એમ ક્રમે વર્તવું અને વિસદશપણે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

રહેવું અને સદૃશપણે રહેવું એવો એનામાં કરણ નામ સાધનનો ગુણ એવો છે. સાધન થાય તો આ રીતે થાય, બીજી રીતે સાધન થાતું નથી. એમ પોતાથી પરિણમીને પોતે જ પોતાને આપે છે, લે છે, પોતાને રાખે છે નિર્મળ પર્યાય અને પોતાને આધારે (થાય છે). એ એક એક ગુણમાં એમ આ ગુણમાં પણ ષટ્કારક એમાં સમજવા. વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૩, શુક્રવાર તા. ૨૮-૬-૧૯૬૮**
**શક્તિ-૨૦, ૨૧, પ્રવચન-૫૫૧**

.. લખાઈ ગયું છે. પરિશિષ્ટ એટલે? નહિ કહેવાયેલી વિશેષ વાત. ખાસ અમૃતચંદ્રાચાર્યની છે ને આ તો વાત. આ આત્મધર્મ અને આત્મજ્ઞાન કેમ થાય? સમજાણું? આ આત્મા એ વસ્તુ છે એ તદ્દન ચૈતન્યની, જ્ઞાનની મૂર્તિ અને આનંદ છે. એને આત્મા કહીએ. કાંઈ આ શરીર, વાણી, મન, કર્મ એ તો અજીવતત્ત્વ છે, એ કાંઈ આત્મા નથી. તેમ અંદર પુણ્ય-પાપના ભાવ થાય છે દયા, દાન, વ્રત, ભક્તિના એ કાંઈ આત્મા નથી, એ તો આસ્રવતત્ત્વ, વિકલ્પ છે, રાગ છે. આત્માના નથી, આત્મામાં નથી અને આત્માનું રૂપ નથી.

આત્મા એને કહીએ કે જે વસ્તુમાં અનંત શુદ્ધ શક્તિઓ પડી છે. જ્ઞાન, દર્શન, આનંદ, જીવત્વ વગેરે. એવી શક્તિનો પિંડ આત્મા એને અંતર્મુખ દૃષ્ટિ કરીને અનુભવમાં આત્માને લેવો એને આત્મા કહેવાય છે અને એને અનુભવની દૃષ્ટિ પરિણતિપૂર્વક આત્મા એને આખો આત્મા અહીં ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? ક્રમે પ્રવર્તતા અને અક્રમે પ્રવર્તતા અનંતા ગુણો શુદ્ધ. મુખ્ય વાત છે. આ શક્તિ તો આપણે આવી ગઈ છે. પણ મુખ્ય માથેથી વાત કરી છે. પહેલેથી. આ આત્મામાં અક્રમે એટલે અનંત ગુણો એકસાથે છે અને ક્રમે પ્રવર્તતી પર્યાયો છે અવસ્થાઓ. બધી નિર્મળ હોં! એ બધો આખો સમુદાય થઈને આત્મા કહેવામાં આવે છે. ધર્મીએ એવા આત્માને અનુભવ્યો અને જાણ્યો હોય છે. એનામાં બીજા કર્મ અને રાગ-દ્વેષાદિ છે એ એના પર્યાયમાં અભાવ જાણ્યો છે. એની અવસ્થામાં એનો સદ્ભાવ છે એમ જાણ્યું નથી. કહો, શેઠી! ૧૯મી થઈ ગઈ. ૧૯મી.

હવે ૨૦મી. ૧૯મી આવી ગઈને બધી? જુઓને. દ્રવ્યના સ્વભાવભૂત વસ્તુનો સ્વભાવ જે છે એવું ધ્રૌવ્ય, વ્યય અને ઉત્પાદ એનાથી સ્પર્શિત એટલે એકમેક રહેલી સદૃશ અને વિસદૃશ જેનું રૂપ છે એવા એક હોવાપણામાત્રમયી પરિણામશક્તિ. થવું, એ રૂપે પરિણમવું એવો એક આત્મામાં ગુણ અને શક્તિ છે. એ શક્તિમાં બધુ લાગુ ઘણું પડે છે. હવે અહીં આપણે અત્યારે તો ૨૦મી ચાલે છે.

'**કર્મબંધના અભાવથી વ્યક્ત કરવામાં આવતા,...**' કરાયેલા શબ્દ છે એને ઠેકાણે એમ લેવું. '**કર્મબંધના અભાવથી વ્યક્ત કરવામાં આવતા,...**' એમ લેવું. ગુજરાતી છે? પહેલાનું કે બીજું? એમાં આ સુધાર્યું નહિ હોય. શું કહે છે? કે આ આત્મા જે વસ્તુ છે એ વસ્તુ-પદાર્થ શુદ્ધ ત્રિકાળ. એમાં જ્ઞાન, દર્શન આદિ અનંત શક્તિઓમાં એક એવી શક્તિ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એનામાં છે કે અમૂર્તપણાની શક્તિ છે. અમૂર્તપણાનો ગુણ છે. એ અમૂર્તપણું વર્તમાન પ્રગટ થયું છે એમ અહીં વર્ણવવું છે. કહો, સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા વસ્તુ તરીકે સત્ છે એમાં સત્ તરીકે શક્તિઓ પણ અનંત છે. એમાં એક અમૂર્ત નામનો ગુણ નામ શક્તિ છે, તો એવો આત્મા જેણે અંતરમાં સ્વભાવ સન્મુખ થઈને, પુણ્ય-પાપ અને નિમિત્તથી વિમુખ થઈને આત્માને જેણે અનુભવ્યો, જાણ્યો, ઓળખ્યો, માન્યો એને ધર્મ કહેવાય છે અને એ ધર્મીને અમૂર્તપણું પ્રગટ થયું છે એમ કહે છે અહીં. સમજાણું કાંઈ?

'**કર્મબંધના અભાવથી વ્યક્ત કરવામાં આવતા,...**' એટલે? ખરેખર તો કર્મ જ્ઞાનાવરણીય જે કર્મ છે એ જે ભાવે બંધાય છે એ ભાવનો પણ અહીંયાં અભાવ છે. ભગવાન આત્મા શાંત વીતરાગમૂર્તિ આત્મા એમાં અનંતી શક્તિઓ સાથે રહેલી છે. એમાં એક અમૂર્ત નામનો ગુણ છે-શક્તિ છે. ધર્મીને ધર્મદશાના ભાવમાં અમૂર્તપણું પ્રગટ્યું છે. સમજાય છે કાંઈ? કઈ રીતે? કહે છે કે '**કર્મબંધના અભાવથી...**' એ ધર્મીને કર્મબંધનો અભાવ જ છે. એથી જે ભાવે બંધાય કર્મ એવા ભાવનો પણ એમાં અભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**કર્મબંધના અભાવથી વ્યક્ત (પ્રગટ) કરવામાં આવતા,...**' એટલે કે જે જ્ઞાનાવરણીય પાંચ પ્રકારે બંધાય છે-જ્ઞાનનો દ્વેષ કરવો, જ્ઞાનની અશાતના કરવી, જ્ઞાનનો અંતરાય પાડવો એવો ભાવ વસ્તુની શક્તિમાં નથી. દ્રવ્યમાં નથી, ગુણમાં નથી અને એની પર્યાયમાં પણ નથી. પર્યાય સમજાય છે? અવસ્થા વર્તમાન. ધર્મીની ધર્મદશામાં એ પાંચ પ્રકારે કર્મબંધ જે બંધાય તે કર્મબંધનો અભાવ છે એને. એવા પાંચ પ્રકારના ભાવનો અભાવ છે એને. આહાહા..! એથી પ્રગટ કરેલા, એના અભાવસ્વભાવરૂપ અને અમૂર્તપણાની પર્યાય અંદર પ્રગટ થઈ છે વર્તમાનમાં. સમજાણું કાંઈ? ઓલા રાડ્યું પાડે છે ઘણા કે કર્મ મૂર્ત છે માટે જીવને મૂર્ત કહેવો, ફલાણું કહેવું, ઢીંકણું કહેવું. હવે એ તો ક્યાંય રહ્યું તારું, સાંભળને હવે. બહુ મોટી ચર્ચા થઈ હતી ને? અમૂર્ત ને નહિ? વર્ણીજી ને બધા સાથે. પરમાનંદને અને એને.

અરે..! ભગવાન! ભાઈ! તું આત્મા છો અને તે તો અરૂપી છે. જ્યારે એને કર્મના સંગથી રૂપી કહ્યો એથી કાંઈ રૂપી થયો નથી. અને એ આમાં નથી. વસ્તુ સ્વભાવ જે આત્મા છે એની દૃષ્ટિ કરતાં, એનું જ્ઞાન કરતાં એ તરફના વલણની સ્થિરતા કરતાં ધર્મીને એ બંધના ભાવોથી અભાવરૂપ પ્રગટ થયેલી પર્યાય, અમૂર્તપણે પ્રગટ થઈ એવી પર્યાયનું એનું પરિણમન છે. આહાહા..! શેઠી! છ પ્રકારે જ્ઞાનાવરણીય બંધાય છે ને? બંધાય છે. તત્ત્વાર્થસૂત્રમાં આવે છે. તત્પ્રદોષનીનો, અંતરાય, વ્યાઘાત, ઉપઘાત.. તત્ત્વાર્થસૂત્રમાં વાંચતા હોય, વર્ષો સુધી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સાંભળ્યું હોય પણ ખબર ન હોય. તત્ત્વાર્થસૂત્રમાં બીજા ઓલામાં. .. શું કહે છે? એમાં આવે છે.

અથવા આ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ એ બંધના કારણ છે. એ બંધના કારણનો સમ્યગ્દ્રષ્ટિની પર્યાયમાં અભાવ છે. પાંચેયનો. પાંચેય એક સમયની પર્યાય છે ને આમ? દ્રવ્યદ્રષ્ટિમાં એ પર્યાયનો આમાં અભાવ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! આત્મા કેવો છે, કેવડો છે એની અહીં વાત ચાલે છે. ધર્મીની દ્રષ્ટિમાં આત્મા આવ્યો છે કેવો? આહાહા..! કે એ મિથ્યાત્વ વિપરીત માન્યતા, અવ્રતભાવ, પ્રમાદભાવ, કષાયભાવ, યોગ એ કર્મના બંધના કારણ છે. એવા બંધના અભાવથી. અને આ પાંચ પાંચ કારણ જે કીધા. છ કારણ. જ્ઞાનાવરણીય જે છ કારણે બંધાય, દર્શનાવરણીય છ કારણે બંધાય એ છ ભાવનો અભાવ જ્ઞાનીને છે. કારણ કે એ ભાવ ઉદયભાવ છે. ઉદયભાવ નથી દ્રવ્યમાં, નથી ગુણમાં, નથી પર્યાયમાં. વસ્તુ પરિણામ જ્ઞાયકમૂર્તિ ચિદાનંદ શુદ્ધ છે એથી તેના શુદ્ધ સ્વભાવના આશ્રયે શુદ્ધતા પ્રગટી છે. એ શુદ્ધતામાં અશુદ્ધતાનો અભાવ છે. સમજાણું કાંઈ?

'**કર્મબંધના અભાવથી વ્યક્ત કરવામાં આવતાં, સહજ,...**' એટલે દર્શનાવરણીય જે પ્રકારે બંધાય છે ને? એ પણ નિહ્નવ, અંતરાય આદિ. એ ભાવનો અભાવ છે અને તેથી પ્રગટ થયેલી અમૂર્ત પર્યાય પ્રગટ થયેલી છે. સમજાણું કાંઈ? એમ વેદનીયના પ્રકાર છે. અનુકંપાથી શાતા બંધાય, સરાગસંયમથી શાતા આદિ બંધાય. અશાતા દુઃખ દેવાથી સ્વપરને દુઃખ દેવાથી અશાતા બંધાય. કહે છે કે એ ભાવબંધના કારણનો અભાવ જીવમાં છે ધર્મીને. સમજાણું કાંઈ?

એ '**કર્મબંધના અભાવથી...**' એટલે કર્મબંધનના કારણોના અને બંધના બેયથી અભાવથી.. સમજાય છે કાંઈ? આહાહા..! વર્ણન કર્યું છે ને પણ! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદમૂર્તિ, એને કહે છે કે દુઃખનું પરિણમન જ નથી અહીં. ઓલા દુઃખરૂપ પરિણામ છે ને? એ પરિણામ જ એમાં નથી. એનો તો અભાવ કરીને આનંદ પ્રગટ કર્યો છે. એ અમૂર્તપણું છે, એ અમૂર્તપણું છે. સમજાણું કાંઈ? એમ મોહનીયકર્મના કારણો છે બંધના એનો પણ જ્ઞાનીના આત્મામાં એટલે એની પર્યાયમાં એનો અભાવ છે. અભાવથી પ્રગટ કરેલી અમૂર્તશક્તિની પર્યાય પ્રગટ છે. સમજાણું કાંઈ? એમ શુભ-અશુભ નામ ગોત્ર જે બંધાય છે. સરળતાથી આદિ.. વક્રતાથી શુભ-અશુભ એ બેય પરિણામનો જ્ઞાનીને બંધનો અભાવ છે. અરે..! એ તો ઠીક પણ તીર્થંકરગોત્ર બાંધે જે શુભ ભાવે (તેનો પણ અભાવ છે). આહાહા..! વાત તે પણ વાત. હવે એમાં એવું આવે છે કે સોળ તીર્થંકરગોત્ર બાંધે એમાં શક્તિ તપ ત્યાગ હોય. શક્તિરૂપે તપ, શક્તિ પ્રમાણે તપ કરે અને ત્યાગ કરે. સમજાય છે? એવો એક વિકલ્પ હોય છે. એનો અહીં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

આમ તો નથી આવતું અપવાસ આદિમાં? રસપરિત્યાગ. તપસ્યામાં આવે છે કે નહિ? રસનો ત્યાગ કરવો, .. ફલાણું.. ઢીંકણું.. અહીં તો કહે છે કે રસના ત્યાગનો અહીં તો ત્યાગ છે જ આત્મામાં. રસ છે જ નહિ અંદર. રસનો અભાવ જ છે. રસનો ત્યાગ કરું એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. કારણ કે ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ (છે). પરને ત્યાગું અને પરને ગ્રહું એનાથી તો શૂન્ય આત્મા છે. આરે.. આરે..! ભારે વાત! એવા ભગવાન આત્મામાં અમૂર્તપણું છે પ્રગટ કરેલું. એમ. એટલે? નામકર્મ બંધાય છે સોળ પ્રકારે. ગોત્ર બંધાય છે ને નામકર્મ આદિ? એવામાં વિનયતા, દર્શનવિશુદ્ધિ આદિ ઘણા પ્રકાર છે, સોળ છે. કહે છે કે એ કર્મબંધનના કારણના અભાવથી વ્યક્ત કરાયેલા. એમ ગોત્રના ... ઓલામાં લીધું છે ભાઈ એક. સમકિત ફોજદાર. સમકિત ફોજદાર છે. આત્મા શુદ્ધ ચૈતન્ય અખંડ એની પ્રતીતિ અનુભવમાં કરી એવું જે સમ્યગ્દર્શન એ ફોજદાર છે. જેટલા શક્તિની નિર્મળતાથી વિપરીત ભાવ છે તેને એ આવવા દેતો નથી. વજુભાઈ! ભગવાન આત્મા આખો અનંતગુણનો પિંડ પવિત્ર એવો અનુભવ અને પ્રતીત થઈ ધર્મીને, તો કહે છે, એ સમકિતરૂપ ફોજદાર કોઈપણ વિપરીત અવસ્થાને અંદરમાં આવવા દેતો નથી. એવું રક્ષણ કરે છે જીવનું. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. અમદાવાદમાં ચાલે આવું કાંઈ? મલૂકચંદભાઈ! એ તો મલૂકચંદભાઈ સમજે ને. પાછું કાંઈક કહે છે. ત્યાં પાછું ચંદુભાઈ કહેશે. વાંચવાનું ચંદુભાઈ ત્યાં કહે છે. કહો, સમજાણું? ચંદુભાઈ ત્યાં કહે છે. ... સમજાણું?

કહે છે કે આત્મા, આત્મા જેને પરમેશ્વરે કહ્યો અને અનુભવ્યો જેણે આત્માને, એણે આવો આત્મા અનુભવ્યો છે ત્યારે તે આત્મા જાણ્યો, માન્યો કહેવામાં આવે છે. કે જે આત્મામાં બંધના ભાવ અને બંધ, પણ એ તો આવ્યું ને? '**जो पस्सदि अप्पाणं**' ભાઈ! લ્યો, એ તો એનું એ આવ્યું ત્યાં. '**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं**' વસ્તુ અખંડ અભેદ છે એ બધું આવ્યું છે એમાં જુઓ! વિકલ્પ સંયુક્તથી રહિત.. પાંચેય આવી ગયા. અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, અવિશેષ.. આહાહા..! એવો આત્મા એને આત્મા કહીએ. બદ્ધવાળા અને વિશેષવાળા ને રાગવાળાને આત્મા ન કહીએ. આહાહા..! અને એ આત્મા કર્મ અને કર્મના કારણોના ભાવથી અભાવસ્વરૂપે છે અને પોતાની શુદ્ધ શક્તિના સદ્ભાવરૂપે પરિણમે છે. એવા ભાવને-પરિણમતા ભાવને જૈનશાસન કહેવામાં આવે છે. એને જૈનશાસન કહે છે.

આત્મામાં કર્મનું બંધન નથી. તેમ તેમાં રાગ-દ્વેષ નથી. તેમ તેના ભેદરૂપે એક એક સમયની પર્યાયો ભેદરૂપ છે એ પણ ત્રિકાળ વસ્તુમાં નથી. એવો આત્માને જાણતા અબદ્ધસ્પષ્ટ જાણતા,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પરથી રહિત જાણતા, ભેદથી રહિત જાણતા અને પોતાના અનંતગુણના પરિણમન સહિત જાણતા, શુદ્ધપણે જાણતા જે પરિણામ ઉત્પન્ન થયા શુદ્ધ ઉપયોગના એને જૈનશાસન કહે છે. એને જૈનધર્મ કહે છે. સમજાણું કાંઈ? કેટલાકને એવું લાગે આ તો... આ તો પોતે જૈનપણું કરાવે છે સૌને. એમ. આ ધર્મ બીજા નથી? એ ધર્મ જ નથી. સમજાણું કાંઈ? વેદાંત છે, આ બધા અન્યમતો છે અને સંપ્રદાયમાં બધા ભંગ પડીને બેઠા છે, ભંગ પાડીને, એ બધા જૈનધર્મ નથી.

જૈનધર્મ તો એને પરમેશ્વર તીર્થંકર કહે છે, કે આ આત્મા પરથી ભિન્ન તદ્દન અબદ્ધસ્પૃષ્ટ (છે). અહીં કર્મના બંધન એને છે એ નથી અને જે ભાવે બંધાય છે એ એનામાં નથી. એવી જે શ્રદ્ધા, જ્ઞાન આત્મામાં પરિણમે શુદ્ધ સ્વભાવ એને ભગવાન જૈનધર્મ અને જૈનશાસન કહે છે. સમજાણું કાંઈ? હજી તો ખબરેય ન મળે શું છે એની ખબર વિના... જાધવજીભાઈ! કેટલા વર્ષ ગાળ્યા જુઓને. ખબરેય ન મળે કે આ શું છે અને જઈને મોઢા આગળ બેસે શ્રાવક થઈને. ઝવેરચંદભાઈ! શું કહેવાય તમારે મોઢા આગળ? પહેલી પત. .. ઝવેરચંદભાઈ લ્યો છ ભાઈઓ, કેટલા લાખોની મોટી પેઢી, અને મોટા છમાં એ પાછા. આવો.. આવો... મોટાભાઈ આવો... મોટાભાઈ આવો.. મોટાભાઈથી ઓળખાય છે ને એ તો. છે ને છ ભાઈઓમાં મોટા છે ને ઈ. બહેન મોટા છે, પણ અહીં રહ્યા ઈ. આવો મોટાભાઈ લ્યો. શેના મોટાભાઈ પણ? ઓલા પૈસામાં ને આબરુમાં.

અહીં તો કહે છે કે તારી મોટપ તો અંદર અનંતગુણનો પિંડ પ્રભુ છે, એને જ્યારે દૃષ્ટિમાં લઈને અનુભવ કર્યો અને ઉપયોગ શુદ્ધ થયો ત્યારે આત્માની મોટપ પ્રગટી. અમૂર્તપણાની મોટપ પ્રગટી. આહાહા..! સમજાય છે? ભારે વાત છે! '**કર્મબંધના અભાવથી વ્યક્ત કરવામાં આવતા,...**' પ્રગટ કરવામાં આવતા હોં! '**સહજ, (સ્વભાવિક), સ્પર્શાદિશૂન્ય (-સ્પર્શ, રસ, ગંધ અને વર્ણથી રહિત) એવા આત્મપ્રદેશોસ્વરૂપ...**' એવા આત્મપ્રદેશોસ્વરૂપ '**અમૂર્તત્વશક્તિ.**' જુઓ! સમજાણું? આમાં પણ લીધું છે હોં ક્યાંક. શું કહેવાય આ? અધ્યાત્મ પંચસંગ્રહ ને? લ્યો. 'કરમકે બંધ જામૈં કોઉ નાહિં પાઈયતુ,' કર્મનો બંધ જેમાં નથી એવો આત્મા હો. અમૂર્તશક્તિનું વર્ણન છે.

કરમકે બંધ જામૈં કોઉ નાહિં પાઈયતુ,
સદા નિરફંદ સુખકંદકી ધરણિ હૈ.

સુખકંદની ધરણિ નામ ભૂમિ છે. આનંદની ભૂમિ છે એ આત્મા. 'સપરસ રસ ગંધ રૂપતૈં રહત સદા,...' આવે ને આમાં? આ શબ્દ આવ્યા ને?

સપરસ રસ ગંધ રૂપતૈં રહત સદા,

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આતમ અખંડ પરદેસકી ભરણિ હૈ.

અખંડ પ્રદેશની ભરણી ભરેલો છે શુદ્ધ ચૈતન્યમૂર્તિ. 'અક્ષસૌં અગોચર...' ઇન્દ્રિયથી અગમ્ય. ઓલું અમૂર્ત લેવું છે ને? અમૂર્ત ભગવાન આત્મા ઇન્દ્રિયથી અગમ્ય

અનંત કાલ સાસતી હૈ,
અવિનાસી ચેતનાકી હોય ન પરણિ હૈ.
સકતિ અમૂરતી બખાની વીતરાગદેવ,
યાકે ઉર જાનૈં દુખદંદકી હરણિ હૈ.

દુઃખદંદનો નાશ છે એમાં. આહાહા..! ભાષા એવી લીધી છે. અભાવ લેવો છે ને દુઃખદંદનો. દુઃખનો અભાવ. સમજાય છે કાંઈ? એટલી વાત છે. સ્પર્શ છે ને? વર્તમાનમાં ભગવાન આત્મા જ્ઞાનાદિ અનંત શક્તિનું રૂપ એ અરૂપી અમૂર્ત છે એની વ્યક્તતા-પ્રગટતા વર્તમાનમાં સ્પર્શ, રસ, ગંધ રહિત અને આત્માની શક્તિઓ શુદ્ધ છે એની પ્રગટતા પરિણતિ-પર્યાય પ્રગટી છે એવી અમૂર્તશક્તિ પ્રસિદ્ધ થાય છે. આત્માના ભાનમાં આવી અમૂર્તશક્તિ પ્રસિદ્ધ થાય છે. આ આત્મખ્યાતિની છે ને ટીકા બધી? કહો, સમજાણું કાંઈ? એનું પરિશિષ્ટ પણ આત્મખ્યાતિમાં કહેવાયને. પરિશિષ્ટ આત્મખ્યાતિમાં કહેવાય.

અમૂર્તપણે ભગવાન પ્રસિદ્ધ થાય છે કહે છે. સમજાણું કાંઈ? ઓહોહો..! ૧૪૮ પ્રકૃતિ અને એના કારણો બધા ઉડાડી દીધા. આત્મામાં નથી એમ કહે છે. આહાહા..! ભગવાન! તું ચૈતન્ય અરૂપી અમૂર્ત, સ્પર્શ, ગંધ, રસ વિનાનું તારું અમૂર્તપણાનું વ્યક્તપણું છે. પ્રગટપણું અમૂર્તપણે છે. કેમકે જેટલા કારણો કર્મબંધનના તે બધા કારણોનું લક્ષ-રુચિ છોડીને ભગવાન આત્માના અબંધસ્વભાવ ઉપર દૃષ્ટિ આપતાં એના પરિણમનમાં અમૂર્તપણું બંધના અભાવ સ્વરૂપપણે પ્રગટ્યું છે. સમજાણું કાંઈ?

'**કર્મબંધના અભાવથી વ્યક્ત કરવામાં આવતા, સહજ,...**' જુઓ! એ તો સ્વભાવ હતો કહે છે. '**સ્પર્શાદિશૂન્ય (-સ્પર્શ, રસ, ગંધ અને વર્ણથી રહિત) એવા આત્મપ્રદેશોસ્વરૂપ...**' એવો આત્મપ્રદેશો અરૂપી સ્વરૂપ અમૂર્તત્વશક્તિ આત્મા ભગવાનમાં બિરાજમાન છે. આહાહા..! કહો, સમજાણું આમાં? આવું વર્ણન તો ઓહોહો..! અમૃતચંદ્રાચાર્યે ગજબ કર્યો! જૈનશાસનને આત્મામાં કેવી રીતે ઉતાર્યું છે! આનું નામ જૈનશાસન છે ભાઈ! આનું નામ જૈનધર્મ અને આનું નામ કેવળીએ કહેલો ધર્મ પણંતો છે. કેમકે આત્મા પોતે શુદ્ધ આનંદ અને વીતરાગની મૂર્તિ છે. એમાં અમૂર્ત નામનો ગુણ પણ છે. એવા વીતરાગ આત્માના સ્વભાવની સન્મુખ થઈને અંતર્મુખ થઈને અંતર આત્માને જ્યાં અનુભવ્યો, અને તેને પુણ્ય-પાપના વિકલ્પો અને બંધના કારણોના અભાવરૂપે અનુભવ્યો એવો આત્મા શુદ્ધ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

શ્રદ્ધા-જ્ઞાન અને રાગરહિત વીતરાગ પરિણતિ અને અમૂર્તપણું એને અહીંયાં ભગવાન જૈનશાસન કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ જૈનધર્મ નથી રહેતો મંદિરમાં, નથી રહેતો અપાસરામાં.

મુમુક્ષુ :- સોનગઢમાં છે.

ઉત્તર :- સોનગઢમાં પણ નથી. એના આત્માની પરિણતિમાં છે. રાગમાં પણ રહેતો નથી, પ્રશ્ન શું પછી? આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવમાં જૈનશાસન રહેતું નથી એમ કહે છે. આહાહા..! .. નિરતિચાર આવે છે ને? બહુ એમાં આવે છે. સોળ ભાવના તીર્થંકરગોત્ર. 'દર્શનશુદ્ધિ ભાવના ભાય, સોલહ તીર્થંકર...' આવે છે ને? કહે છે કે એ ભાવ જ આત્મામાં નથી. આત્મા થયો (એ) આત્માએ તીર્થંકરગોત્ર બાંધ્યું જ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બધું કરે છે એ બધું વ્યવહાર છે. પરમાર્થ નથી. કેવળીના ગુણો ગાય એટલે આત્માના ગુણોનું પરિણમન કરે તે કેવળીની સ્તુતિ છે. કહો, સમજાણું? એ કેવળીના ગુણો એટલે આત્માના ગુણો જેટલા પવિત્ર નિર્મળ અનંત છે એનો આશ્રય કર્યો, એનો સત્કાર કર્યો, એનો આદર કર્યો, એમાં એકાગ્ર થયો, બસ! એ કેવળીના ગુણ ગાય છે. એ જૈનશાસનમાં આવ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**કર્મબંધના અભાવથી...**' 'કરવામાં આવતા' સુધાર્યું એમાં બહુ ફેર પડી ગયો આખો. નહિતર તો આ વ્યક્ત કરાયેલા એટલે શું? અને આ કરવામાં આવતા એટલે આખો .. થઈ ગયો. '**સહજ, સ્પર્શાદિશૂન્ય...**' ભગવાન આત્મા સ્પર્શ, રસ, ગંધથી તો ખાલી છે અને અમૂર્ત સ્વભાવથી ભરેલો છે, સ્વભાવિક છે. એટલે આત્મા જ અમૂર્તપણે જ્યાં દ્રવ્ય-ગુણ-પર્યાયે ત્રણમાં અમૂર્તપણું વ્યાપ્યું છે. ત્રણમાં અમૂર્તપણું વ્યાપ્યું છે અને એ અમૂર્તપણું એના અસંખ્ય પ્રદેશમાં વ્યાપ્યું છે. મૂર્તપણું એનામાં છે નહિ. અસંખ્ય પ્રદેશી ભગવાન એનું ક્ષેત્ર એમાં અમૂર્તપણું વ્યાપ્યું છે અને એ અમૂર્ત નામનો ગુણ અનંત શક્તિમાં ભેગો વિભુ તરીકે વ્યાપ્યો છે. અને એ અમૂર્ત નામનો ગુણ અનંત શક્તિઓને નિમિત્ત થાય છે.

મુમુક્ષુ :- બધા ગુણો અમૂર્ત છે?

ઉત્તર :- બધા અમૂર્ત છે. આહાહા..! સમજાણું કાંઈ?

અને એ અમૂર્ત નામનો ગુણ પોતાના કર્તાપણે થઈને તેની પરિણતિની નિર્મળ પર્યાયનું કાર્ય એણે કર્યું છે. સમજાણું કાંઈ? એ પોતાનું સાધન પણ પોતામાં રાખ્યું છે. અમૂર્તપણાનું સાધન, અમૂર્તપણાના સાધનથી પોતે અમૂર્તપણે થયો છે. કોઈ એનો રાગ કે નિમિત્ત સાધન હતું માટે અમૂર્તપણે પરિણમ્યો છે-વ્યક્ત થયો છે એમ નથી. સમજાણું કાંઈ? એને ગૃહસ્થ કહે છે. આ ગૃહસ્થ નથી કહેતા? કે આ માણસ ગૃહસ્થ છે. કહે છે કે આત્મા અમૂર્ત સ્વભાવમાં

રહેલો છે તે ગૃહ નામ પોતાના ઘરમાં રહેલો માટે તેને ગૃહસ્થ કહેવાય. રાગના રૂપમાં જાય તે ગૃહસ્થ નથી, એ આત્મામાં નથી. શેઠી! સમજાણું?

સમસ્ત કર્મથી કરવામાં.. એમ આવ્યું ને? '**કર્મબંધના અભાવથી વ્યક્ત કરવામાં આવતા,...**' એટલે એ સમસ્ત પછી આવ્યું. '**કર્મબંધના અભાવથી...**' બધું બધું આવી ગયું એમાં. પ્રગટ કરવામાં આવતા. કરાયેલાને ઠેકાણે 'પ્રગટ કરવામાં આવતા' એ શબ્દ આવતા બહુ સ્પષ્ટ થયું. '**સહજ, સ્પર્શાદિશૂન્ય એવા આત્મપ્રદેશોસ્વરૂપ...**' જેના ક્ષેત્ર લીધું આત્મપ્રદેશ. એ અમૂર્ત છે અને એના બધા ગુણો અમૂર્ત છે. એનું પરિણમન થયું અમૂર્ત શુદ્ધનું એ અમૂર્તપણાની પર્યાય તે આત્માની છે. વચ્ચે રાગાદિ અને બંધના કારણ એ આત્માના નથી. એનો અભાવ છે એનું નામ અનેકાંત છે. ઓલા રાડ પાડે છે ને? કે અબદ્ધસ્પૃષ્ટ પછી આખો આ બદ્ધ છે ને આ બધું ગયું ક્યાં? જુગલકિશોર. મોટો પંડિત છે ને? દિલ્હી, દિલ્હી. એય.. શાંતિભાઈ! કેવા? કેવા મંદિર શું કહેવાય? વીર સેવા મંદિર. વીર સેવા મંદિરમાં કાંઈક આપ્યા હશે પચાસ, પોણો લાખ રૂપિયા હશે એના પોતાના નાખ્યા હશે. એમાં શું થયું પણ હવે? એ ધૂળેય વીર સેવા મંદિર નથી. વીર સેવા મંદિર તો આત્મા છે. ભગવાન આત્મા પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્યની સેવા એટલે અંદર એકાગ્ર થાય તે વીર સેવાનું મંદિર આત્મા છે. એણે એમ લખ્યું છે. એય.. અબદ્ધસ્પૃષ્ટ હોય પછી આ બદ્ધસ્પૃષ્ટ અને કર્મકાંડમાં (લખ્યું છે) આ બધું ક્યાં ગયું? આ બધું ક્યાં ગયું? સાંભળને! આત્માનો શુદ્ધઉપયોગ વીતરાગપણે થતાં સ્વભાવ ધર્મનું પરિણમન થતાં, બીજો બધો એમાં અભાવ છે એનું જ્ઞાન એમાં આવી જાય છે. સમજાણું કાંઈ? ન બેસે, ન બેસે. એવા કુતર્કો ને એવા શાસ્ત્રના વાંચનને ઊંધી રીતે પકડ્યા છે ને, વાત બેસે નહિ.

અહો..! ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી અમૂર્ત, અનંત ગુણે બિરાજમાન એને કર્મ અને કર્મના કારણોનો અભાવ કરી એટલે લક્ષમાંથી છોડી દઈ, એની પ્રીતિ-રુચિ છોડી દઈ અને સ્વભાવ સન્મુખથી આત્માએ પોતાની દશા શુદ્ધ વીતરાગી-અરાગી કરી એનું નામ અમૂર્તપણાની શક્તિ પર્યાયમાં વ્યાપી એને વીતરાગતા કહે છે. કહો, સમજાણું કાંઈ? આવા શબ્દો પણ સાંભળ્યા ન હોય જાધવજીભાઈ! ત્યાં કલકત્તામાં. ૬૦ વર્ષ. ભાઈને ૬૪-૬૫ થયા. સાંભળ્યા ન હોય કોઈ દી ત્યાં. એકેન્દ્રિય, બે ઈન્દ્રિયા, ત્રણ ઈન્દ્રિયા, ચો ઈન્દ્રિયા, પંચેન્દ્રિયા, લેશ્યા, જીવીયા વહોરવિયા... જાવ. તસ્સ મિચ્છામી દુક્કડમ. એય.. ભગવાનભાઈ! અહીં કહે છે કે આવો આત્મા છે એવો ન માને અને રાગવાળો માને, બંધવાળો માને, આવો માને એણે જીવિયા વહોરવિયા કર્યા છે. આત્માનો નાશ કર્યો છે એમ કહે છે. અને આત્માને જીવાડ્યો હોય તો આ રીતે જીવાડ્યો હોય છે. આહાહા..!

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ભગવાન આત્મા પોતાના જ્ઞાન, દર્શન, આનંદના પ્રાણરૂપે સ્વભાવ છે. એની સન્મુખ જોઈને, એની સન્મુખ થઈને એટલે એનો સ્વીકાર, સ્વભાવનો સત્કાર કરીને એટલે એમાં ઘૂસીને જે પર્યાય નિર્મળ પ્રગટ થઈ તે એનું જીવન છે. જીવનું જીવન અને આત્માનું જીવન એ જીવન છે. એ આત્માને એણે જીવાડ્યો. બાકી રાગ મારો ને પુણ્ય મારું ને બંધ મારો એણે આત્માને મારી નાખ્યો. એવી શક્તિઓના સચેતપણાના જાગૃત ભાવને નકાર કર્યો એણે. સમજાણું કાંઈ? છગનભાઈ! લ્યો, એ અમૂર્તશક્તિ થઈ ૨૦મી.

હવે ૨૧મી. આત્મામાં છે તો આ બધી શક્તિઓ એકસાથે. વર્ણન કરવું, ભાષા દ્વારા કરવું અને એમાં તો વર્ણન ક્રમે જ આવે. ત્યાં વસ્તુમાં ક્રમ નથી. ત્યાં તો એકસાથે અનંતી શક્તિઓ એટલે ગુણો આત્મામાં ભગવાને જોયા એવા જ્ઞાનીએ જોયા અને માન્યા છે. સમજાણું કાંઈ? ૨૧મી શક્તિ.

'**સમસ્ત, કર્મથી કરવામાં આવતા,...**' એ આવેલાનો અર્થ ત્યાં આવતાં એમ લેવું. '**સમસ્ત, કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા જે પરિણામો...**' જુઓ! ઓહોહો..! '**તે પરિણામોના કરણના ઉપરમસ્વરૂપ અકર્તૃત્વશક્તિ.**' શું કહે છે? ભગવાન આત્મામાં એવો એક ગુણ છે અકર્તૃત્વ કે જે કર્મના નિમિત્તથી થતાં પુણ્ય-પાપના ભાવ, કર્મ બંધાય એવા ભાવ, એ ભાવના અકરવારૂપ આત્માનો સ્વભાવ છે. એ ભાવનું કરવું અને એ રૂપે પરિણમવું એ એનો ગુણ નથી. એ પણે ન થવું એવો એનો ગુણ છે. આહાહા..! ભારે વાત ભાઈ! જુઓ! ૪૭ શક્તિમાં તો આખું જૈનશાસન ભરી દીધું. ઓહોહો..!

'**સમસ્ત, કર્મથી કરવામાં આવતા,...**' એટલે કે કંઈ પણ અંદર જ્ઞાનની અશાતનાના ભાવ, રાગના ભાવ, દયાના ભાવ, દાનના ભાવ, અરે..! વ્રતના ભાવ (થાય). વ્રતનો વિકલ્પ ઉઠે કે આ પાળું, એ વ્રતનો ભાવ એ કર્મથી કરવામાં આવેલો છે. આત્માનો સ્વભાવ નથી. ત્યાં આવ્યું કે નહિ? '**કર્મથી કરવામાં આવતા,...**' એય..! એ તો એમ છે, ભગવાન આત્મા પર્યાયદૃષ્ટિવાળો અજ્ઞાની વસ્તુના સ્વભાવના અભાનમાં કર્તા ઈ છે. પણ જ્યાં સ્વભાવનું ભાન થયું, આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, શુદ્ધ પવિત્ર સ્વરૂપ (છે) એવું આત્માનું ભાન થયું, ધર્મ થયો ત્યારે હવે એના જે પરિણામ છે કર્મના નિમિત્તથી થયેલા એના અભાવસ્વરૂપ અકર્તૃત્વશક્તિ આત્મામાં છે. એને કરવું એવો ગુણ આત્મામાં નથી. સમજાણું કાંઈ? આહાહા..! સમસ્ત હોં આઠે કર્મ. જુઓ! છે ને?

'**સમસ્ત, કર્મથી કરવામાં આવતા,...**' નિમિત્તને આધીન થઈને થયેલાં. એમ. એ થતાં આવતા '**જ્ઞાતૃત્વમાત્રથી જુદા...**' આત્મા તો જાણપણાના જ્ઞાનમાત્રના પરિણામ છે એના. જાણવું-દેખવું એવા એના પરિણામ છે. એ પરિણામ એનું સ્વરૂપ છે. તો જ્ઞાતૃત્વમાત્રથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જુદા જાણપણાના જ્ઞાતા-દૃષ્ટાના ભાવની પર્યાયથી જુદાં જે કર્મના નિમિત્તથી થયેલા શુભ-અશુભભાવ, દયા-દાનનો ભાવ, વ્રતનો ભાવ એ પરિણામોને '**તે પરિણામોના કરણના ઉપરમસ્વરૂપ...**' છે જુઓ! '**તે પરિણામોના કરણના ઉપરમ...**' છે ને ઉપરમ. તે પરિણામથી અટકવું, એનાથી નિવૃત્તિ, એ પરિણામનનો અંત લાવવો, એનો અભાવ. એવો એનો અકર્તૃત્વ ધર્મ છે. ભારે! કહો, શાંતિભાઈ! આવું તો કોઈ દી કેટલાએ તો સાંભળ્યું પણ નહિ હોય કે આ શું કહેવાય છે. આ જૈનદર્શનનું વીતરાગનું સ્વરૂપ છે. પરમેશ્વરે આવું આત્માનું સ્વરૂપ કહ્યું છે અને એ જ વીતરાગ પર્યાય પ્રગટે એ વીતરાગી ધર્મ છે. પૂર્ણ પ્રગટે એ કેવળી છે. સમજાણું કાંઈ? કહો, ત્રિભુવનભાઈ! ભારે!

'**સમસ્ત, કર્મથી કરવામાં આવતા,...**' એટલે કે આત્મા છે એ શુદ્ધ આનંદ અને જ્ઞાનમૂર્તિ છે. એનાથી થવામાં આવતા એ વિકારી પરિણામ ન હોય. સમજાય છે કાંઈ? જેટલા દયા, દાન, વ્રત, ભક્તિ, પુણ્ય-પાપના ભાવ એ કાંઈ આત્માથી કરાયેલા, આત્માના દ્રવ્યથી કરાયેલા, ગુણથી કરાયેલા એ નથી. એ તો અદ્ધરથી કર્મના સંગે ઉત્પન્ન થયેલાં (છે). માટે કર્મથી કરાયેલા વિકારી પરિણામ એનાથી નિવૃત્તસ્વરૂપ, એનાથી અભાવસ્વરૂપ, એનો અંત લાવવા સ્વરૂપ આત્માનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

'**સમસ્ત, કર્મથી કરવામાં આવતા,...**' એનો અર્થ એ કે આત્માથી કરવામાં નહિ આવતા. આત્મા તો જ્ઞાન ને આનંદસ્વરૂપ છે. એણે આત્માના સ્વરૂપને જાણનાર એ જ્ઞાતૃપરિણામ આત્માના છે. જાણવું-દેખવું... જાણવું-દેખવું... જાણવું-દેખવું એ આત્માના ભાવ છે અને એ આત્માના પરિણામ છે અને એ આત્માની વીતરાગી પર્યાય જૈનશાસન છે. સમજાણું કાંઈ? '**સમસ્ત, કર્મથી કરવામાં આવતા,...**' એટલે ભગવાન આત્માના ચૈતન્ય વસ્તુ આનંદ અને જ્ઞાનમૂર્તિ, એને આત્મા કહીએ, એ આત્માથી કરવામાં આવતા તો જ્ઞાતૃપરિણામ જાણવા દેખવાના છે. એ અપેક્ષાએ કર્મના સંગે ઉત્પન્ન થયા માટે એની પર્યાયબુદ્ધિથી થયા અને પરને લક્ષે થયા અને એના કરાયેલા વિકારી શુભાશુભભાવ એના અભાવસ્વરૂપ આત્મામાં એ રાગનું ન કરવું એવો આત્મામાં ગુણ છે. રાગનું કરવું એવો આત્માનો ગુણ નથી. આહાહા..!

બીજી રીતે કહીએ તો વ્યવહાર જેટલો ભગવાને વ્યવહાર વર્ણવ્યો એ બધા વ્યવહારનું નહિ કરવું એવો આત્માનો ગુણ છે. વ્યવહારનું કરવું એ આત્માનો ગુણ છે નહિ. વજુભાઈ! ભારે ભાઈ! આહાહા..! આત્મા તે શું છે એની ખબર ન મળે. શ્રદ્ધા ન મળે, ઓળખાણ ન મળે, કાંઈ ન મળે અને ધર્મ થઈ જાય. કહે છે, એ વિકારી જેટલા દયાના, દાનના, પુણ્યના, શુભભાવના અહિંસા, સત્ય, દત્ત, મહાવ્રતાદિના વિકલ્પ શુભભાવ... સમજાય છે? અને અવ્રતાદિના અશુભભાવ, એ બધા વિકારી પરિણામ છે. એને કરવાના... ઓહોહો..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જે શુભભાવ તીર્થંકરગોત્ર બાંધે એના કરવાનો સ્વભાવ જીવમાં નથી એમ કહે છે. આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવના અકરવાનો સ્વભાવ જીવમાં છે. અકર્તૃત્વગુણ છે. કરવું એ આત્માનો ગુણ નથી કોઈ. રાગને કરવું ઈ. સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઝીણું તો (છે). હવે તો ભાઈ સાંભળતા આ તો બધી શક્તિનું વર્ણન છે. પરમાત્માની સાહ્યબી વર્ણવાય છે આ તો. વૈભવ કેટલો આત્મામાં? હરિભાઈએ વૈભવ નામ આપ્યું છે ને ઓલાનું? હમણા ચોપડી છાપી એનું. આત્મવૈભવનો વિસ્તાર છે આ. મોટાના ઘર હોય તો નથી કહેતા? કે આટલા પાંચ લાખના તો દાગીના-ઘરેણા છે, પચ્ચીસ લાખના મકાન છે. લ્યો! હમણાં નહોતું કીધું ઝવેરચંદભાઈએ કો'કનું? કાંઈક ખૂટ્યું તો બાઈએ કીધું આ શું કહેવાય? કાનબુટ્ટી ચૌદ લાખની. ઝવેરચંદભાઈ! કો'કનું હતું કીધું ને. પણ હોય ને? મોટાના ઘરે છે. એમાં શું છે? બાઈ પાસે ચૌદ લાખની ઓલી હતી. પૈસા ખૂટ્યા હશે તો કાંઈક (વેચવું) હશે તો કહે શું લાવવું? આ વેચો કહે. એના ચૌદ લાખ આવ્યા. મોટા ગૃહસ્થ રાજા જેવા હોય. એને લાખો સાધારણ ૨૫-૨૫, ૫૦ લાખના દાગીના અમથા કાનમાં પડ્યા હોય, અહીં પડ્યા હોય. હા.. હા. એમાં કાંઈ વિશેષતા નથી. કરોડો સાધારણ પડ્યા હોય. અહીં બે-ચાર બટન પડ્યા હોય ઊંચા. કે અહીં નાખેલું પડ્યું હોય કરોડો રૂપિયાનું હોય. મોટો ગૃહસ્થ હોય ત્યાં શું છે? ચક્રવર્તીની રાણીઓ જુઓ અને ચક્રવર્તીનો હાર જુઓ તો અબજોની કિંમતનો પાર ન મળે. અબજો (દેતા) મળે નહિ. એવો હાર હોય ચક્રવર્તીને લ્યો! અને એની ઋદ્ધિ જ એવી પ્રગટે છે. પુણ્ય એવા છે ને એને. એની સાહ્યબી ચક્રવર્તીની સાહ્યબી શું? એ તો કહે છે બધી ધૂળની સાહ્યબી છે. વિષ્ટામાં લેપાઈ ગયો હેરાન થઈને. આ તો અમૃતનો સરોવર ભગવાન અમૃતનો દરિયો છે.

કહે છે, એવો ભગવાન આત્મા અમૃતનો સાગર છે. એ પરના વિકારી પરિણામનો કર્તા નથી. એવો એનામાં ગુણ નથી કોઈ દી ત્રણ કાળમાં. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! પણ વિકાર કરવાનો ગુણ હોય તો વિકારપમય થઈ જાય એટલે કોઈ દી નિર્વિકારી ધર્મ થાય નહિ. આહાહા..! વિકારીપણે પરિણમવું જ પડે એને. વિકારીગુણ હોય તો વિકારીપણે થવું જ પડે એટલે વિકારપણે થાય, મિથ્યાત્વપણે થાય એટલે કોઈ દી સમ્યગ્દર્શન થાય નહિ અને ધર્મ કોઈ દી થાય નહિ. સમજાણું કાંઈ?

**'સમસ્ત, કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી...'** જ્ઞાતૃત્વ એટલે જાણવા-જાણવાના પરિણામ. એ બધા શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ બધા જાણવાના પરિણામ સાથે અવિનાભાવ (છે). એવા જાણવા-દેખવાના વીતરાગભાવથી **'જુદા જે પરિણામો...'** એનાથી જુદા

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પરિણામ. રાગ, દ્વેષ, દયા, દાન, વ્રત, ભક્તિ પરિણામ એવા '**પરિણામોના કરણના...**' એટલે કરવું એનાથી '**ઉપરમસ્વરૂપ...**' છે જીવનું. એનાથી અટકવું અને એનો અભાવસ્વરૂપ જીવમાં છે. સમજાણું કાંઈ? ભાઈ! મગજને-જ્ઞાનને કેળવવું પડે એણે. સમજાણું? જ્ઞાનમાં આ વાતને એને પહેલી ગ્રહણ-ગ્રાહ્ય થવી જોઈએ. આ વસ્તુ આ છે અને આવું સ્વરૂપ છે અને ભગવાન એવું વર્ણવે છે. એવું ગ્રાહ્ય ન થાય તો ટકી શકે નહિ એની જ્ઞાનની પર્યાયમાં, ટકે નહિ. ટકે નહિ તો પછી સ્વરૂપ સન્મુખ થવું એવું જે જોર ક્યાંથી આવે એને? સમજાણું કાંઈ? આવું જ સ્વરૂપ છે. એ રાગનું કરવું એના સ્વરૂપમાં નથી. વિકલ્પનું કરવું એના સ્વરૂપમાં નથી. આહાહા..!

ભગવાને વ્યવહારનો નિષેધ કેમ કર્યો નિશ્ચયનયથી? કે વ્યવહાર જેટલા પંચ મહાવ્રતના પરિણામ તપાદિના ભાવ (છે) એ બધા બંધના કારણ ભાવ, તેના સ્વભાવની દૃષ્ટિ અને પર્યાયમાં તેનો અભાવ છે. માટે નિશ્ચયનું પરિણમન થતાં વ્યવહારનું પરિણમન ત્યાં રહેતું નથી. માટે તેનો નિષેધ અને તેનો નકાર કરવામાં આવ્યો છે. આહાહા..! ભારે વાત ભાઈ! કહો, બાર પ્રકારના તપ, શીલ, કષાય મંદ ને વ્રત ને વિનય ને ભક્તિ ને પૂજા એ બધા ભાવો છે એ ભાવો વ્યવહાર છે. આત્માના સ્વભાવની દૃષ્ટિથી તેનો નિષેધ છે. કેમ કે તેનું કરવું એના ગુણમાં નથી. આહાહા..! લોકોને બિચારાને સાંભળ્યું નથી એટલે એમ થઈ જાય કે આ સોનગઢની વાત ભારે અમને એકાંત લાગે છે. ઓલું તો સમજાય બહારમાં તો. એમ ત્યાં પડિક્કમણા કરવા બેઠા હોય તો આ શેઠિયા બેઠા હોય ઝવેરચંદભાઈ જેવા પછી બેસે. કાકા લાવો મુહપતિ. લાવી દઈએ. એમાં સમજાય કે કાંઈક કરીએ છીએ, કાંઈક કરાવીએ છીએ એમ સમજાય, લ્યો. એય..! ત્રિભુવનભાઈ! ક્યાં ગયા? ભાઈ ગયા? ગયા. સમજાણું કાંઈ? એ પકડે છે બહુ. મગજ બહુ છે એનું, સારું છે. અને એને પરિચય છે ને. તાકડે બરાબર આમાં રહી ગયો છે શક્તિના વર્ણનમાં. આ તો ભાઈ કેળવવું પડે. લોટ હોય છે એને કેળવે છે કે નહિ? કૂણો કરવા. એમ ને એમ પાણી નાખીને લોટ કરીને રોટલી કરવા મંડતા હશે? પાણી નાખીને લોટ બાંધીને રોટલી કરતા હશે? ખૂબ મસળે, થોડું તેલ નાખીને મસળે. આ કરે ને તે કરે. ત્યારે થાય રોટલી સરખી. નહિતર તો થાય નહિ. .. થાય.

એમ જ્ઞાનમાં આ શું કહે છે અને આ શું છે આ? એને અંદર જ્ઞાનમાં બેસાડવું જોઈએ, એણે કેળવવું જોઈએ. ભાવનું ભાસન થવું જોઈએ. એ ભાવ શું કહે છે આ? આ રાગ કર્મના કરેલા વિકારો. ત્યારે કોઈ કહે કે સવારમાં તો એમ આવે છે કે પરદ્રવ્યથી વિકાર થાય નહિ. એમ સવારમાં આવ્યું હતું. કર્મની પર્યાયને જીવ ન કરે અને જીવના રાગ-દ્વેષને કર્મ ન કરે, પુદ્ગલ ન કરે. એ તો આવ્યું હતું સવારમાં. તો વળી અત્યારે પાછું આ ક્યાંથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આવ્યું? એ બીજી રીતે છે. એ વાત સાચી છે કે જ્યાં સુધી એને આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એવું ભાન નથી ત્યાં સુધી એને પરલક્ષમાં પર્યાયબુદ્ધિવાળો અજ્ઞાની રાગ-દ્વેષને પોતે કરે છે, કાંઈ કર્મથી થતાં નથી. એમ જ છે અહીં પણ. પણ અહીંયાં સ્વભાવદષ્ટિ થઈ છે, ત્યારે તેમ છે એની વાત ચાલે છે. મોર ડગલે ગયો આ. મોર ડગલે ગયો અંદર. ઓલો બહારમાં હતો અજ્ઞાનભાવમાં ત્યાં સુધી રાગ-દ્વેષને કરતો. કર્મ કરતું નહિ. આ અંદરમાં ગયો હવે આ તો નિજ ઘરમાં.

આત્મા એનામાં એવો એક ગુણ છે અનાદિઅનંત, જ્યારે ભાન આવ્યું ત્યારે આવો ગુણ છે એમ થયું. નહિતર તો અનાદિઅનંત હતો. પણ જ્યારે ભાન થયું કે આ આત્મા તો આનંદ અને શુદ્ધ ચૈતન્ય છે. રાગ ને પુણ્ય ને વ્યવહારને કરવું એવો એનામાં ગુણ નથી. ગુણ નથી તો એની પર્યાયમાં પણ વ્યવહારનું કરવું એની પર્યાયમાં પણ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! હવે આ સમજ્યા વિના સાધુ થઈ જાવ ઝટ.

હમણાં એક સાધુ આવ્યો હતો લ્યો. મોટી ધામધૂમથી કરે છે. નગ્ન થાવું એટલે જાણે કે ઓહોહો..! અરે.. ભગવાન! હજી તો વિકલ્પ રહિત ચૈતન્ય કોણ છે એનો અનુભવ કર્યા વિના તું લુખ્ખો થાઈશ ક્યાંથી? આહાહા..! જ્યાં ત્યાં કર્તાબુદ્ધિ ઊભી રહેશે. આ મેં છોડ્યું, આ મેં મૂક્યું, આ મેં દયા પાળી, મેં આ વ્રત પાળ્યા, મેં આ અભિગ્રહ લીધો એવા વિકલ્પ જે રાગ, એનું કરવાપણું છે એ તો મિથ્યાત્વ છે. આત્મામાં એ કરવાપણાનો ગુણ નથી છતાં તું માને છે કે આત્મા આનો કર્તા છે, તેં કાંઈ આત્માને માન્યો નથી. જાણ્યો નથી આત્માને આત્મા શું છે. તારા આત્માને તેજ અને શક્તિઓમાં શું છે એને તેં જાણ્યું નથી. સમજાય છે કાંઈ?

લક્ષ્મીના તેજ નથી કહેતા? લોટ માગવા આવે ત્યારે. વાણિયાના ઘરે આવે. બીજે ઘરે બીજું કહે. તીથી ને વાર કહે બીજ ને ગુરુવાર. એમ. ત્રીજને શુક્રવાર. લોટ માગે અને તિથિ કહે છે. જૈન સંપ્રદાય એમ બોલે. અહીં લક્ષ્મીના તેજ, અહીં કહે આત્માના તેજ. આહાહા..! ભગવાન આત્માની લક્ષ્મી એવી છે કે પુણ્ય-પાપના પરિણામને કરવું એવી એની લક્ષ્મી નથી. એને ન કરવું અને એનું જ્ઞાતાપણું-દૃષ્ટાપણું રહેવું એવી એની લક્ષ્મી અકર્તૃત્વગુણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**સમસ્ત,...**' કરવામાં તો બધું આવ્યું. આમાં નાખે ઓલા. જુઓ! આમાં આવ્યું. તમે કહો કે કર્તા નથી. ભાઈ! તું આમેય નથી, સાંભળ તો ખરો. પુણ્ય-પાપના વિકલ્પો, દયા, દાનના-વ્રત ભાવો એનું કરવું એવો ગુણ જીવનો હોય? એવો જો ગુણ હોય તો કોઈ દી સમ્યગ્દર્શન પામે જ નહિ. તો કર્તાબુદ્ધિ સાથે એમ રહે. સમજાય છે કાંઈ? તો ધર્મ પામે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નહિ. ધર્મ તો રાગ રહિતનો ધર્મ છે. રાગનું ન કરવું અને જ્ઞાતા-દ્રષ્ટાનું પરિણમવું એનું નામ ધર્મ છે. રાગનું, પુણ્યનું કરવાનો ધર્મ હોય તો પુણ્ય કર્તૃત્વ કાયમ રહ્યા જ કરે, એટલે અધર્મ રહ્યા જ કરે. ધર્મ તો થાય નહિ કોઈ દી. સમજાણું કાંઈ? ભારે! તમારામાં લખેલું છે, એમ કહે પાછા હોં! આ તમે કર્યું. તમારા હિંમતભાઈ પંડિતે આવા અર્થ કર્યા છે. એમાં લખેલા છે ઈ. પણ એ તો અંદર પડ્યું છે એ લખ્યું છે ને.

'**सकलकर्मकृतज्ञातृत्वमात्रातिरिक्तपरिणामकरणोपरमात्मिका अकर्तृत्वशक्तिः**' સંસ્કૃતમાં છે એવું. એક જણો તો એમ કહે કે અનુવાદ એવો કર્યો કે અમને કાંઈ સમજાય જ નહિ. .. હોય ને. ઓલા પુસ્તક તો મંગાવ્યા. આત્મધર્મ વાંચ્યું. અમને બહુ પ્રભાવ પડ્યો. પણ પુસ્તક જ્યાં મગાવ્યા નિયમસાર, સમયસાર અને પ્રવચનસાર. મારી ઓલી થઈ ગઈ. પ્રભાવ તૂટી ગયો. પંડિતો પંડિતો પોતાની પંડિતાઈથી વાત કરે. એવો એક કાગળ આવ્યો. એય..! એમ કે અનુવાદ કરનારા પંડિતોએ પંડિતાઈ વાપરી છે. એય..! એવા પણ જીવ છે જગતમાં. એમાં અપૂર્વ અવસર એ પણ પસંદ કર્યું. એ તો ઓલા અર્થ હોય ને અર્થવાળું. પ્રવચનોના અર્થવાળું હોય તો લોકોને-સાધારણ જનતાને ઠીક પડે. એમ બિચારો એ તો પોતે સાધારણ માણસ ને. પ્રવચનનો સીધો અર્થ હોય તો એને ઠીક પડે. આ તો આ લ્યો '**वंदित्तु सव्वसिद्धे**' સિદ્ધને અંદરમાં આખો સ્વપરમાં સ્થાપવો. હવે એમાં શું અમારે (સમજવું)? અનુવાદકારે આવા અર્થ કર્યા. એ.. વજુભાઈ! કાગળ આવ્યો હતો હોં. તે દી નહિ? પરમ દી વાંચ્યો ને? બે દી પહેલાં વાંચ્યો હતો. કાગળ આવ્યો હતો. ઘણી જાતના હોય એવા. કહો, રામજીભાઈ ઉપર કાગળ આવ્યો હતો. નહિ? ઓલો દિલ્હીવાળાનો. એનું હવે શું છે કાંઈક નહિ? તમે બધા ટ્રસ્ટ છો માટે એના જવાબદાર છે. ૯૩મી ગાથા. એ કહ્યું હતું ૯૩મી ગાથા. વિકારનો કર્તા નથી, વિકાર આત્મા કરતો નથી. એનું એ છે એમાં આવ્યું. અરે..! ભાઈ! તને ખબર નથી બાપુ! વિકાર તો જીવ જ કરે છે. પણ ક્યો જીવ? પોતાના સ્વભાવનો અજાણ જીવ. અને સ્વભાવના ભાનવાળો પોતાના જ્ઞાતા-દ્રષ્ટાના પરિણામમાં કરે છે, એને રાગના પરિણામનું કર્તૃત્વ એનામાં છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૪, શનિવાર તા. ૨૯-૬-૧૯૬૮**
**શક્તિ-૨૧-૨૨, પ્રવચન-૫૫૨**

આ સમયસાર. પરિશિષ્ટ અધિકાર. શક્તિઓનું વર્ણન. ૨૦ શક્તિ ચાલી. શેઠિયા તો નથી આવ્યા આજે. નહિ આવે, ઠીક નથી. જુઓ ૨૧મી. શું અધિકાર છે? ... રહેવું છે એને શું કરવું એની આ વ્યાખ્યા છે. સમજાણું? જેવું સ્વરૂપ આત્માનું છે એવું થઈને રહે એનું નામ ધર્મ. આ વ્યવહાર આવ્યો ને. વ્યવહાર એમાં નથી. બહુ લખ્યું છે. આવ્યું છે ઘણા દી પહેલાં પણ આપણે વાંચ્યું નહોતું. આજે વાંચ્યું થોડું. અરે..! શું કરે છે?

આત્મામાં તો જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત શુદ્ધ શક્તિઓ પડી છે. એ શક્તિઓનું તત્ત્વ, સત્ત્વ આખું તે આત્મા છે અને એનો આશ્રય કરવાથી, અંતર સ્વરૂપના સાવધાનથી એ શક્તિઓનું જે નિર્મળ પરિણમન શુદ્ધતા થાય એનું નામ સ્વરૂપ છે તેવું રહેવું અને એનું નામ ધર્મ કહેવાય છે. સમજાણું કાંઈ? એમાં જે પુણ્ય-પાપના ભાવ થાય એ કાંઈ એનું સ્વરૂપ નથી એટલે એ થઈને રહે તો એને કલ્યાણ થાય અને આત્મા થાય (એમ નથી). સમજાણું કાંઈ? શરીર થઈને તો રહ્યો નથી આત્મા, કર્મ થઈને રહ્યો નથી. પણ એ પુણ્ય-પાપના વિકલ્પ જે રાગ થાય છે એ થઈને આત્મા રહ્યો નથી. આહાહા..! આત્મા તો અનંત શક્તિના સ્વભાવથી પરિણમિત થાય એ રીતે રહેલો છે. સમજાય છે કાંઈ? મૂળ વસ્તુની ખબર ન મળે એટલે આ વ્યવહારના એવા ઝઘડા ઉઠ્યા.

અંદર જ્ઞાનાનંદ સ્વભાવ ચૈતન્ય પ્રભુ છે, એની અંદર અનંત અનંત સ્વભાવની શક્તિઓનો પિંડ એ આત્મા છે. એનો અનુભવ કરવો અને રાગ-દ્વેષ અને મિથ્યાભાવનો અનુભવ છે એ તો દુઃખ છે, સંસાર છે, નિગોદાદિના રસ્તામાં આવતા એ ભાવ છે બધા. જેણે આ ચોર્યાસીના અવતાર અને દુઃખરૂપ દશા જેને ટાળવી છે અને સુખી થવું હોય તો એણે તો એ આત્મામાં અનંત ગુણો છે તેનો આશ્રય લેવો અને એનાથી જે શુદ્ધ પરિણતિ પ્રગટ થાય એ એની સ્થિતિ એ આત્મા છે એમ કીધું અહીં. એ ક્રમે પ્રવર્તતી (પર્યાય) અને અક્રમે રહેતા (ગુણો) એને આત્મા કહેવામાં આવ્યો છે. વ્યવહાર જે ઉઠે છે રાગાદિ એ કાંઈ આત્મા નથી અને એ રીતે થઈને રહે તો એ આત્મા નથી. ધરમચંદજી! શું થાય? અરે..! ભગવાન આખો પડ્યો છે ને. એને સુખી તો થાવું છે પણ એની ખબર ન મળે. એને કાંઈ દુઃખી તો થવાનો ભાવ ન હોય બિચારાને. શું કરે? સમજાણું? હાથ માર્ગની રીત ન આવડે એટલે પછી ગોટા પછી વાળે. અનાદિથી કર્યું છે ને. વાસ્તવિક આત્મા તો અંતર જ્ઞાન, આનંદ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ને શાંતિ ને સ્વચ્છતા ને પ્રભુતા બેહદથી ભરેલું તત્ત્વ છે એનો આશ્રય કરવામાં શક્તિઓ કેવી છે એનું વર્ણન કરે છે. અને એનો આશ્રય કરવાથી શુદ્ધતા શ્રદ્ધાની, જ્ઞાનની, શાંતિની, આનંદની, સ્વચ્છતાની, પ્રભુતાની એ પર્યાયમાં ક્રમે ક્રમે પ્રવર્તે અને ગુણ અક્રમે (રહે) એ ક્રમ અને અક્રમનો સમુદાય તેને આત્મા કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો .. આપણે ચાલી છે થોડી અર્થ કૌંસમાં નથી એટલે ફરીને લઈએ છીએ. ૨૦મી. આત્મામાં એવો એક ગુણ છે કે કર્મબંધના અભાવ, કર્મબંધના '**સમસ્ત, કર્મથી કરવામાં આવતા,...**' ત્યાં 'આવેલા'ને ઠેકાણે 'આવતા' જોઈએ. ૨૦મી. '**સમસ્ત, કર્મથી કરવામાં આવતા,...**' એટલે શું? કે આત્મામાં જેટલા પુણ્ય અને પાપ, શુભ અને અશુભ રાગ વિકલ્પો થાય રાગ, એ બધા કર્મથી કરવામાં આવેલા એમ અહીં ગણવામાં આવે છે. કારણ કે આત્માની ખાણમાં નથી, સ્વભાવમાં નથી, શક્તિ નથી. સમજાણું કાંઈ? એ કર્મથી કરવામાં '**સમસ્ત, કર્મથી...**' એટલે અહીં આઠેય કર્મની વાત છે. એનાથી થયેલા એટલે કરવામાં આવતા અને '**જ્ઞાતૃત્વમાત્રથી જુદા...**' એક જાણવું-દેખવું, જાણવું-દેખવું, શ્રદ્ધા, શાંતિ એ આત્માના પરિણામ. એ આત્માના પરિણામ-એ પર્યાય. એનાથી જુદા એ પરિણામ છે. કહો, સમજાણું? આ વ્યવહાર જેને કહીએ એ પણ જ્ઞાતૃત્વ પરિણામથી જુદાં પરિણામ છે. આહાહા..! હવે એને (વ્યવહારને) મૂળ કહેવું છે, આદ્ય કહેવું છે એને. વ્યવહાર મોક્ષમાર્ગ આદ્ય છે અને એમાંથી પછી ઝાડ ફાટે અને એમાંથી ફળ આવે. નિશ્ચય એમાંથી થાય અને ફળ આવે કેવળજ્ઞાન. (આવા ગોટા વાળે) આહાહા..!

ભગવાન આત્મા અનંત અનંત શાંતિ ને આનંદનો પિંડ પ્રભુ છે પણ એની એને મહત્તા આવતી નથી. આમ રાંકો થઈને ફરે છે, બીડી વિના ચાલે નહિ, તમાકૂ વિના ચાલે નહિ, આબરુ વિના ચાલે નહિ. કો'ક અપમાન કરે તો હાય.. હાય.. એમ થઈ જાય. અને કોઈ ઠીક કહે ત્યાં આહા..! શેઠ સારો કહે તો હા.. સારા થવું નથી પણ સારો કહે તો (રાજી થાય). શું છે પણ આ? એને આ આત્મા સારો કેવડો છે એની ખબર નથી.

આત્મા દેહથી ભિન્ન ભગવાન છે, સચ્ચિદાનંદ પ્રભુ છે એ. અને સત્-ચિદ્ અને આનંદ. શાશ્વત રહેલું તત્ત્વ એમાં જ્ઞાન અને આનંદ પણ સાથે રહેલા, એની સાથે આવી અનંતી શક્તિઓ રહેલી છે. એમાં એક અકર્તૃત્વ નામનો ગુણ છે. એ આત્માનો એવો ગુણ છે કે વિકારના પરિણામથી નિવર્તવું અને એનું ન થવું એવો એનો ગુણ છે. વિકારના પરિણામને કરવું અને એના ફળને ભોગવવું એવો એનામાં ગુણ જ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? શરીરને અને જડને ભોગવવું અને કરવું એ તો પ્રશ્ન છે જ નહિ. આ આત્મા શરીરની કાંઈક ક્રિયા કરે, વાણી કરે, આ કરે, તે કરે, ચેષ્ટા કરે દેહની, વાણીની એ તો બધી પુદ્ગલની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ક્રિયા એટલે એમાં તો એનો ભાવ, કર્મથી કરાયેલો ભાવ આ છે એ તો અહીં લેવો જ નથી. સમજાણું કાંઈ?

આત્માની પર્યાયમાં કર્મના સંગથી ઉત્પન્ન થતાં દયા, દાન, વ્રત, ભક્તિ, પુણ્ય-પાપના ભાવ એને અહીંયાં કર્મથી કરવામાં આવતા એમ કહેવામાં આવ્યું છે. એટલે કે આત્મદ્રવ્યથી કરવામાં નહિ આવેલા માટે. સમજાણું કાંઈ? બહુ ઝીણું પડે. પણ આ નવાઓને એવું લાગે કે આ તો શું કહે છે કાંઈ સમજાતું નથી. બિચારા ઝવેરચંદભાઈ ચોખ્ખું કહેતા હતા કાલે હોં અહીં. એય..! વળી તમે બધા .. આ બધા છે. શું કહે છે સાંભળો. પણ આમાં કાંઈ મો-માથું હાથ ન આવે. કાંઈ એકેય અક્ષર સમજાતો નથી. બેય એવા. સવારે પણ એવું હતું. નહિતર સવારે તો ઠીક હતું. ચોપડી મૂકીને બેસી રહે આમ. પહેલેથી એમ કે આપણને આ સમજાય નહિ. અરે.. ભાઈ! કેવળજ્ઞાન લેવાની શક્તિ અને ન સમજાય એમ હોય? ભાઈ! શું કરે છે? આવો મનુષ્યદેહ માંડ થોડો નીકળવાનો, ભવમાંથી નીકળવાનો કાળ આ છે આહાહા..! પછી ક્યાંય નહિ આવે આરા હોં ભાઈ! એને સૂક્ષ્મ પડે તો કરે છૂટકો છે તારે. અને એ પોતાની ચીજ છે એમાં પોતાની ચીજ પ્રાપ્ત કરવી છે એમાં ક્યાં કો'કમાં નથી અને પ્રાપ્ત કરવી છે? સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે પુણ્ય અને પાપના પરિણામ તારી ચીજ નથી તો આ શરીર, બાયડી, છોકરા, કુટુંબ તો ક્યાંય રહ્યા. તારામાં હતા નહિ તે દી, તારા છે કે દી? આહાહા..! અહીં તો દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ થાય એ દ્રવ્યના કરેલા નથી, વસ્તુના કરેલા નથી, આત્મદ્રવ્યના કરેલા નથી. એમ સિદ્ધ કરવું છે ને? ભગવાન આત્મા એમાં ક્યાં એવો ગુણ હતો કે વિકારને કરે અને રચે. એનું વીર્ય તો સ્વરૂપને રચે એવું વીર્ય છે એનું તો. એનો ગુણ તો અકર્તૃત્વગુણ છે. સમજાય છે? એ અકર્તૃત્વગુણનો ગુણ પર્યાયમાં પરિણમે છે. દ્રવ્યમાં છે, ગુણમાં છે અને એ પર્યાયમાં પરિણમે છે. એટલે વિકારના પરિણામથી નિવૃત્તરૂપ થવું એવું એના અકર્તૃત્વગુણનું ફળ છે. સમજાણું કાંઈ?

'**સમસ્ત, કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા...**' જાણવા, દેખવા, શ્રદ્ધવા, આનંદ એવા પરિણામ. આત્માની આનંદ અવસ્થા, આનંદ અવસ્થા, જાણપણાની અવસ્થા, સમ્યક્ શ્રદ્ધાની અવસ્થા, એવા પરિણામ જે આત્માના છે એનાથી પુણ્ય-પાપ, વ્યવહારરત્નત્રય વિકલ્પ આદિ છે એ ભિન્ન છે. એથી તેના નિવર્તવારૂપ આત્માનો અકર્તૃત્વસ્વભાવ છે. એનું કરવું એવો એનો ગુણ નથી. પર્યાયમાં પણ રાગ વ્યવહારને કરવો એવો પર્યાયનો ધર્મ નથી. આહાહા..! જાધવજીભાઈ! આ સમજે છૂટકો છે હોં! માણસ ભલે અત્યારે ના પાડે કે આ ઝીણું પડે. પણ બીજો કોઈ ઉપાય નથી. વસ્તુ આ છે. આહાહા..! ભગવાનનો ભેટો કર્યા

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


વિના ભવભ્રમણ મટે એવું નથી. સમજાણું કાંઈ? બાકી બધી વાતું છે. એ ભગવાન પોતે છે.

કહે છે કે એ કરવામાં આવેલા જે જ્ઞાતૃત્વમાત્ર. જ્ઞાતૃત્વ છે ને શબ્દ? જાણપણાના ભાવમાત્ર. જાણપણું, શ્રદ્ધા, શાંતિ, આનંદ આદિ પરિણામ એના કહેવાય છે. એ જ્ઞાતૃત્વ સાથે અવિનાભાવી છે. જાણવાના પરિણામ, દેખવાના પરિણામ, શાંતિના પરિણામ, આનંદના પરિણામ, શાંતિ એટલે સ્થિરતા, સ્વચ્છતાના, વિભુતાના અને પ્રભુતાના એવા જે પરિણામ જે પોતાની પર્યાય દ્રવ્યરૂપે પરિણમે છે દ્રવ્ય પોતે, એવા પરિણામ એટલે પર્યાયથી વિકાર જે વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિનો રાગ એ પોતે એનાથી નિવર્તવારૂપ આત્માનો સ્વભાવ છે. એને કરવું એવો સ્વભાવ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

આમ પર્યાયમાં.. પ્રવચનસાર આવે તો એમ કહેવાય કે રાગનું પરિણમન એ કર્તૃત્વનયથી જાણે છે, પરિણમે છે એટલું. પણ એ તો અવસ્થાનું પરિણમન બતાવે છે એટલું અધૂરું. પણ આ કરવા જેવું છે એવી દૃષ્ટિ નથી. કારણ કે કરવા જેવું એનો ગુણ નથી. સમજાણું કાંઈ? '**તે પરિણામોના કરણના...**' કરણના એટલે કરવાની '**ઉપરમસ્વરૂપ...**' એટલે નિવૃત્તિસ્વરૂપ '**અકર્તૃત્વશક્તિ.**' છે. કહો, સમજાણું કાંઈ? કહો, આ મંદિર કરવાની શક્તિ આત્મામાં છે કે નહિ? એની ચિઠ્ઠી આવી ગઈ છે. સાંભળ્યું ને? ત્રીજ ને પાંચમ. મલૂકચંદભાઈએ પાંચમમાંથી .. રાખી. કહો, સમજાણું આમાં? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ એ જ કહે છે કે થઈ શકે એવું પરનું નથી એમ કહે છે. આહાહા..!

અરે..! ભગવાન! પરના અભાવસ્વરૂપ છે, પરના અભાવસ્વરૂપ છે. અરે..! વિકારના પરિણામના અભાવસ્વરૂપ છે. અહીં તો એ લેવું છે. આહાહા..! એ પુણ્ય ને પાપ જે શુભાશુભભાવ એ પર છે, પરભાવ છે. એ આત્માની ચીજ નથી, અંતરની ચીજ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવા પરભાવ જે વિકાર દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રતાદિના વિકલ્પ છે, કહે છે કે એ તો કર્મથી કરાયેલા છા. વસ્તુ પરમાત્મદ્રવ્ય પોતે એનાથી થયેલા, કરાયેલા નથી. સમજાણું કાંઈ? એથી એનાથી નિવર્તનસ્વરૂપ એવા કરવાની નિવૃત્તિસ્વરૂપ. થવાની નિવૃત્તિસ્વરૂપ. એ થાય તેના નિવૃત્તિસ્વરૂપ છે. થવું એ સ્વરૂપ નથી એમ કહે છે. આહાહા..!

ભગવાન આત્મા એનામાં એવો ગુણ છે કે વિકારપણાના પરિણામથી નિવૃત્તસ્વરૂપ એનો સ્વભાવ છે. પ્રવર્તસ્વરૂપ એ એનો સ્વભાવ નથી. આહાહા..! કૌંસમાં. ત્યારે માણસને એમ થાય કે આ તો પણ એકાંત થઈ જાય છે. ભગવાન! એકાંત એ સમ્યક્ એકાંત જ આવો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એનો સ્વભાવ છે. ઓલો વ્યવહારે પણ કરે અને નિશ્ચયથી કરે ને બે કરે તો અનેકાંત થાય એમ નથી. વ્યવહારના કર્તૃત્વથી નિવૃત્તસ્વરૂપ અને સ્વભાવની પરિણતિનું પ્રવૃત્તસ્વરૂપ એનું નામ અનેકાંત છે. આહાહા..! શું થાય? જીવને ટાણા આવે ત્યારે પણ અવળે રસ્તે જાય છે ને. એની પોતાને એને ખબર નથી. હું શું કરું છું? ક્યાં કરું છું? કેમ કરું છું? અને શેનું હું આ જોર દઉં છું? સમજાણું કાંઈ? ભાઈ! તું તો આત્મા છો ને. અને આત્મામાં તો કાંઈ વિકાર ભર્યા નથી અને વિકારનું કરવું એવી કોઈ શક્તિ-ગુણ નથી, તો એનો પર્યાય પણ એવો નથી કે વિકારને કરે એવો એનો પર્યાયધર્મ નથી. કેમકે અકર્તૃત્વગુણ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપે છે. આમ દૃષ્ટિ કરતાં એ અકર્તૃત્ત્વ ત્રણેમાં વ્યાપે છે. એટલે પર્યાયમાં પણ પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી નિવર્તવું એવો અકર્તૃત્વધર્મ છે, પ્રવર્તવું એવો પર્યાયમાં ધર્મ છે નહિ. આહાહા..! શાંતિભાઈ! આહાહા..! શું થાય? એને પોતાની બાદશાહીની ખબર નથી ને. પોતાના સ્વભાવના સામર્થ્યની ખબર નથી. એટલે જે સામે કહેનારા મળે એમાં બિચારો ઝુકી જાય અને આપણે કાંઈક ધર્મ કરીએ છીએ. એમ જીવન વયા જાય છે, ભાઈ! આવા આયુષ્યના સમય.. આહાહા..! અનંતા કરોડ રૂપિયા આપે તો કાંઈ મનુષ્યનું એક સમયનું આયુષ્ય મળે એવું છે? એની અંદર કરવાનું તો આ છે.

પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથના જ્ઞાનમાં, એની વાણીમાં ફરમાન આ આવ્યું છે. ભાઈ! તું આત્મા છો ને. તારામાં ગુણ છે. એવો ગુણ છે કે એ વિકાર પરિણામથી નિવર્તવું, અભાવરૂપ થવું એવો તારો ગુણ છે. તારો ગુણ એ દયા, દાન, વ્રતના પરિણામમાં પ્રવર્તવું, કરવું એવો ગુણ આત્મામાં નથી. અને નથી એવો માન્યો તો તેં આત્માને માન્યો નથી. સમજાણું કાંઈ? આહાહા..! કેવડો આત્મા કેવો છે એને આમ માને ત્યારે આત્મા માન્યો કહેવાય. એને પુણ્ય-પાપના પરિણામનો કર્તા માને તો એણે આત્મા માન્યો નથી. કેમકે આત્મામાં એ ગુણ નથી, આત્મામાં તો એનાથી નિવર્તવું એવો ગુણ છે. હવે એવા ગુણવાળો આત્મા ક્યારે માન્યો કહેવાય? કે વિકારના પરિણામથી હટીને સ્વભાવ સન્મુખમાં જાય છે ત્યારે એનું નહિ કરવું એવા પરિણામની દશા ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ?

કૌંસમાં છે. એ અકર્તૃત્વશક્તિમાં પછી ષટ્કારકો હોય છે. એ અકર્તૃત્વશક્તિ આત્મામાં છે એ દ્રવ્યમાં વ્યાપી છે, ગુણમાં વ્યાપી છે અને પર્યાયમાં છે. અને એના અસંખ્ય પ્રદેશના ક્ષેત્રમાં વ્યાપી છે. ગુણ એને કહીએ કે દ્રવ્યના સર્વ ભાગમાં... એની વ્યાખ્યા છે કે નહિ? ગુણ કોને કહીએ? એઈ.. જીતુ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પૂરો ભાગ એટલે શું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- ક્ષેત્ર.

ઉત્તર :- ક્ષેત્ર. હા, એમ. હવે અહીં તો બધું ઘણું થઈ ગયું છે. છોકરાઓને શીખવ્યું નથી?

આત્મામાં અકર્તૃત્વ નામનો ગુણ છે. અંદર શક્તિ છે એ આત્માના અસંખ્ય પ્રદેશમાં વ્યાપી છે. સર્વ ક્ષેત્રમાં છે અને એની સર્વ હાલતમાં એટલે એની પર્યાયમાં (છે). એની પર્યાયમાં રાગથી પુણ્ય-પાપથી નિવર્તવું એવી શક્તિનું પરિણમન એની પર્યાયમાં વ્યાપ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? એ અકર્તૃત્વશક્તિમાં છએ કારકો આવી જાય છે. અને કૌંસમાં લખ્યું છે હવે જુઓ! '**જે શક્તિથી આત્મા જ્ઞાતાપણા સિવાયના,...**' જે શક્તિ નામ ગુણના સામર્થ્યથી જ્ઞાતાપણા સિવાય. જાણવા-દેખવાના પરિણામ સિવાય. આમ તો જ્ઞાતા-જ્ઞાતા તો ઘણા કહે છે, ભાઈ! આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે... આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે. પાછા કહે રાગ કર્મથી થાય અને રાગ પોતે કરે. બે વાતું ઉઠાવે છે. સમજાણું? રાગ કરે, વ્યવહાર કરે અને વળી તમે કહો કે જ્ઞાતા-દૃષ્ટા રહેવું, આ બે ક્યાંથી આવ્યું? કહો. એક તો પુણ્ય-પાપના ભાવ કરે અને વળી કહેવું કે આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે. બેના મેળ ક્યાં ખાધા એમાં? સમજાણું કાંઈ? મોટા મોટા પંડિતો એમ વાતું તો કરે. અંદર લખ્યું છે શાસ્ત્રમાં. શું કરે? આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે, જાણનાર-દેખનાર છે. વળી પાછું જ્યારે રાગના પરિણામ એ કરે તો થાય છે, એનામાં છે, એનું કર્તૃત્વ છે. તો જ્ઞાતા-દૃષ્ટા ક્યાં રહ્યો વળી? ત્યારે સવારમાં આવ્યું હતું ને વિકાર જીવ કરે છે ઈ? એય..! એ તો આત્માનો સ્વભાવ પૂર્ણાનંદ પ્રભુ છે એની જેને ખબર નથી એ અજ્ઞાની પોતાના સ્વભાવની દૃષ્ટિ નથી, સ્વભાવના સામર્થ્યની પ્રતીત નથી એ અજ્ઞાનભાવે વિકાર એ કરે છે, કાંઈ કર્મ કરાવે છે એમ નથી.

અહીં તો વસ્તુના સ્વભાવ ઉપર દૃષ્ટિ જતાં, વસ્તુ ભગવાન આત્મા જ્ઞાન અને આનંદનો કંદ, સુખકંદ પ્રભુ છે આ. સમજાણું કાંઈ? એ સુખકંદની પર્યાય તો સુખ અને આનંદરૂપે છે. એ આનંદના જ્ઞાતાપણાના પરિણામ એની સાથે આનંદની અવસ્થા આવી જાય છે. એ આનંદની અવસ્થા સિવાયના જેટલા એ પુણ્ય-પાપના પરિણામ છે, એ શક્તિથી જે (પરિણામ) થયા (એ) '**સિવાયના, કર્મથી કરવામાં આવતા...**' ત્યાં પણ લઈ લેવું આવેલાનો અર્થ. '**પરિણામોનો કર્તા થતો નથી,...**' સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાની ઋદ્ધિની સમૃદ્ધિને સંભાળવા જતાં, પોતાના ઘરની તલાશ કરતાં... લ્યો! તલાશી આવી હતી ને એક? આમાં આવ્યું હતું નહિ? ક્યાં ગયા ચંદુભાઈ! નહિ ઓલું તલાશીનું? એમાં બધા માંસ ખાતા. .. હતા એ માંસ ખાય. એ તલાશી આવે છે ને ઓલી કોર? ઓલી કોર આપણે ગયા હતા. તમે હતા કે નહિ? નહોતા. .. આત્માની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તલાશ કરતાં એમાં તો અકર્તૃત્વગુણની તલાશ થાય છે. સમજાય છે? એની શોધખોળ કરતાં, એનો પુરાવો લેતા આત્મામાં અકર્તૃત્વગુણનો પુરાવો આવે છે. આહાહા..! રાગને, પુણ્યને કરે એવો એનામાં પુરાવો આત્મામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ આવો ધર્મ કઈ જાતનો? એ કાંઈ સાધારણ પૂર્વના.. બહુ વાંચ્યું ન હોય, સમજે નહિ ને સામાયિક, પોષા, પડિક્કમણા આ કર્યું. એ સિવાય કાંઈ સૂઝ્યું નહિ. એય.. ભગવાનભાઈ! એ સિવાય સૂઝ્યું નહિ. આ તો વળી આ ભાગ્યશાળી તો અહીં પડ્યા છે કેટલા વખતથી તો હળવે-હળવે.. હવે ઘરે (આવી ગયા). આ વાત શું છે ભગવાન પરમેશ્વરે કહેલી અને ભગવાન એવો આત્મા છે. આહાહા..!

કહે છે કે એનાથી કરેલા '**કરવામાં આવતા પરિણામોનો કર્તા થતો નથી,...**' જોયુંને? એમ ખુલાસો કર્યો. શુભભાવ જે વ્યવહારરત્નત્રયના ઉઠે તેનો એ કર્તા જ્ઞાની આત્મા વસ્તુ દષ્ટિએ થતો નથી. હવે અહીં તો કહે છે કે વ્યવહાર હોય પહેલો. આદિમાં વ્યવહાર અને પછી એનું ઝાડ અને પછી એના ફળ. ઝાડ એટલે નિશ્ચય અને ફળ એનું કેવળજ્ઞાન.

મુમુક્ષુ :- મુદત કેટલી?

ઉત્તર :- મુદત થોડી લાગે એ તો સાધકને લાગે ને. કહો, સમજાણું? હમણા અંદર પૂછ્યુ હતું બધા છોકરાને, વ્યવહાર ક્યાંથી ઉઠે? વળી કો'ક કહે કે નિશ્ચય હોય તો વ્યવહાર હોય. ખબર નહિ એક છોકરાને પૂછ્યું હતું. વ્યવહાર ક્યાં રહે? સાતમે ગુણસ્થાને વ્યવહાર. ત્યારે નિશ્ચય? નિશ્ચય ચોથે. એમ એ બરાબર સાંભળતા નથી ધારીને. સમજાણું?

નિશ્ચય એટલે સ્વ, સ્વપણું. સ્વપણાનો આશ્રય તે નિશ્ચય. એટલે સ્વપણાનો આશ્રય ચોથેથી શરૂ થાય છે. એના સમ્યગ્દર્શનના ભાન... અંતરના સ્વઆશ્રય વિના સમ્યગ્દર્શન કેવું? આહાહા..! એની સાથે રાગાદિ હોય એને વ્યવહાર કહેવાય છે, પણ એનું કર્તૃત્વ આત્મામાં નથી. અહીં તો એ સિદ્ધ કરવું છે. સમજાય છે? નિશ્ચયનય પણ કરે અને વ્યવહારને કરે એવો ગુણ નથી આત્મામાં. આહાહા..! .. એ તો રાગ છે. એ પણ કરે અને નિશ્ચય આત્માની જ્ઞાતા-દષ્ટાની પર્યાય કરે એવો ગુણ નથી આત્મામાં. આવી તો વાત છે. આહાહા..!

'**પરિણામોનો કર્તા થતો નથી, એવી અકર્તૃત્વ નામની એક શક્તિ આત્મામાં છે.)**' લ્યો! કહો, સમજાણું કાંઈ? આ આત્મા છે ને અંદર? આ તો માટી છે, આ તો ધૂળ છે, આ જડ છે. સ્મશાનની રાખ છે આ તો. આહાહા..! આકાર ગમે તેવો લાગે, એનો સુંદર લાગે પણ એ તો માટીએ રચ્યો છે. આત્મા એનો રચનાર નથી. આનો આત્મા રચનાર નથી. ઓલામાં આવે છે ને ભજનમાં? 'એ ઘડનારાને ગોતો.' એવું આવે છે. એ ઘડનારો કોણ? આત્મા શરીરનો ઘડનારો હશે? આહાહા..! 'આ કોણે બનાવ્યો ચરખો? એના

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઘડનારાને પરખો.' એમ આવે છે. નહિ આપણે ગયા નહોતા ઓલા ડોળિયા? એક બાવો ગાતો હતો રાતે. (સંવત) ૧૯૯૯માં. આવે છે કે નહિ? મોહનભાઈને ખબર હોય એવું. ભજન-ભક્તિ આવે છે. 'આ કોણે બનાવ્યો ચરખો? એના ઘડનારાને પરખો.' ઘડનાર કોણ? ભગવાન! બાપુ! અહીં તો આ દેહના ઘડનાર રચના તો માટી રચે, જડ રચાઈ છે, આ તો જડને રચાયેલું છે આ પૂતળું. આત્મામાં રાગાદિની રચના એ પણ આત્માની નથી, એનાથી નિવૃત્તસ્વરૂપ આત્માનું છે. અહીં તો એ કહે છે. રાગને રચે તે આત્મા નહિ. આહાહા..! શરીરને રચે તો નહિ. કેમકે આ તો પરમાણુ દ્રવ્ય છે, જડ છે, માટી છે. સમજાણું? પણ અહીં તો પરમાત્મા એવો આત્મા એનો સ્વભાવ પુણ્ય-પાપનું રચવું, કરવું એવો એનો ગુણ અને સ્વભાવ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવા આત્માને દૃષ્ટિમાં લીધા વિના એના જન્મ-મરણ મટે એવા નથી. નિગોદના આ શક્કરકંદના... જુઓ! અનંતપણું ભાઈ! આહાહા..! એ ૨૧મી શક્તિ થઈ.

૨૨મી. '**સમસ્ત, કર્મથી કરવામાં આવતા,...**' કરવામાં આવતા. કરવામાં આવેલાં ત્યાં લખ્યું છે. આવતા જોઈએ. ફેરવ્યું નથી. '**સમસ્ત, કર્મથી કરવામાં આવતા,...**' એમ જોઈએ ત્યાં. શું કહે છે? જે આ હરખ-શોક થાય છે ને જીવમાં? ભોગવવાનો ભાવ થાય ને? આ દેહનો, લાડવાનો, દાળ-ભાતનો, શાકનો, આ માંસનો, મકાનનો, વસ્તુનો ભોગવું એને. લાજ-આબરૂને ભોગવું, પૈસાને ભોગવું. કહે છે કે એ પરને તો તું ભોગવી શકતો નથી. પણ તે પ્રત્યેનો જે હરખ અને શોક છે એવું ભોગવવું એ આત્માના સ્વભાવમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? હરખને ભોગવે એ તો વિકાર છે. વિકારને ભોગવે તો કોઈ દી વિકારરહિત થઈ શકે નહિ. એનો ગુણ નથી એવો. આહાહા..! પરને ભોગવે એ તો એનામાં પર્યાયમાં શું કોઈ રાગમાં પણ નથી. એ રાગને અનુભવે પણ પરને તો અનુભવી શકતો નથી. અજ્ઞાનભાવે-વસ્તુના સ્વભાવની શક્તિના સામર્થ્યના અભાવભાવે-અજ્ઞાની હરખ-શોકને અનુભવે-ભોગવે-વેદે પણ પરને તો ભોગવી શકતો નથી. આહાહા..! કહો, આ સુંદર શરીર માંસના, હાડકાના, આ લાડવા, દાળ-ભાત ગલગલીયા થઈ જાય આમ દેખે ત્યાં. જલેબી. એની સાથે શું કહેવાય કચોરી? કો'ક કહેતો હતો ને. શું કહેવાય આ કચોરી આ તમારે? ભજીયા. ઓલો સાધુ આવ્યો ઈ કહેતો હતો. ત્યાં પાલિતાણામાં એમ કે જલેબી અને આ કચોરી ખાતો હતો. આ વાતું. આહાહા..! એ વાત નહોતો કરતો? અરે.. ભગવાન! શું કરે છે? ભજીયા અને જલેબી ખાય સાધુ પછી ઉપરાઉપર જાય. લાવો.. લાવો.. અરે.. ભગવાન!

કહે છે કે બાપુ! એ જલેબી ને લાડવા ને દાળ-ભાતને શાક ને કપડા ને દાગીના,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આ હીરા-માણેક લટકાવે. કહે છે કે એ ચીજને તો આત્મા ભોગવી શકતો નથી. કારણ કે એ તો જડ છે. જડનું વેદવું-જડનું ભોગવવું-જડનું અનુભવવું એ તો ત્રણ કાળમાં નથી એને. મૂઢ માને છે કે હું આને ભોગવું છું.

મુમુક્ષુ :- ઊંધી માન્યતા છે.

ઉત્તર :- એની માન્યતાને ભોગવે છે. એ હરખ ને શોકના વિકારી ભાવ થાય, એને મિથ્યા મૂઢ જીવ ભોગવે છે. જીવનો ગુણ નથી એ. સમજાણું કાંઈ? આહાહા..! કહો, એનો ગુણ હોત રાગ-દ્વેષને ભોગવવાનો તો કોઈ દી નિર્મળ દશા એની થાય નહિ અને સુખી થવાનો પંથ હાથ આવે નહિ. આહાહા..! જગતને પણ કેટલું ઝીલવું? આહાહા..! આમ જલેબી, આમ પતરવેલીયા, લાડવા ચુરમાના, દૂધપાક એટલી ચીજો એકસાથે હોય. ગરભલો રોટલાનો. આહાહા..! .. હોય ને વચ્ચે? આહાહા..! મોટો રાજા જેવો છે ભાઈ! એને ઘરે સામગ્રી રાજા જેવી. રાજા માણસ બાપા! એના ભોગ ને એનું ખાવાનું. શામળજી ખોડા હતા ને ભાઈ? (સંવત) ૧૯૭૦માં ગયા હતા. કામદાર. રાજા માણસ જેવા. મૂડી તે દી કેવી? બે-ત્રણ લાખની મૂડી તે દી મોટો જબ્બર કહેવાય. ... ખાવા બેઠા હોય તો આમ... દશાશ્રીમાળી કામદાર. કેટલી ચીજો! બાદશાહ જેવી. લોકો એમ કહે કે આહાહા..! બાદશાહી ભોગવે છે. શેની પણ? સાંભળને! ઓલાને ઘરે હોય રોટલો કે દાળ, કે રોટલી ને દાળ-શાક ત્રણ હોય. આની પાસે જુઓ તો કેટલું પડ્યું હોય આમ. અરે..! કેટલી ચીજો! મેં જોઈ હતી ને ૭૦માં. રોટલી ને પુરણપોળી, રોટલાનો ગરભલો ને પછી ફલાણું-ઢીંકણું. એવો.. બે-ત્રણ પાટલા. એક પાટલો ન હોય. આમ બધે પાથર્યા હોય. મહારાજ નવદીક્ષિત છે. મારે દર્શન કરવા છે. હું બહાર નીકળી શકતો નથી. મારે બાધા છે. અમે ગયા હતા. જોયું ઓહોહો..! આ મોટપ આડે માણસને પોતાની મોટપ સૂઝે ક્યાં?

અરે..! આત્મા ક્યાં છે? ભાઈ! એ ચીજનો અનુભવ તારો નહિ. એ તો માટી જડ છે, ધૂળ છે. સમજાણું? આ શરીર, માંસ, હાડકા છે. એનો અનુભવ આત્મા કરે? આનો ભોગ લે આત્મા? હાડકાનો? આ તો માટી છે. અને શરીર પોતાની ઈન્દ્રિય માટી છે. એ ઈન્દ્રિયનો ભોગ આત્મા લઈ શકે? આહાહા..! લૌકિક સાધનરહિત છે. આવે છે ને ઓલામાં, નહિ? અલિંગગ્રહણમાં. કહે છે ભાઈ! આ તો માટી છે ને. આ જીભ ઊંચી-નીચી થવી એ તારું કર્તવ્ય નથી. એને તો તું ભોગતો પણ નથી અને કરતો પણ નથી. ફક્ત તારામાં સ્વરૂપ સ્વભાવના આનંદમૂર્તિ, જ્ઞાનમૂર્તિ, અનંત શક્તિ સંપન્ન પ્રભુ એની દૃષ્ટિના અભાવે તારામાં હરખ-શોકનો અનુભવ પર્યાયમાં રાગ અને દ્વેષ, હરખ-શોકને અનુભવે છે. એ ભ્રમણા છે, દુઃખ છે અને સંસારનું કારણ છે. સમજાણું કાંઈ? કેમ હશે જ્યોતિ? આ શું તારો

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઓલો ખાય છે ને શીરા ને શીખંડ. નહિ? કેવા આના શીખંડ હોય તો. એકનો એક દીકરો હોય તો બધું કરી દે લાવો ભાઈ કરો. લ્યો, આ શીખંડ. ખાઈ શકે કે નહિ એ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરી શકે નહિ, લાવી શકે નહિ. શીખંડ ને કેળા મોળી શકે નહિ, કરી શકે નહિ, અહીં લાવી શકે નહિ. ઊના કરીને ઘીમાં નાખજો, તળજો. કોણ કરે? એ તો જડની દશા છે. કોણ ખાય એને? જડ ખાય. આત્મા ખાય? એવું લખ્યું હતું હોં ઓલામાં અનુભવ પ્રકાશમાં. જડ ખાય. જડ ખાય, કો'કને સર્પ કરડે અને કો'કને (ઝેર) ચડે. આ શું છે? કહે છે. એઈ.. જાધવજીભાઈ! સર્પ કરડ્યો હોય કો'કને અને ઓલો રાડ પાડે એય.. મને થયું, મને થયું. શું છે પણ તને? એવું લખ્યું છે એમાં હોં! સર્પ કરડે કો'કને અને રાડ પાડે કો'ક. ઓલો કાઠી હતો ને? નહોતું કીધું? એક પગે દુઃખતું હતું બહુ. વાળંદ હતો. ગુમડુ બહુ થયેલું. પછી એમ ને એમ બાંધ્યા કરે વાળંદ આવીને પટ્ટો. પછી મટી ગયું. તોય પણ આમ દાબે તો ઉં.. કરે. વાળંદ કહે, આ તો કાઠીને ખોટી ટેવ પડી ગઈ. એક ફેરી પાટો બાંધીને આમ કરી નાખ્યું. ડાબે પગે કરી નાખ્યું. ત્યાં દાબ્યું. શું છે? ત્યાં શું (કરવા) ઉં..ઉં કરો છો? પણ ફેરવી નાખ્યું ને. આવા ને આવા. ફેરવી નાખ્યું તેં? પણ અક્કલના ખાં અહીં તને ગુમડુ હતું તે જરી આમ દુઃખતુ હતું. હવે મટી ગયું તોપણ દુઃખે.. દુઃખે.. તું કર્યા કરતો હતો. એટલે ઓલાએ ફેરવી નાખ્યું. આવા ને આવા છે. એ રાણપુરમાં એમ થયેલું ભાઈ. મિયાં મિયાં કહેવાય ને? મિયાં. એ લોકો. વહેલા ઉઠેલા અને જે ઠેકાણે ઘોડી બાંધે ત્યાં પાડી બાંધેલી તાકડે રાતમાં. એમાં પાડીને લઈને ધોકડું ને બોકડું ચડાવા માંડ્યું. પાડીને. ધોકડું-મોકડુ માથે શું કહેવાય આ? પલાણ નાખ્યું. અજવાળું થયું. એલા આ તો પાડી. પણ અક્કલનો ખાં જોવું હતું કે નહિ આ કોને પલાણ નાખું છું. આ કોણે બાંધ્યું? એમ બોલ્યો. પણ એલા પાડી અને ઘોડાના લક્ષણ કાંઈક ફેર હોય, એના હોંકારામાં ફેર હોય, એના આકારમાં ફેર હોય. એટલું પણ તને જોતા ન આવડ્યું? એમ આત્મા આનંદકંદ છે એને જોતા ન આવડ્યું અને રાગને ભોગવવા માંડ્યો? શું છે તને આ? સમજાણું કાંઈ? આહાહા..! આમ બનેલું હોં ત્યાં. ભગવાન આત્મા.. તો પણ મારી પાસે કેમ મૂક્યા? પણ તારી પાસે નથી. તને ખબર નથી. તારામાં તો આનંદ અને જ્ઞાનાનંદ ભગવાન છો. સમજાય છે કાંઈ? 'પ્રભુ તારી પાસે હરિ નથી વેગળા.' મોહનભાઈ! એવું આવે છે નરસિંહ મહેતામાં. 'પ્રભુ તારી પાસે રે.. હરિ નથી વેગળા જી, પણ તને આવ્યો આડો રે અહંકાર.' આડો અહંકાર (આવ્યો કે) આ રાગ છું, પુણ્ય છું, આ છું. તને અહંકાર આવ્યો. મરી ગયો એમાં તું.

ભગવાન આત્મા શાંતિ ને આનંદનું તત્ત્વ આખું ભગવાન તું પોતે છો ને ભાઈ! નિજ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કહેવો એ પણ... તું પોતે જ છો. આહાહા..! એવા ભગવાનને ભૂલી અને હરખ-શોકને, શોકને અને હરખને ભોગવે, એ કહે છે કે એનામાં ગુણ નથી અને ભોગવે અને માને એવો એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોને? જડનો જડ ઘડે કોણ કરે? ત્યારે પહેલું કીધું નહિ? આ તો પરમાણુએ રચ્યું છે આ. આ રચે કોણ? આત્મા તો અરૂપી ભિન્ન છે. આત્મા રચે તો સારું રચે નહિ? સરખું રચે નહિ? કો'કનો રંગ કાળો અને આનો સારો એમ શું કરવા રચે? કો'કનું કપાળ ઓલું, કોઈનું ચોંટેલું, કો'ક પાતળું, ફેરફાર કેવો છે જુઓ. એ તો પરમાણુ જડની રચના છે. આહાહા..! ખબર ન મળે. જડની રચના. પરમાણુઓ પુદ્‌ગલની પર્યાય-અવસ્થા છે. ભગવાન આત્મા એને રચે નહિ અને એને ભોગવે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, '**સમસ્ત, કર્મથી કરવામાં આવતા,...**' કરવામાં આવતા. એમ. આવતા. '**જ્ઞાતૃત્વમાત્રથી જુદા...**' જાણવા-દેખવાના ભાવ, આનંદના ભાવ, શાંતિના ભાવ, વસ્તુના સ્વરૂપની શુદ્ધ પરિણતિ અવસ્થાના ભાવ એ તારા. એનાથી જુદાં હરખ-શોક આદિના ભાવ '**પરિણામોના અનુભવના (-ભોગવટાના) ઉપરમસ્વરૂપ...**' એનાથી નિવૃત્તસ્વરૂપ તારું '**અભોક્તૃત્વશક્તિ.**' છે. આહાહા..! એવા આત્માને રાગ અને હરખનો ભોક્તા માનવો એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાન છે એમ કહે છે. પરનો ભોક્તા માને એ તો મહામૂઢ છે. આહાહા..! સમજાણું કાંઈ?

પરવસ્તુને દેખીને ઉલ્લાસ અને હરખ અંદર આવે અને જાણે આ પરવસ્તુને હું વેદું છું અને મને પરવસ્તુ ભોગવાય છે. ભાઈ! તારો ભ્રમ છે. એ તો ભ્રમ છે પણ હરખ-શોકને વેદવું એ ભ્રમ છે. ભગવાનનું સ્વરૂપ નથી આત્માનું ઈ. આહાહા..! સમજાણું કાંઈ? જુઓને! આમ અનુકૂળતામાં હરખ આવવો, પ્રતિકૂળતામાં ખેદ (થવો) અને એનું વેદન, એનો અનુભવ કહે છે કે એ તો મિથ્યાદૃષ્ટિને અનુભવ હોય છે આવો. આહા..! કેમ કે એને અનુભવવું એવો એનામાં ગુણ નથી. ગુણ નથી તો પર્યાયમાં આવ્યું ક્યાંથી આ? ગર્ભમાં હોય એ પર્યાય આવે. ગર્ભમાં તો અભોક્તા નામનો ગુણ છે. એ હરખ-શોકને ન ભોગવવું એવો ગુણ છે. તો પરિણતિ-પર્યાયમાં પણ એને ન ભોગવવું એવી દશા થાય. અને આનંદ ને જ્ઞાતા પરિણામને ભોગવે એવું એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આહાહા..!

ભાઈ! ઈશ્વરે આપ્યું અને ભોગવે એમ બોલે છે કેટલાક. પૈસા-બૈસા આપ્યા હોય ને પાંચ-પચાસ લાખ. કરોડ-બે કરોડ હવે તો સખ ક્યાં છે બે કરોડ હોય તોપણ. અસંતોષનો પાર નથી. ભગવાને આપ્યું તો ભોગવે છે બાપા! એમ કહે વળી. ઓલો પણ કહેતો હતો,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ગીરધરભાઈ નહોતા કહેતા? ઈશ્વરે આપ્યું તો અમે આપીએ છીએ દાનમાં. કહો, એ જૈન. એને પણ ખબર ન મળે. વાડામાં ખબર ન મળે. દાન કરે. અહીં બેઠા બોલતા હતા એવું. ગીરધરભાઈ નહોતા? ગીરધર.. પ્રેમચંદભાઈ. ઈશ્વરે દીધું તો અમે દઈએ. દાન કરતા બહુ. દાન કરતા. પાંચ-પાંચ, દસ-દસ હજાર રૂપિયા આપે. પણ કોના? બાપા! પાંચ હજાર, દસ હજાર તારી ચીજ છે? એ તો જડ છે. જડનો સ્વામી થઈને તું માન એ તો મિથ્યાત્વ છે. મેં દીધું એ તો મિથ્યાત્વ. કો'કના કો'કનું ચોરીને કો'કને આપ્યું તેં. એમ માન્યું છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો ભગવાન.. આહાહા..! કેવી વાત પણ તે મીઠી. કહે છે કે ભગવાન! આત્મા થઈને રહેવું છે કે તારે આત્માથી વિરુદ્ધ થઈને રહેવું છે? આહાહા..! આત્મા થઈને રહેવું હોય તો આત્મામાં તો એવું સ્વરૂપ છે કે હરખ-શોકને ન ભોગવવું, ન અનુભવવું, એના ભિન્નપણાના જ્ઞાતા-દૃષ્ટાના પરિણામને અનુભવવું એ તારા આત્મા થઈને રહેવાનો ભાવ છે. સમજાણું કાંઈ? જ્ઞાતૃમાં જુદા પરિણામોના અનુભવ. એવી પર્યાયનો અનુભવ. જુઓ! એ પર્યાય રાગ-દ્વેષની. કેટલી વાત કહે છે! ઓલા કહે, પર્યાય માને જ નહિ ઓલો. પર્યાય વળી આ શું? પર્યાયનો વળી અનુભવ, એનાથી નિવૃત્તિ. એકલા કૂટસ્થ આત્માને માનનારા એકને આ તો ભ્રમ જેવું લાગે. આહાહા..! ભાઈ! વસ્તુ આવી છે.

અંદરમાં તારામાં એટલી શક્તિઓનો સમુદાય છે કે દરેક શક્તિ પરને ન ભોગવે એવી તારી શક્તિ છે. અભોક્તા શક્તિ પણ આત્માના અનંત ગુણમાં વ્યાપી છે. અને અનંત ગુણને નિમિત્ત થાય છે અને અભોક્તા પણ આખા અસંખ્ય પ્રદેશમાં વ્યાપેલી છે. અને દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણમાં વ્યાપેલી છે. એ અભોક્તા પોતે પોતાનો કર્તા થઈને અભોક્તાનું કામ કરે છે. સમજાણું કાંઈ? મોં-માથુ હાથ ન આવે જાણે. આ દયા પાળવી, આ વ્રત પાળવા, અપવાસ કરવો (એમાં) સૂઝ પડે. ભગવાનભાઈ! એ આઠમને દી કંદમૂળ ન ખાવા, કરો બાધા. હવે વળી એ નથી. હવે ક્રોધ ન કરવો એવું બધું ચાલ્યું છે. ક્રોધ કોણ કરે? પણ શું છે એની તને ખબર વિના ક્રોધ ન કરવો એ શું? બાધા કરો કે મારે આજે ચોવીસ કલાક ક્રોધ ન કરવો. એવું વળી ચાલ્યું છે હમણાં. નહિ? પણ ક્રોધ ક્યાં થાય છે અને શું છે એની ખબર નથી.

તારી પર્યાયમાં દ્રવ્યની દૃષ્ટિ વિના, ભાન વિના જે અણગમાના પરિણામ થાય એ તારું સ્વરૂપ નથી. સમજાય છે કાંઈ? એવા ક્રોધના પરિણામથી નિવૃત્ત તારું સ્વરૂપ છે. આહાહા..! એવા ભાન વિના ક્રોધ ન કરવો એવું બની શકે નહિ. સમયે સમયે સ્વભાવનો અણગમો તો કરે છે. સ્વભાવ ગોઠતો નથી અને રાગ ગોઠે છે. રાગ ગોઠે છે અને સ્વભાવ ગોઠતો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


નથી. તો સમયે સમયે ક્રોધને જ કરે છે. આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ એને પોતે પોતાને ગોઠતો નથી અને જે વિકારના પરિણામ થાય એને એ ગોઠે છે. એ જ આત્માના સ્વભાવ પ્રત્યે એને ક્રોધ વર્તે છે. એનો ક્રોધ ન કરવો. ક્યાંથી તું હજી સમજ્યા વિના? સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત ભાઈ!

અરેરે..! જુઓને ભાઈ! આમ ગમે એવા શરીર હતા, ગમે એવા સાધન હોય એ મરતા આમ નિરાધાર થઈને ચાલ્યો જાય છે. આહાહા..! એની આંગળીનું હલવું પણ એને આધીન નથી. કરોડો રૂપિયા પડ્યા રહ્યા. કરોડો રૂપિયા રહી ગયા. શરીર.. હાય.. હાય..! પાંચ-પાંચ, આઠ-આઠ દસ દી શરીર ચાલે નહિ. શ્વાસ ચાલે. અરે..! આ શું દશા જીવની? મોટા રાજા-મહારાજા રાણા ચાલ્યા ગયા. નામ ધરાવતા. નામ વસ્તુમાં તો નહોતું.

અહીં કહે છે કે ભાઈ! આમ કેવા ખાય પીવે ને ઓહોહો..! ઓલો નહોતો એક રાજા? માસ્તર કહેતા નહિ? ખાવા ટાણે બેસે ત્યારે ઓલો રાજા મહમદ બેગડો. હીરાચંદ માસ્તર કહેતા. એક કોર વેશ્યા નાચતી હોય, એક કોર ફૂલબાગમાં બેઠો હોય, એક કોર વાજા વગાડતા હોય, એક કોર ખાતા હોય ઘેવર ને પૂરી. પાંચેય ઈન્દ્રિયના વિષય એકસાથે. એમ માને. સુગંધ, રૂપ-વેશ્યા, કાને સાંભળવાનું, ખાવાનું, સ્પર્શ-ઠંડી હવા. સમજ્યાને? આમ અત્તરના ઓલા છાંટણા નાખતા હોય આમ. ઓહોહો..! મૂઢ છો કહે છે. એ પરવસ્તુનો અનુભવ તને ક્યાં છે? તું તો અરૂપી છો. અરૂપીને રૂપીનો અનુભવ હોય? અડતો પણ નથી રૂપીને અને અનુભવ ક્યાંથી આવ્યો તને?

આ તો રાગ-દ્વેષને તો અજ્ઞાની અડે છે, સ્પર્શે છે પર્યાયમાં. વસ્તુમાં નથી. આહાહા..! હરખ-શોકની ઉત્પત્તિ કરી અને આ હું છું એવી માન્યતા કરે છે. છે નહિ એના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ખરેખર તો. પર્યાયમાં એવું થવું એનો સ્વભાવ નથી એમ કહે છે. આહાહા..! કારણ કે અભોક્તા નામનો ગુણ છે અને એ ગુણનો ધરનાર ભગવાન આત્મા છે એને અંતર જોતા-જાણતાં હરખ-શોકના ભોગવવાના પરિણામથી રહિતપણાનો અનુભવ એને છે. એને આત્મા કહેવામાં આવે અને એ આત્મા થઈને રહ્યો કહેવામાં આવે. સમજાણું કાંઈ? આહાહા..!

છ ખંડના ધણી ચક્રવર્તી, ઈન્દ્ર જેના મિત્રો, સોળ હજાર દેવ જેની સેવા, તૈનાતમાં ઉભા હોય. આમ બબ્બે હજાર દેવ તો આમ .. શરીરના અંગરક્ષક. અંગરક્ષક. હીરાના ઓલામાં બેઠા હોય. અમે અમારા આનંદના ભોક્તા છીએ, આ હરખનું ભોગવવું એ અમારા સ્વરૂપમાં નથી. આહાહા..! એ નજરને કોણ નિહાળે? સમજાણું કાંઈ? બહારમાં તો સૌની સાથે ખાતો-પીતો દેખાય. સૌથી વધારે દેખાય એનામાં, લ્યો. એ જુદી જાત છે. ઈન્દ્રો જેના મિત્રો. ઓહોહો..! ૮૪ લાખ હાથી, ૮૪ લાખ! ૯૬ કરોડ પાયદળ, ૯૬ હજાર સ્ત્રી પદમણી જેવી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એક એક સ્ત્રી ચક્રવર્તીની એક હજાર દેવ સેવા કરે. આ કહે કે સમકિતી છે અને ભોગવે છે. ના. ના. બાપુ! તને ખબર નથી ભાઈ! એના પ્રત્યેનો જે હરખ છે એનાથી નિવૃત્ત સ્વરૂપને ભોગવે છે. આહાહા..! આ..હા..! મૂઢ જોવે છે બીજી નજરે. પોતાને બીજી નજરે જોયો એવી રીતે બીજાને જોવે છે. આહાહા..! લ્યો, આ સમકિતી. અને પાછા અમારા કરતાં ખાવા-પીવાના સાધન (કેટલા). ભાઈ! પુણ્યનો ઉદય હોય તો સાધન ઘણા હોય એની પાસે. એને લઈને એ ભોગવે છે એમ તું ક્યાંથી લાવ્યો? સમજાણું કાંઈ?

અહીં તો નારકીમાં પડ્યો સમકિતી સાતમી નરકે રવ રવ નરકે પડ્યો. કહે છે કે એના દ્વેષના પરિણામથી નિવૃત્તસ્વરૂપ એવો એનો અભોક્તા સ્વભાવ છે. આહાહા..! ભગવાન આત્માની ખાણમાં એમાં નિધિમાં એ હરખ-શોકને ન ભોગવવું એવી નિધિમાં શક્તિ પડી છે. આહાહા..! એને આત્મા કહેવામાં આવે છે. અને આવો આત્મા જેણે જાણ્યો-માન્યો એણે આત્મા સાચો માન્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**જુદા પરિણામના અનુભવના (-ભોગવટાના)...**' એમ લીધું છે ને? '**(ભોગવટાના) ઉપરમસ્વરૂપ...**' એમ. એનો ભોગવટો. ભોગી માણસ છે. બહુ ભોગ એના ઊંચા. ભોગ બાપા જડના નથી અને એમાં થતાં હરખનો ભોગવટો આત્માને નથી અને હરખને અનુભવે એ આત્મા નહિ. આહાહા..! અને શોકને વેદે એ આત્મા નહિ અહીં તો એમ કહે છે. પ્રતિકૂળતાના સંયોગ આવ્યા. એકનો એક દીકરો આમ લગન કરીને બીજે દી મરી ગયો. રાતના લગન અને સવારે મરી ગયો. મરી જાય છે ને. એમાં શું છે? આહાહા..! શોક. કહે છે, ભગવાન જ્ઞાનીને શોકનું વેદન નથી. સાંભળને! આહાહા..! કારણ કે આત્મા શોકના ભોગવ્યા વિનાનો જેણે અનુભવ્યો અને જાણ્યો છે. શાંતિભાઈ! આહાહા..! એની તે ઋદ્ધિ, એની સમૃદ્ધિ. એ હરખ-શોકની લાગણીઓ એ કર્મથી કરાયેલા ભાવ છે. એનાથી એના અનુભવથી નિવૃત્તસ્વરૂપ, એના અનુભવના ભોગવટાથી નિવૃત્તસ્વરૂપ, ઉપરમસ્વરૂપ, વિરતિરૂપ, અભાવસ્વરૂપ.. આહાહા..! એવી અભોક્તૃત્વશક્તિ આત્મામાં છે. આ ૨૨મી શક્તિ કીધી. એ આત્મા અનુભવે તો આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિને અનુભવે એને આત્મા કહીએ એમ કહે છે અહીં. આ હરખ-શોકને અનુભવે તે આત્મા નહિ. કારણ કે હરખ-શોકને અનુભવવો એવો એનામાં ગુણ નથી. અને ગુણ નથી ને માને છે કે આને અનુભવું છું. એ આત્મા નહિ, એ તો અનાત્મા મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

એમ કહે, ધર્મી ખાઈ-પીને લહેર કરે, આમ કરે. અરે.. ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! ખાવા-પીવાની ક્રિયા તો આત્માની નથી, એ તો સંયોગે વર્તે છે, સંયોગે વર્તે છે, પણ એના ભાવમાં જે કાંઈ હરખ-શોકના પરિણામ (થાય છે) એનાથી પણ નિવૃત્ત સ્વરૂપ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જ્ઞાનીનું છે. એટલે આત્માનું છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ એ હરખ-શોકનું વેદન જ નથી. જેનામાં જે ગુણ નથી એનું વેદન કેમ હોય? એનામાં ગુણ તો આનંદને વેદવું એવો એનામાં ગુણ છે. ભોગવવું. વેદ્ય-વેદક ભાવ આવી ગયો ને નિર્જરા (અધિકારમાં). વેદનારો પણ ભગવાન અને વેદાય તે આત્મા. આનંદનો ભોગવટો પણ આત્મા અને આનંદના ભોગવટાનું કાર્ય પણ આનંદનું. વેદવાયોગ્ય આત્મા અને વેદનારો પણ આત્મા. આહા..! પુણ્ય-પાપના ભાવ વેદવાયોગ્ય અને આત્મા વેદક એવું આત્મામાં છે જ નહિ. સમજાણું કાંઈ?

જ્ઞાની હોય, છોકરો મરી જતો હોય, આંખમાંથી આંસુ ચાલ્યા જતા હોય. કહે છે કે પણ એ શોક અને આંસુનો કર્તા અને ભોક્તા જ નથી. એય..! કેમકે આત્મા આત્મા થઈને રહ્યો છે હવે. એ શોકને, હરખને ભોગવવા થઈને રહ્યો નથી. આહાહા..! સમજાણું કાંઈ? અનાત્મા થઈને રહ્યો હોય તે હરખ-શોકને ભોગવે. આહાહા..! જુઓ! કેવો આત્મા માન્યે આ આત્માના પર્યાયમાં આવી દશા હોય? આવો આત્માનો સ્વભાવ અભોક્તા છે એમ ન માનતા, રાગ હરખ-શોકને ભોગવવું માનનારો આત્મા અને આત્માના ગુણોને માનતો નથી, એટલે આત્માને માનતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવી અકર્તૃત્વ નામની એક શક્તિ એટલે એવો એક ગુણ ક્રમે ક્રમે કહેવામાં આવ્યો. સમજાય છે? વસ્તુ તો એકસાથે બધા ગુણો છે. ઉપરમસ્વરૂપ અભોક્તૃત્વશક્તિ છે. ૨૨ થઈ. પછી લેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**અષાઢ સુદ ૫, રવિવાર તા. ૩૦-૬-૧૯૬૮**
**શક્તિ-૨૨-૨૩-૨૪, પ્રવચન-૫૫૩**

સમયસાર. એમાં શક્તિનું વર્ણન છે. એટલે તારું સામર્થ્ય, તારામાં કેટલું છે અને શું છે એ વર્ણવે છે. આત્મા છે એમાં સામર્થ્ય અને શક્તિ એની કેટલી છે અને કેવડી છે? આ શરીર ને જડ ને પૈસા એનું સામર્થ્ય કાંઈ આત્મામાં નથી. એ તો જડનું છે. સમજાણું? તેમ એ જડને લાવવું અને છોડવું એવું કોઈ આત્મામાં સામર્થ્ય નથી. એ તો એને કારણે આવે ને જાય. આત્મામાં સામર્થ્ય તો અનંત અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ એવી આ શક્તિઓ અનંત છે એમાં વર્ણન ૪૭નું છે. આ સ્વરૂપલક્ષ્મીની વાત ચાલે છે.

ભગવાન આત્મામાં છેલ્લો બોલ આપણે એ આવ્યો છે ને અત્યારે? અનુભવ. ૨૨મી શક્તિ. '**સમસ્ત, કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા પરિણામોના અનુભવના ઉપરમસ્વરૂપ અભોક્તૃત્વશક્તિ.**' છે. શું કહે છે? આત્માનું સામર્થ્ય કર્મના નિમિત્તથી થતાં હરખ-શોકના, પુણ્ય-પાપના ભાવ એના અનુભવથી રહિત એની શક્તિ છે. એને અનુભવવું એ આત્મામાં શક્તિ નથી. સમજાણું કાંઈ? આત્મામાં આનંદનો અનુભવ કરવો, આત્માના જ્ઞાનલક્ષ્મીનો અનુભવ કરવો એની શક્તિ છે, પણ આત્મામાં આ હરખ-શોક ને પ્રેમ ને રાગ-દ્વેષનો અનુભવ કરવો એવો એનામાં ગુણ નથી. એ રાગના અને હરખ-શોકના પરિણામથી વિરક્તરૂપ, નિવૃત્તરૂપ, ઉપરમરૂપ એવો આત્મામાં અભોક્તા નામનો એક ગુણ છે. સમજાણું કાંઈ? આ પૈસા ભોગવવા, લક્ષ્મી ભોગવવી, સ્ત્રીનું શરીર ભોગવવું, આબરુ ભોગવવી એવી કોઈ ચીજ આત્મામાં નથી. કારણ કે એ તો જડ છે. એને તો કાંઈ આત્મા ભોગવે નહિ. પણ અજ્ઞાનપણે જે રાગ-દ્વેષ અને હરખ-શોકને ભોગવે છે, અનાદિથી અજ્ઞાનપણે હરખ-શોકને ભોગવે છે એ ભોગવવાપણું એના સ્વરૂપના સામર્થ્યમાં નથી. સમજાણું કાંઈ? એ આત્માને ન જાણનાર, આત્મામાં આનંદ અને શુદ્ધતા (છે) એને નહિ જાણનાર એ હરખ-શોકને વેદું છું, ભોગવું છું એમ મિથ્યાત્વભાવથી માને છે. સમજાણું કાંઈ? એનામાં નથી એવા ગુણને માને તે મિથ્યાદૃષ્ટિ છે. કહો, આવી વાત છે ભગવાનજીભાઈ! બહુ ઝીણું. દુનિયામાં પૈસાવાળા, આબરૂવાળા, અબજોપતિ, કરોડોપતિ કહેવાય લક્ષ્મીપતિ. અહીં કહે છે કે એ બધા ભિખારી છે એમ કહે છે. રાંકા છે. રાંક છે બિચારા. વરાકા. ભિખારી છે. એય.. મલૂકચંદભાઈ! હાય.. હાય..!

મુમુક્ષુ :- આપને તો કહેવાનો અધિકાર છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઉત્તર :- ના. ભગવાન કહે છે. હું એમ નહિ, ભગવાન કહે છે અને એવું સ્વરૂપ છે. એ આપણે આવી ગયું છે સવારમાં નહિ શ્લોકમાં? વરાકા નહિ? કેમકે આત્માના સ્વરૂપમાં આનંદની લક્ષ્મી પડી છે એની જેને ભાવના નથી અને જેને આ વસ્તુની ભાવના (છે) એ ભિખારીઓ, રાંકા, ભિખારી છે અને ભવિષ્યમાં એના નિગોદના પદનું બાદશાહીપણું મળશે.

મુમુક્ષુ :- એ ભલે મળે પણ અત્યારે તો...

ઉત્તર :- પણ અત્યારે એના ભાવમાં એ છે. ભાવમાં એ છે.

મુમુક્ષુ :- અત્યારે તો પૈસા ને બાદશાહી ભોગવે ને?

ઉત્તર :- ના. ના. પૈસા કે દી ભોગવતો હતો? ધૂળમાંય નથી. મૂઢ છે. અત્યારે પણ વિકારને અનુભવું છું એવી જે માન્યતા મિથ્યાત્વ છે અને એ મિથ્યાત્વનું ફળ નિગોદની ભૂમિકા છે. અને આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એવું અંતરમાં જાણ્યું, અનુભવ્યું, માન્યું એ રાગ ને હરખનો ભોક્તા નથી, એ આત્માની શાંતિ અને આનંદનો ભોક્તા છે એ કેવળજ્ઞાનની લક્ષ્મીનો વારસો લેનાર (છે). ઓલો નિગોદ લેનાર છે. આને કેવળજ્ઞાનનો વારસો અલ્પ કાળમાં મળશે. સમજાણું કાંઈ? આરે.. આરે..! ભારે!

લઘુનંદન કહ્યા છે. સમ્યગ્દૃષ્ટિ લઘુનંદન-ભગવાનના નાના દીકરા. સમજાય છે કાંઈ? જ્યાં આત્મા શરીર, વાણી, મન એ મારા નથી. પુણ્ય-પાપના વિકલ્પો થાય એ હું નથી. હરખ-શોકની વૃત્તિઓ ઉઠે એ પણ મારામાં નથી. હું તો આનંદ અને જ્ઞાનાનંદ, સચ્ચિદાનંદ સ્વરૂપ છું. એવું જેણે આત્માના અનંત લક્ષ્મી સંપન્ન સ્વભાવને પોતાનો જાણ્યો, માન્યો, અનુભવ્યો એ કેવળીના વારસદાર દીકરા છે કહે છે. એ કેવળીના દીકરા છે. સમજાય છે કાંઈ? એને અલ્પ કાળમાં અનંત કેવળજ્ઞાનની લક્ષ્મી પૂર્ણ પ્રાપ્ત થશે. પૂર્ણ લક્ષ્મી પ્રાપ્ત થશે. પોતાની જ્ઞાનલક્ષ્મી. આ (જડ) લક્ષ્મીને પણ એ જાણે છે ને. બીજું શું કરે છે શું? આ લક્ષ્મી અનંતી છે જગતમાં. જાણે છે. માને છે કે મારી છે એટલું.

મુમુક્ષુ :- મારી પાસે આવી છે ને.

ઉત્તર :- આવી છે ક્યાં? ધૂળેય આવી નથી એની પાસે. શું આવે? આવે છે ધૂળ? અહીં છે? પૂનમચંદ પાસે છે પૈસા?

મુમુક્ષુ :- એની હૂંફ છે ને.

ઉત્તર :- એ તો માને છે કે મારા છે. એ તો મમતા એની પાસે છે. પૈસા ક્યાં એની પાસે છે? મમતા એની પાસે છે કે જે એની સમીપમાં પડી છે. સ્વરૂપના ઊલટા ભાવવાળી- આ મારા અને હું એનો-એવા મિથ્યાત્વભાવની મમતા એની પાસે છે અને એ મિથ્યાત્વના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ફળ તરીકે સ્વરૂપને હેઠે હીન ગતિને પમાડે નીચ ગતિને પમાડે એવો મિથ્યાત્વભાવમાં સ્વભાવ છે. આહાહા..! આવ્યું હતું નહિ? નીચ ગતિનું ક્યાંક આવ્યું હતું ને? કળશમાં નહિ? કળશમાં આવ્યું હતું. આવ્યું હતું કળશમાં નહિ? નીચ ગતિનું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. ના. અંદર અર્થમાં આવ્યું છે. અર્થમાં ક્યાંક આવ્યું છે.

મુમુક્ષુ :- સમયસાર નાટકમાં.

ઉત્તર :- સમયસાર નાટકમાં. હા. એમાં આવ્યું હતું અર્થમાં. સમયસાર નાટકના અર્થમાં આવ્યું હતું એ. સમજાણું કાંઈ? કાંઈ બધું યાદ રહે? પણ એમાં આવ્યું હતું કાલે એક અર્થમાં. નીચ ગતિને જાય. નીચ ગતિ. અધો... અધો.. અધો... અધો... અધો... ઓલું ઊર્ધ્વ (ઊર્ધ્વ જાય). ઓલામાં આવ્યું છે. આપણે શ્લોક વાંચ્યોને સવારમાં? એમ કે ઊર્ધ્વ એટલે જ્યારે સમ્યગ્દ્રષ્ટિ થયો ત્યારે તે અકર્તા છે વિકારનો. એમાં એ કળશમાં છે. ઊર્ધ્વ શબ્દ છે ને. જ્યારે અધો છે, વસ્તુ ભગવાન આત્મા અનંત જ્ઞાન-દર્શન-આનંદસ્વરૂપ છે એનાથી એની ઊલટી માન્યતા છે કે આ મારા, આ મારા. જે એના નથી એને મારા માને (છે અને) છે તેને છોડી દે છે. પોતાનું સ્વરૂપ છે મહાન પરમાત્મસ્વરૂપ તેને દૃષ્ટિમાંથી છોડી દે છે. અને જે એમાં નથી એને પોતાના માને છે. એથી એ મિથ્યાત્વમાં નીચ ગતિ નામ અધો... અધો... અધો... અધો... અધો ગતિમાં જશે. કહો, સમજાણું? એમાં ઊર્ધ્વ શબ્દ પડ્યો છે. એમ કે ઊર્ધ્વ પછી તું કર્તા નથી. એમ. એ. પેલો કર્તા છે. પહેલો જ કળશ આ છે. છે ને કળશમાં છે. કેટલામો? આમાં ક્યાં છે? એ અહીં નથી. હિન્દી છે હિન્દી. આ સમયસાર કલશ હિન્દી. કેટલામો? આપણે આવ્યું છે ને આ.

મુમુક્ષુ :- ૨૦૫

ઉત્તર :- હજી આવ્યું નથી નહિ? બસ આ છે. '**ऊर्ध्वं**' બસ એ. ઊર્ધ્વ છે એ. જુઓ! ઊર્ધ્વ છે ઊર્ધ્વ. (સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર) ૨૦૫માં ઊર્ધ્વ ત્રીજા પદમાં છે. ઊંચે જાય છે અને ઓલો નીચે જાય છે. એમ અહીં તો કહેવું છે. ત્રીજી લીટી છે. '**माऽकर्तारममी स्पृशन्तु पुरुषं सांख्या इवाप्यार्हताः**' એમાં છે એ. સમજાણું કાંઈ?

શું કહે છે? કે આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ અનંત લક્ષ્મી સંપન્ન છે. એનો જેને વિશ્વાસ નથી, દૃષ્ટિ નથી, ભરોસો નથી. એ જીવો તો પુણ્ય-પાપ અને હરખ-શોકના કર્તા થાય અજ્ઞાની વરાકા-ભિખારી. કારણ કે સ્વરૂપની લક્ષ્મીથી ખાલી છે. પોતાના સ્વરૂપમાં જે અનંત જ્ઞાન આનંદ છે એનાથી તો દૃષ્ટિમાં ખાલી છે. સમજાણું કાંઈ? એટલે લક્ષ્મીથી રહિત છે. એટલે ભિખારી છે. પ્રેમચંદભાઈ! ભારે વાત ભાઈ આ. એવા પુણ્ય ને પાપ, હરખ અને શોકના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ભાવ વરાકા ચૈતન્યલક્ષ્મીના અનાદર કરનારા, પોતાના સ્વભાવના સામર્થ્યને નહિ માનનારા એ વિકારના કરનારા અધો.. અધો... અધો.. અધો જાય છે. અને કર્તા એ થાય છે કહે છે. અને ઊર્ધ્વ-ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અનંત બેહદ લક્ષ્મી આનંદ અને જ્ઞાનની મારી પાસે છે, હું એ છું. એવી દૃષ્ટિ થઈ પછી સાધારણ ભિખારીના પરિણામ જે રાગાદિ એને કરતો નથી. થાય તેનો જાણનાર-દેખનાર રહે છે. કહો, સમજાણું કાંઈ?

અહીં કહે છે કે આત્મામાં એવો ગુણ છે અભોક્તૃત્વ, એનો ગુણ છે કે એ હરખ-શોકને ન ભોગવે એવો ગુણ છે. કર્મના નિમિત્તથી થતી વૃત્તિઓ જે હરખ-શોક.. હરખ-શોક... આમ હરખ આવી જાય છે ને હરખ? અને પ્રતિકૂળતા આવે તો શોક આવી જાય. એ હરખ-શોકને ન ભોગવવું એવો એનો ગુણ છે. એ એનું સામર્થ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? એને આત્મા આવો માન્યો કહેવાય. હરખ-શોકને ન ભોગવે અને હું તો શુદ્ધ ચૈતન્ય છું એવી સ્વરૂપલક્ષ્મીને અંતર ભોગવે એ બાદશાહ છે, રાજા છે, રાજયતે શોભે છે અને એ પૂર્ણ લક્ષ્મીનો વારસાદાર છે. એય.. ધરમચંદજી! આવું? ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

તેથી ૨૨માં એમ કહ્યું '**સમસ્ત, કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા પરિણામોના અનુભવના ઉપરમસ્વરૂપ અભોક્તૃત્વશક્તિ.**' ભગવાન આત્મા..! જુઓને! વ્યવહારનો અભાવ કહ્યો એમાં. જ્ઞાનીને જરી રાગ હરખ-શોકનો અનુભવ છે એને ગૌણ કરી, એને વ્યવહાર કરી, એને નથી કહીને એનામાં અનુભવ એનો નથી. સમજાણું કાંઈ? આહાહા..! સમ્યગ્દર્શનમાં આત્માના ભાનમાં આનંદના અનુભવ આગળ કહે છે કે કાંઈક સમકિતીને હજી રાગ હરખ-શોક છે વૃત્તિઓ પોતાને, પણ એને અહીંયાં ગૌણ કરી નાખ્યો. મુખ્ય અધિકપણું આનું લીધું. અધિકપણું લેતા એને ગૌણ કરીને વ્યવહાર કરીને 'નથી' (કહ્યું). કેમકે એનામાં એને ભોગવવાનો ગુણ નથી માટે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે ધર્મ ભાઈ આવો. ઓલા તો કહે ભાઈ! દયા કરો, દાન કરો, વ્રત કરો, પૈસા ખર્ચો કાંઈક લ્યો ને બબ્બે-પાંચ-દસ લાખે. ધર્મ થશે. ધૂળમાંય ધર્મ નથી સાંભળને હવે.

મુમુક્ષુ :- આદ્ય છે એ તો.

ઉત્તર :- આદ્ય છે. વળી ઓલો આદ્ય કહે છે એક જણો. હેરાન થઈશ ભાઈ! નુકસાન થશે તને. બાપુ! તારી ચીજમાં (છે) એનું તને માહાત્મ્ય નથી આવતું. રાગનું માહાત્મ્ય આવે છે, વ્યવહારનું માહાત્મ્ય આવે છે.

અહીં તો કહે છે, વ્યવહારનો અહીંયાં અભાવ છે. વ્યવહારના શુભરાગના કર્તૃત્વનો પણ અભાવ છે અને રાગના હરખનો અનુભવનો અભાવ છે. સમજાણું? કાંઈક પરિણમન છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



રાગાદિનું, હરખનું એને ગૌણ કરી નાખ્યું. અધ્યાત્મની પ્રધાન દૃષ્ટિમાં એકપણાનો જ ભોક્તા છે, બેનો ભોક્તા નથી એમ સિદ્ધ કરવું છે. આહાહા..! જેની કોર વળ્યો છે અને જેની કોર ઢળ્યો છે અને જેની વૃદ્ધિ અને ઉત્પત્તિ અને વૃદ્ધિ થાય છે એનો એ ભોક્તા છે. રાગાદિ હરખ આદિ હીણા પડતા જાય છે, ખસતા જાય છે, ટળતા જાય છે. એનો એ ભોક્તા નિશ્ચયદૃષ્ટિમાં નથી. કહો, સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ આ. એ ૨૨મી શક્તિ કીધી.

હવે ૨૩મી એથી ઝીણી છે. '**સમસ્ત કર્મના ઉપરમથી પ્રવર્તતી આત્મપ્રદેશોની નિષ્પંદતાસ્વરૂપ...**' (અકંપતાસ્વરૂપ)... અજોગસ્વરૂપ છે આત્મા. કંપન્ન એના સ્વરૂપમાં નથી એમ કહે છે. આહાહા..! અહીં તો શક્તિ એકસાથે ઉછળે છે એમ લેવું છે ને? ઓલી નિષ્કંપતા ત્યારે પ્રગટશે એમ નહિ. સમજાણું કાંઈ? પ્રગટી છે. નિષ્કંપતા જ પ્રગટી છે. નિષ્કંપ એનો ગુણ છે, નિષ્કંપતા પર્યાયમાં પરિણમી ગઈ છે. ભાઈએ લીધું છે ને? આસ્રવ અધિકારમાં નહિ જયચંદ્ર પંડિતે લીધું છે કે એને બંધ નથી. જ્ઞાનીને બંધ નથી એના અર્થમાં લીધું છે. તે પ્રકારનું મિથ્યાત્વ ગયું, તે પ્રકારનો અવ્રત ગયો, તે પ્રકારનો યોગ પણ ગયો છે. એમ છે અર્થમાં-ભાવાર્થમાં. આસ્રવ અધિકારમાં. સમજાણું કાંઈ?

વાત એવી છે કે આ આત્મા છે એ મહાપ્રભુ છે. ભાઈ! તને ખબર નથી. જેમાં આ અનંતી જગતની લક્ષ્મી છે ને એક સમયે બધી આખી દુનિયાની એને એક સમયે જાણવાના સ્વભાવવાળો એ છે. અહીં એ કહે છે. અહીં જાણવું કરે છે એ ઉપરાંત અતિરેક કરે છે કે મારા, એ એની મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? ૨૫ છોકરા હોય. હવે એ તો જાણે છે ને. જાણનાર જાણે છે. એમાંથી આ મારા એ ક્યાંથી આવ્યું?

મુમુક્ષુ :- એના છે.

ઉત્તર :- ક્યાં હતા પણ એના? હતા કે દી એના? ૨૫ છોકરાઓ લાઈનમાં ઊભા હોય. આમ જાણે. આત્મા તો જ્ઞાન છે એટલે જાણે છે કે છે. બસ એટલું. હવે છે એ ૨૫ છે એ મારાથી પૃથક્ છે એમ જાણે. એમાં વળી લક્ષ કર્યું કે આ મારા, આ મારા છે. હમણાં રળાઉ થયો છે, પૈસા વધ્યા છે, બે કરોડ, પાંચ કરોડ થયા છે. એ આવ્યું ક્યાંથી? કહે છે. એ તો છે નહિ વસ્તુમાં. એ ચીજમાં પણ નથી. એ ચીજ તો જ્ઞેય છે. એઈ.. જાધવજીભાઈ! ભારે વાત!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- છેલ્લી નહિ પહેલી. અહીં તો હજી ધર્મની શરૂઆતના પહેલા એકડાની વાત છે.

અહીં જુઓને નિષ્કંપ થશે ત્યારે નહિ. અત્યારે નિષ્કંપ છે. કંપપણું એ ઉદયમાં જાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. એ આત્માના સ્વભાવની પરિણતિમાં આવતું નથી. આહાહા..! જુઓને કેવી શૈલી લીધી છે! અનંત જ્યાં જ્ઞાન ઉછળ્યું. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આનંદ છે, એમ જ્યાં ભાન થતાં એ જ્ઞાનની પર્યાય પ્રવર્તી ભેગી આનંદની આવી, ભેગી રાગના અકર્તાપણાની પરિણમી, હરખના અભોક્તાપણાની પરિણમી એટલે નહિ ભોક્તાની એટલે આનંદના ભોક્તાપણાની આવી. એમ ભેગી નિષ્કંપ પર્યાય સાથે પરિણમી છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**સમસ્ત, કર્મના ઉપરમથી...**' બધા કર્મના અભાવસ્વરૂપરૂપ પ્રવર્તતી વર્તમાન '**આત્મપ્રદેશોની નિષ્પંદતાસ્વરૂપ...**' એનો ગુણ છે એવો નિષ્કંપ. જોગનો અભાવ એનો એનો ગુણ છે. કંપન્ન થવું એવો એનામાં ગુણ નથી. સમજાય છે કાંઈ? એનામાં નિષ્કંપ આત્મામાં નિષ્કંપ એવો ગુણ છે. આ તો આ ગુણ લે છે હોં. ઓલી ભાવ ક્રિયાવર્તીશક્તિનું અહીં અત્યારે કામ નથી. તેમ ઓલી નિષ્ક્રિયાણી ત્રણ ગતિ, ચાર દ્રવ્યો છે ને નિષ્ક્રિય? પ્રતિકર્તા એ અહીં કામ નથી.

અહીં તો કંપન્ન થાય છે, અભોક્તા અને અકર્તા લીધું, એમાં ઓલું કંપન્ન થાય (એ નહિ), નિષ્કંપ એનો સ્વભાવ છે. આત્મામાં નિષ્કંપ-બધા કર્મનો અભાવ અને એને કારણે આત્મા.. કારણ કે વસ્તુમાં એકેય કર્મ ક્યાં છે? સમજાણું કાંઈ? તેમ કર્મના નિમિત્તે શુભાશુભ પરિણામ એ પણ આત્મામાં ક્યાં છે? આહાહા..! એમ આત્મામાં બધા કર્મના અભાવથી પ્રવર્તતી ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય અનંતગુણ સંપન્ન, એની અંતર દૃષ્ટિ થતાં એની પર્યાયમાં બધા કર્મના અભાવસ્વરૂપ નિષ્કંપન્નરૂપ પરિણમન છે. એ જ્ઞાનીનું પરિણમન નિષ્કંપ છે. કંપ જરી જે છે એ એના જ્ઞાનમાં ખતવાતું નથી. આહાહા..! એય..!

એકવાર ઓલી વાત થઈ હતી. (સંવત) ૧૯૯૫માં એક સાધુ હતા ને. તમે ક્રિયાવર્તી.. પણ ક્રિયા તો ત્યાં સુધી હોય છે. તેરમા, ચૌદમાં .. આવે છે ને? સૂક્ષ્મક્રિયા પ્રવૃત્ત. ... ક્રિયા, આમાં ... ક્રિયા. શુકલધ્યાનના બે પાયા. ભાઈ! એ બીજી વાત છે. અહીં તો પહેલેથી એ ક્રિયાના અભાવસ્વરૂપ નિષ્કંપ છે. ચૌદમે થાશે એ ત્રીજો પાયો ને ચોથો પાયો, એ તો પર્યાયની પૂર્ણતાનો પ્રસંગ છે ત્યાં. સમજાય છે? પણ અહીં તો જેમ રાગનો અભાવ બારમે થશે કે .. થશે, છતાં અહીં તો પહેલેથી રાગનો અભાવ થયે દૃષ્ટિમાં અને પરિણતિમાં, ત્યારે તે આગળ તદ્દન અભાવરૂપે પરિણમે છે. સમજાણું કાંઈ?

આત્મા આત્મા એને કહીએ કે જેમાં જ્ઞાન ને આનંદ ભરેલા છે, શાંતિ છે, નિષ્કંપતા છે, અકર્તા-અભોક્તા છે. એવો આત્મા પોતાના આત્માનો સ્વભાવ એવો છે એમ સ્વીકાર થતાં તેના નિષ્કંપ ગુણનું પરિણમન વર્તમાનમાં આઠેય કર્મનો અભાવ, શુભાશુભનો અભાવ અને કંપન્નનો પણ અભાવ. સમજાણું કાંઈ? જુઓ આ વાત. આહાહા..! '**સમસ્ત, કર્મના**

**ઉપરમથી...**' એટલે નાશથી એટલે અભાવથી '**પ્રવર્તતી...**' એ નાશ જ છે એમાં. કર્મનો અભાવ જ છે. સમજાણું? '**આત્મપ્રદેશોની નિષ્પંદતા...**' નિષ્કંપપણું. ભગવાન અડોલ અજોગ સ્વભાવે પરિણમે છે. આહાહા..! જોગ તો તેરમા સુધી છે. ચૌદમે હજી તો ... ક્રિયા, ... ક્રિયા .. એવું આવે છે. સાંભળને! એ તો અમુક જાતની ક્રિયાની જે અસ્થિરતા હતી, યોગના અભાવરૂપ પર્યાયનું પ્રગટપણું પૂર્ણનું બતાવે છે. અહીં તો એ ક્રિયાનો વિકલ્પ જે અસ્થિરતા કંપન્ન છે એ સ્વરૂપમાં નથી. એ દ્રવ્યમાં નથી, ગુણમાં નથી અને પર્યાયમાં નથી. આહાહા..! એવો આત્મા એને આત્મા કહીએ. કંપન્નસ્વરૂપ છે એને આત્મા કહીએ? કંપન્ન તો વિકાર છે. સમજાણું કાંઈ? કહો, છગનભાઈ! આવું ભારે! માણસ કહે, આવું તો ભાઈ અમે ભગવાન જૈન વીતરાગ માર્ગમાં આવું સાંભળતા નહોતા. આવું કરવું, આમ પાળવું, આમ કરવું. એય.. મોહનભાઈ! આહાહા..!

ભાઈ! આ કંપન્ન છે ને જરી પ્રદેશોનું? એ કંપન્ન એ તારી ચીજ નહિ. જેમ રાગ તારી ચીજ નહિ, હરખ તારી ચીજ નહિ, શોક તારી ચીજ નહિ એમ કંપન્ન તારી ચીજ નહિ, પણ જેમ રાગથી રહિત, રાગના કર્તાથી રહિત, હરખના ભોક્તાથી રહિત અથવા રાગના અકર્તાપણું, હરખનું અભોક્તાપણું એમ અકંપપણું એ આત્માનો સ્વભાવ છે. એવો એનો ત્રિકાળી ગુણ છે અંદર. સમજાણું કાંઈ? ભારે વાત! શક્તિઓનું વર્ણન અજબ છે!

'**સમસ્ત કર્મના ઉપરમથી...**' સમસ્ત કર્મના ઉપરમથી. કર્મ જ જ્યાં વસ્તુમાં નથી, કર્મનો તો અભાવ છે. આઠેય કર્મના અભાવસ્વભાવરૂપ આત્મા છે. કે આઠેય કર્મના સદ્‌ભાવરૂપ આત્મા છે? અત્યારે હોં! આહાહા..! અને એ કર્મના નિમિત્તે થતું કંપન્ન એના અભાવસ્વરૂપ છે આત્મા. સમજાણું કાંઈ? '**સમસ્ત કર્મના...**' નિવર્તનથી પ્રવર્તતી. એના નિવર્તનથી પ્રવર્તતી. '**આત્મપ્રદેશોની નિષ્પંદતાસ્વરૂપ (-અકંપતાસ્વરૂપ)...**' પર્યાય અકંપ, દ્રવ્ય અકંપ, ગુણ અકંપ, બધા ગુણો અકંપ. જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, ચારિત્ર, અસ્તિત્વ વગેરે. બધા ગુણો અકંપ, દ્રવ્ય અકંપ, ગુણો અકંપ, પર્યાય અકંપ. સમજાણું કાંઈ? એવો એનો ગુણ છે અને એ ગુણનો ધરનાર જે આત્મા એ આત્માની અંતર એકાગ્ર થતાં, એનો અનુભવ કરતાં અકંપપણાનો અનુભવ તે પર્યાયનો છે. કંપપણું તેના અનુભવમાં નથી. કંપપણું તેના અસ્તિત્વમાં નથી. આહાહા..! કહો, દાસ! આને આત્મા કહીએ. આમ તો બધા આત્મા આત્મા કરે છે. પરમેશ્વર સર્વજ્ઞદેવ કેવળજ્ઞાની તીર્થંકરદેવે આવા આત્માને આત્મા કહ્યો છે. સમજાણું કાંઈ? કંપન્ન હોય તેને આત્મા કહેતા નથી. રાગને આત્મા કહેતા નથી, પુણ્યને આત્મા કહેતા નથી, શરીરને આત્મા કહેતા નથી. પણ કંપનને ભગવાન આત્મા કહેતા નથી. કેમકે એ અનાત્મસ્વરૂપ છે કંપવું એ. આહાહા..! સમજાણું કાંઈ? આ બધા કરી દઈએ બધાના. બહુ હુશિયારીથી

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કરી દે બધાના. ધૂળેય નથી. મફતનો મિથ્યાત્વભાવને સેવે છે અને આત્માની ગતિ હલકી થાય છે તને, બાપા!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. છે ને એમાં આવ્યું હતું ને. વાંચ્યું હતું ને કો'કે? કો'કે વાંચ્યું હતું. ક્યા કળશમાં? સવારમાં ને? સવારમાં આવે છે ઈ. શું આવે છે ઈ? મોક્ષ પછી આવે છે. નહિ? કળશ હતો એમાં આવે છે ને? એના પહેલા આવશે. બહિર્લુઠન્તિ તો હજી હવે આવશે. નહિ? ... ઓલા શબ્દ આવ્યા હતા. (સમયસાર નાટક, સર્વવિશુદ્ધ દ્વાર, પદ-૧૦). '**હૃદયનો અંધ અજ્ઞાની જીવ મિથ્યાત્વથી વ્યાકુળ થઈને મનમાં અનેક પ્રકારના જૂઠા વિકલ્પો કરે છે અને એકાંત પક્ષનું ગ્રહણ કરીને આત્માને કર્મનો કર્તા માની નીચ ગતિનો પંથ પકડે છે.**' એમાં છે લ્યો.

અહીં તો કહે છે કે વ્યવહાર સમકિતી અને વ્યવહાર ચારિત્ર પાળનાર-બાહ્ય ક્રિયા, એ પણ કહે છે કે અમે આ કરનારા છીએ, આ રાગના કર્તા છીએ અને આ પુણ્યની ક્રિયા અમે કરીએ, દયા, દાનની અમે કરીએ. કહે છે, એ નિશ્ચય સમકિતથી ભ્રષ્ટ નીચ ગતિનો પંથ પકડે છે. આહાહા..! કહો, સમજાણું? એનો અર્થ કર્યો છે. મૂળ તો ... '**ગહિ એકંત પક્ષ આતમકૌ, કરતા માનિ અધોમુખ ધાવત.**' લ્યો! છે એમાં શબ્દ હોં! અધોમુખ.

**જ્યૌં હિય અંધ વિકલ મિથ્યાત ધર,**
**મૃષા સકલ વિકલપ ઉપજાવત.**
**ગહિ એકંત પક્ષ આતમકૌ,**
**કરતા માનિ અધોમુખ ધાવત.**

બેયમાં છે લ્યો!

કહે છે કે ભગવાન આત્મા ઊર્ધ્વગામીનો એનો સ્વભાવ છે. આહાહા..! ચૈતન્ય ભગવાન નિષ્કંપ એનો ગુણ છે. રાગરહિત છે, વિકારરહિત છે, હરખ-શોક રહિત છે, પણ એનામાં કંપન્ન રહિત એનો સ્વભાવ છે, એવો અનાદિ ગુણ છે. એ ગુણનો ધરનાર આત્મા, એને અનુભવતાં એ અકંપ-નિષ્કંપનું પરિણમન પર્યાયમાં આવી ગયું. દ્રવ્યમાં છે, ગુણમાં છે અને પર્યાયમાં આવી ગયું. નિષ્કંપ ગુણ અસંખ્ય પ્રદેશમાં વ્યાપ્યો છે. નિષ્કંપપણું અસંખ્ય પ્રદેશમાં અત્યારે વ્યાપ્યું છે. એ યોગનું કંપન્ન જરી રહ્યું તે અહીં ગણવામાં આવતું નથી. એ ત્યાંથી પછી કહેશે ... ક્રિયાથી નિવૃત્તિ અને ફલાણાથી નિવૃત્તિ. સમજાણું કાંઈ? અહીં આવો શેઠી! પાંચ ડિગ્રી તાવ થઈ ગયો હતો. કહો, સમજાય છે કાંઈ? ભારે વાત! આહાહા..!

શરીર એનું નહિ, કર્મ એના નહિ, પૈસા એના નહિ, બાયડી-છોકરા (એના) નહિ, દેશ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એના નહિ. રાગ એનો નહિ, હરખ-શોક એનો નહિ, આ કંપન્ન એનું નહિ. આરે..આરે..! આહાહા..! ... લીધું છે. અભોક્તા પછી એ લીધું. કંપન છે થોડું એને ગૌણ કરી દઈ અને મુખ્યપણે અકંપ ગુણ ભગવાન આત્માનો છે એને મુખ્ય દૃષ્ટિમાં લેતા એની અધિકતા થઈ ગઈ. અધિકતા થઈ ગઈ એટલે નિષ્કંપ એ એની પરિણતિ છે. જોગનું કંપન એ આત્માનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? વ્યવહારમાં ગયું. પછી વ્યવહાર પૂર્ણ શુદ્ધ થશે પછી આગળ. તદ્દ્ન.. ક્રિયા, ... ક્રિયા નિવૃત્ત થશે ચૌદમે. અહીંથી નિવૃત્ત થયો છે ત્યારે ત્યાંથી નિવૃત્ત થશે એમ કહે છે. સમજાણું કાંઈ? પહેલેથી જ રાગથી, હરખ-શોકથી, કર્તા-ભોક્તા નહિ એવો અહીંથી શરૂ થયો છે અને તેથી કંપન્ન હું નહિ, નિષ્કંપ છું એ કંપ વિનાનું અહીંથી જ શરૂ થયું છે. શરૂ થતાં એની પર્યાયમાં નિષ્કંપની પૂર્ણતા ચૌદમે થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! શરૂઆત અહીંથી થઈ છે ત્યારે ત્યાં પૂર્ણ થાય છે. શરૂઆત થઈ એમાં બાકી રહેલું છે કંપવું આત્મામાં એને ગૌણ કરી નાખી યોગનું કંપન્ન, યોગનું કંપન જીવનું નહિ. યોગનું કંપન આત્માનો ગુણ નહિ, આત્માની પર્યાય નહિ. આત્માની પર્યાય નહિ. સમજાણું કાંઈ? એવા આત્મપ્રદેશો એનું નિષ્કંપપણે અંદર પરિણમવું, એવો સમ્યગ્દૃષ્ટિએ આત્માને જાણ્યો, માન્યો એમાં નિષ્કંપરૂપ પરિણમન એનું ગણે છે. કંપનરૂપ પરિણમન એ આત્માનું છે નહિ. આહાહા..! ભારે! એ ૨૩મી થઈ.

એ અર્થ કર્યો છે એ ખોટો છે. અભાવ થાય ત્યાં એ અભાવ થશે, અહીં આટલું થયું શરૂઆત છે એટલે તદ્દ્ન નિષ્ક્રિયતાનું પરિણમન પૂર્ણ ચૌદમે થશે. સમજાણું કાંઈ? .. અશુદ્ધતા આત્માની નથી? ભાઈ! છે. સાંભળ તો ખરો! અશુદ્ધ આત્માનું નથી? રાગ આત્માનો નથી? ઓલો રાડ પાડે છે દિલ્હીવાળો. કુંદકુંદાચાર્યનો દાખલો બતાવો કે અશુદ્ધતા આત્મા કરતો નથી. કરવું એ અશુદ્ધતા આત્માનું સ્વરૂપ નથી. અરે.. ભાઈ! તેં સાંભળ્યું નથી. ભગવાન! અશુદ્ધતા તો આત્માની પર્યાયમાં છે, કંપન્ન છે, પણ જેની દૃષ્ટિ અશુદ્ધ અને કંપન્ન ઉપર છે એને છે. જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર આત્મા જ્ઞાયક ચૈતન્ય છે, દ્રવ્યદૃષ્ટિવંત સમકિતી છે એની પર્યાયમાં અશુદ્ધતા પણ નથી અને કંપન્ન પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવો ભગવાન આત્માનો ગુણ છે. ગુણ હોય એનું પરિણમન કાર્ય એવું આવે. નિષ્કંપ ગુણ છે તો પર્યાયનું કાર્ય નિષ્કંપપણે આવે. નિષ્કંપ ગુણ છે અને પરિણમન કંપનું આવે એમ હોઈ શકે નહિ. આહાહા..! શું કર્યું છે ને!

નિષ્ક્રિયત્વશક્તિ છએ કારકોથી પરિણમી રહી છે પોતાથી, કહે છે. એને કોઈની જરૂર નથી. કર્તા નિષ્ક્રિય તેનો પરિણમનનો કર્તા પોતે ગુણ છે એનો પોતાનો. સાધન પણ પોતે નિષ્કંપપણે થવું એ જ એનું સાધન છે. કંપપણું થવું એ સાધન આત્માનું છે જ નહિ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આહાહા..! સમજાણું? જો આવું ન હોત તો કંપપણું સદાય રહેત. ઉપરથી એમ ઓલાએ લીધું છે ને. આ નથી લીધું એમાં. સમજાણું કાંઈ? પણ જો નિષ્કંપપણું એનો ગુણ ન હોય તો કંપપણું સદાય રહે અને કંપપણું સદાય રહે એટલે શુદ્ધતા કોઈ દી આવે નહિ. સમજાણું કાંઈ? ભારે ધર્મની વાત આવી. આમાં શું કરવું એને સૂઝ પડતી નથી.

કરવું એ કે આત્મા જે અનંતગુણવાળો છે એની ઉપર આદરદૃષ્ટિ કરવી. એ એને કરવાનું છે. સુખી થવું હોય ને દુઃખનો નાશ કરવો હોય તો એ કરવાનું છે. કહો, સમજાણું કાંઈ? ભગવાન આત્મા પહેલો જેવો છે એવો એણે જાણવો જોઈએ. જાણીને પછી સ્વરૂપ તરફની અંતર દૃષ્ટિ કરતાં જે આત્માની શુદ્ધ દશા થાય તે સુખી, તે ધર્મી, તે લક્ષ્મીવાળો, તે બાદશાહ, તે ભગવાનનો પુત્ર. કહો, ભગવાનજીભાઈ! કહો, ખેતશીભાઈ! આ તો અત્યારે બધા પૈસાવાળા હો..હા..હા... શું પણ કર્મી જાગ્યા છે ને. એમ કહે છે ને? કર્મી જાગ્યા એમ કહે છે ને? કર્મ કરનારા પાક્યા એમ. કર્મી જાગ્યા છે. ધર્મી નહિ. ભાઈ! અમારા છોકરા કર્મી જાગ્યા છે. ડાહ્યા છે. છ-છ છોકરા એય મોટા લાંબા પાંચ પાંચ હાથના. રામજીભાઈના છોકરા છે. રામજી કામાણી. છોકરો આવ્યો હતો. બબ્બે કરોડના સંચા. ત્યાં ગયા હતાને જયપુર. જયપુર છે ને સંચો? શેઠી! એ સંચો છે રામજીભાઈનો. બહાર આઠ માઈલ છેટે. એક ફેરી લઈ ગયા હતા એ મોટરમાં. સંચો એક પણ આખા હિન્દુસ્તાનમાં નથી એવો. ઓલા કાઢે છે ને રેલના મોટા થાંભલા. રેલના થાંભલા કાઢે. બે કરોડના થાંભલા કાઢે. દસ કરોડના કાઢવા છે. મહારાજના પગલા થયાં બે હજાર રૂપિયા મૂક્યા. બે કરોડના કાઢીએ છીએ, દસ કરોડના કાઢવા છે. લ્યો, આ કેવું મોટું. સંચો બીજી જાતનો સંચો. ઊંચો. સંચો ઊંચો એક. ઉપરથી કાઢે થાંભલાને. બે કરોડના તો એક વર્ષે થાંભલા કાઢે છે. એક ઠેકાણે હોં. એવા સંચા તો બીજે ઘણા સંચા અને ઘણા મોટા. છ છોકરા મોટા. કહો, એ છોકરાને એમ કરીને કાંઈક કર્મી કહેવાય કે નહિ? કર્મી એટલે પાપ કરે એ કર્મી એમ કહે છે અહીં તો.

ભગવાન આત્માને પાપ અને પુણ્ય નથી, કંપન નથી એવા આત્માને સ્વીકારીને ધર્મ કરે તે ધર્મી, તે અકર્મી છે. એય.. ...ભાઈ! એ અકર્મી. દુનિયા એને (ધર્મીને) કહે કે આ અકર્મી જાગ્યા. અકર્મી એ છે-ધર્મી અકર્મી છે, પાપી કર્મી છે. એય.. ભગવાનભાઈ! શું હશે આ? આહાહા..! ભારે વાત કરી. નિષ્ક્રિયત્વ શક્તિ-નિષ્ક્રિયપણું. એમ. નિષ્ક્રિયપણું. ત્વ છે ને? એનો ગુણ છે ને? આત્મામાં નિષ્ક્રિયત્વ ગુણ છે-શક્તિ છે-સામર્થ્ય છે. એ ૨૩ શક્તિ કીધી.

૨૪મી. ૨૪મી. ક્રમે ક્રમે વર્ણવાઈ છે. છે ગુણ એકસાથે આત્મામાં. **'જે અનાદિ સંસારથી માંડીને સંકોચવિસ્તારથી લક્ષિત છે અને જે ચરમ શરીરના પરિમાણથી કાંઈક ઊણા**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**પરિમાણે અવસ્થિત થાય છે એવું લોકાકાશના માપ જેટલા માપવાળું આત્મ-અવયવપણું...**' એટલે આત્માના અવયવ છે-પ્રદેશો. જુઓ ખુબી! જેમ શરીરના અવયવો છે ને આ? હાથ, પગ ને આંગળા જડના. એમ આત્માના અવયવો અસંખ્ય પ્રદેશ છે. આત્મા અવયવી-અંગી છે અને એના અસંખ્ય પ્રદેશ એના અંગ-એના અવયવ છે. સમજાણું કાંઈ? આ એના અંગ નહિ. આત્માના આ અંગ નહિ. પુણ્ય-પાપના ભાવ એના અંગ નહિ. સમજાણું કાંઈ? અંગ નહિ. પ્રદેશ એના નહિ. એના પ્રદેશ નહિ, એના અવયવ નહિ.

ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશ છે નિર્મળ શુદ્ધ, એ એના અવયવ છે. ભગવાન આત્મા અવયવી છે. અવયવનો આખો ધરનાર તે અવયવી છે, આ એના અવયવ છે. જુઓ અહીં સિદ્ધ કરે છે આવો આત્મા. એવો આત્મા સર્વજ્ઞ સિવાય બીજે હોઈ શકે નહિ. આમ તો આત્મા-આત્મા બધા કરે પણ આવો આત્મા અનાદિના આવા આત્મા છે. લોકોને ખબર ન મળે અને પછી નિશ્ચયની વાતું આવે ને એટલે આહાહા..! આ તો આપણે મહારાજ કહે છે એવી વાત છે આ. ઓલા રજનીશની અને ઓલા ફલાણાની ઢીકણાની વાતું. ગપે ગપ છે. સાંભળને! ભાન ન મળે. આવ્યા છે કે નહિ? આવવાના છે. ગપે ગપ મારનાર છે. સર્વજ્ઞના માર્ગથી, આત્માના તત્ત્વથી તદ્દ્ન વિરુદ્ધ વાત. સ્વ કલ્પિત તદ્દ્ન ખોટી વાત. સમજાય છે કાંઈ?

આત્મા આવો છે. વળી આવો છે એ શ્રદ્ધા છે કે નહિ? શ્રદ્ધા અને અશ્રદ્ધા બેય કાઢી નાખો. આવે છે ને શાસ્ત્રમાં? દર્શન-જ્ઞાન, ચારિત્ર બેય કાઢી નાખો. વ્યવહાર.. એય..! વ્યવહારથી જ્ઞાન-દર્શન-ચારિત્ર કીધા છે. નિશ્ચયમાં છે નહિ. અરે..! કઈ અપેક્ષાએ સાંભળ તો ખરો. એ .. ઓથ લઈને વાતું કરે છે. જુઓ! શાસ્ત્રમાં કહ્યું છે કે જ્ઞાન, દર્શન, ચારિત્ર એ પણ જ્ઞાનીને વ્યવહારથી કહેવાય છે. જ્ઞાનીને છે નહિ. એ તો અખંડાનંદ એકરૂપ તે આત્માનું સ્વરૂપ છે. પણ જ્ઞાન દર્શનના ભેદ નથી એમ કહે છે. અંદરમાં તો બધાય ગુણો છે. અનંતા બધા ગુણોની વાત ચાલે છે આ. સમજાણું કાંઈ? એ આત્મામાં અભેદરૂપે અનંતા ગુણો છે. આ ગુણ ભિન્ન પાડવો કે આ ગુણ છે અને આવો ગુણ છે એવા ભિન્ન પડતા નથી. કારણ કે વસ્તુ અભેદ છે ને? પણ અભેદમાં ઓલા ગુણો નથી ભેદરૂપે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'જે અનાદિ સંસારથી માંડીને સંકોચવિસ્તારથી લક્ષિત...**' સંકોચ-વિકાસ થાય છે ને? છે પ્રદેશ તો એટલા ને એટલા. નિગોદમાં હોય તોપણ અસંખ્ય પ્રદેશી અને હજાર યોજનનું માછલું થાય જીવ તોપણ અસંખ્ય પ્રદેશી. એ પહોળા સંકોચવિકાસ થાય. સંકોચવિકાસ. જેમ આ મોટું કપડું હોય ને, જુઓને. આમ મોટું પહોળું પાથરે તો વિકાસ થઈ ગયો, પાછું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આમ સંકેલે તો સંકોચ કહેવાય. એમ ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી ચાદર છે. અસંખ્ય પ્રદેશી તાણાવાણાની ચાદર છે. ચાદર કબીરમાં એક આવે છે. સમજાણું કાંઈ? ચાદર મારી.. એમ કરીને કંઈક આવે છે. પણ ચાદર આ. અસંખ્ય પ્રદેશ. એક પરમાણુ જેટલામાં રોકે એને એક પ્રદેશ કહીએ, અસંખ્ય પ્રદેશી પોતાનું ક્ષેત્ર છે. એ અસંખ્ય પ્રદેશ સંસારમાં અનાદિથી સંકોચવિસ્તાર (પામે છે). નિગોદમાં જાય તો અસંખ્ય પ્રદેશ સંકોચાય. અસંખ્ય પ્રદેશ તો એટલા ને એટલા (રહે). અને હજાર યોજનનું માછલું થાય સ્વયંભુરમણસમુદ્રમાં. અનંત વાર માછલું થઈ આવ્યો એ. સ્વયંભુરમણસમુદ્રમાં માછલું અનંતવાર થયો દરેક જીવ. અને નિગોદમાં પણ અનંત વાર પહેલો નિત્યનિગોદમાં અનંત વાર રહ્યો. એના અસંખ્ય પ્રદેશ સંકોચાણા છે ત્યાં, ઓલામાં વિકાસ (પામ્યા).

'**અનાદિ સંસારથી માંડીને સંકોચવિસ્તારથી લક્ષિત છે...**' એટલી વાત છે. સંકોચવિસ્તારથી લક્ષિત. એમ. પણ વસ્તુ તો અસંખ્ય પ્રદેશી છે એમ સિદ્ધ કરવું છે હોં! '**અને જે ચરમ શરીરના પરિમાણથી કાંઈક ઊણા પરિમાણે...**' સિદ્ધ જ્યારે થાય છે ત્યારે છેલ્લું શરીર હોય છે એનાથી થોડું જરી ઊણું (રહે) આ માથાનો ભાગ. એ '**ચરમ શરીરના પરિમાણ...**' એટલે માપ. છેલ્લા શરીરના માપથી '**કાંઈક ઊણા પરિમાણે...**' એટલે માપ. એવા '**અવસ્થિત થાય છે..**' ત્યાં સ્થિત થઈ જાય છે. સિદ્ધમાં અસંખ્ય પ્રદેશી આત્મા સ્થિત છેલ્લા શરીરના પ્રમાણ (રહે છે). પણ શરીરના પ્રમાણમાં છે માટે શરીરને કારણે થાય છે એમ નહિ. સમજાણું કાંઈ? ત્યાં પણ વાંધા ઉઠાવે. લ્યો, એટલું તો શરીર પ્રમાણે એને રહેવું પડ્યું ને સિદ્ધમાં. એય..! એને લઈને નહિ, એનો સ્વભાવ જ એવો છે. '**કાંઈક ઊણા પરિમાણે અવસ્થિત થાય છે...**' એવો જ એનો સ્વભાવ છે. શરીરને કારણે નહિ. શરીર છેલ્લું હતું માટે એને કારણે એટલા પ્રમાણમાં અસંખ્ય પ્રદેશ રહી ગયા સંકોચીને એમ નથી. આહાહા..! અહીં તો સંકોચવિસ્તારનો છેલ્લો નકાર કરે છે જુઓને! પહેલો સંકોચ-વિકાસ લીધો.

'**ચરમ શરીરના પરિમાણથી કાંઈક ઊણા પરિમાણે અવસ્થિત થાય છે એવું લોકાકાશના માપ જેટલા...**' જેટલો લોક છે ને ચૌદ બ્રહ્માંડ? એમાં જેટલા આકાશના પ્રદેશ છે એટલા '**માપવાળું આત્મ-અવયવપણું...**' એટલા આત્માના અવયવ છે. ઝીણું છે આ. સમજાણું કાંઈ? લોક છે ને ચૌદ રાજૂ લોક. એમાં આકાશ વ્યાપક છે, એક આકાશ. એ આકાશના પ્રદેશો જેટલા લોકના છે અસંખ્ય, એટલા એક જીવના પ્રદેશ છે. સમજાણું કાંઈ? એ આવે છે ઓલામાં તમારે. જૈનસિદ્ધાંત પ્રવેશિકામાં નથી આવતું? ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશ અને એક જીવ. લોકઆકાશ, ધર્માસ્તિ, અધર્માસ્તિ અને એક જીવ. ચારના સરખા

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પ્રદેશ છે એમ આવે છે. છોકરા શીખ્યા છે ને ક્યાંક? ક્યાંથી આવ્યું આ? આવે છે ઓલા જૈનસિદ્ધાંત પ્રવેશિકામાં. એક ધર્માસ્તિકાય અરૂપી છે અને લોકપ્રમાણે એના પ્રદેશ અસંખ્ય છે, એક અધર્માસ્તિ છે લોકપ્રમાણે એના પ્રદેશ અસંખ્ય, આકાશના પ્રદેશ લોકના છે તે અસંખ્ય. આમ તો અંનત છે બધા. એટલા એક જીવના છે. એનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી એક જીવનું અસંખ્ય છે. અસંખ્ય ચોવીસીના સમય જેટલા .... છે. અસંખ્ય ચોવીસી. તીર્થંકરો થાય ને અસંખ્ય. એક ચોવીસીમાં દસ ક્રોડાક્રોડી સાગરોપમ જાય. એવા એવા અસંખ્ય ચોવીસીના જે સમય થાય એક સેકન્ડમાં અસંખ્ય સમય જાય, એ અસંખ્ય ચોવીસીના જે સમય થાય એટલા એક જીવની પ્રદેશ સંખ્યા છે. ઓહોહો..! જુઓ! આ આત્માનું ક્ષેત્ર એવડું મોટું છે કહે છે. એની પણ ખબર ન મળે. ક્ષેત્ર શું. હવે બહારનું ખેતર હોય તો ભાઈ ચાલો વાવીએ. ૨૫-૫૦ વીઘા લીધા હમણાં નવું. ચાલો વાવીએ ત્યાં. ધૂળેય નથી તારી જમીન. બહાર ક્યાં હતી? અહીં અંદર વાવ, અંદર છે. 'વાવણીયા જોડો ખેતરમાં જઈ...' નથી આવતું? ઓલા ભજનમાં આવે છે કે નહિ ક્યાંક? શું આવે છે?

મુમુક્ષુ :- બેલીડા ઉઠો..

ઉત્તર :- 'બેલીડા ઉઠો ઉતાવળા થઈ, વાવણીયા જોડો ખેતરમાં જઈ.' આ ખેતર આ. બહાર ધૂળનું ખેતર ક્યાં તારું હતું? સમજાણું કાંઈ? ગાયન આવે છે હોં! અમે તો બધું સાંભળેલું ઘણું, વાંચેલુ ઘણું. ત્યાં પાલેજમાં ઘણા આવે. 'બેલીડા ઉઠો ઉતાવળા થઈ, વાવણીયા જોડો ખેતરમાં જઈ.' આ આવ્યું ને, જુઓને તમારે ત્યાં બહુ થાશે જુઓ. છોકરાને પૂછયું હતું હમણાં ક્યાં ગયા ..ભાઈ કીધું. જમીન હમણાં લીધી છે તો.. રાયશીભાઈ ગયા ને? ..ભાઈને. આ સિંહણ ગયા ને આજે. એનો છોકરો છે ને અહીં પૌત્ર? એને પૂછયું હતું. કહે ક્યાં ગયા? તો કહે જમીન લીધી છે થોડી. અરે..! જમીન ત્યાં ક્યાં હતી? જમીન તો અહીં છે.

મુમુક્ષુ :- ઈ જમીનમાં બાજરો ઊગે અને આમાં બાજરો ન ઊગે.

ઉત્તર :- અહીં તો આનંદ ઊગે એવું આ ક્ષેત્ર છે. ઈ બાજરો ખાય તો વિષ્ટા થાય. અહીં તો આનંદ ખાય અને અનુભવ આનંદનો આવે, અમૃતના ઓડકાર આવે. એવું ખેતર છે. આહાહા..! સમજાણું કાંઈ? અને એમાં આ બધા શુદ્ધ પ્રદેશો ગણ્યા છે હોં! અહીં શુદ્ધ પ્રદેશો. જેટલા ઓલા વિકાર આદિ છે એ અશુદ્ધ પ્રદેશ એના નહિ. ઈ સંખ્યામાં આવા શુદ્ધ લીધા છે.

**'લોકાકાશના માપ જેટલા માપવાળું...'** માપ સમજાણું? લોકાકાશમાં આટલા મોટા પ્રમાણમાં એમ નહિ. આમ વ્યાપવાપણે નહિ. લોકના આકાશના જેટલા પ્રદેશ સંખ્યાએ છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org

અસંખ્ય, એટલા એક જીવના પ્રદેશ છે. અહીં અત્યારે. દેહમાં ભગવાન પોતે અસંખ્ય પ્રદેશમાં બિરાજે છે. એ દેહમાં નથી, કર્મમાં નથી, રાગમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..! '**લોકાકાશના માપ જેટલા માપવાળું...**' હોં! '**આત્મ-અવયવપણું જેનું લક્ષણ છે...**' આત્માના અંશો છે એ બધા અવયવો છે. વસ્તુ આખી અખંડ છે. એના અસંખ્ય પ્રદેશ અવયવ છે. જુઓ! એ એના અવયવ કહેવાય. આ હાથ-પગ મારા અવયવ. ક્યાંથી આવ્યા તારા? કહે છે. આ તો શરીરના અવયવ છે. શરીર આખું અવયવી અને એના હાથ-પગ અને આંગળા એના અવયવ છે. તારા અવયવ છે આ? તારા અવયવ તારાથી જુદા હોય? એનું ક્ષેત્ર જુદું હોય? આહાહા..!

અંદર અસંખ્ય પ્રદેશનો પિંડ પ્રભુ માથાથી પગ સુધી જુઓ પહોળો છે અસંખ્ય પ્રદેશ. અહીંયાં એક પોઈન્ટ મૂકો રજકણ તો એક પ્રદેશ. એટલામાં અસંખ્ય પ્રદેશ છે. અરૂપી પ્રદેશ. એવો આખો આત્મા અસંખ્ય પ્રદેશી. આવો આત્મા ક્ષેત્રવાળા અસંખ્ય પ્રદેશવાળા અવયવવાળો છે એને એ રીતે અંતરમાં અનુભવવો એને આત્મા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? અને એને વિચાર કરવો પડે ત્યારે આમ વિચાર કરે છે, અંદરમાં એકાગ્ર થાય છે કે આમ એકાગ્ર થાય છે બહાર? આત્મા બહારમાં હોય તો તો આમ થાવું જોઈએ. આમ કરે તો એકાગ્ર થાય. આ તો અંતરમાં એકાગ્ર (થાય છે).

મુમુક્ષુ :- આમ ઉપર જવાય છે ને.

ઉત્તર :- ક્યાં ઉપર જવાય છે? ઉપર ગયો છે ક્યાં? કહો, સમજાણું? આમ અંદર નજર કરતાં તો અંદર એકાગ્ર થાય છે. એટલામાં એનું ક્ષેત્ર છે, એ અસંખ્યપ્રદેશી છે એમ સિદ્ધ કરે છે અહીં. એનું પોતાનું ક્ષેત્ર છોડીને બહારમાં છે નહિ. બધે વ્યાપક થઈ જાય છે એમ કહે છે ને ઘણા? મોક્ષ જાય ત્યારે વ્યાપક થઈ જાય, અનંતમાં ભળી જાય. ત્યાં એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**અનાદિ સંસારથી માંડીને...**' એ તો મોટો '**સંકોચવિસ્તારથી લક્ષિત છે...**' જણાય છે. '**અને જે ચરમ શરીરના પરિમાણથી કાંઈક ઊણા પરિમાણે અવસ્થિત થાય છે...**' ત્યાં અવસ્થિત થાય છે. ઓલામાં લક્ષિત થાય છે, અહીં અવસ્થિત થાય છે. સંકોચવિકાસથી જાણવામાં આવે છે અને અહીં ચરમ શરીર પરિમાણે સ્થિત થઈ જાય છે. પોતાના સ્વરૂપમાં અસંખ્ય પ્રદેશમાં સ્થિત-અવસ્થિત એવો ને એવો (રહી જાય) છે. '**એવું લોકાકાશના માપ જેટલા માપવાળું આત્મ-અવયવપણું...**' ઓહોહો..! સર્વજ્ઞે જોયેલો આત્મા અને સર્વજ્ઞે કહેલા આત્મા આવા જ છે. આવાથી કોઈ વિપરીત એક અંશ પણ ફેરફાર કરે તો તે મિથ્યાદૃષ્ટિ છે. એનું કથન બધું વિપરીત, વિપરીત અને વિપરીત હોય.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સમજાણું કાંઈ?

**'જેનું લક્ષણ છે એવી નિયતપ્રદેશત્વશક્તિ.'** લ્યો! નિશ્ચયપ્રદેશત્વશક્તિ, પોતાની શક્તિ ગુણ છે એવો. અસંખ્ય પ્રદેશ કાયમ એવો ને એવો રહે એવો એનો ગુણ છે. એમાં અસંખ્ય પ્રદેશમાં ક્યાંય હીણપ આવે કે અધિક થાય એમ થાય નહિ. કેવળજ્ઞાન પામે તો અસંખ્ય પ્રદેશ વધી જાય અને મતિ અને શ્રુતજ્ઞાનની નિર્મળ પર્યાય થોડી હોય તો અસંખ્ય પ્રદેશ હીણા થાય, ઓછા થાય એમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? સાધકપણે સમ્યગ્દષ્ટિને પણ અસંખ્ય પ્રદેશ એવા ને એટલા ને એટલા છે અને સિદ્ધ થાય તો પણ એટલા ને એટલા અસંખ્ય (પ્રદેશ) છે એમ છે. કેવળજ્ઞાન થયું માટે અસંખ્ય પ્રદેશ કાંઈ વધી જાય છે અને મતિ અને શ્રુત સાધકપણું કેવળથી અનંતમે ભાગે જ્ઞાન હોય, માટે અસંખ્ય પ્રદેશ ઓછા હોય છે એમ નથી. એમ સિદ્ધ કરે છે મૂળ અહીં. સમજાણું કાંઈ?

**'નિયતપ્રદેશત્વ...'** નિશ્ચયપ્રદેશપણું. નિશ્ચયપ્રદેશપણું. એની પ્રદેશ સંખ્યા આટલી છે. આમાં કેટલાક પ્રશ્ન કરે કે આ તો અસંખ્ય પ્રદેશ વ્યવહાર થઈ ગયો. અસંખ્ય થઈ ગયું. એમ. એ વ્યવહાર નહિ, એ તો અસંખ્ય પ્રદેશ છે એ નિશ્ચયથી છે. નિયત છે ને? નિશ્ચયથી છે. એ તો અસંખ્ય પ્રદેશનો ભેદ પાડીને લક્ષ કરવું (એવો ભેદ તે વ્યવહાર છે). પણ વસ્તુ તો નિયત અસંખ્ય પ્રદેશ નિશ્ચયથી છે. અસંખ્ય પ્રદેશ એ વ્યવહાર છે. કારણ કે અસંખ્ય થઈ ગયા ને? માટે એક પ્રદેશ એ નિશ્ચય છે. એમ નથી. અહીં એ સિદ્ધ કરવું છે. અસંખ્ય પ્રદેશ નિશ્ચયથી છે. સમજાણું કાંઈ? એ પણ ખબર ન મળે.

એક ફેરી કીધું ને. (સંવત) ૧૯૭૯ની વાત છે. ત્યાં અમરેલી ગયા હતા ને. ... કહે, આ પ્રદેશ છે એ તો ઉપચાર છે, વ્યવહાર છે. અરે..! અસંખ્ય પ્રદેશ વસ્તુ છે. શું ઉપચાર છે? આવા ને આવા. એમ કે ઓલો અસંખ્ય કહેવાય ને? એક પરમાણુના માપે, એનું માપ આવું... ઉપચાર નથી. નિયતપ્રદેશત્વશક્તિ છે. ૭૯ની વાત છે. સામા આવ્યા હતા. અને અમરેલી જવામાં રસ્તામાં આવે છે ને ઓલા રેલના પાટા? શું કહેવાય એ? ગામ હતું ને? લાઠીથી વચ્ચે આવે છે ને, વરસડા. વરસડાથી જાતા હતા. વચ્ચે આવે છે ને સ્ટેશન ઉપર પાટા. પાટા પાસે લગભગ હતા. ત્યાં આ પ્રશ્ન થયો હતો. ૭૯ની વાત છે. એ કહે, પ્રદેશો જીવના જે અસંખ્ય કહેવાય છે તે ઉપચારથી છે, વ્યવહારથી છે. ઉપચારથી નથી, યથાર્થ છે. ઓલા અસંખ્ય આવે ખરું ને. શેઠી! કહો, કેટલા વર્ષ થઈ ગયા એને? ૪૫ વર્ષ થયા. ૪૫ વર્ષ પહેલાની વાત છે ઈ. રસ્તામાં એ પાટેથી બહાર નીકળ્યા ન્યાં એણે પ્રશ્ન કર્યો હતો રસ્તામાં. ખોટી વાત છે, કીધું. નિયતપ્રદેશત્વ, નિશ્ચય પ્રદેશ એમ. એનું પોતાનું નિયત જ છે એમ કહે છે, જુઓને!

'**(આત્માના લોકપરિમાણ અસંખ્ય પ્રદેશો નિયત જ છે.**' નિશ્ચયથી છે. પંચાસ્તિકાયમાં આવે છે ને એક પ્રદેશપણું? વાંચેલું ખરું ને ઓલું? ભાઈ! આવે છે ને પંચાસ્તિકાયમાં? એ વાંચેલું. વાંચતા બહુ. તે દી એના છોકરાને પૈસા થઈ ગયેલા ને. દસ લાખ તે દી હોં! દસ લાખ. ૭૯ની સાલમાં દસ, પંદર, વીસ લાખ એના છોકરા પાસે થઈ ગયેલા. બંગલા હતા મોટા. ... વાંચતા ઘણું. પંચાસ્તિકાયમાં એક પ્રદેશપણું આવે છે. માટે એક પ્રદેશપણું સાચું, અસંખ્ય પ્રદેશપણું ઉપચાર. એમ નથી. એ તો સળંગ ગણીને એને એક કહ્યું છે. પણ વસ્તુ તો નિશ્ચયથી અસંખ્ય પ્રદેશી છે. ગણતરી જેટલા અસંખ્ય છે એ બરાબર નિશ્ચય એમ અનાદિઅનંત. પણ ક્યાં એવી દરકાર કોને છે? એય..! જાધવજીભાઈ! અંદર શું ક્ષેત્ર કેવડું અને આ શું કહે છે, અદ્ધર ને અદ્ધર.

નક્કી કરે છે કે આટલા ગુણોમાં એક તારો એવો ગુણ છે કે અસંખ્ય પ્રદેશ કાયમ રહે એવો તારો ગુણ છે. સમજાણું કાંઈ? એ તારું ક્ષેત્ર, તારા પ્રદેશ અને તારો દેશ એ છે. કહો, આ મારું નાગરનું ગામ, ફલાણું ગામ અને ઢીંકણું. એ નથી તારું ત્રણ કાળમાં કહે છે લ્યો. એવો અસંખ્ય પ્રદેશી, પ્ર-દેશી પોતે પોતાનો દેશ, એમાં એકાકાર થવું, અંતર એકાગ્ર થવું અને અનુભવ થાય સમ્યગ્દર્શન-જ્ઞાન એને ધર્મ કહે છે. આનાથી વિરુદ્ધ વાત હોય તો તે એકાગ્ર અંતરમાં થઈ શકે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**અષાઢ સુદ ૬, સોમવાર તા. ૧-૭-૧૯૬૮**
**શક્તિ-૨૫-૨૬, પ્રવચન-૫૫૪**

૨૪ થઈ ને? ૨૪ થઈ. આત્માનો અધિકાર છે. આત્મા વસ્તુ છે તે અનંત શક્તિ સંપન્ન છે. શક્તિ એટલે એનો ગુણ કહો કે એનો સ્વભાવ કહો. એ એક એક શક્તિ અનંત પર્યાયને પ્રગટ કરે એવી તાકાત છે અને એ એક એક શક્તિમાં બીજું પણ અનંતું સામર્થ્ય છે. એવી આત્માની અનંત શક્તિઓ એવો જે આત્મા, એને અંતર્મુખ થઈને એનો આશ્રય કરવાથી ધર્મ નામ સુખી થવાની દશા થાય, સમ્યગ્જ્ઞાન થાય, સમ્યગ્દર્શન થાય, આનંદ થાય અને જેટલી શક્તિઓ છે એ બધી વર્તમાન અવસ્થામાં ઊછળે એટલે પ્રગટ પર્યાયપણે પરિણમે. કહો, સમજાણું કાંઈ?

આ એને કરવાનું છે અને આ સુખી થવાનો રસ્તો છે. કારણ કે આત્મામાં સુખ અને આનંદ આદિ ખાણ એનામાં છે. અને આ બધી શક્તિઓ સુખ સાથે અવિનાભાવી વણાયેલી, વ્યાપકપણે એક શક્તિ ત્યાં અનંત શક્તિ વ્યાપે (છે). એ વિભુ આવી ગયું છે. એવો આત્મા એને પ્રથમ પહેલો જાણી કે આ તે આત્મા શું છે? શક્તિઓ શું છે? એની અવસ્થા વર્તમાન શું છે? એવું જાણીને એ વસ્તુ સ્વભાવ પૂર્ણ શક્તિનો પિંડ એકરૂપ (છે) એની સન્મુખ દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન આદિ અનંત ગુણની પર્યાય શુદ્ધપણે પરિણમે એવી પરિણતિ સહિતના જીવને-આત્માને આત્મા કહ્યો છે. કહો, સમજાણું કાંઈ? શરીર ને કર્મ ને વાણી ને મન ને એ તો એનામાં નથી. પૈસો ને આ ધૂળધાણી તો એનામાં નથી. પણ અહીં તો પુણ્ય અને પાપના ભાવ એનામાં નથી. કારણ કે એ આત્મા નથી. સમજાણું કાંઈ? એવો આ ભગવાન આત્મા એનામાં આવી શક્તિઓ અનંત છે. કહે કેટલી? અને ખૂબી એવી થઈ છે ને કે શક્તિઓ ૪૭નું વર્ણન આવ્યું. નયમાં ૪૭ નય આવ્યું. ઉપાદાન-નિમિત્તમાં ૪૭ આવ્યા. આ પણ શું કરે છે? અને ઘાતિ પ્રકૃતિ ચારની ૪૭ પ્રકૃતિ. આવું જાણે આ ૪૭ શક્તિવાળું અનંતવાળું તત્ત્વ એને ઘાતિકર્મનો નાશ થઈ અને કેવળજ્ઞાન થયા વિના રહે નહિ. સમજાણું કાંઈ?

પહેલાં તો કર્મ જ નથી મારામાં. અહીં તો એ વાત છે. આવી ગઈને એ વાત? સમસ્ત કર્મના અભાવસ્વરૂપ આત્મા છે અને અનંત શક્તિના ભાવસ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? આત્મા વસ્તુ છે એ શરીર અને આથી તો રહિત જ છે પણ જે કાયમ સાથે ને સાથે રહે છે, આ તો વળી નવા નવા થાય ને જૂના જાય ને નવા થાય આ શરીર તો,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અનંત વાર. એટલે એનાથી રહિતપણાની અહીં વ્યાખ્યા નથી. પણ ઓલા કર્મ સાથે ને સાથે છે ને. એક સમય પણ કોઈ દી જુદા પડ્યા નથી, એક ક્ષેત્રાવગાહથી. એનાથી રહિત છે આત્મા. અને તેના સંગે થયેલા પુણ્ય અને પાપના ભાવ અને હરખ-શોકના ભાવ, એનાથી નિવૃત્તસ્વરૂપ આત્માનો ગુણ છે. એમાં પ્રવર્તવું એ આત્મામાં કોઈ ગુણ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

ચૈતન્ય ભગવાન.. આહાહા..! આવો તે ક્યાં હશે આ તે? વીરચંદભાઈ! એવું વીરપણું ભર્યું છે અંદર. ક્યાં પણ એને દેખાય નહિ. આમ બહાર ભટકે છે ને. વસ્તુ પોતે અંતર અને જોવે બહાર. સમજાય છે? હાથ ન આવે ત્યારે ઓલો ડોશીનો દાખલો નથી એક? ડોશીથી સોય ખોવાણી. સોય ખોવાણી. પણ અંધારે ખોવાણી. પછી અંધારે હાથ ન આવી ત્યારે બહાર નીકળીને અંજવાળે ગોતવા માંડી. બા! શું કરો છો મા? કહે, સોય ગોતું છું. પણ ક્યાં ખોવાણી? અંધારે. પણ અંધારે હાથ આવતી નથી એટલે અહીં ગોતું છું. પણ ખોવાણી ત્યાં ને ગોતે અહીં, ક્યાંથી મળશે? કહો, સમજ્યાને? દાખલો છે. ખોવાઈ ગઈ મારી સોય ત્યાં હાથ ન આવી. ખોવાઈ ગઈ ત્યાં. આ સોય કાઢતી હતી ત્યાં પડી ગઈ. દોરો નાખવો તો અજવાળે લાવી. પણ કાઢતી વખતે ખોવાઈ ગઈ. ગોતું છું ક્યાંક. પણ અહીં ક્યાં છે?

એમ આત્મા જ્યાં છે ત્યાં તો એને ગોતતો નથી. અંધારે જેમ આ રાગ અને દ્વેષ અંધારા, શરીર અંધારા, કર્મ અંધારા ત્યાં ગોતે છે કે હું આત્મા અહીં છું ક્યાંય?

અહીં કહે છે કે એકવાર તો તું તારા સ્વરૂપને જો. અવલોકન કર. એ અવલોકન કરનારો જે વર્તમાન પર્યાય અવલોકન કરે એ અવલોકન કરનારો અનંતગુણ સંપન્ન છે. એના નિધાનમાં અનંતા ગુણો, અનંતા ગુણો (ભર્યા છે). જેને કેવળજ્ઞાન કહીએ, કેવળજ્ઞાન કહીએ એવી એવી અનંતી પર્યાય જેની એક ગુણની શક્તિમાં પડી છે. સર્વજ્ઞ આવી ગયું ને એ? જ્ઞાનગુણમાં સર્વજ્ઞશક્તિ ગર્ભિત પડી છે. દર્શનગુણમાં સર્વદર્શિ ગર્ભિત પડી છે. આહાહા..! વસ્તુ છે એના સ્વભાવને હદ શું હોય? મર્યાદા શું હોય? માપ શું હોય? ક્ષેત્રનું અહીં કામ નથી.

ભગવાન આત્મા એકલો જ્ઞાન, દર્શન, આનંદ એવા ગુણના અનંત સ્વભાવવાળું તત્ત્વ, એના ઉપર નજર કરતાં જેટલાં ગુણો છે તેનું પર્યાયમાં શુદ્ધ પરિણમન થયા વિના રહે નહિ. એનું નામ ધર્મ કહેવાય છે. આવો ધર્મ! સમજાણું કાંઈ? ધર્મીને ધર્મ ક્યાંથી થાય? કે ધર્મી એવો જે આત્મા, એમાં અનંતા ગુણો એક ક્ષણમાં, એક સમયમાં સાથે પડ્યા છે એવો એનો સ્વભાવ છે. એ ધર્મ વસ્તુનો સ્વભાવ જે અનંતગુણ, એ ધર્મ નથી પુણ્ય-પાપમાં, ધર્મ નથી શરીરમાં, જડમાં નથી એ ધર્મ ક્યાંય. આ ધર્મ આત્માનો (ત્યાં) ક્યાંય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નથી. એથી ધર્મ કરનાર એવો ધર્મી જીવ, પોતાની પર્યાયમાં ધર્મ લાવવા ધર્મી એવો આત્મા જ્યાં ધર્મ છે ત્યાં શોધે છે અને ગોતે છે. ભગવાનજીભાઈ! ભારે!

ત્યાં કાંઈ ભગવાન પાસે મળે એવું નથી એમ કહે છે અહીં તો. મંદિરમાંથી મળે એવું નથી, ભગવાન પાસે જાય તો મળે એવું નથી. સમવસરણમાં જાય ભગવાન પાસે તો ત્યાં મળે એવું નથી. તું જ્યાં છો ત્યાં (છે), ત્યાં (બહાર) મળે એવું નથી. સમજાણું કાંઈ? આહાહા..! જ્યાં તું છો ત્યાં અનંત જ્ઞાન, આનંદ, શાંતિમાં બિરાજમાન એવું એ તત્ત્વ છે આત્મા. રાતે પ્રશ્ન કર્યો હતો ને ભાઈએ? સોમચંદભાઈ. સવારે સંભાર્યું હતું હોં. કીધું, ભાઈએ પ્રશ્ન કર્યો હતો આ શુદ્ધ છે, અશુદ્ધતા તો કેમ થઈ? સવારે વાત કરી હતી. વાત સાચી. પ્રશ્ન થાય ખરો ને. આવરણ એટલે પોતે પોતાના શુદ્ધ સ્વરૂપની નજર નથી અને એની નજર વિકાર ઉપર છે એ એને આવરણ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મહાભંડાર. 'તરણા ઓથે ડુંગર ડુંગર કોઈ દેખે નહિ.' આ તરણું આડું આવી જાય જરી આમ લ્યો. મોટો ડુંગર હોય તો દેખાય નહિ. દરિયો હોય પાણીથી ભરેલો મોટો. ચાર હાથનું કપડું હોય અને પોતે ચાર હાથનો ઊંચો હોય. આમ જોવે તો આખો દરિયો ન દેખાય. એમ ભગવાન આત્મા અનંતગુણનો દરિયો સમુદ્ર ઊછળે છે અંદર. આહાહા..! પણ પુણ્ય અને પાપના મીઠાશની આડમાં-તરણે ઓથે-અંતર ભગવાન શું છે તેને જોતો નથી. તેથી હાથ આવતો નથી. સોમચંદભાઈ! ઠીક! આહાહા..!

કહે છે, ભગવાન આત્મામાં એક ૨૫મી શક્તિ છે. ૨૪ તો ચાલી છે ને? ૨૫મી. અનંતા ગુણો છે આત્મામાં. જીવત્વશક્તિ, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુતા, વિભુતા, સર્વદર્શિથી લેતા લેતા અહીં સુધી આવી ગયું. એ છે તો એકસાથે પણ ક્રમે ક્રમે વાત કરે છે. કહે છે કે એવો આ ભગવાન આત્મા છે. છે. આત્મા છે તો આવી અનંતી શક્તિવાળો એ છે. આત્મા છે એ તો વસ્તુ થઈ. હવે એનો ગુણ હોય કે નહિ? ગુણ હોય કે નહિ? શક્તિ હોય કે નહિ? એનો સ્વભાવ હોય કે નહિ? જેમ સાકર છે એ તો થયું. પણ છે તો એનો ગુણ શું? સ્વભાવ શું? કે મીઠાશ, સફેદાઈ, સુંવાળપ એ એની શક્તિ, એનો સ્વભાવ, એનો ગુણ કહો. એમ ભગવાન આત્મા વસ્તુ છે તો એનો સ્વભાવ જ્ઞાન, દર્શન, ભાવપ્રાણે જીવવું, ચૈતન્યશક્તિએ જીવવું, દર્શનશક્તિએ રહેવું, જ્ઞાનશક્તિ અંદર ભરી છે તેનું પરિણમન થવું, સર્વજ્ઞાન, સર્વદર્શી છે તેની પ્રતીતમાં અંતરમાં આવવું, સ્વરૂપની રચનારૂપે આત્મા વર્તમાન નિર્મળને રચે એવું વીર્ય, એવી અનંતી શક્તિસંપન્ન આત્મા છે.

૨૫મી શક્તિમાં આ એક... અનંતમાં આ એક છે. '**સર્વ શરીરોમાં...**' જુઓ! એક માણસ આમ સડક ઉપર ચાલ્યો જાતો હોય અને હોય આમ હજારો ઝાડ. આઠ વાગ્યાનો

દિવસ હોય, આમ ઝાડ હોય અને સૂર્ય આમ હોય તો છાયા પડે ને સડક ઉપર. તો છાયા ઉપર છાયા ઉપર આમ ચાલ્યો જાય છે. પણ માણસ તદ્દન પૃથક્ છે. એ ઝાડના છાયાને અડ્યો નથી અને ઝાડરૂપે થયો નથી. એમ આત્મા '**સર્વ શરીરોમાં એકસ્વરૂપાત્મક એવી...**' જેટલા અનંતા શરીર થયા એમાં કોઈ શરીરની પર્યાયના ધર્મરૂપે થયો નથી. આહાહા..! આ તો માટી છે. સમજાણું કાંઈ? એ માણસ જ્યારે ઓલા સડક ઉપર ચાલે તો ઓલા ઝાડના છાયારૂપે થાય છે? આમ સૂર્ય હોય અને ઝાડ આમ હોય. માણસ ચાલ્યો જાય. હજારો ઝાડો ત્યાં .. છે. એ માણસ ઝાડના સ્વભાવરૂપે થયો નથી. થયો છે? માણસ તો માણસપણું રાખીને એમ ને એમ ગતિ કરે છે.

એમ આત્મા અનંતા શરીરોમાં '**સર્વ શરીરોમાં એકસ્વરૂપાત્મક એવી સ્વધર્મવ્યાપકત્વશક્તિ.**' એ તો પોતાની ચેતનાશક્તિ, દર્શનશક્તિ, આનંદશક્તિ એમાં વ્યાપવાવાળો આત્મા છે. શરીરમાં વ્યાપે છે કે રાગમાં વ્યાપે છે એવી શક્તિ એનામાં નથી. સમજાણું કાંઈ? આહાહા..! ક્યાં સલવાણો? સમજાણું? વૈરાગ્યનું સારું ગાયન લીધું હતું. અરે..! તું ક્યાં બે દી ના બે પગ પસારીને ક્યાં ઊભો તું આ? બે દિવસ રહેવાનું છે અહીં. તું પગ પસારીને પહોળો થઈને જાણે ક્યાં ઊભો, હું જાણે ક્યાં છું? શરીરમાં છું, બાયડીમાં છું ને છોકરામાં છું. ક્યાં ગયો પણ લાંબો થઈને? માણસ ઠીક છે એ. એણે બનાવ્યું છે ને. જૈનસંદેશ છે. નથી? હતું ને ક્યાં ગયું? એમાં હમણાં અંદર લાવ્યા હતા ને. છોકરાવને સંભળાવ્યું હતું. કીધું, જુઓ આ. જૈનસંદેશ. આજે આવ્યું છે. નહિ હોય. સમજાણું? ભગવાન આત્મા... કહે છે કે ક્યાં પગ પસારીને રહ્યો તું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. અંદર હતું ને? 'પથી પસારે પાંવ યહાં તું દો દિન કા મહેમાન હૈ. ઓ બનજારે...' બનજાર એટલે વણજારો. વણજારો. 'ઓ બનજારે દૂર દેશ કે નગરી અનજાન રે.' આ અનજાનમાં ક્યાં પડ્યો તું? આ શું કરે છે? બહુ માણસને .. છે ભાઈ! ત્યાં બહુ સારું લખ્યું. 'ઓ બનજારે દૂર દેશકે આ નગરી અનજાર, પગ પગ પે માયા તૃષ્ણા કે ઉઠતે હૈં તુફાન.' પગે પગે. આ મારું.. આ મારું.. શું થયું તોફાન એ? એય..! આ ક્યાં આવી પડ્યો? ક્યાં ભરાઈ પડ્યો તું આ? 'સત્ય બાત યહાં મલય લે, બાકી ચિંતન ઢુંઢતા. કલીયો કે માદક.. મેં .. ચિંતવન ખોલતા.' એ બધું પાછું... વિદ્વાન માણસ છે ને, બધું ગોઠવ્યું છે. એ તો વિદ્વાન માણસ છે. 'સંધ્યા કે ઘર સ્વપ્ન બિખરતે, કલિકા સોતી ધૂલમેં. અબ ક્યા મધુકર આ પાયેગા ગીત સુનાતે ભૂલમેં. કમલોં મે બંધ ઓ અલી.' અલી-ભમરો. 'ખો દેતા અપના પ્રાણ રે. આશા કે ઉજ્જ્વલ પંખો પર પગલે તેરા વાસ રે.' અરે.. પાગલ!

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એમ કહે છે. 'આશા કે ઉજ્જ્વલ પંખો પર...' આશા. આમ થાશે, આમ થાશે, પછી આમ કરશું, આમ કરશું.. શું છે આ પાગલ? શેઠી! 'આશા કે ઉજ્જ્વલ પંખો પર પગલા તેરા..' એનાથી ઉડવાનું એને. પંખો એટલે. આમ થાશે.. પછી આમ થાશે.. પછી આમ થાશે.. મરી ગયો. આશાની પંખમાં ઉડવામાં મરી ગયો કહે છે તું આમાં. પાગલ કીધો હોં! સમજાય છે?

'મધુ ..મેં ઉલઝી તેરી જીવન પ્યાસ.' આ તારું જીવન મધુરા મધુરા સપનામાં જાય છે. મધુરા મધુરા એટલે? આમ થાશે, પછી સારું થાશે. આમ થાશે. તારા સ્વપ્ના છે મધુરાં ખોટા. એય..! મલૂકચંદભાઈ! આહાહા..! કેમ મલૂકચંદભાઈ આવું હતું કાંઈ? શરીર આવું જાડું નહોતું. નાગનેશમાં અહીં હતા રાણપુરા. ખબર છે ઓલી દુકાનમાં? .. ત્યાં ખબર છે ને. ઓલો દરજી મરી ગયો એની જોડે (હતું). શરીર આવું નહોતું, છોકરા આવા નહોતા.. એં..એં.. બધું અને પૈસા આવા નહોતા. 'મધુર મધુર સ્વપ્નમેં ઉલઝી...' મીઠા મીઠા સ્વપ્ના કલ્પ્યા તેં કલ્પ્યા. આ થઈ ગયું, આ થઈ ગયું, આ દીકરો થયો, મકાન થયું, બાયડી થઈ, પૈસા થયા, બંગલા થયા. ધૂળમાં મરી ગયો, કહે છે. 'તેરી જીવન પ્યાસ. સારે સંગ સંગાથી છૂટે, મંઝીલ તેરી દૂર.' બધા મરી ગયા, ચાલ્યા ગયા. તારી મંજીલ દૂર છે. બહુ છેટે છે. બધું બહુ સારુ લીધું છે.

અહીં કહે છે કે શરીરમાં વ્યાપ્યો નથી. આમાં પ્રસર્યો નથી. આ તો જડ છે. ત્યાં પૈસા ને બાયડી ને છોકરામાં ગયો ક્યાં તું? અહીં શરીરમાં રહ્યો અનંત કાળમાં તોપણ શરીરના સ્વભાવરૂપ એ કોઈ દી થયો નથી. આહાહા..! **'સર્વ શરીરોમાં એકસ્વરૂપાત્મક...'** એ તો જ્ઞાનચેતનાસ્વરૂપે રહેલો છે. એવી એની શક્તિ છે. વિકાર ભલે કર્યો પણ એવી એની શક્તિ નથી. અનંત શરીરોમાં તારું તો **'સર્વ શરીરોમાં એકસ્વરૂપાત્મક એવી સ્વધર્મવ્યાપકત્વશક્તિ.'** તારા જ્ઞાન ને દર્શન ને આનંદ એવા સ્વભાવમાં વ્યાપવું એ તારો ગુણ છે. આહાહા..! આમ પહોળા થઈને ફરવું, રાગ કર્યો મેં, પુણ્ય કર્યા મેં, પાપ કર્યા મેં, કર્મ બાંધ્યા મેં, આ મેળવ્યું. એ બાપુ તારો સ્વભાવ નથી અને એમાં તું ગયો પણ નથી અને એમાંથી પાછું ખેંચવું પણ નથી. આહાહા..! મફતનો હેરાન થાય છે. હેરાન-હેરાન થાય છે. મલૂકચંદભાઈ! આહાહા..! સ્વપ્ના મીઠાં દેખે અને આશાના પાંખમાં ઉડે. એમ કીધું ને. આમ આશા છે, આમ થાશે, આમ થાશે, આમ થયું ને હવે આમ થશે. અને પૈસા થયા છોકરા પાસે બે કરોડ. એમાંથી કાંઈક આપશે આપણને. એની માને તો આપશે, .. નાખશે. એમ એક દાખલો. એને આપે તો એની માને આપે છે ને? આપી જાય છોકરો. .. બા આ લ્યો.. એવા મધુરા માનેલા સ્વપ્નાની આશાના પંખે ઉડતો હેરાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

થઈ ગયો છે, કહે છે. ભગવાનજીભાઈ! આહાહા..! કેટલો ભૂલ્યો પણ કહે છે.

તારું સ્વધર્મવ્યાપકપણું છે... એ ૧૨૩માં શબ્દ છે હોં. ૧૨૩ છે ને ઓલું વાક્ય? ચેતનાના ત્રણ પ્રકાર. પ્રવચનસારમાં. પાનું ઉઘાડ્યું. હું તો ઓલું રતનનું ગોતતો હતો. ખ્યાલ આવ્યો કે રતનમાં, એક રતન દીવો ચાલ્યો જાય છે ને? ૯૪માં છે ને? ૯૪માં. ચેતનવિલાસ. એમાં. ગોતતો હતો, ત્યારે હાથ ન આવ્યું અને પછી ચેતનજી લાવ્યા. કીધું, આમાં પ્રવચનસારમાં છે. પણ એમાં છે એ ૯૪માં. ઓલા ચેતનાવિલાસ.

જેમ ઓરડા હોય ઘણા. એમાં એક રતનદીપ (લઈને માણસ) આમ ચાલ્યો જાય. એ રતનદીપ ઓરડાના સ્વભાવે થયો છે? એમ આ શરીરરૂપી ઓરડા અનંતા. નિગોદથી માંડીને મનુષ્ય સુધીના ભવો. આ છેલ્લો આ છે જુઓ. સમજાણું? એમ આ ચૈતન્યરતન હીરો સોંસરવો ચાલ્યો જાય પણ એના કોઈ ઓરડાના ભાવરૂપે થયો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ તો માટીનો પિંડલો છે આ તો. ભગવાન ચૈતન્યરૂપ છે આત્મા. એ ચૈતન્યરતન છે. ચૈતન્યરતન. અનંતગુણથી ચમકતા પાસાવાળો છે પાસાવાળો. લ્યો, શેઠના પાસા યાદ આવ્યા. શેઠી! હીરાને પાસા હોય છે ને પાસા-પહેલ. એમ આત્મામાં અનંત શક્તિઓ અને એની પર્યાયમાં એના પહેલ પડે છે અનંતા. એવો એ આત્મા છે કહે છે. રાગ-દ્વેષ ઉત્પન્ન થાય, એ શરીરમાં વ્યાપે એનું એવું સ્વરૂપ છે નહિ. આહાહા..!

આઠ આઠ વર્ષના બાળકો રાજકુમાર હશે અને જે કેવળ પામતા હશે... આહાહા..! ધન્ય અવતાર! ધન્ય અવતાર!! એક નાની મોરપીંછી, એક કમંડળ, આઠ વર્ષનો રાજકુમાર. ફાટીને પ્યાલા અંદરથી... માતા! અમે અમારા સ્વરૂપના સાધનમાં જઈએ છીએ હવે. ભાન થયું હોય. સમ્યક્ થયું પહેલું. અરે..! અમારું, અમારું ધામ જ્યાં ગોઠે એ અમને હાથ આવ્યું છે. જ્યાં અમને ગોઠે એ અમને હાથ આવ્યું છે. હવે અમને અહીં ક્યાંય ગોઠતું નથી. આહાહા..! માતા કહે છે કે ભાઈ! આ મણિરતનના દીવા... આ પથરાની શીલા ન હોય ત્યાં નિલમણિની શીલા હોય. રાજા મોટા હતા ને રાજા. શું કહેવાય તમારી આ? લાદી. નિલમણિની લાદી. દસ-દસ મણની નિલમણીની લાદી એના બંગલામાં. અબજો રૂપિયાની જેની કિંમત. માતા કહે છે, ભાઈ! આ મૂકીને તું ક્યાં જંગલમાં રહીશ? આહાહા..! આઠ વર્ષનો ઉપજ્યો ઊભો ઉગ્યો હજી તો બાળક. પણ અંદર ભગવાન પરમાત્મા જ્યાં જોયો ને. શ્રદ્ધા-જ્ઞાનમાં અનુભવ્યો. ઓહોહો..! આ! માતા! હવે અમને ક્યાંય ગોઠતું નથી. અમે અંદરમાં શોધખોળની સ્થિતિ કરવા વનમાં ચાલ્યા જાશું. આહાહા..! સમજાય છે કાંઈ? એ ક્યાંય સ્વધર્મવ્યાપક સિવાય આત્માનો બીજો સ્વભાવ નથી. અમે ક્યાંય પ્રસર્યા નથી, રાગમાં આવ્યા નથી, શરીરમાં આવ્યા નથી. અમે જ્યાં છીએ ત્યાં છીએ. આહાહા..! સમજાણું કાંઈ? ભારે! શક્તિ કેવી

કાઢી છે!

એ ૧૨૩માં ચેતના વ્યાપક. સ્વધર્મવ્યાપક એવો શબ્દ છે ચોખ્ખો. સમજ્યાને? પાનું ઉઘાડતા જ એ નીકળી ગયું હતું. પ્રવચનસારનું. અઢી વાગે યાદ આવ્યું. અંદર ગયો ને ઓરડે. ત્યાં યાદ આવ્યું. ખોલતા એ પાનું નીકળ્યું ૧૨૩. આ ખોલતા હાથ જ ન આવ્યું પાછું. ઓલું રતનનું. એ હાથ ન આવ્યું. એક ઠેકાણે છે. બરાબર ખ્યાલ ન આવ્યું પછી .. બોલાવ્યા હતા. ૧૨૩. જુઓ. **'જેથી ચૈતન્ય તે આત્માનું સ્વધર્મવ્યાપકપણું છે...'** પહેલી કડી ટીકાની જ છે. **'यतो हि नाम चैतन्यमात्मनः स्वधर्मव्यापकत्वं'** કુદરતી ત્યાં યાદ આવ્યું હતું. આત્માનું સ્વધર્મવ્યાપકપણું એટલે? શરીરમાં વ્યાપવાપણું નથી, પુણ્ય-પાપમાં વ્યાપવાપણું નથી એનું. સમજાણું કાંઈ? આહાહા..! સ્વધર્મવ્યાપકપણું. પોતે પોતાના ચૈતન્યસ્વરૂપ. અહીં તો ભલે ત્રણ પ્રકાર પાડ્યા છે. પણ અહીં તો એકલું જ્ઞાન, દર્શન અને આનંદ એ લેવું છે. ત્યાં તો ત્રણ પ્રકાર પાડીને ભેદ પાડવા છે ને. ત્યાં સ્વધર્મવ્યાપકપણું છે. ત્રણે પ્રકાર પાડ્યા છે. અહીં એક જ પ્રકાર છે. ત્યાં તો ત્રણના ભેદ પાડ્યા છે કે પુણ્ય-પાપના ભાવ તે કર્મચેતના. એમાં એ વ્યાપે છે. પર્યાયને સમજાવવી છે ને આ? જ્ઞેય અધિકાર છે ને, જ્ઞેય અધિકાર. ૧૨૩ છે ખરી ને. અને હરખ-શોકમાં વ્યાપે તે કર્મફળચેતના છે. કર્મફળ એટલે જડ એમ નહિ. વિકારી ફળનો અનુભવ. એ બધું એમાં ચૈતન્ય વ્યાપે છે એ એની દશા. એ તો જ્ઞેયનું એનું દ્રવ્ય-ગુણનું પર્યાયનું સ્વરૂપ વર્ણવવું છે. અહીં એ નથી.

અહીંયાં તો જ્ઞાયક ભગવાન આત્મા અનંત ગુણ માયલો એક ગુણ એવો એનો છે કે સર્વ અનંત શરીર નિગોદથી માંડી, એકેન્દ્રિયથી માંડીને **'સર્વ શરીરોમાં એકસ્વરૂપાત્મક એવી...'** એટલે શરીરના ધર્મરૂપ ન થતાં. અર્થમાં કર્યો છે ને. કોઈપણ શરીરના ધર્મરૂપે આત્મા કોઈ દી થયો નથી. એ ખરેખર તો રાગરૂપે પણ થયો નથી. વસ્તુ સ્વભાવ છે એ રાગરૂપે કેમ થાય? સમજાણું કાંઈ? આહાહા..!

ચૈતન્યહીરો, જેમ રતનને આમ ઓરડામાં લઈ જતાં એમ ને એમ રતન... રતન... રતન... રતન પ્રકાશમય ચાલ્યું જ જાય છે. એને ઓરડાના કોઈ આકાર અને ઓરડાના કોઈ અંધારા એને સ્પર્શતા જ નથી અને એ અંધારારૂપે અને ઓરડાના આકારરૂપે એ રતન થતું જ નથી. એમ આ બધા શરીરના આકાર બધા સુંદર ને અસુંદર ને નારકી ને મનુષ્ય ને ઢોર ને. ઓહોહો..! સાતમી નરકનું શરીર જુઓ તો આમ દુર્ગંધ (મારતું) ને પાંચસો ધનુષનો દેહ અને આમ જુઓ તો એક હજાર યોજનનો માછલું, આમ જુઓ તો પાંચસો ધનુષનો રાજકુમાર. લ્યો.. સવા પાંચસોના વળી બાહુબલીજી. એવા એવા શરીરો અનંતા કર્યા. પણ કહે છે કે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ભગવાન આત્મા સ્વધર્મવ્યાપક છે. શરીરના કોઈ પર્યાયપણે તે કોઈ દી થયો નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

'**સર્વ શરીરોમાં...**' સર્વ શરીરોમાં બધું આવી ગયું, જુઓ! એક શરીર રાખ્યું નથી, અનંત શરીર આવ્યા. આ વ્યાખ્યા તે. એક તો અનંત શરીર સિદ્ધ કર્યા કે અનંત શરીર આ હતા. એક જ શરીર છે એમ નહિ. અનાદિ કાળથી અનંતા શરીરો કર્યા. એટલે હતા. કર્યા એટલે હતા. અને થયા. પણ કોઈ શરીરની પર્યાય એટલે અવસ્થાના ધર્મરૂપે થયો નથી. જાધવજીભાઈ! હવે આ મકાનની પર્યાયપણે થયો? જે મકાનમાં રહે છે એ? બારી, બારણા આહાહા..! પાંચ-દસ લાખના મકાન. ચાલીસ લાખના મકાન લ્યો ઓલાને ગોવામાં. શાંતિલાલ ખુશાલ. ૪૦ લાખનો બંગલો. ૪૦ કરોડની મૂડી. ધૂળેય નથી કહે છે. કોઈ રૂપે થયો જ નથી ને. સાંભળને! શું થઈ ગયું પણ તને આ? એય..! આહાહા..! આખું જગત દુનિયા પડી છે આખી. આ અનંતા પરમાણુનો પિંડ નથી પડ્યું ...? એ માયલા એ પૈસા અને એ માયલું એ મકાન. આત્મામાં એવો એક ગુણ છે અનાદિ કે અનંત શરીરમાં રહ્યા છતાં શરીરના પર્યાયધર્મરૂપે કોઈ દી થયો નથી. આહાહા..! સમજાણું કાંઈ? હવે શરીરના પર્યાયપણે થયો નથી એ શરીરના છોકરા ને બાયડી એ પણે થયો એમ હશે? જેટલો કાળ માન્યું એટલો કાળ તો એનો હશે કે નહિ? આહાહા..! આંખ્યું, નાક, રૂપાળા સુંદર હોય લ્યો. એ તો જડની પર્યાય છે ને. માટીની છે. આ તો પુદ્ગલ માટી, જડ. જડે આ રચ્યું છે. ચામડા એનો આકાર છે આ. એ ચામડાનો આકાર છે અને એ આકારમાં પોતે રહ્યો છતાં પોતે પરના આકારની પર્યાયપણે થયો નથી. લ્યો, અહીં તો એ પાછું વ્યંજનપર્યાય પરરૂપે થયો છે એ? કહો, આકૃતિ જુઓ. આત્માના પ્રદેશો અહીં છે ને બધે આત્માના પ્રદેશો હોં. અહીં છે. આંખમાં એટલામાં છે, પાંપણમાં છે, બધે છે. હોઠ જાડા-પાતળા બધામાં આત્માના પ્રદેશ છે. એ આત્મા અસંખ્ય પ્રદેશી અને અનંત ગુણનું ધામ, કોઈ શરીરના પર્યાયના આકારના ધર્મરૂપે થવું એવો એનામાં ગુણ જ નથી. ન થવું એવો ગુણ છે. આહાહા..! આ તો હજી ઓલા વાંધા ઉઠાડે શું? જુઓ! શરીરનો આકાર થયો એ પ્રમાણે જીવને આકાર કરવો પડે છે. એને લઈને આકાર કરવો પડે. એ વાંધો આવ્યો છે, હમણા આવ્યું છે છાપામાં. હમણા આવ્યું છાપામાં. શરીરના આકાર પ્રમાણે જીવ રહે છે લ્યો. આકાર કરો જુદો. એમ કે જુદો કરો તો એનો આકાર આવો હોય અને તમારો આકાર બીજો કરી નાખો અંદર આત્મામાં. એય..! અરે.. ભગવાન! શું તું કહે છો આ? મગજ ફરી ગયું છે પાગલ. પગલે. એમાં એમ નથી આવ્યું? પાગલ! પગલે કહ્યું હતું ને. આ છોકરો ઊભો હતો આમ. પ્રદીપ. મેં કીધું, આ પગલે એટલે શું? પગલે એટલે પાગલ કહે છે. પાગલ કહે છે આ તો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


બે દિનના પગ પસાર્યા છે ને. આમ લાંબો થયો જરી. લાંબો .. પણ આ ક્યાં છે તારું? સ્વધર્મ વ્યાપક સિવાય શરીરની પર્યાયપણે વ્યાપતો નથી, થતો નથી, પ્રસર્યો નથી, પહોળો થયો નથી. એમાં આવડું બધું? કેટલા અમારા મકાન ને કેટલા અમારા પૈસા ને કેટલા અમારા છોકરા ને કેટલી અમારી બાયડીની આબરૂ ને. કહો. અને અમારી બાયડી મોટા ઘરની. શેઠી! શેઠીના ઘરે બૈરા મોટા ઘરના હતા. કહો, સમજાણું? કોના ઘરના? ઘર જ તારું નથી પછી .. ક્યાંથી આવ્યું આ? આ શું છે આ પણ? ભારે વાત ભાઈ! આહાહા..!

એ આઠ વર્ષનો બાળક હોય તોપણ આ સમજીને સમકિત પામીને કેવળ પામી શકે છે. બાળક તો જડની અવસ્થા છે. આત્માને ક્યાં બાળકપણું છે? અને યુવાન શરીરાદિ હોય પચ્ચીસ વર્ષનો જુવાન. એ તો જડ છે, ભગવાન! એ કાંઈ તું નથી. આહાહા..! અને તું તારો સ્વભાવ સર્વ શરીરોમાં, સુંદર શરીર હોય, અસુંદર શરીર હોય, નારકીનું હોય, દેવનું હોય, નવમી ગ્રૈવેયકના દેવનું હોય લ્યો. મિથ્યાત્વપણે ત્યાં સુધી ગયો છે ને? સમકિતપણે પછી ઉપર જાય. ઉપર ગયો પછી એને ભવ રહે નહિ. આ તો શરીર એકેન્દ્રિયથી માંડીને નવમી ગ્રૈવેયકના શરીર, પાંચમી, સાતમી, નરકના પાંચસો ધનુષનો દેહ માંડીને દુર્ગંધવાળો આમ સડેલો કૂતરો, ઈયળું પડે શરીરમાં અને થોડી વાર મટ્યું ન હોય તો ગંધ મારે બધું. આ ગધેડાના ઓલા જેવું. આહાહા..! કહે છે કે એ બધા શરીરનો પર્યાય એના આકારે, એની પર્યાયપણે ત્યાં તે કાળે થયો નથી તું. લે. આહાહા..!

ઈન્દ્રિયનો આકાર શરીરનો ચામડાનો. કહે છે કે એ આકારે કોઈ દી થયો નથી ને ભાઈ તું. લ્યો, આમાં આ શક્તિનું વર્ણન છે. ઓલામાં આવ્યું ને લૌકિક સાધન નથી. આવે છે ને? ૪૭ નય. ઘણું જ વર્ણન. આચાર્યની ગજબ વાત! સંતોએ કામ કર્યા છે... ઓહોહો..! દિગંબર મુનિઓએ આત્માને ખોલી નાખ્યો અને ખોલીને બતાવ્યો છે જગતને. સમજાય છે કાંઈ? કપાટ-તિજોરી ખોલી નાખી. અજ્ઞાનમાં રાગની એકતામાં તિજોરી બંધ હતી. પુણ્ય અને પાપ રાગ એ મારું સ્વરૂપ છે, બીજું તો ક્યાંય ધૂળમાં રહી ગયું પણ પુણ્ય અને પાપનો વિકલ્પ, તેના ઉપર નજર નાખતા એ મારું સ્વરૂપ છે અને મને લાભ છે, તિજોરી બંધ છે ભગવાન તારી. એ તિજોરીમાંથી માલ નહિ નીકળે. માલને માર્યા છે તાળા. સમજાય છે કાંઈ? શું કહે છે તમારે આ ઓલી? .. નહિ? સીલ મારે છે ને શું કહેવાય એને? જપ્ત કરે, જપ્ત કરે છે. નહિ કાંઈક? જપ્ત કરે, જપ્તી. તાળા મારે સરકાર. તમારાથી ન લેવાય માલ.

ભગવાન તેં આત્માના પોતાનું સ્વરૂપ કોઈ પરપણે થયો નથી, રાગપણે થયો નથી અને પોતાપણાથી ગયો નથી. પોતાના સ્વધર્મવ્યાપકપણે રહ્યો છે. તે પણ કેવું? સર્વ શરીરો. એમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સર્વ લીધું ભાઈ! અને એક સ્વરૂપાત્મક સામે લીધું. ભાષા જુઓ! આહાહા..! '**સર્વ શરીરોમાં એકસ્વરૂપાત્મક...**' એ તો એકસ્વરૂપ જ રહ્યો છે. પોતાના ચૈતન્યસ્વરૂપ જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા એવી સ્વધર્મ વ્યાપકત્વશક્તિપણું છે. આહાહા..! સમજાણું કાંઈ? એક કોર સર્વ શરીરમાં અનંત સંખ્યા છે, ત્યારે એક કોર સંખ્યામાં એક સંખ્યા છે. આહાહા..! બધા અનંત શરીરોમાં પોતે એકસ્વરૂપાત્મક રહ્યો છે, જ્ઞાનાનંદ સ્વરૂપે જ છે. એ તો માન્યતાફેર હતી કે હું રાગી છું, શરીરવાળો (છું). એ વસ્તુમાં છે જ નહિ. એવો ગુણ છે જ નહિ. સમજાણું કાંઈ?

'**એકસ્વરૂપાત્મક...**' એટલે એકસ્વરૂપરૂપ, એકસ્વરૂપરૂપ. એવી સ્વધર્મવ્યાપકત્વશક્તિ. પોતાના આનંદ ને જ્ઞાનાનંદ સ્વભાવમાં વ્યાપવું, પરિણમવું, પ્રસરવું, રહેવું, થવું એવો એનો સ્વભાવ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! ચક્રવર્તીના રાજ હોય જ્યારે, એના પુણ્યની શું વાતું? છ ખંડમાં પથરાયેલો હોં! ખમ્મા ખમ્મા. જમીન જવાબ આપે. જ્યાં ચાલે ત્યાં રતન નીકળે. ત્યાં ઘોડા એક એક હજાર દેવ સેવનારા. હજાર દેવ સેવનારો ઘોડો સાથે, હજાર દેવ સેવનારી તલવાર સાથે. કહે છે, ભાઈ! એ સમ્યગ્દૃષ્ટિ છે ને એ માને છે કે હું આમાં ક્યાંય નથી. આમાં હું ક્યાંય નથી. એ તો જગતની ચીજો છે. મારું સ્વરૂપ તો સ્વધર્મવ્યાપકત્વ છે. હું તો મારા જ્ઞાન-દર્શનમાં વ્યાપેલો રહેલો છું. હું રાગમાં આવ્યો નથી અને આવો હજારો દેવ સેવા કરે કે આ બંગલા ને મકાન, કરોડોના બંગલા જેના, મારા ક્યાં છે? હું તો સ્વધર્મ સ્વરૂપમાં વ્યાપેલો છું. આહાહા..! સાહેબ! આપની પુણ્ય પ્રકૃતિ જગતમાં માય નહિ. એમ કહે દેવો, મનુષ્યો કહે. સાહેબ! છ ખંડ દરિયાના કિનારા સુધીનું રાજ તમારું. દરિયામાં રાજ એનું લ્યો. દેવો જેને.. આમ મારે તો દેવ વશ થઈ જાય અંદર. આવે છે ને દેવ? કેવો ઓલો? માગધ. માગધ દેવ ને. દરિયામાં ઊંડા આઘા જઈ, આઘા જઈને બાણ હાથમાં લઈ જ્યાં દરિયામાં માગધ દેવ હોય એના આંગણમાં પડે બાણ લખેલું. હું એક ચક્રવર્તી છું. તું નમી જા. મારા ક્ષેત્રમાં તારું સ્થાન (છે), નમી જા. દેવને નમવા માટે કહે. આહાહા..! શેઠી! ઓલું બાણ જ્યાં દેખે. વાંચે તો ઓહો..! ચક્રવર્તી પાક્યા છે. ક્યાંય દરિયો અને ક્યાંય રહેનારા મકાન દરિયાને છેટે પાણીમાં બહુ આઘે જઈને જ્યાં સુધી રથનું પૈડું અંદર બહુ ન ડૂબે ત્યાં સુધી જાય આઘા. ત્યાંથી મારે આમ. ઓલામાં પડે. છતાં (માને છે કે) અરે..! હું ક્યાંય નથી ગયો. એ બાણમાં પણ નથી, આ જમીનમાં પણ નથી. આહાહા..! મેં માગધના દેવને નમાવ્યો. એ બાણ વાંચી અને મગધ ઊંચા ઊંચા રતન લઈ, થાળીમાં લઈ, હીરાના થાળ લઈને ઊંચામાં ઊંચી ચીજ, દેવ હોય એ એને ભેટ કરે છે. અન્નદાતા! હું તમારા દેશમાં છું, હું તમારો કિંકર છું. દેવ થઈને (એમ કહે), હોં! અરે..! એ કહે છે કે ધૂળમાં હું નથી, અહીં તો એમ માને છે. આહાહા..! સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


'**સર્વ શરીરોમાં એકસ્વરૂપાત્મક...**' એકસ્વરૂપરૂપ. કારણ કે સ્વરૂપ શબ્દ તો પડ્યો છે એટલે સ્વરૂપ ક્યાંથી કાઢવું? સ્વરૂપાત્મક શબ્દ છે ને? નહિતર તો આત્મક એટલે સ્વરૂપ કહેવાય, નહિ? શું કહે એને? '**सर्वशरीरैकस्वरूपात्मिका**' એમ છે શબ્દ ને સંસ્કૃતમાં? આહાહા..! એકલો ભગવાન એક સ્વરૂપે ચૈતન્ય અને આનંદ આદિના સ્વધર્મમાં જ વ્યાપ્યો છે એવો એનો ગુણ છે. તો એ અનંતા ગુણો સ્વધર્મ એનામાં વ્યાપેલા છે. સમજાણું કાંઈ? અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ એ બધા સ્વધર્મ છે એમાં વ્યાપેલો છું. પરમાં છું નહિ. એ પુણ્ય-પાપના પરિણામમાં હું નથી. એ મારામાં અભાવ છે એમાં હું વ્યાપેલો છું. એના અભાવમાં વ્યાપેલો છું. એના ભાવમાં હું નહિ એમ કહે છે. આહાહા..! પુણ્ય-પાપના ફળ તો ક્યાંય ગયા, ઉત્પન્ન થાય પુણ્ય ને પાપ એમાં મારું વ્યાપવાપણું, રહેવાપણું હું નહિ. મારો કોઈ ગુણ અને કોઈ પર્યાય વિકારમાં વ્યાપે એવો છું જ નહિ. આહાહા..!

'**(શરીરના ધર્મરૂપ ન થતાં પોતાના ધર્મોમાં વ્યાપવારૂપ શક્તિ તે સ્વધર્મવ્યાપકત્વશક્તિ.)**' છે. આહાહા..! એક શક્તિએ તો પણ કેટલું કર્યું! કેટલું કહ્યું! એ ઈ એક શક્તિ અનંત શક્તિમાં વ્યાપી છે આત્મામાં. અનંત શક્તિને એક શક્તિ નિમિત્ત છે. અને એ શક્તિ ક્રમવર્તી અને અક્રમવર્તી ગુણ એમાં થઈને આખો આત્મા તેને આત્મા કહેવામાં આવે છે. સ્વધર્મવ્યાપકત્વ શક્તિનો આશ્રય કરતાં દ્રવ્યનો પર્યાયમાં સ્વધર્મ વ્યાપવાની પર્યાય પરિણમી એ ક્રમવર્તી થઈ. ગુણ છે અક્રમવર્તી. એ ક્રમવર્તી-અક્રમવર્તીનો સમૂહ તેને આત્મા કહેવામાં આવે છે. એટલામાં આત્મા છે. બીજા રાગમાં, પુણ્યમાં, શરીરમાં આત્મા નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? અહીં તો હજી હું આવો છું, હું પુણ્યવાળો છું, ..વાળો છું, આ વાળો છું ને આ વાળો છું. મારી નાખ્યો આત્માને તેં, કહે છે. આહાહા..! શેના તને પોરો ચડ્યા છે? પોરો સમજો છો? શેઠી! પોરોને શું કહે છે? અમારી કાઠ્યાવાડી ભાષા છે. મદ? પોરો ચડ્યા છે, અમે આમ છીએ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- તાવ નહિ. તમને ખબર ન પડે એ. મોટપ. મોટપ. પોરો. શેના ચડ્યા છે તને પોરો? ક્યાં ગયો તું પણ? તારા સ્વરૂપનો પોરો ચડવો જોઈએ એને ઠેકાણે અહીં ક્યાં ગયો? આહાહા..!

લ્યો, એ ૨૫મી થઈ. એ ૨૫મી શક્તિ અસંખ્ય પ્રદેશે વ્યાપક છે. એ એક એક શક્તિના ષટ્કારકોથી કાર્ય શક્તિ કરી રહી છે. સ્વધર્મવ્યાપકપણું પોતાના કર્તાપણાથી તેના પરિણામ થાય છે. અને કર્મના કારણે, કર્મ એટલે કાર્ય. એ કાર્ય પરિણામનું કારણ પરિણામ પોતે થાય છે. એના નિર્મળ પરિણતિના પરિણામનું કર્મ અંદર ગુણ છે એને કારણે એ પરિણામ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org

થાય છે. અને નિર્મળ પરિણામ ધર્મના, સ્વધર્મવ્યાપકના પરિણામ, એનું સાધન પણ પોતામાં છે. એ સાધન વડે થાય છે. બહારના સાધન વડે થાતું નથી. અને એમાં સ્વધર્મવ્યાપક શક્તિમાં ગુણ ધ્રુવ ઉપાદાન છે, પર્યાયમાં ક્ષણિક ઉપાદાન છે. સ્વધર્મવ્યાપકત્વ નામનો ગુણ છે એ ધ્રુવ ઉપાદાન છે અને એની પર્યાય પરિણમી નિર્મળપણે એ ક્ષણિક ઉપાદાન છે. એ પોતાને લઈને પરિણમી છે, ધ્રુવપણું પોતાથી રહેલું છે. કહો, સમજાણું કાંઈ? સ્વધર્મવ્યાપકત્વ એ એનું રૂપ છે, એ એનું સ્વરૂપ છે. એમાં એ રહેલો છે.

એ ગૃહસ્થ છે, ભગવાનજીભાઈ! આ ગુણ ગૃહસ્થ છે. ગૃહ એટલે પોતાનું ઘર, એમાં સ્થ નામ રહેલો છે. સ્વધર્મવ્યાપકત્વ-પોતે પોતામાં રહેલો છે. એને ગૃહસ્થ કહીએ. આ ઘરમાં રહે અને પૈસાવાળા ગૃહસ્થ (એ નહિ). માણસ કહે છે, પૈસાવાળા ગૃહસ્થ માણસ છે આ. મોટી પાર્ટી છે. એમ કહે છે ને? શું કહેવાય છે? પાર્ટી કહે છે પાર્ટી. પારટી? પારટી. હા પારટી. અડધો ર નહિ? અડધો થયો ને? પાર્ટી. પાર્ટી એટલે શું હશે આ? એમ કહેવાય ને? એય..! ખેતશીભાઈ! એમ મોટી પાર્ટી એમ કહેતા તમારે નહિ? છોડીનું સગપણ કર્યું ત્યાં. મોટી પાર્ટી છે. આ બધું સાંભળેલું હોય. આપણને તો ક્યાં.. કેના? ઓલા આખેડાના શું કહેવાય? આરખણા. એવું સાંભળતા હતા તે દી. બહેન તો આવી ગયા છે પહેલા સાંભળવા. મોટી પાર્ટીમાં કર્યું છે એઈ..! તમારી બહેનનું. એની ભાણેજ થાય. કોની પાર્ટી? કહે છે. પાર્ટી કહે છે. તારી પાર્ટી મોટી લક્ષ્મી. તેં કેવળજ્ઞાન જેમાં સંઘરી છે. આહાહા..! એ પાર્ટી મોટી છે બાપા! ઓલા બે-ચાર ભેગા હોય ને ૫૦-૫૦ લાખ-કરોડ હોય ને બે-ચાર મોટી પાર્ટી. દસ કરોડ. હમણા આવી છે ને મોટી આ .. કહે છે ને. શું કહેવાય તમારી બેંક. બેંક મોટી.. નવી આવી ઈ.

મુમુક્ષુ :- બેંક ઓફ ઈન્ડિયા.

ઉત્તર :- હા. બેંક ઓફ ઈન્ડિયા. ગયા ત્યારે આવ્યું હતું. આ ભાઈએ બધું કર્યું છે એ. કોઠારી. કોઠારીનું બધું છે ઈ. કોઠારી હતા ને એમાં મુખ્ય. મોટી મોટી ઓલી છે. જ્યાં આમ પાંચ મિનિટ બેઠા ત્યાં પાંચસો મૂક્યા હતા. લ્યો! પાંચસો મૂક્યા પાર્ટીએ. મોટી પાર્ટી હોય તો પછી એના પ્રમાણમાં મૂકવું જોઈએ ને. મહારાજ બિચારા આવ્યા મોટરમાં લેવા. સાથે હતા કોઠારી. મંગળિક સંભળાવો. પાંચસો ને એક મૂક્યા. અહીં નવી આવી હતી ને બેંક. મોટી મૂકે. બિચારા ઓલા સાધારણવાળા શું મૂકે? ૩૧, ૨૫, ૫૦, ૧૦૦. શેનો પાર્ટી પણ અહીં કહે છે. એઈ..! આહાહા..!

આત્મા નાની-મોટી પાર્ટી છે નહિ, મોટી પાર્ટી જ છે. આહાહા..! જેના બેંકમાં અનંતા લક્ષ્મી જ્ઞાન પડ્યા છે, જેનો બેંકમાં અનંતો આનંદ પડ્યો છે. અનંતી લક્ષ્મીનો ધણી ભગવાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. આહાહા..! એ બેંકનો માલિક થયો. કાઢ્યા કર લક્ષ્મી તું તારે. આહાહા..!

મુમુક્ષુ :- વાપર્યા કર.

ઉત્તર :- વાપર્યા કર. ખૂટે નહિ. કોઈનું લેવું નહિ અને કોઈને દેવું નહિ. આહાહા..! તમારા છોકરાનું સાંભળ્યું છે. ૭૦ લાખ બેંકમાં છે એમ કહેતું હતું કો'ક. ત્યાં. બેંક પણ કેવી એની અને છોકરો કોનો એવો?

મુમુક્ષુ :- એ તકો મોટો દીકરો, નાના દીકરાની વાત કરે છે. નાનો દીકરો મોટાની વાત કરે.

ઉત્તર :- મોટાની વાતું કરે વાતું. બીજા હરખની. હરખ સનેપાત. કહો, સમજાણું? આહાહા..! ૨૫ શક્તિ થઈ.

૨૬મી. ભગવાન આત્મામાં એક ૨૬મી શક્તિ છે. એવી અનંતી છે પણ અહીં ભગવાન અમૃતચંદ્રાચાર્યે ૪૭નું વર્ણન કર્યું છે. પછી એટલું સમજી લેજો પછી. થોડું લખ્યું ઘણું કરીને જાણજો. આવે છે ને તમારા કાગળમાં? થોડું લખ્યું ઘણું કરીને જાણજો. માંડવાની શોભા વધારે એમ કરજો. બહેન! તમે આવજો બધું કુટુંબ લઈને, વાણિયાને ને બધાને. એમ લખે. થોડું લખ્યું ઘણું કરીને જાણજો. એમ આવી લક્ષ્મી તમને કહીએ છીએ એટલી અનંતી લક્ષ્મી છે. થોડું કહ્યું ઘણું કરીને જાણજો, માંડવામાં પધારજો અને કેવળજ્ઞાન લેજો. એમ કહે છે આ.

મુમુક્ષુ :- આત્માનો ...

ઉત્તર :- ... છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

આ ૪૭ શક્તિમાં તો આખું જૈનશાસન સમાડી દીધું છે. સમયસાર તો સમાડ્યું પણ આખું જૈનશાસન. આહાહા..! '**पस्सदि जिणसासणं सव्वं**'. કીધું ને. એક ગાથામાં સમાડ્યું જુઓને. ૧૫મીમાં સમાડ્યું. કોઈ શૈલી જ કોઈ જુદી. ઓહોહો..! દિગંબર સંતોની વાસ્તવિકતાની વ્યક્તિ, અનુભવ, સ્થિરતા, ચારિત્ર અને વિકાસ. એટલે અહીંયાં કેટલું સમાડ્યું છે! કેટલું સમાડ્યું છે!! ધીરો થઈને જોવે તો એને પડળના પડળ ખીલે એવા છે.

હવે ૨૬મી એક શક્તિ છે. શું? '**સ્વ-પરના સમાન,...**' સ્વ-પરનું સમાન. જેમ. સત્ છે ને આત્મા સત્ છે. તો બીજા જડો પણ, બીજા દ્રવ્યો પણ સત્ છે. તો સત્ અપેક્ષાએ સ્વપર સમાન છે. છે અપેક્ષાએ સમાન છે કે નહિ? છે અપેક્ષાએ સમાન છે. સત્પણું છે. જો છે તો એ અસમાન હોય તો એક સત્ થાય અને એક અસત્ થઈ જાય. એમ નથી. આત્મા પણ છે, બીજા આત્માઓ છે, જડ પણ છે. એ સ્વપરનું સમાન. એવો સત્ગુણ, અસ્તિત્વગુણ, વસ્તુત્વગુણ. આવે છે ને છ સામાન્ય ગુણ, આવે છે કે નહિ? જે આમાં પણ છે એવા એમાં પણ છે. એવો એક ગુણ આખો થાય છે. એકલો નહિ. '**સ્વ-પરના સમાન, અસમાન...**' પાછો આત્મામાં જ્ઞાન અને આનંદ છે, બીજા દ્રવ્યમાં જડ આદિમાં

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નથી. અને બીજા આત્મામાં આ જ્ઞાન અને આનંદ નથી. આહાહા..!

**'સ્વ-પરના સમાન, અસમાન અને સમાનાસમાન...'** એક સાથે સમાન અને અસમાન. કારણ કે સત્ પણ સાથે છે ત્યાં જ્ઞાન અને આનંદ પણ એ અસમાન છે એ સાથે છે. આહાહા..! શું કહે છે જુઓને. એક વસ્તુનું વર્ણન તો જુઓ આત્માનું. કહે છે, એમાં આત્મામાં સત્ નામનો ગુણ છે, હોવાપણે છે ઈ. એવો સત્ નામનો ગુણ જડમાં પરમાં પણ છે. આ પણ હોવાપણે છે કે નહિ? તો એ અપેક્ષાએ છે, આ છે. એવા ગુણની અપેક્ષાએ સમાન. અને આત્મામાં આનંદ અને જ્ઞાન છે અને આ જડમાં જ્ઞાન આનંદ નથી કે બીજા આત્મામાં આ જ્ઞાન અને આનંદ નથી. એ અપેક્ષાએ બીજા કરતાં આત્મામાં અસમાનપણું છે. આહાહા..! સમજાણું કાંઈ? અને બે ભેગા થઈને રહ્યા તે સમાનાસમાન. એમ કહે છે. સમજાણું?

**'સ્વ-પરના સમાન,...'** સરખું અને સ્વપરમાં **'અસમાન અને સમાનાસમાન એવા ત્રણ પ્રકારના ભાવોના...'** ઠીક! ત્રણ પ્રકાર એવા લીધા. સત્ છે, વસ્તુત્વ છે, પ્રમેયત્વ છે, પ્રદેશત્વ છે એ પોતાનો સમાનગુણ કહેવાય. એવો ગુણ આમાં પણ છે અને બીજામાં પણ છે. જોકે એવા સામાન્ય ગુણો અનંતા છે પણ વ્યાખ્યામાં તો થોડા આવ્યા છે. સામાન્ય છ. પરમાત્મપ્રકાશમાં તો એને (એમ કહ્યું કે) અનંતા સામાન્ય ગુણો છે કે જે સત્પણે આત્મામાં છે એવા જ બીજા જડોમાં અને બીજામાં પણ છે. અનંતા સમાન અને અનંતા અસમાન છે પાછા. આહાહા..! એટલો ભંડાર છે કહે છે આમાં.

આત્મામાં અનંતા સમાન એટલે અસ્તિત્વ, વસ્તુત્વ આદિ બીજામાં પણ છે અને આમાં પણ છે. એવા અનંતા ગુણો છે સમાન અને અનંતા અસમાન છે. જ્ઞાન, દર્શન, આનંદ આદિ અસમાન કે જે બીજામાં નથી. **'સમાન, અસમાન અને સમાનાસમાન એવા ત્રણ પ્રકારના ભાવોના...'** પાછી ભાષા એમ છે. એ ત્રણ પ્રકારના ભાવોના **'ધારણસ્વરૂપ...'** આત્માએ ધારી રાખ્યું છે એ ત્રણે એવા સ્વરૂપ. ઓહોહો..! સર્વજ્ઞનું શાસન. સર્વજ્ઞે જોયેલો, કહેલો આત્મા આવો ન જાણે ત્યાં સુધી એને અનુભવદૃષ્ટિ થાય નહિ. સમજાણું કાંઈ?

**'એવા ત્રણ પ્રકારના ભાવોના ધારણસ્વરૂપ સાધારણ-'** એ સમાનને સાધારણ લાગુ પડે છે. **'અસાધારણ...'** અસમાનને અસાધારણ લાગુ પડે છે. અને **'સાધારણાસાધરણ...'** સમાન અસમાનને સાધારણાસાધરણ લાગુ પડે છે. સમજાણું કાંઈ? સાધારણ એટલે આત્મામાં સત્ અસ્તિત્વ આદિ છે. બીજામાં છે. એ સાધારણ કહેવાય. અસાધારણ. આત્મામાં જ છે જ્ઞાન, દર્શન, આનંદ એવા બીજામાં નથી માટે અસાધારણ. અને સાધારણ-અસાધારણ. સત્ છે તે જ્ઞાન છે અને જ્ઞાન છે તે સત્ છે. એમ **'સાધારણાસાધારણધર્મત્વ...'** લ્યો!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સાધારણાસાધારણધર્મત્વશક્તિ છે એવી. આહાહા..! એ એક ગુણ આવો છે હોં! એવો એક ગુણ છે કે જે અનંતા એમાં સામાન્ય ગુણો એટલે બીજામાં છે એવા આમાં છે માટે સાધારણ. અસાધારણ (એટલે) આમાં છે એવા બીજામાં નથી માટે અસાધારણ. અને તે ક્ષણે બે ભેગા છે સાધારણ-અસાધારણ. સત્ અસ્તિ તે જ્ઞાન, જ્ઞાન તે અસ્તિથી છે. અસ્તિ તે સામાન્ય... વિશેષ છે ... એવું જે સાધારણ-અસાધારણપણું, '**સમાન, અસમાન અને સમાનાસમાન એવા ત્રણ પ્રકારના ધારણસ્વરૂપ સાધારણ-અસાધારણ-સાધારણાસાધારણધર્મત્વશક્તિ.**' છે. લ્યો! કહો. એવો આત્માનો ગુણ છે. આ બધો થઈને એક ગુણ છે પાછો. આહાહા..! મોટા મોટા વર્ણવ્યા. લ્યોને બીજો મોટો છે. મોટો આમાં વર્ણવ્યો અને પછી અનંતધર્મ મોટો પછી આવે છે. કથનની પદ્ધતિમાં એ લીધું જુઓને. આહાહા..!

ભગવાન આત્મા.. જેમ પરના જ્ઞાનમાં પ્રમેયત્વ થાય એવો આત્માનો ગુણ છે એ સમાન છે. અને પરવસ્તુ પણ જ્ઞાનમાં પ્રમેય થાય એવો પરમાં પણ પ્રમેય ધર્મ છે. એ સમાન કહેવાય છે. સમાન. અને જ્ઞાન, આનંદ આદિ અહીં છે એ બીજામાં નથી. સમજાય છે કાંઈ? જાણવું, દેખવું, સમ્યક્, શાંતિ, ચારિત્ર, સ્વચ્છતા એવી શક્તિઓ બીજામાં નથી. એવી શક્તિ આખી સમાનની, અસમાનની અને સમાનાસમાનની એ બધો થઈને એકરૂપ એવો સ્વધર્મ વ્યાપકત્વ એટલે સાધારણ-અસાધારણવ્યાપકત્વ એમ. સ્વધર્મ તો ઓલામાં ગયું. આવા સાધારણ-અસાધારણ-સાધારણાસાધારણધર્મત્વશક્તિ નામનો ૨૬મો આત્મામાં ગુણ છે. એ પણ અનંતી શક્તિમાં વ્યાપેલો છે. એમાં પણ ધ્રુવ ઉપાદાન અને ક્ષણિક ઉપાદાન છે. અને આ શક્તિ પણ અનંત શક્તિમાં નિમિત્ત થાય છે. અને એ શક્તિ અસંખ્ય પ્રદેશમાં વ્યાપી છે. એવો એ ગુણ છે. લ્યો એ ૨૬મો થયો. ૨૭મો લેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૭, મંગળવાર તા. ૨-૭-૧૯૬૮**
**શક્તિ-૨૭-૨૮, પ્રવચન-૫૫૫**

સમયસાર. આત્માની શક્તિ વર્ણવે છે. આત્મામાં ગુણો કેટલા ને કેવા પ્રકારના. આ આત્મા છે એ વસ્તુ છે. એ આ શરીર, કર્મ, રજકણો એનાથી તો જુદી ચીજ છે તદ્દન. એટલે એમાં એની સાથે કાંઈ સંબંધ નથી. એમાં આત્માને કર્મના રજકણો છે એ પણ જડ છે. એનાથી પણ આત્મા તદ્દન ભિન્ન છે એની સાથે સંબંધ કાંઈ નથી. એનામાં થતાં પુણ્ય અને પાપ, શુભ-અશુભભાવ, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ વાસના એ પાપ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ ભાવ થાય તે પુણ્ય છે. બેય વિકારથી રહિત આત્મા છે. એટલે જેને આત્મા પ્રાપ્ત કરવો છે અથવા ધર્મ કરવો છે એણે આત્મા કેવડો અને ક્યા રહિત છે એવું એણે નક્કી કરવું જોઈશે.

શરીર, કર્મ અને વિકારના ભાવથી તો રહિત છે અને અનંતગુણ સહિત છે. એવા અનંતગુણનું સહિતપણાનું એકરૂપ એવી અંતર્મુખ દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય એને ધર્મ કહે છે. .. છે અને એના શક્તિરૂપ ધર્મો કાયમ હોય છે. સમજાણું કાંઈ? વસ્તુ ભગવાન આત્મા અનંત શક્તિ જે ગુણ છે એ તો એક સાથે અક્રમે છે, પણ એની પર્યાય જે અવસ્થા થાય, અહીં તો નિર્મળની વાત છે હોં. આ તો આત્મા જેને કહે એની વાત છે ને. આત્મામાં સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર, શાંતિ એ ક્ષણે ક્ષણે નવી નવી ક્રમે ક્રમે અવસ્થા થાય એવા પર્યાયવાળું અને એકસાથે અનંતા ગુણવાળો આત્મા એને અહીંયાં દૃષ્ટિમાં લેતા, અનુભવમાં લેતા જે ધર્મની પર્યાય પ્રગટ થાય એ સહિતને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એમાં ૨૬ શક્તિઓ આવી ગઈ છે.

૨૭મી. આત્મામાં એક એવો ગુણ છે, ભગવાન કેવળજ્ઞાની તીર્થંકરદેવે જોયેલો અને છે. આત્મામાં અનંત ગુણો છે એક સમયમાં. જ્ઞાન, દર્શન, આનંદ આદિ આવી ગયું ને બધું? જીવત્વ, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શિ, સર્વજ્ઞ વગેરે. ... ત્રણ કાળ રહે એ જુદી વાત છે. જ્ઞાન, દર્શન, આનંદ એવી .. ગુણ એક એક સમયમાં અનંત છે. ધર્મ નામ ગુણનું લક્ષણ ભિન્ન ભિન્ન છે. જુઓ!

'**વિલક્ષણ...**' પહેલો શબ્દ પડ્યો છે. ૨૭ શક્તિનું વર્ણન. આત્મામાં અનંત ગુણો છે. જ્ઞાન તે જાણવાના લક્ષણવાળું, દર્શન દેખવાના. વીર્ય તે સ્વરૂપની રચનાના. સ્વચ્છતા તે પ્રદેશોમાં લોકાલોકના આકારોમાં એકરૂપ .. ઉપયોગ થવાના, એવા એવા દરેક ગુણનું લક્ષણ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વિલક્ષણ છે. એક ગુણનું લક્ષણ છે એ બીજામાં આવતું નથી. સમજાણું કાંઈ?

'**વિલક્ષણ...**' પહેલો શબ્દ છે. ૨૭મી શક્તિ શરૂઆત થતાં. વિલક્ષણની વ્યાખ્યા કરી જુઓ કૌંસમાં. '**(પરસ્પર ભિન્ન લક્ષણોવાળા)...**' માંહોમાંહે જુદા જુદા લક્ષણવાળા આત્મામાં અનંતા ગુણો છે. સમજાણું કાંઈ? એનામાં સંસાર નથી. પુણ્ય-પાપના ભાવ એવો ઉદયભાવ એમાં નથી. કર્મ, શરીર નથી. એ બધું તો પર, વસ્તુ પર છે. એવા આત્મામાં અનંતા ગુણો છે એ દરેક ગુણનું લક્ષણ જુદું જુદું છે. એઈ.. શેઠી! '**વિલક્ષણ...**' એમ શબ્દ પડ્યો (છે), જુઓ! '**(પરસ્પર ભિન્ન લક્ષણોવાળા)...**' માંહોમાંહે જુદું જેનું લક્ષણ છે. જ્ઞાનનું જાણવું લક્ષણ, શ્રદ્ધાનું પ્રતીત લક્ષણ, દેખવાનું અનાકાર ઉપયોગરૂપ દેખવું લક્ષણ, સ્વચ્છતાનો શુદ્ધતા આદિ નિર્મળતાનું લક્ષણ, પ્રત્યક્ષપણે પ્રકાશવું-પ્રત્યક્ષ થવું આત્માનું એવું પ્રત્યક્ષ લક્ષણ. એવા એવા દરેક ગુણનું ભિન્ન ભિન્ન લક્ષણ છે, છતાં એક ક્ષેત્રે, એક કાળે સાથે રહેલા છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એનામાં અનંત ધર્મો. ધર્મો એટલે ગુણો, ગુણો એટલે શક્તિ. એ બધી '**વિલક્ષણ (પરસ્પર ભિન્ન લક્ષણોવાળા) અનંત સ્વભાવોથી ભાવિત...**' અનંત સ્વભાવ, અનંત શક્તિ એવા ભાવોથી ભાવિત. થયેલો એટલે ભાવિત. એમ. '**એવો એક ભાવ...**' એવો એક ભાવ '**જેનું લક્ષણ છે...**' અનંતધર્મપણે એક ભાવ છે અહીં. અનંત ધર્મો ભિન્ન ભિન્ન છે. પણ અનંત ધર્મનું '**અનંત સ્વભાવોથી ભાવિત એવો એક ભાવ જેનું લક્ષણ છે એવી અનંત-ધર્મત્વશક્તિ.**' છે. અનંત ધર્મત્વશક્તિ નામનો એક ગુણ એવો છે કે અનંતધર્મ પરસ્પર વિલક્ષણ હોવા છતાં તેનું એકભાવરૂપ અનંતધર્મત્વ એવો એનામાં એક ગુણ છે. ભગવાનજીભાઈ! કોઈ દી સાંભળ્યો પણ નહિ હોય. જૈનમાં જન્મ્યા હોય એને પણ પરમેશ્વર શું કહે છે એની ખબર ન મળે આત્માની. આહાહા..!

સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની દેવાધિદેવ તીર્થંકરે આ એક આત્માને અનંતધર્મવાળો વિલક્ષણ નામ એક એક ગુણનું લક્ષણ જુદું હોવા છતાં એક સાથે અનંત ધર્મ છે એવો એક ભાવ અનંતધર્મરૂપ એક ભાવ એનો એક ગુણ છે. એક ભાવ તો આવ્યો હતો માથે વિભુ, બધામાં વ્યાપક છે, અનંતગુણમાં એક ગુણમાં વ્યાપક આમ છે. એમાં એક ભાવ આવ્યો હતો. બે-ચાર ઠેકાણે એક ભાવ આવી ગયો. પણ અહીંયાં એક ભાવની વ્યાખ્યા આ છે. અનંત ગુણો સંખ્યાએ અનંતા. કેટલા? કે ત્રણ કાળના સમયથી અનંતગુણા. સમજાણું? આત્માને ત્રણ કાળ રહે છે ને આત્મા ત્રણ કાળ? ત્રિકાળ છે ને? એ ત્રિકાળના જેટલો સમય છે ત્રણ કાળના અથવા એની પર્યાયો. એક એક પર્યાયની વાત અહીં તો હોં. અનંતગુણની પર્યાય, એક ગુણની એક પર્યાય એવી ત્રિકાળ છે એનાથી અનંતગુણા આત્મામાં ગુણ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સમજાણું કાંઈ?

એક ગુણ છે. આત્મા જ્ઞાન છે જુઓ. જ્ઞાનગુણ છે એમાં. આનંદગુણ છે. તો એ જ્ઞાનગુણની એક સમયની જે અવસ્થા છે એવી ત્રણ કાળની જે અવસ્થા છે, જ્ઞાનની એક ગુણની ત્રણ કાળની જે અવસ્થા છે એના કરતાં અનંતગુણા ગુણની સંખ્યા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધાનો ...

જાણવાના લક્ષણવાળી જે જ્ઞાનપર્યાય એવી જે ત્રણ કાળની. એક ગુણ છે ને જ્ઞાન, એની પર્યાય છે-અવસ્થા. ત્રિકાળ પર્યાયો છે અનંત. જેટલી પર્યાય એક જ્ઞાનગુણની છે એક સમયની અને ત્રણ કાળની એથી અનંતગુણા તો અંદર ગુણ છે. સમજાણું કાંઈ? અને એ ગુણ છે જેટલા એટલી જ ત્રણ કાળની એક સમયની પર્યાય એક ગુણની એથી અનંતગુણી એક સમયની અનંતી પર્યાય ક્રમે વર્તે છે.

અહીં તો કહે છે કે આત્મા ચિદાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ (છે), એ પુણ્ય-પાપના વિકલ્પ વિનાની ચીજ એને આત્મા કહીએ. પુણ્ય-પાપનો વિકલ્પ ઉઠે દયા, દાન એ તો આસ્રવતત્ત્વ છે. એ કાંઈ આત્મા નથી. જાધવજીભાઈ! ભારે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા જે વૃત્તિ ઉઠે છે ને એ તો આસ્રવ છે. એ આત્મા નહિ. વિકાર છે, એ તો દોષ છે. અહીં તો દોષરહિત જે ગુણની દશા ક્રમે ક્રમે જે ગુણની દશા થાય એમાં એક ગુણની જે અવસ્થા એવી ત્રણ કાળની અવસ્થાથી એની એક સમયની અવસ્થાની સંખ્યા અનંત ગુણની અનંતી છે. શું કહે છે આ? કહે છે ને ક્રમે પ્રવર્તતો, અક્રમે પ્રવર્તતો એવો સમુદાય તેને આત્મા કહીએ. પણ અહીં તો અનંત ધર્મની વ્યાખ્યા આવી છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી છે. અસંખ્ય પ્રદેશ છે એના. એનો દેશ એ છે. ભગવાનજીભાઈ! મહાજન દેશ ને ફલાણો દેશ એનો નથી એમ કહે છે. મોમ્બાસા એ દેશ નહિ એનો. અસંખ્ય પ્રદેશી એનો દેશ છે. એમાં અનંતા ધર્મ એના પોતાના ગુણ અને શક્તિઓ એ દેશમાં વસે છે. આહાહા..! એ સ્વદેશ છે. સમજાણું કાંઈ? પોતાની અપેક્ષાએ પરવસ્તુ, પુણ્ય-પાપ એ બધો પરદેશ છે. શેઠી! પરદેશનું વાંચ્યું હતું ને ભાઈ તે દી? ૮૯માં નહિ? રાજકોટ. પરદેશી રાજા. પરદેશી રાજાના વ્યાખ્યાનો (ચાલેલા), રાજકોટમાં ૮૯ની સાલ. ૩-૩ હજાર માણસ. ૩-૩ હજાર. પરદેશી રાજા. રાયપસેણ એ સૂત્ર છે. રાયપસેણ એટલે રાજાના પ્રશ્ન. પરદેશી રાજા. પરદેશી એટલે આત્માને નહિ માનનારો એવો પરદેશી. એમ. એવું તે દી કહ્યું હતું. સમજાય છે?

સ્વદેશી ભગવાન આત્મા જેના દેશમાં, જેના ક્ષેત્રમાં અનંતા ભાવો, અનંતા ગુણો, એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



રૂપી અનંતા સ્વભાવો આત્મામાં વસે છે. એ અનંતા સ્વભાવનું વિલક્ષણપણું એક એકનું હોવા છતાં. વિલક્ષણ એટલે એક લક્ષણ બીજા સાથે મેળ ખાતું નથી. છતાં તે અનંતધર્મનું એકભાવરૂપ એમાં, એવો એક એનામાં ગુણ છે. સમજાણું કાંઈ? અને ધર્મ થતાં, ધર્મ થતાં સમ્યગ્દર્શનરૂપી ધર્મ થતાં એ ચૈતન્ય જે અનંતગુણનો પિંડ પ્રભુ ભગવાન છે એની અંતર દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ધર્મ જે દશા થાય એમાં જેટલા ગુણોની સંખ્યા છે એ બધા શુદ્ધરૂપે સાથે પરિણમે છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! આવો આત્મા. આવો આત્મા એને આત્મા કહીએ. આમ તો આત્મા બધા વાતું કરે છે બહુ. અન્યમાં, જૈનમાં વાતું કર્યા કરે છે. આત્મા આવો છે ને આત્મા આવો છે. આત્માએ રાગ કર્યો મિચ્છામી દુક્કડમ. આત્માએ પરને માર્યો મિચ્છામી દુક્કડમ. એવો આત્મા જ નહિ અહીં તો કહે છે.

આત્મા એને કહીએ કે જેમાં અનંતા ગુણો અને શુદ્ધિ વર્તે છે શક્તિની. જેમાં પુણ્ય-પાપના વિકલ્પ નથી, શરીર, કર્મ નથી. એ તો પરવસ્તુ છે. સમજાણું? વસ્તુ પોતે સત્-અસત્રૂપે પોતે જ છે પોતે. શું કીધું એ? વસ્તુ એ પોતે આત્મા, એના અનંતા ગુણો આદિનું સત્ સ્વરૂપ છે. હવે એ પોતે સત્ છે એ પોતે અસત્ છે. એટલે? કે જેટલા શરીર, કર્મ આદિ વિકાર છે તેનો એમાં અભાવ છે. એ પરની અપેક્ષાનું અસત્પણું નથી, પોતામાં અસત્પણું એવો એક ગુણ-ધર્મ છે. લ્યો! સમજાણું કાંઈ? શું કહ્યું? શેઠી!

આત્મા વસ્તુ છે. આ તો માટી જડ છે. આ કાંઈ આત્મા નથી. પરમાણુ ભાષા જડ છે, કર્મ જડ છે. પુણ્ય-પાપના વિકારોની અહીં વાત નથી. એ તો એક ક્ષણિક વિકૃત, અમુક ગુણોની અવસ્થા વિકૃત છે. એ ગુણોની વિકૃત અવસ્થા એ કાંઈ એનું સ્વરૂપ નથી. નિર્વિકારી જે આત્મામાં અનંતા ગુણો છે, એની જે નિર્વિકારી પર્યાય થાય વસ્તુની દૃષ્ટિ કરતાં, અંતર આવો આત્મા જાણીને અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણોનું ધામ આવો છે, એવી દૃષ્ટિ કરતાં જે સમ્યગ્દર્શન આદિની પર્યાયો થાય એની સાથે અનંતા ગુણની વિલક્ષણ ધર્મ હોવા છતાં એક એક પર્યાયનું લક્ષણ જુદું હોવા છતાં, જેમ ધર્મનું લક્ષણ (જુદું છે), એમ પર્યાયનું લક્ષણ ભિન્ન છે કે નહિ? છતાં એક સમયે અનંતા ગુણની પર્યાય એક સમયે એકસાથે, એક ભાવરૂપ થઈને પરિણમે છે. આહાહા..! શું આવી ભાષા કેવી! ગ્રીક-લેટિન જેવું લાગે. ઓલું તો કહે, એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, ત્રણ ઈન્દ્રિયા, જીવિયા વહોરવિયા મિચ્છામી દુક્કડમ એ ઝટ સમજાય અજ્ઞાન અનાદિથી (કરેલું ઈ). જાધવજીભાઈ! સાંભળ તો ખરો. આત્મા કોણ છે એની તને ખબર નથી.

આત્મા ભગવાન જ્ઞાનમૂર્તિ છે. એની પર્યાયમાં પણ જાણવું એવી જ્ઞાનની અવસ્થાનું લક્ષણ છે. એની પર્યાયમાં શ્રદ્ધા થાય એ પણ એક પ્રતીત કરે એવું એનું લક્ષણ છે. આનંદ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જે પર્યાયમાં આવે એનું અનાકુળત્વ જેનું લક્ષણ છે. પુરુષાર્થની પર્યાય સાથે પરિણમે એને વીર્ય પોતે શુદ્ધની અવસ્થાને રચે તે એનું લક્ષણ છે. એવા અનંતા ધર્મોના એકભાવરૂપ. એમ કીધું છે ને? એમ કહેવું છે ને? વિલક્ષણ અનંત સ્વભાવથી ભાવિત એવો એક ભાવ. પર્યાયમાં પણ એવો એક ભાવ એમ કહે છે. સમજાણું કાંઈ? અગમ-નિગમની વાતું. ભગવાન અગમ-નિગમ છે. આહાહા..! સલવાણો તે આ શરીર જરી ઠીક આવ્યું ત્યાં આમ થઈ ગયો, આ આવ્યું તો આ થઈ ગયો. લ્યો.

ઓલાએ લખ્યું છે કે પૈસાની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. ફક્ત પૈસાથી જે રાગ થાય ને એની સાથે અસદ્‌ભુત વ્યવહારનયે સંબંધ છે. જૂઠી નયે. પૈસા સાથે તો આત્માને કાંઈ લેવા-દેવા નથી. પૈસો પણ એ તો જડ છે. એની સાથે શું આત્માને સંબંધ છે? ફૂલચંદજીએ જવાબ આપ્યો છે. ઓલાએ લખ્યું છે ને પૃથક્ અને અપૃથક્. શરીર ને કર્મ સાથે અપૃથક્ રહે છે. અને પર સાથે પૃથક્ રહે છે. એવું લખ્યું છે ચર્ચામાં. ભાઈ! કર્મ સાથે અપૃથક્ કે દી હતો? એ તો પૃથક્ જ છે. એકક્ષેત્રાવગાહ એનો કર્તા કહ્યો છે એ અનુપચારે કહ્યો. એક ક્ષેત્રે રહે છે ને. અનુપચારે આમ સંબંધ .. છે એટલું. અને લક્ષ્મી આદિનો કર્તા તો ઉપચારથી કહ્યો અસદ્‌ભુત જૂઠી (નયે). કેમકે એની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. ભિન્ન છે. એનું ક્યાં છે? એની ક્યાં છે? એ ચીજ એની નથી, એનામાં આ નથી, આ એનામાં નથી, એનામાં .. છે. બહુ તો એને સંબંધ ગણો તો એ સંબંધીનો એને જે રાગ થાય છે એવો આત્માને અસદ્‌ભુત વ્યવહારનયે તે રાગની સાથે સંબંધ છે. જૂઠી દૃષ્ટિએ રાગ સાથે સંબંધ થાય છે. જુઓ તો ખરા. એને ઠેકાણે આ અમારે સંબંધ છે આની સાથે અને આની સાથે આ સંબંધ છે.

મુમુક્ષુ :- સાત-સાત પેઢીના સંબંધ છે.

ઉત્તર :- સાત-સાત પેઢીના સંબંધ. દસ-દસ પેઢીના સંબંધ અમારે લેવડ-દેવડ છે. ધૂળેય નથી, સાંભળને. આહાહા..! એય.. શેઠી! સંબંધ છે કહે છે અમારે ૫૦-૬૦ વર્ષનો. સંબંધ કાંઈ નથી એમ કહે છે અહીં.

મુમુક્ષુ :- એની સાથે તો નથી, અહીં રાગ સાથે..

ઉત્તર :- રાગ સાથે જૂઠો સંબંધ છે. સાચો નથી. સંબંધ તો અનંત ગુણના શુદ્ધ સંબંધ સાથે એનો સંબંધ છે. સમજાણું કાંઈ? જે અવિનાભાવ ગુણ એક છે ત્યાં અનંત છે. એક સમયની પર્યાય નિર્મળ છે ત્યાં અનંતની પર્યાય એકસાથે છે. ઓહોહો..! ત્રણ કાળના સમયોમાં રહેનારો એક ગુણ અને એની જેટલી પર્યાય ત્રણ કાળની અવસ્થા એ અવસ્થાથી એની એક સમયની અનંતી જે અવસ્થા બધા ગુણની છે એવી અનંત ગુણી અવસ્થા છે. આપણે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અત્યારે કાળની સાથે લેવું છે. આકાશ સાથેનું અત્યારે કામ નથી. અહીં તો ટકે છે આમ ત્રિકાળ. આ જુઓને. આહાહા..! સમજાણું કાંઈ? એનામાં અનંત ધર્મ એવા છે કે પ્રત્યેક ધર્મ એટલે ગુણ, એનું લક્ષણ જુદું હોવા છતાં અનંત ધર્મોથી ભાવિત એટલે રહેલો એવો એક ભાવસ્વરૂપ, એવો એક ગુણ એનો અનંતધર્મત્વ નામનો એક ગુણ છે. આહાહા..! સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લક્ષણ ભિન્ન. છતાં એક ભાવસ્વરૂપે છે. બધા ભાવ એમાં આવી ગયા છે.

મુમુક્ષુ :- વિરુદ્ધ હોવા છતાં...

ઉત્તર :- ના. ના. વિરુદ્ધ હોવા છતાં. આની પછી તરત વિરુદ્ધ કહેશે હવે. એના પછી વિરુદ્ધ કહેશે. એવો જ એનો સ્વભાવ છે. આહાહા..! અલૌકિક વાત છે. નહોતી કરી પહેલી? એક સમયમાં જ્ઞાનનો પર્યાય ભિન્ન ભિન્ન પાડીને જાણે એવો અને એક સમયમાં દર્શનનો પર્યાય ભિન્ન જાણ્યા વિના, કાંઈ ભિન્ન કર્યા વિના જાણે એવો. જ્ઞાનનો એક સમયનો પર્યાય અને દર્શનનો એક સમયનો પર્યાય બેય એક ક્ષેત્રે, એક કાળે ભાવની વિલક્ષણતા (હોવા) છતાં આટલી અદ્ભુતતા છે. સમજાણું કાંઈ? ભાઈ! આત્મા તો ત્રણ લોકનો નાથ બાદશાહ છે. એને ખબર નથી. રાંકો થઈને ફરે છે જ્યાં હોય ત્યાં ભિખારી થઈને. મને કાંઈક સારો કહો, હું કાંઈક રાગ કરું, મને કાંઈક પુણ્ય થાય, મને કાંઈક પાપ ઘટે અને પાપ ન કરું તો અનુકૂળતા રહે. ભિખારી છો, કહે છે. એય.. જાધવજીભાઈ! રાંકા! બાદશાહ થઈને ચક્રવર્તીને ઘરે જઈને પણ ઓલી રાણી છે તે ભીખ માગે છે. વાઘરણને ઘરેથી લાવીને. દાતણ થોડા લઈ ખાનગી કોઈ ન હોય તો ખૂણામાં મૂકે. કહે, એ.. મા-બાપ રોટલી આપજો. ...

એમ આ કહે છે કે ત્રણ લોકનો નાથ તારામાં કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ એવા અનંતા ધર્મો પડ્યા, અનંતગુણા ધર્મો જેની સંખ્યા ત્રણ કાળના સમયથી અનંતગુણી ઓહોહો..! તને ખબર નથી તું કેવડો અને ક્યાં છો? સમજાણું કાંઈ? ત્રણ કાળ જેની આદિ નહિ, અંત નહિ. એના જેટલા સમયો છે અથવા આત્માની એક ગુણની એક સમયની પર્યાય એવી ત્રણ કાળની પર્યાયો જે છે એથી અનંતગુણા ધર્મો-ગુણ છે અને એટલી જ એક સમયમાં ત્રણ કાળની એક સમયની એક ગુણની પર્યાય કરતાં અનંતગુણી એક સમયમાં પર્યાય છે. એવું અનંતધર્મત્વ એકસાથે હોવા છતાં એનો એકભાવરૂપી ભાવ છે. આહાહા..! પ્રવિણભાઈ! આ તો બીજી વાતું છે, બાપા! આ કાંઈ ઝટ દઈને પચે એવી નથી. આ તો પચે ને પચે તો થઈ રહ્યું. ન્યાલ થઈ ગયો ઈ. એવો આત્મા છે. એને ખબર નથી.

ભગવાન આત્મા..! આવી એક એક શક્તિમાં પ્રભુતા વસે છે. ઓહો..! એક પ્રભુ નહિ એવા અનંતા પ્રભુ તારા ગુણો છે. આહાહા..! જાધવજીભાઈ! અનંતા પ્રભુ પડ્યા છે તારા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પેટમાં, ભાઈ! તને ખબર નથી. તારી શક્તિમાં-ગુણમાં અનંતા પ્રભુ પડ્યા છે. એક ગુણમાં અનંતા પ્રભુ પડ્યા છે. ઓહોહો..! પ્રભુ. કહ્યું ને આ. પ્રભુત્વશક્તિ છે ને. જ્ઞાનગુણ છે ને. જ્ઞાનગુણ છે જ્ઞાન. તો એની પર્યાય અનંતી થાય છે ને? ત્રિકાળ અનંતી થાય છે ને? કેવળજ્ઞાનરૂપી એક પ્રભુ એવી અનંતી પર્યાય પ્રગટે એવા અનંત પ્રભુ આત્માના જ્ઞાનગુણમાં છે. આત્માની આનંદ શક્તિ પ્રગટે અનંત... અનંત... અનંત... અનંત.. એવો અનંત આનંદ પ્રગટે એવો અનંત કાળ પ્રગટ્યા કરે એવો અનંત આનંદ તારા આનંદગુણમાં પ્રભુતા એવી સમર્થતા અહીં પડી છે. આહાહા..! ઘરના ઘરની ખબરું ન મળે અને પારકે ઘરે ગોતવા જાય. શેઠી! એ તમારા હીરા-માણેક ને ક્યાંય હેઠે વયા ગયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, આત્મા એવો છે અહીંયાં તો કહે છે. આહાહા..! શું આચાર્ય કહે છે!

'**વિલક્ષણ (-પરસ્પર ભિન્ન...**' દેખો! જ્ઞાનનું લક્ષણ, આનંદનું લક્ષણ, શ્રદ્ધાનું લક્ષણ એક એક માંહોમાંહે પરસ્પર ભિન્ન છે. છતાં એ બધા અનંત ધર્મનો કારણરૂપ '**અનંત સ્વભાવોથી ભાવિત...**' અનંત સ્વભાવથી હોવાવાળો, અનંત સ્વભાવથી હોવાવાળો '**એવો એક ભાવ...**' એવું જેનું સ્વરૂપ છે એવો અનંતધર્મત્વગુણ છે. સમજાણું કાંઈ? આહાહા..! દરબાર મોટો છે. ભગવાનનો દરબાર મોટો છે. એવો આત્મા સર્વજ્ઞે જોયેલો, કેવળીએ જોયેલો અને કેવળીએ કહેલો એવો આત્મા આવડો છે. કહો, ભગવાનજીભાઈ! હવે આ જૈનમાં જન્મ્યા હોય તો ખબર ન મળે. આત્મા છે. ... કરે છે. પરને મારે તો પાપ થાય અને બચાવે તો પુણ્ય થાય. આવો આત્મા. એ આત્મા જ નહિ. અહીં તો ના પાડે છે. પરને મારી શકે નહિ, પરને હણી શકે નહિ, દયા પાળી શકે નહિ એનું નામ આત્મા. અને પરના કારણે જે વિકલ્પ ઉઠ્યો છે એ આત્મા નહિ. એ તો રાગ છે, પુણ્ય છે, આસ્રવ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ છે એવી અત્યારે આવી વ્યાખ્યા જ ચાલતી નથી. લોકોને ખબર નથી કેવડો આત્મા. આહાહા..! તારી નજરુંમાં નિધાન છે. તું ક્યાં નજર નાખે છે બીજે? આહાહા..! સમજાય છે? હું આ કરું... આ કરું... આ કરું.. આ કરવાથી મારી મોટપ થાય, પૈસાથી મારી મોટપ થાય ને શરીરથી મારી મોટપ થાય. બાયડી પરણું તો કુંવારો મટીને બે થાઉં. છોકરો થાય ત્યારે ત્રણ થાઉં. આહાહા..! એકલો ન રહેતા બાયડી થાય તો બગડ્યું. બગડે બે થઈ ગયો કે નહિ? અને છોકરો થાય એટલે ત્રગડે ત્રણ. ત્રગડો. રળ, હવે મર એના માટે. રાગ હોં! એના માટે કાંઈ કરતો નથી. ચોગડે ચાર. ચાર ગતિમાં જા. આહાહા..!

કહે છે, જુઓ તો ખરા! અનંતધર્મ શું કહે છે આ? આહાહા..! જેની મહિમા આવતા

અનંત અનંત ગુણની સંખ્યાનું અપારપણું. છતાં ક્ષેત્રે તો પારપણું છે. શું કીધું? આટલામાં જ છે. આટલી સંખ્યાવાળા ગુણો અને એટલી સંખ્યાવાળી નિર્મળ પર્યાય, છતાં આટલામાં એટલા છે. જેના ત્રણ કાળમાં પહોંચી શકે નહિ એવી એવી શક્તિઓ અનંતગુણી, પણ એનું ક્ષેત્ર તો આટલું જ છે. જાધવજીભાઈ! રૂપિયા, બાયડી, છોકરા હોય તો જાણે ઓહોહો..! શું થઈ ગયું જાણે. રાંકો થયો છે, સાંભળને! મિથ્યાદર્શન છે.

અહીં તો કહે છે કે આટલા ગુણવાળો એક આત્મા એના સિવાય એક વિકલ્પ ઉઠે પુણ્યનો એ મારો માને તો આત્માના સ્વરૂપનો પોતે અનાદર કરીને મિથ્યાદષ્ટિ પાખંડી ભિખારી થાય છે. સમજાણું કાંઈ? આવડો આત્મા અનંતધર્મવાળો જેના લક્ષણો ભિન્ન ભિન્ન છતાં એક સ્વભાવે ભાવિત રહેલો ગુણ, એવા આત્મા સિવાય એક દયા, દાન, વ્રતનો વિકલ્પ ઉઠે એ મારો માને તો આખા બાદશાહ અનંતગુણનો ધણી તેનો અનાદર કરીને વિકારના ગુંગાને પોતાનો માને છે (એ) મિથ્યાદષ્ટિ છે. જૈન નથી. કહો, ત્રિભુવનભાઈ! એ કહેતા હતા તમારા ..ભાઈ. મેં પૂછ્યું હતું ત્રિભુનભાઈને, કે ..માં આવું ઊંધું માનતા હોય તો એને આપણે પગે લાગીએ તો? તો ત્રિભુવનભાઈએ તો એમ કીધું કે મારા બનેવીએ કે એ જૈન નહિ. ઝવેરભાઈ કહેતા હતા. કાંઈક વાત થઈ હશે ઘરે તમારે. ઝવેરભાઈ કહેતા હતા. મેં કીધું, આ બધી માન્યતા આવી સાચી ન હોય અને બીજા એવા ભેખધારી બધા સાચા માને એને પગે લાગીએ તો? તો આ કહે કે એ જૈન જ નહિ. પગે લાગે તો. એય.. મોહનભાઈ! તમારા મોટા બાપુએ પૂછ્યું હશે આને. તો આણે જવાબ એવો આપ્યો. વાત સાચી છે.

જૈન એટલે શું? વસ્તુ ભગવાન અનંતગુણનો ધણી પરમાત્મસ્વરૂપ છે એને જે માનતો નથી અને રાગ ને પુણ્યથી મને ધર્મ થાય એમ માને છે. પુણ્યથી મને ધર્મ થાય, પુણ્યથી તને ધર્મ થાય એમ મનાવે, માને છે આ એનો આદર કરવો, એને પગે લાગવું એ અનંતા ગુણનો અનાદર કરનારો, અશાતના કરનારો વિરાધક મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? એ કહેતા હતા એક ફેરી હોં! સાંજે કહેતા હતા. અહીં હતા ને. આહાહા..!

એમાં તો ૨૫માં ભાઈ આવ્યું કે સર્વ શરીરમાં એકસ્વરૂપાત્મક. એ એકસ્વરૂપાત્મક એટલે કે શરીરરૂપે થયો નથી પણ પોતાનું સ્વરૂપ ભિન્ન છે. અહીં તો કહે છે કે અનંતા જે ગુણો છે.. આહાહા..! એ અનંત ગુણોનો સ્વભાવ જે આત્મામાં સંખ્યાએ અનંત છે એમાંથી ભાવેલો, થયેલો એ રૂપે એકભાવરૂપ એવો અનંતધર્મ નામનો ગુણ છે. કહો, સમજાણું કાંઈ? આ ધર્મના ધરનાર એવા આત્માને એણે અંતર દષ્ટિમાં લીધો એ પર્યાયમાં પરમાત્મા થયો. હું પરમાત્મા જ છું. અનંત ગુણનો ધણી છું. હું સ્વસ્વામી છું. આવી મારી શક્તિ અને એનું પરિણમન નિર્મળ એ મારું સ્વ છે અને હું એનો સ્વામી છું. સમજાય છે કાંઈ?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અજ્ઞાની આવા આત્માને ન માનતા એક અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિના શુભભાવ થાય એ મારું સ્વ છે અને હું સ્વામી છું (એમ માને છે). મૂઢ છો કહે છે. જાધવજીભાઈ! હવે આમાં દીકરા, બાયડી તો ક્યાંય રહી ગયા. ક્યાંકના હતા. તારા કે દી? એ તો એને કારણે આવ્યા અને એને કારણે ઊભા અને ચાલ્યા જાય છે. આહાહા..! અહીં તો આવડું સ્વ છે એમ આવ્યું. ભાઈ! શું કીધું? તારું આવડું સ્વ છે. અનંતા ગુણોનું વિલક્ષણપણું હોવા છતાં તેનો એકરૂપ ભાવ એવો અનંત ધર્મ શક્તિનો એક ગુણ છે. એવો તું આત્મા છો. એવા આત્માને માન્યા વિના અને એનો આશ્રય લીધા વિના જેટલો તું પુણ્ય ને પાપ, વિકલ્પને, પરને તારા માન કે એનાથી મને લાભ માન, જેનાથી લાભ માને એને પોતાનું સ્વરૂપ માને છે. એ કહે છે કે પરને સ્વ પોતાનું માને છે અને પરનો પોતે સ્વ માનીને સ્વામી થાય છે. ધર્મી, પોતાના અનંતા ગુણોની લક્ષ્મી પડી છે અને એની પર્યાયની પરિણતિ નિર્મળ છે, એ મારું સ્વ અને હું એનો સ્વામી (છું એમ માને છે). સમજાણું કાંઈ? કહો, કામદાર! શું હશે આ? આ બધું દસ-દસ લાખ, વીસ-વીસ લાખ, પચાસ-પચાસ લાખ બધા પૈસાવાળા કહેવાય છે ને મોટી આબરુ. એ નાક કહેવાય છે. નાક. નાક કેવું? આ તો જડ છે. આ તો માટીનું નાક છે. આબરુ એ પરમાણુનું નાક. પરમાણુ છે. એમાં તારું ક્યાં આવ્યું? મારી પ્રશંસા થાય છે. તું કોણ તને ખબર છે કે પ્રશંસા થાય તો ... તું કોણ? તું અનંત આનંદ જ્ઞાનાદિ અનંત ધર્મનો ધણી છો. એની પ્રશંસા તું કર કે બીજો કરે? જેને ખ્યાલમાં આવ્યું એ પ્રશંસા કરે. જેને ખ્યાલમાં આવ્યું જ નથી તત્ત્વ, એ પ્રશંસા કોની કરે? સારું છે એમ કોણ કહે? સમજાણું કાંઈ? મારી પ્રશંસા બહુ, આબરુ બહુ મારી છે.

હીરાજી મહારાજ કાળ કરી ગયા ને? રસ્તામાં કાલે કહ્યું હતું. તે દી અમે રાણપુર હતા. ચાર વર્ષની દીક્ષા. મૂલચંદજી અને હું બે. પછી આવ્યા. એનું નાક મોટું. હીરાજી મહારાજની આબરુ મોટી કહેવાય બહાર. મોટી આબરુ. એટલે પછી કહે છે કે મારી આબરુ ઘણી છે હોં. ઓલા મરી ગયા એમ સાંભળ્યું ને ભાઈ! અને સવારે જાવું હતું ત્યાં. મડદું પડ્યું હતું ત્યાં. કાંપમાં રાખ્યા હતા. મારી આબરુ ઘણી છે. હવે આપણે પણ મારી આબરુએ .. હીરાજી મહારાજ ગયા. એમ કહ્યું હતું. (સંવત) ૧૯૭૪ના ચૈત્ર વદ આઠમની વાત છે. શું કહે છે આ? આ શું કહે છે?

જેમ એક દુકાનમાં શેઠ હોય ને. મરી જાય પછી છોકરો આબરુદાર હોય ને. બાપા કરતા મારી પણ આબરૂ સારી છે અને દુકાન સારી ચાલશે. એય.. ભગવાનજીભાઈ! કહે છે, ભગવાન! શું કરે છે? તે દી એમ કીધું, હોં! શું કહે છે તું? આહાહા..! શું દુનિયા માને છે? દુનિયામાં અમુક માને પાંચ-પચાસ હજાર માણસો ત્યાં. આપણી આબરુ મોટી છે. આબરુ ત્યાં જાતી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હશે તારી. આહાહા..! ભાઈ! તને ખબર નથી.

તારી આબરુ તો અનંતા ગુણમાં તું પ્રશંસા કરીને દૃષ્ટિ કરીને ફર એમાં તારી આબરૂ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એમાં તું જીવતો ટકી શકીશ. પરને લઈને માને છો તો મરી ગયેલો માને છો. તારામાં કાંઈ તાકાત નથી? રાગને લઈને, પરને લઈને હું સુખી છું. શું છે તને આ? આહાહા..! જરી મોટી દૃષ્ટિએ, .. દૃષ્ટિએ જોવે તો.. આહાહા..! મારું શરીર નમણું, આકૃતિવાળું આવું ને લોકોની આંખમાં સમાય છે. ઓહો..! કાર્યકર્તા હોય ને લૂગડા-બુગડા પહેર્યા હોય ને સરખા આમ. જરી ભગવા જેવી ટોપી પહેરે. ભગવા ત્યાં થાય છે ને શું કહેવાય? .. ભગવા આમ. .. કદાચ.. હાથમાં એક લાકડી. ફોજદાર માણસ છે, હોં!

મુમુક્ષુ :- હોદ્દાવાળા.

ઉત્તર :- હોદ્દાવાળા. શેના હોદ્દા? સાંભળને હવે. એ તો બહારના હોદ્દા જડના. તારા ક્યાં હતા એમાં?

મુમુક્ષુ :- ... બીજા કહે.

ઉત્તર :- બીજા કહે. બીજાની મોટપ.. ભાઈ! આ તો કાર્યના કર્તા. આ ગામમાં અગ્રેસર તમે જ છો. તમારા વિના તો આ બધું ગામ .. ગામને સુધારી દીધું આપે તો. ગામમાં જોયું તો પથરા નખાવ્યા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ગામમાં પથરા નખાવ્યા. ગામમાં પથરા. કેવું? વડાળ. વડાળને? વડાળના ગામમાં ભાઈ ઓલું સિમેન્ટની. સિમેન્ટની સડક. ગામમાં હોં વડાળમાં.

મુમુક્ષુ :- એ આપણે પહેલાવહેલા ગયા ત્યારે થાતી હતી.

ઉત્તર :- થાતી હતી. ૨૦૧૦ ની સાલમાં થાતી હતી. ભુરાભાઈ હતા. આમ ટપીને ચાલવું પડતું. આહાહા..! વડાળ ગામ નહિ? ભુરાભાઈ. નાનું ગામ છે. પણ આમ ભેગા કરીને ગામમાં સડક સિમેન્ટની. અમારા ગામમાં સિમેન્ટની સડક. જુઓ! બીજા ગામ કરતાં મોટા મોટા શહેરો પણ .. પણ ગામ ક્યાં તારુ હતું? સડક ક્યાં તારી છે? એ તો જડની છે. જડમાં છે. તને ક્યાંથી આવી ગઈ સડક? એ વાત છે. ક્યાં જા છો પણ તું? અહીં બધું પડ્યું છે ને.

અનંત ધર્મનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ. શ્રેયાંસ... શ્રેયાંસ... શ્રેયાંસ... બધા શ્રેયાંસ ભર્યા છે. આહાહા..! આવે છે ને શ્રેયાંસ પદ આપો રે આપો. નથી આવતું? ત્યાં જેતપુરમાં એ છે કે નહિ? એય.. ..ભાઈ! શ્રેયાંસનાથ છે ને? શ્રેયાંસ પદ આપો રે આપો. શ્રેયાંસ એટલે આ. શ્રેયના અંશો એટલે અનંત ધર્મોનો અંશ એવો ભગવાન આત્મા એમાંથી લાવો..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


લાવો.. એમાં એકાગ્ર થઈ અને જે ધર્મ સમ્યગ્દર્શન-જ્ઞાન શાંતિ વીતરાગદશા પ્રગટ થાય એ તારી આબરુ, એ તારી દશા અને એ દશામાં તું રહેલો, એ તારો દેશ. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો જુઓ ને એક આવ્યું ને? અનંત ધર્મોના એકભાવરૂપ ભગવાન બિરાજે છે. સમજાણું? બહુ વાત કરી. ગજબ કરી છે આચાર્યે. ઓહોહો..! એમાં અનંતધર્મ એવો એક ધર્મ, એક ભાવ અનંતા ગુણમાં વ્યાપ્યો છે. અને અસંખ્ય પ્રદેશમાં એ અનંતા ધર્મો વ્યાપ્યા છે અને એ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપ્યા-પ્રસરી ગયા છે. વસ્તુનું ભાન થતાં આત્માને સ્વીકાર કરતાં, આવો આત્મા અનંત ગુણનો ધણી એવો અંતર્મુખ સ્વીકાર કરતાં એની નિર્મળ પર્યાયની પરિણતિ થઈને એ જેટલા ગુણો નિર્મળ છે એની બધી પરણતિ પર્યાયમાં આવે છે. એવા ક્રમે ક્રમે થતી એવી પરિણતિ, અક્રમે રહેતા ગુણો એ બધાનો સમુદાય તેને આત્મા (કહીએ), તે તેનો સ્વ અને તે તેનો સ્વામી. એ સિવાય આત્માનો સ્વામી અને આત્મા બીજાનો સ્વામી નથી. આત્માનો બીજો કોઈ સ્વામી નથી અને આત્મા બીજાનો સ્વામી નથી. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો એ ૨૭મી થઈ. ૨૭. ૨૭ થઈ ને?

હવે ૨૮મી. '**તદ્રૂપમયપણું અને અતદ્રૂપમયપણું જેનું લક્ષણ છે એવી વિરુદ્ધધર્મત્વશક્તિ.**' છે. લ્યો! લ્યો આવ્યું ચીમનભાઈ! સત્ સ્વરૂપ. ચૈતન્ય સ્વરૂપે ભગવાન છે એ સત્ અને આ વિકાર અને જડ, પુણ્ય-પાપપણે પોતે નથી એ અસત્. લ્યો એ તો સત્ અને અસત્ બેય થયું. સત્-અસત્સ્વરૂપ જ છે આત્મા. સત્-અસત્સ્વરૂપ જ આત્મા છે. સત્ અને અસત્સ્વરૂપ જ આત્મા છે. આહાહા..! એ કોઈની અપેક્ષા નથી એને. ભગવાન આત્મા જુઓ! '**તદ્રૂપમયપણું...**' એટલે તદ્રૂપમયપણું એટલે જ્ઞાનચેતનાપણું, જ્ઞાનનું ચેતવું, જ્ઞાનરૂપ પર્યાય અને ગુણને તદ્રૂપમયપણું એ જ્ઞાનચેતના. એની સાથે અનંતા ગુણ લેવા.

'**તદ્રૂપમયપણું અને અતદ્રૂપમયપણું...**' પુણ્ય-પાપના વિકલ્પો વ્યવહાર દયા, દાન આદિના એનાથી અતત્સ્વરૂપ છે. એ અતત્સ્વરૂપ એની અપેક્ષાએ નથી. અતત્સ્વરૂપ પોતાનો ધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? જેવો તત્સ્વરૂપ પોતાનો ગુણ સત્-અસત્સ્વરૂપ જ છે. તત્-તસત્સ્વરૂપ જ એ છે. એ સ્વરૂપ છે એ કોઈની અપેક્ષા વિનાનું નિરપેક્ષ છે. પર નથી માટે અતત્સ્વરૂપ છે એમ નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાનાનંદ અનંત ગુણનું તત્સ્વરૂપ છે. એવો જેમાં રાગાદિ, પુણ્યાદિ, વ્યવહાર અને પરવસ્તુનું એમાં અતત્સ્વરૂપ છે. એ પોતે તત્-અતત્સ્વરૂપ છે. પરની અપેક્ષા વિનાનું નિરપેક્ષપણે પોતાનું સ્વરૂપ છે. સમજાણું આમાં કાંઈ? એ પોતાનો સ્વભાવ છે. પરની અપેક્ષા છે માટે અતત્ છે એમ નહિ. પોતાનો ગુણ અહીં લેવો છે ને. જુઓને. ભગવાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આત્મા.. ભાઈ! આ તે આત્માની વાત છે. આત્મા એટલે ત્રણ લોકનો નાથ. આહાહા..! સમજાણું કાંઈ? એ આત્મા જેટલા ચૈતન્ય ગુણોથી તો તત્ છે અને બીજા રાગાદિથી અતત્ એટલે એ રૂપે નથી, એ રૂપે નથી. જ્ઞેયરૂપે નથી. જ્ઞાન જ્ઞાનસ્વરૂપે અનંત ગુણરૂપે છે અને રાગ પુણ્ય દયા, દાન, વ્રત એ બધા જ્ઞેયો પર છે. શરીર, કર્મ બધા પર છે. એ રૂપે નથી. અતત્ એ પણ પરની અપેક્ષા છે માટે અતત્ છે, પર એમાં નથી માટે પરની અપેક્ષા આવી અને અતત્ છે એમ નથી. આહાહા..! એનો તત્ અતત્ નામનો ધર્મ જ અનાદિનો સ્વયંસિદ્ધ છે એમ કહે છે અહીં. સમજાણું કાંઈ?

'**તદ્રૂપમયપણું...**' ટૂંકા શબ્દો પણ મહાન ભર્યું છે અંદર. તદ્રૂપમયપણું. '**તદ્રૂપમયપણું અને અતદ્રૂપમયપણું...**' અતદ્રૂપમયપણું. એ પોતાનું સ્વરૂપ છે. વ્યવહાર વિકલ્પો, દયા-દાન, પુણ્ય-પાપ અને શરીરાદિ, કર્માદિ એ બધા જ્ઞેય છે તે રૂપે આત્મા નથી, એ રૂપે આત્મા નથી. આહાહા..! એ પરરૂપે નથી એટલી અપેક્ષાવાળું અતત્સ્વરૂપ છે એમ નથી. એનો પોતાનો તત્-અતત્ નામનો વિરુદ્ધ શક્તિનો પોતાનો પોતાથી પોતામાં રહેલો ધર્મ છે. આહાહા..! બહુ ઝીણું. નેમચંદભાઈ! આ બધું સમજવું પડશે હોં, સુખી થવું હોય તો. નહિતર રખડવાના રસ્તા છે બધા. પછી કોક કહે, ૭૦ લાખ છે, પોણો કરોડ છે, ઢીકણા કરોડ છે, ૬૦ લાખ છે. બધા કરોડ-બે કરોડ.. આની પાસે પાંચ કરોડ છે એના છોકરા પાસે. કડ્યું ભાંગી નાખવાના છે બધા. એમ થઈ જાય ને. જુવાન અવસ્થા હોય ૩૫ વર્ષ, ૪૦ વર્ષની. એકદમ ૨૦ લાખના ૭૦ લાખ અને પોણો કરોડ. બાર મહિનામાં પેદાશ. આહાહા..! ચાલીને ક્યાં ગયા? એને ઘેર. કોના છોકરા અને કોની વાતું? તને શું થયું? પરથી તો અતત્ છે, કહે છે ને. ભગવાનજીભાઈ! આહાહા..! બાપુ! સમજવું પડશે. સુખી થવું હોય તો. ધર્મ કરવો એટલે સુખી થવું. ધર્મ એટલે આત્માનો જે શુદ્ધ ચૈતન્ય આનંદ આદિ સ્વભાવ તત્સ્વરૂપે છે અને પરથી તે અતત્સ્વરૂપે પોતા વડે પોતાને કારણે છે. આહાહા..! છે ને? જુઓને!

'**અતદ્રૂપમયપણું...**' એમ શબ્દ છે ને? '**એવું જેનું લક્ષણ છે એવી વિરુદ્ધધર્મત્વશક્તિ.**' વિરુદ્ધધર્મત્વ નામનો ગુણ પોતાનો પોતાની અપેક્ષાથી છે. આહાહા..! જુઓને! કેટલી સ્વતંત્રતા છે! સત્નો ઢંઢેરો પીટ્યો છે. આહાહા..! ભાઈ! આ અતત્સ્વરૂપ છે એટલે તું તારા જ્ઞાનાનંદ આદિ અનંત ધર્મસ્વરૂપે છો એ તત્સ્વરૂપ છે અને પુણ્ય-પાપના ભાવ વ્યવહાર વિકલ્પ દયા, દાન, શરીર કર્મ આદિ એ સ્વરૂપે તું નથી. એ સ્વરૂપે તું નથી એવી અપેક્ષાવાળો અતત્ધર્મ એમ નથી. સમજાણું કાંઈ? એનો પોતાનો તત્ અને અતત્ નામનો એક વિરુદ્ધધર્મ નામનો ગુણ સ્વતંત્ર સ્વયંસિદ્ધ (છે). ભારે! કહો, સમજાય છે કે નહિ આમાં? આવો ધર્મ શું પણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આવો? વીતરાગનો આવો માર્ગ હશે? જૈનનો. આવું તો કોઈ દી અમે સાંભળ્યું નહોતું ક્યાંય અપાસરામાં જઈએ, દેરાસરમાં જઈએ તો. ત્યાં તો કહે કે સામાયિક કરો, પોષા કરો, .. ન ખાઓ, કંદમૂળ ન ખાઓ. એવું સાંભળ્યું છે. ભાઈ! તને ખબર નથી. એ ક્રિયા કરે કોણ અને મૂકે કોણ? એ તને ખબર નથી. આત્મા તો પરથી અતત્‌સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આ ખાવા-પીવાનો આહાર કરો, આમ કરો, ને આ કરવાનો વિકલ્પ ઉઠે એ તો આત્મા અતત્‌સ્વરૂપ છે. આહાહા..! કહો, ચંદુભાઈ સમજાય છે કે નહિ? લ્યો, આ વાત આવી છે આત્માની. એય..! મોહનભાઈ! ક્યાં ગયો તમારો? બહાર છે. આ બેઠો બહાર છે. અંદર આવવું જોઈએ ને. પાછળથી આવતા હશે એટલે પાછળ બેસવાનું ગોતી લે. આહાહા..! કહે છે...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો એણે ક્યાંય એક્કે ગમ નથી. ક્યાંય નથી. ક્યાં સાંભળ્યું છે આટલા વર્ષમાં મુંડાવ્યું છે એમાં તમે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોણ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો બિચારા લૌકિક, લૌકિક. પણ આ મોટા મોટા બીજા કહેવાય છે ને. ક્યાં હતી એકેય ગંધ ક્યાંય. કાંઈ ન મળે. એ વસ્તુ જ ન મળે એનામાં. ૩૨-૪૫ સૂત્રમાં એ વાત નથી.

આ શક્તિનું વર્ણન આ ઠેકાણે છે એવું દિગંબર આગમમાં બીજે ઠેકાણે આવું ક્યાંય છે નહિ. તો બીજે તો ક્યાંય છે જ નહિ. સમજાણું કાંઈ? આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલો માર્ગ અને સર્વજ્ઞથી કહેવાયેલો માર્ગ. અનાદિ પરમાત્મા પરમેશ્વરે કહ્યો જે માર્ગ એ આ માર્ગ છે. આ કોઈનો ફલાણાનો અને ઢીકણાનો માર્ગ નથી. ધરમચંદભાઈ! ઓલા કહે, આ તો દિગંબર ધર્મ કાઢ્યો. કાઢે કોણ? સાંભળને! ધર્મ જ આ છે. કહો, ચીમનભાઈ! તને ખબર નથી.

આત્મા પુણ્ય-પાપના વિકલ્પોથી લૂગડા રહિત છે આત્મા. અતત્‌સ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? પરનો અભાવ છે માટે પરની અપેક્ષા આવી એટલો અતત્‌ભાવ એમ નહિ. તત્‌પણું એવો નિજ ગુણ છે એવો જ અતત્‌પણું એવો બે થઈને વિરુદ્ધ નામનો એક સ્વગુણ પોતાનો છે. આહાહા..! સમજાણું કાંઈ? એથી એ વિરુદ્ધધર્મ શક્તિ એક ગુણ છે આત્માનો. જેમ જ્ઞાનગુણ છે, આનંદગુણ છે-શક્તિ, શાંતિ, ચારિત્રગુણ છે વીતરાગતા અંદર શક્તિ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એવો એક આ વિરુદ્ધધર્મ નામનો ગુણ છે કે જે અનંતગુણનો પિંડ એવો આત્મા, એની અંતર દૃષ્ટિ કરતાં એ તત્પણું, અતત્પણુંપણે પર્યાયમાં પરિણમન થાય છે. આ પણે હું છું અને પરપણે નથી એવો પોતાનો સ્વતઃ ધર્મ છે એ રીતે પર્યાયમાં-અવસ્થામાં પરિણમે છે. સમજાણું કાંઈ? ઓલા ઝવેરભાઈ કહે, આમાં બપોરે તો આપણે કાંઈ સમજતા નથી. એઈ..! ..ભાઈ! કોઈ દી વાડામાં વાત નથી અને દરકાર કોઈ દી કરી નથી. એકઈન્દ્રિયા, બે ઈન્દ્રિયા, ત્રણ ઈન્દ્રિયા તત્સઉતરી કરણે, કાયસિદ્ધ કરેણં. થઈ રહ્યું. જે વસ્તુ એનામાં નથી રાગ, અને ભાષા. એ તો જડ છે પર છે. એય.. જાધવજીભાઈ! ભારે ભાઈ!

અહીં તો સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાનીએ 'કેવળી પણ્ણંતો ધમ્મો', એ આ ધર્મ કેવળી પણ્ણંતો છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાન-દર્શન આનંદ આદિ પોતાનું તત્સ્વરૂપ છે. એવો ભગવાન તત્સ્વરૂપમય... એમ કીધું ને? તદ્રૂપમય, તદ્રૂપમય એમ કીધું. અભેદ કીધો. અને અતદ્રૂપમય. પુણ્ય-પાપના વિકલ્પો, રાગ, કર્મ શરીર બધાથી તે અતત્રૂપ (છે). એનાથી તે પોતે નથી એવું તે અતત્સ્વરૂપ પોતાનું છે. આહાહા..! આ તો કહે, હું શરીરરૂપે થઈ ગયો, હું પુણ્યરૂપે થયો, હું પાપરૂપે થયો, સમજાણું? મોટી આબરુવાળો થયો, ધૂળનો ધણી થયો. મૂઢ છો? કહે છે. તને તારા તત્ત્વની તો ખબર નથી. જાધવજીભાઈ! આવી વાતું છે અહીં તો. કેટલાક કહે, આ પૈસાવાળા.. હવે ત્યાં સાંભળો તો ખરા, પૈસાવાળાને ધોકા પડે છે. પૈસા જ કે દી અહીં આત્મામાં હતા? તારામાં કેવા? રાગ તારામાં નથી, વળી પૈસા ક્યાંથી આવ્યા? એ તો માટી, જડ, ધૂળ છે. શરીર ક્યાંથી આવ્યું? બાયડી-છોકરા ક્યાંથી આવ્યા અને મારા ગામ અને મારો દેશ ને... સુધારો દેશને. દેશના સુધારા. પહેલા ઘરને સુધારો, પછી નાતને સુધારો, પછી દેશને સુધારો. ધૂળેય નથી, સાંભળને. અભિમાન છે. ગામ કેવા તારા અને દેશ કેવા તારા? તારું ગામ, ગામ એટલે અનંત ગુણનો સમુદાય એવું ગામ એટલે આત્મા. ગામની વ્યાખ્યા એમ થાય છે. ગામ એટલે સમુદાય. અનંત ગુણનો સમુદાય એવો નિજ આત્મા તે ગામ. અને એમાં અસંખ્યપ્રદેશી એ તારું ક્ષેત્ર. અને અનંત અનંત ગુણ જે તારા એ (તું) બાદશાહ અને એ તારા મંત્રીઓ. એની પર્યાય પરિણતિ થાય એ તારી પ્રજા. એ તારી પ્રજા. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું એવા તત્સ્વરૂપે છું અને અતત્પણે નથી એવું અંતર ભાન થઈને સમ્યગ્દર્શન, જ્ઞાનરૂપે થવું એ તારી પ્રજા. એ પ્રજાનો તું સ્વામી. એ સિવાય બીજી પ્રજા-ફજા આત્માને છે નહિ. આહાહા..! સમજાણું?

તારો પ્રભુ તારામાં ડોલે છે. આવે છે ને? ઓલો નહોતો બોલતો એક? 'તેરા પ્રભુ તેરેમેં ડોલે, ભગવાનકી વાણી એમ બોલે રે તેરા પ્રભુ તેરેમેં ડોલે.' એક આવ્યો હતો નહિ? ગાતો હતો બહુ. ... કેવું નામ? બાબુભાઈ. એ સંગીતના ગાયક હતા. આપણે ક્લાસમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આવ્યા હતા ક્લાસમાં. પોર નહિ પરાર. પોર તો રાજકોટ હતા. ઓણ અહીં. પરાર. 'તેરા પ્રભુ તેરેમેં ડોલે, એમ સર્વજ્ઞની વાણી બોલે, તેરો પ્રભુ તેરેમેં ડોલે.' આહાહા..! અનંત આનંદ અને અનંત જ્ઞાનાદિ એવા અનંત ગુણો એના પરિણમનમાં ડોલે, પોતે પોતામાં ડોલે છે. પરમાં ક્યાંય છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કહો, પ્રેમચંદજી! ક્યાં હવે આવો ધર્મ હશે વીતરાગનો? કેવળીનો? જૈન પરમેશ્વર? એને ખબર ન હોય જૈન પરમેશ્વર કોણ છે અને કેમ છે એ? આહાહા..!

કહે છે, '**તદ્રૂપમયપણું...**' તદ્ એટલે તે, સ્વરૂપમયપણું. એમ. અને પોતે જ્ઞાન-દર્શન-આનંદ આદિ સ્વભાવ છે તે તે તે સ્વરૂપમયપણું આત્માનો ગુણ છે. અને અતદ્રૂપમયપણું. પુણ્ય, પાપ ને દયા, દાન ને વિકલ્પ ને શરીર, કર્મથી અતદ્સ્વરૂપમયપણું, અતદ્સ્વરૂપમયપણું. એવો જેનો ધર્મ છે. એવો વિરુદ્ધ ધર્મ છે. એમ આવે છે ને ઓલામાં? સમંતભદ્રાચાર્યમાં. ... શ્લોક આવે છે ને? ... એના વિરોધનો વિરોધ કરે છે. નિત્ય-અનિત્ય એને વિરુદ્ધ ભાસે છે. નિત્ય-અનિત્ય વિરુદ્ધ ભાસે. એમ કે નિત્ય હોય તે અનિત્ય હોય? એ વિરુદ્ધ ભાસે છે. પણ તને વિરુદ્ધનું ભાન નથી સાંભળને. આત્મા નિત્ય હોય ને અનિત્ય છે? વિરુદ્ધ છે.

ભગવાન આત્મા પોતાના અસ્તિમાં પોતાના ક્ષેત્રમાં, પોતાના દેશમાં, પોતાના અસંખ્ય પ્રદેશના અંશમાં અનંતા જે ગુણો જ્ઞાન, દર્શન, આનંદ આદિ જે અસ્તિ છે તે તદ્રૂપ, તત્સ્વરૂપમયપણે ધર્મ છે એનો અને એ રાગાદિ, ત્રણ કાળમાં રાગાદિથી નથી એવો અતદ્રૂપમયપણું-આ બે થઈને એક વિરુદ્ધધર્મ નામનો એક ગુણ છે. આવું શું? જે અસ્તિ હોય એ નાસ્તિ? છે એ નથી? હા. સ્વરૂપ આનંદ આદિ ગુણેથી છે અને વિકાર આદિથી નથી. એવું નથી નામનો અસત્ અસત્ એનું સ્વરૂપ જ છે. પરની અપેક્ષા વિના. સમજાણું કાંઈ? આહાહા..! આ ધર્મને આ રીતે જે જાણે એને આત્માનું દર્શન થાય અને સમ્યગ્દર્શન થાય. ત્યારે એ ધર્મી થયો કહેવાય, ત્યારે ધર્મ થાય. એ વિના ધર્મ થાતો નથી. લ્યો બે (શક્તિ) થઈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**અષાઢ સુદ ૮, બુધવાર તા. ૩-૭-૧૯૬૮**
**શક્તિ-૨૮-૨૯-૩૦, પ્રવચન-૫૫૬**

આ પરિશિષ્ટ અધિકાર ચાલે છે. સમયસાર. એટલે શું? કે આ જે આત્મા છે આત્મા એ વસ્તુ છે. અને આ શરીરાદિ, કર્મ આદિથી ભિન્ન તદ્દન જુદી ચીજ છે. એની સાથે કાંઈ સંબંધ નથી.

મુમુક્ષુ :- ક્યારે?

ઉત્તર :- અત્યારે. ક્યારે શું?

આત્મા-ભગવાન આત્મા જે છે એને આત્મા કહીએ કે જેનામાં આવી અનંત શક્તિઓ કોઈપણ જાતની પરની અપેક્ષા રાખ્યા વિના પોતાના ગુણો (રહેલાં છે). અહીં શક્તિ કીધી છે એનું કારણ છે. શક્તિ(રૂપ) આમ પડ્યું છે આમ પ્રગટ એમ નહિ. સર્વજ્ઞપણે. એટલે શક્તિ.. શક્તિ... શક્તિ.. એમ લીધી છે ભાઈ સમજાણું ને? દરેક શક્તિ વર્ણવી છે. શક્તિનો પ્રયોગ કરે છે પરિણમનમાં એટલે શક્તિ શબ્દ વાપર્યો ભાષા. ગુણ નથી વાપર્યો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એમાં કોઈ પર્યાય તો ન રહી ને?

ઉત્તર :- ગુણનું પરિણમન પર્યાય સાથે આવે પ્રગટ થાય ત્યારે. પણ શક્તિ વસ્તુ લીધી એનું પરિણમન પર્યાયમાં આવે. ત્રણ થઈને પછી શક્તિનું એકરૂપ કીધું ને? દ્રવ્ય-ગુણ-પર્યાય. ભગવાનજીભાઈ! ઝીણી વાતું બહુ. જેને ધર્મ કરવો છે એને આ સમજવું પડશે. ધર્મ એટલે જન્મ-મરણના દુઃખો નાશ થઈને સુખરૂપ થવું હોય એણે આ સમજવું પડશે. આ સમજ્યા વિના એનો છેડો આવે એવો નથી. ચોર્યાસીના અવતારમાં ક્યાંય સુખ નથી. ક્યાંય સ્વતંત્રતા નથી. ચાહે સો સ્વર્ગમાં હોય કે ચાહે તો રાજામાં હોય કે ચાહે તો નારકી હોય, કે કીડો હોય એ બધા પ્રાણી પોતાના આનંદસ્વરૂપને ભૂલી અને ઊલટા પુણ્ય-પાપ ને આકુળતાના પરિણામને કરે છે એ દુઃખરૂપ છે. સમજાય છે કાંઈ?

રાજા મોટા ગણાતા હોય અબજોપતિ કે મોટા ઈન્દ્રો, પણ એ ચાર ગતિના જીવો આત્માના સ્વભાવના અભાનવાળા (હોવાથી) એને આકુળતાની ઉત્પત્તિ એકલી વિકારની છે (તેથી) તે દુઃખી છે. સમજાણું કાંઈ? એ દુઃખની દશા જેને ટાળવી હોય એ, એનામાં નથી જેનામાં એ ટાળી શકે. શું કહ્યું એ? દુઃખદશા જે છે એ જેનામાં ન હોય એનો આશરો લઈને ટાળી શકાય. દુઃખ દશા આત્મામાં નથી, આત્માના ગુણમાં નથી. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સર્વજ્ઞ પરમેશ્વર કેવળીએ જોયેલો એમાં દુઃખ નથી. એમાં સુખ છે. અને એનામાં જ્ઞાન છે, તન્મયપણે જ્ઞાન છે. બીજી રીતે લઈએ તો એ ભગવાન આત્મા એકલો વીતરાગી અકષાય વિજ્ઞાનઘન છે. કે જેથી એને કષાય ટાળવું એવું સ્વરૂપમાં નથી એમ કહે છે. છે ખરો કષાય અને દુઃખ. સમજાણું કાંઈ? પણ એ પોતે ભગવાન આત્મા વિજ્ઞાન અને વીતરાગી ઘન છે આત્મા. આરે..! આ શું? સમજાણું કાંઈ? વીતરાગી શબ્દે રાગ અને કષાય વિનાનું સ્વરૂપ છે અને જ્ઞાન શબ્દે વિજ્ઞાન એકલો ઘન, વિજ્ઞાનઘન સત્ત્વ એકલું ચૈતન્ય છે. એવી શક્તિ સાથે એમાં અનંતી શક્તિઓ સાથે છે. એવી અનંતી શક્તિ સંપન્ન આત્મા એની અંતર દૃષ્ટિ કરતાં જે શક્તિઓ જે શક્તિરૂપ જે સ્વભાવરૂપ અથવા ધ્રુવરૂપ છે એનું અંતર દર્શન કરતાં એટલે આત્માની દૃષ્ટિ કરતાં એ શક્તિઓનું વર્તમાન પર્યાયમાં પ્રગટપણું પરિણમન થાય અંશે શુદ્ધ. એ બધા થઈને આત્મા કહેવાય અને એને સુખી અને ધર્મી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

આત્મા શરીરવાળો નથી, કર્મવાળો નથી, પુણ્યવાળો નથી, પાપવાળો નથી. નથી એને એના સહિત માનવો એનું નામ મિથ્યાત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? મલૂકચંદભાઈ! શું કરવું હવે? આ બધા પૈસાવાળા અને શરીરવાળાને શું કરવું? આ વસ્તુ છે-આત્મા જે ચીજ છે, એ કોઈ પરની અપેક્ષાથી છે એમ નથી. એ તો સ્વતઃ સ્વયંસિદ્ધ પદાર્થ છે અને તે વસ્તુ શરીર, કર્મ, પુણ્ય-પાપના રાગ એ વિનાની ચીજ છે. એ વિનાની ચીજ છે એને સહિત માનવું એ જ ચૈતન્યના સ્વભાવથી વિરુદ્ધ ભાવ એવો મિથ્યાત્વભાવ છે. એ દુઃખરૂપ અને ચાર ગતિનું કારણ, નિગોદની દશાનું કારણ છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે જેને આત્માનો ધર્મ ભગવાન પરમેશ્વરે કહેલો કેવળીએ, એ કરવો હોય તો એને કેમ કરવો? કેમ થાય? ત્યારે એની દશામાં અધર્મ છે. ત્યારે ધર્મ કરવો છે એમ થાય ને? દશા તો અધર્મ છે વિકારી એકલી પાપ ને પુણ્ય વિકારમય દશા તે અધર્મ છે, તે દુઃખરૂપ દશા છે. એને આત્મા અનંત જ્ઞાન-દર્શન આદિ સ્વભાવથી ભરેલો પદાર્થ એની અંતર દૃષ્ટિ કરતાં, એને વળગતા, એને એકાકાર થતાં આત્મામાં શાંતિ અને આનંદ જે શક્તિરૂપ છે એની અવસ્થારૂપે થવું અને ઓલી દુઃખ દશાનું જવું એને ધર્મ અને એને મોક્ષનો માર્ગ કહે છે. સમજવું ભારે કઠણ પડે. કહો, સમજાણું કાંઈ? શક્તિમાં એ વર્ણન છે. ઓહો..!

ભગવાન આત્મા આવી શક્તિવાળો છે કહે છે. સમજાય છે? સુખશક્તિ સંપન્ન છે એ તો. એ સુખશક્તિવાળું તત્ત્વ છે. અને એવા તત્ત્વની દૃષ્ટિ કરતાં એ સુખશક્તિનું પરિણમન દ્રવ્ય-ગુણમાં સત્તારૂપે તો હતું પણ અવસ્થામાં પરિણમન સુખનું આવે, આનંદનું થાય એની સાથે અનંતા શુદ્ધ ધર્મનું પરિણમન થાય, અનુભવની પ્રધાનતા આનંદની છે માટે ... સમજાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે કાંઈ? એવા આનંદ સહિતની અનુભવદશા એને ધર્મ કહે છે. અને એ ધર્મ પ્રગટ્યા વિના એ દુઃખની દશાનો નાશ એને થાય નહિ. કહો, સમજાણું કાંઈ?

એ ૨૮મી શક્તિ આવી છે. ૨૮માં થોડી આવી ગયેલી. તદ્રૂપમય પ્રશ્ન કર્યો ને? મેં કીધું, ભાઈ! તદ્રૂપમયપણું છે આમાં. અને ઓલું છે તદ્રૂપભવન એમ છે ને બેમાં? એ ફેર છે શક્તિના ..માં. એટલે આ વિરુદ્ધ શક્તિ જે છે ૨૮મી. '**તદ્રૂપમયપણું...**' તે રૂપે પણું. તે રૂપે પણું. અને તે રૂપે પણું નહિ. એમ. એવી વિરુદ્ધશક્તિ આત્મામાં છે. ૨૮મી. આ તો એકલા અધ્યાત્મના ટૂકડા છે. સમજાણું કાંઈ? આને વાંચવું કઠણ પડે એવું છે. એકલું માખણ છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરનું કહેલું એકલું માખણ. આહાહા..! કહે છે કે પહેલો સમજ તો ખરો. કે આત્મામાં જે રૂપે આત્મા છે તે તે રૂપે છે. સમજાણું? અને એનાથી વિરુદ્ધરૂપે નથી. એવી વિરુદ્ધ શક્તિ આત્મામાં પડી છે. સમજાણું કાંઈ?

૨૯મી. ૨૯ શક્તિ છે. '**તદ્રૂપ ભવનરૂપ એવી તત્ત્વશક્તિ.**' એવી એટલે '**तद्रूपभवनरूपा**' '**रूपा**' નો અર્થ કર્યો એ? ભવનરૂપ તો આવી ગયું. '**तद्रूपभवनरूपा**' પછી મેળવવા માટે કર્યું છે. આ તો '**तद्रूपभवनरूपा तत्त्वशक्तिः**' ૨૯મી છે. કેટલું ભર્યું છે જુઓ એમાં. '**તદ્રૂપ ભવનરૂપા...**' બસ એટલું. આત્મામાં એવો એક શક્તિ છે, એવો એક શક્તિભાવ છે કે તદ્રૂપ ભવન (અર્થાત્) આત્મા જ્ઞાન અને આનંદરૂપે થાય, પોતાના ચૈતન્યરૂપે પરિણમે એવો એનો ગુણ છે. સમજાણું કાંઈ? એ પરને કાંઈ કરે કે પરરૂપે પરિણમે એવો એનામાં ગુણ જ નથી. સમજાણું કાંઈ? આ વેપાર-ધંધા કરે. શું કહેવાય તમારા? કારખાના. તમારે પણ કારખાના છે ને મોટા ...ના ફલણા ને ઢીકણા. એ કારખાનાની કોઈ પર્યાય અને દુકાનની કોઈ પર્યાય કરે એવો આત્મામાં ગુણ નથી. તેમ આત્મામાં પુણ્ય-પાપના પરિણામ કરે એવો ગુણ નથી-શક્તિ નથી એવી. એ તો તદ્રૂપ ભવન. પોતે જ્ઞાન આનંદ આદિ જે સ્વરૂપે છે, ચેતનસ્વરૂપે છે એ તો ચૈતન્યસ્વરૂપે છે તે રૂપે થવું એવો એનો ગુણ છે. સમજાણું કાંઈ?

'**તદ્રૂપ ભવનરૂપ...**' એ તો પછી મેળવ્યું. તદ્ભવનરૂપ. એમ થયું ને એ તો? તદ્ભવનરૂપ. તદ્રૂપ ભવનરૂપ એ તો પછી મેળવવામાં શબ્દ આવે ને. તદ્ભવનરૂપ. ભગવાન આત્મા આ રજકણોમાં કાંઈ આ ગુણ નથી. પુણ્ય-પાપના પરમાણુમાં એ (ગુણ નથી), પુણ્ય-પાપની પર્યાયમાં પણ આની વાત છે નહિ. આત્મા વસ્તુમાં અરૂપી ચિદ્ઘન ભગવાન એનામાં તદ્રૂપ ભવવું-થવું. ચેતનનું ચેતનરૂપે થવું અને ચેતનનું ચેતનરૂપે રહેવું એવો એનો ગુણ છે. સમજાણું કાંઈ? શક્તિ પહેલી.

જ્ઞાન, આનંદ આદિ ચેતનતા કે જેટલા ગુણો છે ને શુદ્ધ? એ ચેતનનું ચેતન સાથે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અવિનાભાવી ગુણપણે તેનું થવું, પરિણમવું એવો એનામાં ગુણ છે. હવે સાંભળ્યું પણ ન હોય આ શું હશે આ. સમજાણું કાંઈ? તદ્રૂપમયપણું એટલે '**તદ્રૂપ ભવનરૂપ એવી તત્ત્વશક્તિ.**' મૂળ તત્ત્વ તો ભાવ છે આમ. પણ એવું તત્ત્વ. '**(તત્સ્વરૂપ હોવારૂપ...**' જોયું! પોતાનું જ્ઞાનાનંદ સ્વરૂપ છે તે રૂપે હોવારૂપ અથવા રહેવારૂપ. '**અથવા તત્સ્વરૂપ પરિણમનરૂપ...**' લ્યો! ભવન છે ને? ભવન શબ્દ છે એટલે. ઓહોહો..! કહે છે કે તું કોણ છો? શી રીતે છો? કે તું તારા આનંદ અને જ્ઞાનરૂપે થા એવો તારામાં ગુણ છે. સમજાણું કાંઈ? શરીરરૂપને ધારણ કરે, આ બાયડી-છોકરાને ધારણ કરે ને સંચાવાળા થાય ને પૈસાવાળા થાય ને, એ રૂપ તારામાં છે જ નહિ કહે છે.

મુમુક્ષુ :- ક્યારે?

ઉત્તર :- અત્યારે. અત્યારની વાત છે, શેની ચાલે છે? એઈ..!

ભગવાન તું છો એવો ન માન, છો એવો ન થા, છો એવો ન થા, ન હોય એવો થાય એ મિથ્યાત્વ છે, અજ્ઞાન છે. સમજાણું કાંઈ? પરનો ધણી થવા માગે, પરનો કર્તા થવા માગે. પરનું આ મેં કર્યું, મેં પરની દયા પાળી. કહે છે કે એવો થવારૂપ તારામાં ગુણ નથી એમ કહે છે. પરની દયા થવા રૂપે તો ઠીક પણ પરની દયાના શુભભાવ એ શુભભાવરૂપે થવું એ તારો ગુણ નથી. સમજાણું કાંઈ?

'**તદ્રૂપ ભવનરૂપ...**' આટલો શબ્દ છે હવે. આહાહા..! ભાઈ! ભગવાન તું છો ને કહે છે. અંદર સ્વરૂપ જો ને. એ તદ્રૂપ થવું. જ્ઞાનનું જ્ઞાનરૂપે થવું, ચેતનને ચેતનરૂપે થવું, જેવા શુદ્ધ ભાવ ચૈતન્ય છે તે રૂપે તેનું થવું તેવો તેનામાં ગુણ છે. કહો, આ તો હવે સમજાય એવી વાત છે. આ તો સાદી વાત છે. ભગવાનજીભાઈ! આહાહા..! ઝીણું પડે માણસને. ઓલા નવા હોય ને નવા? ઝવેરચંદભાઈ જેવા નવા છે તદ્દન. ક્યાં ગયા ગુણુભાઈ?

અહીં તો કહે છે કે તને ગુણ કેવો થાય? અને ગુણ કેવો હોય? ગુણ કેવો થાય? અને ગુણ કેવો હોય? આહાહા..! ભાઈ! તારામાં એવો એક તત્ત્વ નામનો, તત્ નામનો એક ગુણ છે કે જે પોતે ચૈતન્ય ને જ્ઞાનને, ચેતના સ્વભાવ, આનંદ સ્વભાવ, શુદ્ધસ્વભાવ બધા અનંત ગુણની સાથે અવિનાભાવ છે, એ રૂપે તેનું થવું, પરિણમવું, અવસ્થામાં થવું એવો એનો ગુણ છે. આહાહા..! આ શક્તિને માનવાથી અને એ શક્તિનો ધરનાર આત્મા છે એને માનવાથી ચેતન ચેતનપણે થાય એનું પરિણમન થાય એનું નામ ધર્મ અને મોક્ષનો માર્ગ કહેવાય છે. આહાહા..! આ તો કાંઈક કરવું છે ને મૂકવું છે ને લેવું છે ને દેવું છે. જાધવજીભાઈ! દયા પાળવી છે, વ્રત પાળવા છે, અપવાસ કરવા છે, ઢીંકણું કરવું છે. કહે છે કે એ બધા વિકલ્પો છે એ તારા સ્વરૂપમાં છે જ નહિ. એ રૂપે થવું એ તારો કોઈ

ગુણ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**તદ્રૂપ...**' પોતાના રૂપે, પોતાના સ્વરૂપે ભવન એમ. પોતાનો જ્ઞાન આનંદ, ચિદાનંદ સહજાનંદ મૂર્તિ આત્મસ્વરૂપ છે. એક જણાનું લખાણ આવ્યું હતું ને. ભાઈ! આ સહજાનંદ આપણે વ્યક્તિગત વાપરીએ છીએ પણ ત્યાં તો સહજાનંદ સ્વભાવને વાપરે છે. ભાઈ! એમ આવ્યું હતું. પોસ્ટકાર્ડ એક આવ્યું. એક સ્વામીનારાયણનું પોસ્ટકાર્ડ આવ્યું. સ્વામીનારાયણનું ત્યાં ગઢડાના મંદિર ઉપર લખેલું. ગઢડાનું મોટું મંદિર છે ને. ત્યાં કોઈક સ્વામીનારાયણે પત્ર લખ્યો કે આ એક કાનજીસ્વામી કહે છે એવી વાત, બહુ સરસ છે. અને એ સાધુપણું એવું કહે છે કે અત્યારે સાધુપણું એ બાપુ જંગલમાં વસનાર એવું હોય. પોતે સાધુપણાની ના પાડે છે. એમ લખ્યું છે. આ બધા સાધુ થઈને જે મનાવો છો ને તમે. લાડવા ખાય ને લૂગડા પહેરે ને લહેર કરે. બાપા! સાધુપણુ જુદી ચીજ છે ભાઈ! હજી તો આ સમ્યગ્દર્શનમાં સાધકપણું શું છે એની ખબર ન મળે સાધુ તો ક્યાંથી થાય? સમજાણું? પણ એણે એમ લખ્યું એક શબ્દ કે તમે સહજાનંદ આપણે વ્યક્તિગત માન્યું છે પણ એ તો કહે છે સહજાનંદ આત્માનો સ્વભાવ જ છે. બધા આત્મા સહજાનંદી જ છે. આપણે આ બોલીએ છીએ ખરું ને? સહજાનંદી... એવું બોલીએ છીએ ને? આત્મા સહજાનંદી. કોઈ વ્યક્તિગત એમ નથી કે આ સહજાનંદ થયો એમ નથી. એણે લખ્યું હતું હો બિચારાએ. પછી તો આપણે ઓલું સહજાનંદ ન લઈએ તો વળી કો'કને એમ થાય, ઓલા પાનાચંદભાઈ હતા ને આ ગઢાળીવાળા? કે આ મહારાજ કંઈ સહજાનંદને માનતા તો લાગે છે પણ ગુપ્ત રાખતા લાગે છે. એ તો અનેક પ્રકારના અર્થ છે. પાનાચંદભાઈ છે કે નહિ ગઢાળી?

મુમુક્ષુ :- ગુજરી ગયા.

ઉત્તર :- ગુજરી ગયા? કે દી? ઠીક. છે, છે. વૃદ્ધ છે ને. અમે ગયા હતા એક ફેરી. મોટા વૃદ્ધ થઈ ગયા. ગયા હતા એક ફેરી, એને ઘરે ગયા હતા. તે દી આપણે ગઢડે આવ્યા ને? પણ એને એમ લે કે આ સહજાનંદી એમ બોલાય છે ને. અંદર તો સહજાનંદને માને છે પણ બહાર પાડી શકતા નથી. અરે.. ભાઈ! સહજાનંદ એ નહિ. આ આત્મા સહજાનંદસ્વરૂપ છે. દરેક આત્મા સહજાનંદસ્વરૂપ છે. અને સહજાનંદરૂપે પરિણમવું એવો એનો ગુણ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! સચ્ચિદાનંદ શબ્દ કહેતા શું થયું? સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદરૂપ એ સ્વરૂપ છે એ તો આત્માનું. એ આનંદસ્વરૂપ છે, વીતરાગસ્વરૂપ છે, અકષાયસ્વરૂપ છે, ચેતનસ્વરૂપ છે, એ રૂપે થવું એનો એ ગુણ છે. દરેક આત્મા એવા છે. એક જ આત્મા ફલાણા છે એમ નથી અહીં. સમજાણું કાંઈ?

કહે છે કે '**તદ્રૂપ ભવનરૂપ...**' આહાહા..! વજન અહીં આપ્યું છે હોં! એ તો ભગવાન

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org

એનો ગુણ જ એવો છે, પણ એની નજર કરે તો, એનો સ્વીકાર કરે તો થાય ને? સ્વીકાર કર્યા વિના આ છે એમ માન્યા વિના એનું પરિણમન શી રીતે થાય? એમ કહે છે. હું રાગવાળો છું, પુણ્યવાળો છું, પૈસાવાળો છું, કર્મવાળો છું, હું ભોગી છું, હું મોટો છું બહારમાં. આવું જેણે માન્યું છે એ આમ ક્યાંથી થાય? કારણ કે તદ્રૂપપણું જે છે એવું તો માન્યું નથી. સમજાણું કાંઈ?

એથી કહે છે, '**તદ્રૂપ ભવનરૂપ એવી તત્ત્વશક્તિ. (તત્સ્વરૂપ હોવારૂપ...**' એટલે પોતાનું જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે તે રૂપ રહેવારૂપ, હોવારૂપ અથવા તે રૂપે પરિણમવારૂપ. '**તત્સ્વરૂપ પરિણમનરૂપ...**' પરિણમન એટલે થવું અવસ્થાનું. '**એવી તત્ત્વશક્તિ આત્મામાં છે.**' આવો ગુણ તારા ભંડારમાં પડ્યો છે. તારા આત્માના અંદરમાં આવો ગુણ છે. ભગવાને જોયો છે અને છે તારામાં એવો. પરમેશ્વર કેવળીએ જોયો છે અને એણે પ્રગટ કર્યો પૂર્ણ. એવો તારામાં પણ એવો જ છે. એ માનવું એને (કે) આવો હું મારારૂપે થવું એવો મારો ગુણ છે. હું જે રૂપે છું તે રૂપે થવું એવો મારો ગુણ છે. આ ગુણ અને ગુણીનો સ્વીકાર થાય ત્યારે એને તદ્રૂપ ભવન એનું પરિણમન થાય. ત્યારે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને આનંદરૂપે પરિણમન થાય. પરિણમન એટલે દશા થાય. ત્યારે એની ધર્મ દશા થાય. આવી વાતું! આ તો કહે, અપવાસ કરી નાખો, વ્રત કરી નાખો, અઠમ કરી નાખો. એકેય અર્થની ખબર ન મળે. ભાન ન મળે કાંઈ. આંધળે આંધળા. અને આ મોટા હોય એના અગ્રેસર એને પણ ભાન ન મળે. એય.. ઝવેરચંદભાઈ! પછી બધું ચાલે. જાધવજીભાઈ! એ બધા ત્યાં અગ્રેસરો હતા ને ત્યાં કલકત્તામાં. સામાયિક ને પોષા કરે. જાવ. આપો આપણે બધાને સૌને એક એક રૂપિયા આપો જાવ. શું કહેવાય એ? લ્હાણી. એણે ધર્મ કર્યો અને આપણે ધર્મ અનુમોદ્યો. આપણે ભાગ તો લેવો ને. ધૂળેય ધર્મ નથી, સાંભળને!

આ આત્મા પુણ્ય અને પાપના રાગ વિનાનો અને અનંતા પરપદાર્થ રહિત આત્મા છે અને તે આત્મા તત્‌શક્તિવાળો છે. એથી તે પોતે પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપે થાય એવો આત્મા છે. એવું અંદર માન્યા, અનુભવ્યા વિના એને ધર્મ થાતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહો, આ તો સમજાય છે કે નહિ? સોમચંદભાઈ! આ તો સમજાય એવું છે. ઝીણું બહુ નથી કાંઈ. થોડું થોડું ત્યાં સાંભળતા હશે ને ઓલા રેકોર્ડિંગમાં. એને લાગે છે. રસ છે ઓલા તમારા વચેટવાળાને થોડું. કહો, સમજાણું કાંઈ? બહારમાં સારું દેખાય ત્યાં રસ પડી જાય છે એને. ધૂળમાંય નથી બહાર. હેરાનના રસ્તા છે ચારે કોર.

અહીં કહે છે, ભગવાન! તું કોણ છો? કેવો છો? અને કોને અમે આત્મા કહીએ છીએ? અને તને અમે કહીએ અને જાણીએ એવો તું આત્મા જાણ, ત્યારે તને ધર્મ અને સમ્યગ્દર્શન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


થાય. સમજાણું કાંઈ? આમાં તો કોઈ એમ નથી કે શરીરની અવસ્થારૂપે થાય એવો કોઈ ગુણ છે. વાણીરૂપે થાય એવો કોઈ ગુણ છે. મોટા બંગલામાં રહી શકે એવો કોઈ ગુણ છે.

મુમુક્ષુ :- ૪૭ શક્તિમાં...

ઉત્તર :- ૪૮ લખાઈ ગઈ છે. આમાં. ઓલા કહે ૪૮ શક્તિમાં સર્વજ્ઞ.. આમ કીધું છે. એણે લખ્યું છે ને સામાવાળાએ? ૪૮ શક્તિમાં અકર્તૃત્વ, અભોક્તૃત્વ, સર્વજ્ઞ, સર્વદર્શિત્વ એ બધી પરની અપેક્ષા રાખે છે. આ ૪૭માંથી. પણ લખ્યું છે ૪૮. પણ ભાઈએ તો કીધું કે ૪૮ નથી. ૪૭ છે. પણ આમાં સર્વદર્શિ અને સર્વજ્ઞ અને અકર્તા-અભોક્તા પરની અપેક્ષા રાખતું નથી. હાલ હાલ. સમજાણું કાંઈ?

તત્રૂપે થવું શું એનો અર્થ છે? આત્મામાં સર્વજ્ઞ સ્વભાવ છે. એ પોતે તત્રૂપે પરિણમે છે. પોતાનું નિશ્ચયથી પોતાનું સ્વરૂપ છે. સર્વજ્ઞપણું પરિણમવું એ પોતાનું નિશ્ચયથી સ્વસ્વરૂપ છે. સર્વ શબ્દ કાંઈ પરની અપેક્ષા આવે માટે સર્વ એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા સર્વજ્ઞ શક્તિવાળું તત્ત્વ છે. એની જ્યારે અંતર દૃષ્ટિ થતાં પહેલી તો પ્રતીતરૂપ પરિણમન થાય કે આ સર્વજ્ઞ હું સર્વજ્ઞસ્વભાવી જ છું. પછી ક્રમે ક્રમે સર્વજ્ઞ જેવી શક્તિ છે એવી અવસ્થારૂપે થવું એ જ એનો તો ગુણ છે. એનો એવો ગુણ છે. એનો પોતે ગુણ સર્વજ્ઞપણાની પર્યાયપણે સ્વતઃ પરિણમે, એ સ્વતઃ પરિણમે પરની અપેક્ષા વિના. જ્ઞેયની અપેક્ષા વિના, લોકાલોકની અપેક્ષા વિના, સંહનનની અપેક્ષા વિના એવું સર્વજ્ઞપણું પરિણમવું એ તો એનો પોતાનો નિજગુણ છે. આહાહા..! ભારે વાત ભાઈ! અને ખરેખર તો એ ગુણ પોતે પોતાને દેખે અને જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તત્પણે પરિણમતા પોતાની પર્યાયને પોતે દેખે અને જાણે છે. સમજાણું કાંઈ? ભારે વાતું. પરની સાથે સંબંધ શું છે?

મુમુક્ષુ :- સમજાય છે આ પર્યાયની વાત ચાલે છે?

ઉત્તર :- સાંભળે છે, જિજ્ઞાસા છે.

પર્યાય એટલે અવસ્થા. આત્મા કાયમી ચીજ છે એ દરેકને પર્યાય હોય છે. પણ લોકોમાં અત્યારે કંઈ ચાલતું નથી. દરેક પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાયવાળો હોય. આત્મા હો કે પરમાણુ. ભગવાને છ દ્રવ્ય જોયાં છે. છ દ્રવ્યમાં વસ્તુ જેને આખી કહીએ તેને દ્રવ્ય કહેવાય અને એનામાં ગુણ જે કાયમ રહેનારી શક્તિ છે તેને ગુણ કહીએ અને એની વર્તમાન અવસ્થા પરિણમન થાય તેને પર્યાય કહીએ. સમજાણું કાંઈ? આ પરિણમન પર્યાય થાય એની વાત ચાલે છે જુઓ આ. આહાહા..! સમજ્યાને? આહાહા..!

સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિપણે થવું એવો એનો તત્ત્વનો ગુણ છે. એ ગુણ સ્વતઃ આ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પણે પરિણમે છે. આહાહા..! સમજાણું કાંઈ? પરિણમવું એટલે પર્યાય-અવસ્થારૂપે થવું એવો એનો નિજ આત્માનો ભગવાન કેવળીએ કહેલો ને જોયેલો ને પ્રગટ કરેલો. આમ તો વાતું બધા બહુ કરે કેવળી પણ્ણંતો.. મંગળિક તો સાંજ-સવાર બોલે બબ્બે વાર પડિક્કમણામાં. ઝવેરચંદભાઈ! એ બોલે એને આવડતું હોય ને ગડિયો હાંકે જાય. ત્રિભુવનભાઈ! શું કરે પણ? વસ્તુ જ્યાં સુધી... આ કેવળી પણ્ણંતો ધમ્મો. પણ કેવળી પણ્ણંતો ધર્મ એટલે શું? ધર્મ એટલે શું છે ઈ? ધર્મ એટલે આત્માની વીતરાગી, નિર્દોષ વીતરાગી દશા છે, પર્યાય છે. એ પર્યાય કેમ પરિણમે છે? કે ત્રિકાળી દ્રવ્ય અનંત ગુણનો પિંડ પ્રભુ આત્મા એની અંતર દૃષ્ટિ કરતાં તત્સ્વરૂપે પરિણમે છે. જે એનું સ્વરૂપ છે તે રૂપે પરિણમવું એનું નામ પર્યાય, એનું નામ ધર્મ અને એનું નામ મોક્ષનો માર્ગ. ભારે ઝીણું. જાધવજીભાઈ! ભાઈ અહીં તો થોડો વખત પડાવ નાખીને પડ્યો રહે તો સમજાય એવું છે.

મુમુક્ષુ :- માનતા નથી.

ઉત્તર :- કોણ?

મુમુક્ષુ :- કોઈ માનતા નથી.

ઉત્તર :- એ તો હોય. થોડો વખત તો જોઈએ ને. થોડો વખત. એલ.એલ.બી. ને બી.એ. ને મેટ્રીક ભણવામાં કેટલા વર્ષ ગાળે છે લ્યો. ધૂળધાણી દુઃખી થવાના રસ્તા. આ સુમનભાઈ દુઃખી થવાના રસ્તે ગયા હતા ને ત્યાં અમેરિકા. કેટલું ભણી આવ્યા? હવે પછી આઠ હજારનો પગાર મહિને, આઠ હજારનો પગાર. ધૂળમાં શું છે પણ હવે. એ પણ ભણ્યા માટે મળ્યું નથી. પુણ્ય છે માટે મળે છે. આહાહા..!

મુમુક્ષુ :- આપ કહો છો...

ઉત્તર :- મળે છે. આ તો કહેવાની ભાષા શું કહેવાય? એ માણસો એમ કહે ને. માણસ એમ કહે છે, આટલા પૈસાવાળો છે. ધૂળવાળો છે એમ કહે છે ને. અહીં કહે છે કે એ માન્યતા તારી ખોટી છે. આ એને પુણ્યવાળો આત્માને માનવો એ પુણ્યવાળો નથી એને તેં માન્યું, તારી દૃષ્ટિમાં મિથ્યાત્વ છે. લે. આહાહા..!

ભગવાન આત્મા વિકારપણે થવું એવો આત્માનો ગુણ જ નથી અને તું આત્માને એવો માન કે આ પુણ્યપણે હું થયો (તો) મિથ્યાત્વ છે. આહાહા..! ગજબ વાત છે ને! વ્યવહારપણે હું થયો. જુઓ જૈનશાસન! આહાહા..! જૈનશાસનનો વિરાધક છું એમ કહ્યું છે. પત્ર-બત્ર આવે તો ખબર પડે. એ વાત થઈ હતી. પ્રેમચંદજી ગુજરી ગયા ને? કહે છે કે છેલ્લે વાત થતાં થતાં એમ લીધી. ઓલામાં આવ્યું છે ... કે હું જૈનશાસનનો વિરાધક છું. એમ કહ્યું છે? મેં વિરાધના કરી જૈનશાસનની. ઓલા બહુ કહેવા માંડ્યાને. કારણ કે ક્યાં કાંઈ પોતાને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અંદર પત્તો નહિ, કાંઈ ખબર નહિ અને બહારમાં મોટા આચાર્યપદ ધરાવ્યા અને મોટા ધૂળેય નથી કાંઈ. અંદર દર્શનશુદ્ધિ શું છે એની તો ખબર પણ નથી. સમજાણું કાંઈ? એ બોલી ગયા બિચારો, બિચારા એટલું વળી કાંઈક ભાષામાં કહે છે. હું જૈનશાસનનો વિરાધક છું.

બાપુ! જૈનશાસન એટલે શું? જૈનશાસન તો આત્માની પર્યાય છે. વીતરાગી પર્યાય આત્માની થવી એનું નામ જૈનશાસન છે. સમજાણું? અને વીતરાગપણે થવું એવો એનો ગુણ છે અહીં તો કહે છે. આહાહા..! એ તો ચાલે છે અહીં.

ભગવાન આત્મા તદ્રૂપ ભવનરૂપ.. ભગવાન આત્મા એનામાં વીતરાગતા પડી છે. એ વીતરાગતા સર્વજ્ઞ સ્વભાવ પડ્યો છે. સર્વદર્શિ સ્વભાવ પડ્યો છે. આખું જીવતર જેનું દર્શન-જ્ઞાન આનંદના પ્રાણવાળી અંદર શક્તિ પડી છે. એનો ઉકેલ થઈને, એના ઉપર દૃષ્ટિ આપતા એટલે કે આ આવો છે એમ સ્વીકાર થતાં, આવો આત્મા છે એવો સ્વીકાર થતાં, શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય એકરૂપ છું એમ સ્વીકાર થતાં એનું તદ્રુપ પરિણમન થાય. શુદ્ધતાનું પરિણમન થાય તેને ભગવાન ધર્મ કહે છે. એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ બધા શુભ છે, એ ધર્મ-બર્મ નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! ઓહોહો..!

કહે છે કે ભાઈ! તારી પ્રભુતા તો એને કહીએ કે જેવું તત્ત્વ છે તે રૂપે થાય એ તારી પ્રભુતા છે. આહાહા..! કહો, ખેતશીભાઈ! આ પૈસાની પ્રભુતા ને શેઠાઈની પ્રભુતા અને ઘણા દીકરા, આઠ આઠ દીકરા, આઠ ઓરડા અને આઠ શું કહેવાય આ બધા મકાનની અંદર આ..?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. છે ને ભાઈ છે ને આપણે. દિલ્હી ગયા હતા ને પોર. નેમચંદભાઈ. દસ લાખનું મકાન કર્યું છે. પછી કેટલા કીધા? ૫૦ તો કાંઈક પાયખાના છે. એ પાયખાના નહોતા બોલ્યા. ભાઈ! બાથરૂમ બોલ્યા હતા. બાથરૂમ બોલ્યા હતા. એ પણ પાયખાના સમજવાને એના પ્રમાણમાં પાછા. નેમચંદભાઈ નથી? દિલ્હીવાળા જાડા. પૈસાવાળા છે ઘણા. અહીં જમીન લીધી છે. એ તો કહે, વર્ષોથી અમે ચાર લાખ પેદા કરતા પણ ઓણ થઈ ગયા છે આઠ લાખ, મહારાજ! કોણ જાણે કેમ થયું, તમારું નામ આવે છે માટે આઠ લઈ થઈ ગયા. ચાર લાખના આઠ લાખ. પેદાશ. આ મકાનનું નામ આપવું છે ફલાણું એવું કાંઈક કહેતા હતા. નહિ? કાંઈક આપશે કાનજી નામ કે એવું. નામ પણ ક્યાં છે? ધૂળેય નથી અને નામ પણ નથી. પણ એ મકાનમાં પગલા કરવા લઈ ગયા હતા. દસ લાખનું મકાન કરે છે પોતે. ઘણું મોટું. પૈસાવાળા છે. એ કહે કે આમાં ૫૦ ૫૧ કાંઈક કહેતા હતા. ૫૧ તો બાથરૂમ છે. કહો, એ આકડાનો .. હજીરો હતો મોટો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અહીં કહે છે કે ભાઈ! ભગવાન એમ કહે છે અને કેવળી તીર્થંકર એમ કહે છે કે તારો સ્વભાવ... સમજાણું કાંઈ? આ આત્મા જે છે આત્મા, '**તદ્રૂપ ભવનરૂપ...**' આત્માનો ગુણ છે એ ચાલે છે આપણે તો. શું કહે છે? કહે છે... આત્મામાં એવો એક ગુણ છે, શક્તિ છે કે જે ચૈતન્ય આનંદ ને શાંતિ ને શુદ્ધ છે એવું એનું પરિણમન થાય એવો એનો ગુણ છે. સમજાણું કાંઈ? આત્મામાં એવો ગુણ છે કે તદ્રૂપે પરિણમવું. એ શરીરપણે રહેવું અને પરને ઉપજાવવું, પુણ્યપણે થવું એવો એનામાં ગુણ નથી. એ તો અદ્ધરથી, ઉપરથી કરીને મિથ્યાદૃષ્ટિ પુણ્ય-પાપના પરિણામ કરે છે અને ભોગવે છે એનો ગુણ એકેય એ છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સર્વજ્ઞ કેવળીએ જોયેલો, પરમેશ્વરે કહેલો કે આ આત્મામાં એક અનંત શક્તિ માયલી એક શક્તિ એવી છે કે તદ્રૂપ ભવન. જે ચૈતન્ય છે, જ્ઞાન આનંદ છે, પૂર્ણ સ્વરૂપમાં સ્વચ્છતા છે, પ્રભુતા છે આત્મામાં એવી અનંતી. એ બધી શક્તિ જેવી છે તે રૂપે તેનું પરિણમવું, તે રૂપે તેનું થવું એવો એનામાં ગુણ છે. એવો આત્માને અંદર અનુભવ્યા વિના તેને ધર્મ થતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! શું કહે છે આમાં કાંઈ (સૂઝ પડતી નથી). તો આ બધું થાય છે ને? આ કરીએ છીએને? મોટા સંચા, પૈસા બધા પચાસ લાખ, કરોડ ને ધૂળ કરોડ એમ વાતું કરે છે માણસને. ધૂળેય નથી. સાંભળને હવે. એ તો જડ છે. હવે જડમાં તેં ભેગા ક્યાં કર્યા છે અને જડ તેં જોડ્યા છે ક્યાં? એ તો પરવસ્તુ છે. એની સાથે તારે સંબંધ શું છે?

મુમુક્ષુ :- પ્રયોગ એ કરવો પડે ને.

ઉત્તર :- કોનો પ્રયોગ કરે? ધૂળનો? રાગનો પ્રયોગ એ તારું સ્વરૂપ નથી. પરનો પ્રયોગ તો ક્યાંથી કરે? પરવસ્તુ સ્વતંત્ર છે જગતની જડ અને બીજા આત્માઓ. એની વર્તમાન અવસ્થા તેને કારણે થાય એમાં બીજો કરે શું પરને? ધૂળ કરે? સમજાણું કાંઈ? પણ ખબર ન મળે. વીતરાગનો માર્ગ શું છે અને આત્મા શું છે. એમ ને એમ પાગલપણે ચાલે છે. પાગલ-પાગલ. પાગલ એટલે? ગાંડા બીજું શું? ઘેલા. અહીં તો ભગવાન કહે છે કે પાગલ છો. એઈ..! ઝવેરચંદભાઈ! ભારે આકરું.

સ્તવનમાં આવ્યું નહોતું? પગલે. પાગલ પગે પગે કરીને તો આ મારું... આ મારું... આ મારું... હતું કે દી? તારું તો અહીં અંદર સ્વરૂપ છે. અને તે પણ પુણ્ય-પાપના ભાવ થાય એ પણ તારા નથી, તારું સ્વરૂપ નથી. અને એ રૂપે થવું એ તારા ગુણમાં નથી, તારા પર્યાયમાં નથી એમ કહે છે અહીં તો. આહાહા..! સમજાણું કાંઈ? પુણ્યના શુભભાવપણે થવું એવો તારામાં ગુણ નથી, એવું તારું દ્રવ્ય નથી, એવું તારું સત્ત્વ નથી. ખબર ન મળે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એને તો ભગવાન આત્મા અનંત જ્ઞાન, દર્શન, આનંદસંપન્ન એ પ્રભુ છે આત્મા. એવું ભગવાનને અનંત કેવળજ્ઞાનાદિ પ્રગટ્યું અનંત દર્શન, આનંદ આવ્યા ક્યાંથી? બહારથી આવે છે ક્યાંયથી? એ અંદરમાં સ્વભાવ છે, એ અંતર્મુખ દૃષ્ટિ કરતાં, જેવો તેનો સ્વભાવ છે તે રૂપે દશા થઈ. એવો એનો તત્‌રૂપે થવું તે તેનો ગુણ-શક્તિ અને ભાવ છે. કહો, સમજાણું કાંઈ? આવો આત્મા જાણ્યા વિના, આવો આત્મા જાણ્યા, માન્યા વિના એનું મિથ્યાત્વ કોઈ દી ટળે નહિ અને મિથ્યાત્વ ટળ્યા વિના દુઃખ ટળે નહિ અને દુઃખ ટળ્યા વિના કોઈ દી સુખી થાય નહિ. સુખી એટલે ધર્મી હોં! સુખી એટલે આ ધૂળવાળાની વાત નથી. કહો, સમજાણું? આહાહા..! જીવરાજજી છે, ચેલાના છે તમારે. કહો, સમજાણું? આહાહા..!

ભગવાન આત્મા આ શક્તિને કારણે, એવો એનામાં ગુણ છે આત્મામાં એને કારણે ચેતન ચેતનપણે રહે છે, ચેતન ચેતનપણે પરિણમે એવો એનો ગુણ છે. એને ખબરેય ન મળે કોણ જાણે. ત્યાગીના નામ ધરાવે પણ આ શું આત્મા છે એની ખબર ન મળે અને ધર્મ થાય. ધૂળમાંય નથી ધર્મ. ભગવાન આત્મા અનંત તત્‌શક્તિનો સ્વભાવ અનંત છે, બેહદ છે. શક્તિ છે ને? શક્તિ છે તો બેહદ છે. તારા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપી છે. એ તત્ત્વ શક્તિનું ધ્રુવ ઉપાદાન કાયમ છે તે અને એનું પરિણમન ક્ષણે થાય તેનું ક્ષણિક ઉપાદાન છે. સમજાણું કાંઈ? ક્ષણિક ને ધ્રુવ ને શબ્દ પણ સાંભળ્યા ન હોય કોઈ દી. એઈ.. ઝવેરચંદભાઈ! પૈસાના રળવા આડે, ધંધા આડે કાંઈ શબ્દ સાંભળ્યા ન હોય કોઈ દી. જાય નમો અરિહંતાણં... નમો અરિહંતાણં.. જાવ સામાયિક કરી. થઈ ગયા મિચ્છામી દુક્કડમ જાવ. ધૂળેય નથી મિચ્છામી દુક્કડમ. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા..! કહે છે કે એક ગુણ એવો છે એનામાં પોતે પોતાના સ્વરૂપપણે જ થાય. પરરૂપે થવું એનામાં ગુણ નથી. આહાહા..!

બીજો. ૩૦. '**અતદ્‌રૂપ ભવનરૂપ એવી અતત્ત્વશક્તિ.**' એ રાગરૂપે, પુણ્યરૂપે ન થવારૂપ એનો ગુણ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**અતદ્‌રૂપ ભવનરૂપ...**' એટલે અતદ્‌ભવનરૂપ. એટલે '**(તત્સ્વરૂપ ન હોવારૂપ અથવા તત્સ્વરૂપે નહિ પરિણમવારૂપ...**' તે સ્વરૂપે એટલે? પુણ્ય-પાપપણે, રાગપણે, શરીરપણે, કર્મપણે નહિ થવારૂપ એવો એક આત્મામાં ગુણ છે. સમજાણું કાંઈ? આ તો એમાં વ્યવહારનો અભાવ બતાવ્યો. વ્યવહારપણે ન થવું એવો એનો ગુણ છે, એમ કહે છે ભાઈ! આહાહા..! ગજબ વાત છે! આત્મા એને ભગવાને કહ્યો, ભગવાને એને આત્મા કહ્યો કે જે આત્મામાં દયા, દાન, વ્રતના પરિણામપણે ન થવું એવો એનામાં ગુણ છે. આહાહા..! ભારે રાડ નાખે છે ને. સમજાણું કાંઈ?

એ ભગવાન જ્ઞાયકસ્વરૂપ પોતે આત્મા એને પરરૂપે એટલે તે રૂપે ન થવું, તે રૂપે ન થવું એટલે? પહેલું તે રૂપે થવું હતું. એવો ગુણ છે. હવે તે રૂપે ન થવું. તે રૂપે ન થવું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એટલે? શરીરપણે ન થવું, કર્મપણે ન થવું, પુણ્ય-પાપપણે ન થવું, શુભ-અશુભ પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિના રાગપણે ન થવું એવો એનામાં ગુણ છે. આહાહા..! ઓલા તો રાડ નાખે છે. વસ્તુ આવી છે. આત્મા એવો ભગવાન કેવળીએ કહેલો છે. સમજાણું કાંઈ? ઝવેરચંદભાઈ! આ બધું સમજવું પડશે હોં! બહારમાં ક્યાંય મોટા ભાઈ મોટા ભાઈ કરીને મારી નાખશે. એય..! ત્રિભુવનભાઈ! આહાહા..! આ તો છ ભાઈઓમાં મોટા છે અને મોટી કંપની છે કલકત્તામાં. ફેક્ટરી ફેક્ટરી જડની, અહીં આત્મામાં ક્યાં છે. અહીં તો આત્માનો સંચો કેમ ચાલે એની વાત છે.

ભગવાન કેવળજ્ઞાની પરમેશ્વરે વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવે ઈન્દ્રોના સમક્ષમાં, સમવસરણમાં આ કહેતા હતા કે ભાઈ! તારું સ્વરૂપ એવું છે, તારો ગુણ એવો છે, તારા ગુણમાં એવો ભાવ છે કે તે પણે ન થવું. પહેલું તે પણે થવું હતું. પોતાના સ્વભાવ શુદ્ધ ચૈતન્ય આનંદપણે થવું એ ગુણ છે અને તે પણે ન થવું એટલે વિકલ્પ ને દયા, દાન, વ્રતાદિ શુભ પરિણામપણે ન થવું એવો તારો ગુણ છે. આહાહા..! આ જ્ઞેય લ્યો ને તો એ જ્ઞેયપણે ન થવું. આહાહા..! ગુણુભાઈ! સમજાય છે આ? આહાહા..! ભારે વાત! કોઈને વાત બિચારાને કાને પડે નહિ. એ કે દી આંખ મીંચીને ચાલ્યા જશે હેરાન થઈને. એના પૈસા હશે પાંચ-પચાસ લાખ ધૂળ કરોડ એ તો પડ્યા રહેશે અહીં. એ ક્યાં પૈસા એના બાપના હતા? એ તો જડના છે. એના બાપના નહિ તો એના ખરા કે નહિ? એ તો જડના છે. જડ જડપણે થઈને રહ્યા છે. જડ જડપણે થઈને રહ્યા છે. તારાપણે થઈને એ રહ્યા નથી. છતાં એ માને કે મારા થઈને રહ્યા છે તો મૂઢ મિથ્યાત્વભાવ છે. એમ કહે છે. આહાહા..!

અરે..! અહીં તો એમ કહે છે કે ભગવાન આત્મા જ્ઞાનાનંદ મૂર્તિ એ પુણ્ય-પાપપણે થવું એનામાં સ્વભાવ નથી. છતાં એ માને કે હું પુણ્ય-પાપપણે થયો, હું આ થયો એ મિથ્યાત્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? મિથ્યાત્વ એટલે મહાપાપ. ત્રિભુવનભાઈ! આવી માન્યતાવાળાને મહાપાપ લાગે છે, કહે છે. અને એવી માન્યતાવાળાને ધર્મી માનવા,.. ઝવેરચંદભાઈ! એ તો પ્રશ્ન કર્યો હતો ત્યાં. ત્રિભુવનભાઈને નહોતો કર્યો? ત્રિભુવનભાઈને પ્રશ્ન કર્યો હતો ને? ભાઈએ પ્રશ્ન કર્યો હતો. ત્રિભુવનભાઈએ સરખાઈનું સંભળાવ્યું હતું. આવું જે માને કે અમને તો શુભભાવ થવાની અમારી શક્તિ છે, શુભભાવ થતા અમને ધર્મ થાય. આવા માનનારાને પગે લાગવું એ તો મિથ્યાત્વનું પાપ છે, કહે છે. કહો, સમજાણું કાંઈ? મિથ્યા માન્યતાવાળાને આદર કરવો એ મિથ્યા માન્યતાનું પોષણ છે. આવી વાત છે પણ જરી ઝીણી. આહાહા..!

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહે છે, '**અતદ્રૂપ ભવન એવી અતત્ત્વશક્તિ.**' આત્મામાં છે. અનાદિઅનંત છે હોં! જ્યારે જાણી ત્યારે અતત્ત્વશક્તિનું પરિણમન થયું. સમજાણું કાંઈ? કહો, આ સમજાય છે કે નહિ? એઈ..! ગોસળિયા! આવી વાત છે. ઝીણી વાત છે. ત્યાં વાડામાં મળે એવી નથી ક્યાંય. એમના ભાઈના દીકરા છે. '**અતદ્રૂપ ભવનરૂપ એવી અતત્ત્વશક્તિ. (તત્સ્વરૂપ ન હોવારૂપ...**' એટલે? ભગવાન આત્મામાં એવી શક્તિનુ સામર્થ્ય છે-શક્તિ છે-ગુણ છે કે તે પુણ્ય-પાપના વિકલ્પ ને રાગપણે ન થવું, તત્સ્વરૂપે ન થવું, એ રૂપ ધારણ ન કરવું એવો એનો ગુણ છે. આહાહા..! એવા આત્માને આત્મા તરીકે અનુભવે તેને ધર્મ થાય. બાકી એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ? કહો, ખેતશીભાઈ! આવો છે. હવે આમાં અડાયામાં એવું નહોતું સાંભળ્યું. સાંભળ્યું હતું ત્યાં? જામનગરમાં પણ નહોતું સાંભળ્યું. આહાહા..! મોટા ગામમાં ઠેકાણે ન મળે.

મુમુક્ષુ :- નવો અવતાર આવ્યો છે.

ઉત્તર :- નવો અવતાર હોય એવું લાગે છે. વાત સાચી.

ભાઈ! તને ખબર નથી. પ્રભુ કેવળજ્ઞાની પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવે જે ત્રણ કાળના જ્ઞાનની પર્યાય પોતાની જાણી, પોતાની જાણી હોં! એમાં એ બધું એમાં જ્ઞાનમાં આવી ગયું, જ્ઞાન પોતાનું છે આ બધું. એ આવ્યું ને વાણી વાણીને કાળે નીકળી કે ભાઈ! તારામાં એવો એક ગુણ છે, હે આત્મા! તેને અમે આત્મા કહીએ અને તેને આત્માનો માનનાર, જાણનાર, અનુભવનાર કહીએ કે એ આત્માને એવો માને, કે એવો છે એવો માને કે છે તેવો. એ આત્મા પુણ્ય-પાપ ને વિકલ્પરૂપે ન થાય એવો એનામાં ગુણ છે, એવા ગુણવાળો આત્મા છે. સમજાણું કાંઈ? વાત પણ સાંભળી ન હોય વીરચંદભાઈ! હેરાન-હેરાન બિચારા થઈ જાય બહારમાં. આ અપવાસ કરી કરીને મરી જાય બિચારા. ઝવેરચંદભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. બેડો પાર મિથ્યાત્વ છે. બેડો પાર થઈ જાય, શરીર વયું જશે. ત્રિભુવનભાઈ! બેડો પાર એટલે આ બેડો એટલે શરીર છૂટી ગયું. ધર્મ નહિ થાય. મરી જાય ને પોષા કરીને, આઠમ શું મહિના કરીને. એ તો વિકલ્પ છે, રાગ છે. અને એ તો પરમાણુ નહોતા આવવાના એને ઠેકાણે મેં ન ખાધા, મેં આ છોડ્યા એ તો મિથ્યાત્વભાવ છે. સમજાણું? ક્યાં એ રૂપે તું થયો હતો તો છોડ? સમજાય છે કાંઈ? રાગરૂપે થયો નથી તો છોડવું રાગનું એ નથી. અહીં તો ઈ કહે છે. આહાહા..! શુભ વિકલ્પ આવ્યો ને કે આ મારે નહિ આટલું. એ રાગને હું છોડું એ નથી આત્મામાં. કારણ કે રાગસ્વરૂપે થવું એ છે જ ક્યાં એનામાં? થયો નથી પણ તું થયો નથી તો છોડવું એનામાં રહેતું નથી. સમજાણું કાંઈ? કહો, પ્રેમચંદભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સમજાય છે કે નહિ આ? ભારે આવી વાતું. આવો ધર્મ વીતરાગનો હશે જૈનનો? જૈનધર્મ જ આ છે. આનું નામ જૈનધર્મ. એ સિવાય જૈનધર્મ હોઈ શકે નહિ. જૈનધર્મ કોઈ સંપ્રદાય નથી. વસ્તુ પોતે વીતરાગમૂર્તિ અનંત શક્તિનો પિંડ પોતે આત્મા છે. ખરેખર તો એ વીતરાગસ્વરૂપ જ આત્મા છે. તત્ત્વ શક્તિ આખું વીતરાગ અકષાયસ્વરૂપ જ છે. એવું એને શક્તિરૂપમાં છે, તેને એકાગ્ર થઈને પ્રગટરૂપ પરિણમન થવું એનું નામ વીતરાગમાર્ગ. સમજાણું કાંઈ? કહો, જગુભાઈ!

જે પર્યાય વીતરાગપણે થાય, કેવળજ્ઞાનપણે થાય એ બધી શક્તિ તો છે ને અંદર? શક્તિનો ઉકેલ. એ તો શક્તિનો ઉકેલ છે બહાર પર્યાય પ્રગટવી એ. પણ શક્તિનું આખું તત્ત્વ જ અકષાય સ્વરૂપ, જ્ઞાનમૂર્તિ, ચેતના ચેતનારૂપે રહ્યો છે અને પરરૂપે થયો નથી. એવું એનું સ્વરૂપ છે. એવા સ્વરૂપનો આશ્રય કરતાં, દૃષ્ટિ કરતાં, પરપણે ન થવું એવું એનું પરિણમન શરૂ થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? માણસ કહે, આ આવ્યું ક્યાંથી? આવી નિર્મળ અવસ્થા આવે છે. પણ અંદર પડી છે. ફક્ત શક્તિરૂપ છે, સ્વભાવરૂપ છે એની અંદર એકાગ્ર થતાં એ એકાગ્ર થયો એ જ પ્રગટ થઈ. એમાં એકાગ્ર થયો એ પ્રગટ થઈ. ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ?

ચિદ્ઘન વીતરાગસ્વરૂપ જ પ્રભુ આત્મા છે. એમાં પરપણે ન થવું એવું (એનું સ્વરૂપ છે). વીતરાગપણે થવું અને રાગપણે ન થવું એવો તો એનો ગુણ છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા એનામાં તે પણે ન થવું અને સ્વપણે થવું એમાં પણ કર્તા પોતે સ્વતંત્ર થઈને તે (સ્વ)પણે થાય છે. અને પરપણે ન થવું એવું પણ કર્તા સ્વતંત્રપણે થઈને પરપણે ન થવું એવું થાય છે. કોઈની પરની અપેક્ષા નથી. સમજાણું કાંઈ?

**'અતદ્રૂપ ભવનરૂપ...' '(તત્સ્વરૂપ ન હોવારૂપ અથવા તત્સ્વરૂપે નહિ પરિણમવારૂપ અતત્ત્વશક્તિ આત્મામાં છે. આ શક્તિથી ચેતન જડરૂપ થતો નથી.)'** એ રાગાદિ જડ છે, હોં! સમજાણું કાંઈ? આ પુણ્ય-પાપના શુભ-અશુભભાવ થાય એ ચૈતન્ય નહિ. એ જડ છે, અચેતન છે. આહાહા..! ઈ ભારે! ઈ કહે છે અહીંયાં. એ ચૈતન્યથી જડરૂપ થતો નથી. એ તો ઓલામાં આવે છે ને? પ્રમત-અપ્રમત્તમાં નાખ્યું નથી? ભાઈ! જ્ઞાયકભાવ એ કાંઈ જડરૂપે થયો નથી. ભાઈએ નાખ્યું છે કૌંસમાં. જયચંદ્ર પંડિતે નાખ્યું છે. જ્ઞાયક તે જ્ઞાયક જ રહ્યો છે. આ રૂપે રાગરૂપે થયો જ નથી. રાગરૂપે થયો નથી. એનો જે ચૈતન્ય પ્રકાશમૂર્તિ છે, રાગ જે અપ્રકાશ છે, એ પ્રકાશસ્વરૂપ અપ્રકાશપણે થયો જ નથી. સમજાય છે કાંઈ? સૂર્યનું કોઈ કિરણ અંધારારૂપે થતું નથી. થાતું હશે? એને ખબર ન મળે પણ આ શું છે? એ ચૈતન્યસૂર્ય છે. કેવળજ્ઞાનનો કંદ આત્મા છે. એનું પોતાના કેવળજ્ઞાન અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આનંદરૂપે થવું એનામાં ગુણ અને પુણ્ય-પાપ ને રાગ ને શરીર ને વ્યવહારની ક્રિયારૂપે ન થવું એવો એનામાં ગુણ છે. આહાહા..! આવો આત્મા! જાધવજીભાઈ! સાંભળ્યો નથી એણે કોઈ દી. અને આત્મા સમજ્યા વિના, સાંભળ્યો નહિ ને આત્માનો ધર્મ કરવો. કરે આત્માનો ધર્મ અને આત્મા કેવો એની ખબર ન મળે.

મુમુક્ષુ :- પંચમકાળ છે ને.

ઉત્તર :- પંચમકાળ છે તો કોઈ સુખડીમાં લોટ ને ઠેકાણે ગારો નાખ્યો? ઘીને ઠેકાણે પેશાબ નાખ્યો પંચમકાળ છે માટે? એ તો જે રીતે લોટ, ઘી અને ગોળ (ભેગા કરીને) સુખડી થાય એ થાય. ભલે કસમાં ફેર પડે પણ ચોથે આરે અને પાંચમે આરે .. થાય? ભલે કો'ક ઘી ન નાખે તો તેલ નાખે. સમજાણું? પંચમકાળ આ એક જ હોં દશા જે છે એ. કાળ-ફાળ એને ઘરે રહ્યો. કાળ ક્યાં નડે છે અહીં? સમજાણું કાંઈ? પંચમકાળ કહેવો કોને? કાળ ક્યાં છે? ઘડી, પહોર, કાળ, ફલાણું, ઢીંકણું એ આત્મામાં છે કાંઈ? એ તો પરમાં છે. આવે છે. સમયસાર નાટકમાં આવે છે. ઘડી પહોર ભાઈ બોલતા બહુ. દામોદરભાઈ લાખાણી. આ મારો પહોર, આ મારો સમય છે. હમણાં અમે ફાવ્યા છીએ, અમે આમાં છીએ. ફાવ્યાની વ્યાખ્યા શું? આ મારો પહોર છે, આ અમારો સમય છે, હમણા અમારા દી છે. હમણાં અમારા ધાર્યા થાય છે. થાણામાં નાખ્યું ને ફટ કેટલા લાખો પેદા થયા. લ્યો ધાર્યું થયું કે નહિ?

મુમુક્ષુ :- ધાર્યા કરતા વધારે થયું.

ઉત્તર :- ધૂળ વધારે થયા. ધૂળેય થયું નથી. આખી દુનિયા પડી છે. એમાં મૂડી કોને કહેવી આમાં? આ આખી દુનિયા પડી છે. ધૂળેય નથી મળી ને કાંઈ મળ્યું નથી. એ તો ત્યાં છે ત્યાં છે. માન્યું મમતામાં કે આ મને મળી. હવે આપણે ફાવ્યા. એ તો અજ્ઞાનપણે માન્યું છે. આહાહા..!

મુમુક્ષુ :- જે જે મળવા .. હતા એ લોકો..

ઉત્તર :- એ મળવાનો અર્થ હોય એ પુણ્યના રજકણ હોય તો બહાર આવે. પુણ્ય પણ તારા નથી, પુણ્યના પરિણામ પણ તારા નથી, આ પુણ્યનું ફળ પણ તારું નથી. આ એવો આત્માને માન્યા વિના એનો ઉદ્ધાર થાય એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

એ ચૈતન્ય ભગવાન કોઈ દી પરરૂપે થાય? અને પરરૂપે થયેલો એ કોઈ દી ચેતનરૂપે થાય? આહાહા..! પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ હો. એ ચેતનરૂપે થાય? અને ચૈતન્ય ભગવાન એ રાગરૂપે થાય? દયા, દાન, વ્રત એ તો વિકલ્પની વૃત્તિઓની વાસના ઉઠે છે. વાસના ભગવાનના સ્વરૂપમાં છે આત્મામાં? આહાહા..! એનામાં વાસ તો આ શક્તિનો છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આ શક્તિનો વાસ છે કે તે રૂપે ન થવું એવો એનો ગુણ છે. એવો આત્મા ન માને અને આત્મા રાગરૂપે થવું એમ માને મિથ્યાત્વ અને અજ્ઞાન અને પાખંડને સેવે છે. સમજાણું કાંઈ? નીચ ગતિમાં જવાના. અધોમુખ. હેઠે જવાના રસ્તા છે એ બધા. ઓહો..!

હું ભગવાન પૂર્ણાનંદ જ્ઞાન, દર્શન, આનંદથી ભરેલો સ્વભાવથી અનંત શક્તિનો પિંડ એ મારું. જુઓ! એને ગૃહસ્થ કહ્યો. કહ્યો છે ને? ગૃહસ્થ એને કહ્યો છે. એઈ..! ભગવાનભાઈ! પોતાના આવા જે ગુણ છે તત્પણે થવું અને અતત્પણે-પરપણે ન થવું એવું પોતામાં રહેવું એને ગૃહસ્થ કહે છે. ગૃહ એટલે પોતાનું ઘર અને સ્થ એટલે રહ્યો. એને ગૃહસ્થ કહેવામાં આવે છે. બાકી બીજાને ભિખારા કહેવામાં આવે છે. સોમચંદભાઈ! આવું છે લ્યો. પૈસાવાળાને પણ ભિખારી કહે છે. માગ માગ કરે છે આ જોવે ને આ જોવે. ભગવાન આત્મા એક જોઈએ, બીજું કાંઈ જોઈતું નથી. સમજાણું કાંઈ? આ ગૃહસ્થ એને કહીએ. દેખો!

એને ક્ષત્રિય કહીએ. પોતાનું જે પરપણે ન થવું એની પોતે રક્ષા કરે છે. રાગપણે, પુણ્યપણે ન થવું એવો મારો ગુણ, એનું પરિણમન કરીને પરથી ન થવું એવું એ રક્ષણ કરે છે. એ આવા આત્માને ક્ષત્રિય કહીએ અને એ આત્માનો જે આશ્રય કરે આ એને વીર ને વીરનો ધર્મ પાળનાર કહેવામાં આવે છે. આહાહા..! મહાવીર પરમાત્મા તીર્થંકરદેવ ત્રિલોકનાથે કહેલો આ ધર્મ પાળનાર કહેવાય. બે શક્તિ લીધી, લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**અષાઢ સુદ ૯, ગુરુવાર તા. ૪-૭-૧૯૬૮**
**શક્તિ-૩૧, ૩૨, ૩૩, પ્રવચન-૫૫૭**

... એમાં વિશેષ સ્પષ્ટતા કેટલીક ન કહેવાયેલી એને કહેવી .. અનુસાર કહેવી. એમાં ૩૦મી છે વિશેષ. ઉમેરેલું. ઉમેરેલું. અલૌકિક વાત છે આ શક્તિઓની. આહાહા..! ભગવાન આત્મા આ દેહમાં રહેલું આત્મતત્ત્વ, એમાં જ્ઞાન, દર્શન આદિ શક્તિ એટલે એના ગુણ કહો, પણ શક્તિ અહીં લીધી છે. એનું કારણ છે. એનું સામર્થ્ય છે એનામાં. એમ. જ્ઞાન સામર્થ્ય છે, દર્શન સામર્થ્ય છે, આનંદ સામર્થ્ય છે, વીર્ય સામર્થ્ય છે કે જેના અંતર પ્રયોગથી તેની પર્યાયમાં પૂર્ણતા પ્રગટ થાય. એવો આત્માનો સ્વભાવ છે. એને ધર્મ કરવો હોય, એને શાંતિ મેળવવી હોય ને પૂર્ણતા પરમાત્મા થવું હોય એટલે કે પૂર્ણ સુખી થવું હોય તો એ આત્મા વસ્તુ છે, એમાં અનંત શક્તિઓ છે એને એણે જાણવી જોઈએ. અને એના અંતરમાં શાંતિ અને ધર્મ કરવા માટે જેને પરની કાંઈ પણ અપેક્ષા નથી. કેમકે એનામાં શક્તિ અનંતી બધી છે. સમજાણું કાંઈ?

અંતરની ધર્મ પરિણતિ એટલે કે શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, એની શુદ્ધ દશા પ્રગટવા માટે દ્રવ્યની અપેક્ષા છે એને. પોતાના દ્રવ્ય અને પોતાની શક્તિની અપેક્ષા છે. પરની અપેક્ષા નથી. કહો, સમજાણું? અહીં તો કહે છે કે અંતરમાં જે વિકલ્પ વ્યવહાર ધર્મનો આવે એની અપેક્ષા નિશ્ચય ધર્મની પરિણતિને નથી એમ કહે છે. મોટા વાંધા એના અત્યારે છે. ચર્ચામાં નાખ્યું છે એણે ખૂબ. વ્યવહારધર્મ, ગુપ્તિ વ્યવહાર ધર્મ, ફલાણું વ્યવહાર ધર્મ એનાથી નિશ્ચય પમાય છે. ભાઈ! તારામાં ક્યાં ઓછપ છે, પૂર્ણતા ક્યાં નથી અને શું સામર્થ્ય નથી? કે વિકલ્પ ને પુણ્યનો વિકલ્પ જેને આશ્રય લેવો પડે એવી એ ચીજ છે નહિ. કારણ કે એનામાં એ નથી. એમ ભગવાન આત્મામાં તો અનંત વ્યાપેલું જ્ઞાન છે, અનંત અસંખ્ય પ્રદેશે વ્યાપેલો આનંદ છે, અસંખ્ય પ્રદેશે વ્યાપેલું વીર્ય-બળ છે, સ્વચ્છતા છે એવી અસંખ્ય પ્રદેશે અનંત ગુણો વ્યાપેલી ચીજ છે. એનામાં પૂર્ણ સામર્થ્ય છે. સમજાણું કાંઈ?

જુઓ! પહેલું આપણે માથે આવું ગયું. તત્ અતત્ આવી ગયું ને? તદ્રૂપે ભવન. આત્મા પોતાના ચૈતન્ય સ્વરૂપ ને ગુણ ને આનંદરૂપે પરિણમે એવો એનો ગુણ છે. એ ૨૯માં આવ્યું. સમજાણું કાંઈ? પોતે ભગવાન આત્મા અંદર જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત એની શક્તિઓ છે એ ચૈતન્ય શક્તિઓ છે, એ ચૈતન્યશક્તિરૂપે થવું એવો એનો ગુણ છે મૂળ. થવું એને માટે પરની અપેક્ષા છે નહિ. સમજાણું કાંઈ? ભારે આકરી વાત ભાઈ! ભગવાનની પૂજા,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org

ભક્તિ, દયા, દાન, વ્રત, નિયમ એવા જે વિકલ્પ છે, રાગ છે કે બહાર ચીજ છે નિમિત્તો એમાં ધર્મ પરિણતિ માટે કોઈ અપેક્ષિત છે એમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચાલે છે અત્યારે આઠ દીની પૂજા ચાલશે ને? ચાલે છે કે નહિ? ચાલે છે ને? આહાહા..! અલૌકિક વાત છે ભાઈ! એ શુભભાવ હો એ કાળે અને તેનું લક્ષ પણ પરમાં જાય અને જે ક્રિયાઓ થવાની છે પરમાણુની તે કાળે તેને કારણે થાય જડને કારણે. એને આત્મધર્મની પરિણતિમાં એની અપેક્ષા છે જ નહિ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

પોતે ભગવાન આત્મા તત્સ્વરૂપે થવું. પોતાના જ્ઞાન અને આનંદરૂપે થવું એવો તો એનો ગુણ છે. આહાહા..! એવા તત્ નામ અનંતા ભાવો જે છે એ બધા તત્સ્વરૂપે છે પોતાના. જ્ઞાનપણે પરિણમવું, આનંદપણે થવું, વીર્યપણે થવું, સ્વચ્છતાપણે થવું, પ્રભુતાપણે થવું, દૃષ્ટાના પર્યાય પરિણતિ નિરાકાર ઉપયોગપણે થવું, સાકાર ઉપયોગપણે થવું એવો તો એનો ગુણ છે એનામાં તત્સ્વભાવ. સમજાય છે કાંઈ? એથી ર૯માં એમ કહ્યું, તદ્રૂપ ભવનરૂપ. જો આ ન હોય તો પરરૂપ થઈ જાય. પરરૂપ થાય એવો એનો સ્વભાવ છે નહિ. આહાહા..!

બીજામાં અતત્ કહ્યું. એટલે પુણ્ય-પાપના રાગ અને શરીરપણે ન થવું એવો એનો ગુણ છે. સમજાણું કાંઈ? ખરેખર તો એ શુભભાવ પણ વસ્તુની સ્વની અપેક્ષાએ તે પરદ્રવ્ય છે. હો, વ્યવહાર હોય વ્યવહારને કાળે હોય, પણ એ વ્યવહારનું સાધન છે માટે અહીંયાં ધર્મની પરિણતિ થાય છે એમ નથી.

મુમુક્ષુ :- નજીક તો થાય ને?

ઉત્તર :- જરીએ નજીક-ફજીક નથી. નથી પછી નજીક શેના લાવે? એય.. શેઠી! એ તો હવે તો સાંભળવામાં થઈ ગયા ઘણા વર્ષ. નહિતર પહેલા તો ભડકે આ બધું (સાંભળીને). આહાહા..!

ભાઈ! તને ખબર નથી. અંતરમાં ખાણમાં ખજાના શું ઓછા છે? અંતર ભગવાન ચૈતન્ય સામર્થ્યથી ભરેલો છે. એ પરપણે અતત્-એ રૂપે ન થાય, એ રૂપે ન થાય. એવો એનો ગુણ છે. એવી એની શક્તિ છે, એનું એ સામર્થ્ય છે કે પરપણે ન થાય એવો એનો ગુણ છે. સમજાણું કાંઈ? રાગરૂપે થાય છે એ એનો ગુણ નથી. એ તો અદ્ધરથી પર્યાયમાં પરલક્ષી કરીને વિકલ્પ થાય. સ્વભાવને આશ્રયે અને સ્વભાવમાં એવી કોઈ શક્તિ છે નહિ. આકરી વાત ભાઈ!

ત્રણ લોકના નાથના સમવસરણમાં અને એની વાણીની પણ અપેક્ષા નથી અહીં એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કહે છે. આહાહા..! ભારે વાત ભાઈ! અતત્‌પણું-તે પણે નહિ.. તે પણે નહિ.. તે પણે નહિ. ચૈતન્ય ભગવાન પોતાના શુદ્ધ ગુણપણે થવું અને પરપણે ન થવું એવો એનામાં ગુણ અનાદિઅનંત છે. ભાન પડ્યું ત્યારે આ ગુણ છે એમ ભાન આવ્યું. બાકી ગુણ તો અનાદિઅનંત છે. સમજાણું કાંઈ? આહાહા..!

અરે..! એને કહે છે કે આનંદ જોઈતો હોય અને સુખ જોઈતું હોય, શુદ્ધિ જોઈતી હોય-સુખ... સવારમાં આવ્યું હતું ને? એક લીટી નહોતી? ૨૦૮ કળશમાં. છેલ્લી બે લીટીમાં છે થોડું. સુખ ચાહો તો. એમ લીધું છે. ૨૦૮માં આવશે કાલે. જો તમે આનંદ ચાહો તો આ સ્વરૂપ ભગવાન આત્મા છે એનો આશ્રય લ્યો. એનો આશ્રય લ્યો. કહો, સમજાણું કાંઈ? પણ એ આત્મા કેવડો અને કોણ છે એની ખબર ન મળે અને કહે અમારે સુખી થાવું છે. કહો, સમજાણું?

કહે છે કે '**અતદ્રૂપ...**' તત્‌સ્વરૂપે ન હોવાપણું એટલે રાગરૂપે, પુણ્યરૂપે, કર્મરૂપે, શરીરરૂપે ન થવારૂપ એનામાં ગુણ છે. કહો, સમજાણું કાંઈ? ભારે લાગે કે આવો વળી નિશ્ચય અને વળી પાછા વ્યવહાર મોટા મંદિર ને આ મોટા.. એઈ..! આ હજી મલૂકચંદભાઈને બાકી છે મોટું હજી કરવું છે. પંચ કલ્યાણક. કાગળ આવ્યો છે. પાંચમની તૈયારી કરે છે. અહીં કહે છે કે કરી શકતો નથી. ભગવાનજીભાઈ! આહાહા..! આ શું છે પણ આ? ભાઈ! એ તો થવા કાળે થાય છે ત્યારે એને ઓલો વિકલ્પ હોય છે એને કહેવાય છે કે આણે કર્યું. વિકલ્પ છે એ આત્માના સ્વભાવમાં વિકલ્પરૂપે થવું એવો ગુણ નથી. આહાહા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

કહે છે કે અતત્‌સ્વરૂપ. તે રૂપે ન થવું. પોતાના સ્વરૂપે થવું અને પુણ્ય-પાપ, વિષય વાસના આદિથી ન થવું એ રૂપ એનો ગુણ છે. અને જે એમ માને કે વિષય વાસના અને રાગપણે થવું એ મારું સ્વરૂપ છે એ મિથ્યાદષ્ટિ ચૈતન્યના સ્વભાવની અશાતના કરનાર છે. સમજાય છે કાંઈ? આશાતના એટલે કે નાશ કરનાર છે. એમ. આશાતન છે ને આશાતન? મર્યાદાનો નાશ કરે છે એમ. આહાહા..!

ભાઈ! તું કોણ છો? અરૂપી પણ મહાન પદાર્થ છો. અને તે વસ્તુનો સ્વભાવ અનંત સામર્થ્ય વીર્ય આદિનું હોય જ્ઞાનાદિનું, પણ એ પરરૂપે થાય એવો એનામાં કોઈ ગુણ નથી. આ એક નિર્ણય, કોઈપણ એક નિર્ણય લે... સમજાણું કાંઈ? તો એને આખી વસ્તુ પ્રતીતમાં આવી જાય. આવો ભગવાન આત્મા અંતર્મુખ જોતા એને કાંઈક આવું હોય તો અંતર્મુખ થઈ શકું... સમજાય છે કાંઈ? કંઈ રાગની મંદતા હોય, કષાયની મંદતા હોય, આવા ભાવ દયા, દાનના હોય તો હું અંતર્મુખ થઈ શકું એ તારામાં ગુણ નથી એવો. આહાહા..! ..ભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આટલા પાછા મંદિર કર્યા, વળી અહીં જામનગરમાં ભગવાનજીભાઈને ઓલાએ રૂપિયા આપીને મંદિર કર્યા. ત્યાં છે નહિ મોટા મંદિર? ફૂલચંદભાઈએ ૬૫ હજાર, આણે વળી ૫૦ હજાર. એય.. પ્રેમચંદભાઈ! તમારા કાકાએ ૬૫ હજાર આપ્યા. આણે ૫૦ હજાર. મોટું મકાન બે લાખનું થયું. આ ખેતશીભાઈ રહ્યા ત્યાંના કર્તા-હર્તા છે ને પણ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. અહીં ક્યાં રહે છે ન્યાં? એ તો આથડે છે મુંબઈ ને ઓલેપણે. નિવૃત્ત હતા. એ તો અમથા જાય ત્યાં. ત્યાંથી નવરાશ મળે તો અહીં રહે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, પણ જાવું પડે ને. મુંબઈ ઓલા સંચા-બંચા જોવા જાવું પડે. અહીં તો કહે છે કે આહાહા..! અરે.. ભગવાન! તારામાં મહિમાવાળો એવો ગુણ છે કોઈ કે પરરૂપે ત્રણ કાળમાં ન થાય એવો તારો ગુણ છે. આહાહા..!

મુમુક્ષુ :- .. ઊભું કરનાર કોણ છે?

ઉત્તર :- કોઈ કરનાર નથી. જડ છે જડની પર્યાય થાય છે. ઘણીવાર સાંભળ્યું નથી? એ પરમાણુ જડ છે, માટી છે. એ માટી પોતે પલટીને ઊભું થાય છે. એવી વાતું છે ઝીણી. સાંભળ્યું નથી ને લોકોએ તો સાંભળ્યું ન હોય. રજકણ, એક એક રજકણમાં બદલીને, ક્ષેત્રાંતર થઈને આમ ઘડાવું, ઊંચું થવું એ એની પોતાની શક્તિ છે. એનાથી ગોઠવાણું છે. બીજાથી નહિ. એવી વાત છે. આ શરીરની રચના આત્માએ કરી છે આને? એ પરમાણુઓ, એ રજકણની વાત થઈ હતી એક ફેરી કીધી હતી. 'આ ઘડનારાને જુઓ રે...' એમ આવે છે ને ઓલા ભજનમાં? ઘડનારો કોણ ધૂળ હોય? તું તો જાણનારો છો. આ તો જડથી રચાણું છે આ માટીથી. એક એક રજકણ જુઓને આ અવસ્થા કોણ શું કોઈ આત્મા કરી શકે છે? કહો, આ દાળ-ભાત પલટીને આ અવસ્થા થઈ છે, એ અવસ્થા તે પર્યાય છે અને એનો કર્તા પરમાણુ છે. રજકણ જે છે અજીવતત્ત્વ. એ પલટીને એનામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, ગુણ-શક્તિ છે. એ શક્તિ પલટીને આ અવસ્થા થઈ છે. કોઈ બીજો કર્તા એનો નથી. ઝવેરચંદભાઈ! ભારે ઝીણું પણ આ. હવે આખી મોટી શેઠાઈ કરે, મોટી દુકાન ચલવે, મોટા છ ભાઈઓમાં અગ્રેસર મોટા ભાઈ તરીકે. હવે અહીં કહે છે કે કાંઈ કરે નહિ. એમ કહે છે આ. દુકાનની ફૂદડી ફેરવી શકે નહિ.

મુમુક્ષુ :- ઈ ભલે ન કરે, .. કરતા હશે ને.

ઉત્તર :- કર્તા રાગ કરે. બીજું શું કરે? એ રાગ કરવો એ પણ એનો ગુણ નથી. આહાહા..! અહીં એમ કહે છે. સમજાણું કાંઈ? એ પોતાના દ્રવ્યસ્વભાવને ન જાણીને રાગ થાય છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ મારું કર્તવ્ય છે એમ અજ્ઞાનમાં મનાય છે. શેઠી!

મુમુક્ષુ :- અતત્‌શક્તિનું કામ છે ને.

ઉત્તર :- હા, એ અતત્‌શક્તિનું કામ છે. અતત્ એ રૂપે, રાગરૂપ ન થવું એ અતત્ શક્તિનો ગુણ છે. અતત્‌શક્તિનો અર્થ જ એ છે.

મુમુક્ષુ :- રાગરૂપ થવું એ ક્યાં એનો ગુણ છે.

ઉત્તર :- રાગરૂપ થતો જ નથી ને. ગુણ કોનો? .. રાગરૂપે ન થવું એ અતત્ છે, સ્વરૂપે થવું એ તત્‌શક્તિ છે.

મુમુક્ષુ :- રાગ તે ગુણ નહિ?

ઉત્તર :- રાગ તો ગુણ કેવો હતો? સમજાણું કાંઈ? ચારિત્રગુણ ઊલટો પરિણમ્યો એ કોઈ ગુણથી નથી. એ તો વર્તમાન પર્યાયમાં પરના લક્ષે થયેલો અદ્ધરથી રચાયો છે. વસ્તુમાં નથી. આહાહા..! ભારે કઠણ જગતને.

ભગવાન આત્મા આનંદનું દળ છે એ તો. આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ શાશ્વત છે. શાશ્વત છે ને? એ કાંઈ નવો છે? અને એમાં ચિદાનંદ, ચિદ્ ને જ્ઞાન ને આનંદ પૂર્ણ અતીન્દ્રિય પડ્યો છે. એ આનંદરૂપે થવું એનો ભાવ ગુણ છે. દુઃખરૂપે થવું એનામાં ગુણ નથી એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? આમ પ્રતિકૂળતામાં ખેદાઈ જાય, અનુકૂળતામાં રાજી થઈ જાય. આહાહા..! કહે છે કે એવો કોઈ આત્મામાં ગુણ નથી. મફતનો ખેદ ને નવું ઊભું કરે છે આ. કહો, મૂલકચંદભાઈ! આ રજકણો માટીના છે એનો સ્વભાવ છે પરમાણુઓનો. અનંત પરમાણુ છે. એના દળે ઊભા થાય છે આમ. પરમાણુ કહો. ત્યારે ઓલો નિમિત્ત કહેવાય છે. નિમિત્તે હાથ દીધો માટે ઊંચું થાય છે એમ નથી અહીં તો કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! આ દે કોણ? કોને દે? દે-લે એવું છે ક્યાં અંદર? .... સમજાણું કાંઈ?

લ્યો કહ્યું હતું ને એક ફેરી? આ ... કોઈ માણસથી ઊભી થઈ છે ઊંચી? ના. તને ખબર નથી. એનામાં એ જાતની પર્યાય થવાનો ગુણ છે. એથી પોતાને કારણે ઊંચી થઈ. ક્રિયાવર્તી શક્તિનો એનામાં ગુણ છે. પોતાને કારણે ઉપાદાનને કારણે ઊંચી થઈ છે. ત્યારે જોડે માણસને નિમિત્ત કહેવાય છે. નિમિત્ત એને અડતું નથી. નિમિત્તથી થતું નથી. ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે છે. આવી વાત છે ભાઈ! વસ્તુસ્થિતિ આવી છે. આહાહા..!

મુમુક્ષુ :- ભીંત..

ઉત્તર :- ક્યાં નાખી છે? ભીંતને અડી જ નથી ને. અદ્ધરથી રહી છે એ. શેઠી! એવું ભગવાનનું જ્ઞાન છે. આત્માનું જ્ઞાન એવું છે. એ જ્ઞાન કોઈને લઈને (થયેલું નથી).

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ખરેખર તો વિકલ્પ જે રાગ છે એ સંયોગી ચીજ છે. એ થવાનો સ્વભાવ નથી અને એને લઈને હું થઉં એવો સ્વભાવ નથી એવું જેને જાણવામાં આવે, એને પ્રત્યેક પદાર્થ પરને કારણે છે એ વાત છૂટી જાય. સમજાણું કાંઈ? જે વિકલ્પ છે, રાગાદિ છે એ છે તો હું મારા સ્વરૂપને પ્રાપ્ત કરું અને સ્વરૂપનો ધર્મ થાય એવું જેને નીકળી ગયું છે. કારણ કે એ સંયોગી ભાવ છે. સંયોગી નિકટનો એક ક્ષેત્રે એક કાળે પણ પરભાવ છે. એવા ભાવપણે થવું એવો મારો ગુણ નથી. એવો જ્યાં અંતર નિર્ણય અનુભવ થાય એને પર આથી આ થયું એ વાત ઊડી જાય છે. એની પર્યાય એને કારણે થાય છે, એની પર્યાય એને કારણે. પોતાની પર્યાય પણ રાગને કારણે નથી અને રાગરૂપ થઈને થતી નથી, રાગ છે તો હું મારા સ્વરૂપે થઉં એવું એનામાં નથી. તો બીજી પર્યાય બીજાની હોય તો એને આમ થાય એવું બીજામાં પણ છે નહિ. સમજાય છે કાંઈ આમાં? ભારે ઝીણી વાતું. આહાહા..!

એકલો ભગવાન.. અહીં જુઓને અતત્. તે રૂપે ન થવું એવો ગુણ છે. રાગરૂપે ન થવું, પરિણમ્યો છે આમ. (તો કહે છે), ના, એ પરિણમ્યો જ નથી. આહાહા..! કેમ કે ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિ છે. એ સ્વરૂપે આત્મા આનંદરૂપે થાય, જ્ઞાનરૂપે થાય, શાંતિરૂપે થાય, વીતરાગ પર્યાયરૂપે થાય એ એનો સ્વભાવ છે. રાગ જોડે છે છતાં એ રૂપે થાતો નથી. અને પોતા રૂપે થાય છે એ પોતાને કારણે થાય છે અને પર રૂપે નથી થતો એ પણ પોતાને કારણે નથી થતો. આહાહા..! સમજાણું કાંઈ? કહો, જગજીવનભાઈ! આહાહા..! ભારે વાતું આવી. બાવચંદભાઈએ સાંભળી નહિ હોય જિંદગીમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ? આબરૂ તો મોટી હતી. બાવચંદભાઈની આબરૂ મોટી છે. કોર્ટમાં સાક્ષી .. એવા એના બાપની આબરૂ હતી. બાવચંદ શેઠ. ઘરમાં વાંધા હોય તો એ બાવચંદ શેઠ કહે એ બરાબર. જાઓ. આ સાંભળ્યું નહોતું જિંદગીમાં. ભગવાનજીભાઈ! આહાહા..!

ભાઈ! આ તો માર્ગ આત્માનો અલૌકિક દરબાર માર્ગ છે. આ કાંઈ રાંકાનો માર્ગ નથી. ગુલામ માર્ગ નથી. આ તો રાજમાર્ગ છે. ભગવાન રાજ્યતે શોભતે ઈતિ રાજા આત્મા છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા સાચી વાત છે. એવી વાત છે બાપુ આ તો. એ સમજીને અંદર ઠરવાની વાત છે. આ કાંઈ બહાર નીકળીને ઉભરામાં બહાર આવવું એવું વસ્તુમાં છે નહિ. કહો, શું છે આ કાર્યકર્તા? તે દીએ કે દી કરતા હતા? આહાહા..!

અરે..! આઠ વર્ષની બાળક હોય કન્યા, દીકરી અને ચક્રવર્તીની દીકરી (હોય). પણ આ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સમજે કે અરે..! હું તો આત્મા, હું તો રાગરૂપે થઉં એ મારી શક્તિ નથી. આહાહા..! એવું જાણનાર કોઈપણ જગતની ચીજને આ સંયોગ હતો તો એની અવસ્થા થઈ (એ) એની દૃષ્ટિમાં નીકળી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આ વાત. એઈ.. છોટાભાઈ! લ્યો, આ સવારમાં કહેતા હતા આવું સાંભળીને તમારા. શું કહેવાય એ? ગભરુભાઈ? એ અંદર કહેતા હતા કે આ બધું તમે કહો છો પણ કોઈ છોડતા તો નથી. કામદાર આવ્યા હતા. ઓલા છોટાલાલ ગુજરી ગયા ત્યાં. ઓલા નહોતા સદાનંદી કહેવાતા ને? છોટાલાલ ગુજરી ગયા. દામનગરના હતા ને મોરબીના? અમે લીંબડી હતા ત્યારે ..માં હતા. અસાધ્ય હતા. ધીરૂભાઈ ડોક્ટર છે ને વિશાશ્રીમાળી વઢવાણના, એ જાય. અમે ગયા હતા. કહે, અસાધ્ય છે. ત્યાંથી ક્યાંક લઈ ગયા હતા. ... ઈ કહે ત્યાં માટે આવ્યો હતો. પછી વઢવાણ આવ્યો અને અહીં આવું. આ સાંભળીને અંદર આવ્યા. એ કહે, પણ આ ત્યાગ કોણ કરે છે? આ બધું સાંભળીને છોડે છે કોણ? છોડવું નથી, કીધું ભાઈ! તને.. અરે.. ભગવાન! શું છોડવું બાપુ! અંતરમાં પહેલો આ રૂપે થઈ શકતો નથી, રાગ પરરૂપનું કાર્ય મારું નથી, એવી દૃષ્ટિ થતાં પરથી બધો ત્યાગી થઈ ગયો છે એ. દૃષ્ટિમાં પરનો ત્યાગી (થઈ ગયો છે). આ પરનો ત્યાગી આ રીતે થયા વિના ત્યાગ બધાય ખોટા એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ? આહાહા..! કોને છોડવું અને કોને મૂકવું? એ તો પહેલું આવી ગયું છે. આને છોડું તો ત્યાગી થાઉં. મૂઢ છે કહે છે. મિથ્યાત્વ છે તને. મિથ્યાત્વનું પાપ અનંતુ લાગે છે. છોડવું, મૂકવું આત્મામાં છે ક્યાં? એ તો જડની ચીજ છે. જડ એને કારણે જાય અને એને કારણે આવે. તારે કારણે રોટલા અને દાળ-ભાત આવે અને તું વિકલ્પ કર મારે ખાવું નથી માટે રોટલા ન આવ્યા એમ છે? આજે તો મારે અપવાસ કરવો છે એટલે આજે વિકલ્પ આવ્યો એટલે મારે ખાવું નથી. માટે રોટલા અને દાળ-ભાત નહિ આવે એને કારણે. એમ છે? ખોટી વાત છે ઈ, કહે છે. એ દાળ-ભાત રોટલા આવવાના નહોતા ત્યાં. એ ક્ષણે એની પાસે આવવાના નહોતા. અજ્ઞાનીએ માન્યું કે મેં રાગ કર્યો ને અપવાસનો, આજે અપવાસ કરવો છે માટે આ ન આવ્યા. મિથ્યાત્વને સેવ્યું છે. પર જડનો સ્વામી થઈ અને (પરને) મેં ગ્રહ્યા હતા માટે મેં છોડ્યા. એવા તીવ્ર મિથ્યાત્વભાવનું પાપ સેવે છે. એની તો ખબર ન મળે. આહાહા..! સમજાણું કાંઈ? હું પરરૂપે ન થાઉં એવો મારો ગુણ હોય. પરને છોડવું, મૂકવું છે ક્યાં? સમજાણું કાંઈ? એને દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય ભગવાન એની કિંમત નથી.

શ્રેણિક રાજાને હજારો રાણીઓ હતી. આખું રાજપાટ હતું. સમ્યગ્દર્શનમાં ભાન થયું, ભાન થયું ત્યાં બધાનો ત્યાગી દૃષ્ટિમાં છે. એમાં રાગ આવ્યો (તો) તીર્થંકરગોત્ર બંધાઈ ગયું. નરકનું આયુષ્ય બંધાઈ ગયું પહેલું. નરકમાં છે અત્યારે. આવતી ચોવીસીમાં ત્યાં.. જુઓ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ત્યાં પણ અનુભવનું માહાત્મ્ય છે. તીર્થંકરપણું અહીં પામશે, અનુભવનું અંદર માહાત્મ્ય છે અંદર કે અહીંયાં એટલા પુણ્ય બાંધે છે. ત્યાં પણ હજી બાંધે છે. અનુભવ જ્ઞાનાનંદ સ્વરૂપ છે એ હું છું. આ તીર્થંકરપણાનો જે ભાવ આવ્યો એ પણે પણ હું પરિણમ્યો નથી એમ માને છે ઈ. આહાહા..! આ તે કાંઈ વાત છે? અહીં તો હજી માને તીર્થંકરગોત્ર (બાંધ્યું). આહા..! તીર્થંકર(ગોત્ર) બાંધ્યું, એનાથી આ થાશે. અરે.. પ્રભુ! તારામાં નથી. શેની તને હોંશ આવી? સમજાણું કાંઈ?

એ તો જ્ઞાનાનંદ પ્રભુ જે ભાવે તીર્થંકરગોત્ર બાંધે એ ભાવપણે થવું એનો ગુણ નથી એમ કહે છે અહીં તો. એ તો નબળાઈને લઈને ઊભો થાય છે. એનો જ્ઞાની જ્ઞાતા છે– જાણનાર છે. એ જાણનાર એ રાગ થયો માટે જાણનાર છે એમ પણ નથી. સમજાણું કાંઈ? ગુણવંતભાઈ! આવું ભારે ઝીણું. આ બાપુજીને ઝીણું પડે છે થોડું થોડું. પણ હળવે હળવે પડાવ નાખે તો સમજાય. ભાઈ! એય.. ત્રિભુવનભાઈ! આ જુઓને પડાવ નાખીને પડ્યા છે ને કે દી ના? ૭૮ વર્ષ થયા એમને. પડ્યા છે એમ ને એમ. આ તો સમજવી વાત એ તો મહા સંસારનો અભાવ કરવા જેવી વાત છે. આહાહા..! દૃષ્ટિમાંથી સંસારપણે પરિણમવું એવો હું છું નહિ. સંસાર શબ્દે રાગ, મિથ્યાત્વ. એ મિથ્યાત્વ એ સંસાર છે. રાગ મારી ચીજ છે, પરને હું છોડી શકું છું, પર મારે લઈને આવ્યા છે, એવો જે મિથ્યાત્વભાવ એ જ આત્માનો સંસાર રખડવાનું કારણ છે. સમજાણું કાંઈ? એ મિથ્યાત્વને છેદવા માટે એમ કહેવું એ વ્યવહાર છે. આત્મા ક્યાં મિથ્યાત્વરૂપે થયો છે? એ તો પુદ્‌ગલના પરિણામ છે. આહાહા..!

ચિદાનંદ ભગવાન આત્મા મારા ગુણીનો મારો ગુણ જે આ છે. હું તો શુદ્ધરૂપે થઉં એ મારો ગુણ છે. હવે અહીં તો જુઓને, શુભભાવથી હજી સમ્યગ્દર્શન મોક્ષનો માર્ગ (મનાવે). અરે.. પ્રભુ! ઘણું કરી નાખ્યું એણે. આહાહા..! ગજબ કર્યો પ્રભુ! આવો માર્ગ જૈનદર્શનનો હોય નહિ, ભાઈ! જૈનદર્શનને ઊંધું માર્યું તેં તારા ભાવમાં. અહીં તો વીતરાગદર્શન છે. આહાહા..! વીતરાગી ભાવથી બધો ભરેલો ભગવાન છે આત્મા. કષાય છે એનામાં? એ શુભભાવ અંદરમાં છે? શુભભાવ પરભાવ (છે). શુભભાવપણે થવું એવો એનો ગુણ નથી. આહાહા..! આ તે કાંઈ વાત છે! એવી દૃષ્ટિને અંદરમાં પરિણમાવવી આ એનું સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને ધર્મ કહેવામાં આવે છે. પ્રેમચંદભાઈ! લ્યો. આહાહા..! એય.. મોહનભાઈ! મેં કીધું, આ બધા શક્તિ સાંભળતા ઘણી વાર. રખડે છે. કીધું, ક્યાં હશે ઈ? એ શરીરનું કામ થયું. .. આ ખીમચંદભાઈને ... આવી શક્તિમાં આ નથી કીધું, લ્યો. બહુ સરસ વંચાઈ ગઈ શક્તિ. પહેલા કરતા બીજી જાતની વંચાઈ ગઈ છે. પહેલી શક્તિઓ ઘણી. બીજી ઢબે તો નવી આવે ને.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આહાહા..!

ભાઈ! તારું સ્વરૂપ. સ્વ-રૂપ તારું રૂપ જ્ઞાન અને આનંદાદિ ગુણોનું રૂપ એ સ્વરૂપનું રૂપ પોતાના સ્વરૂપે થવું અને પરરૂપે ન થવું એવા એનામાં બે ગુણ છે. આહાહા..! એ તારું સ્વરૂપ છે એવું. એમ કહે છે. સમજાણું કાંઈ? એને શ્રદ્ધા-જ્ઞાનમાં તો લે. શ્રદ્ધા-જ્ઞાનમાં લીધા વિના સ્વસન્મુખનું પરિણમન અને અનુભવ થાય નહિ. શ્રદ્ધાને સાધક કહ્યું છે એ અપેક્ષાએ અને અનુભવને સાધ્ય કહ્યું છે, ભાઈ! ચિદ્‌વિલાસમાં, અનુભવપ્રકાશમાં. સાધકસાધ્યમાં લીધું છે. આવી બરાબર શ્રદ્ધા કરવી કે આત્મા રાગરૂપે થવાને લાયક નથી એ તો આનંદરૂપે થવાને લાયક છે. પર વિકારપણે થવાને યોગ્ય જ નથી, એનામાં એ ગુણ જ નથી. એવી શક્તિ જ્ઞાનમૂર્તિ આત્મા અને જ્ઞાનસ્વરૂપે થાય, રાગરૂપે નહિ એવી પહેલી શ્રદ્ધા કરવી, એ શ્રદ્ધા સાધન છે, સાધક છે અને પછી અનુભવ તેનું ફળ સાધ્ય છે. એ પણ અપેક્ષાનું કથન છે. સમજાય છે કાંઈ? આવું હોય પછી આવું હોય છે એટલે એને સાધક કહેવામાં આવે. પણ આવું હતું માટે આ થયું એમ પણ નથી. આવી ભારે વાત ભાઈ! એય..! સાધકસાધ્ય. આહાહા..! ગજબ વાત છે વીતરાગદર્શન! એ સાધકપણાના પરિણામ હતા આવા શ્રદ્ધાના, માટે તે અનુભવ થયો. ના. એ બીજું કાર્ય છે, આ બીજું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

વાહ રે! એનો સ્વભાવ જુઓ તો અદ્‌ભુતાત્ અદ્‌ભુતં સ્વભાવ છે એનો. અને એ પોતાના સ્વભાવને કોઈ દી જાણ્યો નહિ, જોયો નહિ, માહાત્મ્ય કર્યા નહિ અને પરના માહાત્મ્ય ગયા નહિ. આના માહાત્મ્ય આવ્યા વિના પરનું માહાત્મ્ય જાય નહિ. હોંશ ને હરખ આમ ઊભા થાય બહારમાં. શેની હોશું બાપા? ‘હોશિડા હોશ મત કીજે.’ એક સજ્ઝાય આવે છે. ચાર સજ્ઝાયમાળામાં હોં. ત્યાં ગાતા ઓલાપણે. ‘હોંશિડા હોંશ મત કીજે.’ સમજ્યાને? હોંશમાં તારું ચાલ્યું જાશે બધું. આમ કરીએ. શું કર? ભગવાન! તારો તો લોકાલોકને જ્ઞેય તરીકે જ્ઞાન જાણે એવો તારો સ્વભાવ છે. એ પાછું જ્ઞેય છે માટે જાણે છે એવો એનો સ્વભાવ નથી. આહાહા..! કેટલી એની સ્વતંત્રતા! એ પોતે પોતાથી જાણે છે પોતાને, એવો એનો સ્વભાવ છે. આહાહા..! લ્યો, એ બે થઈ થોડી વાત. શેઠી નહોતા. થોડી થઈ તત્-અતત્‌ની.

હવે ૩૧મી. ૩૧મી શક્તિ એક આત્મામાં છે. એ તો ક્રમે ક્રમે કહેવાય છે. અંદર ક્રમ નથી. ત્યાં તો એકસાથે (છે). ગુણ એકસાથે હોય. પર્યાય ક્રમે ક્રમે થાય. પણ ક્રમે ક્રમે થતાં પણ કાંઈ પહેલી દર્શનની પર્યાય થાય, પછી આનંદની થાય, પછી શ્રદ્ધાની થાય એવું કાંઈ નથી. એકસાથે અનંતા ગુણની પર્યાય નિર્મળ થાય છે. સમજાણું કાંઈ?

**‘અનેક પર્યાયોમાં વ્યાપક...’** ૩૧મી શક્તિ. આત્મા વસ્તુ છે ને? પદાર્થ છે. એનામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અનંતા ગુણ છે અને એની અનંતી અવસ્થા થાય છે. નિર્મળની અહીં વાત છે હોં! આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આનંદ આદિ જે પર્યાયો છે એવા ભેદો છે એમાં '**વ્યાપક એવા એકદ્રવ્યમયપણારૂપ...**' ગુણોનો ભેદ અને પર્યાયનો ભેદ એ બધા ભેદોમાં વ્યાપક એવા '**એકદ્રવ્યમયપણારૂપ એકત્વશક્તિ.**' છે. એ બધું એકરૂપ છે કહે છે. એમાં ગુણભેદ (નથી). એકત્વશક્તિ વશે બધા ગુણો પર્યાયમાં એકપણે વ્યાપ્યો હતો. અનેકપણું થવું એનો ગુણ નથી. આ રીતે. અનેકપણું રહેવું એનો ગુણ છે એ બીજો કહેશે. અહીંયાં તો અનંત પર્યાયોમાં એકપણે રહેવું એવો એનો ગુણ એક છે. ભિન્ન ભિન્ન અવસ્થા અને ભિન્ન ભિન્ન ગુણ હોવા છતાં એકપણે બધું રહેવું એવો એનો ગુણ છે. એવો એનો ભાવ-શક્તિ છે. શક્તિ એટલે ભાવ. એમ. એક શક્તિરૂપ ભાવ એવું એનું સામર્થ્ય છે. એ એક ફીટીને બે પરની સાથે થયો નથી. કહો સમજાણું કાંઈ? એવો એનો ગુણ છે.

'**અનેક પર્યાયોમાં...**' એટલે ભેદોમાં. '**વ્યાપક...**' વ્યાપવારૂપે '**એવા એકદ્રવ્યમયપણારૂપ...**' પણ એકદ્રવ્યપણું છે ને. એક દ્રવ્યપણે રહીને વ્યાપે છે ને બધામાં એમ કહે છે. એકવસ્તુપણામયરૂપ એકત્વશક્તિ-ગુણ છે. એકત્વશક્તિનો ધરનાર આત્મા અને એ એકત્વશક્તિને ધરનાર આત્માની દૃષ્ટિ થતાં એ એકત્વશક્તિનું એકરૂપ પરિણમન પર્યાયમાં થાય આખું દ્રવ્ય પણ એક જ સમયમાં એક જ. એટલા ભેદો હોવા છતાં દ્રવ્યપણામય એક છું. એવો એનો એક અનાદિઅનંત ગુણ છે. એ બધા ગુણોનું અંદર એકરૂપ થવું એવો એનામાં ગુણ છે. એકરૂપ રહેવું એવો એનામાં ગુણ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાયમાં વ્યાપે છે ને ઈનું ઈ દ્રવ્ય, એમ. એકરૂપ. અનેક દ્રવ્ય થઈ જાય છે? પર્યાયોમાં વ્યાપવા છતાં કાંઈ દ્રવ્ય અનેક થઈ જાય છે? એક દ્રવ્યમયપણે એકરૂપે રહે છે. સમજાણું કાંઈ? આ તો હજી પર્યાયનું નામ. જે જૈનદર્શનના પહેલા મીંડાની વાત છે આ તો હજી. એના નામ પણ ન આવડતા ન હોય. હવે એને સમજાવવું શી રીતે અને સમજવું શી રીતે? ઓલો પંડિત આવ્યો હતો એક ફેરી, નહિ? એ પણ કહેતો હતો. શુભ નહિ? શુભય. પર્યાય શું? આ ભારે વાત છે અહીં. પર્યાય અને યોગ્યતા બેથી ખુશી થયો. કહો એ પંડિત. આવા ને આવા કોણ જાણે વખત ગાળ્યા છે.

મુમુક્ષુ :- અમે પંડિત થયા.

ઉત્તર :- પંડિત થયા. એ તો આપણે ન્યાં ગયા તો સાથે આવ્યો બિચારો. વ્યાખ્યાન ભાષણ પાછું કરે. ઓલા સમજે નહિ ને મૈસુરમાં. એ તે દી કહેતા હતા આવ્યા ત્યારે. પર્યાય અને યોગ્યતા બે અહીં અપૂર્વ વાત સાંભળી. અરે.. પણ...

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. યોગ્યતા તો ઠીક હજી, યોગ્યતા તો ..

દરેક દ્રવ્યની વર્તમાન અવસ્થા પોતાની યોગ્યતાને કારણે થાય છે. પરને કારણે નહિ. એ વાત એમ કે મેં નવી સાંભળી. એ ભલે નવી સાંભળી હોય. પણ પર્યાય નવી સાંભળી? તો કહ્યું, હા. પર્યાય નવી સાંભળી. આવા ભણેલા. અને પંડિત કહેવાય મોટા મહારાષ્ટ્રમાં. સમજ્યાને? મૈસુરમાં. ત્યાં આપણે ગયા હતા તો આવ્યા હતા ને સાથે. .. નાનો. શેઠિયાના ઘરે ઉતર્યા ત્યાં. આવ્યા હતા. બેસે ધ્યાન કરવા. શું પણ સમજ્યા વિના ધ્યાન? સમજે તો વસ્તુ શું છે એની ખબર ન મળે. એ મંદિરમાં દેવી હતી. નહિ? દેવી હતી. દેવીની આરતી ઉતારે પહેલી. આવા ને આવા. દેવી કેવી? એ કહે, પોતાને સુરધનને હોય ને સુરધનને? વાણિયાને હોય ને સુરધન. ભગવાનને પણ દેવી હતી, કુળદેવી હતી. આવા ને આવા મૂઢ ભેગા થઈને વાતું કરે. કુળદેવી. કુળદેવી તો આત્માની શક્તિ હોય એ એની કુળદેવી છે. આહાહા..! કુળદેવો કોણ હતો વળી? દેવ કોઈ કુળદેવી હતી? એમ એને ભગવાનને હતી માટે આપણે પણ સુરધનને દેવ માનવા. તમારે શું છે? જોબાળિયામાં કાંઈ છે ખરી કે નહિ? જોબાળિયા. જોબાળા છે હા. જોબાળામાં છે ને એક ઠેકાણે. સુરધન છે. નહિ? હા, સાચી વાત છે. ત્યાં મુંડાવા જાય છે. મુંડાવા એટલે લગન કર્યા હોય ને છેડાછેડી છોડવા. છેડાછેડી છોડવા. નહિ? મેં સાંભળ્યું હતું એક ફેરી. ઓલી કોર આઘે છે એમાં છે. જોબાળુ. આહાહા..! આવી ભ્રમણાઓ લ્યો. જોબાળિયાને ફલાણું, ઢીકણાને ફલાણું, દેવી તમારે. તમારે છે કાંઈ ગુણવંતભાઈ? હશે કો'ક.

અહીં તો કુળદેવી તો આ છે. અનંત આનંદકંદ એવો ભગવાન આત્મા એની એક એક શક્તિ તે એની કુળદેવી એની રક્ષા કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ થઈ ગયો પામરને. એક બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ, આબરુ વિના ચાલે નહિ, મોટપ ન હોય તો સરખું નાક કપાઈ જાય. આવું માને એને હવે.. આહાહા..! અરે.. ભાઈ! બધા વિના રહ્યો છે, બાપુ! આહાહા..! મરીને ક્યાં રહ્યો, જો તો ખરો તું. બટાટાના ઓલામાં આમ પડેલો અંદર અનંત જીવમાં લ્યો. તેલમાં તળ્યું બટેકુ, એક અંતર્મુહૂર્તે બધા મરી જાય, લ્યો. એમાં પોતે બેઠો હતો. બટાટા કંદ-આલુ. તેલમાં એક મણ, બે મણ નાખે. મોટા .. કરે ને. એક બટાટામાં એક કટકીમાં અનંત આત્મા છે. આટલી એક કટકીમાં. એમાં ભાઈ સાહેબ બેઠો હતો, અનંત વાર હતો. ત્યાં શેકી નાખ્યો હતો વાઘરાએ ભેગા થઈને. તોય ત્યાં સામુ ન જોયું. એલા તું? કોણ જોવે બાપા! સાંભળ તો ખરો. આહાહા..! એમાં અનંત વાર જન્મ્યો છો. ભાઈ! એ જન્મવું અને રાગરૂપે થવું એ તારો ગુણ નથી કહે છે. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એ અવતારપણે થવું એ તારો ગુણ નથી. આહાહા..! ભારે વાત ગજબ!

જન્મવું જન્મવું અને જન્મના કારણપણે થવું, ભાઈ! તારામાં એ ગુણ નથી. તું તો અનંતી નિર્મળ પર્યાયમાં એક રૂપે વ્યાપ એવો તારો ગુણ છે. આહાહા..! સમજાણું કાંઈ? **'એકદ્રવ્યમયપણારૂપ એકત્વશક્તિ.'** એ ૩૧મી છે. હવે અનેક.

**'એક દ્રવ્યથી વ્યાપ્ય જે અનેક પર્યાયો તે-મયપણારૂપ અનેકત્વશક્તિ.'** કહે છે અનેકપણું કેમ થાય છે? ગુણને અનેકપણું કેમ રહે છે? કે એ એનો ગુણ છે. સમજાણું? **'એક દ્રવ્યથી વ્યાપ્ય...'** થવા યોગ્ય જોયું! એ પોતે આત્મદ્રવ્ય જે એક છે, એનાથી થવા યોગ્ય. **'(વ્યપાવાયોગ્ય)...'** એ અનેક પર્યાયો-અનેક અવસ્થાઓ એ ગુણ બધું. તે મયપણારૂપ અનેકત્વશક્તિ છે. જો અનેકત્વશક્તિ ન હોય તો ગુણ અને પર્યાય અનેક ન હોય. સમજાણું કાંઈ? અને એકત્વશક્તિ ન હોય તો એકનું અનેકપણું જુદું થઈ જાય. એવો ગુણ એનામાં છે નહિ. સમજાણું કાંઈ? બહુ આ તો ટૂંકી શક્તિઓ હવે છેલ્લી છે ને. બહુ થોડી થોડી આવે છે.

**'એક દ્રવ્યથી વ્યાપ્ય...'** થવાલાયક, **'વ્યપાવાયોગ્ય...'** એક દ્રવ્યથી વ્યપાવાયોગ્ય, એક દ્રવ્યથી થવાલાયક. એમ. જે અનેક પર્યાયો જેટલી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ અનંત ગુણની જે પર્યાય થાય છે તે એક દ્રવ્યથી થવાયોગ્યપણે એવી અનેકત્વ નામની એક શક્તિ છે. અનેકપણે પર્યાયમાં થવું એવો અનેકપણાનો એનામાં ગુણ છે. આમ કેમ અનેકપણે થાય તે એનો ગુણ છે. પર્યાયનું અનેકપણું જુઓ. ઓહોહો..! ઓલા તો એક જ હજી (માને). બ્રહ્મ એક જ કહે, ગુણ પણ અનેક નહિ, પર્યાય અનેક નહિ. આહાહા..! આ તો ગુણ છે આવો એક. સમજ્યાને? ઓલા કહે ને, અનેક આત્મા એક હોય અને બધું વ્યાપક એક જ છે. અનંત અનંત વ્યાપક એક છે. એમ નથી. અહીં તો એક દ્રવ્યમાં અનેકપણાની પર્યાયપણે થવું અને અનેકપણે રહેવું એવો અનેક નામનો એનામાં ગુણ છે. આહા..! ઓલું એકપણું એટલે બધામાં થઈને એકપણું એમ નહિ હોં!

એથી કહ્યું ને, અનેક પર્યાયમાં વ્યાપક, પોતે પોતાના પર્યાયમાં વ્યાપક. એક છે માટે બધું થઈને એક છે. બધા આત્મા થઈને બધું વ્યાપક આખું જગત. જેને બેસી ગઈ છે ને વાત એ. એ બેસે એ ત્યાં લઈ જાય એને. ઊંટ મરે તો માળવા સામું જોવે એમ કહે છે. આમ પહેલી વાત બેસી ગઈ ને. સામાન્યની વ્યાખ્યા આવે. એ ચીમનભાઈ કહેતા. હમણાં ત્યાં વડિયા ચાર દી રહી ગયા. લાઠીવાળા. લાઠીવાળા નહિ ચુનીલાલ. વેદાંત છે એ. લાઠી પાસે છે ને? અકાળા. એનો અભ્યાસ પહેલો આ છે. હવે અહીં મગજ કામ કરતું નથી. પછી કહે સામાન્ય આવે એટલે જુઓ, સામાન્ય આવ્યું કે નહિ? સામાન્ય એટલે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એકરૂપ બધું. કીધું, એમ નથી આ. તને અર્થ નથી આવડતો. લાઠી છે ને એમના ભાઈની દીકરી ત્યાં છે ને, ઉત્તમચંદના દીકરા વેરે. ત્યાં ચાર દી આવ્યા હતા. વડીયા રહ્યા હતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ? હા. વોરા? એ વોરા છે? આકોલા.. આકોલાના. કેવું કીધું? અકાળા. લાઠીથી ત્રણ ગાઉ છે. આમ આવે. રહી ગયા છે. આમ પ્રેમ, આવે બધે. પાછું મગજ હવે કામ કરતું નથી નવું વાંચવાનું. વિશેષ એટલે આ વિવર્તરૂપ થવું તે. ભિન્ન ભિન્નપણું વિશેષ.. એમ નથી કીધું આ. અહીં તો આત્મામાં ધ્રુવપણું સામાન્ય છે અને ગુણ પર્યાયની ભેદતા તે વિશેષ છે. એ અહીં વાત છે. પણ એ વાત બેસવી કઠણ. એમ કે આ બધું વિવર્ત છે એ વ્યવહાર છે. વ્યવહાર એ જૂઠો છે. મુખ્ય તો સામાન્યપણું એક વ્યાપક છે. એક છે. જેમાં જન્મ્યા અને એ સંસ્કાર એના નીકળવા ભારે આકરા.

અહીં તો કહે છે, **'એક દ્રવ્યથી વ્યાપ્ય...'** પોતાનો આત્મા એક દ્રવ્ય હોં! અહીં એક એકલો. એ પોતાની અનંત પર્યાય અને અનંત ગુણ રૂપે રહેવું એવો અનેક નામનો એનો પોતાનો ગુણ છે. અનેકપણું થવું એ દોષ નથી. અનેકપણું રહેવું એ દોષ નથી. સમજાણું કાંઈ? કેવી વાત કરી છે. દુનિયાથી ફેરવાળી વાત છે એ બધી સિદ્ધ કરી નાખી છે. ઓલો ધાંગ્રધાવાળો હતો ને બાવો? બધું સાંભળે ખરો પણ એક એક કરે. કાંપમાં. (સંવત) ૧૯૯૯માં. વેદાંતી એક હતો. ગુજરી ગયો અત્યારે. સાંભળે બધું. એક છે. શું એક? બધું થઈને એક છે આ. એમ નથી. તારો આત્મા અનંતા ગુણો ને પર્યાયરૂપે હોવા છતાં તે એકપણું છે તારું. અને તારામાં ગુણ અને પર્યાયમાં એક જ દ્રવ્ય અનેકપણે રહે છે માટે અનેકપણું છે તારું. સમજાણું કાંઈ? આવી અનેક પર્યાયોપણે રહેવું એનો ગુણ? અનેક ગુણરૂપે ન હોય તો પછી એક જ ગુણ (રહ્યો), તો અનેક રહે જ નહિ. શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, આનંદ વગેરે વગેરે.. અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ એ તો અનંત ગુણ છે. અનંત ગુણ છે અને અનંતી એની પર્યાય છે. એક સમયમાં અનેકપણું એવો એનો ગુણ છે કહે છે. આહાહા..! સમજાય છે? ઓલા કહેતા. આત્મા. પણ આ આત્મા આવો છે એ આત્મા જાણ્યા વિના તારો આત્મા હાથ નહિ આવે. સર્વમાં વ્યાપક છે, એક છે અને વિકલ્પ તોડી નાખો. શું તોડે? કોને તોડે? નાસ્તિક થઈ જઈશ. સમજાણું કાંઈ? અહીં આવ્યા છે કે નહિ? ભાવનગર આવવાના હતા. આહાહા..! ગજબ વાત છે! આ શક્તિઓ વર્ણવીને ભગવાન આત્મા કેવો હોય એનું આખું વર્ણન બાદશાહનું કરી નાખ્યું. આથી વિપરીત માને એને આત્માની ખબર નથી. અને આત્માની ખબર વિના એ ધ્યાન કરવા જાય તો સસલાના શિંગડાના ધ્યાન છે. વાસ્તવિક તત્ત્વ આવું છે એ તો દૃષ્ટિમાં નથી. શેનું ધ્યાન થાય? સમજાણું કાંઈ?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અહીં તો કહે છે, ભગવાન! તારામાં એવો એક ગુણ છે, એવી એક શક્તિ છે કે અનંતગુણ અને પર્યાયમાં અનેકપણારૂપે રહેવું એવું તારું દ્રવ્ય છે પોતે. અને એક જ દ્રવ્યથી રહેવાયોગ્ય, એ દ્રવ્યથી થવાયોગ્ય, રહેવાયોગ્ય અનંતા ગુણો, અનંતી પર્યાય એવો અનેકત્વ શક્તિ નામનો તારામાં ગુણ છે. એ ગુણ અનંતા ગુણમાં વ્યાપ્યો છે. અનંતા ગુણને અનેકપણે રાખે છે અને એકપણે પણ રાખે છે. એકત્વ શક્તિ એકપણે રાખે છે અને દ્રવ્યપણે પ્રદેશપણે સરખું થઈ ગયું અને આમ અનેકપણે રાખે છે. એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અભેદ એટલે એકપણું છે ને. દ્રવ્ય એક ફીટીને બે થાય છે કાંઈ? વસ્તુ તો એક છે ને. દ્રવ્ય-ગુણ-પર્યાય છે ને. વસ્તુ અસંખ્ય પ્રદેશી એક છે. એક પણ ગુણ છે અને ગુણ-પર્યાયનું અનેકપણું એ પણ એનો ગુણ છે. અનેકપણું એ કાંઈ દોષ નથી. સમુળગો ગુણ છે એમ ભાઈ અહીં તો લ્યો. ઓલા તો કહે છે કે અનેકપણું માનવું એ દોષ છે. ભૂલી જાવ અનેકપણે. અનેકપણું ભૂલી જાવ તો એકપણું હાથ આવશે. એ અજ્ઞાન છે, તને ભાન નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ કહે છે ને. એ નથી એમ. તું કહે એમ છે નહિ. આહાહા..!

'**એક દ્રવ્યથી...**' થવા યોગ્ય, વ્યપાવા યોગ્ય, હોવા યોગ્ય '**અનેક પર્યાયો...**' ભેદો '**તે-મયપણારૂપ...**' તે મયપણું અનેકશક્તિ એનો ગુણ છે. એ ગુણ કાઢી નાખ તો આત્મા રહેશે નહિ. એ અનેકપણાનો એનો ગુણ છે. અનેકપણું કાઢી નાખ તો અનેકપણે ગુણ રહેશે નહિ. જ્ઞાન, શ્રદ્ધા, શાંતિ, સ્થિરતા, આનંદ વગેરે વગેરે. અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રભુત્વ એ અનેક છે. અનેકપણું જો કાઢી નાખ અનેક ગુણો. એ અનેક ગુણને લઈને અનેકપણું છે એમ કહે છે. સમજાણું કાંઈ? અનેકપણું ન માન તો અનેક ગુણ અને અનેક પર્યાય રહેતી નથી. તો એ તારો દ્રવ્ય સ્વભાવ તને ખબર નથી. એમ કહે છે. સમજાણું? આ અનેકપણું એટલે રાગ અને પુણ્યપણાની વાત અહીં નથી. પોતાના અનંત જે જ્ઞાન, દર્શન આદિ ગુણો અને એની નિર્મળ પર્યાય એ અનેકપણે એક દ્રવ્ય પોતે વ્યાપીને રહ્યું છે એવો એનો ગુણ છે. એમ. રાગપણે થયો નથી એ અહીં પ્રશ્ન છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં એક વસ્તુ એક છે કે નહિ? ભલે પર્યાય અને ગુણ છે અનેક. છતાં વસ્તુ તરીકે પ્રદેશ એક છે કે નહિ? કે જુદું જુદું છે? દ્રવ્ય તરીકે બધામાં એકરૂપે છે અને પર્યાય તરીકે અને ગુણ તરીકે અનેક છે. સમજાણું કાંઈ? જુઓને,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આ શબ્દ પહેલાથી આવ્યા છે.

‘**અનેક પર્યાયમાં વ્યાપક...**’ ત્યાં પર્યાય હતી. વસ્તુ એની છે. ભેદો અનંતા ગુણોની પર્યાય વ્યાપવારૂપ એવો એક દ્રવ્યમાં પણ એક શક્તિ છે અને ‘**એક દ્રવ્યથી વ્યાપ્ય જે અનેક પર્યાયો...**’ જુઓ! અહીં તો પર્યાય વસ્તુ છે એની. આહાહા..! આ પર્યાયે તો કહે સિદ્ધમાં પણ મૂક્યું નહિ ઓલો કહેતો હતો એક જણો. કાંઈ જૈનમાં જન્મ્યા એને ખબર પણ ન મળે. આવે છે ને ઓલા નથી એક દાઢીવાળા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ડેરૈયા. મોટા ગૃહસ્થ છે. ઘણા લાખોપતિ. મોટા બંગલા છે. દેખાવ બધું .. ભગવાનદાસ સાથે આવે છે. ત્યાગી દેખાય આમ. દાઢી ને આમ. મોટા ઘણા લાખોપતિ. આ પર્યાયે તો સિદ્ધમાં પણ લપ છોડી નહિ. અને આમ જૈન પાછા. તારણસ્વામીમાં જન્મ. બિચારાને કાંઈ ખબરું ન મળે. ૫૦-૫૦, ૬૦-૬૦ વર્ષ ગયા પણ. પર્યાયે તો સિદ્ધ થાય તોપણ લપ છોડી નહિ. અરે..! પણ પર્યાય તો એનો સ્વભાવ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ... વાત ન હોય? પર્યાય નથી? એમ હોય? એ એને ખબર જ નથી. તારણસ્વામીને.. એમાં બધું છે. એ તો પોતાને ખબર ન મળે. આ લૌકિકમાં ઉતરી ગયેલાને. લૌકિક દેશની સેવામાં જાણે મોટા ગૃહસ્થ. ઓહોહો..! ત્યાગ કર્યો જાણે શું કરીએ છીએ લોકની સેવા. ધૂળેય કરતો નથી. અભિમાન કરે છે ત્યાં. સમજાણું કાંઈ? એ બોલ્યા, બોલી ગયા. અરે..! શું કીધું તમે આ? પર્યાય તો હજી સિદ્ધમાં પણ રહી ગઈ? લપ છોડ્યું નહિ? ભાષા કાંઈક બીજી કીધી હતી હોં! પનારો છોડ્યો નહિ એવી ભાષા કીધી. પીછો છોડ્યો નહિ સિદ્ધમાં પણ? અરે..! ખબર ન મળે આને. કીધું, આ શું કરે છે? એમાં જૈનમાં જન્મ્યા ને કાંઈ કેટલા ૫૦-૬૦-૬૦ વર્ષ જન્મ્યા કાંઈ ખબર ન મળે. કાંઈ જૈનનું શું તત્ત્વ? જૈન એટલે વસ્તુ તત્ત્વ. આમ કરો સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો. બસ! ધ્યાનમાં બેસી જાવ પડિક્કમણામાં. નમો અરિહંતાણં.. નમો અરિહંતાણં કરો.. શું છે હવે સાંભળને! એ તો બધું મિથ્યાત્વ છે. નમો અરિહંતાણં કરીએ. એ વાણી હું બોલું છું. એ રાગ વિકલ્પ થાય એની ખબર નથી. નમો અરિહંતાણં બોલે એ તો વિકલ્પ છે, એ તો રાગ છે. સમજાણું કાંઈ? અહીં તો જંગલમાં છીએ. જેને આવવું હોય એ આવે, સાંભળે. સંપ્રદાયમાં તો રાખે નહિ. સંપ્રદાયમાં વાડામાં તો કાઢી મૂકે. આહાહા..!

કહે છે ભાઈ! તારા અનંત ગુણો છે એ અનંતપણે અનેક અનેક શબ્દમાં અનંત છે અહીંયા હોં! અનેક શબ્દે બેથી અનંત સુધીને અનેક કહેવાય છે. તો અહીંયા અનંત છે. આત્મા વસ્તુ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે એમાં જ્ઞાન, દર્શન, આનંદ એવા અનેક ગુણો છે અને એના એક સમયમાં અનંતી અવસ્થા છે. એ અનેકપણે રહેવું એવો એનો ગુણ છે અનેક. નહિતર તો આત્મા એક જ થઈ જાય. અનંત ગુણ અને પર્યાયપણે રહે નહિ. આહાહા..! ભારે નાખી વાત. એક ને અનેક સમાડી દીધું આ રીતે, જુઓ! સમજાણું?

'**અનેક પર્યાયો તે-મયપણારૂપ...**' પાછી એમ. અનેકપણારૂપે થવું તેમયપણારૂપ એમ. અનેકપણું? લ્યો. એમ છે ને? અનેકપણા તે-મયપણારૂપ. આહાહા..! વસ્તુ ભગવાન આત્મા એમાં અનંત ગુણો અને અનંતી અવસ્થા (રહેલા છે). એવું અનેકપણામયરૂપ એનું સ્વરૂપ છે. આહાહા..! છતાં એ અનેકપણાનો ગુણ એ કાંઈ દૃષ્ટિનો વિષય નથી. એ તો એવા એવા અનંત ગુણનો ધણી, એવી જે વસ્તુ એ દૃષ્ટિનો વિષય છે. ત્યાં દૃષ્ટિ કરતાં આ બધા ગુણોની પ્રતીત સાચી થાય છે. સમજાણું કાંઈ? એ તો એકત્વગુણ પણ એક જુદો પાડીને લક્ષ કરે તો એ વિકલ્પ છે એ તો. સમજાણું કાંઈ? જુઓ!

એક દ્રવ્ય.. એ તો ઠીક હવે ભેદપણે કીધું. પણ આ તો પાછું '**અનેક પર્યાયો તે-મયપણારૂપ...**' અનેક ભેદો તે પણારૂપ. એમ. આહાહા..! વસ્તુની સ્થિતિ છે ને એવી. એનો ગુણ જ એવો છે અનેકપણે રહેવું. ગુણ અને પર્યાયો અનેક છે તે પણે રહેવું. એવી દૃષ્ટિ આત્માની થતાં અનેક પર્યાયનો એક સમયમાં અનુભવ થાય. જ્ઞાનનો, આનંદનો, શાંતિ, સ્થિરતાનો વગેરે વગેરે. એમ કહે છે. એકજનો અનુભવ થાય એમ નથી. એ ૩૨ થઈ.

૩૩. '**વિદ્યમાન-અવસ્થાવાળાપણારૂપ ભાવશક્તિ.**' શું કહે છે? આત્મામાં એવો એક ગુણ છે કે એની વર્તમાન અવસ્થા હોય, હોય ને હોય. પરને કારણે નહિ. એનો એક ગુણ છે એવો એમ કહે છે. '**વિદ્યમાન-અવસ્થાવાળાપણારૂપ ભાવશક્તિ.**' ભાવ... ભાવ... ભાવ... જ્ઞાનની વિદ્યમાનતા, દર્શનની વિદ્યમાનતા, ચારિત્રની વિદ્યમાનતા, આનંદની વિદ્યમાનતા. એવી અવસ્થાનું રહેવું એવો એક ભાવ નામનો ગુણ છે એનામાં. વર્તમાન અવસ્થાપણે રહેવું, વિદ્યમાન અવસ્થાપણે રહેવું એવો એક એનામાં ગુણ છે. વર્તમાન અવસ્થાપણે પરને લઈને થવું એવો ગુણ નથી. લ્યો, અહીં તો ઓલા .. નથી? આહાહા..! આવા ને આવા. પર્યાય છે એ આચાર્યો પરથી થાય છે એમ કહે છે. તમે જો પર્યાયને આ રીતે ન કહો તો આચાર્યના વચન ખોટા પડશે. વળી એમ કહેતો એક પરમાનંદ. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! તને ખબર નથી.

ભગવાન આત્મામાં એવો એક ભાવ નામનો ગુણ છે કે જેની વર્તમાન અવસ્થા વર્તે જ, વિદ્યમાન રહે. પોતાને કારણે વિદ્યમાન રહે એવો એનામાં ગુણ છે. એ અવસ્થા સમ્યગ્દર્શનની, સમ્યગ્જ્ઞાનની, સમ્યક્ આનંદની, વીર્યની, અનંત ગુણની જે વર્તમાન, એ વર્તમાન વિદ્યમાન

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અવસ્થાપણે થવું એવો એક ભાવ નામનો ગુણ છે. રહેવું એવી વર્તમાન અવસ્થાપણે વિદ્યમાનપણે રહેવું એનો ભાવ નામનો ગુણ છે. સમજાય છે કાંઈ? એ ટૂંકા ટૂંકા શબ્દોમાં મોટું મોટું ભર્યું છે આ.

‘**વિદ્યમાન-અવસ્થાવાળા...**’ વર્તમાન અવસ્થા એવો ગુણ જ છે. એ અવસ્થા... કહે છે, જુઓ ખુબી શું? એ અવસ્થા પૂર્વની અવસ્થા છે માટે છે, પછીની થવાની છે માટે છે એમ નથી. ‘**વિદ્યમાન-અવસ્થાવાળાપણારૂપ...**’ વર્તમાન અવસ્થાવાળાપણાપણું એવો એનો ભાવ નામનો ગુણ છે. આહાહા..! આત્મામાં અનંત ગુણની વર્તમાન અવસ્થા હોય, હોય ને હોય જ. એવો એનો ગુણ છે. ભાવ નામનો એવો ગુણ છે કે એનામાં વર્તમાન દશા હોય, હોય ને હોય. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આનંદ આદિ અનંત ગુણની પર્યાયની વિદ્યમાનતા હયાતી હોય, હોય ને હોય. એ પર્યાયની હયાતી ન હોય એવો એનામાં ગુણ નથી. હયાતી રહે એવો ગુણ છે. એ ગુણનો ધરનાર આત્મા છે એની દૃષ્ટિ કરતાં એની વર્તમાન પર્યાય વિદ્યમાન રહે એવી પ્રગટ દશા થાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**અષાઢ સુદ ૧૦, શુક્રવાર તા. ૫-૭-૧૯૬૮**
**શક્તિ-૩૩-૩૪, પ્રવચન-૫૫૮**

પરિશિષ્ટ સમયસારનું ચાલે છે. એટલે કે આ આત્માનો અધિકાર છે આ. આત્મા જેવો છે એવો જે દૃષ્ટિમાં લે એને અંતરમાં ધર્મ થાય. એ ધર્મ થતાં એની આત્માની દશામાં શક્તિઓનું પરિણમન-અવસ્થા-કેવી હોય એનું વર્ણન છે. સમજાણું કાંઈ?

આત્મા દેહ, વાણી, રજકણો આ તો માટીથી ભિન્ન જુદો છે. કર્મના રજકણો છે અંદર, એનાથી આ તત્ત્વ તો આત્મા જુદું છે. એ ઉપરાંત અંદર વ્યવહાર થાય દયા, દાન, વ્રત, ભક્તિ આદિના વિકલ્પ રાગ એનાથી આત્મતત્ત્વ તો જુદું છે. એવો આત્મા એમાં અનંતી શક્તિઓ એક એક શક્તિ અનંતગુણ સંપન્ન, અનંત સામર્થ્ય સંપન્ન છે. એવા અનંત શક્તિસંપન્ન, એવો જે આત્મા એને અંતર્મુખ દૃષ્ટિ કરતાં જે ધર્મની પર્યાય, ધર્મ થાય એમાં અનંતગુણની પર્યાયનું પરિણમન સાથે થાય છે. ધર્મ એટલે એકલો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણ જ પર્યાય ધર્મ થતાં થાય એમ નહિ. સમજાણું કાંઈ? શું થયું?

મુમુક્ષુ :- ... સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર..

ઉત્તર :- એટલી ત્રણ પર્યાય છે એટલો નહિ. અનંતા જેટલા ગુણ છે એ બધા ગુણનું પર્યાયમાં કાર્ય આવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્રણ મુખ્ય તો અહીં દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધતા બતાવવી છે પણ એની સાથે પરિણમન કેટલા ગુણોનું? બધા ગુણોનું છે. સમજાણું કાંઈ? એ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ. જે બંધન હતું એનાથી વિરુદ્ધ. પણ એના પરિણમન કાળમાં એને વર્તમાન દશામાં જેટલી શક્તિઓ સંખ્યાએ અનંત છે, એવા અનંત સંખ્યાવંત આત્માની દૃષ્ટિ થઈ છે એ અનંત શક્તિઓનું જ્ઞાનરૂપે પરિણમન થાય, દર્શનરૂપે પરિણમન જ્ઞાન-દર્શનનું થાય, આનંદરૂપે થાય, ચારિત્રરૂપે થાય, ભેગી અનંત શક્તિઓ સાથે ઊછળે છે એમ કહ્યું ને?

ભાઈ! આ તો જેને કલ્યાણ કરવું હોય અને દુઃખથી મુક્ત થવું હોય એની વાત છે. બીજાને તો આ અંદર શું કહે છે એ સમજાય નહિ. અનંત કાળથી એણે અજ્ઞાનમાં નરક ને નિગોદના અવતાર કર્યા અનંતા. નારકીના અનંત ભવ. સાંભળ્યા જાય નહિ એટલા દુઃખો એક એક ભવના, એક એક ક્ષણના અનંતા અનંતા દુઃખો. એથી અનંત અસંખ્ય અસંખ્ય અબજ વર્ષ સુધી નરકમાં રહ્યો એક ભવે. એવા તો અનંતા... અનંતા... અનંતા.. ભવ કર્યા.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ખબર ક્યાં છે કેટલો ક્યાં છે અને શું છે? એવા એ પરિભ્રમણના મિથ્યાત્વ અને રાગ-દ્વેષ અને વિકારનું દુઃખ અને આકુળતા ભઠ્ઠીમાં એ સળગી રહ્યો છે અનાદિથી. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા આનંદની મૂર્તિ આત્મા છે. શાંત અવિકારી એનું સ્વરૂપ છે, જ્ઞાન એનો કાયમી અવિનાભાવી પરમસ્વભાવ છે. એવા સ્વભાવને શરણે ન જતાં અનાદિથી ધર્મના ભાન વિના મિથ્યાભાવ અને સાથે રાગ-દ્વેષભાવ એવા કરીને દુઃખી છે. ચાર ગતિમાં એ દુઃખી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઘણા સુખી છે.

ઉત્તર :- ધૂળેય સુખો નથી. કોણ કહે છે? હેરાન-દુઃખી છે બિચારા. રાંકા-ભિખારી છે. એઈ..!

ભગવાન આત્મામાં અનંત જ્ઞાન, અનંત આનંદની લક્ષ્મી પડી છે. એની જેને દૃષ્ટિમાં અધિકાઈ નથી અને જે રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ ને હરખ-શોકનું અધિકપણું જાણે છે એ મહા દુઃખની પીડા છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એ બહાર ચીજના પૈસા, ધૂળ, શરીર તો ક્યાંય એનામાં એ છે જ નહિ અને એનું એ નથી. પણ અંદરમાં પુણ્ય અને પાપના ભાવ થાય, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના એ પણ વિકલ્પ અને રાગ આસ્રવતત્ત્વ મેલ છે. એ મેલને પોતાના જાણી અને નિર્મળને ભૂલી અનાદિથી દુઃખી.. દુઃખી... દુઃખી છે. સમજાણું કાંઈ? એ હવે કહે છે કે સુખી થવાનો રસ્તો (શું)? એટલે કે ધર્મ થવાનો રસ્તો. ધર્મ કહો કે સુખી કહો બેય એક ચીજ છે. ધર્મ કરે અને સુખી ન થાય તો એ ધર્મ કહેવાય નહિ. સુખી શેનો? પૈસાનો બહારનો? એ તો વાત નથી. સમજાણું?

આત્મા આનંદસ્વરૂપ છે પ્રભુ. જેની ખાણમાં અતીન્દ્રિય આનંદનો રસ પડ્યો છે આત્મામાં. એવા આનંદનો સ્વાદ અને સુખરૂપ ધર્મ હોય તો એને ધર્મ કહેવાય. એવી વાત છે ભાઈ! સમજાય છે કાંઈ? દેડકું હોય નાનું આવડું. પણ આત્મા જેને અંતરમાં શુદ્ધ જ્ઞાનાનંદ મૂર્તિ આત્મા છે. અહો..! એવા શુદ્ધ અનાકુળ આનંદમય મૂર્તિનો જેણે વર્તમાન દશાએ જેનો આશ્રય કરી પરનો એટલે સ્વનો, પર એટલે એનાથી ભિન્ન છે ને જુદું? જુદું એટલે એક સમય પૂરતો એ નથી. પ્રધાન-પર છે વસ્તુ. પર્યાયથી ભિન્ન જુદો. આહાહા..! સમજાણું કાંઈ? એવું દ્રવ્ય વસ્તુ જે અખંડ પરમાત્મા પોતે, એનો આશ્રય લઈને જે ધર્મની પરિણતિ થાય તે દેડકો હોય એ સુખી છે. અને સાધુ થાય બહારમાં હજારો રાણીને છોડી, નિર્દોષ આહાર લે, એને માટે કરેલા ન લે, પંચ મહાવ્રતના શુભભાવ હોય. પણ એ શુભભાવનું આચરણ હું છું અને શુભભાવ મારું કર્તવ્ય છે એમ માનનાર મિથ્યાત્વ અને રાગ-દ્વેષથી દુઃખી છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સમજાય છે કાંઈ? જાધવજીભાઈ! શું આ બધા સુખી કહે છે ને આ ધૂળવાળાને. પૈસાવાળાને સુખી કહે છે માણસો. ધૂળેય નથી. હેરાન-હેરાન છે. રાંકા થઈને ફરે છે ભિખારી. આ આપો.. આ આપો.. આ આપો... આ જોઈએ, આ જોઈએ, આ જોઈએ. હું જોઈએ એમ ન મળે એને. ભગવાનજીભાઈ! ઊલટી ગતિ છે ભાઈ અજ્ઞાનીના ધર્મની.

હવે અહીં કહે છે, જુઓ! ૩૩મો બોલ એવો આવ્યો છે. ૩૩. આવ્યા ને ૩૩ આંક. બે છે ને? આત્મા વસ્તુ છે-પદાર્થ છે. એમાં અનંતી શક્તિઓ સંખ્યાએ અનંતી છે. એમાં એક આ શક્તિ છે કે '**વિદ્યમાન-અવસ્થાવાળાપણારૂપ ભાવશક્તિ.**' આટલો શબ્દ છે. બહુ ટૂંકો. પણ ઘણો ભાવ ભર્યો છે એમાં. શું કહે છે? કે આ ભગવાન આત્મા વસ્તુ છે એમાં અનંતી શક્તિઓ જે સંખ્યાએ (છે), એમાં દરેક ગુણની વર્તમાન વિદ્યમાન અવસ્થા હોવાપણારૂપ અવસ્થા હોય, હોય ને હોય. એવો એનો એક ગુણ છે. સમજાણું કાંઈ? એનામાં એવો એક ગુણ છે, ભાવ નામનો ગુણ કે જેની વર્તમાન દશામાં અવસ્થા હોય જ, અવસ્થા હોય જ. વિદ્યમાનભૂત એટલે હોવાપણું. અવસ્થાવાળો હોય જ. જ્ઞાનની અવસ્થા, દર્શનની અવસ્થા, આનંદની અવસ્થા. જુઓ! અહીં કહે છે ને એ લોકો કે સ્વરૂપાચરણ ન હોય. ભગવાન! અનંત ગુણ છે, એની વર્તમાન વિદ્યમાન અવસ્થા નિર્મળ હોય, હોય ને હોય. આહાહા..! શું થાય?

મુમુક્ષુ :- દરેક સમયે નહિ હોય.

ઉત્તર :- દરેક સમયે હોય એ વાત છે અહીં તો. હોય ને પણ દરેક સમયે ન હોય તો વસ્તુ શેની પણ? આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા અનંત જીવતરશક્તિ, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય આદિ શક્તિનું વર્ણન કરતાં ૩૨ સુધી આવી ગયું છે. આ ૩૩મી શક્તિ કહે છે, આત્મામાં નિર્મળ જે ગુણો અનંતા છે એની વર્તમાન વિદ્યમાન અવસ્થા હયાતીવાળી અવસ્થા હોય, હોય ને હોય જ. એ પરને કારણે નહિ. અને શુભ વચ્ચે હોય તો એને કારણે નહિ. આહાહા..! જુઓને! ઓલા મોટા લખાણ આવે છે. વ્યવહારથી નિશ્ચય (થાય). અરે.. પ્રભુ! તું સાંભળ તો ખરો ભાઈ! આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ એવું સ્વરૂપ એનું છે. એવી અંતર દૃષ્ટિ કરતાં એ આત્માને આત્માનો જેવો સ્વીકાર કર્યો એટલે એની વર્તમાન અવસ્થામાં નિર્મળ જે જ્ઞાનગુણની અવસ્થા વર્તમાન હોય, હોય ને હોય. એવું એક ભાવશક્તિનું કાર્ય છે. એ ભાવશક્તિને કારણે જ્ઞાનની સમ્યક્ અવસ્થાનું પરિણમન હોય, હોય ને હોય. એ નિમિત્તને કારણે નહિ, વ્યવહારને કારણે નહિ. સમજાણું? આ તો પાછી તે સમયે જે અવસ્થા વિદ્યમાન હોય તે વિદ્યમાન હોય જ એની. એમ. આહાહા..! ભારે!

ભગવાન આત્મા અનંત શક્તિ સંપન્ન પ્રભુ. એવા શક્તિવાનનો આશ્રય લેતાં, અંતર દૃષ્ટિ કરતાં ધર્મીને ધર્મ થતાં એની અનંતી શક્તિમાંથી દરેક ગુણની વર્તમાન અવસ્થા વિદ્યમાન હયાતીભૂત રૂપે હોય, હોય ને હોય જ. એવો એનો ભાવશક્તિનો ગુણ છે. સમજાણું કાંઈ? લ્યો, આ એની અવસ્થા હોય એમ કહે છે. રાગ ને દયા, દાન ને વ્યવહાર જે હોય છે એને કારણે અવસ્થા હોય છે એમ નથી. એમ કહે છે અહીં. એ આત્મામાં ભાવશક્તિ નામનો એક ગુણ છે એને કારણે જેટલા અનંતા ગુણો છે એ બધા ગુણોની વર્તમાન વિદ્યમાન હયાતી ધરાવે એવી વર્તમાન અવસ્થા હોય, હોય ને હોય.

મુમુક્ષુ :- સત્તારૂપે કે પ્રગટરૂપે?

ઉત્તર :- પ્રગટરૂપે. સત્તાની ક્યાં વાત છે અહીં.

મુમુક્ષુ :- પ્રગટરૂપે બધા ગુણો...

ઉત્તર :- બધા ગુણો અંશે પ્રગટ થાય ત્યારે એને આત્મા કહેવાય.

મુમુક્ષુ :- પ્રગટ થાય કે પ્રગટ થયેલા છે?

ઉત્તર :- થયેલા નથી. થાય ત્યારે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પ્રગટ છે શક્તિરૂપે. અનુભવ થાય એટલે પ્રગટ બધાની અવસ્થા થાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. ના. ના. અહીં તો પર્યાયની વાત ચાલે છે. શક્તિની. ગુણ તો છે. સાંભળો સાંભળો ત્યારે ને. સાંભળ્યું નથી તમે કોઈ દી. આત્માની શક્તિ અનંત છે એની દૃષ્ટિ થતાં, સમ્યગ્દર્શન થતાં દરેક અનંત ગુણની અવસ્થા વર્તમાન વિદ્યમાન નિર્મળ હોય, હોય ને હોય. એમ અહીં ચાલે છે. પ્રગટ રૂપે હોય. પ્રગટ રૂપે ન હોય તો અવસ્થામાં આવ્યું ક્યાંથી? આહાહા..! ખબર ન મળે વસ્તુની. શું છે આત્મા અને ક્યાં થાય એની ખબર ન મળે. અને ધર્મ થાય. ધૂળમાંય ધર્મ નથી. સમજાણું કાંઈ?

શું કહે છે? ભાષા જુઓ! '**વિદ્યમાન-અવસ્થાવાળાપણારૂપ ભાવશક્તિ. (અમુક અવસ્થા જેમાં વિદ્યમાન હોય...**' પ્રગટરૂપે. અવસ્થા તો પ્રગટરૂપે હોય ને. અવસ્થા ક્યાં શક્તિરૂપે છે? આહાહા..! શું કહ્યું આ? આત્મામાં અંદર એક એક જ્ઞાનશક્તિ, દર્શનશક્તિ, આનંદશક્તિ એ તો ગુણરૂપ શક્તિ છે. પણ એ શક્તિનું કાર્ય આત્મા પૂર્ણાનંદ એટલે અખંડ ગુણનો ધણી એકરૂપ છે. એવું સમ્યગ્દર્શન થતાં તેની વર્તમાન અવસ્થામાં શ્રદ્ધાગુણની સમ્યક્ અવસ્થા વિદ્યમાન હોય, ચારિત્રગુણની સ્વરૂપસ્થિરતારૂપ વિદ્યમાન હોય, આનંદગુણની અતીન્દ્રિય આનંદના સ્વાદરૂપ વિદ્યમાન અવસ્થા હોય, શાંતિની સ્થિરતારૂપ હોય, સ્વચ્છતાની સ્વચ્છતારૂપ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


વર્તમાન પ્રગટ અવસ્થા હોય. એવા અનંતા ગુણોની પ્રગટ અવસ્થા વર્તમાન હોય તેને આત્મા કહેવામાં આવે છે. આહાહા..! એય..! શેઠી! આવો ભગવાને આત્મા કહ્યો છે.

અનાદિ અજ્ઞાનમાં એની અવસ્થાનું પ્રગટપણું શુદ્ધનું નથી. અશુદ્ધનું છે. એ અશુદ્ધપણું એ આત્માનું સ્વરૂપ નથી. એ તો આસ્રવ છે. એ આત્મતત્ત્વ છે? કર્મ, શરીર અજીવતત્ત્વ છે અને દયા, દાન, વ્રત, કામ, ક્રોધના પરિણામ ઉઠે એ તો આસ્રવતત્ત્વ છે. એનાથી રહિત આત્મતત્ત્વ છે એમ ચાલે છે અહીંયાં. એવો આત્મા છે એવી જેને અંતરમાં દૃષ્ટિ અનુભવ થયો, ધર્મીને ચોથે ગુણસ્થાને, ત્યારે તેને વર્તમાન વિદ્યમાન અવસ્થા સમ્યગ્જ્ઞાનની અવસ્થા એ ગુણની હોય, હોય ને હોય. શ્રદ્ધાગુણની વર્તમાન સમ્યક્ પ્રતીતિ હોય, હોય ને હોય. આનંદગુણની વર્તમાન આનંદ, શાંતિ અંતર આહ્‌લાદ સુખની અતીન્દ્રિય આનંદની અવસ્થા વર્તમાન સમકિતીને હોય, હોય ને હોય. સમજાણું કાંઈ? આહાહા..! આત્મા સાંભળ્યો નથી લોકોએ. ભગવાને કીધો એ હોં! દુનિયા માને એની કલ્પનાથી (એ નહિ). આહાહા..!

કહે છે, '**વિદ્યમાન-અવસ્થા...**' શબ્દ એ છે ને? અહીં તો અવસ્થાની વાત છે વર્તમાન. પાઠ છે ને? '**भूतावस्थत्वरूपा**' '**भूतावस्थत्वरूपा**'. આહાહા..! ભગવાન અનંત શક્તિ ગુણરૂપ છે એનો ધરનાર આત્મા એમ જ્યાં અંતર દૃષ્ટિ સમ્યક્ થયું, સમ્યગ્દર્શન એટલે કે ચોથું ગુણસ્થાન એટલે કે આખો પૂર્ણાનંદ દ્રવ્યનો આ જ્ઞાયકભાવનો જ્યાં આશ્રય લીધો એટલે જેટલી શક્તિઓ ગુણરૂપ છે એની વર્તમાન અવસ્થાની વિદ્યમાનતા અવસ્થા પ્રગટરૂપે હોય, હોય ને હોય. ન હોય તો તે આત્મા નહિ, તે ધર્મ નહિ અને તે ધર્મ પામ્યો નથી. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

વિદ્યમાન-હયાતી ધરાવે છે. પ્રગટ. અવસ્થા તો પ્રગટ કહેવાય ને. ઈ ક્યાં અપ્રગટ છે. એ તો અજ્ઞાનમાં અપ્રગટ હતી, ભાન નહોતું ત્યાં. રાગ-દ્વેષ અને પુણ્ય-પાપની ક્રિયા મારી છે અને હું કરું છું એવી મિથ્યાદૃષ્ટિને આત્મા અને આત્માની શક્તિની પ્રતીત નહોતી. શુભ-અશુભભાવ મારા છે અને હું કરું છું એવી જે માન્યતા છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. એને તો શક્તિરૂપે છે એની પ્રતીત નથી. પ્રતીત નથી. શ્રદ્ધામાં ક્યાં છે? એની શ્રદ્ધામાં તો આ પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ પરિણામ કરું એ હું છું. એ મારું કામ છે. એ તો મિથ્યાદૃષ્ટિને વિકાર પ્રગટ છે. અહીં તો આત્મા આત્મા તરીકે થઈને જેણે જાણ્યો...

મુમુક્ષુ :- શુભાસ્રવ ઉપાદેય કે હેય?

ઉત્તર :- હેય.. હેય. આસ્રવ હેય છે, દુઃખ છે, ઝેર છે. પરિપૂર્ણ ઝેર. ઝેર. ઝેર નહિ ને એને સારું માને એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. કહો, સમજાય છે કાંઈ? શેઠી! રાડ નાખે એવું છે. બિચારાએ કોઈ દી સાંભળ્યું ન હોય ને. રાડ તો પાડે બિચારા. જે ભાવે તીર્થંકરગોત્ર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


બંધાય એ ભાવ ઝેર છે કહે છે. આત્માના અમૃતને લૂંટનાર છે, આસ્રવ છે. એમ જ્યાં સુધી નહિ માને ત્યાં સુધી એની દૃષ્ટિ આત્મા ઉપર નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ અનાદિનો આમ જ રખડ્યો છે ને. જ્યારે એના ટાણા આવ્યા ત્યારે ઓલો શુભરાગ છે તે પ્રશસ્ત છે અને પ્રશસ્ત છે તે સારો છે અને સારો છે તે આદરણીય છે. જે આત્માના ગુણથી ઊલટો ભાવ, વિપરીત ભાવ એ સારો એ માને એટલે આત્મા અનંત ગુણનો ધણી એને સારો માન્યો નથી. મિથ્યાદૃષ્ટિ છે. કહો, જગુભાઈ! ભારે વાત! દુનિયાને તો આકરું પડે એવું. દુનિયાએ સાંભળ્યું નથી. આખું ઊંધું જ સાંભળ્યું છે બધું.

મુમુક્ષુ :- આ તો પરમ સત્ય છે.

ઉત્તર :- આ તો વસ્તુ જ એવી છે. વસ્તુનું સ્વરૂપ જ (એવું છે). સર્વજ્ઞે જોયેલો આત્મા. અજ્ઞાની માને એ આત્મા નહિ. અજ્ઞાની બીજા પણ સર્વજ્ઞ સિવાય કલ્પે કે આવો આત્મા છે ને વ્યાપક છે ને એક છે ને, એ નહિ.

અહીં તો આ આત્મા શરીર અને કર્મના રજકણોથી તદ્દન જુદો. કારણ કે આ તો અજીવતત્ત્વ છે. સાત તત્ત્વમાં-નવ તત્ત્વમાં શરીર, કર્મ અજીવતત્ત્વ છે. અને પુણ્ય-પાપના ભાવ તો આસ્રવતત્ત્વ છે. એ બે જુદું તત્ત્વ અને આ તો જ્ઞાયકતત્ત્વ જુદું છે. એવા તત્ત્વની અંદરમાં જે અનંત શક્તિ એક એક ગુણની એક એકનું અનંત સામર્થ્ય, એવી અનંત શક્તિ સંખ્યાએ છે. એવા આત્માને જેણે અંદરમાં માન્યો ને અનુભવ્યો અને જાણ્યો એવા સમ્યગ્દૃષ્ટિને દરેક ગુણની વર્તમાન અવસ્થા હયાતી ધરાવે, ધરાવે ને ધરાવે. એ વ્યવહારને લઈને નહિ, નિમિત્તને લઈને નહિ અને અવસ્થા વિદ્યમાન ન હોય એમ હોય નહિ. આહાહા..!

સમ્યગ્દર્શન થતાં ચોથે ગુણસ્થાને એને જ્ઞાનનું સમ્યક્ પરિણમન અવસ્થામાં આવે, સમ્યક્ શ્રદ્ધા થાય, સમ્યક્ આનંદની અવસ્થા, અતીન્દ્રિય આનંદનો સ્વાદ પ્રગટમાં આવે, સ્વચ્છતા પ્રગટમાં આવે, પ્રભુતા નામનો ગુણ છે એ પ્રભુતા નામનો ગુણ પણ પર્યાયમાં પ્રભુતાપણે પરિણમે. આહાહા..! શેઠી! અને એક અકાર્યકારણ નામનો જે ગુણ છે એક આત્મામાં. અનાદિઅનંત અકાર્યકારણ નામનો ગુણ છે. કે જે ગુણની વર્તમાન વિદ્યમાન અવસ્થા હોય, હોય ને હોય. એ અવસ્થા શું હોય? કે દયા, દાન, વ્રત, ભક્તિના રાગને કારણે આ અવસ્થા છે એમ નથી. અને આ અવસ્થા વિદ્યમાન જે નિર્મળ છે એ રાગનું કારણ છે એમ નથી. એવું એના ગુણની પર્યાયનું સ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ?

અકાર્યકારણ નામનો ગુણ છે કે નહિ? એ આવી ગયો છે આપણે. ભગવાન આત્મા અકાર્યકારણ એટલે? એનામાં શક્તિ છે. અને એ શક્તિ ને શક્તિવાન એની અંતર દૃષ્ટિ થતાં, સમ્યગ્દર્શન થતાં, ધર્મ થતાં, ધર્મ થતાં એની વર્તમાન વિદ્યમાન અવસ્થામાં અકાર્યકારણ નામની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પર્યાય વિદ્યમાન હોય, હોય ને હોય જ. એ તો અકાર્યકારણ શુદ્ધ છે ને. એ શુદ્ધની વર્તમાન પર્યાયમાં અકાર્યકારણ એટલે? એ વ્યવહાર જે આદિ હોય વચ્ચે એનું એ કારણ નથી અને આને કારણે વ્યવહાર ઉત્પન્ન થાય એવું એ કારણ નથી. એવી વિદ્યમાન અવસ્થા સમ્યગ્દૃષ્ટિને હોય, હોય ને હોય. સમજાણું કાંઈ? અગમ-નિગમની વાત છે આ તો. આહાહા..! કહો, ધરમચંદજી!

અમૃતસ્વરૂપ ભગવાન આત્મા છે. એ તો અતીન્દ્રિય આનંદમૂર્તિ છે અને આસ્રવભાવ તો આનંદથી વિરુદ્ધ-ઊલટો ભાવ છે. દુઃખરૂપ છે, ઝેર છે. કહો, સમજાણું કાંઈ? આકુળતા છે. ચાહે તો શુભભાવ હો કે ચાહે તો અશુભભાવ. બેય આત્માની શાંતિથી ઊલટો વિપરીત ભાવ છે. આત્માનો આનંદસ્વભાવ છે ત્યારે એ ઊલટો દુઃખરૂપ ભાવ છે. એટલે એ તો અહીં વાત લીધી નથી. કારણ કે એનામાં એ ગુણ નથી કે દુઃખરૂપ થવું અને આસ્રવપણે થવું એવો કોઈ ગુણ નથી. આહાહા..!

અહીં તો એનો એક એવો ગુણ છે અનંત ગુણમાં, કે અકાર્યકારણ નામની શક્તિ જે છે એનું પણ આત્મદ્રવ્યની દૃષ્ટિ અનુભવ થતાં સમ્યગ્દૃષ્ટિની વર્તમાન પર્યાયમાં વિદ્યમાન અવસ્થા અકાર્યકારણ એ પણ વર્તમાન વર્તમાન પ્રગટ અવસ્થા છે, કે જે અવસ્થાને કારણે સમ્યગ્દૃષ્ટિ એમ અનુભવે છે કે આ પ્રશસ્ત રાગને કારણે આ સમ્યગ્દર્શન છે એમ નહિ. અને સમ્યગ્દર્શન છે તો રાગને, વ્યવહારને ઉત્પન્ન કરે છે એમ નહિ. એમ સમ્યગ્દૃષ્ટિ જાણે અને માને છે. આહાહા..!

જુઓને! એક શક્તિમાં કેટલું વર્ણન કર્યું છે! પાઠ આટલો છે, '**भूतावस्थत्वरूपा**' સંસ્કૃત છે આટલું. '**भूतावस्थत्वरूपा**'. '**भूत**' નામ છતી અવસ્થારૂપ. છતી અવસ્થારૂપ-પ્રગટ અવસ્થારૂપ, વિદ્યમાન અવસ્થારૂપ. પોતાના વર્તમાન જેટલા ગુણો છે તેની પ્રગટ અવસ્થારૂપ જેનો એક ભાવગુણ છે એને લઈને પ્રગટ અવસ્થા એને કોઈ સમયે ન હોય એમ બને નહિ. સમજાણું કાંઈ? આકરી વાત છે. માણસને અંતરની માહાત્મ્યની ખબર નથી. સાંભળ્યું નથી, સાંભળ્યું નથી. જૈનશાસન જૈનદર્શન શું છે એ લોકોએ સાંભળ્યું નથી. રાગશાસન સાંભળ્યું છે. રાગને વીતરાગપણું-જૈન ધર્મ માને છે. સમજાણું કાંઈ? જૈન ધર્મ કોઈ સંપ્રદાય નથી.

આત્માનો સ્વભાવ જ કહ્યું ને પોતે કે ચારિત્રસંપન્ન એટલે અકષાય સ્વભાવ છે આત્માનો. એવો શ્રદ્ધાગુણ છે એનો, એવો આનંદગુણ છે, એવો સ્વચ્છગુણ છે, પ્રભુગુણ છે. એ બધા ગુણનું સ્વરૂપ લ્યો તો એ અવિકારી વીતરાગ વિજ્ઞાનઘન આત્મા છે. રાગ અને નિમિત્ત જડ એના અભાવવાળું તત્ત્વ છે. એવા આત્માને વીતરાગ વિજ્ઞાનઘન સ્વરૂપ ચૈતન્ય છે એની અંતર દૃષ્ટિ-પ્રતીત થતાં વર્તમાન પર્યાયમાં વીતરાગી વિજ્ઞાનઘનની અવસ્થા વર્તમાન વિદ્યમાનપણે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પ્રગટ થાય. એને ધર્મ કહેવામાં આવે, એને જૈનદર્શન કહેવામાં આવે છે. ભગવાનજીભાઈ! રાડે રાડ બિચારા પાડે છે. સાધુને તો એમ થાય કે હાય.. હાય. આ બધું. એમ બિચારા રાડ પાડે છે. ખબર નથી. આ વાત કોની સાથે ચર્ચે? ખબર નથી ને સાંભળી નથી ને. જડમાં, રાગમાં ધર્મ માને. જડની ક્રિયા હું કરું એમ માને. આ બધું હાથ હાલે, ચાલે, પૂજા સ્વાહા એ મારી ક્રિયા છે એમ માને. હવે આવાને તે... જડ છે એ. એની સાથે વાત પણ શું અને એની સાથે ચર્ચા પણ શું હોય?

મુમુક્ષુ :- સાધક અને સાધ્યની...

ઉત્તર :- સાંભળો સાંભળો. સાધક-સાધ્ય આવશે.

મુમુક્ષુ :- સાધન અંદરમાં છે.

ઉત્તર :- સાધન અંદરમાં છે. શક્તિ આવશે પછી. બહાર સાધન-ફાધન છે નહિ. એ મીંડા બધા એકડા વિનાના. એવું સાંભળ્યું છે જિંદગીમાં. શું કરે? આ તો જાત જ જુદી છે ને. એ બધા સાધન છે. પૂજા, ભક્તિ ધૂળેય નથી સાધન. એ તો રાગ છે. રાગ સાધન? આત્માનો વીતરાગ ધર્મ અને રાગ સાધન? રાગ કારણ અને વીતરાગતા કાર્ય? ત્રણ કાળમાં હોય એવું? સાધન શુદ્ધ હોય. ફેર છે ને મોટો આખો. આખો સંપ્રદાય.. અત્યારે એ સંપ્રદાયના ત્યાગીઓ અને સંપ્રદાયના માણસો એ માની રહ્યા છે. એનાથી તદ્દન ઊંધી વાત વીતરાગની છે. સમજાણું કાંઈ? વાતું એવી છે. એને લાગે આમ કંપારી ઉઠે. એય.. શેઠી! આ શેઠી આવતા હતા પહેલા તો આમ આમ થઈ જતું હતું. માંડ માંડ હવે ચડ્યા છે. એમના દીકરા લાવ્યા છે પરાણે. આવો તો ખરા. દિગંબરમાં મુખ્ય કહેવાય જયપુરમાં, લ્યો! અગ્રેસર મોટી આબરૂવાળા. શું પણ ભાન ન મળે કાંઈ. કહેનારા એવા અને સાંભળનારા એવા. 'દ્રવ્યક્રિયારૂપી જીવડા ભાવ ધર્મ રુચિ હીણ, ઉપદેશક પણ તેહવા શું કરે જીવ નવીન' બિચારો. ઉપદેશના દેનારા એ. દ્રવ્યક્રિયા રાગ, દયા, દાન, વ્રત, આ ભક્તિ વિકલ્પ છે ને દ્રવ્યક્રિયા. એની રુચિ. જીવડા ભાવધર્મ રુચિ હીણ. રાગ વિનાનો આત્મા ચિદાનંદ ભગવાન છે એ વીતરાગનો કંદ આત્મા છે. વીતરાગ વિજ્ઞાનસ્વરૂપ ન હોય તો વીતરાગી વિજ્ઞાનદશા કેવળજ્ઞાન આવશે ક્યાંથી? બહારથી આવે એવી છે? સમજાણું કાંઈ? કહો, જગુભાઈ! ભારે વાત આકરી. આહાહા..! જુઓ! શું કહે છે?

આમાં તો સ્વરૂપાચરણની.. ભાઈ! વર્તમાન (પર્યાય હોય જ). આત્મામાં એક ચારિત્ર નામનો ગુણ છે અનાદિ. વીતરાગપણા નામનો એક આત્મામાં ગુણ છે અથવા સમરસ નામનો એક ગુણ છે. તો એ ગુણનું વર્તમાન વિદ્યમાન અવસ્થાપણું શાંતિ અને સ્વરૂપની સ્થિરતા ન હોય તો એ વિદ્યમાન અવસ્થાવાળા વિના એ ધર્મી જ નથી. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચોથે ગુણસ્થાને સ્વરૂપ આચરણની સ્થિરતા ન હોય એ ધર્મી જ નથી. એને ધર્મનું ભાન નથી. આહાહા..! કહો, છગનભાઈ! ભારે આવું. આ તો જંગલમાં છીએ તો વાંધો નહિ. વાડામાં તો રહેવા ન દે હોં! આહાહા..! માર્ગ આ વીતરાગનો છે ભાઈ! આ વીતરાગનો માર્ગ માન્યે છૂટકો છે. નહિતર હેરાન થઈને મરી જશે ચોર્યાસીના અવતારમાં. નવમી ગ્રૈવેયકે અનંત વાર ગયો જૈન સાધુ થઈને. નવમી ગ્રૈવેયકે. એવા શુક્લલેશ્યાના પરિણામ શુભભાવના. મિથ્યાદષ્ટિને ઊંચામાં ઊંચા હોય એવા ભાવ અનંત વાર એને આવ્યા. નવમી ગ્રૈવેયક ગયો. 'દ્રવ્ય સંયમ સે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો.' સમ્યગ્દર્શન વિના. સમ્યગ્દર્શન એટલે? આત્મા અખંડ આનંદ રાગ ને પુણ્ય-પાપ વિનાની ચીજ છે, અનંતગુણ સંપન્ન છે. એવી અંતરના અનુભવમાં પ્રતીત વિના એનું પરિભ્રમણ કોઈ દી મટ્યું નથી. સમજાણું કાંઈ? આહાહા..!

'**વિદ્યમાન-**' એટલે ભૂત. ભૂત શબ્દ છે ને મૂળ તો? હોવું. હોવાપણાની અવસ્થાવાળું. હોવાપણાની અવસ્થાવાળો. આટલો શબ્દ છે. ૧૨-૧૩ અક્ષર છે. અડધા અડધા કરો તો ૧૩ થાય. આખા કરો તો ૧૨ થાય. '**भूतावस्थत्वरूपा भावशक्तिः**' બસ, આટલો શબ્દ. પણ એમાં તો ગંભીરતા આખી ભરી દીધી છે. આત્મામાં જેટલા ગુણો શક્તિરૂપે છે એ બધા ગુણોની જ્યાં પ્રતીત દ્રવ્યની અનુભવ સમ્યગ્દર્શન થયું, ચોથે ગુણસ્થાને સમ્યક્ એટલે આત્મામાં (અંતર્મુખ) થઈને અનુભવ થયો ત્યારે તેની પર્યાયમાં અનંતા ગુણની પ્રગટ અવસ્થાની શુદ્ધિ દરેકની હોય છે. ન હોય તો એ ભાવશક્તિ નામનો ગુણ રહેતો નથી. એવી વર્તમાન અવસ્થા ન માને એણે ભાવશક્તિને માની નથી. એટલે ગુણને માન્યો નથી. અને ગુણને માન્યો નથી તો ગુણીને-આત્માને પણ માન્યો નથી. શેઠી! આહાહા..!

બીજી રીતે હવે. જુઓ! એ ભાવશક્તિ નામનો ગુણ છે અનાદિ. એ ગુણનું પરિણમન દ્રવ્યમાં તો શક્તિ છે, ગુણમાં છે પણ દૃષ્ટિ થતાં એ પર્યાયમાં શક્તિનું પરિણમન આવી ગયું. ભાવશક્તિને કારણે વર્તમાન વિદ્યમાન હયાતીવાળી ભૂત-છતી દરેક ગુણની અવસ્થા વર્તમાન વિદ્યમાન હોય, હોય ને હોય. કોઈ કારણે, પરને કારણે નહિ. કહો, સમજાણું કાંઈ? આ દેવ, ગુરુ ને શાસ્ત્ર સમવસરણમાં ભગવાન પાસે બેઠો હોય પણ સમ્યગ્દર્શન આત્માને કારણે થાય અને એ વખતે દરેક ગુણની વિદ્યમાન અવસ્થા હોય એ ભગવાનને કારણે અને ભગવાનની વાણીને કારણે નહિ. એમ કહે છે. એય.. શેઠી! આહાહા..! અને એમાં વિકલ્પ ઉઠ્યો છે સાંભળવાનો એ એને કારણે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- કોણ જાય છે ત્યાં? સાંભળને! જાય કોણ? એ તો રાગ છે. વિકલ્પ ઉઠે. એ તો અંતર્મુખ દૃષ્ટિ થયા વિના ધર્મ થાય નહિ. બહાર સામું જોવે તો રાગ થાય. આહાહા..! આકરું કામ છે. માણસને આકરું લાગે. જીરવવું અંદર .. આવે. ઉમળકો છે ને. અનાદિની માન્યતા છે ને. અનાદિની માન્યતા છે. એ કંઈ નવી નથી. ભગવાન પાસેથી મળતું હોય તો ભગવાન પાસે તો અનંત વાર ગયો.

મુમુક્ષુ :- અનંત વાર જઈને આવ્યો.

ઉત્તર :- અનંત વાર જઈને આવ્યો સમવસરણમાં. અનંત વાર સાંભળ્યું. પણ ભગવાન કહે છે કે તું તારામાં અનંતા ગુણો છે ત્યાં દૃષ્ટિ કર તો તને ધર્મ થાય. એમ એણે માન્યું નહિ. આહાહા..! ભગવાને એમ કહ્યું કે તારામાં અનંતી શક્તિઓ છે એનો તું ધણી (છો). એ તારા દ્રવ્ય ઉપર દૃષ્ટિ દે તો તને સમકિત થાય. અમારી સામું જોવે તો રાગ થાશે. એ ભગવાનનું માન્યું નથી એણે. ભગવાનના શાસ્ત્રને માન્યા નથી.

દેવ, ગુરુ.. આવે છે ને આનંદઘનજીમાં? ‘દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કેમ રહે? કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો’ દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા તને નથી. દેવ-ગુરુ-ધર્મ તો આ કહે છે કે તારામાં અનંતા ગુણ, એનો ધણી તું, એનામાં દૃષ્ટિ કર તો તને અંતર્મુખ જેમાં સ્વભાવ છે ત્યાં દૃષ્ટિ કર તો ધર્મ થાય. એમ ભગવાન કહે છે અને એ માનતો નથી. ભગવાનને માનતો નથી. શાસ્ત્ર એમ કહે છે, તો શાસ્ત્રને માનતો નથી. આ ગુરુને માનતો નથી. ગુરુ આવું કહે એને ગુરુ કહેવાય. સમજાણું કાંઈ? રાગથી ધર્મ મનાવે, પુણ્યથી ધર્મ મનાવે, નિમિત્તથી મનાવે એ ગુરુ નથી, કુગુરુ છે. મિથ્યાદૃષ્ટિ છે, અજૈન છે, જૈન નથી. એઈ..! મોહનભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાંભળો... સાંભળો. એ બધું અનાદિથી ચાલે છે. એ અનાદિની વાતું જગત કરે એ છે તમારી પાસે. એ નવું નથી કાંઈ.

આ આત્મા પોતે પોતાને ભગવાન તરીકે અનુભવે ત્યારે એને ધર્મ થાય. જ્યાં સુધી પર ભગવાન ઉપર દૃષ્ટિ છે ત્યાં સુધી રાગ છે. આહાહા..! બેસે નહિ પણ. આકરી વાત છે. કોઈ દી કર્યું નથી, સાંભળ્યું નથી, સાંભળ્યું નથી કે શું વસ્તુનું સ્વરૂપ છે. આહાહા..! કહે છે કે ‘**વિદ્યમાન-અવસ્થાવાળાપણારૂપ...**’ જુઓ તો ખરા. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. આત્મામાં અનંતવીર્ય છે, અનંતજ્ઞાન છે, અનંતઆનંદ છે, શાંતિ છે. એનો અંતરમાં જ્યાં સ્વભાવનો અનુભવ અંતર્મુખ થયો. ઓલું તો બહિર્મુખ હતી. અધઃકરણ, અનિવૃત્તિકરણના પરિણામ થાય તો બહાર જોઈને થાતા હશે? સમ્યગ્દર્શન પામવા કાળે પરિણામ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થાય એ બહાર આમ સામું જોઈને થાતા હશે? શુદ્ધ ચૈતન્ય સન્મુખ થઈને જે પરિણામ થાય અને એ પરિણામમાં જ્યારે અનુભવ થાય ત્યારે સમ્યગ્દર્શન થાય, ત્યારે તેમાં અનંત ગુણની પર્યાય પ્રગટ વિદ્યમાન અવસ્થાપણે દરેક વર્તે છે. એ ચોથા ગુણસ્થાનમાં સ્વરૂપશાંતિની ચારિત્રદશા પણ વર્તતી હોય સ્વરૂપાચરણ. કારણ કે ચારિત્રગુણ છે, એની વર્તમાન અવસ્થા વિદ્યમાન હોય, હોય ને હોય. આહાહા..! ભારે વાત ભાઈ! એને આત્મા શું છે, સર્વજ્ઞ પરમેશ્વર શું કહે છે એણે સાંભળ્યું નથી. અત્યારે તો બધું ઊંધું ચાલે છે ને. ઊંધું ચાલે છે એકે એક વાત. જીવન હારી જવાના રસ્તા છે. છે, છે. એમાં નવું શું છે? કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- આમાં.

ઉત્તર :- આમાં કીધું. ઓલું તો સાંભળીને બેઠા છે એ તો બધી ખબર નથી. લોકો કહે છે એ ઘણા કાળથી સાંભળીએ છીએ.

અહીં તો પરમાત્મા પરમેશ્વર ત્રિલોકનાથ એમ કહે છે, કેવળજ્ઞાની ઈન્દ્રોની સમક્ષમાં એમ કહે છે અને એમ કહ્યું એ અહીં કહેવાય છે અને એમ છે કે ભગવાન આત્મા અંદરમાં એક ભાવ નામનો ગુણ છે. એ ગુણનું એવું સ્વરૂપ છે કે દરેક ગુણ જેટલા છે તેની પ્રગટ અવસ્થારૂપ વર્તમાન ભૂત એટલે હોવું, હોવું ને હોવું. હોય, હોય ને હોય. એવું એ ભાવશક્તિ નામના ગુણનું કાર્ય છે. કહો, આ તો પાછી ખુબી આમાં એ લીધી કે પૂર્વ અવસ્થાને લઈને આ અવસ્થા વર્તમાન વિદ્યમાન હોય એમ પણ નહિ. આહાહા..! ભારે વાતું ભાઈ! પૂર્વની પર્યાય જે સમ્યગ્દર્શન આદિ છે અને પછી ચારિત્રપર્યાય થાય છે એ ચારિત્રપર્યાય ચારિત્રગુણની વર્તમાન પ્રગટ અવસ્થારૂપે ભાવશક્તિને કારણે વર્તમાન છે. પૂર્વની પર્યાયને કારણે પણ વર્તમાન વિદ્યમાનતા છે એમ છે નહિ. તો પછી રાગને કારણે, નિમિત્તને કારણે, વર્તમાન વિદ્યમાન અવસ્થા ત્રણ કાળમાં હોય નહિ. સમજાણું કાંઈ? જાદવજીભાઈ! કલકત્તામાં તો કાંઈ સાંભળવા ન મળે. એય.. ઝવેરચંદભાઈ! આ બધા શેઠીયા મોઢા આગળ થઈને બેસે. આહાહા..!

અહીં તો કહે છે, જુઓ છે ને? એમાં લખ્યું છે જુઓ એમાં. એ લખ્યા પ્રમાણે અર્થ વાંચે તો એને ખબર પડે. પાઠ તો આટલો છે. '**भूतावस्थत्वरूपा**' લ્યો બસ. એનું વિશેષ ... એટલે છતી વર્તમાન અવસ્થારૂપે. અનંતા જેટલા ગુણો છે તેની વર્તમાન પ્રગટ છતી વર્તમાન અવસ્થાપણે થવું, રહેવું, થવું એ ભાવશક્તિનું કાર્ય છે. આહાહા..! ભારે વાત પણ આચાર્યે ગજબ વાત કરી છે! સર્વજ્ઞના પેટ ખોલ્યા છે. આહાહા..!

ભાઈ! તારી શક્તિનો પાર નથી ને, નાથ! એ શક્તિની સંભાળ કરતાં એ વસ્તુ ઉપર અંતર દૃષ્ટિ કરતાં... બહાર ઉપર દૃષ્ટિ જાય તો વિકલ્પ છે. એમાં અંતર્મુખનું પરિણમન કેમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


થાય એમાં? અંતરાત્મા ક્યારે થાય? અંતરાત્મા ક્યારે થાય? ઓલું તો બહાર ઉપર લક્ષ છે. એ તો બહિર્આત્મા છે. આત્મા અંતર સ્વરૂપમાં પૂર્ણાનંદ અનંત જ્ઞાયકભાવથી ભરેલો, અનંત શક્તિરૂપ એકરૂપ (છે) એવી અંતર દૃષ્ટિ થતાં, કહે છે કે એને ધર્મીને, ધર્મીને ચાહે તો ચોથે ગુણસ્થાને હોય ધર્મી કે પાંચમે હોય કે છઠ્ઠે હોય, પણ એને દરેક ગુણની વર્તમાન અવસ્થા નિર્મળ વિદ્યમાન હોય, હોય ને હોય. કોઈ બીજા કારણે નહિ. એ ભાવશક્તિને કારણે વર્તમાન વિદ્યમાન અવસ્થા હોય. કહો, સમજાય છે કાંઈ? આહાહા..! મુનિ હોય છે ભાવલિંગી સંત સાચા. એને પણ કહે છે કે એ ભાવશક્તિને કારણે અનેક ગુણની વર્તમાન ચારિત્રની વીતરાગી પર્યાય એના ચારિત્રગુણની વિદ્યમાન વર્તમાન હોય, હોય ને હોય. આહાહા..! આનંદની દશા મુનિને હોય, હોય ને હોય. આહાહા..! ભારે. સમજાણું કાંઈ?

વિદ્યમાન હયાતી ભૂત નામ છતી અવસ્થા, પ્રગટ અવસ્થાવાળો, એવા વાળાપણારૂપ અથવા ભૂત-વર્તમાન હોવાપણાની અવસ્થારૂપ એવી એક ભાવશક્તિ. હોવું કોને લઈને? પરને લઈને નહિ. દ્રવ્યને લઈને. અહીં તો શક્તિ પણ દ્રવ્યને લઈને ખરેખર. કારણ કે એ ભાવશક્તિને જુદી લક્ષમાં લે તો ભાવશક્તિ (પરિણમે) એમ નથી. અહીં તો શક્તિનું વર્ણન કરવું છે ને. એનામાં એવો એક ભાવ નામનો ગુણ છે અનાદિઅનંત. જેમ જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, પ્રભુત્વ, સ્વચ્છતા, વિભુત્વ, કર્તા, કર્મ એવી શક્તિ અનંત છે એક સમયમાં. એવો એક ભાવ નામનો ગુણ છે અંદરમાં. જેને કારણે આત્માની દરેક ગુણની નિર્મળ પ્રગટરૂપ અવસ્થા વર્તતી હોય, વર્તતી હોય અને વર્તતી હોય. સમજાણું કાંઈ? એ દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણેમાં વ્યાપી જાય છે. એ ભાવશક્તિ રૂપે ધ્રુવ ઉપાદાન છે, શક્તિરૂપે ધ્રુવ ઉપાદાન છે અને પર્યાયરૂપે ક્ષણિક ઉપાદાન પોતે પરિણમિત થાય છે. એ દરેક ગુણનું ક્ષણિક ઉપાદાન પોતા વડે થાય છે. આહાહા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનની અવસ્થામાં, ચારિત્રની અવસ્થા છે માટે સમ્યગ્દર્શનની અવસ્થા છે એમ નહિ. આત્મામાં સમ્યગ્દર્શનની અવસ્થા થતાં એમાં સ્વરૂપની સ્થિરતાનો અંશ પણ એ ગુણ જે છે અંદર એને કારણે એમાં વિદ્યમાન અવસ્થા હોય છે. શ્રદ્ધાગુણને કારણે અવસ્થા શ્રદ્ધાની પર્યાય વિદ્યમાન (હોય). ચારિત્રગુણ ત્રિકાળ ચારિત્ર શક્તિ છે એને કારણે સ્થિરતા વિદ્યમાન (હોય). આનંદ ગુણ કાયમ છે એમાં અતીન્દ્રિય આનંદના પ્રગટરૂપ અવસ્થામાં વિદ્યમાન. વીર્ય ગુણ છે એને વીર્યની વર્તમાન સ્વરૂપની રચનાની પર્યાયરૂપ વર્તમાન, એમ અનંતા ગુણની વર્તમાન પર્યાય વિદ્યમાન છે. લ્યો, એ આવી ગયું.

જયપુરમાં કહ્યું હતું ત્યાં. પોર જયપુરમાં નહિ? 'સર્વ ગુણાંશ તે સમકિત.' લ્યો, આ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આવ્યું આમાં. શ્રીમદ્ કહે છે કે 'સર્વ ગુણાંશ તે સમકિત.' અહીં એમ કહે છે કે જેટલા આત્માના ગુણો એની નિર્મળ અવસ્થા વર્તમાન વિદ્યમાન હોય, હોય ને હોય. કહો, સમજાણું કાંઈ? આ કાંઈ વાતે પૂરું પડે એવું નથી. વાદ-વિવાદે અને શાસ્ત્રના શબ્દો પકડ્યા હોય એનાથી કાંઈ પાર પડે એવું નથી. અનુભવની વાત અનુભવથી હાથ આવે એવી છે. કોની સાથે વાત કરે? ચર્ચા કરે? જડ જેવા હોય. જડથી અસર થાય એમ તો માને. જડની અસર થાય. જડ જેવા છે એ. કારણ કે જડે એને પામર કરી દીધો. જડની અમારા ઉપર અસર થાય. કર્મ જડ, જડની અમારા ઉપર અસર છે. કર્મથી દબાઈ ગયેલો જડ છે. અહીં તો કહે છે કે હું પોતે જડને તાબે થતો ત્યારે વિકાર કરતો. પર મને તાબે કરાવીને કરતો નથી. એ વિકાર પણ મારું સ્વરૂપ નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોઈને થતી નથી. સાંભળો. સાંભળો. કોઈને થતી નથી. કોઈ કોઈને જડની અસર થાય નહિ. જડ જડમાં રહે, આ આમાં રહે. એની પર્યાયની અસર પર્યાયની એનામાં થાય. કો'કને લઈને કો'કની હોય? એ તો આખી દુનિયા બાળક પણ કહે એ તો. પણ પ્રગટ છે કે નહિ? જુઓ! આ વાત ચાલે છે એ તમને બેસતી નથી. પછી અસર કોની થાય?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મફત જાય છે એમ. અંદર પોતાને પર્યાયમાં પરિણમતું (નથી).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બસ! વાત એ છે. નથી બેસતું. અહીં કીધું ને અહીં બેસે છે એમ વાત છે. ત્યારે તમને બેસતી નથી એટલે વાણીની અસર લાગતી નથી.

મુમુક્ષુ :- તમારી વાણીની અસર..

ઉત્તર :- અસર થઈ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોઈની વાણીની અસર, ભગવાનની વાણીની.. એનું નામ અસર નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાંભળો. સાંભળો. અહીં તો કોઈને અસર થતી નથી. કહો, સમજાણું કાંઈ? એ વાદે પાર પડે એવું નથી. એ બધા આખી દુનિયા એમ કહે છે. સાધુથી માંડીને બધા આમ જ સમજ્યા છે અને એમ જ પ્રરૂપે છે. કીધું ને? ઉપદેશક પણ તેહવા એને મળ્યા છે. સાંભળનારા પણ તેવા અને ઉપદેશક પણ તેવા. શું કરે જીવ નવીન બિચારો? નવીન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ક્યાંથી લાવે? સમજાણું કાંઈ? આ તો બધા જૂના સાંભળનારા ઘણા વખતના છે. સંપ્રદાયનું સાંભળ્યું છે. બધું સાંભળ્યું છે ને. આ તો સંપ્રદાયનું ઘણું સાંભળ્યું છે.

કહે છે, ભાવ. '**(અમુક અવસ્થા જેમાં વિદ્યમાન હોય...**' લ્યો એમ. '**(એવાપણારૂપ ભાવશક્તિ.)**' આહાહા..! ભારે વસ્તુ. વસ્તુ કહે છે, ભાઈ! ભગવાન આત્માની જ્યાં નજર પડી એના ઉપર તો એ દ્રવ્ય આખું પરિણમ્યું. તો દ્રવ્યમાં જેટલા ગુણો છે એ બધા પર્યાયમાં ન આવે તો પરિણમન થયું શેનું? ધર્મ થયો ક્યાંથી? શક્તિરૂપે તો અનંત કાળની છે, નિગોદને છે. નિગોદના જીવને તો શક્તિરૂપે અનંતા ગુણ પડ્યા છે. નિગોદમાં પણ છે. એટલે થયું શું?

મુમુક્ષુ :- એ તો અભવિને પણ છે.

ઉત્તર :- એ તો અભવિને પણ છે. અભવિને આત્માની અનંત શક્તિ પડી છે. દરેક કેવળજ્ઞાન શક્તિ પડી છે. એને અભવિને પણ છે. કેવળજ્ઞાનશક્તિ અભવિને પણ છે. શક્તિ છે એમાં શું થયું? એમાં લાભ શું થયો? મેરુ પર્વતની નીચે સોનું છે એમાં લાભ શું થયો? કોણ લે અને કોણ વેચે? એમ આત્મામાં શક્તિ છે પણ એની પ્રતીત અને અનુભવ કર્યા વિના, પ્રગટ આવ્યા વિના એનો લાભ હોઈ શકે નહિ. આહાહા..! 'સર્વ જીવ છે સિદ્ધસમ.' લ્યો શક્તિ તો બધાની સિદ્ધસમ છે. 'જે સમજે તે થાય.' એવી વાતું છે ભાઈ! જરી આકરી વાત છે. પણ લોકોને આમ ખળભળાટ થઈ જાય, ખળભળાટ થઈ જાય.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બધી પર્યાયને. જેટલા ગુણ છે... આ એક ભાવશક્તિનું એવું સ્વરૂપ છે કે જેટલા ગુણ છે એની વર્તમાન અવસ્થાપણે થવું, વિદ્યમાનપણે રહેવું એવો એનો ગુણ છે અને એ અવસ્થા પ્રગટરૂપ, ગુણરૂપ અને દ્રવ્ય ત્રણે થઈને આખો આત્મા કહેવામાં આવે છે. એમ કહે છે. ક્રમવર્તી અને અક્રમવર્તી. ક્રમવર્તી પર્યાય પ્રગટ અને અક્રમવર્તી અંદર ગુણ એક સમયમાં અનંતા. એ ક્રમવર્તી, અક્રમવર્તીનો આખો પિંડ આત્મા તેને અત્યારે આત્મા પ્રમાણનો વિષય કહેવામાં આવે છે. આહાહા..! એમાં રાગ ન આવે, નિમિત્ત ન આવે. એનું રાગ સંબંધીનું પોતાનું જ્ઞાન, પોતાનું જ્ઞાન પોતામાં આવે. શેઠી! ભારે આકરું કામ. હજી તો વાત સાંભળી જાય નહિ એને બેસે કે દી? અને અંદરમાં આ હજી રુચિ કરે પણ એના પછી સ્વરૂપ તરફ દૃષ્ટિ કરે તો એનું પરિણમન થાય. પરિણમન થાય તો એને ધર્મ થાય. નહિતર ધર્મ-ફર્મ છે નહિ. એકડા વિનાના મીંડા કોરે કાગળે (છે). કહો, સમજાણું કાંઈ? આહાહા..!

વિદ્યમાન હોવાપણારૂપ દશા છે. જુઓ! અવસ્થાવાળાપણું છે. અવસ્થા એની વર્તમાન છે. ઓલી અવસ્થા તો અનાદિની નથી. ધર્મ પામ્યો અને અવસ્થા કાંઈક બદલ્યું કે નહિ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ધર્મ થયો એટલે શું થયું પણ ત્યારે? રાગને પુણ્યને પોતાના માનતો ત્યારે તો રાગ અને પુણ્યની અવસ્થા પ્રગટ હતી. એ મિથ્યાદૃષ્ટિ હતો. હવે જ્યારે સમ્યગ્દર્શન ધર્મ થયો ત્યારે શું થયું પણ? ત્યારે બદલ્યું શું એમાં? અવસ્થામાં જો વીતરાગતા ન આવે, આનંદ ન આવે તો બદલ્યું શું એણે? આહાહા..!

મુમુક્ષુ :- આખું બદલાઈ ગયું.

ઉત્તર :- આખું બદલાઈ ગયું. એક સમયના સમ્યગ્દર્શને આખો આત્મા બદલી ગયો. છે ને પણ એ. એ ૩૩મી શક્તિ છે. લ્યો! ખૂબ ચાલી, તમારે પોણો કલાક ચાલી.

વિદ્યમાન અવસ્થા. આહાહા..! અકાર્યકારણરૂપ વિદ્યમાન અવસ્થા પ્રગટ, કે જેને કારણે એ શક્તિમાં વર્તમાન અવસ્થાના વિદ્યમાન નિર્મળ દશા, શ્રદ્ધા નિર્મળ, ભલે ક્ષયોપશમ સમકિત હોય પણ એ નિર્મળ અવસ્થા, શ્રદ્ધા ગુણની નિર્મળ અવસ્થા હોય, હોય ને હોય. ચારિત્રગુણની નિર્મળ અવસ્થા હોય, હોય ને હોય. આનંદની નિર્મળ પ્રગટ અવસ્થા હોય, હોય ને હોય. પ્રગટ અવસ્થા ન હોય તો એ ધર્મી નથી. અજ્ઞાની અને અધર્મી છે. એ જૈન નથી. શેઠ! શેઠી! અહીં તો હવે નગારે નાખીને વાત ચાલે છે. અહીં ક્યાં ખાનગી રાખવાની છે? ... એક વાત થઈ લ્યો, એ ૩૩મી થઈ.

હવે ૩૪મી. '**શૂન્ય (-અવિદ્યમાન) અવસ્થાવાળાપણારૂપ અભાવશક્તિ.**' શું કહે છે હવે? આ પણ જરી આકરી છે. આત્મામાં એક અભાવ નામનો ગુણ છે કે જે કર્મનો અને રાગનો આત્મામાં અભાવ નિરંતર છે. કર્મ જડ છે, રાગ આસ્રવ છે. આત્મામાં એનો વર્તમાન અભાવ છે. એવો આત્મામાં એ ગુણ છે.

મુમુક્ષુ :- રાગનો?

ઉત્તર :- બેયનો. રાગ વિકાર છે ને.

અભાવ નામનો ગુણ છે કે વર્તમાનમાં અભાવગુણને કારણે કર્મનો અભાવ આત્મામાં છે. સમજાય છે? પરપદાર્થનો એમાં અભાવ છે અને રાગનો પણ એમાં અભાવ છે. રાગ તો વિકાર છે, પરભાવ છે. આ તો વર્તમાન શુદ્ધ સ્વભાવની વાત ચાલે છે. ધર્મદૃષ્ટિ થઈ ત્યારે એની દૃષ્ટિમાં ધર્મીને રાગ અને કર્મ, ભાવકર્મ, દ્રવ્યકર્મ બેયનો અભાવ છે. એવો અભાવ નામનો ગુણ છે. રાડ નાખે. કર્મને લઈને હેરાન થાય છે, કર્મને લઈને રખડ્યા. મૂર્ખાઈને લઈને હેરાન થાય છે. સાંભળને હવે. કર્મ તો જડ છે બિચારા. એ મોટા વાંધા જગતને હજી તો. અહીં તો એ પણ નથી કહે છે. કર્મ જડ છે. જડ જડપણે થઈને રહ્યા છે. કર્મ આત્માપણે થઈને રહ્યા છે? એ તો જડપણે થઈને રહ્યા છે. અને રાગ છે એ આસ્રવપણે થઈને રહ્યા છે, આત્માપણે થઈને રહ્યા છે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આત્મામાં એવો અભાવ નામનો ગુણ છે કે જે ગુણનું સ્વરૂપ વર્તમાનમાં પ્રગટરૂપ, પર્યાયમાં ગુણનું ગુણીનું ભાન થતાં પ્રગટ પર્યાયમાં રાગ અને કર્મનો અભાવ વર્તમાનમાં છે એવો જ અભાવ નામના ગુણની અવસ્થાનું કાર્ય છે. આહાહા..! ઓલા કહે, હાય.. હાય..! જ્ઞાનાવરણીય કર્મ, દર્શનાવરણીય કર્મ મારી નાખ્યા. આઠ કર્મે મારી નાખ્યા. હવે સાંભળને. બીજાને કહે કે ઈશ્વરે એને રખડાવ્યા. આ કહે કે મને કર્મે (રખડાવ્યો). એટલે આનો ભગવાન જડ, ઓલાનો ભગવાન ઈશ્વર. અહીં જડે અમને રખડાવ્યા. મૂઢ છે કહે છે. જડ તો પર છે. જડ તને રખડાવે? તું તારી ભૂલથી રખડે છો. તારા સ્વરૂપની શું ચીજ છે એનું તને ભાન નથી. માટે મિથ્યાત્વ સેવીને રાગ-દ્વેષથી તું રખડે છો. તારા અપરાધથી રખડે છો. કર્મને લઈને નહિ.

પણ અહીં તો એ કહે છે. ધર્મદૃષ્ટિ થઈ એની વાત અહીં તો ચાલે છે. આહાહા..! ભગવાન આત્મા...! અધ્યાત્મ વાત ઝીણી વાત છે, ભાઈ! સૂક્ષ્મ વાત છે. એને સમ્યગ્દર્શન પામવાની રીતમાં શું હોય છે? અને કેમ પમાય એની એને ખબર નથીને એટલે એ.. આહાહા..! ભગવાન ચૈતન્યપ્રભુ જેટલા સિદ્ધમાં ગુણોની પર્યાય પૂર્ણ નિર્મળ થઈ ગઈ છે, પૂર્ણ નિર્મળ પરમેશ્વરને સિદ્ધને, એટલી જ પર્યાય બધી અંશે નિર્મળ વર્તમાન સમ્યગ્દૃષ્ટિને પણ વર્તમાન પ્રગટરૂપે નિર્મળ છે. એમાં કર્મ અને રાગના અભાવરૂપે પરિણમે એવું એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? પોતાના ભાવરૂપ-ચૈતન્યના ભાવરૂપ અને રાગ અને કર્મના અભાવરૂપ (નિર્મળ પરિણમન વર્તે છે). સમજાણું?

પોતાના અનંત જ્ઞાન, દર્શન આદિના ભાવરૂપ પર્યાયમાં હોં હજી પ્રગટ. અને પર કર્મ આદિ રાગના અભાવરૂપ. જો અભાવ ન હોય તો એનો સદ્ભાવ (હોય). પરવસ્તુનો સદ્ભાવ અહીં ક્યાંથી આવ્યો? અભાવ ન હોય તો રાગવાળો અને કર્મવાળો થાય આત્મા. આત્મા છે નહિ એવો. સમજાણું કાંઈ? ભારે વાતું આકરી. જૈનમાં તો આઠ કર્મને લઈને, આઠ કર્મ. 'કર્મે રાજા, કર્મે રંક, કર્મે વાળ્યો આડો અંક' એઈ.. ઝવેરચંદભાઈ! ઓલા માથે બોલેને પછી જય મહારાજ.. જય મહારાજ.. કરે ઓલા. પ્રમાણ વચન.

અહીં તો કહે છે કે કર્મ જડ અજીવતત્ત્વ છે. લે. એ કર્મ પોતે પુદ્ગલ છે, માટી છે, જડ છે, રૂપી છે અને મૂર્ત છે. એનું દ્રવ્ય જડ, એનો ગુણ જડ અને એની પર્યાય જડ. એ તારામાં નથી. જડપણું તારામાં હોય? ચૈતન્ય વસ્તુ જ્ઞાનાનંદ ભગવાન એમાં જડ ક્યાંથી આવ્યું અંદરમાં? એ તો ભિન્ન ચીજ છે. સમજાણું કાંઈ? ક્યારે? કે ત્રણે કાળે. પણ દૃષ્ટિમાં આવ્યું ત્યારે એનું અભાવરૂપ પરિણમન થયું. બાકી છે તો ત્રણે કાળે કર્મના અભાવસ્વરૂપ આત્મા. સમજાણું કાંઈ? કર્મ તો કર્મમાં રહ્યા. જડ છે એ તો જડરૂપ થઈને રહ્યા છે. એ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આત્મા થઈને રહ્યા છે? આ શરીર શરીરરૂપે થઈને રહ્યું છે. જુઓ!

આ અભાવ તો પાંચ ઔદારિક શરીર, આઠ કર્મનું કારણરૂપ શરીર અને પુણ્ય-પાપનું ભાવકર્મ શરીર એ ત્રણેનું આત્માની વર્તમાન દશામાં ધર્મીને સમ્યગ્દર્શન થતાં તેના અભાવરૂપ પરિણમન એનામાં છે. એવો અભાવ નામનો ગુણ છે. આહાહા..! આ પાંચ શરીર છે કે નહિ? ઔદારિક, વૈક્રિયક, આહારક, તૈજસ અને કાર્મણ એ પાંચ શરીર છે. એ અજીવ છે. પાંચેય અજીવ. એ અજીવ અને આઠેય કર્મ ઓલા કર્માદિ આઠ કર્મ. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, (આયુ), નામ, ગોત્ર અને અંતરાય. આઠેય અજીવતત્ત્વ છે. અને એના નિમિત્તના સંગે થયેલો વિકલ્પ રાગ એ પણ ખરેખર તો અચેતન છે. રાગમાં ચૈતન્યના પ્રકાશનો અભાવ છે. આકરી વાત છે જગતને.

આત્મા આવો છે એવો ન માને અને બીજો આડો અવળો માને તો તેને આત્માની શ્રદ્ધા જ નથી. એને આત્માની શ્રદ્ધા નથી પણ દેવ-ગુરુ-શાસ્ત્ર આમ કહે છે એની એને શ્રદ્ધા નથી. સમજાણું કાંઈ?

દેવ-ગુરુ-ધર્મની શુદ્ધિ કહો કેમ રહે? કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો,
શુદ્ધ શ્રદ્ધાન બિન સર્વ ક્રિયા કરે, છાર પણ લીંપણું તેહ જાણો.

એ આનંદઘનજી કહે છે. છાર પર લીંપણું. એ રાખોડી ઉપર ગાર. ચાલે શેની ગાર? પોપડા ઉખડશે બધા. એમ શુદ્ધ શ્રદ્ધા. રાગ ને પુણ્ય ને શરીર વિનાનું મારું ત્રિકાળી મારું સ્વરૂપ. એવો મારો અભાવ નામનો ગુણ છે. પરના અભાવ નામનો ગુણ છે. જુઓ! આ શરીરની આ પર્યાય થાય એનો મારામાં અભાવ છે એમ કહે છે. વર્તમાનમાં. આહાહા..!

મુમુક્ષુ :- વર્તમાન?

ઉત્તર :- વર્તમાનની વાત ચાલે છે ને આ? વિદ્યમાનની ચાલે છે કે નહિ? ભાષા બોલે છે, આ જડ ચાલે છે. શરીરની અવસ્થા એ માટીની અવસ્થા છે. એમાં જીવની પર્યાયનો અભાવ છે. આહાહા..! ભારે વાત ભાઈ!

મુનિ આહારક શરીર કરે. કહે છે, ના. એ આહારક શરીરનો ચૈતન્યની પર્યાયમાં અભાવ છે અને ઓલો વિકલ્પ ઉઠ્યો હતો કે આ, એનો પણ અભાવ છે. આહાહા..! આ તે કાંઈ જૈનદર્શન. સમજાય છે? આવી વસ્તુ જૈન વીતરાગ સિવાય ક્યાંય અન્યમાં ત્રણ કાળમાં હોય નહિ. જૈનમાં હજી સમજાતું નથી તો અન્યમાં તો હોય ક્યાંથી? આ તો સર્વજ્ઞ કેવળજ્ઞાની પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરોએ કહેલું, વર્તમાન તીર્થંકરો મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે તે એ જ રીતે આ રીતે કહે છે. સમજાણું કાંઈ? 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.'

કહે છે કે આ ઔદારિક શરીર એની થતી અવસ્થા, એનો વર્તમાન મારી અવસ્થામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અભાવગુણને કારણે અભાવ છે. સમજાણું? એ વૈક્રિયક શરીર દેવને (હોય), સમકિતી હોય છે દેવ એ એમ જાણે છે કે આ વૈક્રિયક શરીરની અવસ્થા, મારી અવસ્થામાં એનો અભાવ છે. દ્રવ્ય-ગુણમાં તો અભાવ છે જ, પર્યાયમાં અભાવ છે. કહો, એય..! ભારે વાત. જુઓ આ નંદીશ્વર દ્વીપની પૂજા ચાલે છે આઠ દીની. બાવન જિનાલય છે ને આ નંદીશ્વર દ્વીપે? ૧૦૮ પ્રતિમા (છે). દેવો જાય. સમકિતીઓ એમ જાણે કે આ જડની ક્રિયા એની મારામાં નથી અને આ રાગ એ પણ મારામાં નથી. આહાહા..! ગજબ વાત છે ને! એ મારામાં ત્રણે કાળે અભાવરૂપ મારું પરિણમન છે. એમ સમ્યગ્દ્રષ્ટિ જાણે અને માને છે. અજ્ઞાની એમ માનતો નથી. એનું નામ મિથ્યાદષ્ટિ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**અષાઢ સુદ ૧૧, શનિવાર તા. ૬-૭-૧૯૬૮**
**શક્તિ-૩૪-૩૫, પ્રવચન-૫૫૯**

સમયસાર. આ આત્મા છે એ કેવો છે અને એવો જાણ્યે એને શું ધર્મનું પરિણમન થાય એ વાત ચાલે છે. આત્મા વસ્તુ છે પરથી તદ્દન જુદી. હવે એનામાં સ્વભાવ-શક્તિઓ-ગુણ શું છે? એ વાત ચાલે છે. એના અનંત ગુણ છે. એક ક્ષણમાં, એક સમયમાં અનંત ગુણ છે. એવા અનંત ગુણનું એકરૂપ એવો આત્મા, એની અંતર અનુભવ દૃષ્ટિ કરતાં, પરથી ભિન્ન પાડીને, પુણ્ય-પાપના રાગ, વિકલ્પ, શરીર, વાણી, મન એનાથી ભિન્ન પાડીને, કેમકે ભિન્ન છે, ભિન્ન પાડીને પોતાના અનંતગુણસ્વરૂપ જે ગુણી, એ ગુણી સાથે વર્તમાન દશાને એકત્વ કરતાં જે ધર્મ થાય ત્યાં ધર્મમાં શું પ્રતીતમાં, અનુભવમાં આવે? અને એ દશાઓનું પરિણમન કેટલું કેવું હોય એનું વર્ણન છે. કહો, સમજાય છે કાંઈ?

એક બોલ ભાવનો આવી ગયો. ૩૩મી. આત્મામાં એક ભાવ નામનો ગુણ છે. કાલે ખૂબ આવ્યું હતું. ૫૦ મિનિટ. આત્મા વસ્તુ (છે) એમાં એક ભાવ નામનો ગુણ છે કે જે ગુણને કારણે એની વર્તમાન અવસ્થામાં જેટલા ગુણો અનંત છે એની વિદ્યમાન નિર્મળ અવસ્થા હોય, હોય ને હોય.

મુમુક્ષુ :- નિર્મળ ક્યાંથી કાઢ્યું?

ઉત્તર :- એ નિર્મળની જ વાત છે અહીં. નિર્મળ આત્માની વાત (છે). રાગની વાત જ ક્યાં છે અહીંયાં.

મુમુક્ષુ :- અવસ્થા...

ઉત્તર :- એ અવસ્થા એટલે જે વસ્તુ છે એની અવસ્થા. નિર્મળની જ વાત ચાલે છે અહીં. આ રાગ ને પુણ્ય ને એ કાંઈ આત્મા ચીજ જ નથી. એ તો હમણા અભાવમાં આવશે ને. આ શરીર, વાણી એ તો જડ છે. એનાથી તો ભિન્ન છે આત્મા. પણ પુણ્ય-પાપના વિકલ્પો છે, રાગ છે એ પણ આસ્રવ છે. એનાથી આત્મા ભિન્ન છે. એવો ભિન્ન આત્મા અંતરમાં જેણે દૃષ્ટિમાં લીધો એટલે કે જ્ઞાનસ્વરૂપને, જ્ઞાયકને આત્મામાં, જ્ઞાનમાં લઈ અને પ્રતીત અનુભવ કર્યો એણે સમ્યગ્દર્શન-જ્ઞાન થતાં કેટલા ગુણોની પરિણતિ નિર્મળ સાથે હોય છે એ નિર્મળની અહીં વાત ચાલે છે. સમજાણું કાંઈ? આ વિના એને સમાધિ, શાંતિ અને જન્મ-મરણનો અંત આવે એવું નથી. સમજાણું કાંઈ? એ દુઃખી છે. ચાહે તો સ્વર્ગનો દેવ હો, નરકનો નારકી હો, આ અબજોપતિ ગૃહસ્થ હો કે રાંકો સાતમી નરકનો નારકી હો,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

બધા આત્માના આનંદના ભાન વિના, સંકલ્પ-વિકલ્પના કર્તાથી દુઃખી છે. કહો, શેઠી! દુઃખમાં જલી રહ્યા છે. ભગવાન આત્મા ચાર ગતિ અને ચાર ગતિના ભાવથી ભિન્ન છે. એવું જેને અંતર જ્ઞાન અને ભાન નથી એ ચાર ગતિના ભાવરૂપી પરિણામને કરીને, જલીને બળી રહ્યા છે. સમજાય છે કાંઈ? અહીં પણ બે, પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડ મળે એમાં પણ દુઃખી છે. કારણ કે મળ્યું નથી એને. એને તો રાગ થાય છે કે આહાહા..! આહાહા..! આ મને મળ્યું. એ રાગ (છે). એ રાગ છે એ દુઃખ છે. અને એના પરિણામમાં પણ ચાર ગતિમાં પાછું રખડવાનું છે.

મુમુક્ષુ :- બે દંડ?

ઉત્તર :- બં દંડ ક્યાં છે? રાગની એકતાબુદ્ધિ છે એ રખડવાનું કારણ છે. એટલે અત્યારે રાગ અને પછી ભવિષ્યમાં કઈ ગતિ થાશે એની કાંઈ એને ખબર નથી. ગતિ તો થવાની છે. આ બધા શેઠિયા, કરોડોપતિ જે એમાં ને એમાં મશગુલ થઈને મરે છે ને, એ મરીને બધા ઢોર આદિમાં જવાના છે એમ કહે છે.

મુમુક્ષુ :- દેવમાં જવાના...

ઉત્તર :- એ કોઈ વળી પુણ્ય રાગની મંદતા અને પુણ્યભાવ હોય તો. સમજાણું કાંઈ? અને એકલી તૃષ્ણા (હોય કે) આ રળું, આ કરું, આ કરું, આ કરું. આ કરવું છે ને પછી આ કરવું છે, પછી આ થાવું છે અને પછી આ કરવું છે. એવા સંકલ્પ-વિકલ્પની ઘાણીમાં પીલાવા વર્તમાન દુઃખી અને ભવિષ્યમાં દુઃખની ગતિમાં જવાના છે. સમજાણું કાંઈ? જેને જન્મ-મરણના અંતની ખબર નથી અને ક્યાં જન્મીશ અને ક્યાં મરીશ, અવતરીશ એની ખબર નથી. ભાન વિનાના આત્મા એને દુઃખ ને દુઃખ ને દુઃખી જ છે, કહે છે. ચાર ગતિમાં અવતરવું એ પરાધીન દશા છે. એ આત્માનો સ્વભાવ નથી. ચાહે તો પુણ્ય હોય લ્યો ને. પુણ્યથી કદાચિત કોઈ ગતિ સ્વર્ગમાં મળે, પણ મિથ્યાત્વભાવ છે એ પુણ્યથી મારું કર્તવ્ય છે અને એ મારું આચરણ અને હું કાંઈક અધિક થયો અને મેં કાંઈક ઠીક કર્યું, એવો જે મિથ્યાત્વભાવ, એ મિથ્યાત્વભાવમાં ચાર ગતિમાં રખડવાની શક્તિ છે. સમજાણું કાંઈ? એનાથી રહિત હવે ગતિરહિત થવું અને સ્વરૂપની સ્થિતિ થવી શું છે એ વાત ચાલે છે અહીં.

ભગવાન આત્મા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ એ સ્વભાવ છે ને? વસ્તુ છે ને? એમાં સ્વભાવ છે એનું બેહદ જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, એવું જેણે આત્માના દ્રવ્યને એટલે વસ્તુને જેણે દૃષ્ટિમાં લઈ, રુચિમાં લઈ અને જેને પરિણિત અનંતગુણ નિર્મળરૂપે પરિણમ્યા છે, થયા છે એને આત્મા કહીએ અને એને આત્માની ઉપલબ્ધિ થઈ એમ કહેવામાં

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આવે છે. બાકી તો અણાત્માની પ્રાપ્તિ છે. એ અણાત્મા તો દુઃખી છે. સમજાણું કાંઈ?

કહે છે કે ભાવ નામનો એવો ગુણ છે આત્મામાં, કે જે આત્માના ગુણી એટલે આત્મા અનંત ગુણનો ધણી એવી વસ્તુ એને પરથી ભિન્ન પાડીને ભેદજ્ઞાન કરતાં, એનામાં એવો એક ભાવ નામનો ગુણ છે કે જેની વર્તમાન અવસ્થા અનંતગુણ માયલી કોઈપણ અનંતગુણની એક અવસ્થા વર્તમાન હોય, હોય ને હોય. એવો એ ભાવ નામનો ગુણ છે. સમ્યગ્દર્શન શ્રદ્ધાની પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાનની પર્યાયમાં સમ્યગ્જ્ઞાન, ચારિત્રના ગુણની પર્યાયમાં સ્થિરતા, આનંદની પર્યાયમાં આનંદની અવસ્થા, સ્વચ્છતા ગુણની સ્વચ્છ પર્યાય, પ્રભુતા ગુણની પ્રભુત્વ પર્યાય, અકાર્યકારણ ગુણની અકાર્યકારીપર્યાય કે રાગનો હું કર્તા નહિ અને રાગનું હું કારણ નહિ. એવું એની પર્યાયમાં અનંતા ગુણનું પરિણમન થાય એમાં ભાવશક્તિથી એની એક અવસ્થા ગુણની હોય, હોય ને હોય. કહો, સમજાણું કાંઈ?

૩૪મી. '**શૂન્ય (-અવિદ્યમાન) અવસ્થાવાળાપણારૂપ અભાવશક્તિ.**' ૩૪. કેવો છે એક આત્મામાં ગુણ બીજો? અભાવગુણ છે. એટલે કે કર્મ, શરીર પાંચ-ઔદારિક, વૈક્રિયિક આહારક, તેજસ, કાર્મણ, આઠ કર્મ. આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા અને મન. એ બધાથી રહિતપણું અંદર અભાવ છે એનો. એ રહિતપણે વર્તમાન સ્વભાવ છે એવી અભાવ શક્તિનો ગુણ તે પરથી અભાવપણે પરિણમન થઈને, પરના અભાવપણે એની દશા થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... પરનો અભાવ.

ઉત્તર :- આ પર કીધું ને. પાંચ શરીર, આઠ કર્મ, આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા અને મન એ બધાથી આત્માની દૃષ્ટિ થતાં આત્મામાં એવો અભાવ નામનો ગુણ છે કે વર્તમાનમાં એનાથી રહિત જ એનું પરિણમન છે. સમજાણું કાંઈ? અભાવગુણને કારણે પાંચ શરીર અને કર્મ અને આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા, મન. આ શ્વાસ ચાલે છે, આ ભાષા છે, અંદર આહાર, ઈન્દ્રિય એ બધા પદાર્થથી આત્મામાં અભાવ નામનો ગુણ છે જેથી અભાવ નામનું પરિણમન એમાં ચાલે છે. આહાહા..! એ ગુણ છે એની પરિણતિ છે ને એની અવસ્થા?

સમ્યગ્દર્શન આત્માનું ભાન થતાં એમાં અભાવ નામના ગુણની પણ પ્રતીત એમાં આવી ગઈ એક દ્રવ્યની પ્રતીતમાં. ધર્મીને કર્મ ને રાગ ને પુણ્ય-પાપના વિકલ્પ એનાથી અભાવરૂપ પરિણમન (થાય) એવો એનો અભાવ નામનો ગુણ છે. આહાહા..! લ્યો, આ તો સિદ્ધ થઈ ગયો. એ તો નિર્મળ પરિણમન ઓછું છે એ જુદી વાત છે. પણ પરના તો અભાવરૂપે જ પરિણમન છે. શું કહ્યું? ધરમચંદજી! સિદ્ધને જેમ પરના અભાવરૂપ પરિણમન છે, એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સમ્યગ્દષ્ટિ, સમ્યક્ આત્મા શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય, અનંત ગુણનું એકરૂપ, એવું અંતર્મુખ થઈને પ્રતીત, અનુભવ જ્ઞાનમાં જ્ઞેયસ્વરૂપ સ્વને લેતા એની વર્તમાન દશામાં શરીર, કર્મ, ઈન્દ્રિયો, શ્વાસ, ભાષા, મન જડ. આ મન છે ને અહીં? એ બધાના રહિત એનું પરિણમન છે એવો જ એનો ગુણ છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, જગુભાઈ! સમજાય છે કે નહિ આમાં? શું કહે છે આમાં? કહે છે, બાયડી, છોકરા નહિ, શરીર નહિ, ઈન્દ્રિય નહિ, શ્વાસ નહિ, આ શ્વાસ ચાલે એનાથી રહિત પરિણમન છે એમ કહે છે. અત્યારે.

આ શ્વાસ ચાલે છે, આ ભાષા થાય છે, પાંચ શરીર છે, ઈન્દ્રિયો આ જડ છે પાંચ જુઓ. સમજ્યાને? આહાર લેવાય છે એ ક્રિયા જે જડની છે. આહાર, શરીર, ઈન્દ્રિયો, શ્વાસ, ભાષા અને મન અને આઠ કર્મ. એ બધાથી આત્મામાં અભાવરૂપ એનો ગુણ છે એથી વર્તમાનમાં એના અભાવરૂપ પરિણમન છે એનું. અજ્ઞાનીએ માન્યું છે એ મિથ્યાત્વ છે. હું શ્વાસવાળો છું, ઈન્દ્રિયવાળો છું, ભાષાવાળો છું, કર્મવાળો છું. એવું જે એનાથી રહિત છે એને સહિત માને એ મિથ્યાત્વભાવ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! ઓલા કહે, બાવો થાય ત્યારે સમજાય આ. બાયડી, છોકરામાં રહેવું, ધંધામાં રહેવું અને આનાથી રહિત. હતો કે દી સાંભળને હવે. મફતનો માનીને બેઠો છે.

ભગવાન આત્મા શરીરના એક એક રજકણના અભાવસ્વરૂપે છે. સમજાણું? આઠેય કર્મનો અભાવ વર્તમાનમાં ન હોય તો આત્મા જ પોતે ન હોય એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? અહીંયાં આઠ વર્ષની બાલિકા સમ્યક્ પામે અને દેડકું સમ્યક્ પામે. છ ખંડનો ચક્રવર્તી રાજા જેને સોળ હજાર દેવ સેવા કરે અને ૭૨ હજાર નગર, ૪૮ હજાર પાટણ વગેરે.. વગેરે... એ કન્યા એની હોય, સમ્યગ્દષ્ટિ હોય, ધર્મી હોય તો એ એવું માને અને જાણે છે અને એવું થાય છે કે આ બધી ચીજનો મારામાં અભાવ છે, એવા અભાવરૂપે હું અત્યારે વર્તું છું. એના ભાવરૂપે વર્તુ છું એમ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- .... વયો જાય નહિ.

ઉત્તર :- ક્યાં જાય પણ? ક્યાં વયો જાય? આહાહા..! સમજાણું કાંઈ?

જ્યાં જે ક્ષેત્રે અને કોઈપણ કાળે ધર્મી જ્યાં હોય તે ક્ષેત્ર અને તે કાળમાં તે બધી ચીજના અભાવરૂપે પરિણમે છે એવી અભાવ નામની શક્તિનો ગુણ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો ધર્મ કેવી જાતનો? ઓલું તો કહે, દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા. અરે.. સાંભળને ભાઈ! તારો આત્મા આવા અનંત ગુણવાળો છે એવી શક્તિમાં એક અભાવ નામની શક્તિ છે, એવા ગુણવાળો માન ત્યારે તારા આત્માની તેં દયા કરી અને એવા ગુણવાળો ન માન તો તેં આત્માની હિંસા કરી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- વાણિયા હિંસા કરે?

ઉત્તર :- વાણિયા એટલે કોણ? વેપારી. આ વેપાર કરે ઈ. દયા રાખું છું, પરની દયા કરું છું, દયાનો ભાવ મારો છે એ સહિત હું છું, એ સહિત હું છું. તો અભાવગુણ છે, એનાથી રહિત અભાવગુણ છે એ ગુણને ન માન્યો તો એ ગુણ એનામાં છે, આત્મામાં એ ગુણીને પણ માન્યો નહિ. આત્માને માન્યો જ નથી એણે. આહાહા..! કહો, સમજાય છે કે નહિ આમાં? ભાઈ, આ તો ધર્મ આવો છે. આ કાંઈ ઉપરથી લઈ જાય કાંઈ એવો નથી. જુઓને પણ મૃત્યુ કાળે આંતરડા કાંઈ કાંઈ ફરે, શ્વાસ કાંઈક ગતિ કરે, અંદર પરમાણુ કંઈ કંઈ ફરે. બાપુ! એ છૂટવું છે એ ટાણે એ છૂટેલો અંદર અનુભવ કરશે તો છૂટશે સરખો-સમાધિથી છૂટશે. નહિતર તો ટાંટિયા ધ્રૂજે ને હાય.. હાય... હાય.. કરે. અને કદાચિત શુભભાવે મરે તોપણ એ આકુળતા અને મિથ્યાત્વભાવમાં મરે છે. આહાહા..! નમો અરિહંતાણં.. લ્યો એમ કરીને મરે. તોપણ એ રાગ છે અને એ રાગવાળો છું આત્મા એવું જેણે માન્યું છે એણે રાગના અભાવસ્વરૂપ આત્મા છે એવા અભાવગુણને અને ગુણીને માન્યો નથી. આહાહા..! ભારે વાતું ભાઈ! વીતરાગમાર્ગની સ્થિતિ ઓહોહો..!

ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપે ચિદ્ઘન છે. એનામાં એ અભાવ નામનો ગુણ છે, એક શક્તિ છે. અહીં શક્તિ શક્તિ વર્ણવી છે ને. સત્ત્વ વર્ણવ્યું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શક્તિને ગુણ લેવો કે પર્યાય?

ઉત્તર :- એ ગુણ, ગુણ. અહીં શક્તિને ગુણ લેવો. અહીં તો શક્તિવાળો ગુણ પણ એ પરિણમે છે એમાં પર્યાય છે ભેગી. શક્તિ છે અને આ શક્તિવાન છે એમ થયો ત્યારે એનું કાર્ય આવ્યું કે નહિ? ગુણનું કાર્ય આવ્યા વિના આ શક્તિ છે અને શક્તિવાનની પ્રતીતિ ક્યાંથી આવી? સમજાણું કાંઈ? પર્યાયમાં આ રાગરહિત જ આ પરિણમન છે, કર્મરહિત જ પરિણમન છે એવી પર્યાયમાં આવ્યા વિના આ અભાવશક્તિ છે અને એનો ધરનારો એ અભાવનો ધરનારો આખો અભાવરૂપ છે એ પરથી એવી પ્રતીત આવે ક્યાંથી? અભાવ નામનો ગુણ દ્રવ્યમાં વ્યાપ્યો છે, ગુણમાં વ્યાપ્યો છે અને એનો અનુભવ થતાં એ પર્યાયમાં વ્યાપે છે. સમજાણું કાંઈ? બહુ ઝીણું પણ.

મુમુક્ષુ :- જાડો બતાવો ને.

ઉત્તર :- પણ માર્ગ જ આ છે, જાડો કહો કે ઝીણો કહો. એને આ સમજ્યે છૂટકો છે. જન્મ-મરણ નહિ મટે નહિતર. ચોર્યાસીની ઘાણીમાં પીલાય છે. મોટો ઘાણીમાં પીલાય છે એની એને ખબર નથી. આહાહા..!

ભગવાન આત્મા રાગના અને શરીરના અને શ્વાસ, મનના, આ મન છે ને અહીં મન

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જડ, એનામાં અભાવરૂપ એ આત્માનો ગુણ છે. મનના અભાવરૂપે પરિણમવું, શ્વાસના અભાવરૂપે થવું, ભાષાના અભાવસ્વરૂપે થવું, પાંચ શરીરના અભાવરૂપે રહેવું, કર્મના અભાવરૂપે રહેવું એવો એનો ગુણ છે. સમજાણું કાંઈ? એ ગુણનો ધરનાર ગુણીને ત્યારે માન્યો કહેવાય, કે એના અભાવરૂપ પરિણમન હોય તો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... પરિણમન થાય?

ઉત્તર :- ના. નથી. એને ભાવરૂપ માને છે ને. મિથ્યાત્વ છે અંદર. ભાવરૂપ માને છે ને. શ્રદ્ધા મિથ્યા ભ્રમ છે અંદર વચ્ચે. છે તો અભાવરૂપ એનો ગુણ, પણ પર્યાયમાં એનું પરિણમન આવ્યું. કારણ કે આ છું... આ છું.. એમ થયું ને. દ્રવ્ય તો જોયું નથી. દ્રવ્યની પ્રતીતિ નથી. રાગ છું, પુણ્ય છું, આ છું.. આ છું. એટલે એનું પરિણમન પરથી અભાવરૂપે છે જ નહિ. એને તો રાગ અને પુણ્ય એ જ મારું સ્વરૂપ છે અને શરીરની ક્રિયા આદિ હું છું અને કર્મ સહિતનું એવું જ એનું પરિણમન માન્યતામાં એ છે. એટલે અભાવગુણનું પરિણમન એને આવ્યું નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા..! વીતરાગમાર્ગ કેવળીનો છે એને ધર્મ માર્ગ બાપુ! જુદી જાતનો. આહાહા..! જુઓને. લાખો માણસો ઊભા હોય ને શ્વાસ ચાલે, શરીરની ક્રિયા ફેરફાર થાય, આમ મોઢું થાય. કાંઈ કોણ કરે? પરને કરે કોણ? એ પર વિનાનો આત્મા છે એવો અનુભવ નહિ કરે, દૃષ્ટિ નહિ કરે, પીલાઈને મરશે ચોર્યાસીના અવતારમાં. સમજાણું કાંઈ? વર્તમાન કરશે નહિ એને ભવિષ્યમાં એ પ્રમાણે પરિણમશે નહિ. સમજાણું કાંઈ?

વર્તમાનમાં હું રાગ ને પુણ્ય ને આઠ કર્મથી રહિત જ છું. સહિત હોઉં તો અનંતગુણ સહિત છું. સહિત હોઉં તો અનંતગુણ સહિત જ છું. રહિત હોઉં તો પરના અભાવરૂપ છું. આહાહા..! એને આત્મા કહેવાય અને એવા આત્માને માને, જાણે ત્યારે એણે આત્મા માન્યો અને અનુભવ્યો કહેવાય. ત્યારે એને ધર્મ થયો આત્મા માન્યો એટલે. આહાહા..! ભારે વાતું ભાઈ! કહો, સમજાય છે કે નહિ આમાં? બધું કાઢી નાખવું પડે. આહાહા..! કેટલા બહારના ડહાપણ, બહારની હુશિયારી ને.. એય.. સુમનભાઈ! કહે છે કે એ બધો અભાવ છે એમાં. અરે.. અરે.. ભારે વાત.

મુમુક્ષુ :- કેટલા ટકા?

ઉત્તર :- સોએ સો ટકા અભાવ છે. આહાહા..!

ભગવાન આત્મા પ્રભુ તારો અંદરમાં ડોલે. ભગવાન ચૈતન્યસ્વરૂપ છે ભાઈ! અનંત ગુણરૂપ શક્તિ એમાં એ અભાવરૂપ ગુણરૂપ શક્તિ એ અભાવરૂપનું કાર્ય શું છે? એ તો ગુણ છે. પણ કાર્ય આવે ત્યારે ગુણને માન્યો કહેવાય ને? સમજાણું કાંઈ? અને કાર્ય આવે ત્યારે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કારણને આ દ્રવ્ય આવું છે અભાવશક્તિવાળું ત્યારે માન્યું કહેવાય ને? જે ક્ષણે ભગવાન આત્મા પોતાને રાગથી, પરથી ભિન્ન જાણી પોતાને અનુભવે તે ક્ષણે તેને તે કાળથી રાગ અને પરથી અભાવરૂપ જ એનું પરિણમન છે. ત્યારે તેણે આત્માને આત્મા તરીકે જાણીને સ્વીકાર્યો છે. આત્મા થયો. ત્યારે આત્મા થયો. નહિતર આત્મા થયો નહોતો. આહાહા..! શરીરની ક્રિયા હું કરું, આ ભાષાની ક્રિયા હું કરું, દયા, દાનના પરિણામ એ મારા કર્તવ્ય છે, એ મને લાભદાયક છે. એવો ભાવ છે ત્યાં સુધી આત્મા થયો નથી. એ અનાત્મા થઈને રખડી રહ્યો છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. અનાત્મા અનાત્મા માન્યો. માનવામાં છે ને. વસ્તુ છે ઈ છે. આમ ન માન્યું એટલે આમ થયો. આ પુણ્યવાળો છું, આ પાપ પરિણામવાળો હોં! પુણ્યના પરિણામવાળો, વિકારવાળો, રાગવાળો, વિકલ્પવાળો, આ પરના જાણવા તરફનું એટલો એ ગુણવાળો. એ બધું પર છે વસ્તુ. પરનું જાણવું એ પર છે. એ આત્માનો સ્વભાવ ક્યાં છે? એ આત્મા ક્યાં છે? કહો, સમજાણું કાંઈ? આ સંસારની બધી વેપારની, ઉદ્યોગની, આ વકીલાતની, આ બધી તેલની એ બધી કળાઓ આત્માની નહિ એમ કહે છે. એ તો જડની છે. એ જ્ઞાન જ જડ છે. એય..! દુઃખરૂપ છે એમ કહે છે. આહાહા..! કહો, જગુભાઈ! તમે તો બધા બહુ ડાહ્યા કહેવાઓ છો ગામમાં.

મુમુક્ષુ :- નામ જડ છે.

ઉત્તર :- જડ છે. જડ જ કીધું છે એને. જેનામાં સુખ ન આવે એ દુઃખ આવે એ દુઃખ જ જડ છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો અભાવ. શું કીધું? '**શૂન્ય અવસ્થાવાળા...**' પણ એની વર્તમાન પુણ્ય-પાપના વ્યવહારના વિકલ્પો, મન, વાણી, દેહ અને કર્મ એનાથી શૂન્ય અવસ્થાવાળાપણું પરિણમન જીવમાં છે. એને જીવ કહેવામાં આવે છે. આહાહા..! ત્યારે શૂન્ય અવસ્થાવાળું છે આનાથી. ત્યારે અશૂન્યવાળું શું? શ્રદ્ધા, જ્ઞાન, શાંતિની અવસ્થાથી અશૂન્ય છે. એ તો પહેલું આવ્યું. વર્તમાન વિદ્યમાન છે. શાંતિ, શ્રદ્ધા, આનંદ એવી વર્તમાન અવસ્થાથી વિદ્યમાન છે. એની હયાતીમાં સત્‌માં એ છે. આની અહયાતીમાં એ છે. કહો, સમજાણું આમાં? આવો તાવ આવશે એમ ડોક્ટર નથી કહેતા? શું કહેવાય તમારે? આ ટાઈફોઈડ. સાત દી ચાલશે, ચૌદ દી ચાલશે. પણ આવશે એમ આવે તો તું રોકી શકતો નથી ને? એય.. ડોક્ટર!

મુમુક્ષુ :- હવે રોકી શકે છે.

ઉત્તર :- ધૂળેય રોકતો નથી. એ તો મફતનું.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુમુક્ષુ :- હવે દવાઓ નીકળી છે.

ઉત્તર :- એ બધી ગોળીયું ખાઈને હેરાન થઈ જાય છે. એવી નબળાઈ પાછળથી થાય છે, એવી નબળાઈ થાય છે ને. સાંભળ્યું છે ને. બધું સાંભળ્યું હોય ને તમારું. અહીં ક્યાં અમને ટાઈફોઈડ થયો નથી, ગોળી તમારી લીધી નથી. પાછા ઉથલા મારે છે કેટલાય. આ ધરમચંદભાઈને નહોતું? ક્યાં ગયા? આ રહ્યા જુઓ. એને કેટલી વાર કેટલી વાર ખોરાક થોડો ખાય, .. થઈ ગયું. ઉછાળા મારે ઉપરા ઉપર લ્યો. એ એની અવસ્થા થવા કાળે થાય, થાય ને થાય. ડોક્ટર કહે, આ સાત દી ચાલશે. ચાલશે ને? કે .. ચાલશે? સમજાણું?

એ શરીરની અવસ્થા, કર્મની અવસ્થા અને ભાવકર્મની અવસ્થા અને શ્વાસ, ભાષાની અવસ્થા એ અવસ્થાનો જીવની પર્યાયમાં અભાવરૂપ છે. કેમકે એનો અભાવરૂપ ગુણ છે. આહાહા..! એક બોલ પણ જો બરાબર સમજે ને તો એણે આખું એગં જાણઈ સવ્વં જાણઈ. એગં જાણઈ સવ્વં જાણઈ. જેણે આત્માને જાણ્યો એણે બધું જાણ્યું. દુનિયા જાણી, ચૌદ પૂર્વ જાણ્યા, બાર અંગ જાણ્યા અને કેવળી જાણ્યું. લ્યો! આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે '**(-અવિદ્યમાન) અવસ્થાવાળાપણારૂપ...**' આત્માની પર્યાયમાં કર્મ અને શ્વાસની અવસ્થા છે જ નહિ. સમજાણું? '**શૂન્ય (-અવિદ્યમાન)...**' પણ ક્યારે? થાય ત્યારે ને? ના. ના. અત્યારે જ છે. સાંભળને. ભલે રહ્યા જોડે ચીજ. રાગ હો, પુણ્યના પરિણામ હો, શરીર આદિની ક્રિયા હો, આઠેય કર્મ પર્યાયપણે રહ્યા હો. શું છે? આહાહા..! સમજાણું કાંઈ? આ આયુષ્યની અવસ્થાપણે આયુષ્યની છે જેટલી સ્થિતિ તે પ્રમાણે શરીરમાં રહેવું જોઈએ. કહે છે એવું આત્મામાં નથી એમ કહે છે. એય..! જ્યાં સુધી આયુષ્યની સ્થિતિ હોય ત્યાં રહેવું પડે છે. એ પોતાની યોગ્યતાથી જે રહે છે અને એ અવસ્થા એનામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? આયુષ્યને કારણે રહે છે એ તો આત્મામાં છે જ નહિ. પણ પોતાની યોગ્યતાથી જે રહ્યો છે શરીરમાં, યોગ્યતાથી એ પણ એક સમયની અવસ્થા એવો ભાવ એમાં રહેવું એમ આત્મામાં છે જ નહિ. આહાહા..! આયુષ્યપણે અને એની સ્થિતિ પ્રમાણે રહેવું એવો ભાવ જ આત્મામાં નથી એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? ભારે વાત! ઓલા કહે, આયુષ્ય હોય ત્યાં સુધી રહેવું પડશે. અહીં તો કહે છે, તારી પર્યાયની યોગ્યતા પ્રમાણે રહે છે. આયુષ્યને કારણે નહિ. એ પર્યાયબુદ્ધિમાં. પર્યાયબુદ્ધિમાં તારી યોગ્યતાથી શરીરમાં રહ્યો છે. આયુષ્યને કારણે નહિ, શરીરને કારણે નહિ. એ પર્યાયબુદ્ધિમાં, મિથ્યાબુદ્ધિમાં, અંશબુદ્ધિમાં. વસ્તુબુદ્ધિમાં નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાયબુદ્ધિ કહો કે પાપબુદ્ધિ કહો કે મિથ્યાબુદ્ધિ કહો કે દુઃખબુદ્ધિ કહો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આહાહા..! વાહ રે વાહ! કેવી શૈલીથી વાત કરી છે ને! ગજબ શૈલી કોઈ ગજબ શૈલી!! અભાવ... અભાવ... અભાવ. આયુષ્યને કારણે ત્યાં રહેવું નથી, પોતાની યોગ્યતાથી રહ્યો છે એ અવસ્થા જ એનામાં નથી. એનાથી અભાવરૂપ અવસ્થા છે કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! આ મૂળ ઘરની વાત છે. મૂળ ઘરની વાત છે એટલે મૂળ ઘરની વાત એણે બહુ વિચારવી પડશે. મંથન કરીને એને દૃષ્ટિમાં લેવી પડશે. આ લીધા વિના જન્મ-મરણ નહિ મટે. અને જન્મ-મરણ છે જ નહિ એવી દૃષ્ટિ થયા વિના જન્મ-મરણ જશે નહિ. આહાહા..! સમજાય છે? જન્મ અને મરણ, વૃદ્ધાવસ્થા, બાળ અને યુવાન, દરિદ્ર અને નિર્ધન મારી ચીજમાં જ નથી. આહાહા..!

ભગવાન આત્મા અનંત શક્તિ સંપન્નમાં અભાવ નામની એક શક્તિ છે, ગુણ છે. એ ગુણના પરિણમનમાં પરના અભાવસ્વરૂપે જ એની પરિણતિ છે. સમજાણું કાંઈ? ધીમે ધીમે સાંભળીને વિચારવામાં મૂકવા જેવું છે. એટલે હળવે હળવે કહેવાય છે. આમા કાંઈ ઓલા પ્રોફેસર બોલી જાય એક કલાક એમ નથી ચાલતું. આહાહા..! જુઓને ભાઈ! વસ્તુ છો ને તું. એટલે કહે છે કે કોઈપણ પરને કારણે પરાધીનપણે રહેવું એવો તારામાં ગુણ નથી. તું પરાધીન થઈને રહે એવો પણ ગુણ નથી. આહાહા..!

એ ઓલામાં લીધું પ્રવચનસારમાં. એ તો પર્યાયના પરિણમનની અપેક્ષાએ લીધું. વસ્તુ દૃષ્ટિ થતાં પરને પરાધીન થવું એવી દશાનો અભાવ જીવમાં છે. આહાહા..! પર તો એને આધીન કરતું નથી, કર્મ ને શરીર આધીન કરતું જ નથી. પણ પરને આધીન થવાની વર્તમાન જે લાયકાત છે એનો પણ અભાવગુણને કારણે એના અભાવરૂપે પરિણમન છે. આહાહા..! સમજાણું કાંઈ? એવો જીવ ભગવાન જ્ઞાયકભાવે, આનંદભાવે અવસ્થારૂપે હોય એને આવી અવસ્થાપણે કેમ હોય? એમ કહે છે. જુઓ! આનું નામ અનેકાંત છે. અને આ શક્તિમાં વ્યવહારનો અભાવ છે. જેટલો વ્યવહાર કહો પર્યાયનો, રહેવાનો, રાગનો બધો એમાં અભાવ છે. એનું નામ એને અનેકાંત કહેવામાં આવે છે. આ પણ છે અને આ પણ છે એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

આ તો આત્માના ઝવેરીના ધંધા છે. સમજાણું? ઓલામાં દાખલો આવ્યો છે ને? ઓલો ક્રિયા કરતો હતો અને એક ઝવેરી હતો. મુઠ્ઠી ડાળિયા આપીને હીરો લઈ લીધો. હીરાની કિંમત ન મળે. હીરો આવ્યો હશે ક્યાંકથી હાથમાં. અબજો રૂપિયાનો. ભાઈ સાહેબ દાળિયા. એક મુઠી દાળિયા છે ને આ કાંઈ ખાવા તમને ન કામ આવે નહિ. આ કામ આવશે દાળિયા. ખાઈ જજો. હા. હીરો આપી દીધો. ખબર ન મળે. ઓલા સમુદ્રમાં, સમુદ્રમાં નહિ? આ ભાઈ હતા ને? નથુભાઈ વારિયા. વારિયા હતા એ ઓલા શું કહેવાય? ફીણ. ફીણ શું કહેવાય

મગરમચ્છના. અંબર-અંબર. અમર ચાર-ચાર મણ લાવે ભીલો. ઓલામાંથી. સો રૂપિયાનો તોલો. ૬૦ રૂપિયાનો તોલો. તે દી ૬૦ રૂપિયાનો તોલો હતો. ચાર-ચાર મણ અંબર લાવે સમુદ્રમાંથી. આ લોકો ખજૂરના વાડિયા લઈને જાય. બે-પાંચ-દસ-પચ્ચીસ. ઓલો ચાર મણ અમર આપે અને એક ખજુરનું વાડીયું આપે. જો આ ખવાય. આ કાંઈ ખવાય ખરું? સાંઈઠ રૂપિયાનો તોલો. એય.. ભગવાનજીભાઈ! એમાં પૈસા થયા હતા. નથુભાઈને એમ થયા હતા. નથુ વારિયા. કહો, સમજાણું કાંઈ? એ કહેતા હતા કે અમારે આમ થઈ ગયા પૈસા. આમ તો એકદમ બે-પાંચ-દસ લાખ એકદમ ક્યાંથી થાય? એને ઘણા પૈસા હતા. ઘણા લાખોપતિ. એક વારિયું આપે. વારિયું સમજ્યાને? ચાર મણનું ખજૂરનું. ઓલા ખુશી ખુશી થઈ જાય. ઓહો..! ઓલું ચાર મણ હોય અંબર. એક તોલાના ૬૦ રૂપિયા તે દી. હવે તો અત્યારે ૧૦૦ રૂપિયા ઉપર. એક ખજૂરનું વારિયું આપતા. ખજૂરનું વારિયું કેટલું હોય? સમજ્યાને? બે રૂપિયાનું મણ, કે ચારનું, આ સાંઈઠ રૂપિયાનું મણ, ૬૦ રૂપિયાનું ઓલું. ઓલી કિંમત તો બે-પાંચ-દસ લાખ રૂપિયાની. કાંઈ ખબર ન મળે. આ ફીણ છે આપણે કાંઈ કામના નથી, ઓલા ભીલને.

એમ આત્મામાં અનંત ગુણની શક્તિની અજ્ઞાનીને ભીલની પેઠે ભાન નથી. અને એક પુણ્યના પરિણામમાં આખો આત્મા વેચી નાખે છે. ખજૂરનું વારિયું મળે છે. એ શુભભાવ તો મારો છે, મેં કર્યો જુઓ. અરે..! મરી જા. આખો આત્મા વયો જાય છે આમાં. સમજાણું કાંઈ? આ બધા ડાહ્યા કહેવાય એ પણ ત્યાં મરી જાય છે, કહે છે. આ મોટા વકીલ ડાહ્યા ન કહેવાય? ૨૦૦ રૂપિયા લેતા હોય છે. કોર્ટમાં રામજીભાઈની ધાક પડતી. રામજીભાઈ આવે તો... માણસો કહેતા. આપણે ક્યાં જોયું છે? કહો, સમજાણું કાંઈ? રામજીભાઈ આવે તો કહે ..ભાઈ બે હજારનું દનૈયું લે તો રામજીભાઈ .. એણે વિચારવું પડે લ્યો. એ કાંઈ બુદ્ધિની કિંમત હશે કે નહિ? અરે.. ભગવાન! એની કિંમત શું હોય? ભાઈ! આહાહા..! એમાં આખો આત્મા અર્પાઈ જાય છે કે આવો છું, હું આવો છું. ભાઈ! એવો નથી. સમજાય છે કાંઈ? આહાહા..! જાતિ, કુળ, બળ આવે છે ને? મદ. એ મદનો અર્થ આ છે. એ મદ છે એને. એ વિદ્યાનો ઉઘાડ પરલક્ષી એ મારો છે એ એને ભાન નથી. સમજાય છે? એ ભાઈ, તારું સ્વરૂપ નથી. તારામાંથી આમ આત્માને અડીને, સ્પર્શીને જ્ઞાન ને આનંદ આવે એ જ્ઞાનની પર્યાયનું ક્રમ પરિણમન તારું છે. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો! એ ૩૪મી થઈ શક્તિ.

૩૫મી. '**ભવતા પર્યાયના વ્યયરૂપ ભાવાભાવશક્તિ.**' આ બહુ શબ્દ ટૂંકા. શું કહે છે? જુઓ તો ખરા આહાહા..! માખણ ભર્યા છે એકલા! કહે છે, આત્મામાં એવો એક ગુણ છે કે ગુણી એવો આત્મા ભગવાન જે ગુણનો ધરનાર એવા આત્માને અનુભવમાં લેતા,

શ્રદ્ધા જ્ઞાનમાં લેતા એનામાં એવો એક ગુણ છે કે ભાવ '**ભવતા પર્યાયના વ્યયરૂપ...**' વર્તમાન જે પર્યાય વિદ્યમાનપણે વર્તે છે એનો અભાવ થશે. એનો અભાવ થશે અને નવી પર્યાય થશે. એવો એનામાં ગુણ છે. પરને કારણે નહિ. જુઓ, અહીં કહે છે. આ પર્યાય ગઈ અને આ પર્યાય થઈ એ પરને કારણે નહિ. સમજાય છે?

વિવિધતા પર્યાયમાં દેખાય, આનંદની, શાંતિની, જ્ઞાનની વિશેષતા, કહે છે કે એનું કારણ શું? કોઈ નિમિત્તની વિવિધતાને કારણે આ છે? ના. એ વર્તમાન વર્તતી અવસ્થા છે એનો અભાવ થવો એવો એનામાં ભાવ-અભાવ નામનો ગુણ છે. સમજાણું કાંઈ? છેલ્લી આ ૧૮-૧૯ શક્તિઓ તો બહુ ટૂંકી. ફક્ત અડધા પાનામાં છે અહીંથી. અહીંથી જરી એટલામાં. ઓહોહો..! કાર્ડમાં એ લખ્યું હોય, (પોસ્ટ) કાર્ડમાં. ઉઘાડા કાર્ડમાં લ્યો. પાંચસો ધોકડા ચાલતા ભાવથી ૨૦ વધારે હોય ને પણ લેજો લાખ. એટલી લીટી લખી હોય એ લખનારે. આડતિયા ઉપર. એમાં કેટલો ભાવ ભરેલો છે? ચાલતા ભાવથી ૨૦ રૂપિયા વધારે દઈને પણ એક લાખ ધોકડા અમારા વતી લેજો. ચૈત્ર સુદ બીજના. આ તે શું કહે છે? લાખ. આ તો મોટા વેપારી હતા. મોટા મોટા જબરા વેપારી છે. લાખ ને શું? અહીં લોકોને લાખ લાગે છે. કરોડો, અબજોમાં તો કાંઈ.. અબજો રૂપિયાના મોટા અમેરિકામાં અત્યારે તો ધંધા ચાલે છે. અબજો રૂપિયા. કારણ કે અબજોના અબજો ... છે. મોટી કંપનીઓ છે ને. કેટલા અબજો રૂપિયા છે એની પાસે. એ તો અહીં સાધારણ પુણ્યહીન પ્રાણી છે. ઓછા પુણ્ય છે એથી કરીને એમ નહિ હોં! ઓછા પુણ્યવાળાને ધર્મ થાય અને વધુ પુણ્યવાળાને ધર્મ ન થાય એટલે કાંઈ પુણ્યને લઈને ધર્મ છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પુણ્યનો તો અભાવ છે એમાં. સમજાણું કાંઈ? જુઓને વર્ણન દિગંબર સંતોનું! વસ્તુના તત્ત્વોને પ્રસિદ્ધ કરવા આત્મખ્યાતિ ટીકા છે આ. સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની વીતરાગદેવ, તીર્થંકરદેવ, પરમેશ્વરે જે આત્માના સ્વભાવનું વર્ણન કર્યું એવું જ વર્ણન સંતો કરે છે. ભગવાન પાસે જાણ્યું, અનુભવ્યું અને આવો આત્મા છે એમ વર્ણવે છે. આહાહા..! આવી વાત ક્યાંય અહીં સિવાય બીજે (નથી). સમયસાર સિવાય. વીતરાગના માર્ગ સિવાય ક્યાંય બીજે છે જ નહિ. ક્યાંય છે નહિ. દિગંબર સંતોએ ધર્મના આધાર થાંભલા ઊભા રાખ્યા છે. ઓહોહો..! એ આવો આત્મા વર્ણવ્યો નથી કોઈએ બીજાએ. કહો, પ્રેમચંદભાઈ! બીજા જૈનના સંપ્રદાયમાં સંપ્રદાય બીજા (ચાલે છે) એમાં આવો આત્મા નથી વર્ણવ્યો. કારણ કે એણે જાણ્યો નથી. જાણ્યા વિના કથન કર્યા છે એ બધા અજ્ઞાનથી કર્યા છે. સમજાણું કાંઈ? આહાહા..! .. અભાવમાં તો...

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


વર્તમાન પર્યાય એની વર્તે છે વિદ્યમાન નિર્મળ. અનુભવની પર્યાય ભલે આનંદની વર્તે પણ એનામાં એવો ગુણ છે એનો અભાવ થઈને બીજે સમયે બીજો જ અનુભવ (થશે). આહાહા..! એવો એનો ગુણ છે. સમજાણું કાંઈ? એટલે એમ કહીને એમ કહે છે કે વર્તમાન પર્યાયમાં જે પર્યાય સ્વતંત્ર પરિણમી છે એ બીજે સમયે પણ વર્તમાન પરિણામમાં આનો અભાવ થઈને બીજી થશે. આહાહા..! ઓહોહો..! પર્યાયદીઠની સ્વતંત્રતા અને પર્યાયદીઠના ઢંઢેરા પીટ્યા છે. સમય સમયની પર્યાય. એનામાં એવો ગુણ છે, કહે છે. સમજાણું કાંઈ? બીજે સમયે વિશેષ આનંદ આવ્યો, શાંતિ આવી, સમ્યગ્દર્શન ગુણસ્થાનમાં હોય જીવ અને પછી એકદમ સાતમું ગુણસ્થાન આવે. લ્યો! તો કહે છે કે આ વર્તમાન પર્યાયનો વ્યય થઈ અને પછી આવી એવો ભાવ-અભાવ નામનો ગુણ છે. એને કારણે આવી છે. આહાહા..! કોઈ કર્મનો આમ થયો, ઢીંકણું આમ કર્યું, વિકલ્પ પંચ મહાવ્રતના વિકલ્પ લીધા માટે આવ્યું છે સાતમું ગુણસ્થાન એમ નહિ, એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બધી વાતું વ્યવહારની આવે છે. વ્યવહારના ફળ સંસાર છે. કહો, સમજાણું આમાં? આહાહા..!

સમ્યગ્દર્શનમાં જે આત્માની શાંતિ અનુભવની પર્યાય છે, કહે છે કે એ પર્યાયમાં એ ગુણ એવો દ્રવ્યમાં છે ગુણ કે એ વર્તમાન પર્યાયનો વ્યય જ થશે. એ વ્યય થવા નામનો એ ભાવ-અભાવ નામનો ગુણ છે. ભાવ છે એનો અભાવ થશે. એવો એનો ગુણ છે. કોઈને કારણે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! એકદમ ચારિત્ર પ્રગટ્યું અને ચારિત્રની પર્યાયનો પણ યથાખ્યાતનો વ્યય થઈને કેવળજ્ઞાન પ્રગટે, કહે છે કે એ તો વ્યય અભાવ થાય એવો તો એનામાં ગુણ છે. વ્યય એટલે વર્તમાનનો. વર્તમાન પર્યાયનો વ્યય થવો એવો જ એક ભાવ છે એનો વ્યય થવો એવો એક ગુણ છે. વર્તમાન છે તેનો વ્યય થવો એટલી વાત છે અત્યારે.

નિર્મળ પર્યાય સમ્યગ્દષ્ટિ આદિને જે જે ગુણસ્થાને જેટલી વર્તે છે, તે વર્તતી અવસ્થામાં એ શક્તિનો એક એવો ગુણ છે કે તેનો અભાવ થશે. ભાવ એ રૂપે એક સમયમાત્ર રહેશે. સમયમાત્ર રહેશે. જુઓ! એ ભાવ સમયમાત્ર રહેશે. એ સમય પછી વ્યય થશે એવો ભાવ-અભાવ નામનો ગુણ છે. સમજાણું કાંઈ? જાધવજીભાઈ! ક્યાં આમાં હતું કાંઈ ત્યાં? ત્યાં તો આ કરો, સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો. આ ઝવેરચંદભાઈ ને જુઓ બધા બેઠા તમારે ત્યાંના છે ને. બસ! ખુશી થઈ જાય કે આપણે ધર્મ કર્યો. લ્યો બાર મહિને મિચ્છામી દુક્કડમ જાવ. ધૂળેય નથી. આત્માનું મિચ્છામી દુક્કડમ કર્યું. આત્મા આવો છે એ અમારે જાણવો નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય થાતો નથી. ધર્મ કરનારો ધર્મની પર્યાય કેવી હોય એની ખબર ન મળે. એ ધર્મની પર્યાય ક્યાંથી પ્રગટે અને ક્યા કારણે પ્રગટે એની ખબર ન મળે. ક્યાંથી ધર્મ થાતા હતા? ધૂળમાં? આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, '**ભવતા પર્યાયના...**' વર્તતા પર્યાયના, થતા પર્યાયના, પરિણમતા વર્તમાન પર્યાયના. આ નિર્મળ પર્યાયની વાત છે, હોં! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ જે વર્તમાન અનંત ગુણની વિદ્યમાન અવસ્થાપણે વર્તે છે, એ એક ગુણ કીધો, એમાં બીજાનો અભાવ એ બીજો ગુણ કીધો, આ ત્રીજો ગુણ વર્તમાન વર્તતી પર્યાયનો અભાવ થાય એવો ત્રીજો ગુણ કીધો. આહાહા..! સમજાણું? કેટલી વાતે સિદ્ધ કર્યું છે! ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ કરી ગયા, અસ્તિત્વ પરિણામ સદશ.. સમજાણું? આ રીતે પાછું કીધું. વસ્તુનો એવો ગુણ છે. આત્મા ભગવાન એમાં અનંતા ગુણનો દરિયો છે ઈ. એવો ભગવાન આત્મા જેણે રાગથી અને પરથી ભિન્ન પાડીને ભેદજ્ઞાન કર્યું છે એની પર્યાયમાં જે નિર્મળ અવસ્થા વર્તમાન વર્તે છે એનો વ્યય થશે. એ એક સમયમાત્ર રહેશે. એવો એનામાં ભાવ નામ વર્તમાન અવસ્થાનો અભાવ થશે એવો એનામાં ગુણ છે. સમજાણું કાંઈ? આહાહા..! એની બાજી એનામાં છે બધી એમ કહે છે. બીજાને લઈને એની બાજી છે નહિ. એ વ્યય થાય તો કહે છે કે એનો ગુણ છે એવો. આહાહા..! ઓલા તો હજી વાંધો કાઢતા હતા. પરને લઈને પર્યાય થાય. પરેણ જાયતે પર્યાય છે. પર્યાય જુઓ આ થાય છે. કર્મ ઘટે તો ક્ષયોપશમ જ્ઞાન થાય એને લઈને. કર્મનો ક્ષયોપશમ થાય એ તો બહુ સ્થૂળ દૃષ્ટિ. આહાહા..!

મુમુક્ષુ :- જડની અસર થાય કે ન થાય?

ઉત્તર :- ધૂળમાં અસર નથી. શું એની સાથે વાત કરવી? જડની અસર થાય છે. ભાઈ! અમે કોઈ સાથે વાત કરતા નથી. શું કરવું? લખ્યું મોટું લપસીંદર. લખને તું તારે પ્રસિદ્ધ થવા માટે. હેરાન થઈશ, તને ખબર નથી. ડુંગરે માથા ફોડ્યા તેં. અહીં તો કીધું, ભાઈ! જુઓ! અમારી વાત ત્રણ કાળમાં ફરે એવી નથી. વાત સૂક્ષ્મ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શેનું લખે ઈ? એ તો લખ્યું નથી એમાં. .. વાત એવી છે. આ વાત ત્રણ કાળમાં મળે નહિ ભાઈ! વાત સૂક્ષ્મ છે. બીજા તમારા ભક્તોને સમજાવો તો ... એને એમ કહ્યું કે તું સમજવા આવ્યો હતો? તું તો વાદ કરવા આવ્યો હતો. સાંભળવાને લાયક નથી. આકરું પડે હોં માણસને. મોટા નામ ધરાવ્યા હોય ને. આહાહા..!

મુમુક્ષુ :- ...

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઉત્તર :- સાંભળવાની લાયકાત નથી. સાંભળવાની સાચી લાયકાત નથી. ધર્મ તો ક્યાં હતો તારી પાસે? સાધુપણું કેવું? ગૃહીત મિથ્યાદૃષ્ટિનું પોષણ છે. સમજાણું કાંઈ? આકરું કામ ભારે. અતડા જેવું થઈ જાય. એય..! ભગવાનજીભાઈ! કોઈની સાથે.. એ તો અહીં કહે છે જુઓને. પરના તો અભાવરૂપ તારું પરિણમન છે. હવે પરના સદ્ભાવથી તારી પર્યાય છે એમ તો છે નહિ. આહાહા..!

'**ભવતા (-વર્તતા,...**' ભવતા છે ને? ભવતા એટલે થતાં, ભવતા એટલે વર્તમાન વર્તતી અવસ્થા છે ને? અથવા વર્તમાન પરિણમતી અવસ્થા. જોયું! અવસ્થા વર્તમાન પરિણમતાની વાત છે. શક્તિની ક્યાં..? શક્તિ તો ધ્રુવ છે. પણ એ શક્તિનું કાર્ય આવ્યા વિના શક્તિ છે અને શક્તિવાન છે એમ પ્રતીત આવી શી રીતે? એનો અંશ દૃષ્ટિમાં અનુભવમાં આવ્યા વિના આ આત્મા આવો છે એમ પ્રતીતમાં શી રીતે આવ્યો? જાણ્યા વિના? સસલાના શિંગડા જેવું છે આ? સમજાણું કાંઈ?

'**ભવતા...**' પર્યાય એટલે અવસ્થા. જોયું! એક સમયની અવસ્થા પણ વ્યય થાશે. એક સમયમાત્ર રહેશે. બીજે સમયે નહિ રહે. એવો એનામાં ભાવ-અભાવ નામનો ગુણ છે. ભાવ-અભાવ નામનો ગુણ છે. ભાવ છે એનો અભાવ થશે. એક સમયની પર્યાય... કહો, સમજાણું કાંઈ? લ્યો! ક્ષયોપશમ સમકિત હોય અને બીજે સમયે ક્ષાયિક થાય. તો કહે છે કે કર્મની નહિ, ભગવાનની નહિ પણ તારામાં ગુણ જ એવો છે કે વર્તમાન જે પર્યાય છે એનો વ્યય થવું, ભાવનો અભાવ થવો એવો ગુણ છે. પછી બીજી રીતે કેમ? પણ બીજે સમયે આવે એ પછી કહેશે. સમજાણું કાંઈ? આહાહા..!

તારે તારામાં ગુણ ભર્યા છે એ ગુણીને જોવા જેવું છે. બાકી કાંઈ જોવા જેવું અને માનવા જેવું નથી. અને આ જેણે જાણ્યો અને માન્યો એણે બધું જાણ્યું અને માન્યું. એને કેવળજ્ઞાન હથેળીમાં આવશે. વર્તમાન પર્યાયનો વ્યય થઈને, અભાવ થઈને કેવળજ્ઞાન આવશે. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અલૌકિક વાત! ભારે વાત ભાઈ!

ભગવાન આત્મામાં અનંત શક્તિનો ભંડોળ, મોટી વખાર છે કહે છે. અનંત શક્તિનો. એક એવી શક્તિ છે અંદર કે વર્તમાન વિદ્યમાન વર્તતી નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, સ્વચ્છતા, પ્રભુતા જે વર્તમાન છે એનો વ્યય થશે. ઓલા વેદાંતવાળાને એવું લાગે આ શું કહે છે આવું? સમજ્યાને? વિદ્યમાન અવસ્થાવાળો એક ગુણ છે. વળી બીજાના અભાવરૂપ એક ગુણ છે, વર્તમાન અવસ્થા થાય એનો વ્યય થાય એવો એક ગુણ છે. શું કહે છે? તને ખબર નથી. સાંભળને. વેદાંત એકલા વાતું કરે ને. એક આત્મા એક કૂટસ્થ છે. બસ. બસ. આમ કરો. શું ધૂળેય નથી. મરી જઈશ. સમજાણું કાંઈ? શૂન્ય થઈ જાઓ... પ્રકાશ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


બંધ થઈ જાય ને જ્યારે, આંખ બંધ થઈ જાય તો શૂન્ય થઈ જાઓ. શૂન્ય જ છો આત્માથી, સાંભળને. આત્માથી શૂન્ય છો.

અહીં તો કહે છે કે આત્માના અનંતા ગુણોની વર્તમાન અવસ્થાનું પરિણમન ધર્મીને વિદ્યમાન વર્તતી અવસ્થા એ એક જ સમય રહેશે. એ અવસ્થાનો વ્યય થશે એવો એનામાં ભાવ-(અભાવ) નામનો ભાવ છે એનો અભાવ થશે એવો એનામાં ગુણ છે. આહાહા..! પરને કારણે નહિ, એના ગુણને કારણે આમ છે. લ્યો! કાળનું નિમિત્ત છે ને? તેથી શું છે? ... નિમિત્ત છે કે એને લઈને થયું નથી. એ વ્યય થયો એ એને લઈને થયું નથી. આહાહા..! સમજાણું કાંઈ? પોતામાં એ ભાવ-અભાવ નામનો ગુણ છે. ભાવ-અભાવ એ શક્તિ છે એક ૩૫મી. કહો, સમજાણું આમાં?

એ શક્તિમાં બધું લગાડવું પાછું. એ ભાવ-અભાવ શક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપી છે. એ શક્તિ અનંત શક્તિને નિમિત્ત છે. સમજાણું? એ એક એક શક્તિમાં ધ્રુવ ઉપાદાન અને ક્ષણિક ઉપાદાન બેય છે. શક્તિ છે તે ધ્રુવ ઉપાદાન છે અને પર્યાય છે તે ક્ષણિક ઉપાદાન છે. વ્યય થવું એ ક્ષણિક ઉપાદાનથી છે. સમજાણું? અને ભાવના અભાવ નામનો ગુણ રહેવો અંદર એ ધ્રુવ ઉપાદાન છે. સમજાણું?

એ ગુણને એવો વર્ણવ્યો છે દીપચંદજીએ કે એ પોતે ભાવ-અભાવ નામનો ગુણ છે એ પોતે ક્ષત્રિય છે. એ પોતાની પર્યાયનું વર્તમાન રક્ષણ કરે છે અને એનો અભાવ થવો એ પોતાથી થાય એવું રક્ષણ કરે છે. અભાવ કરવો એ પણ એનું એક રક્ષણ છે. આહાહા..! એ વાણિયો કીધો છે એને. વાણિયો એટલે? વાણિયાની રીતે વેપાર કરે એ વાણિયો. એમ આત્મા પોતાની પર્યાયનો વ્યય કરે, ભાવ-અભાવ કરે એ એનો વેપાર છે. એ વાણિયો આત્મા છે. આવો વેપાર કરે એ વાણિયો છે. આ ધૂળના વેપાર કરે એ વાણિયા નથી એમ કહે છે. એય.. ઝવેરચંદભાઈ! આરે.. આરે.. ભારે! કેટલા? ઓલા પૂનમચંદભાઈ! બહુ કહેતા બિચારા. એય.. અમારે તો ચારે કોર આમ પથારા પડ્યા હોય... કાંઈ નવરા નથી થતા. રામજીભાઈને ઘણો વિચાર હતો, કહી ગયા હતા એક ફેરી અહીં. અમારે તો છૂટું થાવું છે અને અહીં રહેવું છે. કાંઈ કરી શક્યા નહિ જુઓને, આ બહારની ઉપાધિમાં. કરોડો રૂપિયા. બે-ત્રણ કરોડ રૂપિયા. સલવાઈ ગયા. આ પણ કહેતો હતો સલવાઈ ગયા. અરે..! પણ જાવું છે ક્યાં એની કાંઈ ખબર? અહીંથી જઈને હવે (ક્યાં જવું છે?) આ પાંચ-દસ વર્ષ, પચ્ચીસ વર્ષ, પચાસ વર્ષ. અનંત કાળ જ્યાં રહેવું છે ત્યાં કોઈ ન મળે. ત્યાં એકલો તું. ઈ એકલાનું શું કરવું? એ એકલાને કેમ રાખવો ત્યાં? એને વર્તમાનમાં રાખ્યો હશે તો ભવિષ્યમાં રહેશે. વર્તમાનમાં ઊંધો રાખ્યો હશે તો ઊંધો રહેશે ભવિષ્યમાં. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કાંઈ? એ રાડ તો પાડતા હતા ભાઈ હોં. કે મેં રામજીભાઈને કીધું. ઉપાધિમાં.. અમે પથરાઈ ગયા છીએ ચારે કોર. મોટા વેપાર.

મુમુક્ષુ :- લાંબા થતા જાય છે...

ઉત્તર :- .. પડતા છે. હજી કહે છે. કીધું હતું ને, ત્યાં જયપુર ગયા હતા ત્યારે. બે કરોડનો સંચો છે. દસ કરોડના રેલના થાંભલા કાઢવા છે. દસ કરોડના એક વર્ષે કાઢવા છે. બોલે છે ખરા. મહારાજ આપના પગલા થયા પછી ત્યાં બહુ ચાલે છે. કેમ ફૂલચંદભાઈ!

મુમુક્ષુ :- .. પગલાથી થાતું હશે?

ઉત્તર :- એવો માણસને દુનિયાને ભ્રમ છે ને. ઘણા કહે છે, મહારાજના પગલા થાય ને તો પૈસા થઈ જાય. લ્યો આ ડોક્ટર કહેતો હતો. મોરબી ગયા હતા ને મોરબી. સુંદરજી નથી? મહારાજના પગલા કર્યા તો એક દિવસમાં પચાસ પેદા થાય છે. એક સાધારણ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પેદા તે આત્માની વાત છે કે..? ક્યાં ગર્યા ભ્રમણામાં? એવું ડોક્ટર બોલ્યા હતા. .. આપના દર્શન કર્યા. અહીં શરીરથી તમે કર્યા પણ આ શરીરનું એનું શું સમજવું? સુમનભાઈએ પૂછ્યું, કેમ છે મહારાજ? મેં કીધું, થોડું ઘણું ઠીક ઠીક બધું એવું હવે તો. કફ રહે, ફલાણું થાય. એનું શું સમજવું? અષાઢ બે આવ્યા છે લ્યો કાલે સાંભળ્યું. બે અષાઢ આવ્યા. મેળ ખાય એવું લાગે છે. મેળ ખાય એવું લાગે છે વૈશાખનું. અષાઢ મહિના બે છે આવતી સાલના. ...

અહીં કહે છે કે જે વર્તમાન અવસ્થા નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આનંદની વર્તતી હોય, તેનામાં આત્મામાં એવો એક ગુણ છે કે જે પર્યાયમાં આવીને એક સમય જ રહેશે, બદલી જશે. એ અવસ્થા એક સમય રહેશે, એક સમય. આહાહા..! જે એના ખ્યાલમાં પણ ન હોય. અસંખ્ય સમયે ખ્યાલમાં આવે. એ તો કહે છે, સમયમાં ત્યાં વ્યય થઈ ગયું. એવો ભાવ વર્તમાન છે તેનો અભાવ થવો એવો આત્મામાં ગુણ છે. આહાહા..! સમજાણું કાંઈ? એમાં પણ ષટ્કારક દરેકમાં ભર્યા છે. આજે આવશે ષટ્કારક. ભાવ નામનો ગુણ પોતે પોતાનો કર્તા થઈ અને વર્તમાન અવસ્થાને વ્યય કરે છે. ભાવ-અભાવ નામનો ગુણ કર્તા થઈ પોતાની અવસ્થા વર્તમાન છે તેનો અભાવ કરે છે. કરણ પણ પોતાનું સાધન થઈને વ્યય કરે છે અને એ કાર્યનું વ્યયપણું થવું એવું કાર્ય એ પણ કાર્ય નામની શક્તિ છે એને લઈને થાય છે. પરને લઈને કાંઈ છે નહિ. આહાહા..! આવી સ્વતંત્ર વસ્તુ છે. લ્યો, એ ૩૫ થઈ. વિશેષ આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**અષાઢ સુદ ૧૨, રવિવાર તા. ૭-૭-૧૯૬૮
શક્તિ-૩૫-૩૬-૩૭, પ્રવચન-૫૬૦**

સમયસાર. પરિશિષ્ટ અધિકાર છે. એની શક્તિઓનું વર્ણન છે આ. ધર્મ કરનારને ધર્મ કેમ થાય છે અને ધર્મ થયો તો ત્યાં શું હોય છે એ વાત ચાલે છે. સમજાણું? ધર્મ કરનાર એટલે કે ધર્મની જે અવસ્થા આત્માની છે, ધર્મ એ આત્માની અવસ્થા છે નિર્મળ, એ અવસ્થા શક્તિઓનો પિંડ એવો જે આત્મા, એના લક્ષે, એની રુચિએ, એના ધ્યેયે તે અવસ્થા થાય છે. સમજાણું કાંઈ? આત્મા એક સમયમાં વસ્તુ તરીકે એક, શક્તિ તરીકે સંખ્યાએ અનંત. અનંત કાળ રહે એ જુદી વાત છે પણ વર્તમાનમાં સંખ્યા તરીકે અનંત (છે). શક્તિ કીધી છે ને શક્તિ? પ્રયોગ કરતાં પરિણમનમાં પ્રગટ થાય માટે આને શક્તિ કીધી છે.

મુમુક્ષુ :- .. સમજાવો ને.

ઉત્તર :- ન સમજાણું? અમારે રતિભાઈ.. રતિભાઈ તો બહુ ધ્યાન રાખે. પાકુ બરાબર ધ્યાન રાખે. શું કીધું આમાં?

શક્તિ કીધી છે ને? શક્તિ એટલે સત્તા એમ નહિ. આમ ગુણ પ્રગટરૂપ આમ છે આમ ખુલ્લો એમ નહિ. એનામાં શક્તિ છે શક્તિ. કે જે અંતર પ્રયોગ કરતાં તે શક્તિની પર્યાયમાં વ્યક્તતા પ્રગટ થાય માટે તેને શક્તિ કહેવામાં આવી છે.

મુમુક્ષુ :- આ બધા ..

ઉત્તર :- ના. ના. આ તો વાસ્તવિક ગુણ છે. શક્તિઓ વાસ્તવિક છે.

જે શક્તિ અનંત છે એવો જે આત્મા, એવા આત્મામાં અંતર દૃષ્ટિ કરતાં, અંતર આત્મા, અંતર આત્મા એ અંતર આત્મા એટલે અનંત શક્તિનો પિંડ એવો આત્મા એની દૃષ્ટિ કરતાં જે પર્યાયમાં શક્તિઓ જેટલી છે એની વર્તમાન વિદ્યમાન અવસ્થા નિર્મળ બધાની થાય. સમજાણું કાંઈ? ભારે. કહો. એને ધર્મની પર્યાય હોય છે, એ પર્યાય ક્રમે ક્રમે હોય છે. શક્તિઓ અક્રમે એકસાથે હોય છે. એ પર્યાયનું ક્રમવર્તીપણું અને ગુણનું અક્રમવર્તીપણું એનો સમુદાય તે આત્મા અને તે ધર્મીનો પ્રમાણનો વિષય આત્મા કહેવાય છે. સમજાણું કાંઈ? ૩૫ શક્તિ ચાલી છે. ૩૫મી ચાલી ને? શેઠી આવ્યા નથી. એને ... ૩૫માં શું આવ્યું જુઓ.

**'ભવતા (વર્તતા, થતા,...'** આત્મામાં એવો એક ગુણ છે કે જે ગુણનું પરિણમન એટલે કે તે ગુણનું સ્વરૂપ વર્તમાન અવસ્થા જે છે નિર્મળ હોં! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદની નિર્મળની વાત છે અત્યારે. મલિનની એમાં છે નહિ. આત્મામાં, ભગવાન આત્મામાં

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જે વસ્તુ છે અનંત ગુણનો એક પિંડ, એની દૃષ્ટિ કરતાં, રુચિ કરતાં, અનુભવ કરતાં જે ધર્મપર્યાય પ્રગટે એવા દ્રવ્યમાં એક ભાવ (અભાવ) નામનો ગુણ છે કે જે ભાવના ગુણને કારણે એની વર્તમાન અવસ્થા વ્યય થાય. ભાવ-અભાવ. વર્તમાન અવસ્થા વ્યય થાય.

પાઠ તો એવો છે જુઓ! '**ભવતા (-વર્તતા, થતા, પરિણમતા) પર્યાયના વ્યયરૂપ...**' વ્યય થઈને જાય ક્યાં? એ ભાવ નામના ગુણનો એવો સ્વભાવ છે કે જે વર્તમાન પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-આનંદની આદિ જે અનંત છે એનો વ્યય થઈને ભાવનો અભાવ થાય, એ છે તેનો અભાવ થાય, છે તેનો પરનો વર્તમાન અવસ્થામાં અભાવ થાય. છે તેનો વર્તમાન અવસ્થામાં અભાવ થાય. પણ એ અભાવ થાય એ જાય અંદરમાં. એઈ..! એ એમાં આવી જાય છે. કારણ કે સત્ છે ને પર્યાય? સત્ છે ને. વિદ્યમાન નિર્મળ અવસ્થા. પહેલી કીધી ને વિદ્યમાન? ૩૩મી આવી ગઈ.

ભગવાન આત્મા એ ભાવમાં આવી ગયું પહેલું. વિદ્યમાન અવસ્થા. જેટલા ગુણો છે એ ગુણનું એકરૂપ વસ્તુ, એનો સ્વીકાર કરતાં, એમાં અંતર એકાગ્ર થતાં જેટલા ગુણો છે એની બધી વર્તમાન અવસ્થા-સમકિતની, ચારિત્રની, આનંદની બધી અવસ્થા વર્તમાન વિદ્યમાન વિદ્યમાન હોય એનું નામ ભાવશક્તિ. અને એ શક્તિમાં કર્મ અને પાંચ શરીરાદિની પર્યાય ન હોય એનો અભાવ હોય એવી એનામાં અભાવશક્તિ (છે). સમજાણું કાંઈ? અને આ ભાવ-અભાવ (અર્થાત્) જે વર્તમાન અવસ્થા છે, શક્તિની અવસ્થા વિદ્યમાન છે ને? હતી ને? સત્રૂપે હતી ને? એ અવસ્થાનું વ્યયપણું એને કરવું પડતું નથી જીવને. એમ કહે છે અહીં. હા, એમ કહે છે. એ ભાવ નામનો ગુણ છે, ભાવ-અભાવ નામનો કે એને લઈને એ અવસ્થા વ્યય થઈ જાય. કરવી પડતી નથી. એનો વ્યય કરું એમ નથી. સહજ એમ છે એમ કહેવા માગે છે. આહાહા..! સમજાણું કાંઈ? જરી ઝીણી વાત છે પણ વસ્તુની મર્યાદા જ આ છે. લોકોને આ વસ્તુની ખબર ન મળે. બહારથી બિચારા ભટકી-ભટકીને મરી ગયા. બહારનું આ કર્યું, તે કર્યું. વસ્તુની ખબર ન મળે. એટલે અજ્ઞાનમાં એમ ને એમ ચોર્યાસીના અવતાર ઘાણીમાં પીલાણો છો એ. એની એને ખબર નથી. ભઠ્ઠી સળગે છે અંદર.

ભગવાન આનંદસ્વરૂપ એનાથી ઊલટા પુણ્ય-પાપના ભાવો અને તે મારા એ ભઠ્ઠી મિથ્યાત્વ અને રાગ-દ્વેષની અગ્નિ છે. સળગતી કષાય અગ્નિ છે. એ ભાવને-દુઃખને ટાળવું હોય તો, ટાળવું છે એમ નહિ પણ ટળાઈ જાય તો. કેમ ટળે? એ ટળે એમ કે આત્મા અનંતગુણ સંપન્ન પ્રભુ છે સમૃદ્ધિશાળી. એ પોતે અનંત આનંદ, જ્ઞાન આદિ સમૃદ્ધિશાળી આત્મા છે. વૈભવવાળો એ આત્મા (છે). આ બધા અનંત વૈભવની વાત ચાલે છે. એ વૈભવવંત ભગવાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આત્મા એના અંતર સન્મુખ થતાં જેટલી શક્તિઓ છે, દ્રવ્યમાં એકાગ્ર થયો ને? તો જેટલી શક્તિઓ છે તેની વર્તમાન અવસ્થા નિર્મળપણે વિદ્યમાન થાય એવો એક ભાવ નામનો ગુણ છે. વર્તમાન રહે, થાય એવો ભાવ નામનો ગુણ છે. કરવી પડતી નથી કહે છે. આહાહા..! હું આ પર્યાય કરું એમ નથી એમાં. એ ભાવ નામના ગુણને લઈને વર્તમાન અવસ્થા હોય છે.

હવે પરનું અભાવરૂપ પણ કરવું પડતું નથી. એને. આહાહા..! અભાવ નામનો એક ગુણ છે કે એ ગુણને કારણે, એ ગુણ જ્યારે દ્રવ્યમાં-ગુણમાં છે પણ પર્યાયમાં પ્રસરે છે. કેમકે જ્યારે ધર્મદૃષ્ટિ થઈ ત્યારે એ અભાવ નામનો ગુણ પર્યાયમાં આવ્યો, એને લઈને પરનું અભાવરૂપ પરિણમન છે. અભાવરૂપ કરું અને આમ છું એવું સ્વરૂપમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ત્રીજી શક્તિમાં એમ આવ્યું છે કે ભાવ-અભાવ. છે તેનો અભાવ. વર્તે છે, થાય છે, પરિણમે છે તેનો અભાવ. એ અભાવ કરવો પડતો નથી, કહે છે. આહાહા..! ભારે! એ ભાવ-અભાવ નામના ગુણને કારણે એ વર્તમાન વર્તતી અવસ્થા તેનો અભાવ થાય જ. સુમનભાઈ! આ ઝીણું છે આ ફેરીનું બધું. હરવખતે થાય એ કરતા. આત્મવૈભવ લઈ ગયા છો કે નહિ? કે દી? એ પાછું ત્યાં વાંચો અને અહીં સાંભળવામાં ફેર છે. આહાહા..! એ વખતે એ શૈલીની વાત આવી હોય, અત્યારે આ શૈલીની વાત જે પ્રકારે તે તે સમયનો પર્યાય ભજે એવું આવે ને. સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા અનંત શક્તિ સંપન્નમાં એક શક્તિ એવી છે કે એની વર્તમાન જે વર્તમાન નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, સ્વચ્છ, પ્રભુતા આદિ. વર્તમાન વર્તતી હોય તેનો વ્યય થાય. વ્યય થઈને અંદરમાં જાય. પ્રગટ છે તેનો વ્યય થાય એવી એક શક્તિ છે એની, એમ કહે છે. વ્યય થાય એનો અર્થ કે અંદર જાય. સમજાણું કાંઈ? અંશ સત્ હતો ને. એ કાંઈ સસલાના શિંગડા નહોતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બસ, થઈ રહ્યું. ન હોય એનું અસત્પણું હોય. આ તો સત્ હતું. ગુલાંટ ખાય છે અંદર. સમુદ્રનો તરંગ એક વ્યય થાય છે એનો અર્થ એમાં જાય છે. સમજાણું કાંઈ? એવો આત્મા એક સમયમાં અનંત ગુણવાળો. એ ભાવ-અભાવ નામની શક્તિ છે એ દ્રવ્ય-ગુણ અને પર્યાય ત્રણેમાં વ્યાપે છે. અને તે ધ્રુવ ઉપાદાન એ શક્તિનું ધ્રુવ છે એ ધ્રુવ ઉપાદાન છે અને પર્યાયમાં એનું ક્ષણિક ઉપાદાન છે. એ ક્ષણિક ઉપાદાનમાં છે તેનો અભાવ થવો એવા ભાવ-અભાવ ગુણનું સહજ કાર્ય છે. એને વ્યય કરવું છે જીવને એમ નથી. એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? આહાહા..! અને રાગનો અભાવ કરવો અને કર્મનો અભાવ કરવો એ તો એનામાં છે જ નહિ. જુઓ તો ખરા એ. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એનામાં તો જ્ઞાયકપણું ભગવાન અનંત શક્તિ-સ્વભાવ-સામર્થ્યરૂપ તત્ત્વ (છે). એટલે એને કાંઈ કર્મનો અને રાગનો અભાવ કરવો એ તો એનામાં છે જ નહિ, પણ આ વર્તમાન નિર્મળ અવસ્થાનો વ્યય કરું એવો વિકલ્પ કરું તો વ્યય થાય અને આ વ્યય છે એનું .. અહીં ફેરવું તો થાય એમ એનો ગુણ નથી, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે, એ ભાવ-અભાવ શક્તિ. વર્તમાન થતી, વર્તતી, થતા, પરિણમતાનો અભાવ થાય. એવો એનો ગુણ જ સહજ છે. આહાહા..! સમજાણું કાંઈ? અને ગુણ સહજ છે તો દ્રવ્યમય શક્તિ એની છે. તો દ્રવ્યનું લક્ષ કરતાં સહેજે તેનો વર્તમાન પર્યાયનો વ્યય થાય એવા એ ગુણનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! એ ૩૫મી શક્તિ (થઈ).

૩૬મી. '**નહિ ભવતા પર્યાયના ઉદયરૂપ...**' ઓલામાં વ્યય સામે ઉદય આવ્યો. ભાષા ઉત્પાદને ઠેકાણે ઉદય કીધો ઉદય. જ્યાં હોય ત્યાં ઉદય વાપરે છે. 'ઉદય થાય ચારિત્રનો...' આવે છે ને? શ્રીમદ્‌માં પણ આવે છે, આત્મસિદ્ધિમાં. 'ઉદય થાય ચારિત્રનો...' ઉદય એટલે ઉત્પન્ન થાય. કહે છે, ભગવાન આત્મા અનંત શક્તિ છે એમાં એવી એક શક્તિ એવી એની છે કે એની વર્તમાન અવસ્થામાં પછીની અવસ્થા નથી. એનો અહીં અભાવ છે. સમજાણું કાંઈ? એ અભાવ (છે) એનો ભાવ થાય. આહાહા..! વર્તમાન પર્યાયમાં પછીની પર્યાયનો આમાં અભાવ છે. છતાં કહે છે કે એ અભાવભાવ (અર્થાત્) એ અભાવ છે તેનો ભાવ થાય. અભાવનો અહીં ભાવ થાય એવો એનો ગુણ છે. આહાહા..! સમજાણું કાંઈ? ધીરેથી સમજવું. ઝીણું લાગે તો જરી ગંભીરતાથી લક્ષ રાખવું. આહાહા..!

કહે છે કે ભગવાન આત્મા અનંત આનંદ આદિ શક્તિઓ છે એમ આ એક શક્તિ છે એનામાં. કઈ શક્તિ? અભાવભાવ, અભાવભાવ. વર્તમાનમાં જે અવસ્થાનો અભાવ છે એનો એવો જ ગુણ છે કે અભાવ છે તેમાં ભાવ થાશે. અભાવનો ભાવ થાશે. એ ગુણને કારણે છે. અભાવ છે અને મારે કરવો છે ભાવ, મારે ક્ષાયિક સમકિત કરવું છે ક્ષયોપશમ ટાળીને, કે આ કેવળજ્ઞાન કરવું છે, યથાખ્યાત ચારિત્ર કરવું છે એમ નથી. એ તો એક ભાવ, અભાવ છે તેનો ભાવ થાય એવો એનામાં ગુણ જ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**નહિ ભવતા...**' નહિ વર્તમાનમાં વર્તતા એવી જે પર્યાયો, પછીના સમયમાં થવાની તે વર્તમાનમાં વર્તતી નથી. પછીના સમયમાં થવાની તે (વર્તમાનમાં નથી). આ તો ક્રમબદ્ધ પણ સિદ્ધ કરે છે, જુઓને! જે પર્યાય વ્યય થવા લાયક છે તે ગુણને કારણે વ્યય થઈને અભાવ થાય છે. અને એની જે પર્યાય વર્તમાનમાં નથી તે પર્યાય અભાવનો અહીં ભાવ થાશે. એટલે એ પર્યાય આ જ પર્યાયમાં, પાછી બીજી નહિ. એમ. સમજાણું કાંઈ આમાં? ભારે ઝીણું ભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આત્મામાં નિર્મળ દશાઓ ધર્મનું ભાન થતાં, આત્માનું ભાન થતાં, થઈ એ અવસ્થા વ્યય થઈ ને વ્યય થશે. વ્યય કરવી પડતી નથી એવો એનો ગુણ છે. અને તે અવસ્થામાં પછીની અવસ્થા, એ આ પર્યાયનો વ્યય એમ. આ પર્યાયનો વ્યય. એટલે બીજી આડીઅવળી એમ નહિ. આ પર્યાયનો વ્યય. અને એ પછીની પર્યાયનો અહીં અત્યારે અભાવ (છે), એ પર્યાયનો અભાવનો અહીં ભાવ, અભાવનો અહીં ભાવ (થશે). સમજાણું કાંઈ? કહો, નવરંગભાઈ! બહુ ભારે વાતું આકરી. આહાહા..!

ભગવાન! તારામાં શું ખામી છે? તારે કરવું એ પણ નથી, કહે છે. એ તો ગુણ અને ગુણનો ધરનાર એવી જ્યાં અંતર દૃષ્ટિ અને રુચિ થઈ, એ વર્તમાન પર્યાયમાં જે પર્યાય નથી, તે અભાવ છે તેનો ભાવ થશે એવો એ ગુણ છે અને એ ધરનારો ગુણી એવો છે. એ ગુણ એવો છે કે ગુણનો ધરનાર ગુણી જ એવો છે. વર્તમાન પર્યાયમાં જે વસ્તુની પર્યાયનો અભાવ છે એ અભાવનો ભાવ થશે જ. ભાવનો અભાવ થશે અને અભાવનો ભાવ થશે. એવો એનો ગુણ છે. સમજાણું કાંઈ?

અકર્તૃત્વ શક્તિ સાથે સ્વભાવના પિંડનું વર્ણન લીધું. બસ. હું હવે ઉગ્ર પુરુષાર્થ કરું તો આ નવી થાય, એમ છે જ નહિ કહે છે. એ તો અનંતા ગુણોમાં એક ગુણ એવો છે એનો કે વર્તમાનમાં નથી તે થશે એવો એનો ગુણ છે. આહાહા..! સમજાણું કાંઈ? અને આમાં વ્યવહારના જેટલા વિકલ્પો છે એમાં તો આ વર્તમાન પર્યાયમાં અભાવ જ છે. એનો તો અભાવ છે. આનો ભાવ છે, એનો અભાવ છે. એ પણ નહિ. અહીં તો ભાવ વર્તમાન છે એનો અભાવ થવો, અને વર્તમાનમાં નથી તેનો ભાવ આવવો. ઓલા વિકલ્પ અને અશુદ્ધતા છે એ તો પરમાં જાય છે. એ તો ફક્ત જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે ખ્યાલમાં આવે એટલી વાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

ફક્ત એની નિર્મળ અવસ્થા છે, એમાં જે બીજા સમયની અવસ્થા વર્તમાન સમયમાં નથી. કહે છે કે પણ એનો ગુણ જ એવો છે કે જે અભાવ છે તેનો વર્તમાનમાં ભાવ થશે. આહાહા..! એવા એ ગુણના કારણે થશે. અને ગુણનું કારણ દ્રવ્ય છે એવી દૃષ્ટિ છે એટલે સહજ અભાવનો ભાવ થાય છે. સમજાય છે કાંઈ? કહો, દાસ! આ ક્યાં વાદનો વિષય છે? આ ક્યાં ચર્ચાનો વિષય છે? આ તો અનુભવનો વિષય છે. આ કહે, વાદ કરો અમારી સાથે. બાપા! એ શી રીતે ભાઈ થાય? એ એમ પકડાય નહિ, ભાઈ! એ આગમના શબ્દોએ નિવેડા ન આવે. આમ કરીએ તો આમ થાય, આમ કરીએ તો આમ થાય. શું કરે છે તું? ભાઈ! તારું જ્ઞાન અને આનંદ આદિ સ્વરૂપ છે એમાં આ શક્તિઓ અવિનાભાવ સાથે વણાયેલી છે. એ શક્તિને કારણે ભવિષ્યની અવસ્થાનો અભાવ (છે) તેનો તારી દશામાં

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભાવ થશે એવો અભાવભાવ નામના ગુણનું જ સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આહાહા..!

મોક્ષમાર્ગની પર્યાય વર્તતી હોય છે એ વર્તતીનો વ્યય થશે અને નહિ વર્તતી પૂર્ણ કેવળજ્ઞાનનો જે અભાવ છે તેનો અહીં ભાવ થશે. સમજાણું કાંઈ? ભગવાનના સમીપમાં જીવને ક્ષયોપશમમાંથી ક્ષાયિક સમકિત થાય. હવે કહે છે કે એ પણ શી રીતે છે એમાં ઈ? ભગવાનને કારણે છે? હું આ ક્ષયોપશમનું ક્ષાયિક કરું. એમ છે? આહાહા..! એ ક્ષયોપશમ સમકિતની પર્યાય વ્યય થશે. વર્તમાનનો વ્યય થશે. એવો ભાવ એનો અભાવ થશે. અને જે ક્ષાયિક સમકિતની પર્યાય પછીની થવાની છે એનો વર્તમાનમાં અભાવ છે, એ અભાવનો ભાવ થશે. એ ગુણને કારણે અભાવનો ભાવ થશે. ભગવાનને કારણે નહિ. આહાહા..! હવે ઓલા વળગે કે ગોમ્મટસારમાં આમ કહ્યું છે ને? ક્ષાયિક સમકિત આમ થાય, ક્ષાયિક સમકિતના આમ ભગવાનની સમીપે થાય. એય..! નવરંગભાઈ! લ્યો, આ શાસ્ત્રના આધાર. ભાઈ! એ તો નિમિત્તના કથન છે. એ વખતે કોણ હતું એનું જ્ઞાન કરાવવા એ વાત છે. આહાહા..! ભારે વાતું ભાઈ! એટલે શાસ્ત્રના આધાર આપવા માંડે તો શાસ્ત્રમાં આવા આધારના પાર ન મળે. વ્યવહારના આધાર આપે તો વ્યવહારના લક્ષણ તો ઘણા હોય.

મુમુક્ષુ :- મોટા પુસ્તકો ભરાય.

ઉત્તર :- પુસ્તક ભરાય આખું. ભાઈ! એ તો એવું થઈ જાય. વ્યવહારના દાખલા એટલા આપ્યા કે આખું પુસ્તક ભરાય. .. ભાઈ! વાસ્તવિક તત્ત્વની જ્યાં ..ની ગંભીરતા જોઈએ તો એ વાત એને કાંઈ લાગુ પડતી જ નથી. ભગવાન સમીપે ક્ષાયિક સમકિત થયું. ના. એ એનામાં ગુણ જ એવો છે. અહીં તો નિર્મળ પર્યાયના વિદ્યમાનનો અભાવ અને અભાવનો ભાવ એમ વાત ચાલે છે ને? આહાહા..! અને જ્યારે ચારિત્રવંત થશે, સમકિતમાં ચારિત્ર જે સ્વરૂપ અંશ તો છે. એટલે એમ તો આવી ગયું કે જેટલા ગુણો છે એની વર્તમાન પ્રગટ અવસ્થાની વિદ્યમાનતા સમકિતીને હોય, હોય ને હોય જ.

કોઈપણ ગુણનો અંશ પ્રગટરૂપે વિદ્યમાન ન હોય એમ હોઈ શકે નહિ. તો એ દ્રવ્યને જાણ્યું નથી. સમજાણું કાંઈ? આહાહા..! મોટી તકરાર વાંધા. સર્વ ગુણાંશ તે સમકિત એ સિદ્ધ થઈ ગયું આમાં. સમજાણું કાંઈ? સ્વરૂપાચરણનો અંશ એ વિદ્યમાન હોય જ. એ ચારિત્રગુણ છે તેનો વિદ્યમાન અંશ હોય જ. અને એ અંશનો વ્યય થાય ભાવનો એવો પણ એનામાં ગુણ છે. અને એ અંશમાં બીજો અંશ જે અભાવ છે એ અભાવનો ભાવ થાય એવો એનામાં ગુણ છે. ઓહોહો..! ફક્ત એના દ્રવ્ય ઉપરના પરિણમનથી આ બધું ઉત્પન્ન થાય છે. આ વાત છે. મૂળ વાત છે આ. ભગવાન ધ્રુવ ચૈતન્યપ્રભુ એ ધ્રુવને જ્યાં પર્યાય અવલંબી, બસ! આમ બને છે. કારણ કે એમાં ધ્રુવમાં આવી શક્તિઓ પડી છે બધી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સમજાણું કાંઈ?

**'નહિ ભવતા (નહિ વર્તતા)...'** એમ. વર્તમાન. સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ જે અંશ નિર્મળ ધર્મીને પ્રગટ્યો છે એ ટાણે ભવિષ્યની નિર્મળ પર્યાય વર્તમાનમાં વર્તતી નથી. સંસાર ને ઉદયભાવ એ તો પર્યાયમાં છે જ નહિ ધર્મીને. સમજાણું કાંઈ? એને વ્યવહાર વર્તે છે? કે ના. વ્યવહાર સંબંધીનું પોતાનું જે જ્ઞાન છે એ પોતાનું (છે), વ્યવહારને કારણે નહિ. એ જ્ઞાનનો જ પર્યાય તે ટાણે ભાવરૂપે વર્તમાન પોતાને કારણે છે. એ ઓલા વ્યવહારને કારણે વિદ્યમાન નહિ. સમજાય છે કાંઈ? અને જ્યારે એ વ્યવહારનો અભાવ થઈને વિશેષ સ્થિરતા થાય છે ત્યારે કહે છે કે એ વ્યવહારના અભાવને કારણે નહિ. ભાઈ! આહાહા..! ફક્ત એના વર્તમાનમાં જે પર્યાય છે તેમાં અભાવરૂપ જે વર્તે તેનો ભાવ થશે એવું એના ગુણને કારણે આ છે. ભાવને કારણે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉદયભાવ ક્ષયોપશમ થયો નથી. એ વળી કોણે કીધું? ઉદય સંબંધીનું જે જ્ઞાન છે એ જ્ઞાન પણ એના સંબંધીનું કહેવામાત્ર છે, પણ છે તો પોતાનું જ્ઞાન એ સ્વપર પ્રકાશનું વિદ્યમાન. ઉદયનું નહિ. ઉદય એ તો પરમાં ગયું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. ના. છે જ નહિ ને. એ દ્રવ્યમાં નથી, ગુણમાં નથી, પર્યાયમાં નથી. સુમનભાઈ! આ તો અલૌકિક બાદશાહની વાત છે.

ભગવાન આત્મા ચોથે ગુણસ્થાનથી, હોં! આહાહા..! વસ્તુ પરમાત્મા પોતે જ સચ્ચિદાનંદ શક્તિનો પિંડ પ્રભુ, એ શક્તિ વિના ભગવાન આત્માને ચાલે જ નહિ. શક્તિવાનને શક્તિ વિના કેમ ચાલે? અને એ શક્તિવાનને દૃષ્ટિમાં લીધો તો એની નિર્મળ પર્યાય વિના કેમ ચાલે? સમજાય છે કાંઈ? અને જ્યાં શક્તિવાનને દૃષ્ટિમાં લીધો તો નિર્મળ પર્યાયમાં વ્યય થયા વિના કેમ ચાલે? અને નિર્મળ પર્યાય વર્તમાનમાં જે નથી એના અભાવનો ભાવ થયા વિના દ્રવ્યને કેમ ચાલે? આહાહા..! ચંદુભાઈ! આ બધા બહારના આવ્યા થોડા. આ હિન્દી આવ્યા છે. આહાહા..! ભાઈ! વસ્તુ આ છે. આ કાંઈ કૃત્રિમ અને કલ્પના (નથી). આ તો વસ્તુનું સ્વરૂપ જ આવું છે. વસ્તુનું સ્વ-રૂપ જ આવું છે કે વર્તમાનમાં જે સમ્યક્ જે નિર્મળતાના પર્યાયના અંશ અનંતા વર્તે છે એમાં ભવિષ્યનો પર્યાય જે છે એ વર્તતો નથી અત્યારે, પણ નહિ વર્તતા છતાં અભાવનો ભાવ થશે જ. અત્યારે અભાવ છે પણ બીજે સમયની પર્યાયનું જે યોગ્યતા તે પર્યાય આવ્યા વિના રહેશે નહિ. આહાહા..! સમકિત કેવળજ્ઞાનને બોલાવે, કેવળજ્ઞાનને બોલાવે એવો પાઠ છે ધવલમાં. બોલાવે છે, ચાલ્યું આવ કેવળજ્ઞાન.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ચાલ્યું આવ. કેવળજ્ઞાન અમારામાં નથી એ ભાવ નથી, એ અભાવ છે એનો ભાવ થશે. ભાવ થશે. ત્રણકાળમાં બાકી નહિ રહે. એવો ભાવ થશે કે કેવળજ્ઞાનની પર્યાય વર્તમાનમાં નથી, પણ આવશે એવો અભાવભાવ નામનો ગુણ છે. આહાહા..!

અમે સિદ્ધ પર્યાયપણે થશું એમ સમકિતીને થઈ જાય છે. આહાહા..! સ્વર્ગમાં થશું કે ફલાણામાં થશું એ વાત જ નથી. એઈ..! આહાહા..! આ સ્વર્ગમાં ગયા, એ બધી વાતું વ્યવહારની. ભગવાન આત્મા અનંત શક્તિનું આખું ચક્રનું કોકડું છે. અનંત શક્તિનું કોકડું છે. એ કોકડુંનો ઉકેલ થાય છે. દ્રવ્ય ઉપર લક્ષ કરવાથી તે કોકડાનો ઉકેલ થાય છે. તાણોવાણો એમાંથી નીકળે ને ઓલા કોકડામાંથી? આહાહા..! સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા અનંત સંખ્યાએ શક્તિનો પાર ન મળે એટલી બધી શક્તિઓ. એનો અનુભવ કરતાં, એની દૃષ્ટિ કરતાં એ બધી શક્તિઓની વર્તમાન પર્યાય નિર્મળપણે વર્તે છે અને ભવિષ્યની નિર્મળ નથી એ અભાવનો ભાવ થશે. સહજ દ્રવ્યનો એ અભાવભાવ નામની શક્તિ અને ગુણ છે. એને કેવળજ્ઞાન લાવવું છે એમ પણ નથી એમ કહે છે અહીં. ભાઈ! આહાહા..! એ તો દ્રવ્યના ઉપર દૃષ્ટિ છે એટલે એનો ગુણ જ એવો છે કે અભાવનો ભાવ થશે. એમાં સંસાર-ફંસારની વાત અહીં નથી હવે. આહાહા..! એમ કહે છે કે ભાઈ! આવું વર્તે ને કોણ જાણે પાછો કર્મનો ઉદય આવે? અરે હાલ.. હાલ.. કર્મનો ઉદય કોને કહીએ? સમજાણું કાંઈ? જેને હજી એમ છે કે કોણ જાણે આ પર્યાય લાંબો કાળ રહેશે કે નહિ? ભવિષ્યમાં બીજી કોઈ મિથ્યાત્વાદિની (તો નહિ થાય ને?). તને દ્રવ્યની શ્રદ્ધા જ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મસ્ત નહિ, દ્રવ્યની શ્રદ્ધા જ નથી એને. એ મસ્તનો અર્થ આ. મસ્તી એટલે કાંઈ ત્યાં.. સમજાણું કાંઈ? આમ થાશે તો? ભાઈ! આપણે છદ્મસ્થ છીએ. અરે..! ભગવાન! સાંભળને પ્રભુ! તું આત્મા છો કે છદ્મસ્થ છો? આહા..! ભાઈ! તું આત્મા છો. આત્મા થઈને આત્મા થયો, આત્મા રહીને આત્મા થયો. એને ભવિષ્યની પર્યાય વર્તમાનમાં નથી પણ થશે, થશે ને થશે. એવો એનો અભાવભાવ નામનો એક ગુણ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ તો ઓલામાં આવ્યું છે ને? ભાવ-અભાવનો ભાવ, નહિ? પંચાસ્તિકાયમાં. પંચાસ્તિકાયમાં આવ્યું. ગતિને માટે એમાં આવ્યું. ભવિષ્યની ગતિનો અભાવ છે પણ એ ગતિ ભાવ થાશે અને ભાવ છે આ મનુષ્ય ગતિનો અભાવ થાશે. આમ સામાન્ય બધી ગતિનું વર્ણન કરતાં પંચાસ્તિકાયમાં આવ્યું છે. એ તો અમુક શૈલી કરી ગતિ આદિની. આ તો સ્વભાવની શૈલીની વાત છે. ગતિ-બતિ કાંઈ છે જ નહિ આત્મામાં. એ તો ઉદયભાવ છે. ઉદયભાવ આત્મામાં કેવો? એના દ્રવ્યમાં નહિ, ગુણમાં નહિ અને પર્યાયમાં નહિ. સમજાણું

કાંઈ? આહાહા..!

છતો સ્વભાવ ભગવાન આત્માનો. છતો સ્વભાવ. ઉદય આદિ એ કાંઈ છતો સ્વભાવ નથી એ તો અછતો સ્વભાવ, અંદરમાં પરિણમન જ એનું નથી જીવમાં. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં આખું તત્ત્વ જ્યાં પ્રતીતમાં, અનુભવમાં, જ્ઞેયમાં કરીને આવ્યું તો કહે છે કે એ વર્તમાન પર્યાય છે એ ભલે હો, પણ સહેજે એનો અભાવ થઈ જશે એવો ભાવનો અભાવનો ગુણ છે. અને જે વર્તમાનમાં વર્તતી નથી એવી ક્ષાયિક સમકિત પર્યાય, કેવળજ્ઞાન, યથાખ્યાતચારિત્ર વગેરે વગેરે બીજે સમયે થવાની હોય છે તે વર્તમાનમાં નથી. છતાં તે વર્તમાનમાં થશે, થશે એવો ગુણ જ છે પછી થશે, પછી લાવીશ અને કરીશ એવું રહેતું નથી. કહો, રતિભાઈ! આહાહા..

'**નહિ ભવતા (નહિ વર્તતા),...**' આટલા શબ્દમાં આટલું ભર્યું છે. એ.. ઝવેરચંદભાઈ! આ તે શું છે આમાં? આ તો ગંભીરતા ભરી છે. એનો ઉકેલ તો અનંત અપાર છે. એક એક શક્તિ ત્રણ કાળની પર્યાય ધારણ કરે અને એક એક શક્તિ અનંત સામર્થ્યવાળી, એનું શું કહેવું? સમજાણું કાંઈ? પણ એ અંતરમાં જ્યાં ભરોસે ગયો આત્મા, કહે છે કે એની વર્તમાન પર્યાયમાં નથી તે આવ્યા વિના રહેશે નહિ. નિર્મળ... નિર્મળ... નિર્મળ... નિર્મળ... આહાહા..!

મુમુક્ષુ :- નિર્મળ જ આવે છે ને.

ઉત્તર :- અહીં તો નિર્મળની જ વાત છે ને. ઓલાની વાત જ ક્યાં છે? એટલે ભવિષ્યમાં મારું આમ થાશે ને તેમ થાશે, એ સમ્યગ્દૃષ્ટિને દ્રવ્યદૃષ્ટિમાં એ વાત આવતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું કો'ક વખતે કો'ક કાળે નીકળે હોં! એવી વાત તો બહુ વખતે ન હોય. એવી વાતું છે ભાઈ આ તો. કાને પડવામાં મળે એ પણ મોટા ભાગ્યની વાત છે. એવી વાતું છે. એ જાતનો કાંઈક ક્ષયોપશમ હોય છે, એવો વિકલ્પ છે ત્યારે આ વાણી આવે છે ને? વાણી તો વાણીને કારણે છે. આહાહા..!

કહે છે કે, ભગવાન! તારા શક્તિના સામર્થ્યમાં જ એવું સામર્થ્ય છે, તારી શક્તિ જ એવી છે કે વર્તમાન પર્યાય નિર્મળ ન હોય અને ભવિષ્યની વર્તમાનમાં નથી એ થશે, થશે , થશે એવી તારી શક્તિ છે, એવો તું શક્તિવાન છો. સમજાણું કાંઈ? કહો, આ શબ્દ તો બહુ થોડા છે લ્યો. સંસ્કૃતમાં તો કેટલું છે? '**भवत्पर्यायव्ययरूपा भावाभावशक्तिः**' '**अभवत्पर्यायोदयरूपा अभावभावशक्तिः**' ૩૬મી છે. ભાઈ! આ તો ગંભીર વાત છે. આવી વાત! ઓહોહો..! જૈન સંપ્રદાયના દર્શનમાં દિગંબર સિવાય તો આ વાત ક્યાંય છે જ નહિ, પણ દિગંબર શાસ્ત્રમાં પણ આ શક્તિનું વર્ણન.. ઓહોહો..! વસ્તુની રેલમછેલ કરી

નાખી છે. અમૃતચંદ્રાચાર્યે અમૃતને ઉછાળી નાખ્યું છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો એમાં છે ઈ. કહો, સમજાણું કાંઈ? આહાહા..! ગજબ વાત છે!

કેવળજ્ઞાનને બોલાવે છે શું, લાવશે, લાવશે ને લાવશે. સમજાણું કાંઈ? આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવનો અહીં અભાવ છે એમ કહે છે. અભાવ છે એ ભાવથી જીવને લાભ થશે એ પ્રશ્ન જ રહેતો નથી. અને તીર્થંકર પ્રકૃતિ બંધાણી માટે જીવને લાભ થશે એ વસ્તુના સ્વરૂપમાં જ નથી એમ કહે છે અહીં તો. આહાહા..! સમજાણું કાંઈ? એ વસ્તુના સ્વરૂપમાં એમ નથી. એના સ્વરૂપમાં તો એવો ભાવ છે કે વર્તમાન નિર્મળતા અવસ્થામાં જે ઉગ્ર નિર્મળતા પછીની નથી એ અભાવનો ભાવ થશે એવું એનું સ્વરૂપ છે. ઓલો રાગ ને તીર્થંકર પ્રકૃતિ બંધાણી માટે આમ થયું છે એમ છે નહિ. સમજાણું કાંઈ? એવો વસ્તુનો સ્વતઃ, સહજ સિદ્ધ સ્વભાવ છે. કહો, સમજાણું કાંઈ? એમ કે બહારથી આપણે બરાબર ક્રિયા સુધારીએ અને રાગનો શુભભાવ કાંઈક બરાબર સુધારીએ તો આ ગુણની વૃદ્ધિ થાય. ભાઈ! તને ખબર નથી. દ્રવ્યની શક્તિની ખબર નથી. એ તો શલ્ય મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? એય.. નવરંગભાઈ! ભારે વાતું આ તો. પહેલી વહેલી સાંભળે તો ધડાકા મારી દે એવી હોય. આ તો હવે ઘડાઈ ગયા છે ને હળવે હળવે. શેઠી ન આવ્યા હોં, વરસાદ હતો.

કહે છે, '(**નહિ વર્તતા**)...' એવા પર્યાય તે વર્તશે એવો એનામાં અભાવભાવ નામનો ગુણ છે. નહિ વર્તતી પર્યાય તેમાં નવી પર્યાય જે નથી વર્તમાનમાં, એ વર્તશે એવો એનામાં ગુણ છે અને ગુણનો ધરનાર દ્રવ્ય એવો છે એ. આહાહા..! દ્રવ્ય એવું છે. સમજાણું કાંઈ?

એ એક શક્તિ અનંત શક્તિઓમાં વ્યાપી છે અને એક શક્તિ અનંત શક્તિમાં આ રીતે છે. જ્ઞાનગુણમાં પણ એ છે. એક ગુણ વર્તમાન જ્ઞાનનો પર્યાય છે એ પર્યાયનો વ્યય થશે અને નથી તેનો આવશે. એ અનેક અનંતગુણમાં વ્યાપી રહેલી છે. સમજાણું કાંઈ? આનંદગુણની વર્તમાન વર્તતી અવસ્થા, તે ગુણ એનો એવો છે કે તેનો વ્યય થશે અને આનંદ વર્તમાનમાં વર્તતો નથી એમાં આવશે એવો અભાવભાવ નામનો ગુણ દ્રવ્યમાં પડેલો છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો આત્મા છે. આવો આત્મા ન માને ત્યાં સુધી એની દૃષ્ટિમાં વિપરીતતા છે. આમ આત્મા આત્મા તો બધા ઘણા કરે છે. કહો, સમજાણું કાંઈ? હમણાં ત્યાં ત્રણ દી રહી ગયા ઓલા. શું કહેવાય? આચાર્ય. રજનીશ. ગયા હતા બધા કેટલાક ભાઈ. જ્યોતિ ગયો હતો ને? એ કરતા તો તારો ઓલો તો બહુ ગયો હતો. બધામાં ગયો હતો. સાતેય વ્યાખ્યાનમાં. સાંભળે તો ખરા શું કહે છે? લૌકિક બધી વાતું. આત્મા કે સર્વજ્ઞ કે શક્તિ કે વસ્તુ નામ નથી.

મુમુક્ષુ :- .. ના નામ આવતા હતા.

ઉત્તર :- આત્માનું નામ નથી આવતું. ભાઈ તો એમ કહેતા હતા. નહિ? ચૈતન્યનું આવતું હતું? ના, ચૈતન્યનું નહોતું કહે છે. આ ફેરી બધી પોલ બહુ આવતી. આહાહા..! આ સ્થિતિ જ આ છે. અત્યારે તો બહુ .. સ્થુળ વાત કરી છે. .. આ સમજે કોણ હવે આમાં? આહાહા..! ઓલી વાત હોય તો આહા.. માણસો ભરાય ૧૦-૧૦ હજાર, ૧૫-૧૫ હજાર માણસ લ્યો. હવે આ હજી શું કહે છે મોંમાથું હાથ આવે નહિ. પણ એક વાર સાંભળે તો બીજાને.. આમાં બીજી વાત અમે તો કાંઈ સમજતા નથી. એઈ.. ઝવેરચંદભાઈ! લ્યો, ઝવેરચંદભાઈ પોતે આ જૈન કહેવાય આટલા વર્ષથી ૬૨ વર્ષથી, ૬૪ વર્ષથી. જૈનનું મૂળ તત્ત્વ. એ એમ બોલ્યા હતા એક ફેરી, આપની બપોરની એકેય વાત સમજાતી નથી. કારણ કે આ સાંભળી નથી ને. ભગવાનજીભાઈ! વળી ભગવાનજીભાઈ જેવા તો માહત્મ્ય કરતા કે ઓહો..! આવી શક્તિનું વર્ણન, આવી શક્તિનું સ્વરૂપ તો ક્યાંય (નથી). આ તો મૂળ વીતરાગનું તત્ત્વ. વીતરાગે સર્વજ્ઞે જોયેલો આત્મા અને એ આત્મા જેવો સર્વજ્ઞ જોવે છે એવો જોનારને આવો લક્ષમાં આવે છે. એમ કહે છે. આહાહા..!

કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. ભાષા એમ બોલે સવાર સાંજ. તો એ ધર્મ કોણ? કે આત્મા જેવો ભગવાને જોયો, આ આત્માને એવો જ જોયો છે. અનંત શક્તિવાળો અને આવો થાય એવો. એવો જે અંતરમાં પોતાના આત્માને જોવે ત્યારે એણે કેવળીએ દીઠા આત્માનો એને નિર્ણય થાય. અને નિર્ણય થતાં એના અનુભવમાં જેટલા ગુણો છે એની નિર્મળ અવસ્થા થયા વિના રહે નહિ. એનું નામ ધર્મ છે. આહાહા..! એ કેવળી પણ્ણંતો ધમ્મો એનું નામ છે. એય.. જાધવજીભાઈ! પરની દયા પાળી, વ્રત કર્યા, પોષા કર્યા, મરી જાય નહિ, સૂકાઈ જાય, કાંઈ ન મળે એમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નુકસાનનો પાર ન મળે, ક્ષણે ક્ષણે મિથ્યાત્વ છે. આ કરું ને આ રાગ કરું, આ છોડું ને મૂકું. મિથ્યાત્વને ક્ષણે ક્ષણે પોષે છે. અનંત સંસારના પાપને ક્ષણે ક્ષણે પોષે છે અને એ માને કે હું ધર્મ કરું છું.

મુમુક્ષુ :- ધર્મ કરવા જાય ને મિથ્યાત્વ પોષે?

ઉત્તર :- ધર્મ ક્યાં હતો? ધર્મ તો ભાન ન મળે વસ્તુ શું છે? એની અવસ્થા શું? શક્તિઓ શું? કેમ થાય એની તો ખબર ન મળે. ધર્મ ક્યાં હતો ત્યાં? અધર્મ છે. એય.. જયંતિભાઈ! આ બધા જૂના માણસ બહુ કરતા હતા. ક્યાં ગયા? તમારે પારેખ. એ પાછળ બેઠા. કહો, સમજાણું કાંઈ? આહાહા..! આ બધા પણ જૂના છે ને. આ જૂના હતા ને

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


નાગનેશના શેઠીયાઓ બધા. અપાસરાના. જોબાળિયાની તો ત્યાં હાકવાગે આહાહા..!

અરે.. ભગવાન! બાપુ! એ ધર્મનો ધરનાર આત્મા, એની ધર્મની પરિણતિ અલૌકિક વાત છે ભાઈ! આહાહા..! ભગવાન આત્મા અનંત શક્તિનો જ્યાં કોયડો આખો, એની જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં ઉકેલ થઈ ગયો અંદરથી. અને એ ઉકેલની અવસ્થા વર્તમાનમાં વર્તતી હોય એ વ્યય થશે એટલે ભળી જશે અંદરમાં. 'જળનું તરંગ જેમ જળમાં સમાય છે.' સમજાણું કાંઈ? પણ સમાયા વિના રહેશે નહિ. અને એ ગયા અને બીજું આવ્યા વિના રહેશે નહિ. આહાહા..! અને જે આવવાનો હશે તે જ આવશે પાછું હોં! ઈ વાત એમ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પછીની બીજા સમયની, ત્રીજા સમયની એમ નહિ. એમ છે. મૂળ તો ક્રમ એમ છે આખું ચક્ર. પછીના સમયમાં જે થવાની છે એ વર્તમાનમાં નથી, એ અહીં થશે. એમ. આ જ પર્યાય થશે. એમ પાછી બીજી નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એવો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માએ ગણધરો અને ઈન્દ્રોના સમક્ષમાં આ વાત પરમાત્માએ કરી હતી. આહાહા..!

એક વાત આવે છે કે કુંદકુંદાચાર્ય ગયા ત્યારે ક્ષાયિકની વાત ચાલતી હતી. એને પોતાને એ જાતની યોગ્યતા હતી તો એમ ચાલે છે વાત. સમજાણું કાંઈ? બધે આવે છે ને? ક્ષય કરું.. ક્ષય કરું.. જુઓને! '**मोहो खलु जादि तस्स लयं**'. આમ નાશ થાય... આમ નાશ થાય.. આમ નાશ થાય. સમજાણું કાંઈ? એ તો ત્યાં તો આખી વાત ચાલતી હતી જે હતી એ. પણ પોતાની યોગ્યતા હતી તો એને એમ લાગ્યું અત્યારે આ ક્ષાયિકભાવની વાત ચાલે છે, ક્ષાયિકની વાત, નાશની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

કહે છે.. આહાહા..! કુંદકુંદાચાર્યે તો પાઠમાં, ગાથાઓમાં ઊંડાણમાં ગોઠવી દીધું આ બધું. અમૃતચંદ્રાચાર્યે તારવીને બહાર કાઢ્યું છે. કહો, સુમનભાઈ! સમજાય છે કે નહિ આ? એ આત્મામાં જોવાનું છે એમ કહે છે એને. એણે નથી જોવાનું નિમિત્તમાં, નથી જોવાનું રાગમાં. આ નથી જોવાનું વર્તમાન પર્યાય પ્રગટે એમાં. આહાહા..! વસ્તુ ભગવાન અંતર છે ને આખો. એની ઉપર નજર પડતાં જ કહે છે કે વર્તમાન નિર્મળ પર્યાયમાં જે પર્યાય નથી એ ભવિષ્યની પર્યાય વર્તમાન આવશે, આવશે ને આવશે જ. વિકારની વાત નથી અને નિર્મળ પર્યાય એટલી જ રહેશે એમ વાત નથી. સમજાણું કાંઈ? વિકારની પર્યાય આ થઈ ને છે એ તો વાત પણ નથી અને ભવિષ્યની વિકારની પર્યાય એ તો સ્વરૂપમાં ત્રણ કાળમાં નથી. પણ વર્તમાનમાં નિર્મળ અવસ્થા ક્ષાયિક મોક્ષમાર્ગ વર્તે છે અને બીજી પર્યાયનો મોક્ષમાર્ગ જે બીજે સમયે આવવાનો છે એ અહીં નથી, એ નહિ વર્તતા પર્યાયનું વર્તવું થશે, એ ઉદય થશે, ઉત્પન્ન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

થશે, પ્રગટ થશે. સૂર્ય જેમ ઊગે ને એ ઉગશે એમ કહે છે. ઉદય લખ્યું છે ને. કહો, ચંદુભાઈ! આહાહા..!

ભગવાન! તારી બલિહારી તો જો. તારા ગુણનો, તારા ગુણનો એ ગુણ છે. અભાવ ભાવ થવો એ તારા ગુણનો ગુણ છે. વર્તમાન અવસ્થામાં નહિ વર્તતી, ભવિષ્યની આવશે એ તારા ગુણનો ગુણ છે એમ કહે છે. સમજાણું કાંઈ? ગુણનો ગુણ શું? એ ગુણનો એવો ગુણ છે એટલે ગુણની એવી તાકાત છે. સમજાણું કાંઈ? ભગવાન આત્માને જોતાં, જાણતા જે અવસ્થા પ્રગટી તે અવસ્થા ભવિષ્યની અત્યારે નથી એને ગુણનો ગુણ એવો એનો અભાવભાવ છે કે એ અભાવનો ભાવ થશે. એ ૩૬મી થઈ.

૩૭મી. ઓલી ૩૫મી તો કાલે થઈ હતી હોં! એ તો થોડી લીધી, ૩૫મી કાલે લીધી. આ ૩૬મી લીધી આજે. નહિ? હવે ૩૭મો ગુણ. આત્મામાં તો આ બધા ગુણો એકસાથે છે. વર્ણનમાં ક્રમે વર્ણન ચાલે છે. સમજાણું કાંઈ? '**ભવતા (વર્તતા) પર્યાયના ભવનરૂપ (વર્તવારૂપ, પરિણમવારૂપ) ભાવભાવશક્તિ.**' ઓલો એકલો ભાવ હતો પહેલો, હવે આ ભાવભાવ. પહેલો જે ભાવ હતો શક્તિ એ શું? કે જેટલા નિર્મળ અનંત ગુણ છે તેનું વર્તમાન વિદ્યમાનપણે રહેવું, અવસ્થાનું થવું એ ભાવ નામનો ગુણ. અને ભાવભાવ એ ભાવ જેવો વર્તે છે એવો જ પાછો વર્તશે. દ્રવ્યમાં એ ભાવભાવ, ગુણમાં એ ભાવભાવ, પર્યાયમાં પણ ભાવભાવ એ. સમજાણું કાંઈ?

'**ભવતા...**' વર્તમાન પર્યાયનું હોવાપણામાં એ જ રૂપે એવો એનો ભાવ વર્તે છે અને એવો ને એવો ભાવ, ભાવ એવો ને એવો વર્તશે. એમ કહે છે. ઓલો તો અભાવનો ભાવ હતો. આ તો આવો જે ભાવ છે, જ્ઞાનનો જ્ઞાનભાવ, દર્શનનો દર્શનભાવ, એ ભાવ છે એવો ને એવો ભાવ, ભાવ-ભાવ.. ભાવ-ભાવ... ભાવ-ભાવ... એવો ને એવો ભાવ ચાલુ રહેશે. એવો એનામાં ભાવભાવ નામનો ગુણ છે. થોડો ફેર પાડ્યો આખો. ઓલામાં ભાવપણું હતું, બીજામાં અભાવપણું હતું, ત્રીજામાં ભાવના અભાવપણું હતું, ચોથામાં અભાવનું ભાવપણું હતું. આ ભાવ ને ભાવ. દ્રવ્યનો ભાવભાવ છે તે ચાલુ રહેશે, ગુણનો ભાવભાવ છે તે ચાલુ રહેશે, ગુણનો ભાવ છે તે ભાવ એમ ને એમ રહેશે. પર્યાયનો જે ભાવ છે તે ભાવભાવરૂપે રહેશે. એ અવસ્થારૂપે એ પ્રશ્ન નથી. એ ભાવભાવરૂપે તેવો રહ્યા કરશે. એ ભાવમાં બીજો ભાવ આવે વિકારી તેમ થશે નહિ. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? રતિભાઈ! બહુ ઝીણું પણ માણસને. આવો ધર્મ વીતરાગનો હશે? ઓલા તો કહે ચોવિહાર કરવો, કંદમૂળ ન ખાવા, પાણી પીવું અને અપવાસ કરવો, પોષો કરી નાખવો અને સામાયિક કરવી. લ્યો! કર્તાનું અભિમાન છે ભાઈ તને. મિથ્યાત્વનું પોષણ છે. આહાહા..! રાડ નાખે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભાઈ! તને ખબર નથી, બાપુ! તારી ચીજ જ જ્યાં કર્મને અડી જ નથી ને. એ રજકણોને કોઈ દી અડી જ નથી. અને કર્મના રજકણો તને કોઈ દી અડ્યા જ નથી. આ જે અડેલી ચીજો છે એની વાતું ચાલે છે આ તો. આ શરીર જીવને સ્પર્શ્યું જ નથી, અડ્યું જ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! કર્મના આઠ કર્મના રજકણો જીવની પર્યાયને અડ્યા નથી, સ્પર્શ્યા નથી. તદ્દન જુદે જુદી વસ્તુ છે. સમજાણું કાંઈ? ખરેખર સ્વભાવમાં રાગ પણ સ્પર્શ્યો નથી. એક સમય પૂરતો સ્પર્શ્યો છે. ત્રિકાળી સ્વભાવમાં સ્પર્શ્યો નથી. એવો જે આત્માનો સ્વભાવ એ પરની કોઈ પર્યાયને લઈને થાય કે આ ઉઠો, બેઠો કે આમ કર્યું નમો અરિહંતાણં, ફલાણું કર્યું માટે એની પર્યાય પ્રગટે એ ત્રણ કાળમાં નથી એમ કહે છે. જેમાં એ ભરેલી શક્તિઓ છે, એની અંતર દૃષ્ટિ કરતાં, એનો એ ભાવ, છે એનો એ ભાવ એમાં રહેશે. પરભાવને કારણે રહેશે ભાવ એમ છે નહિ. સમજાણું કાંઈ?

ઓલામાં તો વ્યયનો અભાવ અને અભાવનો ભાવ. આ તો એ ભાવ જે જાતનો છે ભાવ એ ભાવભાવ.. ભાવભાવ... ચૈતન્યભાવ, ચૈતન્ય શક્તિ, ચૈતન્ય પર્યાય. સમજ્યાને? એ ભાવ જે આ છે તે જ ભાવભાવ. એ જાતનો ભાવભાવ રહે એવો જ એનો ગુણ છે. સમજાણું કાંઈ? દ્રવ્યનો ભાવ છે તે જ ભાવ રહેશે, ગુણનો જે ભાવ છે તે જ ચૈતન્યના ગુણનો જે ભાવ છે તે શક્તિરૂપે રહેશે અને પર્યાયનો જે ભાવ, ભાવરૂપ જે છે ભાવરૂપ છે એ જ ભાવનો ભાવ રહેશે. એ ભાવભાવ રહેશે, ભાવભાવ રહેશે. સમજાણું કાંઈ? આહાહા..! આવા તો શબ્દો પણ કાને ન પડ્યા હોય કેટલાકને, લ્યો! કેમ? ઝવેરચંદભાઈ! ત્યાં એ સાંભળ્યો પણ નહિ હોય આવા. ભાવભાવ ને ભાવભાવ શું કરે છે આમાં? માંડી છે તારી. સાંભળને. તું આત્મા કેવો છો અને કેમ છે અને એને ધર્મ કેમ થાય એની આ વાત છે. સમજાણું કાંઈ? કહો, ભગવાનજીભાઈ! આહાહા..!

'**ભવતા (વર્તતા) પર્યાયના ભાવરૂપ...**' ભવવું-થવું એ રૂપે જ ભાવભાવ રહેશે. એવો જ ભાવ રહેશે, બીજો ભાવ એમાં આવશે નહિ. બીજો રાગનો ભાવ, વિકલ્પનો ભાવ, નિમિત્તનો ભાવ, એ તો જે જાતનો ભાવ છે તે જ ભાવ, તે ભાવભાવ (રહેશે). સમજાણું કાંઈ? જ્ઞાનનો દ્રવ્યમાં ભાવ, ગુણમાં ભાવ અને પર્યાયમાં ભાવ. જ્ઞાનગુણનો. એવો જ ભાવ દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં જે ભાવ છે તે ભાવભાવ રહેશે. એમ શ્રદ્ધાગુણનો જે દ્રવ્યમાં ભાવ, ગુણમાં ભાવ, પર્યાયમાં ભાવ એ ભાવભાવ એમ રહેશે. એમ ચારિત્રનો જે ભાવ દ્રવ્યમાં ભાવ, ગુણમાં ભાવ અને પર્યાયનો ભાવ એ ભાવભાવ એમ ને એમ રહેશે. સમજાણું કાંઈ? એમ આનંદ જે આત્મામાં છે એ દ્રવ્યનો આનંદભાવ, ગુણનો આનંદભાવ અને પર્યાયનો આનંદભાવ એ ભાવભાવ. આહાહા..! સમજાણું કાંઈ? એમાં વ્યવહારના રાગનો ભાવ કોઈ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


દી આવશે નહિ પછી અને પહેલા. એમ કહે છે. જે ભાવ છે તે જ ભાવ એમ ને એમ રહેશે. એ જાતનો ભાવ હોં! પર્યાય ભલે એ જાતની ન હોય. પર્યાય એ ન હોય એમ નહિ. એનું કાંઈ નહિ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એનામાં ભાવભાવ નામની એક શક્તિ છે કે જે શક્તિએ દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં જે ભાવ વર્તમાન છે, તે જ ભાવ એમ ને એમ ભાવ રહ્યા કરશે. બીજો ભાવ થાય એવો એનામાં ગુણ અને દ્રવ્યમાં સ્વભાવ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ધારાવાહી ભાવ જે ભાવ છે તે જ ભાવભાવ તે જાતના ભાવ. જે જાતનો ચૈતન્ય દ્રવ્યભાવ, ચૈતન્ય ગુણભાવ, ચૈતન્યનો પર્યાયભાવ તે ભાવ... ભાવ... ભાવ... ભાવ... ભાવ.. ભાવ... એ જાતના ભાવનું એ જાતનો ભાવ રહ્યા કરે એવો એનો ગુણ જ છે કહે છે. એમાં બીજો ભાવ થાય એવો એનામાં ગુણ અને પર્યાય નથી. આહાહા..! સમજાણું કાંઈ? પણ હવે આમાં અમારે ધર્મ શું સમજવો? એ તો અમારા ગયા ભાઈ. પ્રેમચંદભાઈ કહે, પણ હવે તમે આ વસ્તુ કહો, પણ આમાં ધર્મ શું? કહેતો હતો કે નહિ?

ધર્મ એ કે આ આત્મામાં આટલા ગુણો છે, એવા ગુણનો ધરનાર જે આત્મા એનો અનુભવ દૃષ્ટિ કર, એનું નામ ધર્મ, એ ધર્મમાં આવા ભાવો એનામાં લક્ષમાં અને દૃષ્ટિમાં આવશે. સમજાણું કાંઈ? કહો, પ્રવિણભાઈ! ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... કરીએ ચોવીસ કલાક તો? એ ભગવાનની વાણી પણ તારામાં નથી ભાવ અને ઓલો વિકલ્પ જે છે ભગવાન-ભગવાન બોલવાનો એ પણ તારામાં ભાવ નથી. તો એ ભાવ નથી એ ભાવ નહિ થાય ફરીને. જે ભાવ એને જાણવા-દેખવાનો-શ્રદ્ધવાનો ભાવ છે તેને તે ભાવ એમ ને એમ રહ્યા કરશે. આહાહા..! સમજાણું કાંઈ? એવો એક ભાવભાવ નામનો ૩૭મો ગુણ શક્તિ છે. કહો, સમજાણું? બાકીની ૧૦ રહી...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**અષાઢ સુદ ૧૩, સોમવાર તા. ૮-૭-૧૯૬૮**
**શક્તિ-૩૭-૩૮-૩૯, પ્રવચન-૫૬૧**

પરિશિષ્ટ અધિકાર છે. ૩૭મી શક્તિ ચાલી. આ પાંચમી છે એ. ભાવ-અભાવની છે ને? એની પાંચમી. પહેલી ભાવ, પછી અભાવ, પછી ભાવ-અભાવ, અભાવ-ભાવ, ભાવભાવ અને અભાવ(અભાવ) એમાં પાંચમી. આમ ૩૭મી. શું કહ્યું છેલ્લું ૩૭માં? એ ૩૬મું આવ્યું એ કાંઈ હવે નહિ આવે. એ ગયું. એ તો કાલે ગયું ને? ૩૭માં છેલ્લું છે થોડું.

આ આત્મા છે એ વસ્તુ છે અને એમાં શક્તિઓ જે અનંત છે એ માયલી એક શક્તિ એવી છે કે જે એની જાત છે (એટલે કે) જ્ઞાનની જાત, દર્શનની જાત, જે ચૈતન્યની જાતના ભાવો છે એ ભાવ તે અત્યારે હતા એ એમ ને એમ રહેશે. એ ભાવભાવરૂપ. એને રાખવા માટે એનો ગુણ જ એવો છે કહે છે. ચૈતન્ય જાત છે ચૈતન્ય, એમાં જે જ્ઞાનસ્વરૂપે આત્મા છે જ્ઞાનભાવરૂપ, જ્ઞાનભાવરૂપ ભાવભાવ (રહેશે). તો જ્ઞાન ભૂતકાળમાં હતો, અત્યારે છે અને ભવિષ્યમાં. એ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન.. જ્ઞાનભાવરૂપે રહે એવો એનો ગુણ છે. કહો, સમજાણું? એ પોતાની જાતનો ભાવ છે એ ભાવ દ્રવ્યનો, ચૈતન્યભાવ, ગુણનો ભાવ, પર્યાયનો ભાવ અને એનો એ ભાવ ભાવભાવ. એનામાં રાગ અને પુણ્યનો ભાવ છે નહિ. સમજાય છે? એનામાં તો ભાવ ચૈતન્યભાવ, આનંદભાવ, શાંતિ એટલે ચારિત્રભાવ, અસ્તિત્વભાવ, સ્વચ્છત્વભાવ, પ્રભુત્વભાવ, અકાર્યકારણ નામનો જે ભાવ એ ભાવ છે તે ભાવ... ભાવ.. ભાવ... એમ રહ્યા કરશે. સમજાણું કાંઈ?

એનામાં આ એક પ્રભુતા લઈએ જુઓ અત્યારે. જ્ઞાન છે તે જ્ઞાનભાવ... જ્ઞાનભાવ... જ્ઞાનભાવ... જ્ઞાનભાવ... છે, છે ને છે. એમ જ્ઞાનભાવ જ્ઞાનભાવરૂપે રહેશે, દર્શનભાવ દર્શનભાવરૂપે રહેશે. આનંદભાવ આનંદભાવરૂપે રહેશે અને પ્રભુતાભાવ પ્રભુતાભાવરૂપે રહેશે. સમજાણું કાંઈ? એ વળી શું કેમ આવ્યું? એ પ્રભુતા અખંડ પ્રતાપથી સ્વતંત્ર શોભિત એવો એનો ભાવ છે. આત્મામાં પ્રભુતા એટલે અખંડ પ્રતાપથી સ્વતંત્રપણે શોભાયમાન એવો એનો ભાવ છે. એ ભાવ ભૂતકાળે હતો, અત્યારે છે અને એમ ને એમ રહેશે. કહો, સમજાણું કાંઈ? સિદ્ધમાં પણ એ પ્રભુત્વભાવ અખંડ સ્વતંત્રપણે શોભાયમાન એવો ભાવ રહેશે એમ કહે છે.

મુમુક્ષુ :- સિદ્ધમાં પછી ન રહે તો શું વાંધો?

ઉત્તર :- ન રહે તો. ભાવ છે ને ન રહે તો શું? એનો ભાવ જ છે ને. એ ભાવસ્વરૂપ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જ છે ઈ. એ ભાવ છે.. છે.. છે.. ને છે. જેવો વર્તમાનમાં છે એવો ભવિષ્યમાં પણ (રહે છે). ભૂતકાળમાં પણ એ જ ભાવ હતો. રાગાદિ ભાવ એના સ્વરૂપમાં નહોતો. સમજાણું કાંઈ? અખંડ પ્રતાપથી સ્વતંત્રપણે શોભાયમાન એવો ભાવ વર્તમાનમાં છે, એવો જ ભાવ ભવિષ્યમાં એમ ને એમ રહ્યા કરશે. એના પ્રતાપને કોઈ ખંડ કરે અને સ્વતંત્રતાને કોઈ પરાધીન કરે અને શોભાની અશોભા થાય એવો એનામાં ભાવ છે નહિ. કહો, સમજાય છે કાંઈ? ભારે પણ શક્તિનું વર્ણન! ગજબ કરે છે ને. કેવી રીતે કહ્યું છે!

આમ ભગવાન આત્મા વસ્તુ.. તારે પરમાં જોવાનું કામ નથી. પરમાં તું છો નહિ અને.. પરમાં તું છો નહિ અને પર તારામાં છે નહિ. તારા સુખને માટે તો જોવાનું અંદરમાં છે. સમજાણું કાંઈ? એ સુખભાવ આત્મામાં છે, એ વર્તમાન છે, ભૂતકાળે હતો એનો એ સુખરૂપ ભાવ ભાવ એમ ને એમ રહેવાનો છે. સમજાણું કાંઈ? એના આનંદના ભાવને રાખવા માટે કહે છે કે એનો ભાવભાવ નામનો ગુણ છે એ આનંદને એમ ને એમ રાખશે. આહાહા..! સમજાણું કાંઈ? એને પ્રયત્નથી, નવા પ્રયત્નથી રાખવો પડે એવું છે નહિ. એ પ્રયત્ન પુરુષાર્થ નામનો વીર્ય ગુણ છે એ પણ પોતે ભાવભાવરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અંતર ચૈતન્ય ચમત્કારથી ભરેલો અનંતગુણનો પિંડ એ જે ભાવ છે એ ભાવ એમ ને એમ રહેવાનો. અકાર્યકારણ નામનો જે ભાવ છે આત્મામાં, પરનું કારણ ન થવું અને પરના કાર્યરૂપે પોતે કારણ ન થવું અને પરના કારણથી પોતામાં કાર્ય ન થવું. સમજાણું કાંઈ? આમાં પર્યાય શબ્દ વાપર્યો છે ને. એટલે ભાઈએ પર્યાય શબ્દે પ્રશ્ન કર્યો હતો ને ભાઈએ? રવિભાઈ નહિ? પ્રશ્ન કર્યો. પણ એ છે ગુણ. શબ્દો તો પર્યાય શબ્દ વાપર્યો છે ને. પણ એ રૂપે એવું રહે એવો એનો ગુણ છે. બેમાં જરી અવસ્થા શબ્દ વાપર્યો છે. અત્યારે પછી અહીં આવ્યા પછી જોયું. વળી વધારે વિચાર થાય. ઓલામાં અવસ્થામાં વાપર્યો અને આમાં પર્યાય વાપરી. ફેર હશે. કહો, સમજાણું કાંઈ?

આ તો ગંભીર વસ્તુ છે કે એનો પાર પ્રાપ્ત થાય એટલે પાર આવે. પૂર્ણ પ્રાપ્ત થાય. બધું આવી ગયું. પૂર્ણ હોં! પહેલા અનુભવમાં પ્રાપ્ત થાય એટલે એ પણ એમાં પૂર્ણ પ્રાપ્ત નથી. કારણ કે એવો ને એવો ભાવ એમ ને એમ રહીને પૂર્ણ થાય, એની એ જાતનો ભાવ રહીને પૂર્ણ થાય ત્યાં પ્રાપ્ત થઈ ગયો, પૂરો થઈ ગયો. સમજાણું કાંઈ? ત્યારે આ પૈસા કે દી પ્રાપ્ત થાય? જાધવજીભાઈ! પૈસાને સાચવવાનો ભાવ એમાં છે કે નહિ? પૈસાને રળવાનો ભાવ એનામાં છે કે નહિ? પૈસાના વ્યાજ ઉપજાવવાનો ભાવ છે કે નહિ? પૈસાની વ્યવસ્થા કેમ કરવી? સંચામાં નાખવી, મકાન બનાવીને ભાડા ઊપજાવવા એવી અવસ્થાનો કોઈ ગુણ એનામાં છે કે નહિ? છગનભાઈ! એમાં છે નહિ, કહે છે. એ તો પર છે, ધૂળ

છે. એમાં તારી સાથે સંબંધ શું છે એને? એ તો કહ્યું ને? પરના કાર્ય થવામાં તારું કારણ નથી એવો તારામાં ગુણ છે અને પરના કારણે તારું કાર્ય થાય એવો તારો ગુણ નથી. પરના કારણે કાર્ય થાય એવો તારો ગુણ જ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કેટલાક દાખલા આપીને સ્પષ્ટ કરો ને?

ઉત્તર :- આ કીધું ને. આ દાખલા કીધું ને. આ પૈસા, મકાન, બાયડી, છોકરા... સમજાણું? હમણાં તો એક વળી વિચાર ત્યાં આવ્યો હતો, આ છોકરાને પૂછયું હતું. માણસમાં બાયડી વિનાના હોય, બાયડી વિનાના હોય એમ મા વિનાના હોય કે નહીં? કે બધાને બાયડી હોય ને બધાને મા હોય? એઈ..! મા વિનાનું તો કોઈ હોય નહિ. માણસ હોં! નારકીને, દેવને હોય. નારકીને દેવને મા વિના હોય. અને બાયડી વિના પણ કો'ક હોય. પણ એને બાયડી હોય ઘણાને. અહીં તો કહે છે કે બધા વિનાનો જ આત્મા છે અહીં તો. ઓલામાં ભંગ બહુ પડી જાય છે. નારકીને બાયડી નથી અને બા પણ નથી. છે? દેવને બા નથી અને બાયડી છે કેટલાકને હોં! માણસમાં પણ મા તો બધાને હોય અને બાયડી હોય ન હોય.

મુમુક્ષુ :- નાના છોકરા હોય એને ક્યાં?

ઉત્તર :- ન જ હોય. મોટો હોય એ કાંઈ બધા પરણે છે? મરી જાય છે .. કરીને. પણ અહીં તો કહે છે કે એ બધું તારામાં છે જ નહિ એમ અહીં સિદ્ધ કરવું છે.

મુમુક્ષુ :- આ બધી લીલા શું છે?

ઉત્તર :- લીલા જડની છે. એ એમાં ક્યાં ભજે છે? એ પરમાં ભજવે છે. કો'કને ઘરે ભજે એમાં તારે શું છે? સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે, તારામાં જે જ્ઞાન, દર્શન, આનંદ આદિ જે અનંત ભાવ છે ને? એ ભાવ દ્રવ્યમાં છે, એ ભાવ ગુણમાં છે, એ ભાવ પર્યાયમાં છે. એક વાત. વર્તમાન. અને એ ભાવ ભૂતકાળમાં હતો, અત્યારે છે અને પછી રહેશે. એવો તારામાં ગુણ એ છે. કોઈ વસ્તુ આમ લક્ષ્મી હતી અને રહેશે, ગઈ અને રહેશે એવું તારામાં છે જ નહિ કોઈ.

મુમુક્ષુ :- વ્યવહારે છે.

ઉત્તર :- વ્યવહારે હતું કે દી? જૂઠા વ્યવહારથી કહેવાય. કીધું હતું ને? આહાહા..! '**ભવતા પર્યાયના...**' ત્યાં પર્યાય શબ્દ ચોખ્ખો વાપર્યો છે. છે ગુણ હોં આ.

મુમુક્ષુ :- ક્યો?

ઉત્તર :- બધા. આ ૩૭મો. શબ્દ વાપર્યો છે પર્યાય.

મુમુક્ષુ :- પર્યાયમાં .. ગુણમાં...

ઉત્તર :- ના. ના. ભવતા પર્યાયના એમ ને એમ રહેવારૂપ એવો ગુણ ત્રિકાળ એમ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કહે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મામાં એવો એક ગુણ છે કે અનંતા ગુણને પર્યાયરૂપે રહેવું અને ગુણરૂપે રહેવું અને દ્રવ્યરૂપે રહેવું. એની જાત રૂપે રહેવું, ચૈતન્ય ચૈતન્યની જાતરૂપે રહે, જડની જાતરૂપ થાય નહિ એમ કહે છે મૂળ તો વાત. સમજાણું કાંઈ? આહાહા..! એમ અનંતા જેટલા ગુણો આત્માના છે, એના ભાવભાવ ભાવ છે એ ભાવ ભાવરૂપે રહેશે. એવો એનો ગુણ છે એને કારણે એમ ને એમ રહેશે. સમજાણું કાંઈ?

ક્ષાયિક સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શન ગુણ છે એક અને એની એક પર્યાય છે અહીં. સમ્યક્ નિર્મળની વાત લેવી છે. એ શ્રદ્ધા નામનો ગુણ છે એ ભાવ છે અને એની પર્યાય પણ એ ભાવરૂપે થઈ એ પણ એક ભાવ છે અને એ જ પર્યાયને ગુણ ને દ્રવ્ય એમ ને એમ રહેશે. નિર્મળ પર્યાયરૂપ સમ્યગ્દર્શન, નિર્મળ શક્તિરૂપ સમ્યક્શ્રદ્ધા અને એનો ધરનાર દ્રવ્ય. એ ભાવ જે છે એ ભાવ એમ ને એમ રહેશે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! કેટલું વર્ણવ્યું છે! ઓહોહો..! અમૃતચંદ્રાચાર્યે. ઘણું જંગલમાં રહીને સંતોએ આત્માના ધ્યાન ને આનંદ તો કર્યા, ક્ષણે ક્ષણે આત્માનો આનંદ લે છે અને ક્ષણમાં વળી વિકલ્પ જરી ઉઠે છે. છતાં ત્યાં વિકલ્પના રહિતનું જ પરિણમન છે એને. એમાં આ શાસ્ત્ર લખાઈ ગયું. એણે કર્યું નથી.

મુમુક્ષુ :- મોટા માણસ તો એમ જ કહે.

ઉત્તર :- મોટા માણસ નહિ. એ જ નાખે ઓલા, લઘુતા વર્ણવી છે એમ કીધું ત્યાં. જયચંદ્ર પંડિત કહ્યું ને કે મોટા પુરુષો... પણ મોટા પુરુષ મોટો પોતે પરનું શું કરે? આમાં પણ નાખ્યું છે એણે. ચર્ચામાં-ખાણિયાની ચર્ચામાં. એ તો લઘુતા વર્ણવી છે કે ભાઈ, મેં નથી કર્યું. શક્તિ શબ્દની છે એનાથી આ બન્યું છે. આ પુસ્તક શબ્દની શક્તિથી બન્યું છે. આત્માની શક્તિ એવી નથી કે જે શબ્દને બનાવે. સમજાણું કાંઈ? આહાહા..! સૌ સ્વતંત્ર જગતના તત્ત્વો. કોણે કર્યું ત્યારે? સવારમાં આવ્યું હતું તમારું ઓલું મોહનભાઈ! કીધું આ મોહનભાઈએ પૂછ્યું, પણ કોઈ કર્તા નહિ તો આ કર્યું કોણે? ઈશ્વર હશે કોઈ વચમાં? એ પોતે જ આ પરમાણુ આ એક એક વસ્તુ છે કે નહિ? જુઓ! અસ્તિ છે કે નહિ આ અસ્તિ? આ અસ્તિ છે તે દેખાય કે ન હોય તે દેખાય? અસ્તિ છે. તે રજકણો અસ્તિરૂપે, ગુણરૂપે અને પર્યાયરૂપે અસ્તિ છે. એ એની પરમાણુની પર્યાયના અસ્તિત્વથી આ બન્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરનાર બીજો કોઈ (નહિ). એ પોતે કરનાર છે ને. એ રજકણ છે ને કરનાર. જુઓ! રૂપાંતર થયું છે ને. લાવો. જુઓ આવી પર્યાય બનાવી દ્યો તમે, લ્યો. આ પર્યાય આવી બની છે. રોટલા, દાળ, ભાત, બધા ખાય એમાંથી આને આવી બની, બીજાને એવી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



બની એનું કારણ શું? એ રજકણો જ એના કારણરૂપે થાય છે. કહો, સમજાણું કાંઈ? એ રજકણોમાં એવી રંગ, ગંધ, સ્પર્શ આદિની શક્તિ છે કે પોતાને કારણે ત્યાં (પરિણમે છે). જ્ઞાનની ત્યાં જરૂર નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કીધું ને. એને એ પર્યાય... એ તો વાત કરી. આંગળી આમ છે. એક ને કાળી હોય અને એકને રાતી હોય, ઘઉંવર્ણી લ્યો. બે ભાઈ અને ચાર ભાઈ સાથે હોય. એક એની માના રંગના હોય, એકને બાપના રંગ હોય. એવું હોય છે કે નહિ? બહારમાં એમ કે ધોળો બાપ હોય એના છોકરા બે ધોળા હોય અને મા જરી ઓલી હોય તો છોકરા એવા હોય. દીકરીયુંમાં એવું હોય છે. કોઈ માવર્ણા. આ તો એક નિમિત્તથી (વાત છે). વર્ણ તો પોતાનો. પોતાનો પણ કે દી હતો? પણ અહીં તો એમ કે એના એ છોકરા, એના મા-બાપ એક ઘરમાં રહેનારા, એક જાતનો ખોરાક ખાનારા, છતાં એકનો રંગ દૂધ ખાય તોય એનો રંગ જે કાળો છે એ પ્રમાણે પર્યાય જડની થાય. એકની ધોળી થાય. કારણ કોણ? એના રજકણો એના કારણ છે.

મુમુક્ષુ :- ... રજકણ અહીં કાળા

ઉત્તર :- ત્યાં એની પર્યાયનું પરિણમન છે એ. સમજાણું કાંઈ? લ્યો, .. નાખો લીમડામાં દ્રાક્ષ અને દૂધ. દ્રાક્ષને લસીને અને એમાં દૂધ નાખીને નાખો આમાં ખામણામાં. લીમડાના ખામણામાં. દ્રાક્ષ થાશે માથે? દ્રાક્ષ પાકશે? એ તો લીંબોળી પાકે ત્યાં. એ તો એના પરમાણુની તે કાળે તે જ પર્યાય પાકવાની. ઓલાની નહિ હોં! ગયા માટે નહિ. આહાહા..! ભારે વાતું પણ. સમજાણું કાંઈ?

અહીં તો ભગવાન આત્મા જે ભાવથી ભરેલો છે તે ભાવ તેના એમ ને એમ હતા, છે ને રહેશે એવો એનો એ કાયમી અનાદિઅનંત નિત્ય ગુણ છે. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો, એ ૩૭મી થઈ.

૩૮. '**નહિ ભવતા (નહિ વર્તતા) પર્યાયના અભવનરૂપ...**' નહિ થતાં ભાવના અભાવરૂપ '**અભાવાભાવશક્તિ.**' છે. એ શું કહે છે? આત્મા ભગવાન એમાં એક અભાવાભાવ નામનો ગુણ છે. કે જે વર્તમાનમાં, ભૂતકાળમાં અને ભવિષ્ય એને કર્મપણે નહિ થવું, અત્યારે એવું છે, પાંચ શરીરપણે નહિ થવું એવું છે. આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા અને મન એ પણે નહિ થવું એવું અત્યારે છે. એવું એમ ને એમ કાયમ રહેશે. સમજાણું કાંઈ? કોઈ દી એણે પ્રયત્ન આટલા આટલા કર્યા પણ એક પરમાણુ એનામાં લાવી શક્યો છે એની પર્યાયમાં?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુમુક્ષુ :- દૂર હોય તો નજીક લાવે.

ઉત્તર :- કોણ લાવે?

એ પરમાણુના અભાવરૂપ શક્તિ આત્મામાં છે. એ અભાવરૂપ જ અભાવરૂપ, અભાવરૂપ અનાદિઅનંત રહેશે. કહો, સમજાણું કાંઈ? આહાર, આ છે ને પહેલેથી, આ લ્યોને માતાના પેટમાં. આહાર આવે છે ને? પહેલો આહાર લે, પછી ઈન્દ્રિય, આકાર થાય ત્યાં જડનો હોં. આકાર થાય. શરીર, આહાર, ઈન્દ્રિય, શ્વાસ. ત્યાં શ્વાસ બંધાય પહેલો. ભાષા અને મન એવા રજકણો ત્યાં બંધાય છે. કહે છે કે એ બધા રજકણો અને સાથે આઠ કર્મો, આઠ કર્મ, આ રસ્તામાં જતા પણ સમ્યગ્દ્રષ્ટિને આઠેય કર્મ સાથે દેખાય, તૈજસ આદિ દેખાય પણ એના અભાવરૂપ એનું પરિણમન છે. કારણ કે એનામાં ગુણ અભાવાભાવ નામનો છે તો વર્તમાનમાં પણ કર્મ અને શરીર, શ્વાસનો અભાવ છે એવો ભવિષ્યમાં પણ પરનો અભાવ કાયમ રહેશે. એવો અભાવાભાવ નામનો આત્મામાં ગુણ છે. સમજાણું કાંઈ? આહાહા..!

આ જોડે એકક્ષેત્રાવગાહે રહેલા કર્મો, શ્વાસ, ભાષા, મન, આહારના રજકણો, શરીરની આકૃતિના પરમાણુઓ એનો ભગવાન આત્મામાં અભાવરૂપ વર્તમાન છે. એવો જ અભાવરૂપ કાયમ રહેશે એવી અભાવાભાવ નામની શક્તિ છે આત્મામાં. કહો, સમજાય છે કાંઈ? આ શું હશે? જુઓ! એવો ભગવાન આત્માનો ગુણ જ છે. એ ગુણનો ગુણ આવો છે કે પરના અભાવરૂપે થવું અત્યારે અને પછી એમ ને એમ અભાવરૂપે રહેવું. એવા ગુણનો ગુણ છે. પરના ભાવરૂપે કોઈ દી વર્તમાન થવું કે ભવિષ્યમાં થવું એવો એનામાં ગુણ છે નહિ.

કેવળી પણ જુઓને. એમ કહે છે ને? કેવળી ભાષા ગ્રહે પહેલે સમયે અને પછી બીજે સમયે છોડે. એમ કહે છે કેટલાક લ્યો. એ (સંવત) ૨૦૦૬ની સાલમાં ત્યાં પાલિતાણા કહેવાણું હતું. સામે. પણ અહીં તો કહે છે કે તારામાં પરના, ભાષાના અભાવરૂપ પરિણમન છે એવું જ અભાવરૂપ કાયમ રહેશે. અત્યારથી સાધકથી માંડીને. જોકે અનાદિની છે પણ ભાન થયું ત્યારથી એનું ભાન કહેવાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? કોને ભાષાને ગ્રહે, પહેલે સમયે ગ્રહે, બીજે સમયે છોડે ભાષા. સમજાણું કાંઈ? અરેરે.. શું થયું આ? જૈનશાસનમાં આત્માની સ્થિતિ શું છે એની ખબર ન મળે. જૈનશાસન એટલે વસ્તુનું સ્વરૂપ. એ વસ્તુનું સ્વરૂપ એ પોતે વીતરાગસ્વરૂપ જ આત્મા છે. આત્મા એટલે વીતરાગસ્વરૂપ. એની પર્યાયમાં વીતરાગતા પ્રગટી. કહે છે, વીતરાગસ્વરૂપ ભાવ છે, વીતરાગસ્વરૂપ દ્રવ્ય છે, વીતરાગસ્વરૂપ ભાવ છે, વીતરાગસ્વરૂપ પર્યાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

ઓલામાં તો ઉપદેશ આપ્યો છે ને? નહિ? શું કહેવાય? આત્માવલોકન. જૈનના ગુરુ, સાધુ એને કહીએ, એટલે સાચા સંત એને કહીએ કે જે પોતાનો વીતરાગભાવ છે તેને અનુભવે,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વીતરાગભાવ દ્રવ્ય છે, વીતરાગભાવ ગુણ છે અને વીતરાગભાવની પર્યાય ભાવ છે. એને ને એને એમ ને એમ વીતરાગભાવ.. વીતરાગભાવ... વીતરાગભાવ.. રહ્યા કરે. અને ઉપદેશમાં વીતરાગભાવ કહે. એમ કહ્યું પાછું. આહાહા..! રાગથી લાભ થાય અને તમે રાગ કરો એમ નહિ. વીતરાગભાવની વાત કરે. એ શ્લોક છે આત્માવલોકનમાં. આ ભાવ આવ્યો ને ભાવ? સમજાણું કાંઈ?

કેમકે આત્મામાં અકષાય વીતરાગભાવ ભરેલો છે. એટલે આત્મા વીતરાગસ્વરૂપ જ છે શક્તિએ, ગુણે, ભાવે, સ્વભાવે. એવો વીતરાગભાવ છે એ શ્રદ્ધા, જ્ઞાનમાં, સ્થિરતામાં એને વીતરાગદશા પ્રગટી છે એને મુનિ કહીએ. વીતરાગતા પ્રગટી છે શુદ્ધોપયોગ તેને મુનિ કહેવાય. આહાહા..! પંચ મહાવ્રતના પરિણામ છે, ફલાણું છે, દેહની ક્રિયા એ કરે, નગ્ન થયા છે, એ તો કહે છે અહીંયાં અભાવ છે એનો. આનો અભાવ છે અને એ અભાવરૂપે રહે છે સદાય. એમાં વળી આ ભાવવાળો એમ આવ્યું ક્યાંથી એને? એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! જુઓને એક શૈલી!

મુનિ છે એનો આત્મા એ પંચ મહાવ્રતનો વિકલ્પ જે છે અને નગ્ન દશા છે એના અભાવરૂપ વર્તમાન અને એનો એ અભાવ કાયમ ચાલુ છે, એનો એ અભાવ કાયમ ચાલુ છે એવો તો એનો ગુણ છે. સમજાણું કાંઈ? આ ભારે આ. કહો, પકડાય છે કે નહિ આમાં? જાધવજીભાઈ! સમજાય છે? આ વસ્તુ છે ને પણ. જુઓને! આ વસ્તુ છે. એ પોતે છે એ વીતરાગભાવસ્વરૂપ છે. અહીં અત્યારે રાગસ્વરૂપ ને પુણ્યસ્વરૂપ ને કર્મસ્વરૂપ એનામાં છે નહિ. એનામાં ભાવ જ નથી. ત્રણે કાળે હોં એમ પાછું. રાગ ને કર્મ ને શું? કે એ વસ્તુ એની નથી. એનો એ ગુણ નથી કે રાગસહિત રહે અને કર્મસહિત રહે એવો એનો ગુણ જ નથી. આહાહા..! ત્રણે કાળમાં રાગસહિત રહે અને કર્મસહિત રહે એવો એનામાં ગુણ જ નથી. એનો ભાવ વીરાગભાવરૂપ છે. વર્તમાન વીતરાગભાવરૂપ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છે અને એનો એ અભાવ, પરનો અભાવરૂપ વીતરાગભાવ એનો એ ભાવ કાયમ રહે છે. એને આત્મા કહીએ, એને આત્મા કહીએ, બાકી રાગવાળો છું, કર્મવાળો છું એમ માનનારને આત્મા કહેતા નથી. એ મિથ્યાદષ્ટિ અનાત્મા છે. આહાહા..! ભારે વાત ભાઈ!

આ પંચમ આરામાં કેવળજ્ઞાન નથી અને તમે આટલી વાત આવી કરો. અહીં તો પાંચમા આરાને માણસને અહીં તો આત્માને કહે છે. કે આત્માને કહીએ. પાંચમાં આરાનો હોય, ચોથા આરાનો હોય, ફલાણાનો. આત્મા ફરી જાય છે? ભગવાન આત્મા આવો છે એમ એણે દષ્ટિમાં લેવો જોઈએ. અને એ દષ્ટિમાં લીધા વિના એને સમ્યગ્દર્શન થાય નહિ અને સમ્યગ્દર્શન થતાં એની શ્રદ્ધામાં, જ્ઞાનમાં એ વાત આવી જાય કે જેટલા ભાવ મારા વીતરાગપણે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પડ્યા છે એ વર્તમાન પણ પરના અભાવરૂપ છું, ભવિષ્યમાં પણ પરના અભાવરૂપે રહ્યા કરીશ. કહો, સમજાણું કાંઈ? કોઈ દી વળી રાગવાળો થાઈશ, કર્મવાળો થાઈશ, અત્યારે છું એમ નથી ને ભવિષ્યમાં થઈશ એમ એનામાં ગુણ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ચૈતન્યપિંડલો ભગવાન એકલો વીતરાગી વિજ્ઞાનઘન છે આત્મા. એ પર્યાયમાં પણ વીતરાગી વિજ્ઞાનઘન જ એની પર્યાય છે. રાગ-ફાગ એની પર્યાય નથી. આહાહા..! આ પાંચમા આરાના આત્મા ને કોઈ આરાનો આત્મા નથી, આત્મા આત્માનો છે. આહાહા..! પાંચમે આરે તો આત્મા કાંઈક બીજી જાતનો થાય, ભગવાનના સમીપે કેવળી હોય ત્યારે આત્મા કાંઈક બીજી જાતનો (હોય), એવો કાંઈ ફેર હશે? કહે છે કે અભાવાભાવ. જે કાળમાં ભગવાન સમીપે હો, ભગવાનથી દૂર હો, નરકમાં હો, સ્વર્ગમાં હો, એ સ્વર્ગમાં અને નરકમાં નથી એવો એનો અભાવાભાવ છે. આહાહા..! ભારે વાત! સમજાણું કાંઈ?

નરકમાં શ્રેણિક રાજા છે અત્યારે એમ કહેવું, એમ કહેવું એ તો ઉપચારનું કથન છે. વસ્તુ એમ નથી. એમ કહે છે. એ ભગવાન આત્મા ત્યાં રાગ અને દેહ ને એ વેદનાનો વિકલ્પ અને એ સ્થિતિ-ક્ષેત્ર એનાથી અભાવરૂપ પોતે વર્તમાનમાં છે એવો એનો ભાવ-અભાવ એવો ભાવ અને એવો ને એવો અભાવરૂપે રહ્યા કરશે એવો ભાવ અનાદિઅનંત છે એની પાસે. આહાહા..! સમજાણું કાંઈ?

તીર્થંકરનો આત્મા એમ કહેવાય કે રાણીની કૂખે આવશે. ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિ છે ત્યાં. અઢી હજાર વર્ષ થઈ ગયા ત્યાં. ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિ નરકની છે. કહે છે એ સ્થિતિમાં જ નથી. આહાહા..! આ તે ભારે વાત. સમજાણું કાંઈ? ત્યાંથી આવશે, શાસનહાર રાણીને કૂખે. પછી નવ મહિના પહેલા દેવો આવીને સોનાની વૃષ્ટિ કરશે. સમજાણું? નવ મહિના સુધી હોં દરરોજ. સાડા ત્રણ કરોડ કે એવું કાંઈક છે. સોનૈયા. માતાને પગે લાગી દેવો કહે, માતા! હે રત્નકૂખ ધારિણી! લે. એ રત્નકૂખ ધારિણી. એ રત્નકૂખમાં છે જ નહિ આત્મા. આ બધી વ્યવહારની ભાષા. ઈન્દ્ર આવીને એમ કહે, શેઠી! રત્નકૂખ ધારિણી માતા! તને પહેલો નમસ્કાર, પછી ભગવાન તીર્થંકરને નમસ્કાર. સર્વજ્ઞપદ લેવા માટે સ્વર્ગમાંથી અથવા નરકમાંથી શ્રેણિક રાજા આવશે ત્યાંથી. .. ઓહોહો..! આ બધા જુઓને ભાવ તો જુઓ! કેટલા કથન વ્યવહારના! કહો. અમે એને માટે આવ્યા છીએ. એનું રક્ષણ કરવાનું. માતા! એનું રક્ષણ કરજો. સમજાણું?

અહીં કહે છે કે એનું પરથી અભાવરૂપ પરિણમન છે એ અભાવરૂપ જ કાયમ એને કારણે રહેશે. પરને કારણે રક્ષણ-ફક્ષણ છે નહિ. ભારે વાત! કહો, સમજાણું? ઓલા દેવો એમ કહે. 'પુત્ર તમારો ધણી હમારો, તરણતારણ જહાજ રે. માતા જતન કરીને રાખજો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એને.' હજી તો જન્મે છે ત્યાં હોં! ઈન્દ્રો આવીને કહે છે. મોટા અર્ધલોકના સ્વામી. 'માતા જતન કરીને રાખજો એને. તમ સુત અમ આધારજી.' વાતમાં કેટલો ફેર આવે. એય..! આ બધા લખાણ. ઘણું લખાણ એમ જ હોય, ભાઈ! એ જાણવા માટે કે ત્યાં શું થાય છે અને શું ભજે છે. આહાહા..! ભારે વાત! કહો, ધરમચંદજી! લઈ જાય ભગવાનને ત્યાં-મેરુ પર્વત. આહાહા..! સ્નાન કરાવે આમ. એક હજાર ને આઠ કળશથી. એના શરીર રહિત જ અભાવરૂપે એનું પરિણમન છે, તો વળી સ્નાનના કળશા ઉપર ઢોળે છે એ બધી વાતું સાચી નથી. સાચી નથી એટલે ખોટી છે એટલે નથી થાતું એમ નહિ. એઈ..!

આ આત્મામાં એવો એક ગુણ છે કે જ્ઞાનગુણ છે, દર્શનગુણ છે, આનંદગુણ છે એવો એક અભાવાભાવ નામનો ગુણ છે. એ ત્રિકાળ છે ગુણ. ગુણ તો ત્રિકાળ હોય ને? અને તે ગુણનું પરિણમન, તે ગુણનો ધરનાર આત્મા છે, એ આત્માની દૃષ્ટિ સમ્યક્ થઈ એટલે તે ગુણનું પરિણમન વર્તમાનમાં રાગ અને પર શરીરાદિની ક્રિયાથી અભાવરૂપ વર્તમાન (છે), એવું ભવિષ્યમાં પણ અભાવરૂપ મારું પરિણમન છે, એવો મારો અભાવાભાવ નામનો ગુણ છે. એમ સમ્યગ્દૃષ્ટિ માને છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

કોઈ સમયે પણ હું રાગસહિત અને શરીરસહિત થઈશ એમ માનતો નથી. આહાહા..! આ તે કાંઈ વાત છે! લ્યો, તીર્થંકર થાય, સમવસરણ રચાય, ઈન્દ્રો આવે. ચોસઠ ઈન્દ્રો ચામર ઢાળે સો ઈન્દ્રો, ખમ્મા! ચોસઠ ચામર. કહે છે કે આત્મામાં એ પરનો બધાનો અભાવ છે વર્તમાનમાં અને એવો ને એવો અભાવ સદાય છે એવું એનું તે ક્ષણે પણ પરિણમન છે. એને આત્મા કહીએ. સમજાણું કાંઈ? અગમનિગમની વાતું છે આ. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવે કેવળજ્ઞાનીએ એવો છે એવો પ્રગટ કર્યો. પ્રગટ કર્યો ત્યારે કહે છે કે જેણે પ્રગટ કર્યો એને આવો જણાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

ધર્મીની દૃષ્ટિમાં-સમ્યગ્દૃષ્ટિ ધર્મીની દૃષ્ટિમાં-એવું વસેલું છે કે હું રાગ અને પર પાંચ શરીર, શ્વાસ આદિથી અને બહારનો સંયોગ બધો જે છે એનાથી વર્તમાનમાં અભાવરૂપ છું એવો મારો એક અભાવ નામનો ગુણ (છે) અને બીજો અભાવાભાવ નામનો ગુણ (છે). એ અભાવ છે તે અભાવ કાયમ રહેશે એવો ગુણ છે મારો. આહાહા..! કેટલા લક્ષ્મીવાળો થાય? કેટલું રાજ મળશે? કઈ પદવી મળશે? સ્વર્ગની કે નાની સુધર્મની કે પાંચમા દેવલોકની? કહો. ભાઈ! મુનિ આત્મજ્ઞાની ધર્માત્મા મુનિ ધર્માત્મા હોય છે એ સ્વર્ગમાં વૈમાનિકમાં જ જાય લ્યો. અને શ્રાવક પણ જે આત્મજ્ઞાની હોય સમ્યગ્દૃષ્ટિ અનુભવી, રાગ અને પરથી ભિન્ન આત્માના અનુભવી એ પણ સ્વર્ગમાં જ જાય. અહીં કહે છે કે સ્વર્ગનો એમાં અભાવ છે. જાય-ફાયની વાતું વ્યવહારથી કરી છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુમુક્ષુ :- ... ક્યાંય લખ્યું જ નથી.

ઉત્તર :- લખ્યું નથી આ અભાવાભાવ? ભારે વાત ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- શ્રાવક પાંચમું ગુણસ્થાન...

ઉત્તર :- પાંચમા ગુણસ્થા(વાળો) સ્વર્ગમાં જ જાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અનુત્તરનું ક્યાં કીધું? સ્વર્ગમાં જાય. પહેલે, બીજે સોળ દેવલોકમાં જાય. .. એમાં ક્યાંય જાય એ કહેવું પણ એ કહે છે કે એ નિમિત્તનો સંયોગ એવો ત્યાં હતો એ જણાવવા છે. જ્ઞાનીના આત્મામાં તો એનો અભાવ વર્તમાન છે એવો ત્રિકાળ અભાવ જ વર્તે છે. કોઈ દી પાંચમા સ્વર્ગવાળો દેવ થયો કે નવમે ફલાણો થયો એવું એના ગુણમાં નથી, એની પર્યાયમાં નથી. આહાહા..!

જુઓ! ભગવાન ઈશ્વર આત્મા-આ ઈશ્વર આત્મા-પોતે ઈશ્વર ભગવાન છે. આહાહા..! પરમેશ્વર, પરમ-ઈશ્વર, પરમ-મોટપ રાખનારો છે. એને અહીં પરમેશ્વર આત્મા કહે છે કેવળી. કેવળી ભગવાન એને આત્મા કહે છે કે જે આત્મા એમ પોતાની દૃષ્ટિમાં આત્મા જેણે લીધો છે એ આત્માને એવો માને છે સમ્યગ્દૃષ્ટિ કે હું વર્તમાનમાં કર્મ, શરીર, શ્વાસથી તો અભાવરૂપ છું, વર્તમાનમાં અભાવરૂપ છું. એવો જ અભાવરૂપ કાયમ રહીશ એવો મારો ગુણ છે. કોઈ દી મારો આ સંયોગ થાશે, દેવનો થાશે અને તીર્થંકરનો થાશે, સમવસરણનો થાશે એ મને છે નહિ. આહાહા..! ભારે આકરું. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! આવી વાતું સાંભળી નથી લોકોએ બિચારાએ. આહાહા..! ભારે વર્ણવ્યું છે પણ ઓહોહો..!

વર્તમાન એવો એક ગુણ છે અભાવરૂપ. પાછો એક બીજો ગુણ એવો છે અભાવાભાવરૂપ. ચાલ્યા જ કરે છે. સદાય... સદાય.. સદાય.. જ્યારે આ સંયોગો છે ને સંયોગો? કહે છે કે એ સંયોગો તે કાળે જે જે ભજે એ સંયોગને કારણે, આત્માને કારણે નહિ. ફક્ત આત્મા તે સંબંધીનું જ્ઞાન કરે. કારણ કે એ જ્ઞાન કરવું, એ જ્ઞાન કરવું એ જ્ઞાનરૂપે ભાવ હતો, એ જ જ્ઞાન કરવું એ ભાવ એમ ને એમ રહ્યા કરશે. એ વખતે સંયોગો ઝાઝા હોય તો એનું જ્ઞાન, થોડું હોય તો એનું જ્ઞાન. જ્ઞાન એ જ્ઞાન એનું નથી પણ છે પોતાનું. એવા જ્ઞાનનો ભાવ છે એ ભાવનો ભાવરૂપે જ્ઞાનભાવ... જ્ઞાનભાવ.. જ્ઞાનભાવ રહ્યા કરશે. એમ શ્રદ્ધાનો ભાવ છે કે હું પૂર્ણાનંદ અખંડ છું એવો જે શ્રદ્ધાનો ભાવ છે એ શ્રદ્ધાનો ભાવ એમ ને એમ રહ્યા કરશે. સમજાણું કાંઈ? એવો એનામાં ગુણ છે. ઓહોહો..! કાંઈ ગજબ વાત કરી છે ને. આત્મા એને કહીએ. કહો, શેઠી! આહાહા..!

ભગવાન પરમેશ્વર કેવળી તીર્થંકરદેવે આવો આત્મા કહ્યો એવો આત્મા જેને પ્રતીતમાં,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભાનમાં, અનુભવમાં આવે એને સમ્યગ્દૃષ્ટિ કહીએ, એને ધર્મી કહીએ. અને એ ધર્મી એમ માને છે કે હું અત્યારે પણ રાગાદિ વ્યવહારની ક્રિયાના પરિણામ અને દેહાદિની ક્રિયા કે સંયોગો એ સ્ત્રી, કુટુંબ આદિનું રાજ કુટુંબ કે દરિદ્રતા (હો), એ બધાના ભાવથી રહિત મારો વર્તમાન ભાવ છે અને એવો ને એવો અભાવરૂપે હું રહીશ એવો ત્રિકાળ મારામાં અભાવાભાવ નામનો ગુણ છે. સમજાણું કાંઈ? શું કહે છે આ? આહાહા..! તારું નિર્લેપ સ્વરૂપ છે ભગવાન! એમ કહે છે. એ લેપ રાગનો છે એનો પણ તારામાં અભાવ છે. આહાહા..! એ કહે છે, અત્યારે નહિ. અહીં તો અત્યારે જ, (એમ) કહે છે.

ભગવાન દ્રવ્યસ્વરૂપ, એનો ગુણસ્વરૂપ, એનો પર્યાયસ્વરૂપ, એ ત્રણેમાં પોતાનો શુદ્ધભાવ જે વર્તમાન છે એવો ને એવો શુદ્ધભાવ કાયમ રહેશે. વર્તમાનમાં છે એવો રહેશે. આાહાહા..! શુભભાવ એનામાં છે નહિ કે જેથી શુભભાવ પાછળ રહેશે. એમ કહે છે. એ શુભભાવ વર્તમાનમાં નથી એમ ભવિષ્યમાં પણ એનામાં નથી. ત્યારે ભવિષ્યમાં થોડો થાશે ને? એ સંબંધીનો જે જ્ઞાનભાવ પોતાનો છે, વર્તમાનમાં એ સંબંધીનો જ્ઞાનભાવ છે એ પોતાનો. એવો ને એવો જ્ઞાનભાવ કાયમ રહેશે. સમજાણું કાંઈ? પકડવું કઠણ પડે. એ.. સુમનભાઈ! શું કહે છે આ? આહાહા..! જરી ખ્યાલ રાખે તો પકડાય એવું છે. આ કાંઈ એવી ચીજ નથી. આ (દેહ) જો છોડી દે લક્ષમાંથી. આ તો માટી છે, એ તારો ભાવ નથી. પુણ્ય-પાપના ભાવ એ તારો ભાવ નથી, શ્વાસનો એ તારો ભાવ નથી, દેહ તારો ભાવ નથી, કર્મ તારો ભાવ નથી, બાયડી-છોકરા જે આ બધું લશ્કર પડ્યું એ તારો ભાવ નથી. એ બધાનો તારામાં અભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુનિ આમ શાસ્ત્ર લખતા હોય એમ કહેવું... એ શું કહેવું? કહે છે કે મુનિ શાસ્ત્ર લખતા જ નથી. સમજાણું કાંઈ? કહો, સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં છે અને બાયડી-છોકરા સાથે વર્તે છે એમ લાગે, વેપારની ક્રિયામાં બેઠો દેખાય. ના. એ એનામાં છે જ નહિ. સમ્યગ્દૃષ્ટિ પોતાને રાગમાં અને આમાં છું એમ માનતો જ નથી. હું તો મારા ભાવમાં છું. રાગ વિનાનો ભાવ જ્ઞાનનો, રાગ વિનાનો શ્રદ્ધાનો, રાગ વિનાનો શાંતિનો, રાગ વિનાનો આનંદભાવ એ ભાવપણે વર્તમાનમાં છું અને એવો ને એવો ભાવ સદાય રહેશે. પરના અભાવરૂપે વર્તમાન, ભવિષ્યમાં (પણ) પરના અભાવરૂપે. ઓહોહો..! ક્યાં ગઈ દૃષ્ટિ ઠેઠ. સમજાણું કાંઈ? આવું સ્વરૂપ કેવળીએ કહ્યું એવું સ્વરૂપ બીજે ક્યાંય હોઈ શકે નહિ.

સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા એવો આત્મા ભગવાને જોયો, એવો જ જ્ઞાની પોતાને જોવે કે હું તો આવો છું. ક્યારથી? ઓલા કહે, પણ અત્યારે તો કર્મસહિત છે, રાગસહિત છે. ભગવાન નથી, ભાઈ! એ તો વ્યવહારની વાતું છે. આહાહા..! અબદ્ધસ્પૃષ્ટ એને ખટકે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આહાહા..! અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય આવું હોય તો આ બધું શું છે? કહે છે. ભાઈ! તને ખબર નથી, પ્રભુ! તું તો અબંધસ્વભાવી આત્મા છો, તારો અબંધભાવ તારો છે. એ અબંધભાવ છે એ ભાવ અબંધ ભાવ... ભાવ.. ભાવ... રહેશે અને પરનો બંધનો અભાવ છે એવા અભાવાભાવરૂપે તું રહીશ. આહાહા..! સમજાણું કાંઈ? ધર્મીના આત્મામાં ધર્મી એમ માને છે કે કર્મના બંધનો મારામાં અભાવ છે. એઈ..! આહાહા..!

મુમુક્ષુ :- કેવળી થઈ ગયો?

ઉત્તર :- કેવળી નહિ, પૂરો થઈ ગયો. પૂરો જ છે. કેવળી તો પર્યાય છે. અહીં તો પૂરો જ છે આખો. વર્તમાનમાં પણ હું કર્મના બંધના ભાવરહિત એનાથી રહિત અભાવસ્વરૂપ છું. અને તેનો તે અભાવ નામનો ગુણ વર્તમાન અને પછી અભાવાભાવનો ગુણ એનો એ રહ્યા કરશે. સમજાણું કાંઈ? આહાહા..! જૈનદર્શનના આત્મતત્ત્વને જાણવું, વીતરાગે કહેલો આત્મા.. આહાહા..! કહો, સમજાય છે કે નહિ આમાં? વીરચંદભાઈ! આવું બધું? ઓલા રળી રળીને માથા ફોડ્યા હોય ને. આહાહા..! ક્યાં ઘૂંચી ગયો? બાપુ! તારામાં એ ભાવ છે નહિ ને. ક્યારે? ત્રણે કાળે નથી. ત્રણે કાળે પરનો ભાવ નથી એવો તારો ભાવ છે. એવા ભાવવાળાને માનતા, માનતા પરના અભાવરૂપે એનું પરિણમન થાય એ શુદ્ધ ચૈતન્ય, આનંદ અને શુદ્ધ વીતરાગતાનું પરિણમન થાય. આહાહા..! સમજાણું કાંઈ? હજી એ ગોઠતું નથી ઓલાને કે ના એ શુદ્ધ ઉપયોગ અત્યારે ન હોય. અરે..! ભગવાન! સાંભળને ભાઈ! સમ્યગ્દષ્ટિને શુભ ઉપયોગના અભાવરૂપ પરિણમન છે. તને ખબર નથી. આહાહા..! શુભ ઉપયોગનું પરિણમન જ સમકિતીને નથી. એમાં આવ્યું છે જરી. મુનિની.. પણ તમે આ શાસ્ત્રવાદીઓ પણ હજી શાસ્ત્રને પણ તમે શુભભાવને હેય માનતા તમને ખટક લાગે છે. કૈલાસચંદજી કહે છે. શુભભાવને હેય માનતા તમને ખટક લાગે છે. શુભભાવ તો હેય છે. એટલે કે આત્મામાં નથી એનો અર્થ ઈ છે. આહાહા..! બીજી એક ટીકા કરી છે. ભાઈએ ઓલું કર્યું હતું ને? આપણે નહોતું આવ્યું? સાહિત્યની ચોરી. એ આમાં ખુલાસો કર્યો છે. એ શું ભાઈએ કર્યું છે ને જુગલકિશોરે? પૂજા બહુ ઊંચી કરી છે. અહીંનું... એ એની ચોરી કરી છે એમ કે ઉજ્જૈનનો ઓલો બરૈયા.. એ જ શબ્દો થોડો વાપરીને એની એ વાત કરી છે એટલે એણે લખ્યું છે. આપ્યા છે શબ્દે શબ્દ આપ્યા છે. આ તો જુગલકિશોરના શબ્દો છે પૂજાના અને બહુ હુશિયાર માણસ છે ને બહુ હુશિયાર માણસ છે. તમે જોયો છે ને? અહીં નથી આવતો? જુગલકિશોર. જુગલકિશોર નથી?

મુમુક્ષુ :- કોટાવાળા.

ઉત્તર :- હા, કોટાવાળા. બહુ હુશિયાર હોં! બહુ વિદ્વાન માણસ છે. અને એણે તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પૂજામાં નાખ્યું છે કે શુભાશુભભાવ હેય છે. શુભાશુભ આ પૂજામાં નાખ્યું. આણે નાખ્યું, તમે શુભાશુભભાવ હેય ક્યાંથી માંડ્યા? તમે તો કાનજીસ્વામી અને એના અનુયાયીની નિંદા કરનારા છો. ઈ ઓલાએ નાખ્યું છે કલકત્તાવાળાએ. તમે આ શું? પણ તમારે તો પરનું અનુકરણ કરવું છે. પરે લખ્યું એવું લખવું છે. એમાં તમારું આમાં કાંઈ છે નહિ. તમારા શાસ્ત્રની સભાના જે છે એ લોકો તો અશુભની સાથે શુભ ભેગા કરતા જ નથી. અને આણે તો શુભ અને અશુભ બેય હેયરૂપે કર્યા છે. સમજાય છે? અને તમે પણ તમારી કૃતિમાં પાછા એના એ શબ્દો રાખ્યા છે ઘણા. કોઈ શબ્દ ફેરવ્યો છે. આ તો સારો પ્રચાર બહુ કરવો હોય એટલે તમે ચોરી કરી છે. માટે વિરોધ કરો. એમ (લખ્યું છે). એ તો કાનજીસ્વામીને માનનારા છે એ લોકો. એટલે એ તો શુભ અને અશુભ બેય એકમાં નાખે છે કે એ રાગ છે, હેય છે. નિંદા કરનારા વળી પાછા બે ભેગા કેમ નાખી દીધા શુભ અને અશુભ? આહાહા..! સમજાણું? એણે લખ્યું છે કે એમનો ઉપદેશ હવે પ્રચાર પામ્યો છે બહુ. માટે એ રીતે પોતાને ગરવું છે અધ્યાત્મ એ નામે માટે નાખો છો આવું. વિરોધીઓને પણ હવે આ વાતનું અનુકરણ કરવું પડે છે. કારણ કે એનો ઉપદેશ.. એમ લખ્યું છે બિચારા કલકત્તાવાળાએ.

ભાઈ! પણ આ તો વસ્તુ એવી છે, બાપુ! અત્યારને માટે નથી. ભગવાન આત્મા...! એ શુભ વિકલ્પ છે એ તો પરભાવ છે, વિકાર છે, વિભાવ છે. એ વિભાવ સ્વરૂપની પર્યાયમાં નથી. કેમકે આત્મા જે ભાવવાળો છે એ ભાવમાં કોઈ વિભાવરૂપે થવું એવો કોઈ ભાવ નથી. આહાહા..! તો ભાવમાં એવો ભાવ નથી તો પર્યાયમાં વિભાવ આવ્યો ક્યાંથી એને? સમજાણું કાંઈ? આહાહા..! જરી શાંતિથી જોવે, મધ્યસ્થથી તો ભાઈ આ તો બેસે એવું છે.

આત્મામાં તો એવો કોઈ ભાવ નથી કે વિભાવરૂપે પરિણમવું એવો કોઈ ગુણ નથી, વિભાવ અને પરના અભાવરૂપે પરિણમવું એવો ગુણ છે. કહો, સમજાણું આમાં? પર્યાય શબ્દ વાપર્યો છે ભાઈ, સમજ્યા? ..ભાઈ! છતાં અહીંયા ગુણ લેવો. ગુણ લેવો. એવી પર્યાય વર્તે. આ થઈ છે એવો પર્યાય વર્તે, એવો ગુણ વર્તે અને દ્રવ્ય વર્તે એવો અભાવાભાવ નામનો ગુણ છે. એટલે પર્યાય શું પ્રગટરૂપ અવસ્થા છે ને? એ અવસ્થા જ પોતે આવી અભાવરૂપ છે એવી અવસ્થા અભાવરૂપ રહેશે. એટલે ગુણ પણ એ રૂપે રહેશે અને દ્રવ્ય પણ એ રૂપે રહેશે, પર્યાય પણ એ રીતે રહેશે. સમજાણું કાંઈ? ઘણું નાખ્યું છે. આચાર્યે તો આખા વ્યવહારને અભાવરૂપ નાખી દીધું છે આમાં.

મુમુક્ષુ :- ત્રણે કાળે.

ઉત્તર :- આત્મામાં વ્યવહારનો અભાવ ત્રણે કાળે વર્તમાન, ભૂત અને ભવિષ્ય. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


તો વ્યવહારથી લાભ થાય એમ માનનારા આત્માને માનતા નથી. એ અનાત્માને આત્મા માને છે. આહાહા..! એવું વીતરાગી તત્ત્વ. ભગવાન જિન અને જિનવર બેય સરખા છે વસ્તુએ. જિનવર અને જિન. જિનવરની પર્યાય પ્રગટ થઈ છે. અહીં પર્યાય અલ્પ પ્રગટ થઈ છે સાધકને. છે તો એકની એક જાત. પૂરી, ઓછીનો કાંઈ પ્રશ્ન નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- એ વ્યવહારમાં જાય છે.

ઉત્તર :- એ વ્યવહારમાં જાય છે ઓછું અને વત્તું. એ તો ભેદ પડી ગયો. આહાહા..!

ધર્મી એને કહીએ, જૈનની શ્રદ્ધાવંત અને આત્માની શ્રદ્ધાવંત એને કહીએ કે જે આત્મામાં અભાવાભાવના ગુણવાળો આત્મા એણે માન્યો છે. તેથી તેની પર્યાયમાં પણ એ એમ માને છે કે બદ્ધ અને રાગાદિનો મારામાં વર્તમાન અભાવ છે. એવો જ હું આત્મા છું અને એ રીતે ભવિષ્યમાં પણ અભાવ રહેશે એવો હું આત્મા છું. એવો આત્મા માન્યો હોય ત્યારે એણે આત્મા માન્યો અને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

‘**(નહિ વર્તતા)...**’ નહિ હોતા, નહિ થતાં, નહિ પરિણમતા. એવી ‘**પર્યાયના અભવનરૂપ...**’ નથી તેનું નહિપણું રહેશે એમ કહે છે. નથી તેનું નહિપણું રહેશે. આહાહા..! એવો જ નથી જે રાગાદિ એમાં એનું નથીપણું કાયમ રહેશે એવો એનામાં ગુણ છે. સમજાણું કાંઈ? કહો, હવે એમાં અમારું શાસન વધ્યું, આ મારા સમજાવેલા વધ્યા. બાપુ! એ છે નહિ એમાં. શું કહે છે તું? શું કહે છો તું? આહાહા..! જુઓ તો ખરા શું કરે છે વાત! મારા સમજાવ્યાથી મારા આટલા શિષ્યો વધ્યા. પણ બાપુ! એ પરવસ્તુનો તારામાં અભાવ છે પછી મારા આવ્યા ક્યાંથી? એય..! આહાહા..! સમજાણું કાંઈ? મારાથી શાસ્ત્ર રચાણા, મારાથી બીજાને ઉપદેશ દઈને માણસો ઘણા સમજણના ઘરમાં આવ્યા. કેટલો પ્રચાર થયો. એઈ..! ભગવાન! આફ્રિકા સુધી ગયો છે કે નહિ?

મુમુક્ષુ :- એ તો અમેરિકા સુધી ગયો છે..

ઉત્તર :- હા. સુમનભાઈ તો અહીંના કહેવાય. એ કાંઈ... આહાહા..!

મુમુક્ષુ :- હવા લાગી.

ઉત્તર :- હવા લાગી. હવા લાગે જ નહિ અહીં તો કહે છે કોઈની. અહીં તો અભાવ બતાવવો છે. એના આત્મામાં આ વાત ગોઠીને રુચિ છે એ આના અભાવથી એને રુચિ છે. આના અભાવથી એને રુચિ છે, એના ભાવથી એને રુચિ છે. સમજાણું કાંઈ? ભારે ગજબ વાત! આ ઈશ્વર લીલા આ આત્માની હોં! ખબર ન મળે આત્મા શું? હવે આત્માની જેને (ખબર નથી), જો એગં જાણઈ સવ્વં જાણઈ, એ જાણે નહિ તો બીજું જાણ્યું કહેવાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ક્યાંથી? આત્મા કેવો અને કેમ છે એને જાણ્યો નથી પછી વાતું કર્મની, પ્રકૃતિની, ઢીંકણાની ને આની ને આની. આવા દ્વીપ ને સમુદ્ર.. બધું છે હવે સાંભળને. આહાહા..! એઈ..! શાંતિભાઈ! શું છે પણ આ? આવો! બીજાને ધર્મ પમાડે એવો ભાવ જીવમાં નથી એમ કહે છે. એઈ..! પરના અભાવરૂપ છે તો એમ ને એમ અભાવરૂપ રહ્યા કરશે.

મુમુક્ષુ :- ધર્મનો પ્રચાર કરવો કેમ?

ઉત્તર :- કોણ કરે? એ.. ચંદુભાઈ! શું કરવું આ?

મુમુક્ષુ :- પ્રચાર કમિટી...

ઉત્તર :- કોણ પ્રચાર કમિટો? સૌની પર્યાયમાં સૌ છે, એમાં પરમાં ક્યાં ગયો હતો અને પરની કે દી કરતો હતો? આહાહા..!

ભાષાની પર્યાય થાય છે, શરીરની પર્યાય થાય છે. કહે છે કે એનો તો ચૈતન્યની વર્તમાન પર્યાયમાં અભાવ છે. ગુણ, દ્રવ્યમાં તો અભાવ છે જ, (પણ) પર્યાયમાં અભાવ (છે). હવે એ પર્યાયમાં અભાવ એને ઈ એમ માને કે હું ભાષા કરું છું, ઉપદેશ દઉં છું, આ શરીર આમ મારાથી ચાલે છે. ભગવાન! એ બધું મિથ્યાદૃષ્ટિપણું છે. આહાહા..! કેમકે શરીર ને વાણીની અવસ્થા તે કાળે તેને કારણે થાય. તેનો અહીં અભાવરૂપ ભાવ તારામાં છે. અને એ જ રીતે એમ ને એમ અભાવરૂપ અભાવ સદાય રહેશે એવા અભાવાભાવ નામની શક્તિ છે. એ દ્રવ્યમાં છે, ગુણમાં છે અને પર્યાયાં છે. વર્તમાન છે અને ભવિષ્યમાં છે. એવા આત્માને આત્મા કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? લ્યો, આજ તો એમાં ગયું ઘણું. અભાવાભાવ આવ્યું. આહાહા..! એ ૩૮મી શક્તિ થઈ. એ ૩૮.

હવે ૩૯. થોડી શરૂ થાય છે આજે, પછી કાલે. શું કહે છે? જે આત્મામાં પર્યાયમાં રાગ-દ્વેષાદિ પુણ્ય-પાપના પરિણામ છે, એનું જે કર્તાપણું, એનું જે કર્મપણું વિકારનું, એવી જે ક્રિયા. આત્માની પર્યાયમાં દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ, તેનું કરવાપણું, તેનું તે કર્મ એટલે કાર્ય, તેનું તે પર્યાય સાધન અને તે પોતે પોતાથી થાય, એ પોતે રાગાદિ રાખે અને પોતાની પર્યાયના આધારે રાગ થાય. એવા ષટ્કારકરૂપે જે પરિણમન રાગનું છે... લ્યો, ૬૨ ગાથા. પંચાસ્તિકાયની ૬૨. આહાહા..! જુઓ! ન્યાં એમ કહ્યું ૬૨માં. ચર્ચા ચાલી હતી એ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિકાર પોતે નિશ્ચયથી રાગનો કર્તા જીવ, દોષનો કર્તા જીવ, દોષનું કર્મ એનું, દોષનું સાધન એનું. પર્યાયની વાત હોં એમાં. ગુણમાં નથી એમ કહે છે અહીંયાં. આહાહા..! જુઓને! એક કોર પંચાસ્તિકાયમાં આમ, સમયસારમાં આમ. એ બધી વાત બરાબર છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ત્યાં જ્ઞાન કરાવવું છે. એક સમયમાં જે રાગાદિ છે એના પરિણમનનો કર્તા, કર્મ, સંપ્રદાન, અપાદાન, કરણ અને આધાર. બધી એક સમયની વિકૃત વસ્તુ છે.

કહે છે અહીં કે '**(કર્તા, કર્મ...**' કર્તા એટલે રાગનું કરવાપણું. પુણ્યના પરિણામનું કરવાપણું, વ્યવહારની ક્રિયાના પરિણામનું કરવાપણું એ વ્યવહારની ક્રિયાનું કાર્ય, વ્યવહારનું કરણ-સાધન પોતે એનું અને એ સંપ્રદાન એને રાખે, અપાદાન પોતાથી થાય, વિકારથી વિકાર થાય અને પોતે આધાર થાય. એવા '**કારકો એના અનુસાર થતી ક્રિયા...**' એવા ષટ્કારકોને અનુસારે થતી રાગની ક્રિયા '**તેનાથી રહિત ભવનમાત્રમયી...**' એનાથી રહિત થવામાત્ર એનો ગુણ છે. એનાથી સહિતમાત્રનો કોઈ ગુણ આત્મામાં છે નહિ. આહાહા..! વિધિથી ક્રિયા કરો રાગની, એમ કહે છે. વ્યવહારથી કરો. વિધિ કરો, અવિધિ ન થવા દ્યો. બરાબર રાખો ધ્યાન. સ્વાહા. આ પ્રમાણે આમ બોલવા, આ પાઠ આમ બોલવા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. એ લખ્યું છે એ પાછળ. એ ..માથે લખ્યું. બરાબર પ્રતિષ્ઠા કરાવે તો આમ થાય, ન કરાવે તો આમ થાય. પ્રતિષ્ઠા કરાવનારના ઠેકાણા ક્યાં છે અત્યારે, કહે છે. ઠેકાણા વિનાના કરે છે. એમાં ઓલું કરી નાખ્યું છે. .. હમણાં ભરાણું હતું ને? આ સંસ્કાર થઈને. .. ત્યાં મંદિરની પછી. એ મંદિરનું મુહૂર્ત જ ખોટું છે. મંદિરનું મુહૂર્ત એ ખોટું છે તદ્દન. કોઈ પંડિતોએ કોઈએ ન નાખ્યું કે આ ખોટું છે મુહૂર્ત. તમારે .. કરીને કરી નાખ્યું મંદિર. ખૂબ લખ્યું છે. બધી ઘણી વાતું લખી છે આમાં. શુક્રનો અસ્ત હોય એને કોઈ રીતે પ્રતિષ્ઠા ન હોઈ શકે. એમ લખ્યું છે. છેવટે એમ કહે કે આવા માણસો ઠેકાણા વિનાના છે એને હવે તમારે ઉપદેશ નિશ્ચયનો આપવો છે કાનજીસ્વામી? એમ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખતોલીનો છે કો'ક. વાત એમ કે આવા બધા ઠેકાણા વિનાના છે હજી તો. સાંભળને, હવે એને ક્યાં ઉપદેશ (દેવા જઈએ છીએ)? અહીં તો જે સાંભળનારા હોય એ આવે છે અને સાંભળે છે. એમાં શું છે? ફલાણા માટે છે અને ઢીકણા માટે અહીં ક્યાં છે? આહાહા..!

'**જે ક્રિયા તેનાથી રહિત...**' થવામાત્રપણું ભાવશક્તિ છે. એનું વિશેષ વર્ણન આવશે. ઓલો ભાવ જુદો અને આ ભાવ જુદો હોં! પહેલો ભાવ જુદો, આ ભાવ જુદો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧૪, મંગળવાર તા. ૯-૭-૧૯૬૮**
**શક્તિ-૩૯-૪૦, પ્રવચન-૫૬૨**

સમયસાર. પરિશિષ્ટ અધિકાર છે. કેવો આત્મા જાણ્યે આત્મા જાણ્યો કહેવાય, એ વાત ચાલે છે. આ આત્મા જે છે એ વસ્તુ છે-પદાર્થ છે, અનાદિઅનંત છે. એવી એનામાં શક્તિઓ છે એ પણ અનાદિઅનંત છે. એ અનાદિઅનંત શક્તિઓ અવિનાભાવી આત્મા સાથે રહેલી છે. એવો આત્મા એને અંતર્મુખ દૃષ્ટિ દ્વારા અંદર જ્ઞેય બનાવી, વસ્તુને જ્ઞેય બનાવી જ્ઞાનમાં એનો અનુભવ થવો એનું નામ આત્માનું જ્ઞાન, સમ્યગ્દર્શન અથવા એનું નામ આત્મા જાણ્યો અને આત્મા માન્યો, આત્મા ધર્મરૂપ થયો. કહો, સમજાય છે? ઝીણું બહુ ઝીણું પણ.

આત્મા જે છે એ અનંતગુણ, અનંત શક્તિસંપન્ન છે. એક એક આત્મા. શરીર, વાણી, મન એને કાંઈ સંબંધ નથી. આ તો માટી જડ છે. આઠ કર્મના અંદર રજકણો છે એ પણ આત્માને અને એને કાંઈ સંબંધ નથી. એ જડ છે, અચેતન છે. હવે અહીંયાં એની પર્યાયમાં-અવસ્થામાં જે, કહે છે કે એનામાં શક્તિમાં નથી, ગુણમાં નથી છતાં એની પર્યાયમાં જે રાગ-દ્વેષ, પુણ્ય-પાપનો કર્તા, પુણ્ય-પાપ કાર્ય, પુણ્ય-પાપના પરિણામનું પર્યાય સાધન, પુણ્ય-પાપ પોતે પોતાથી થાય, પુણ્ય-પાપ પોતામાં રાખે અને પુણ્ય-પાપ પુણ્ય-પાપને આધારે થાય એવી જે વિકારી ક્રિયા એનાથી આત્મા રહિત છે. સમજાય છે કાંઈ?

આત્મા આ શરીર, વાણી, કર્મ જગતના પરમાણુ પદાર્થનો કર્તા થઈને કાર્ય કરે એવું તો એનામાં પર્યાયમાં પણ નથી. સમજાણું કાંઈ? આ ધંધા, વેપાર, શરીરના સંસારના બધા એ તો કહે છે કે એનું કરે આત્મા એ તો એની પર્યાય-અવસ્થામાં પણ નથી. સમજાણું કાંઈ? કેમકે એ તો સ્વતંત્ર જગતના પદાર્થો છે. દરેક પદાર્થનું એની એની પર્યાયમાં ષટ્કારકરૂપે પરિણમન સ્વતંત્ર જગતના તત્ત્વોમાં તત્ત્વોનું થાય છે. એને ને આત્માને કાંઈ સંબંધ છે નહિ. શું છે શેઠી?

મુમુક્ષુ :- પર્યાયમાં...

ઉત્તર :- પર્યાયમાં શું? પરના કર્તાનો સ્વભાવ પર્યાયમાં છે? પર્યાયમાં રાગનો કર્તા પર્યાયમાં (થાય) છે. એ તો વાત ચાલે છે. શું છે?

મુમુક્ષુ :- નક્કી કરી...

ઉત્તર :- કહો, કોણ નક્કી કરી દે? એઈ.. શેઠી! પુરાણા માણસ છે ખાનદાન. ૮૦ વર્ષ થયા હવે. ૮૧મું બેસશે કહે છે. હમણાં કાંઈક હતું. કહો, સમજાય છે કાંઈ?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આ આત્મા જે છે એ વસ્તુ છે, અનાદિઅનંત નિત્ય ધ્રુવ. અને એની શક્તિઓ પણ અનાદિઅનંત ધ્રુવ વસ્તુ છે શક્તિઓ-ગુણ. હવે એની વર્તમાન અવસ્થામાં-વર્તમાન પર્યાયમાં રાગ-દ્વેષનું કરવું એ એની પર્યાયમાં થાય છે. પણ પરનું કરવું અને પરનો કર્તા અને પર એના કામ એ તો એની પર્યાયમાં પણ નથી. ભારે વાત સમજવી..! સમજાણું કાંઈ? આ તો ચાલે છે, તમારા હીરા-માણેકની પર્યાય આત્મા કરી શકે ઊંચી-નીચી એ તો આત્માની પર્યાયમાં નથી એમ કહે છે. ઠીક. એ તો ઠીક છે.

મુમુક્ષુ :- એ તો ઠીક છે પણ ..

ઉત્તર :- ના, એ કાંઈ હાથ-બાથની પર્યાય કરી શકતો નથી, પર્યાયમાં પર્યાયથી પણ નહિ.

અહીંયાં તો બીજી ચાલે છે વાત. આત્મા પોતે વસ્તુ છે અને એમાં અનંત શક્તિઓ છે અને એમાં એની વર્તમાન અવસ્થાઓ છે-પર્યાય-હાલત. એ હાલતમાં એની હાલતમાં, એની દશામાં જે રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, દયા-દાન, કામ-ક્રોધના જે વિકલ્પ ઉઠે-વિકાર એને એ પર્યાય કરે, એ પર્યાયમાં કર્મ એનું અને એ પર્યાય પોતે એનું સાધન, એ પર્યાય પોતે પોતાથી થાય, પર્યાય પોતાને થઈને રાખે અને એ પર્યાય પોતે વિકારનો આધાર. એવી પર્યાય છે, અસ્તિત્વ છે એમ સિદ્ધ કર્યું. સમજાણું કાંઈ? પણ તે... ૩૯મી શક્તિ છે. ઝીણી વસ્તુ છે બહુ. છે ૩૯? કૌંસમાં.

'**(કર્તા, કર્મ આદિ) કારકો...**' કારક એટલે કારણો. જે આત્માની પર્યાયમાં રાગનું કરવાપણું એ કર્તાપણું, રાગ કાર્ય એ કર્મપણું, રાગનું સાધન પોતે જ પોતે પર્યાય તે એનું કરણ-સાધન, એમાં પોતે રાગથી પોતાથી થાય તે અપાદાન, રાગ થઈને રાગ રહે છે ત્યાં સંપ્રદાન, રાગને આધારે રાગ, વ્યવહારને આધારે વ્યવહાર થાય છે. એવા ષટ્કારકની જે ક્રિયા, કારક અનુસાર જે ક્રિયા, વિકૃત ક્રિયા, '**તેનાથી રહિત...**' તેનાથી રહિત. તે રૂપે ન થવું, તે રૂપે ન થવું, '**તેનાથી રહિત ભવનમાત્રમયી...**' તે પણાથી ન થવું એવો એનામાં ગુણ છે. સમજાણું કાંઈ? સમજાય છે ને? સુમનભાઈ! શું આ તમારે બહારની ક્રિયાની વાત અહીં નથી. એ તેલ-બેલનું .. ઢીંકણું-ફીંકણું.. એ તો પર્યાયમાં એટલે એની અવસ્થા હાલત છે વર્તમાન કાર્યરૂપ દશા, એમાં એ પરનું તો કાંઈ છે નહિ. પરનું કર્તા-કર્મ સાધન પોતે પોતાનું પરનું સાધન થાય, પોતે પરનું કરે, પરનું કાર્ય થાય કે આને આધારે થાય પર એવું કાંઈ છે નહિ.

પણ એની પર્યાયમાં-વર્તમાન અવસ્થામાં-વર્તમાન હાલતમાં-જે કાંઈ એ પુણ્ય અને પાપની વૃત્તિઓ રાગાદિ થાય છે એ છે. પણ એ રાગાદિનો કર્તા એ રાગાદિનું કામ જીવનું, એનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એ સાધન જીવ એ આત્મામાં નથી કહે છે. પહેલી વાત આવી ગઈ છે ૭૩માં. ભાઈ! ૭૩ ગાથામાં આવી ગઈ છે વાત પહેલી કે દ્રવ્ય જ એવું છે. ત્યાં દ્રવ્ય જ એવું છે વસ્તુ.

મુમુક્ષુ :- એમાં ત્રણ પ્રકારે (વાત કરી છે).

ઉત્તર :- એ તો વાત કરી. વાત તો એક જ પ્રકારે છે, પણ ત્રણ પ્રકારે કરી હતી.

પણ અહીંયાં દ્રવ્ય જ એવું છે, વસ્તુ એવી છે, આત્મા વસ્તુ... એ ૭૩માં આવી ગયું. શુદ્ધ છે શુદ્ધ. એનો અધિકાર. આત્મા શુદ્ધ છે. એટલે કે પરના ષટ્કારકો કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, આધાર એ એનામાં પર્યાયમાં નથી, એ પુણ્ય-પાપના વિકારો કરે કર્તા એ એનામાં-દ્રવ્યમાં નથી, પણ એ દ્રવ્ય જે વસ્તુ છે એ શુદ્ધ ધર્મની પર્યાયને કરે, ધર્મ પર્યાય તેનું કાર્ય, ધર્મ પર્યાય તેનું સાધન. પોતાનું સાધન પોતે. એ ધર્મ પર્યાય પોતે પોતાથી થાય, ધર્મ પર્યાય પોતે રાખે અને પોતાને આધારે થાય. એવા છ ભેદો પણ વસ્તુ-દ્રવ્યમાં નથી. સમજાય છે કાંઈ? ભારે વાત.

૭૩ ગાથામાં આવી ગયું છે એ. જયપુરમાં એ ૭૩ ગાથા.. જયપુરમાં ૭૩ ગાથા ચાલી હતી તમારા ગામમાં. સમજાય છે? યાદ શી રહે? શેઠ આવ્યા હતા ને શાહુજી? શાહુજી શાંતિપ્રસાદ. ૪૦ કરોડ પૈસા એમ કહે છે લોકો. ધૂળના મોટા આંકડા. એ આવ્યા હતા જ્યારે ત્યારે કૈલાસચંદજીએ ઊભા થઈને કહ્યું હતું મને કે આ ૭૩ ગાથા ચલાવો. શેઠ આવ્યા છે. ૭૩-૭૩. તિહત્તર તમારી ભાષામાં. ૭૦ અને ૩. જયપુર પોર. એ વસ્તુમાં આત્મા વસ્તુ, વસ્તુ જે છે આત્મા એ તો શુદ્ધ છે, અભેદ એક વસ્તુ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..!

વસ્તુ પોતે ચિદાનંદ આનંદઘન વસ્તુ છે. એ આત્મા પરના કારકો તો કરતા નથી, વિકારના કારકો પણ નથી, પણ નિર્મળ અવસ્થાના છ પ્રકારના ભેદો (પડે) એ અભેદમાં નથી. આ ભાષા કઈ જાતની? સમજાણું કાંઈ? અહીંયાં એ માયલી વાત કરે છે કે દ્રવ્ય જે અભેદપણે જે હતું એમાં એક એક શક્તિ એવી છે, એનો એક ગુણ એવો છે આત્મામાં. કેમ? કે વિકારના પરિણામ રહિત થઈને નિર્વિકારી દશા પ્રગટ કરે છે એનો અર્થ થયો કે વિકારના પરિણામનું કર્તા-કર્મપણું એવો એનો ગુણ નથી. જો એનો ગુણ હોય તો વિકારરહિત કોઈ દી થઈને સિદ્ધપદ પ્રાપ્ત થાય નહિ. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! ભારે ઝીણી વાતું ઓહોહો..! અલૌકિક વાત છે બાપુ! આ તો તારું સ્વરૂપ આવું છે. આહાહા..! એને આત્મા કહીએ. આત્મા દ્રવ્યે ભેદ વિનાનો, પરના કર્તા વિનાનો, વિકારના કર્તા વિનાનો અભેદ આત્મા. હવે એ આત્મામાં જ્યારે આ પ્રમાણે છે ત્યારે આત્મામાં એક એવી શક્તિ છે-ગુણ, જેને કારણે એ અભેદ છે. એટલે કે અભેદ છે એ પુણ્ય-પાપના વિકલ્પના ભેદનો કર્તા, ક્રિયા, એ કારકોની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ક્રિયા છે અવસ્થા. દયા, દાન, વ્રત, વિકલ્પોનું કરવું, એનું કાર્ય, એનું સાધન પોતે ને પોતે. એવો જે પર્યાયમાં છે એ વસ્તુમાં નથી, એ વસ્તુના ગુણમાં નથી. વસ્તુમાં નથી એટલે વસ્તુના ગુણમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવો ગુણ છે. એવા ગુણીને- આત્માને માને ત્યારે એની પ્રતીતમાં, અનુભવમાં સમ્યગ્દર્શન થાય ત્યારે તેને એમ થાય કે આ વિકારી પર્યાયનું કરવાપણું કે કરણ એ મારામાં છે નહિ. વ્યવહારનો હું કર્તા અને વ્યવહાર મારા કામ ને વ્યવહાર મારું કર્તૃત્વ ને વ્યવહાર મારી ફરજ છે. ક્યો વ્યવહાર? ઓલા રાગાદિ દયા-દાનના વિકલ્પનો હોં! વ્યવહાર એટલે આ તમારો વ્યવહાર સંસારનો એ નહિ.

મુમુક્ષુ :- એ તો કરવું જ પડે ને.

ઉત્તર :- કરી શકે છે કોણ કરે? ધૂળ કરે? મફતનો માને છે અભિમાની. એની અહીં વાત નથી. અહીંયાં તો દ્રવ્ય એટલે આત્મા એમાં એક ગુણ એવો છે અને એ ગુણ છે તે અનંતા ગુણમાં વ્યાપક છે. આહાહા..! અનંતા ગુણમાં પોતાની જે સંખ્યાએ અનંત શક્તિઓ છે એમાં આ ગુણ વ્યાપેલો છે. ક્યો ગુણ? કે ભાવ નામની શક્તિ. એટલે કે જે ષટ્કારકના પરિણમનથી જે રાગાદિ વિકારની ક્રિયા થાય એ ક્રિયા રહિતપણું થવું એવો એનામાં ગુણ છે. સમજાણું કાંઈ? આહાહા..! કહો, પકડાય છે કે નહિ આમાં? આવો ધર્મ ભાઈ, આ વીતરાગનો આવો હશે માર્ગ? એટલે આત્મા આવો હશે? અહીં તો કહે છે હજી.

આત્મા ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ, સત્ નામ શાશ્વત જ્ઞાન, આનંદ આદિ શક્તિઓનો ભંડાર પ્રભુ એ એવો છે કે, એનો ગુણ એવો છે અને એ ગુણ એવો છે માટે એ ગુણી એવો છે કે... સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ આદિના વિકલ્પો છે, પાપની તો વાત એક કોર મૂકો હવે (પણ) દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો જે શુભરાગ છે એ શુભરાગ, અરે..! તીર્થંકરગોત્રના જે પરિણામ છે એ પરિણામનું કરવું, એ પરિણામ તેનું કાર્ય, એ પરિણામનું પોતે સાધન એવી જે ક્રિયા પર્યાયની એ દ્રવ્યમાં એ ગુણ નથી. એનાથી રહિતપણું થવું એ એનામાં ગુણ છે. સમજાણું કાંઈ? આહાહા..! આત્મા કેવો એની ખબર ન મળે. હવે આત્મા કેવો છે અને કેવડો? એની ખબર ન મળે અને એને ધર્મ થઈ જાય. કહો, માસ્તર સમજાય છે કે નહિ? આ તો સમજાય એવું છે. લોજિકથી તો વાત ચાલે છે.

ભગવાન આત્મા આ શરીર, વાણી, મનથી તો જુદો, આ તો માટી છે. પણ એનામાં એટલા ગુણો છે કે અનંત અને એ અનંત ગુણોમાં એક ગુણ એવો છે કે બધા ગુણોને એવી રીતે થયા અને બન્યા છે કે રહ્યા છે... સમજાણું કાંઈ? કે પુણ્યની ક્રિયાના પરિણામની જે ક્રિયા છે કર્તા (આદિ) ષટ્કારકની ક્રિયા (એનાથી રહિતપણે થવું એવો એનામાં ગુણ છે). એ ષટ્કારકની.. જુઓ! પંચાસ્તિકાયમાં એમ સિદ્ધ કર્યું. ચર્ચા ચાલી હતી અમારે ત્યાં.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ત્યારે ઓલા કહે, પરથી થાય. કીધું, રાગ ષટ્કારક પર્યાયથી થાય, પરથી નહિ. કહો, મોટી ચર્ચા ચાલી પંડિતોમાં. આ બધા બેઠા હતા રામજીભાઈ બધા. (સંવત) ૨૦૧૩ની સાલ. ૧૧ વર્ષ થઈ ગયા. પંડિતો સાથે. વર્ણીજી સાથે, મોટા બંસીધરજી સાથે. મોટા કાશીના ભણેલા. પોણો સો પંડિતના ગુરુ.

આ પુણ્ય-પાપના વિકાર થાય એ કઈ રીતે થાય? ત્યારે કહ્યું કે એ વિકાર જે જીવ કરે છે એ સ્વતંત્રપણે પરની અપેક્ષા રાખ્યા વિના રાગના ભાવને કર્તા થઈ કે રાગ પોતાનું કાર્ય, રાગનું સાધન પોતાની પર્યાય, પર્યાયમાં ષટ્કારક છે-એ રાગ વિકારના ભાવ પોતે પોતાથી કરે, પોતે રાખે અને પોતાને આધારે થાય, પરની અપેક્ષા નથી. એ.. ભડક્યા બધા. આહાહા..! વિકાર કરવો, વિકાર કર્તા.. આ તો ભારે ભૂલમાં પડ્યા આ લોકો સોનગઢવાળા. પકડો હવે. એ ભૂલને પકડી રાખો. લખી લ્યોને પકડો શું? એમ કે બરાબર હવે બહાર પાડો. સમજ્યાને? એક કલકત્તે ગયા. ત્યાં વાત આવી ઈ. આ છે ને ભાઈ? ગજરાજજી. એને ઘરે આહાર કરતા હતા. આહાર કરીને બેઠા હતા ત્યાં ગજરાજજીએ કાઢ્યું મોટું. એ પોતે આવ્યા હતા, નહિ? શેઠ આવ્યા હતા. શાહુજી આવ્યા હતા. ગજરાજજીને ત્યાં આહાર કર્યો. મેડી ઉપર ત્યાં શાહુજી આવ્યા.

શાહુજી કહે, આમ પ્રશ્ન આવ્યા છે. શું છે? મારે ટાઈમ થઈ ગયો છે. એલા કહે, આ કેવા? આવો મોટો બિચારો પૂછે છે. અમારે શું છે? ટાઈમ થઈ ગયો છે. શેઠ હોય તો એના ઘરનો. અમારે શું છે અહીં? ચાલીસ કરોડનું... ચાલીસ કરોડ એટલે શું પણ? આખી દુનિયા પડી છે એનો સ્વામી થાય નહિ, માને નહિ? એઈ.. શેઠી! એ કહે, પૂછે છે આમ. ગજરાજજી કહે પૂછે છે આમ. પાનું કાઢીને બેઠા. શું છે? વિકાર નિરપેક્ષ થાય એમ કહો છો. કીધું, જવાબ અપાઈ ગયા છે ત્યાં. એય.. શેઠી! જવાબ અપાઈ ગયા છે ત્યાં. હતા કે નહિ તમે? ગજરાજજીને ત્યાં. જવાબ અપાઈ ગયા છે. ઉઠો. વખત થઈ ગયો છે, ચાલો. ક્યાંક ઉતર્યા હતા ને? બીજે ને? ક્યાં? જયપુર નહિ? તે દી. જયપુર. ના, ના આ તો કલકતા. કલકત્તામાં.

મુમુક્ષુ :- મારવાડી...

ઉત્તર :- હા. હા. ત્યાં ઉતર્યા હતા. શું સમજાય છે આમાં કાંઈ? મોટા પંડિતો ગોથા ખાય છે, કાશીના ભણેલા.

આ ભગવાન આત્મા વસ્તુ છે. છે કે નહિ? છે તો એ અનાદિઅનંત છે. છે એને કોઈ નવું થાય અને હોય તે જાય એમ બને નહિ. છે તો એ કોઈ શક્તિ વિના હોઈ શકે નહિ. એ તો વસ્તુ થઈ. હવે એની શક્તિ શું? એનો સ્વભાવ શું? એનું સ્વરૂપ શું? એનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભાવ શું? સમજાય છે? એનો ભાવ જ્ઞાન, દર્શન, આનંદ આદિ એની શક્તિઓ છે. એની પર્યાય શું? અવસ્થા. અવસ્થા અનાદિની પુણ્ય-પાપના પરિણામ કરે, ભોગવે એવી એની અવસ્થા (છે). હવે ત્યારે એ અવસ્થા કરે એવો એનો ગુણ છે કે નહિ? સમજાય છે કાંઈ? રાગ-દ્વેષ તો કરે છે કે નહિ? દુઃખી થાય છે. છે તો ખરું ને? આત્મા આનંદમૂર્તિ છે એ તો સચ્ચિદાનંદ છે. આનંદની દશાનું વ્યક્તપણું નથી. એને પ્રગટપણું તો દુઃખ છે-આકુળતા. આખો દી સંકલ્પ-વિકલ્પ, રાગ-દ્વેષ, શુભ-અશુભ આ કર્યું ને આ મૂક્યું. વિકલ્પ હોં! વિકલ્પની જાળ છે ખરી. તો છે શું એ? કે વિકાર છે, એ દુઃખ છે. કોનાથી થયા છે? કે એની પર્યાયથી થયા છે. કોઈથી થયા નથી. એ પહેલું નક્કી કર્યા પછી એ પર્યાયનું દુઃખરૂપનું પરિણમન એ એનો ગુણ છે? એનો સ્વભાવ છે? સ્વભાવ હોય તો વિકાર રહિત કોઈ દી થઈ શકે નહિ અને ધર્મ થઈ શકે નહિ, સમ્યગ્દર્શન પામી શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! સમજાય છે કે નહિ આમાં? આવો ધર્મ. ઓલું હતું તો એકેન્દ્રિયા, બેઈન્દ્રિયા, ત્રેઈન્દ્રિયા... એ.. ઝવેરચંદભાઈ! ઈચ્છામી પડિક્કમણું ઈરિયા.. તસ્સ.. કાંઈ સમજવા જેવું એમાં? લ્યો, થઈ ગયું. ઉઠો. પથરણું ખંખેરી નાખો, ઉઠો. સામાયિક થઈ ગઈ. .. ખંખેરી નાખ્યો સામાયિક. હતી કે દી સામાયિક? સાંભળને! સામાયિક કહેવી કોને એની ખબર નથી.

આત્મામાં સમતાના પરિણામ થાય તેવો એનો ગુણ છે. એ ગુણનો ધરનાર આત્મા છે એની દૃષ્ટિ આપતા સમતાના પરિણામ થાય. એ વિકલ્પના પરિણામ છે એ એનું કર્તવ્ય નથી, દ્રવ્યનું કર્તવ્ય નથી, ગુણનું કામ નથી. આહાહા..! સમજાણું કાંઈ? બાપુ! એનો માર્ગ તો અલૌકિક છે. પ્રભુનો માર્ગ-હરિનો માર્ગ એટલે આત્માનો માર્ગ. એ શુરવીરોના કામ છે. એ રાંકાના અને કાયરના કામ નથી. આહાહા..!

કહે છે કે આવો ભગવાન આત્મા જ્ઞાન એનો સ્વભાવ, આનંદ એનો સ્વભાવ, જીવતર એની શક્તિ, સુખ એની શક્તિ, પ્રભુતા એની શક્તિ એવી અનંત શક્તિઓ. શક્તિ એટલે સ્વભાવ, સ્વભાવ એટલે ગુણ એના. એમાં એક આવો ગુણ જે છે કે એ ષટ્કારકની કર્તા-કર્મના વિકારના પરિણામની, પરનું કરવું તો એનામાં છે જ નહિ. પણ પોતાની પર્યાયમાં પોતાને ભૂલીને જે અવસ્થા નામ વર્તમાન હાલતમાં જે કાંઈ શુભ અને અશુભ રાગ ને દુઃખી દશા છ કારકથી કરે છે એ એનો પર્યાયનો ધર્મ પર્યાયમાં છે. સમજાણું કાંઈ? એવું ન હોય તો સંસાર હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! પણ એ રૂપે પરિણમન વિકારનું થવું એવો એનો ગુણ નથી. એના રહિત થવું એવો એનો ગુણ છે. શેઠી! આહાહા..! જુઓ!

**'(કર્તા, કર્મ આદિ)...'** આ તો શબ્દો થોડા છે. છે ને? એનો શબ્દ શું છે? **'कारकानुगतक्रियानिष्क्रान्तभवनमात्रमयी भावशक्तिः'** ૩૯મો સંસ્કૃત છે સંસ્કૃત. ઉપરમાં

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે ને સંસ્કૃત? '**कारकानुगत**' કારકને અનુસારે થતી ક્રિયા એનાથી '**निष्क्रान्त**'-રહિત થવામાત્રમયી ભાવશક્તિ. લ્યો. શબ્દ એટલા છે એના. સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન તું છો અને તેમાં તારી એક શક્તિની મહિમા એટલી છે. એ મહિમાવાળી શક્તિ છે. એમાં પ્રભુતા ભરી છે. એમાં સ્વતંત્રથી શોભે એવી શક્તિ છે. એ પોતે હોં! એ શક્તિનું કાર્ય (શું)? કારણ કે ગુણ હોય એનું કાર્ય હોય કે નહિ? ગુણ હોય એની પર્યાય હોય કે નહિ? એ પર્યાય એ આ પુણ્ય-પાપનું થવું એ એની પર્યાય નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! પુણ્ય-પાપના વિકલ્પો વ્યવહારનું થવું એ આ ગુણની પર્યાય નહિ. શેઠી! આ શું કીધું? આ ગુણની પર્યાય એને કહીએ કે ષટ્કારકની વિકૃત અવસ્થાના પરિણામથી રહિત ભવનમાત્ર, નિર્મળ નિર્મળ અવસ્થાના થવામાત્ર એ ગુણનું એ પરિણમન-એ ગુણનું કાર્ય છે. સમજાણું કાંઈ? આવી વાત તો કેવી? એય.. શાંતિભાઈ! કે દી હતી? આ વાંચતા હતા કલકત્તામાં હતી આ? બિલકુલ નહિ? એણે ઘણું વાચ્યું છે.

મુમુક્ષુ :- રાજકોટમાં.

ઉત્તર :- રાજકોટમાં વાંચતા. ઘણાને વંચાવતા સાધુને. પછી ભલે આડુઅવળું ગપ્પ. વંચાવતા તો ખરા કે નહિ? આહાહા..! આ માર્ગ તે માર્ગ જુઓને. આહાહા..! એ તો ઝવેરચંદભાઈને ખબર છે. ત્યાં કલકત્તામાં વાંચતાને જુદા?

મુમુક્ષુ :- ખૂણામાં વાંચતા.

ઉત્તર :- હા. એ ખૂણામાં વાંચતા. એ શેઠિયાઓને ખબર હોય ને. અને તે બરાબર નથી વાચતાં કહે છે. આપણી સાથે મેળ નથી. નહિ? એમ હોય ને તે દી. આહાહા..!

ભગવાન! તારા મહિમાનો પાર નથી. પણ કેવી મહિમા? વિકારરૂપે થવું એ તારી મહિમા નથી, ભાઈ! એમ કહે છે. આહાહા..! અને વિકારરૂપે થવું એ તારી શોભા નથી અને વિકારરૂપે થવું એ તારી પ્રભુતા નથી. આહાહા..! વિકારરૂપે થવું એ તારો પ્રતાપ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! શું પણ આચાર્યે ખોલી નાખી છે વાતને. ષટ્કારક ભાઈ ત્યાં મૂક્યાને? એ વસ્તુ મૂકી ત્યાં વસ્તુ. હવે અહીં ગુણ એનો છે એ મૂકે છે. વસ્તુ જ્યારે એવી છે તો એનો ગુણ આવો છે. અને ગુણ છે તો એનું કાર્ય હોય. એથી કહ્યું જુઓ!

'**(કર્તા, કર્મ આદિ) કારકો...**' કારકો એટલે છ કારણો. આમાં નિશાળમાં આવે છે સાત વિભક્તિ આવે છે ને? એમાં એક સંબંધ કાઢી નાખો છઠ્ઠી. બાકી કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ છ બોલ આવે છે, વ્યાકરણમાં આવે છે. નિશાળમાં આવે છે. પણ નિશાળમાં ભૂલી ગયા હોય ને? નિશાળમાં પાસ થવા માટે શીખ્યા હોય. રાખવા માટે શીખ્યા (નહોતા). માસ્તર! પાસ કરવા માટે શીખીને જવાબ દેવા થઈ ગયા હોય.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પછી થઈ રહ્યું જાવ, ભૂલી ગયા. પછી ભૂલી જાય છે. એય..! પણ આવે છે. ચોથી ચોપડીથી અમારે હતું ત્યારે આવતું અમારે તો. તે દી. આ તો ૬૦ વર્ષ પહેલાની વાત છે ને. ચોથી ચોપડી. ષટ્કારકો. વ્યાકરણમાં. ચોથીથી શરૂ થાતું થોડું. હવે તો શેમાં થાતું હશે? હવે તો બધું ફરી ગયું. ભણવાની પદ્ધતિ જ બધી થઈ ગઈ ફેરફાર.

અહીં તો કહે છે, આત્માનો એવો એક ગુણ છે, એવો એક ગુણ છે (કે) જો આ ગુણ ન હોય તો મલિન દુઃખરૂપ દશા રહિત એની પરિણતિ થાય નહિ. સમજાય છે? માટે આ ગુણ એનો આવો છે એ અનાદિ ગુણ છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? હવે આ બહારના દેરાસર કરવા, ફલાણું કરવું, ઢીંકણું કરવું એ તો ક્યાં આત્મામાં હતું? એ તો એને કાળે થાવું હોય ઈ થાય છે. આત્મા કર્તા એનો નથી. આહાહા..!

મુમુક્ષુ :- બે-ત્રણ બાકી છે.

ઉત્તર :- બે-ત્રણ બાકી છે. એ તો આ પોર બાકી છે ને. તમારી પાસે આવવાના હતા ઓલા અંતરીક્ષવાળા. કાલે કહ્યું ને? જતીશભાઈએ. હમણા મેં પૂછ્યું હતું. હમણાં મેં પૂછ્યું કે આ બ્રહ્મચારી કેટલા આપણા હિન્દીવાળા? એમ પૂછયું જતીશભાઈને. એ ઉપરથી વળી વાત કાઢી. અંદર હતા ને.

બ્રહ્મચારી ભગવાન આત્મા બ્રહ્માનંદ પ્રભુ છે એમાં એવો એક ગુણ છે, એવી શક્તિ છે કે છ પ્રકારના કારણોથી વિકારની પર્યાયમાં જે ક્રિયા થાય એનાથી રહિતપણે પરિણમવું એવો એનો ગુણ છે. કહો, ભગવાનજીભાઈ! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ઉપરનો...

ઉત્તર :- એ છે જ નહિ પણ એમાં એ વસ્તુમાં છે નહિ. આહાહા..! એનો સ્વભાવ નથી, એની શક્તિ નથી, એ ગુણ નથી. એ ગુણનો ગુણ એ નથી. આહાહા..! વિકારપણે થવું એવો કોઈ ગુણ નથી. એ તો પર્યાયમાં અદ્ધરથી થાય છે. માટે એનો ગુણ એવો છે કે એ ષટ્કારકની વિકૃત અવસ્થાના અભાવરૂપ પરિણમવું એવો એનો ગુણ છે. સમજાણું? નહિતર સમ્યગ્દર્શન થાય નહિ. જો આ ગુણ ન હોય તો સમ્યગ્દર્શન થાય નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો ઓલામાં નથી આવતું. પણ આ ઉપરથી. નહિતર ઓલામાં ઘણું નાખ્યું છે. આ ન હોય તો આમ થાય અને આ ન હોય તો આમ થાય. એમ નાખ્યું ને ભાઈ અનુભવ પ્રકાશમાં? પણ એ એમાં નથી.

મુમુક્ષુ :- એ તો બધે સિદ્ધાંત તો એક જ.

ઉત્તર :- એ બધે સિદ્ધાંત પછી લઈ લેવો જોઈએ ને. અનુભવપ્રકાશમાં છે. સમજાણું કાંઈ? એમ કે આત્મામાં અકાર્યકારણ નામની શક્તિ ન હોય તો પરનું કાર્ય કર્યા કરે અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પોતાનું કાર્ય કોઈ દી થાય નહિ. એવા બધા વર્ણન છે. અનુભવપ્રકાશ છે ને? વાંચ્યું છે કે નહિ ભગવાનજીભાઈ? અનુભવપ્રકાશ ચોપડી.

મુમુક્ષુ :- હા, વાંચ્યું છે પણ યાદ નથી.

ઉત્તર :- યાદ નથી. પણ આ વાંચ્યું છે એણે. આપણે એના વ્યાખ્યાનો થઈ ગયા છે ને અનુભવપ્રકાશના. ભાઈને આપ્યા છે કે નહિ સુમનભાઈને? આપ્યા છે? લઈ ગયા છો ત્યાં? અનુભવપ્રકાશના પ્રવચનો. પ્રવચનો કે અનુભવપ્રકાશ? નહિતર અહીં તૈયાર છે લઈ જવું હોય તો. એ માટે મેં તો પૂછ્યું હતું. સમજાણું?

અહીંયાં તો આચાર્ય મહારાજે માખણ કાઢીને મૂક્યું છે કે તારો આત્મા એવો છે, એનો ગુણ એવો છે, એની શક્તિની સામર્થ્યતા એવી છે કે જે સામર્થ્યને કારણે વિકારરૂપે ન થાય એવું એનું સામર્થ્ય છે. એટલે એવા ગુણનો ધરનાર જે આત્મા, એવા આત્માની દૃષ્ટિ કરતાં, સમ્યગ્દર્શનમાં વ્યવહારપણે ન પરિણમવું એવી એની પરિણતિ છે. આહાહા..! કોઈ પણ શક્તિને કોઈપણ પર્યાયથી લે તો એક આત્મા જ્યાં જાણવામાં આવ્યો ત્યાં વ્યવહારનું રાગરૂપે પરિણમન એનામાં અભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ચૈતન્યના તેજ એવા છે કહે છે.

ભગવાન આત્મા એનો જ્યાં અંતર સ્વીકાર થાય, આત્મા છે એવો સ્વીકાર થાય ત્યાં એ સ્વીકારમાં આ આવી જાય છે, એ ગુણનો સ્વીકાર. કે જે ગુણનું કાર્ય રાગ, દયા, દાન, વ્રત, ભક્તિના જે પરિણામ છે એ પણે ન થવું અને એના રહિતપણે થવું. તે પણે ન થવું અને એના રહિતપણે થવું. આહાહા..! નિષ્ક્રાન્ત છે ને? નીકળી ગયો. સમજાણું કાંઈ? વસ્તુ છે, અનંત આનંદ, આ પણ એક શક્તિમાં અનંતા છે હોં. શક્તિ એક પણ એની શક્તિ અનંત અનંત. કારણ કે શક્તિ છે ને? સ્વભાવ છે ને? એ અનંત છે. એનું સામર્થ્ય અનંત છે. અને તે શક્તિ દ્રવ્યમાં છે વ્યાપેલી, ગુણમાં છે અને શક્તિનો ધરનાર આત્મા એનો અનુભવ અને દૃષ્ટિ થતાં તે શક્તિનું પર્યાયમાં રાગરહિત થવાનું પરિણમન તે પર્યાયમાં વ્યાપ્યું છે. સમજાણું કાંઈ? હજી તો પર્યાય કોને કહેવી એ ન સમજાય અને આ પર્યાયમાં વ્યાપ્યું. આ તો મૂળ વસ્તુની મૂળ મર્યાદા અને સ્થિતિ છે. સમજાણું કાંઈ? અને એ શક્તિ એવી છે કે જે શુભ ભાવે તીર્થંકરગોત્ર બંધાય એનાથી રહિતપણે પરિણમવું એવા ગુણનો ભાવ છે. આહાહા..! રાડ નાખે ઓલા. આહાહા..! સમજાણું કાંઈ? એવો ગુણનો ધરનાર ભગવાન એવા અનંતા ગુણોનો અવિનાભાવ સ્વભાવ એવો થયો છે કે વિકારપણે કોઈ ગુણની કોઈ પર્યાય ન થાય. આહાહા..!

ઓલામાં કહ્યું છે ને કે ભાઈ, અભવિને જ્ઞાનની પરિણતિ નથી. આવે છે. ઓલામાં પરમાત્મપુરાણમાં. પરમાત્મપુરાણ, પંચસંગ્રહ. શું કહેવાય? અધ્યાત્મ પંચસંગ્રહ એમાં આવે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અભવિને જ્ઞાનની પરિણતિ નથી. તો આ ઉઘાડ છે ને? એ નહિ. જે જ્ઞાન સ્વને પકડીને વેદે એને જ્ઞાન કહીએ, બાકી જ્ઞાન નહિ. લૌકિકના જ્ઞાન આ બધા છે આ બધા. એ બધા જડ છે જ્ઞાન.

મુમુક્ષુ :- ધારણ કરનાર?

ઉત્તર :- ધારણ કરનારો એ મારા છે એમ માનનારો છે એ જડ છે. જડનો ધણી જડ છે. એઈ..! એ તો ઠીક પણ શાસ્ત્ર તરફના વલણવાળું જે અગિયાર અંગ, નવ પૂર્વનું જ્ઞાન એ પણ જડ છે. એ આત્માનું નહિ. આહાહા..! કારણ કે આત્મામાં એ બંધના (અ)કારણરૂપ ભાવ છે, અને બંધના કારણરૂપે ન પરિણમવું એવો એનો ગુણ છે. આહાહા..! કારણ કે એ જો જ્ઞાનમાં નિર્જરા થઈ હોય તો તો મોક્ષ થયા વિના રહે નહિ. અગિયાર અંગ અને નવ પૂર્વનું જ્ઞાન પણ બંધ હેતુ છે. સમજાય છે કાંઈ? હવે ઓલાએ તકરાર કરી. જ્ઞાન બંધનું કારણ? સાંભળને હવે. મિથ્યાશ્રદ્ધા થતાં એ મિથ્યાજ્ઞાન પણ બંધનું જ કારણ છે. જુઓ! મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર બંધનું કારણ છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર મોક્ષનું કારણ છે. ઓલી અપેક્ષા જુદી છે. ઉઘાડ છે એ બંધનું કારણ નથી અને અભાવ છે એ બંધનું કારણ છે. ભારે તકરાર કરે પણ. જે હેતુ છે એ પકડે નહિ અને વાદવિવાદે (ચડી ગયા). 'સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' આંધળા છે. સાંભળને. એમાં વાદવિવાદ કેવા અંદરમાં? એય.. શેઠી! આહાહા..!

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એમાં સત્‌પણું એ શાશ્વત છે. એવો એનામાં, પુણ્ય-પાપના વિકારી ઉદયભાવપણે પરિણમવું નહિ એવો એનામાં શાશ્વત ગુણ છે. આહાહા..! આ ગતિપણાનો ભાવ, રાગનો ભાવ, લેશ્યાનો ભાવ.. સમજાય છે? આ ચાર ગતિની પર્યાયપણાનો ભાવ એ પણે ન પરિણમવું એવો એનામાં ગુણ છે. ગતિપણાનો થવાનો ભાવ એ એનો ગુણ નથી. આહાહા..! એવો ન હોય તો ગતિ કોઈ દી ટળે નહિ. સમજાણું કાંઈ? આ ક્રિયા. લ્યો! કહે છે ને અમારી ક્રિયા ઉડાવે છે. હવે સાંભળને. તારી ક્રિયા જડની તો ક્યાં ગણતરીમાં છે અહીં. પણ ઓલા રાગની ક્રિયા, દયા, દાનના વ્રતની એ ક્રિયા જે કારકોથી થતી ક્રિયા એનાથી રહિતપણું થવું એ તારો સ્વભાવ ક્રિયાનો છે. એના પછી ક્રિયા લેશે. આ ક્રિયાનો ગુણને ભાવશક્તિ કીધી અને ઓલી પછી ક્રિયાશક્તિ કહેશે. કારણ કે ઓલી પરિણતિ નિર્મળ થાય છે એટલે. સમજાણું કાંઈ? આહાહા..!

સનાથ ભગવાન આત્મા એમાં અનાથપણું છે જ નહિ, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ આત્માનો સ્વીકાર નથી ને. એને એમ લાગે છે કે અરે..! અમે આ રાગી થઈ ગયા, દ્વેષી થઈ ગયા, અમે ગતિવાળા. કહે છે, તને આત્માની ખબર નથી. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ બધું એને ઘરે રહ્યું. કહો, સમજાણું કાંઈ? આ પાંચ મહાવ્રતના પરિણામપણે પરિણમવું એવો એનો ગુણ નથી એમ કહે છે. એનાથી રહિત થવું એવો એનો ગુણ છે એમ કહે છે. આહાહા..! વૃત્તિ ઉઠે, કે આને ન મારું, જીવ મરે નહિ ને આમ થાય, આમ થાય એ વૃત્તિપણે ન થવું. એ વૃત્તિપણે થવું એવો ગુણ નથી અને માને કે આ વૃત્તિપણે હું થયો છું એ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? કારણ કે એના ગુણ અને દ્રવ્યની શક્તિની શ્રદ્ધા નથી. સમ્યક્ શ્રદ્ધા જે જોઈએ એ નથી. મિથ્યાશ્રદ્ધા છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ કર્તા, કર્મ આદિ કારકો એટલે કારણો છ પ્રકારના એને અનુસાર. અનુગત છે ને? એને અનુસારે થતી ક્રિયા પર્યાયમાં-અવસ્થામાં. એ '**ક્રિયા તેનાથી રહિત ભવન...**' તેનાથી રહિત. નિષ્ક્રાંત નીકળી ગયો. તેનાથી નીકળી જવું, તેનાથી રહિત થવું એવો એનામાં ગુણ છે. સમજાણું કાંઈ? '**તેનાથી રહિત ભવનમાત્રમયી...**' એટલે '**(હોવામાત્રમયી,...**' ભવનની વ્યાખ્યા કરી. તેનાથી રહિત ભવવું એટલે થવું એટલે હોવું. '**થવામાત્રમયી) ભાવશક્તિ.**' છે. એનું નામ ભાવશક્તિ. એ ભાવશક્તિમાં ધ્રુવ ઉપાદાન અને ક્ષણિક ઉપાદાન બે છે. ધ્રુવપણું એ શક્તિ ત્રિકાળ છે અને એનું પરિણમન દ્રવ્યની દૃષ્ટિ થતાં જે પરિણમન નિર્મળ થાય, વીતરાગી પર્યાય થાય તે ક્ષણિક ઉપાદાન છે. પરને લઈને નહિ. સમજાણું કાંઈ?

એ ક્રમવર્તી અને અક્રમવર્તી. એ પર્યાયનું ક્રમે ક્રમે પરિણમવું એ ક્રમવર્તી અને એ ગુણ અક્રમે રહેવો. એ ક્રમ અને અક્રમની પ્રવૃત્તિ... ક્રમે પ્રવર્તતી વૃત્તિઓ અને અક્રમ (રહેતા) ગુણ એનો સમુદાય તેને આત્મા કહેવામાં આવે છે. એને આત્મા સ્વીકાર્યો અને આત્મા જાણ્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? લ્યો, એ ૩૯ શક્તિ થઈ.

હવે ૪૦. ૪૦મી શક્તિ. ૪૭ છે. ઠીક આ સુમનભાઈ આવી ગયા થોડામાં તો. આવું અહીં છે શક્તિનું વર્ણન.

મુમુક્ષુ :- એની શક્તિ વધારે કે રિફાઈનરીની વધારે?

ઉત્તર :- ધૂળમાંય રિફાઈનરી શકતો નથી. ધૂળ કોણ કરતો'તો? કહે છે? ઓળખો છો ને? આ રામજીભાઈના દીકરા છે. ત્યાં છે ને મોટા પગારમાં. મોટા આંકડા કહે છે હજારોના. આઠ-દસ હજાર, આઠ હજાર ને ધૂળ હજાર. એવી વાતું કરે છે. કો'ક કહે ઈ આપણે સાંભળીએ. આપણને ક્યાં ખબર? જોવા ગયા હતા? ધૂળમાંય નથી એમાં કાંઈ. આહાહા..! કહો, સમજાણું કાંઈ? ભાઈ! જે કાંઈ રાગાદિ છે, જે કાંઈ ક્રિયાઓ થાય છે એ સંબંધીનું પોતાનું જ્ઞાન, પોતાથી થતું તે જ્ઞાનની ક્રિયાનું પરિણમવું એ પોતાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? શું કહ્યું?

આત્મા વસ્તુ એવી છે કે જેનો સ્વીકાર થઈને આત્માને માન્યો, જાણ્યો એટલે એના સમીપમાં એ કાળે, એ ક્ષેત્રે જે રાગાદિ થાય અને એ કાળે એ ક્ષેત્રે જે કાંઈ આ બધી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ક્રિયાઓ જડની, શરીરાદિની બધી લાંબી લાંબી આમ બધે પસારો દેખાય એ સંબંધીનું જ્ઞાન એ પોતાનું જ્ઞાન છે. એનું નહિ. એ સંબંધીનું જ્ઞાન એમ કહેવું એ વ્યવહાર છે. એ સંબંધીનું જ્ઞેયનું જે આ જ્ઞાન. એ જ્ઞાનનું જ્ઞાન છે એ જ્ઞાનના જ્ઞાનપણે પરિણમવું, જ્ઞેયપણે નહિ, રાગપણે નહિ એવો એનો ગુણ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો આવતા આવતા આવે એ કહીએ. એ કાંઈ લખી રાખ્યું છે અંદર તે નીકળે. કહો, સમજ્યા?

મુમુક્ષુ :-

ઉત્તર :- હા, હા ... ભાઈ. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનું જ્ઞાન છે કે જ્ઞાનનું જ્ઞાન છે? કોનું જ્ઞાન છે?

આ લાકડું છે એમ અહીં જાણ્યું. એ જાણવાની પર્યાય આની છે? આનાથી થઈ છે? એની છે? એની હોય તો ત્યાં હોય. માસ્તર! ન્યાય સમજાય છે? આત્મામાં જ્ઞાનની પર્યાય થઈ જાણવાની, ગુણ તો ત્રિકાળ છે. હવે એની વર્તમાન પર્યાયમાં-અવસ્થામાં એને આ જણાયું. આ.. આ... આ... આ.. આ.. પણ એ જણાવાનો પર્યાય તો પોતાનો છે. ઈ જાણ્યું નથી, એને જાણ્યું નથી, એનાથી જાણ્યું નથી. ફક્ત એ સંબંધીનું જે પ્રકારનો સામે સંયોગ છે તેને આત્મા પોતાના સ્વલક્ષે જ્યારે જ્ઞાનનું પરિણમન થાય છે, તે પરિણમનમાં પોતાનું પરિણમન તે પોતા સંબંધીનું જ્ઞાન અને એ સંબંધીનું જ્ઞાન એ પોતાનું જ્ઞાન છે. એ જ્ઞાનપણે પરિણમવું એવો એનો ધર્મ છે. પણ પુણ્ય-પાપ અને રાગપણે થવું એવો એનામાં ગુણ છે નહિ.

ભગવાન આત્મા.. વિકારપણે થવું, રાગપણે થવું એવો જો ગુણ હોય તો કોઈ દી નિર્દોષતા પ્રગટ કરીને નિર્દોષતાનો અનુભવ કરી શકે નહિ. એટલે ધર્મ થઈ શકે નહિ. ન્યાય સમજાય છે કાંઈ? રાગાદિ પુણ્ય-પાપના પરિણામ વિકલ્પ ઉઠે એ તો અધર્મ છે, દુઃખ છે. હવે એ દુઃખનું વેદન તો અનાદિનું છે, દુઃખ કરે છે અનાદિ સંસારથી. હવે એ જો એનો ગુણ હોય અને એના રહિતપણાનો ગુણ જો ન હોય તો એનાથી રહિત નિર્દોષ થઈ શકે નહિ. નિર્દોષ ન થઈ શકે એટલે કે ધર્મ થઈ શકે નહિ. ધર્મ થઈ શકે નહિ એટલે કે અધર્મરૂપે પરિણમે એવો એનો સ્વભાવ જ ન હોય. સમજાણું કાંઈ? આરે.. આરે.. ભારે!

આ આત્મા એવો છે સચ્ચિદાનંદ પ્રભુ. સત્ નામ શાશ્વત. ચિદ્ અને જ્ઞાન અને આનંદ. એની સાથે આ બધા ગુણો સાથે રહેલા છે. એકલું જ્ઞાન ઊછળે છે એમ નહિ. ત્યાંથી આ લેવું છે ને. ત્યાંથી શરૂ થયું છે. ભગવાન આત્મા ચિદાનંદ મૂર્તિ પ્રભુ, એવું અંતરમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભાન થતાં જ્ઞાનની પર્યાય જે ઉછળે નામ ઉત્પન્ન થાય, પોતાને જાણવાની, એની સાથે આ બધી શક્તિઓની પર્યાય ઉત્પન્ન થાય છે. ત્યાંથી તો શરૂ થયું છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવતી શક્તિનું આ ભાગવત છે. આહાહા..! આવું વર્ણન ક્યાંય બીજે છે નહિ. એ આત્મામાં જ છે. કહો, સમજાણું આમાં? કહો, સમજાય છે કે નહિ આમાં? એય.. ફૂલચંદભાઈ!

મુમુક્ષુ :- કઠણ પડે છે.

ઉત્તર :- હળવે હળવે કહીએ છીએ. આમાં કાંઈ ઉતાવળથી કાંઈ થાતું નથી.

આ આત્મા જે છે એ કેવો છે ભગવાન આત્મા? સચ્ચિદાનંદ પ્રભુ છે. જેમ આ જડાદિ સત્ છે કાયમ રહેનારા, એમ ભગવાન આત્મા કાયમ રહેનારો અવિનાશી છે. હવે એ અવિનાશી વસ્તુ છે તો એ તો વસ્તુ થઈ. તો વસ્તુ કોઈ ગુણવાળી, શક્તિવાળી, સત્ત્વવાળી હોય? સત્ હોય તે કોઈ (સત્ત્વ વિના હોય)? સાકર છે તો સાકરના ગળપણવાળી હોય સાકર, ગળપણવાળી મીઠાશ. એમ આત્મા છે તો આત્મા એ તો શાશ્વત થયો. હવે એની કોઈ શક્તિઓ એની સાથે શાશ્વત રહે એવી હોય કે નહિ? નહિતર ગુણ વિના ગુણી કેવો? તો એ આત્મામાં જ્ઞાન છે, દર્શન છે, આનંદ છે, અસ્તિત્વ છે, વસ્તુત્વ છે, પ્રભુત્વ છે, સ્વચ્છત્વ છે. એવી અનંત શક્તિઓ અવિનાશી છે. એમાં એક આ શક્તિ પણ છે ભેગી કે રાગ-દ્વેષ, પુણ્ય-પાપના, દયા-દાનના વિકલ્પો વિકાર જે છે એને નહિ કરવાપણે પરિણમવું એવો એનામાં ગુણ છે. વિકાર પુણ્ય-પાપપણે થવું એવો એનામાં ગુણ નથી. એ પર્યાયદૃષ્ટિમાં મિથ્યાદૃષ્ટિએ માનેલું છે. એમ ભાઈ કહે છે અહીં. આહાહા..! સમજાણું કાંઈ?

મિથ્યાત્વ એટલે ઊંધી માન્યતામાં પુણ્યપણે હું પરિણમું છું, પુણ્ય મારી પર્યાય છે એવી પર્યાયદૃષ્ટિવંતને-મિથ્યાદૃષ્ટિવંતને એવો ભ્રમ છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે માર્ગ ભાઈ આ. આવો તો કો'ક દી કહેવામાં કો'ક દી આવતો હશે. આહાહા..! આ તો મોટા તોફાન કરે છે ને મોટા. ડુંગરા ઉથામે છે ને કેટલા પૈસા કાંઈ.. ઓલો એક જણો કહેતો હતો કે આમ ખંપાળીએ રૂપિયા ઢસડીએ એટલા રૂપિયાની પેદાશ છે મારે. પણ જો મહારાજ તમે મારા ગામમાં ચોમાસુ રહો તો દુકાન છોડીને અહીં આવું. એય.. તમારો ધારશીભાઈ. (સંવત) ૧૯૮૧માં. ૮૧ની વાત છે હોં! ૮૦માં માગણી કરી હતી ૭૯માં. પૈસા બહુ એને પણ પેદા થતા હતા. ખંપાળી સમજાણું ખંપાળી? એટલા પૈસા. કરોડપતિ થઈ ગયો હતો મોટો. ખંપાળીએ. ખંપાળી સમજો છો ને એ લાકડાની? સમજો છો શેઠી? ખંપાળીને શું કહે છે? લાકડાની હોય છે ને એવી. કુચા એકઠા કરવા, ખડ એકઠું કરે એ ખંપાળી. એક શેઠિયો કહેતો વિનંતી કરવા, મહારાજ! મારા ગામમાં જો રહો... એ ૭૯ની વાત છે. તો હું આ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ખંપાળીએ ભેગા થાય એટલી પેદાશ છે મારે. ૭૯ની સાલમાં. મોટો .. મોટો હતો. ૭૯ની વાત છે. એ દુકાન છોડીને અહીં રહું ચાર મહિના. મેં કીધું, કોણ રહેવાનો...? ૮૦માં એમ કહ્યું હતું. ૮૧. પછી નહોતું ... સમજાણું કાંઈ? હવે ધૂળેય નથી તારા ખંપાળા રૂપિયા, ખંપાળો રૂપિયો, ખંપાળો ક્યાં અને રૂપિયો તારો ક્યાં હતો? ધૂળ છે. એ તો પર છે. એ સંબંધીનું જ્ઞાન પણ એનું નથી. એ સંબંધીનું જ્ઞાન એ તારું છે. સમજાય છે? આહાહા..! એ સંબંધીનું જ્ઞાન એનું એ સ્વ, એ તારું, એ સ્વ તારું અને એનો તું સ્વામી. વસ્તુનો સ્વામી નથી. એ છેલ્લામાં આવશે. સમજાણું કાંઈ? આહાહા..! લ્યો, આ તો ધણીપતા જ્યાં ત્યાં કરવા જાય છે ને? અહીં તો કહે છે કે વિકાર પરિણામ સ્વ અને એનો એ સ્વામી, એનામાં એ ગુણ નથી. માસ્તર! જરી ઝીણી વાત છે, ભાઈ! ધર્મની એવી વાત નથી કે આ ઉપરથી લઈ જાય ઝટ દઈ. ભગવાનની ભક્તિ કરી, ટોકરી વગાડી કે દયા ને વ્રત પાળ્યા.

મુમુક્ષુ :- ન વગાડવી હોય તો રાખ્યો છે શું કરવા?

ઉત્તર :- કોણે રાખ્યો છે? એ તો રહ્યું છે. એઈ..! મોટો ઘંટ રાખ્યો છે. આમ છેટે સંભળાય. બૌદ્ધનો ઘંટ જોયો છે ને? આપણે ગયામાં નહોતો? ગયામાં ને? મોટો ઘંટ એ તો ઓહોહો..! આવડો મોટો. ઢું.. ઢું.. થાય. ગયામાં. ના ગયામાં નહિ ઓલા બીજે. સારનાથ. કાશીમાં ને? કાશીમાં ગયા હતા ને? કાશીમાં સારનાથમાં મોટો. બધે જઈ આવ્યા છીએ બધે હિન્દુસ્તાનમાં. મોટો ઘંટ આવડો મોટો. ઢું.. થાય. એમાંથી જાણે બીજાને કહે કે જુઓ! અમે દર્શન કરવા આવ્યા છીએ.

મુમુક્ષુ :- અમે દર્શન કરી આવ્યા એ ભગવાનને ખબર પડવી જોઈએ ને.

ઉત્તર :- ઘંટ ત્યાં વાગે કે અહીં વાગે? ઘંટની ટોકરી અહીં વાગે કે ત્યાં?

ચૈતન્યમૂર્તિ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ આત્મા એવી અનંતી ગુણની શક્તિનો ધરનાર એવું જે અંતર દર્શન થયું, ઘંટ વાગ્યો, પ્રસિદ્ધિ થઈ ગઈ. હું જ્ઞાન છું, આનંદ છું, શાંતિ છું. એ ઘંટ વાગ્યો એમ. મૂળ તો એ છે. પ્રસિદ્ધિ પામે છે ઘંટ ત્યારે ઓલો ઘંટ વગાડવાનો આવી ગયો ત્યાં. કહો, સમજાણું કાંઈ? ભાઈ! એ તો વાત આવતા બધી આવે. કહો, શેઠી! આહાહા..! જુઓને, ૧૬ લાખ ખર્ચ્યા મોટો.. ઓહોહો..! જયપુર. જુઓ તો માણસની આંખ્યું ફૂલી જાય કે આ! પોર ગયા હતા ને ૧૧ દી. ૧૬ લાખ ખર્ચ્યા ઓલાએ. અને ૧૮ હાથી. જાણે આમ ૨૫-૩૦ હજાર માણસ સાથે. સ્થાનકવાસી, દેરાવાસી અને દિગંબર અને અન્યમતિઓ. આ મહારાજ તે કોણ હશે? આહાહા..! પણ એ કોણ? એ તો પર છે, સાંભળને. એ બધા શું આત્મા કરી શકે છે? એ બધા રથની ચક્રની ગતિ ને આ બધો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


રથ?

મુમુક્ષુ :- ધર્મની પ્રભાવના થાય છે.

ઉત્તર :- પ્રભાવના આત્મામાં થાતી હશે કે બહારમાં? વ્યવહારે ત્યાં એ તો શુભવિકલ્પ થાય એને વ્યવહારે કહેવાય.

અહીં તો કહે છે કે શુભપણે પરિણમવું એ એનો ગુણ નથી. હવે ઓલું આખું પરિણમાવવું આખા મોટા લશ્કરને.. આહાહા..! કહો, સમજાણું આમાં? ભાઈ! એ બધી ચીજો સંબંધીનું તારું જે જ્ઞાન તારા ખ્યાલમાં આવે કે આ આમ છે, એ જ્ઞાન તારા સ્વલક્ષે થયેલું હોય તે જ્ઞાનને જ્ઞાન કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? આ તો છેલ્લી શક્તિઓ છે ને. કળશ શક્તિઓ અને એના કળશ પાછા હવે કહેશે. આહાહા..! ગજબ કામ કર્યું છે હોં! અમૃતચંદ્રાચાર્યે ગાગરમાં સાગર ભરી દીધી છે. ગાગરમાં દરિયો ભર્યો.

મુમુક્ષુ :- આપે ..

ઉત્તર :- એ તો એમાં ભર્યો છે એ અંદર કાઢીએ છીએ ને. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- છે એમાંથી આવે.

ઉત્તર :- છે એમાંથી આવે. એય..!

કહે છે, ઓહોહો..! શું કહે છે જુઓને! ઓલી ક્રિયા ખોસી પાછી. કોઈ કહે પરની ક્રિયા? કોણ પરની કરતો હતો? સાંભળને! દયા, દાન, વ્રતના પરિણામની ક્રિયા? એ તો વિકારક્રિયા છે. એ ક્રિયા તારી છે? એ વિકારપણે થવું એવો તારો ગુણ છે? તો તો વિકારરહિત કોઈ દી થઈ શકે નહિ. આહાહા..! એ વિકાર સંબંધીનું પોતાનું જ્ઞાન, આ રાગ છે એને જાણે છે આત્મા, એ જાણવાની જે જ્ઞાનની પર્યાય એ એની છે. એ જાણવાની પર્યાય નિર્મળપણે પરિણમવું, રાગપણે ન થવું એવો એનો ગુણ છે. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો, એ ૩૯ કીધી.

હવે ૪૦મી થોડી શરૂ કરીએ. પછી વિસ્તાર આવશે કાલે. એવું થાય છે ને. કાંઈ નહિ, એ તો આવતા આવતા એ આવે એટલું. માસ્તર આજે આવ્યા પણ આજે માખણ આવ્યું છે હોં બધું! આહાહા..! એવી વસ્તુ છે. ભગવાન! તારી મહિમા શું કહીએ? કહે છે. તારામાં ગુણ એવો છે કહે છે. તારો ગુણ એવો, તારામાં ગુણ એવો કે વિકારપણે ન પરિણમવું એવો તારો ગુણ છે. આહાહા..! આ તે કાંઈ વાત છે! પણ એવું ન હોય તો પવિત્રતા કોઈ દી પ્રગટ થાય નહિ. આહાહા..! આ તો કહે, વ્યવહાર કરીએ તો નિશ્ચય થાશે. વ્યવહાર કરીએ, પણ વ્યવહારનું પરિણમન જ તારું નથી. શું કરીએ? સમજાય છે કાંઈ? વ્યવહારપણે પરિણમવું એ તો તારો ગુણ નથી. આહાહા..! ગજબ વાત છે ને! એ નિમિત્ત છે, વ્યવહારરૂપ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


નિમિત્ત હોય છે. ભૂમિકા પ્રમાણમાં ધર્મીને એવો રાગ (હોય છે). પણ એ રાગ છે માટે નિશ્ચયની પરિણતિ છે એમ નથી. આહાહા..! ભારે પણ.

હવે ૪૦મી શક્તિ. '**કારકો અનુસાર થવાપણારૂપ...**' હવે સવળી લીધી સવળું. ઓલામાં નકાર હતો. વિકારી પરિણામના કર્તાકર્મપણું એ જીવમાં નથી, એના ગુણમાં નથી. પર્યાય અંશબુદ્ધિએ, મિથ્યાબુદ્ધિએ ઉત્પન્ન કરેલા બધા વિકારો છે. એથી રહિતપણું થવું એ આત્માનો ગુણ આત્મા-પ્રભુની શક્તિ છે. હવે સવળી લે છે. '**કારકો અનુસાર થવાપણારૂપ જે ભાવ...**' શું કહે છે? આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આનંદ આદિની પર્યાય છે એનો કર્તા જીવ, એ કર્મ આત્માનું, એ કરણ પોતાનું સાધન પોતે નિર્મળ. પોતે પોતાથી થયું, પોતામાં થયું, પોતે નિર્મળ રાખે અને પોતાનો આધાર. એવી ષટ્કારકની નિર્મળ જે ક્રિયા. આહાહા..! અહીં શક્તિનું વર્ણન છે ને. આમાં દ્રવ્ય વર્ણવ્યું છે.

'**કારકો અનુસાર થવાપણારૂપ...**' થવાપણારૂપ છે ને અહીં તો. આત્મામાં એ છ કારકો પછી લેશે. એ તરત જ કારકોનો ઓલો નકાર કર્યો પછી હકાર કરીને પછી છ કારકની વ્યાખ્યા કરશે. ભગવાન આત્મા આનંદ ને આનંદપણે થવું એ કર્તાપણું. સચ્ચિદાનંદ અતીન્દ્રિય આનંદપણે થવું એ કર્તા. આનંદ તે તેનું કર્મ-કાર્ય. છ વિભક્તિ છે ને? સાત વિભક્તિમાં એક સંબંધ છે, એ નહિ. અહીં છ કારક લેવા. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. એ આનંદની પર્યાયનો કર્તા, આનંદની પર્યાય તેનું કાર્ય, એમ અનંત ગુણનું લેવું. અહીં તો આનંદ મુખ્ય છે. આનંદના પરિણામનું સાધન પોતે આત્મા, આનંદના પરિણામને પોતે પોતાથી કરે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**અષાઢ વદ ૧, બુધવાર તા. ૧૦-૭-૧૯૬૮**
**શક્તિ-૪૦-૪૧-૪૨, પ્રવચન-૫૬૩**

૩૯ થઈ ૩૯ ક્રિયા. જુઓ, ભાવશક્તિ છે ને? પહેલી ભાવશક્તિ આવી એ જુદી અને આ જુદી. પહેલા આવી છે ને? ભાવ-અભાવ, ભાવાભાવ-અભાવભાવ, અભાવાભાવ-ભાવ. એ જુદી. એ વર્તમાન પર્યાયની વિદ્યમાનતાની અપેક્ષા હતી. આ છ કારકો અનુસાર જે ક્રિયા એનાથી રહિત હોવાપણું. ભેદરહિત હોવાપણું એમ લે. પરિણતિમાં એમ લે. ભાવ એટલું. કારક કર્તા, કર્મ આદિ ષટ્કારકો છે એના અનુસાર જે આત્મામાં થતી નિર્મળ પરિણતિ હોં! અહીં નિર્મળની વાત છે. એનાથી રહિત એટલે અવસ્થાનું ભવન થાવું એમ. ક્રિયા તેનાથી રહિત ભવનમાત્રમયી. એટલે હોવામાત્રમયી ભાવશક્તિ. એ પોતાનું હોવાપણું. હોવાપણું ભાવશક્તિ આવી હતી વિદ્યમાનપણું.

ક્રિયારહિતપણું હોવું. આત્મદ્રવ્યમાં ષટ્કારકથી થતી ક્રિયા એનાથી રહિતપણું એટલે એકલું ભવનનું ભવવું. એમ અહીંયા ભાઈ કહે છે. એ ભાવશક્તિ. જરી ઝીણી તો પડી. શેઠી! શક્તિ બહુ ઝીણી છે. આત્મામાં એવો એક ગુણ છે ભાવ નામનો. આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ એવો એક ભાવ નામનો ગુણ છે. ઓલો ભાવ છે એ વિદ્યમાન અવસ્થાને બતાવે છે. ત્યારે આ ભાવ નામનો ગુણ હોવું. એવી જે પરિણતિ થાય છે ક્રિયા એનાથી રહિતપણું એ તો હોવાપણું, હોવાપણું એમ. એવી એક શક્તિ આત્મામાં છે કે જે અનંત ગુણનું વર્તમાન પર્યાયપણે ભવવું, થવું બસ એટલું. એવો એક ગુણ છે. ઓલાથી બહુ જુદો પડતો નથી વિદ્યમાનથી, આ સામાન્ય ગુણ છે.

હવે ૪૦. '**કારકો અનુસાર થવાપણારૂપ જે ભાવ તે-મયી ક્રિયાશક્તિ.**' લ્યો! આત્મામાં જ્ઞાન-દર્શન-આદિ જે અનંત ગુણ છે એ અનંત ગુણનું કર્તાપણે થઈને જે ક્રિયા થાય, કર્તાપણે થઈ, કર્મપણે થઈ, ષટ્કારક છે. કર્તાપણે, કર્મપણે, સાધનપણે, અપાદાન એટલે પોતાથી હોવાપણે, સંપ્રદાન એટલે પોતામાં રાખવાપણે અને પોતાના આધારપણે. એવા જે ષટ્ ગુણની ક્રિયા, કારક અનુસાર જે થવાપણું એવો જે ભાવ તે મયી એક ક્રિયા નામની શક્તિ છે. ગુણ છે એવો. લ્યો, આ ક્રિયા ક્રિયા કરે છે ને લોકો? તો આ કહે છે કે ક્રિયા નામનો એવો ગુણ છે આત્મામાં કે જેમાં નિર્મળ પરિણતિનું ષટ્કારકપણે થવું એવી એક ક્રિયા નામની શક્તિ છે. કહો, સમજાણું આમાં? તમારા છોકરા ન સમજે બહુ. નવા છે ને ઈ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આ આત્મા છે કે નહિ આત્મા? એમાં જ્ઞાન-દર્શન આદિ ગુણો છે, શક્તિ છે. વસ્તુ છે અવિનાશી છે એવી શક્તિઓ પણ અવિનાશી (છે). એમાં એક ભાવ નામની શક્તિ છે એ તો થવાપણારૂપ અને આ એક ક્રિયા નામની શક્તિ છે કે ષટ્કારકપણે પરિણમનરૂપ, નિર્મળરૂપ શુદ્ધ શ્રદ્ધા, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિના પરિણામ એને કરવારૂપ, કર્મરૂપ એવી ષટ્કારકની પરિણતિ નિર્મળ થવારૂપ એવો એક ક્રિયા નામનો ગુણ છે આત્મામાં. એ ક્રિયાગુણને લઈને આત્મામાં નિર્મળપણાની પરિણતિ થાય. કહો, સમજાણું કાંઈ? શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છે એમાં એક ક્રિયા નામનો એવો ગુણ છે, ક્રિયા નામની શક્તિ છે કે જેથી કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન ષટ્કારકરૂપે પરિણમીને એની ક્રિયા નિર્મળ અવસ્થારૂપે થાય એવી એક ક્રિયા નામની આત્મામાં શક્તિ અથવા ગુણ છે. કહો, સમજાણું આમાં? શું શેઠી!

મુમુક્ષુ :- નિર્મળ..?

ઉત્તર :- નિર્મળની જ વાત અહીં છે. બીજી વાત છે જ નહિ. મલિન-ફલિનની અહીં વાત છે નહિ. આત્મા એને કહેતા જ નથી. રાગરૂપ થવું, પુણ્યરૂપ થવું એ તો એનામાં છે જ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. પરથી રહિત છે.

અહીં તો '**કારકો અનુસાર...**' ભાષા તો એમ છે ને? ક્રિયાના કારકો જે છ છે એના અનુસાર આત્મામાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન (એવી) વિભક્તિ છે છ. સાત વિભક્તિ છે. નિશાળમાં આવે છે. એના ષટ્કારકના જે ગુણો. પછી ષટ્ને જુદા પાડશે. અહીં તો એકસાથે ષટ્કારકના સમુદાયરૂપ ભાવમય. જે ભાવ તે મયી એવી એક ક્રિયાશક્તિ છે. લ્યો! સમજાણું કાંઈ? એ ક્રિયાશક્તિ નામનો ગુણ છે, કહે છે. ક્રિયા એટલે આ રાગનું કરવું, પરનું કરવું એ નહિ. એવો એક ગુણ છે કે ષટ્કારકને અનુસારે પરિણતિ નિર્મળ શુદ્ધતાની થવી એવો ક્રિયા નામનો એક ગુણ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ નિર્મળ શાંતિ વીતરાગ પર્યાય થાય ષટ્કારકને અનુસારે એવી એક અંદર ક્રિયાશક્તિ છે. એ ક્રિયાને અનુસારે અંદર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ ભાવ થાય છે. કહો, સમજાણું કાંઈ? પરને અનુસારે થતા નથી. નિમિત્તને અનુસારે કે રાગને અનુસારે બધા વ્યવહારનો એમાં અભાવ છે. આ શક્તિના પરિણમનમાં એ શક્તિ છે એ દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાયમાં ત્રણે વ્યાપે છે. ક્રિયા નામની શક્તિ દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાયમાં ત્રણેમાં પ્રસરે છે, વ્યાપે છે કે જે ભાવ ષટ્કારકને અનુસારે નિર્મળ પર્યાયરૂપ ભાવ (થાય) એવી ભાવમય એવી એક ક્રિયા નામનો ગુણ અને શક્તિ છે. કહો, એ ૪૦ થઈ લ્યો. સમજાણું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુમુક્ષુ :- એટલામાં પતી ગયું?

ઉત્તર :- પતી ગયું. ઝીણું પડ્યું એટલે આમાં લાંબુ ચાલ્યું નહિ. ચાલવું જોઈએને પાછું અંદર. એના માટે તો કહ્યું થોડું. સમજાણું?

એવો એક ગુણ છે કીધું ને, એક એવો ગુણ છે. જે ગુણ... બહુ ઘણું લાંબુ ચાલી ગયું છે ને આજ તો ૨૯મો દી છે આજે. એમાં પણ ટૂંકું છે ને બહુ. ચાલતા ચાલતા ચાલ્યું આવે. ભાષા તો ભાષાને કારણે આવે. ભાવમાં પણ અંદર પડ્યો હોય એ જાતની શક્તિરૂપ ભાવ પર્યાય થવાની હોય ઈ આવે. કહો, સમજાણું? ભાષા તો ભાષાને કારણે આવે. પણ એ ભાવ પણ અંદર જે જાતની પર્યાયમાં આવવાનો હોય છે દ્રવ્યમાં પડેલો, એવો ભાવ અંદર આવે, થાય. કહો, ત્યારે એ વાણીમાં નિમિત્ત કહેવામાં આવે. સમજાણું કાંઈ?

આત્મામાં આ જાતની શક્તિઓ છે અને એનું જે પરિણમન થાય, એ પરિણમનમાં જે વર્તમાન પર્યાયમાં નહોતું અને જે નવું થાય એ પર્યાય... ખરેખર તો અંદરમાં પડ્યું છે દ્રવ્યમાં. અને એ જ રીતે ભાવપર્યાય, વર્તમાન પર્યાયમાં આવે. આવે તેનું સ્પષ્ટીકરણ થાય. શેઠી! કહો, અહીં તો એ છએને હવે જુદા પાડશે એક એકને. સમજાણું? પરની સાથે કાંઈ સંબંધ નથી ક્રિયાનો. પોતામાં એ ક્રિયા નામનો એવો આત્મામાં ગુણ છે કે જે કર્તા-કર્મ આદિ છએ કારકને અનુસારે થતો ભાવ એ ભાવમય ક્રિયા કરતો એમ કીધું ને? એ ભાવમય ક્રિયા કરતો એમ કીધું છે ને? સમજાણું કાંઈ? લ્યો!

‘**કારકો અનુસાર થવાપણારૂપ (-પરિણમવારૂપ)...**’ થવારૂપ એવો ‘**જે ભાવ તે-મયી ક્રિયાશક્તિ.**’ છે.

મુમુક્ષુ :- .. ચાલતું નથી.

ઉત્તર :- ચાલતું નથી. કહો, સમજાણું આમાં?

હવે ૪૧. પહેલું લીધું છે કર્મ. કર્તા ન લેતા કાર્ય લીધું છે.

મુમુક્ષુ :- ક્રિયા..

ઉત્તર :- એને અહીંયાં કાર્ય લીધું પાધરું એ રીતે શૈલી લીધી છે.

કહે છે, આત્મામાં એવો એક કાર્ય નામનો ગુણ છે કે અનંતા ગુણમાં કાર્યને સુધારે એવો એક કાર્ય નામનો ગુણ છે. સમજાણું કાંઈ? આત્મામાં કર્મ નામનો એક ગુણ છે. કર્મ કહો કે કાર્ય કહો. એ કર્મ નામનો ગુણ એવો છે કે જ્ઞાનને સુધારે કાર્યને. કર્મ-કાર્ય ગુણ એવો છે કે જ્ઞાનને સુધારે, દર્શનને સુધારે, આનંદને સુધારે એવી નિર્મળ પર્યાયને સુધારે, સ્વભાવ સુધારે એવો એક આત્મામાં કાર્ય નામનો ગુણ છે. સમજાણું કાંઈ? કાર્ય નામનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ગુણ એવો છે આત્મામાં અનાદિઅનંત, એની દૃષ્ટિ થતાં કર્મના કાર્યની શક્તિના આધારવાળો આત્મા એ આત્માની દૃષ્ટિ થતાં એક એક ગુણનું કાર્ય જે સુધરે છે એ કાર્યગુણને કારણે થાય છે. એ નથી થતું રાગને લઈને, નથી થતું નિમિત્તને લઈને, નથી થતું દેવ-ગુરુ-શાસ્ત્રના શ્રવણને અવલંબીને, નથી થતું પૂર્વની પર્યાયને કારણે એ કાર્ય થતું નથી. સમજાણું કાંઈ? ભારે!

જુઓ! '**પ્રાપ્ત કરાતો એવો જે સિદ્ધરૂપ ભાવ...**' શું કહે છે? '**પ્રાપ્ત કરાતો એવો...**' પાછી ભાષા એવી છે. '**પ્રાપ્ત કરાતો એવો...**' જે પર્યાય છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ નિર્મળ. એ '**પ્રાપ્ત કરાતો એવો જે સિદ્ધરૂપ ભાવ...**' નિશ્ચયરૂપ ભાવ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સિદ્ધ ભગવાન નહિ. અહીં તો વર્તમાન પર્યાયની સિદ્ધિરૂપ સિદ્ધભાવ. સમજાણું કાંઈ? ભારે ભાઈ આવો ધર્મ સમજવામાં. આત્મા આવો છે એ એને સમજવો જોઈશે. એનામાં એક એવો ગુણ છે આત્મામાં એ ગુણવાળો જ એ આત્મા છે. એટલે એનું કાર્ય જે જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં, આનંદમાં, સ્વચ્છતા, પ્રભુતાની પર્યાય થાય એ બધાના સુધારરૂપી કાર્યનો કરનાર એ કર્મ નામનો ગુણ છે એથી એ કાર્ય થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સુધરેલું કાર્ય થાય છે?

ઉત્તર :- સુધરેલું એટલે? નિર્મળ પર્યાય થાય એ સુધરેલું.

મુમુક્ષુ :- આપે કીધું ને સુધારે.

ઉત્તર :- સુધારો એટલે નિર્મળ થવું ઈ, એમ. નિર્મળ કાર્યનો સુધારો થાય એટલે શુદ્ધ થાય એ કાર્ય નામના ગુણને લઈને દરેક ગુણનું કાર્ય શુદ્ધ થાય છે. સમજાય છે કાંઈ?

આત્મામાં એવો એક કર્મ નામનો ગુણ છે. વળી કર્મ નામનો ગુણ કહો. કર્મ જડ કર્મ એ એક કોર રહી ગયું. એક જડકર્મ એ નહિ. આત્મામાં ભાવકર્મ-રાગ એ નહિ, આત્માની એક સમયની પર્યાયરૂપી કાર્ય એ પણ નહિ. અહીં તો એક કાર્ય-કર્મ નામનો અંદર એક ગુણ છે. આત્મામાં એક કાર્ય નામનો, કર્મ નામનો, કર્તવ્ય નામનો ગુણ છે કે જે એની એક એક ગુણની અવસ્થાનું કાર્ય થાય છે શુદ્ધપણે નિર્મળપણે એવો કર્મ નામના ગુણને કારણે છે. સમજાણું કાંઈ? એક એક બોલ જુદો પાડે છે હવે. છ કારક અને છેલ્લો સ્વસ્વામી સંબંધ. સાત બોલ રહ્યા.

એમ કહે છે કે આત્મામાં એ કર્મ એટલે કર્તવ્ય-કાર્ય એવો એક ગુણ છે કે જે ગુણ દ્રવ્યમાં છે, ગુણમાં છે. અનંતા ગુણમાં વ્યાપ્યો છે. અને તે ગુણનો ધરનાર જે આત્મા, એની દૃષ્ટિ થતાં, એનો અનુભવ થતાં એ જ્ઞેયરૂપે જ્ઞાનમાં આવતા આત્મા, તેની પર્યાયના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અનેક અનેક ગુણોની નિર્મળતાનું કાર્ય એ કર્મ ગુણને કારણે છે. કર્તા પછી લેશે. પહેલું કાર્યથી ઉપાડ્યું છે. સમજાણું કાંઈ? કહો, આ કાર્યકરમાં આ આવે છે કહે છે. કાર્યકર એક ગુણ છે આત્મામાં. કાર્યકર નામનો ગુણ છે.

મુમુક્ષુ :- એ ગુણ છે માટે કાર્યકર્તા કામ કરતા હશે?

ઉત્તર :- ધૂળેય નથી. એની ક્યાં વાત છે કે ઈ કરે. આ તો સ્વરૂપનું કાર્ય. રાગના કાર્યની વાત નથી ત્યાં પરના કાર્યની તો વાત છે જ ક્યાં? આત્મા એ કરી શકે છે જ ક્યાં? રાગનું કરવું એ એનામાં ગુણ નથી. એનું કાર્ય રાગનું થવું એવો કર્તા, ક્રિયા-કાર્ય નામનો ગુણ નથી. રાગનું કાર્ય થાય એવો કોઈ ગુણ નથી. વીતરાગી પર્યાય આનંદની, નિર્મળની, શાંતિની, જ્ઞાનની, સ્વચ્છતા, સમ્યગ્દર્શનની નિર્મળતા, ચારિત્રની ઉજ્વળતા, સ્વચ્છતાની શુદ્ધતા, પ્રભુતાની પર્યાયનું નિર્મળ સામર્થ્યરૂપે થવું એવા અનેક ગુણ-અનંત ગુણોના વર્તમાન કાર્યરૂપે થવું એ કાર્ય નામના ગુણને લઈને છે. કહો, સમજાણું કાંઈ? લ્યો, આ કાર્યકર આવ્યું. આ કાર્યકર છે. ઓલો મફતનો હેરાન થઈને મરી ગયો ત્યાં. કરી શકતો નહોતો અને કરીએ છીએ, કરીએ છીએ એમ માનતો.

મુમુક્ષુ :- સમાજનું તો કરે ને?

ઉત્તર :- કોઈ ધૂળેય કરતો નથી. સમાજનું શું કરે? આંગળી હલાવી શકતો નથી તો આંગળીનું કાર્ય તેના ષટ્કારકને લઈને એનું પર્યાયમાં થાય છે. પરમાણુમાં પણ દરેક સમયે જે કાર્ય થાય એમાં એ કાર્ય નામની શક્તિ છે. આ કાર્ય પરમાણુમાં પણ એક કાર્ય નામની શક્તિ, કર્મ નામની શક્તિ છે રજકણમાં. સમજાણું? આ પરમાણુ છે ને એક? આ તો અનંતા પરમાણુનો પિંડ છે. એક પોઈન્ટ જે રજકણ છે એમાં એક કર્મ નામની શક્તિ છે. એને લઈને એ પર્યાય વર્ણ, ગંધ, રસ, સ્પર્શનું કાર્ય એ કાર્યગુણને લઈને થાય છે. કહો, સમજાય છે આમાં?

મુમુક્ષુ :- આમાં શુદ્ધ પર્યાય લે છે.

ઉત્તર :- અહીં શુદ્ધ. અહીં શુદ્ધની જ વાત છે. અહીં અશુદ્ધની વાત છે જ નહિ. દ્રવ્ય અને ગુણ શુદ્ધ છે. તો એની પર્યાય શુદ્ધ થાય છે. બસ, એની વાત છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'પ્રાપ્ત કરાતો એવો...'** મેળવાતો એવો. લ્યો, આ મેળવી શકાય એવો, આત્મામાંથી પ્રાપ્ત અને મેળવી શકાય એવો, સિદ્ધરૂપ નામ નિશ્ચયરૂપ જે પર્યાય, ચોક્કસરૂપ જે જ્ઞાનની, દર્શનની, શાંતિની એટલે ચારિત્રની, આનંદની આદિ જે અનંત શક્તિઓનો વર્તમાન પર્યાય જે સિદ્ધ છે, મેળવાય છે તે એના કાર્યગુણને લઈને મેળવાય છે. કહો, સમજાણું આમાં?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એ એક એક જ્ઞાનગુણમાં ષટ્કારક છે. જ્ઞાન પોતાનું કાર્ય, જ્ઞાનગુણ પોતાનું કાર્ય સમ્યગ્જ્ઞાનનું કરે છે. સમજાણું કાંઈ? આવે છે ને અહીં? શબ્દ તો હતો ને? 'ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગઃ'

અહીં તો કહે છે કે જે ઉપયોગ જે જ્ઞાન-દર્શનના પરિણામ થવા એમાં એક કાર્ય નામનો ગુણ છે એનાથી એ ત્યાં થાય છે. એ જ્ઞાનમાં જ્ઞાનનું કાર્ય જે થાય એ કર્મગુણને કારણે થાય છે. સમજાણું કાંઈ? એમ દર્શનનું કાર્ય થાય એ પણ કાર્ય નામના ગુણને લઈને કાર્ય થાય છે. જુઓ! આ કાર્ય થાય છે એ કાર્ય નામના ગુણને લઈને કાર્ય થાય છે. બીજા કારણે કોઈ પર્યાયનું કાર્ય થતું નથી. ઓલું અકારણકાર્ય આવી ગયું છે એ તો પરનું કારણ નથી અને પરનું કાર્ય નથી. પણ આ તો એકલો બોલ લીધો છે એકલો. અકાર્યકારણ છે. સમજાણું કાંઈ?

શું કહે છે? ભગવાન આત્માને વળગતા એટલે આત્માને જ્ઞેય તરીકે બનાવતા, વર્તમાન અવસ્થામાં એને જ્ઞેય તરીકે બનાવતા એનામાં એવો એક ગુણ છે કે એની દરેક ગુણની પર્યાયનું કાર્ય (થાય). જ્ઞાનગુણનું કાર્ય થાય, દર્શનગુણનું કાર્ય થાય, આનંદનું થાય, શાંતિનું થાય એટલે ચારિત્રનું. સ્વચ્છતાનું થાય, જીવત્વશક્તિનું થાય, અકર્તા, અભોક્તાનું પણ કાર્ય થાય અને આનંદ આદિ કર્તા અને ભોક્તાનું પણ કાર્ય થાય. એ કાર્ય માટે એને જુદો પ્રયત્ન કરવો પડતો નથી એમ કહે છે અહીં. એ કાર્ય નામના ગુણને લઈને દરેક ગુણનું કાર્ય થાય છે. બસ, થઈ રહ્યું. આહાહા..! સમજાણું કાંઈ?

આ આત્મા. ભઈ, આને આત્મા કહીએ. સમજાણું? આમ તો બધા આત્મા આત્મા બધાય કહે છે. 'જ્યાં લગી આત્મા તત્ત્વ જાણ્યો નહિ...' આવે છે ને એમાં પણ? નરસિંહ મહેતામાં. એ આત્મા એનો ઓઘે માનેલો. એ આ આત્મા નહિ. આવો આત્મા જાણે ત્યારે જાણ્યો કહેવામાં આવે છે. સર્વજ્ઞથી સિદ્ધ થયેલો, પરમેશ્વરે કહેલો. આવ્યું હતું ને સવારમાં? આવ્યું હતું ને સવારમાં? પરમેશ્વરે કહ્યું છે.

મુમુક્ષુ :- અનુભવગોચર.

ઉત્તર :- અનુભવગોચર છે, એવો નિશ્ચય છે. ત્રણ બોલ છે. એ નિશ્ચય છે. એ નિશ્ચયથી શબ્દ હતો ખરો ને. નિશ્ચય છે એનો અર્થ કર્યો હતો. એ નિશ્ચય છે, પરમેશ્વરે કહ્યું છે, જ્ઞાનગમ્યમાં આવી શકે છે. જ્ઞાનમાં અનુભવમાં એ આવી શકે છે કે આત્મા પરનો કર્તા નથી. સમજાણું કાંઈ?

આ વાત તો જેને સંસારની દુકાનથી ઉઠી જવું હોય અને આત્માની નવી દુકાન માંડવી હોય એની વાત છે. આહાહા..! આત્મવેપાર. આત્મવેપાર આ તો છે. એ વેપારીનો વેપાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહે છે કે એનો એક એક જ્ઞાનગુણમાં ષટ્કારક, એક એક દર્શનગુણમાં ષટ્કારક, ચારિત્રગુણમાં ષટ્કારક. એક એકમાં ષટ્કારકરૂપનું પરિણમન સ્વતંત્ર એક એક ગુણનું સ્વતંત્ર થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! પાછી એ પર્યાયમાં જે પર્યાય આવવા લાયક છે તે આવે છે તેનું એ કાર્ય ત્યાં કરનારો છે એમ કહે છે. સમજાણું કાંઈ? પ્રગટરૂપ કાર્ય થાય એવો એનો ગુણ છે ને? પ્રગટરૂપ કાર્ય સુધરે. માણસ નથી કહેતા? કે ભાઈ! કાર્ય સુધર્યું. કરવા બેઠા હતા કાર્ય સુધર્યું કે નહિ? કામ થયા કે નહિ? એમ કહે છે કે નહિ? હા, ભાઈ! કામ બરાબર સરખે સરેડે આવી ગયું. પાટે ચડી ગયું કામ. એ અહીં કહે છે કે કાર્યગુણને નામે સરેડે પાટે ચડે છે. આત્માના અનંતા ગુણની પર્યાય કાર્યગુણને કારણે સરેડે ચડે છે. બીજું કોઈ કારણ છે નહિ. આ ઓલું નિમિત્ત કારણ આવે છે એ વાંધો આવે છે, લ્યો. સંમતભદ્રમાં આવે છે ને બાહ્ય અને અભ્યંતર. દ્રવ્યગત સ્વભાવ છે... દ્રવ્યગત સ્વભાવ છે. ભઈ એ તો નિમિત્તની વ્યાખ્યા એવી છે. આ થાય ત્યારે એ કોણ હતું નિમિત્ત એનું જ્ઞાન કર્યું. એમાં શું છે પણ હવે? કાર્યકાળે ન હોય નિમિત્ત એમ કે દી છે? ઘણું ઝીણું અને ઘણું લાભદાયક.

એકલા કહે છે કે અંતર પરમાત્મા પોતે પરમ સ્વરૂપ જે અનંત ગુણનો પિંડ પ્રભુ છે એનો અંતરમાં સ્વીકાર, શ્રદ્ધા, અનુભવ કરતાં એને આત્મામાં કાર્ય નામના ગુણને લઈને અનંત ગુણો ત્યાં શુદ્ધરૂપે સુધરીને થાય છે. એને સુધારવા માટે નવો પ્રયત્ન કરવો પડતો નથી. એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? પહેલું એણે સમજી લેવું જોઈએ કે વસ્તુ આવી છે. આવી છે તો એને સમજીને પછી અંતરમાં વળવું એ એનું કાર્ય છે. વળતા પછી સહેજે કાર્ય થયા કરે છે. આ એમ કહે છે. સમજાણું કાંઈ? કારણ કે જેનામાં કાર્ય નામનો ગુણ છે એ ગુણીને જ્યાં અનુભવ્યો, પકડ્યો સ્વસન્મુખ થઈને, પરસન્મુખ જે હતો, પરથી વિમુખ થઈને સ્વસન્મુખ થયો એટલે એનામાં એ ગુણ છે કાર્ય નામનો. એની નિર્મળ દરેક ગુણનું સુધરવું... સુધરવું... સુધરવું... સુધરવું... સમયે સમયે થાય. એને કાર્ય નામના ગુણનું એ કાર્ય છે એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સન્મુખ થયો એ જ પુરુષાર્થ છે. બીજો પુરુષાર્થ શું? જે આત્મા અખંડ જ્ઞાનાનંદ છે એનું લક્ષ વર્તમાન પર્યાયનું પર ઉપર લક્ષ છે એને સ્વમાં વાળવું એટલો એનો પુરુષાર્થ છે. સમજાણું? પણ એ પહેલો સમજ્યો ન હોય એટલે વાળવું શું? આ પર્યાય શું? આ વસ્તુ શું? એ સમજ્યા વિના શી રીતે કરશે? સમજાણું?

**'પ્રાપ્ત કરાતો એવો જે સિદ્ધરૂપ ભાવ...'**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુમુક્ષુ :- ...

ઉત્તર :- ન સમજે તો સમજ્યા વિના ક્યાં થાતો હતો? સમજ્યા વિના ઊંધું થાય. સહજ પરિણમન થાય ખરું. સહજ એટલે અજ્ઞાનનું. રાગ અને દ્વેષની એકતાનું વિકારી ઝેરનું પરિણામ છે. કહો. કેમકે વસ્તુ છે એને તો જાણી નથી કે આવી શક્તિવાળું છે, આવું કાર્ય છે, આ દ્રવ્ય છે એનો અનુભવ નથી એટલે એને રાગ-દ્વેષ અને પુણ્ય-પાપનો અનુભવ છે. પછી ત્યાગી થયો ભલે, સાધુ દિગંબર હોય પણ અંદરમાં પુણ્ય અને પાપના વિકલ્પ ઉપર એનું લક્ષ છે. એ ઝેરનું પરિણમન છે કે જે એના ગુણમાં નથી એવું એનું પરિણમન છે એમ કહે છે. સમજાણું કાંઈ?

ગૃહસ્થાશ્રમમાં રહેલો છ ખંડનો ધણી ચક્રવર્તી. પણ જ્યાં સમ્યક્ અનુભવ થયો, આત્માનું ભાન થયું એટલે એના પર્યાયમાં કાર્ય નામના ગુણને લઈને દરેકનું કાર્ય સુધરતું જાય અને શુદ્ધ થતું જ જાય છે. સમજાણું કાંઈ? એ છ ખંડના રાજ હો કે રાગ હો એ સંબંધીનું પોતાનું જ્ઞાન છે તે જ્ઞાન સમ્યક્પણે કાર્યપણે પરિણમી જાય છે. એવું એનું કાર્ય છે. એ છ ખંડના રાજનું કાર્ય એનું નથી. છ ખંડનું રાજ કરતો નથી સમકિતી. સમજાણું કાંઈ? આહાહા..! પોતે પોતાનો બાદશાહ થયો. ભગવાન આત્મા પોતાના સ્વરૂપની ગાદીએ બેઠો એ બાદશાહ. બાકી રાગ ને પુણ્યની ગાદીએ બેઠો તે રાંકો. એ રાંકા ભિખારી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ત્યાં મોટો પુરુષાર્થ છે. એની અંદર જ છે.

ઉત્તર :- આ વસ્તુનું સ્વરૂપ છે તેવો છે. ઓલો ઊંધો છે. વર્તમાન નવો નવો ઊંધો છે. કહો. આ રળી દઉં, આને આમ કરી દઉં, આને પોષી દઉં, હુશિયારીથી આ કામ કરું, આ કામ (કરી દઉં), એ બધા મિથ્યાત્વના ભાવ રાગ સહિતના ઝેરવાળા ભાવ ભિખારીપણાના ભાવ છે ઈ. એમ કહે છે. સમજાણું કાંઈ?

ઓલું આવ્યું ને ૧૭મી ગાથામાં? નહિ? રાજા. ૧૬, ૧૭, ૧૮. જેમ ધનનો અર્થી રાજાને સેવે, એમ આત્માનો અર્થી આત્માને સેવે. સમજાણું? ઓલો તો દાખલો આપ્યો જરી. ભગવાન આત્મા અનંત ગુણે બિરાજમાન, બિરાજમાન શોભિત એવો રાજા પોતે રાજ્યમાન શોભાયમાન પોતે રાજા આત્મા છે. સમજાણું? મોટો બાદશાહ. ત્રણ લોક, ત્રણ કાળને જાણે જ્ઞાનની એક સમયની પર્યાયમાં એવો એ બાદશાહ છે. આ તો થોડા ઘણા રાજ હોય ને એટલું જાણીને કહી કે આ મારું... મારું... મારું... એ પણ થોડું. આ તો ત્રણ કાળ ત્રણ લોક એક સમયમાં જાણવાનું જ્ઞાનનું કામ જીવ કરે એ મોટો બાદશાહ. કહો, કોઈનું કરવું નથી, કોઈથી લેવું નથી અને એક એક જીવ આ રીતે બાદશાહ થઈ શકે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઓલામાં રાજમાં તો એક એક બાદશાહ થઈ શકે નહિ. થઈ શકે? એક રાજા હોઈ શકે. બે એવા ભાગ પાડે તો કટકા થઈ જાય. આ તો એક એક આત્મા બાદશાહ થઈ શકે.

આ કાર્યગુણનો ધરનાર એવો ભગવાન આત્મા, કર્મગુણનો ધરનાર. કર્મ એટલે ઓલો ગુણ હોં એ. કર્મ એટલે બીજું કર્મ જડ નહિ, રાગ નહિ. એની વાત નથી. ભગવાન આત્મામાં અરૂપી એક કર્મ નામનો-કાર્ય નામનો ગુણ (છે). એવા આત્માની દૃષ્ટિ થતાં, સ્વની સંભાળ કરતાં પોતે અનંત ગુણની પર્યાયનો સુધારો થાય, એની મેળાએ સહજ થાય એવો એનો કાર્યગુણ છે. એ કાર્યને કરે છે જીવ. કહો, જાદવજીભાઈ! આ બધા નાણાવટી થઈને આ પૈસાનું કરે, રૂપિયાનું આમ છે ને તેમ છે, એ કાંઈ કરતો નથી એમ કહે છે. નાણાવટીનો ધંધો છે ને ત્યાં એમને? પૈસા દેવા અને લેવા વ્યાજના. કોઈ પાસે બાર આના, કોઈ પાસે રૂપિયો, કોઈ પાસે.. શું કહેવાય એ ધંધો? શું કહેવાય એ ધંધો? નામ પણ આપણને કાંઈ બહુ (આવડે નહિ). આ ધારધીરનો. ધીરધાર. પૈસા દીધા અને પછી આટલા વ્યાજે દેવા અને વ્યાજે લેવા. એનો એ ધંધો એક જ. એ કહે છે, ધંધાનો ઓલો રાગ થયો એ ધંધો એણે કર્યો. પરનો ધંધો (કરી શકતો નથી). એ રાગ કર્યો એ (પણ) એનો ધંધો ખરેખર નહિ. અદ્ધરથી પર્યાયબુદ્ધિએ ઊભો કર્યો. એના ગુણનું કાર્ય નહિ, દ્રવ્યનું કાર્ય નહિ અને એ એની પર્યાય યથાર્થ નહિ. કહો, રાગ કર્યો એ એના ગુણની પર્યાય નહિ એટલે યથાર્થ એની પર્યાય જ નહિ એમ કહે છે અહીં તો. આહાહા..! રાગ કર્યો કે દ્વેષ કર્યો કે પ્રેમ કર્યો કે અપ્રેમ કર્યો એવો જે ભાવ એ આત્માની પર્યાય જ નહિ, એમ કહે છે અહીં તો. એ આત્માનું કાર્ય નહિ એટલે પર્યાય નહિ. આહાહા..! ભારે! સમજાણું કાંઈ?

એનું કાર્ય તો એટલું કે જેટલા અનંત ગુણ છે એની વર્તમાન પર્યાય કાર્યગુણને કારણે એનું પરિણમન સુધરે છે, શુદ્ધ થાય છે અથવા તે રીતે ભાવકાર્યનું થવાપણું થાય છે. સિદ્ધરૂપ ભાવ છે. એ રીતે. એક ન્યાયે જોઈએ તો એને **'પ્રાપ્ત કરાતો...'** એટલે એનો અર્થ મેળવે છે એટલે પ્રાપ્ત થાય છે. એટલે એ સમયની અવસ્થાને પ્રાપ્ત કરે છે એ કાર્ય નામના ગુણથી થાય છે. સમજાણું કાંઈ? જોકે દ્રવ્યમાં તો એ પર્યાય આવવાની લાયકાત પડેલી હતી. પણ કાર્ય નામના ગુણને લઈને જ્યારે પરિણમન થયું ત્યારે પ્રાપ્ત થયો એમ કહેવામાં આવે છે. અંદરમાં તો હતો. સમજાણું કાંઈ? બહુ ઝીણું ભાઈ! એટલે માણસને દોરવી દીધા પછી કે આ પુણ્યની ક્રિયાથી તમારે ધરમ થાય, લ્યો. આમાં લખ્યું છે ને? આમાં બહુ લખ્યું છે ઓલાએ. શુભભાવ કહો, વ્યવહારચારિત્ર કહો, સરાગ સંયમ કહો, પુણ્ય કહો એ બધું નિશ્ચયનું કારણ છે અને વાસ્તવિક તત્ત્વ છે. લ્યો! એ ચર્ચામાં લખ્યું છે એવું. આ લોકોને એટલું જોતું હોય. ઊંધે રસ્તે છે બધા. એમ કે આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એવા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ભાવ છે એ શુભઉપયોગ છે અને એ વ્યવહારચારિત્ર છે, એ પુણ્ય છે, એ ધર્મ છે, એનાથી પછી નિશ્ચયની પ્રાપ્તિ થાય છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. પુણ્ય ધર્મ છે કે નહિ? પુણ્યને ધર્મ કીધો છે કે નહિ શાસ્ત્રમાં? ધર્મ, અર્થ અને કામ નથી કહ્યું? એ પુણ્યને ધર્મ કીધો છે. પણ ધર્મ પુણ્ય એટલે? એ ધર્મ નહિ. પુણ્ય રાગરૂપી ધર્મ, રાગરૂપી સ્વભાવ. એ આત્માનું કાર્ય છે જ નહિ. આહાહા..! ભારે કઠણ માણસને. પંડિતોએ પણ એવા માણસને વીંખી નાખ્યા. બિચારાને મગજ ન મળે અને જુદી જુદી રીતે એને પોષે અને એ બિચારા મુંઝાય પછી. પછી સાંભળે ત્યારે કહે, અરે..! આ તો એકાંત છે રે એકાંત છે. સમ્યક્ એકાંતમાં ઢળવાની વાત છે, ઢળવાની વાત. એમ કીધું. સમજાણું? અને આ રીતે જ્યારે સમ્યક્ કાર્ય કરે ત્યારે પછી ખરેખર અનેકાંતનું એને જ્ઞાન યથાર્થ થાય. શેઠી!

પોતાનો આત્મા અનંત શાંતિ, આનંદમય છે એના કાર્ય નામના ગુણથી દરેક પર્યાયમાં સુધરે છે-શુદ્ધ થાય છે, એવું જે થાય ત્યારે પછી એ રાગાદિ એમાં નથી અને નિમિત્તાદિ નથી એવું અનેકાંતનું જ્ઞાન ત્યારે થાય. સ્વભાવ તરફ ઢળતાં, એકાંત સમ્યક્ તરફ ઢળતાં અનંતા ગુણનો ધરનાર ભગવાન એને દૃષ્ટિમાં લેતા, પર એમાં નથી એવું એકાંત ઢળતાં નિશ્ચય સહિતના વ્યવહારનું પ્રમાણજ્ઞાન એને થાય છે. સમજાણું કાંઈ? લ્યો!

સિદ્ધરૂપ એટલે સમજાણું? સિદ્ધ-સિદ્ધ શબ્દ પડ્યો છે. '**પ્રાપ્ત કરાતો એવો જે સિદ્ધરૂપ ભાવ...**' સિદ્ધ એટલે એ પર્યાયે પ્રાપ્ય-કર્મ જે છે ભાવ તે થવાનો તેને તે મેળવે છે. લ્યો વળી પ્રાપ્ય આવ્યું. ઓલું પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. એ તો પ્રાપ્યનો અર્થ આમ પહોંચી વળે છે, એ સમયની એ જ પર્યાય એ જ પ્રકારનો પર્યાય ગુણનો થાય તેને તે પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ? આવો વીતરાગનો ઉપદેશ હશે? વીતરાગનો ઉપદેશ તો આવો છે, કહે છે. કારણ કે આત્મા જ પોતે વીતરાગસ્વરૂપ છે. આ દરેક ગુણ વીતરાગસ્વરૂપ છે. આ કાર્ય નામનો ગુણ વીતરાગસ્વરૂપ છે. સમજાય છે? જેટલા ગુણો વર્ણવ્યા એ બધા વીતરાગસ્વરૂપે ગુણ છે. કોઈ ગુણ રાગવાળો, ઈચ્છાવાળો ગુણ છે નહિ. આહાહા..!

એવો વીતરાગી ગુણ, એવો કાર્ય નામનો વીતરાગી ગુણ. લ્યો! એણે જ્ઞાનને વીતરાગી પર્યાયપણે પરિણમાવ્યું. એને પ્રાપ્ત કર્યું. વીતરાગી કાર્ય નામનો ગુણ સમ્યગ્દર્શનની શુદ્ધતા રૂપીનું કાર્ય થયું એ વીતરાગી કાર્ય થયું. આહાહા..! કહે છે, સરાગ સમકિતી. અરે.. ભગવાન! સરાગ સમકિત સમકિત જ નથી, સાંભળને. આહાહા..! સરાગસંયમ સંયમ જ નથી. ઓહો..! એ રાગ જ નથી, એ સંયમ જ નથી. એ તો નિમિત્ત પરવસ્તુ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અહીં તો કહે છે કે કાર્ય નામના ગુણને લઈને આત્મામાં વીતરાગી સમકિત પર્યાય થાય, વીતરાગી ચારિત્રની પર્યાય થાય, વીતરાગી સ્વચ્છતાની પર્યાય થાય, વીતરાગી આહ્લાદ આનંદનો ભાવ આવે એ બધા કાર્યગુણને લઈને ગુણો સુધરે છે. કાર્ય થાય છે એમ કહે છે. કહો, સમજાણું આમાં? માટે આવો આત્મા સમજીને આત્માના દ્રવ્ય ઉપર એણે વળવું. એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? આવો આત્મા આવા અનંતગુણનો ધણી છે (એના ઉપર વળવું). અહીં તો વળેલાની જ વાત છે અહીં તો અત્યારે તો. સમજાણું કાંઈ?

વસ્તુનું ભાન છે અને જે વસ્તુમાં નિર્મળ પર્યાયરૂપે પરિણમન છે એ પરિણમન સહિતનો આત્મા આખો કેવો હોય એનું વર્ણન છે અહીં તો. પણ નવાને એવો આત્મા નક્કી કરી અને આત્માના જ્ઞાયક તરફ વળવું એથી આ દશા એમાં પ્રગટ થાય છે. કારણ કે એમાં કાર્ય નામનો ગુણ છે એટલે કાર્ય આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? વળી આમ કહેવાય છે ને કે જેટલું કારણ આપે એટલું કાર્ય થાય. સમજાય છે ને? એ કારણ આપે એનો અર્થ એ છે કે જે કાર્યગુણ છે એ કારણ છે. આ ઓલા બાર પર્યાયની એક અપેક્ષાએ. એ કારણને જેટલો સ્વીકાર કર્યો એકાકાર થઈને એટલું કાર્ય પર્યાયમાં આવે છે. સમજાણું? કારણ અને કાર્ય એ તો ભેદ છે. એ નહિ. લ્યો, એ તો કહે છે, શુભભાવ છે એ ઉપાદાન છે અને શુદ્ધભાવ થાય તે ઉપાદેય છે.

મુમુક્ષુ :- શુભ ઉપાદાન.

ઉત્તર :- હા. અને શુદ્ધભાવ તેનું ઉપાદેય છે. એની ઉપાદાન-ઉપાદેયની વ્યાખ્યા આવી. ભારે ગજબ કરે છે.

મુમુક્ષુ :- શુભમાં

ઉત્તર :- હા એમ. ઉપાદાન-ઉપાદેય. એ વસ્તુ છે. અરે.. ભાઈ! આમાં શુભભાવ છે જ નહિ. શુભભાવ થાવો એવો આત્મામાં ગુણ જ નથી. આહાહા..! વળી શુભભાવ ઉપાદાન અને શુદ્ધઉપયોગ તે ઉપાદેય, કારણ કે એ જ પોતે પરિણમીને શુદ્ધ થાય એમ કહે.

મુમુક્ષુ :- પોતે પરિણમતો ..

ઉત્તર :- એ ભેદ. આ તો શુદ્ધ ઉપાદાન અને શુદ્ધ ઉપાદેય એ પણ કારણનું કાર્ય પણ વ્યવહાર થઈને ભેદ થઈ ગયો, એ પણ નહિ. અહીં તો વર્તમાનમાં એની પર્યાય જે કાર્ય નામના ગુણ અને વર્તમાન કાર્ય શુદ્ધ થાય એ સીધે સીધી વાત. પૂર્વને કારણે થાય એ પણ અહીં વાત નથી. આહાહા..! સમજાણું કાંઈ? પૂર્વની શુદ્ધ પર્યાય છે એ ઉપાદાન છે અને પછીની પર્યાય તે ઉપાદેય છે એ અહીં નહિ. એ બધો ભેદ વ્યવહાર છે. એ તો સમજાવવા માટે વાત છે. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આત્મા ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ એ સત્‌માં એક શક્તિ સતરૂપે, કાર્યરૂપે, કર્મરૂપે પડી છે કે જે કર્મનું કર્તવ્ય વર્તમાનમાં અનંતગુણનું નિર્મળપણું સુધરવું, સ્વભાવનો સુધારો, સ્વભાવનો સુધારો વધતો સમયે સમયે થતો જાય એને કર્મ નામના ગુણથી કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? અને તે દરેક ગુણ પોતપોતાથી સુધરે છે પાછું એમ. સમજાય છે કાંઈ? સમ્યગ્જ્ઞાન થયું, માટે સમ્યગ્જ્ઞાનની મુખ્યમાં દર્શન થયું સમ્યગ્દર્શન એમ પણ નહિ. સમ્યગ્દર્શન થયું તો સમ્યક્ચારિત્ર થયું એમ પણ નહિ. અહીં તો દરેક ગુણમાં કાર્ય નામનો ગુણ છે એટલે વર્તમાન કાર્યપણે થવું એમાં કોઈ ગુણ બીજા ગુણને કારણે છે એમ છે નહિ. આહાહા..!

'**પ્રાપ્ત કરાતો...**' છે ને? '**પ્રાપ્ત કરાતો એવો જે...**' ચોક્કસરૂપ ભાવ, તે વખતનો નિશ્ચયરૂપ ભાવ, એ પર્યાયનો નિશ્ચયરૂપ ભાવ તેને સિદ્ધરૂપ ભાવ કહે છે. '**તે-મયી કર્મશક્તિ.**' લ્યો! તેને ભગવાન કર્મશક્તિ કહે છે. એક એક શક્તિનું વર્ણન અનંતગુણમાં વ્યાપે છે. કહો, સમજાણું? અને પર્યાય પણ અનંતી એક સમયે થાય એમાં એક એક સમયમાં બધી પર્યાય વ્યાપેલી હોય છે. અસંખ્ય પ્રદેશમાં છે આ શક્તિ. આત્મા વસ્તુ, એના અસંખ્ય પ્રદેશ ક્ષેત્ર, એમાં અનંત ગુણોમાં વ્યાપવામાં એ કર્મ શક્તિ નામની અસંખ્ય પ્રદેશે વ્યાપેલી શક્તિ છે. અને ગુણ કોને કહીએ એમાં એ આવે છે ને? ગુણ કોને કહીએ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લ્યો, એ જૂના માણસ બોલે છે. પણ આ નવા છોકરાઓ નથી કોઈ? મનુભાઈ શું છે આ?

મુમુક્ષુ :- દ્રવ્યના પૂરા ભાગમાં રહે અને તેની સર્વ હાલતમાં રહે તેને ગુણ કહે છે.

ઉત્તર :- ક્યાં ગયા મગનભાઈ નથી આવ્યા? શું થયું? નથી આવતા? બપોરે શું થયું કાંઈ?

મુમુક્ષુ :- ચક્કર આવતા હતા.

ઉત્તર :- ચક્કર. બપોરે ચક્કર આવે અને સવારે ન આવે?

મુમુક્ષુ :- બપોરે બપોરે આવે.

ઉત્તર :- હા. બ્લડપ્રેશર ઠીક. કહો, સમજાણું આમાં?

ગુણ કોને કહીએ આવડે છે કે નહિ? એઈ.. જીતુ!

મુમુક્ષુ :- દ્રવ્યના પૂરા ભાગમાં અને સર્વ હાલતમાં રહે તે ગુણ.

ઉત્તર :- એટલે આ કર્મ-કાર્ય નામનો ગુણ આત્મામાં છે એ દ્રવ્ય એટલે વસ્તુના સર્વ ભાગમાં એટલે અસંખ્ય પ્રદેશ છે એમાં વ્યાપે છે. સમજાણું કાંઈ? અને સર્વ હાલતમાં, દરેક સમયના કાર્યમાં તે ગુણ વ્યાપે છે. એ ગુણ વ્યાપે છે ત્યાં એમ કહે છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વ્યાખ્યા તો જુઓ ટૂંકી પણ સરસ કરી છે. આ શું કહેવાય એ? પ્રશ્નોત્તર... સિદ્ધાંત પ્રવેશિકા. સારું લખ્યું છે ટૂંકા શબ્દોમાં. પણ એને બરાબર એની ખબર નથી. એ તો વ્યહારથી સ્થાપ્યું છે. ખરેખર એમ લે કે આ ગુણ પોતાના ક્ષેત્રમાં વ્યાપે છે, દરેક હાલતમાં એટલે ખલાસ થઈ ગયું. એને કોઈ રાગને કારણે આ પર્યાય વ્યાપે છે, પરને કારણે વ્યાપે છે (એમ નથી). એ ગુણ જ એવો છે એનો. સમજાણું કાંઈ? આવે છે કે નહિ આ સિદ્ધાંત પ્રવેશિકામાં? એ બહુ સારી વાત ઊંચી છે. આહાહા..! આવે છે ને? રવિભાઈ! આ તો જૂના શીખેલા બધાય. આ ગુણ પણ આત્મામાં વ્યાપતો હશે કે નહિ? કેટલા પ્રદેશમાં? અસંખ્ય પ્રદેશમાં. અને બધી હાલતમાં. દરેક હાલતમાં તે ગુણ પોતે કાર્યરૂપે થાય છે. સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિકારીનું અહીં અત્યારે કામ નથી. ત્યાં તો બધી વાત લાંબી છે એ પ્રકારે. અહીં એમ નથી.

મુમુક્ષુ :- આત્મામાં એવો ગુણ ક્યાં છે?

ઉત્તર :- એ ગુણ એવો ક્યાં છે કે જે વિકારમાં વ્યાપે. અહીં તો ગુણ નિર્મળમાં વ્યાપે એને ગુણ કહેવામાં આવે છે. એવો ગુણ નથી કોઈ આત્મામાં. સમજાણું કાંઈ? વિકારરૂપે થવું એવો કોઈ ગુણ નથી. રાગરૂપે થવું, વ્યવહારરૂપે થવું એવો કોઈ ગુણ નથી. તેમ વ્યવહારને અનુભવવો એવો કોઈ ગુણ નથી. રાગ-દ્વેષને અનુભવવો એવો કોઈ ગુણ નથી. સમજાણું?

મુમુક્ષુ :- સર્વ હાલતમાં...

ઉત્તર :- એ સર્વ હાલત થઈ. એ જ્યારે સમજાણું ત્યારે એની બધી હાલતમાં થયો. સમજ્યા વિના હાલત કઈ? એને ક્યાં ભાન છે? સમજાણું? જ્યારથી સમજાણું કે આ આત્મા આ છે ત્યારથી બધી હાલતમાં વ્યાપે છે. આહાહા..!

એ ૪૧ થઈ.

૪૨. '**થવાપણારૂપ અને સિદ્ધરૂપ ભાવના...**' આત્મામાં અનંતા ગુણની નિર્મળ અવસ્થારૂપે થવાપણું, સમજાય છે? છે ને એમાં? જુઓને! સિદ્ધરૂપ ભાવ થવાપણારૂપ. ઓલામાં હતું ને એ. પ્રાપ્ત કરાતો. એમ અહીં થવાપણું. '**થવાપણારૂપ...**' ઓલામાં થવાપણારૂપ હતું કારકોમાં. કારકોમાં હતું ને? છે ને? '**કારકો અનુસાર થવાપણારૂપ...**' એવું હતું ને એમાં? ૪૦માં. અને અહીંયાં '**થવાપણારૂપ...**' એટલે જે સિદ્ધરૂપ વર્તમાન અવસ્થા. સિદ્ધ એટલે વર્તમાન અવસ્થા નિર્મળ જ્ઞાન, દર્શન, આનંદની જે અવસ્થા થવાપણારૂપ એવી જે અવસ્થા નિશ્ચય સિદ્ધરૂપ. એવા તેના '**ભાવકપણામયી...**' તેના ભાવના કર્તાપણામયી. તે ભાવક, તે ભાવના ભાવના કર્તાપણામયી કર્તૃશક્તિ. કર્તૃશક્તિ છે આ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુમુક્ષુ :- .. ભાવનું કરવું આવ્યું.

ઉત્તર :- ભાવનું કરવું આવ્યું, જુઓ! પોતાના નિર્મળ ભાવને કરવું એ કર્તાશક્તિનો ગુણ છે. સમજાણું કાંઈ? કર્તા નામનો ગુણ છે એ પોતાની નિર્મળ અવસ્થાના ચોક્કસપણે જે ભાવ તેને ભાવકપણું. જુઓ! ભાવકનો ભાવ. ઓલા ભાવકની વાતું કરે છે ને? સમજાણું? ભાવકપણું નથી કીધું? ઓલા ૩૨માં કીધું છે ને? એના વાંધા ઉઠાવે છે. એમ કે મોહ છે તે ભાવક છે. એ વડે આત્મામાં ભાવ થાય છે. ઓલામાં ૩૨મી ગાથામાં છે. કઈ અપેક્ષા ત્યાં છે? એ બીજી વાત છે.

ત્યાં તો ભાવક એ સ્વરૂપ છે. મોહ એ નિમિત્ત છે ભાવક અને ભાવ એની પર્યાય વિકારી થાય છે એ ભાવકભાવ્ય તે આત્માનું સ્વરૂપ નથી એમ બતાવે છે. ૩૨મી ગાથામાં. ત્યારે કહે, જુઓ! એ મોહકર્મ ભાવક છે એનો જે ભાવ છે. મોહે કરાવેલો ભાવ છે. ૩૨મી ગાથા આવે છે ને સમયસારની? એમાં એ આવે છે. બહુ તકરાર પણ. ઓહોહો..! કદમે કદમે વાત કરે છે ને શેઠી! ડગલે ડગલે ભૂલ. ઊંધા. અરે.. ભગવાન! શું કરે છે તું? ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વાત છે. એ રીતે થાય તે રૂપે ન થવું.

મુમુક્ષુ :- ભાવ્યભાવકભાવના અભાવરૂપ.

ઉત્તર :- હા, પણ એમ કે ભાવક એ છે ને એનો ભાવ્ય થાય એમ કીધું છે. એ તો ઈ કાઢે ને એમાંથી? ભાવક મોહ છે, એનાથી થતો ભાવ. એ બતાવવા વાત છે. એ તો કીધું એનો નથી. સ્વભાવ છે તો અંતર વળતા ભાવકમોહથી જે ભાવકભાવ્ય થાય એનાથી ભિન્ન પડી જાય છે. એમ વાત છે. ૩૨મી ગાથામાં છે ઈ. ચારે કોરના દાખલા આપીને સિદ્ધ કરે છે એ.

અહીં તો કહે છે કે કર્તા નામનો એક ગુણ છે. કર્તા કોને કહીએ? સ્વતંત્રપણે કરે તે કર્તા. એ કર્તા સ્વતંત્રપણે કરે તે કર્તા. આત્મામાં જ્ઞાનનો પર્યાય કર્તા નામના ગુણે સ્વતંત્રપણે કરે છે. ઓલું કાર્ય હતું, આ કર્તા છે. સમજાણું કાંઈ? '**થવાપણારૂપ અને સિદ્ધરૂપ...**' એટલે ચોક્કસ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, આનંદની અવસ્થારૂપ જે તે કાળની પર્યાય થવારૂપ છે... થવારૂપ છે.. ભાવરૂપ છે, થવાને લાયક છે એ રૂપ જે ભાવ તેનો એવો જે સિદ્ધરૂપ ભાવ. તે-મયી. સમજાય છે? તેના '**ભાવકપણામયી...**' લ્યો! ભાવક અહીં આવ્યું એનું. નિર્મળ પર્યાયના ભાવના કરવાપણારૂપ કર્તૃત્વ નામનો ગુણ આત્મામાં છે. આ ભાવક છે.

દ્રવ્ય વસ્તુ ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ છે એને પકડતા, એને દૃષ્ટિમાં લેતા એનામાં કર્તૃત્વ નામનો ગુણ છે એને લઈને એ ભાવકપણારૂપ જે ભાવથી કરાયેલો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એવો ભાવ એ કર્તા નામના ગુણને લઈને થાય છે. બીજાથી થતો નથી. કહો, સમજાણું કાંઈ? એક એક ગુણમાં કર્તાપણું લેવું ભાવકપણું. જ્ઞાન પણ ભાવક થઈને પોતાના ભાવને કરે. ભાવકપણામય એમ કીધું છે ને. ભાવના કરવાપણામયી એવી કર્તૃત્વશક્તિ. એમ. કર્તા તે કાર્ય કરે છે અને કાર્ય તે કાર્યમાં સુધારો કરે છે. કાર્ય તો એનું એ છે. પણ એનો કર્તા એ કર્તાગુણ છે. એમ. અને કાર્યગુણ છે એ કાર્યને નિર્મળપણે થાય છે. એ સીધું કાર્ય છે. સમજાણું કાંઈ? આવા નાના નાના ટૂકડામાં કેટલું ભર્યું છે!

'**થવાપણારૂપ અને સિદ્ધરૂપ...**' ભાવ. પાછું શું કીધું સમજાણું ને? શું છે અંદર? '**भवत्तारूपसिद्धरूपभावभावकत्वमयी कर्तृत्वशक्तिः**' એમ છે. ઓલામાં એમ હતું. '**प्राप्यमाणसिद्धरूपभावयमी कर्मशक्तिः**' '**भवत्तारूपसिद्धरूपभाव**' થવારૂપ જે ભાવ આત્મામાં જ્ઞાનનું થવું, દર્શનનું થવું, આનંદનું થવું આદિ અનંત ગુણનું થવું. એ અનંત ગુણના થવા રૂપે કરનારો ભાવક એવો જે કર્તૃત્વગુણ, એને લઈને એ ભાવ થાય છે. એ કર્તાગુણને કારણે એ બધા ભાવક થઈને એ ભાવ થાય છે. વ્યવહારના રાગથી ભાવક થઈને ભાવ થાય છે, કષાયની મંદતા એ ભાવક થઈને આત્માનો ભાવ થાય છે કર્તૃત્વ થઈને, એ કર્તા અને ભાવક થઈને આ થાય છે એમ છે નહિ. સમજાણું કાંઈ? એ વ્યવહાર ધર્મ કર્તા થઈને, ભાવક થઈને આત્માની નિર્મળ પર્યાયના કાર્યને કરે છે એવું એનામાં નથી. આહાહા..! સમજાણું?

દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા એવા પરિણામ જે છે એ કર્તા થઈને ભાવક થઈને આત્માના નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાનના ભાવને કરે એવું એનામાં નથી. એમ કહે છે. શેઠી! બફમ થઈ જાય એવું છે આમાં તો. શું ત્યારે કરવું આમાં? જે કાંઈ કરવાનું છે એ કહે છે કરી શકતો નથી. કરવાનું તો આ. શુદ્ધઉપયોગ કરવો આ એક કરવું. બીજું કરવાનું શું હોય અત્યારે? અત્યારે છે ક્યાં બીજું એમ કહે છે એ તો. અત્યારે તો બીજું છે નહિ કાંઈ. શુભ ઉપયોગ, શુભ રાગ, સરાગચારિત્ર, સરાગ સંયમ બસ એ છે અત્યારે. ઓલું નથી. સાતમા ગુણસ્થાન સુધી શુભઉપયોગ છે એમ કહે છે લ્યો. શુદ્ધ તો પછી આઠમેથી થાય. કહો. આહાહા..!

અહીં તો કહે છે કે તારામાં એવો એક કર્તા નામનો ગુણ છે કે શુભભાવની અપેક્ષા એ રાખતું નથી. શુભ પરિણામ હોય વ્યવહાર તો અહીં કાર્ય થાય એવો એનામાં ગુણ જ નથી. કહો, સમજાણું કાંઈ? આત્મામાં અનંત ગુણ માયલો એક કર્તા નામનો ગુણ (છે). સ્વતંત્રપણે કર્તા નામનો ગુણ પોતાના ભાવકથી પોતાનો ભાવ ત્યાં થાય છે. કોઈની એને અપેક્ષા છે નહિ. આહાહા..! આ શું કહે છે આ? મોંમાથું હાથ આવે નહિ, એને સમજાય નહિ. જાધવજીભાઈ! આવી વાત તો ક્યાંય હોય નહિ અને બહારની વાતું કરે. આ પંચ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મહાવ્રત પાળો, આ સમિતિ જોઈને ચાલો. ધોંસરા પ્રમાણે નજર રાખીને ચાલવું એનું નામ સાધુપણું. સંધ્યાએ ખાવું નહિ, રાત્રે ખાવું નહિ, દિવસે ખાવું. અજવાળું જોઈને .. ઓલું ન કરવું, ફલાણું ન કરવું, લ્યો! આ બધી વાતમાં આ તો કાંઈ આવી નહિ આમાં.

મુમુક્ષુ :- આત્મા...

ઉત્તર :- આત્મા એ કરતો જ નથી કાંઈ. એ તો એને કારણે થાય એમ કહે છે અહીં તો. એમાં રાગ થાય એ આત્માનું કર્તવ્ય જ નથી. અહીં તો એ કહે છે. વ્યવહાર વચ્ચે ઉઠે છે એ એનું કર્તવ્ય જ નથી. આહાહા..! એનામાં કર્તા નામના ગુણને લઈને દરેક ગુણની પરિણતિ નિર્મળ થાય તે તેનું કાર્ય છે. એ કાર્યનો કર્તા એ ગુણ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

સમ્યગ્જ્ઞાનની પર્યાય થઈ એ કર્તા નામના ગુણથી કાર્ય થયું. જ્ઞાનાવરણીય કર્મનો અભાવ થયો, માટે તે કાર્ય થયું, એ વ્યવહાર કર્તા તો ખરો ને? કહે છે ને નિમિત્ત કર્તા. નિમિત્ત કર્તા તો ખરો ને? ના પાડી છે. એ ઉપાદાન કર્તાથી ના પાડી છે એમ કહે છે એ. આહાહા..! એમ કે એકબીજાનું ન કરે એ તો ઉપાદાનથી ના પાડી છે. નિમિત્તથી તો કરે. અહીં એ વાત જ નથી. એ વાત જ તદ્દન જૂઠી છે. નિમિત્તથી પણ આત્મા કર્તા નથી. સમજાય છે? કરતો હોય તો પોતાના ગુણની પર્યાયને કરે એવો એ કર્તા છે. રાગને કરે એવું પણ એનામાં નથી. આહાહા..! એમ કે પર્યાય તો કરે છે ને? એમ કહે છે એ. ૧૦૦ ગાથામાં આવે છે ને? ૧૦૦માં. કે આ પરના કામ થાય જ્યારે... શરીર નિગોદનું થાય લ્યો. કે આ બધું થાય વેપાર-ધંધો. એ પર્યાય થાય છે ત્યારે અજ્ઞાનીનો યોગ અને ઉપયોગ ઈચ્છા-વિકલ્પ અને કંપન્ન એ એને નિમિત્ત કહેવાય છે. એટલું તો નિમિત્તકર્તા થયો કે નહિ? ના. ના. એ કર્તા તો નથી. ફક્ત ત્યાં થાય છે એનો અહીં આરોપ કરીને કર્તા કહે છે. તે પણ અજ્ઞાની કર્તા એનો માને છે. રાગ ને કંપન્નનો કર્તા થાય છે, રાગ ને કંપન્નનો કર્તા થાય છે એની દૃષ્ટિ રાગ અને કંપન્ન ઉપર છે. એ ઓલી પર્યાયમાં નિમિત્તકર્તા એવો આરોપ કરીને કહેવામાં આવે છે. એમ કહે છે.

જ્ઞાની તો પોતાના પરિણામમાં એ રાગને નિમિત્ત બનાવે છે, જ્ઞાનમાં એ નિમિત્ત બનાવે છે. એને એ નિમિત્ત થતો નથી. સમજાણું કાંઈ? વ્યવહાર કહો કે રાગ કહો. એ પોતાના સમ્યગ્જ્ઞાનમાં કર્તાપણાના ગુણથી પરિણમતો પોતાનું કાર્ય જે રાગાદિ છે તે જ્ઞાનમાં નિમિત્ત થાય છે. એટલે જ્ઞાન સ્વપર જાણે છે એમાં ઓલું નિમિત્ત છે. એને પોતે નિમિત્ત છે એમ છે નહિ. સમજાણું કાંઈ? પણ એ એમ કહે છે કે કર્તા છે કે નહિ? કર્તા છે કે નહિ? એમ કહે છે. અરે.. ભગવાન! એ નિમિત્તથી કર્તા નથી અને ઉપાદાનથી નથી. આ રાગનો

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પણ કર્તા નથી અહીં તો ઈ કહે છે. કર્તા એવો ગુણ જ નથી રાગનું થવું. શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-આનંદની દશાનું થવું એવો જે કર્તા નામનો ગુણ એને લઈને કાર્ય થાય. પરને લઈને કાંઈ થતું નથી. લ્યો વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**અષાઢ વદ ૨, ગુરુવાર તા. ૧૧-૭-૧૯૬૮**
**શક્તિ-૩૮ થી ૪૧, પ્રવચન-૫૬૪**

આ સમયસારનો પરિશિષ્ટ અધિકાર છે. માથે ભલે સર્વવિશુદ્ધ લખ્યું છે પણ મૂળ પરિશિષ્ટ છે. ઉપર લખ્યું છે ને? નવામાં ફેરવ્યું છે? નવામાં ફેરવ્યું નથી.

મુમુક્ષુ :- નવામાં એ ભૂલ છે.

ઉત્તર :- આ નવું છે એમ ને? ઠીક.

આ સારમાં સાર આત્મા શું છે એની આ વાત છે. જેને ધર્મ કરવો છે એટલે જેને ધર્મની દૃષ્ટિ કરવી છે અને દૃષ્ટિ થઈ છે એને કેવો આત્મા હોય? એનું વર્ણન છે.

ફરીને. આ આત્મા જે છે એ એક સમયમાં અનંત શક્તિસંપન્ન છે. જીવતરશક્તિ, ચિતિ, દૃશિ, જ્ઞાન, સુખ, વીર્ય આદિ. શક્તિ એટલે ગુણ. શક્તિ. એ શક્તિનો ધરનાર જે દ્રવ્ય છે એની અંતર દૃષ્ટિ થતાં પર્યાયમાં પણ એ અનંત શક્તિનું વ્યક્તપણે-પ્રગટપણે પરિણમન શુદ્ધ થવું અને શુદ્ધ પરિણમન સહિતનું આખું દ્રવ્ય-ગુણ એને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? અલૌકિક વાત છે. આ શક્તિનું વર્ણન તો અલૌકિક છે!

ભગવાન આત્મા એક સમયમાં વસ્તુરૂપ છે. અને વસ્તુ છે તેની શક્તિ-ગુણ હોય ને કાંઈક? વસ્તુ છે તો એમાં શક્તિ વસેલી ભાવ હોય ને? તો વસ્તુ છે એમાં વસેલી અનંત શક્તિઓ છે. એ બધું શુદ્ધ છે, શુદ્ધ છે, પરિણામિકભાવે છે. વસ્તુ છે અને વસ્તુની જે શક્તિઓ આ બધી વર્ણવાય છે એ બધી પરિણામિકભાવે (છે). કોઈ કર્મની અપેક્ષા કે અભાવ એને લાગુ પડતો નથી. એવો આત્મા અનંત શક્તિસંપન્ન એને અંતર્મુખ દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થતાં, એને આત્મામાં શું દશા હોય એનું આ વર્ણન છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

તો કહે છે કે ભગવાન આત્મામાં એવો કોઈ ગુણ નથી કે આત્મા સિવાય પરનું કોઈ કામ કરે, કર્તા થઈને કામ કરે એવો કોઈ ગુણ નથી. તેમ આત્મામાં ત્રિકાળ શક્તિમાં એવો કોઈ ગુણ નથી કે વ્યવહાર, દયા, દાન, વ્રત, ભક્તિના વ્યવહારરત્નત્રયના જે શુભભાવ છે એનો કર્તા થાય. એવો ગુણ નથી આત્મામાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ અદ્ધરથી થાય છે. વાત ઈ છે ને. કહો, સમજાણું કાંઈ? અશુદ્ધપણું થવું એ કોઈ ગુણ નથી. અને જો ગુણ હોય તો અશુદ્ધપણું કોઈ દી ટળે નહિ અને સમ્યગ્દર્શન અને ધર્મ થાય નહિ. એમ છે અહીંયાં. સમજાણું કાંઈ?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ભગવાન આત્મા એક સમયમાં અનંત શક્તિનું સત્ત્વ દળ છે. એ બધી શક્તિઓ શુદ્ધ છે. વસ્તુ શુદ્ધ છે એની શક્તિઓ શુદ્ધ છે. એમાં કોઈ એવી શક્તિ નથી કે સંસારનો ઉદયભાવ કરે અને એ ઉદયભાવને ભોગવે એ આત્મામાં ગુણ નથી. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે ભાઈ! આ ૪૭ શક્તિઓ તો સમયસારનું માખણ છે. એવો જે ભગવાન આત્મા, કહે છે કે એમાં શું શું શક્તિઓ છે? એ જીવતર શક્તિ (આદિ) બધી આવી ગઈ છે. એ બધી આવી ગઈ છે. અહીં તો ૪૨ સુધી આવી ગઈ. આ જરી ૩૯મી ફરીને થોડી લેવી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- થઈ ગયું છે ખરું પણ આપણે બહુ વિસ્તાર કરતા એનો નથી આવડતો. પણ રામજીભાઈ કહે થોડું તો આવશે કે નહિ? કીધું હતું સવારમાં.

માથે શું કહ્યું ૩૮માં? અભાવાભાવ નામની એક શક્તિ છે. ૩૮માં એ શું કહ્યું? કે આત્મામાં કર્મ પુણ્ય-પાપનો વિકલ્પ રાગ, એનો વર્તમાનમાં અભાવ (છે) એવો ભવિષ્યમાં અભાવ રહેશે, એવો એમાં અભાવાભાવ નામનો ગુણ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચિદાનંદ, સચ્ચિદાનંદ પ્રભુ એનામાં એવો... આ એક ગુણની વ્યાખ્યા હવે આપણે છેલ્લી લઈને પછી લઈએ ૩૯મી. એનામાં એવો એક ગુણ છે કે એની વર્તમાન પર્યાયમાં પણ કર્મ અને કર્મના નિમિત્તે થતો વિકલ્પ દયા, દાન, વ્રતાદિ એનો વર્તમાનમાં પણ એ અભાવાભાવ નામના ગુણને લઈને વર્તમાનમાં પણ અભાવ છે અને અભાવ એમ ને એમ ચાલુ રહેશે. શેઠી! વાત એવી છે. એને આત્મા કહીએ. સમજાય છે?

એને આત્મા કહીએ. દ્રવ્યે આત્મા, ગુણે આત્મા અને પર્યાયમાં પણ કર્મ અને વ્યવહાર રત્નત્રય જે રાગાદિ છે શુભ રાગ એનો પણ વર્તમાન પર્યાયમાં અભાવ છે. એનામાં અભાવ નામનો ગુણ છે એથી. અને અભાવાભાવના ગુણને કારણે એ અભાવાભાવ રાગ વિનાનો અભાવાભાવ ચાલુ રહેશે. એવો એનામાં ગુણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? બાપુ! આ તો પરમાત્મસ્વરૂપ આત્મા છે. અને જો આ ગુણ ન હોય તો વિકારપણું નાશ થવાનો કોઈ ઉપાય રહેતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! રાગનું થવું, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવનું થવું એવો કોઈ જીવમાં ગુણ નથી એમ કહે છે અહીં. ભારે વાત આકરી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અદ્ધરથી ઉત્પન્ન થઈ છે, પરલક્ષથી ઉત્પન્ન થઈ છે, ગુણથી નહિ. અને ખરેખર તો એ પરદ્રવ્યથી ઉત્પન્ન થઈ છે, પોતાથી નહિ. એવી વાત ઘણી સૂક્ષ્મ વાત છે. શક્તિઓનું વર્ણન અમૃતચંદ્રાચાર્યે (કર્યું) અને તે આમાં જ છે. દિગંબર સંપ્રદાય સિવાય આ વાત બીજે ક્યાંય છે નહિ અને એમાં પણ આ સમયસાર સિવાય બીજે પણ આવું છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


નહિ. સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવ કેવળજ્ઞાનીએ એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા એમાં આત્મા કેવો જોયો? એ આ વાત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કેવળજ્ઞાનીએ જોયો કે સમ્યગ્દૃષ્ટિએ?

ઉત્તર :- કેવળજ્ઞાનીએ જોયો એવો આણે જોયો. પછી એક જ થયું ને. કેવળજ્ઞાનીએ જોયો એવો જ્ઞાનીએ-સમ્યગ્દૃષ્ટિએ જોયો. બેમાં ફેર પડે તો કેવળજ્ઞાનીએ જોયો અને આને જોવામાં ફેર પડે. એમ છે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

ભગવાને પણ આત્માને કેવળજ્ઞાની, જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું વિશેષ સમસ્ત જ્ઞાન, એણે પણ ભગવાન એક એક આત્માને દ્રવ્યપણે એક, શક્તિપણે અનેક અને એ શક્તિઓમાં આવી શક્તિઓ છે એના પરિણમનપણે નિર્મળ પર્યાય-નિર્મળ શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-આનંદ આદિની અવસ્થાપણે થયું, એ ત્રણ થઈને આત્મા એવો ભગવાને જોયો. એમ સમ્યગ્દૃષ્ટિએ આવો જોયો ત્યારે એને સમ્યગ્દર્શન કહેવાય છે. આહાહા..! ઝીણી વાત છે. શેઠી! આહાહા..!

ભગવાન આત્મા સમ્યગ્દર્શનમાં એવો અનુભવ થયો કે આ આત્મામાં પુણ્ય-પાપનો જે વ્યવહાર જેટલો વીતરાગે કહ્યો વ્યવહાર ચરણાનુયોગમાં, એવા વિકલ્પપણાનો વર્તમાન પર્યાયમાં, ગુણમાં અને દ્રવ્યમાં અભાવ છે. અને એ અભાવ કાયમ રહેશે એવો ભગવાને ગુણ જોયો છે. સમ્યગ્દૃષ્ટિએ એવો જોયો છે. આહાહા..! બહુ વાત! આ તો અલૌકિક વાત છે. માખણ છે એકલું. વીતરાગ પરમાત્માનો કહેલો ભગવાન આત્મા. કહો, સમજાણું આમાં? કેમકે પુણ્ય-પાપનો ગુણ દયા, વ્રત જે વિકલ્પ છે એ તો અનાત્મા છે, એ તો આસ્રવ છે. એ આત્મા નથી. સમજાય છે કાંઈ? દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો વિકલ્પ, પંચ મહાવ્રતનો વિકલ્પ, વ્રતનો વિકલ્પ એ તો આસ્રવ છે એ કાંઈ આત્મા નથી. અને અહીં તો આત્માનું વર્ણન છે. સમજાય છે કાંઈ? આવો જેને ધર્મ કરવો હોય એણે આવો આત્મા સમજવો પડશે, અનુભવવો પડશે. એના અનુભવ વિના ધર્મ ત્રણ કાળમાં ક્યાંય થાતો નથી. એમ કહે છે. આહાહા..! શું થાય? જગતને પોતાનું માહાત્મ્ય જ ન આવે કે હું કોણ છું?

વર્તમાનમાં અને ભવિષ્યમાં, ભગવાન આત્મામાં અનુભવ સમ્યગ્દર્શન થતાં આત્માની શક્તિઓ અનંતમાં એવી એક શક્તિ પ્રતીતમાં આવી કે વર્તમાનમાં પણ મારામાં વ્યવહારનો વિકલ્પ નથી, ભવિષ્યમાં નથી એવો ગુણવાળો હું આત્મા છું, એવો ગુણવાળો આત્મા છું. એ રીતે (નહિ માનીને) બીજી રીતે માને કે રાગવાળો આત્મા છું, તો એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? કારણ કે રાગ છે તે આસ્રવ છે. જ્ઞાયકતત્ત્વથી ભિન્ન છે. તો આસ્રવ સહિત આત્મા છે એમ માન્યું. તો બે એક તત્ત્વને એક માન્યા તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કાંઈ? સૂક્ષ્મ વાત છે ભાઈ! ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, એનામાં અનંત શક્તિઓ માયલી એક આ શક્તિ અભાવાભાવ નામની એ ૩૮માં વર્ણવી.

હવે ૩૯. જરી પહેલું લીધું હતું એ વાત સાચી પણ આ ઠેકાણે એ મેળ નથી ખાતો એમ કહે છે અહીં. '**(કર્તા, કર્મ આદિ) કારકો...**' આત્મામાં ષટ્કારકની શક્તિઓ પડી છે. ૩૯. આત્મામાં ષટ્કારક, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ. એવી છ શક્તિઓ આત્મામાં શુદ્ધ છે. એને અનુસારે-અનુગત જે ક્રિયા. વર્તમાનમાં એને અનુસારે થતી નિર્મળ પરિણતિ શુદ્ધ. વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી... કારણ કે સમ્યગ્દર્શન વીતરાગી જ પર્યાય છે. સમ્યગ્દર્શન સરાગી પર્યાય છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? સરાગ સમકિત અને સરાગ સંયમ એ આત્માની પર્યાયમાં છે જ નહિ એમ કહે છે અહીં તો. આહાહા..! શશીભાઈ!

ભગવાન! તારી ચીજ શું છે એવી તને સાંભળવા ન મળે, એ સમજે કે દી અને પરિણમાવે કે દી? ભાઈ! તું આવો છો કહે છે. તારામાં ષટ્કારક જે શુદ્ધ છે એ શુદ્ધનું પરિણમન એને અનુસારે ક્રિયા-પરિણતિ. સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિની જે ષટ્કારકને અનુસારે (થતી) પરિણતિ. એક એક ગુણની ષટ્કારકે થતી પરિણતિ. જ્ઞાનની જ્ઞાનની સમ્યક્પણે, શ્રદ્ધાની શ્રદ્ધાપણે, ચારિત્રની શાંતિપણે, આનંદની આનંદના આહ્લાદપણે પરિણમન અનંત ગુણનું. અહીં શુદ્ધ પરિણતિની ક્રિયાની જ વાત છે. એથી રહિત ભવન. એટલે? કે એને ષટ્કારકપણું આ કર્તા એ નહિ. ભાવ. બસ. એ ભાવરૂપ શક્તિ છે. બસ છે. એ કેમ છે અને કેમ એમ આ નહિ. એવો એનામાં ગુણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા...! પછી લેશે ૪૦મામાં. છે ઈ. આ એક શક્તિ છે એનાથી વિરુદ્ધ શક્તિ પણ છે. એમ. પ્રભુ આત્મા એમાં પ્રભુતા ગુણ છે, અકાર્યકારણ નામનો પણ ગુણ છે, નાસ્તિથી પણ કેટલાક ગુણો વર્ણવ્યા છે. કર્મના નિમિત્તે થતાં પુણ્ય-પાપનો વિકલ્પ જે છે એને નહિ અનુભવવો એવો એનામાં ગુણ છે. પુણ્ય-પાપથી થતા નહિ કરવું એનો ગુણ છે. સમજાણું કાંઈ? આહાહા..! આત્મા ભગવાને કહ્યો એવો આત્મા સમ્યગ્દૃષ્ટિને ખ્યાલમાં આવે છે, ત્યારે તેને આવો આત્મા પ્રતીતમાં, અનુભવમાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આત્મવૈભવ બહાર પડી ગયું છે. નહિ? હમણાં બહાર આવ્યું છે. ૪૭ શક્તિનું. પહેલાં આત્મપ્રસિદ્ધિ પડ્યું હતું. ૧૦-૧૨ વર્ષ પહેલા. દર વખતે નવું નવું આવે. વધારે સ્પષ્ટ આવે ને.

કહે છે, ભગવાન! તારામાં એવો એક ભાવશક્તિ નામનો ગુણ છે. જોકે ભાવશક્તિ પહેલા આવી ગઈ છે એક. ત્યાં તો વર્તમાન પર્યાયની વિદ્યમાનતા રહે એવી એક ભાવશક્તિ હતી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આ ભાવશક્તિ એટલે કે ષટ્કારકપણે જે થતી અવસ્થા, એનું આ કર્તા, આ કર્મ અને આ કારણ એવું કાંઈક છે બસ. હોવાપણું. હોવાપણે છે એવી એક શક્તિ છે. કોઈને લઈને છે કે એને લઈને છે એમ કાંઈ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એવી કારકોનું... પાઠ જ એવો છે ને કારક અનુગત ક્રિયા નિષ્ક્રાંત એટલે પરિણતિમાં ભાવરૂપ એક. એ પરિણતિ આમ છે ને તેમ છે એ નહિ. નિષ્ક્રાંત એટલે કે આ કર્તા અને આ કર્મ અને ક્રિયા એવું નહિ. છે. હોવાપણારૂપ. ઓલો હોવામાત્ર શબ્દ પડ્યો છે ને, એ વધારે લાગુ પડ્યો ને એને. ઓલો થવામાત્ર કર્તા, ભાઈ! એ કાઢી નાખવા જેવું છે. છે ને કૌંસમાં? થવામાત્ર એ ત્યાં જરી એની સાથે મેળ નથી ખાતો. આ તો ચાલે એમાં મેળ નથી ખાતો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ બીજો શબ્દ કાઢી નાખવાનો. પહેલો રાખવાનો છે. '**(-હોવામાત્રમયી,...**' એટલું રાખવાનું. '**થવામાત્રમયી)...**' કારણ કે હોવું આમ ભાવશક્તિ વર્ણવી છે ને? હોવું, ભવવું, છે બસ એટલું. સમજાણું કાંઈ? ઝીણું છે ભાઈ! વીતરાગ દર્શન સર્વજ્ઞથી સિદ્ધ થયેલો આત્મા, સમ્યગ્દષ્ટિએ એવો જ અનુભવમાં લીધો હોય છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ તો કહે છે કે આ તો એનામાં નથી. શરીર, વાણી, મન, કર્મ એમાં નથી, પુણ્ય-પાપ એમાં નથી, પણ ષટ્કારકની અવસ્થાના ભેદ પણ એનામાં છે એટલામાં એ પણ નથી એવો એક ગુણ છે. ભેદ એટલે આ કેમ છે કે ફલાણું એ કાંઈ નહિ. 'છે' બસ. સમજાણું કાંઈ? એ 'છે' એવો ગુણ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપેલો છે. સમજાણું કાંઈ?

જેમ આત્મામાં અકાર્યકારણ નામનો ગુણ છે એક. આવી ગઈ છે શક્તિ. રાગ, દયા, દાનના પરિણામને કરવું, કારણ થવું એવો ગુણ નથી, તેમ એ રાગ થઈને આત્મામાં કાર્ય થાય, રાગ કારણ થઈને ધર્મની પર્યાય થાય એવો એનામાં ગુણ નથી. એ અકાર્યકારણ નામનો ગુણ છે આત્મામાં એક. વ્યવહારને કારણ ન થાય અને વ્યવહારથી એમાં કાર્ય ન થાય. આહાહા..! ભારે વાત ભાઈ! બ્રહ્મચારીજી! એ સૂક્ષ્મ વાત છે, ભાઈ! એવી વાત છે. વસ્તુ એવી છે. સમજાય છે કાંઈ? એવો એક ગુણ જે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપ્યો છે. અકાર્યકારણ નામનો ગુણ જે છે આત્મામાં એ એના દ્રવ્યમાં છે, ગુણમાં છે, પર્યાયમાં વ્યાપ્યો છે. કેમ? કે જ્યારે દૃષ્ટિ હતી પર્યાય ઉપર અને દ્રવ્ય ઉપર નહોતી ત્યારે પર્યાયમાં વ્યાપ્યો નહોતો. માન્યતામાં ફેર હતો. માન્યતામાં ફેર હતો કે હું રાગનો કર્તા અને આ રાગ થાય તો મારામાં લાભ થાય એ મિથ્યાદૃષ્ટિની માન્યતા હતી. એવો કઈ ગુણ એનામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભગવાન આત્મામાં જેમ એ અકાર્યકારણ નામનો ગુણ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપ્યો છે અને તેમાં ધ્રુવ-ઉપાદાન તરીકે ગુણ છે અને ક્ષણિક ઉપાદાન તરીકે પર્યાય છે. એમ આ ભાવ નામની શક્તિનો જે ગુણ, ભાવ નામનો ગુણ ૩૯મો. છે. બસ! એમાં આ કેમ ને આ કેમ ને આ કેમ, એવું કાંઈ નહિ. દ્રવ્યમાં 'છે' એવું, ગુણમાં 'છે' એવું અને નિર્મળ પર્યાયમાં 'છે' એવો ભાવ નામનો ગુણ ત્રણેમાં વ્યાપ્યો છે. સમજાય છે કાંઈ? અને એ ભાવગુણના પણ બે પ્રકાર છે. ધ્રુવ ઉપાદાન, ક્ષણિક ઉપાદાન. શક્તિ જે છે એ ધ્રુવ ઉપાદાન છે, નિર્મળ પરિણતિ પ્રગટ થઈ તે ક્ષણિક ઉપાદાન છે. 'છે' એટલું બસ. 'છે' એટલું. સમજાણું કાંઈ? આહાહા..!

દિગંબર સંતોએ તો કેવળીના પેટ ખોલ્યા છે. કેવળજ્ઞાનીઓએ શું કહ્યું અને જાણ્યું એ ખોલ્યું અને સમ્યગ્દૃષ્ટિએ એનો પત્તો લીધો છે એમ કહે છે અહીં. શેઠી! આહાહા..! ભાવશક્તિ એ વસ્તુમાં, ગુણમાં અને પર્યાયમાં ત્રણેમાં વ્યાપી છે. એટલે ત્રણે છે. કેમ છે ને કોણ છે ને કર્તા છે ને આ છે એ કાંઈ નહિ. બસ! એવો એક આત્મામાં ગુણ અનાદિઅનંત છે. એ આત્માની દૃષ્ટિ થતાં એ ગુણનું કાર્ય છે એવું અંદર પર્યાયમાં આવે છે. સમજાણું કાંઈ? આ તો ભાઈ તત્ત્વની વાત છે એને સાંભળવા માટે તૈયારી જોઈએ. એય.. દાસ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા પણ કો'ક કહેતું હતું કે રાજકોટ કેમ બહુ જાવ છો? એનો ઉત્તર અપાય છે. કાલે વિનંતી કરવા આવ્યા હતા ને બધાય. પણ આ તો ત્યાં સાંભળે કોણ? સમજે કોણ? શું આ કહે છે? ભાઈ! ધર્મ સાંભળવા આવ્યા છીએ. પણ ધર્મની વાત આ છે. સમજે કોણ? આ શું કહે છે? કહે છે કે આત્મા દેરાસરની પર્યાય કરી શકે નહિ, પરની દયા પાળી શકે નહિ, આ દયા પાળવાનો ભાવ છે એવો ગુણ નથી કે એ દયા પાળવાનો ભાવ આત્મા કરી શકે.

મુમુક્ષુ :- કરે છે ને?

ઉત્તર :- કોણ કરે છે? પૂજાનો ભાવ ભગવાનનો જે શુભ છે એ ભગવાનથી થયો નથી, તેમ કોઈ ગુણથી થયો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વળી બીજી વાત ચાલે છે. આ તો પહેલું આ ચાલે છે. એના પછી આ વાત છે.

પોતામાં ભાવ શક્તિ છે, બસ. એ પોતે પોતાથી જે પરિણમી છે એમાં પરિણમીમાં આ કેમ છે અને ફલાણું છે એવા ષટ્કારકની ક્રિયા એનો અભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

રાગને કારણે થાય, થવાને કારણે થાય એ તો એનામાં છે જ નહિ. આહાહા..! નિમિત્તને કારણે એમાં નિર્મળતા આવે એવું તો એનામાં છે જ નહિ. વ્યવહાર એ નિમિત્ત છે. ભાઈ! સમજાય છે? એ વ્યવહાર સંબંધીનું પોતે જ્ઞાન કરે છે એ સંબંધીનું કહેવું એ વ્યવહાર છે. ફક્ત પોતાનો જ્ઞાનપર્યાય ભાવશક્તિને કારણે છે ત્યાં. દ્રવ્યમાં છે, ગુણમાં છે, પર્યાયમાં છે, બસ છે. એ છે એ કર્તા થઈને થયો છે અને કર્મરૂપે (થયો છે) એમ નહિ. અને ઓલા રાગને લઈને થયો છે એ તો વાત છે જ નહિ. આહાહા..! રાગ છે તો આ છે એમ તો છે જ નહિ. સમજાણું કાંઈ? આ ભગવાનની શ્રદ્ધા છે રાગ, તો આ ગુણની પર્યાય છે એમ નથી. સમજાય છે કાંઈ? ઝીણું છે ભાઈ!

આ તો વીતરાગ માર્ગ છે. કેવળજ્ઞાનીએ કહેલી વાત છે, ભાઈ! ઇન્દ્રોની સમક્ષ પરમાત્માએ વાણી દ્વારા આ વાણી કહી છે. આહાહા..! ભાઈ! તું આત્મા આવો છો ને નાથ! એને આત્મા આવો છે એ માને, અનુભવે તો એને સમ્યગ્દર્શન થાય. આવો આત્મા સિવાય બીજી રીતે આત્માને કલ્પે (તો) મિથ્યાદર્શનનું પોષણ થાય. સમજાણું કાંઈ? કહો, સમજાણું? આવો આત્મા દૃષ્ટિમાં ન આવે ત્યાં સુધી જે કંઈ ક્રિયા કરે દયા, દાન, વ્રત ને સંથારા ને ફંથારાની, એ રાગની ક્રિયાનો કર્તા થઈને મિથ્યાત્વને ક્ષણે ક્ષણે સેવે છે. સમજાણું કાંઈ? આહાહા..! એ સ્વનું સેવન કરતો નથી. બહુ વાત (આકરી). પંચ મહાવ્રત ધરનાર દિગંબર મુનિ, નગ્ન મુનિ અઠ્યાવીશ મૂળગુણ બરાબર ચોખ્ખા (પાળે) પણ છે એવો વિકલ્પ રાગ. અને એ રાગરહિતપણાનું જેને અંતર ભાન થયું નથી એને એ રાગનું કર્તૃત્વ અને રાગથી મને લાભ થાય એ દૃષ્ટિ મિથ્યાત્વની પડી જ હોય છે. મારા સ્વરૂપમાં એ ગુણ છે એથી મારી વર્તમાન અવસ્થા છે એમ એને પ્રતીતમાં આવતું નથી. ઝીણું છે આ હોં! તમારા એડનથી માંડ આવ્યા હોય ત્યાં. છોકરાઓને શું સમજાય આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ નાના-મોટા છે જ ક્યાં? આત્મા તો અનાદિનો છે. કહો, સમજાણું કાંઈ? નાનો-મોટો કહેવો કોને? એ તો જડને લઈને છે. ભગવાન તો અનાદિઅનંત છે. અને અનાદિઅનંત એનામાં શક્તિઓ આ છે. અવિનાભાવી છે. એના વિના ભાવમાં... એવો આ એક ગુણ છે કે ભાવશક્તિ. આહાહા..! 'છે' બસ. પછી કેમ ને ફલાણું એવા કર્તા, કર્મ છ પ્રકારના ભેદ ઉઠાવવા, એટલે ભેદ એટલે? ભેદ એવું છે નહિ. 'છે' બસ. એ પોતાના દ્રવ્યમાં 'છે' એવો ભાવ નામનો ગુણ, ગુણમાં ભાવ નામનો ગુણ અને પર્યાય નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ અનંત શક્તિઓનું એક સમયમાં નિર્મળપણે પરિણમવું એ 'છે' બસ. ભાવરૂપે છે. સમજાણું કાંઈ? એવો ગુણવાળો આત્મા છે. એ સિવાય બીજી રીતે આત્માને માને

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કે હું તો રાગના ભાવવાળો છું, શરીરના ભાવવાળો છું એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. ખેતશીભાઈ! આહાહા..! સમજાણું કાંઈ?

મિથ્યાત્વ ને સમકિતમાં મિથ્યાત્વ તે સંસાર છે અને સમ્યગ્દર્શન તે મોક્ષ છે. કેમકે આત્માની બધી શક્તિઓ મુક્ત શુદ્ધ છે. એનો જ્યાં સ્વીકાર થયો તો પર્યાયમાં એકલી શુદ્ધતા જ આવી. એ મુક્ત જ છે પર્યાયમાં. આહાહા..! વ્યવહાર વિકલ્પથી, (વ્યવહાર) રત્નત્રયથી, નિમિત્તથી, બહારની ક્રિયાથી પર્યાયમાં મુક્ત છે. અહીંથી મુક્ત છે એટલે સ્વભાવ મુક્ત જ છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, દાસ!

ભાઈ! એને તૈયારી જોશે બાપા! આ તો આત્મા છે. આત્મા એટલે સાક્ષાત્ સિદ્ધસ્વરૂપ. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' એવી દૃષ્ટિ થતાં કહે છે કે ધર્મીને મારો પર્યાય આમથી છે ને આનાથી છે, આમ છે એ (નહિ). 'છે' બસ. સમજાણું? ત્યારે કહે, 'છે' એમાં શું પ્રશ્ન. એ છ પરિણતિ તો છ કારકની પણ એ પરિણતિથી રહિતનો અર્થ એ કે એમાં આ છે ને આ છે એવું નહિ. 'છે'. એવો એક એનામાં ગુણ છે. જે ગુણનું પરિણમન 'છે' રૂપે હોય છે. બસ. શુદ્ધપણે છે ઈ છે. કર્તાથી થયું છે અને આ કાર્ય છે અને આ સાધન આનું છે એવા કોઈ પ્રકાર 'છે' એમાં હોઈ શકે નહિ. એવો એનામાં ગુણ છે. સમજાણું કાંઈ? એ ૩૯ થઈ.

હવે '**કારકો અનુસાર થવાપણારૂપ જે ભાવ તે-મયી ક્રિયાશક્તિ.**' જુઓ! હવે ત્યાં છએ સ્થાપ્યા છે પાછા. એવી એક ક્રિયા નામનો ગુણ છે આત્મામાં. જુઓ! આ ક્રિયાગુણ કે જે આત્મામાં શુદ્ધ પરિણામનો કર્તા, શુદ્ધ પરિણામ મારું કામ, શુદ્ધ પરિણામનું હું સાધન, શુદ્ધ પરિણામ મારાથી થયું, મારા માટે, શુદ્ધ પરિણામનો આધાર હું એવો એક ક્રિયા નામનો ગુણ છે કે જે કારણે '**કારકો અનુસાર થવાપણારૂપ...**' કારક, શુદ્ધ કારકને અનુસારે થવારૂપ નિર્મળ પર્યાય-પરિણતિ ક્રિયા. શુદ્ધ પરિણતિ થાય એવો એક ક્રિયા નામનો એમાં ગુણ છે. રાગની ક્રિયા થાય કે પરની પરિણતિ થાય એવો એનામાં ગુણ નથી. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! આ તો બધો વ્યવહારનો લોપ થઈ જાય છે. પણ વ્યવહાર નથી તારામાં સાંભળને! એ તો અહીં વાત કરે છે. સમજાણું કાંઈ?

આત્મામાં.. છ કારકની વ્યાખ્યા એક એકની પછી કરશે. પણ અહીં તો '**કારકો અનુસાર થવાપણારૂપ...**' પરિણમવારૂપ. ભગવાન આત્મામાં એક સમયમાં ષટ્કારક ગુણ એકસાથે પડ્યા છે. કર્તા નામનો ગુણ, કાર્ય નામનો ગુણ, સાધન નામનો ગુણ, અપાદાન એટલે કે પર્યાયનો અભાવ થતાં પણ રહે એવો ધ્રુવપણું ગુણ, સંપ્રદાન થઈને પોતે લે, થઈને પોતે લે એવો ગુણ અને પોતાને આધારે થાય એવો એક ગુણ. એ ષટ્કારકનું એકસાથે પરિણમન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જોતાં, ષટ્કારકરૂપે પરિણમન થવાપણારૂપ જે ભાવ તે મયી ક્રિયાશક્તિ. તેવો એક ગુણ છે ક્રિયાશક્તિ. જુઓ! આ ક્રિયાશક્તિ. દેહની ક્રિયાનું થવું એ તો કોઈ આત્મામાં ગુણ જ નથી અને એની પર્યાયમાં પણ નથી. રાગનું થવું અને રાગની ક્રિયા વિભાવિક થવી એ એના દ્રવ્યમાં નથી, ગુણમાં નથી અને પર્યાયમાં નથી. આહાહા..! રાડ નાખે છે માણસ. અરર.. ક્રિયા બધી ક્યાં ગઈ? સાંભળને હવે. તારામાં એવો ગુણ છે કે નિર્મળ કર્તા-કર્મને કારણે થતી પર્યાય એવી પરિણતિ એના ક્રિયા નામના ગુણને કારણે થાય છે. સમજાણું કાંઈ? કે ભાઈ, આ બાર વ્રત પાળીએ છીએ ને પંચ મહાવ્રત પાળીએ છીએ, આ સંથારો કર્યો અનશન અને એય.. જાધવજીભાઈ! આ ઝવેરચંદભાઈ ગયા હતા ને ત્યાં? એણે વાત કરી હતી હોં! કપુરભાઈએ જરી ચડાવી દીધું થોડું. ભાઈ! અમે ત્યાં ગયા હતા. માણસ આબરૂદાર માંડ મળે ઓલા સંથારામાં. આ થયો હતો ને. ક્યાં કહેવાય ઈ? રાજગૃહી. ત્યાં ગયા હતા. કપુરભાઈ ખાનગી ભાઈ.. શું છે? આને મોઢા આગળ મોટા ભાઈ કરીને નાળીયેર ચડાવે બધા. એટલે કપુરભાઈ જરી કહે, ભાઈ એમાં કાંઈ નથી. આહાહા..! અરે.. બાપુ! કોને કહેવા સંથારા અને કોને કહેવા વ્રત? ભાઈ! તને ખબર નથી. આહાહા..! હજી જેને દર્શનશુદ્ધિની ખબર નથી ત્યાં સંથારા ને વ્રત ને વ્યવહાર પણ ક્યાં આવ્યા? સમજાણું કાંઈ? જેની શ્રદ્ધામાં જ હજી મિથ્યાત્વ છે, ગૃહીત મિથ્યાત્વ છે. ભાઈ! શું થાય? આહાહા..!

હજી તો દેહની ક્રિયા હું કરું છું, આ કરતો નથી, હું દયા પાળું છું અને આ દયા પાળતો નથી. મેં ખોરાક છોડ્યો છે, આહારને મેં છોડ્યો છે જાવજીવ, એ બધો મિથ્યાત્વભાવ છે. કેમકે આહાર છોડવો કે ગ્રહવો એ આત્મામાં છે જ નહિ. આહાહા..! આત્મામાં એવો એક ગુણ છે. પહેલા આવી ગયું છે એ. ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિ. આહાહા..! રાગને છોડું અને રાગને કરું એવો ગુણ જ નથી આત્મામાં. રાગને ગ્રહું અને રાગને છોડું એ રહિત આત્માનો ગુણ છે. એવા ગુણવાળા દ્રવ્યની શ્રદ્ધા અને સમ્યક્ વિના મેં રાગને છોડ્યો, પાપને છોડ્યું, પુણ્ય લીધું એ બધો મિથ્યાત્વભાવ છે. આહાહા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? આવો માર્ગ છે ભાઈ સર્વજ્ઞનો અને એવું તત્ત્વ જ છે. વસ્તુ એવી છે. એ કાંઈ કોઈએ કરી છે? આહાહા..! એ તો ભગવાને જાણી એવી કહી. જેણે જાણી એને માની. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, **'કારકો અનુસાર...'** એટલે કર્તાપણાને અનુસારે નિર્મળ પર્યાય થાય, કર્મને અનુસારે કાર્ય થાય, કરણને અનુસારે સાધન થઈને નિર્મળ વીતરાગદશા થાય ચોથે ગુણસ્થાનથી. પોતે પોતાથી થાય, પોતા માટે થાય, રાખીને થાય, પોતાને આધારે થાય એવી જે ક્રિયા શક્તિ તે જે કારકો અનુસારરૂપ થવાનો જે ભાવ, થવારૂપ જે ભાવ તે મય ક્રિયાશક્તિ એમ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કીધું. સમજાણું કાંઈ?

ષટ્કારકના ગુણમાં એક ક્રિયા નામનો ગુણ જ છે કે જે ષટ્કારકને અનુસારે નિર્મળ પર્યાયનું થવું. વીતરાગી શ્રદ્ધા. વીતરાગી એટલે? વીતરાગની નહિ. વીતરાગની શ્રદ્ધા જુદી અને વીતરાગી શ્રદ્ધા જુદી. વીતરાગની શ્રદ્ધા એ તો વિકલ્પ છે. આ તો વીતરાગી શ્રદ્ધા. આત્મા પોતે વીતરાગસ્વરૂપ છે, એનું સ્વરૂપ જ વીતરાગ છે અનાદિઅનંત. વીતરાગ વિજ્ઞાનઘન છે. અને ઉદયભાવ અને રાગ એ એનું સ્વરૂપ જ નથી. એનામાં છે જ નહિ. એવો જે વીતરાગવિજ્ઞાનઘન આત્મા એની દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ બધા વીતરાગી પર્યાય થાય. વીતરાગી પર્યાય થાય તે તેના ગુણનું પરિણમન છે. બહુ વાતું (ઝીણી). સમજાણું કાંઈ? હજી સમ્યગ્દર્શન કેમ થાય? સમ્યગ્દર્શન કોને કહેવાય એની ખબરું ન મળે અને ધર્મ થઈ જાય. શું થાય? કાળ ચાલ્યો જાય છે, ભાઈ! આવો સમય મળ્યો છે. થોડું ટાણું છે. મનુષ્યપણું ક્યાંથી આવ્યું. અનંતે કાળે બાપા! આ કાંઈ... અને તે તો આત્માને સુધારવાનો કાળ આ છે. એમાં જો બગાડવાના મિથ્યાશ્રદ્ધામાં ગયો (તો) પત્તો નહિ ખાય, ભાઈ! ક્યાં જઈશ અને ક્યાં રહીશ? આહાહા..! એ કોઈ કાંઈ મદદગાર નહિ થાય બહારના માણસો. સમજાણું કાંઈ?

કહે છે કે, ભગવાન! તારામાં એવો એક ગુણ છે-શક્તિ છે-સ્વભાવ છે કે ક્રિયા નામનો ગુણ (છે). એટલે કે નિર્મળ ષટ્કારકો જે શક્તિએ પડ્યા છે એનાથી થતી નિર્મળ વીતરાગી પર્યાયનું થવું એવો એનામાં ક્રિયા નામનો ગુણ છે. સમજાણું કાંઈ? આહાહા..! જુઓને! શું કહે છે? આ શાસ્ત્ર લખાય છે ને? આ લખાય છે ને શક્તિ? કહે છે કે લખવાના પર્યાયના અમે કર્તા નથી, અમે કરી નથી, અમારામાં એ છે નહિ. પણ એના લક્ષમાં જે વિકલ્પ ઉઠ્યો છે એ અમારું કાર્ય નથી. અમે તો એના જાણનાર જ્ઞાનરૂપે અમારું કારક જ્ઞાન પરિણમે છે ષટ્કારકપણે, શ્રદ્ધા પણ ષટ્કારકપણે પરિણમે છે, ચારિત્ર ષટ્કારકપણે પરિણમે છે એ પરિણતિ અમારી છે. આ વિકલ્પ પણ અમારી પરિણતિ નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહો, જગુભાઈ! શું થયું આ? જુઓ! આ ભાવ-નગરની વાત ચાલે છે એ. નહિતર ભાન વગર.

મુમુક્ષુ :- ભાવનગરમાં...

ઉત્તર :- આ તો જેતપુર કહ્યું હતું ને. પાલેજમાં કહ્યું હતું. પાલેજમાં અમારે એક રાણપુરવાળો હતો. અફીણનો કેસ થયો હતો ને? એ સામે હતો. ક્યાંનો? કહે, ભાવનગર. કીધું, અમારા રાણપુરનો ન હોય. ભાવનગર. ભાન વગરનો લાગે છે કીધું. તે દી કહ્યું હતું ભાઈ હોં! ૧૯૬૩ની સાલની વાત છે. ૬૩. કેટલા વર્ષ થયા? ૬૩. સંવત ૧૯૬૩. ૬૧ વર્ષ થયા. ૬૧ વર્ષ પહેલાં કહ્યું હતું. આમ તો ૭૯ ચાલે છે ને શરીરને? ૬૧ વર્ષ પહેલાં કીધું કે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આ ભાન વગરનો લાગે છે. આને કોણે પકડ્યો? અહીં વેપારી અમે તે અફીણના વેપાર ક્યાં અને ક્યાં... ઊંધું માર્યું બધું. અમારે કુંવરજીભાઈની સામે રહેતા એ. એટલે તે દી કહ્યું ૬૩માં. કુંવરજીભાઈની દુકાન છે ને. પહેલી હતી એ દુકાન હોં! હમણા તો આ છે. પહેલી દુકાનની સામે મેડી ઉપર રહેતા. વોરાની દુકાન, વોરાનું હતું. કાકી-કાકો કહેવાતા. એ એનું મકાન હતું. કીધું, આ બ્રાહ્મણ ક્યાંનો નીકળ્યો આવો? પગે જરી લુલો. અમને પકડ્યા અફીણ (માટે). હવે આ અમે તે અફીણ શું? દાણાના ધંધા, આ જાતનો દુકાનનો ધંધો એમાં અફીણ અમારે ક્યાં આવ્યા? અમારા મોઢા તો જો. ઊંધું માર્યું, ભાન વગરનો લાગે છે કીધું. ભાવનગર નહિ. કો'ક કહેતું હતું ભાવનગરનો છે એમ કીધું. એટલે કીધું, ભાન વગરનો લાગે છે આ. ઓલું છેટે ખરું ને. નાનું ગામ ન ઓળખાયું. મૂળ તો રાણપુરના હતા. નાનું ન ઓળખે. પણ અમે તો ઉમરાળાના જાણીએ છીએ ને. ન બોલ્યો. પછી મળ્યો હતો દીક્ષા લીધા પછી. રાણપુર. ત્યારે હેરાન.. હેરાન (થઈ ગયો). આહાહા..!

કહે છે, ભગવાન! તારામાં એવી એક શક્તિ છે કે ષટ્કારકોના ગુણો જે પડ્યા છે તેને અનુસારે તારામાં અનુગત થઈને વીતરાગી શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન, વીતરાગી શાંતિ થાય એવો એક ક્રિયા નામનો તારામાં ગુણ છે. સમજાણું કાંઈ? કહો, શેઠી! આહાહા..! એ ક્રિયાગુણ અનંતા ગુણમાં વ્યાપેલો છે. એ ક્રિયાગુણ અનંત ગુણને નિમિત્ત છે. એ ક્રિયાગુણ ધ્રુવ ઉપાદાન અને ક્ષણિક ઉપાદાન બે રાખે છે. સમજાણું કાંઈ? એઈ..! સહજપણું રાખે છે એમ કહે છે અહીં તો. સમજાણું? એ ક્રિયાગુણ પોતે પોતામાં રહે છે એવો એ ગૃહસ્થ ગુણ છે. ગૃહસ્થ નથી કહેતા? ઘરમાં રહેલું એને ગૃહસ્થ કહીએ. એ ક્રિયા પોતાના ઘરમાં રહે છે માટે ગૃહસ્થ કહેવામાં એને આવે છે. સમજાણું કાંઈ? એ પંચસંગ્રહ છે. પંડિતજી! ધરમચંદજી! દીપચંદજીનું એક અધ્યાત્મ પંચસંગ્રહ છે. એમાં પરમાત્મપુરાણમાં લીધું છે. દીપચંદજીએ લીધું છે. બધું લીધું છે. એક એક ગુણને ગૃહસ્થ, વાનપ્રસ્થ, બ્રહ્મચારી, સન્યાસી આ એક એક ગુણમાં બધામાં ઉતાર્યા છે. પુરાણમાં એણે ઉતાર્યું છે. બહુ દીપચંદજીએ... એક દીપચંદજી સિવાય કોઈએ આ શક્તિનું વર્ણન ક્યાંય કર્યું નથી. બધા પંડિતો ટોડરમલજી લ્યો કે આ બનારસીદાસ, કોઈએ નહિ. એક દીપચંદજીએ લીધું છે. અધ્યાત્મપંચસંગ્રહમાં એની અંદર જ્ઞાનદર્પણ છે ને એમાં અને એક ચિદ્વિલાસમાં થોડું લીધું અને અનુભવપ્રકાશમાં થોડું લીધું. એણે એક એક લીધું છે આ શક્તિનું વર્ણન. બીજા કોઈએ ક્યાંય... એ વાંચીને સ્થાનકવાસીમાં આવ્યું. મેં કીધું, આ ક્યાંથી એને ઘરે આવ્યું આ? જૈનપ્રકાશ હતું કે નહિ? ક્યાં ગયું? આપ્યું હતું ને? જૈનપ્રકાશ ક્યાં ગયું? એઈ..! બે વાર કહ્યું ત્યારે.. એ કાને નથી સાંભળતો હોં! મૂળ તો બીજું કાંઈ નહિ. કાનમાં જરી ઓછું છે ને. જુઓ! ભીખાલાલ છે કો'ક.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભીખાલાલ ગીરધરલાલ. આત્મસ્વરૂપ એમ કરીને લખ્યું જુઓ. 'આત્માનું વર્ણન કરતાં તેના ગુણોને આ પ્રમાણે વર્ણવ્યા છે. જડરૂપ ન થવાની શક્તિ તે ચિત્શક્તિ છે.' એક ત્યાંથી ઉપાડ્યું ભાઈએ.

મુમુક્ષુ :- .. મૂકી દીધું.

ઉત્તર :- મૂકી દીધી. એ એને સમજાણી ન હોય ને. ન સમજાણી હોય ને. જૈનપ્રકાશમાં આવ્યું છે. એય.. ઝવેરચંદભાઈ! હવે એને ઘરે ક્યાં હતું આ? તમારા ઘરમાં હતું જ કે દી ગંધેય તે. કોકનું લઈને ચોરીની વાત છે આ. દિગંબર શાસ્ત્રમાં અને સમયસાર સિવાય આ ક્યાંય છે નહિ. ક્યાંય કોઈ ઠેકાણે હોઈ શકે નહિ. આ તો વીતરાગી સર્વજ્ઞનો પત્તો છે. એણે લખ્યું છે. ચિત્શક્તિ. અનંત જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ શક્તિઓ છે. પ્રભુત્વ, વિભુત્વ, સ્વસંવેદનરૂપ પ્રકાશશક્તિ, અમૂર્તત્ત્વ, અગુરુલઘુત્વ, કારણશક્તિ. સમજ્યાને? કારણ શક્તિ. સંપ્રદાન શક્તિ, અપાદાન શક્તિ, કરણશક્તિ, આધારરૂપ અધિકરણ શક્તિ, પોતપોતાના ભાવનો આત્મા સ્વામી કરનારો થયો એ સંબંધશક્તિ. લ્યો, એવી ૪૭ મુખ્ય શક્તિઓ છે. આહાહા..! આ જૈનપ્રકાશ. હતું કે દી તમારે ઘરે આ? કો'કના ઘરની વાત ચોરીને લીધી. એય..! જાધવજીભાઈ! આહાહા..! પણ એણે નાખ્યું બિચારાએ. આખી વસ્તુ આ નાખી છે. ઠીક છે હવે એણે બિચારાએ એટલું નાખ્યું. પણ આધાર દેવો જોઈએ કે સમયસારમાં કુંદકુંદાચાર્ય આદિ દિગંબર આચાર્યોએ આ કહ્યું છે. એમ લેવું જોઈએ. કોઈનું નામ ન આપે તો ચોર કહેવાય, નિહ્નવ કહેવાય. જ્ઞાનાવરણીયમાં નથી આવતું? કે જેનાથી મળ્યું છે અને જેનું છે એને ઓળવે તો જ્ઞાનાવરણીય કર્મ બાંધે. નિહ્નવ (આદિ) નથી આવતા છ બોલ? એમાં આવે છે ને? વાત તો એવી છે ભાઈ! કુંદકુંદાચાર્ય સર્વજ્ઞના કેડાયત, પરમેશ્વર કેવળજ્ઞાનીના કેડાયત એણે આ વર્ણવ્યું છે. અને ખરેખર તો અમૃતચંદ્રાચાર્યે વર્ણવ્યું છે એમાંથી કાઢી કાઢીને. ૯૦૦ વર્ષ પહેલા થયા અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત જંગલમાં. મોરપીંછી અને કમડંળ બે અને અંતરમાં આનંદનો કંદ. આહાહા..!

સાધુપદ એટલે કે પરેશ્વરપદ છે. પ્રચુર સ્વસંવેદન. કહ્યું છે ને કુંદકુંદાચાર્યે પાંચમી ગાથામાં. બ્રહ્મચારીજી! એ પાંચમી ગાથા છે ને સમયસારની. ત્યાં આચાર્યે પોતે કહ્યું, અમને પ્રચુર સ્વસંવેદન. પ્રચુર સ્વસંવેદન. સ્વસંવેદન થાય છે તો ચોથે. પણ છઠ્ઠે ગુણસ્થાને તો પ્રચુર સ્વસંવેદન (હોય છે). આનંદનું વેદન ઉગ્ર બને છે એવા વૈભવથી અમે સમયસાર કહેશું એમ કહે છે. એ તો પાંચમી ગાથામાં છે. એક એક શબ્દ અલૌકિક વાત છે! સમજાય છે કાંઈ? સંત એટલે ચારિત્રદશા. અમને પ્રચુર સ્વસંવેદન વર્તે છે. આત્માનું પ્રત્યક્ષપણું જે સ્વસંવેદન, સ્વનું વેદન આત્માના આનંદનું એ ઉગ્રપણે અમારી દશામાં (વર્તે છે) એને ચારિત્ર અને મુનિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કહીએ. આહાહા..! વળી પછી આનંદ કીધું. અગાધ આનંદની એમાં મહોરછાપ છે. અતીન્દ્રિય આનંદનો અનુભવ એની મહોરછાપ છે. સાધુપણાની મહોરછાપ છે. મારા સમ્યગ્દર્શનની મહોરછાપ છે એ. આહાહા..! કુંદકુંદાચાર્ય અને પછી આ અમૃતચંદ્રાચાર્ય ગજબ કામ કર્યા! કેવળજ્ઞાનીના પેટ ખોલીને મૂક્યા છે. ઓહોહો..! પંચમ કાળે ચોથો આરો ઉતાર્યો છે હેઠે. જે એમાં જાય ચોથે આરે જ છે ને. ભગવાનના આરામાં છે એ કહે છે. આહાહા..! કહે છે.. ક્યાં ગયા તમારા નથી આવ્યા દીપચંદભાઈ? નહિ આવ્યા હોય. ત્યાં ગયા હશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ ઠીક.

કહે છે, ક્રિયાશક્તિ પરિણમવારૂપ, એ તો થવારૂપ. ભગવાન આત્મા એ ક્રિયા નામનો ગુણ છે એ દ્રવ્યમાં વ્યાપ્યો છે, એ શક્તિમાં-ગુણમાં વ્યાપ્યો છે, પરિણતિ થાય એમાં એ વ્યાપ્યો છે. એવો એનો ગુણ છે. એને કાંઈ કરવું, આ કરવું કે એવું કાંઈ છે નહિ. મારે આ પાળવું છે, આ નથી પાળવું એવો એના ગુણમાં કોઈ ગુણ છે જ નહિ. સમજાણું કાંઈ? વ્યવહારના વાક્ય આવે તો પકડે. જુઓ! અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા, મુનિએ આમ પાળ્યા. અરે.. ભગવાન! એ એનામાં ગુણ નથી, સાંભળને. એ તો વ્યવહારના કથન છે. આહાહા..! સમજાય છે? અગિયાર પડિમા પાળી આણે. અગિયાર લીધી. બાપુ! એ વિકલ્પ છે. ભગવાન! સાંભળને. એ વિકલ્પ છે ભાઈ! એ હો. પણ એ સંબંધીનું જ્ઞાન જે અંદરમાં પ્રગટ્યું છે આત્માને આશ્રયે એ જ્ઞાનને એણે પાળ્યું ને વેદ્યું ને આચર્યું છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ!

વીતરાગ સર્વજ્ઞની વાણી અને વાસ્તવિક તત્ત્વ કાને પડવું એ પણ મહાભાગ્ય વિના પડતું નથી. એવી વાત છે ભાઈ! આ તો વીતરાગ માર્ગ અનાદિ સનાતન ચાલ્યો આવે છે. ધોખમાર્ગ ચાલ્યો આવે છે. પણ મળે નહિ સાંભળવા એને ક્યાં જાવું અને શું કરવું? ઊંધી માન્યતાએ પછી રગડીને ચાલ્યા જાય. આહાહા..!

કહે છે, તારામાં એવી શક્તિ છે કે એ ક્રિયાશક્તિ એનું થયું. એ ૪૦ થઈ. ૪૧. '**પ્રાપ્ત કરાતો એવો જે સિદ્ધરૂપ ભાવ...**' લ્યો! ભાઈએ એમ કહ્યું જરી, આમાં સિદ્ધ આવ્યું ને? છે એમ. નિશ્ચય પર્યાય. જે સમયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિનો સિદ્ધરૂપ ભાવ એટલે ચોક્કસ ભાવ. એમ. '**તે-મયી કર્મશક્તિ.**' કર્મ એટલે કર્તાનું ઇષ્ટ તે કર્મ. કર્મ એટલે કાર્ય. આ તો કર્મ નામનો એક ગુણ છે. જડકર્મ એ નહિ, ભાવકર્મ એ નહિ, પર્યાયમાં નિર્મળ અવસ્થારૂપી કાર્ય થાય એ પણ નહિ. આહાહા..! આત્મામાં એક કર્મ નામનો ગુણ છે-શક્તિ છે, ધ્રુવપણે છે. એ આ જડકર્મ એ કર્મ નહિ. એ તો આત્મામાં છે જ નહિ. એમાં દયા,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દાન, વ્રતનો વિકલ્પ ભાવકર્મ એ આત્મામાં છે જ નહિ. પણ આત્માની નિર્મળ પર્યાયરૂપી કાર્ય થાય એ કર્મશક્તિ નહિ. કર્મશક્તિ તો ગુણ છે ધ્રુવ. એ કર્મશક્તિ જે ધ્રુવ છે એને ધરનારો જે આત્મા છે એનો આશ્રય લેતા પુણ્ય-પાપ વિનાની વીતરાગી પર્યાયનું કાર્ય થાય, સમ્યગ્દ્રષ્ટિનું ઈષ્ટ વીતરાગી પર્યાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ધર્મીનું ઈષ્ટ, પ્રિય, હિતકર વીતરાગી દશા છે સમ્યગ્દર્શનથી માંડીને. શું કીધું સમજાણું આમાં?

ભગવાન આત્મા એનામાં એક કર્મ નામની શક્તિ છે, ગુણ છે, ધ્રુવ છે. એ શક્તિ પર્યાયમાં જ્યાં સુધી રાગ હું છું, પુણ્ય હું છું, એનાથી (લાભ છે), એવી મિથ્યાદષ્ટિ હતી ત્યાં સુધી કર્મનું કાર્ય શુદ્ધ પરિણતિરૂપે નહોતું. સમજાણું કાંઈ? પણ એ કર્મશક્તિ ગુણ છે-શક્તિ છે-સ્વભાવ છે એનો ધરનાર ગુણી છે. એવા અનંત ગુણનું એકરૂપ એવું દ્રવ્ય તેની સન્મુખ જોતાં, ભગવાન આત્માના દ્રવ્ય સન્મુખ જોતાં એ કર્મગુણનું કાર્ય શુદ્ધ કાર્યરૂપે થાય એ કર્મગુણનું કાર્ય છે. સમજાણું કાંઈ? અને એ સમ્યગ્દ્રષ્ટિનું ઈષ્ટ છે, સમ્યગ્દ્રષ્ટિનું પ્રિય એ છે. સમ્યગ્દ્રષ્ટિને પ્રિય પત્ની નથી, પ્રિય રાજા નથી, પ્રિય ઈન્દ્રપદ નથી, પ્રિય શુભરાગ નથી. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ સમકિતદષ્ટિને પ્રિય નથી, ભાઈ! બ્રહ્મચારીજી! આહાહા..! એ રાગ છે, પ્રિય નથી. હો પણ પ્રિય નથી. સમજાણું કાંઈ? પંચ મહાવ્રતના પરિણામ સમ્યગ્દ્રષ્ટિને પ્રિય નથી. આહાહા..! માહાત્મ્ય નથી, તેની પ્રીતિ નથી, તેની રુચિ નથી, તેની પ્રિયતા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જેનામાં એ કર્મ નામનો પ્રાપ્ત કરાતો. એમ. પ્રાપ્ત કરાતો તે અવસ્થામાં થાય. એવો '**પ્રાપ્ત કરાતો એવો જે સિદ્ધરૂપ...**' સિદ્ધ એટલે? સિદ્ધપદની અહીં વાત નથી. સિદ્ધ એટલે તે પણાની તે ક્ષણની નિર્મળ અવસ્થારૂપે નક્કી થયેલો પર્યાય તેને અહીં સિદ્ધ એમ કહેવામાં આવે છે. સિદ્ધપર્યાયની અહીં વાત નથી. સમજાણું કાંઈ? ફરીને. '**પ્રાપ્ત કરાતો એવો જે સિદ્ધરૂપ...**' વર્તમાન અવસ્થામાં જે નિર્મળ શુદ્ધ રાગરહિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત કરાતો એ સિદ્ધભાવ. સિદ્ધ એટલે ચોક્કસ થયેલો. એવો જે સિદ્ધરૂપ ભાવ '**તે-મયી કર્મશક્તિ.**' એને કર્મશક્તિ કહેવામાં આવે છે કે જેનાથી કાર્યનિષ્પતિ નિર્મળ થાય તેને કર્મશક્તિ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? જ્યાં કર્મ શબ્દ પડે એટલે માણસને એમ (થાય), હા. કર્મને? એ તો આઠ કર્મ. એ અહીં વાત જ નથી, સાંભળને. એ તો જડનું કર્મ છે. અહીં તો ચૈતન્યના ગુણના કર્મની વાત ચાલે છે. આહાહા..! સમજાણું કાંઈ? કાં ભાવકર્મ દયા, દાન, વ્રત. એ અહીં વાત નથી. એની વાત જ નથી. એ તો આત્મામાં છે જ નહિ.

અહીં તો આત્માના સ્વરૂપનું વર્ણન છે કે નહિ? આત્માની પર્યાયને પણ કાર્ય કહેવાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે. પર્યાય-કાર્ય-અવસ્થા તેને કાર્ય કહેવાય છે. એ આ નહિ. આત્મામાં કર્મ નામનો ગુણ છે કે જે ગુણીને આદરતાં તે કર્મનું કાર્ય નિર્મળરૂપે કાર્ય થાય એને અહીંયાં કર્મગુણનું પરિણમન કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? શુદ્ધ, કર્મગુણ છે એ શુદ્ધ શક્તિ છે. આત્મામાં જેમ આનંદ શક્તિ છે, એમ આ કર્મ નામની શક્તિ છે. અરૂપી પરિણામિકભાવે, પરિણામિકભાવે (રહેલી છે). એ દ્રવ્યની દૃષ્ટિ થતાં એ કર્મનું કાર્ય વર્તમાનમાં ઈષ્ટતા ધર્મીની પ્રિયતા, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી અનંત ગુણની નિર્મળ પર્યાયની પરિણતિ એ સમ્યગ્દષ્ટિને ઈષ્ટ છે, એ એનું કાર્ય. પણ ઓલા કર્મગુણને લઈને એ કાર્ય થાય છે. સમજાણું કાંઈ? આવા શબ્દો તો ક્યાંય કલકત્તામાં તો સંભળાય નહિ. ત્યાં તો કહે, આ કરો.. આ કરો.. સંથારો કરો, વ્રત કરો, તપસ્યા કરો, ત્યાગ કરો, મિથ્યાત્વને સેવો. સાંભળ તો ખરો. તું કોણ છો તને ખબર નથી ને શેનું?

અહીં તો કહે છે, સાંભળને! તારા આત્મામાં એવી એક શક્તિ છે કે રાગને ગ્રહે અને રાગને છોડે એવો કોઈ ગુણ-શક્તિ નથી. રાગને ગ્રહવું ને રાગને છોડવું કોઈ તારો ગુણ નથી. એનાથી શૂન્ય છે આત્મા. તો પરના ગ્રહણ-ત્યાગ આ છોડ્યું ને આ લીધું મિથ્યાત્વભાવમાં માને છે. આહાહા..! ખબર ન મળે આત્માની શું ચીજ છે અને આ બધા આ છોડ્યું, આ મૂક્યું. આટલું મને ખપે નહિ, આ મને ખપે. સાંભળ તો ખરો પણ, આત્મા ખપતો નથી એ તો પહેલું લે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન ખપતો નથી તને. કેમ?

આત્મામાં રાગના ગ્રહણ-ત્યાગ વિનાનો એનો ગુણ છે. એને ઠેકાણે તું (કહે કે) રાગ ગ્રહું અને રાગ છોડું, એ તને આત્મા ખપતો નથી. કહો, ચીમનભાઈ! શું છે આ? સંપ્રદાયમાં તો રહેવા ન દે આવી વાત કરે તો. સાંભળને હવે. વસ્તુ આ છે. તારે બેસાડવી હોય તે બેસ, સાંભળવી હોય તો સાંભળ અને રુચિ કરવી હોય તો કર. માર્ગ આ છે. એ સિવાય કંઈપણ ફેરફારે એક વાત કરે તો તદ્દન મિથ્યાદૃષ્ટિનું કથન છે. સમજાણું કાંઈ? આહાહા..! કહો, શેઠી! અમારા શેઠી તો ૮૦ વર્ષના જૂના માણસ છે લ્યો. એ જયપુરમાં પણ આવું સાંભળ્યું નહોતું કોઈ દી કાંઈ. દિગંબરના જૂના કહેવાય. ખોટા દિગંબર એમ.

મુમુક્ષુ :- નામ દિગંબર.

ઉત્તર :- નામ. ઈ ઠીક કહેવાય, ખોટા કરતાં ઈ ઠીક છે. શેઠી! દિગંબર આ કહેવાય.

મુમુક્ષુ :- આ ભાવ દિગંબર.

ઉત્તર :- ભાવ દિગંબર. જેનામાં કર્મ નામનો ગુણ છે, એને કારણે વર્તમાનમાં પ્રિયતા વીતરાગતા પ્રગટ થાય છે એ કર્મગુણ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપે છે એવા આત્માને માને, અનુભવે તેને દિગંબર જૈન કહેવાય. દિગંબર એટલે? ઓલા વસ્ત્ર વિનાનો ઠીક, અહીં તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



રાગના લૂગડા વિનાનો આત્મા માને તેને દિગંબર કહેવાય. દિગંબર કોઈ સંપ્રદાય નથી. વસ્તુનું સ્વરૂપ છે. આહાહા..! એ તો વસ્તુનું સ્વરૂપ છે. વિકલ્પની લાગણીના કાર્ય વિનાનો આત્મા. આહાહા..! આ તે કાંઈ વાત! સમજાણું કાંઈ? એ નિર્મળ વીતરાગી પર્યાયના કાર્યનો કર્તા એ એનું કર્મ અને એ એનું કર્મ નામ ઇષ્ટ કાર્ય છે. કહો, સમજાણું કાંઈ? લ્યો! એ કર્મ (શક્તિ) થઈ. હવે કર્તાની થોડી બાકી છે. કર્તાની કાલે આવી ગઈ હતી. ફરીને લીધું છે ને આ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**અષાઢ વદ ૩, શુક્રવાર તા. ૧૨-૭-૧૯૬૮**
**શક્તિ-૪૨-૪૩, પ્રવચન-૫૬૫**

એ તો ફરી લીધું હતું ને કાલે? આ આત્મા જે છે એક એક આત્મા હોં સ્વતંત્ર, એમાં અનંતી શક્તિઓ સ્વતંત્ર છે. એ શક્તિવાન એવું જે દ્રવ્ય, એની સન્મુખ થઈને જે આત્માની દૃષ્ટિ સમ્યક્ અનુભવ થવો એનું નામ સમ્યગ્દૃષ્ટિ-જ્ઞાની અને એનું નામ આત્મા. સમજાણું કાંઈ? આત્મા વસ્તુ છે જ્ઞાન, આનંદ આદિ અનંત શક્તિઓનું સ્વરૂપ, એવી શક્તિને શક્તિવાનને, શક્તિઓનો ધણી-ધરનાર શક્તિવાન, એની અંતર્મુખ દૃષ્ટિ થતાં અનંત શક્તિનું વર્તમાનમાં વ્યક્તપણે પરિણમન શુદ્ધ દરેકનું થવું અને દરેકની શક્તિની વ્યક્તતા અંશે પ્રગટ થવી એ ક્રમે ક્રમે થાય. ગુણ અક્રમ છે અને ક્રમે ક્રમે થતી અવસ્થા અને અક્રમ (ગુણો), એ બધાનો સમુદાય તેને આત્મા કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ?

અહીં તો સંવર-નિર્જરાની શુદ્ધ પર્યાય પ્રગટ થાય તે સહિતના આત્માને આખો આત્મા કહ્યો છે. એટલે શું? સંભળાય છે બરાબર કાને? સંભળાય છે? આત્મા શુદ્ધ ચૈતન્યદ્રવ્ય અને એની શક્તિ શુદ્ધ અનંત. પરની સાથે કાંઈ સંબંધ નહિ. એવો જે આત્મા પોતાના સ્વઅવલંબી, દૃષ્ટિ સ્વભાવની કરતાં જે સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ અનંત ગુણની નિર્મળ શક્તિ પ્રગટ થાય એવી ક્રમવર્તી પર્યાયો અને અક્રમવર્તી ગુણ, એ બધાને આત્મા અહીંયાં કહેવામાં આવ્યો છે. એમાં વ્યવહારનયના રાગ ને પુણ્ય ને વિકલ્પ એનો અભાવ કરીને અનેકાંત કહ્યું છે. એનો સદ્ભાવ કરીને આત્મા કહ્યો નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ, આનંદની મૂર્તિ. કોઈપણ એક ગુણથી લ્યો તો એ ગુણ આખો વ્યાપક આખા દ્રવ્યમાં છે. અસંખ્ય પ્રદેશે. એટલે એક ગુણથી લ્યો તો એ જ્ઞાનમય છે, દર્શનમય છે, શાંતિ, આનંદમય ચારિત્ર છે, આનંદમય છે. એવી અનંત શક્તિઓ, એનો ધરનાર જે દ્રવ્ય એના સન્મુખની દૃષ્ટિ સ્વાવલંબી થતાં જે સમ્યગ્દર્શન-જ્ઞાનાદિ અનંત શક્તિઓની વર્તમાનમાં વ્યક્તરૂપે, પ્રગટરૂપે નિર્મળ દશા થાય, સંવર, નિર્જરા આદિની શુદ્ધતા થાય એ સહિતને અહીંયાં આત્મા કહેવામાં આવ્યો છે. કહો, શેઠી! આ તો પકડવું મુશ્કેલ (કે) શું કહે છે આ. કહો, સમજાય છે કે નહિ આમાં? આમાં સમજાય છે કે નહિ કહ્યું એમાં? એમ કહીએ છીએ. આહાહા..!

એ પરની દયા પાળે કે આમ કરે, પૈસા દાન દે એવો જે વિકલ્પ છે એ તો એનામાં છે નહિ એમ કહેવું છે અહીં તો. સમજાય છે કાંઈ? એને આત્મા કહેતા નથી. એ આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ક્યાં છે? એ તો અનાત્મા છે. અનાત્મા સંબંધીનું સ્વસન્મુખ થઈને જે પોતાનું જ્ઞાન થયું એમાં અનાત્મા સંબંધીનું જ્ઞાન સ્વથી થયું એમાં સ્વપરપ્રકાશક આવી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? હવે એમાં શક્તિઓમાં આપણે ૪૧ સુધી આવ્યા છીએ.

'**પ્રાપ્ત કરાતો એવો જે સિદ્ધરૂપ ભાવ તે-મયી કર્મશક્તિ.**' ત્યાં આવ્યા છીએ ને? ૩૯માં, ૩૯માં ચાલતી ક્રિયાઓ અને તે 'છે' એવો ભાવ, બે સહિતને ભાવશક્તિમાં વર્ણવી છે. ૪૦માં એકલી ક્રિયાશક્તિને થવારૂપ... થવારૂપ... થવારૂપ... થવારૂપ... એને એક વર્ણવી છે. અને ૪૧માં સિદ્ધરૂપ આ જે ઓલો ભાવ કીધો હતો એવો એકરૂપ ભાવ, કરાતો એકરૂપ ભાવ એને કર્મશક્તિમાં ગણ્યો છે. શબ્દો થોડા અને ભાવ જરી ઝીણા, વળી એમાં વ્યાકરણની શબ્દની શૈલી. સમજાણું આમાં? શેઠી! હા તો પાડવી જ પડે ને આમાં, શું પણ ના ન પાડે તો કાંઈ...

એમ કહ્યું કે છ કારક જે છે એને અનુસારે થતી જે ક્રિયા એટલે 'છે', 'છે' એવો એક ભાવ. ચાલુ એમ નહિ. 'છે' એવો ભાવ. એ આવ્યો ૩૯માં. ભાઈ! ૪૦માં બેય આવ્યા. કારક અનુસાર થવાપણારૂપ ભાવ એટલે એમાં એક ક્રિયા આવી એકલી. ઓલામાં એકલો ભાવ આવ્યો, આમાં એકલી ક્રિયા આવી. અને '**પ્રાપ્ત કરાતો એવો જે સિદ્ધરૂપ ભાવ...**' તેમાં એકલો ભાવ આવ્યો. '**પ્રાપ્ત કરાતો એવો જે સિદ્ધરૂપભાવ...**' એનું કરવું, કર્મ એટલે કાર્યશક્તિ છે એકાર્યશક્તિ વળી અંદર શુદ્ધ અવસ્થાનું પ્રાપ્ત થવું એવો જે ભાવ એના અંદરમાં શક્તિ છે એવો કર્મગુણ એને કાર્યશક્તિ કહેવામાં આવે છે.

'**પ્રાપ્ત કરાતો એવો જે સિદ્ધરૂપ...**' સિદ્ધ એટલે? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિનો જે ભાવ વર્તમાનમાં ચોક્કસ નિશ્ચયપણે છે એને અહીં સિદ્ધરૂપ ભાવ કહ્યો છે. ઓલા સિદ્ધની અહીં વાત નથી. પૂર્ણ સિદ્ધ વખતે એ સિદ્ધ છે ઈ. ત્યારે એ લાગુ પડે. સમજાણું કાંઈ? આત્મામાં વર્તમાનમાં શુદ્ધ અનંત શક્તિની વ્યક્તતાની શુદ્ધપણાનું કાર્ય થાય એવો એ કર્મ નામનો અંદર ગુણ છે. સમજાય છે કાંઈ? આ તો આત્માનો અધ્યાત્મ માર્ગ છે, ભાઈ! સૂક્ષ્મ છે ભાઈ! એ બહારથી કાંઈ મળે એવો નથી અને બહારથી કાંઈ પ્રાપ્ત થાય એવો નથી.

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એક સમયમાં સેકન્ડના અસંખ્ય ભાગમાં, આ શક્તિઓનું વર્ણન ક્રમે છે, ત્યાં શક્તિઓ ક્રમે નથી. શક્તિઓ તો એકસાથે છે. આત્મામાં બધી શક્તિઓ તો એકસાથે છે. વર્ણન શી રીતે કરવું? વર્ણન ક્રમે થાય છે, વસ્તુમાં ક્રમ નથી. એથી કહે છે કે ૪૧માં જે કહ્યું કે પ્રાપ્ત કરાતું એવું કાર્ય એને કર્મશક્તિ કહીએ. હવે આજે કર્તાપણું આવ્યું છે આપણે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કર્તૃત્વ એટલે કે સ્વતંત્રપણે કરે તે કર્તા. આત્મા પોતે કર્તા સ્વતંત્રપણે થઈ એમાં કર્તા નામનો ગુણ છે એથી સ્વતંત્રપણે થઈ સમ્યગ્જ્ઞાનની પર્યાય, સમ્યગ્દર્શનની પર્યાય, સમ્યક્ શાંતિની-ચારિત્રની પર્યાય, સમ્યક્ આનંદની પર્યાય, એ દરેક ગુણમાં કર્તૃત્વને કારણે સ્વતંત્ર તેની પર્યાયને પ્રાપ્ત થાય. સમજાય છે કાંઈ? '**થવાપણારૂપ...**' એવો સિદ્ધરૂપ ભાવ. એ નિર્મળ અનંત ગુણની પર્યાયનું પરિણમન '**થવાપણારૂપ અને સિદ્ધરૂપ...**' અને છે. થતું અને છે. એ બે થઈને બેનો કર્તૃત્વશક્તિમાં અહીં સમાવેશ કર્યો છે. શું કહે છે?

આત્મામાં કર્તા નામનો એવો એક ગુણ છે કે જ્ઞાનનું થવું અને જ્ઞાનનું છે એવું, એવા કર્તાગુણને કારણે એમાં સ્વતંત્ર પર્યાય થાય છે. એ કોઈ દયા, દાનના વ્યવહાર વિકલ્પ હતા માટે આ સ્વતંત્ર થાય છે (એમ નથી). થવું અને છે. એ બધું કર્તા નામની શક્તિને ગુણને કારણે તેનો ગુણ આવો છે. આમાં તો ક્યાંય ૮૦ વર્ષે સાંભળ્યું ન હોય એવું, લ્યો. શેઠી!

મુમુક્ષુ :- કાર્ય તો ભિન્ન ભિન્ન થાય છે.

ઉત્તર :- કાર્ય ભિન્ન ભિન્ન થાય છે, બધાનું એક સમયે થાય છે. બધાનું એક સમયે થાય છે. ભિન્ન ભિન્ન કાળ નથી. કાળ ભિન્ન નથી. કાર્યનો કાળભેદ નથી. કાર્યનો કાળ એક છે છતાં દરેકનું કાર્ય ભિન્ન ભિન્ન છે. સમય એક છે. એક છે ને. ભિન્ન ભિન્ન ક્યાંથી હોય?

મુમુક્ષુ :- એ સ્વભાવ છે.

ઉત્તર :- એ સ્વભાવની જ વાત છે ને. વિભાવની વાત અહીં છે નહિ. વિભાવનો વ્યય એકસાથે થાય એનો પ્રશ્ન અહીં અત્યારે નથી.

અહીંયાં તો સમ્યગ્દર્શનમાં આત્મા અનંત શક્તિસંપન્ન છે એવો અનુભવ પ્રતીત થતાં તેમાં એક કર્તૃત્વ નામનો ગુણ એવો છે કે તે એને પ્રતીતમાં આવ્યો છે, એને લઈને થવારૂપ નિર્મળપર્યાય અને છે ઈ. બસ! એ ક્રિયા ચાલુ છે એમ છે. એ હવે કાર્યનો કર્તા નામના ગુણને લઈને એ કાર્ય થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? થવાપણારૂપ એવો જે સિદ્ધરૂપ ભાવ તેના ભાવકપણામય. જુઓ! તે ભાવના કરવાપણામયી. કર્તૃશક્તિ. આત્માનો કર્તા નામનો ગુણ છે એ ગુણમાં વર્તમાન નિર્મળ અવસ્થાનું થવું અને છે. બસ! બેના કાર્યનું કર્તાપણું કર્તૃત્વગુણને લઈને છે. એક સમયમાં છે. અનંતા ગુણના નિર્મળ પર્યાયનું થવું (અને) છે એ એક સમયમાં છે. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ? એઈ.. ફૂલચંદજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ઓલા પતરામાં ત્યાં કામ આવતું હશે. પતરામાં ત્યાં એમ નહોતા કહેતા કે .. ત્યાં તો કહે, સોંસરવા ઉતરીએ છીએ. રુચિ છે ને રુચિ? એક ફેરી ગયા હતા એના ધંધામાં તો પતરા પાથર્યા હતા બધે. ધંધો હોય એ પાથરે ને. કો'ક લૂગડા પાથરે, કોથળા,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પછી પતરા પાથર્યા. પતરા હતા ને પતરા? શેના હતા? પીત્તળના?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. ત્યાં બધી હુશિયારી કલ્પના હોં! એ કરી શકે નહિ. એ તો અહીં ના જ પાડે છે. પરનો કર્તા તો ત્રણ કાળમાં છે જ નહિ. આત્મા રાગને કરે એવો આત્મામાં ગુણ નથી. એનો પ્રશ્ન અહીં નથી. પરનું કરી શકે, શરીરનું, વાણીનું એ તો વાત ત્રણ કાળમાં છે નહિ. આહાહા..! કારણ કે પ્રત્યેક પદાર્થ પોતાના કાર્ય કર્યા વિના રહેતો નથી. તેથી એના કાર્યને બીજો શું કરે? બરાબર છે? સમજાણું કાંઈ? પ્રત્યેક પદાર્થ પોતાનું કાર્ય (કરે છે). પોતાનું સમજ્યા? અપના. પોતાનું કાર્ય કર્યા વિના રહેતો નથી. કારણ કે પ્રત્યેક પદાર્થની પર્યાય થયા વિના રહેતી નથી. એટલે પ્રત્યેક પદાર્થ પોતાની પર્યાયને કરે કે બીજો એનું કરે એ વાતમાં માલ કાંઈ છે નહિ.

હવે અહીંયાં તો આત્મામાં દયા, દાન, વ્રતાદિ વ્યવહારરત્નત્રયના જે વિકલ્પો છે એનું કરવાપણું આત્માના ગુણમાં છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? વિકારપણે થવું અને વિકારપણે રહેવું. થવું, પરિણમવું અને એમ ને એમ વિકારપણે રહેવું એવો આત્મામાં ગુણ જ નથી, અહીં તો કહે છે. સમજાણું? ફક્ત ભગવાન આત્મા જ્ઞાન, આનંદ આદિ અનંત શક્તિઓનું તત્ત્વ એમ જ્યાં અંતર દૃષ્ટિ કરતાં એ અનંત શક્તિઓનું પરિણમન અંદર ચાલુ રહે ક્રિયારૂપે અને છે. એવો એનામાં કર્તાગુણ નિર્મળ અવસ્થાના કાર્ય કરે એવો કર્તાગુણ છે. સમજાણું કાંઈ? આ વ્યવહારવાળાને તો એવું લાગે. રતનચંદજી તો બહુ લખે છે, વ્યવહાર એ ધર્મ છે અત્યારે. અરે.. સાંભળ ભગવાન! શું કરે છે? ભાઈ! વ્યવહાર ધર્મ ત્રણ કાળમાં ન હોય.

મુમુક્ષુ :- કોઈ કાળમાં નહિ.

ઉત્તર :- ત્રણ કાળમાં ન હોય પછી વળી કયે કાળે હોય? રાગ, વ્યવહાર, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા વિકલ્પ એ ધર્મ ત્રણ કાળમાં નથી. એ તો અધર્મ છે. સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે. ધરમચંદજી! પછી પુણ્ય કહો મીઠી ભાષાથી. શેઠી! પુણ્ય કહો, નિશ્ચયથી એને અધર્મ કહો. તો અધર્મનો કરનાર આત્મા છે? સ્વભાવ છે? આહાહા..! એમાં એ રૂપે થવું કે એ રૂપે પરિણમવું કે એનો કર્તા (થવું) એ આત્મામાં શક્તિ જ નથી. ભગવાન આત્મા અનંત બળનો ધણી, જ્ઞાન, આનંદનો ધણી. એ આનંદને, જ્ઞાનને કરે એવો એનામાં કર્તાગુણ છે. સમજાણું કાંઈ? એ તો દરેક પદાર્થમાં આ ષટ્કારકો છે. આ એકમાં નહિ, પણ આ કર્તા કોણ છે એમ કહેતા હતા ને? એઈ.. મોહનભાઈ! તો કોણ કરે છે આ? એ રજકણોમાં, પ્રત્યેક રજકણમાં કર્તા નામની શક્તિ-ગુણ છે. રજકણમાં. એ રજકણને કારણે તેમાં થતી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ક્રિયાનું અને તેનું પરિણમન થાય છે. જડમાં. આત્માને લઈને નહિ.

મુમુક્ષુ :- પુદ્ગલમાં કર્તા નામનો ગુણ?

ઉત્તર :- હા. એ ઈશ્વર છે જડ. એ જડેશ્વર છે, જડેશ્વર છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- છએ કારક છે એમાં. છએ કારક છે. પ્રત્યેક દ્રવ્યમાં છ કારક શક્તિ પડી છે. એક પરમાણુમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ (કારકો છે). એક એક પરમાણુ આ રજકણ પોઈન્ટ કર્તાગુણથી ત્યાં અનંત ગુણનું પરિણમનનો પર્યાય થાય છે. પરને લઈને નહિ. એ કર્મ નામના ગુણને લઈને કાર્ય ત્યાં થાય છે. કર્તા થાય છે અને આ કાર્ય થાય છે. એ કર્મને લઈને કર્મ નામનો ગુણ છે એનામાં પરમાણુમાં એને લઈને કાર્ય થાય છે. કરણ-અંતરમાં સાધનશક્તિ છે તે વડે પરમાણુનું પરિણમન થાય છે. એ એનું સાધન છે.

એક એક પરમાણુમાં થતી અવસ્થા, બદલતા છતાં અપાદાન ધ્રુવપણે કાયમ છે એ એની શક્તિ છે અને પરમાણુ પોતે એક સમયમાં જે અવસ્થા થાય તે ત્યાં રાખે છે તે સંપ્રદાન છે. એ એક એક પરમાણુના એક એક પર્યાય પોતાને આધારે છે. કોઈને આધારે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! જુઓ આ છે કે નહિ? આ શું કહેવાય આ તમારું? રેકોર્ડીંગનું. એ આ લાકડાને આધારે નથી એમ કહે છે.

મુમુક્ષુ :- કોણ?

ઉત્તર :- એ પરમાણુ.

મુમુક્ષુ :- આ ડાબલી એના આધારે નથી?

ઉત્તર :- બિલકુલ નહિ. એનો એક આ ઉપરનો રજકણ નીચેના રજકણને આધારે નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ લે છે? આ પોઈન્ટ છે ને ઉપલો એક પોઈન્ટ- રજકણ? એ રજકણને નીચલો રજકણ આધાર એમ ત્રણ કાળમાં નથી.

મુમુક્ષુ :- આકાશનો આધાર છે.

ઉત્તર :- આકાશ પણ આધાર નહિ. પોતે પોતાને આધારે ત્યાં ટકીને બદલી રહ્યો છે. કહો. અનંતા કર્તા અનંતા ગુણના અનંતા કર્તા દ્રવ્ય સ્વતંત્ર. આહાહા..! ઓલા કહે, ઈશ્વર કર્તા. એ કાંઈ કર્તા-ફર્તા કોઈ છે જ નહિ. ઈશ્વર તો સર્વજ્ઞ વીતરાગદેવ ત્રણ કાળ ત્રણ લોકને જાણે. કર્તા-ફર્તા છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? 'કર્તા ઈશ્વર કો નહિ ઈશ્વર શુદ્ધ સ્વભાવ.' શુદ્ધ સ્વભાવ પરમાત્મા છે. જ્ઞાતા-દ્રષ્ટા અનંત આનંદનો અનુભવ એ પરમાત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે. એ આત્મસિદ્ધિમાં આવે છે. 'કર્તા ઈશ્વર તે ગણે ઈશ્વર દોષ પ્રભાવ.' આત્મસિદ્ધિ આપી છે ને? મોહનભાઈ! ઓલી ગુજરાતી નહિ? એમાં છે બધું. બહુ વિસ્તાર છે. બેય આપી છે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો આત્માની વ્યાખ્યા ચાલે છે. આત્મા વસ્તુ જે આત્મા એનો એવો ગુણ નથી કે કોઈપણ પરમાણુને, જડને ફેરવે, તોડે, ફોડે, બદલાવે, રક્ષણ કરે, ભાંગે એવો કોઈ (ગુણ નથી). એ સ્વતંત્ર જગતની પરમાણુની પર્યાય તેના કર્તાથી, તેના કાર્યથી, તેના સાધનથી થાય છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! રજકણ પણ એક એક સ્વતંત્ર જડેશ્વર છે. એમ ભગવાન આત્મા વિભાવ ઈશ્વર. એક જડેશ્વર, એક વિભાવ ઈશ્વર. પુણ્ય અને પાપનો વિકલ્પ જે રાગ છે, તેનો જે સ્વામી થાય છે તે વિભાવનો ઈશ્વર સ્વતંત્ર કર્તા થઈને પર્યાયના પરિણમનમાં થઈને વિકાર મારું કાર્ય, વિકારનો કર્તા, વિકાર મારું.. એ પર્યાયના ષટ્ સાધન છે. અજ્ઞાનીના. રાગ, દયા, દાનનો વિકલ્પ તે હું કર્તા, એ મારું કર્મ, એનું હું સાધન, એ હું રહ્યો, એ મારા આધારે રહ્યો, હું થયો, એ બધા બોલો અજ્ઞાનીના વિભાવરૂપ વિકલ્પનો કર્તા છે, તેના પર્યાયમાં ષટ્કારકનું પરિણમન તેનો તે અજ્ઞાની સ્વામી છે. એનો કોઈ કર્મ સ્વામી છે કે બીજો કોઈ સ્વામી છે વિકારનો એમ છે નહિ. આહાહા..! ઓલાએ તો મોટી લીધી છે. કર્મના ઓલા વિના દુઃખ થાય, અપરાધી થાય નહિ. તમે કહો છો કે અપરાધ પોતાની યોગ્યતાથી થાય. એમ શાસ્ત્ર કહેતું નથી. અપરાધ કર્મને લઈને થાય. અરે.. ભગવાન! શું કરે છે તું આ? હજી અપરાધની પણ કબુલાત સ્વતંત્રપણાની તારી પર્યાયબુદ્ધિમાં પણ નથી, એને આ દ્રવ્યમાં સ્વતંત્ર ષટ્કારકનું પરિણમન (થાય) એની પ્રતીતિ એને કોઈ રીતે બેસે નહિ. સમજાણું કાંઈ?

હજી તો પરપદાર્થનું નિમિત્ત આવું હોય, નિમિત્તકર્તા હોય તો ત્યાં થાય. હવે એ તો જ્ઞાન કરાવવા માટે બીજું નિમિત્ત છે એમ વાત છે. કાર્ય કાળે જગતના પદાર્થના કાર્ય કાળે કાર્ય થાય જ છે એમાં. એ કાંઈ નિમિત્ત આવે તો થાય, ન આવે તો ન થાય એવું કાંઈ છે નહિ. આત્મામાં પણ વિકારને કાળે વિકાર થાય પણ એ અજ્ઞાની વિકારની રુચિવાળો એ વિકારના કર્તા-કર્મને માને છે. ધર્મી એને માનતો નથી. આહાહા..!

વ્યવહાર મારું કર્તવ્ય છે, વ્યવહાર કરવો એ મારી ફરજ છે એમ અજ્ઞાની માને છે. જ્ઞાની માનતો નથી. કેમકે આત્મામાં એવો એ કર્તા નામનો શુદ્ધ શક્તિનો એક ગુણ છે કે જેથી અનંત ગુણોનું થવાપણું અને સિદ્ધપણું (અર્થાત્) છે એવી કાર્યની શક્તિ તે કર્તા કારણે થાય છે. સમજાણું કાંઈ? એ કર્તાગુણ દ્રવ્યમાં વસ્યો છે, ગુણમાં છે, પર્યાયમાં પરિણમ્યો છે. તો પર્યાયમાં પરિણમતા અનંત ગુણની અવસ્થા ચાલુ અને અનંત ગુણની અવસ્થા છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એ બેયનો કર્તા એ કર્તા નામનો ગુણ છે. સમજાણું કાંઈ?

'**થવાપણારૂપ...**' એટલે ચાલુ અને '**સિદ્ધરૂપ...**' (એટલે) 'છે' એવો જે ભાવ તેના '**ભાવકપણામયી...**' ઓહોહો..! કેટલું ચોખ્ખું કર્યું છે! એવા ભાવના ક્રિયાનો અને ભાવ એવા '**ભાવના ભાવકપણામયી...**' એવા ભાવના કર્તાપણામયી કર્તૃત્વશક્તિ છે. સમજાય છે કાંઈ? આત્મામાં સમ્યગ્દર્શન થયું એ કાર્ય કર્તૃત્વગુણને લઈને અને શ્રદ્ધાગુણને લઈને પોતાનું કાર્ય થયું છે એમ કહે છે. અને આગળ વધીને ચારિત્ર કાર્ય થાય, ચારિત્ર-વીતરાગતા આત્મામાં વધે સમ્યગ્દર્શન પછી એ પણ કર્તૃત્વગુણને લઈને ચારિત્રગુણ વીતરાગપર્યાયપણે પરિણમે છે. પૂર્વની પર્યાયથી નહિ, નિમિત્તથી નહિ, રાગથી નહિ, સંયોગથી નહિ. સમજાણું કાંઈ? આ ભાષા તો બહુ સાદી છે, ભાવ ભલે ઊંચા છે. પણ ન પકડાય એવી વાત નથી. પણ દરકાર કેટલાકને નહિ. આપણે સમજાય નહિ. પહેલું માંડી વાળ્યું હોય. આપણને આવું સમજાય નહિ. થઈ રહ્યું, એ એને શલ્ય અંદર સમજવા દે નહિ. પણ સમજવા દે નહિ એવો તારો ગુણ નથી અહીં તો કહે છે. ભાઈ! આહાહા..! એઈ..! સમજવા દે નહિ એવો તારો ગુણ જ નથી. સમજાય એવો તારો ગુણ છે એમ કહે છે. આહાહા..! જુઓ તો ખરા. પણ ક્યાંથી માનીને બેઠા?

જ્ઞાનનું જાણવારૂપી પર્યાયનું કર્તૃત્વ, દેખવાનું દેખવારૂપે કર્તૃત્વ, આનંદનું આનંદરૂપે થવાનું કર્તૃત્વ એ બધો ગુણ છે માટે થાય છે. આહાહા..! ઓલા લોકો કહે છે ને સ્વરૂપાચરણ ચોથે ગુણસ્થાને નહિ. મોટી ભૂલ કરે છે. કારણ કે જેટલા ગુણ છે, ચારિત્રગુણ છે શક્તિ ત્રિકાળ, તો એ ગુણની પણ સમ્યગ્દર્શન થતાં સર્વગુણાંશ તે સમકિત-બધા ગુણોનો અંશ નિર્મળ ન થાય, ચારિત્રગુણનો નિર્મળ ન થાય અને શ્રદ્ધાનો થયો તો એ ભેદ પડી ગયો, એમ વસ્તુ હોઈ શકે નહિ. કર્તા નામના ગુણને લઈને ચારિત્રગુણ પણ સમ્યગ્દર્શન થતાં સ્વરૂપની સ્થિરતાના અંશરૂપી કાર્ય ચાલુ રહે, અને છે એવો કર્તા નામના ગુણને લઈને ચારિત્રમાં હોય છે. ચોથે ગુણસ્થાને હોય છે. દ્રવ્યની ખબર ન મળે, ગુણની ખબર ન મળે અને વાતું એકલી શબ્દોથી કરવી કે આમ હોય ને તેમ હોય ને વાદ ને વિવાદ ઝઘડા. આ કર્તૃત્વ... અનંત ગુણ છે એમાં એક ગુણનું કાર્ય થાય શ્રદ્ધાનું અને ચારિત્રગુણનું ન થાય એમ કેમ આવે?

ચારિત્રગુણ નામનો ગુણ છે આત્મામાં. વીતરાગતા હો. સમસરસ એવો ગુણ છે. હવે એ સમરસની અંદર કર્તૃત્વશક્તિ છે. હવે આખા ગુણીની દૃષ્ટિ થતાં એ ચારિત્રગુણનું પરિણમન સાથે ન થાય તો કર્તૃત્વગુણે અને ચારિત્રગુણે કર્યું શું? સમજાણું કાંઈ? ભારે વાત. આ સમજવું, સમજવું ને સમજવું. આ તો બધું એવું આવે છે. પણ તું જ્ઞાન છો, બીજું છો

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


શું ત્યાં? રાગ નથી, શરીર નથી, પુણ્ય નથી, તું કાંઈ છો નહિ. તું તો જ્ઞાનસ્વરૂપ અનંત ગુણનો પિંડ છો ભાઈ! આહાહા..! સમજાણું આમાં. આનંદનો ગુણ પણ સાથે કર્તા થઈને પરિણમે. સમ્યગ્દર્શન થતાં આખી દ્રવ્યદૃષ્ટિ થઈ તો દ્રવ્યમાં જેટલી શક્તિઓ છે એ બધાનું વ્યક્તપણે, વ્યક્તપણે પ્રગટપણે બાહ્યમાં અવસ્થાપણે થાય ત્યારે તો તેણે કર્તાગુણે કાર્ય કર્યું અને કર્તાગુણ પ્રતીતમાં લીધો અને કર્તાગુણવાળો દ્રવ્ય પ્રતીતમાં લીધો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

સ્વતંત્રપણે કરે તે કર્તા. એવી વ્યાખ્યા લીધી. સમજાણું? સિદ્ધમાં પણ કર્તાગુણ છે તો સ્વતંત્રપણે ત્યાં પોતાની પર્યાયને કરીને પરિણમે છે. સમજાણું આમાં? સિદ્ધ ત્યાં રહ્યા છે માટે ધર્માસ્તિ આગળ નથી માટે એટલી પરતંત્રતા છે (એમ) ત્રણ કાળમાં નથી. સમજાણું કાંઈ? એનામાં પણ સ્વતંત્ર કર્તાગુણને લઈને બધી પર્યાયોનું ત્યાં રહેવાનું આદિ જે ગુણની પર્યાય છે, સ્થિત રહેવાની, એ ગુણની પર્યાયનો કર્તા સ્વતંત્રપણે કર્તા થઈને કરે છે. ધર્માસ્તિ નથી માટે ઊંચે નથી જઈ શકતા એટલી પરતંત્રતા છે, ત્રણ કાળમાં નહિ. વાંધા, વાંધા તે વાંધા. ઉપર ધર્માસ્તિ નથી માટે એટલી સિદ્ધને પણ પરતંત્રતા (છે). સમજાણું કાંઈ?

કર્તામાં પાછું એ આવ્યું કે નહિ? પ્રભુત્વશક્તિ ભેગી છે. પરમ પ્રતાપથી સ્વતંત્રતાથી શોભાયમાન એવી પ્રભુત્વશક્તિ કર્તાપણામાં સાથે રહી છે. સમજાણું કાંઈ? આહાહા..! કહે છે, પરમેશ્વરપણું પર્યાયમાં આવ્યું. પામરતા નહિ રહે. પામરતા છે નહિ. પામરતાપણે રહેવું એવો એનો ગુણ નથી. પ્રભુતાના સામર્થ્યથી પ્રભુ પોતે પોતાના કર્તાપણે થઈ, પ્રભુપણાની અનંત ગુણની પ્રભુપણાની અખંડ પ્રતાપવંત અને સ્વતંત્ર શોભિત એવા થવાપણારૂપ અને સિદ્ધરૂપ ભાવનો એ કર્તાગુણ છે. સમજાણું કાંઈ? જરી ધ્યાન રાખે તો સમજાય એવું છે. ન સમજાય એવું નથી કાંઈ.

જે વાત જે રીતે અંદરથી આવે છે એ રીતે એને સમજવી જોઈશે. ભાષામાં પણ અમુક આવે પણ એને ખ્યાલ શું છે એ આશય છે એમ જાણવું જોઈશે ને? કહો! ત્યારે એણે આત્મા જાણ્યો. આવો આત્મા છે કે જેમાં કર્તૃ નામનો ગુણ છે તેથી તેના અનંત ગુણની પર્યાયની ક્રિયા થાય તેના ભાવરૂપ છે. એવો આત્મા છે. એવા આત્માને બીજી રીતે કંઈ પણ અંશે ફેરફાર માને તો એણે આત્મા માન્યો નથી. મૂળ રાજા જ માન્યો નથી એણે તો. આહાહા..! આત્મા માન્યો નથી તો પછી એને દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય એ બધું જ્ઞાન એને સાચું હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? સ્વને જ્યાં બરાબર જાણ્યો નહિ એ પરને જાણે એમ ત્રણ કાળમાં બની શકે નહિ.

'**થવાપણારૂપ...**' હોવાપણારૂપ અને થવાપણારૂપ '**અને સિદ્ધરૂપ...**' એવો ભાવ તેના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભાવકપણું. તે ભાવના કરવાપણું. એ મયી, ભાવમયી પાછી અભેદ લીધી ને? કર્તૃત્વશક્તિ. બહુ ટૂંકા શબ્દોમાં પણ ઓહોહો..! સમજાણું? ભગવાનમાં એક કર્તૃત્વશક્તિ અભેદપણે છે એમ કહે છે. આત્મામાં આ કર્તૃત્વશક્તિ જુદી અને આ ફલાણું એમ કાંઈ જુદું નથી. એ તો કર્તૃશક્તિમય છે. જુઓને! '**ભાવકપણામયી કર્તૃશક્તિ.**' છે. સમજાણું કાંઈ? કોઈનું ભલું કરી દે એવો આત્મામાં ગુણ નથી એમ કહે છે. તીર્થંકરો કરી દે નહિ ભલું બીજાને? એવો ગુણ નથી. એનો ગુણ પોતામાં થવારૂપ અને રહેવારૂપ, ભાવરૂપ છે એવો એનામાં ગુણ છે. બીજાનું કરી દેવું એવો એનામાં ગુણ છે જ નહિ. ઓલામાં લખ્યું છે ને? તીર્થમાં લખ્યું છે હોં! ધર્મ કર્તા.. પહેલા તીર્થમાં નથી પ્રવચનસારમાં? એ જ્ઞાનપ્રધાન કથનથી. ધર્મના કર્તા પોતે લીધા છે. એ કર્મપણું. તીર્થમાં એમ નથી. તીર્થમાં. છે કે નહિ? ધર્મના કર્તા પોતે છે. પણ ... એમ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. .. છે. જુઓ! કેટલામી છે એ? તીર્થના કર્તા એમ ને? જુઓ આ (પ્રવચનસાર-ગાથા-૧થી૫). '**તીર્થપણાને લીધે જે યોગીઓને તારવાને સમર્થ છે.**' લ્યો! જુઓ! તમે કહો કે તારવામાં સમર્થ નહિ અને અહીં આવ્યું છે. એઈ..! એ તો પછી યાદ આવ્યું. એ તો નિમિત્તથી વાત કરી છે. જુઓ! '**તીર્થપણાને લીધે જે યોગીઓને તારવાને સમર્થ છે. ધર્મના કર્તા હોવાથી જે શુદ્ધસ્વરૂપપરિણતિના કરનાર છે,...**' જુઓ! કર્તા તો પાછું આ આવ્યું. એ કર્તા એ આવ્યું. પરમેશ્વર કેવળજ્ઞાની પણ ધર્મના કર્તા એમ કહ્યું. જુઓ! ધર્મના કર્તા હોવાથી એ ભગવાન પોતાની શુદ્ધ પરિણતિની ક્રિયાના કરનાર છે. સમજાણું કાંઈ?

પરમેશ્વરતામાં એમ લીધું. જુઓ! '**જે સુરેન્દ્રો, અસુરેન્દ્રો અને નરેન્દ્રોથી વંદિત હોવાથી ત્રિલોકના એક (અનન્ય, સર્વોત્કૃષ્ટ) ગુરુ છે,...**' જ્ઞાન કરાવે છે નિમિત્તનું. લ્યો, અહીં કહે કે કોઈ કોઈનો ગુરુ નહિ અને આ કહે કે ત્રિલોકના ગુરુ છે. એઈ..! સમજાણું કાંઈ? આત્મા આત્માનો ગુરુ. આત્માનો ગુરુ બીજો હોય નહિ. આ નિમિત્તથી, સર્વજ્ઞ પરમેશ્વર બધાને જાણનાર ત્રણ કાળ જાણે છે અને એવી વાત જ્ઞાન, વાણીમાં આવી અને જે સમજવાના ઉપાદાનવાળા સમજે છે એને અહીં ગુરુ તરીકે, નિમિત્ત તરીકે, જ્ઞાન કરાવવા માટે વાત કરી છે. ગુરુ છે. '**ઘાતિકર્મમળ ધોઈ નાખેલ હોવાથી જેમને જગત પર અનુગ્રહ કરવામાં સમર્થ એવી અનંતશક્તિરૂપ પરમેશ્વરતા છે,...**' ભાઈ! જુઓ આવ્યું આમાં. .. જોઈએ ને? જુઓ. આ જ્ઞાનપ્રધાન કથન છે ને? બેનું સાથે જ્ઞાન કરાવ્યું. અહીં દૃષ્ટિપ્રધાન કથનમાં એકલો આત્મા (કહે છે).

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- ઓલા ભગવાનનું સામર્થ્ય છે.

ઉત્તર :- એ નિમિત્તથી જ્ઞાન કરાવ્યું છે. એ પરમેશ્વરમાં જ એવી શક્તિ છે કે જે સામે તરે ત્યારે નિમિત્ત થવાની શક્તિ એનામાં જ છે. સમજાણું કાંઈ? આપણે અહીં કર્તામાં આ બેય લીધું સાથે. વળી યાદ આવી ગયું કુદરતે. ભાઈ! આમાં આમ છે ને. એથી કહે છે કે હું કોણ છું? '**હું આ સ્વસંવેદનપ્રત્યક્ષ દર્શનજ્ઞાનસામાન્યસ્વરૂપ છું.**' હું ભગવાનને વંદન કરનારો પણ હું કેવો છું? હું કોણ? હું તો સ્વસંવેદનપ્રત્યક્ષ-મારા અનુભવથી પ્રત્યક્ષ છું એવો હું આત્મા છું. અને દર્શનજ્ઞાનસામાન્યસ્વરૂપ છું. દેખવું-દેખવું એવું મારું સ્વરૂપ છે. એમ કુંદકુંદાચાર્ય ભગવાનને વંદન કરતાં પહેલાં આ વાત કરે છે. પ્રવચનસાર. પહેલી પાંચ ગાથા. હવે આ પ્રવચનસાર આવે તો... વાત સાચી. આ જેઠ બીજે આવવાનું છે ને? કરવાનું છે કે નહિ નક્કી? એઈ..! ભાઈ ક્યાં ગયા? નક્કી કર્યું કે નહિ પાછું તમારું? જેઠ બીજે આવશે કે નહિ છપાઈને? ૨૦૦-૩૦૦.. હમણાં છપાવી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ ૨૦૦-૩૦૦ આવે તો સૌના હાથમાં આવે ત્યારે શરૂ કરીએ.

મુમુક્ષુ :- તે દી મુહૂર્ત કરી દેવું.

ઉત્તર :- મુહૂર્ત કરી નાખવું. ઠીક છે, બહેનનો જન્મ દિવસ છે ને? અને મુહૂર્ત કરવું. ઓલા મુંબઈવાળા આવવાના છે. એઈ..! તમારા મુંબઈવાળા આ બેઠા મુંબઈના પંડિત. તમારો કાગળ આવ્યો આવડો મોટો લાંબો. ૮૦ની સહી કરીને. એ કહેતા હતા આપણે ક્યાં કાગળ.. ૮૦મી જન્મજયંતિ ત્યાં અમારે કરવાની છે એમ કહેતા હતા. કોને ખબર કાલની. 'આજનો લ્હાવો લીજીએ રે કાલ કોણે દીઠી' ગાય છે ને? આવે છે કે નહિ ભક્તિમાં? એઈ..! મોહનભાઈ! શું? 'આજનો લ્હાવો લીજીએ રે કાલ કોણે દીઠી?' એમ નથી આવતું? આહાહા..!

આત્મા આનંદમૂર્તિ જ્ઞાનાનંદ છે તેનો લ્હાવો વર્તમાનમાં લઈ લે. આહાહા..! એવું આવે છે હોં! આ બધું સાંભળેલું ઘણું ને વૈષ્ણવનું બહુ સાંભળેલું હોં ત્યાં. અમારે રહેતા. લાતીમાં રહેતા. ભજન કરાવતા તો જઈએ ત્યાં દરરોજ. 'આજનો લ્હાવો લીજીએ રે કાલ કોણે દીઠી છે?' કાલે કોણે દીઠી, ઓલો શબ્દ મેળ ખાય ને. આવી સ્થિતિનું કાલે શું થાશે? આપણે તો વર્તમાન કરવું. એમ. વર્તમાનની જ વાત છે ને અહીં.

અહીં કર્તાશક્તિ વર્તમાનપણે પરિણમે છે. આહાહા..! મૂળ પાઠમાં કેટલું નાખ્યું! '**તીર્થપણાને લીધે જે યોગીઓને તારવાને સમર્થ છે...**' અને જગત ઉપર.. '**ઘાતિકર્મમળ ધોઈ નાખેલ હોવાથી જેમને જગત પર અનુગ્રહ કરવામાં સમર્થ એવી અનંતશક્તિરૂપ પરમેશ્વરતા છે..**' હિતોપદેશમાં નિમિત્તપણું છે મૂળ તો. હિતોપદેશ આ છે ને. ....

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. ના. ધોઈ નાખ્યા. પોતાનું સ્વરૂપ અંદર પ્રગટ થયું છે. સર્વજ્ઞ પરમેશ્વર પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ એ પોતાના કર્તાગુણથી જ પ્રગટ કર્યું છે. સમજાય છે? સ્વયંભૂ પોતે થયા છે. પોતાથી પોતે અનંત જ્ઞાન, દર્શન, આનંદને પ્રાપ્ત થયા છે. સમજાણું કાંઈ? લ્યો! એ કર્તાગુણ (થયો).

હવે સાધનગુણ. હવે સાધકપણું. આ લોકો રાડ્યું પાડે છે કે નહિ? કે સાધક અને સાધ્ય. મોટા વાંધા એમાં છે. વ્યવહાર સાધક અને નિશ્ચય સાધ્ય. પંચાસ્તિકાયમાં છે, દ્રવ્યસંગ્રહમાં છે, લ્યો બધે ઠેકાણે છે. અહીં તો કહે છે કે ભગવાન! સાંભળ તો ખરો. એ સાધકપણું જે છે સાધનપણું એ તારો ગુણ છે.

મુમુક્ષુ :- ઓલું સાધન?

ઉત્તર :- ઓલું સાધન તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું કે આવું થાય ત્યારે સાધકપણું કોનું હતું એનું જ્ઞાન કરાવ્યું છે. આહાહા..! ગુણ છે ને? આહાહા..! સમજાણું કાંઈ? બહુ રાડ્યું પાડે લોકો હોં! બધા પંડિતો ને બધા. કે સાધન કહ્યું છે ને? વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય. સુવર્ણ અને સુવર્ણ પાષાણની જેમ. પંચાસ્તિકાયમાં છે. એય.. બ્રહ્મચારીજી! પંચાસ્તિકાયમાં છે. શક્તિ છે. સુવર્ણપાષાણ અને સુવર્ણની જેમ. લ્યો!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અહીં ક્યાં છે? એ તો કહે છે, નથી. એ તો આ સાધકપણે... પોતામાં સાધક નામનો ગુણ છે. જુઓ. શું?

'**ભવતા ભાવના ભવનના સાધકતમપણામયી (-ઉત્કૃષ્ટ સાધકપણામયી, ઉગ્ર સાધનપણામયી) કરણશક્તિ.**' આત્મામાં કરણશક્તિ નામ સાધનશક્તિ છે. પોતાના પરિણમન દ્વારા પોતાનું કાર્ય પોતે કરે છે. પર અને રાગના પરિણમનથી પરિણમન કરે છે એમ છે નહિ. આહાહા..! ૪૨ શક્તિ. ૪૩ શક્તિ આવી. ૪૩. ૪૩ શક્તિમાં શું કહે છે? આત્મામાં એક કરણ નામનો ગુણ છે અનાદિ. એ ગુણને કારણે.. જુઓ! છે ને? '**ભવતા ભાવના ભવનના...**' થતાં ભાવનું થવું. એનું સાધકપણું, એના પરિણમનનું સાધકપણું. એનું સાધન કોણ? કે સાધન એનો ગુણ. આહાહા..! સમજાવે ને, આવે છે ને એમાં. કરણ કોણ? કર્તાને કરણ હોય ને. ફલાણું હોય ને. મોક્ષ અધિકારમાં. કર્તાને કરણ હોય, કરણ એનું પ્રજ્ઞાછીણી તે કરણ. એ દ્વારા પોતે કામ કરે છે. એને રાગ ને નિમિત્ત ને વ્યવહાર ને જે સાધન કહ્યા છે એ તો આ સાધન થયું છે ત્યારે ઓલું એક નિમિત્તનું જ્ઞાન કરાવવા વાત કરી છે. બાકી રાગની મંદતાના વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય એ યથાર્થમાં છે નહિ. એ વ્યવહારનયનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વાક્ય છે. શું કહ્યું સમજાણું આમાં? વ્યવહાર દયા, દાન, વ્રતના વિકલ્પ છે એ સાધન અને નિશ્ચય નિર્વિકલ્પ સાધ્ય એ તો વ્યવહારનયનું કથન છે. વાસ્તવિક તત્ત્વનું કથન નથી. સમજાણું કાંઈ?

થવાપણારૂપ એવા વર્તતા ભાવના, થતા ભાવના. જુઓ! થતો ભાવ કોણ? કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, આનંદ આદિ જે દશા. એવા '**ભાવના ભવનના (-થવાના) સાધકતમ...**' સાધકતમ છે. સાધક, સાધકતર, સાધકતમ એમ છે ને? સાધક, સાધકતર અને સાધકતમ. સાધકતમ. ત્યારે કહે, બીજું સાધક છે કે નહિ? અહીં સાધકતમ કહ્યું છે. એઈ..! બીજા સાધક હોય અને આ સાધકતમ હોય. સાધકતર હોય બીજા લ્યોને ભાઈ! ના. ના. અહીં નથી. નથી એને કહેવું એનું નામ વ્યહાર છે. નથી એને કહેવું કે વ્યવહાર સાધન અને નિશ્ચય (સાધ્ય), નથી એને કહેવું એનું નામ વ્યવહાર છે. આ છે તેને જાણવું એનું નામ નિશ્ચય છે. આહાહા..! સમજાણું કાંઈ?

એમ કહે છે કે આત્મામાં શુદ્ધિ વીતરાગતા નિશ્ચય પ્રાપ્ત થાય. ત્યારે તેને વ્યવહાર સાધનથી નિશ્ચય પ્રાપ્ત થાય એમ કહે છે કેટલાક. શુભયોગ સાધન છે અને એનાથી નિશ્ચય પ્રાપ્ત થાય. શુભયોગ ઉપાદાન છે અને શુદ્ધ તે ઉપાદેય છે. જૂઠ વાત છે. એમ છે નહિ. સમજાણું કાંઈ? અરે..! અનુભવપ્રકાશમાં બોલ લીધા છે ને. લ્યો કહો ઠીક! સાધક-સાધ્ય, સાધક-સાધ્ય. એ બધા વ્યવહારની વાતું છે. સાંભળ તો ખરો. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... એને કહેવાય. એ પરાણે કરાવે છે એમ નહિ એમ પણ કહ્યું છે ને. પૂર્વનો ભાવ છે અને આ કરાવે છે એમ છે નહિ. એ તો આ ભાવ હતો એના પછી આ થયો માટે એને સાધક કહેવામાં આવે છે. બાકી એને લઈને થયો છે એમ નથી. અંદર થશે એમ લખ્યું આત્માવલોકનમાં તો. સમજાણું કાંઈ?

ભગવાન આત્મામાં એક કરણ નામ સાધક નામની શક્તિ છે કે જે પોતાના કારણે પરિણમન નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, આનંદનું પોતાના જ કારણે સાધન થઈને પરિણમનનું કાર્ય કરે છે. એના સાધનમાં બીજા સાધનની બિલકુલ જરૂર નથી. કહો, સમજાણું આમાં? આ તો કહે, અરે..! ભગવાનની ઉપાસના પણ સાધન નહિ? એય.. ભગવાનજીભાઈ! ભગવાનની ઉપાસના, ભગવાનની જાત્રા એ બધા સાધન નહિ? સાંભળને હવે. સાધન નહિ. બ્રહ્મચારીજી! એ સાધન નહિ. સાધન તો પોતામાં સાધક નામનો કરણ નામનો ગુણ છે. એ ગુણને કારણે આત્મા સાધકપણાની ક્રિયામાં વર્તમાન શુદ્ધપણાના પરિણામે પરિણમે છે. નિમિત્તને કારણે કે રાગને કારણે છે નહિ. રાગ છે ક્યાં એમાં? આ તો છે, આ તો છે. નિમિત્ત અને રાગ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આત્મામાં નથી. ભગવાનના દર્શન કરે એમાં શુભભાવ થાય એ સાધક થાય એમ નથી એમ કહે છે. એય.. ભગવાનજીભાઈ! ભારે વાત, ભાઈ! લાખો-કરોડો રૂપિયાના દાન આપે અને એવો શુભભાવ છે. કરોડોના દાનમાં શુભભાવ થાય. શુભભાવ છે. એ શુભભાવ પણ ધર્મનું સાધન નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અનાદિથી લાગ્યો છે અજ્ઞાનીને. વિપર્યાસ લાગ્યો છે...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ વિપર્યાસ છે. કારણવિપર્યાસ આદિ બધું એમાં છે. ત્રણે આવી ગયા. કારણવિપર્યાસ છે, સ્વરૂપવિપર્યાસ અને ભેદાભેદ વિપર્યાસ. ત્રણે છે. આહાહા..! ભારે વાત ભાઈ! સમજાય છે કાંઈ?

આત્મામાં કેવળજ્ઞાન થવાના સાધનમાં એનો કરણ નામનો ગુણ છે માટે કેવળજ્ઞાન થાય છે એમ કહે છે. આત્મામાં ચારિત્રની વીતરાગી પર્યાય થાય એમાં સાધન, સાધન? કે સાધન એનો કરણગુણ છે માટે વીતરાગી પર્યાય થાય છે. વ્યવહાર પંચ મહાવ્રતાદિના પરિણામ છે માટે સાધન થઈને ચારિત્ર થયું છે એમ વસ્તુમાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કાંઈક તો દોકડો રાખો સાધનનો બહારનો. પણ તારામાં પરિપૂર્ણ સાધક નામનો ગુણ અસંખ્ય પ્રદેશે વ્યાપ્યો છે. સમજાણું? અસંખ્ય પ્રદેશમાં સાધક નામનો ગુણ વ્યાપ્યો છે અને દરેક ગુણમાં એ સાધકપણાને કારણે દરેક ગુણ પોતાનું પરિણમન કાર્ય કરી રહ્યું છે. આહાહા..! કારણ કે સાધકગુણ અનંતા ગુણમાં વ્યાપ્યો છે. અસંખ્ય પ્રદેશમાં વ્યાપ્યો છે એમ અનંત ગુણમાં વ્યાપ્યો છે. એમ અનંત ગુણને એ સાધકગુણ નિમિત્ત છે. એક એક ગુણમાં સાધકપણું છે. એમ. જ્ઞાન પોતાના સાધકપણે થઈને જ્ઞાન પરિણમે છે શુદ્ધ. કેવળજ્ઞાન થવામાં પૂર્વની જ્ઞાનની પર્યાય સાધક નથી એમ કહે છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન થવામાં મોક્ષનો માર્ગ સાધન નથી એમ કહે છે. એઈ..! શું કીધું? વ્યવહારરત્નત્રય તો સાધક નથી પણ મોક્ષમાર્ગની જે પર્યાય છે એ મોક્ષને માટે સાધક નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. એ તો વ્યવહાર છે. પૂર્વપર્યાયનો વ્યય થાય છે એ તો સાધક નામનો ગુણ છે તેને કારણે પરિણમન થાય છે. પૂર્વની મોક્ષમાર્ગની પર્યાયથી મોક્ષ થાય છે એમ છે નહિ. આહાહા..! અહીં તો વર્તમાન લેવું છે ને સીધું.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સાધક નામનો ગુણ જ્ઞાનનો એ જ્ઞાનના કેવળજ્ઞાનરૂપે પરિણમે છે એ સાધક થવાને કારણે ગુણને કારણે થવારૂપ ભાવ થાય છે. એમ ક્ષાયિક સમકિતની પર્યાય, એમાં સાધક નામના ગુણને કારણે ક્ષાયિકસમકિતરૂપે થાય છે. પોતે ક્ષયોપશમ પૂર્વે હતું માટે થાય છે એમ નહિ, ભગવાનની સમીપે છે માટે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ગજબ વાત છે ને પણ.

અનંતા ગુણમાં એ સાધક નામનો ગુણ વ્યાપ્યો છે. તો કહે છે કે અનંત ચતુષ્ટય જે થયા કેવળજ્ઞાનમાં એ અનંત ચતુષ્ટય થયા એ કરણ નામના ગુણથી પરિણમન સાધન થઈને થયા છે. કોઈ વ્યવહાર હતો માટે થયો છે, પૂર્વની પર્યાય હતી માટે થઈ છે એમ છે નહિ. સમજાણું કાંઈ? આવું સત્ય છે. એ રીતે ન માને તો એણે આત્માને માન્યો નથી. આહાહા..! પોતાના અનંત ગુણની નિર્મળ પર્યાયનું સાધનરૂપે પોતાને થવું, પોતે થવું એવો એનો ગુણ છે. હવે એવો ગુણવાળો ન માનતા અને બીજા સાધનથી થાય એવો માનવો એણે આત્મા જ માન્યો નથી. આત્મા જાણ્યો નથી અને એણે આત્મા માન્યો નથી. અને આત્મા માન્યો નથી એટલે બધું મિથ્યાત્વ માન્યું છે. આહાહા..! સમજાણું કાંઈ?

ક્ષણે ને પળે જે જે નિર્મળ પર્યાય ત્યાં થાય તેનું સાધકપણું અંતર પડ્યું (છે) એને લઈને થાય છે. એ છતાં એને એમ અભિપ્રાયમાં રહે કે આ કાંઈક દયા, દાનના વિકલ્પ આ કરું છું ને થાય છે ને માટે આ ટકે છે. કહે છે, કે દૃષ્ટિ મિથ્યાત્વ છે. તને ગુણની શ્રદ્ધા નથી. ગુણીની અને ગુણની શ્રદ્ધા નથી. ગુણી એવો આત્મા અને એમાં કરણ નામના ગુણવાળો આત્મા એની તને શ્રદ્ધા નથી. સમજાણું કાંઈ? ઓહોહો..! એક એક ગુણથી ગજબ કામ કર્યું છે!

**'ભવતા (-વર્તતા, થતા) ભાવના ભવનના (-થવાના) સાધકતમ...'** તે ક્રિયાની પરિણતિ શુદ્ધ નિર્મળાનંદ આદિ અનંત ગુણની દશા, એનું સાધકપણામયી એવો એક કરણ નામનો ગુણ છે. કારણ એનામાં ઈ છે. કરણ છે. એ પરિણમન કરણ કરાવે છે. એ શુદ્ધ વર્તમાન દશાના સાધનમાં એ સાધનગુણ છે. ઓહોહો..! ભગવાન આત્માને બીજા વ્યવહાર સાધન હોય તો આ સાધન નામના ગુણનું પરિણમન થાય એમ ગુણમાં નથી, એમ એની પર્યાયમાં નથી. કારણ કે સાધન નામનો ગુણ પોતે દ્રવ્ય-ગુણમાં પરિણમ્યો છે. એની નિર્મળ પર્યાયનું સાધન પણ એ પોતે પર્યાય છે. પર છે નહિ. સમજાણું કાંઈ? જુઓ! આમાં એટલું ભર્યું છે હોં! એઈ... જીતુ! આમાં થોડુંઘણું નથી. ત્યાં તો તમારે થોડુંઘણું સમજાવે મોટું લાંબુ લપસિંદર કરીને. આ તો બધું અંદરમાં ભર્યું છે આની અંદર. હડતાલુ પાડે ને ઓલું પાડે. અહીં તો હડતાલ જ છે પરની, કહે છે. પરથી કાંઈ આત્મામાં થાય નહિ એવી હડતાલ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે. આહાહા..! અરે..! એવા ભગવાનનો એને ભરોસો નથી આવતો.

વર્તમાનમાં નહિ થતી પર્યાય અને અભાવ વર્તમાનમાં છે એવો ભાવ થશે, એ ભાવઅભાવનો અહીં ભાવ થશે એનું સાધકપણું પોતાને કારણે થશે. વર્તમાન પર્યાયમાં સમકિત આદિ છે અને ચારિત્ર આદિ નથી અને કેવળજ્ઞાન નથી. તો કહે છે કે કેવળજ્ઞાન અને ક્ષાયિકસમકિત કે ચારિત્ર પર્યાયનો જે વર્તમાન સમ્યગ્દર્શન પર્યાયમાં અભાવ છે એ ભાવમાં ઓલો અભાવ છે પછીની પર્યાય. એ અભાવનો અહીં ભાવ થશે. અભાવનો ભાવ થશે એવી કરણશક્તિ દ્વારા સાધન ત્યાં થશે. સમજાણું કાંઈ? બહુ મનન કરે વિકલ્પથી માટે આમ કરે, માટે એની પર્યાય ભવિષ્યની નથી થઈ એ અહીં આવશે, એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શું કહે છે?

ફરીથી. એમ કે બહુ વિકલ્પથી ચિંતવન કરે, મનન કરે તો ભવિષ્યની પર્યાય નથી તે આવે એમ નથી. એનામાં એ ગુણ જ એવો છે અભાવભાવ નામનો, ભાવઅભાવ નામનો અને અભાવભાવ નામનો. ભાવનો અભાવ થાય અને અભાવનો ભાવ (થાય) એવો એનો ગુણ છે. આહાહા..! સમજાણું કાંઈ? એને એમ કે વિકલ્પ આમ કરીએ અને એક પુરુષાર્થને જુદો પાડીએ, આમ કરીએ તો થાય. એવું એના સ્વરૂપમાં છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ જુઓને! આહાહા..! 'એવો માર્ગ વીતરાગનો...'

મુમુક્ષુ :- ભાખ્યો શ્રી વીતરાગ.

ઉત્તર :- 'ભાખ્યો શ્રી વીતરાગ' આવો. ઓલો તો કહે, ... એવો માર્ગ .. થાશે એમ નહિ. આવો માર્ગ ભાખ્યો વીતરાગે. કેવળી છદ્મસ્થનો વિનય કરે એમ ભાખ્યું વીતરાગે. ના, એ વીતરાગે ભાખ્યું નથી. એય..! એમાં ફેરફાર બહુ નીકળે આમાં. એઈ.. દેવાનુપ્રિયા! શ્રીમદ્‌માં ભૂલ હોય? એમ કહે. આપણે એની ભૂલ ન સ્વીકારવી. એ તો આવી જાય. એમાં શું છે?

કેવળજ્ઞાન પામ્યા હોય અને ગુરુ છદ્મસ્થ હોય તો શિષ્યે ગુરુનો વિનય કરવો. કહે છે કે એ પર્યાયમાં કેવળીને પર્યાય જ એવી ન હોય કે પરનો વિનય કરવો એવો ભાવ ન હોય. એ તો વિકલ્પ છે. સમજાણું કાંઈ? પહેલા વીતરાગ થયા પછી કેવળી થયા છે. બારમે ગુણસ્થાને પહેલી વીતરાગતા પોતાના કરણગુણથી થઈને થઈ. અને પછી પણ કેવળજ્ઞાન પણ પોતાના કરણ સાધનથી થયું. પૂર્વે વીતરાગતા હતી માટે કેવળ થયું એમ પણ નહિ અહીં તો કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

અનંત આનંદ પ્રગટ્યો. કહે છે કે પૂર્વે થોડો આનંદ હતો એના સાધનથી પ્રગટ્યો એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે? કે ના. એની પર્યાયથી પ્રગટે એવી વસ્તુ જ નથી. એનામાં ગુણ છે કરણ નામનો. એથી થોડો આનંદ હતો એમાંથી વિશેષ આનંદનું વર્તમાન પરિણમન થાય એ એના કરણ નામના ગુણથી વર્તમાન આનંદ વિશેષ થાય છે. કોઈ વ્યવહારથી કે આ સંહનન એને હતું, વજ્રનારાચ સંહનન હતું તો કેવળજ્ઞાન થયું. ના. કોણે કહ્યું તને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. કરણગુણ હતો માટે થયું, એમ કહે છે. મનુષ્યપણું હતું માટે કેવળજ્ઞાન થયું. કોણે કહ્યું? એવો ક્યાં ગુણ છે આત્મામાં? કે પરને લઈને છે એવો ગુણ છે? એનામાં તો કરણગુણ પોતામાં પડ્યો છે. પોતાના કરણગુણથી સીધું કેવળજ્ઞાન પરની અપેક્ષા રાખ્યા વિના (થાય) એવો તો એનો ગુણ છે. કહો, મોહનભાઈ! આ જગતમાં તો ચડતી-પડતી થાય પુણ્ય-પાપને લઈને. અહીં ચડતી-પડતી ન થાય એમ કહે છે. ઓલા શું કહે છે? ચડતી-પડતી છાયા. ચલતી-ફિરતી છાયા. ચલતી ફિરતી. ઘડીકમાં પાંચ-દસ લાખ, પચાસ લાખ દેખાય અને વળી પચાસ લાખ ઘટી જાય. એ તો બધી છાયા છે. અહીં વધે-ઘટે નહિ. અહીં તો નિર્મળ પર્યાયનું સ્વતંત્ર થવું થયા જ કરે. થયા જ કરે અને છે, થયા જ કરે અને છે. આહાહા..! નિર્મળ પર્યાયની ક્રિયા ચાલુ રહે અને છે. એવો જ એનામાં ગુણ છે. આહાહા..! એવો આત્મા માને, અનુભવે ત્યારે આવો આત્મા માને. પછી સમ્યગ્દૃષ્ટિને એમ રહેતું નથી કે આ વ્યવહાર હતો માટે હું આગળ વધ્યો. એમ માનતો નથી. બહુ વિનય કર્યો ભગવાનનો માટે અહીં જ્ઞાન પ્રગટ્યું, વિનયથી જ્ઞાન પ્રગટે એમ નથી આવતું? .. લખે છે ને શું કહેવાય એ? એ ભવ્ય દરવાજો છે એમ આવે છે ને. વિનય... સમજ્યાને?

મુમુક્ષુ :- વિનયથી વિદ્યા મળે.

ઉત્તર :- વિનયથી વિદ્યા મળે. લ્યો ઠીક. લોકો કહે. અહીં ના પાડે છે. આ તો આત્માનો અંદર કરણ નામનો ગુણ એનો વિનય કરે એટલે આદરે એવા દ્રવ્યને એટલે વર્તમાન પર્યાયમાં એને કારણે નિર્મળ પર્યાય થાય. એના સાધનને માટે બીજા સાધનની જરૂર નથી. એવો એનામાં કરણ નામનો ગુણ છે. સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન થાવું એ પોતાના કરણગુણથી પરિણમન છે. પરને કારણે છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**અષાઢ વદ ૪, શનિવાર તા. ૧૩-૭-૧૯૬૮**
**શક્તિ-૪૩-૪૪, પ્રવચન-૫૬૬**

શક્તિઓનું વર્ણન ચાલે છે. આત્માનું સામર્થ્ય શું છે? સમજાય છે કાંઈ? આત્માનું સામર્થ્ય શું છે? એ સામર્થ્યની શક્તિઓના પ્રકાર છે. એ સામર્થ્યથી આત્મા પોતાના આનંદ અને શુદ્ધપણે થાય એવું એનામાં સામર્થ્ય છે. સમજાણું કાંઈ? આત્મા વસ્તુ છે એનામાં એનું સામર્થ્યપણું એટલે શક્તિનું સત્ત્વપણું, એવી શક્તિનું સામર્થ્ય તો પવિત્ર આનંદ અને શાંતિપણે થવું એવી એની સામર્થ્ય અને શક્તિઓ છે. કોઈ એવી એની સામર્થ્ય-શક્તિ નથી કે વિકારપણે થાય, દુઃખી થાય અને રખડે એવો એનો કોઈ ગુણ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પર્યાયબુદ્ધિથી રખડે છે. કોઈ ગુણબુદ્ધિથી નહિ. શેઠી! સમજાય છે કાંઈ?

આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં વસ્તુ છે. એક એક ભિન્ન હોં! પ્રત્યેક ભિન્ન. એ વસ્તુમાં એટલી શક્તિઓ સંખ્યાએ છે કે જેની ગણતરી અમાપ છે. એમાંથી આ તો થોડી વર્ણવાઈ છે. એ બધી શક્તિઓનું સામર્થ્યપણું, એના સત્ત્વનું રહેવાપણું અને એનું પરિણમવાપણું એ બધું નિર્મળ શાંતિ અને આનંદપણે થાય એવી એની શક્તિઓ છે. સમજાય છે? સ્વતંત્રપણે સુખી થવાની પરિણતિ થાય એવી એની શક્તિ છે. કોઈ એવી શક્તિ નથી કે વિકાર કરીને દુઃખી થાય અને રખડે એવો એનો કોઈ ગુણ જ નથી. સમજાણું?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. એકેય શક્તિ હોય નહિ.

જુઓ! પરમાણુઓનો બંધ થવાનો સ્વભાવ છે. ત્યારે આનો સ્વભાવ અબંધ રહેવાનો સ્વભાવ છે એમ આવ્યું છે. સમજાય છે કાંઈ? પરમાણુઓ જે છે એ કોઈ બે ગુણવાળો હોય અને કોઈ ચાર ગુણવાળો પરિણમીને આમ ચારપણે થાય અને કદાચિત છૂટી જાય તોપણ પાછો સ્કંધ થાય એટલે પરમાણુઓનો સ્વભાવ બંધપણે, સંયોગપણે રહેવું એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એ શું કહ્યું વળી? એ પરમાણુઓનો સ્વભાવ જ બંધપણે રહેવું એવો જ એનો સ્વભાવ છે. થોડા કોઈ પરમાણુ રહે છે છૂટા, પણ એનો એ સ્વભાવ નથી રહેવાનો. સ્વભાવ તો એનો ચીકાશના અમુક બે અંશો ત્યાં હોય અને ચાર ત્યાં હોય. એ સંયોગે રહે એવો ભલે સ્વતંત્ર છે. પણ એ સંયોગે રહે એવો એનો વિભાવિક સ્વભાવ છે બંધરૂપી. અને ભગવાન આત્માનો તો બધા ગુણોમાં અબંધરૂપે પરિણમવું એવો એનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સ્વભાવ છે. સમજાણું કાંઈ? બીજી ભાષાએ કહીએ તો મોક્ષમાર્ગની પર્યાયપણે પરિણમવું એવો એનો સ્વભાવ છે. બંધપણે પરિણમવું એ એનો કોઈ સ્વભાવ નથી. આહાહા..! સમજાણું કાંઈ? સમજાય છે ને ભાષા? બંધપણે રહેવું એ આત્માનો સ્વભાવ જ નથી. એ કૃત્રિમ ઊભો થયો છે. આહાહા..! વસ્તુ ચૈતન્ય ભગવાન એમાં કોઈ એવી શક્તિ નથી કે બંધપણે થાય અને રહે એવો કોઈ ગુણ જ નથી એનો. આહાહા..! પણ એની ખબર ન મળે. સમજાણું?

આપણે અહીં આવ્યું છે ને છેલ્લું હવે, કરણ-કરણ. જુઓ! એ પરિણમન થઈને શુદ્ધપણે થાય એવો એનો સ્વભાવ છે. આત્મામાં આપણે ઓલા કર્મ, કર્તા અને કરણ ત્રણ આવ્યા છે ને? છ કારકોમાંથી ત્રણ આવ્યા છે. પહેલું કર્મ કારક આવ્યું હતું કે આત્મામાં એવો એક ગુણ છે કાર્યનો કે એના શુદ્ધ કાર્ય થાય એવો જ એનો ગુણ છે. સમજાણું કાંઈ? પોતે ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ એમાં અવિનાભાવી ચૈતન્યની સાથે અનંત શક્તિઓ છે એ માયલી એક શક્તિ એવી છે કાર્યરૂપ. આ કાર્યના વાંધા છે ને બધાને? કે આત્માનું કાર્ય થાય, મોક્ષમાર્ગનું કાર્ય થાય એ શેને લઈને? કહે છે કે એના કર્મ નામનો ગુણ છે એને લઈને કાર્ય થાય છે. એ વ્યવહારરત્નત્રય વિકલ્પ છે માટે તેનું કાર્ય થાય છે એમ નથી. જાધવજીભાઈ! બહુ સમજવું પડશે આમાં, હોં! ત્યાં ચાલ્યું છે ને મફતનું. ધારધીરમાં રૂપિયા થાય અને કમાણી થાય. એય.. ઝવેરચંદભાઈ! કાંઈ આમાં મગજ કામ કરે નહિ અને શેઠિયા થઈને ફરે મોઢા આગળ, લ્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો પછી પુણ્ય હોય એ પ્રમાણે એની બુદ્ધિ થાય એવું છે. અને આ તો પુરુષાર્થથી થાય એવું છે. એ આવી ગયું છે ને તાદશ્ય બુદ્ધિ નહિ? એ શ્લોક મૂક્યો છે ને ભાઈએ. એ તો વાત એના અનુસારે છે. એને જે આવવાનો હોય એવો વિકલ્પ (આવે), એ જાતનું થવાને કાળે આ એમ નથી. આ ભગવાન આત્માને પ્રાપ્ત કરવો હોય તો એનામાં એક કાર્ય નામનો ગુણ છે કે જેનાથી નિત્ય કાર્ય થાય. અનુભવપ્રકાશમાં તો એમ લીધું છે કે કાર્ય નામનો જો ગુણ ન હોય તો પરનું કાર્ય થતાં સ્વનું કાર્ય રહી જાય. ભાઈ! એમ લીધું છે નાસ્તિથી. આમાં પરિણમનમાં નાસ્તિથી નહિ લેવાય કરણમાં. એની સ્થિતિ જુદી છે ને? શું કીધું સમજાણું કાંઈ? કે આત્મામાં.. આત્મા એને કહીએ કે જે શરીર, વાણી, મન નહિ અને પુણ્ય-પાપના ભાવ એ આત્મા નહિ.

મુમુક્ષુ :- એ તો સિદ્ધ થાય ત્યારે ને.

ઉત્તર :- અત્યારની વાત છે. સિદ્ધ થાય નહિ, અત્યારે એવો અનાદિથી છે. એણે માન્યું છે હું રાગવાળો છું. એ માન્યું છે. છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વસ્તુ ભગવાન આત્મા આ પોતે છે એવો કે એમાં એક કાર્ય નામનો એવો ગુણ છે કે એના શુદ્ધ અનંત ગુણના શુદ્ધ પરિણમનરૂપી કાર્ય થાય એ કાર્ય નામના ગુણને લઈને છે. એવો એ ગુણી એ ગુણનો ધરનાર છે. એના શુદ્ધ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ આદિના કાર્ય માટે નિમિત્તના રાગની મંદતા આદિની અપેક્ષા હોય તો કાર્ય થાય એવો એનામાં ગુણ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિપરીત ઊલટી દૃષ્ટિ છે. બહુ દૃષ્ટિ વિપરીત છે. એને આત્માની ખબર નથી કે આત્મા શું છે. એ કહે છે. સમજાય છે કે નહિ? એય..! ભગવાનજીભાઈ! ઓલા રૂપિયાના ઢગલા થયા છે એમાં કાંઈ પુરુષાર્થ નથી, હોં! મફતનો હેરાન થઈ ગયો છે ત્યાં તો.

મુમુક્ષુ :- એમ હોય? બુદ્ધિવાળા છે.

ઉત્તર :- ધૂળમાં પણ બુદ્ધો નથી. બુદ્ધા તો .. આપી નહિ પહેલા? એય..! આ રહ્યા અમારે કામદાર ને આ બધા બુદ્ધિવાળા. જુઓને! પૈસાવાળા છે કે નહિ, લ્યો. આ પૈસાવાળા રહ્યા ઝવેરચંદભાઈ, બેઠા છે જુઓ! એના છ ભાઈઓમાં મોટા અગ્રેસર છે લ્યો. બાલુભાઈ બ્રધર્સ કંપનીના અગ્રેસર. બુદ્ધિને લઈને મળે છે આ?

મુમુક્ષુ :- .. બુદ્ધિ વગરના છે એમ કહેવાય?

ઉત્તર :- પણ એ બુદ્ધિથી મળે છે એમ છે નહિ. એ તો બધા સમજવા જેવા હોય તોપણ... બહારની ચીજ છે એમાં એને ક્યાં મળી છે? એને તો મમતા મળે છે. મમતા મળવી એવો કોઈ ગુણ નથી આત્મામાં એમ કહે છે. એ અદ્ધરથી ઊભો કરે છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદની સાથે, એ જ્ઞાન અને આનંદ શક્તિ છે એની. સચ્ચિદાનંદ સત્ શાશ્વત. એમાં જ્ઞાન અને આનંદ એની શક્તિ છે ગુણ. એવા અનંત ગુણ એની સાથે છે. જ્ઞાન અને આનંદ આવી ગયા પહેલા. સમજાણું કાંઈ? આહાહા..! એને એના સ્વરૂપની સન્મુખ થઈને એનું શું માહાત્મ્ય છે એની એણે અનંત કાળમાં કોઈ દી દરકાર કરી નથી. એ પોતે ભગવાન આત્મા.. આહાહા..! અનંત અનંત શક્તિ સંપન્ન, જેની સંખ્યાનો પાર ન મળે. આકાશના પ્રદેશથી અમાપ છે. અલોકાકાશ, એના જે પ્રદેશ અનંત છે એનાથી અનંતગુણી આત્મામાં શક્તિઓ સંખ્યાએ છે. એવડો ભગવાન આત્મા, એનામાં કાર્ય નામનો ગુણ છે એ કાર્ય વિનાનો રહે નહિ એમ કહે છે. આ બહારના કાર્ય નહિ. આહાહા..! એ કાર્ય કર્યા વિના રહે નહિ. શેનું કાર્ય? શુદ્ધનું. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા, વિભુતા વિગેરે જે નિર્મળ કાર્ય છે એનો કાર્ય નામનો

ગુણ છે એને લઈને એ કાર્ય છે. જો એ ન હોય તો પરનું કાર્ય થતાં પોતાનું કાર્ય રહી જાય. એમ બને નહિ એમ કહે છે. આહાહા..! કહો, જગુભાઈ! આહાહા..!

પછી? અહીં પહેલું કર્મ લીધું છે. કાર્યથી શરૂ કર્યું. ઓલા કર્તા-કર્મથી નથી લીધું. નહિતર આમ શક્તિ.. કાર્ય બતાવવું છે ને. પહેલું કાર્ય પછી એનો કર્તા એમ એ શૈલી વર્ણવી છે. સમજાણું કાંઈ? નહિતર તો આમ કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકારણ એમ જોઈએ. પણ અહીં કાર્યથી ઉપાડ્યું છે. કાર્યનો પહેલો ગુણ લીધો બતાવવા હોં! ત્યાં સાથે છે. અને બીજો ગુણ કર્તા લીધો કર્તા. એ શેને કરે? કે શુદ્ધ નિર્મળ અવસ્થાને કરે તે કર્તા એનો ગુણ છે. કર્તા એનો ગુણ છે. એના ગુણના કારણે નિર્મળ અવસ્થાને કરે તે પોતે કર્તા છે. શુદ્ધ આનંદની દશાને, શુદ્ધ પવિત્ર દશાને, શુદ્ધ શાંત દશાને નિર્વિકલ્પ વીતરાગ દશાને કર્તા પોતે ગુણ છે માટે તેને કરે. એ એના કર્તા માટે બીજા કર્તાની જરૂર નથી.

બીજી રીતે કહીએ તો કર્તા એક જ છે એ પોતે. એમ. બે કર્તા નથી. સમજાણું કાંઈ? બે કર્તા નથી એટલે? કે વ્યવહારનું જે છે નિમિત્તપણું એ પણ કર્તા છે (એમ નથી). લ્યો ભાઈ, અહીં તો વળી કુદરતે આવ્યું જુઓ. એ નિમિત્તકર્તા છે એમ નથી એમ કહે છે. વ્યવહાર રત્નત્રયના પરિણામ આવ્યા એ નિમિત્તકર્તા છે અને આ ઉપાદાનકર્તા છે. ના એમ નથી. એ તો નિમિત્તકર્તાનું જ્ઞાન કરાવ્યું છે. નિમિત્તકર્તા છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? બાપુ! તારી ૠદ્ધિની સમૃદ્ધિની વાત ચાલે છે આ. તારામાં એટલી શક્તિ છે કે એક એક ગુણનું નિર્મળ પરિણમન કરે એ કર્તાપણું. અને કર્તા એને કહીએ કે સ્વતંત્રપણે કરે તે કર્તા. બીજાની અપેક્ષા રાખે તે કર્તા કહેવાય નહિ. કહો, સમજાણું કાંઈ? અને એ કર્તા ન હોય તો બીજાના કામ(નો) કર્તા થતાં પોતાનું કાર્યનું કર્તાપણું રહી જાય. એવું બને નહિ.

ત્રીજો. કાલે આવ્યો હતો એ આપણે હવે. '**ભવતા ભાવના ભવનના સાધકતમપણામયી...**' હવે કોઈ એમ કહે કે આ સાધકતમ શબ્દ પડ્યો છે ને એટલે કોઈને એમ થાય કે ઉત્કૃષ્ટ સાધન આ છે અને બીજું (વ્યવહાર છે) એમ નથી અહીં. સાધકતમ એટલે આ જ સાધકપણું છે, બીજું સાધકપણું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ એનો અર્થ થયો કે આ સાધકપણું છે, બીજું સાધકપણું નથી એ બતાવવા માટે આ વાત છે. મૂળ ... સમજાય છે? લ્યો!

'**ભવતા ભાવના ભવનના સાધકતમપણામયી...**' સાધકતમ. સાધક-સાધકતર-સાધકતમ એમ કીધું એટલે કોઈ એમ કહે કે સાધકતમ તો એનું પરિણમન છે ભલે, પણ સાધક અને સાધકતર કાંઈક બીજી ચીજ છે કે નહિ? એને માટે આ શબ્દ નથી. આ જ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org

સાધન છે અને સાધકપણું પોતાના નિજ શુદ્ધ પરિણમનથી જ પોતે પોતાનું કાર્ય કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે! કષાયની મંદતા અને નિમિત્તની અનુકૂળતા એને લઈને અહીં સાધનપણું છે એવું છે જ નહિ. આહાહા..! કેટલું લખાણ આવે લ્યો. પંચાસ્તિકાયમાં, દ્રવ્યસંગ્રહમાં, પરમાત્મપ્રકાશમાં. સાધન-સાધ્ય... સાધન-સાધ્ય. ઓલા તો ત્યાં સુધી લે છે, સાધન પહેલું હોય અને સાધ્ય પછી હોય. વળી એમ તકરાર કરે છે. એમ જ હશે ને? અરે.. એમ નથી ભાઈ, સાંભળને! એ તું જે વ્યવહાર સાધન કહે છે એ સાથે હોય, પણ છતાં એને સાધન કહેવાતું નથી. એમ છે અહીં તો વાત. એની સ્વતંત્રતા લૂંટાય છે એ એને ખબર નથી.

ભગવાન આત્મા અનંત શક્તિના ગુણ માયલો એક ગુણ એવો છે કે પોતાના શુદ્ધ પરિણમનથી જ પોતે સાધક થઈને કામ કરે છે. એના સાધક થવામાં, સાધન થવામાં કોઈ બીજા સાધનની જરૂર નથી. કહો, સમજાણું આમાં? ત્યાં અસ્તિત્વ છે પહેલું. ત્યાં ઓલું નથી લીધું. કર્તા ન હોય તો પરનો કર્તા છે ને કાર્ય.. આમાં આવું પરિણમન તે જ એનું સાધકપણું પ્રસિદ્ધ થયું. જો આવો ન હોય તો પોતાના પરિણમનથી સાધન થાય છે એ ન થાય. એટલી વાત લીધી. અસ્તિથી લીધી. સમજાણું કાંઈ?

ફરીને. આત્મામાં કરણ નામનો કહો કે કારણ નામનો કહો કે સાધકતમ નામનો એક ગુણ છે. જે ગુણનો ધરનાર ભગવાન આત્મા છે. એવા આત્માનો આશ્રય કરતાં એ સાધકતમ પોતાની નિર્મળ શુદ્ધ પરિણતિનું સાધનપણું પોતે જ છે. પૂર્વની પર્યાય નહિ, નિમિત્ત નહિ, રાગ નહિ, શુભયોગ છે તે સાધનપણામાં બિલકુલ છે નહિ. આહાહા..! શુભજોગ પૂર્વે હતો અને પછી શુદ્ધોપયોગ થયો માટે શુભયોગને સાધન કહેવું. કે નહિ. બિલકુલ નહિ. સમજાણું કાંઈ? એમ આવે છે ઓલા મોક્ષમાર્ગ પ્રકાશમાં. શુભઉપયોગ થઈને શુદ્ધઉપયોગ થાય છે. માટે ક્યાંક આમ ઉપચાર કરીને કારણ કહ્યું છે. એ બધું ઉપચાર વ્યવહારનું કથન છે. વસ્તુની સ્થિતિ એમ (નથી), વસ્તુ વિચારતા વસ્તુનું સ્વરૂપ એમ નથી. સમજાણું કાંઈ?

એ જ્ઞાન પોતે સાધકપણે થઈને, સાધનપણે થઈને જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે. એને સાધનમાં કોઈ બીજું નથી. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય તો અહીં જ્ઞાનની પર્યાય થાય એવું છે નહિ. આહાહા..! બ્રહ્મચારીજી! એવું છે ભાઈ! આહાહા..! એક એક સમ્યગ્દર્શન થવાની પર્યાયમાં સાધકપણું પોતે છે. ભગવાનની સમીપણું હતું માટે સમકિતનું સાધનપણું છે એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અને ક્ષયોપશમ સમકિત હતું પહેલું માટે ક્ષાયિક સમકિતનું સાધનપણું ક્ષયોપશમ થયું એ પણ નથી. એમ કહે છે અહીં તો. આહાહા..! સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ ભગવાન આત્મા એમાં એ સમ્યગ્દર્શનની સાથે સાધકપણાનો ગુણ છે ભેગો. એનું સાધન થઈને એની પર્યાય થાય છે. સ્વતઃ અનંત ગુણના પરિણમનનું સાધકપણું છે માટે ત્યાં સાધન થાય છે. પરના સાધનને લઈને આત્મામાં સાધન થાય એવો આત્મામાં કોઈ ગુણ જ નથી એથી એની પર્યાય પણ એવી નથી. ગુણ નથી તો એની પર્યાય એવી નથી. આહાહા..! જુઓને કેટલી વાત કરે છે! કેમકે સાધક નામનો ગુણ દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાય ત્રણમાં પ્રસર્યો છે. અનાદિની એને રાગવાળો છું એમ માન્યતા હતી ત્યાં સુધી એ સાધન નામનો ગુણ શુદ્ધપણે નહોતો. ભાઈ! સમજાણું કાંઈ? જ્યાં સુધી એની માન્યતામાં એમ હતું કે આ રાગ છે, વિકલ્પ છે માટે કાંઈક સાધન થઈને મને લાભ થશે, ત્યાં સુધી તો એ મિથ્યાદષ્ટિ હતો. તેથી આ સાધક નામના ગુણનું પર્યાયમાં પરિણમન નહોતું. પર્યાયમાં પરિણમન નહોતું. શુદ્ધ જ એનું પરિણમન છે. ઓલું પરિણમન એનું છે જ નહિ. જે અશુદ્ધ પરિણમન એ એનું પરિણમન જ નથી. સમજાણું કાંઈ? એમ કે ઓલું અશુદ્ધ હતું ને એનું? ના. એ અશુદ્ધ પરિણમન જ એનું નથી. એ કારકનું પરિણમન જ નથી. અહીં તો શુદ્ધ કારકનું પરિણમન તે શુદ્ધ હોય એ વાત છે અહીંયાં. સમજાણું કાંઈ?

આમ તો નથી લીધું? કે અભવિને જ્ઞાન પરિણતિ જ નથી. એવું લીધું છે. અભવિને જ્ઞાન પરિણતિ જ નથી. પરિણતિ નથી? ક્ષયોપશમ નથી? નહિ. આત્માને પકડીને જે પરિણતિ થાય તે જ્ઞાનપરિણતિ કહેવાય. આહાહા..! અગિયાર અંગ અને નવ પૂર્વનો ઉઘાડ છે પણ દષ્ટિ જ્યાં રાગ ઉપર અને પર ઉપર છે એને જ્ઞાનની પરિણતિ છે જ નહિ. એ ઉઘાડવાળાને જ્ઞાનની પરિણતિ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ જ્ઞાને જેને પોતાને પકડ્યો નિર્વિકલ્પ આનંદને ત્યારે જે જ્ઞાન પરિણમ્યું તેને જ્ઞાન પરિણતિ કહેવામાં આવે છે. શુદ્ધની શુદ્ધ પરિણતિ તેને જ્ઞાન પરિણતિ કહેવાય. શુદ્ધમાં પરલક્ષી જે અશુદ્ધ પરિણતિ તે જ્ઞાનપરિણતિ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ઓલા છ કારક કીધા છે ને ત્યાં પંચાસ્તિકાયમાં? એ આ નહિ. એ પર્યાયના ષટ્કારક પર્યાયદષ્ટિવાળા. પર્યાયની દષ્ટિમાં પર્યાયવાળા. ગુણની દષ્ટિવાળા ત્યાં પરિણમ્યા છે એમ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હવે એમાં શું સમજવું હતું પણ. આહાહા..!

એક એક અંશમાં ષટ્કારકરૂપ પરિણમન તેની પર્યાયમાં અંશે સ્વતંત્ર છે. આ શુદ્ધ કારકનું એ પરિણમન નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જીવનું પરિણમન જ નથી. ષટ્કારક કર્તા, કર્મ રાગાદિ જે પરિણમન એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સ્વભાવની દૃષ્ટિએ એનું પરિણમન જ નથી. એ તો પરથી જુદું પાડવા એની પર્યાયનું છે એમ બતાવે. પણ સ્વભાવદૃષ્ટિએ લેતાં, આત્માના સ્વભાવદૃષ્ટિએ લેતાં અશુદ્ધ પરિણમન એનું છે જ નહિ. સમજાણું કાંઈ? આવો આત્મા! આહાહા..! બાપુ! તારા આ બધા કરિયાવરની વાતું ચાલે છે આ. કરિયાવર નથી કહેતા? શું કહે છે? દહેજ દે છે કે નહિ? દહેજ દે. કન્યાને આપે છે ને. શું કહે છે? દહેજ. કેમ નથી સમજતા ભાષામાં. દહેજ દે છે ને કરિયાવર દે છે ને એ દહેજ? કન્યાને ભાઈ પાંચ-પચ્ચીસ હજાર આપીએ છીએ. એમ અહીં ભગવાન કહે છે, તારા આત્માનો કરિયાવર પાથરીએ છીએ આ. આ જો આ તારું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

'**સાધકતમપણામયી...**' પાછું અભેદ વર્ણવ્યો, શક્તિ અને શક્તિવાનને અને એ શક્તિથી જ ઉત્કૃષ્ટ સાધકપણું એટલે જે સાધનપણું છે તે રીતે સાધન થાય છે એમ કહે છે. બીજું કોઈ સાધકપણું નથી. મોક્ષમાર્ગમાં નિશ્ચયને આશ્રયે જ મોક્ષ થાય છે. એમાં વળી વ્યવહારનો મોક્ષમાર્ગ, વ્યવહાર મોક્ષમાર્ગ છે જ નહિ. સમજાણું કાંઈ? '**ભાવના ભવનના સાધકતમપણામયી...**' લ્યો એ ૪૩મી થઈ.

હવે ૪૪મી. સંપ્રદાનશક્તિ છે એ ૪૪મી. આત્મા પોતે પોતાને દાન આપે અને પોતે પોતે દાન લે એવો એનામાં ગુણ છે. શું કહ્યું? પૈસા દેવા, આહાર દેવો એવી કોઈ આત્મામાં શક્તિ નથી કે પૈસા દઈ શકે કે પરને આહાર દઈ શકે. એવો આત્મામાં ગુણ જ નથી. એવો પર્યાય પણ નથી. બીજાને આહાર દઈ શકે એવો પર્યાયનો ધર્મ નથી. પર્યાયમાં જે વિકલ્પ ઉઠે છે આહાર દેવાનો વિકલ્પ, એ પર્યાયદૃષ્ટિમાં વિકલ્પ છે. વસ્તુની દૃષ્ટિ અને ગુણમાં એ વિકલ્પનું પરિણમન જ એનું નથી. આહાહા..! સમજાણું કાંઈ? દાન દેવું કે લેવું આ પૈસાનું કે વિકલ્પનું, વિકલ્પ ત્યાં કરું કે રાખું એવો કોઈ ગુણ જ નથી. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ! કહે છે... જુઓ!

'**પોતાથી દેવામાં આવતો...**' ભાષા એમ છે. '**પોતાથી દેવામાં આવતો...**' આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ છે એમાં એક સંપ્રદાન નામની શક્તિ છે. પોતાથી શુદ્ધપણાનો આનંદ આદિ અનંત ગુણની પરિણતિ એ પોતે કરીને પોતે દે છે અને પોતે પોતાની પર્યાયમાં પાત્ર થઈને લે છે. પાત્ર પણ પોતે અને દાતા પણ પોતે. એ આવે છે ને વિધિ? શું કહેવાય? ચાર બોલ નથી આવતા? વિધિ, દાત્ર, પાત્ર, વિશેષ એવા ચાર બોલ આવે છે તત્ત્વાર્થસૂત્રમાં. એ બધા વ્યવહારના વિષય છે. આહાહા..! અહીં વસ્તુ એમ નથી કહે છે. ભાઈ! લ્યો એમ આવે ને. વિધિ, દાત્ર, પાત્ર, વિશેષ ચાર બોલ આવે છે ને? એ તો વ્યવહારના ચાર છે. વસ્તુમાં છે નહિ. એમ છે નહિ. પાત્રને આહાર દેવો, પાત્ર લેવું એ વસ્તુના ગુણમાં નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આહાહા..! ભારે વાત ભાઈ! એનો જે શુભવિકલ્પ છે દેવાનો એ વિકલ્પ થવો અને રાખવો એવો આત્મામાં ગુણ જ નથી. પણ તે કાળમાં વિકલ્પ અને જે ક્રિયા થાય છે એનું જે થતું જ્ઞાન પોતાનું, પોતામાં જ્ઞાનની પરિણતિનું જે જ્ઞાન થાય તે પોતે પોતાથી થયું અને પોતે તેને લીધું. સમય એનો એક જ છે. ઝીણી વાત છે જરી.

જુઓ! '**પોતાથી દેવામાં આવતો...**' આત્મા એટલે પોતે કોણ છે? કે અનંત ગુણનો ધણી શુદ્ધ. એને '**પોતાથી દેવામાં આવતો...**' શુદ્ધ દ્રવ્યનો સ્વભાવ જ્યાં દૃષ્ટિ કરી એટલે દ્રવ્યમાં એવો ગુણ છે કે પોતાથી દેવામાં આવતો. નિર્મળ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, આનંદ આદિ જે થયો એ પોતાથી પોતે દીધો. જ્ઞાનનો પર્યાય પોતાને દે, દર્શનનો પર્યાય પોતાને દે, આનંદનો પર્યાય પોતાને દે. વિકલ્પનો પર્યાય પોતાને દે એવો કોઈ ગુણ નહિ. તેમ આહાર દેવો બીજાને એવો આત્મામાં કોઈ ગુણ છે નહિ. આહાહા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? આ તો અલૌકિક વાતું છે! જાધવજીભાઈ! કોઈ દી સાંભળી નહિ હોય આટલા વર્ષમાં ક્યાંય. આ તો સત્ય આવું જ છે. કેવળીના ઘરનું પરમેશ્વરે કહેલું તત્ત્વ આવું છે. એવું એણે દૃષ્ટિમાં અને પ્રતીતમાં લેવું પડશે. આ સિવાય કાંઈ પણ વિપરીત કરશે તો મિથ્યાત્વપણું એનું જશે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**પોતાથી દેવામાં આવતો...**' જોયું! અહીં પોતાથી નાખ્યું છે. ઓલામાં પોતાથી નથી એટલે પંડિતજીને પૂછ્યું હતું આ પોતાથી કાઢવું ક્યાંથી આમાંથી? ધ્રુવપણામયી શક્તિ. લ્યો, ધ્રુવપણામયી શક્તિ છે. પણ ધ્રુવપણું આમાંથી કાઢવું ક્યાંથી? કહો, સમજાણું આમાં? આત્મા. અહીં આત્મા એટલે બસ, પુણ્ય-પાપના રાગ ને કર્મ ને શરીર વિનાનો તે આત્મા. એ જ આત્મા. એને જ આત્મા કહેવાય. બાકીને આત્મા કહેવાય નહિ. એ આત્મામાં એવો એક ગુણ છે. સંપ્રદાન નામની શક્તિ. સં-સમ્યક્ પ્રકારે, પ્ર-વિશેષે, દાન દેવું. શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન ને આનંદની પરિણતિરૂપી દાન દેવું એ આત્માનો ગુણ છે. આત્મા પોતાને દાન દે. શેનું? શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિનું. સમજાણું કાંઈ? આવો આત્મા (છે), તો આ બધું ચાલે શું છે આ? એ તો એના ઘરે રહ્યું. એ તારામાં ક્યાં છે?

અહીં તો કહે છે, '**પોતાથી દેવામાં આવતો જે ભાવ...**' ભાવ. એ ભાવ એટલે પર્યાય નિર્મળ. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્શાંતિ-વીતરાગતા, અનંત ગુણની સ્વચ્છતા, પ્રભુતા, જીવતર આદિ શક્તિઓનું પરિણમન એ બધું પરિણમન જે નિર્મળ થયું એ પોતાથી દેવામાં આવતો, આત્માથી આત્માને દેવામાં આવતો. સમજાણું? '**તેના ઉપેયપણામય...**' તેને લેવાપણામય. સમજાણું? એક જ સમયમાં પોતે નિર્મળ પર્યાયને દે અને નિર્મળ પર્યાયને લે. દે અને લે. સમજાય છે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ફરીને. ભગવાન આત્મા એમાં અનંત ગુણ નિર્મળ શુદ્ધ આનંદ (આદિ છે). એવા અનંત ગુણ માયલો એક ગુણ એવો સંપ્રદાન છે કે બધા અનંત ગુણમાં વ્યાપ્યો છે. એ અનંત ગુણમાં એ જ્ઞાનનું પરિણમન પોતે કરીને પોતે દે અને પોતે પાત્ર થઈને રાખે એટલે લે. સમજાણું કાંઈ? બહારમાં હોય ને કે ભાઈ, આ પાત્ર અને આ દાતા જુદો, દાન જુદું. વિધિ પાછી હોય છે ને? વિધિ. અહીં તો કહે છે કે એ બધા વ્યવહારના કથન છે. આહાહા..! ઉમાસ્વામીએ કહ્યું ને? ઈ ભાઈ! ઓલામાં કહે છે, પણ અમે આચાર્યના નામ આપીએ છીએ અને ત્યારે તમે એને (ઉથાપો છો કે) એ વ્યવહારના વચન છે, એમ ઉથાપો છો. શાસ્ત્રમાં નયકથન છે કે નહિ? બીજે ક્યાં હોય? કઈ નયનું કથન છે? કયા આગમનું કથન છે? પરનું આ અન્યમતિનું કથન છે? કે આ ભાવ એનો શું છે? તાત્પર્ય એનું શું છે? એમ એક એક ભાવમાં કાઢવું જોઈએ ને. ભગવાન! ચર્ચા-વાદ જ કરવો છે જેને. જેને પોતાને સમજવું છે એને માટે આ વાત છે. વાદ કર્યે આ કાંઈ પહોંચે એવું નથી. આહાહા..! 'સદ્‌ગુરુ કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' એને ઘરે રહ્યા વાદ. અહીં વાદ નથી. અહીં તો વસ્તુસ્થિતિ એવી છે.

ભગવાન આત્મા પોતાની જ્ઞાનપર્યાયને પોતે દાન પોતાની શક્તિ દાનની છે એને લઈને પોતે દે છે અને પોતે લે છે. શિષ્ય લે છે અને ગુરુ દે છે... ભગવાનજીભાઈ! એવું નથી કહે છે આત્મામાં. ગુરુ કોઈને દે અને શિષ્ય લે એવો આત્મામાં ગુણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ સમ્યક્ સમ્યગ્દર્શનની પર્યાયને પોતે દે અને પોતે લે એવો એનામાં ગુણ છે. એ ગુણનો ગુણ આ છે. પોતે દે અને પોતે લે. કોઈને દે અને કોઈ લે એવું આત્મામાં છે નહિ. તો આ પછી કોઈ દાન દેશે નહિ. કહેશે કે, એનામાં ગુણ નથી. પણ ક્યાં દઈ શકે છે ઈ? એ તો એના પૈસા જ્યારે છે બહાર જવાના હોય આગળ ત્યારે જાય છે અને આને વિકલ્પ આવવાનો કાળ હોય તો વિકલ્પ હોય છે. સમજાય છે?

ભગવાનને આહાર-પાણી આપ્યા અને સંસાર પરિત કર્યો એમ આવે છે શ્વેતાંબરમાં. ખોટી વાત છે. એય..! એ તકરાર લીધી હતી ને ભાઈ? પહેલી લીધી હતી કે મેઘકુમારના ભવમાં... હાથીના ભવમાં એણે દયા પાળીને પરિતસંસાર કર્યો. આ ક્યાંથી આવ્યું આમાં? ઘણા ઉઠાવ્યા હતા ઘણા. ગોકુળભાઈ ગાંધીને કહ્યું હતું. કોને કહ્યું હતું? મેં કીધું, આ પ્રશ્ન તો કરો બહારમાં. તમે ઉઠાવો તો ખરા. શ્વેતાંબર શાસ્ત્રમાં છે એવું. હાથીના ભવમાં ઓલા મેઘકુમારે હાથીના ભવમાં સસલાની દયા પાળી, સંસાર પરિત્ તોડી નાખ્યો. સાંભળ્યું છે કે નહિ એવું? એય.. ઝવેરચંદભાઈ! એવો તો બધું સાંભળ્યું હોય ને ત્યાં? ખોટે ખોટા ગપ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુમુક્ષુ :- સાચું-ખોટું પછી પણ હોય તો..

ઉત્તર :- એ તો કીધું ને. એવું આવે છે. બિલકુલ ખોટી વાત છે. એ શાસ્ત્ર કરનારાને જ દૃષ્ટિની ખબર નથી. આહાહા..! સમજાય છે? હાથીના ભવમાં દયા સસલાની પાળી અને સંસાર તોડી નાખ્યો એમ ભગવાનના મુખથી કહેવરાવે છે. જ્ઞાતાસૂત્રમાં એવો પાઠ શ્વેતાંબરમાં છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો છે જ ને. .. હોય તે બધું .. મેઘકુમાર સાધુ થયા. પછી એને છેલ્લી પથારી મળી એવું આવે છે. છેલ્લી પથારી મળી. જે સાધુ બહાર જાય ત્યારે ઠેબા વાગે ઊંઘ ન આવે. રાજકુમાર હતા. પછી? આ તો કથા જોડેલી છે હોં! સાચી નથી.

મુમુક્ષુ :- મુનિ સૂવે શેના?

ઉત્તર :- પણ પથારી જ ન હોય મુનિને. અને સૂવાય નહિ મુનિએ. મુનિ તો પાછલી પહોરમાં, પાછલી રાતમાં એક પોણી સેકન્ડની અંદર નિદ્રા હોય. એક સેકન્ડની નિદ્રા થઈ જાય તો મુનિ નહિ રહે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પ્રમત્ત પોણી સેકન્ડ શાસ્ત્રમાં છે. છઠ્ઠા ગુણસ્થાનની સ્થિતિ. છઠ્ઠા ગુણસ્થાનથી સ્થિતિ .. નિદ્રા. કહો, ધવલમાં છે. છઠ્ઠા ગુણસ્થાનની સ્થિતિ કેટલી છે? પોણી સેકન્ડની અંદર છે. ઠીક! છે? અને છઠ્ઠા ગુણસ્થાનની સ્થિતિ પોણી સેકન્ડ એટલામાં પ્રમાદ આવે. બસ. અને તે રાત્રીના પાછલા ભાગે. બાપુ! આ તો મુનિમાર્ગ તો અલૌકિક માર્ગ છે. ભાઈ! આહાહા..! સમજાય છે? અને છ ઢાળામાં આવે છે ને, બ્રહ્મચારીજી! છ ઢાળામાં નથી આવતું? પાછલી રાતે. છ ઢાળામાં આવે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, પાછલી રયણમાં એક પડખે (સૂવે). આમ સૂવે તો આમ ન સૂવે. અને તે પણ આળસ... નિદ્રા તો એક પોણી સેકન્ડ જ હોય. છઠ્ઠા ગુણસ્થાનની સ્થિતિ એટલો કાળ પણ નહિ. એથી થોડો. એટલો જો પૂરો કરે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. એવો શાસ્ત્રપાઠ છે. છઠ્ઠા ગુણસ્થાનની જેટલી સ્થિતિ છે એટલી સ્થિતિ પૂરી કરે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. એવો ધવલમાં પાઠ છે. પણ એનાથી થોડી સ્થિતિની નિદ્રા હોય. અહીં તો બબ્બે કલાક અને ચાર-ચાર કલાક સૂવે અને અમે સાધુ છીએ. અરે.. સાંભળને બાપા! તને ખબર નથી. ભાઈ! આહાહા..! બાપુ! વીતરાગ માર્ગના સાધુ અલૌકિક હોય છે, ભાઈ! આહાહા..! જે છઠ્ઠે સાતમે ગુણસ્થાને હજારો વાર આવે. એઈ.. જાધવજીભાઈ! આ તો ઓલા લૂગડા પહેરીને,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જય નારાયણ! ઝવેરચંદભાઈ કહે. જાવ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો એક વાત છે મોટા માણસોની. એ છ ભાઈઓમાં મોટા છે ત્યાં. વળી પૈસાવાળા છે પાછા એટલે થાય ને બધાને. પૈસાવાળા છે અને છએ ભેગા એનો વેપાર મોટો. ઓહોહો..! મોટી કંપની. કોઈ ભેગું નથી અહીં તો કહે છે. એક પરમાણુ (ભેગો નથી). આત્માએ આત્મા જુદો છે. આહાહા..! તેં સાંભળ્યું નથી, ભગવાન! એ ચારિત્રની દશા, મુનિની દશાવંતને ત્રણ કષાયનો નાશ થઈ ગયો છે. એ વખતે એની નિર્મળ પર્યાયનો દાતા એ આત્મા છે. આહાહા..! નિદ્રાની પર્યાય જે આવે છે પોણી સેકન્ડ તેનો તે જ્ઞાતા છે. પોતામાં એ પ્રમાદને લાવતા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? કેમકે નિદ્રાની પ્રમાદની પર્યાય એ એનો સ્વભાવ જ નથી. પણ થાય છે તેને તે જ્ઞાતા તરીકે પોતાનું જ્ઞાન કરે છે, તે તે સંબંધીનું પોતાનું જ્ઞાન તે પોતાને દે છે અને તે તેને લે છે. નિદ્રા દે છે અને નિદ્રા લે છે એવો વસ્તુમાં ગુણ છે નહિ. આહાહા..! માર્ગ તે પણ માર્ગ. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ ઈન્દ્રો અને ગણધરોની સમક્ષમાં આ વાત કહેતા હતા પરમાત્મા. આ તો કાંઈ આલીદુઆલીની વાત નથી.

ત્રણ લોકના નાથ સર્વજ્ઞ જેણે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા એને ઈચ્છા વિના ધોધ વાણી ઈચ્છા વિના નીકળી. ૐ ધ્વનિ. ગણધરો અને ઈન્દ્રો અર્ધ-અર્ધલોકના સ્વામી સાંભળતા હતા. અત્યારે પણ છે. મહાવિદેહ ક્ષેત્રમાં ભગવાનના મુખમાંથી વાણી (નીકળે છે). પરમાત્મા બિરાજે છે. એ એમ કહે છે કે ભાઈ! મુનિઓ પોતામાં એ સંપ્રદાન નામનો ગુણ છે એથી તે ગુણને લઈને અનંત ગુણની નિર્મળ પર્યાયરૂપી પરિણતિ દે છે અને પોતે લે છે. એને પ્રમાદ થાય છે અને લે છે એવું એનામાં છે જ નહિ. આહાહા..! ભારે વાતું ભાઈ! ચોથા ગુણસ્થાનથી માંડીને જે અશુદ્ધનું પરિણમન છે એ જ્ઞાનીને ગણવામાં આવ્યું જ નથી. વ્યવહારથી અને અશુદ્ધથી મુક્ત છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે '**પોતાથી દેવામાં આવતો...**' સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર, શુદ્ધ આનંદ, સ્વચ્છતા, પ્રભુતા વગેરે અનંત ગુણની પરિણતિરૂપ એ સમયમાં સંપ્રદાનને કારણે થતી અવસ્થા તે દેવામાં આવે છે, એ દાતાર છે આત્મા અને તે સમયમાં પોતે પાત્ર છે. એ દીધેલી વસ્તુ પોતે રાખે, ઝીલે છે. સમય એકનો એક, હોં! સમય બે નહિ. દેવાનો સમય પહેલો અને લેવાનો સમય બીજો એમ નહિ.

મુમુક્ષુ :- એક સમયમાં બે કામ કેમ થાય?

ઉત્તર :- એક સમયમાં બે થાય એવું એનું સ્વરૂપ છે એમ કહે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સંપ્રદાન નામનો ગુણ છે એ ગુણ એક સમયમાં પરિણમે છે. સંપ્રદાન. દે છે ત્યારે લે છે. દે છે એમ આવ્યું અહીં તો. સંપ્રદાન આવ્યું ને? દે છે એટલું આવે છે. પણ એ દે છે તેમાં આવી ગયું કે લે છે. એટલે એટલું કાઢ્યું એમાંથી સમજાણું કાંઈ? શબ્દ તો આટલો છે. '**સંપ્રદાનશક્તિ.**' બસ. સં-સમ્યક્ પ્રકારે, પ્ર-વિશેષે દાન દેવું. એવી એક શક્તિ. શેની દાનની શક્તિ? શુદ્ધ જ્ઞાનાનંદ આદિની પરિણતિ જે નિર્મળ તેનું દાન દે. એમ કીધું. હવે દે ત્યારે લે પણ સાથે જ હોય છે. એક સમયમાં દે અને એક સમયમાં લે. આહાહા..! સમજાણું કાંઈ? બાપુ! આ તો અલૌકિક માર્ગની વાતું છે. લૌકિક સાથે ક્યાંય મેળ ખાય એવો નથી. એણે આત્મા ભગવાન અંદર કોણ છે? એમાં શું શક્તિઓ છે? એનું સામર્થ્ય શું છે? (એ જાણ્યું જ નથી). કહે છે કે એના સામર્થ્યમાં એવો કોઈ ગુણ નથી કે દાન દેવાનો વિકલ્પ ઉઠાવે ગુણને લઈને. સમજાણું કાંઈ? આહાહા..! એ ચારિત્રગુણની વિપરીતતા ખરી પણ ખરું ચારિત્રગુણનું એ પરિણમન નહિ એમ કહે છે અહીં, ભાઈ! શું કીધું?

ચારિત્ર નામનો ગુણ જે છે આત્મામાં એની ઊલટી દશા તે વિકલ્પ છે. પણ એ ખરેખર ચારિત્રગુણ જે છે એનું એ પરિણમન નથી. એ તો ઊંધું પરિણમન એનું પરિણમન જ ગણવામાં નથી આવ્યું. આહાહા..! વીતરાગી પર્યાય થાય તે ચારિત્રગુણનું પરિણમન છે. અરે..! ચોથે ગુણસ્થાને પણ એ ચારિત્રગુણ તો ત્રિકાળ છે ને? એનું પરિણમન સ્વરૂપાચરણની પર્યાય થઈ, દે છે અને પોતે ને પોતે લે છે. એમ ન હોય તો ચોથું ગુણસ્થાન ન રહી શકે. આહાહા..! સમજાણું કાંઈ? એક ગુણ પણ કૂટસ્થ રહી જાય અને બીજા ગુણનું પરિણમન થાય એમ હોઈ શકે નહિ. તો આત્મામાં ચારિત્રગુણ છે શક્તિરૂપે, આનંદગુણ છે શક્તિરૂપે. એવી શક્તિની જ્યાં પ્રતીત થઈ તો દરેક ગુણનું પરિણમન સ્વચ્છરૂપે થઈને પોતે દે છે અને પોતે લે છે. આવા ગુણનું જેને ભાન નથી એ એમ કહે છે કે અમારે સ્વરૂપાચરણ ચોથે ન હોય. એટલે ચારિત્રની પરિણતિ જ ન હોય શુદ્ધ. એટલે પરિણતિ ન હોય એટલે શુદ્ધને અમે શ્રદ્ધયો અને શુદ્ધને અમે માન્યો નથી. ભાઈ! એમ કહે છે એનો અર્થ. આહાહા..! ભારે વાત, ભગવાન! કોઈ વ્યક્તિ માટે નથી હોં! આ વસ્તુનું સ્વરૂપ આવું છે. વ્યક્તિ એના જવાબદારે ...

અહીંયાં કહે છે, ભગવાન આત્મા...! એમ અહીં ચારિત્ર નામનો ગુણ છે અને એમાં સંપ્રદાનશક્તિ સાથે છે. હવે જ્યારે એ દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ થઈ એટલે ચારિત્રગુણનું પણ વ્યક્તપણે દાન પરિણમનપણે વર્તમાનમાં થયું. એ દાન પોતે દે છે અને પોતે લે છે. એવો એક ગુણનું પરિણમન પોતે દે અને લે ન હોય તો એ ગુણ કૂટસ્થ રહી જાય છે. એ ગુણ કૂટસ્થ હોય તો એનું કાર્ય ન હોય તો એને ગુણ કહેવામાં આવતો નથી. ન્યાય સમજાય છે કાંઈ? આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જેમ આનંદગુણ છે આત્મામાં. તો ગુણનો ધરનાર એવો આત્મા એને જ્યાં સ્વીકાર્યો એટલે આનંદગુણનું પરિણમન આનંદરૂપે ન થાય તો એણે આત્માને સ્વીકાર્યો જ નથી. અને એ ગુણનું કાર્ય, ગુણ અને ગુણીનો સ્વીકાર થયો તો સ્વીકારમાં ગુણનું કાર્ય આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? ઓહોહો..! ગજબ વાતું કરી છે હોં! શક્તિને વર્ણવીને તો પરમેશ્વરને ઉપાડ્યો છે આખો. ઉપાડ્યો છે એટલે ઊંચો કર્યો છે કે તું પરમેશ્વર છો. પણ એને પામરને એમ થાય કે આવડો મોટો હું હોઈશ?

કહે છે કે જેટલા આત્મામાં શક્તિઓ જે ગુણ છે એ ગુણનું એકરૂપ તે દ્રવ્ય છે-વસ્તુ. હવે એ વસ્તુની દૃષ્ટિ થતાં દરેક ગુણની શુદ્ધતાનું પરિણમન સંપ્રદાન થઈને પોતામાં ન આવે અને પોતે ન લે તો એ શક્તિ કૂટસ્થ થઈ ગઈ. કૂટસ્થ થઈ એટલે એ શક્તિનો સ્વીકાર છે નહિ. કારણ કે પર્યાય દ્વારા સ્વીકાર છે. ભાઈ! શું કીધું સમજાણું? શક્તિ અને શક્તિવાનનો સ્વીકાર તો પર્યાય દ્વારા છે. કાંઈ ગુણ દ્વારા સ્વીકાર નથી. શું કહ્યું? આખી ચીજ અનંત ગુણનો પિંડ પ્રભુ છે એનો સ્વીકાર તો પર્યાય કરે છે. પર્યાય સ્વીકારે, ધ્રુવ સ્વીકારે નહિ. ધ્રુવ તો વસ્તુ એકરૂપ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વભાવની શક્તિઓ જે ધ્રુવરૂપ છે એ શક્તિનું રૂપ આખું દ્રવ્ય છે અને એ દ્રવ્યની જ્યાં અંતર દૃષ્ટિ થઈ (તો) એ દ્રવ્યની જેટલી શક્તિઓ છે એની વ્યક્તતા પર્યાયમાં પરિણમે તો તેને સ્વીકાર દ્રવ્યનો કર્યો કહેવાય. આવો આત્મા છે એની હજી ખબર ન મળે અને એને ધર્મ થઈ જાય. અરે.. ભગવાન! શું છે આ? સમજાણું કાંઈ? આમ તો આત્મા આત્મા બધાય કરે છે. પણ એ આત્મા આવો છે એવું નક્કી કર્યા વિના એને આત્માની શ્રદ્ધા સાચી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

‘**પોતાથી દેવામાં આવતો જે ભાવ...**’ એટલે અવસ્થા, ‘**તેના ઉપેયપણામયી...**’ એટલે એને લેવાપણામયી એટલે ‘**(-તેને મેળવવાના યોગ્યપણામય,...**’ તેને મેળવવું એવી યોગ્યતામયી અથવા ‘**તેને લેવાના પાત્રપણામય) સંપ્રદાનશક્તિ.**’ છે. આહાહા..! અનંત ગુણનો પુંજ પ્રભુ એવી વસ્તુની સન્મુખની, સ્વસન્મુખની દૃષ્ટિ થતાં એની અનંત ગુણની દરેક પર્યાય, વર્તમાનમાં આત્મા પોતાને દે, અને પોતે લે. કાળભેદ નહિ. આહાહા..! બીજાને દેવું લેવું આત્મામાં છે નહિ, એમ કહે છે. આ વિકલ્પથી મેં દીધું. વિકલ્પ હું દઉં અને વિકલ્પ રાખું એ એમાં નથી. આહાહા..! ઓલામાં આવે છે ને? નહિ? દેવા-લેવાના જે પરિણામ થયા... એમ ભાઈ આવે છે ને? મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે. દેવા-લેવાની ક્રિયા તો જડની છે. એમાં જે તારા પરિણામ થયા શુભના એ તારા. એ તો એક પરથી જુદો પાડીને સમજાવવા વાત કરી છે. સમજાય છે? પણ સ્વભાવની દૃષ્ટિએ જોતાં એ શુભ પરિણામ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એના નથી. દાનમાં આવે છે નહિ? ઓલું નથી આવતું? ક્યાંક આવે છે. એમ કે દેવા-લેવામાં જે ઉપયોગ વર્ત્યો એ ઉપયોગ તારો છે. દેવા-લેવાની (ક્રિયા તારી નહિ). એ ભેદ પડાવવા એ બતાવ્યું છે. ત્યાં દેવા-લેવાની ક્રિયા જે છે એ કાંઈ તારી નથી. એ તો પર છે. અને એ વખતે ઉપયોગ તારો વર્તે કે આ દઉં છું એવો વિકલ્પ એ તારી દશાનો છે. તારી દશાનો છે એટલું. અહીં તો કહે છે કે વસ્તુદષ્ટિમાં એ વિકલ્પ પણ એની દશામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? જો આવું ન હોય તો પરને દેવા-લેવામાં રોકાતા સ્વરૂપનું દાન અને લેવાનું પોતામાં બને નહિ. તો એ આત્માની સ્થિરતા થાય નહિ અને આત્માની શાંતિ થાય નહિ. લ્યો ઠીક! આહાર-પાણી પાત્રને દેવા, પાત્રને દેવા..

મુમુક્ષુ :- મોક્ષમાર્ગ દીધો મુનિને..

ઉત્તર :- ભારે આવે છે. આહાર દે. શ્રાવક આહાર દે તો મુનિને મોક્ષમાર્ગ આપ્યો છે. કેમકે શરીર નભવામાં નભ્યું ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્ર અને દર્શન-જ્ઞાન-ચારિત્રની પુષ્ટિ થઈ. એવું પદ્મનંદીમાં આવે. એ તો વ્યવહારના કથન સમજાવવા વાત છે. આહાહા..! ભારે વાત ભાઈ! ઓલો કહે પણ આચાર્યે કહ્યું ને. પણ આચાર્યે કઈ નયે કહ્યું છે? પરને દે શું દે? રજકણ એક દઈ શકે કોઈને? એક રજકણ પણ આમ થવો એ શું આત્માને આધીન છે? અને ઓલો લે એ આત્મા લે છે? એ તો અદ્ધરને અદ્ધર અહીંથી જાય અને ત્યાં રહે છે. આત્મા લે ક્યાં અને આત્મા દે ક્યાં? આહાહા..! પરદ્રવ્યને આત્મા દે? પરદ્રવ્યને આત્મા લે? હવે એ ક્યાં.. મુનિએ આવો નિર્દોષ આહાર લેવો, સદોષ ન લેવો. આવે ને બધા કથનો? એ બધા ચરણાનુયોગના શુભપરિણામના કથનો છે. એ બધું ઈ.

વસ્તુની દષ્ટિએ જોતાં એ શુભ પરિણામનો પણ આત્મા જ્ઞાતા છે. એના જ્ઞાન, એના જાણવાના જ્ઞાનપણે થાય. એનાપણે થવું એવો એનામાં કોઈ ગુણ છે નહિ. ભારે શાસ્ત્રનું.. કઈ નયના વાક્ય શાસ્ત્રના છે એ ન સમજે અને તકરાર કરે કે આ નહિ. ભાઈ! એ તો કહ્યું છે ને જયચંદ્ર પંડિતે કે શાસ્ત્રમાં ભેદના કથનો ઘણા છે. ૧૧મી ગાથામાં કહ્યું છે જયચંદ્ર પંડિતે. અને લોકો પણ માંહોમાંહે વ્યવહારની જ વાતું કરે છે અને શાસ્ત્રમાં પણ નિમિત્તના હસ્તાવલંબ તરીકે દેખીને વ્યવહારની વાતું બહુ આવી છે. જયચંદ્ર પંડિતે કહ્યું ૧૧મી ગાથામાં. પણ એ ત્રણેનું ફળ સંસાર છે. સમજાણું કાંઈ? આહાહા..!

ભાઈ! ભગવાન! સંસાર થવો એ તારામાં કોઈ ગુણ નથી ને. તો હવે પછી શું કરવું છે તારે? ઉદયભાવ થવો એવો કોઈ ગુણ નથી. ઉદયના બોલ છે ને ૨૧? ચાર ગતિ, છ કાય ફલાણું, ઢીંકણું કહે છે. એ તારા ગુણમાં નથી પ્રભુ! એ તો પર્યાયમાં ઊભા થયા છે અદ્ધરથી. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. આહાહા..!

વીતરાગ સર્વજ્ઞએ જોયેલો આત્મા જ્ઞાનીએ-સમ્યગ્દૃષ્ટિએ એને જોયો. એવો જ જોયો ત્યારે એને સમ્યગ્દર્શન કહેવાય. સમજાણું કાંઈ? એને પછી એમ નથી રહેતું કે મેં આ દીધું, મેં લીધું. એવી એને પ્રતીત રહેતી નથી. થાય છે ક્રિયા તે જાણે છે. એ જાણવાનું પરિણામ પણ પોતે પોતાથી કરીને પોતાને આપ્યો છે. એ રાગ થયો અને તે ક્રિયા થઈ માટે અહીં જ્ઞાનપરિણામ થયા એમ પણ નહિ. ભારે! એ જ્ઞાનગુણ છે એ પોતે જ જ્ઞાનરૂપે પરિણતિ પર્યાય કરીને પોતે પોતાની પરિણતિ દે છે અને પોતે લે છે. સમજાણું કાંઈ? આવું વ્યાખ્યાન, આવું સ્વરૂપ તો ભાઈ ઝીણું પડે. કેટલાક કહે. પણ આ વસ્તુ જ આવી છે. તારે જો કલ્યાણ કરવું હોય તો આ સમજે છૂટકો છે. બાકી રખડી મરીશ ચોર્યાસીના અવતારમાં. સાંભળ્યું નથી. વાત સાચી. પણ મળે છે ને હવે. લ્યો! આ ડોસા છે ને જુઓને આપણે ૮૦ વર્ષના. એણે પણ સાંભળ્યું નથી. જયપુરમાં ત્યાં બધા (ગપ્પ ચલાવે છે). એ તો દિગંબર કહેવાય ને જૂના નામ. નામ નામ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એના ઘરમાં હતું. એણે પણ સાંભળ્યું નથી લ્યો! આહાહા..! ભગવાન! તેં તને સાંભળ્યો હોય તો તો તને અંદર દૃષ્ટિ, રુચિ થયા વિના રહે નહિ. એને અહીં સાંભળ્યો કહે છે, હોં! આહાહા..!

કહો, એ દરેક ગુણની પરિણતિ સ્વતંત્ર છે, કહે છે. એ સંપ્રદાન ગુણ પોતાનો પોતામાં સ્વતંત્ર છે અને એની પરિણતિ પણ સ્વતંત્ર છે. સમજાણું? ઓલું આવે છે ને? ચાર ગતિની પરતંત્રતાની નિવૃત્તિ અને નિર્વાણ સ્વતંત્રતાની પ્રાપ્તિ. એમ આવે છે ને પંચાસ્તિકાયમાં? ત્યારે હવે એ નિર્વાણ સ્વતંત્રતાની પ્રાપ્તિને એમ કહેવું પરતંત્ર છે (એ તો વિપરીતતા છે). આહાહા..! એ સિદ્ધ પણ હજી પરતંત્ર છે. ધર્માસ્તિકાય નથી એટલે ઉપર નથી જતાં એવા પરતંત્ર છે. ભાઈ! તને ખબર નથી. ભાઈ! એમ નથી. સિદ્ધ પોતાના નિર્મળ અવસ્થાના તે ક્ષણે તે કાળે પોતાની પવિત્રતાને તે પર્યાય આપે અને ત્યાં સ્થિર છે એ એનું લેવું અને દેવું એનામાં છે. એ સ્વતંત્ર પૂર્ણ સ્વતંત્ર છે. ધર્માસ્તિકાય નથી માટે ઉપર નથી જઈ શકતા એટલી પરતંત્રતા સિદ્ધને ત્રણ કાળમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એમાં તો એમ લીધું છે ને સ્વતંત્રતાની પ્રાપ્તિ. ત્યારે નિર્વાણમાં કંઈપણ અંશે પરતંત્રતા હશે? અને ચાર ગતિ પરતંત્રતાની નિવૃત્તિ. એમાં પણ વાંધા. અરે.. ભગવાન! એમ કે પરતંત્ર પોતે પર કરાવે છે એને. એમ નથી. પરતંત્ર તું ચાર ગતિની પર્યાયને તું ઊભી કરે છો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એ દ્રવ્ય-ગુણમાં નથી. સમજાણું કાંઈ? આ ઊભી કરે છે. કોઈ ગુણ ને દ્રવ્ય એવો આશ્રય નથી એને. આશ્રય એટલે વસ્તુ શુદ્ધ તરીકે. આમ તો પર્યાયનો આશ્રય દ્રવ્ય છે એ વળી જુદી વસ્તુ. એ તો પ્રવચનસાર કહે ને એમ. એ તો બીજી અપેક્ષાથી. એનાથી થાય છે એમ. પરને આશ્રયે વિકાર થતો નથી એ બતાવવા દ્રવ્યને આશ્રયે થાય એમ કહે છે. બાકી દ્રવ્ય અને ગુણ તો શુદ્ધ છે. એને આશ્રયે ક્યાં વિકાર થતો હતો? આહાહા..! પણ સ્વને આશ્રયે એટલે પોતાની વિકારી પર્યાય પોતાને આશ્રયે પોતાને કારણે પર્યાયમાં થાય છે. પરને કારણે નહિ. સમજાણું? આમાં કેટલું યાદ રાખવું એક કલાકમાં? યાદ રાખવાનું ક્યાં છે? આ તો સ્વરૂપ જ આવું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાવ. બસ, બસ ભાવ. શબ્દોનું અહીં કામ નથી. શબ્દો એના છે જ ક્યાં? શબ્દ યાદ રાખવા છે ક્યાં?

'**(-તેને મેળવવાના યોગ્યપણામય,...**' જુઓ! યોગ્યતા આવી એને. એ જીવમાં નિર્મળ અવસ્થા આત્મા કરે એની યોગ્યતા લેવાની એનામાં છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? વસ્તુ ભગવાન આત્મા એની અનંત શક્તિઓ માંયલી એક શક્તિ એવી છે કે વસ્તુનો સ્વીકાર કરતાં સંપ્રદાન નામ જે દાન દઈને પર્યાય થાય એને લેવાની એનામાં (યોગ્યતા રહેલી છે). આવું બધું અમે લઈ શકીએ? એમ કેટલાક કહે છે ને? આવી પાત્રતા અમારે? આહાહા..! આટલી શુદ્ધતાની અમારી પાત્રતા? એ શુદ્ધતાની દેવાની અને લેવાની તારી પાત્રતા છે. સમજાણું કાંઈ? એમ કે આવડો મોટો આત્મા આવડી મોટી પર્યાયને લે શી રીતે? અમે પાત્ર એટલા બધા નથી ને. તું રાગને માટે પાત્ર જ નથી. સંસાર માટે જીવ પાત્ર જ નથી. આહાહા..! એ તો નિર્મળ શુદ્ધ ધર્મની પર્યાય લે અને દે એનો પાત્ર છે. લેવાના માટે લાયક છે. આ લેવા માટે લાયક છે. પરમાંથી લેવા લાયક નથી, પરને દેવા માટે લાયક નથી. સમજાણું કાંઈ? લ્યો, એ ૪૪ થઈ. વખત બે મિનિટ છે.

૪૫. શરૂ તો કરીએ છીએ, પછી બીજે દી ચાલે છે. '**ઉત્પાદવ્યયથી આલિંગિત...**' હવે શું કહે છે? ભગવાન આત્મા..! કહે છે કે નિર્મળ પર્યાયના ઉત્પાદવ્યયથી સ્પર્શિત હોં! નિર્મળની વાત છે અહીં. આત્મા વસ્તુ, એના અનંતા શુદ્ધ ગુણો અને એની ઉત્પાદ-વ્યયની પર્યાય પણ નિર્મળ. એ નિર્મળ અવસ્થા જે છે ઉત્પાદ-વ્યયથી સ્પર્શિત. છે ને? ભાવ. એનો અભાવ. એ પર્યાય ઉત્પાદ-વ્યયની છે એવા ભાવનો અભાવ થાય છે. તો એક ઠેકાણે અભાવ થતાં ક્યાંથી કાઢવું? કે એનામાં એક અપાદાન નામનો ધ્રુવ ગુણ છે એમાંથી નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. એમાંથી થાય છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


વર્તમાનમાં નિર્મળ ઉત્પાદ-વ્યયની અવસ્થાનો અભાવ થવા છતાં, અપાય નામ હાનિ થવા છતાં નવી નિર્મળ પર્યાયની ખાણ એવો જે ધ્રુવ, એનાથી તે નવું નીકળે છે. એવો એનામાં અપાદાન નામનો એક ગુણ છે. વિશેષ આવશે લ્યો..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**અષાઢ વદ ૫, રવિવાર તા. ૧૪-૭-૧૯૬૮**
**શક્તિ-૪૫-૪૬, પ્રવચન-૫૬૭**

આ સમયસાર. પરિશિષ્ટ અધિકાર છે. આત્મા વસ્તુ છે એમાં અનંત શક્તિઓ છે. એ અનંત શક્તિનું સ્વરૂપ તે એકરૂપ તે આત્મા. અને એ બધી શક્તિઓ શુદ્ધ છે. પરમ પરિણામિકભાવ. પરિણામિકભાવ. પરમ કેમ? ગુણ છે ને ત્રિકાળ. એને કોઈ કર્મની અપેક્ષા કે અભાવ એ કાંઈ છે નહિ. એવો જે આત્મા એ પણ પરમપરિણામિકભાવે (છે). જેને કોઈ રાગનું નિમિત્તપણું હતું અને એમાં ભાવ થયો એવી કોઈ અપેક્ષા એમાં નથી. એવા આત્મામાં અનંતી શક્તિઓમાં એવી અહીં અત્યારે શક્તિ જીવતરશક્તિથી માંડીને ૪૭ શક્તિનું વર્ણન છે. છે તો અનંતી.

એમાં અત્યારે અપાદાનશક્તિ આપણે આવી છે. એટલે શું? કે આત્મામાં એવો એક ગુણ છે. સમજાણું કાંઈ? આ આત્મા જે છે આત્મા... ઝીણું પડશે પણ સમજવું તો પડશે ને. આ જે આત્મા છે... આ તો દેહ આ તો જડ માટી છે. આ વાણી છે એ માટી જડ છે. એ કાંઈ આત્મા નથી. તેમ અંદર કર્મ જે આઠ કહેવાય છે જડ એ પણ માટી જડ છે અને આ બહારની ચીજો પર છે એની સાથે આત્માને કાંઈ સંબંધ નથી.

મુમુક્ષુ :- એની સાથે પણ સંબંધ નથી?

ઉત્તર :- કોઈની સાથે, કર્મની સાથે, શરીરની સાથે, વાણીની સાથે સંબંધ નથી. એ તો પર સ્વતંત્ર પદાર્થ છે જગતના. એને સંબંધ છે અનંત શક્તિના ગુણ સાથે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાનીએ આ આત્માને એના અનંત શક્તિના સંબંધવાળો જોયો છે. પરનો સંબંધ એમાં કાંઈ છે નહિ. શેઠી! એવો જે આત્મા એમાં અનંતગુણ છે શક્તિરૂપે. એનું અંતર સ્વરૂપનું જ્ઞાન કરીને આત્મા વસ્તુ અનંતગુણનો પિંડ શક્તિનો, એવી અંતર દૃષ્ટિ થતાં એ વસ્તુ તરફની સ્વભાવની સન્મુખ દૃષ્ટિ થતાં એને વર્તમાન દશામાં ધર્મ નામ શાંતિ અને સમ્યગ્દર્શનના પરિણામ થાય એ આત્માનું કાર્ય ને કર્મ ને કર્તવ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ કાર્ય... અહીં તો કાર્યથી શરૂ કર્યું છે ને? કર્મશક્તિથી શરૂ કર્યું છે. ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ અને ચૈતન્યજ્યોત, એનું કર્મ એટલે કાર્ય, પુણ્ય-પાપનો રાગ એ એનું કાર્ય નહિ, એ તો વિકાર પર છે, એનું કાર્ય તો વાસ્તવિક રીતે ભગવાન શુદ્ધ આનંદ અને જ્ઞાનની મૂર્તિ છે એવા આત્માનું પવિત્ર નિર્મળ આનંદ આદિની દશા થવી એ એનું કર્મ નામ એનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કર્તવ્ય નામ એનું કામ છે. એનો કર્તા એ આત્મા છે. એ બીજો બોલ. પહેલી કર્મશક્તિ લીધી હતી.

એ શુદ્ધ ભગવાન આત્મા રાગ અને દ્વેષ વિનાનો સ્વભાવ, સ્વતંત્ર સુખી થવાનો જે સ્વભાવનો સાગર એને દૃષ્ટિમાં લેતા એનામાં આનંદ અને શાંતિ આદિ અનંતગુણની પવિત્રતાની પર્યાય પ્રગટ થાય તે કાર્ય. તે તેનું કાર્ય. રાગાદિ થાય તેને પણ જાણે એ એનું કાર્ય. રાગ એનું કાર્ય નહિ. ભારે. કહો, તંબોળી! આ સંચા-બંચાનું તો કામ નહિ, રાગાદિનું કામ નહિ એમ કહે છે અહીં. આહાહા..! એ રાગ થયો એનું અહીં જ્ઞાન કર્યું આત્માએ પોતાના સન્મુખની દૃષ્ટિમાં. તે જ્ઞાનરૂપી કાર્ય તે શુદ્ધ જ્ઞાન તે તેનું કાર્ય. અને એનો કર્તા તે આત્મા. એ ધર્મની વીતરાગી પર્યાયરૂપી કાર્ય એનો કર્તા તે આત્મા. એનો કર્તા વ્યવહાર, વિકલ્પ, નિમિત્ત આદિ રાગ એનો કર્તા નહિ. અને એ નિર્મળ અવસ્થાના કાર્યના કર્તાને પોતાની શુદ્ધ પરિણતિ દ્વારા એ કાર્ય કર્યું એ એનું કર્મ નામ સાધન.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બીજે ક્યાં આવે? હમણાં ઓલા દાખલો તમારે નથી આપતા? દેવદત્ત કુહાડી વડે ફલાણાની વાડીમાં, ફલાણા માટે આંબો કાપે છે. એમ આવે છે ને? શેમાં આવે છે? વ્યાકરણમાં. દેવદત્ત એ કર્તા, આંબો એ કર્મ, કાપે છે એ ક્રિયા, વાડીમાં એ આધાર, હથોડી વડે કરણ, ફલાણા માટે એ સંપ્રદાન. સમજાય છે? એમાં આધાર તો લીધો વાડી એ આધાર અને આંબાથી.

મુમુક્ષુ :- આંબામાંથી કેરી તોડે છે.

ઉત્તર :- આંબામાંથી કેરી તોડે છે લ્યો ને. આંબાથી. આંબાથી છે ને મૂળ તો? આંબામાંથી. એ છએ ભિન્ન ભિન્ન છે. એ કારકોમાં ભિન્ન ભિન્ન છે. અહીં તો અભિન્ન કારક છે.

આત્મા ભગવાન સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપ. વીતરાગે એવો જોયો આત્મા એવો જે જાણે એને વીતરાગી કાર્ય નિર્મળ અવસ્થા થાય એનું નામ ધર્મ. એ ધર્મરૂપી કાર્ય એનો કર્તા આત્મા. એનું સાધન એ શુદ્ધ પરિણતિરૂપે સાધન કર્યું એ એનું કરણ. અને તે શુદ્ધ પરિણમન જે થયું એ પોતે કર્યું અને પોતે લીધું. એ.. ...ભાઈ! લ્યો, આ મકાન-બકાન કરાવ્યું ... કાંઈ આવતું નથી આમાં.

સંપ્રદાન. દાન પોતે પોતાને દીધું. સમજાણું કાંઈ? બીજાને કાંઈ દઈ શકે કે લઈ શકે એ આત્મામાં કોઈ ગુણ છે જ નહિ. એ તો જડના સ્વતંત્ર પદાર્થો એને કારણે જાય અને એને કારણે આવે. રાગનું કરવું અને રાગનું રાખવું એવો આત્મામાં ગુણ નથી. આહાહા..! માટે રાગ કરે ને રાગ રાખે એ આત્મામાં છે નહિ. સમજાણું કાંઈ?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હવે આપણે અપાદાન આજે તો આવ્યું છે. આત્મામાં એક અપાદાન નામનો ગુણ છે-શક્તિ છે. એ શક્તિનું શું કાર્ય છે? આત્મામાં એક અનાદિઅનંત જેમ જ્ઞાનસ્વરૂપે આત્મા, આનંદસ્વરૂપે આત્મા (છે), એમ અપાદાન નામની શક્તિસ્વરૂપ એનું સ્વરૂપ છે. એટલે શું? અપાદાન એટલે શું? કે આત્માની અવસ્થામાં ઉત્પાદ-વ્યય થાય છે. નવી અવસ્થા ઊપજે, જૂની અવસ્થા જાય. વિકારની વાત નથી, અહીં નિર્મળની વાત છે. સમજાણું કાંઈ?

આત્મામાં નવી નવી પર્યાય થાય, જૂની પર્યાય જાય. એવો જે '**ઉત્પાદવ્યયથી...**' ઉત્પાદવ્યયથી '**આલિંગિત...**' સ્પર્શિત એવી પર્યાય. પર્યાય એટલે ભાવ. આત્મામાં ઉત્પાદ નામ નવી સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ ચારિત્રની જે પર્યાય ઉત્પન્ન થાય અને પૂર્વની અવસ્થાનો વ્યય થાય એ આલિંગિત. એ ઉત્પાદ-વ્યયને સ્પર્શિત એવી જે પર્યાય, ઉત્પાદ-વ્યયને સ્પર્શિત-સંબંધવાળી એવી જે પર્યાય-એવો જે ભાવ એનો અપાય-એનો અભાવ થાય છે. ત્યારે પર્યાયનો અભાવ થાય છે. પર્યાય એક સમયની હોય છે. તેથી એ પર્યાયનો ઉત્પાદ-વ્યયથી સ્પર્શીત પર્યાયનો અભાવ થાય છે. અભાવ થાય કહો કે અપાય કહો કે હાનિ કહો કે નાશ કહો. ઝીણી વાત છે, ભાઈ! ધર્મ વાત એવી સૂક્ષ્મ છે. લોકોએ કોઈ દી સમજ્યો જ નથી એને. મરી ગયો અનંત કાળથી બહાર કરી કરીને ચાર ગતિમાં હેરાન થઈને. સમજાણું કાંઈ? ધર્મને નામે પણ આ દયા, દાન અને વ્રતના વિકલ્પો કરી એ મારું કર્તવ્ય છે, એ મને લાભ છે એમ મિથ્યાત્વને સેવી મિથ્યાદષ્ટિપણે આ સંસારમાં ચાર ગતિમાં રખડે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પૈસા ક્યાં એના બાપના હતા તે આપે? બાપના શું પણ એના ક્યાં હતા લ્યોને. એય..! જાધવજીભાઈ! પૈસા તો જડના છે. એના છે એના? એના હોય તો જુદા હોય? જુદા એ એના છે? આ શરીર રહ્યું છે એ જડરૂપે થઈને રહ્યું છે આ. કે આત્મા થઈને રહ્યું છે આ? જડ તો જડરૂપે થઈને રહેલું છે આ. આત્માનું થઈને રહ્યું છે? આત્મામાં છે આ? આ તો માટી છે, જડ છે. સમજાણું કાંઈ? એનું તો એ નથી. માટે એનાથી કામ કરે એ એનું નથી. એ તો જડના કાર્ય ચાલે છે આ હાલવું, ચાલવું, બોલવું એ જડના કાર્ય છે. આત્માના નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એમાં રાગ થાય-ઈચ્છા, એ પણ દૃષ્ટિ જ્યાં સુધી એને મિથ્યાત્વ છે, રાગવાળો છું એમ માન્યું છે પણ આનંદવાળો છું, અનંત શક્તિવાળો છું એવું જાણીને માન્યું નથી, ત્યાં સુધી રાગ છે એનો એ કર્તા અજ્ઞાની છે, રાગ એનું કર્મ છે, રાગ એનું સાધન સમયનું છે, રાગ એનાથી રાગમાંથી રાગ થયો છે, આત્માથી નહિ. રાગ પોતે કરીને રાખ્યો અને રાગનો આધાર રાગ છે. એ મિથ્યાદષ્ટિના રાગના છ કારકો ચાર ગતિમાં રખડવાના કારણ છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અહીં તો ધર્મીના ષટ્કારકો કેવા હોય એની વાત ચાલે છે. ધર્મી એવો આત્મા અને જેણે ધર્મીની દૃષ્ટિ કરી છે તે. સમજાણું કાંઈ? આ શરીરાદિ પલટે અને જાય એની અત્યારે વાત નથી. એ એમાં છે અપાદાન. શરીરમાં પણ અપાદાન છે. આ શરીરની જે અવસ્થા થાય છે ને આ અવસ્થા? ઈ ક્ષણે ક્ષણે ઉત્પન્ન થઈને બદલે છે, ઉત્પન્ન થઈને બદલે છે. એ હાનિ પામે છે. છતાં પરમાણુમાં ધ્રુવપણું જે છે એમાંથી નવી નવી અવસ્થા થાય છે. સમજાણું કાંઈ? લ્યો, આ આંગળી ચાલે છે ને આમ? એ આ ચાલે છે એ પર્યાય થઈ, જુઓ આ. એ થઈ અને પાછી આમ થઈ તો ગઈ. એ અવસ્થાના ઉત્પાદ-વ્યયના ભાવથી સ્પર્શિત એનો '**અપાય...**' એટલે અનર્થ અથવા હાનિ, એનો અભાવ થવા છતાં પરમાણુ ધ્રુવપણે છે એમાંથી નવી અવસ્થા થાય છે. આત્મામાંથી નહિ. આને હલાવવાની આત્મામાંથી નહિ. સમજાણું કાંઈ?

એમ આત્મામાં શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એની જે અપાદાન નામની શક્તિ એટલે કે એની વર્તમાન અવસ્થામાં શુદ્ધતાની અવસ્થા ઉત્પન્ન થાય અને પૂર્વની વ્યય થાય એવો જે ભાવ પર્યાયને સ્પર્શતો ભાવ, અવસ્થાને સ્પર્શતો ભાવ, તેનો અભાવ થવા છતાં ધ્રુવપણું જે ચૈતન્યમાં છે, એ ધ્રુવપણું તેમાંથી નવી પર્યાય થાય છે. હાનિ પામતા છતાં હાનિ ન પામે એવો એનામાં ગુણ છે. આવો તે ધર્મ કઈ જાતનો માણસને.. તંબોળી! ઓલો કહે, દીધે રાખે ત્યાં. ચર્ચા થઈ હશે ત્યાં થોડી. ત્યાં આવ્યા હતા ને ભાઈ રજનીશ. આમની દીકરી છે ને. ચર્ચા થઈ હશે. સોનગઢના ચક્કરમાં પડી ગયા. બધા પ્રશ્નના ઉત્તરમાં (એમ કહે). અરે..! એ છોડી બીજી છે એની એ હુશિયાર છે. કહો, સમજાણું કાંઈ?

આત્મા જેને ધર્મ એટલે સુખી થવું છે, જેને દુઃખનો નાશ કરવો છે એ કહેવું એ પણ વ્યવહાર છે. કારણ કે દુઃખસ્વરૂપ આત્મા છે નહિ. દુઃખરૂપ થયો જ નથી ત્યાં પછી દુઃખનો નાશ કરવો એ કહે છે કે.. એઈ..! સોનગઢનું ચક્કર એ આત્માનું ચક્કર છે. ભગવાન આત્મા અનંત અનંત શક્તિમાં રહેલું તત્ત્વ એમાં એક અપાદાન નામનો ગુણ જે છે, એટલે કે એની વર્તમાન અવસ્થા ઉત્પન્ન-વ્યય થાય એવો જે ભાવ, એનો અભાવ થવા છતાં, એની હાનિ થવા છતાં ધ્રુવ વસ્તુ જે છે-ધ્રુવ ઉપાદાન, ધ્રુવ ઉપાદાન એમાંથી નીકળતી અવસ્થા શુદ્ધ એનાથી થાય છે. સમજાણું કાંઈ? એટલે? પોતાથી પોતાનું રૂપ, પોતાનું રૂપ. નિર્મળ પર્યાયના રૂપે થયું એનો અભાવ થવા છતાં શુદ્ધ ધ્રુવ છે એ પોતે પોતાથી પોતાનું રૂપ નિર્મળ અવસ્થારૂપે થાય એ ધ્રુવને કારણે થાય છે. સમજાય છે કાંઈ? ભારે વાતું!

જગતમાં માથા ફોડીને મરી ગયો અનંત કાળથી. દુઃખી... દુઃખી... દુઃખી. એના રસ્તા અંદરના શું છે એના પત્તા નથી. ભગવાન આત્મા..! કહે છે કે શરીરાદિ બધું થાઓ એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


તો એનામાં છે જ નહિ. આ રાગાદિ બદલો અને વ્યવહારાદિ બદલો એ પણ એનામાં છે નહિ. આહાહા..! પણ એનામાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એવા ત્રણ સત્ છે. એમાં ઉત્પાદ નવી અવસ્થા થાય, જૂની જાય એવા ભાવનો અવસ્થા છે ને તેથી અભાવ તો થાય. અભાવ થાય, નાશ થાય-રહિત થાય, રહિત થાય. છતાં ધ્રુવમાંથી એનું સહિતપણું પ્રગટ થાય છે આનંદનું, શાંતિનું એ પોતાથી, પોતા વડે, પોતાનું રૂપ પોતે કરેલું છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો ધર્મ! એમ હોય તો ભાઈ આ જાત્રા કરી નાખીએ. એઈ..! ઝવેરચંદભાઈ! ભાઈ આ પૈસા નાખ્યા ખર્ચીને... કેટલા આના ભરોસામાં લ્યો. તમારી મોટી કંપની છે. બે આના ભરો, ચાર આના ભરો. આપી દે. લ્યોને, જો ધર્મ થાતો હોય તો.

મુમુક્ષુ :- ન થાય.

ઉત્તર :- ન થાય?

મુમુક્ષુ :- હવે ન થાય.

ઉત્તર :- પહેલા તો માન્યું હતું ને.

ભાઈ! પૈસો ક્યાં તારો હતો તે એનાથી ધર્મ થાય? એ તો જડ છે. એનામાં રાગની મંદતા તેં કરી હોય તો એ ક્યાં તારી ચીજ છે કે તને લાભ થાય એમાં. આહાહા..! તારું સ્વરૂપ તો રાગ અને પરથી રહિત છે. અને પોતાના અનંત શક્તિ સહિત છે. સમજાણું કાંઈ? એ શક્તિમાં એક શક્તિ એવી છે કે વર્તમાન અવસ્થાની હાનિ નામ અભાવ નામ ન રહેવા છતાં ધ્રુવપણું જે છે એમાંથી શક્તિમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ-આનંદની નિર્મળ પર્યાય ધ્રુવમાંથી આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

જુઓ! '**ઉત્પાદવ્યયથી આલિંગિત...**' એવી પર્યાય. ભાવ એટલે અવસ્થા-ભાવ. એની હાનિ. અભાવ '**થવાથી હાનિ નહિ પામતા...**' હાનિ નહિ પામતો. પૂરું પાડે છે કહે છે. અવસ્થા બદલી છતાં પૂરું પાડે છે કોણ? ધ્રુવ. સમજાણું કાંઈ? એક માલ કાઢતા જાવ તો પણ ખાણ એટલી હોય કે એમાં ખૂટે નહિ. એમ આત્માની ખાણ અનંત શક્તિની એવી છે કે એની વર્તમાન અવસ્થા બદલવા છતાં એ ખાણમાંથી ખૂટે નહિ એવી એ ખાણ છે. સમજાણું કાંઈ? કહો, ધીરૂભાઈ! આવું કોઈ દી વીતરાગ સિવાય બીજે હોઈ શકે નહિ. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ એણે જોયેલો, અનુભવેલો જે આત્મા એ જ જ્ઞાનીઓએ એવો જ અનુભવ્યો છે. બીજે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે એવો '**હાનિ નહિ પામતા...**' જુઓ! હાનિ પામતા છતાં હાનિ નહિ પામતો. એટલે કે વર્તમાનમાં એની પર્યાય બદલવા છતાં, અભાવ થવા છતાં, નહિ રહેવા છતાં, એને ખ્યાલમાં રહેવાપણું પ્રગટે એવું ધ્રુવમાંથી આવે છે. ભગવાન અનંત આનંદ અને જ્ઞાનનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ધ્રુવપણું છે એનો અંદર આશ્રય છે, દૃષ્ટિ ત્યાં છે એથી ધ્રુવમાંથી શાંતિ, શ્રદ્ધા, જ્ઞાન, નિર્મળ આદિ વીતરાગી અનંતી, અનંત શક્તિની અનંતી પર્યાય, અનંત શક્તિની અનંતી પર્યાય ધ્રુવથી આવે છે, ધ્રુવ થકી આવે છે, ધ્રુવ વડે આવે છે, ધ્રુવ થઈને એનું રૂપ એવું થાય છે. સમજાણું કાંઈ? આવું.

એમાં બે પ્રકાર વર્ણવ્યા છે. ઉત્પાદવ્યય છે એ ક્ષણિક ઉપાદાન છે. ક્ષણિક. થાય ને જાય, થાય ને જાય. અને ધ્રુવ છે એ કાયમી ઉપાદાન છે. એમાંથી નિર્મળ અવસ્થા આવે છે. ખૂટે નહિ એવી ખાણ છે ઈ. સમજાણું કાંઈ? આહાહા..! કહે છે, અહીં તો ત્યાં સુધી કહે છે કે કેવળજ્ઞાનનો જે પર્યાય છે એનો ઉત્પન્ન થયેલો પર્યાય, બીજે સમયે એનો વ્યય થાય. એવું હોવા છતાં અંદર ધ્રુવમાંથી કેવળજ્ઞાન આવે એવી એનામાં તાકાત છે. ભાઈ! એઈ..! આહાહા..!

વર્તમાનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની મોક્ષમાર્ગની જે પર્યાય છે એ ચૈતન્યના આશ્રયે થયેલી, મોક્ષના માર્ગની પર્યાય, એ પર્યાય ઉત્પન્ન થઈને વ્યય થાય, બદલી જાય છે કહે છે. બદલવા છતાં એનું ધ્રુવપણું જે છે એમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની બીજી નવી નવી પર્યાય પાછી રૂપ ધારણ કરે છે. ઓલું રૂપ ગયું, બીજું રૂપ આવે છે. સમજાણું કાંઈ? પરની સાથે કાંઈ સંબંધ નથી એને.

એ જ્ઞાનનો પર્યાય સમ્યક્, જે ચૈતન્યના આશ્રયે થયો તે પર્યાય રહેતો નથી, કહે છે. છતાં એ જ્ઞાનની પર્યાય ગઈ, છતાં નવી જ્ઞાનની પર્યાયની ખાણ ધ્રુવ છે એનાથી જ્ઞાનની પર્યાય થાય છે. પર્યાયથી પર્યાય નહિ, નિમિત્તથી નહિ, સંયોગથી નહિ. એમ સિદ્ધ કરવું છે અહીં. સમજાણું કાંઈ? આહાહા..! મૂળ ધર્મની ચીજ શું છે એને એણે કોઈ દી લક્ષમાં લીધું નહિ અને કામ કર્યા નહિ. ઊંધા કામ કરીને, માનીને, રખડીને દુઃખી થઈ રહ્યો છે. શેઠી! કહો, આ પાંચ-પચાસ લાખ ધૂળ મળી અને આ શરીર આવું રાખ્યું. મરી ગયો હેરાન થઈને. કાંઈ રાખ્યું નથી, સાંભળને! એ તો એને કારણે રહ્યા છે.

અહીં તો કહે છે કે ભગવાને રાખ્યા છે અનંતા ગુણો આત્માએ. એ ગુણનું ધામ આત્મા, એની વર્તમાન અવસ્થાનું રૂપ બદલવા છતાં એ એના સ્વરૂપના રૂપથી, ધ્રુવથી ખાલી નહિ રહે એમ કહે છે. આહાહા..! એની હાનિની ખોટ ઓલો ધ્રુવ પૂરી પાડશે, કહે છે. આહાહા..! એઈ..! સમજાણું કાંઈ? પહેલા ક્ષણની અવસ્થા સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર, શુદ્ધ આનંદ, સ્વચ્છ, વીર્ય, સ્વચ્છતા, પ્રભુતા એવી જે અવસ્થાઓ અનંત શક્તિની, અનંત ગુણની એક સમયમાં વર્તે છે એનો વ્યય થઈ જશે, અભાવ થઈ જશે. તો એને ઠેકાણે એની પૂર્તિ કોણ કરશે હવે? કહે છે, ધ્રુવથી થાય છે એ બધું. સમજાણું કાંઈ? ધ્રુવ વસ્તુ છે ને એનાથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તેવી ને તેવી નિર્મળ પર્યાય અથવા વિશેષ શુદ્ધ પર્યાય એ ઉત્પન્ન થવાની ખાણ ધ્રુવ છે. ત્યાંથી અનંત પ્રગટ થઈને પોતા વડે, પોતાથી, પોતાના રૂપને પોતે ધારે છે. આહાહા..! રાગ વડે રાગના રૂપને ધારતો નિર્મળ પર્યાય થાય એમ એનામાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? બહુ ઝીણું પડે માણસને. ઝીણું કાંઈ નથી. હવે અહીંયાં તો માણસ ઘણા પરિચયમાં આવી ગયા છે. કેમ આ સમજાય છે કે નહિ આ? ભાવનગર. આ બધા પરિચયમાં છોકરાઓ છે કે નહિ? વાંચ્યું છે કે નહિ? આહાહા..!

ભગવાન આત્મા..! ભાઈ! તું કોણ? તું કોણ? તો કહે છે, હું આ. જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ આદિ અનંત શક્તિનું તત્ત્વ તે હું. હું એટલે પુણ્ય-પાપના પરિણામ, શરીર, વાણી હું, એ એનામાં છે જ નહિ ને. નથી તે હું કેમ હોય એ?

મુમુક્ષુ :- કે દી નથી?

ઉત્તર :- ત્રણે કાળે. આહાહા..! સમજાણું કાંઈ? તું કોણ? કે તું એટલે આત્મા અને આત્મા એટલે અનંત જ્ઞાન, દર્શન, શાંતિ આદિ શક્તિઓનું સત્ત્વ તે આત્મા. અનંત શક્તિઓનું સત્ત્વ એવો જે આત્મા એનો અંતર્મુખ થઈને સ્વીકાર થતાં નિર્મળ અનંતી પર્યાયો જે પ્રગટ થઈ તે સહિતના આત્માને આખો આત્મા કહે છે.

હવે અહીં તો કહે છે, પણ ઓલી નિર્મળ અવસ્થાનો કાળ થોડો છે ને? સમજાણું કાંઈ? એક છોકરો મરે અને વળી બીજો છોકરો એની ખોટ પૂરી પાડે, કહે છે. એમ ભગવાન આત્મા ધ્રુવ વસ્તુ છે અંદર. ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એ આ અવસ્થા કેવળજ્ઞાન કહો, મોક્ષના માર્ગનો પર્યાય કહો, વર્તમાન નિર્મળ અવસ્થા એ એની પર્યાય છે, રાગાદિ એની અવસ્થા નહિ. એ અવસ્થાનું બદલવું થવાં છતાં એના સ્થાનમાં ખોટ પૂરી પાડનાર ધ્રુવ છે. જેનાથી નિર્મળ અવસ્થા પાછી થયા વિના રહેશે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ પોતે પોતા રૂપે, પોતા વડે, પોતાથી થઈને પોતા રૂપે રહે છે. પોતાના રૂપે રહે છે. સમજાણું? અને એ પોતે નથી અને પોતા વડે એમાં એ રાગ નથી. અને પોતાના રૂપમાં પણ રાગ અને પુણ્ય-પાપ નથી. સમજાણું કાંઈ? ભારે!

કહે છે... ઓહોહો..! શું સંતોએ પણ દિગંબર મુનિઓ એમણે કેવળજ્ઞાનીએ કહેલા ભાવોને શબ્દોમાં વ્યક્ત કરીને કેટલી વાત કરી છે! શબ્દો તો શબ્દને કારણે પરિણમ્યા છે. સમજાય છે? પણ એમાં જે જ્ઞાન નિમિત્ત છે, એ જ્ઞાનની વિકાસની શક્તિ કેટલી છે? આ વીતરાગ શક્તિનો પર્યાય કહે છે કે બદલે છે ને? ભલે બદલો. નવી અવસ્થાની ખાણ તો ધ્રુવ છે. એમાંથી આવ્યા વિના રહેશે નહિ. કારણ કે ધ્રુવને દૃષ્ટિમાં લીધો છે. ક્ષણિક અવસ્થા બદલી... અને ક્ષણિક અવસ્થા જે થઈ એ પણ પોતાથી થયેલી છે. નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની

જે ધર્મપર્યાય એ પોતાથી થયેલી છે. ક્ષણિક ઉપાદાન. રાગ ને પુણ્ય ને નિમિત્તથી નહિ. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે એ ઉત્પાદ, સંહનન અને મનુષ્યપણાને કારણે નહિ. એ ક્ષણિક ઉપાદાન ગુણનું છે તેનાથી કેવળજ્ઞાનાદિ ઉત્પન્ન થાય છે. ક્ષણિક ઉપાદાન. રાગ ને પુણ્ય ને નિમિત્તથી નહિ. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે એ ઉત્પાદ સંહનન અને મનુષ્યપણાને કારણે નહિ. એ ક્ષણિક ઉપાદાન ગુણનું છે તેનાથી કેવળજ્ઞાનાદિ ઉત્પન્ન થાય છે. અને જાય છે ત્યારે? કે જાય છે ત્યારે ધ્રુવમાંથી આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

ઉત્પાદવ્યયથી સ્પર્શિત આલિંગિત-આલિંગન કર્યું છે એણે. કોને? પર્યાયને. એક સમયની અવસ્થા છે તેનાથી એ ભાવ છે. કહે છે કે એ બદલી જાય છે ને? બીજાની તો અહીં વાતેય નથી. એની નિર્મળ અવસ્થા બદલે છે ને? કે બદલવાનો સ્વભાવ છે. ક્ષણિક ઉપાદાનનો એ સ્વભાવ છે. બદલવા છતાં એ જ સ્થાનમાં નિર્મળ અવસ્થાઓનો અભાવ થયો તો એ નિર્મળ અવસ્થાઓ જેટલી અનંત ગુણની છે એ બધી ધ્રુવથી, પોતાથી, પોતા વડે, પોતાના રૂપને ધારણ કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! લ્યો!

'**ધ્રુવપણામયી...**' એમાંથી ભલે થી-થકી બરાબર શબ્દ નહોતો એટલે પંડિતજીને પૂછયું કે ભાઈ આમાં થી-થકી ક્યાંથી કાઢવું? શબ્દો તો એવા છે ભાઈ એકલા ટીકાના. એ તો આવ્યું ને ધ્રુવપણામયી શક્તિ. ઓલું હાનિ થાય છે છતાં હાનિ નહિ પામતું. હાનિ થાય છે છતાં હાનિ નહિ પામતું એમાં આવી ગયું ઈ. ભાઈ! થી-થકી આવી ગયું. જે નિર્મળ અવસ્થાઓ છે એ આમ જાય છે એને ઠેકાણે હાનિ નહિ પામતું એનો અર્થ કે અહીંથી થાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

ચૈતન્ય ધ્રુવ સચ્ચિદાનંદ સ્વરૂપ ભગવાન આત્મા શાશ્વત ગુણનો પિંડ પ્રભુ છે. કહે છે કે એની સમય સમયે અવસ્થા જાય છે ને? હાનિ પામે છે ને? અંદર થાય છે ને. અપાયનો અર્થ અંદર છે. ઓલો અર્થ રહેતો નથી. એમ. અપાય આવે છે ને? ભાઈ! ધર્મધ્યાનમાં. ચાર. અપાય-હાનિ પામે. સમજાણું કાંઈ? હાનિ પામો પણ એને ઠેકાણે ભગવાન આત્મા ચૈતન્ય ધ્રુવ છે ને, અને ત્યાં દૃષ્ટિ છે. ધર્મીની દૃષ્ટિ ધ્રુવ ઉપર છે. ધર્મીની દૃષ્ટિ ધ્રુવ ઉપર છે. બદલતી પર્યાય એ પર્યાય છે એની દૃષ્ટિ ધ્રુવ ઉપર છે. બદલે ભલે. પણ ધ્રુવમાંથી નવી અવસ્થાઓ એનાથી થાય છે. નિમિત્તથી નહિ, સંયોગથી નહિ, પર્યાયથી પર્યાય નવી નહિ ભાઈ અહીં. આહાહા..! સમજાણું કાંઈ?

મોક્ષનો માર્ગ પ્રગટ્યો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વને આશ્રયે. તો એને આશ્રયે નવી પર્યાય થાય એમ નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? એ તો જાય છે. જાય છે એ શું લાવે?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


શું નવું કાઢે? જાય છે અને થાય છે શું? થાય છે ને નવું અવસ્થામાં? ધ્રુવમાંથી આવે છે. હાનિ પામતા છતાં હાનિ નથી પામતો એટલે અહીંથી આવે છે. એ ધ્રુવ સ્વરૂપમાંથી અનંતા ગુણનો પિંડ પ્રભુ છે તેની પરિણતિ નિર્મળ અવસ્થા અનંતી તે ધ્રુવમાંથી થાય છે. આવો એનો ગુણ અપાદાન (રહેલો છે). ભગવાન આત્મામાં જેમ જ્ઞાનગુણ છે, આનંદ શક્તિ છે એવી આ (અપાદાન) શક્તિ છે. ઓહોહો..! શક્તિનું વર્ણન કરીને અમૃતચંદ્રાચાર્યે તો ગજબ કામ કર્યા છે!! એવી વાત ક્યાંય છે નહિ.

વસ્તુ અને વસ્તુની શક્તિ અને એનું પરિણમન ત્રણે વાત લીધી. સમજાણું? લ્યો એ અપાદાન નામનો ગુણ કીધો. એમાંથી ઉપાદાન નીકળે. કેમકે ઓલી અવસ્થા છે એ બદલે છે તો નવી નવી થાય છે એ ક્ષણિક ઉપાદાન કહેવાય અને જાય છે અને ક્યાંથી થાય છે? કે ધ્રુવમાંથી. એ ધ્રુવ ઉપાદાન છે. સમજાણું કાંઈ? દિપચંદજીએ તો એને બહુ વર્ણવ્યું છે. દિપચંદજી ગૃહસ્થાશ્રમમાં થઈ ગયા છે. આ બધા ઘણા ગ્રંથો બનાવ્યા છે. ચિદ્‌વિલાસ, આત્માનુભવ.. અનુભવપ્રકાશ, આત્માવલોકન ઘણા ગ્રંથો બનાવ્યા. ગૃહસ્થાશ્રમમાં. ગૃહસ્થાશ્રમ ક્યાં હતો આત્મામાં? આત્મામાં ગૃહસ્થાશ્રમ છે જ નહિ. આહાહા..! એ ગૃહસ્થાશ્રમનો રાગ અને એની સ્થિતિનું જ્ઞાન કરનારો આત્મા છે. સમજાણું કાંઈ? અને એ જ્ઞાન કર્યું એ પણ પલટે છે, તો કહે છે કે એના સ્થાનમાં ધ્રુવમાંથી નવું જ્ઞાન આવે છે. કાંઈ પરને જાણે માટે પરથી આવ્યું એમ નહિ અને પર્યાય બદલે છે એમાંથી નહિ. ક્ષાયિક સમકિતની પર્યાય બદલે છે તો નવી ક્ષાયિક સમકિતની પર્યાયનું કારણ કોણ? કે ધ્રુવ. સમજાણું કાંઈ?

ધર્મીને વર્તમાન આનંદ વર્તે છે અતીન્દ્રિય. એક સમયની અવસ્થા ક્ષણિક ઉપાદાન. એ આનંદ જાય ત્યારે એને ઠેકાણે આનંદ નવો આવે ને. ધ્રુવમાંથી આવે છે. આનંદની પર્યાય ગઈ એમાંથી નહિ, તો પછી રાગમાંથી અને નિમિત્તથી આવે (એ પ્રશ્ન રહેતો નથી). આહાહા..! જુઓ એક વાત. આ આત્માની પર્યાયને એક સમયની પર્યાયને પર કર્તા કહો, ભાઈ! લખ્યું છે ને ફૂલચંદજીએ? કે એક સમયની અવસ્થાને પર કર્તા કહો તો ત્રણ કાળની પર્યાયનો પિંડ છે એટલે દ્રવ્યને પણ પર કર્તા કહો. બ્રહ્મચારીજી! સમજાય છે કાંઈ? આહાહા..!

આત્મામાં-વસ્તુ છે એમાં-અનંત શક્તિઓ એની નિર્મળ પર્યાયની અત્યારે વાત ચાલે છે. હવે એ નિર્મળ પર્યાયને જો પરદ્રવ્યને કારણે કર્તા કહો, અરે..! રાગને કારણે કર્તા કહો તો એ ત્રણ કાળની નિર્મળ પર્યાયનો પિંડ તો વસ્તુ છે. તો એક પર્યાયનો કર્તા પરને કીધો, ત્રણ કાળની પર્યાયનો દ્રવ્ય એને પણ પરનો કર્તા કહો (તો) દ્રવ્ય સ્વતંત્ર રહ્યું નહિ. કેમ ધરમચંદજી! આહા..!

અહીં તો મારે ઓલા રાગ સાથે નાખવું છે. રાગ છે એણે નિર્મળ પર્યાય પ્રગટ કરી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અનંતી નિર્મળ પર્યાયનો પિંડ ભગવાન છે એનો કર્તા રાગ થાય છે. એમ છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? બાપુ! ધર્મને સમજવો બહુ અલૌકિક વાત છે. આ બધા અધર્મ તો અનાદિથી કરતા આવ્યા છે અને કરે છે. એ ચાર ગતિમાં રખડવાના લક્ષણ છે બધા. દુઃખીના દાળિયા અને દુઃખના ડુંગરામાં માથા ફોડવા જેવું છે.

ભાઈ! તારા આત્માને ધર્મ હોય તો એ ધર્મનો ધરનાર તો ધર્મી આત્મા છે. એવો ધર્મી ભગવાન, એની જે ધર્મ શક્તિઓ, શક્તિઓ એટલે એનો સ્વભાવ, એની જે થતી નિર્મળ અવસ્થા એના બદલવાથી પણ નિર્મળ અવસ્થાનું પૂરું પડવું એ ધ્રુવમાંથી આવે છે. આહાહા..! તારે ક્યાંય બીજે નજર કરવા જેવી નથી. એમ કહે છે. લ્યો, એ અપાદાન થયું.

હવે આધાર. હવે છઠ્ઠું. છઠ્ઠું છે ને આ? કારક માયલો છઠ્ઠો. અધિકરણ. પહેલું કર્મ હતું કાર્ય. આત્મા ભગવાન શુદ્ધ ચિદાનંદ મૂર્તિનું કાર્ય નિર્મળ એ એનું કાર્ય. એનો કર્તા આત્મા. એનું સાધન પોતાની નિર્મળ દશા એ સાધન. પરિણમવું ... એને થઈને રાખવું એટલે લેવું અને દેવું એ પણ પોતાનો સ્વભાવ પોતામાં અને પોતાથી થઈને, ધ્રુવમાંથી થઈને અવસ્થા થઈ એ પોતાથી થઈ. હવે આધાર.

'**ભાવ્યમાન (અર્થાત્ ભાવવામાં આવતા) ભાવના આધારપણામયી...**' એટલે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ ધર્મની પર્યાય એના થવામાં આધાર કોણ? કે એનામાં અધિકરણ નામનો ગુણ છે એ આધાર છે. દાગીનાને બનાવે છે ને એરણ ઉપર? એરણ-એરણ. લોઢાની એરણ. એ એરણ એ અધિકરણ કહેવાય-આધાર સોનાને ઘડવામાં. એમ આત્માની નિર્મળ અવસ્થાના ઘડવામાં, થવામાં આધાર કોણ? એય..! શેઠી! એનામાં અધિકરણ નામનો એક ગુણ છે અને ગુણનો ધરનાર આત્મા છે, એ નિર્મળ અવસ્થાનો આધાર આત્મા છે. સમજાણું કાંઈ? ધર્મની નિર્મળ પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ અનંતા ગુણની શુદ્ધ અવસ્થારૂપ દશા એ આત્મા. એ શુદ્ધ અવસ્થાનો આધાર કોણ? આત્મામાં અધિકરણ-અધિકરણ-આધાર નામનો, એ અધિકરણ નામની શક્તિ છે. એ શક્તિને આધારે બધી અવસ્થાઓ છે. સમજાણું કાંઈ?

જુઓ! આ લાકડી છે કે નહિ? લાકડીનો એક પરમાણુ છે ને? આ પરમાણુ ઉપલો. એ તો ન દેખાય ભલે. જ્ઞાનમાં ભાસે ને? એ અંશ એક ભિન્ન છે. એ પરમાણુમાં એવી એક શક્તિ છે કે એ પરમાણુની ત્યાં અવસ્થાને એ ક્ષેત્રે રહેવું એ એના આધારને લઈને રહી છે. બીજા પરમાણુના આધારે એ પરમાણુ રહ્યો છે એ વાત જૂઠી છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે પૈસા અહીં રહ્યા એનો આધાર કોણ? આ રખોપિયો રાગ છે માટે ત્યાં રહ્યા છે? રાગી માણસ રાગી છે ને? રખોપિયો-રાખું આને. માટે રહ્યા છે? એય..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ભગવાનજીભાઈ! રખોપિયો છે ને મોટો. કહે છે કે એ રાગના રખોપિયાથી પૈસા ત્યાં નથી રહ્યા. એ રજકણમાં એક એકમાં આધાર નામની શક્તિ છે માટે ત્યાં રજકણો રહ્યા છે. કહો, ધીરૂભાઈ! સમજાણું?

આ શરીરનો આધાર કોણ? જુઓ! જીવ હોય ત્યાં સુધી શરીર આમ રહે, લ્યો. નીકળી જાય તો આમ થઈ જાય. માથું પડી જાય છે ને તો ડોલો આમ થઈ જાય. માણસ એમ કહે ને.. પછી માથુ નાખી દીધું. એમ કહે છે ને માણસ? છેલ્લી સ્થિતિ થાય ત્યારે એમ કહે છે ને? એઈ.. જાધવજીભાઈ! આ બધા જૂના માણસ છે, લ્યો. એ માથું નાખી દીધું. આત્મા છે માટે આ શરીર એમ રહ્યું છે ને? ના. એ શરીરના રજકણો જે રહ્યા છે એ પોતાને આધારે આમ રહે છે, અત્યારે આમ રહે છે. જીવ ગયો અંદરથી માટે આમ પડી જાય છે, માટે જીવનો આધાર હતો એમ છે નહિ. જગતથી ઊંધી વાત. સમજાણું કાંઈ? કહો, એમ તો થાય છે કે નહિ? ત્યારે પછી મરતા જુઓને ઠાઠડી બાંધે. ત્યાગી આદિ હોય તો એને બાંધે. ડોકું આમ બાંધે. ડોકું આમ પડી ન જાય. બહુ ઓલો થઈ ગયો હોય તો વળી એકાદ પટ્ટો બાંધે. ઓલા સાથે. અરે..! આ થોથા તો જુઓ. કહે છે કે આ માથાનું આમ રહેવું, એનો આધાર કોણ? એ પોતે રજકણ એનો એક એકનું સ્થિર રહેવું એનો આધાર છે. આત્માનો આધાર એને છે નહિ.

એમ આત્મામાં નિર્મળ પર્યાય થાય એનો આધાર કોણ? કે શરીર અનુકૂળ હોય તો ધર્મ રહે, ઈન્દ્રિય અનુકૂળ હોય તો ધર્મ થાય. એમ હોય કે નહિ ધર્મને? શરીર ઠીક ન હોય તો શું કરવું? તો બેસી શકે નહિ, કામ કરી શકતા નથી. કડ (-કમર) ટૂટતી હોય, ઓથ જોઈએ ભીંતની. તો એ આધારે થાતી હશે કે નહિ સામાયિક? ભગવાનભાઈ!

એ સમતા જે આત્મામાં પ્રગટે-વીતરાગી દશા-એને સામાયિક કરીએ. સામાયિક એટલે બેસે ને નમો અરિહંતાણં (બોલે) એ સામાયિક-ફામાયિક નથી. આત્મામાં રાગના વિકલ્પ રહિત શુદ્ધતા શાંતિ અને વીતરાગતાની પ્રગટે એને ભગવાન સામાયિક કહે છે. બાકી આ બધી કહેવાય છે એ અસામાયિક છે. એઈ.. ઝવેરચંદભાઈ! આહાહા..! એ તો વિકલ્પ હતો. વાણી તો વાણીથી નીકળતી હતી. એમાં કાંઈ સામાયિક-બામાયિક નહોતી. એમ હતું? ભગવાનભાઈ! બહુ સામાયિક કરી છે ભગવાનભાઈએ તો. સામાયિક, પોષા ને પડિક્કમણા જૂના માણસને. ધૂળેય નથી સામાયિક, સાંભળને!

સામાયિક તો એને કહીએ... આ પણ સામાયિક, પડિક્કમણા બેસે છે ને પડિમાઓ? સામાયિક કરી સવાર અને બપોરે. બાપુ! એ સામાયિક આ જડ આમ થઈને બેસે એ સામાયિક છે? અને વિકલ્પ આવ્યો કે મારે બીજો વિકલ્પ આવવા દેવો નહિ. એ શુભ છે એ સામાયિક છે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સામાયિક તો એને ભગવાન કહે છે કે આત્મા વીતરાગમૂર્તિ આત્મા છે. એ વીતરાગમૂર્તિ પ્રભુ આત્માનો અંતર આશ્રય લેતા જે વીતરાગપણે શક્તિ જે છે એ પ્રગટપણે અવસ્થામાં વીતરાગતા આવે એને સામાયિક કહે છે. એ સામાયિકનો આધાર કોણ? શરીર સ્થિર રહ્યું માટે? .... નથી આવતું? તસ્સઉતરીમાં આવે છે કે નહિ? લ્યો! ત્યાં સુધી કાયાને આમ રાખું. પણ કાયાને રાખે કોણ? એ તો જડ છે. મેં રાખ્યું એને. મિથ્યાત્વ પાપ, મિથ્યાત્વ થયું, કહે છે. એને અહીંયાં તો એ રાગની વાત નથી, દેહની ક્રિયાની નથી.

અહીં તો ભગવાન આત્મા અનંત શક્તિનો પિંડ પ્રભુ છે, આત્મા કહીએ જેને. જેને નિર્મળ અવસ્થા, નિર્મળ ગુણ અને નિર્મળ દ્રવ્ય. નિર્મળ વીતરાગી પર્યાય નિર્મળ, વીતરાગી ગુણો અને વીતરાગી દ્રવ્ય. એ ત્રણે વાત અહીં છે અત્યારે તો. એ આત્મામાં શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું એવી દૃષ્ટિ થવી-સમ્યગ્દર્શન-એ વીતરાગી પર્યાય છે. પોતાનું પોતાને જ્ઞાન થવું સ્વસંવેદન એ પણ વીતરાગી જ્ઞાનપર્યાય છે. શુદ્ધ સ્વરૂપમાં ઠરવું એ પણ વીતરાગી અકષાય દશા છે. એવી આ શક્તિઓની વર્તમાન દશા જે છે, કહે છે કે એનો આધાર કોણ? એ રહી છે કોને આધારે? થઈ છે કોને આધારે? શુભ વિકલ્પ થયો હતો કે હું સામાયિક કરું. તો શું એ વિકલ્પને આધારે સામાયિક થઈ છે?

સાધુપણું લે ત્યારે પંચમ ગુણસ્થાનમાં હોય છે કે ચોથો હોય. એ પંચ મહાવ્રતના વિકલ્પ જે હોય એને દ્રવ્યલિંગ. પણ એ પંચ મહાવ્રતના વિકલ્પ એ ટાણે હજી ચારિત્રદશા નથી. એટલે એને વિકલ્પને નિમિત્ત પણ ત્યારે કહેવામાં આવતા નથી. પણ એ વિકલ્પો થયા માટે પછી ચારિત્ર પર્યાય થાય છે? એ વિકલ્પ (આવે કે) પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ પાળવા, ગુરુ કહે કે આ કરવું. એવો વિકલ્પ થયો. એ વિકલ્પને આધારે અંદર વીતરાગી ચારિત્ર થાય છે? સમજાણું કાંઈ? કે આ વસ્ત્ર છૂટ્યા અને નગ્ન દશા થઈ. એ નગ્નદશા થઈ એને આધારે ચારિત્રપર્યાય થાય છે? આહાહા..! નહિ? તો પછી નગ્નપણું શું કરવા ધારણ કરવું ત્યારે? ધારણ શું કરે? એ ટાણે એવી શરીરની અવસ્થા શરીરની શરીરને કારણે થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! કપડું ઉતારવાની ક્રિયાનો આધાર આત્મા નથી એમ કહે છે. અને એમાં જે વિકલ્પ આવ્યો એનો પણ આધાર ખરેખર આત્મા નથી. આહાહા..! એવી વાત છે. ભાઈ! તું તો ભગવાન ચૈતન્ય છો ને. તારામાં એ રાગ અને ઓલી ક્રિયા થઈ તેનું જે જ્ઞાન તારામાં તારા લક્ષે થયું એવી જે જ્ઞાનની પર્યાય, શ્રદ્ધાની પર્યાય, વીતરાગી શાંતિ આનંદ, વગેરે એવી અનંત ગુણની વર્તમાન અવસ્થા એનામાં એક અધિકરણ-આધાર નામનો ગુણ છે એને લઈને બધી અવસ્થાઓ વર્તે પ્રગટે છે. સમજાણું કાંઈ?

બીજાને તો એમ થાય લ્યો પહેલાં પંચ મહાવ્રત ધારણ કર્યા. ભાઈ! દ્રવ્યલિંગ ધારણ

કર્યું ને પહેલું, પછી ભાવલિંગ આવ્યું ને? અરે.. ભગવાન! સાંભળ તો ખરો ભાઈ! લખ્યું છે એનો અર્થ જ અહીં થાય છે આ. દ્રવ્યલિંગને નિમિત્ત પણ ક્યારે કહેવાય? કે જે ચારિત્રની પર્યાય આત્માને આશ્રયે-આધારે પ્રગટી વીતરાગી દશા, ત્યારે ઓલા વિકલ્પ અને નગ્નપણાને નિમિત્ત ત્યારે કહેવાય, દ્રવ્યપણું ત્યારે કહેવાય. અહીં ભાવ વિના દ્રવ્યપણું કોનું? આહાહા..! કહો, સમજાણું કાંઈ? એ બધા .. સમજાય છે? શેઠ! આહાહા..!

કહે છે, ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ ... ધર્મની દશાઓ એનો આધાર એનામાં ગુણ છે એ ગુણી તેનો આધાર છે. એકલા ગુણનું નવું પરિણમવું એમ એકલા ગુણનું પરિણમવું ભિન્ન નથી એમ કહે છે. એ વળી શું કીધું? સમજાણું કાંઈ? અધિકરણ આધાર ખરો, પણ એકલો ગુણ એનો આધાર થાય એમ નહિ. એ અધિકરણ અનંત ગુણમાં વ્યાપેલ છે અને એવું દ્રવ્ય જે છે એ અનંતી નિર્મળ પર્યાયનો આધાર છે. સમજાય છે કાંઈ? આ તો બહારથી જાણે લૂગડા ફેરવ્યા, નગ્ન થયો, આ ખાધું, ન પીધું થઈ ગયા સાધુ. થઈ ગયા પડિમાધારી. ભાઈ! બાપુ! પડિમાધારી અને સાધુપણું કોઈ બીજી ચીજ છે. સમજાણું કાંઈ?

એના આત્મામાં જે શક્તિઓ બધી પડી છે એનો શક્તિનો આધાર લેવાથી ગુણનો, દ્રવ્યનો, નિર્મળ વીતરાગી પર્યાય ચારિત્રની, સમ્યગ્દર્શન આદિની પ્રગટે એનો આધાર એ આત્મા છે. એનો આધાર પર નથી. સમજાણું કાંઈ? હો, જ્યારે ચારિત્રની દશા આત્માને આધારે પ્રગટે છે ત્યારે એને બહારમાં નિમિત્તતા નગ્નપણાની જ હોય. સમજાણું કાંઈ? વસ્ત્રસહિત હોય અને ત્યાં ચારિત્રદશા હોય એમ ત્રણ કાળમાં બને નહિ. તેથી એ વસ્ત્રરહિત દશા તે ચારિત્રનો આધાર છે એમ નથી. સમજાણું કાંઈ? અટપટી વાતું છે. ઓલું હોય ખરું કે નહિ?

એ ચર્ચા થઈ હતી ને? ગોમ્મટસારમાં આવે છે ને? એમ કે નગ્ન હોય તે અપ્રમત્તદશાએ પરિણમે. ભાઈ! વસ્ત્રસહિત હોય એ અપ્રમત્તપણે ન પરિણમે. ગોમ્મટસારમાં આવે છે ને? બંસીધરજી સાથે ચર્ચા થઈ હતી રસ્તામાં, તે દી. કહ્યું, જુઓ! આવ્યું કે નહિ અમારું નિમિત્ત? શું આવ્યું પણ? એ તો નગ્ન દશા હોય ત્યારે પોતાની દૃષ્ટિ અંદરમાં ફેરવીને જ્યારે સ્વરૂપને આધારે જ્યારે શાંતિ કરે છે ત્યારે ઓલાને નિમિત્ત કહેવામાં આવે છે. એનાથી થયું નથી. આવી વાતું છે. સમજાણું કાંઈ?

પંચ મહાવ્રતના વિકલ્પ થયા અને શરીરની નગ્ન દશા થઈ ગઈ એથી ત્યાં ચારિત્રને પ્રગટવાનો આધાર આ છે તો ચારિત્ર પ્રગટે છે એમ નથી. એવું જ્યારે પંચ મહાવ્રતના વિકલ્પો અને નગ્ન દશા હોય છે, પણ જ્યારે આત્માના અંતરના ધ્યાનમાં જાય છે, ત્યારે જે ચારિત્રદશા પ્રગટે છે ત્યારે તેને બહારનાવાળાને દ્રવ્યને નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ચારિત્રગુણનો આધાર, સમ્યગ્દર્શનનો આધાર,... જુઓ! સમ્યગ્દર્શન પ્રગટે છે ભગવાનની

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સમીપમાં. કેવળી દુગે. શ્રુતકેવળી કાં કેવળી કાં તીર્થંકરના સમીપમાં (ક્ષાયિક) સમકિત (પ્રગટે). ના. સમકિત પ્રગટે છે પોતાના .. પોતાને આધારે. સમજાણું કાંઈ? ભારે વાત. આવું તત્ત્વ છે, વસ્તુની ખબરેય ન મળે, એની શ્રદ્ધાની ઓળખાણ પણ ન મળે અને થઈ ગયા અમારે ધર્મ. અનાદિથી એમ જ ભ્રમણામાં, ભ્રમણાના ચક્કરમાં પડ્યો છે. બીજાને એ લાગે કે ઓહો..! જુઓને ત્યાગ છે કેટલો! આવું આવું કરો તો ખરા? જુઓ તો ખરા! શેનો ત્યાગ? ધર્મનો ત્યાગ (છે). એઈ.. ઝવેરચંદભાઈ! સમકિતનો ત્યાગ (છે). કારણ કે આ મેં છોડ્યું અને આ મેં દીધું એટલે હું ત્યાગી થયો અને બીજાએ એને ત્યાગી માન્યો, એ બેયને સમકિતનો ત્યાગ છે.

મુમુક્ષુ :- વિપરીત માન્યતા?

ઉત્તર :- વિપરીત માન્યતા છે. એઈ.. મોહનભાઈ! આહાહા..!

જેની દૃષ્ટિમાં વસ્તુ પોતે અનંત ગુણનો પિંડ છે એવો અંતર આશ્રય લીધો નથી, આધાર લીધો નથી અને નિર્મળ પર્યાય પ્રગટી નથી અને એને આ બહારમાં રાગની મંદતા કે બહારના ત્યાગથી એને ધર્મ થાય એમ માને છે એ મિથ્યાત્વને પોષે છે. આહાહા..! સમજાય છે કાંઈ? કહો, ધીરૂભાઈ! તે દી એના ભાઈ પડ્યા હતા એના ભાઈ ત્યાં. એના ... જમાઈ કહેવાય ને. બરાબર કહ્યું હતું. પાંચ-સાત-દસ જણા ભેગા કરીને સહી એની લ્યો. નાખો કસાઈખાનામાં નામ આનું. કસાઈખાનું એટલે મિથ્યાત્વભાવ તે કસાઈખાનું છે. મિથ્યાત્વ તે કષાય છે ખરો.

ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ, એના અંદર સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાનની ખબરું નથી (અને) એકલી બહાર ક્રિયા, વિકલ્પો તોડો ને આ કરો ને આ કરો એ બધો મિથ્યાત્વભાવ છે. આહાહા..! એ મિથ્યાત્વભાવને પોષણમાં એક કસાઈખાના માંડવામાં સહી કરી છે એણે. એય.. ભગવાનજીભાઈ! વાત એમ છે, વાત તો એમ છે. એ મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું છે કે મિથ્યાત્વનું પાપ સાત વ્યસનથી (અને) કસાઈખાના કરતા અનંતગણું છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં. પણ એ મિથ્યાત્વ એટલે વિપરીત શ્રદ્ધા, વિપરીત જ્ઞાનની પાપની મહત્તા શું છે એની એને ખબર નથી. એ તો હિંસા કરતો હોય, બાયડી પાસે બેઠો હોય ને આ કરતો હોય ને આ કરતો હોય. હા, એ (હિંસા). સાંભળને હવે.

છ ખંડના રાજમાં દેખાતો સમ્યગ્દૃષ્ટિ તે રાગ અને પરની ક્રિયાનો જ્ઞાતા-દૃષ્ટામાં પડ્યો એ ધર્મી છે. એ સંયોગમાં નથી, એ સ્વભાવમાં છે. અને અજ્ઞાની બાહ્ય ત્યાગ કરીને બેઠો છે અને રાગથી મને લાભ થાય, સંયોગ અમે છોડ્યા છે એ સંયોગની દૃષ્ટિમાં પડ્યો છે- મિથ્યાત્વની દૃષ્ટિમાં પડ્યો છે એને સંયોગનો ત્યાગ નથી. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



‘**ભાવ્યમાન (અર્થાત્ ભાવવામાં આવતા) ભાવના આધારપણામયી અધિકરણશક્તિ.**’ લ્યો! એવો આધાર નામનો ગુણ આત્મામાં છે. નિર્મળ અવસ્થાનું કારણ આધારગુણ છે. આધાર. પરને કારણે વ્યવહાર વિકલ્પ છે, પંચ મહાવ્રતના પરિણામ થયા એ આધારે નિર્મળ દશા પ્રગટ થાય એવું વસ્તુમાં નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**અષાઢ વદ ૬, સોમવાર તા. ૧૫-૭-૧૯૬૮**
**શક્તિ-૪૬-૪૭, પ્રવચન-૫૬૮**

આ સમયસારનું પરિશિષ્ટ છે. આત્માની શક્તિનું વર્ણન. માખણ છે સારમાં સાર. આત્મા છે આત્મા એની અંદરમાં એક સમયમાં અનંત શક્તિઓ છે. એનો સ્વભાવભાવ એવી શક્તિ એક સમયમાં અનંતી (છે). એ અનંતી શક્તિનું એકરૂપ એવું દ્રવ્ય આત્મા. એવા આત્માની અંતર દૃષ્ટિ કરતાં જે સમ્યગ્દર્શન (થાય). જે અનંત શક્તિઓનો પિંડ એવો આત્મા, એની સ્વસન્મુખ દૃષ્ટિ કરતાં, અનંત શક્તિઓની વ્યક્તતા અંશમાં પ્રગટ બધી થાય એવા અંશ સહિતનો આખો આત્મા તેને આત્મા કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? ઝીણું છે. પ્રાણભાઈ! મુંબઈમાં આવું ન ચાલે ત્યાં બહુ. ક્યાંય ન ચાલે. ચાલે તો ખરું બીજે પણ અહીં ચાલે ને રાજકોટ ચાલે. ક્યાંય ન હોય, ક્યાંય ન ચાલે એમ નહિ. કહો, સમજાણું કાંઈ?

આ આત્મા છે એ આ શરીર, વાણી, મનથી તદ્દન જુદો. પુણ્ય-પાપના રાગથી પણ ત્રિકાળ વર્તમાન જુદો. ત્રિકાળમાં વર્તમાન આવી જાય છે. અને પોતાના અનંત શક્તિઓ જે છે-ગુણ જે છે એનાથી અભેદ એકત્વ (છે). પરથી વિભક્ત અને સ્વભાવથી એકત્વ. સમજાય છે કાંઈ? એમાં અનંત શક્તિમાંથી આપણે ૪૬મી ચાલી ગઈ કાલે છેલ્લી. ૪૬ ચાલી ને? શું કહે તમારે? ૪૬. ૪ અને ૬. ૪૬ કહે છે? છ્યાલીસ તમારી ભાષાએ કહીએ.

દેખો! '**ભાવ્યમાન...**' આત્મામાં એવી એક શક્તિ છે, સામર્થ્ય છે, તત્ત્વ છે. સ્વનું સત્ત્વ છે-ભાવ કે જે અધિકરણ નામનો એનામાં ગુણ છે. અધિકરણ નામની એક શક્તિ છે. '**ભાવ્યમાન (અર્થાત્ ભાવવામાં આવતા)...**' જે કાંઈ નિર્મળ અવસ્થા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, આનંદ આદિ ભાવવામાં આવતો જે ભાવ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ અનંત શક્તિનું સત્ત્વ એવું તત્ત્વ આત્મા. એને કહે છે કે ભાવવામાં આવતા. ભાવવામાં આવતા શું? કે નિમિત્તને ભાવવામાં આવતા કે રાગને ભાવવામાં આવતા એમ નહિ. સમજાણું કાંઈ? ભાવવામાં આવતા એટલે વર્તમાનમાં થતા. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષનો માર્ગ આદિ અનંત ગુણની નિર્મળ પર્યાય. એ ભાવવામાં આવતા એવો જે ભાવ. છે ને? એના આધારપણામયી. એ બધી નિર્મળ અવસ્થાનો આધાર એક આત્મામાં અધિકરણ શક્તિ છે. એને કારણે એ નિર્મળ અવસ્થાનો આધાર આત્મા છે. સમજાય છે કાંઈ? વ્યવહાર દયા, દાન અને વ્યવહાર રત્નત્રય છે એ આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયને આધાર નથી. આધાર-અધિકરણ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


વ્યવહારરત્નત્રય છે ને? વ્યવહારરત્નત્રય શુભ વિકલ્પ. એ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ભાવ્યમાં આવનારો જે ભાવ, એ ભાવનો આધાર એ વ્યવહારરત્નત્રય નહિ. એ નિશ્ચયરત્નત્રયની ભાવનાનો જે ભાવ એનો આધાર અંતરનો ગુણ છે. સમજાય છે કાંઈ? આત્મામાં એવી એક શક્તિ છે, શક્તિ. અધિકરણ નામ આધાર. જેમ એરણ હોય ને લોઢાની? એરણ કહે છે? શું કહે છે એ? એના ઉપર દાગીના ઘડે છે ને? ઝેવર-દાગીના કરે. તો એને આધાર કહે છે વ્યવહાર. તો આત્મામાં ગુણનું ઘડતર થાય એનો આધાર શું? ભાવ્યમાન છે ને ભાઈ? આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી પર્યાયનું ઘડતર, બનવામાં આધાર કોણ? ઘડતર સમજો છો? દાગીના ઘડે છે ને. દાગીનાને શું કહે? ઝવેર. ઝેવર. સોનાના દાગીના હોય ને? એને લોઢાની હોય છે ને? નીચે રાખે છે. પછી હથોડીથી આમ કરે. તો કહે છે કે એ એરણ છે એ આધાર છે દાગીના ઘડવામાં. તો આત્માના નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયમાં બનવામાં, રચવામાં, ઘડતરમાં આધાર કોણ? એ આત્માનો આધાર છે. અધિકરણ નામની શક્તિ છે એ આધારે એ બધી નિર્મળ પર્યાયનું ઘડતર, રચના, ઉત્પત્તિ થાય છે. આહાહા..! ભારે ઝીણું. સમજાણું કાંઈ?

'**ભાવ્યમાન (અર્થાત્ ભાવવામાં આવતા)...**' થવામાં આવતી આ દશા. શુદ્ધ ચૈતન્ય શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, વીતરાગતા જે નિર્મળ અવસ્થારૂપી ભાવ. એવો જે ભાવ એનો આધાર. આધાર કોણ? દેવ-ગુરુ આધાર? ના પાડે છે. દેવ-ગુરુની શ્રદ્ધાનો રાગ આધાર? નહિ. એ તો વિકલ્પ રાગ છે. આત્મામાં આધાર નામનો એક ગુણ છે-અધિકરણ-એ નિર્મળ સમ્યક્ મોક્ષમાર્ગની અનંત ગુણની પર્યાયમાં ભાવવું-થવું એનો આધાર એ ગુણ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કોઈ .. ફેર પડતી નથી. ઈ આમાં કહ્યું. નિમિત્તથી કથન છે, નિમિત્તનું જ્ઞાન કરાવવા. સમજાય છે કાંઈ? શેઠી! લ્યો દેવ-ગુરુ-શાસ્ત્રને આધારે થાય, ફલાણાને આધારે થાય. કહે, નહિ, પરદ્રવ્યને આધારે પોતાની પર્યાય નિર્મળ થતી જ નથી. નિર્મળ પર્યાયમાં આધાર પોતાનો ગુણ છે. અધિકરણ નામની શક્તિ આત્મામાં છે. જેવું જ્ઞાન છે, દર્શન છે, આનંદ ગુણ છે, એવો અધિકરણ નામનો એક ગુણ-શક્તિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ શક્તિને આધારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી પર્યાય, ધર્મની પર્યાયની ઘડતર-રચના એ અધિકરણને આધારે થાય છે. વર્તમાનમાં તો બહુ ફેરફાર છે આખો. લોકો બહારથી જાણે ધર્મ થાય અને બહારથી થાય. આ લોકોમાં તો એમ કહે છે કે ભાઈ, અત્યારે તો એક મૂર્તિ અને આગમ બે આધાર છે. લ્યો એય.. ક્યાં ગયા ચેતનજી?

મુમુક્ષુ :- પંચમ કાળમાં...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઉત્તર :- બસ! પંચમ કાળમાં... શ્વેતાંબરમાં એમ કહેવાય છે. આગમ લખેલા અને મૂર્તિ. ક્યાં ગયા? ભાઈ નથી ઝવેરચંદભાઈ? ગયા. સમજાણું કાંઈ? એ લોકો કહે, અત્યારે તો પ્રતિમા ભગવાનની અને આગમ લખેલા એ આધાર છે. બિલકુલ ખોટી વાત છે. એ તો આધાર થઈ શકતા નથી, પણ દેવ-ગુરુ-ધર્મ સાચા-સર્વજ્ઞદેવ, સર્વજ્ઞ પરમાત્મા, ગુરુ નિર્ગ્રંથ મુનિ સંત અને સાચા ભગવાને કહેલા શાસ્ત્ર, એની પણ શ્રદ્ધા જે છે એ શ્રદ્ધા પરદ્રવ્ય આશ્રિત છે તે શુભરાગ છે. એ શુભરાગને આશ્રયે પણ ધર્મની પર્યાય નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એવી વસ્તુ છે. સમજાય છે કાંઈ?

એને તો અંદરમાં જોવાનું છે એમ કહે છે. નિર્મળ પર્યાયની ઘડતર અને રચના થાય એ અંદરને આધારે થાય છે. શક્તિ, અહીં તો એક શક્તિ લીધી છે. પણ એક શક્તિને ભિન્ન પાડીને આધાર એમ નથી. અહીં તો શક્તિનું વર્ણન છે. બાકી તો આ બધી શક્તિનો પુંજ જે આત્મા એને આશ્રયે આ બધી નિર્મળ પર્યાય એટલે આધાર એનો છે. દ્રવ્યનો આધાર છે એમાં શક્તિનો આધાર ભેગો આવી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

આત્મા ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જોયેલો એવો છે. એવો જે આત્મા એમાં અનંત શક્તિ સંખ્યાએ હોં! સંખ્યા એક, બે, ત્રણ, ચાર એમ અનંત. એ અનંત શક્તિમાં એક અધિકરણ નામની શક્તિ છે કે જે શક્તિને આધારે ભાવ્યમાન-વર્તમાનમાં ભાવવામાં આવતી નિર્મળ દશા. જ્ઞાનીને ભાવવામાં આવતી નિર્મળ દશા છે. કાંઈ વ્યવહાર ભાવવામાં આવે છે કે નિમિત્તને મેળવવું એવો ભાવ હોતો જ નથી. નિમિત્ત પર છે. સમજાણું કાંઈ? ઓલા કહે, આવ્યા હતા બિચારા.. નહિ ઓલા ... એય..! તમારા .. નહોતા આવ્યા એક? ભગવાનની ઉપાસના પણ નહિ? શું આને થાશે? એમ કહે. કો'ક આવ્યું નહોતું? થોડા દી પહેલા. શું નામ હતું? કાંઈક હતું. કો'ક હતું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. ના. એ નહિ. એ તો અહીં જ હતા. વ્યાખ્યાન ચાલતું હતું. વિહાર કરીને. વ્યાખ્યાન પછી આવ્યા જ નથી. ભડક્યા બધા. લ્યો, આ ભગવાનની ઉપાસના એ નહિ? પણ ભગવાન પર છે એની ઉપાસનાનો ભાવ તો વિકલ્પ રાગ છે. સમજાય છે કાંઈ? એ આત્માનો છે જ નહિ, પછી એનો આધાર ક્યાંથી લાવ્યો ત્યાં? રાડ નાખે અરર..! ભગવાનની વાણીનો આધાર નહિ? ત્રિલોકનાથ પરમાત્માની દિવ્યધ્વનિનો આધાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને માટે નહિ. એમ કહે છે. અંદર અધિકરણ ગુણ છે અંદર આત્મામાં. ભગવાન આત્મામાં અધિકરણ નામની શક્તિ-ગુણ છે. જુઓને! અધિકરણમય. અધિ-આધારપણામય. આધારપણામય. અધિકરણ શક્તિ. આત્મામાં એવો એક ગુણ છે કે જે અનંત ગુણની નિર્મળ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પર્યાયને ભાવવામાં આવવાનો આધાર એ શક્તિ છે. કહો, પ્રાણભાઈ!

મુમુક્ષુ :- કોઈથી અસહાય છે.

ઉત્તર :- સહાય જ નથી કોઈ. એનો અર્થ સ્વસહાય. નિર્વિકલ્પ. કહો, સમજાણું કાંઈ? વળી ઓલું આવે છે ને પંચાધ્યાયીમાં ૬૦મી ગાથા. આહાહા..!

ભાઈ! તારે જોવાનું છે અંદરમાં. કેમકે અંદરમાં અધિકરણ નામનો ગુણ છે એક અનાદિઅનંત શક્તિ-સામર્થ્ય (છે). એને આધારે ભાવવામાં આવતી અવસ્થાઓ એને આધારે થાય છે. કોઈ વિકલ્પને, વ્યવહારને આધારે કે વ્યવહાર સમ્યગ્દર્શન, વ્યવહાર સમ્યગ્દર્શન આદિ કહે છે ને રાગ? એ કાંઈ સમકિત નથી. વ્યવહાર મોક્ષમાર્ગ હતો તો નિશ્ચયમોક્ષમાર્ગ એને આધારે થયો એમ નથી. સમજાણું કાંઈ? એ સાધનમાં તો ઘણું આવી ગયું છે. એ સાધન નથી એમ કહ્યું. અહીં આધારની વાત છે. સાધનમાં તો વ્યવહાર સાધન માટે સાધનના... સાધન નામનો એક ગુણ આત્મામાં છે. એને કારણે નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાનની પર્યાય થાય છે. વ્યવહાર સાધન એ સાધન નથી. સમજાણું?

અહીં અધિકરણ છે. સ્વભાવ... '**ભાવ્યમાન (અર્થાત્ ભાવવામા આવતા)...**' કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ એવી જે અવસ્થા થવામાં આધાર અંતર અધિકરણ નામનો આત્મામાં ગુણ છે તે આધાર છે. વજ્રઋષભનારાચ સંહનનને આધારે કેવળજ્ઞાન થાય એમ નથી. એમ કહે છે. સમજાય છે કાંઈ? ભાઈ! દેવ-ગુરુ-શાસ્ત્રનો તો આધાર છે ને માણસને? તો પછી સાંભળે છે શું કરવા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પોતાને પોતામાં (આધાર) છે. પરની સાથે કાંઈ છે જ નહિ. આહાહા..!

ભગવાન આત્મા એવા ગુણવાળો છે. એવા ગુણવાળો છે કે એની નિર્મળ અવસ્થાના આધાર માટે પોતે છે. આવા આધારમાં પરને આધારે થાય એમ માને તો એને પોતાના આધારવાળો ગુણ છે એવો આત્માને માન્યો નથી. સમજાણું કાંઈ? બધા ગુણોનું પરિણમવું, થવું, ભાવ્યમાન એનો આધાર તો આત્મા છે. એ આત્મામાં શક્તિ છે એટલે એક ગુણ છે. એવા અનંત ગુણવાળું તે દ્રવ્ય છે. એટલે દ્રવ્ય પોતે ખરેખર એની નિર્મળ અવસ્થાનો આધાર છે. '**भूदत्थमस्सिदो खलु**' લ્યો, આવે છે ને? ભૂતાર્થ વસ્તુ પરિણામિક ત્રિકાળ વસ્તુ, એને આધારે સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે. એ ભાષા કરી. '**भूदत्थमस्सिदो**' સમજાણું? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, આનંદ, શાંતિ.. ક્યાંય આનંદ બીજેથી નથી કહે છે. આત્માના આનંદનો આધાર આત્માની શક્તિમાં અધિકરણ છે એને આધારે આનંદ થાય છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આત્માને વર્તમાન આનંદની અવસ્થા થવામાં થોડો આનંદ કે પૂર્ણ આનંદ થવામાં આધાર અધિકરણ નામના ગુણને કારણે (થાય છે). એ સુખગુણમાં પણ ષટ્કારક છે. સુખગુણમાં ષટ્કારક છે. આનંદગુણ આત્મામાં છે એમાં ષટ્કારક છે. આનંદગુણ પોતે કર્તા આનંદ પર્યાયનો, પોતે કર્મ, પોતાનું સાધન, પોતાથી થાય, પોતાથી થઈને રહે અને પોતાને આધારે થાય. આહાહા..! સમજાણું કાંઈ? એ ૪૬મી થઈ. હવે છેલ્લી રહી. ૪૭. અહીં લખાણ ઉપર. નહિતર અનેક શક્તિઓ છે. ૪૭મી શક્તિ. છેલ્લી ૪૭. શું કહે છે તમારે હિન્દીમાં? ૪ અને ૭. સૈંતાલીસ. ૪ અને ૭. સૈંતાલીસ ૭ આવ્યો ને? એ ૪૭.

હવે ૪૭મી શક્તિ. '**સ્વભાવમાત્ર સ્વ-સ્વામિત્વમયી સંબંધશક્તિ.**' શું કહે છે? ભગવાન આત્મામાં એવી શક્તિ છે કે જે શક્તિનું કાર્ય અને સ્વરૂપ તે પોતે જે દ્રવ્ય શુદ્ધ છે, સ્વભાવ શુદ્ધ છે અને અવસ્થા નિર્મળ. વીતરાગી અવસ્થા થવી નિર્મળ અવસ્થા એ સ્વભાવ છે. દ્રવ્યસ્વભાવ, ગુણસ્વભાવ અને નિર્મળ પર્યાયસ્વભાવ. એ સ્વભાવમાત્ર, એ સ્વભાવમાત્ર. વિકલ્પ દયા, દાન, વ્રતનો વિકલ્પ એ આત્મામાં છે જ નહિ. એ આત્માનો સ્વભાવ છે નહિ, એ આત્માનું સ્વ નથી. સમજાણું કાંઈ? શુભ જોગ, શુભ પરિણામ, શુભ શ્રદ્ધા આદિ, શાસ્ત્રનું જ્ઞાન વિકલ્પવાળું એ બધો વિભાવ છે. એ આત્મામાં નથી. આત્માનો એ ભાવ નથી.

આત્માનો ભાવ દ્રવ્યસ્વભાવ, ગુણસ્વભાવ, નિર્મળ વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ મોક્ષમાર્ગનો પર્યાયસ્વભાવ, એ સ્વભાવમાત્રમયી. સ્વભાવમાત્ર એમ કહેતા વિભાવ નહિ એમ કહે છે. સ્વભાવમાત્ર શબ્દ લીધો છે ને? એટલે વ્યવહારરત્નત્રય રાગ છે એ નહિ. એ એનો આત્માનો નહિ, આત્માનો સ્વભાવ નહિ. આહાહા..! રાડ પાડે માણસો. ઓલો કહે વ્યવહારરત્નત્રય માર્ગ.. માર્ગ. સમજ્યાને? અરે.. ભગવાન! નથી એમ ભાઈ! એ ભૂલમાં ભ્રમણામાં પડ્યો છે.

અહીં તો કહે છે, ભગવાન આત્મા દ્રવ્ય નામ વસ્તુ સ્વભાવનો પિંડ, એની શક્તિઓ જે સ્વભાવ જે જ્ઞાન, દર્શન, આનંદ અનંત અને એની પર્યાય જે નિર્મળ. મોક્ષમાર્ગ આદિ પર્યાય જે નિર્મળ છે એ ત્રણે થઈને '**સ્વભાવમાત્ર સ્વ-સ્વામિત્વમયી...**' એ સ્વભાવ તે પોતાનું સ્વ છે અને પોતે તેનો સ્વામી છે. કહો, પ્રાણભાઈ! આ પૈસા સ્વ અને આત્મા એનો સ્વામી એવું નથી આત્મામાં એમ કહે છે. અહીં તો કહે છે કે દેવ-ગુરુ સ્વ અને આત્મા એનો સ્વામી કે આત્મા પોતે સ્વ અને એનો સ્વામી દેવ-ગુરુ એમ નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મામાં સ્વસ્વામિત્વસંબંધશક્તિ છે. જુઓ! સંબંધશક્તિ લીધી અહીં ઓલી.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આવે છે ને વિભક્તિમાં? આનું ધન, આનો ઘોડો. એ તો બધું બે સાથે જોડાણ કરવું છે. એવું અહીં નથી અહીં તો કહે છે. પણ અહીં તો છે શું? પોતાનો જે જ્ઞાન-દર્શન-આનંદ આદિ સ્વભાવ અને દ્રવ્ય ને જે પર્યાય નિર્મળ એ એનું, એનું સ્વ, એનું ધન, એનું સ્વ, સ્વને ધન પણ કહેવાય છે ને? એય..! સ્વને ધન કહેવાય છે. પોતાનું ધન સ્વભાવમાત્ર છે. દ્રવ્ય વસ્તુ અખંડ, એની શક્તિઓ અનંત એ ગુણ અને એની નિર્મળ અવસ્થા, વીતરાગી અવસ્થાઓ બધી થવી એ એનું સ્વ અને એનો એ સ્વામી આત્મા. એવો એનામાં ગુણ છે. સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રય સ્વ અને એનો સ્વામી, એ આત્મામાં નથી એમ કહે છે. આહાહા..! એ સ્વ જ નથી પછી સ્વામી ક્યાંથી આવ્યો? ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ?

ભાઈ! આ વાણી છે ને ભગવાનની વાણી આ શાસ્ત્ર? એને આધારે આત્માને (જ્ઞાન) થાય અને એ સ્વ આત્માનું છે અને એનો સ્વામી આત્મા એમ નથી. એમ આત્મા પોતાના સ્વસ્વામીપણું જે સ્વ શુદ્ધ ચૈતન્યસ્વભાવ એનો સ્વામી છે. તો એ સ્વભાવ પ્રગટ્યો એને આ વાણી સ્વામી છે એમ નથી. વાણી પર છે. આહાહા..! ભારે આકરી વાત. અરે..! વીતરાગની વાણી એને પર કહો. એક જણો કહે. અરે..! દેવ-ગુરુને શુદ્ધ છે એને પર કહો છો? લ્યો! (સંવત) ૧૯૯૪ની સાલમાં, બોટાદ. દીપચંદભાઈ. દીપચંદ વોરા નહિ. કહો વર્ષ થઈ ગયા કેટલા? ૧૪. અરે..! દેવ-ગુરુ શુદ્ધ અને પર કહો! અરે..! લાખ વાર નહિ, અનંત વાર પર. દેવ હોય તો પર ને ગુરુ હોય તો પર અને શાસ્ત્ર હોય તો પર. એ આત્મા ક્યાં છે?

અહીં તો ભગવાન એમ કુંદકુંદાચાર્યે કહેલું અમૃતચંદ્રાચાર્ય કાઢ્યું છે એમાંથી શક્તિ. સ્વસ્વામીસંબંધ. સ્વસ્વામી, સ્વસ્વામીમય. સ્વસ્વામીત્વમય. એમ. સ્વભાવમાત્ર પોતાનો જે સ્વભાવ છે દ્રવ્ય, ગુણ અને નિર્મળ પર્યાય હોં! એ સ્વભાવ. રાગ અને પુણ્ય નહિ. એવો સ્વભાવમાત્ર એટલે એમાં રાગનો લેપ જરીએ નથી. વ્યવહારનો સ્વ, વ્યવહાર સાથે આત્માને સંબંધ છે એમ પણ નથી. લ્યો, આ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઉડાડ્યો પાછો. વ્યવહાર નિમિત્ત છે અને આ નૈમિત્તિક છે એવો સંબંધ એમાં છે જ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- છે અહીં જુઓને! આ શું કહે છે? નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કે વ્યવહાર નિમિત્ત છે અને નિશ્ચય નૈમિત્તિક છે એવો એનામાં ગુણ જ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

આત્મામાં આત્મા ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, વીતરાગમૂર્તિ આત્મા. રાગ-દ્વેષ-પુણ્ય-પાપ એ આત્મા નહિ. તો આ જડ ને માટી તો આ તો માટી પર છે. એવો જે ભગવાન આત્માનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સ્વભાવ મહિમાવંત દ્રવ્ય, મહિમાવંત ગુણ અને મહિમાવંત નિર્મળ અવસ્થા એ એનું સ્વ અને એનો આત્મા સ્વામી. નિમિત્ત સ્વ અથવા નિમિત્ત આનો સ્વામી અને નિમિત્ત આનું સ્વ એમ વસ્તુમાં છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કરે રાખે કોણ? પોતાની પર્યાય પોતાના દ્રવ્યને કાળે (થાય છે). દ્રવ્ય ત્રિકાળી વસ્તુ છે. એ તો એનો વર્તમાનકાળનો સદ્‌ભાવ થાય તેને આધારે થાય છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન આત્માનો માર્ગ જરી સૂક્ષ્મ છે ભાઈ! લોકોએ બહારમાં અત્યારે એને તોડીને ફેંદી નાખ્યો છે આખો. આમ થાશે ને આમ થાશે ને આમ થાશે. ભાઈ! પણ તારા ગુણમાં હોય એમ થાશે કે ગુણમાં નહિ હોય એમ થાશે? તારા ગુણમાં તો એ ગુણ છે કે નિર્મળ અવસ્થા થવી તે તારા અંદરને આધારે થાય છે, પરને આધારે નથી. આ તો તારો ગુણ છે. તારો સમજ્યાને? ઉસકા. પોતાનો કહો તો અપના. એમ શબ્દ ફેર છે થોડો. સમજાણું કાંઈ?

**'સ્વભાવમાત્ર સ્વ-સ્વામિત્વમયી...'** અભેદ કરે છે ને? સંબંધશક્તિ આત્માની છે. એમ. જ્યાં ભગવાન આત્મા પોતાની જ્ઞાનપર્યાયપણે સમ્યક્ જ્યાં પ્રગટે છે (તો) એની સાથે આ બધી શક્તિઓ ત્યાં ઊછળે છે. એક સમયમાં બધી શક્તિઓની પર્યાય પ્રગટ થઈને પરિણમે છે. કહો, સમજાણું આમાં? આહાહા..! કહો, આમાં પૈસા, પત્ની છે એનો સ્વામી પતિ છે, ઈ કહે છે કે નથી. એવો એનામાં ગુણ જ નથી. અજ્ઞાનીએ મિથ્યાત્વથી માન્યું છે. કહો, શું સમજવું આમાં? આ નરપતિ નથી કહેતા? મોટા મનુષ્યના પતિ રાજા. પત્નીનો પતિ આ ફલાણો. સમજાય છે? આ લાખોપતિ, કરોડોપતિ. લ્યો એમ કહેવાય છે કે નહિ? ઉદ્યોગપતિ. ધૂળમાંય પતો નથી, સાંભળને! એઈ..! ઘણું ઘણું લખે છે.

અહીં તો કહે છે કે પરનો પતિ ક્યાંથી આવ્યો પણ? વસ્તુ સ્વતંત્ર જગતની છે એમાં. અહીં તો કહે છે કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એની સાથે પણ તારે કાંઈ સંબંધ નથી. તારા સ્વસ્વભાવની સાથે સંબંધ છે. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અનંતગુણ જેટલા છે એ બધા ગુણમાં અધિકરણ નામનો ગુણ વ્યાપેલો છે. અનંતગુણ છે એમાં અધિકરણ નામનો ગુણ વ્યાપ્યો છે. એ અનંતગુણને અધિકરણ નામનો ગુણ નિમિત્ત છે. સમજાણું કાંઈ?

**'સ્વભાવમાત્ર સ્વ-સ્વામિત્વમયી...'** એટલે દ્રવ્ય સાથે અભેદ એવી એક સંબંધશક્તિ છે. લ્યો આ સંબંધશક્તિ છે. સંબંધ. આ કર્મનો સંબંધ આત્મામાં નથી એમ કહે છે. ત્યારે

એના ગુણમાં ત્રણે કાળમાં નથી. આહાહા..! લ્યો, કર્મસંબંધ વિનાનો આત્મા? અબદ્ધસ્પૃષ્ટ આવ્યું ને? ૧૫મી ગાથા. જુગલકિશોરનો લેખ આવ્યો છે. અહીં આવ્યો છે. આપણે નહિ છાપ્યો હોય. જુઓ! આત્મધર્મની સ્થિતિ. એવું લખ્યું છે. દિલ્હીવાળો. એનો કંઈક લેખ આવ્યો હશે આત્મધર્મનો. પછી ભાઈનું નામ આવ્યું. .. છાપવા મોકલ્યું હતું. તો કહ્યું, અમે કોઈનું છાપતા નથી. આ રહ્યા દાખલા અમારી પાસે. જુઓ! આટલા આટલા છાપ્યા છે બીજાના એમાં અને અમારું છાપતા નથી. શું કારણ છે? એટલે પછી ગુલાબચંદભાઈને લખ્યું હતું. એને એમ કે બહુ .. તમારો પણ હવે અમે છાપતા નથી. શું કરવા છાપતા નથી? મરજી. મરજી તો બીજા ઘણા બીજાના છે. દાખલા આપ્યા છે બધા. અરે..! ... અને તે એમાં ફેર છે થોડો. ભક્તિ, જ્ઞાન અને કર્મયોગ ત્રણે છાપ્યા છે. એ છે ..માં. ત્રણે યોગથી .. થાય. ભક્તિયોગ એટલે પરની ભક્તિ એ સ્થાપે છે ઈ. કર્મયોગ એ રાગનો વિકલ્પ એને સ્થાપે છે ઈ. એ ત્રણથી એમ કે રત્નત્રય થાય. એનો એ શબ્દ પડ્યો છે. એવું આવ્યું છે. એ તો એનું ઓલામાં ..માં લખ્યું છે. આ ૨૪મી સ્તુતિ કરી છે ને. ૨૪ તીર્થંકરના અર્થ ભર્યા છે. એમાં ભર્યું છે. ભક્તિયોગ, જ્ઞાનયોગ, કર્મયોગ ત્રણે છે જૈન શાસ્ત્રમાં. એ ત્રણે ખરા પણ એ ત્રણનો અર્થ શું?

ભક્તિયોગ એટલે આત્માના શુદ્ધ સ્વભાવનું ભજન-નિર્મળ થવું એ ભક્તિયોગ. કર્મયોગ એટલે કાર્ય નિર્મળની અવસ્થા પ્રગટ થવી તે કર્મયોગ. અને જ્ઞાનયોગ એટલે જ્ઞાનની અવસ્થા જેટલી છે બધા ગુણની નિર્મળ થવી તે જ્ઞાનયોગ. ભગવાનની ભક્તિનો યોગ અને ભગવાનની શુભની ક્રિયા કર્મયોગ એવું વસ્તુમાં છે નહિ. સમજ્યા? એ ભક્તિયોગથી પણ લાભ થાય એમ કહે છે. ભક્તિયોગ એ નહિ. આત્માની ભક્તિ. પરની ભક્તિ તો વિકલ્પ છે, રાગ છે. એ ભક્તિયોગથી આત્માની પ્રાપ્તિ થાય છે એમ છે? એનો સ્વામી છે ઈ? પોતે નિર્મળ પર્યાય પ્રગટ કરે છે એ ભક્તિ-ભજન-આત્માનું ભજન. શુદ્ધ સ્વભાવનું ભજન એ ભક્તિ. સમજાય છે કાંઈ? ભગવાનની ભક્તિ તો શુભરાગ છે, બંધ છે. ત્યાં ક્યાં ધર્મ થઈ ગયો? ત્યાં ક્યાં ધર્મ છે? આકરું કામ. બ્રહ્મચારીજી! શું કહે છે? ભગવાનની મૂર્તિ, દેરાસરની પૂજા અને કહે શુભભાવ. એ ધર્મ નહિ. ધર્મ નહિ. લાખ વાર નહિ, સાંભળને હવે. એ આવે ખરો પણ એ ધર્મ નહિ.

મુમુક્ષુ :- અંશે લ્યો.

ઉત્તર :- અંશે ક્યાં પણ શુભભાવમાં હતો ક્યાં? એ તો રાગ છે. કહો, ભક્તિયોગ, જ્ઞાનયોગ અને કર્મયોગ ત્રણથી મુક્તિ થાય એમ કેટલાક કહે છે. અહીં ના પાડે છે. હા પાડે છે એ ખરા અને ના પાડે છે ખરા. જ્ઞાનયોગ એટલે જ્ઞાનની પરિણતિથી થાય, પણ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ભક્તિયોગ એટલે ભગવાનની ભક્તિના રાગથી કલ્યાણ થાય એવું આત્મામાં છે જ નહિ. અને કર્મયોગ એટલે ક્રિયા કર્મ, કર્મયોગી નથી કહેતા? આ કર્મયોગી ફલાણા ગાંધી ને એમ કહેવાય છે ને? કર્મયોગી. એટલે રાગની ક્રિયા વારંવાર કરનારા. એ રાગ છે કર્મ છે, કાર્ય છે એ આત્માના કારણમાં બિલુકલ સંબંધ છે જ નહિ. સમજાણું કાંઈ?

આ તો પોતાનો જ્ઞાનાનંદ શુદ્ધ નિર્મળાનંદ સ્વભાવ એવી જે અંદર શક્તિની વ્યકતતા પ્રગટ કરી અને એમાં એકાકાર થાય, એ એકાકાર થવું એ આત્માની ભક્તિ. અભેદભક્તિ. ભેદભક્તિ વિકલ્પ છે એની સાથે આત્માને સંબંધ છે નહિ. અહીં તો સંબંધ નથી એમ કહે છે. આહાહા..! ભારે વાતું, ભાઈ! તો આ રાખ્યા શું કરવા? દેરાસર કર્યા આ બધા કર્યા, આ બધા કરશે, બધા કર્યા છે, નથી? એય..! કામદાર! ત્યાં મંદિર કરાવ્યા છે ને ક્યાંક તમારે નથી બોટાદમાં? ત્યારે શું કરવા કરાવ્યા? એનાથી ધર્મ તો નથી પછી કરાવ્યા શું કરાવ્યા? કોણ કરાવે? ભાઈ! તને ખબર નથી. એ તો પુદ્‌ગલની પર્યાયનો કાળ એવો ચક્રમાં હતો તો એને કારણે થયું છે. કોઈ એનો કર્તા જીવ છે એમ છે નહિ. ભારે વાત ભાઈ! અને એનું એ સ્વ-આત્માનું મંદિર છે અને આત્મા એનો સ્વામી છે એમ છે નહિ. એમ કહે છે. આહાહા..!

ચૈતન્યમંદિર આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, આનંદમય ભગવાન સ્વમંદિર સ્વભાવ. એ એનો સ્વ અને એ એનો સ્વામી. બાકી આત્માનું પર છે નહિ. આહાહા..! એ તો શુભરાગ હોય છે ત્યારે લક્ષ જાય છે. છતાં એ શુભ ને પરનો આત્મામાં અભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? ઘણા તો પછી ત્યાં મંડ્યા કે એને લઈને આપણે કલ્યાણ થઈ જશે. પ્રાણભાઈ! કલ્યાણનું કારણ તો અહીં છે, વસ્તુ અહીં છે. સચ્ચિદાનંદ મૂર્તિ અનંત શક્તિનો પિંડ એ દ્રવ્ય પોતે કલ્યાણનું કારણ છે. કલ્યાણના કારણમાં બીજી કોઈ ચીજ છે નહિ. નિમિત્તથી બોલવું હોય ત્યારે કથન કરવામાં આવે. એ સાધન છે ને આમ છે. આલંબન છે કે નહિ? એ વળી તકરાર. હવે સાંભળને ભાઈ! આલંબન છે કે નહિ આ પરનું? ના. આલંબન આત્માનું. શુદ્ધ સ્વભાવની પ્રગટ દશામાં આલંબન આત્માનું. એય..! ભગવાનજીભાઈ! બહુ વાત કહે છે. ઓલા તો રાડેરાડ પાડે છે. કેટલું નીકળે છે આમાંથી!

‘**સ્વભાવમાત્ર...**’ એકલો. અહીં તો વિકલ્પ છે એ નહિ ત્યાં વળી બહારની ચીજ ક્યાં રહી? શરીર તો સાધન ખરું ને? આ જીવીત શરીરની દેહની ક્રિયા એ ધર્મનું સાધન ખરું કે નહિ? આ જીવતું શરીર છે એમાંથી કાંઈ ધર્મ થાય. દાન થાય, પૂજા થાય, ભક્તિ થાય. આ બધું થાય કે નહિ? ના. એ તો જડની અવસ્થા થાય. શું ધૂળ થાય? જડથી કાંઈ થાય? આ તો જડ છે. એમાં શુભરાગ થાય એનાથી કાંઈ થાય નહિ આત્માને. તો વળી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આ તો માટી છે. સમજાણું કાંઈ?

**'સ્વભાવમાત્ર સ્વ-સ્વામિત્વમયી...'** ઓહોહો..! છેલ્લે સરવાળો કરી નાખ્યો. ૪૭ શક્તિ આદિ અનંત શક્તિઓનો પિંડ ભગવાન એનું તત્ત્વ આખું દ્રવ્ય અને એની સન્મુખ થઈને પ્રગટેલી નિર્મળ વીતરાગી નિર્દોષ સ્વભાવની દશા એ આત્માનું સ્વ અને એનો એ ધણી, એનો એ સ્વામી છે. એ સિવાય કોઈ સ્વામી એનો છે નહિ. બીજાનો એ સ્વામી નથી અને એનો કોઈ સ્વામી નથી. સમજાણું કાંઈ? જુઓ! દુઃખ દોહગ નથી આવતું? આનંદઘનજી. આનંદઘનજીમાં આવે છે. સ્વામીપણું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. એ તો નિમિત્ત થયું છે. આ તો સુવિધિનાથમાં આવે છે ને? આનંદઘનજીમાં આવે છે. .. નથી? શું કહેવાય એ? આનંદઘન.. .. આવે છે. સ્વામી છે. એક દોહો વચ્ચે ઓલો આવે છે ને? ભક્તિમાં તો એ નાખે તો શું કરે?

મુમુક્ષુ :- વિમલનાથની.

ઉત્તર :- હા, વિમલનાથની. હા એ. વિમલનાથ કેટલામાં છે? ૧૩માં. હા એ. 'ઢિંગ ધણી માથે કિયો...' એ.

દુઃખ દોહગ દૂરે ટળ્યા રે, સુખ સમ્પત સું ભેટ,
ઢિંગ ધણી માથૈ કિયો રે, કુણ ગંજૈ નરખેટ,
વિમલ જિન દીઠા લોયણ આજ, મ્હારા સીઝ્યા વાંછિત કાજ. વિમલ જિન.

'ઢિંગ ધણી માથે કિયો...' લ્યો. અહીં ઢિંગ ધણી ભગવાન છે નહિ. ઢંગ ધણી આત્મા છે. સમજાણું કાંઈ? ભક્તિમાં એ તો નિમિત્તથી બોલવામાં આવે. એ ઢિંગ ધણી ઉપર લેવું છે એને હોં!

સાહેબ સમરથ તૂ ધણી રે, પામ્યો પરમ ઉદાર,
મન વિસરામી વાલહો રે, આતમ ચો આધાર.

આધારમાં આ. આધાર આવ્યું. એ બધા વ્યવહારના કથન છે. સમજાય છે કાંઈ? આધાર-ફાધાર કોઈ આત્માની નિર્મળ દશા ધર્મને માટે છે જ નહિ. આહા..! અને આત્માનું શુદ્ધ સ્વરૂપ અને દ્રવ્ય-ગુણ-પર્યાય નિર્મળ સિવાય આત્માનું કોઈ સ્વ છે જ નહિ. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ આત્માનો નહિ. આહાહા..! ષોડશકારણ ભાવના એ રાગ છે. એ સ્વ આત્માનો નહિ. એનો આત્મા સ્વામી નહિ. સમજાણું કાંઈ? એ રાગ છે. રાગ સ્વ આત્માનો નહિ અને એનો સ્વામી આત્મા નહિ. આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ રાગ છે. રાગ આત્માનો નથી. એનો આત્મા સ્વામી નથી. આહાહા..! કહો, સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આમાં? ક્યાં ગયા શ્રીચંદજી? 'દરશનવિશુદ્ધિ ભાવના ભાય, ષોડશ તીર્થંકરપદ પાય પરમગુરુ હો' આવે છે કે નહિ? આમાં તો ના પાડે છે અહીં. ષોડશ તીર્થંકરનો જે વિકલ્પ છે એ આત્માનો છે નહિ અને આત્મા એનો સ્વામી છે નહિ. કહો, એમ કહે છે. આહાહા..! જગતને તો આમ થઈ જાય કે આહા..! તીર્થંકર પ્રકૃતિ! અરે..! તીર્થંકર પ્રકૃતિ જડ છે. અને જે ભાવ થાય છે એ પણ ચેતનથી વિરુદ્ધ અચેતન છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ અચેતન રાગ છે. રાગ આત્માનું સ્વરૂપ નથી. રાગ આત્માનું સ્વરૂપ છે જ નહિ, રાગ એનો આત્મા સ્વામી છે જ નહિ, એ તો જ્ઞાનનું જ્ઞેય છે. સમજાણું કાંઈ?

**'સ્વભાવમાત્ર સ્વ-સ્વામિત્વમયી સંબંધશક્તિ.'** લ્યો. પરની સાથે કાંઈ સંબંધ નથી એમ કહે છે. એ વ્યવહારરત્નત્રય જે રાગ એની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. કહો, જાધવજીભાઈ! તો પછી આ શરીરનો સંબંધ અને કર્મસંબંધ સહિત છે અને કર્મસહિત છે ને ઢીકણા સહિત છે.

મુમુક્ષુ :- એ ક્યાં ના પાડે છે. એ તો સિદ્ધ થાય તે દીની વાત છે ને?

ઉત્તર :- અરે..! અત્યારની વાત છે. સિદ્ધની ક્યાં વાત છે? અત્યારે એવો છે, વર્તમાન એવો છે એને આત્મા કહીએ. કર્મ ને રાગ સહિત માને એ આત્મા નહિ, એ તો મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમાં કાલે આવ્યું ને? ૧૪મી ગાથા. પુરુષાર્થસિદ્ધિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ છે ને? પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં ૧૪મી ગાથા કાલે લીધી હતી. ૧૪મી ગાથા છે એમાં લીધું છે. જુઓ! સંસારનું મૂળ કારણ.

**एवमयं कर्मकृतैर्भा वैरसमाहितोऽपि युक्त इव।**
**प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम्।।१४।।**

ભગવાન આત્મા, એ વ્યવહાર રત્નત્રય આદિ રાગ અને કર્મ એનાથી રહિત છે. **'समाहितोऽपि युक्त इव।'** એને સહિત છું એમ માને છે એ સંસારનું બીજ મિથ્યાત્વ છે. ૧૪મી ગાથા. અમૃતચંદ્રાચાર્ય. સમજાણું કાંઈ? આહાહા..! જુઓ!

**'એ રીતે આ આત્મા કર્મોના કરેલા રાગાદિ અથવા શરીરાદિ ભાવોથી સંયુક્ત ન હોવા છતાં પણ અજ્ઞાની જીવોને સંયુક્ત જેવો પ્રતિભાસે છે અને તે પ્રતિભાસ જ નિશ્ચયથી સંસારના બીજરૂપ છે.'** મિથ્યાત્વ જ સંસાર છે. સમજાય છે કાંઈ? મિથ્યાત્વ એ સંસાર છે. એ મિથ્યાત્વ રાગ અને કર્મસહિત આત્મા માનવો એનું નામ મિથ્યાત્વ. રાગ અને કર્મરહિત આત્માનો શુદ્ધ સ્વભાવ ભિન્ન છે, એ દ્રવ્ય, ગુણ અને પર્યાય તદ્દન નિર્મળાનંદ નિર્મળ છે એવો આત્માને માનવો, જાણવો એ સ્વસ્વામીસંબંધ નામનો ગુણ કહેવામાં આવે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે. આહાહા..! સમજાણું કાંઈ? એ સ્વસ્વામીસંબંધ નામનો ગુણ છે. લ્યો, એનામાં ઘણા ઉતાર્યા છે પછી ઓલામાં દીપચંદજીએ. સમજાણું?

એ અનંતગુણમાં સ્વસ્વામીસંબંધ વ્યાપેલો છે. એની સમયે સમયે નિર્મળ ક્રમવર્તી પર્યાય થાય છે અને અક્રમે ગુણ છે એનો સમુદાય આખાને આત્મા કહેવાય છે. એને ગૃહસ્થ કહેવાય છે. સ્વસ્વામી સંબંધ નામના ગુણને ગૃહસ્થ (કહેવાય છે). પોતાના ઘરમાં રહેલો માટે ગૃહસ્થ. એ ગૃહ-સ્થ. ગૃહ એટલે ઘર. પોતાના ઘરમાં રહેવાવાળો આ ગુણ છે માટે એને ગૃહસ્થ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એ ઘણું ઉતાર્યું છે એમાં. બ્રહ્મચારી કહેવામાં આવે છે આ ગુણને. સ્વસ્વામીસંબંધ નામનો ગુણ છે એને બ્રહ્મચારી (કહે છે). બ્રહ્મચારી જેમ અબ્રહ્મ થવા દેતો નથી, એમ આ સ્વસ્વામીસંબંધ વિરુદ્ધભાવ થવા દેતો નથી. સમજાણું કાંઈ? વાનપ્રસ્થ. એ પોતાના રૂપમાં રહેલો છે આ સ્વસ્વામીસંબંધ. માટે એને વાનપ્રસ્થ કહીએ. શેઠી!

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યદ્રવ્ય, શુદ્ધ ચૈતન્યસ્વભાવ શક્તિ અને શુદ્ધ નિર્મળ પર્યાય એ એનું વાન છે, એ એનું રૂપ છે. એમાં એ વાનપ્રસ્થ-એમાં વિશેષ રહેલ છે. એ રાગમાં રહેલ નથી, નિમિત્તમાં રહેલ નથી. એથી એ સ્વસ્વામીસંબંધને વાનપ્રસ્થ નામની ઉપમા દેવામાં આવે છે. અને એ સંન્યાસી છે. સ્વસ્વામીસંબંધશક્તિ એને સંન્યાસી કહેવાય છે. ત્યાગી. રાગનો જેમાં ત્યાગ વર્તે છે માટે એ સ્વસ્વામીસંબંધશક્તિને સંન્યાસી કહેવામાં આવે છે. એ પરમ અધ્યાત્મ છે ને એ? શું કહેવાય?

મુમુક્ષુ :- પરમાત્મપુરાણ.

ઉત્તર :- પરમાત્મપુરાણ નહિ, ઓલું પંચ સંગ્રહ. અધ્યાત્મ પંચસંગ્રહમાં એ લીધું છે, બહુ લીધું છે. દીપચંદજી થયા છે. દીપચંદજી સાધર્મી. દિગંબર. જેમણે ચિદ્‌વિલાસ, અનુભવપ્રકાશ બનાવ્યા છે. બહુ સરસ બનાવ્યા છે. પહેલાના ગૃહસ્થો પણ બહુ અલૌકિક વાત. સત્ય વસ્તુ, સનાતન વસ્તુમાં આવી ગયા, ભાન થઈ ગયું. ગૃહસ્થાશ્રમમાં પણ સમ્યગ્દર્શન થાય છે, સમ્યગ્જ્ઞાન થાય છે, ચારિત્ર પણ સ્વરૂપને આશ્રયે થાય છે. મોક્ષમાર્ગ ત્રણે થાય છે. સમજાણું કાંઈ? લ્યો! એ સ્વસ્વામીસંબંધ નામનો ગુણ છે એને જ અહીંયાં ત્યાગી, રાગનો ત્યાગી કહે છે. સાધુ એને કહે છે. આ સ્વસ્વામીસંબંધ નામનો ગુણ એને સાધુ (કહે છે). સ્વરૂપને સાધે માટે સાધુ. પોતાના સ્વરૂપને સ્વસ્વામી સંબંધ નામની નિર્મળ અવસ્થાને સાધે છે માટે એ સ્વસ્વામીસંબંધને સાધુ કહેવામાં આવે છે. મુનિ કહેવામાં આવે છે. બરાબર સ્વસ્વામીસંબંધ જાણે છે. જ્ઞાનમાં એ રીતે જાણવાનું બને છે. મૂળનું જાણવું. એથી તે સ્વસ્વામીસંબંધને મુનિ કહેવામાં આવે છે. આવા ગુણને. સમજાણું કાંઈ? વિગેરે વિગેરે.. ઘણી વાત છે. પછી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


નવ રસ વર્ણવ્યા છે.

અદ્‌ભુત રસ. સ્વસ્વામીસંબંધ અદ્‌ભુતરસ. નિર્મળ દ્રવ્ય, નિર્મળ ગુણ અને નિર્મળ પર્યાય એ સ્વ, એનો સ્વામી એ અદ્‌ભુત સ્વભાવ છે, એ અદ્‌ભુત રસ છે. એ પરનો સ્વામી છે જ નહિ. એનું નામ અદ્‌ભુત શાંતિ અને અદ્‌ભુતરસ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? શાંતરસ બીજો. શાંત છે. સ્વસ્વામી સંબંધ શાંત છે. એ રાગ વિનાની, વિકલ્પ વિનાની દશાને પ્રાપ્ત કરે છે માટે શાંત છે. એ શાંતરસ છે. સમજાણું કાંઈ? એ વીરરસ છે. લ્યો! વીરચંદભાઈ! વળી વીર આવ્યું પાછું. અનંતગુણ છે આત્માના એમાં વીર્ય નામનો એક ગુણ છે કે સ્વરૂપની રચના કરે. એવો આ સ્વસ્વામીસંબંધમાં પણ વીરતા છે કે પોતાના સ્વરૂપની જ રચના કરે છે. રાગની રચના કરતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહો, હવે મકાનની રચના કરે એ તો ક્યાંય ગયું. રાગરચના કરે એવો આત્માનો સ્વભાવ નથી અહીં તો કહે છે. શેઠી! આહાહા..! લ્યો, પાંચ લાખનું મકાન બનાવ્યું. જયપુર. ટોડરમલજી હોલ. ટોડરમલ હોલ સ્મૃતિ હોલ. કોણ બનાવે? કહે છે. એ તો પરમાણુથી બન્યો છે.

પરમાણુમાં ષટ્‌કારક છે. એક એક પરમાણુમાં ષટ્‌કારક છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ. એને આધારે, એને કારણે લઈને પોતે પરમાણુ થઈને પરિણમીને ત્યાં રહ્યા છે. કોઈને આપ્યા નથી અને કોઈને રહેવા એ દેતો નથી. આ શેઠી હતા અંદર. જયપુરમાં ગયા હતા ને ગઈ સાલ? ત્યાં ટોડરમલ હોલ બનાવ્યો છે ને પાંચ લાખનો. આવ્યા હતા? એ વખતે. અને પાંચ લાખ એમાં .. ને આપ્યા. ગોદિકાએ. અને છ લાખ ખર્ચ્યા. ૧૬ લાખ. ૧૬ લાખ ખર્ચ્યા. પણ એ કોણ કરે છે? કહે છે. એ તો પરમાણુની પર્યાય થવાની હતી તે થઈ છે. ખર્ચે કોણ? ઉઘાડે કોણ? દે કોણ? મૂકે કોણ? આહાહા..! ભારે વાત ભાઈ!

પુસ્તકનો ભંડાર બનાવો. કોણ બનાવે? ભાઈ! એ તો પરમાણુની અવસ્થા છે. એને કારણે બને છે. આત્મા તો અંતર સ્વરૂપની રચના અનંત ગુણનો ભંડાર પોતે છે તેને રચે. એના ભંડારમાં તો જ્ઞાન અને આનંદ આદિ ભર્યા એ ભંડાર છે એનો. પુસ્તક-બુસ્તકનો ભંડાર એ આત્માનો નથી. કહો, પ્રાણભાઈ! આ પૈસા-બૈસાનો ભંડાર કોનો? હવે એ પિતાજી તો ગયા. હવે એનો કહેવાય છે અત્યારે. પ્રાણભાઈ પૈસાવાળા એમ કહેવાય. એના બાપ પૈસાવાળા કહેવાય? ઓળખે કોણ એના બાપને અત્યારે? કહો, સમજાણું કાંઈ? આ તો કહે છે, બધું ગપ છે કહે છે. આહાહા..! મારો દીકરો. દીકરો સ્વ અને તું એનો સ્વામી એમ છો? આહાહા..! મિથ્યા માન્યતાએ ભ્રમણા કરી છે એને. સમ્યક્‌માં તો આત્મા પોતાની નિર્મળ પર્યાયને પ્રગટ કરે, એમાં રાગ પણ જેનું સ્વ નથી તો દીકરો વળી સ્વ ક્યાંથી આવ્યો?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

બાબુભાઈ જેવા દીકરા તો આવતા હશે કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દૂર રહી ગયું? આહાહા..!

સમ્યગ્દૃષ્ટિ પોતાના આત્મામાં, પોતાના આત્મામાં એમ માને છે કે જે નિર્મળ અવસ્થા, નિર્મળ ગુણ અને નિર્મળ દ્રવ્ય હું એનો સ્વામી છું. મારું કોઈ બીજી ચીજ છે નહિ. દીકરો પણ નથી, પૈસા નથી, લક્ષ્મી નથી, શરીર નથી, રાગ વ્યવહાર થાય એ પણ મારો નથી. આહાહા.! એવા ગુણના ધરનારને આ રીતે માને, અનુભવે ત્યારે તેણે આત્માને જાણ્યો ને માન્યો કહેવામાં આવે છે. આથી વિરુદ્ધ માને તો એણે આત્માને માન્યો અને જાણ્યો નથી. સમજાણું કાંઈ? એક જાણે એ સવ્વં જાણે. આવો એક આત્મા જાણે એને બધું જણાઈ ગયું. ત્રણ કાળ ત્રણ લોકમાં શું ચીજ છે એનું જ્ઞાન એને આવી ગયું. સમજાણું કાંઈ?

'**(પોતાનો ભાવ પોતાનું સ્વ અને પોતે તેનો સ્વામી-એવા સંબંધમયી સંબંધશક્તિ.)**' લ્યો! ભાઈએ ખુલાસો કર્યો. અનંત શક્તિમાં આ ૪૭ લીધી. પછી કાલે પ્રશ્ન થયો હતો ને કે આમાં સમકિત ક્યાં આવ્યું? એ વાત આપણે થઈ ગઈ છે. અંદર સુખગુણ છે એમાં સમકિત અને ચારિત્ર આવી જાય છે. સુખગુણ આવ્યો છે આમાં. સમજાય છે? એમાં સુખગુણ છે જુઓ! અનાકુળ લક્ષણ સુખ. '**અનાકુળતા જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે...**' પાંચમી. '**અનાકુળતા જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી સુખશક્તિ.**' એ સુખશક્તિમાં સમ્યગ્દર્શન અને ચારિત્ર બેય આવી ગયા. સમજાણું કાંઈ? કેમ? કે આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિની જ્યાં પ્રતીત થઈ ત્યાં સુખ ભેગું થયા વિના રહે નહિ. અને ચારિત્ર જ્યાં સ્વરૂપસ્થિરતા ચારિત્ર થયું એટલે સુખ વિશેષ થયું. એટલે સુખના જ બેય પડખા છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન અને ચારિત્ર આમાં આવી ગયું છે, પ્રમેય પણ આમાં આવી ગયું છે. બધું અસ્તિત્વ વગેરે આવી ગયું છે. એ પાંચમી શક્તિ ફરી આવી.

'**ઈત્યાદિક...**' લ્યો, પૂરું થયું હવે. ૩૪ દીથી ચાલે છે ભાઈ આ. જેઠ વદ બીજથી ચાલે છે આ. આ પારાયણ પુરી થાય છે શક્તિની. આહાહા..! ગજબ પણ જૈનશાસન! એવી રીતે ભર્યું છે ૪૭ શક્તિમાં અલૌકિક અલૌકિક!! ભેદજ્ઞાન અને ભેદજ્ઞાનમાં પરવસ્તુ શું છે એનો જ્ઞાતા અને પોતાની શક્તિઓ અને તેની પર્યાયનો સ્વામી, એનો આધાર પોતે. અલૌકિક વાતું છે! '**ઈત્યાદિક...**' ઈત્યાદિ એટલે જે એમાંથી વિશેષ બીજી શક્તિ હોય એમાં લેવું. આપણે ઉતાર્યું છે એમાં થોડીઘણી. સમકિત આદિ લીધી છે હોં એમાં. શેમાં નાખ્યું છે? કાગળ છે ને એમાં? જૂનામાં? આમાં લખ્યું છે, લ્યો. અહીં છે.

સમકિત અને ચારિત્ર બે નાખ્યા છે પહેલા. એ સુખમાં સમાઈ જાય છે. સ્વયંસિદ્ધત્વ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એ પણ એક શક્તિ લીધી છે. સ્વયંસિદ્ધત્વ. પોતે પોતાથી સ્વયંસિદ્ધ છે. દ્રવ્ય-ગુણ અને પર્યાય પોતે પોતાથી સ્વયંસિદ્ધ છે. પરને લઈને છે નહિ. એવી એક શક્તિ (છે). એવી આ ૪૭ છે. લ્યો. અ.. અખંડતા ને વિમલ ને ભેદ-અભેદ એમ બધા ઘણા ઉતાર્યા છે. ઊર્ધ્વગમત્વ ને... આ બીજા ઘણા ઉતાર્યા છે. .. સર્વગતત્વ, દ્રવ્યત્વ, અવગાહન એ તો ઓલા છે. અવ્યાબાધ. પરમભાવ, નિજધર્મભાવ, ધ્રુવભાવ, કેવળભાવ, શાશ્વતભાવ એ પણ .. કહ્યા છે. અતુલભાવ, અખેદભાવ, અલિપ્તભાવ, પ્રકાશભાવ, અપાર મહિમાભાવ, અકલંકભાવ, અકર્મભાવ, અગતભાવ, અચેતભાવ, નિઃસંસારભાવ અને કલ્યાણભાવ. લ્યો! એવી શક્તિનું વર્ણન ઘણું છે. થોડું મેળવ્યું છે બીજી રીતે. અનુભવપ્રકાશમાં છે. કેટલાક પુરાણમાં છે-પંચ સંગ્રહમાં અને કેટલાક પદ્મનંદીમાં છે.

એવી ૪૭ સિવાય અનંતી શક્તિઓ છે. આત્મામાં એક આત્મામાં સામાન્ય ગુણો અનંત છે અને વિશેષ ગુણો પણ અનંત છે. સામાન્ય ગુણો થોડા કહેવામાં આવ્યા છે. છ આદિ. અસ્તિત્વ, વસ્તુત્વ પણ છે અનંત. અને વિશેષ પણ. ઓલા સામાન્ય છે ને છ? વિશેષ પણ થોડા કહેવામાં આવ્યા છે. જ્ઞાન, દર્શન, આનંદ આદિ. છતાં આત્મામાં વિશેષ ગુણો પણ અનંત છે. પરમાત્મપ્રકાશમાં આવ્યું છે. ટીકામાં છે. આ ૪૭ સિવાય અનંત સામાન્ય શક્તિઓ અને અનંત વિશેષ શક્તિઓ આત્મામાં (રહેલી છે). એ બધી શક્તિઓનો પુંજ તે આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ઈત્યાદિક અનેક શક્તિઓથી યુક્ત આત્મા છે...**' ઈત્યાદિક અનેક શક્તિથી સહિત તે આત્મા છે. જુઓ! ઓલામાં યુક્ત આવ્યું હતું. '**असमाहितोऽपि युक्त इव प्रतिभाति**'. આ કહે આવી શક્તિ બીજી યુક્ત છે. એ રાગથી અને કર્મ સહિત છે-યુક્ત છે એમ છે નહિ. સમજાણું કાંઈ? '**તોપણ...**' આવી શક્તિઓથી સહિત છે '**તોપણ તે જ્ઞાનમાત્રપણાને છોડતો નથી**' આત્મા. એ જ્ઞાન નિર્મળાનંદ ચૈતન્ય પ્રભુ એ જ્ઞાનની પરિણતિ અવસ્થા થાય તેને છોડતો નથી. જ્ઞાનની પરિણતિ સાથે, અવસ્થા સાથે આવી અનંત શક્તિઓની અવસ્થા સાથે ઊછળે છે. ઊછળે એટલે ઉત્પન્ન થાય છે. '**એવા અર્થનું કળશરૂપ કાવ્ય હવે કહે છે :-**' લ્યો! સમજાણું? આ શક્તિઓથી યુક્ત છે તોપણ જ્ઞાનમાત્રને છોડતો નથી. એ જ્ઞાનમાત્ર જ આત્મા કહેવામાં આવે છે. પરમભાવગ્રાહક છે ને? પરમભાવ. એવું જ્ઞાનમાત્ર છે એથી અનંત શક્તિઓને વિશેષ ન પાડતા આત્માને જ્ઞાનમય કહેવામાં આવ્યો છે. એનો કળશ કહેશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

# પાઠકોની નોંધ માટે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


# પાઠકોની નોંધ માટે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com